
ચોથી શ્રેણી

પુસ્તક–૧૧૮



તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬
ફાલ્ગુન ૦૭, ૧૯૪૭ શાકે
થી
તા.૧૦મી માર્ચ, ૨૦૨૬
ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે

ગુજરાત વિધાનસભા

ચર્ચાઓ

સત્તાવાર અહેવાલ
પંદરમી ગુજરાત વિધાનસભા
આઠમું અધિવેશન


ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક–૧૧૮	અ નુ ક્ર મ ણિ કા	ચોથી શ્રેણી	
	વિષય	પાન નંબર	
	તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ફાલ્ગુન ૦૭, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૧	૧૩
	અતારાંકિત પ્રશ્નો	૧૪	૫૦
	પોઇન્ટ ઓફ ઓર્ડર (ઇચ્છિત જવાબ ન મળતાં સભાત્યાગ કરવા અંગે)	૫૧	૫૨
	બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલની રજૂઆત	૫૨	૫૨
	બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ	૫૨	૫૨
	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)	૫૩	૭૯
	માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત (પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અંગે)	૮૦	૮૦
	તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ફાલ્ગુન ૦૮, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૮૧	૯૨
	અતારાંકિત પ્રશ્નો	૯૩	૧૪૮
	પ્રાકૃતિક કૃષિ પરિસંવાદના આયોજન બદલ આભાર માનવા મંગે	૧૪૯	૧૪૯
	સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો	૧૪૯	૧૪૯
	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)	૧૫૦	૧૫૯
	બિન–સરકારી સંકલ્પો	૧૬૦	૧૭૪
	(૧) સ્પોર્ટસ સ્ટાર્ટઅપસને કાર્યાન્વિત કરવા અંગેના સઘન અને જરૂરી પગલાં ભરવા અંગે	૧૬૦	૧૬૬
	(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અંગે	૧૬૭	૧૭૪
	તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ફાલ્ગુન ૦૯, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૧૭૫	૧૮૬
	અતારાંકિત પ્રશ્નો	૧૮૭	૨૫૫
	સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો	૨૫૬	૨૫૬
	વિધેયકો (સરકારી) ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૬	૨૫૭	૨૫૭
	પોઇન્ટ ઓફ ઓર્ડર (પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં ચૂંટણીપંચ જેવી સ્વાયત્ત સંસ્થાને સંબંધિત મુદ્દાઓ પર ગૃહમાં ચર્ચા કરવા અંગે)	૨૫૮	૨૬૨
	ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૬ (ક્રમશઃ)	૨૬૩	૨૬૪
	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)	૨૬૬	૨૭૯
	તા.૯મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૧૮, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૨૮૦	૨૯૩
	અતારાંકિત પ્રશ્નો	૨૯૪	૩૩૦
	અધ્યક્ષશ્રીનો નિર્ણય (સભાગૃહમાં વાંચીને પ્રવચન ન કરવા અંગે	૩૩૧	૩૩૧
	શોકદર્શક ઉલ્લેખ (સ્વ.ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારના અવસાન અંગે)	૩૩૨	૩૩૪
	સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ (સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે)	૩૩૫	૩૩૫
		પાછળ.....	

પુસ્તક–૧૧૮	અ નુ ક્ર મ ણિ કા	ચોથી શ્રેણી	
	વિષય	પાન નમ્બર	
	તા.૧૦મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે(પ્રથમ બેઠક)		
	પોઇન્ટ ઓફ કલેરિફિકેશન (હકીકતલક્ષી અહેવાલ ગૃહમાં રજૂ કરવા અંગે	૩૩૬	૩૩૬
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)	૩૩૭	૩૭૪
	તા.૧૦મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે(બીજી બેઠક)		
	તારાંકિત પ્રશ્નો	૩૭૫	૩૮૭
	અતારાંકિત પ્રશ્નો	૩૮૮	૪૧૫
	વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ	૪૧૫	૪૧૫
	કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ	૪૧૬	૪૧૬
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)	૪૧૬	૪૪૯

ચોથી શ્રેણી

પુસ્તક–૧૧૮



તા.૨૬મી ફેબ્રુઆરી ૨૦૨૬
ફાલ્ગુન ૦૭, ૧૯૪૭ શાકે
થી
તા.૧૦મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન
૧૯, ૧૯૪૭ શાકે

ગુજરાત વિધાનસભા

ચર્ચાઓ

સત્તાવાર અહેવાલ
પંદરમી ગુજરાત વિધાનસભા
આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક–૧૧૮	અ નુ ક્ર મ ણિ કા	ચોથી શ્રેણી	
	વિષય	પાન નંબર	
	તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ફાલ્ગુન ૦૭, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૧	૧૩
	અતારાંકિત પ્રશ્નો	૧૪	૫૦
	પોઇન્ટ ઓફ ઓર્ડર (ઇચ્છિત જવાબ ન મળતાં સભાત્યાગ કરવા અંગે)	૫૧	૫૨
	બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલની રજૂઆત	૫૨	૫૨
	બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ	૫૨	૫૨
	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)	૫૩	૭૯
	માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત (પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અંગે)	૮૦	૮૦
	તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ફાલ્ગુન ૦૮, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૮૧	૯૨
	અતારાંકિત પ્રશ્નો	૯૩	૧૪૮
	પ્રાકૃતિક કૃષિ પરિસંવાદના આયોજન બદલ આભાર માનવા મંગે	૧૪૯	૧૪૯
	સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો	૧૪૯	૧૪૯
	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)	૧૫૦	૧૫૯
	બિન–સરકારી સંકલ્પો	૧૬૦	૧૭૪
	(૧) સ્પોર્ટસ સ્ટાર્ટઅપસને કાર્યાન્વિત કરવા અંગેના સઘન અને જરૂરી પગલાં ભરવા અંગે	૧૬૦	૧૬૬
	(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અંગે	૧૬૭	૧૭૪
	તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ફાલ્ગુન ૦૯, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૧૭૫	૧૮૬
	અતારાંકિત પ્રશ્નો	૧૮૭	૨૫૫
	સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો	૨૫૬	૨૫૬
	વિધેયકો (સરકારી) ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૬	૨૫૭	૨૫૭
	પોઇન્ટ ઓફ ઓર્ડર (પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં ચૂંટણીપંચ જેવી સ્વાયત્ત સંસ્થાને સંબંધિત મુદ્દાઓ પર ગૃહમાં ચર્ચા કરવા અંગે)	૨૫૮	૨૬૨
	ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૬ (ક્રમશઃ)	૨૬૩	૨૬૪
	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)	૨૬૬	૨૭૯
	તા.૯મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૧૮, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૨૮૦	૨૯૩
	અતારાંકિત પ્રશ્નો	૨૯૪	૩૩૦
	અધ્યક્ષશ્રીનો નિર્ણય (સભાગૃહમાં વાંચીને પ્રવચન ન કરવા અંગે	૩૩૧	૩૩૧
	શોકદર્શક ઉલ્લેખ (સ્વ.ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારના અવસાન અંગે)	૩૩૨	૩૩૪
	સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ (સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે)	૩૩૫	૩૩૫
		પાછળ.....	

પુસ્તક–૧૧૮	અ નુ ક્ર મ ણિ કા	ચોથી શ્રેણી	
	વિષય	પાન નમ્બર	
	તા.૧૦મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે(પ્રથમ બેઠક)		
	પોઇન્ટ ઓફ કલેરિફિકેશન (હકીકતલક્ષી અહેવાલ ગૃહમાં રજૂ કરવા અંગે	૩૩૬	૩૩૬
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)	૩૩૭	૩૭૪
	તા.૧૦મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે(બીજી બેઠક)		
	તારાંકિત પ્રશ્નો	૩૭૫	૩૮૭
	અતારાંકિત પ્રશ્નો	૩૮૮	૪૧૫
	વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ	૪૧૫	૪૧૫
	કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ	૪૧૬	૪૧૬
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)	૪૧૬	૪૪૯

ફાલ્ગુન ૦૭, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

ગુરુવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ફાલ્ગુન ૭, ૧૯૪૭ શાકે

સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

અમરેલી જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

***15/8/870શ્રી જનકભાઈ તળાવિયા** (લાઠી):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય કાર્યરત છે,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લા ના ૧૧ તાલુકા પૈકી ૩ તાલુકા માં કુલ ૫ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય કાર્યરત છે. **ક્રમ** | **તાલુકો** | **કેજીબીવીની સંખ્યા** ૧ | જાફરાબાદ | ૨ ૨ | રાજુલા | ૨ ૩ | સાવકુંડલા | ૧
(૨)	ઉકત સ્થિતિએ આ છાત્રાલયમાં કયા ધોરણની કન્યાઓ નિવાસ કરે છે, અને	(૨)	**ક્રમ** | **તાલુકો** | **કેજીબીવી નામ** | **નિવાસ કરતી કન્યાઓના ધોરણ** ૧ | જાફરાબાદ | મિતિયાળા | ધોરણ ૬ થી ૧૨ ૨ | જાફરાબાદ | વાપળિયા | ધોરણ ૯ થી ૧૨ ૩ | રાજુલા | રાજુલા | ધોરણ ૬ થી ૧૦ ૪ | રાજુલા | રાજુલા | ધોરણ ૯ થી ૧૨ ૫ | સાવકુંડલા | સાવકુંડલા | ધોરણ ૬ થી ૧૨
(૩)	ઉકત સ્થિતિએ આ વિદ્યાલયમાં કન્યાઓને કઇ સુવિધાઓ આપવામાં આવે છે?	(૩)	ઉક્ત સ્થિતિએ વિદ્યાલયમાં કન્યાઓને વિનામૂલ્યે ધો.૬ થી ૧૨ ના શિક્ષણ માટે નિવાસી વ્યવસ્થા, મેનુ મુજબ પોષણયુક્ત ભોજન, સ્ટાઇપેન્ડ, સ્ટેશનરી,જીવન જરૂરીયાતલક્ષી વસ્તુઓ, માળખાગત સુવિધાઓથી સજજ મકાન, જીવન કૌશલ્યલક્ષી તાલીમ જેવી સુવિધાઓ આપવામાં આવે છે.

શ્રી જનકભાઇ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ થકી માનનીય મંત્રીને પૂછવા માગું છું કે અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય કાર્યરત છે અને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના શું છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આપની અનુમતિથી જવાબ આપતાં પહેલાં અડધી મિનીટ લઇશ. ગુજરાત બોર્ડની ધોરણ-૧૦મા અને ધોરણ-૧૨ની પરીક્ષા આજથી ચાલુ થઇ છે તો ગૃહ વતી હું બધા જ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવું છું.

અધ્યક્ષશ્રી : રાજયના તમામ પરીક્ષાર્થીઓને હું પણ પણ ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું અને ગૃહના તમામ સભ્યો વતી પણ શુભકામનાઓ પાઠવું છું.

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, તેની સાથે સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીનો આભાર પ્રગટ કરું છું કે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે આવકમર્યાદા અઢી લાખથી છ લાખ રૂપિયાની કરી એ બદલ સાહેબ ખૂબ ખૂબ આભાર. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એનો જવાબ આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે રાજયમાં કન્યા શિક્ષણને વેગ આપવા માટે અને એવું કહી શકાય કે દીકરીને...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ માગણીઓ ઉપરની ચર્ચા નથી એટલે આપે ટૂંકમાં જ જવાબ આપવો જોઇએ. જે પ્રશ્ન પૂછયો છે એનો જ આપે જવાબ આપવાનો રહેશે.

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે યોજના શું છે ..

અધ્યક્ષશ્રી : એની ભૂમિકા લાંબી નહીં કરો. એની યોજના વિશે ટૂંકમાં કહો.

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, જી, સર. જે યોજના છે એનો મૂળ હેતુ દુર્ગમ અને છેવાડાના વિસ્તારોની દીકરીઓને નિવાસી શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો છે અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ ધો.૧થી ૧૨ સુધી અપગ્રેડ કરવાનો હેતુ છે. આ યોજના હેઠળ ૧૦ વર્ષથી ઉપરની કન્યાઓ જેમણે અધવચ્ચેથી શાળા છોડી દીધી હોય, શાળા બહારની હોય અથવા કદીએ શાળાએ ગયેલ ન હોય તેવી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત જાતિઓ, લઘુમતિ સમુદાય અને ગરીબી રેખા હેઠળના કુટુંબોમાંથી આવતી કન્યાઓને નિવાસી વ્યવસ્થાનો લાભ આપવામાં આવે છે. ખાસ તો તેના ધારાધોરણ પ્રમાણે જયાં સ્ત્રી સાક્ષરતા દર વસતિ ગણતરી સન ૨૦૦૧ મુજબ ૪૬.૧૩ કરતા નીચો હોય અને સાક્ષરતામાં લૈગિંગ તફાવત ૨૧.૫૯ કરતા ઊંચો હોય ત્યાં શરૂ કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીનો જે બીજો પ્રશ્ન હતો કે અમરેલી જિલ્લામાં કાર્યરત કે.જી.બી.વી.ની સંખ્યા છે તો જાફરાબાદ તાલુકામાં ૨ છે, રાજુલા તાલુકામાં ૨ છે, સાવરકુંડલામાં ૧ છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનો ખૂબ ઉમદા હેતુ છે અને સાથે ખૂબ સારી રીતે એની અમલવારી પણ થઇ ગઇ છે ત્યારે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમરેલી જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં ઘોરણવાર કન્યાઓની વિગત શું છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય સભ્યશ્રીને ઘોરણવાર કન્યાઓની વિગત આપું છું. જાફરાબાદ તાલુકાની મીતીયાણા ગામની ધો. ૬થી ૧૨ સુધીની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય છે એમાં ધો. ૬માં ૧૪, ધો. ૭માં ૧૯, ધો.૮માં ૨૦ ધો. ૯માં ૪૨, ધો.૧૦માં ૨૨, ધો. ૧૧માં ૨૨, ધો.૧૨માં ૧૧ કુલ ૧૫૦ કન્યાઓની સંખ્યા છે. જાફરાબાદ તાલુકાની વાપડીયા ગામની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં ધો. ૯માં ૨૪, ધો. ૧૦માં ૨૬, ધો.૧૧માં ૨૬, ધો. ૧૨માં ૨૪, કુલ ૧૦૦ કન્યાઓની સંખ્યા છે. રાજુલામાં ધો.૬માં ૨૦, ધો.૭માં ૨૦, ધો.૮માં ૧૦, ધો.૯માં ૨૫, ધો.૧૦માં ૨૫, કુલ ૧૦૦ કન્યાઓની સંખ્યા છે. રાજુલા મોડલ સ્કૂલમાં ધો. ૯માં ૨૬, ધો. ૧૦માં ૨૪, ધો.૧૧માં ૨૪, ધો.૧૨માં ૨૬, કુલ ૧૦૦ કન્યાઓની સંખ્યા છે. સાવરકુંડલામાં ધો.૬માં ૯, ધો.૭માં ૨૧, ધો.૮માં ૧૮, ધો.૯માં ૨૭, ધો.૧૦માં ૩૧, ધો.૧૧માં ૨૩ અને ધો.૧૨માં ૧૬ એમ કુલ ૧૪૫ કન્યાઓ છે. આમ કુલ મળીને ધો.૬માં ૪૩, ધો.૭માં ૬૦, ધો.૮માં ૪૮, ધો.૯માં ૧૪૪, ધો.૧૦માં ૧૨૮, ધો.૧૧માં ૯૫ અને ધો.૧૨માં ૯૭ એમ કુલ ૫૯૫ કન્યાઓની સંખ્યા છે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, કસ્તુરબા ગાંધી બાલિકા ગાંધી વિદ્યાલયમાં કન્યા દીઠ કેટલો ખર્ચ કરવામાં આવે છે અને કઇ-કઇ સુવિધા આપવામાં આવે છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં મંજૂર ક્ષમતા, સુવિધાઓ અને પ્રવૃત્તિઓના આધારે કન્યા દીઠ વાર્ષિક સરેરાશ રૂ.૪૦,૦૦૦થી રૂ.૫૦,૦૦૦ જેટલો ખર્ચ કરવામાં આવે છે. આ ખર્ચ દીકરીઓના સર્વાંગી વિકાસ, પોષણ, આરોગ્ય અને કૌશલ્ય વિકાસ માટે વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં વપરાય છે. કન્યા દીઠ વાર્ષિક ખર્ચ અંતર્ગત નીચે મુજબની મુખ્ય સુવિધાઓનો સમાવેશ થાય છે. નિવાસી અને શૈક્ષણિક વ્યવસ્થા જેમાં નિ:શુલ્ક સુવિધા અને નજીકની શાળામાં શિક્ષણની વ્યવસ્થા, પોષણયુક્ત ભોજન અને નાસ્તો જે એમ.એસ. યુનિવર્સિટી વડોદરા ફૂડ એન્ડ ન્યુટ્રિશન વિભાગના તજજ્ઞો દ્વારા ખાસ તરુણાવસ્થાની દીકરીઓની કેલરી અને પોષક જરૂરિયાતને ધ્યાનમાં રાખી તૈયાર કરેલ હોય છે. દિવસમાં બે વખત પોષણયુક્ત ભોજન અને બે વખત નાસ્તો આપવામાં આવે છે. એ ઉપરાંત દૈનિક સામગ્રીઓ અને વ્યક્તિગત જરૂરિયાતો પણ પૂરી પાડવામાં આવે છે. માળખાકીય સુવિધાઓ, હૉસ્ટેલ મકાન, સી.સી.ટી.વી., ફાયર સેફ્ટીનાં સાધનો, કૌશલ્ય વિકાસ અને જીવન કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ, સશૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, આરોગ્ય કાળજી અને પોષણ સુધારા અને વિશેષ શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

સુરત જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની વિદેશ અભ્યાસ લોન યોજના

***15/8/778:શ્રીમોહનભાઇ ધનજીભાઇ ઢોડીયા** (મહુવા (એસ.ટી.)):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં વિદેશ ઉચ્ચ અભ્યાસ યોજના હેઠળ વિકસતી જાતિના કુલ કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં વિદેશ ઉચ્ચ અભ્યાસ યોજના હેઠળ વિકસતી જાતિના કુલ ૨૬૭ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને
(૨)	તે અન્વયે કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી ?	(૨)	તે અન્વયે કુલ રૂ.૪૬.૪૭ કરોડની નાણાકીય સહાય ચૂકવવામાં આવી.

ફાલ્ગુન ૦૭, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી મોહનભાઈ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ધો.૧૦ અને ૧૨ના જે વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે એમને ખૂબ-ખૂબ શુભેચ્છા પાઠવું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે વિદેશ અભ્યાસ લોન યોજના ક્યારે શરૂ કરવામાં આવી અને તેનો હેતુ શું છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા વિદેશ અભ્યાસ લોન યોજના વર્ષ ૨૦૦૧માં શરૂ કરવામાં આવી. વિદેશમાં જઇને અભ્યાસ કરવો એ કોઇ પણ વિદ્યાર્થીનું સપનું હોય છે. વિકસતિ જાતિના લોકોની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે નબળી પરિસ્થિતિના કારણે તેમના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવું એક સ્વપ્ન સમાન હતું ત્યારે રાજ્ય સરકારની વિદેશ અભ્યાસ લોન યોજનાનો હેતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેની સુવર્ણ તક આપવાનો છે. આ યોજના થકી પોતાની કારકિર્દી ઘડવાનો અને સક્ષમ બનવાનો તેમનો પ્રયાસ છે. આ યોજનાનો ઉદ્દેશ વિકસતિ જાતિના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનું સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સ્તર ઉપર લાવવાનો છે.

શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે વિદેશ અભ્યાસ લોન યોજનાની રકમમાં ઉત્તરોત્તર કેટલો વધારો કરવામાં આવ્યો? તથા વિદેશ અભ્યાસ લોન યોજનાનો વિદ્યાર્થીઓને સરળતાથી લાભ આપી શકીએ તે માટે સરકારશ્રી દ્વારા શું પગલાં લેવામાં આવ્યાં?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, વર્ષ ૨૦૦૧માં યોજના અમલમાં હતી તે વર્ષથી વિદ્યાર્થીને ૩.૫ લાખની રકમ લોન તરીકે આપવામાં આવતી હતી. ત્યારબાદ સરકારશ્રીના તા.૨૩/૦૩/૨૦૦૭ના ઠરાવથી ૩.૫ લાખની લોનમાં વધારો કરીને ૩.૧૦ લાખની લોન કરવામાં આવી. ત્યારબાદ સરકારશ્રીના તા.૦૧/૦૮/૨૦૧૪ના ઠરાવથી ૩.૧૦ લાખની લોનમાં વધારો કરી વર્તમાનમાં ૩.૧૫ લાખની લોન કરવામાં આવી. માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવવા માગું છું કે, આ યોજના હેઠળ અરજીઓ સ્વીકારવા પોર્ટલ સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રાખવામાં આવે છે. સરકારશ્રીના વર્ષ ૨૦૨૧ના ઠરાવથી જે અગાઉ બે જામીનદાર રજૂ કરવામાં આવતાં તેના બદલે હવે એક જ જામીનદાર રજૂ કરવાના થાય છે. અગાઉ વિદ્યાર્થીને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જતા પહેલાં અરજી કરવાની રહેતી હતી પરંતુ હવે વિદ્યાર્થી વિદેશમાં ગયા પછી ૬ મહિના સુધીમાં અરજી કરી શકે છે. અગાઉ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ અથવા ડિપ્લોમામાં ૬૫ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને આ યોજનાનો લાભ આપવામાં આવતો હતો. હવે સરકારશ્રીના વર્ષ ૨૦૨૨ના ઠરાવથી ૬૦ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. અગાઉ વિદેશ અભ્યાસ લોનમાં વિદ્યાર્થીને હપ્તાવાર લોન ચૂકવવામાં આવતી હતી. હવે ૩.૧૫ લાખની લોનની રકમ એક જ હપ્તામાં ચૂકવવામાં આવે છે.

સુરત અને રાજકોટ શહેરમાં ટ્રસ્ટ / સામાજિક સંસ્થાઓને ચાર્જેબલ F S I માં મુક્તિ / છૂટછાટ આપવા

*15/8/962**શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા (વિસાવદર):માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત ટાઉન પ્લાનિંગ અને અર્બન ડેવલપમેન્ટ એક્ટ હેઠળ ખાસ કિસ્સાઓમાં એડિશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવા ચાર્જેબલ એફ.એસ.આઈ.માં મુક્તિ/છૂટછાટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે,	(૧)	હા, જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને રાજકોટ શહેરમાં કેટલા ટ્રસ્ટ/સામાજિક સંસ્થાઓ દ્વારા શૈક્ષણિક તેમજ આરોગ્યલક્ષી સુવિધા પુરી પાડવા નિર્મિત બાંધકામો માટે પેઈડ એફ.એસ.આઈ.માં મુક્તિ/છૂટછાટ આપવા રજૂઆતો/માંગણી કરવામાં આવી છે, અને	(૨)	શૂન્ય
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત માંગણીઓ પૈકી કેટલી માંગણીઓમાં કેટલી રકમની ચાર્જેબલ એફ.એસ.આઈ.માંથીમુક્તિ/છૂટછાટવિભાગ દ્વારા આપવામાં આવેલ છે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તેમાં પેટા પ્રશ્ન ક્રમ-૨ છે કે, ગુજરાત સરકારના ટાઉન પ્લાનિંગ એક્ટ હેઠળ એડિશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવા માટે ચાર્જેબલ એફ.એસ.આઈ.માં સરકાર છૂટછાટ આપે છે કે કેમ? આ પ્રશ્નના જવાબમાં સરકારે હા પાડી છે તો પછી સરકાર ચાર્જેબલ એફ.એસ.આઇ.માં મુક્તિ

આપતી હોય તો સરકારને કેટલી દરખાસ્તો મળી છે? જવાબ શૂન્ય છે. મારા બે પેટા પ્રશ્નો છે: (૧) અરજદાર શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા પેડ એફ.એસ.આઇ.માંથી મુક્તિ મેળવવા માટે સુરત મ્યુનિસિપલ કમિશનરના માધ્યમથી તા.૦૩/૦૨/૨૦૨૩ના રોજ સરકારને શહેરી વિકાસ ખાતાની 'લ' શાખાને દરખાસ્ત મળેલી છે કે કેમ? સરકારે શૂન્ય જવાબ આપ્યો છે ત્યારે હું પૂછવા માગું છું કે આ દરખાસ્ત મળી છે તે સરકારના ધ્યાને છે કે કેમ? (૨) એડિશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવા માટે એફ.એસ.આઇ.માંથી મુક્તિ અને છૂટછાટ આપવા માટેના ધારાધોરણો કે માપદંડો શું છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, એફ.એસ.આઇ.માં છૂટછાટ આપવાના કોઇપણ ધારાધોરણ નથી. વર્ષ ૨૦૧૫થી અત્યાર સુધીમાં એકદમ લિમિટેડ કહી શકાય તેવી ૪ સંસ્થાઓને વિશાળ જાહેરહિતને લક્ષમાં લઇને આ પરમિશન આપેલી છે. છેલ્લાં ૨ વર્ષમાં કોઇ એપ્લિકેશન આવી નથી એટલા માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તાપી જિલ્લામાં સરકારી કોલેજો

***15/8/802શ્રીમોહનભાઇ ઢેડાભાઇ કોંકણી** (વ્યારા)**:માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં કેટલી વિજ્ઞાન, વિનિયન અને વાણિજ્યની સરકારી કોલેજો આવેલ છે, અને	(૧)	
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી વિજ્ઞાન, વિનિયન અને વાણિજ્ય કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે?	(૨)	

જિલ્લાનું નામ	વિનયન	વાણિજ્ય	વિજ્ઞાન	વિનયન અને વાણિજ્ય	વિનયન,વાણિજ્ય અને વિજ્ઞાન	કુલ
તાપી	૧	૦	૨	૨	૧	૬

જિલ્લાનું નામ	વર્ષ	સરકારી વિજ્ઞાન, વિનયન અને વાણિજ્ય કોલેજ	કુલ
તાપી	૨૦૨૪–૨૫	૧	૧
	૨૦૨૫–૨૬	૦	૦
કુલ		૧	૧

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો મારા મતવિસ્તારમાં ડોલવણ તાલુકામાં આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ કૉલેજ આપવા બદલ હું આદરણીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રીનો આભાર માનું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં કેટલી સરકારી વિજ્ઞાન, વિનિયન અને વાણિજ્ય કૉલેજો આવેલી છે? અને તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષોમાં કેટલી નવી સરકારી વિજ્ઞાન, વિનયન અને વાણિજ્ય કૉલેજોને મંજૂરી આપવામાં આવેલી છે?

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ જ્યારે આજથી ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ની જાહેર પરીક્ષાઓ શરૂ થઇ છે ત્યારે આપના માધ્યમથી સમગ્ર ગૃહ વતી ગુજરાતના ૧૫ લાખ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વકની શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું.

તાપી જિલ્લામાં ૬ સરકારી કૉલેજો આવેલ છે. જેમાં સોનગઢ ખાતે આર્ટ્સ, કોમર્સ અને સરકારી વિજ્ઞાન કૉલેજ, વાલોડ ખાતે વિજ્ઞાન કૉલેજ, ઉચ્છલ ખાતે આર્ટ્સ કૉલેજ, નિઝર ખાતે આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલજ અને ડોલવણ ખાતે કોમર્સ અને વિજ્ઞાન કૉલેજ. છેલ્લા બે વર્ષમાં ડોલવણ ખાતે સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ શરૂ કરવામાં આવી છે.

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તાપી જિલ્લામાં આવેલ સરકારી અને ગ્રાન્ટેડ કૉલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની સંખ્યા કેટલી છે?

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં ગૌરવ થાય છે કે, આદિજાતિ વિસ્તારમાં આવેલ આ કૉલેજોમાં કુલ ૫૯૦૧ વિદ્યાર્થી છે. જેમાં ૨૫૧૫ વિદ્યાર્થીઓ છે અને ૩૩૮૬ વિદ્યાર્થિનીઓ છે.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તાપી જિલ્લામાં આવેલ ગ્રાન્ટેડ કૉલેજોમાં પ્રવાહવાર સ્થિતિ શું છે? આ કૉલેજો કયા–કયા વિસ્તારમાં આવેલ છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં ૬ સરકારી કૉલેજો અને ૪ ગ્રાન્ટેડ કૉલેજો આવેલ છે. પ્રવાહવાર વાત કરીએ તો, આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા, આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વાલોડ અને બી.એડ. કૉલેજ, વાલોડ આ ૪ ગ્રાન્ટેડ કૉલેજો આવેલ છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જિલ્લામાં જે કૉલેજો આવેલ છે એમાં કૉલેજના અંતરમાં કોઇ ક્રાઇટેરિયા હોય છે કે કેમ? ધારો કે, શાળા લેવલમાં એવું હોય છે કે પાંચ કિલોમીટરનો રેશિયો હોય તો ગ્રાન્ટેડ સ્કૂલ કે સરકારી સ્કૂલ મળે. મારા માલપુર તાલુકામાં એવો જવાબ આપેલ છે. ભલે એ વિભાગનો નથી પણ જિલ્લો તો આખા ગુજરાતમાં ગમે ત્યાં લાગે. એમાં એવો જવાબ આપ્યો કે ૨૦ કિલોમીટરમાં આટલી કૉલજો આવેલ છે. તો એવો કોઇ ક્રાઇટેરિયા છે? વસ્તી વધી છે તો એમાં કંઇ કરવા માંગીએ છીએ કે કેમ? અને આ માટેના શું ક્રાઇટેરીયા છે?

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે અન્ય પરિબળો યથાવત હોય અને યોગ્ય માપદંડો પૂરા કરતા હોય તો ૨૫ કિલોમીટરના અંતરે સરકારી કૉલેજ શરૂ કરવાની યોજના છે. તદુપરાંત જે-તે વિસ્તારના આસપાસની ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લઇને નજીકના અંતરે કોઇ કૉલેજ આવેલ છે કે કેમ? આ કૉલેજ કેટલા અંતરે અને કયા પ્રવાહની આવેલ છે? આ બધા પરિબળો જોઇને સરકારશ્રીને યોગ્ય લાગે તો આપવામાં આવે છે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તાપી જિલ્લામાં ચાલતી સરકારી કૉલેજોમાં કેટલા પ્રાધાપકોનું મહેકમ મંજૂર થયેલ છે? આ પૈકી બધી જગ્યાઓ ભરાયેલ છે કે કેમ? અને આ ૬ કૉલેજોમાં જે ઓરડાઓની જરૂરિયાત છે એ હાલની જોગવાઇ મુજબ પૂરતી છે કે કેમ?

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, આ ૬ કૉલેજોમાં ૧૩૩ના મહેકમ સામે ૭૭ જગ્યા ભરાયેલ છે અને ૫૬ જગ્યાઓ ખાલી છે. હાલ યુ.જી.સી.-૨૦૧૮ના નવા ભરતી નિયમો પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી ચાલુ છે. એટલે નવા ભરતી નિયમો બનેથી આ બંને પ્રકારની ભરતી કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ ખૂબ સારી રીતે જવાબો આપો છો અને વાંચ્યા સિવાય આપો છો એ માટે આપને અભિનંદન. આ જ આપણી પરંપરા છે.

બોર્ડ/નિગમો માટે નાણાકીય જોગવાઇ અને ખર્ચ

***15/8/669: શ્રી શૈલેષ મનુભાઇ પરમાર** (દાણીલીમડા) **:માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબા હેઠળના અનુસૂચિત જાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા અન્ય કયા બોર્ડ/નિગમો આવેલા છે,	(૧),	પત્રક મુજબ
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત બોર્ડ તથા નિગમોમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે, અને	(૨) અને	
(૩)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો વર્ષવાર ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી?	(૩)	

પત્રક

(રકમ રૂ.કરોડમાં)

ક્રમ	નિગમ-બોર્ડનુંનામ	વર્ષ	રાજ્ય સરકાર દ્વારા ફાળવેલ રકમ	થયેલ ખર્ચ	વણવપરાયેલ રકમ
૧	૨	૩	૪	૫	૬
૧	**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ**	૨૦૨૪	૨૬.૬૦	૨૫.૭૦	૦.૮૯
		૨૦૨૫	૨૮.૭૮	૨૩.૩૦	૫.૪૮
૨	**ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)**	૨૦૨૪	૧૧.૫૦	૫.૧૮	૬.૩૧
		૨૦૨૫	૧૧.૮૬	૧૭.૦૨	૦.૬૮
૩	**ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ**	૨૦૨૪	૭૬.૫૦	૫૫.૦૭	૨૧.૪૩

		૨૦૨૫	૪૬.૩૦	૪૧.૩૫	૪.૯૪
૪	**ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ**	૨૦૨૪	૫૭૬.૮૩	૬૫૭.૧૧	૦.૦૦
		૨૦૨૫	૪૪૨.૧૬	૩૯૬.૦૪	૪૬.૧૨
૫	**ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ**	૨૦૨૪	૨૨.૮૦	૧૩.૬૭	૯.૧૩
		૨૦૨૫	૧૮.૨૬	૧૦.૦૯	૮.૧૭
૬	**ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ**	૨૦૨૪	૪૧.૦૦	૨૬.૫૦	૧૪.૫૦
		૨૦૨૫	૪૮.૧૯	૫૨.૧૧	૦.૦૦
૭	**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ**	૨૦૨૪	૮૯.૧૩	૩૭.૪૦	૫૧.૭૩
		૨૦૨૫	૧૦૧.૭૯	૭૯.૪૭	૨૨.૩૨
૮	**ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ**	૨૦૨૪	૧૨.૯૮	૨૧.૧૫	૦.૦૦
		૨૦૨૫	૧૩.૧૮	૧૨.૫૩	૦.૬૫
૯	**ગુજરાત ગોપાલક વિકાસ નિગમ**	૨૦૨૪	૨૩.૪૪	૧૧.૫૪	૧૧.૯૦
		૨૦૨૫	૨૭.૨૫	૨૯.૮૮	૦.૦૦
૧૦	**ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ**	૨૦૨૪	૬.૮૪	૩.૭૪	૩.૧૦
		૨૦૨૫	૩.૮૫	૦.૫૦	૩.૩૫

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં સરકાર દ્વારા એસ.સી., અને ઓ.બી.સી. ના ૯ નિગમોમાં કુલ ૩.૬૧૦.૨૫ કરોડની રકમ ફાળવી છે. એની સામે ૩.૧૬૪.૫૮ કરોડની રકમ વણવપરાયેલ પડી રહી છે. વણવપરાયેલ રકમ પડી રહેવાનાં કારણો શાં છે? આ રાજ્યમાં ઓ.બી.સી., એસ.ટી. અને માઇનોરિટીની ટોટલ ૬૮ ટકા વસતિ છે. ૧૬ ટકા વસતિ એસ.ટી.ની છે અને ૧૬ ટકા જનરલ વસતિ છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છું કે નિગમોમાં જે રકમની ફાળવણી થાય છે એ રકમની ફાળવણી વસતિના ધોરણે થાય છે, આર્થિક ધોરણે થાય છે કે સામાજિક ધોરણે થાય છે? એનો જવાબ આપે. કારણ કે બિનઅનામત નિગમમાં...

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, કારણ અને સંદર્ભ લેવાના બદલે આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૬૮ ટકા વસતિ છે એમાં સરકાર જે રકમ ફાળવે છે એ ઓછી છે. વસતિના ધોરણે ફાળવે છે, આર્થિક સ્થિતિના ધોરણે ફાળવે છે કે સામાજિક સ્થિતિના ધોરણે ફાળવે છે? અને બિનઅનામતમાં પણ એ જ રીતે રકમ ફાળવવામાં આવે છે કે કેમ એનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લાં પાંચ વર્ષની લાભાર્થીઓની સંખ્યા અને ચૂકવેલી રકમ વિશે કહેવા માગું છું. સભ્યશ્રીએ છેલ્લાં પાંચ વર્ષનો પ્રશ્ન પૂછ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપ બેઠાબેઠા વાત નહીં કરો. તમારે વાત કરવી હશે તો તમને ફરીથી મોકો મળશે. તમે સીધી વાત નહીં કરો. માનનીય મંત્રીશ્રી, તમે પણ મારી સામે જોઇને જવાબ આપો.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ જે અલગ-અલગ નિગમો આવેલા છે, એમાં વપરાયેલી ગ્રાન્ટમાં વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૩૩૨.૨૯ કરોડ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૬૭.૨૭ કરોડ, સાહેબ, નંબર ઇંગ્લિશમાં બોલું?

અધ્યક્ષશ્રી : હા, તમે બોલી શકશો. તમને મંજૂરી છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૩૨.૦૨ કરોડ, વર્ષ ૨૦૨૪-૨૫માં ૬૪૦.૬૮ કરોડ અને વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરીના અંત સુધીમાં ૨૪૩.૯૯ કરોડ એટલે રૂ. ૨૧૧૬.૨૫ કરોડ ચૂકવેલા છે. માનનીય સભ્યશ્રી પૂછી રહ્યા હતા કે કેવી રીતે લોન આપવામાં આવે છે તેમાં જણાવું તો ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા નિગમોને એડિશનલ સપ્લિમેન્ટરી તરીકે જોવામાં આવે છે. આમ, જોવા જઇએ તો એસ.સી. વિભાગ દ્વારા જ ગ્રાન્ટ ફાળવવામાં આવેલી છે એ રૂ. ૭૦૦૦ કરોડ ઉપરાંતની છે. એટલે આપણા સમાજના લોકો બંનેનો લાભ લઇ શકે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં છેલ્લાં ઘણાં વર્ષોથી આ પ્રશ્નો આવે છે અને એના માટે અમે સતત સરકારનું ધ્યાન દોરીએ છીએ અને ચિંતા વ્યકત કરીએ છીએ. હું માનું છું કે શ્રી કુંવરજીભાઇ અને શ્રી અલ્પેશભાઇ

અહીંયા હતા ત્યારે પણ આ જ ચિંતા હતી અને ત્યાં ગયા તો પણ આ જ ચિંતા છે. બજેટમાં ગુજરાતની બહુમતિ વસતિ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને માઇનોરિટીને સતત અન્યાય થાય છે. ભેદભાવનો ભોગ બનવું પડે છે. અહીંયા વર્ષ ૨૦૨૪–૨૫નો જવાબ આપવામાં આવ્યો છે. હું ફક્ત વર્ષ ૨૦૨૪ની વાત કરું, જે આખું વર્ષ પૂરું થઇ ગયું છે. સફાઇ કામદાર વિકાસ નિગમ એટલે ગઇકાલે જ આંદોલન કરતા હતા એવા સૌથી ગરીબ લોકોના નિગમને રૂ. ૭૬.૫૦ કરોડ ફાળવ્યા છે અને વણવપરાયેલી રકમ રૂ. ૨૧.૪૩ કરોડ છે એટલે ૨૮ ટકા રકમ વણવપરાયેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અલ્પસંખ્યક વિકાસ નિગમમાં ૪૦ ટકા રકમ વણવપરાયેલી છે. પછાત વર્ગ વિકાસ નિગમમાં ૩૫ ટકા રકમ વણવપરાયેલી છે. ઠાકોર કોળી વિકાસ નિગમમાં ૫૮ ટકા રકમ વણવપરાયેલ છે અને ગોપાલક વિકાસ નિગમમાં ૫૦ ટકા રકમ વણવપરાયેલી છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે એક તો વસતિના પ્રમાણમાં નિગમોને ખૂબ ઓછું બજેટ ફાળવેલ છે અને એમાં ૫૦ ટકા જેટલી રકમ વણવપરાયેલી રહે એના સ્પષ્ટ કારણો જણાવે? શ્રી શૈલેષભાઇનો પૂછવાનો મતલબ એ જ હતો કે તમે બજેટમાં આ રકમ ફાળવો છો એ વસતિના પ્રમાણમાં ફાળવો છો, એની આર્થિક, સામાજિક, શૈક્ષણિક પરિસ્થિતિના પ્રમાણમાં ફાળવો છો, એના ધોરણો શું છે અને આટલી બધી રકમ વણવપરાયેલી રહેવાનાં કારણો શાં છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એમાં ખાસ કરીને ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમના ખર્ચ બાબતે છે. આ જે વિગતો આપી છે એ કેલેન્ડર વર્ષ છે. ડિસેમ્બર–૨૦૨૪ અંતિત છે. જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં લગભગ વર્ષ ૨૦૨૪–૨૫માં રૂપિયા ૧૦૧.૧૦ કરોડની બજેટ જોગવાઇ હતી એની સામે ફાળવેલ ગ્રાન્ટ રૂપિયા ૧૦૧.૧૦ એટલે કે ખરેખર થયેલ ખર્ચ રૂપિયા ૮૬.૧૪ કરોડ છે. સને ૨૦૨૫–૨૬માં રૂપિયા ૧૦૧.૬૫ કરોડ સામે રૂપિયા ૬૭.૬૫ કરોડ ફાળવેલ ગ્રાન્ટ અને અને તેની સામે થયેલ ખર્ચ રૂપિયા ૨૩.૬૮ કરોડ છે. આમાં કેલેન્ડર વર્ષમાં ખર્ચ બતાવ્યો છે એ ડિસેમ્બર સુધીનો છે. એમને નાણાકીય વર્ષની માહિતી જોઇતી હોય તો જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ ત્યાં સુધીમાં જે લાભો લેવાના હોય એ લાભાર્થીઓ લઇ લેતા હોય છે. ક્યાંક એના દસ્તાવેજ ખૂટતા હોય કે દસ્તાવેજની પ્રક્રિયા પૂરી ન થઇ હોય એવા સંજોગોમાં મોડું થતું હોય છે. બીજી વાત એમણે ગુજરાત ગોપાલક વિકાસ નિગમની કરી. એમાં પણ એ જ વાત છે. દસ્તાવેજ ખૂટતા હોય અને રજૂ ન કર્યા હોય એટલે એ રકમ રહી જતી હોય છે. જે લાભાર્થીઓ આવે છે એમને પૂરતી રકમની લોન આપી દેવામાં આવે છે.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળ બિન અનામત આયોગ અને નિગમ દ્વારા વિદેશ અભ્યાસ અર્થે અનેક વિદ્યાર્થીઓને લોન આપવામાં આવે છે. ઘણા કિસ્સામાં એવું થાય છે કે વિદેશ અભ્યાસ અર્થે વિદ્યાર્થીને લોન આપવામાં આવે અને કોઇ કારણસર ત્યાં મૃત્યુ થાય તો એવા કિસ્સામાં લોન માફ કરવામાં આવે છે કે કેમ?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી હાર્દિકભાઇએ પૂછ્યું એ એકદમ સંવેદનશીલ સવાલ છે. આવા કિસ્સામાં વિદ્યાર્થીનું મૃત્યું થાય છે તો એ લોન માફ થઇ જાય છે.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની આ સરકારમાં પછાત વર્ગના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ કાર્યરત છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ પછાત વર્ગના વિકાસ માટે નિગમની સાથે બીજા અન્ય લાભો માટે શું જોગવાઇ કરવામાં આવી છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ જે વિવિધ નિગમો છે એના દ્વારા લાભાર્થીઓને શૈક્ષણિક તથા સ્વરોજગારી માટે ઓછા વ્યાજે લોન ધિરાણ કરવામાં આવે છે. વિકસિત જાતિ કલ્યાણ માટે વર્ષ ૨૦૨૫–૨૬માં પાંચ નિગમો રૂપિયા ૨૦૦ કરોડ ઉપરાંત નિયામક, વિકસિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ લગભગ રૂપિયા ૨૨૬૭.૦૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે તેમજ અનુસૂચિત જાતિ કલ્યાણ માટે વર્ષ ૨૦૨૫–૨૬માં ૩ નિગમોમાં રૂપિયા ૫૦ કરોડ ઉપરાંત નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગમાં રૂપિયા ૧૨૧૫.૫૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પહેલા પ્રોપર્ટી કાર્ડ હતા નહીં એટલે ઠાકોર કોળી વિકાસ નિગમ હોય કે કોઇપણ નિગમમાં આકારણીના આધાર ઉપર લોન આપી દેતા હતા. અત્યારે પરિસ્થિતિ એવી થઇ છે કે સ્વામીત્ત્વ કાર્ડ આવ્યું એટલે ૨૫થી ૩૦ ટકા લોકોને જ પ્રોપર્ટી કાર્ડ મળે છે. બાકીના ૭૦ ટકા પાસે જમીન હોતી નથી એટલે એને પ્રોપર્ટી કાર્ડ મળ્યા નથી. એના કારણે આકારણીના આધાર ઉપર લોન મળતી નથી. તો આકારણીના આધારે લોન મળે એવો સુધારો કરવા માગો છો? કે.વાય.સી. હોય એટલે જમીન ઉપર બોજો પડે નહીં એના કારણે લોનથી વંચિત રહી જાય છે. આકારણીના આધાર ઉપર આપણે એને લોન આપવા માટે પરિપત્રમાં સુધારો કરવા માગીએ છીએ કે કેમ? ખાસ કરીને ઠાકોર કોળી વિકાસ નિગમ વસતિના આધારે રૂપિયા ૫૦૦ કરોડ સુધી લોન માટે ફાળવવામાં આવે. મારો ત્રીજો પ્રશ્ન છે કે જે રીતે નિગમોમાંથી ખૂટતા કાગળો માટે પત્રમાં છેલ્લી તારીખ ૨૦ લખી હોય અને એ લેટર ૧૯ તારીખે મળે છે. એની પૂર્તતા કેવી રીતે કરી શકે? આના માટે રજિસ્ટર્ડ એ.ડી.થી અથવા સ્પીડ પોસ્ટથી લેટર મોકલવા માગીએ છીએ કે નહીં?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય સભ્યશ્રીએ સ્વામીત્ત્વ કાર્ડની વાત કરી છે. આમ જોવા જઈએ તો નિગમમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ગુજરાત પછાત વિકાસ નિગમમાં ૧૮૩૫ અરજીઓ આવી. ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગ વિકાસ નિગમમાં ૨૦૨૬ અરજીઓ આવી. ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમમાં ૧૬૯૯ અરજીઓ આવી. ગુજરાત ગોપાલક વિકાસ નિગમમાં ૮૩૦ અરજીઓ આવી. આ બધી અરજીઓ પાસ થઇ ગયેલી છે. આ વિષયે સ્વામીત્ત્વ કાર્ડની વાત કરવામાં આવી છે એ લગભગ બધા પાસે અવેલેબલ હોય છે એટલે કોઇ તકલીફ થતી નથી. બીજું ખાસ કરીને કહું કે, અન્ય કોઇ જાણીતા જામીનદાર પણ મળી જાય, એટલે એ મિલકત ઉપર બોજો પડાવી શકે છે. આ લોન કહેવાય છે એટલે લોનમાં અમુક કંમ્પલઝન હોય છે, બાકી આ સહાય કહેવાય છે. ગેરંટી ઈઝ ધ નીડ. એટલે આ બધા વિષયોમાં જોવા જઈએ તો બધા પાસે પ્રોપર્ટી કાર્ડ અવેલેબલ હોય છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં શ્રી ઘવલસિંહે વાત કરી, આખા ગુજરાતમાંથી આકારણીવાળો, નોંધવાળો પ્રશ્ન હમણાંથી બહુ મોટા પ્રમાણમાં આવે છે. મારી સરકારને વિનંતી છે કે ઓ.બી.સી.ની ડેફિનેશન છે. સામાજિક અને આર્થિક રીતે પછાત લોકોને સરકારે પ્લેટફોર્મ પૂરું પાડવું જોઇએ. જ્યારે ગેરંટીની વાત આવે છે ત્યારે મારી વિનંતી એટલી છે કે એમને રોજગારી આપવા માટે અથવા લોન જેના માટે જોઇએ છીએ એની ગેરંટર જો સરકાર બને તો હું એવું માનું છું કે આ એમના ઉપર ખૂબ મોટું સરકારનું કામ થશે. એટલે જે લોકો લોન માગે છે એમને ૩.૧૦,૦૦૦/-ની લોન માટે બે લાખની જમીન આકારણીમાં એને નોંધ પડાવવી પડે. ઘણીવાર પૈસા મળ્યા વગર નોંધ પડી રહે છે. એટલે મારી વિનંતી મંત્રીશ્રીને છે કે સરકાર આવા લોકોની ગેરંટર બનવા માગે છે કે કેમ?

શ્રીમતી મનીષા રા. વકીલ : સાહેબ, એમનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : ભાઇ, આવી ગયું. બહુ લાંબી ચર્ચા થઇ ગઇ છે. શ્રી શૈલેષભાઇ, મેં આની અંદર ખૂબ પૂરતો સમય આપ્યો છે. ૧૦ જણા છે એ બધા માગશે તો હું ક્યાંથી આપું? તમે પોલિટિકલ સિવાય વિષય કહો. (અંતરાય) ભાઇ, બધા ઝોનવાઇઝ ના હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મેં એટલો જ સવાલ પૂછ્યો હતો કે, રાજ્યની ૬૮ ટકા વસતિ માટે છેલ્લાં બે વર્ષમાં રૂ.૬૧૦ કરોડ ફાળવ્યા અને રાજ્યની ૧૬ ટકા વસતિ માટે રૂ.૧૦૧૮ કરોડ વપરાયા તો આ આર્થિક રીતે નબળા લોકોને લોન સહાય માટેના આ નિગમો છે તો સરકારનું ધોરણ શું છે? આ ૯ નિગમોમાં ગ્રાન્ટ ઓછી ફાળવવાનાં કારણો અને ધોરણ શું છે? અને તમે ગ્રાન્ટ કઇ રીતે ફાળવો છો? વસ્તીના ધોરણે કે આર્થિક ગરીબાઇના ધોરણે ફાળવો છો એ માનનીય મંત્રીશ્રી જણાવે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આગળ મેં કહ્યું કે આ જે નિગમો છે, અનુસૂચિત જાતિ કલ્યાણ બોર્ડમાં વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂ.૨૦૦ કરોડ ફાળવ્યા. સાથે સાથે વિકસિત જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા રૂ. ૨૦૭૭.૦૫ કરોડ. એટલે ટોટલ જોવા જઇએ તો નિગમની સાથે સાથે પ્રભાગને પણ એટલો જ (અંતરાય) સાહેબ, પ્રભાગ પણ એ જ છે. નિગમ પણ એ જ છે. એટલે આમ જોવા જઇએ તો નિગમ પ્લસ પ્રભાગ થકી બજેટ ખૂબ મોટું છે. અનુસૂચિત જાતિ કલ્યાણ બોર્ડમાં ૨૦૨૫-૨૬ નિગમમાં રૂ.૫૦ કરોડ, સાથેસાથે અનુસૂચિત કલ્યાણ પ્રભાગમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ જવાબ આપે છે. એ તમારે સાંભળવો જોઇએ. (અંતરાય)

શ્રીમતી મનીષા રા. વકીલ : સાહેબ, આ બંને વસ્તુ (અંતરાય)

અધ્યક્ષશ્રી : પણ એ વાત કરી રહ્યાં છે. (આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ પોતાની જગ્યા પર ઊભા થઇ જાય છે.) એ વાત કરી રહ્યા છે અને તમે વચ્ચેથી ઊભા થાવ છો. (અંતરાય,) મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે. (અંતરાય સતત) એક મિનિટ, મંત્રીશ્રીનો ચાલુ જવાબ છે અને તમે ઊભા થાવ છો. એમને જવાબ તો તમારે પૂરો કરવા દેવો જોઇએને? (અંતરાય) નહીં, નહીં, એવું ના હોય. આપણે એવું નહીં કરી શકીએ. (અંતરાય) માનનીય શૈલેષભાઇ, પૂરતો સમય મેં તમને આપ્યો છે. આપણે વચ્ચેથી... અને તમે જેટલા પ્રશ્નો પૂછ્યા, એનો તમને પૂરતો સમય આપ્યો છે. મંત્રીશ્રીનો જવાબ તમારે સાંભળવો જોઇએ. (અંતરાય) તમે બેસો, આપ બેસો. બેસો. તમે આ રીતે ઊભા થઇને ન કહી શકો. હું મંજૂરી આપું પછી જ તમે કહી શકો. તમે વચ્ચેથી ઊભા ના થઇ શકો. (અંતરાય) એવું નહીં હોય. (અંતરાય) નહીં, આ તમે ના કરી શકો. માનનીય મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે. વચ્ચેથી તમે ઊભા થાવ છો. એવું નહીં હોય. એમનો જવાબ પૂરો થયા પછી તમને અસંતોષ હોય તો તમે નિયમોનુસાર કરી શકો. હજુ જવાબ પૂરો થયો નથી. (અંતરાય) નહીં, (અંતરાય) આ રીતે તમારે બહાર નીકળવું હોય તો એ તમારી ઇચ્છા છે. તમારે એમનો જવાબ પૂરો સાંભળવો જ પડે ને? (સૂત્રોચ્ચાર, અંતરાય) આપ બેસો.. આપ બેસો.. (અંતરાય) માનનીય જીતુભાઇ..આપ સૌ બેસો.. આપ સૌ બેસો.. તમે બધા બેસો. મેં તેમને વાત કરી છે.. (સૂત્રોચ્ચાર)સરકારમાં કોને જવાબ આપવો એ સરકાર નક્કી કરશે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી,..મારે બીજી વાત કરવી છે. નિયમોના નિયમનું ઉલ્લંઘન થઇ રહ્યું છે એ બાબતમાં મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ બધા બેસો..બધા બેસો પ્લીઝ.. માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે પોતાનું સ્થાન ગ્રહણ કરે. કોંગ્રેસ પાર્ટીના માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે આપ પોતાનું સ્થાન ગ્રહણ કરો. હું આપને સંવાદ માટેનો સમય આપું છું. (અંતરાય) હું આપને સંવાદ માટેનો સમય આપું છું સભ્યશ્રીઓ, આપ પોતાનું સ્થાન ગ્રહણ કરો.

તારાંકિત પ્રશ્નો

(અંતરાય) માનનીય અમિતભાઇ, માનનીય શૈલેષભાઇ, માનનીય કાંતિભાઇ, માનનીય અનંતભાઇ, માનનીય વિમલભાઇ, બધા માનનીય કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે આપ આપનું સ્થાન ગ્રહણ કરો. (સતત અંતરાય) તમને પૂરતો સમય આપ્યો છે. મેં પાંચ-પાંચ સભ્યશ્રીઓને તક આપી છે, તમે જેટલું કહ્યું એટલો સમય આપ્યો છે, ઘણો સમય ચર્ચા થઇ છે. (અંતરાય) મેં ચર્ચા કરી, આપને નીકળવું હોય તો આપનો અધિકાર છે (અંતરાય)

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના ગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કર્યો.)

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે મંત્રીશ્રીએ પણ ધ્યાનમાં રાખવું જોઇએ અને થોડુંક ગુજરાતી શીખવું જોઇએ, અંગ્રેજીમાં તમે બોલ્યા કોઇને ખબર ના પડી અને ખબર જ ના પડે તો સાહેબ એમાં વિરોધ કરવાનો તો કંઇ મતલબ રહેતો નથી એટલે એક તો પહેલી વિનંતી એ છે અને બીજી વાત માનનીય અધ્યક્ષશ્રી...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી ચાલુ છે માનનીય રમણભાઇ.. પોઇન્ટ ઓફ ઓર્ડર પછી હું આપીશ..

શ્રી રમણલાલ ઇ. વોરા : જી, હું પ્રશ્નોત્તરી જ કરું છું. ના પોઇન્ટ ઓફ ઓર્ડર નથી સાહેબ, પ્રશ્ન જ પૂછવો છે.

અધ્યક્ષશ્રી : પણ કયા પ્રશ્નમાં?

શ્રી રમણલાલ ઇ. વોરા : મેં એમને એવું સૂચન કર્યું કે ..

અધ્યક્ષશ્રી : મેં પ્રશ્ન પૂરો કરી દીધો છે. આપ બેસો. ફરી તમને પોઇન્ટ ઓફ ઓર્ડર આપીશ. મને એમ કે આપ સિનિયર છો, ...પ્રશ્ન ક્રમાંકઃ ૬

મહિસાગરજિલ્લામાંસરસ્વતીસાધનાયોજનાહેઠળસાયકલનીફાળવણી

*** 15/8/788 શ્રીમાનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬માં મહિસાગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિની વિદ્યાર્થિનીઓની કેટલી અરજીઓ મળી,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬માં મહિસાગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિની વિદ્યાર્થિનીઓની કુલ-૧૬૧ અરજીઓ મળી,
(૨)	તે પૈકી કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને	(૨)	તે પૈકી તમામ ૧૬૧ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલી સાયકલ આપવામાં આવી?	(૩)	મંજૂર કરેલ અરજીઓ સામે તમામ ૧૬૧ વિદ્યાર્થિનીઓને સાયકલ આપવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી એ જાણવા માગું છું કે સરસ્વતી સાધના યોજનામાં અનુસૂચિત જાતિ વિદ્યાર્થીનીઓની મહિસાગરની જે ૧૬૧ની અરજી મળી અને બધી મંજૂર કરી પણ આ સરસ્વતી સાધના યોજના કયારે શરૂ કરી અને આનાથી શિક્ષણમાં શું લાભ થવાનો છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૯-૩-૧૯૯૯ના ઠરાવથી સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાઇકલ વિનામૂલ્યે આપવાનું નક્કી કરવામાં આવ્યું. યોજનાના હેતુમાં ખાસ કરીને અનુસૂચિત જાતિઓની કન્યાઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે, સાથેસાથે કન્યાઓનો શાળાઓમાંથી ડ્રોપઆઉટ રેશિયો નાબૂદ થાય, કન્યા કેળવણીને ઉત્તેજન મળે તથા પોતાના રહેઠાણથી અભ્યાસ કરવા માટે કોઇ દૂર જગ્યાએ જવાનું હોય તો એમને મુશ્કેલી ના પડે એના માટેની આ સરસ્વતી સાધના યોજના ચાલુ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સરસ્વતી સાધના યોજના અંતર્ગત જે દીકરીઓને સાઇકલ આપવામાં આવે છે એ સારી બાબત છે પણ હવે સમયને અનુરૂપ દીકરીઓને બેટરીવાળી સ્કૂટી આપવાની કોઇ વિચારણા કરવામાં આવી છે કે કેમ?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

માણસા નગરપાલિકામાં વિકસાવેલ ચંદ્રાસર તળાવ

*****15/8/792 **શ્રી જયંતિભાઇ સોમાભાઇ પટેલ** (માણસા)**:માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમૃત ૨.૦ મિશન અંતર્ગત માણસા નગરપાલિકામાં વિકસાવેલ ચંદ્રાસર તળાવમાં કેવા પ્રકારના ઘટકોનો સમાવેશ થયેલ છે,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમૃત ૨.૦ મિશન અંતર્ગત માણસા નગરપાલિકામાં વિકસાવેલ ચંદ્રાસર તળાવમાં નીચે મુજબના ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ

			છે. ૧. પર્યાવરણ સંબંધિત ઘટકો • તળાવના કુદરતી ઢોળાવોને જાળવવા, જમીનના અને ઢોળાવ ધોવાણોને અટકાવવા માટે પથ્થર પિચિંગની કામગીરી. • તળાવની આસપાસના વિસ્તારમાં સ્થાનિક પ્રજાતિના વૃક્ષોનું ઉછેર અને જતન. • પક્ષીઓની વિવિધ પ્રજાતિઓ અને જળચર જીવોને સુરક્ષિત આશ્રય. ૨. તમામ વય જૂથોના નાગરિકો માટે મનોરંજનની સુવિધાના ઘટકો: • એમ્ફીથિયેટર • ઘાટ/વ્યુઇંગ ગેલેરી • બાળકોના રમવાની જગ્યા • થીમ આધારિત વૃક્ષારોપણ અને ખુલ્લો લોન વિસ્તાર • ગઝેબો બેઠક વિસ્તાર • ચંદ્ર આકારનો પુલ • વૉકવે • પાર્ટી પ્લોટ વિસ્તાર • પીપળ વન • સેલ્ફી પોઇન્ટ ૩. જળ વ્યવસ્થાપન ઘટક: • તળાવમાં પાણીના સ્તરને નિયંત્રિત કરવા માટે ત્રણ સ્ટ્રોમ વોટર ઇનલેટ સ્ટ્રકચર અને એક નર્મદા વોટર ઇનલેટ સ્ટ્રકચર. • વધારાનું પાણી રિચાર્જ કરવાની સુવિધાની જોગવાઇ સાથે ભૂગર્ભ જળ અને એકવીફર રિચાર્જ માટે ચાર વરસાદી પાણીના સંગ્રહના માળખા. • વધુ વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા માટે પમ્પિંગની વ્યવસ્થા.
(૨)	ઉકત કામ હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને,	(૨)	ઉકત કામ માર્ચ-૨૦૨૪માં પૂર્ણ થયેલ હોઇ, છેલ્લા એક વર્ષમાં કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી.
(૩)	ખર્ચ કરેલ કુલ રકમમાંથી કેન્દ્ર અને રાજય સરકારનો હિસ્સો કેટલો છે?	(૩)	ખર્ચ કરવામાં આવેલ કુલ રકમ રૂ. ૧૪.૫૬ કરોડ પૈકી કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. ૫.૫૭ કરોડ (અમૃત ૨.૦ યોજના + ૧૫માં નાણાપંચની ગ્રાન્ટ) અને રાજય સરકારનો હિસ્સો રૂ. ૮.૯૯ કરોડ છે.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમૃત-૨.૦ મિશન અંતર્ગત મારા માણસામાં ચંદ્રાસર તળાવ ડેવલપ કરવામાં આવ્યું છે એમાં વર્ષ ૨૦૨૫ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો અને એમાં કેન્દ્ર સરકારનો કેટલો હિસ્સો હતો અને રાજ્ય સરકારનો કેટલો હિસ્સો હતો? આમાં કેવા પ્રકારના ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે? દેશના ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે જ્યારે નાના હતા ત્યારે આ ચંદ્રાસર તળાવમાં ખૂબ ડૂબકીઓ મારી છે. તો મારી તમામ ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે જ્યારે માણસા આવવાનું થાય ત્યારે ચોક્કસ આ તળાવની મુલાકાત લેજો.

અધ્યક્ષશ્રી : માનનીય જે.એસ. પટેલ, તમે એકેય ડૂબકી મારી કે નહિ? પહેલા તો મોટા ભાગે તરવાનું તળાવની અંદર જ બધા શીખતા. માનનીય મંત્રીશ્રી...

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માણસા એ આપણા દેશના યશસ્વી ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદશ્રી અમિતભાઇ શાહનું વતન છે. એમણે પોતાના વતનની સાથે-સાથે પોતાના મતવિસ્તારમાં પણ ઘણા બધા વિકાસના કામો અને ખાસ કરીને તળાવ રિડેવલપમેન્ટના કામો કર્યા છે ત્યારે અમૃત -૨.૦ મિશન અંતર્ગત માણસા નગરપાલિકામાં સમાવિષ્ટ પાણી પુરવઠા યોજનાના કામોમાં પાણીની ઊંચી ટાંકી, ભૂગર્ભ સમ્પ, રાઇઝિંગ મેઇન પાઇપલાઇન,

પમ્પ હાઉસ મશીનરી સાથે જૂની વિતરણ વ્યવસ્થાની પાઈપલાઇન બદલવી જેવા ઘટકોનો સમાવેશ થાય છે. માણસા નગરપાલિકામાં પાણી પુરવઠામાં કુલ રૂ.૧૫.૮૪ કરોડના ત્રણ કામો મંજૂર કરવામાં આવ્યા છે. જે પૈકી રૂ.૪.૦૯ કરોડનું કામ પૂર્ણ થયેલ છે જ્યારે રૂ.૧૧.૨ કરોડના બે કામો પ્રગતિ હેઠળ છે. તમે જે તળાવની વાત કરી એનું રૂ.૧૫.૪૬ લાખનું કામ પૂર્ણ થયેલ છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમૃત–૨.૦ મિશન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકામાં તળાવોનું ડેવલપમેન્ટ કરવામાં આવ્યું છે. આ તળાવોને ફક્ત ડેવલપ કરીને પર્યટક સ્થળ જેવા બનાવી દેવામાં આવ્યા છે ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકામાં આવા કેટલા તળાવોનું ડેવલપમેન્ટ કર્યું છે અને આ વર્ષે આ મિશન અંતર્ગત કેટલા તળાવ ડેવલપમેન્ટ કરવાના છે? મારો બીજો પ્રશ્ન છે કે ગાંધીનગર જિલ્લામાં આ મિશન હેઠળ કયા–કયા શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, અમૃત –૨.૦ મિશન અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર, માણસા, કલોલ અને દહેગામ શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકામાં રૂ.૩૧.૨૩ કરોડના ખર્ચે પેથાપુરના ૨ તળાવ, રાંધેજાનું ૧ તળાવ અને કોલવડાનું ૧ તળાવ એમ કુલ ચાર તળાવોના નવીનીકરણની કામગીરી થવાની છે.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમૃત–૨.૦ મિશન અંતર્ગત રાજ્યમાં અનેક તળાવોના ડેવલપમેન્ટના કામો ખૂબ સારી રીતે થાય છે. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે અમારા વિરમગામમાં ઐતિહાસિક મુનસર અને ગંગાસર તળાવ છે. એના પ્રોજેક્ટનો તમામ ખર્ચ અને આયોજન જી.યુ.ડી.એમ.માં પહોંચાડ્યું છે. માનનીય મંત્રીશ્રી આ બંને તળાવોના ડેવલપમેન્ટ માટે કોઇ વિશેષ યોજના બનાવવા માગે છે કે કેમ? આ ઉપરાંત માંડલમાં ખંભલાવ તળાવ ખૂબ મોટું છે અને ત્યાં શક્તિપીઠ પણ છે. હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ત્યાં દર્શન પણ કર્યા હતા. આ તળાવના ડેવલપેમન્ટ માટે કંઇ યોજના બનાવવા માગે છે કે કેમ?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, દરખાસ્ત આવ્યેથી એનો સંપૂર્ણ અભ્યાસ કરીને એમના સૂચન અંગે યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

શ્રી ભગાભાઈ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આ તળાવની યોજના છે એ બહુ સારી યોજના છે. એનાથી પાણી પણ રિચાર્જ થાય છે. તળાવ બન્યા પછી આપણે ઉપરના ભાગમાં વૉકિંગ ટ્રેક પણ બનાવીએ છીએ. ત્યાં ઘણા લોકો ફરવા પણ જાય છે અને પશુઓ પણ ત્યાં પ્રવેશ કરી લેતાં હોય છે. તો જો અંદરના ભાગમાં જાળી નાંખવામાં આવે તો બાળકો એમાં પડી ન જાય અને પશુઓ પણ એમાં પાણી પીવા જાય છે ત્યારે મૃત્યુ પામે છે. તો બાઉન્ડ્રી પર જાળી ફિટ કરવામાં આવે તો આવી કોઇ ઘટના ત્યાં ન બને. તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આવો કોઇ ફેરફાર એમાં કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા મુખ્યમંત્રીશ્રી એટલા ઉદાર છે કે એમણે જળસંચય માટે રૂ.૫૦ લાખની રકમ દરેક ધારાસભ્યશ્રીને આપી છે. આપણા વિસ્તારનાં તળાવનાં કામો માટે આ રકમનો ઉપયોગ કરી શકીએ છીએ.

અધ્યક્ષશ્રી : માગ્યા વગર મોં પણ ન આપે તેવી વાત હતી પણ માગ્યા વગર માનનીય મુખ્યમંત્રીશ્રી આપે છે.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારા બોટાદ શહેરની મધ્યમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ બનાવેલું કૃષ્ણસાગર તળાવ આવેલું છે. તે તળાવનો પાળો માટીથી બનાવેલો છે. આ વખતે અતિવૃષ્ટિના કારણે બોટાદમાં ૨૭ ઇંચ વરસાદ પડ્યો. જેના લીધો પાળો ક્રેક થઇ ગયો છે. જો આ પાળો તૂટે તો અડધું બોટાદ અસરગ્રસ્ત થાય તેમ છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ તળાવમાં આર.સી.સી. પાળો બનાવવા માગે છે કે કેમ? અને બોટાદમાં એક પણ ફરવાલાયક સ્થળ નથી તો જે રીતે કાંકરિયા તળાવ ડેવલપ કર્યું તે રીતે કૃષ્ણસાગર તળાવને ડેવલપ કરવા માગો છો કે કેમ? અત્યારે સૌની યોજના અંતર્ગત તે તળાવ ભરવામાં આવેલું છે એટલે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીનો આભાર માનું છું.

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગ હંમેશા લોકોની સુખાકારી માટે કામો કરે છે. માનનીય સભ્યશ્રીની દરખાસ્ત આવશે તો તેને ચોક્કસ હકારાત્મક વિચારણા કરવામાં આવશે.

ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

***15/8/784:શ્રીભીખાભાઈ રવજીભાઈ બારૈયા** (પાલીતાણા):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫–૨૬ માંભાવનગર જિલ્લામાં ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયનો લાભ આપવામાં આવ્યો,અને	(૧)	૧,૬૪,૯૨૨

(૨)	તે પેટે કેટલી રકમની ગણવેશ સહાય ચુકવવામાં આવી?	(૨)	૩.૧૪.૮૪કરોડ

શ્રી ભીખાભાઈ ૨. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વિદ્યાર્થીઓને ગણવેશ સહાય યોજનાનો લાભ મેળવવા માટે સરળતા દાખવવા સરકારે શાં શાં પગલાં લીધાં?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, ગણવેશ સહાય યોજના હેઠળ વિદ્યાર્થીઓને અરજી કરવાની રહેતી નથી. રાજ્ય સરકારશ્રીના ડિજિટલ પ્લેટફોર્મ/ઓનલાઇન પોર્ટલ દ્વારા શાળાના આચાર્ય દ્વારા ઓનલાઇન અરજી કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓની ઓનલાઇન એન્ટ્રી કરી હોય તે વિદ્યાર્થીઓને આચાર્યશ્રીઓ દ્વારા ઓનલાઇન દરખાસ્ત જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે. જિલ્લા કક્ષાએ ઓનલાઇન દરખાસ્તની ચકાસણી કરી તેને મંજૂર કરવી, તેના ઓનલાઇન બિલ બનાવવા, જિલ્લા તિજોરીમાં ઓનલાઇન બિલ મંજૂર કરાવવા, વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ સહાયની રકમ વિદ્યાર્થી/વાલીના વેરિફાય થયેલ બેંક એકાઉન્ટમાં ડી.બી.ટી. દ્વારા ઈ-પેમેન્ટથી જમા કરાવવામાં આવે છે.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગણવેશ સહાય યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં કુલ કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની ગણવેશ સહાય આપવામાં આવી છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, ભાવનગર જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં ધોરણ-૧થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ અંતર્ગત વિદ્યાર્થીઓની સંખ્યા ૨ લાખ ૧૮ હજાર ૩૦૩ હતી અને ૩.૧૩.૧૧ કરોડની સહાય ચૂકવવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૧-૨૨ અંતર્ગત વિદ્યાર્થીઓની સંખ્યા ૨ લાખ ૧૯ હજાર ૭૯૪ હતી અને ૩.૧૩.૯૧ કરોડની સહાય ચૂકવવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત વિદ્યાર્થીઓની સંખ્યા ૨ લાખ ૧૬ હજાર ૫૨૮ હતી અને ૩.૧૯.૩૩ કરોડની સહાય ચૂકવવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત વિદ્યાર્થીઓની સંખ્યા ૧ લાખ ૮૪ હજાર ૪૧૮ હતી અને ૩.૧૬.૫૯ કરોડની સહાય ચૂકવવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત વિદ્યાર્થીઓની સંખ્યા ૧ લાખ ૭૧ હજાર ૦૦૬ હતી અને ૩.૧૫.૩૯ કરોડની સહાય ચૂકવવામાં આવેલ હતી. આમ કુલ મળીને ભાવનગર જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૦ લાખ ૧૦ હજાર ૦૭૯ અને સહાયની કુલ રકમ ૩.૭૭.૬૧ કરોડની ગણવેશ સહાયની ચૂકવણી કરવામાં આવી છે.

શ્રી ગૌતમભાઈ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગણવેશ સહાય યોજનાની પાત્રતા હેઠળ એના માપદંડો અને સહાયની રકમમાં છેલ્લે ક્યારે સુધારો કરવામાં આવ્યો છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, ગણવેશ સહાય યોજના હેઠળ પાત્રતાના માપદંડોમાં વિકસતિ જાતિના, આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે, વિદ્યાર્થીઓ ધોરણ ૧થી ૮ માં અભ્યાસ કરતા હોવા જોઇએ, તેમાં કોઇપણ આવકમર્યાદા નથી, સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોવા જોઇએ અને વિદ્યાર્થી છેલ્લી વાર્ષિક પરીક્ષામાં પાસ હોવો જોઇએ. ગણવેશ સહાયની રકમમાં છેલ્લે સરકારશ્રીના ૬ એપ્રિલ, ૨૦૨૨ના ઠરાવથી આ યોજના હેઠળ રૂ.૬૦૦ની સહાય મળતી હતી તેમાં રૂ.૩૦૦નો વધારો કરીને વર્તમાનમાં રૂ.૯૦૦ ગણવેશ સહાય ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

***15/8/785:શ્રીપરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર** (દસાડા):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કેઃ-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬ માં સુરેન્દ્રનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના અંતર્ગત બાલવાટીકામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને	(૧)	૭,૧૨૩
(૨)	તે પેટે કુલ કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી?	(૨)	૩.૬૪.૧૧લાખ

શ્રી પરષોત્તમભાઈ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાના વિદ્યાર્થીને ગણવેશ સહાય આપવામાં આવે છે તે જ પ્રકારે બાલવાટિકા વિદ્યાર્થીને ગણવેશ સહાય આપવાની યોજના બનાવી છે એ માટે સૌપ્રથમ સરકારશ્રીને અભિનંદન આપું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બાલવાટિકાના વિકસતિ જાતિના વિદ્યાર્થીઓ માટે ગણવેશ સહાય ક્યારથી શરૂ કરવામાં આવેલ છે? અને વિદ્યાર્થીદીઠ એક વર્ષના કેટલી જોડ ગણવેશ અને કેટલી સહાય આપવામાં આવે છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગના તા.૨૮/૦૪/૨૦૨૩ના ઠરાવથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલ માટે રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલ શાળા શિક્ષણ ટાસ્ક-૪ સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણ મુજબ ગુજરાત રાજ્યમાં પાંચ વર્ષથી વધુ ઉંમરના બાળક માટે ધોરણ-૧ પહેલાંનું વર્ષ બાલવાટિકા તરીકે નક્કી કરવામાં આવેલ છે. જેથી બાલવાટિકામાં પ્રવેશ મેળવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગ,

તારાંકિત પ્રશ્નો

વિચરતી વિમુક્ત જાતિ, લઘુમતી વર્ગના વિદ્યાર્થીઓને ત્રણ જોડ ગણવેશ માટે વાર્ષિક રૂ.૯૦૦ ગણવેશ સહાય આપવાની નવી યોજના વર્ષ ૨૦૨૫-૨૬થી અમલમાં મૂકવામાં આવેલ છે.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો

***15/8/510શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (**બાયડ**): માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વ્યાજબી ભાવની કેટલી દુકાનો કાર્યરત છે,	(૧)	૮૯૫ વ્યાજબી ભાવની દુકાનો
(૨)	ઉક્ત દુકાનમાંથી રેશનકાર્ડ ધારકોને છેલ્લા બે વર્ષમાં કેટલો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો, અને	(૨)	૨૨૫૩૮૫.૦૨ મેટ્રીક ટન
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી બાયડ, માલપુર અને મોડાસા તાલુકામાં વ્યાજબી ભાવની કેટલી દુકાનો છે અને ઉક્ત તાલુકાઓમાં છેલ્લા બે વર્ષમાં રેશનકાર્ડ ધારકોને કેટલો પુરવઠો પૂરો પાડ્યો ?	(૩)	કુલ ૧૬૦ વ્યાજબી ભાવની દુકાનો કાર્યરત છે. જેના થકી કુલ ૨૮૪૮૬.૧૪મેટ્રીક ટન પુરવઠો પૂરો પાડેલ છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વ્યાજબી ભાવની દુકાન ખોલવા માટેના ધારાધોરણો શું છે? એટલે કે કિલોમીટરમાં છે કે વસતિમાં છે કે કાર્ડના આધાર પર ખોલવામાં આવે છે કે કેમ? અને બે વર્ષમાં વર્ષવાર પુરવઠો પૂરો પાડવા માટે વહીવટી ખર્ચ કેટલો આવ્યો?

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીના તા.૨૬/૦૭/૨૦૨૫ના ઠરાવ મુજબ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વ્યાજબી ભાવની દુકાન ખોલવા અંગેના ધારાધોરણો અલગ-અલગ છે. વિશેષ કરીને ગ્રામ્ય વિસ્તારમાં સસ્તા અનાજની દુકાનો ખોલવા માટે વસતિનું ધોરણ ત્રણ હજારનું નિયત કરવામાં આવેલ છે. સાથે-સાથે બીજી પણ એક જોગવાઇ કરવામાં આવેલ છે કે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ લઘુત્તમ ૭૫ ટકા જનસંખ્યા પર એક દુકાન ખોલવા માટેનું ધારાધોરણ નક્કી કરેલ છે. સાથેસાથે શહેરી વિસ્તાર માટે દુકાન ખોલવા વસતિનું ધોરણ ૭૫૦૦નું નક્કી કરવામાં આવેલું છે. એમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ લઘુત્તમ ૪૮ ટકા જનસંખ્યા હોવી જરૂરી છે અને એને દુકાન ખોલવા માટે મંજૂરી આપવામાં આવે છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં વસતા તમામ નાગરિકો, મધ્યમ અને ગરીબ વર્ગો માટે અનાજ, ચોખા, ખાંડ તેમજ તહેવારમાં પણ અલગ-અલગ વધારાની વસ્તુ આપવામાં આવે છે. આ ખૂબ સારી યોજના જ્યારે લાગુ છે છે ત્યારે અમુક ગ્રાહકોમાંથી એવી ફરિયાદ આવે છે કે જે મળવાપાત્ર છે તેની પૂરતી માહિતી ગ્રાહકોને હોતી નથી. કોઇને કોઇ દુકાનદારો એની આડમાં કોઇવાર અનાજ ઓછું આપે છે. આવા દુકાનદારો માટે વિધિવત પરિપત્ર થાય અને તે દુકાન બહાર બોર્ડ લગાવે કે એક કાર્ડમાં તમને આ વસ્તુ મળશે. આવો પરિપત્ર કરવા માગો છો કે કેમ?

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીએ પહેલાંથી જ આ વિશેની જોગવાઇ કરેલી છે. મોટાભાગની દુકાનો ઉપર બોર્ડ હોય છે જ છતાં કોઇ જગ્યાએ એવી ફરિયાદ મળશે તો અમે તેની સામે કાર્યવાહી કરીશું. આવનારા સમયમાં ગ્રાહકોને પૂરતા પ્રમાણમાં એના હકનું પૂરતું અનાજ મળે એટલા માટે માનનીય મુખ્યમંત્રી સાહેબશ્રી દ્વારા ખૂબ સંવેદના સાથે આ વખતે એને મળવાપાત્ર ગુજરાત સરકારનો અનાજનો જથ્થો પેકિંગમાં આપવાનું ધારાધોરણ નક્કી કરવામાં આવેલું છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે વાજબી ભાવની દુકાનોની મંજૂરી માટેના ધારાધોરણ શું છે? અને ભ્રષ્ટાચાર અટકે તથા લોકોને પૂરું અનાજ કે વસ્તુઓ મળી રહે એના માટે ભારતના વડાપ્રધાનશ્રી મોદી સાહેબ અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે અત્યારે કોઇ નવી સિસ્ટમ દાખલ કરી છે કે કેમ?

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સંવેદનાથી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારે આ યોજના નીચે સુધી પહોંચે એના માટે પૂરતા પ્રયત્નો કર્યા છે. જે પ્રમાણે અહીંયા વાત કરી એ પ્રમાણે સરકારશ્રીના નિયમ મુજબ જે લૂઝ અનાજ હતું એને આ વખતે પહેલીવાર પેકિંગ કર્યું છે. એનાથી આગળ વધીને આ વખતે બજેટમાં અમે ગ્રેઇન એ.ટી.એમ. દ્વારા અનાજ આપવાની જોગવાઇ કરી છે. આ વખતે જે પ્રમાણે જોગવાઇ કરી છે એ પ્રમાણે દરેક જિલ્લા અને એનાથી આગળ તાલુકા સુધી અમે જઇ આ વિભાગને આખો પારદર્શક બનાવવાનો પૂરતો પ્રયત્ન કરેલો છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ વાજબી ભાવની દુકાનોના સંચાલકોને આપણે કયા દરે કમિશન ચૂકવીએ છીએ? અને છેલ્લા એક વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં અનાજની ગેરરીતિ થતી હોય એવી કેટલી ફરિયાદો આપણને મળી છે? અને એમની સામે આપણે કયા પગલાં લીધાં છે?

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં દુકાનોની સંખ્યા જણાવું તો સાબરકાંઠામાં ૫૦૫ છે જેમાં કુલ ૧૨૯૧ જુદાજુદા સ્તરે તપાસ થયેલી છે અને એમાં રૂ. ૧૪,૩૯, ૮૮૩/– જેટલો દંડ કરેલો છે અને એક પરવાનો મોકૂફ કરેલો છે અને એક પરવાનો રદ કરેલો છે. અરવલ્લી જિલ્લામાં ૩૮૫ જેટલી દુકાનો આવેલી છે તેમાં ૧૩૭૮ જગ્યાએ તપાસ કરવામાં આવેલી છે અને જેમાંથી રૂ. ૬,૪૨,૪૧૪/– જેટલો દંડ વસૂલ કરેલો છે અને ત્રણ જેટલા પરવાના રદ કરવામાં આવેલા છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન હતો કે આપણે સંચાલકોને કયા દરે કમિશન ચૂકવીએ છીએ?

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આપણે ક્વિન્ટલ દીઠ રૂ.૧૫૦/–ના દરે એમને કમિશન ચૂકવીએ છીએ.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

નવસારી અને વલસાડ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

15/8/1051શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ
(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે, અને		(૧)

નવસારી

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થીની	વિદ્યાર્થી	વિદ્યાર્થીની
ચિખલી	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
ગણદેવી	૦.૧૧	૦.૫૭	૦.૨૮	૦.૦૦
જલાલપોર	૩.૦૪	૧.૯૩	૦.૮૯	૧.૦૨
નવસારી	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
વાંસદા	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૧
ખેરગામ	૦.૦૦	૦.૦૦	૦.૪૧	૦.૫૦

વલસાડ

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થીની	વિદ્યાર્થી	વિદ્યાર્થીની
વલસાડ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
પારડી	૦.૩૩	૦.૦૦	૦.૦૦	૦.૦૦
ઉમરગામ	૦.૦૦	૦.૦૦	૦.૭૩	૦.૬૨
ધરમપુર	૨.૮૮	૧.૬૪	૬.૧૨	૪.૯૨
કપરાડા	૮.૧૧	૭.૨૦	૯.૯૪	૮.૩૫

(૨) ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?		(૨)ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા. • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો

		• જી–શાલા એપ્લિકેશન ઈ–કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) • કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આશ્રમશાળાઓ

15/8/1075 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિભાગ હેઠળની કેટલી આશ્રમશાળાઓ કાર્યરત છે,	(૧)	કુલ: ૧૩ આશ્રમશાળાઓ
(૨)	ઉક્ત આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી દીઠ કેટલી ગ્રાન્ટ આશ્રમશાળા ટ્રસ્ટને ચુકવવામાં આવે છે,	(૨)	આશ્રમશાળા માટે વિદ્યાર્થી દિઠ માસિક રૂા.૨,૧૬૦/– ના દરે વર્ષમાં દસ માસ માટે સ્વૈચ્છિક સંસ્થાને નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત આશ્રમશાળાઓમાં કયા કયા સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે,અને	(૩)	<table><tr><th>સંવર્ગ</th><th>ખાલી જગ્યા</th></tr><tr><td>મદદનીશ શિક્ષક</td><td>૧૧</td></tr><tr><td>મુ. રસોયા</td><td>૩</td></tr><tr><td>મદદનીશ રસોયા</td><td>૨</td></tr><tr><td>રસોડા કામદાર</td><td>૩</td></tr><tr><td>કમાઠી</td><td>૧</td></tr></table>
(૪)	ઉક્ત ખાલી રહેલ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?		• શિક્ષકોની ભરતી કરવાની બાબત હાલ વિચારણા હેઠળ છે. • વર્ગ–૪ ની જગ્યાઓ સંસ્થા દ્વારા ભરવાની રહે છે.

બનાસકાંઠા જીલ્લામાં પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન

15/8/1032શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન પૂર્ણ થયેલ છે,	(૧)	ગુણોત્સવ ૨.૦ અંતર્ગત સમગ્ર વર્ષ દરમિયાન સ્કૂલ એક્રેડીટેશનની કામગીરી કરી શૈક્ષણિક વર્ષના અંતે શાળાઓને ગ્રેડ આધારિત રીપોર્ટકાર્ડ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩–૨૪ અને વર્ષ ૨૦૨૪–૨૫ના મૂલ્યાંકનની વિગતો **પરિશિષ્ટ–૧** માં સામેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉકત જિલ્લામાં તાલુકાવાર કઈ શાળાઓનું મૂલ્યાંકન ક્યા કારણોસર બાકી છે, અને	(૨)	ઉક્ત જીલ્લામાં વર્ષ ૨૦૨૩–૨૪ અને વર્ષ ૨૦૨૪–૨૫માં મૂલ્યાંકન માટે નિયત થયેલ તમામ–સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ આશ્રમ શાળાઓના મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત મૂલ્યાંકન ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પરિશિષ્ટ–૧

બનાસકાંઠા જીલ્લામાં મૂલ્યાંકનની સ્થિતિ

ક્રમ	તાલુકાઓ	ગુણોત્સવ 2.0 અંતર્ગત મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ (વર્ષ – ૨૦૨૩–૨૪)	ગુણોત્સવ 2.0 અંતર્ગત મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ (વર્ષ – ૨૦૨૩–૨૪)	ગુણોત્સવ 2.0અંતર્ગત મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ (વર્ષ – ૨૦૨૪–૨૫)	ગુણોત્સવ 2.0 અંતર્ગત મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ (વર્ષ – ૨૦૨૪–૨૫)
૧	અમીરગઢ	૧૨૦	૧૨૦	૧૨૫	૧૨૫
૨	ભાભર	૧૧૩	૧૧૩	૧૧૬	૧૧૬
૩	દાંતા	૨૨૩	૨૨૩	૨૩૨	૨૩૨
૪	દાંતીવાડા	૯૯	૯૯	૧૦૨	૧૦૨
૫	ડિસા	૩૧૪	૩૧૪	૩૧૯	૩૧૯
૬	દિયોદર	૧૬૨	૧૬૨	૧૬૪	૧૬૪
૭	ધાનેરા	૧૨૭	૧૨૭	૧૨૯	૧૨૯
૮	કાંકરેજ	૨૬૦	૨૬૦	૨૬૩	૨૬૩
૯	લાખાણી	૧૭૫	૧૭૫	૧૭૫	૧૭૫
૧૦	પાલનપુર	૧૮૦	૧૮૦	૧૮૯	૧૮૯
૧૧	સુઈગામ	૬૭	૬૭	૬૭	૬૭
૧૨	થરાદ	૨૭૨	૨૭૨	૨૭૪	૨૭૪
૧૩	વડગામ	૧૪૨	૧૪૨	૧૪૪	૧૪૪
૧૪	વાવ	૧૨૮	૧૨૮	૧૨૯	૧૨૯
	કુલ	**૨૩૮૨**	**૨૩૮૨**	**૨૪૨૮**	**૨૪૨૮**

મહીસાગર અને ભાવનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપઆઉટ રેશિયો

15/6/1048શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	જવાબ
(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે,અને	(૧)

હીસાગર

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો(ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થિની	વિદ્યાર્થી	વિદ્યાર્થિની
કડાણા	૩.૫૪	૨.૫૩	૪.૨૪	૨.૮૫
ખાનપુર	૦.૦૦	૧.૨૫	૦.૦૦	૧.૬૪
લુણાવાડા	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
સંતરામપુર	૨.૮૭	૨.૪૩	૩.૮૩	૪.૦૬
બાલાસિનોર	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
વીરપુર	૦.૦૦	૦.૦૮	૦.૦૦	૧.૬૩

ભાવનગર				
તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો(ધો ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થિની	વિદ્યાર્થી	વિદ્યાર્થિની
વલ્લભીપુર	૩.૭૭	૬.૮૬	૮.૩૪	૮.૩૪
ઉમરાળા	૨.૬૪	૦.૬૬	૫.૯૦	૪.૨૯
ભાવનગર	૦.૨૫	૦.૭૪	૧.૭૨	૧.૧૦
ઘોઘા	૭.૮૨	૭.૧૩	૯.૮૬	૮.૯૮
શિહોર	૦.૦૯	૨.૯૧	૧.૫૪	૨.૫૩
ગારિયાધાર	૨.૩૭	૨.૭૪	૧.૬૮	૩.૨૭
પાલિતાણા	૨.૧૭	૧.૮૨	૩.૪૫	૨.૯૨
તળાજા	૦.૦૦	૨.૩૮	૨.૨૧	૪.૬૯
મહુવા	૨.૬૧	૩.૩૭	૩.૧૯	૩.૪૮
જેસર	૪.૮૦	૬.૦૬	૭.૦૭	૮.૮૩

(૨) ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?	(૨) ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા. • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો • જી–શાલા એપ્લિકેશન ઈ–કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) • કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

––––––

વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ

15/8/801 શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઈ પટેલ (કરજણ) **:માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ વડોદરા જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને	(૧)	કુલ ૬૭,૯૪૯.૭૧ મે. ટન
(૨)	કયા પ્રમાણ ભાવથી વિતરણ કરવામાં આવ્યું?	(૨)	માહે જાન્યુઆરી–૨૦૨૫ થી ડિસેમ્બર–૨૦૨૫ સુધીના સમયગાળા માટે દર માસે અંત્યોદય અન્ન યોજના (A A Y) હેઠળ કાર્ડ દીઠ ૩૫ કિલોગ્રામ અને અગ્રતા ધરાવતા કુટુંબો (P H H) હેઠળ વ્યક્તિ દીઠ ૫ કિલોગ્રામ અનાજ **"વિનામુલ્યે"** વિતરણ કરવામાં આવેલ છે.

છોટા ઉદેપુર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજના

15/8/605: શ્રીરાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુરજિલ્લામાં છેલ્લા એક વર્ષમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટેપ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને	(૧)	૭,૨૮૭
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવીઅને કુલ કેટલી શિષ્યવૃત્તિનીસહાય ચૂકવવામાં આવી ?	(૨)	કુલ ૭,૨૮૭ અરજીઓ મંજુર કરી અને ૩.૫૮.૬૩ લાખની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ છે.

વડોદરા અને સુરત જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

15/8/1029શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને સુરત જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે, અને

(૧)

વડોદરા				
તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થીની	વિદ્યાર્થી	વિદ્યાર્થીની
ડભોઇ	૦.૦૦	૦.૨૭	૦.૭૪	૨.૧૦
કરજણ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧.૧૬
પાદરા	૦.૦૦	૦.૦૦	૦.૦૨	૧.૯૩
સાવલી	૨.૪૧	૨.૩૦	૨.૭૪	૨.૧૭
શિનોર	૦.૦૦	૦.૩૧	૦.૦૦	૧.૩૨
વડોદરા	૧.૪૫	૨.૩૦	૦.૩૬	૨.૦૯
વાઘોડિયા	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૮૩

સુરત				
તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થીની	વિદ્યાર્થી	વિદ્યાર્થીની
બારડોલી	૦.૭૩	૦.૦૦	૦.૦૦	૦.૦૦
ચોર્યાસી	૦.૦૦	૦.૪૪	૩.૦૯	૦.૪૪
કામરેજ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
મહુવા	૦.૦૦	૦.૨૩	૦.૦૦	૧.૭૩
માંડવી	૦.૦૦	૦.૫૩	૨.૩૪	૦.૮૫
માંગરોળ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૧૫
ઓલપાડ	૦.૦૦	૦.૦૦	૧.૧૦	૦.૦૦
પલાસાણા	૦.૦૦	૦.૦૦	૪.૨૭	૨.૭૨
ઉમરપાડા	૪.૧૭	૫.૯૬	૩.૯૭	૫.૪૬

(૨)ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?

(૨)ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા:

- મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮)
- કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨)
- સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮)
- વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮)
- માળખાકીય સુવિધાઓમાં વધારો
- જી–શાલા એપ્લિકેશન ઈ–કન્ટેન અને મહાવરો
- મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮)
- કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

ફાલ્ગુન ૦૭, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

પાટણ અને અમરેલી જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

15/8/1035શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને અમરેલી જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે, અને

(૨)ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?

જવાબ

(૧)

પાટણ

તાલુકો	**ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)**			
	૨૦૨૩–૨૪		**૨૦૨૪–૨૫**	
	વિદ્યાર્થી	**વિદ્યાર્થીની**	**વિદ્યાર્થી**	**વિદ્યાર્થીની**
ચાણસ્મા	૦.૦૦	૦.૫૩	૦.૨૭	૨.૬૩
હારિજ	૪.૬૪	૪.૦૦	૫.૦૪	૫.૮૬
પાટણ	૦.૦૦	૦.૦૧	૦.૦૦	૦.૦૮
સમી	૪.૪૫	૪.૭૩	૫.૫૩	૮.૨૦
સિધ્ધપુર	૧.૫૬	૧.૪૭	૨.૬૦	૩.૧૭
રાધનપુર	૧.૧૬	૪.૮૭	૨.૬૯	૬.૪૯
સાંતલપુર	૫.૬૪	૪.૫૬	૯.૨૪	૮.૩૬
શંખેશ્વર	૩.૪૪	૩.૩૭	૨.૮૦	૪.૭૨
સરસ્વતી	૧.૫૨	૩.૩૦	૨.૭૦	૪.૨૪

અમરેલી

તાલુકો	**ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)**			
	૨૦૨૩–૨૪		**૨૦૨૪–૨૫**	
	વિદ્યાર્થી	**વિદ્યાર્થીની**	**વિદ્યાર્થી**	**વિદ્યાર્થીની**
અમરેલી	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
બાબરા	૩.૭૦	૪.૪૪	૫.૬૮	૬.૦૯
બગસરા	૩.૩૭	૨.૯૦	૮.૦૩	૬.૫૫
ધારી	૪.૫૩	૪.૩૮	૫.૪૧	૫.૯૨
જાફરાબાદ	૪.૫૫	૨.૪૮	૪.૮૮	૩.૯૮
ખાંભા	૫.૧૪	૬.૨૧	૬.૫૫	૪.૯૪
કુકાવાવ	૪.૨૨	૨.૮૭	૮.૧૮	૬.૨૯
લાઠી	૨.૬૦	૨.૮૬	૫.૫૩	૩.૮૫
લીલીયા	૪.૬૩	૪.૨૩	૫.૩૧	૬.૨૩
રાજુલા	૨.૯૦	૧.૭૪	૪.૬૧	૩.૩૦
સાવરકુંડલા	૨.૧૩	૨.૬૨	૩.૧૩	૧.૭૧

(૨)ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા:

- મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮)
- કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨)
- સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮)
- વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮)
- માળખાકીય સુવિધાઓમાં વધારો
- જી–શાલા એપ્લિકેશન ઈ–કન્ટેન અને મહાવરો
- મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮)
- કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

–––––

વાપી મહાનગરપાલિકામાં પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત લાભાર્થીઓને મળેલ લાભ

15/8/797શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએછેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના હેઠળ વાપી મહાનગરપાલિકામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૧)	**વર્ષ** / **લાભાર્થીની સંખ્યા** ૨૦૨૪ / ૩૬ ૨૦૨૫ / ૮૨ **કુલ લાભાર્થી** / **૧૧૮**
(૨)	તે પૈકી કુલ કેટલી રકમની લોન આપવામાં આવેલ છે?	(૨)	તે પૈકી કુલ રૂ.૧.૯૧/– કરોડની લોન આપવામાં આવેલ છે.

–––––

નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં મંજૂર થયેલ માધ્યમિક શાળાઓ

15/8/15શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં કેટલી સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી,	(૧)	**તાલુકા** / **વર્ષ ૨૦૨૪** / **વર્ષ ૨૦૨૫** / **કુલ** નખત્રાણા / ૦૧ / ૦૦ / ૦૧ અબડાસા / ૦૩ / ૦૧ / ૦૪ લખપત / ૦૧ / ૦૨ / ૦૩ **કુલ** / **૦૫** / **૦૩** / **૦૮**
(૨)	ઉક્ત શાળાઓ કયા ગામોમાં મંજૂર કરવામાં આવી, અને	(૨)	**તાલુકા** / **વર્ષ ૨૦૨૪ ગામના નામ** / **વર્ષ ૨૦૨૫ ગામના નામ** નખત્રાણા / બિબર / – અબડાસા / રેલડીયા મંજલ / સંઘવ વાઘા પદ્ધર ગઢવાડા લખપત / કુલરા / કોટડા મઢ
(૩)	ઉક્ત મંજૂર થયેલ શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે?	(૩)	**તાલુકા** / **માધ્યમિક શાળા** / **વિદ્યાર્થી સંખ્યા** નખત્રાણા / બિબર / ૬૫ અબડાસા / રેલડીયા મંજલ / ૨૫ વાઘા પદ્ધર / ૨૮ ગઢવાડા / ૪૮ સંઘવ / ૧૮ લખપત / કુલરા / ૫૫ કોટડા મઢ / ૨૨ જાડવા / ૧૩

–––––

ફાલ્ગુન ૦૭, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

બનાસકાંઠા અને બોટાદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપઆઉટ રેશિયો

15/8/1026શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા) **:માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે,અને	(૧)	

બનાસકાંઠા

તાલુકો	**ડ્રોપ આઉટ રેશિયો(ધોરણ ૧ થી ૮)**			
	૨૦૨૩-૨૪		**૨૦૨૪-૨૫**	
	વિદ્યાર્થી	**વિદ્યાર્થિની**	**વિદ્યાર્થી**	**વિદ્યાર્થિની**
અમીરગઢ	૬.૦૫	૪.૩૧	૮.૦૭	૫.૩૬
ભાભર	૧.૦૭	૩.૫૫	૨.૭૮	૩.૫૦
દાંતા	૪.૩૧	૪.૦૪	૪.૬૯	૪.૮૦
દાંતીવાડા	૨.૬૩	૩.૨૫	૧.૩૨	૪.૪૩
ડીસા	૨.૪૧	૩.૪૬	૩.૯૫	૪.૮૧
દિયોદર	૧.૮૧	૨.૬૨	૨.૫૧	૩.૪૦
ધાનેરા	૧.૩૨	૨.૫૭	૨.૧૬	૨.૭૦
કાંકરેજ	૩.૦૭	૪.૯૨	૪.૧૧	૬.૦૦
પાલનપુર	૦.૦૦	૦.૩૭	૦.૦૦	૦.૨૧
થરાદ	૧.૨૨	૩.૬૦	૪.૨૧	૫.૫૫
વડગામ	૩.૯૦	૪.૨૫	૫.૯૨	૫.૬૬
વાવ	૫.૩૭	૩.૨૩	૪.૬૧	૫.૨૩
લાખણી	૩.૭૩	૪.૮૯	૩.૬૯	૫.૧૦
સુઈગામ	૫.૧૬	૪.૧૮	૭.૭૧	૬.૯૦

બોટાદ

તાલુકો	**ડ્રોપ આઉટ રેશિયો(ધો ૧ થી ૮)**			
	૨૦૨૩-૨૪		**૨૦૨૪-૨૫**	
	વિદ્યાર્થી	**વિદ્યાર્થિની**	**વિદ્યાર્થી**	**વિદ્યાર્થિની**
બરવાળા	૦.૦૦	૪.૪૦	૦.૦૦	૭.૦૯
રાણપુર	૧.૪૩	૨.૨૭	૨.૩૪	૩.૫૮
બોટાદ	૦.૦૦	૦.૫૨	૧.૦૬	૨.૨૭
ગઢડા	૨.૧૨	૩.૨૯	૨.૯૦	૪.૫૮

(૨)	ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?	(૨)	ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા. • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ-૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ- ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ-૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા-જુદા લાભ અને સહાય (ધોરણ-૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો • જી-શાલા એપ્લિકેશન ઇ-કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ-૧ થી ૮) • કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

અતારાંકિત પ્રશ્નો

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત બેનિફિસિયરી લેડ કન્સ્ટ્રકશન ઘટકમાં સુરતમાં આવાસો

15/8/789શ્રીઅરવિંદ શાંતિલાલ રાણા (સુરત(પુર્વ)): **માનનીયશહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી**જણાવવાકૃપાકરશેકેઃ–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫નીસ્થિતિએવર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત બેનિફિસયરી લેડ કન્સ્ટ્રશન ઘટક હેઠળ સુરત શહેરમાં કોઇ પ્રોજેકટ મંજૂર થયેલ છે, અને	(૧)	હા.જી
(૨)	જો હા તો કુલ કેટલા આવાસના અને કેટલી રકમના પ્રોજેકટો મંજૂર થયેલ છે?	(૨)	કુલ ૫૨૩૬ આવાસોના રૂ.૩૭૮.૭૧ કરોડના પ્રોજેકટો રાજયકક્ષાએથી મંજૂર થયેલ છે.

– – – – –

જંબુસર તથા આમોદ તાલુકામાં શિક્ષકોની ખાલી જગ્યાઓ

15/8/812શ્રી ડી.કે.સ્વામી (જંબુસર): **માનનીયપ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	જવાબ
(૧) તા.૨૮–૦૧–૨૦૨૬ની સ્થિતિએ જંબુસર અને આમોદ તાલુકામાં આવેલ પ્રાથમિક તથા સરકારી માધ્યમિક તેમજ ગ્રાન્ટ–ઇન–એઇડ શાળાઓમાં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે,	(૧)

ક્રમ	તાલુકો	સરકારી શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા		ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા	
		પ્રાથમિક	માધ્યમિક	પ્રાથમિક	માધ્યમિક
૧	જંબુસર	૧૪૯	૦૧	૦૧	૨૩
૨	આમોદ	૮૫	૦૧	૦૨	૧૫

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે, અને	(૨)બનતી ત્વરાએ.
(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ સંબંધે શિક્ષણ માટે શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે?	(૩)ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ સંબંધે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં જ્ઞાનસહાયકની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે

– – – – –

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ ગાંધીનગર મહાનગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટ

15/8/796 **શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ** (ગાંધીનગર (ઉત્તર)): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૦૩–૨૦૨૫ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ વર્ષ ૨૦૨૩–૨૪ અને ૨૦૨૪–૨૫માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને તે પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને	(૧)	તા.૩૧–૦૩–૨૦૨૫ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ વર્ષ ૨૦૨૩–૨૪ અને ૨૦૨૪–૨૫માં ફાળવેલ ગ્રાન્ટ અને તે પૈકી ચૂકવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

વર્ષ	ફાળવવામાં આવેલ ગ્રાંટ રકમ રૂ.	ચુકવવામાં આવેલ રકમ રૂ.
૨૦૨૩–૨૪	૧૦,૭૦,૦૦,૦૦૦/–	૧૦,૭૦,૦૦,૦૦૦/–
૨૦૨૪–૨૫	૧૨,૮૪,૦૦,૦૦૦/–	૧૨,૮૪,૦૦,૦૦૦/–
	૨૩,૫૪,૦૦,૦૦૦/–	૨૩,૫૪,૦૦,૦૦૦/–

(૨)	તે પૈકી કેટલા કામ મંજૂર થયેલ છે, અને	(૨)	તે પૈકી વર્ષ ૨૦૨૩–૨૪માં ૦૧ કામ અને વર્ષ ૨૦૨૪–૨૫માં ૦૧ કામ એમ કુલ–૦૨ કામ મંજુર થયેલ છે.

(૩)	તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે?	(૩)	તે પૈકી વર્ષ ૨૦૨૩–૨૪માં ૦૧ કામ અને વર્ષ ૨૦૨૪–૨૫માં ૦૧ કામ એમ કુલ–૦૨ કામ પૂર્ણ થયેલ છે.

–––––

ભાવનગર જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા બાબત

15/8/876શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ (મહુવા): **માનનીય પ્રાથમિક,માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન	જવાબ
તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ:૨૦૨૫–૨૬ માં ભાવનગર જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક શાળાઓમાં કેટલા વર્ગ વધારા મંજૂર કરવામાં આવ્યાં?	કુલ–૦૫

––––––

ગાંધીનગર જિલ્લામાં શાળા બહારના બાળકોને શૈક્ષણિક પુન:વસન

15/8/869 શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫ –૨૬માં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર શાળા બહારનાબાળકોના શૈક્ષણિક પુન: વસનથી કેટલા બાળકોને લાભ થયેલ છે,અને	(૧)	ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ શાળા બહારના બાળકોના શૈક્ષણિક પુન: વસનથી લાભ થયેલ છે. **ક્રમ / તાલુકો / સીધો પ્રવેશ / એસટીપી (૧૨ માસ) / એન.આઈ.ઓ.એસ./જી.આઈ ઓ.એસ / કુલ** ૧ / દહેગામ / ૩૫ / ૧૨૮ / ૧૭ / ૧૮૦ ૨ / ગાંધીનગર / ૫૮ / ૩૬૧ / ૧૦૦ / ૫૧૯ ૩ / કલોલ / ૩૦ / ૧૭૦ / ૨૦૦ / ૪૦૦ ૪ / માણસા / ૦ / ૬૩ / ૪૦ / ૧૦૩ **કુલ / ૧૨૩ / ૭૨૨ / ૩૫૭ / ૧૨૦૨**
(૨)	ઉક્ત સ્થિતિએ ઉકત વર્ષમાં આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	ગાંધીનગર જિલ્લામાં નીચે મુજબ ખર્ચ થયેલ છે. **ક્રમ / પ્રવૃત્તિ / મંજૂર બજેટ રૂ.લાખમાં / થયેલ ખર્ચ રૂ. લાખમાં / ટકાવારી** ૧ / એસટીપી (૧૨ માસ) / ૭.૩૮ / ૪.૫૫૭ / ૬૧.૭૫% ૨ / એન.આઈ.ઓ.એસ./જી. આઈ.ઓ.એસ / ૭.૧૪ / ૬.૬૪ / ૯૩% **કુલ / ૧૪.૫૨ / ૧૧.૨૦ / ૭૭.૧૨%**

–––––

પંચમહાલ જિલ્લામાં અંત્યોદય અન્ન યોજના અંતર્ગત અરજીઓ

15/8/533 શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં અંત્યોદય અન્ન યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં અંત્યોદય અન્ન યોજના અંતર્ગત મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે. સમયગાળો / મળેલ અરજીઓ તા.૦૧–૦૧–૨૦૨૪ થી તા.૩૧–૧૨–૨૦૨૪ / ૧૨૨ તા.૦૧–૦૧–૨૦૨૫ થી તા.૩૧–૧૨–૨૦૨૫ / ૧૨૯

<table>
<tr><td>(૨)</td><td>ઉક્ત મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને</td><td>(૨)</td><td>ઉક્ત મળેલ અરજીઓ પૈકી વર્ષવાર મંજૂર અને નામંજૂર કરવામાં આવેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.
<table>
<tr><th>સમયગાળો</th><th>મંજૂર અરજી સંખ્યા</th><th>નામંજૂર અરજી સંખ્યા</th></tr>
<tr><td>તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪</td><td>૪૬</td><td>૭૬</td></tr>
<tr><td>તા.૦૧-૦૧-૨૦૨૫ થી તા.૩૧-૧૨-૨૦૨૫</td><td>૮૮</td><td>૪૧</td></tr>
<tr><td>કુલ</td><td>૧૩૪</td><td>૧૧૭</td></tr>
</table></td></tr>
<tr><td>(૩)</td><td>પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?</td><td>(૩)</td><td>એક પણ અરજી પડતર ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.</td></tr>
</table>

બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ

15/8/779: શ્રીઅનિકેત ગિરીશભાઇઠાકર (પાલનપુર):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં બનાસકાંઠા જિલ્લામાં ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનો લાભ આપવામાં આવ્યો, અને	(૧)	૨,૪૭,૧૩૨
(૨)	તે પેટે કુલ કેટલી રકમની શિષ્યવૃતિ ચૂકવવામાં આવી ?	(૨)	૩.૧૯.૫૯૫૬ કરોડ

ગાંધીનગર જિલ્લામાં પેન્શનરોનું મેડિકલ રીએમ્બર્સમેન્ટ

15/8/799: શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ):**માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કેટલા પેન્શનરો મેડિકલ રીએમ્બર્સમેન્ટ મેળવે છે, અને	(૧)	૪૧૨૦
(૨)	ઉક્ત સ્થિતિએ મેડિકલ રીએમ્બર્સમેન્ટ પેટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી છે?	(૨)	વર્ષ ૨૦૨૪માં ૩.૫,૫૫,૩૮,૦૪૯/- અને વર્ષ ૨૦૨૫માં ૩.૪,૯૭,૪૮,૮૫૭/-

-----

એમ. કે. યુનિવર્સિટી મંજૂર થયેલ જગ્યાના સ્થાનનેબદલે અન્ય જગ્યા પર ચલાવવા બાબત

15/8/1037 શ્રીકીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): પંદરમી ગુજરાત વિધાનસભાના સાતમા સત્રમાં તા.૧૦-૦૯-૨૦૨૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૫/૭/૪૩૪ (અગ્રતા-૪૦)ના અનુસંધાને**માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ એમ.કે.યુનિવર્સિટી,મંજૂર થયેલ જગ્યાના સ્થાનને બદલે અન્ય જગ્યા પર ચલાવવા બાબતે મળેલી ત્રણ ફરિયાદોના નિકાલની કાર્યવાહી કયા તબક્કે છે, અને	(૧)	ઉક્ત ફરિયાદો પરત્વે મળેલ અહેવાલ હાલ ચકાસણી/તપાસ હેઠળ છે.
(૨)	ઉક્ત ફરિયાદોનો નિકાલ કયા સુધીમાં લાવવામાં આવશે?	(૨)	ચકાસણી/તપાસની કાર્યવાહી પૂર્ણ થયેથી ઉક્ત ફરિયાદોનો નિકાલ કરવામાં આવશે.

અતારાંકિત પ્રશ્નો

રાજ્યનું કુલ દેવું

15/8/1045 શ્રી અમિત ચાવડા (આંકલાવ)**: માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

પ્રશ્ન **જવાબ**

(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ નીસ્થિતિએ રાજ્યનું કુલ દેવું કેટલું છે,	(૧)	**નાણાકીય વર્ષ**	**કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં)**	
			૨૦૨૪–૨૫ (સુધારેલ અંદાજ)	૩,૯૯,૬૩૩/–	
૨)	ઉક્ત દેવું કોની પાસેથી કેટલી મુદ્દત માટે ક્યારે લેવામાં આવેલ છે,અને	(૨)	**ઉક્ત દેવું કોની પાસેથી લેવામાં આવેલ છે?**	**મુદ્દત (વર્ષ)**	**ક્યારે લેવામાં આવેલ છે?**
			કેન્દ્રિય દેવું	૭ થી ૫૦ વર્ષ	વર્ષ ૨૦૦૦–૦૧ થી ૨૦૨૪–૨૫
			એન.એસ.એસ.એફ. લોન	૧૦ થી ૨૫ વર્ષ	વર્ષ ૧૯૯૯–૦૦ થી ૨૦૧૫–૧૬
			નાણાકીય સંસ્થાઓની લોન	૭ થી ૧૫ વર્ષ	વર્ષ ૨૦૧૬–૧૭ થી ૨૦૨૪–૨૫
			બજાર લોન	૨ થી ૧૫ વર્ષ	વર્ષ ૨૦૧૫–૧૬ થી ૨૦૨૪–૨૫
			કેન્દ્રિય દેવું	૭ થી ૫૦ વર્ષ	વર્ષ ૨૦૦૦–૦૧ થી ૨૦૨૪–૨૫

(૩)	ઉક્ત દેવામાં વ્યાજદર શું છે અને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલા વ્યાજની અને મુદ્દલની ચુકવણી કરવામાં આવી?	(૩)	**વિગત**	**વ્યાજ દર**	**નાણાકીય વર્ષ**	**ચુકવેલ વ્યાજ (રૂ.કરોડમાં)**	**ચુકવેલ મુદ્દલ (રૂ.કરોડમાં)**
			કેન્દ્રિય દેવું	૦% થી ૧૨.૫૦%	૨૦૨૩–૨૪	૫૧૦/–	૧,૧૭૭/–
					૨૦૨૪–૨૫ (સુ.અં)	૫૭૯/–	૮૩૫/–
			એન.એસ.એસ.એફ. લોન	૯.૫૦% થી ૧૦.૫૦%	૨૦૨૩–૨૪	૨,૩૯૦/–	૩,૬૨૯/–
					૨૦૨૪–૨૫ (સુ.અં)	૨,૦૩૮/–	૩,૬૨૯/–
			નાણાકીય સંસ્થાઓની લોન	૨.૭૫% થી ૮.૧૦%	૨૦૨૩–૨૪	૭૫૮/–	૨,૭૭૯/–
					૨૦૨૪–૨૫ (સુ.અં)	૮૮૮/–	૨,૭૦૧/–
			બજાર લોન	૬.૦૪% થી ૮.૭૯%	૨૦૨૩–૨૪	૨૧,૩૦૫/–	૧૮,૫૫૧/–
					૨૦૨૪–૨૫	૨૨,૪૪૦/–	૨૧,૯૨૨/–

———

સોમનાથ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીને ફાળવેલ ગ્રાન્ટ

15/8/1077**શ્રીવિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર SUDA (સોમનાથ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી) માટે રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને	(૧)	વર્ષ– ૨૦૨૪ : શૂન્ય વર્ષ– ૨૦૨૫ : રૂ. ૯૦,૦૦,૦૦૦/– (રૂપિયા નેવું લાખ પુરા)

(૨)	ઉક્ત ગ્રાન્ટનો ઉપયોગ વર્ષવાર ક્યા હેતુસર કરવામાં આવ્યો?	(૨)	વર્ષ– ૨૦૨૪ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વર્ષ– ૨૦૨૫ : ખર્ચ કરવામાં આવેલ નથી.

———

અમદાવાદ શહેરમાં પીપીપી મોડલથી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના

15/8/551શ્રીઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા)**:માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૨૫–૦૧–૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પીપીપી મોડલથી ક્યા કામો કેટલા ખર્ચે મંજૂર કરવામાં આવ્યા, અને	(૧)	તા.૨૫–૦૧–૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પીપીપી મોડલથી કોઈ પણ કામ મંજૂર કરવામાં આવેલ નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ વિભાગ કક્ષાએથી ઝડપથી મંજૂરી મળે તે માટે શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સાબરકાંઠા અને તાપી જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

15/8/1040ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને તાપી જિલ્લામાં તાલુકાવાર સરકારીપ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે, અને

જવાબ

(૧)

સાબરકાંઠા

તાલુકો	**ડ્રોપ આઉટ રેશિયો(ધોરણ ૧ થી ૮)**			
	૨૦૨૩–૨૪		**૨૦૨૪–૨૫**	
	વિદ્યાર્થી	**વિદ્યાર્થિની**	**વિદ્યાર્થી**	**વિદ્યાર્થિની**
ખેડબ્રહ્મા	૪.૪૨	૨.૨૮	૪.૧૦	૨.૧૧
વિજયનગર	૦.૫૦	૧.૬૯	૧.૪૨	૪.૧૭
વડાલી	૨.૮૮	૪.૧૩	૬.૧૪	૫.૧૮
ઈડર	૦.૦૦	૦.૧૪	૦.૬૧	૦.૯૯
હિંમતનગર	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
પ્રાંતિજ	૦.૧૬	૦.૯૪	૧.૪૦	૨.૨૫
તલોદ	૧.૪૧	૦.૯૬	૪.૪૧	૩.૬૯
પોશીના	૧૦.૫૭	૮.૫૭	૮.૬૬	૬.૮૭

તાપી

તાલુકો	**ડ્રોપ આઉટ રેશિયો(ધો ૧ થી ૮)**			
	૨૦૨૩–૨૪		**૨૦૨૪–૨૫**	
	વિદ્યાર્થી	**વિદ્યાર્થિની**	**વિદ્યાર્થી**	**વિદ્યાર્થિની**
સોનગઢ	૪.૧૫	૪.૨૪	૫.૯૧	૫.૧૧
ઉચ્છલ	૮.૦૦	૪.૮૦	૯.૩૧	૬.૨૩
વાલોડ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
વ્યારા	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
ડોલવણ	૨.૬૫	૨.૯૩	૪.૫૫	૪.૧૧
કુકરમુંડા	૭.૧૩	૬.૮૮	૮.૬૯	૭.૮૯
નિઝર	૪.૪૦	૨.૯૦	૫.૮૯	૪.૯૮

(૨) ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?		(૨) ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા. • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો • જી–શાલા એપ્લિકેશન ઈ–કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) • કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

– – – – –

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ કેમ્પસમાં મંજૂરી વગર બાંધકામ

15/8/324**શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર): માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકામાં અને રૂડા (RUDA)માં પ્લાન મંજુર કરાવ્યા વગર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ કેમ્પસમાં બાંધકામ થઈ રહ્યાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને	(૧)	શૂન્ય
(૨)	ઉક્ત ફરિયાદો અન્વયે પ્લાન મંજુર કરાવ્યા વગર બાંધકામ કરેલ હોય તો જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

– – – – –

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ મુન્દ્રા બારોઈ નગરપાલિકામાં મંજૂર રોડ

15/8/791શ્રીમતિ માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ)**:માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ અને ૨૦૨૫–૨૬માં મુન્દ્રા બારોઈ નગરપાલિકામાં રોડના કેટલા કામ મંજૂર કરવામાં આવ્યા છે,	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ અને ૨૦૨૫–૨૬માં મુન્દ્રા બારોઈ નગરપાલિકામાં રોડના નીચે મુજબના કામો મંજૂર કરવામાં આવેલ છે. વર્ષ: ૨૦૨૪–૨૫ – મંજૂર થયેલ કામ: ૩ વર્ષ: ૨૦૨૫–૨૬ – મંજૂર થયેલ કામ: ૧ કુલ: ૪
(૨)	ઉક્ત મંજૂર થયેલ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને	(૨)	ઉક્ત મંજૂર થયેલ રોડના કામ ઉક્ત સ્થિતિએ નીચેના તબક્કે છે. વર્ષ: ૨૦૨૪–૨૫ – પૂર્ણ થયેલ કામ: ૨ – ભૌતિક પ્રગતિ હેઠળના કામ: ૧ વર્ષ: ૨૦૨૫–૨૬ – પૂર્ણ થયેલ કામ: – – ભૌતિક પ્રગતિ હેઠળના કામ: ૧ કુલ: પૂર્ણ થયેલ કામ: ૨ – ભૌતિક પ્રગતિ હેઠળના કામ: ૨
(૩)	ઉક્ત મંજૂર થયેલ કામ અંતર્ગત કુલ કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે અને કેટલો ખર્ચ થયેલ છે?	(૩)	ઉક્ત મંજૂર થયેલ કામ અંતર્ગત નીચે મુજબ રકમની ફાળવણી અને ખર્ચ થયેલ છે. (રૂ. કરોડમાં) વર્ષ: ૨૦૨૪–૨૫ – ફાળવેલ રકમ: ૨ – થયેલ ખર્ચ: ૨ વર્ષ: ૨૦૨૫–૨૬ – ફાળવેલ રકમ: – – થયેલ ખર્ચ: ૨

			૨૦૨૪–૨૫ ૩.૬૮ ૩.૪૨ ૨૦૨૫–૨૬ ૦.૮૦ ૦.૪૩ કુલ ૪.૪૮ ૩.૮૫

–––––

દીન દયાળ જન આજીવિકા યોજના(શહેરી)

15/8/798શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવાકૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ દીન દયાળ જન આજીવિકા યોજના (શહેરી) પાઇલોટ પ્રોજેકટમાં દાહોદ નગરપાલિકાનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ, અને	(૧)	હા, જી
(૨)	જો હા તો,ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?	(૨)	**વર્ષ** / **લાભાર્થીની સંખ્યા** ૨૦૨૪ ૭૦ ૨૦૨૫ ૨૨૧ **કુલ લાભાર્થીઓ** **૨૯૧**

–––––

રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવા બાબતબાબત

15/8/679શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા)**:માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન	જવાબ
(૧)તા.૨૧–૦૧–૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે,	(૧) ૭૫ સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે.
(૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના મુખ્યત્વે શા કારણો છે, અને	(૨) વિદ્યાર્થી સંખ્યા ઘટવાથી અથવા વિદ્યાર્થી સંખ્યા શૂન્ય થવાથી,
(૩) ઉક્ત સ્થિતિમાંવિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતમાં કયા પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવામાં આવી છે?	(૩) ઉક્ત સ્થિતિમાંવિદ્યાર્થીઓ નજીકની શાળામાં દાખલ થાય તેની કાળજી રાખવામાં આવે છે, તથા તેઓને ટ્રાન્સપોર્ટેશન સુવિધા આપવામાં આવે છે.

–––––

મહેસાણા જિલ્લામાં વિદેશ ઉચ્ચ અભ્યાસ યોજના હેઠળ વિકસતી જાતિના વિદ્યાર્થીઓને લાભ

15/8/777: શ્રીસુખાજી સોમાજી ઠાકોર (બેચરાજી)**:માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં વિદેશ ઉચ્ચ અભ્યાસ યોજના હેઠળ વિકસતી જાતિના કુલ કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં વિદેશ ઉચ્ચ અભ્યાસ યોજના હેઠળ વિકસતી જાતિના કુલ ૧૮૨ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને
(૨)	તે અન્વયે કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી ?	(૨)	તે અન્વયે કુલ રૂ.૨૦.૮૨ કરોડની નાણાકીય સહાય ચૂકવવામાં આવી.

ખેડા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ

15/8/783:શ્રીયોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫–૨૦૨૬માં ખેડા જિલ્લામાં ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનો લાભ આપવામાં આવ્યો, અને	(૧)	૧,૬૩,૨૮૭
(૨)	તે પેટે કુલ કેટલી રકમની શિષ્યવૃતિચૂકવવામાં આવી ?	(૨)	૩.૧૩.૩૩ કરોડ

પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલની ફાળવણી

15/8/787 શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ (કાલોલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫–૨૬માં પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિની વિદ્યાર્થિનીઓની કેટલી અરજીઓ મળી,	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫–૨૬માં પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિની વિદ્યાર્થિનીઓની કુલ–૨૬૪ અરજીઓ મળી,
(૨)	તે પૈકી કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને	(૨)	તે પૈકી તમામ ૨૬૪ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલી સાયકલ આપવામાં આવી?	(૩)	મંજૂર કરેલ અરજીઓ સામે તમામ ૨૬૪ વિદ્યાર્થિનીઓને સાયકલ આપવામાં આવી.

––––––

જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

15/8/780: શ્રીઅરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૫૨૬ માં જૂનાગઢ જિલ્લામાં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૧)	૨૯૫૦
(૨)	તે પેટે ઉક્ત સ્થિતિએ ઉક્ત સમયગાળા દરમ્યાન કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨)	૩.૩૫૩.૯૬ લાખ

–––––

અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ

15/8/782: શ્રીકાળુભાઇ રૂપાભાઇ ડાભી (ધંધુકા):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫–૨૦૨૬માં અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવામાં આવી, અને	(૧)	૨,૨૪,૯૮૦
(૨)	તે પેટે કુલ કેટલી રકમની શિષ્યવૃતિચૂકવવામાં આવી ?	(૨)	૩.૧૮.૬૫ કરોડ

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ પાત્રતા ધરાવતા કુટુંબોને અન્ન વિતરણ

15/8/963 શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર) :**માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૦૧–૦૧–૨૦૨૬ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ પાત્રતા ધરાવતા કુટુંબોને અન્ન પુરું પાડવામાં આવે છે તે હકીકત સાચી છે,	(૧)	હા,
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં સરકાર દ્વારા કેટલા લાભાર્થીઓને કેટલી રકમના અનાજના કેટલા જથ્થાનું માસવાર વિતરણ કરવામાં આવ્યું, અને	(૨) અને	પાત્રતા ધરાવતા લાભાર્થીઓને વિના મુલ્યે આ સાથેરાખેલ પત્રક–૧ માં દર્શાવ્યા મુજબ માસવાર વિતરણ કરેલ છે.
(૩)	ઉક્ત લાભાર્થીઓને ઉક્ત જથ્થો વિતરણ કરવા બદલ સરકારે દુકાનદારને માસવાર કેટલું કમિશન ચુકવ્યું ?	(૩)	

પત્રક–૧

વર્ષ–૨૦૨૪						
માસ	જૂનાગઢ જિલ્લામાં માસવાર અનાજના વિતરણની માહિતી			રાજકોટ જિલ્લામાં માસવાર અનાજના વિતરણની માહિતી		
	લાભાર્થીઓની સંખ્યા	કુલ વિતરણ કુલ અનાજ (આંકડા મે.ટનમાં)	દુકાનદારને ચૂકવેલ કમિશન રૂપિયા	લાભાર્થીઓની સંખ્યા	કુલ વિતરણ કુલ અનાજ (આંકડા મે.ટનમાં)	દુકાનદારને ચૂકવેલ કમિશન રૂપિયા
જાન્યુઆરી	૯૧૨૬૫૧	૪૭૯૭.૯૧	૮૯,૬૩,૧૪૨.૮	૧૧૭૩૧૩૭	૬૧૬૮.૮૧	૧,૨૫,૪૨,૫૧૩.૮૬
ફેબ્રુઆરી	૯૧૧૦૫૧	૪૭૮૬.૩૧	૯૦,૨૧,૭૧૩.૫૫	૧૧૭૧૯૨૪	૬૧૫૩.૦૫	૧,૨૬,૧૫,૪૭૦.૮૪
માર્ચ	૯૬૭૨૩૦	૪૮૧૨.૬૪	૯૨,૫૭,૫૨૪.૧૬	૧૨૨૯૬૫૧	૬૨૨૪.૬૦	૧,૨૯,૧૪,૦૪૪.૩૩
એપ્રિલ	૯૧૩૦૭૮	૪૮૦૦.૨૪	૮૯,૩૬,૩૩૪.૪	૧૧૮૧૫૪૭	૬૨૧૦.૮૨	૧,૨૪,૪૨,૯૩૪.૪૬
મે	૯૧૨૫૭૨	૪૭૯૭.૩૦	૮૮,૭૭,૮૫૯.૮૮	૧૧૮૬૪૫૨	૬૨૩૧.૬૪	૧,૨૬,૪૩,૮૭૮.૭૭
જૂન	૯૧૩૫૯૧	૪૮૦૩.૭૪	૯૧,૬૯,૭૧૮.૬૬	૧૧૯૬૧૫૯	૬૨૮૦.૫૪	૧,૨૭,૦૧,૩૯૪.૦૬
જુલાઈ	૯૧૫૯૦૩	૪૮૧૩.૮૧	૯૩,૪૯,૨૯૧.૯૮	૧૨૧૦૭૫૬	૬૩૫૨.૦૫	૧,૩૧,૫૧,૮૦૨.૨૫
ઓગસ્ટ	૯૨૩૯૮૬	૪૮૪૮.૬૬	૯૩,૬૨,૬૧૦.૪૯	૧૨૧૫૬૪૩	૬૩૬૯.૭૦	૧,૩૫,૫૨,૧૯૬.૦૪
સપ્ટેમ્બર	૯૨૪૫૯૧	૪૮૫૨.૫૭	૯૨,૫૩,૬૪૩.૮૮	૧૨૨૦૭૭૫	૬૩૯૫.૭૩	૧,૩૦,૦૪,૦૫૫.૭૫
ઓક્ટોબર	૯૨૮૨૭૩	૪૮૭૪.૩૪	૧,૧૧,૫૩,૪૦૬.૧૧	૧૨૨૫૩૩૬	૬૪૩૧.૩૫	૧,૫૫,૮૦,૧૯૨.૫૮
નવેમ્બર	૯૧૨૭૮૪	૪૭૯૨.૮૩	૧,૦૦,૧૯,૬૪૫.૧૧	૧૨૧૩૭૩૩	૬૩૬૪.૬૪	૧,૪૩,૩૮,૦૯૬.૬૭
ડિસેમ્બર	૯૩૦૮૩૩	૪૮૮૪.૯૮	૧,૦૩,૮૨,૧૯૨.૫૨	૧૨૩૦૧૭૪	૬૪૫૨.૨૬	૧,૩૪,૨૭,૫૯૮.૩૩
વર્ષ–૨૦૨૫						
માસ	જૂનાગઢ જિલ્લામાં માસવાર અનાજના વિતરણની માહિતી			રાજકોટ જિલ્લામાં માસવાર અનાજના વિતરણની માહિતી		
	લાભાર્થીઓની સંખ્યા	કુલ વિતરણ કુલ અનાજ (આંકડા મે.ટનમાં)	દુકાનદારને ચૂકવેલ કમિશન રૂપિયા	લાભાર્થીઓની સંખ્યા	કુલ વિતરણ કુલ અનાજ (આંકડા મે.ટનમાં)	દુકાનદારને ચૂકવેલ કમિશન રૂપિયા
જાન્યુઆરી	૯૩૧૫૩૮	૪૮૯૩.૧૨	૮૫,૮૩,૩૭૮.૨૪	૧૨૩૨૭૬૪	૬૪૭૩.૦૧	૧,૧૮,૯૮,૯૧૪.૮૪

ફેબ્રુઆરી	૯૨૨૦૩૦	૪૮૪૬.૪૫	૯૬,૮૧,૮૯૭.૭૮	૧૨૨૧૮૩૨	૬૪૧૮.૧૦	૧,૩૫,૨૦,૨૬૭.૭૭
માર્ચ	૯૨૫૫૯૮	૪૮૬૨.૬૨	૯૯,૯૪,૧૪૧.૪૨	૧૨૪૦૩૯૫	૬૫૦૫.૧૭	૧,૩૭,૬૦,૭૨૯.૧૬
એપ્રિલ	૯૨૦૨૮૦	૪૮૩૬.૧૭	૯૪,૧૨,૫૦૨.૩૩	૧૨૧૯૯૪૯	૬૪૦૩.૧૧	૧,૩૦,૯૪,૪૩૪.૮૯
મે	૮૭૨૬૯૭	૪૫૯૬.૮૬	૭૫,૪૨,૭૮૮.૭	૧૦૭૨૫૧૧	૫૬૮૪.૦૬	૯૯,૪૦,૩૧૭.૦૩
જૂન	૬૯૯૧૧૨	૪૫૪૯.૩૫	૯૯,૦૪,૭૬૭.૦૪	૯૬૭૭૨૨	૫૪૮૬.૧૨	૧,૨૨,૭૫,૦૮૬.૨૬
જુલાઈ	૫૨૯૦૯૪	૪૬૫૨.૨૫	૧,૦૧,૧૨,૨૫૨.૮૯	૬૯૪૧૮૧	૫૯૦૯.૪૭	૧,૩૪,૭૦,૯૧૫.૪૩
ઓગસ્ટ	૬૫૩૦૯૦	૪૬૪૨.૧૨	૧,૦૭,૧૮,૨૩૪.૫૬	૯૦૨૦૫૭	૫૮૯૯.૯૧	૧,૪૩,૪૭,૩૮૪.૯૨
સપ્ટેમ્બર	૮૭૩૭૦૪	૨૮૨૭.૭૬	૯૮,૨૯,૭૧૦.૬	૧૧૩૫૦૯૮	૫૯૯૯.૮૪	૧,૩૪,૧૮,૪૪૫.૩૯
ઓક્ટોબર	૮૬૫૯૨૫	૬૧૯૮.૪૦	૧,૦૪,૫૫,૩૫૯.૯૩	૧૧૨૩૯૯૧	૫૯૩૯.૩૦	૧,૪૨,૯૫,૭૪૫.૬૭
નવેમ્બર	૮૬૦૩૯૧	૪૭૧૭.૫૪	૯૧,૯૯,૪૫૫.૫૬	૧૧૨૦૩૭૩	૫૯૨૨.૧૪	૧,૨૯,૮૯,૧૧૮.૪૯
ડિસેમ્બર	૮૬૨૬૦૭	૪૫૫૯.૫૦	૧,૦૦,૮૯,૯૪૫.૭૬	૧૧૮૬૮૭	૫૯૧૫.૦૩	૧,૩૮,૧૫,૭૯૦.૯૬

ખેડા અને ડાંગજિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

15/8/1052શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**
(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે,અને		(૧) **ખેડા** **ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)** **તાલુકો** / **૨૦૨૩–૨૪** / **૨૦૨૪–૨૫** **વિદ્યાર્થી** / **વિદ્યાર્થીની** / **વિદ્યાર્થી** / **વિદ્યાર્થીની** કપડવંજ ૧.૯૧ ૨.૩૮ ૨.૪૬ ૩.૫૦ કઠલાલ ૦.૦૦ ૨.૦૩ ૧.૧૫ ૧.૭૦ ખેડા ૦.૪૫ ૨.૬૦ ૦.૦૦ ૨.૧૯ મહેમદાવાદ ૦.૦૦ ૦.૧૫ ૦.૫૯ ૧.૨૩ મહુધા ૩.૫૯ ૨.૯૨ ૧.૬૮ ૨.૭૧ માતર ૧.૯૬ ૨.૭૪ ૩.૭૩ ૪.૭૪ નડિયાદ ૦.૦૦ ૦.૯૬ ૦.૦૦ ૦.૭૨ ઠાસરા ૧.૮૭ ૨.૩૯ ૨.૭૮ ૩.૧૮ ગલતેશ્વર ૧.૫૨ ૧.૨૯ ૧.૫૪ ૩.૪૫ વાસો ૦.૨૨ ૦.૦૦ ૦.૫૩ ૦.૦૦ **ડાંગ** **ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)** **તાલુકો** / **૨૦૨૩–૨૪** / **૨૦૨૪–૨૫** **વિદ્યાર્થી** / **વિદ્યાર્થીની** / **વિદ્યાર્થી** / **વિદ્યાર્થીની** આહવા ૪.૪૭ ૨.૫૮ ૫.૩૨ ૧.૪૯ સુબીર ૭.૭૨ ૮.૧૨ ૮.૮૨ ૮.૮૪ વઘઈ ૪.૪૪ ૫.૮૩ ૭.૧૨ ૮.૧૨
(૨)ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શાપગલાઓ લેવામાં આવ્યા?		(૨)ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા: • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો • જી–શાલા એપ્લિકેશન ઈ–કન્ટેન અને મહાવરો

		• મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) • કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

–––––

તલાટી કમ મંત્રી દ્વારા ઇસ્યુ થયેલ આવકનો દાખલો માન્ય રાખવા બાબત

15/8/1078શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર): **માનનીયપ્રાથમિકમાધ્યમિક અને પ્રૌઢશિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ માટે તલાટી કમ મંત્રી દ્વારા વિદ્યાર્થીઓને ઇસ્યુ કરાયેલ આવક નો દાખલો શિક્ષણ વિભાગ દ્વારા શિષ્યવૃત્તિ માટે માન્ય ગણવામાં આવતો નથી,તે હકીકત સાચી છે,અને	(૧)	ના,જી
(૨)	જો હા,તો તેના શા કારણો છે?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––

બનાસકાંઠા જિલ્લામાં પીએમશ્રી અને અનુપમ શાળાઓને ગ્રાન્ટ

15/8/1033શ્રીઅમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**માનનીયપ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે. –

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી પીએમશ્રી અને અનુપમ શાળાઓ આવેલી છે,

જવાબ

(૧) ૧)

ક્રમ	બ્લોક	પીએમશ્રી ગુજરાત	પીએમશ્રી જીઓઆઇ ફેઝ–૧	પીએમશ્રી જીઓઆઇ ફેઝ–૨	પીએમશ્રી જીઓઆઇ ફેઝ–૭	કુલ
૧	અમીરગઢ	૧	૧	૧	૦	૩
૨	ભાભર	૧	૧	૧	૦	૩
૩	દાંતા	૨	૧	૧	૦	૪
૪	દાંતીવાડા	૧	૧	૧	૦	૩
૫	ડીસા	૨	૧	૧	૦	૪
૬	ડીસા–મ્યુનિસિપાલિટી	૦	૦	૦	૧	૧
૭	દીયોદર	૨	૧	૦	૧	૪
૮	ધાનેરા	૩	૧	૧	૦	૫
૯	કાંકરેજ	૦	૨	૧	૦	૩
૧૦	લાખણી	૧	૧	૦	૦	૨
૧૧	પાલનપુર	૨	૧	૨	૦	૫
૧૨	સુઇગામ	૧	૧	૦	૦	૨
૧૩	થરાદ	૩	૨	૧	૦	૬
૧૪	થરા–મ્યુનિસિપાલિટી	૧	૦	૦	૦	૧
૧૫	વડગામ	૨	૧	૦	૦	૩
૧૬	વાવ	૩	૧	૦	૧	૫
		૨૫	**૧૬**	**૧૦**	**૩**	**૫૪**

૨) હાલમાં અનુપમ શાળાઓનો પ્રોજેક્ટ ચાલુ ન હોઈ, તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં એક પણ અનુપમ શાળા આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત (૨) ૧) ઉક્ત સ્થિતિએ પીએમશ્રી શાળાઓના છેલ્લા બે વર્ષમાં થયેલ વાર્ષિક મૂલ્યાંકનની વિગતો

	શાળાઓનો છેલ્લા બે વર્ષમાં થયેલ વાર્ષિક મૂલ્યાંકન રિપોર્ટ શું છે.		પત્રક અને પરિશિષ્ટ–૧ મુજબ છે. ૨) અનુપમ શાળા માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત શાળાઓને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને	(૩)	૧) **ક્રમ** / **વર્ષ** / **ગ્રાન્ટ** ૧. / ૨૦૨૪–૨૫ / ૩.૩૦૪.૬૬ લાખ ૨. / ૨૦૨૫–૨૬ / ૩.૩૪૬.૪૦ લાખ ૨) અનુપમ શાળા માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)	ઉક્ત ગ્રાન્ટનો ઉપયોગ કયા હેતુસર કરવામાં આવ્યો?	(૪)	૧) પીએમશ્રી ગ્રાન્ટ વપરાશ નીચે મુજબના હેતુસર કરવામાં આવે છે. 1. અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર (Pedagogy) અને મૂલ્યાંકન 2. ભૌતિક સુવિધાઓની ઉપલબ્ધતા. 3. માનવ સંસાધન અને શાળા નેતૃત્વ 4. સમાવેશી શિક્ષણ અને જાતીય સમાનતા. 5. વ્યવસ્થાપન, મૂલ્યાંકન અને નિયમન ૨) અનુપમ શાળા માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક

બનાસકાંઠા જીલ્લાની તાલુકાવાર પીએમશ્રી શાળાઓના મૂલ્યાંકન ગ્રેડની વિગત

બનાસકાંઠા બ્લોક	૨૦૨૩–૨૪					૨૦૨૪–૨૫			
	A +	A	B	NA	કુલ	A	B	C	કુલ
અમીરગઢ	–	–	૨	૧	૩	–	૩	–	૩
ભાભર	–	–	૩	–	૩	–	૩	–	૩
દાંતા	–	–	૨	૨	૪	૧	૩	–	૪
દાંતીવાડા	–	–	૧	–	૧	–	૧	–	૧
દાંતીવાડા	–	૧	૧	–	૨	૧	૧	–	૨
ડીસા	–	–	૪	–	૪	–	૪	–	૪
ડીસા – મ્યુનિસિપાલીટી	–	૧	–	–	૧	–	૧	–	૧
દિયોદર	–	૧	૩	–	૪	૧	૩	–	૪
ધાનેરા	–	૧	૪	–	૫	૨	૩	–	૫
કાંકરેજ	૧	–	૨	–	૩	–	૩	–	૩
લાખણી	–	–	૨	–	૨	૧	૧	–	૨
પાલનપુર	–	૧	૩	૧	૫	૧	૩	૧	૫
સુઈગામ	–	૧	૧	–	૨	૧	૧	–	૨
થરાદ	૧	૧	૪	–	૬	૪	૨	–	૬
થરા– મ્યુનિસિપાલીટી	–	–	૧	–	૧	–	૧	–	૧
વડગામ	–	–	૩	–	૩	–	૩	–	૩
વાવ	–	૧	૪	–	૫	૨	૩	–	૫
કુલ	**૨**	**૮**	**૪૦**	**૪**	**૫૪**	**૧૪**	**૩૯**	**૧**	**૫૪**

પરિશિષ્ટ–૦૧ બનાસકાંઠાજીલ્લાનીતાલુકાવારપી.એમ.શ્રીશાળાઓનીયાદી							
ક્રમ	પ્રકાર	જિલ્લો	બ્લોક (તાલુકો)	યુડાયસ નં	શાળાનુંનામ	ગુણોત્સવ૨.૦ગ્રેડ ૨૦૨૩–૨૪	ગુણોત્સવ૨.૦ગ્રેડ ૨૦૨૪–૨૫
૧	જીઓજી ગુજરાત	બનાસકાંઠા	અમીરગઢ	24020103101	ઈકબાલગઢ પ્રાથમિ કશાળા	B	B
૨	જીઓઆઇ ગુજરાત	બનાસકાંઠા	અમીરગઢ	24020100110	મોડેલ સ્કૂલ – અમીરગઢ	N A	B
૩	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	અમીરગઢ	24020103701	કરઝા અનુપમ પ્રાથમિક શાળા	B	B
૪	જીઓજીગુજરાત	બનાસકાંઠા	ભાભર	24020204401	સુથાર નેસડી પ્રાથમિક શાળા	B	B
૫	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	ભાભર	24020202901	કુવાળા પે સેન્ટર શાળા	B	B
૬	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	ભાભર	24020200410	ભાભર નવા પ્રાથમિક શાળા–૨	B	B
૭	જીઓજીગુજરાત	બનાસકાંઠા	દાંતા	24020312101	નવાવાસ પે સેન્ટર શાળા	B	B
૮	જીઓજીગુજરાત	બનાસકાંઠા	દાંતા	24020311201	મોટાસડા અનુપમ પે સેન્ટર	B	A
૯	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	દાંતા	24020306604	ગર્લ્સ લિટરસી રેસિડેન્શિયલ સ્કૂલ ગઢ	N A	B
૧૦	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	દાંતા	24020306602	મોડેલ સ્કૂલ દાંતા (જગતપુરા)	N A	B
૧૧	જીઓજીગુજરાત	બનાસકાંઠા	દાંતીવાડા	24020402401	જેગોલ પે સેન્ટ રશાળા	B	B
૧૨	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	દાંતીવાડા	24020403603	મોડેલ સ્કૂલ દાંતીવાડા	A	B
૧૩	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	દાંતીવાડા	24020406501	ઉત્તમપુરા પ્રાથમિક શાળા	B	A
૧૪	જીઓજીગુજરાત	બનાસકાંઠા	ડીસા	24020500501	આસેડા પ્રાથમિક શાળા	B	B
૧૫	જીઓજીગુજરાત	બનાસકાંઠા	ડીસા	24020503301	ધારપડા પ્રાથમિક શાળા	B	B
૧૬	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	ડીસા	24020507611	માલગઢ પે શાળા	B	B
૧૭	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	ડીસા	24020502626	સી.એચ. દોશી પે સેન્ટર પ્રાથમિક શાળા	B	B
૧૮	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	ડીસા–મ્યુનિસિપાલિટી	24020502665	મોડેલ સ્કૂલ ડીસા	A	B
૧૯	જીઓજીગુજરાત	બનાસકાંઠા	દિયોદર	24020603901	લુડરા પે સેન્ટર શાળા	B	B
૨૦	જીઓજીગુજરાત	બનાસકાંઠા	દિયોદર	24020606701	સુરાણા પ્રાથમિ કશાળા	B	A
૨૧	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	દિયોદર	24020602701	જાડા પ્રાથમિક શાળા	B	B
૨૨	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	દિયોદર	24020601524	મોડેલ સ્કૂલ દિયોદર	A	B
૨૩	જીઓજીગુજરાત	બનાસકાંઠા	ધાનેરા	24020705001	નેનાવા પ્રાથમિક શાળા	B	B
૨૪	જીઓજીગુજરાત	બનાસકાંઠા	ધાનેરા	24020705601	રમુણા પ્રાથમિક શાળા	B	A
૨૫	જીઓજીગુજરાત	બનાસકાંઠા	ધાનેરા	24020704601	મોટામેડા પ્રાથમિક શાળા	A	A
૨૬	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	ધાનેરા	24020707301	થાવર પે સેન્ટર શાળા	B	B
૨૭	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	ધાનેરા	24020701401	ધાનેરા પ્રાથમિક શાળા–૧	B	B
૨૮	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	કાંકરેજ	24020807702	મોડેલ સ્કૂલ રતનપુરા(શિ)	A +	B
૨૯	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	કાંકરેજ	24020809511	થરા–૨ પ્રાથમિક શાળા	B	B
૩૦	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	કાંકરેજ	24020804501	ખારીયા પે સેન્ટર શાળા	B	B
૩૧	જીઓજીગુજરાત	બનાસકાંઠા	લાખણી	24021304201	ગણતા પ્રાથમિક શાળા	B	A
૩૨	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	લાખણી	24021309803	પેપલુ પે સેન્ટર શાળા	B	B
૩૩	જીઓજીગુજરાત	બનાસકાંઠા	પાલનપુર	24020905701	કાણોદર પ્રાથમિક શાળા નં–૧	B	B
૩૪	જીઓજીગુજરાત	બનાસકાંઠા	પાલનપુર	24020902301	ચડોતર પ્રાથમિ કશાળા	A	A
૩૫	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	પાલનપુર	24020905004	એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ જાગોલ	N A	C
૩૬	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	પાલનપુર	24020907501	મલાણા પે સેન્ટર શાળા	B	B
૩૭	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	પાલનપુર	24020908702	કે.એમ. ચોકસી પ્રાથમિક શાળા	B	B
૩૮	જીઓજીગુજરાત	બનાસકાંઠા	સુઇગામ	24021406701	કુંભારખા પ્રાથમિક શાળા	A	A
૩૯	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	સુઇગામ	24021401502	ભરાડવા પે સેન્ટર શાળા	B	B
૪૦	જીઓજીગુજરાત	બનાસકાંઠા	થરાદ	24021000902	પીરગૌચર પ્રાથમિક શાળા	B	A
૪૧	જીઓજીગુજરાત	બનાસકાંઠા	થરાદ	24021010801	રામપુરા પે સેન્ટર શાળા	A +	A
૪૨	જીઓજીગુજરાત	બનાસકાંઠા	થરાદ	24021011802	શેરઉ પ્રાથમિક શાળા	A	A
૪૩	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	થરાદ	24021001701	ભોરડુ પ્રાથમિક શાળા	B	B
૪૪	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	થરાદ	24021012432	મોડેલ સ્કૂલ થરાદ	B	B
૪૫	જીઓઆઇગુજરાત	બનાસકાંઠા	થરાદ	24021012401	પી.એમ. પ્રાથમિક શાળા નં–૨	B	A
૪૬	જીઓજીગુજરાત	બનાસકાંઠા	થરા–	24020809510	થરા–૧ પેસેન્ટર શાળા	B	B

પરિશિષ્ટ–૦૧
બનાસકાંઠાજીલ્લાનીતાલુકાવારપી.એમ.શ્રીશાળાઓનીયાદી

ક્રમ	પ્રકાર	જિલ્લો	બ્લોક (તાલુકો)	યુડાયસ નં	શાળાનુંનામ	ગુણોત્સવ૨.૦ગ્રેડ ૨૦૨૩–૨૪	ગુણોત્સવ૨.૦ગ્રેડ ૨૦૨૪–૨૫
			મ્યુનિસિપાલિટી				
૪૭	જીઓજીગુજરાત	બનાસકાંઠા	વડગામ	24021104703	કોદરામ પે સેન્ટર શાળા	B	B
૪૮	જીઓજીગુજરાત	બનાસકાંઠા	વડગામ	24021107701	નિઝામપુરા પ્રાથમિક શાળા	B	B
૪૯	જીઓઆઈગુજરાત	બનાસકાંઠા	વડગામ	24021103701	જલોત્રા પ્રાથમિક શાળા	B	B
૫૦	જીઓજીગુજરાત	બનાસકાંઠા	વાવ	24021203701	ઢીમા પે સેન્ટર શાળા	B	B
૫૧	જીઓજીગુજરાત	બનાસકાંઠા	વાવ	24021210801	ટડાવ પે સેન્ટર શાળા	B	B
૫૨	જીઓજીગુજરાત	બનાસકાંઠા	વાવ	24021206601	કુંભારડી પ્રાથમિક શાળા	A	A
૫૩	જીઓઆઈગુજરાત	બનાસકાંઠા	વાવ	24021212008	વાવ–૨ પ્રાથમિક શાળા	B	A
૫૪	જીઓઆઈગુજરાત	બનાસકાંઠા	વાવ	24021212019	મોડેલ સ્કૂલ વાવ	B	B

અરવલ્લી અને જામનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપઆઉટ રેશિયો

15/6/1049શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	જવાબ
(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને જામનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે,અને	**(૧)**

અરવલ્લી

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો(ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થિની	વિદ્યાર્થી	વિદ્યાર્થિની
મોડાસા	૦.૦૦	૦.૮૮	૦.૦૦	૦.૧૩
ભિલોડા	૦.૮૨	૧.૨૧	૦.૨૪	૨.૧૧
મેઘરજ	૦.૩૨	૦.૧૮	૨.૩૨	૧.૬૬
માલપુર	૨.૧૨	૦.૩૭	૧.૯૬	૧.૬૫
ધનસુરા	૨.૬૪	૩.૪૩	૩.૮૫	૩.૭૫
બાયડ	૦.૦૦	૦.૦૪	૧.૩૩	૧.૪૫

જામનગર

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો(ધો ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થિની	વિદ્યાર્થી	વિદ્યાર્થિની
ધ્રોલ	૦.૦૩	૦.૦૦	૦.૦૦	૦.૦૦
જામજોધપુર	૦.૭૩	૪.૭૧	૧.૮૫	૫.૪૬
જામનગર	૪.૯૩	૪.૯૮	૩.૨૧	૩.૧૨
જોડિયા	૨.૨૫	૫.૦૦	૫.૨૩	૭.૫૪
કાલાવડ	૬.૬૦	૪.૫૮	૨.૪૯	૧.૮૯
લાલપુર	૭.૭૨	૮.૫૦	૫.૩૯	૪.૦૮

(૨) ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા	(૨)ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા. • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો

	• જી–શાલા એપ્લિકેશન ઇ–કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

–––––

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી,ગાંધીનગરખાતે પડતર કેસો

15/8/1031: શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ ગાંધીનગર ખાતે આવેલ પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ નિયામકની કચેરીમાં નિવૃત્ત સરકારી કર્મચારીઓના કેટલા પેન્શનના કેસો છેલ્લા એક વર્ષથી પડતર છે,	(૧)	શૂન્ય
(૨)	ઉક્ત પડતર કેસોના વિલંબ થવાના કારણો શા છે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત પડતર પેન્શન કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

––––––

અમદાવાદ અને જૂનાગઢ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

15/8/1036શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે,અને

૧)

અમદાવાદ				
તાલુકો	**ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)**			
	૨૦૨૩–૨૪		**૨૦૨૪–૨૫**	
	વિદ્યાર્થી	**વિદ્યાર્થીની**	**વિદ્યાર્થી**	**વિદ્યાર્થીની**
માંડલ	૦.૦૦	૦.૪૮	૦.૮૮	૩.૮૦
દેત્રોજ–રામપુરા	૦.૩૬	૦.૮૨	૩.૪૯	૫.૮૧
વિરમગામ	૧.૯૪	૪.૦૧	૨.૬૮	૫.૮૯
સાણંદ	૧.૫૦	૨.૩૯	૫.૫૭	૫.૭૩
સીટી	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
દસક્રોઇ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
ધોળકા	૦.૯૯	૧.૭૩	૨.૨૧	૪.૦૪
બાવળા	૩.૯૯	૫.૩૭	૪.૩૦	૬.૩૦
ધંધૂકા	૦.૦૦	૧.૪૪	૦.૨૨	૩.૦૪
ધોલેરા	૩.૬૮	૪.૫૫	૬.૧૬	૨.૬૪

જૂનાગઢ				
તાલુકો	**ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)**			
	૨૦૨૩–૨૪		**૨૦૨૪–૨૫**	
	વિદ્યાર્થી	**વિદ્યાર્થીની**	**વિદ્યાર્થી**	**વિદ્યાર્થીની**
જૂનાગઢ	૦.૦૦	૦.૪૬	૩.૧૭	૦.૦૦
મેંદરડા	૦.૦૦	૦.૬૭	૦.૦૦	૦.૦૦
માળીયા હાટીના	૩.૦૫	૨.૬૨	૪.૯૬	૪.૯૧
માંગરોળ	૧.૭૪	૨.૨૯	૩.૦૩	૫.૧૯
કેશોદ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૩૦
માણાવદર	૧.૦૭	૩.૦૩	૩.૨૮	૩.૩૯
વંથલી	૨.૮૨	૩.૦૦	૭.૫૨	૫.૦૨
ભેસાણ	૦.૦૦	૫.૧૭	૪.૦૫	૭.૧૩
વિસાવદર	૦.૦૦	૨.૧૬	૧.૫૪	૫.૩૨
જૂનાગઢ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦

(૨)ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર

(૨)ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા:

દ્વારા શાપગલાઓ લેવામાં આવ્યા?	• મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો • જી–શાલા એપ્લિકેશન ઈ–કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

– – – –

છોટાઉદેપુર અને સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

15/8/1027શ્રીકાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**
(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર અને સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે, અને		(૧) **છોટાઉદેપુર** **ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)** **તાલુકો** / **૨૦૨૩–૨૪** / **૨૦૨૪–૨૫** **વિદ્યાર્થી** / **વિદ્યાર્થીની** / **વિદ્યાર્થી** / **વિદ્યાર્થીની** છોટાઉદેપુર ૮.૭૯ ૬.૦૮ ૭.૮૨ ૬.૭૫ જેતપુરપાવી ૫.૧૧ ૬.૬૩ ૪.૫૭ ૬.૩૪ કવાંટ ૯.૪૨ ૭.૮૮ ૧૧.૯૪ ૧૧.૨૭ નસવાડી ૭.૪૩ ૫.૯૮ ૫.૬૭ ૪.૫૬ સંખેડા ૨.૪૧ ૧.૧૯ ૪.૦૧ ૩.૮૭ બોડેલી ૦.૦૦ ૦.૦૦ ૦.૦૦ ૦.૦૦ **સુરેન્દ્રનગર** **ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)** **તાલુકો** / **૨૦૨૩–૨૪** / **૨૦૨૪–૨૫** **વિદ્યાર્થી** / **વિદ્યાર્થીની** / **વિદ્યાર્થી** / **વિદ્યાર્થીની** ધ્રાંગધ્રા ૦.૦૦ ૩.૮૨ ૦.૯૮ ૬.૦૨ પાટડી–દસાડા ૨.૫૯ ૩.૯૩ ૫.૦૭ ૫.૭૮ લખતર ૬.૪૧ ૪.૧૮ ૬.૯૫ ૩.૯૨ વઢવાણ ૦.૦૦ ૦.૦૦ ૦.૦૦ ૦.૦૦ મુળી ૫.૬૦ ૬.૫૧ ૫.૪૯ ૬.૫૬ ચોટીલા ૩.૬૭ ૫.૬૨ ૬.૧૦ ૬.૩૬ સાયલા ૭.૦૯ ૬.૨૫ ૮.૬૭ ૮.૮૫ ચુડા ૮.૪૮ ૬.૮૩ ૮.૨૧ ૭.૬૪ લીંબડી ૪.૭૧ ૪.૮૩ ૫.૫૮ ૫.૦૯
(૨)ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?		(૨) ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા. • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮)

		• માળખાકીય સુવિધાઓમાં વધારો • જી–શાલા એપ્લિકેશન ઈ–કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) • કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

– – – – –

ભરૂચજિલ્લામાંઅનુસૂચિતજાતિનાવિદ્યાર્થીઓમાટેવિદેશઅભ્યાસલોનયોજના

15/8/786 શ્રીડી.કે.સ્વામી (જંબુસર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશેકે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કુલ–૧૦ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને
(૨)	તે પેટે કુલ કેટલી રકમની લોન ચૂકવવામાં આવી?	(૨)	તે પેટે કુલ રૂ.૧૫૦.૦૦ લાખની લોન ચૂકવવામાં આવી.

– – – – –

સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ શાળાના બાળકોને સાહિત્ય

15/8/1039 ડૉ.કિરીટકુમાર ચી. પટેલ *(પાટણ)*:**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ સમગ્ર શિક્ષાઅભિયાન અંતર્ગત છેલ્લા એક વર્ષમાં સરકારી શાળાના ધો. ૧થી ૧૦નાં બાળકોને ક્યુ પ્રિન્ટીંગ સાહિત્ય વિનામૂલ્યે આપવામાં આવ્યું છે,	(૧)	પાયાના શિક્ષણની ગુણવતા સંવર્ધન માટે રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાંતા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ સમગ્ર શિક્ષા અંતર્ગત છેલ્લા એક વર્ષમાં સરકારી શાળાનાધો. ૧ થી ૧૦નાં બાળકોને નીચે મુજબનું પ્રિન્ટીંગ સાહિત્ય વિનામૂલ્યે આપવામાં આવ્યું છે.

બાળકો માટે		
ક્રમ	**વિગત** **વિદ્યાર્થી દીઠ**	**ધોરણ**
૧	વિદ્યાર્થીઓપ્રવૃત્તિપોથી	બાલવાટિકા
૨	અધ્યયન સંપૂટ (સત્ર–૧ તથા ૨)	ધોરણ ૧અને ૨
૩	સ્વઅધ્યયનપોથી	ધોરણ ૩ થી ૧૦
૪	ચિત્રપોથી	ધોરણ ૧થી ૮
૫	વિધાપ્રવેશ	ધોરણ ૧
૬	પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક	ધોરણ ૧થી ૯
૭	મારી લેખનપોથી	ધોરણ ૧થી ૫

			૯ સંસ્કૃત સોપાનમ (પોકેટ ડાયરી) ધોરણ ૬થી ૮ ૧૦ સાયબર સુરક્ષા પોકેટ ડાયરી ધોરણ ૬થી ૮ ૧૧ સામાન્ય જ્ઞાન પુસ્તિકા ભાગ–૧થી ૩ ધોરણ ૬થી ૮
(૨)	ઉક્ત સ્થિતએ સરકારશ્રી દ્વારા દરવર્ષે સાહિત્યમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવે છે તે હકીકત સાચી છે,અને	(૨)	ના. સાહિત્યમાં દર વર્ષે ઉત્તરોત્તર કોઈ વધારો કરવામાં આવતો નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ નવા શૈક્ષણિક સત્ર શરુ થતા પહેલા ઉક્ત તમામ સાહિત્ય શાળા કક્ષાએ પહોચી જાય તે માટે સરકાર દ્વારા શું આયોજન હાથ ધરેલ છે?	(૩)	આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ માટે સમગ્ર શિક્ષાની નવી ગાઈડલાઈન તથા બજેટને ધ્યાને રાખી આગામી આયોજન નક્કી કરવામાં આવશે.

–––––

આણંદ જિલ્લામાં જર્જરિત અને ભયજનક શાળાઓ.

15/8/1046 શ્રી અમિત ચાવડા (આંકલાવ) :**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કઈ શાળાઓ જર્જરિત અને ભયજનક ક્યારથી જાહેર કરેલ છે,	(૧)	જર્જરિત અને ભયજનક જાહેર કરેલ શાળાઓની યાદી આ સાથે સામેલ પત્રક–૧ મુજબ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત જર્જરિત અને ભયજનક શાળાઓ નવી બનાવવા કેટલા સમયથી કામગીરી સોંપેલ છે,	(૨)	જર્જરિત અને ભયજનક જાહેર કરેલ ૧૬ શાળાઓ પૈકી – વર્કઓર્ડર આપેલ ૮ શાળાઓની માહિતી આ સાથે સામેલ પત્રક–૨ મુજબ છે તેમજ – બાકી રહેતી ૮ શાળાઓના ૨૯ વર્ગખંડો માટે આગામી વર્ષના બજેટમાં સમાવેશ કરેલ હોઈ મંજુર થયેથી તબક્કાવાર ઝડપથી બનાવવામાં આવશે.
(૩)	ઉક્ત શાળાના ઓરડાઓના બાંધકામમાં વિલંબના કારણો શા છે,	(૩)	ઉક્ત મંજુર કરેલ ૮ શાળાઓના વર્ગખંડોના બાંધકામમાં વિલંબ થયેલ નથી. પરંતુ બાકી રહેતી ૮ શાળાઓમાં જર્જરિત અંગેનું પ્રમાણપત્ર તાજેતરમાં મળેલ હોઈ આ ૮ શાળાઓના બાંધકામની આયોજનની પ્રક્રિયા ચાલુ છે.
(૪)	ઉક્ત બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને	(૪)	વર્કઓર્ડર આપ્યેથી ૮ શાળાઓનું બાંધકામ ૧૧ મહિનામાં પૂર્ણ કરવાનું આયોજન છે.
(૫)	ઉક્ત શાળાના બાળકોને ભણવા માટે શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે?	(૫)	• ઉપયોગી અને સુરક્ષિત વર્ગખંડોમાં પાળી પદ્ધતિઅમલમાં મૂકવામાં આવેલ છે. • નજીકની અન્ય સરકારી/પ્રાથમિક શાળાઓમાં પરિવહનવ્યવસ્થા ઉપલબ્ધ કરાવીને વિદ્યાર્થીઓને સુરક્ષિત અનેસમયસર પહોંચાડવામાં આવે છે.

તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬

અતારાંકિત પ્રશ્નો

પત્રક – ૧

તા:૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાંતાલુકાવાર જર્જરિત અને ભયજનક શાળાઓની વિગત.

ક્રમ	તાલુકા	શાળાનુંનામ	જર્જરિતજાહેર કાર્યની તારીખ	જર્જરિતવર્ગખંડોની સંખ્યા
૧	આણંદ	સોલાપુરા(કાસોર)પ્રા.શાળા	29–02–2024	7
૨	આણંદ	બોરીઆવીકુમાર પ્રા.શાળા	29–02–2024	18
૩	બોરસદ	રવિપુરા(વાસણા–રાસ)પ્રા.શાળા	12–07–2024	2
૪	પેટલાદ	ચાંગાકન્યા પ્રા.શાળા	12–07–2024	17
૫	બોરસદ	નાળીયાપુરા(રાસ)પ્રા.શાળા	25–11–2024	2
૬	પેટલાદ	ચીખોદરીયાપુરા(પોરડા)પ્રા.શાળા	25–11–2024	6
૭	આણંદ	ગાનાપ્રા.શાળા	03–03–2025	24
૮	બોરસદ	અહેમદનગર(નાપાતળપદ)પ્રા.શાળા	03–03–2025	3
૯	ખંભાત	ના.સ.પ્રા.શાળા,ખંભાતપ્રા.શાળા	03–03–2025	7
૧૦	પેટલાદ	બાંધણીકન્યાપ્રા.શાળા	03–03–2025	8
૧૧	પેટલાદ	બ્રાન્ચશાળા નં–૯,પેટલાદપ્રા.શાળા	03–03–2025	6
૧૨	ઉમરેઠ	બળદેવપુરા(ભાટપુરા)પ્રા.શાળા	11–07–2025	2
૧૩	બોરસદ	આનંદપુરા(વાલવોડ)પ્રા.શાળા	11–07–2025	2
૧૪	બોરસદ	નાડતલાવ(હરખાપુરા)પ્રા.શાળા	14–10–2025	2
૧૫	બોરસદ	ખાડીયાવર્ગ(અલારસા)પ્રા.શાળા	14–10–2025	3
૧૬	પેટલાદ	રઢુપુરા(બાંધણી)પ્રા.શાળા	14–10–2025	4

પત્રક – ૨

જર્જરિત અને ભયજનક શાળાઓમાં નવી બનાવવા કામગીરી સોંપેલનીમાહિતી

ક્રમ	તાલુકા	શાળાનુંનામ	જર્જરિતજાહેર કાર્યની તારીખ	જર્જરિતવર્ગખંડોની સંખ્યા	વર્કઓડર તારીખ
૧	આણંદ	સોલાપુરા(કાસોર)પ્રા.શાળા	29–02–2024	7	07–04–2025

૨	આણંદ	બોરીઆવીકુમારપ્રા.શાળા	29-02-2024	18	07-04-2025
૩	બોરસદ	રવિપુરા(વાસણા-રાસ)પ્રા.શાળા	12-07-2024	2	11-04-2025
૪	પેટલાદ	ચાંગાકન્યાપ્રા.શાળા	12-07-2024	17	18-12-2025
૫	બોરસદ	નાળીયાપુરા(રાસ)પ્રા.શાળા	25-11-2024	2	11-04-2025
૬	પેટલાદ	ચીખોદરીયાપુરા(પોરડા)પ્રા.શાળા	25-11-2024	6	18-10-2025
૭	પેટલાદ	બાંધણીકન્યાપ્રા.શાળા	03-03-2025	8	18-10-2025
૮	પેટલાદ	બ્રાન્ચશાળા નં-૯,પેટલાદપ્રા.શાળા	03-03-2025	6	06-02-2026

ગીર સોમનાથ અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપઆઉટ રેશિયો

15/6/1043શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે,અને

જવાબ

(૧)

ગીર સોમનાથ				
તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો(ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩-૨૪		૨૦૨૪-૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થિની	વિદ્યાર્થી	વિદ્યાર્થિની
તાલાલા	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
વેરાવળ	૦.૦૦	૦.૧૨	૨.૪૮	૧.૩૧
સુત્રાપાડા	૨.૩૯	૨.૦૩	૫.૫૩	૩.૩૯
ઊના	૪.૮૯	૪.૫૦	૫.૪૦	૫.૨૩
કોડીનાર	૨.૯૧	૧.૯૩	૩.૬૮	૦.૬૦
ગીર ગઢડા	૪.૧૩	૫.૬૨	૫.૫૬	૭.૨૭

દેવભૂમિદ્વારકા				
તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો(ધો ૧ થી ૮)			
	૨૦૨૩-૨૪		૨૦૨૪-૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થિની	વિદ્યાર્થી	વિદ્યાર્થિની
ભાણવડ	૨.૪૪	૪.૮૦	૫.૯૪	૬.૦૫
દ્વારકા	૪.૮૯	૪.૨૪	૫.૪૬	૫.૪૫
જામ કલ્યાણપુર	૨.૯૨	૩.૫૯	૩.૮૪	૫.૧૯
જામખંભાળિયા	૩.૭૦	૫.૫૧	૧.૪૪	૩.૮૨

(૨)ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?		(૨)ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા. • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો • જી–શાલા એપ્લિકેશન ઈ–કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) • કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

–––––

અમદાવાદ શહેરમાં સ્માર્ટસીટી પ્રોજેક્ટ હેઠળ મંજૂર થયેલ કામો

15/8/552 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા)**: માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૨૫–૦૧–૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં સ્માર્ટસીટી પ્રોજેક્ટ હેઠળના કયા કયા કામો મંજૂર કરવામાં આવ્યા,	(૧)	કેન્દ્ર સરકાર દ્વારા સ્માર્ટ સિટી મિશનની સમયમર્યાદા તા.૩૧–૦૩–૨૦૨૫ સુધીની જાહેર કરવામાં આવેલ હોઇ, તા.૨૫–૦૧–૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ભારત સરકારના સ્માર્ટ સિટી મિશન પ્રોજેકટ હેઠળના કોઇ નવા કામો મંજૂર કરવામાં આવ્યા નથી. પરંતુ સ્માર્ટ સીટી મિશન હેઠળની સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલોપમેન્ટ લી.કંપની દ્વારા અ.મ્યુ.કો.ના ફંડમાંથી સ્માર્ટ પાર્કિંગ માટે રૂ. ૨૫ કરોડ અને અર્બન ઓબ્ઝર્વેટરી માટે રૂ.૬ કરોડના પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ છે.
(૨)	ઉક્ત મંજૂર થયેલ કામો પૈકી ઉકત સ્થિતિએ કયા કામો કેટલા ખર્ચે પૂર્ણ થયેલા છે, અને	(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજુર થયેલ બંને કામો પ્રગતિ હેઠળ છે. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ કયા કામો પ્રગતિ હેઠળ છે?	(૩)	સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલોપમેન્ટ લી.કંપની અંતર્ગત લેવામાં આવેલ બંને કામો પ્રગતિ હેઠળ છે. જેમાં સ્માર્ટ પાર્કિંગ પ્રોજેકટ હેઠળ ૫૧.૪૪% પ્રગતિ થયેલ છે અને અર્બન ઓબ્ઝર્વેટરી પ્રોજેક્ટ હેઠળ ૯% પ્રગતિ થયેલ છે.

રાજ્યમાં સરકારી શાળાઓ પાળી પદ્ધતિથી ચલાવવા બાબત

15/8/680શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા)**: માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૨૧–૦૧–૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી શાળાઓ પાળી પદ્ધતિથી ચાલે છે,	(૧)કુલ ૨૬૭૪ સરકારી શાળાઓ પાળી પદ્ધતિથી ચાલે છે,
(૨) ઉક્ત શાળાઓ પાળી પદ્ધતિથી ચલાવવાના શા કારણો છે, અને	(૨)જર્જરીત ઓરડાઓ દૂર કરવાની કામગીરી ચાલુ હોવાથી, તેમજ શાળામાં ઓરડાઓનું બાંધકામ ચાલુ હોવાથી.
(૩) ઉક્ત સ્થિતિના નિવારણ માટે શા પગલા લેવામાં આવેલ છે?	(૩) નવા ઓરડાઓ(વર્ગખંડ)નું બાંધકામ પ્રગતિમાં છે.

–––––

નર્મદા અને મોરબી જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

15/8/1053શ્રીઅનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ
(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને મોરબી જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે, અને		(૧)

નર્મદા

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થીની	વિદ્યાર્થી	વિદ્યાર્થીની
નાંદોદ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
ડેડિયાપાડા	૫.૮૪	૫.૧૬	૮.૬૦	૮.૩૧
સાગબારા	૫.૨૭	૪.૩૯	૫.૭૬	૬.૩૬
તિલકવાડા	૦.૪૮	૨.૫૨	૧.૮૫	૧.૯૮
ગરુડેશ્વર	૧.૭૮	૩.૭૩	૨.૧૨	૪.૭૫

મોરબી

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થીની	વિદ્યાર્થી	વિદ્યાર્થીની
મોરબી	૧.૮૭	૨.૫૫	૨.૯૧	૩.૪૭
માળીયા	૫.૫૮	૫.૭૬	૮.૭૩	૮.૪૨
ટંકારા	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
વાંકાનેર	૨.૯૨	૪.૧૩	૩.૨૧	૩.૩૪
હળવદ	૦.૦૦	૧.૬૬	૦.૦૦	૩.૨૫

(૨) ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?		(૨)ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા. • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો • જી–શાલા એપ્લિકેશન ઈ–કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) • કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

15/8/1034શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે, અને	(૧)

મહેસાણા

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થીની	વિદ્યાર્થી	વિદ્યાર્થીની
બેચરાજી	૦.૦૦	૧.૬૮	૦.૨૦	૩.૫૪
કડી	૦.૦૦	૦.૬૩	૦.૦૦	૦.૩૧
ખેરાલુ	૦.૦૦	૦.૦૦	૦.૮૬	૨.૪૬
મહેસાણા	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
સતલાસણા	૦.૧૯	૨.૨૮	૨.૬૧	૩.૯૨
ઉંઝા	૧.૭૨	૧.૧૯	૧.૬૫	૧.૦૦
વડનગર	૦.૩૨	૧.૪૪	૦.૯૬	૧.૪૨
વિજાપુર	૦.૩૩	૦.૮૮	૦.૦૦	૦.૦૦
વિસનગર	૦.૦૦	૦.૨૯	૦.૬૩	૧.૨૩

ગાંધીનગર

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)

			૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
			વિદ્યાર્થી	વિદ્યાર્થીની	વિદ્યાર્થી	વિદ્યાર્થીની
		દેહગામ	૦.૦૦	૧.૩૫	૦.૦૦	૦.૮૧
		ગાંધીનગર	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
		કલોલ	૩.૨૯	૩.૮૨	૨.૬૧	૨.૭૩
		માણસા	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
(૨)ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?		(૨)ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા: • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો • જી–શાલા એપ્લિકેશન ઇ–કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ				

– – – – –

પંચમહાલ અને પોરબંદર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

15/8/1050શ્રીગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ
(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે, અને		(૧)

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થીની	વિદ્યાર્થી	વિદ્યાર્થીની
ઘોઘંબા	૨.૬૪	૧.૭૨	૩.૧૯	૨.૭૩
ગોધરા	૦.૨૧	૦.૮૨	૨.૨૮	૨.૦૨
હાલોલ	૦.૭૯	૦.૯૩	૨.૪૬	૨.૧૩
જાંબુઘોડા	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
કાલોલ	૦.૦૦	૦.૦૦	૧.૧૦	૧.૭૪
મોરવાહડફ	૧.૦૩	૦.૭૬	૩.૩૪	૧.૫૫
શહેરા	૨.૬૪	૨.૨૨	૩.૯૩	૩.૩૬

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થીની	વિદ્યાર્થી	વિદ્યાર્થીની
પોરબંદર	૩.૪૪	૩.૦૦	૧.૪૪	૧.૯૦
રાણાવાવ	૦.૧૯	૦.૨૩	૦.૦૦	૦.૦૦
કુતિયાણા	૭.૮૨	૫.૪૭	૭.૪૮	૬.૨૯

(૨)ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?		(૨)ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા: • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો • જી–શાલા એપ્લિકેશન ઇ–કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) • કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

ફાલ્ગુન ૦૭, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

કચ્છ અને દાહોદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

15/8/1030શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**
(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે, અને		(૧) **કચ્છ** **ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)** **તાલુકો** / **૨૦૨૩–૨૪** / **૨૦૨૪–૨૫** **વિદ્યાર્થી** / **વિદ્યાર્થીની** / **વિદ્યાર્થી** / **વિદ્યાર્થીની** લખપત ૬.૪૩ ૪.૬૯ ૯.૮૯ ૯.૪૨ રાપર ૫.૪૭ ૫.૬૯ ૭.૯૦ ૭.૯૭ ભચાઉ ૪.૫૧ ૬.૯૪ ૬.૪૧ ૭.૦૮ અંજાર ૩.૧૦ ૨.૪૦ ૮.૪૦ ૭.૮૫ ભુજ ૦.૬૪ ૧.૯૭ ૪.૯૬ ૬.૨૯ નખત્રાણા ૪.૨૮ ૫.૩૧ ૬.૪૮ ૬.૯૫ અબડાસા ૫.૬૭ ૬.૬૮ ૫.૯૮ ૭.૧૫ માંડવી ૧.૯૨ ૩.૮૦ ૩.૫૪ ૨.૯૬ મુંદ્રા ૨.૪૩ ૨.૮૧ ૪.૧૮ ૪.૩૫ ગાંધીધામ ૧.૨૭ ૧.૨૪ ૪.૬૪ ૪.૫૭ **દાહોદ** **ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)** **તાલુકો** / **૨૦૨૩–૨૪** / **૨૦૨૪–૨૫** **વિદ્યાર્થી** / **વિદ્યાર્થીની** / **વિદ્યાર્થી** / **વિદ્યાર્થીની** દાહોદ ૨.૩૨ ૨.૧૮ ૩.૫૨ ૩.૧૫ ગરબાડા ૧.૬૬ ૧.૦૪ ૩.૭૦ ૩.૦૨ લીમખેડા ૦.૦૦ ૦.૦૦ ૩.૯૦ ૨.૫૯ ઘાનપુર ૭.૯૨ ૫.૦૩ ૧૨.૨૧ ૧૦.૦૯ ફતેપુરા ૭.૨૩ ૫.૩૯ ૭.૯૨ ૫.૮૮ ઝાલોદ ૪.૭૩ ૩.૬૭ ૬.૪૦ ૪.૮૮ દેવ.બારીયા ૦.૦૦ ૦.૦૦ ૨.૫૧ ૧.૯૩ સંજેલી ૪.૦૪ ૩.૪૦ ૫.૭૪ ૩.૫૮ સિંગવડ ૩.૮૧ ૨.૧૦ ૬.૯૭ ૪.૩૬
(૨)ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?		(૨)ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા: • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો • જી–શાલા એપ્લિકેશન ઇ–કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) • કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

અતારાંકિત પ્રશ્નો

ભરૂચ અને રાજકોટ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

15/8/1028શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ
(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને રાજકોટ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે, અને		(૧)

ભરૂચ

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થીની	વિદ્યાર્થી	વિદ્યાર્થીની
આમોદ	૨.૩૧	૩.૭૦	૩.૨૦	૩.૨૫
અંકલેશ્વર	૧.૫૩	૧.૦૮	૨.૪૬	૧.૪૨
ભરૂચ	૦.૫૫	૦.૭૨	૧.૨૧	૦.૦૦
હાંસોટ	૩.૬૦	૨.૨૯	૩.૫૩	૧.૬૧
જંબુસર	૧.૭૫	૧.૬૯	૨.૫૧	૩.૭૦
વાગરા	૨.૬૦	૧.૮૬	૫.૦૯	૪.૯૮
વાલીયા	૧.૭૮	૦.૦૦	૧.૧૫	૦.૩૨
ઝઘડીયા	૨.૧૯	૧.૯૨	૨.૬૨	૨.૫૭
નેત્રંગ	૧.૧૩	૩.૧૪	૩.૪૨	૩.૪૨

રાજકોટ

તાલુકો	ડ્રોપ આઉટ રેશિયો (ધોરણ ૧ થી ૮)			
	૨૦૨૩–૨૪		૨૦૨૪–૨૫	
	વિદ્યાર્થી	વિદ્યાર્થીની	વિદ્યાર્થી	વિદ્યાર્થીની
ધોરાજી	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
ગોંડલ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૮૩
જામકંડોરણા	૨.૬૩	૦.૪૧	૮.૯૧	૨.૦૩
જસદણ	૦.૨૪	૩.૧૨	૨.૪૧	૪.૩૫
જેતપુર	૩.૪૯	૨.૦૩	૩.૮૭	૧.૦૭
કોટડાસાંગાણી	૩.૧૯	૩.૭૦	૪.૫૯	૫.૯૭
લોધિકા	૩.૦૫	૫.૨૩	૪.૫૨	૪.૮૬
પડધરી	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
રાજકોટ	૦.૪૫	૨.૩૮	૩.૭૧	૩.૯૯
ઉપલેટા	૦.૦૦	૦.૬૭	૦.૦૦	૩.૬૩

(૨)ઉક્ત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સરકાર દ્વારા શા પગલાઓ લેવામાં આવ્યા?		(૨)ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે નીચે મુજબના પગલાઓ લેવામાં આવ્યા. • મફત પરિવહન સુવિધા (બાલવાટિકા થી ધોરણ–૮) • કસ્તુરબા ગાંધી વિદ્યાલય (ધોરણ– ૬ થી ૧૨) • સિઝનલ/ રેસીડેન્શિયલ હોસ્ટેલ (ધોરણ–૧ થી ૮) • વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જુદા–જુદા લાભ અને સહાય (ધોરણ–૧ થી ૮) • માળખાકીય સુવિધાઓમાં વધારો • જી–શાલા એપ્લિકેશન ઈ–કન્ટેન અને મહાવરો • મફત પાઠ્યપુસ્તકો (ધોરણ–૧ થી ૮) • કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

ફાલ્ગુન ૦૭, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

અન્ન પુરવઠો અને ખાદ્યતેલના ભાવ નિયંત્રણ માટે જોગવાઇ

15/8/1047શ્રી અમિત ચાવડા (આંકલાવ)**: માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં અન્ન પુરવઠો અને ખાદ્યતેલના ભાવ નિયંત્રણ માટે શું જોગવાઇ છે,	(૧)	– અન્ન પુરવઠો અને ખાદ્યતેલ સહિત જરૂરી આવશ્યક ચીજ વસ્તુઓના ભાવો ઉપર સતત નજર રાખવા માટે ભારત સરકારશ્રીની "Strengthening of Price Monitoring Cell (SPMC)" યોજના અમલમાં છે, જેમાં અલગ અલગ જિલ્લાઓ અને બજાર કેન્દ્રોમાંથી દૈનિક ભાવોની નોંધણી કરવામાં આવે છે. જે ભાવોની રાજ્ય અને કેન્દ્ર સ્તરે તેની સમીક્ષા કરવામાં આવે છે. તેમજ જરૂર જણાયે આવશ્યક ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણમાં રહે તે માટે ભારત સરકારશ્રી દ્વારા અન્ન પુરવઠો અને ખાદ્યતેલના ભાવ નિયંત્રણ માટે સ્ટોક લિમિટ દાખલ કરવામાં આવે છે. – હાલમાં, ભારત સરકારશ્રી દ્વારા ઘંઉમાં સ્ટોક લિમિટ દાખલ કરેલ છે. – રાજ્યમાં અન્ન પુરવઠો જળવાઇ રહે તથા ગરીબ અને પાત્ર લાભાર્થીઓને અન્ન પુરવઠાનુ વિતરણ થાય તે માટે"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ નોંધાયેલ પાત્ર લાભાર્થીઓને જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત ઘંઉ અને ચોખાનુંવિનામૂલ્યે તેમજરાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્ય સરકારની યોજના અન્વયે ખાંડ, ચણા, તુવેરદાળ, મીઠા ના જથ્થાનુ દર માસે અને ખાદ્યતેલનું (વર્ષમાં બે વખત) રાહતદરે વિતરણ કરવામાં આવે છે.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દર મહિનાના આખરી દિવસે ખાદ્યતેલનો ભાવ કેટલો નોંધાયેલ, અને	(૨)	છેલ્લા બે વર્ષમાં દર મહિનાના આખરી દિવસે ખાદ્યતેલના નોંધાયેલ ભાવની વિગત પત્રક–૧ તથા પત્રક–૨ માં આ સાથે સામેલ છે.
(૩)	ઉક્ત ભાવ વધારામાં નાગરિકોને રાહત માટે ભાવ નિયંત્રણ માટે સરકારે શાં પગલા ભર્યા ?	(૩)	ભાવ વધારામાં નાગરિકોને રાહત માટે ભાવ નિયંત્રણ માટે સરકારે લીધેલ પગલાની વિગતો પરિશિષ્ટ :– ક માં આ સાથે સામેલ છે.

પરિશિષ્ટ :– ક

(૧) અન્ન પુરવઠા અને ખાદ્યતેલની ગેરકાયદેસરની સંગ્રહખોરી રોકવા અને રાજ્યમાં રહેલ આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાની જાણકારી મળી રહે તે માટે અન્ન પુરવઠા સાથે સંકળાયેલ વેપારીઓ જેવા કે, ટ્રેડર્સ/હોલસેલર્સ, રીટેઈલર્સ, બીગ ચેન રીટેઈલર્સ, પ્રોસેસર્સનું ભારત સરકારશ્રીના ઓનલાઈન વેબપોર્ટલ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત કરવામાં આવેલ છે. જેમાં તેઓ પાસેથી અન્ન પુરવઠાના જથ્થાની જાણકારી સાપ્તાહિક ધોરણે મેળવવામાં આવે છે અને તેનુ મોનીટરીંગ કરવામાં આવે છે.

(૨) રાજ્યમાં અન્ન પુરવઠો જળવાઇ રહે તથા ગરીબ અને પાત્ર લાભાર્થીઓને અન્ન પુરવઠાનું વિતરણ થાય તે માટે"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ નોંધાયેલ પાત્ર લાભાર્થીઓને **જાહેર વિતરણ વ્યવસ્થા** અંતર્ગત ઘંઉ અને ચોખાનુંવિનામૂલ્યે તેમજરાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્ય સરકારની યોજના અન્વયે ખાંડ, ચણા, તુવેરદાળ, મીઠાના જથ્થાનું દર માસે અને ખાદ્યતેલનું (વર્ષમાં બે વખત) રાહતદરે વિતરણ કરવામાં આવે છે.

(૩) અન્ન પુરવઠો અને ખાદ્યતેલ સહિત જરૂરી આવશ્યક ચીજ વસ્તુઓના ભાવો ઉપર સતત નજર રાખવા માટે ભારત સરકારશ્રીની"Strengthening of Price Monitoring Cell (SPMC)" યોજના અમલમાં છે, જેમાં અલગ અલગ જિલ્લાઓ અને બજાર કેન્દ્રોમાંથી દૈનિક ભાવોની નોંધણી કરવામાં આવે છે અને તેનું મોનીટરીંગ કરવામાં આવે છે.હાલમાં, ભારત સરકારશ્રી દ્વારા ઘઉંમાં સ્ટોક લિમિટ દાખલ કરેલ છે જેની અમલવારી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

ભાગ–૧

પત્રક–૧
તારાંકીત પ્રશ્નક્રમાંક :– ૧૫/૮/૧૦૪૭
ધારાસભ્યશ્રી :–શ્રી અમિત ચાવડા (આંકલાવ)
અન્ન પુરવઠો અનેખાદ્યતેલના ભાવ નિયંત્રણ માટે જોગવાઇ
માહે–જાન્યુઆરી–૨૦૨૪થી ડિસેમ્બર–૨૦૨૪ સુધી માસના છેલ્લા દિવસે ખાદ્યતેલનો ભાવ દર્શાવતુ પત્રક

અ.નં	માસ નુનામ	સિંગતેલ		મસ્ટર્ડઓઇલ		વનસ્પતિઘી		સોયાબીન		
		છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)
૧	જાન્યુઆરી–૨૦૨૪	૧૮૫	૨૯૪૫	૧૪૨	૧૯૦૨	૧૩૮	૧૮૪૧	૧૩૩	૧૮૦૩	૧૨૨
૨	ફેબ્રુઆરી–૨૦૨૪	૧૮૫	૨૬૨૨	૧૩૯	૧૯૩૮	૧૩૧	૧૭૬૭	૧૩૦	૧૮૦૭	૧૨૪
૩	માર્ચ–૨૦૨૪	૧૮૦	૨૫૬૧	૧૩૯	૧૯૫૫	૧૩૩	૧૮૭૦	૧૩૭	૧૮૮૨	૧૨૫
૪	એપ્રિલ–૨૦૨૪	૧૮૧	૨૫૯૪	૧૪૧	૧૯૩૩	૧૩૫	૧૮૧૫	૧૨૫	૧૮૧૩	૧૧૭
૫	મે–૨૦૨૪	૧૮૩	૨૫૬૧	૧૪૦	૧૯૩૩	૧૩૦	૧૭૬૬	૧૨૯	૧૭૬૪	૧૨૪
૬	જુન–૨૦૨૪	૧૮૩	૨૫૫૦	૧૪૫	૨૦૨૫	૧૩૪	૧૮૩૮	૧૩૮	૧૮૧૫	૧૩૬
૭	જુલાઇ–૨૦૨૪	૧૭૫	૨૪૪૯	૧૪૬	૨૧૨૮	૧૩૧	૧૯૧૨	૧૨૯	૧૮૪૫	૧૨૬
૮	ઓગષ્ટ–૨૦૨૪	૧૬૯	૨૪૧૨	૧૩૮	૧૯૦૭	૧૧૯	૧૬૧૨	૧૧૮	૧૬૧૮	૧૨૦
૯	સપ્ટેમ્બર–૨૦૨૪	૧૭૪	૨૫૨૦	૧૫૯	૨૧૮૧	૧૨૯	૧૭૫૭	૧૩૦	૧૭૮૬	૧૨૯
૧૦	ઓકટોબર–૨૦૨૪	૧૮૬	૨૬૬૫	૧૭૮	૨૪૨૯	૧૩૮	૧૯૩૮	૧૩૭	૧૮૮૯	૧૪૨
૧૧	નવેમ્બર–૨૦૨૪	૧૮૯	૨૭૪૫	૧૭૬	૨૪૪૪	૧૪૧	૧૯૧૪	૧૪૩	૧૯૮૩	૧૪૪
૧૨	ડિસેમ્બર–૨૦૨૪	૧૮૯	૨૭૨૮	૧૭૭	૨૫૦૪	૧૪૩	૧૯૮૬	૧૪૭	૨૦૬૮	૧૪૮

ભાગ–૨

પત્રક–૧
તારાંકીત પ્રશ્નક્રમાંક :– ૧૫/૮/૧૦૪૭
ધારાસભ્યશ્રી :–શ્રી અમિત ચાવડા (આંકલાવ)
અન્ન પુરવઠો અનેખાદ્યતેલના ભાવ નિયંત્રણ માટે જોગવાઇ
માહે–જાન્યુઆરી–૨૦૨૪થી ડિસેમ્બર–૨૦૨૪ સુધી માસના છેલ્લા દિવસે ખાદ્યતેલનો ભાવ દર્શાવતુ પત્રક

અ.નં	માસ નુનામ	સનફ્લાવર		પામોલીન		કપાસીયા		રાઇડા	
		છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)
૧	જાન્યુઆરી–૨૦૨૪	૧૨૨	૧૭૪૬	૧૦૭	૧૫૩૬	૧૨૭	૧૮૦૦	૧૩૮	૧૮૫૨

૨	ફેબ્રુઆરી–૨૦૨૪	૧૨૪	૧૭૩૫	૧૦૨	૧૪૭૯	૧૨૬	૧૮૪૮	૧૩૭	૨૦૦૮
૩	માર્ચ–૨૦૨૪	૧૨૫	૧૭૬૫	૧૧૨	૧૬૦૫	૧૨૮	૧૮૬૮	૧૪૭	૨૧૬૦
૪	એપ્રિલ–૨૦૨૪	૧૧૭	૧૭૨૩	૧૧૦	૧૫૬૪	૧૨૬	૧૮૩૬	૧૪૩	૨૦૮૫
૫	મે–૨૦૨૪	૧૨૪	૧૭૨૭	૧૦૫	૧૪૯૬	૧૨૨	૧૭૭૭	૧૩૫	૧૯૬૯
૬	જુન–૨૦૨૪	૧૩૬	૧૮૩૮	૧૨૨	૧૭૦૩	૧૨૦	૧૭૬૦	૧૪૮	૨૧૭૦
૭	જુલાઇ–૨૦૨૪	૧૨૬	૧૭૬૫	૧૧૩	૧૬૦૦	૧૧૮	૧૭૨૦	૧૪૦	૨૦૩૭
૮	ઓગષ્ટ–૨૦૨૪	૧૨૦	૧૬૪૮	૯૬	૧૩૪૪	૧૧૨	૧૪૯૫	૧૨૯	૧૯૦૦
૯	સપ્ટેમ્બર–૨૦૨૪	૧૨૯	૧૭૮૩	૧૨૭	૧૭૫૨	૧૨૬	૧૭૧૫	૧૩૫	૧૮૭૬
૧૦	ઓકટોબર–૨૦૨૪	૧૪૨	૧૯૫૬	૧૪૨	૨૦૦૯	૧૫૪	૧૮૪૪	૧૨૭	૧૮૬૦
૧૧	નવેમ્બર–૨૦૨૪	૧૪૪	૨૦૧૧	૧૨૫	૧૮૩૦	૧૫૬	૨૧૩૫	૧૩૪	૧૮૬૭
૧૨	ડિસેમ્બર–૨૦૨૪	૧૪૮	૨૦૮૯	૧૨૮	૧૮૭૫	૧૫૬	૨૧૩૮	૧૩૪	૧૮૬૮

સ્ત્રોત :– ભારત સરકારશ્રીની P MC ની સાઇટ તથાપીડીએસ સાઇટના દૈનિક ભાવના ડેટા ઉપરથી સંરેરાશ ભાવ

ભાગ–૧

પત્રક–૨									
તારાંકીત પ્રશ્નક્રમાંક :– ૧૫/૮/૧૦૪૭									
ધારાસભ્યશ્રી :–શ્રી અમિત ચાવડા (આંકલાવ)									
અન્ન પુરવઠો અનેખાદ્યતેલના ભાવ નિયંત્રણ માટે જોગવાઇ									
માહે–જાન્યુઆરી–૨૦૨૫થી ડિસેમ્બર–૨૦૨૫ સુધી માસના છેલ્લા દિવસે ખાદ્યતેલનો ભાવ દર્શાવતુ પત્રક									
અ.નં	માસનુ નામ	સિંગતેલ		મસ્ટર્ડઓઇલ		વનસ્પતિઘી		સોયાબીન	
		છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)
૧	જાન્યુઆરી–૨૦૨૫	૧૮૭	૨૬૮૨	૧૭૭	૨૫૦૨	૧૪૫	૨૦૨૫	૧૪૮	૨૦૬૨
૨	ફેબ્રુઆરી–૨૦૨૫	૧૮૭	૨૭૦૭	૧૭૦	૨૪૨૦	૧૪૭	૨૦૬૯	૧૪૪	૨૦૩૫
૩	માર્ચ–૨૦૨૫	૧૮૭	૨૬૯૧	૧૭૧	૨૪૩૧	૧૫૩	૨૧૮૪	૧૪૬	૨૦૩૨
૪	એપ્રિલ–૨૦૨૫	૧૭૨	૨૫૧૫	૧૭૩	૨૪૪૮	૧૫૦	૨૦૭૫	૧૪૫	૨૦૪૭
૫	મે–૨૦૨૫	૧૬૭	૨૪૭૦	૧૬૦	૨૪૩૧	૧૪૬	૨૧૪૭	૧૫૩	૨૦૩૨
૬	જુન–૨૦૨૫	૧૬૮	૨૪૩૩	૧૬૪	૨૩૩૮	૧૪૨	૧૯૭૮	૧૫૦	૨૧૫૭
૭	જુલાઇ–૨૦૨૫	૧૬૭	૨૪૪૯	૧૬૬	૨૪૨૧	૧૩૮	૧૯૮૭	૧૫૦	૨૧૫૨
૮	ઓગષ્ટ–૨૦૨૫	૧૪૬	૨૪૫૧	૧૬૪	૨૪૧૭	૧૨૬	૧૮૪૫	૧૪૩	૨૧૦૦
૯	સપ્ટેમ્બર–૨૦૨૫	૧૬૮	૨૪૬૧	૧૭૧	૨૪૯૩	૧૩૯	૧૯૮૧	૧૪૫	૨૦૮૫
૧૦	ઓકટોબર–૨૦૨૫	૧૬૮	૨૪૫૬	૧૭૪	૨૫૨૪	૧૩૭	૧૯૭૫	૧૪૩	૨૦૫૭
૧૧	નવેમ્બર–૨૦૨૫	૧૬૮	૨૪૬૬	૧૭૨	૨૫૩૩	૧૩૭	૧૯૮૪	૧૪૫	૨૦૮૪
૧૨	ડિસેમ્બર–૨૦૨૫	૧૬૮	૨૪૮૧	૧૭૧	૨૫૧૬	૧૩૯	૧૯૮૧	૧૪૩	૨૦૬૨

સ્ત્રોત :– ભારત સરકારશ્રીની P MC ની સાઇટ તથા પીડીએસ સાઇટનાદૈનિક ભાવના ડેટાઉપરથી સરેરાશ ભાવ

ભાગ–૨

પત્રક–૨
તારાંકીત પ્રશ્નક્રમાંક :– ૧૫/૮/૧૦૪૭
ધારાસભ્યશ્રી :–શ્રી અમિત ચાવડા (આંકલાવ)

અન્ન પુરવઠો અનેખાદ્યતેલના ભાવ નિયંત્રણ માટે જોગવાઇ									
માહે–જાન્યુઆરી–૨૦૨૫થી ડિસેમ્બર–૨૦૨૫ સુધી માસના છેલ્લા દિવસે ખાદ્યતેલનો ભાવ દર્શાવતુ પત્રક									
અ.નં	માસનુ નામ	સનફલાવર		પામોલીન		કપાસીયા		રાઇડા	
		છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)	છુટક (૧ કિ.ગ્રા./રૂ.)	જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા./રૂ.)
૧	જાન્યુઆરી–૨૦૨૫	૧૪૮	૨૦૭૧	૧૪૬	૨૦૮૩	૧૪૬	૨૦૦૧	૧૩૪	૧૮૬૦
૨	ફેબ્રુઆરી–૨૦૨૫	૧૫૩	૨૧૯૩	૧૫૦	૨૧૦૭	૧૫૦	૨૦૪૯	૧૨૯	૧૭૯૧
૩	માર્ચ–૨૦૨૫	૧૫૪	૨૨૨૫	૧૫૦	૨૧૬૩	૧૫૮	૨૧૨૫	૧૩૪	૧૮૬૦
૪	એપ્રિલ–૨૦૨૫	૧૫૮	૨૨૪૬	૧૪૯	૨૦૮૨	૧૫૬	૨૧૪૭	૧૩૪	૧૮૭૧
૫	મે–૨૦૨૫	૧૬૦	૨૨૨૫	૧૪૭	૨૧૬૩	૧૫૨	૨૦૮૦	૧૩૦	૧૮૦૩
૬	જુન–૨૦૨૫	૧૬૦	૨૨૮૮	૧૩૬	૨૦૧૫	૧૫૭	૨૧૫૨	૧૩૪	૧૮૫૮
૭	જુલાઇ–૨૦૨૫	૧૫૮	૨૩૦૬	૧૪૦	૨૦૦૬	૧૪૧	૧૯૨૦	૧૩૪	૧૮૫૬
૮	ઓગષ્ટ–૨૦૨૫	૧૫૩	૨૨૩૨	૧૩૩	૧૯૨૩	૧૪૫	૧૯૭૫	૧૩૩	૧૮૪૫
૯	સપ્ટેમ્બર–૨૦૨૫	૧૫૭	૨૨૭૯	૧૪૦	૨૦૦૬	૧૪૭	૨૦૦૩	૧૩૪	૧૮૬૧
૧૦	ઓકટોબર–૨૦૨૫	૧૫૬	૨૨૬૬	૧૩૮	૧૯૮૯	૧૪૭	૨૦૦૦	૧૩૪	૧૮૭૩
૧૧	નવેમ્બર–૨૦૨૫	૧૫૬	૨૨૭૬	૧૪૦	૧૯૯૯	૧૪૭	૨૦૦૦	૧૩૩	૧૮૬૩
૧૨	ડિસેમ્બર–૨૦૨૫	૧૫૬	૨૨૭૯	૧૩૯	૧૯૯૫	૧૩૯	૧૯૦૦	૧૨૭	૧૭૬૭

અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ઝોનફેર

15/8/553**શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા):માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી જણાવવાકૃપા કરશે કે:–**

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૨૫–૦૧–૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ(ઔડા)માં સમાવેશ થતા વિસ્તારમાં કેટલી જમીનોમાં ઝોનફેર કરવાની માંગણી સરકારને મળી,	(૧)	કુલ–૧૪.
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીનોમાં ઝોનફેર કરવાની મંજૂરી આપવામાં આવી, અને	(૨)	કુલ–૦૬.
(૩)	ઉક્ત સ્થિતિએ કેટલી જમીનોની સ્કીમોમાં એફ.એસ.આઈ. વધારી આપવામાં આવી?	(૩)	શૂન્ય.

પંડિત દિનદયાળ ઉપાદ્યાય યોજના હેઠળના અનાજ વિતરક દુકાન સંચાલકોના કમિશનમાં વધારો

15/8/681શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા (દેડીયાપાડા): માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૨૮/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં પંડિત દિનદયાળ ઉપાદ્યાય યોજના હેઠળના સરકાર માન્ય અનાજ વિતરક દુકાન સંચાલકો દ્વારા કમિશનમાં વધારો કરી આપવાની અરજીઓ વિભાગને મળેલ છે,તે હકીકત સાચી છે, અને	(૧)	હા.
(૨)	જો હા, તો ઉકત સ્થિતિએ ઉક્ત સંચાલકોને કયા દરે કમિશન ચૂકવવામાં આવે છે ?	(૨)	વાજબી ભાવના દુકાન સંચાલકોને ચૂકવવામાં આવતા કમિશનની માહિતી પત્રક–૧ માં સામેલ રાખેલ છે.

પત્રક – ૧				
ક્રમ	જણસીનું નામ	વ્યક્તિગતવાજબીભાવનીદુકાન સંચાલકમળવાપાત્રકકમીશન રૂ.	સહકારી મંડળી સંચાલીત વાજબીભાવનીદુકાન મળવાપાત્રકકમીશન રૂ. (પ્રતિ કવિન્ટ્લ)	આદિજાતિસહકારી મંડળી સંચાલીત વાજબીભાવનીદુકાન મળવાપાત્રકમીશન રૂ. (પ્રતિ કવિન્ટ્લ)
૧	ઘઉ અનેચોખા	રૂ.૧૫૦/–(પ્રતિ કવિન્ટ્લ)	રૂ.૧૫૩/–(પ્રતિ કવિન્ટ્લ)	રૂ.૧૫૬/–(પ્રતિ કવિન્ટ્લ)
૨	ePOS (Electronic Point of Sale) મશીન	રૂ.૧૭/–(પ્રતિ કવિન્ટ્લ)	રૂ.૧૭/–(પ્રતિ કવિન્ટ્લ)	રૂ.૧૭/–(પ્રતિ કવિન્ટ્લ)
૩	તુવેરદાળ	રૂ.૩/– પ્રતિકિલોબેગ	રૂ.૩/– પ્રતિકિલોબેગ	રૂ.૩/– પ્રતિકિલોબેગ
૪	ખાંડ	રૂ.૧૫૦/– પ્રતિ કવિન્ટ્લ	રૂ.૧૫૦/– પ્રતિ કવિન્ટ્લ	રૂ.૧૫૦/– પ્રતિ કવિન્ટ્લ
૫	મીઠું	રૂ.૧૫૦/– પ્રતિ કવિન્ટ્લ	રૂ.૧૫૦/– પ્રતિ કવિન્ટ્લ	રૂ.૧૫૦/– પ્રતિ કવિન્ટ્લ
૬	ખાદ્યતેલ	રૂ. ૫/– પ્રતિલીટર પાઉચ	રૂ. ૫/– પ્રતિલીટર પાઉચ	રૂ. ૫/– પ્રતિલીટર પાઉચ
૭	ચણા	રૂ.૩/– પ્રતિકિગ્રા.	રૂ.૩/– પ્રતિકિગ્રા.	રૂ.૩/– પ્રતિકિગ્રા.

પોઇન્ટ ઓફ ઓર્ડર

ઇચ્છિત જવાબ ન મળતાં સભાત્યાગ કરવા અંગે

શ્રી <#Mi /જિતેન્દ્રભાઇ સ. વાઘાણી/Mi #> (કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને વિપક્ષના કોંગ્રેસના સભ્ય શ્રી શૈલેષભાઈનો પ્રશ્ન હતો અને અમારા મંત્રીશ્રી જવાબ આપી રહ્યા હતા. એ બાબતે આપે પણ વાત કરી. સવાલ માનનીય શૈલેષભાઈનો હતો. માનનીય અમિતભાઇ અને એમને ઇન્ટર્નલ ઝઘડા હશે એટલે શ્રી અમિતભાઇએ એવું કહ્યું કે શ્રી શૈલેષભાઇ આવું પૂછવા માગતા હતા. શ્રી શૈલેષભાઇ સિનિયર સભ્ય છે, એમાં હું પડવા માગતો નથી. ઓ.બી.સી.ની વાત છે ત્યાં સુધી ઓ.બી.સી. સમાજને તમામ પ્રકારના રક્ષણો એ નિગમ હોય કે સરકારની વિવિધ યોજનાઓ હોય કે માનનીય શ્રી નરેન્દ્રભાઇની કેન્દ્રની સરકારની અનેકવિધ યોજનાઓ હોય એમાં ગેરંટર પણ બન્યા છીએ અને યોજનાઓમાં ક્યાંય પણ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.નું હિત સચવાય એના માટે માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં કટિબદ્ધ છીએ. એ વાતને માનનીય મંત્રીશ્રી ન મૂકી શકે એ પ્રકારનું વાતાવરણ સભાગૃહમાં બનાવવું, વિધાનસભાના નિયમોના નિયમો, કાર્યરીતિના સામાન્ય નિયમો છે એમાં નિયમ–૨૮– અધ્યક્ષ કહે ત્યારે સભ્ય બોલશે. પાન નં. ૧૨ ઉપર સભાગૃહ સમક્ષની કોઇપણ બાબત પર બોલવા માગતા એક સમયે એક કરતા વધારે સભ્યો ઊભા થાય તો માનનીય અધ્યક્ષશ્રી કહે એ સભ્ય જ બોલવા હક્કદાર થશે. બીજા સભ્યોએ પોતાની જગ્યાએ બેસી જવાનું છે. આપે અવાર–નવાર બેસી જવાનું કહ્યું, માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હોય ત્યારે જવાબ સાંભળ્યા વગર વચ્ચેથી યોજનાકીય રીતે ઊભા થવાનું. દા.ત. આપે મને એલાઉ કર્યો. મંત્રીશ્રીને એવું લાગે તો પૂરક બનીને ટ્રેઝરી બેન્ચ વાત કરી શકતી હોય છે. એ વખતે પણ એમણે મને બોલવા ન દીધો. આમ, અમને મળેલા અધિકારોનું પણ ઉલ્લંઘન અહીંયા થતું જોવા મળે છે. ફિલ્ડમાં હોય, ચૂંટણીમાં હોય કે ગમે તે જગ્યાએ હોય ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય કે ભારતીય જનતા પાર્ટીના અમારા અધ્યક્ષ શ્રી જગદીશભાઇ એનાથી ક્યારેય મૂંઝાયા નથી. અમે ક્યારેય એમનાથી બીતા નથી. જ્યારે જે કરવું પડે એ પ્રજાની વચ્ચે જઇ કર્યું છે અને અમે પ્રજાનો વિશ્વાસ જીત્યો છે. વિશ્વાસ એ જીતી શકતા નથી અને ગૃહમાં આવીને આવા પ્રકારની વાતો કરવી? પ્રજા પાસેથી વિશ્વાસ જીતવાનો છે. ત્યાં પ્રજા નથી સ્વીકારતી. આ પ્રકારે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો છે એ પણ નિયમ–પર નું ઉલ્લંઘન છે. આપના નિર્ણયો છે એમાં પાન નં. ૨૫૨ ઉપર 'સભ્યશ્રી ઇચ્છે તેવો પ્રશ્નો જવાબ આપવા માનનીય મંત્રીશ્રીને ફરજ પાડી શકાય નહીં.' પાન નં. ૨૫૩ ઉપર આપ કહો તો નિર્ણય (ગ) પણ વાંચી જાઉ. તેમાં સભ્યને સંતોષ થાય એ રીતે મંત્રીએ જવાબ આપવો જોઇએ એવી અપેક્ષા રાખી શકાય નહીં. તા. ૩૧મી માર્ચ, ૧૯૬૪ના રોજ ભાવનગર જિલ્લાના રંઘોળા તળાવ વિસ્તારના ખેતી વપરાશ માટેની વિદ્યુતના ગ્રાહકોની વીજળી સબસિડી આપવા બાબતના પોતાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૬૬૪૦ ઉપરની પ્રશ્નોત્તરી દરમિયાન એક પૂરક પ્રશ્નના જવાબથી શ્રી પ્રતાપરાય શાહને સંતોષ ન થયો ત્યારે શ્રી શાહે માનનીય અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને જણાવ્યું કે તેમને સંતોષ થાય તેવો જવાબ મળવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી ફતેહઅલી પાલેજવાલાએ નિર્ણય આપ્યો છે કે જે સવાલો પૂછવામાં આવે એના જવાબ માનનીય મંત્રીશ્રીએ આપવાના છે. આપને સંતોષ થાય અને દરેકને સંતોષ થાય એ પ્રમાણે જવાબ આપે એ અપેક્ષા રાખવી બિલકુલ બરાબર નથી. આ પ્રકારે મને લાગે છે કે વિધાનસભાના નિયમોના નિયમનું ઉલ્લંઘન છે. અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોનું ઉલ્લંઘન છે અને વારંવાર યોજનાકીય રીતે અહીંયા આવવું એ પણ નિયમોના નિયમનું ઉલ્લંઘન છે ત્યારે આપનું માર્ગદર્શન અને નિર્ણય માગું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીઓએ વોકઆઉટ કરીને ગયા. એમણે વધારાની માહિતી જેનો આ પ્રશ્નમાં સમાવેશ થતો નહતો એ માહિતી પણ માનનીય મંત્રશ્રી એ વખતે આપતા હતા. એમનો કહેવાનો અર્થ એ હતો કે વિભાગ અને રાજ્ય સરકારે અમુક ચોક્કસ હેતુ પાર પાડવા માટે નિગમો બનાવેલા છે. એ નિગમો પાસે થોડા હિસ્સાની બજેટમાં જોગવાઇ કરેલી છે. બાકી મોટા હિસ્સાનો વિભાગ કરોડો રૂપિયા એની પાછળ ખર્ચે છે એની માહિતી પણ માનનીય મંત્રીશ્રી આપવા માગતા હતા. પરંતુ એના કારણે જે સાચી માહિતી એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને ઇ.બી.સી પ્રકારના વર્ગો છે એના માટે રાજ્ય સરકાર કેટલો ખર્ચ કરે છે એ બજેટની પૂરી માહિતી એમની પાસે છે. પરંતુ એ પૂરી માહિતી રેકોર્ડ ઉપર ના આવે અને માત્ર વિભાગ પૂરતી જ માહિતી રહે. અમુક નિગમોમાં થોડીક વધારે જોગવાઇ હશે. અમુક નિગમોમાં ઓછી હશે. પરંતુ ઓવરઓલ જે બજેટની જોગવાઇ છે એ તો કદાચ બીજા કોઇ રાજ્યોમાં ના હોય એટલી જોગવાઇ આપણે નબળા વર્ગો માટે કરેલી છે, પરંતુ એ રેકોર્ડ ઉપર આવવા દેવું ના હતું એટલે આ ગૃહના કામકાજને અવરોધીને એ અહીંયાથી વોકઆઉટ કરી ગયા. પ્રશ્નોત્તરીના સમયમાં આવા કોઇપણ મુદ્દા ઉઠાવી શકાતા નથી. ઉઠાવવા હોય તો જે રીતે અમે અને માનનીય જીતુભાઇએ ઉઠાવ્યા એ પ્રશ્નોત્તરી કાળ પછી ઊઠાવવા જોઇતા હતા. એટલે માનનીય અધ્યક્ષશ્રી, અમારી વિનંતી છે કે આ સભ્યો વારંવાર અવરોધ કરે છે એમને ઠપકો આપવો જોઇએ.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આજની આ ગૃહની કાર્યવાહીમાં આપણે જે જોયું છે તે પ્રમાણે વોકઆઉટ કરવાનો એક માત્ર આશય અમે દલિત, આદિવાસી અને બક્ષીપંચના હામી છીએ એવી સત્તા–લોલુપતા સાથે સસ્તી પ્રસિદ્ધિ માટે કરેલું આ વોકઆઉટ છે. મારે સીધે સીધું પૂછવું છે કે દિલ્હીની પાર્લામેન્ટમાં હોય તો માનનીય પ્રધાનમંત્રીશ્રીને પોતાની સીટ સુધી નહીં પહોંચવા દેવા માટે મહિલાઓને આગળ કરવી અને ગુજરાત વિધાનસભામાં એક વિદ્વવાન મહિલા પોતાનો પૂરો વિષય મૂકે તે પહેલા એને નહીં સાંભળવું. માત્ર મહિલા નહીં, દલિત વિદ્વવાન મહિલાને એમની પોતાની વાત નહીં રજૂ કરવા દેવાનો એમણે પ્રયાસ કર્યો છે. હું માનું છું તેમ વિધાનસભાના નિયમોના નિયમ–૫૨ પ્રમાણે આપની અનેક વખતની સૂચનાઓ હોવા છતાંય વિરોધપક્ષના કોંગ્રેસના સભ્યોએ જે વોકઆઉટ કર્યું છે. *(xxx)

અધ્યક્ષશ્રી : હવે કોઇને કાંઇ કહેવું નથી ને? આ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર માનનીય સિનિયર મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ પણ મારું ધ્યાન દોર્યું અને માનનીય અર્જુનભાઇ મોઢવાડિયાએ પણ એમને ઠપકો આપવા માટેની માગણી કરી છે અને સાથેસાથે માનનીયશ્રી રમણલાલ વોરાએ પણ ધ્યાન ઉપર મૂક્યું. આ બધી બાબતોમાં અનેક ચૂકાદાઓ અને નિર્ણયો આપેલા છે. વિધાનસભાના નિયમો પણ સ્વંસ્પષ્ટ છે. અધ્યક્ષશ્રીની ચેર ઉપરથી કહેવામાં આવે તે જ માનનીય સભ્યશ્રીઓએ ત્યાં ઊભા થઇને બોલવાનું હોય છે, એક બીજું માનનીય મંત્રીશ્રી, જવાબ આપતા હોય ત્યારે તેમનો જવાબ સાંભળવાનો હોય. તેમનો જવાબ પૂરો થયા પછી જ બાકી પેટા પ્રશ્નો હોય તો તે પૂછી શકે. પરંતુ કોઇપણ માનનીય ધારાસભ્યશ્રી એવું કહી શકે કે માનનીય મંત્રીશ્રીએ આવો જ જવાબ આપવાનો તો તેના માટે વિધાનસભાના નિયમો પણ સ્વયંસ્પષ્ટ છે કે મંત્રીશ્રીને એ પ્રમાણે ના કહી શકાય કે તમારે આ પ્રમાણેનો જ જવાબ આપવાનો. જવાબ આપવાનો અધિકાર માનનીય મંત્રીશ્રીનો છે. તેનાથી જો સંતોષ ના હોય તો અહીંયા પણ ફરી પેટા પ્રશ્ન પૂછી શકે અને તે સિવાય પણ બાકી લાગે કે યોગ્ય પ્રશ્ન નથી તો તે માટેની પણ નિયમોમાં જોગવાઇઓ કરવામાં આવી છે. પ્રશ્નોત્તરી કાળ એ તમામ સભ્યશ્રીઓ માટે અને રાજયની પ્રજા માટે ખૂબ અગત્યનો હોય છે. આ સમય દરમિયાન રાજયના લોકોના અનેક પ્રશ્નોના ઉકેલ કરવાની પ્રક્રિયા અહીંયા આગળ થતી હોય છે તે સમયની અંદર કોઇપણ પ્રકારની ખલેલ પહોંચાડવી એ કોઇપણ રીતે વ્યાજબી નથી. મેં કોંગ્રેસ પાર્ટીના માનનીય સભ્યશ્રીઓને વારંવાર કહ્યું કે આપ અત્યારે બેસી જાવ. હાલનો સમય એ પ્રશ્નોત્તરી કાળનો છે એ સમય દરમિયાન તમારે આ પ્રશ્ન અંગે પોઇન્ટ ઓફ ઓર્ડર કે બાકી કંઇ કરવું હોય તો પણ પાછળથી કરતા હોઇએ છીએ પરંતુ તેમણે તેવું કરવાને બદલે માનનીય મંત્રીશ્રી જ્યારે પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા એ દરમિયાન, હજી માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થઇ ગયો હોય અને પછી હજી તેનાથી સંતોષ નથી થયો એમ કહે તો વાત વ્યાજબી છે પરંતુ હજી જવાબ આપવાનું ચાલુ છે અને તે દરમિયાન જ ઊભા થઇ જવું એ મને લાગે છે કે મીડિયાનું ધ્યાન આકર્ષિત કરવાનો તેમણે પ્રયત્ન કર્યો હોય એવું ફલિત થતું હતું. તે પછી પણ તેઓ બેસી શકયા હોત, મેં કહ્યા પછી પણ તેમણે વોકઆઉટ કરવાને બદલે અહીંયા બેસીને તેઓ બાકીના પણ ખૂબ અગત્યના પ્રશ્નો હતા, એમાં કેટલાક કોંગ્રેસ પાર્ટીના સભ્યોના પ્રશ્ન પૂછેલા હતા. પ્રજાના પ્રશ્નોનો ઉકેલ આવે તે માટે વધુ અસરકારક રજૂઆત અહીયાં બેસીને તેઓ કરી શક્યા હોત, પરંતુ તેવું પણ માનનીય સભ્યશ્રીઓએ કર્યું નહીં. હું કોંગ્રેસના અને બાકીના સભ્યોને કહું છું કે સભાગૃહના સભ્ય તરીકે આપણે બધા એ બાબતે ગંભીરતા લઇએ કે આ એક કલાકનો સમય એ બધા માટે ખૂબ અગત્યનો છે, રાજયની પ્રજા માટે અગત્યનો છે અને કોંગ્રેસ પાર્ટીના સભ્યો આ પ્રમાણેની કાર્યવાહી ન કરે તેવી તેમને ખાસ ટકોર પણ કરું છું... નેકસ્ટ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય રમણભાઇ, પૂર્વ સ્પીકરશ્રી અમારા સાથી છે, માનનીય રમણભાઇએ જે દરખાસ્ત મૂકવાની વાત કરી છે, માનનીય મુખ્યમંત્રી ખૂબ લાગણીસભર છે અને લોકશાહી ઢબે ચાલે છે.

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર તમે જજમેન્ટ પછી કંઇ નહીં કહી શકો.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર નથી કહેતો, માત્ર ધ્યાન દોરું છું કે આપે ભૂતકાળની અંદર અનેકવાર આવી વાત આ જ સભ્યશ્રીઓને કરી છે જે આજે આ ગૃહ છોડીને ચાલ્યા ગયા છે. આ પરંપરા ફરી પાછી રહે એ પણ વ્યાજબી નથી. આજના દિવસે એમની જે લાગણી છે એમાં મુખ્યમંત્રીશ્રી બધા લોકશાહી ઢબે ભાગ લે પણ આપે જે નિર્ણય આપ્યો છે એ નિર્ણય ઉપર ચાલુ સત્ર દરમિયાન કયારેય પણ ફરી વખત આ પ્રકારની પ્રવૃત્તિ કરે તો એ સાંખી ના લેવાય. આપ તો એના માટે અધિકૃત છો પણ ફરી વખત ભવિષ્યમાં ખાલી સભાગૃહ મારફત એમને જણાવવા કહ્યું કે અમારે ફરી વખત એમને કાર્યવાહીમાંથી દૂર કરવાની ફરજ ના પડે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે માનનીય રમણભાઇએ દરખાસ્ત મૂકવાની વાત કરી છે..

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ આપને દરખાસ્ત મૂકવાનું નિયમો પ્રમાણે કહી શકતા નથી, એ માનનીય મંત્રીશ્રીનો અબાધિત અધિકાર છે. આપે જ દરખાસ્ત મૂકવાની હોય છે. *(**xxx)**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વાંધો નહીં સાહેબ, હું માત્ર આપનું ધ્યાન દોરું છું. ગયા સત્રની અંદર આપે આવા જ પ્રકારના નિર્ણયો વારંવાર આપ્યા છે છતાં..

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા પૂરી થઇ છે, મેં જજમેન્ટ આપી દીધું છે એટલે એ વિષય નહીં, તમારે નવો પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કરવો હોય તો બિલકુલ કરી શકો પરંતુ મેં જે નિર્ણય આપ્યો છે એના ઉપર નહીં.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી :માનનીય અધ્યક્ષશ્રી, હું આપના નિર્ણય ઉપર નથી બોલતો.

અધ્યક્ષશ્રી : તો શેના ઉપર બોલવું છે? કયા નિયમ પ્રમાણે બોલવું છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી માત્ર એટલી વિનંતી છે કે ભવિષ્યમાં આ પ્રકારે પુનઃ એકવાર ઊભા થાય, એકને એક વાત માં આપે..

અધ્યક્ષશ્રી : મેં જે નિર્ણય કર્યો છે તેની સામે તમારે વધારે કંઇ કહેવુ છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : મારે માત્ર એમને ટકોર કરવી છે અને મારી માત્ર એટલી વિનંતી છે કે એમને ઠપકો આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : મેં ઠપકો આપ્યો છે, એ તમે સાંભળ્યો હશે, મેં સભાગૃહની અંદર જ એમને ઠપકો આપ્યો છે. મેં એમને કહ્યું છે. મેં એમને મારા શબ્દોની અંદર જ ઠપકો આપ્યો છે અને તમે બરાબર દરખાસ્ત મૂકી છે, તમે દરખાસ્ત ખોટી મૂકી એવો વિષય નથી, *(**xxx)** તમે જે નિર્ણય કર્યો છે, માનનીય અર્જુનભાઇએ પણ કહ્યું અને માનનીય રમણભાઇએ પણ કહ્યું, ત્રણેયનું સાંભળ્યા પછી જ મેં મારું જજમેન્ટ આપ્યું, આ નિર્ણય કર્યો છે.

બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલની રજૂઆત

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો દસમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

(આ તબક્કે માનનીય સભ્યશ્રીઓ તથા માનનીય મંત્રીશ્રી ગૃહની બહાર નીકળે છે.)

અધ્યક્ષશ્રીની ટકોર

અધ્યક્ષશ્રી: મતદાન પરની પ્રક્રિયા ચાલે છે એ દરમિયાન કોઇ માનનીય સભ્યશ્રીઓ પોતાનું સ્થાન નહિ છોડે. માનનીય અર્જુનભાઇ, માનનીય અરૂણસિંહ ભાઇ, માનનીય મંત્રીશ્રી પોતાના સ્થાન પર બેસો. અત્યારે પ્રસ્તાવ મત પર મૂકવાનો છે. એ દરમિયાન તમે બહાર ન નીકળી શકો. અતિ અગત્યનું કામ હોય ત્યારે જ તમે જઇ શકો છો. બાકી કોઇ સભ્યો આ રીતે ન જઇ શકે.

બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : હવે કોઇ સભ્યશ્રીઓને બહાર જવું હોય તો જઇ શકાશે.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી બાબુભાઇ જ. પટેલ (દસ્કોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ અંદાજપત્ર પર સહકાર વિષય અન્વયે આજની આ સામાન્ય ચર્ચામાં મારું મંતવ્ય રજૂ કરવા હું ઊભો થયો છું.

ગુજરાત એ સહકારિતાની પ્રયોગશાળા છે અને આપણા રાજ્યમાં ૯૨,૦૦૦થી વધુ સહકારી મંડળીઓ ગ્રામ્ય અર્થતંત્રની કરોડરજ્જુ બનીને કાર્ય કરી રહી છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના 'સહકારથી સમૃદ્ધિ' ના મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા આપણી સરકાર કટિબદ્ધ છે. આ સાથે માનનીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શાહના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલ પહેલોમાં સહકાર ખાતાની ભૂમિકા મહત્ત્વની છે જેમાં હાલમાં પેક્સ થકી ગ્રામ્ય અર્થતંત્રને વેગવંતુ અને મજબૂત બનાવવાના પ્રયાસના ભાગરૂપે ગુજરાતમાં પણ ૧૦,૦૦૦થી વધુ પેક્સ મારફત આ કામગીરી વધુ સુદૃઢ બનાવવાના પ્રયાસો સહકાર ખાતા મારફત થઈ રહેલ છે. પેક્સ (PACS)ને અદ્યતન બનાવવા માટે પ્રથમ ચરણમાં કુલ ૫૬૦૦ થી વધુ સેવા સહકારી મંડળીઓનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે. ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ બેંક તથા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો દ્વારા ૧૨,૦૦૦ થી વધુ માઇક્રો–એટીએમ સ્થાપીને અને ૧૯ લાખ પશુપાલકોને ડેબિટ કાર્ડ આપીને આપણે સહકારીતાના માધ્યમથી છેવાડાના માનવી સુધી બેંકિંગ સવલતો પૂરી પાડી છે. સહકારી ક્ષેત્રને વૈશ્વિક બજાર સાથે જોડવા માટે નેશનલ કો–ઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડ (NCEL) મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

NCEL દ્વારા ગુજરાતની સહકારી મંડળીઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓ હવે વિશ્વના બજારોમાં નિકાસ થઈ શકશે. આ પહેલ 'લોકલ ટુ ગ્લોબલ' ના સંકલ્પને સાકાર કરી સહકારી સંસ્થાઓની આર્થિક સદ્ધરતામાં મોટો વધારો કરશે. આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ – ૨૦૨૫ (ICY)ની ઉજવણીના ભાગરૂપે ગુજરાતે ઇતિહાસ રચ્યો છે. કેન્દ્ર સરકારની વિવિધ પહેલો જેવી કે જી.એસ.ટી. સુધારા, સહકારી માળખાનું વિસ્તૃતીકરણ, પશુપાલકો તથા ખેડૂતોના આર્થિક હિતનું રક્ષણ, સ્વદેશી અને આત્મનિર્ભર ભારત જેવા વિવિધ વિષયો પરત્વે કૃતજ્ઞતા વ્યક્ત કરતા પોસ્ટકાર્ડ લખીને એક અભૂતપૂર્વ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે. આ વર્ષ દરમિયાન 'સહકાર સંવાદ' જેવા કાર્યક્રમો દ્વારા મહિલા સહકારી સભ્યો સાથે સીધો સંવાદ સાધી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. જે સાબિત કરે છે કે ગુજરાત સહકાર ક્ષેત્રે આજે વૈશ્વિક સ્તરે એક આદર્શ મોડેલ તરીકે ઊભરી આવ્યું છે અને તેમાં ગુજરાતની મહિલાઓ પણ એટલી જ સક્રિય છે. ગુજરાતનો છેવાડાનો સહકારી સભ્ય અને ગુજરાતનો છેવાડાનો માનવી આજે સીધો રાષ્ટ્રના નેતૃત્વ સાથે જોડાયેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં મહાત્મા મંદિર ખાતે કેન્દ્રીય સહકાર મંત્રીશ્રીની અધ્યક્ષતામાં ''સહકાર મંથન'' બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં દેશના તમામ રાજ્યોના સહકાર મંત્રીશ્રીઓએ ભાગ લીધો હતો. જેમાં સહકારથી સમૃદ્ધિના લક્ષ્યાંકને હાંસલ કરવા અને પી.એ.સી.એસ.ને વધુ બહુહેતુક બનાવવા અંગે ઐતિહાસિક નિર્ણયો લેવાયા છે. આપણું ગૌરવ એવી અમૂલ સંસ્થાએ વૈશ્વિક સ્તરે ડંકો વગાડ્યો છે. વિશ્વ સહકારી મોનિટરના અહેવાલ મુજબ, અમૂલ તેના ટર્નઓવરની દ્રષ્ટિએ વિશ્વમાં પ્રથમ ક્રમે રહી છે. આ સફળતાનો સીધો લાભ રાજ્યના લાખો પશુપાલક પરિવારોને મળી રહ્યો છે. આ સાથે તાજેતરમાં જ માનનીય કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે આણંદ ખાતે અત્યાધુનિક વેરહાઉસ અને પ્રોટીન પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ નવી પહેલો પશુપાલકોની આવકમાં વધારો કરશે અને સહકારી ક્ષેત્રને સમૃદ્ધિ તરફ લઈ જશે. રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ (એ.પી.એમ.સી.) આજે માત્ર વેચાણના મથકો રહ્યા નથી પરંતુ ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવનારા સેવા કેન્દ્રો બન્યા છે. પારદર્શક હરાજી પ્રક્રિયા અને આધુનિક માળખાગત સુવિધાઓ દ્વારા એ.પી.એમ.સી. એ વચેટિયાઓની ચુંગાલમાંથી ખેડૂતને મુક્તિ અપાવી તેને તેના પરસેવાનું યોગ્ય વળતર અપાવ્યું છે. મેં પણ પ્રાઇવેટ એ.પી.એમ.સી. બનાવી છે. જેમાં ૩૦૦ દુકાનો છે. આ વર્ષના બજેટમાં ખેડૂતો અને પશુપાલકો માટે જે જોગવાઇઓ કરવામાં આવી છે તે આવનારા દાયકાઓ માટે વિકસિત ગુજરાત @ ૨૦૪૭નો મજબૂત પાયો નાંખશે.

હું આ બજેટની કેટલીક સીમાચિહ્નરૂપ યોજનાઓ વિશે ગૃહનું ધ્યાન દોરવા માગું છું. નંબર વન શૂન્ય ટકા વ્યાજનું સુરક્ષા કવચ. આપણી સરકારે ખેડૂતોને વ્યાજના બોજમાંથી મુક્ત કરવા ૩.૧૫૩૯ કરોડની માતબર જોગવાઇ વ્યાજ સહાય માટે કરી છે. જે ખેડૂતો સમયસર ધિરાણ પરત કરે છે તેમને ૩ લાખ સુધીના ધિરાણ પર ૩ ટકા ભારત સરકાર અને બાકીના ૪ ટકા ગુજરાત સરકાર દ્વારા આપીને ૦ ટકા વ્યાજે ધિરાણ ઉપલબ્ધ કરાવી આપણે સાબિત કર્યું છે કે આ સરકાર ખેડૂતલક્ષી છે. સદર યોજનાથી રાજ્યના આશરે ૧૮ લાખ ખેડૂતોને વ્યાજ રાહતનો ફાયદો મળી રહ્યો છે. નંબર ટુ સંગ્રહશક્તિ. ખેડૂતની પોતાની તાકાત. જ્યારે ખેડૂત પાસે સંગ્રહની સુવિધા હોય ત્યારે જ તે બજારના ભાવ નક્કી કરી શકે છે. ૩.૩૦ કરોડની જોગવાઇ સાથે સહકારી મંડળીઓ મારફતે સમગ્ર રાજ્યમાં વિકેન્દ્રિત સંગ્રહ વ્યવસ્થા ઊભી કરવા જઇ રહ્યા છીએ. આ યોજના અંતર્ગત મંડળીઓને ૭૫ ટકા સુધીની સહાય આપી આપણે છેવાડાના ગામડામાં આધુનિક ગોડાઉન બનાવીશું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, મારી સામે જોઇને વાત કરો.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કોંગ્રેસના સભ્યશ્રી, ઇમરાનભાઇની તબિયાત નાજુક છે. સ્ટેન્ટ મૂકીને આવ્યા છે. વધારે બોલે છે અને અમારા સભ્યોને ડિસ્ટર્બ કરે છે. તબિયત સારી રહે એ માટે જરાક શાંતિ રાખો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ, બધા પોતપોતાનું સ્થાન લઇ લો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આનાથી શૂન્ય બગાડનું લક્ષ્ય હાંસલ થશે. નંબર થ્રી. સી.ઓ.પી.–૫ કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ(પેક્સ/લેમ્પસ)ની પુનઃ રચના અને પુનઃ સ્થાપના માટે નાણાકીય સહાય. સી.ઓ.પી.–૫ યોજના અંતર્ગત રાજ્ય સરકારે પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ અને મોટા કદની બહુહેતુક સહકારી મંડળી(લેમ્પસ)ને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે વિશેષ નાણાકીય સહાયનું પ્રાવધાન કર્યું છે. સામાન્ય રીતે વિસ્તારમાં ૩.૫૦ કરોડ અને આદિજાતિ વિસ્તારમાં ૩.૧.૦૦ કરોડની જોગવાઇ સાથે પેક્સને છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ ધિરાણ, વસૂલાત અને થાપણમાં થયેલ ૧૦થી ૨૦ ટકા વૃદ્ધિ ઉપર વધુમાં વધુ ૩.૩ લાખ સુધી પ્રોત્સાહન સહાય આપવામાં આવે છે. આ યોજના ત્રિસ્તરીય

સહકારી ધિરાણ માળખાને મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. જેનાથી નબળી અને ગર્ભિત અર્થક્ષમ મંડળીઓ સશક્ત બની ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ મળશે. નંબર ફોર. દૂધ સહકારી મંડળીઓમાં સોલાર પ્લાન્ટ સ્થાપવા માટે કેપિટલ સહાયની યોજના. આદિજાતિ વિસ્તારોમાં આવેલી દૂધ સહકારી મંડળીઓ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૫ કરોડની જોગવાઈ સાથે સોલર પ્લાન્ટ સ્થાપના માટે કેપિટલ સહાય યોજના અમલમાં મૂકવામાં આવી છે. ૧થી ૪૦ કિલોવોટ સુધીની ક્ષમતા ધરાવતા સોલર પ્લાન્ટ મંડળીઓ પોતાના માલિકીના અથવા ૨૦ વર્ષથી વધુ લીઝવાળા મકાનની ખુલ્લી છત કે જમીન પર સ્થાપી શકશે,જેથી વીજ ખર્ચમાં નોંધપાત્ર બચત થશે. સૌર ઊર્જાના ઉપયોગથી પ્રદૂષણમાં ઘટાડો થશે. આ યોજનામાં દૂધ મંડળીમાં ખરેખર થયેલા ખર્ચમાં ૭૫ ટકા અથવા રૂ.૮ લાખ બેમાંથી જે ઓછું હોય તે મુજબ સહાય આપવામાં આવશે. આ પહેલાં આદિજાતિ વિસ્તારની સહકારી મંડળીઓ આત્મનિર્ભર અને આર્થિક રીતે મજબૂત બને એ રીતે બનાવવામાં આવશે. હવે સહકારી મંડળીઓ માત્ર નોંધણી પૂરતી સીમિત નથી પણ તેનાથી ગામડાંના અર્થતંત્રને, ગામડાના છેવાડાના માનવીને લાભ મળી રહ્યો છે અને છેવાડાનો ખેડૂત આ મંડળીઓ સાથે જોડાયેલો છે. મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતમાં લગભગ એકપણ ગામ એવું નહીં હોય કે જ્યાં સેવા સહકારી મંડળી ઊભી ના હોય. હવે સહકાર વિભાગ અર્થતંત્રને ગતિશીલ બનાવવા માટેનું માધ્યમ બન્યું છે. અંતમાં, આ બહુહેતુક અને વિકાસલક્ષી અંદાજપત્રને હું સંપૂર્ણ સમર્થન આપું છું. ભારત માતા કી જય. વંદે માતરમ્.

ઉપાધ્યક્ષશ્રી : આજે ''જય જય ગરવી ગુજરાત દીપે અરણું પ્રભાત'' અને ''સૌ ચાલો જીતવા જંગ, બ્યુગલો વાગે, યા હોમ કરીને પડો ફતેહ છે આગે''. આ બંને ક્રાંતિકારી શૌર્યભર્યા ગાનના પ્રણેતા વીર કવિ નર્મદજીની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. સાથેસાથે હિન્દુસ્તાનના સ્વાતંત્ર્ય સંગ્રામના ક્રાંતિકારી વીર સાવરકરજીની પુણ્યતિથિ નિમિત્તે પણ શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા (મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા યુવા અને ઊર્જાવાન નાયબ મુખ્યમંત્રી માનનીય હર્ષભાઇ સંઘવીના નેતૃત્વ હેઠળ રાજ્યના નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ વર્ષ ૨૦૨૬–૨૭નું રૂ. ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું ઐતિહાસિક વિક્રમી બજેટ આ ગૃહ સમક્ષ રજૂ કરેલ તે માટે હું અભિનંદન આપું છું.

મને કહેતા આનંદ થાય છે કે અમારા દક્ષિણ ગુજરાતના શ્રી કનુભાઇ દેસાઇએ પાંચમી વખત આ બજેટ રજૂ કર્યું છે અને એ બજેટ ઐતિહાસિક છે. આદિવાસી વિસ્તારમાં આદિવાસી સમાજને શિક્ષણની ખૂબ જરૂરિયાત છે અને એ શિક્ષણને લગતું અનેરું તથા ખૂબ સરસ બજેટ અમારી ત્રિપુટી સરકારે રજૂ કર્યું છે તે બદલ હું એમને ખૂબ–ખૂબ અભિનંદન આપું છું. રાજ્ય સરકારનું સર્વગ્રાહી અને સર્વસમાવેશી અભિગમ સાથેનું પાંચ સ્તંભ જેવા કે સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓના વિકાસ તેમજ ગ્રીન ગ્રોથ ઉપર આધારિત આ બજેટ ગુજરાતના વિકાસ રથને આગળ ધપાવશે. આ બજેટ દીર્ઘદૃષ્ટિવાળું છે. સમગ્ર સમાજને દિશામાં રાખીને સમગ્ર સમાજને ન્યાય મળે એવું આ બજેટ છે, તે બદલ હું એમને ખૂબખૂબ ધન્યવાદ આપતા આનંદ અનુભવું છું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિકસિત ભારત–૨૦૪૭ના આત્મનિર્ભર ભારતના સંકલ્પને આગળ લઇ જવા માટે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં વિકાસની ગતિને વેગ મળવાનો છે.વિકાસમાં કોઇ પાછળ ન રહે અને વિકાસથી કોઇ વંચિત ન રહે તેવી ભાવના સાથે આદિવાસી સમાજના ભગવાન શ્રી બિરસા મુંડાજીની ૧૫૦મી જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ છે તે માટે હું આદિવાસી સમુદાય તરફથી રાજ્ય સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ ઉજવણી દરમિયાન માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આદિવાસી સમાજના વિકાસ માટે જનજાતિય કલ્યાણ યોજના માટે આગામી ૫ વર્ષમાં ૩પિયા ૨ લાખ કરોડના વિકાસ કાર્યોના આયોજનની જાહેરાત કરેલ છે તે માટે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીનો પણ આ તબક્કે ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. હું વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબને, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબને અભિનંદન આપું છું કે સમાજના પછાત અને નબળા વર્ગોને તેમજ આદિજાતિના લોકોના વિકાસ માટે સરકાર હંમેશા સંવેદનશીલ રહી છે. વિવિધ નિગમો દ્વારા છેલ્લા ૩ વર્ષમાં ૧ લાખ ૩૫ હજારથી વધુ લાભાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે લોન તેમજ આર્થિક સહાય આપવામાં આવી છે. વિવિધ નિગમોની આ કામગીરીને વેગ આપવા માટે માનનીય શ્રી નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આ અંદાજપત્રમાં ૩પિયા ૮૬૯ કરોડની જોગવાઇની જાહેરાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ માટે આ બજેટમાં કુલ ૩પિયા ૨૯,૭૦૯ કરોડની જોગવાઇ કરીને રોડ રસ્તાના માળખાકીય વિકાસ કાર્યો કરવામાં આવશે. જેનાથી રાજ્યના પરિવહન વહેવાર માટે સુવિધાઓ મળશે. માર્ગ અને મકાન બાબતે વાત થતી હોય અને માર્ગ અને મકાન હેઠળ મારા મતવિસ્તારમાં મને કહેતા આનંદ થાય છે કે સને ૨૦૦૨ થી ૨૦૦૭ દરમિયાન આ સન્માનનીય ગૃહમાં ધારાસભ્ય તરીકે મને આવવાનો અવકાશ મળ્યો અને સને ૨૦૦૭ આ સન્માનનીય ગૃહમાં આપણા લોકપ્રિય વડાપ્રધાન અને એ સમયે મુખ્યમંત્રી હતા ત્યારે મારો વિસ્તાર ૯ નદીઓના કાંઠા વિસ્તારમાં આવેલ છે. ૯ નદીઓના કાંઠા ઉપર રસ્તા જોઇએ, પુલો જોઇએ, નદીઓ પર ચેકડેમો જોઇએ, ઉદવહન સિંચાઇ યોજનાઓ જોઇએ અને તે સમયે મને કહેતાં આનંદ થાય કે આપણા લોકપ્રિય વડાપ્રધાન અને ત્યારના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ મારા વિસ્તારમાં પૂર્ણા નદીના કાંઠા ઉપર આવીને એક પુલનું ખાતમુહૂર્ત કર્યું હતું. બે તાલુકા મહુવા અને વાલોડને જોડતો વિસ્તાર

અને એ વિસ્તારમાં પ્રથમ વખત પુલનું ખાતમુહૂર્ત કર્યું. એમના પવિત્ર પગલાં અમારી પવિત્ર ભૂમી પર પડ્યાં અને ત્યાર પછી એ વિસ્તારમાં આપે પણ થોડો સમય માર્ગ અને મકાન વિભાગના મંત્રી તરીકે કામ કર્યું હતું અને તે સમયથી સને ૨૦૦૨ થી અત્યાર સુધીમાં, અને સને ૨૦૦૭ થી ૨૦૧૨ વચ્ચેના સમયગાળા દરમિયાન હું ન હતો પણ સતત આ ચોથી ટર્મ ધારાસભ્ય તરીકે મને આપ સાહેબે પણ માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર, અત્યાર સુધીની સરકારોએ ૭૪ જેટલા નાનામોટા પુલો આપ્યા છે એ બદલ હું આ સરકાર અને ભારતીય જનતા પાર્ટીનો આભાર વ્યકત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી મોહનભાઈ, આપ નજર આ બાજુ રાખો તો વધારે સારું.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા મકાનોમાં અનિવાર્ય સેવા માટે પ્રસ્થાપિત વીજળીકરણનાં સાધનોની વાર્ષિક મરામત અને જાળવણી માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. મુખ્ય રાજ્ય ધોરીમાર્ગ પર સલામતી, સુરક્ષા અને ટ્રાફિક પરિવહન માટે ઇન્ટીગ્રેટેડ ટ્રાફિક સિસ્ટમ લાગુ કરવા માટે રૂપિયા ૪૦ કરોડની જોગવાઇ કરેલ છે. વ્હાઇટ ટોપિંગ રસ્તા માટે રૂ.૩૨ કરોડની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. રસ્તાઓ માટે શોર્ટ ટર્મ મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટની કામગીરી માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવેલ છે. ખાસ કરીને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની કામગીરી માટે રૂ.૪૦૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવેલ છે. આનંદની વાત તો એ છે કે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના ભારત સરકારમાં સ્વ.અટલ બિહારી વાજપેયીજી દ્વારા ગામના પરા અને ગામને જોડવા માટે લાવવામાં આવી હતી. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના સફળ થઇ. ત્યારબાદ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના આપણી ગુજરાત સરકાર લાવી. એ યોજના લાવવાના કારણે આ ગામથી તે ગામને જોડવા માટે આજે ખેડૂતો ડબલ પાક લઇને પગભર કરવાની દિશામાં સરકારનો અભિગમ છે એ મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજનાના કારણે એ સાર્થક થાય છે. ખેડૂતો માટે ખૂબ ઉપયોગી આ ગામથી પેલા ગામ જોડાવાના કારણે વચ્ચે આવેલા ખેતરો માટે દરેક પ્રકારની એને સુવિધા મળી રહે છે. એ પ્રકારની આ સરકારની પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના આ વિસ્તારની જનતા માટે ખૂબ ઉપયોગી છે એ બદલ ભારત સરકાર અને ગુજરાત સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. સરકારી મકાનોમાં અનિવાર્ય સેવા માટે પ્રસ્થાપિત વીજળીકરણનાં સાધનોની વાર્ષિક મરામત અને જાળવણી માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવેલ છે. સરકારી મકાનોમાં ઊર્જાની બચત કરવા જરૂરી ઓટોમેશન સિસ્ટમ કાર્યરત કરવા માટે રૂ.૧૪ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવેલ છે, જે આનંદની વાત છે. માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ વર્ષ ૨૦૨૬-૨૭ માટે અંદાજપત્ર લઇને આવ્યા છે એ વિકાસલક્ષી અને જનસમુદાયને લાભકારક બની રહેવાનું છે. આ સાથેસાથે ગુજરાતની આદિવાસી પ્રજાને પણ આ બજેટમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે તે માટે હું આભારની લાગણી વ્યકત કરું છું અને આ બજેટને સમર્થન કરું છું. મને વધુ કહેતાં આનંદ એ થાય છે કે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ડિસ્ટર્બ કરે છે, મને રક્ષણ આપો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઈમરાનભાઇ ખેડાવાલા, વારંવાર આપને ટકોર કરી છે. તમે આ બાજુ જુઓ. માનનીય મોહનભાઇ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મૃદુ અને મક્કમ આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી હાલમાં મારો પ્રશ્ન પણ હતો તે દિવસે પણ મેં અભિનંદન આપ્યા હતા. આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી, મારા કાર્યવિસ્તાર મહુવા તાલુકાના વસરાઇ ગામે આદિજાતિ ઉદ્યોગ મેળો હતો. સમગ્ર આદિવાસી સમાજમાં આઝાદીના ઇતિહાસમાં ઉદ્યોગ મેળો થયો નથી. પ્રથમ વખત ઉદ્યોગ મેળો મારા વિસ્તારમાં થયો અને તેમાં તે સમયે આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ આવ્યા હતા અને આદિવાસી સમાજને ઉદ્યોગ મેળામાં જોડવા માટેનું ભગીરથ કાર્ય કર્યું. તે સમયે રૂ.૮૫૮ કરોડ મારા વિસ્તારમાં એટલે કે સુરત જિલ્લાના વિકાસના કાર્યોનું ખાતમુહૂર્ત લોકાર્પણ અને ભૂમિપૂજન પણ કર્યું હતું. એ બદલ પણ આ વિકાસની ગાથામાં જોડાયેલ આપણી ભારતીય જનતા પાર્ટી સરકાર અને આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપીને વિરમું છું, જય જય ગરવી ગુજરાત.

શ્રી અનંતકુમાર હ. પટેલ (વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં માનનીય કનુભાઇ દેસાઇ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો પ્રસ્તુત કરું છું.

અમારા એટલે કે નવસારી વિસ્તારમાં જે શાળાઓ છે એમાં મધ્યાહન ભોજન યોજના ચાલે છે. આ મધ્યાહન ભોજન યોજનામાં અવારનવાર કીડી અને ઇયળો પણ નીકળે છે, જેના કારણે બાળકો મધ્યાહન ભોજન યોજનામાં પ્રાથમિક શાળા, વર્ગશાળામાં જમતા નથી અને ઘણી વખત એવી ફરિયાદો આવે છે એ ફરિયાદના અનુસંધાનમાં અમે ઘણી વખત સ્થાનિક મામલતદાર, પ્રાંત અધિકારી, અધિકારીઓને રજૂઆત કરતા હોઇએ છીએ છતાં પણ આટલાં વર્ષો થયાં છતાં પણ ત્યાં મધ્યાહન ભોજન યોજનામાં હજી પણ નવસારીમાં ભોજન બનીને આવે છે. ગ્રામ્ય વિસ્તારની શાળાનાં બાળકો એ મધ્યાહન ભોજન આરોગે છે જે બિન આરોગ્યપ્રદ છે અને બાળકોએ હવે ત્યાં જમવાનું છોડી દીધું છે અને ઘરેથી પોતે ટિફિન લઇ આવે છે. જયારે આ મધ્યાહન ભોજન યોજના કોંગ્રેસ સરકારે દાખલ કરી ત્યારે એનો હાર્દ હતો મફત જમવાનું મળે, ગરમ જમવાનું મળે અને જે માતાપિતા બાળકોને છોડીને નોકરી રોજગારી માટે, કામ ધંધા માટે, ખેતમજૂરી માટે જાય છે, તો એમને શાળામાં સારું આરોગ્યપ્રદ જમવાનું મળી રહે. આટલા મોટા બજેટમાં શિક્ષણનું બજેટ આટલું મોટું આપવા છતાં પણ આપણે મધ્યાહન ભોજન આપણે સારું પીરસી નથી શકતા એ ખૂબ ચિંતાનો વિષય છે. અમારા વિસ્તારમાં આશ્રમ શાળા તેમજ આંગણવાડીઓ પણ છે. આશ્રમ શાળાઓમાં ગૃહમાતા અને ગૃહપતિ ન હોવાને કારણે ઘણી વખત નાની બાળકીઓની છેડખાની થાય છે,

એની સાથે અડપલાઓ થાય છે અને એવી ઘટના અત્યારે થોડાક સમય પહેલાં અમારા મતવિસ્તારમાં થઇ હતી, ડાંગમાં પણ થઇ હતી. પૂરતા પ્રમાણમાં આશ્રમશાળામાં બહેનોની જે ખાલી જગ્યાઓ છે એ ભરવામાં આવે તો કદાચ આવી ઘટના બનતી અટકી જાય.

મારા નવસારી જિલ્લાના વાંસદા તાલુકાનું ઉનાઇ ગામ છે તે ગરમ પાણીના ઝરા માટે પ્રસિદ્ધ છે, ત્યાં ઉનાઇ માતાજીનું સુપ્રસિદ્ધ મંદિર આવેલું છે. ૨૦૦-૨૫૦ વર્ષ પહેલાં જયારે રાજા રજવાડાનું રાજય ચાલતું હતું ત્યારથી અમારે ત્યાં મૂંછવાળા રામજીની મૂર્તિ હજી પણ બિરાજમાન છે પરંતુ એ રામજીની મૂર્તિ પતરાની છતની નીચે છે અને પોતે જીર્ણોદ્ધાર માટે રામજી ભગવાન જાણે કે અમને કહી રહ્યા છે અને જીર્ણોદ્ધાર માટેના પૈસા પણ મંજૂર થઇ ગયા અને આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી આવીને ૨૩ મહિના પહેલાં ખાતમુહૂર્ત કરી ગયા પરંતુ અમારા રામચંદ્ર ભગવાન સાથે અન્યાય થયો હોય એવું મને લાગે છે. હજી સુધી ત્યાં એક ત્રિકમ કે એક પાવડો કે એક કોદાળી મારીને બાંધકામ ચાલુ કરવામાં નથી આવ્યું. એ બાંધકામ ચાલુ કરવામાં આવે એવી અમારી રજૂઆત છે.

અમારા લોકસભા મતવિસ્તારમાં વાપી ખાતે ખૂબ મોટી જી.આઇ.ડી.સી. આવેલી છે અને વલસાડમાં પણ ઘુંઘલાવ જી.આઇ.ડી.સી. આવી છે પરંતુ ત્યાંના કર્મચારીઓ સાથે શોષણ થાય છે, એમને પૂરતા પ્રમાણમાં પગાર મળતો નથી. એમને પૂરતો પગાર ન મળવાની સાથે સાથે એમનું શોષણ થાય છે. પંદર વર્ષથી નોકરી કરવા છતાં એમને એપોઇન્ટમેન્ટ લેટર આપવામાં આવતો નથી. અકસ્માતે કંઇ થાય તો એને કોઇપણ જાતના મેડિકલના પૈસા આપવામાં આવતા નથી કે એમના પરિવારને કોઇપણ જાતનું વળતર આપવામાં આવતું નથી. આજે પણ વાપી જી.આઇ.ડી.સી.ની આલોક કંપનીના વર્કરો બહાર ભૂખ હડતાલ ઉપર બેઠા છે. એવી જ રીતે આદિવાસી સમાજના ખૂબ મોટા પ્રશ્નો છે, દાખલો લેવા જાય, આદિવાસી સમાજનું પ્રમાણપત્ર લેવા જાય ત્યારે એના દાદા, પરદાદા અને એના દાદાના જન્મના દાખલા માગતા હોય છે. એમના એલ.સી. માગતા હોય છે ત્યારે ચિંતા એ થાય છે કે જે વિસ્તારમાં ખોટા જાતિના પ્રમાણપત્ર આપવામાં આવે છે એ વિસ્તારના લોકો પાસે વિશ્લેષણ સમિતિ નથી પરંતુ જે અદિવાસી સમાજ સાચો છે, વર્ષોથી છે, જેમને બાબાસાહેબ આંબેડકરે અનામત આપેલ છે એમને કઇ રીતે દાખલા ન મળે? કઇ રીતે પ્રમાણપત્ર ન મળે એના માટેનું વિસ્તૃત ષડયંત્ર કરવામાં આવ્યું હોય એવું લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીની વાત કરીએ તો એમાં જે પોષણસુધા યોજના ચાલે છે. મેં ગત રોજ એના વિશે સવાલ પણ પૂછ્યો હતો અને મને પૂરક પોષણ યોજનાનો જવાબ આપ્યો હતો. મારો સીધો પ્રશ્ન એ જ છે કે બજેટમાં પૂરક પોષણ અને પોષણસુધા યોજના માટે આટલું બધું પ્રાવધાન આપે છે. પોષણસુધા એટલે ધાત્રી માતાઓ અને સગર્ભા માતાઓને બપોરના એક સમયનું જમવાનું આપે છે. આ યોજનામાં દાળ-ભાત, શાક, કચુંબર અને સાથે એક ફરસાણ આપવાની યોજના છે. સગર્ભા માતાને આંગણવાડીમાં બોલાવીને એને જમવાનું આપવામાં આવે છે પરંતુ ચિંતાનો વિષય એ છે કે એની કિમત માત્ર રૂ.૨૭ છે. મારી આંગણવાડી બહેનો આ જમવાનું જાતે ઘરે બનાવે છે. અત્યારે રૂ.૩૦નું એક વડાપાઉં નથી મળતું તેવી જગ્યાએ મારી ધાત્રી માતાઓ અને સગર્ભા બહેનો ત્યાં જમે છે. આદિવાસી વિસ્તારમાં કુપોષણ થવાનું આ પણ એક સૌથી મોટું કારણ છે. સરકારે આટલું મોટું બજેટ આપ્યું હોય ત્યારે મારી બહેનોના પોષણ માટે અને કુપોષિત બાળકો ન થાય એના માટે યોગ્ય બજેટ આપે અને રૂ.૨૭ના બદલે રૂ.૭૫નું લંચ કરાવે તો મારા આદિવાસી વિસ્તારની કુપોષિત બહેનો અને કુપોષિત બાળકોને પોષણક્ષમ આહાર મળશે.

અમારા વિસ્તારમાં પ્રાથમિક શાળા અને વર્ગ શાળામાં ટ્રાન્સપોર્ટેશન માટે પણ જણાવ્યું છે. મારો આજનો જ પ્રશ્ન હતો કે ''ડ્રોપ આઉટ રેશિયો કઇ રીતે અટકાવી શકાય?'' તેમાં એક કારણ પણ આપ્યું હતું કે જો ઘરથી શાળા સુધી અને શાળાથી બાળકોને લઇ જવા અને લાવવા ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા સરકારે કરી છે પરંતુ મારે ચિંતા સાથે કહેવું પડે કે છેલ્લાં બે વર્ષથી આ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા અમારા આદિવાસી વિસ્તારમાં બંધ છે. અમે જ્યારે કારણ જાણવાનો પ્રયત્ન કર્યો ત્યારે અમને ખબર પડી કે ઇકો વાહન પાસે ટેક્સી પાર્સિંગ માગે છે. અમારા વિસ્તારમાં ટેક્સી પાર્સિંગવાળી ઇકો ખૂબ ઓછી છે કારણ કે, એના માટે દર વર્ષે આર.ટી.ઓ.માં પૈસા ભરવાના હોય છે એ ભરી શકતા નથી અને માત્રને માત્ર ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા ન હોવાના કારણે બાળક ચાલીને જઇ શકતો નથી. અમારો વિસ્તાર જંગલ વિસ્તાર હોવાના કારણે એ બાળક ચાલીને જઇ શકતો નથી. અમારા વિસ્તારમાં વાલીઓ પાસે પૂરતા સંસાધનો નથી. તો અમારા વિસ્તારમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા વધારો અથવા અમારા વિસ્તારને ખાસ કિસ્સામાં ટેક્સી પાર્સિંગવાળા વાહનો ન મળે તો ચાલે એવી અમારા વિસ્તારની માગણી સ્વીકારો.

આ બજેટ શિક્ષણ માટે ખૂબ મોટું બજેટ છે. આ બજેટ બાળકોના શિક્ષણ માટેની ભૂખ પૂરી કરવા માટે ઊભું કર્યું છે પરંતુ અમારા વિસ્તારમાં કેટલીક શાળાઓ જર્જરિત હોવાના કારણે બંધ કરી દેવામાં આવી છે. એ વર્ગશાળા ડુંગર પર છે. એ વર્ગશાળા નદીની પેલી બાજુ છે. એ વર્ગશાળા જંગલ વિસ્તારમાં છે. એ વર્ગશાળા નળિયાવાળી છે. એ વર્ગશાળા જર્જરિત હોવા છતાં એમાં ટોયલેટ, બાથરૂમ બને છે પરંતુ બાળકો ભણી શકતાં નથી. અમે એ બાળકોના પરિવાર સાથે ત્રણ-ચાર કિ.મી. સુધી ચાલીને ત્યાં પહોંચ્યાં પણ હજી સુધી એ વર્ગશાળા બની નથી. અમારા વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણમાં અંગ્રેજીના શિક્ષકો, વિજ્ઞાનના શિક્ષકો અને ગણિતના શિક્ષકો પૂરતા પ્રમાણમાં આપવામાં આવતાં નથી.

શ્રી કેશાજી શિ. ચૌહાણ (દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ આ ગૃહના માધ્યમથી આજથી શરૂ થયેલ ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા આપતા સૌ વિદ્યાર્થી ભાઇ-બહેનોને મારા તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. ગુજરાત રાજ્યના પ્રજાવત્સલ મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને ઊર્જાવાન નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી

સાહેબના નેતૃત્વવાળી ગુજરાત સરકારના કુશળ નાણામંત્રી ભામાશા કનુભાઈ દેસાઈ સાહેબ સને ૨૦૨૬-૨૭ના વર્ષનું સર્વસ્પર્શી, સર્વગ્રાહી, ઐતિહાસિક અને વિક્રમી ૩.૪,૦૮, ૦૫૩ હજાર કરોડનું બજેટ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું દિલથી આવકારું છું અને એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરું છું. સૌ પ્રથમ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થ વ્યવસ્થાના પ્રણેતા અને આત્મનિર્ભર ભારતના સ્વપ્નદ્રષ્ટા અને મોં ભારતીનું સંતાન, ગુજરાતના પનોતા પુત્ર અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબને ભારતને વિશ્વની ચોથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા બદલ મારા વિસ્તારની અને ગુજરાતની જનતા વતી ખૂબ અભિનંદન પાઠવું છું, એમને વંદન કરું છું. આપણા વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત-૨૦૪૭ના લક્ષને સાકાર કરવા વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરતું આ બજેટ છે. આપણા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના ''સૌનો સાથ-સૌનો વિકાસ, સૌનો પ્રયાસ-સૌનો વિશ્વાસ'' આ મંત્રને કેન્દ્રમાં રાખી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ગુજરાતના નાગરિકના સમૃદ્ધ જીવન, સમૃદ્ધ આવક સાથે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા વિકસિત ગુજરાતના રોડમેપવાળું આ બજેટ છે. સત્તા એ અમારું અંતિમ લક્ષ નથી, સિંહાસન હમારા અંતિમ લક્ષ નહીં હૈ, પરંતુ સત્તાને સેવાનું માધ્યમ બનાવી છેવાડાના માનવીનો વિકાસ થાય, વંચિતોનો વિકાસ થાય, આઝાદીના ફળ છેવાડાના માનવી સુધી પહોંચે, ન ઘરા સુધી ન ગગન સુધી મારે જાવું છે છેવાડાના માનવી સુધી. આ ભાવનાને સાકાર કરતું આ બજેટ છે. અમારું લક્ષ છે કે મોં ભારતી પરમ વૈભવના શિખરે બિરાજમાન થાય. ભારતમાતાનો વિશ્વમાં જય જયકાર થાય, ભારત વિશ્વગુરુ બને, ભારત વિશ્વની ત્રીજા નંબરની આર્થિક મહાસત્તા બને તે આપણા સૌનું લક્ષ છે. આપણું લક્ષ છે કે, **अयोध्या में राम, हर हाथ को काम, हर खेत को पानी।** આ ભાવનાને સાકાર કરતું આ બજેટ છે. આપણું લક્ષ છે વિકસિત ગુજરાત-વિકસિત ભારત, આત્મનિર્ભર ગુજરાત-આત્મનિર્ભર ભારત, શિક્ષિત ગુજરાત-શિક્ષિત ભારત, સુરક્ષિત ગુજરાત-સુરક્ષિત ભારત, શક્તિશાળી ગુજરાત-શક્તિશાળી ભારત, એક ગુજરાત- શ્રેષ્ઠ ગુજરાત, એક ભારત-શ્રેષ્ઠ ભારત, સાહસિક ગુજરાત-સાહસિક ભારત, ગૌરવશાળી ગુજરાત-ગૌરવશાળી ભારત, સ્વાભિમાની ગુજરાત-સ્વાભિમાની ભારત, નિરોગી ગુજરાત-નિરોગી ભારત, હરિયાળું ગુજરાત-હરિયાળું ભારત, પાણીદાર ગુજરાત-પાણીદાર ભારત, સામર્થ્યવાન ગુજરાત-સામર્થ્યવાન ભારત, સર્વોત્તમ ગુજરાત-સર્વોત્તમ ભારત, સમૃદ્ધ ગુજરાત-સમૃદ્ધ ભારત, પ્રગતિશીલ ગુજરાત-પ્રગતિશીલ ભારત, ઊર્જાવાન ગુજરાત-ઊર્જાવાન ભારત, પ્રભાવશાળી ગુજરાત-પ્રભાવશાળી ભારત, સશક્ત ગુજરાત-સશક્ત ભારત, સ્વસ્થ ગુજરાત-સ્વસ્થ ભારત, સ્વચ્છ ગુજરાત -સ્વચ્છ ભારત. આ લક્ષોને હાંસલ કરવાવાળું આ બજેટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વવાળી ગુજરાત સરકાર એ ગરીબો, શોષિતો, પીડિતો, વંચિતો, દલિતો, આદિવાસીઓ, ખેડૂતો અને મહિલાઓને સમર્પિત સરકાર છે. ગરીબો એ અમારા માટે વોટબેંક નથી. ગરીબો અમારા માટે દરિદ્ર નારાયણ છે. જે ભાવનાથી અમે ભગવાનની ભક્તિ કરીએ છીએ એ જ ભાવનાથી અમે ગરીબોના કલ્યાણનું કામ કરીએ છીએ. રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના શૈક્ષણિક, આર્થિક, આરોગ્ય અને વસવાટના સર્વાંગી વિકાસ માટે આ બજેટમાં અનેક જોગવાઈઓ કરવામાં આવી છે. જે બદલ રાજ્યના મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી આદરણીય હર્ષભાઈ સંઘવી, નાણામંત્રી આદરણીય કનુભાઈ દેસાઈ અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રધુમન વાજા સાહેબનો ગુજરાતના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો વતી આભાર માનું છું. હવે મારે જળસંપત્તિ એટલે પાણીની વાત કરવી છે. ભૂતકાળમાં ગુજરાતનો પાણીની અછતવાળા વિસ્તારમાં સમાવેશ થતો હતો. આપ સૌ જાણો છો તેમ આજથી અઢી દાયકા પહેલાં ગુજરાત દુષ્કાળગ્રસ્ત રાજ્ય હતું. આપણે દર ત્રણ વર્ષે દુષ્કાળનો સામનો કરવો પડતો હતો. કહેવાય છે કે, પ્રજાના કલ્યાણ માટે ભગીરથજીએ તપ કર્યું હતું અને ગંગાજી પ્રગટ થયાં. એમ પણ કહેવાય છે કે, ગંગાજીમાં ન્હાવાથી જિંદગીના બધા પાપો ધોવાઈ જાય પણ નર્મદાજીના માત્ર દર્શન કરવાથી જિંદગીના બધા પાપો ધોવાઈ જાય. આવી પવિત્ર નર્મદા યોજના દેશના યશસ્વી વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદીસાહેબના ભગીરથ પ્રયત્નોથી સાકાર થઈ. આ તો **मोदी है तो मुमकिन है।** ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના સાકાર બનતાં નર્મદાના નીર કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની સુકીભઠ્ઠ ધરતી સુધી પહોંચ્યાં. આ તો **मोदी है तो मुमकिन है।** ઉત્તર ગુજરાતની ધરતી કે જ્યાં પહેલાં ધૂળની ડમરીઓ ઊડતી હતી. આજે ત્યાં ચારેબાજુ લીલોતરી છે અને ખેતરે-ખેતરે મોલ લહેરાય છે. આ તો **मोदी है तो मुमकिन है।** ભૂતકાળમાં અમારા ઉત્તર ગુજરાતના લોકોએ ધંધા અર્થે હિજરત કરવી પડતી હતી પરંતુ, નર્મદા યોજના સાકાર બનતાં આજે બહારના લોકો ઉત્તર ગુજરાતમાં ધંધાર્થે આવવા લાગ્યા છે. આ તો નેવાનાં પાણી મોભે ચડ્યાં છે. આ તો **मोदी है तो मुमकिन है।** આપણા યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ કહેતા કે, 'પાણી એ પરમેશ્વરનો પ્રસાદ છે.' આપણા ધર્મશાસ્ત્રમાં પણ કહ્યું છે કે, પ્રસાદનો બગાડ ન થઈ શકે. હું આપના મારફત આ ગુજરાતની સાડા છ કરોડ જનતાને બે હાથ જોડીને પ્રાર્થના કરું છું કે આપણે સૌ પાણીનો બગાડ થતો અટકાવીએ. પાણી માટે ગુજરાત સરકારે ભગીરથ પ્રયત્નો કર્યા છે. સમગ્ર જીવસૃષ્ટિ અને પ્રકૃતિ માટે પાણી એ સૌથી અગત્યની જરૂરિયાત છે. જળ છે તો જીવન છે. **जल है तो कल है।** જળ શક્તિ દ્વારા રાજ્યનો સર્વાંગી વિકાસ થાય એ માટે રાજ્ય સરકાર દ્વારા સુદ્દઢ

આયોજન કરવામાં આવ્યું છે. જળ અને અન્નની કાયમી સમસ્યાના ઉકેલ માટે નર્મદા મુખ્ય કેનાલ આધારિત વાવ–થરાદના છેવાડાના વિસ્તાર સુધી આશરે ૩૩૭ કિલોમીટરની લંબાઈની અને ૨૦૦૦ ક્યુસેક પાણીની વહન ક્ષમતાવાળી સુજલામ્ સુફલામ્ કેનાલનું આયોજન કરવામાં આવ્યું છે. અમારી ઓગડજીની પવિત્ર ધરતી પરથી દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે જ્યાં નર્મદાના પાણી નથી પહોંચ્યા ત્યાં પહોંચશે એવો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ સંકલ્પને સાકાર કરવા ગુજરાત સરકાર દ્વારા અનેક પાઇપલાઇનની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે અને મુખ્ય યોજનામાં દિયોદર, લાખણી પાઇપલાઇનની કામગીરી હાલ પ્રગતિમાં છે. આ યોજના સાકાર થતાં વાવ–થરાદ જિલ્લાના દીયોદર તાલુકાના ૪૬ ગામોના ૬૯ તળાવો જોડાવાના છે. થરાદ તાલુકાના ૧૨ ગામોના ૧૬ તળાવો જોડાશે અને લાખણી તાલુકાના ૪૩ ગામોના ૬૬ તળાવો જોડાનાર છે. આમ, થરાદ–વાવમાં કુલ ૧૦૧ ગામોના ૧૫૧ તળાવો જોડવાનું આયોજન છે. ઉપરાંત, બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ૨૩ ગામોના ૪૩ તળાવોનું જોડાણ થનાર છે. આમ, કુલ ૧૨૪ ગામોના ૧૯૪ તળાવો જોડવાનું આયોજન રાજ્ય સરકારે કર્યું છે જેનાથી અંદાજિત ૧૫૦૦૦ હેકટર કરતાં વધુ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળશે અને ભૂગર્ભના જળ ઊંચાં આવશે. આ યોજના મંજૂર કરવા બદલ હું દિયોદર વિસ્તારની જનતા વતી રાજ્ય સરકારનો આભાર માનું છે. ચાંગા–દાંતીવાડા પાઇપલાઇનની ત્રણ કિલોમીટરની ત્રિજ્યામાં આવતાં કાંકરેજ, ડીસા અને દાંતીવાડા તાલુકાના ૩૦ ગામોના ૪૬ તળાવો જોડવાનું આયોજન છે. દિયોદર–લાખણી પાઇપલાઇન ફેઝ–૨ દ્વારા મુખ્યત્વે રેલવેની જમણી બાજુ આવતાં દિયોદર તાલુકાનાં ૧૯ તળાવો તથા કાંકરેજ તાલુકાનાં ૮ તળાવો મળી કુલ ૨૭ તળાવો જોડવાનું રાજ્ય સરકારે આયોજન કર્યું છે. દિયોદર લાખણી પાઇપલાઇન યોજના, દિયોદર–લાખણી પાઇપલાઇન ફેઝ–૨ યોજના, ચાંગા–દાંતીવાડા પાઇપલાઇન યોજના, થરાદ–સીપુ પાઇપલાઇન યોજના દ્વારા મારા ૧૪–દિયોદર વિધાનસભા મતવિસ્તારના નર્મદા મુખ્ય કેનાલની પૂર્વ ભાગમાં આવતાં તમામ ગામોના તળાવોમાં પાણી પહોંચાડવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. આ ભગીરથ કામગીરી કરવા માટે હું રાજ્યના મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, નાયબ મુખ્યમંત્રી આદરણીય હર્ષભાઇ સંઘવી સાહેબ અને સિંચાઇ મંત્રી આદરણીય ઈશ્વરસિંહ પટેલ સાહેબનો મારા વિસ્તારની જનતા વતી આભાર માનું છું. જે તળાવો રેવન્યુ રેકર્ડમાં ગૌચર તરીકે બોલે છે એવા તળાવોને રેવન્યુ રેકર્ડમાં નીમ કરવા માટે રાજ્ય સરકારે ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ ઐતિહાસિક નિર્ણય લેવા બદલ હું રાજ્યના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું અને એમનો આભાર માનું છું. સુજલામ, સુફલામ જળ સંચય અભિયાન મારા ૧૪–દિયોદર વિધાનસભા મતવિસ્તારમાં જન અભિયાન બની રહ્યું છે. તળાવો ઊંડાં કરવાં, ખેત તલાવડી બનાવવી, બંધ પડેલા બોર વરસાદના પાણીથી રીચાર્જ કરવા, પાણીનો સંગ્રહ કરવો, પાણીનો બચાવ કરવો જેવા કાર્યક્રમોમાં પ્રજા ભાગીદાર બની રહી છે. તાજેતરમાં મારા ૧૪–દિયોદર વિધાનસભા મત વિસ્તારમાં એમ.એલ.એ. ગ્રાન્ટ, તાલુકા વિકાસશીલ ગ્રાન્ટ અને વિચરતા સમુદાય સમર્થન મંચના સહયોગથી દિયોદર તાલુકા, લાખણી તાલુકા અને ડીસા તાલુકાના તળાવો ઊંડા કરવા તેમજ તળાવો સુધારણાની કામગીરી શરૂ કરવામાં આવી છે. વી.એસ.એસ.એમ. સંસ્થાના સહયોગથી ખેડૂતોના બંધ પડેલા બોર... હું આ બજેટને આવકારું છું. આભાર.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ (મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારનું સર્વગ્રાહી અને સર્વસમાવેશી અભિગમ અપનાવતું પાંચ સ્તંભ જેવા કે સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ ઉપર આધારિત વર્ષ ૨૦૨૬–૨૭નું રૂ. ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડના વિક્રમી અંદાજપત્રની સામાન્ય ચર્ચા બાબતે કૃષિ અને ખેડૂત કલ્યાણ પ્રભાગના અંદાજપત્ર ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

સર્વગ્રાહી, સર્વસ્પર્શી અને સર્વ ઉત્કૃષ્ટ બજેટ રજૂ કરવા માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ, કૃષિ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી તેમજ સમગ્ર સરકારને ખૂબ–ખૂબ અભિનંદન પાઠવું છું અને ખૂબ–ખૂબ અભિનંદન પાઠવવા ઘટે. બજેટમાં ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ.૨૪૨૨ કરોડની જંગી અને અત્યાર સુધીની વિક્રમી કહી શકાય એવી જોગવાઇ કરવામાં આવેલ છે, જે ખેડૂતપુત્રો માટે ખૂબ આનંદની વાત છે. જગતના તાત એવા અન્નદાતા માટે કુદરતી આફતો જેવા કઠિન સમયમાં રાજ્ય સરકાર હંમેશા તેમની પડખે ઊભી રહી છે. રાજ્યમાં આવેલ પૂર અને કમોસમી વરસાદના કારણે ખેડૂતોને થયેલ નુકસાનમાં મદદરૂપ થવા માટે ચાલુ વર્ષે ચોમાસામાં અતિવૃષ્ટિ થઇ, ૭થી ૧૮ ઇંચ વરસાદ ઘણા તાલુકા અને જિલ્લામાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં નોંધાયો ત્યારે ઇલેકટ્રોનિક મીડિયામાં જેમને ખેતી નથી એવા યુવાનો, જમીન અને ખેતી સાથે કોઇ લેવાદેવા નથી એવા લોકો ઇલેકટ્રોનિક મીડિયા વ્હોટસએપ અને યુ–ટ્યૂબ દ્વારા પ્રચાર કરે કે રાજ્ય સરકારે તમામ દેવા માફ કરવા જોઇએ. જલ્દીથી ખેડૂતોના ખાતામાં પૈસા નાખી દેવા જોઇએ અને આ સરકાર કંઇ કરતી નથી. સને ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થઇ એ પછી અત્યાર સુધી ઘણી કુદરતી આફતો આવી, પણ આ વખતની અતિવૃષ્ટિની આફતમાં ખેડૂતોને સરવે નહી કરવા દેવા ઉશ્કેરણી કરી, નાના મોટા ખેડૂતો આગેવાનો બેઠા છે, ઇલેકટ્રોનિક મીડિયા દ્વારા સરવે નહીં કરવા દેવા, સરવે વાળા કર્મચારીને ઘૂસવા નહીં દેવા એવો પ્રચાર કર્યો ત્યારે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સમગ્ર ગુજરાતની જનતા માટે, ખેડૂતો માટે ખાસ સંદેશો આપ્યો કે તમામ ખેડૂતોને સમાનતાના ધોરણે વળતર આપવામાં આવશે. સરવેની તમે ચિંતા ન કરો, ખેડૂતે નોંધણી કરવાની ચિંતા ન કરવી. સેટેલાઇટ દ્વારા સરવે કરાવીને છેલ્લા ૨૦ દિવસમાં સરવે ચાલુ હતો એ દરમિયાન ખેડૂતના ખાતામાં ડી.બી.ટી.ના માધ્યમથી પ્રથમ તબક્કાની સહાય ચૂકવવાની શરૂઆત થઇ ગઇ. ખેડૂતોના ખાતામાં પૈસા પડ્યા હોય એવું પહેલી વખત બન્યું. અગાઉની સરકારોમાં બે–અઢી વર્ષ

સુધી આંદોલનો કરવા પડતાં, સને ૧૯૮૦, ૧૯૮૮, ૧૯૯૨નું વળતર આપો ને, ખેડૂતોનું વળતર જાહેર કર્યું એ ચૂકવો ને? અમારા ખેડૂતોના પાક વીમા ચૂકવો ને. આવા આંદોલનો કરતા હતા. ચાલુ સરવે સાથે ખેડૂતોના ખાતામાં ડી.બી.ટી.થી રકમ જમા કરાવી. સને ૧૯૬૦ પછી આવી આકસ્મિક કુદરતી આફતની અંદર જંગી રૂપિયા ૧૧ હજાર કરોડથી વધારે રકમ આ રાજ્યના લગભગ ૩૩ લાખથી વધારે ખેડૂતોને બે હેકટરની મર્યાદામાં તમામ ખેડૂતોના ખાતામાં ડી.બી.ટી.થી ચૂકવણી કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, જગતનો તાત એવા અન્નદાતા માટે કુદરતી આફત જેવા કઠીન સમયમાં રાજ્ય સરકાર હંમેશા તેમની પડખે ઉભી રહી છે. પૂર અને કમોસમી વરસાદના કારણે રૂપિયા ૧૧ હજાર કરોડથી વધારે રકમ ૩૩ લાખથી વધારે અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક સહાયરૂપે પહોંચાડવામાં આવી છે. વાવણીથી વેચાણ સુધી ખેડૂત સાથે રહીને ચડ-ઉતર થતા બજારના ભાવોમાં મદદ કરવા માટે ૯ લાખ ૫૦ હજાર ખેડૂતો પાસેથી રૂપિયા ૧૮ હજાર કરોડથી વધુ મગફળી, મગ, અડદ, સોયાબીન અને કપાસની ટેકાના ભાવથી ખરીદી કરવામાં આવી. આટલું બધુ ઉત્પાદન આપદાની સ્થિતિમાં પણ માર્કેટિંગ યાર્ડના આંકડા બતાવે છે કે ઉત્પાદનો આવ્યાં છે. તેમ છતાં પણ રાજ્ય સરકારે ટેકાના ભાવે પૂરતા પ્રમાણમાં બજાર ભાવથી વધારે રકમ મળે એ રીતે ખરીદી કરવાની વ્યવસ્થા કરી છે. ખેડૂતોને ખેતી ક્ષેત્રે થતો ખર્ચ ઘટાડવા અને પાક ઉત્પાદનની આવક વધારવા યાંત્રિકીકરણ મહત્ત્વનું છે. ટ્રેક્ટર, પાવર ટીલર, હાર્વેસ્ટર જેવા યાંત્રિક યંત્રો દ્વારા ખેતી કામમાં ઝડપ અને ચોક્સાઇ આવે અને નાના અને સીમાંત ખેડૂતો માટે કૃષિ યાંત્રિકીકરણના ઓજારોની ખરીદીમાં સહાય આપવા માટે રૂપિયા ૧૫૬૫ કરોડની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ખેડૂતોને વીજ સહાય આપવા રૂપિયા ૯૩૨૪ કરોડ, ખેતીવાડીમાં વીજળી વપરાય છે એમાં યુનિટનો વધારાનો ખર્ચ રાજ્ય સરકાર ઉપાડે છે. સૂક્ષ્મ સિંચાઇ માટે રૂ.૧૨૫૦ કરોડ, યાંત્રિકીકરણની ખરીદીની સહાય માટે રૂ.૮૦૦ કરોડ. ખેડૂતોને રૂ.૫૦,૦૦૦ થી ૮૦,૦૦૦ સુધીના નવા ટ્રેક્ટર ખરીદી માટે સહાય પહોંચી શકે એ માટે રૂ.૮૦૦ કરોડની જંગી જોગવાઇ કરવામાં આવી છે. કૃષિ યાંત્રિકીકરણમાં વિવિધ ઓજારોની ખરીદી સહાય માટે રૂ.૭૬૫ કરોડ, નાના ગોડાઉનો બનાવવા મુખ્યમંત્રી પાક સંરક્ષણ સ્ટ્રકચર યોજના અંતર્ગત ૧૫૪૩૬ ખેડૂતોને રૂ.૧ લાખની સહાય આપવા માટે રૂ.૧૫૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખાતેદાર ખેડૂતોના આકસ્મિક મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં રૂ.૪ લાખ સુધીનું વીમા રક્ષણ આપવા રૂ.૧૪૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્ય કૃષિ યુનિવર્સિટી હેઠળ જામનગર, ભૂજ અને ખેડબ્રહ્મા ખેતીની કોલેજોમાં માળખાકીય સુવિધા ઊભી કરવા તેમજ કૃષિ યુનિવર્સિટીના આધુનિક વહીવટ અને સંશોધનના ખાસ કાર્ય માટે રૂ.૧૦૬૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે આપણી સરકાર પ્રતિબદ્ધ છે. તે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને પ્રોત્સાહન માટે સેન્ટર ઓફ એક્સેલન્સ ઊભા કરવા, માર્કેટિંગ અને બ્રાન્ડ, હેન્ડ હોલ્ડિંગ અને સર્ટિફિકેશન સહાય માટે રૂ.૩૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સાથેસાથે વર્ષ ૨૦૨૫-૨૬ ઓગષ્ટ-સપ્ટેમ્બર માસમાં થયેલા ભારે વરસાદ અંતર્ગત વાવ, થરાદ અને પાટણ જિલ્લામાં પાક નુકસાની ઉપરાંત નાની-મોટી નદીમાં પૂર આવ્યાં જેથી ખેતરોમાં લેન્ડ સ્લાઈડિંગના કારણે રેતાળ જમીનો ધોઈ નાંખી. વોકળાઓ પડી ગયા. ખેડૂતો પોતાનું ખેતર ઓળખી ના શકે એટલા ધોવાણ થયા. તેનો પાક તો ગયો પણ પોતાના ખેતરો પણ ધોવાઇ જવાથી કેટલી પીડા થતી હોય છે. એ પીડાને દૂર કરવા માટે આ જિલ્લામાં જમીન ધોવાણોના રક્ષણ માટે ક્ષાર વધવાથી જમીન બગડી હતી. તેમાં આગામી રવી સીઝનમાં પાક ના કરી શકે તેમ હોવાથી ખેડૂતોની ચિંતા કરીને ખેડૂતોને પાક નુકસાની સહાય, એ ઉપરાંત જમીન સુધારણા માટે પણ સહાય પ્રતિ હેકટર રૂ.૨૦ હજાર વધારાની સહાય બે હેક્ટની મર્યાદામાં ચૂકવવાનો આ રાજ્ય સરકારે નિર્ણય કર્યો. વાવ-થરાદ જિલ્લામાં જમીન સુધારણા અંતર્ગત ૩૧૪૮૩ ખેડૂતોને રૂ.૯૬ કરોડથી પણ વધારે વધારાની સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં 'તાઉતે' વાવાઝોડાના કારણે ગીર-સોમનાથ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, નવસારી, વલસાડ, ખેડા, સુરત, ભરૂચ, અમદાવાદ, ગાંધીનગર જિલ્લાઓમાં સઘન ખેતી વિભાગમાં બાગાયત પાકમાં થયેલા નુકસાની અન્વયે ૧.૭૧ લાખ લાભાર્થી ખેડૂતોને રૂ.૪૦ કરોડથી વધુ સહાય બાગાયતી પાકોમાં ગયા વર્ષે ચૂકવી છે. સોમનાથ જિલ્લામાં ૪૪,૪૨૫ ખેડૂતોને રૂ.૧૬૮ કરોડથી વધુ, જૂનાગઢ જિલ્લામાં ૮,૮૪૩ ખેડૂતોને રૂ.૨૨ કરોડથી વધુ અને ભાવનગર જિલ્લામાં ૩૦,૮૯૭ ખડૂતોને રૂ.૫૭ કરોડથી વધુ સહાય આ બાગાયતી પાકોમાં ચૂકવવામાં આવી છે. વિશેષમાં સમગ્ર ગુજરાતમાં રાની પશુઓથી પાકને નુકસાન થાય છે તેના રક્ષણ માટે તાર ફેન્સિંગની યોજના. એક જ સરવે નંબરમાં બીજું વીજ કનેશન આપવાની અને પાક સંરક્ષણ માટે ગોડાઉનો અને ખાસ વિશેષ ગામડાંમાં લગભગ મોટાભાગના જિલ્લાઓમાં સેંકડો નવા ૬૬ કે.વી. સબસ્ટેશનો ઊભા કરીને દિવસે ખેડૂતોને વીજળી આપવાની આ સરકારે શરૂઆત કરી છે. એ સમગ્ર ગુજરાતના ગામડાં માટે આવકારદાયક છે. ટૂંકા ગાળાના પાક બિયારણ હેઠળ રૂ.૩ લાખથી વધારે કે રૂ.૩ લાખ સુધી ટૂંકા ગાળાનું પાક ધિરાણ વિના વ્યાજે કહી શકાય એવું ગુજરાતના ખેડૂતોને આપીએ છીએ. કારણે કે ૩ ટકા કેન્દ્ર સરકારમાંથી વ્યાજ ધિરાણની સહાય મળે છે અને ૪ ટકા રાજ્ય સરકાર આમાં ઉમેરો કરે છે. સાથેસાથે ગ્રામસડક યોજના, સમગ્ર ગુજરાતમાં દરેક ગામને ચાર રસ્તા, પાંચ રસ્તા, છ રસ્તા, એક ગામથી બીજે ગામ, છેલ્લા દસ વર્ષમાં ભા.જ.પની સરકારે સમગ્ર ગુજરાતના ગામડાઓ રસ્તાઓથી જોડ્યા છે. ગ્રામ્ય માર્ગો બનવાથી ખેડૂતો એટલા બધા ખુશ છે કે પોતાના ખેતરે મોટર સાઇકલ લઇને પાંચ મિનિટમાં પહોંચી શકે છે. આ ગ્રામ સડક યોજનાઓ ગામડાઓના કૃષિની ક્રાંતિના વિકાસ માટે ખેડૂતોના વિકાસ માટે ક્રાંતિકારી પગલું છે. દસ વર્ષમાં ગ્રામ સડક યોજના બનાવી છે, નાના મોટા પુલો બનાવ્યા છે, સાથેસાથે આપણા કૃષિ વિભાગની અને ખેડૂત કલ્યાણની અસંખ્ય યોજનાઓ અમલમાં મૂકી છે. ગુજરાતમાં

પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે એ માટે માનનીય રાજ્યપાલશ્રીનું આહવાન એ આપણા માટે અભિયાન બની ગયું છે. ગુજરાતને પ્રાકૃતિક ખેતીથી ઓછા ખર્ચે વધારે ઉત્પાદન મળે અને વધુ આવક થાય તેવી પ્રાકૃતિક ખેતીનું આહવાન છે.

શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે અંદાજપત્રની આ સામાન્ય ચર્ચામાં ભાગ લેતા હું ગૌરવ અનુભવું છું. ગૌરવ એટલા માટે અનુભવું છું કે જે પાર્ટી ગુજરાતની અંદર છેલ્લાં ૨૫ વર્ષથી શાસનમાં છે, જે પાર્ટીએ ગરીબોના આંસુ લૂંછવાનું કામ કર્યું છે, જે પાર્ટીએ ભૂખ્યાના પેટ ભરવાનું કામ કર્યું છે એ પંડિત દીનદયાળ ઉપાધ્યાયના વિચારોને સાર્થક કરતી પાર્ટી અને આ એવી પાર્ટી છે કે ગઈકાલે ઇઝરાયલની સંસદમાં આતંકવાદી સામે હુંકાર કરનાર નરેન્દ્ર મોદીની પાર્ટી અને પંડિત દીનદયાળજીના વિચારોના વાહક આદરણીય નરેન્દ્રભાઇ છે એ પાર્ટીના કાર્યકર્તા તરીકે આ વિભાગની ચર્ચા કરવાનો મને ખૂબ આનંદ છે. માનનીય દીનદયાળ ઉપાધ્યાયજીએ અંત્યોદય માટે કહ્યું છે તો અંત્યોદય એટલે શું? સમાજના અંતિમ માણસ સુધી સુખ, સુરક્ષા અને સન્માન પહોંચાડવું એ અંત્યોદયનો વિચાર છે. જયાં અન્ન સુરક્ષિત છે ત્યાં જીવન સુરક્ષિત છે. અન્ન સુરક્ષા એ દાન નહીં નાના માણસનો અધિકાર છે. રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ હેઠળ રાજ્યના ૭૫ લાખ પરિવારોને અનાજ પહોંચાડવા માટે માનનીય નાણામંત્રીશ્રીએ ૭૬૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે એ બદલ આપના આભારી છીએ. આ માત્ર બજેટની જોગવાઇ નથી. આ ખાતરી છે કે ગુજરાતનો ગરીબ માણસ એ કયારેય ભૂખ્યો નહીં સૂવે. છાપઓની હેડલાઇનો બદલાઇ ગઇ. હું જયારે અભ્યાસ કરતો હતો ત્યારે રાજનીતિની અંદર રસ લેતો ત્યારે હું હેડલાઇનો વાંચતો કે આજે એવા અંતરિયાળ વિસ્તારો જયાં છે, જે દુર્ગમ વિસ્તારો છે, મોં આખો દિવસ કાળી મજૂરી કરી અને સાંજે બળતણ વીણે અને છતાંય સાંજે ચૂલો ના જગે. એક મોંની સામે એ મોં એ પોતાના બાળકોને રાત્રે સૂવડાવી પડેને એવી છાપાની હેડલાઇનો આ ભારતીય જનતા પાર્ટીની આ સરકારે બંધ કરી છે, એટલા માટે કે આ વિભાગના ફળો જે સંકલ્પ ભારતીય જનતા પાર્ટીની સરકારે, કેન્દ્રની સરકારે જે ત્રીજા નંબરનો સંકલ્પ છે કે યોજનાની ડિલિવરી એ સામાન્ય જનતા સુધી પહોંચે એ સંકલ્પને ગુજરાતની માનનીય ભૂપેન્દ્રભાઇ અને માનનીય હર્ષભાઇની સરકાર સાકાર આજે કરી રહી છે. જયારે ગરીબના ઘરમાં ચૂલો પ્રગટે છે ત્યારે સરકારની નીતિ સફળ થાય છે. જયારે કોઇ બાળક ભૂખ્યું સૂતું નથી ત્યારે વિકાસનો સાચો અર્થ સાકાર થાય છે. બાળકોને ભૂખ્યા સુવાડવા પડે એ આ ગુજરાતની સરકારે એવું સુનિશ્ચિત કર્યું છે કે એવો સૂરજ ના ઉગે કે જ્યારે ગુજરાતનું બાળક ભૂખ્યું ના સૂવે એ આ સરકારની સફળતાનો આંક છે.

કુપોષણ સામેની લડાઇમાં મજબૂત બનાવવા માટે એન.એફ.એસ.એ. કાર્ડધારકોને રાહતદરે તુવેરદાળ, ચણા આપવા માટે રુ. ૮૪૧ કરોડની જોગવાઇ માનનીય નાણામંત્રીશ્રીએ કરી છે. આ નિર્ણય એ માત્ર અનાજ પૂરું પાડવાનો નિર્ણય નથી. આ નિર્ણય એ પોષણ આપવાનો સંકલ્પ છે. આયોડીન અને આયોડીનની ઉણપથી થતા રોગો અટકાવવા માટે માત્ર એક રૂપિયાની અંદર પ્રતિકિલો ડબલ ફોર્ટીફાઇડ મીઠું આપીને ૬૦.૪૯ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ છે સ્વસ્થ ગુજરાત, આ છે સ્વસ્થ ગુજરાત તરફનું મજબૂત પગલું. પરિવારનું પેટ ન ભરાય, કોઇ બાળક ભૂખ્યું ન સૂએ એ રાજ્યની સરકારે સુનિશ્ચિત કર્યું છે, એ વાત સાચી છે પણ મારે એનાથી પણ આગળ કહેવું છે, કે આ રાજ્યની સરકાર એવી સરકાર છે કે એક મહિલાના પેટની અંદર, એક મોંના પેટની અંદર જ્યારે ભારતનું ભવિષ્ય પોષિત થતું હોય, એની કૂખની અંદર એ આકાર લેતું હોય એ મોંની પણ ચિંતા કરી છે અને ભારતના ભવિષ્યની ચિંતા કરી છે. વિભાગ બીજો છે પણ ટેકહોમ રાશન એ મહિલાને આપી અને ભારતનું આવનારું બાળક જે છે, જે ભારતનું ભવિષ્ય છે, એ પણ કુપોષિત ન રહે એની ચિંતા પણ આ સરકાર કરે છે. આ સરકારમાં સમાનતાનો ભાવ છે કારણ કે આ સમાનતાના વિચારોને લઇને જ આ પાર્ટીનું ગઠન થયું છે અને એ પાર્ટીની આ સરકાર છે. તવંગરો અને મધ્યમ વર્ગના લોકો તહેવારો ઉજવે અને ગરીબ પરિવારનાં બાળકો એની સામે જોઇને નિસાસા નાખે એ આ સરકારને ક્યારેય ન પાલવે અને એટલા માટે દિવાળી હોય, જન્માષ્ટમી હોય ત્યારે ગરીબ પરિવારો પર મોંઘવારીનો બોજ ન બને અને બધા જ હસતા મુખે સમાનતાના ભાવે તહેવાર ઉજવી શકે એટલા માટે તહેવારોમાં પણ રાહત દરે સિંગતેલ આપી શકાય એના માટે રૂ.૧૧૬ કરોડની જોગવાઈ આ સરકારે કરી છે. આ સરકારની માનવીયતા છે. આ ગરીબની ખુશીમાં સહભાગી થવાની ભાવના છે. આઝાદીના આટલા વર્ષ પછી એક મોંને હમણાં કીધું એમ આખો દિવસ મજૂરી કરી અને સાંજે ખેતરની અંદર, શેઢાની અંદર, કોઈ અવાવરું રોડની અંદર બળતણ વીણે અને સાંજે ધુમાડાનો ચૂલો જગાવે, એ ખીચડી પાકે અને બાળકના મોઢાની અંદર એ બટકું રોટલો નાખે. મારે દેશના યશસ્વી પ્રધાનમંત્રીનો આભાર માનવો પડે કે એને આ પીડાની ખબર હતી. નરસૈયાનું ભજન છે કે, ''વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઇ જાણે રે''. પરાયાની પીડા જાણે એનું નામ નરેન્દ્ર મોદી છે અને એટલા માટે ઉજ્જવલા યોજનાના માધ્યમથી દેશના પ્રધાનમંત્રીએ કરોડો ગરીબોને, જેણે ક્યારેય ચૂલાથી ગેસ કેવો હોય એનું દૃશ્ય નહોતું જોયું ને એવા કરોડો પરિવારને ઉજ્જવલા યોજના તરીકે એને ગેસના ચૂલા આપ્યા છે અને તહેવારો હોય ત્યારે બે સિલિન્ડર મફત આપવાનું કામ કરી અને માનનીય નાણામંત્રી અને માનનીય મુખ્યમંત્રીએ એના માટે રૂ.૪૨૫ કરોડની જોગવાઈ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, જેમ દુનિયા આજે યોગમય થઈ ગઈ છે એમ કોઈને ખબર નહોતી મિલેટ શું છે? મિલેટ શબ્દનો પ્રયોગ પણ ક્યાંય થતો નહોતો પરંતુ આજે દુનિયા મિલેટનો જાપ જપે છે. મારે આનંદ સાથે કહેવું પડે કે મિલેટ માટે પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦ બોનસ આપવા માટે માનનીય નાણામંત્રીએ રૂ.૩૬.૫૧ કરોડ ફાળવ્યા છે. આ ખેડૂતોનું સન્માન છે. આ પોષણ અને કૃષિ વચ્ચેનો સુમેળ છે. હમણાં પ્રશ્નકાળની અંદર પ્રશ્ન આવ્યો હતો કે ૧૭ હજાર જેટલી વ્યાજબી ભાવની દુકાનો છે, આપણા અનાજના ભંડારો છે, એના વેતનમાં, એના કમિશનમાં વધારો કર્યો છે કે નહીં? મારે ગર્વ

સાથે કહેવું પડે કે માનનીય મુખ્યમંત્રીની દીર્ઘદૃષ્ટિ જુઓ, આ સરકાર આવા વ્યાજબી ભાવના દુકાનદારોના કમિશનમાં વધારો કરી અને રૂ.૧૫૦ માંથી રૂ.૧૮૫ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો છે અને એના માટે બજેટમાં રૂ.૬૭ કરોડનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. વ્યવસ્થા મજબૂત હશે તો અંત્યોદય મજબૂત રહેશે. ગ્રાહકોની છેતરપિંડી ન થાય એટલા માટે રૂ.૨૮.૩૮ કરોડથી કાનૂની માપ વિજ્ઞાન અને તંત્રને આધુનિક બનાવવા માટેની જોગવાઈ કરી છે. જ્યારે એક મજૂર મજૂરીની તક માટે બીજી જગ્યાએ જતો હતો ત્યારે એનું રેશનિંગ કાર્ડ બંધ થઈ જતું હતું. મારે માનનીય નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનવો પડે કે એ 'વન નેશન વન રેશન કાર્ડ' અમલમાં લાવ્યા. આજે વ્યક્તિ હિજરત કરે છે, સ્થળાંતર કરે છે એની સાથે એનો હક્ક પણ સ્થળાંતર કરે છે. સ્થળાંતર કરનાર શ્રમિકો માટે 'વન નેશન વન રેશન કાર્ડ' એ ગૌરવની બાબત છે. હવે ગરીબોને ગામ છોડતા હક્ક છોડવાનો ભય નથી, તેનો હક્ક તેની સાથે છે. આ રાષ્ટ્રીય એકતાનું જીવંત પ્રતીક છે. હમણાં જ દેશના યશસ્વી ગૃહ અને સહકાર મંત્રી માનનીય અમિતભાઈ શાહે ગાંધીનગરની અંદર એક નવા આયામ, એ પ્રકલ્પને શરૂઆત કરાવી.

(વિરામ બપોરના ૨:૩૦થી ૩:૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો કે જે પ્રકારે હમણાં જ કેન્દ્રના ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઇ શાહે રાજ્યની અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના એક નવા આયામની ગુજરાતમાં શરૂઆત કરી. આધુનિક અર્થતંત્રને એક નવું શસ્ત્ર આપવાનો આપણા વિભાગે આર.બી.આઇ.દ્વારા અધિકૃત સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી(સી.બી.ડી.સી.) એટલે કે ડિજિટલ રૂપિયાના ઉપયોગ થકી પ્રયાસ કર્યો છે. જાહેર વિતરણ પ્રણાલી(પી.ડી.એસ.)માં તેનો કેવી રીતે ઉપયોગ કરી શકાય. હું એમ માનું છું કે એક-એક ગુજરાતી ગર્વથી માથું ઊંચું કરીને કહી શકે કે તેનો સૌ પ્રથમ ઉપયોગ ગુજરાત રાજ્ય એ કર્યો છે. ઘણાં લોકો ભારતીય જનતા પાર્ટીની સરકાર ઉપર આક્ષેપો કરતાં હોય છે, અંબાણી અને અદાણીની માળા જપતાં હોય છે. એક સાર્વજનિક રીતે ગુજરાત રાજ્ય એ ડિજિટલ કરન્સીનો પહેલો ઉપયોગ કર્યો પણ ગુજરાતે તે પહેલો હક કોને આપ્યો? ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રી રમણભાઇ સોલંકીને અભિનંદન આપું કે ડિજિટલ કરન્સી વાપરવાનો પહેલો હક ગુજરાતના ગરીબોને આપ્યો. આ વ્યવસ્થા પાછળનું ટેકનિકલ વિજ્ઞાન સમજવા જેવું છે. લાભાર્થીને પંજાબ નેશનલ બેંક સાથે જોડાયેલા ડિજિટલ વૉલેટમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની સબસિડી મુજબની દરેક આઇટમ અલગ અલગ ડિજિટલ કુપન સ્વરૂપે મળે છે. આ કુપનમાં લાભાર્થીને કઇ વસ્તુ મળવાપાત્ર છે તેની વિગત સ્થાનિક ગુજરાતી ભાષામાં આપી છે. આ સિસ્ટમની સૌથી મોટી તાકાત તેની પારદર્શિતા છે. ક્યુ.આર.કોડ અથવા તેમના એસ.એમ.એસ. દ્વારા મળેલ ૧૬ આંકડાના કોડથી એ પોતાનું રાશન મેળવી શકે છે. જેમ બેંકમાં કોઇ ટ્રાન્ઝેક્શન કરીએ અને અમુક સેકન્ડમાં ટ્રાન્ઝેક્શનનો મેસેજ આવી જાય છે તે રીતની પારદર્શિક પ્રક્રિયાના કારણે રાશન મળે અને ડિજિટલ કરન્સી રીડિંગ થાય એટલે તરત જ અમુક સેકન્ડમાં ગ્રાહકના મોબાઇલમાં એસ.એમ.એસ. આવી જાય છે. ઘણીવાર નેટવર્કનો અભાવ હોય, ફિંગર પ્રિન્ટ આપવાનો પ્રશ્ન ઊભો થતો હોય ત્યારે ઇ-કે.વાય.સી.ની. વ્યવસ્થા કરી છે. બાયોમેટ્રિકની જરૂર રહેતી નથી અને આ ટેકનિકલ સુધારો ઇઝ ઓફ લીવિંગનું ઉત્તમ ઉદાહરણ છે. પ્રાયોગિક ધોરણે અમદાવાદમાં સાબરમતી જેવા કેટલાંક વિસ્તારોમાં આ સુવિધાની શરૂઆત કરી છે. અત્યાર સુધીમાં ૨૬,૩૩૩ એન.એફ.એસ.એ.ના પરિવારોએ આ સિસ્ટમનો લાભ લીધો છે. કોઇએ કલ્પના નહીં કરી હોય કે જેમ બેંકમાં એ.ટી.એમ. કાર્ડ નાખીએ અને પૈસા નીકળે તેવી જ રીતે કોઇ ગરીબ તેના હકના મળતાં રાશન માટે ક્યુ.આર. કોડ કે અધિકૃત મોબાઇલ નંબર નાખે અને અનાજ વેન્ડિંગ મશીનમાંથી તેને મળતું હકનું અનાજ ૩૦ સેકન્ડમાં ૨૫ કિલો ચણા મળી જાય. આ ગુજરાતે સાર્થક કરીને બતાવ્યું છે. આ યોજનાના અમલની શરૂઆત થઇ ગઇ છે. મેં કહ્યું તેમ આ વિભાગ નાનો છે, કદાચ બીજા બધાં બજેટ કરતાં નાનું બજેટ હશે પરંતુ હું એટલું ચોક્કસ કહી શકું કે વ્યાપમાં આનાથી મોટો કોઇ વિભાગ નથી. ચાર કરોડ લોકો સુધી સીધી ડીલિવરી પહોંચી શકે અને લોકોની ભૂખને સંતોષી શકે તેવો આ વિભાગ છે. મને ખ્યાલ છે જ્યારે હું વર્ષ ૨૦૦૭-૦૮માં યુવા મોરચામાં કામ કરતો હતો ત્યારે એક 'સ્લમ ડોગ મિલિયોનર' નામની ફિલ્મ આવી હતી. દુનિયાએ એ ફિલ્મ જોઇ. દુનિયાએ એને હસતાં હસતાં એવોર્ડ એટલા માટે આપ્યા કે એના પર પ્રદર્શિત થયેલા ચિહ્નો જે હતા એમાં ભારતને ભૂખમરાનું ભારત બતાવવામાં આવ્યું. એક ગુજરાતી તરીકે એક ભારતના નાગરિક તરીકે આપણું કાળજું બળતું હતું કે માત્ર ફિલ્મનાં દૃશ્યો પરથી આ ભારતનું એસેસમેન્ટ ન થઇ શક્યું. કોરોના કાળમાં જ્યારે પડઘમો પડી ગયા, રસ્તાઓ બંધ થયા, વાહનવ્યવ્હાર બંધ થયો, લોકોની રોજી પર અનિશ્ચિતતાના વાદળો ઘેરાયા. છતાં પણ આ દેશમાં એક પણ વ્યક્તિ ભૂખ્યો મર્યો નથી. આ દુનિયાએ અમારો રેકોર્ડ જોયો અને એનાથી પણ આગળ કહું કે દુનિયામાં જ્યારે અસમંજસતા હોય, કેટલાય દેશમાં યુદ્ધના વાદળો ઘેરાયાં હોય અને દુનિયાના દેશોમાં અનાજની તંગી હોય ત્યારે ભારતે 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવના કેળવી દુનિયાના લોકોનું પેટ ભર્યું છે. આ ભારતનું મને ગર્વ છે. માનનીય કનુભાઇ દેસાઇ જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સંપૂર્ણ સમર્થન આપું છું.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ (લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬-૨૭ ના વર્ષનું બજેટ વિકાસલક્ષી બજેટ બતાવવામાં આવ્યું છે એ ફક્ત ભ્રામક વાતો છે. ખરેખર *(**xxx**) મારા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને બજેટમાં ખૂબ ઓછું ધ્યાન આપવામાં આવેલ છે. ગરીબ અને મધ્યમવર્ગ માટે સીધી આર્થિક આવક રાહતો પણ

* આ શબ્દ અસંસદીય હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઓછી આપવામાં આવેલ છે. રાજ્યનું ખર્ચ ઝડપથી વધી રહ્યું છે. વ્યાજ ચૂકવણીનો બોજ ભવિષ્યમાં વિકાસ ખર્ચ ઘટાડશે તેવી ચિંતા જણાઇ રહી છે. ખેડૂતોની આવકની વાત કરું તો, પાક વીમો અને એમ.એસ.પી.સુરક્ષા યોજના પૂરતી મજબૂત નથી. નાના ખેડૂતો માટે સીધી સબસિડી ઓછી છે. મારા મહીસાગર જિલ્લાની વાત કરું તો, મહીસાગર જિલ્લામાં એકપણ જી.આઇ.ડી.સી. આવેલ નથી. જેથી યુવાનોને દર દર ભટકવું પડે છે. એના કારણે યુવાનોને બેરોજગારી માટે બજેટમાં કોઇ નવું મોડેલ દેખાઇ રહ્યું નથી. ભવિષ્યમાં પર્યાવારણ અને પાણીનું સંકટ પણ જણાઇ રહ્યું છે. એના માટે ભૂગર્ભજળ અને સંરક્ષણની સેવાઓ મજબૂત કરવાની જરૂર જણાઇ રહી છે.

મારા વિસ્તારની વાત કરું તો, ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય સેવાઓ માટે પૂરતા પ્રમાણમાં હૉસ્પિટલો નથી. મેડિકલ સ્ટાફની પણ પૂરતી જોગવાઇ નથી. જેના કારણે મફત સારવાર યોજનાનો વ્યાપ ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં છે. મારા લુણાવાડાની સિવિલ હૉસ્પિટલની વાત કરું તો, મેડિકલ સ્ટાફ ઓછો હોવાને કારણે દર્દીઓને તાત્કાલિક ખાનગી દવાખાનાઓમાં જવું પડે છે. જેના કારણે ખર્ચમાં ખૂબ વધારો થઇ જાય છે.

શિક્ષણની વાત કરું તો, સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે લાંબાગાળાના આયોજનનો અભાવ જણાઇ રહ્યો છે. ખોટા માપદંડોના કારણે એક્સેલન્સ સ્કૂલોની ગ્રાન્ટો પેન્ડિંગ પડી રહી છે. આખા ગુજરાતમાં પર્યાવરણની સુરક્ષા મજબૂત નથી. રાજ્યમાં ગૌચર વિકાસ અને ગૌચરોના ઘાસચારાના વિકાસની કોઇ યોજના બજેટમાં દેખાતી નથી. ફક્ત કચ્છ પૂરતી મર્યાદિત રાખી શકાય નહીં. ખેડૂત પોર્ટલ પર વિવિધ સબસિડીઓ માટે ઓનલાઇન અરજીઓ હજી સુધી પેન્ડિંગ પડી છે. ખેડૂતોનાં નાણાંની ત્રણ ટકા રકમ કેન્દ્ર સરકાર અને ચાર ટકા રકમ રાજ્ય સરકાર ચૂકવે છે. વર્ષ ૨૦૨૨ સુધીની રકમ ખેડૂતોને ચૂકવેલ નથી. જેથી ખેડૂતો પર પડતા પર પાટું છે. ટેકાના ભાવે અનાજ ખરીદી માટે જે ક્ષેત્રફળ અને વજન પર નિયંત્રણ છે એ દૂર કરવું જોઇએ અને ખરીદીની રકમ દસ દિવસમાં ચૂકવી દેવી જોઇએ. નદી કે કોતરના કિનારે ખેડૂતોની જમીન આવેલ છે અને અતિવૃષ્ટિથી ખેડૂતોની જમીનનું ધોવાણ થાય છે. જમીન બચાવવા માટે પ્રોટેક્શન વોલ બનાવવા માટે પચાસ ટકા સબસિડી આપવી એવી બજેટમાં કોઇ જોગવાઇ કરેલ નથી. ખેડૂતોની ખેતીના અને સિંચાઇના સાધનો પર જી.એસ.ટી. દર ઓછો કરવો જોઇએ એવી કોઇ યોજનાની જોગવાઇ કરવામાં આવેલ નથી. સરકાર જેટલી સબસિડીઓ આપે છે એના કરતાં જી.એસ.ટી. દર વધી જાય છે,જેથી સબસિડીનો કોઇ ફાયદો થતો નથી. દા.ત. રૂ. ૬ લાખનું ટ્રેક્ટર હોય અને એના ઉપર ૧૮ ટકા જી.એસ.ટી. હોય તો રૂ.૧ લાખની સબસિડી કરતાં જી.એસ.ટી. વધી જાય છે.

ડૉ. હસમુખ પટેલ (અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે રાજ્ય સરકારે કુલ રૂ. ૨૦૦૬ કરોડ ફાળવ્યા છે એ બદલ હું રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાહેબ અને નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો ખૂબ–ખૂબ આભાર માનું છું અને એના અનુમોદન માટે મને બોલવાની જે તક મળી છે એ બદલ સન્માનનીય ગૃહનો ખૂબ–ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવા તથા યુવાનો અને રમતવીરોને પ્રોત્સાહન આપી, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે તેવી પ્રતિભાઓ ડેવલપ કરવા માટે અને એ પ્રતિભાનો દેશ અને દુનિયાને પરિચય થાય તેવા આયોજનો અમારી સરકારે ખૂબ સફળતાપૂર્વક પાર પાડી, અમલમાં મૂકેલા છે. રમતગમતની વાત આવે એટલે મને એક વાત યાદ આવે છે. જ્યારે આપણે બધા પ્રાઇમરીમાં ભણતા હતા ત્યારે એટલે મારો કે જ્યારે અગાઉની સરકાર હતી ત્યારે રમતગમતના મેદાનના નામે કયાંક સ્કૂલમાં નાનું મેદાન હોય અને એમાં લાંબો કૂદકો, કબડ્ડી જેવી નાનીમોટી ભૂમિકા ભજવતા હતા અને એને માન આપવા માટે થઇ, એ વખતના પી.ટી. ટીચર અઠવાડિયામાં એકાદ દિવસ આવતા હોય એ રીતનો આખો રમતગમત વિભાગ ચાલતો હતો.

ઉપાધ્યક્ષશ્રી : વચ્ચે અવાજ નહીં કરો. શ્રી અનંતભાઇ, આપ વચ્ચે બોલશો નહીં.

ડૉ. હસમુખ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધાએ જોયું છે કે રમતગમતની કેવી દશા હતી? નહીંતર કદાચ હું માનું છું કે અહીંયા બેઠેલામાંથી ઘણા બધા રમતવીરો તરીકે ચંદ્રકો મેળવીને આવ્યા હોત. એને અનુલક્ષીને જ્યારે આપણી સરકાર સત્તામાં આવી એના પછી જુઓ, કેટલા પોઇન્ટથી ડેવલપમેન્ટ કર્યું છે? રમતગમતને ફક્ત રમતગમત તરીકે નહીં, એને ત્રણ રીતે જોયું છે. એક ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કરેલું છે જેમાં તાલુકા કક્ષાએ, સ્કૂલ લેવલે, જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષા અને મહાનગરોમાં પણ સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવેલા છે. સ્વિમિંગ પુલ બનાવેલા છે. એની માળખાકીય સરસ મજાની આખી ગોઠવણ કરેલી છે કે જેથી યુવાનો એમાં રસ લઇ રમતગમત ક્ષેત્રે આગળ વધી શકે. એટલું બનાવી મૂકી દીધું નથી, એમાં મેનેજમેન્ટ સ્ટાફ માની લો કે કોચ હોય, ટ્રેઇનર હોય, એને અપગ્રેડશન કરવા માટેનું પ્લાનિંગ હોય, એનો આખો અભ્યાસક્રમ હોય, એનાથી આગળ વધો તો એ બધા મેનેજમેન્ટ ક્લેરિકલ સ્ટાફ હોય અને આયોજનપૂર્વક, પદ્ધતિસર કામ કરવા માટે એના મેનેજરો રાખેલા હોય, આવું એક પદ્ધતિસરનું માળખું તૈયાર કર્યું. આપણી ગવર્મેન્ટ આવ્યા પછી એ ચાલ્યું કર્યું. આટલાથી અટકયા હોત તો કદાચ રમતગમતમાં અત્યારે આપણે જે સ્ટેજ ઉપર છીએ, યજમાની કરવા જઇ રહ્યા છીએ એ ના જઇ શક્યા હોત. રમતવીરોમાં કેમ કરીને ઉત્સાહ જગાવો એના માટે જુદીજુદી સંસ્થાઓ અને જુદીજુદી યોજનાઓ દ્વારા રમતવીરોમાં પ્રોત્સાહન પૂરું પાડ્યું છે એને અનુલક્ષીને આપણે આટલા આગળ વધી શક્યા છીએ. એનો સાદો દાખલો આપું તો ખેલ મહાકુંભથી શરૂ કર્યું છે અને છેક 'ખેલો ઇન્ડિયા' સુધી આપણે પહોંચ્યા છીએ એની સાથેસાથે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું જે 'ફીટ ઇન્ડિયાની' મૂવમેન્ટ છે અને આપણા મુખ્યમંત્રી સાહેબની જે મેદસ્વિતા સામેની લડાઇ છે, એ

સ્ટેજ પસાર કરતાં કરતાં આપણે અત્યારે આ સ્ટેજ ઉપર પહોંચ્યા છીએ કે જેમાં કોમનવેલ્થ ગેમની યજમાની કરી રહ્યા છીએ અને હવે આપણે ઓલિમ્પિકની પણ યજમાની કરવા જઈ રહ્યા છીએ. આટલા પ્રયત્નો અને માળખાકીય સવલતોની શરૂઆત આપણી ગવર્મેન્ટ આવી ત્યારથી કરેલી છે. એ કેવી રીતે કરી? એની આંકડાકીય માહિતી આપું. આપણી સરકારે રમતગમત ક્ષેત્રે રૂ.૧૩૩૧ કરોડનું બજેટ ફાળવ્યું છે. અમદાવાદના ઓલિમ્પિક સિટીમાં સરદાર વલ્લભભાઇ પટેલ સ્પોર્ટસ એન્કલેવના ડેવલપમેન્ટ માટે રૂ. ૫૦૦ કરોડ, વિવિધ જિલ્લા ખાતે સ્પોર્ટ કોમ્પલેક્ષ ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ થાય એના માટે રૂ. ૧૬૫ કરોડ, અમદાવાદ અને ગાંધીનગર રમતગમતને લગતી આંતરમાળખાકીય સગવડતા માટે રૂ. ૧૦૧ કરોડ
કરાઇમાં ઓલિમ્પિક કક્ષાનું ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ માટે રૂપિયા ૧૦૦ કરોડ. ગાંધીનગર ખાતે પેરા પરફોર્મન્સ સેન્ટરનું ડેવલપમેન્ટ કરવાનું છે એના માટે રૂપિયા ૧૦૦ કરોડ, હોકી સારી રીતે રમી શકે એના માટે ગ્રાઉન્ડ બનાવવાના છે એના માટે રૂપિયા ૯૦ કરોડ. રમત-ગમતની સાથે સાથે આપણો સાંસ્કૃતિક વારસો જળવાઇ રહે એના માટે પુરાતત્ત્વ સંગ્રહાલય માટે રૂપિયા ૨૨૬ કરોડ જેવી માતબર રકમ ફાળવાઇ છે. આપણો વારસો કેવો છે અને આપણે કેવી રીતે આગળ વધી શકીએ એનું જ્ઞાન આપણી યંગ જનરેશનને જ્ઞાન થાય. આના માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ ગ્રંથાલય બાંધે છે. ચાર જિલ્લામાં તો સ્માર્ટ ગ્રંથાલયનું આયોજન કરવામાં આવેલ છે. હમણાં જ આપણા જે ૧૭ નવા તાલુકા મથકો બન્યા ત્યાં પણ ગ્રંથાલયો ડેવલપ થાય એના માટેનું પ્લાનિંગ કરેલું છે. આ ઉપરાંત યુવાનો માટે સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવે છે એના માટે રૂપિયા ૮ કરોડ ફાળવવામાં આવ્યા છે. અભિલેખાગાર અને આર્કાઇવના રેકર્ડની સંભાળ માટે રૂપિયા ૩ કરોડ ફાળવેલ છે. રમત-ગમત ક્ષેત્રે જોઇએ તો જુદી જુદી યોજનાઓ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત છે એ સને ૧૯૯૫માં કાર્યરત થયું હતું. એના માટે આપણી સરકારે રૂપિયા ૪૮૬.૮૪ કરોડ ફાળવ્યા છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત તાલુકા, ગ્રામ્ય અને જિલ્લા લેવલે રમત-ગમત ચાલતી હોય છે એની દેખરેખ રાખે છે અને એનું અમલીકરણ કરે છે અને માળખાકીય કેવી રીતે સુધારા-વધારા કરવા એનું પ્લાનિંગ કરે છે. આવું જ એક સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા છે. એના અંતર્ગત એક્રિડિએટેડ એકેડેમી ચાલતી હોય છે. એમાં ખેલો ઇન્ડિયા ડિસ્ટ્રીક્ટ સેન્ટર છે. ખેલો ઇન્ડિયા સ્ટેટ સેન્ટર ઓફ એક્સલન્સ છે. આ બધી સંસ્થા રાજ્ય સરકાર સાથે કનેક્ટ થઇને કેમ કરીને રમત-ગમતના માળખાને ઉંચું લાવવું એના માટે થઇને પ્રયત્ન કરતી હોય છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ગ્રામ્ય અને જિલ્લા લેવલે આપણે સને ૨૦૧૦થી જે ખેલ મહાકુંભનો પ્રારંભ કર્યો હતો. સને ૨૦૧૦માં ૧૬.૫૦ લાખ રમતવીરોએ એમાં ભાગ લીધો હતો. સને ૨૦૨૪-૨૫માં ૭૧ લાખ રમતવીરોએ ભાગ લીધો અને સને ૨૦૨૫-૨૬માં ૭૨ લાખ રેકોર્ડબ્રેક રમતવીરોએ ભાગ લીધો. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત અંતર્ગત ઇન-સ્કૂલ યોજના ચાલતી હોય છે. જે ગ્રામ્ય અને રીમોટ એરિયા લેવલે ખેલ મહાકુંભનું આયોજન કરતી હોય છે. ૨૩૦ શાળાઓની અંદર આનું આયોજન થયું છે. ૧૦ જિલ્લામાં ૧૫ જેટલી રમતો અને ૨૮ જેટલી નિવાસી એકેડેમી આ આખું તંત્ર ગોઠવાયેલું છે. જે પ્રશિક્ષણ, સ્પર્ધા ગોઠવે છે, ઇન્ટરનલ સ્પર્ધા ગોઠવે છે. કેમ કરીને આપણા રમતવીરોને આગળ લઇ જઇએ એના માટે ૩૯ જેટલી ડી.એલ.એસ.એસ.નું પણ આયોજન કરવામાં આવેલ છે. ઇ-સ્કૂલ યોજના સને ૨૦૧૪માં શરૂઆત થઇ હતી. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં બાળકો ભણતાં હોય એમાં શિક્ષણની સાથે કેમ કરીને રમતને પ્રોત્સાહન આપવું અને એને અપગ્રેડ કરવી અને પી.પી.પી.ના ધોરણે બીજી સંસ્થા અને ટ્રેનરોને આવરી લઇને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ બાળકો આગળ વધે એનું પ્લાનિંગ કર્યું છે. આવી ૨૩૦ સ્કૂલો છે જેમાં ૪૪૦ ટ્રેનરો ટ્રેનિંગ આપી રહ્યા છે અને અત્યારે ૧ લાખ ૧૫ હજાર ૬૬૧ ખેલાડીઓ એના અનુભવનો લાભ લઇ રહ્યા છે. એમાં બે રમતો તો એવી છે કે ટ્રેનરો વિનામૂલ્યે એની તાલીમ આપે છે. જેમ જેમ ટ્રેનિંગ આગળ વધતી જાય અને એમ લાગે કે આ રમતવીરોને હજી આગળ જવું છે તો એના એક્સપર્ટ હોય, ટ્રેનર કે કોચ એને હાયર કરવામાં આવે છે. એમ કરતાં કરતાં એમ લાગે કે હજી આગળ વધવાની જરૂર છે તો એ ટ્રેનરોની ઇન્ટર્નલ એક્ઝામ લઇને એને પણ પ્રમોટ કરીને કેમ કરીને આગળ વધવું. આવું સરસ મજાનું આયોજન કરેલ છે. એની સિદ્ધિ જોઇએ તો સને ૨૦૨૫-૨૬ ની અંદર ખેલ મહાકુંભ થયો હતો એમાં તાલુકા લેવલે ૪૪૪૨ અને જિલ્લા લેવલે ૩૮૮૨ અને રાજ્ય લેવલે ૧૨૮ મેડલ જીત્યા હતા. એક એવી સંસ્થા છે, સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા કે જે રાજ્ય લેવલે આ બધું આયોજન કરતી હોય છે.એમાં પણ તાલુકા લેવલે ૩૯૦૧, જિલ્લા લેવલે ૫૧૮૩ અને રાજ્ય લેવલે ૧૫૦ મેડલ આપણે જીત્યાં છીએ. રાજ્ય કક્ષાએ જે ખેલાડી હોય છે એ બધાએ રાષ્ટ્રીય કક્ષાએ પણ ભાગ લીધેલા છે. એમાં ૩૧ ખેલાડીઓએ ભાગ લીધો હતો. એમાંથી ૧ ખેલાડીએ ગોલ્ડ મેડલ, ૧ ખેલાડીએ સિલ્વર અને ૧ ખેલાડીએ બ્રોન્ઝ એમ કુલ પાંચ ખેલાડી મેડલ લઇને આવેલા છે. ડી.એલ.એસ.એસ. ડિસ્ટ્રિક્ટ લેવલના સ્પોર્ટ્સ સંકુલની શરૂઆત વર્ષ ૨૦૧૩માં થઇ હતી. એમાં રાજ્ય સરકારે રૂ.૩૫.૨૮ કરોડ ફાળવ્યા છે. એમાં પણ કુલ ૧૪૪ કોચ, ૧૭૧ ટ્રેનર્સ છે. ખાલી કોચ અને ટ્રેનર્સ નહીં પણ કેમ કરીને પ્રતિભા આગળ વિકસે એના માટે થઇને યુથ ટ્રેનરને પણ સામેલ કર્યા છે. ચાલુ ટ્રેનિંગમાં ક્યાંય પણ ઇન્જરી થાય તો ઇન્જરીને કેમ શોર્ટ ટાઇમમાં આઉટકમ કરીને બહાર આવીએ એના માટે ફિઝિયોથેરાપિસ્ટ પણ રાખેલા છે. આને અનુલક્ષીને ડી.એલ.એસ.એસ. પ્રત્યેક જિલ્લા દીઠ રૂ.૧.૬૮ લાખની રકમ ગુજરાત સરકાર ચૂકવે છે. આવી રીતેના અર્જુન એવોર્ડમાં ઓલિમ્પિક ટીમ માટે ભારતીય શૂટર ઇલાવેલિન વલારીવાન છે. શક્તિદૂત ખેલાડી રણવીરસિંહ, મુરાદ શીરમા, શ્રદ્ધા કથિરીયા. જુડોમાં રોહિત મિસ્કુલ, શાહીન અર્બુદા, અર્ચના વાઘેલા આવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખેલાડીઓ મળેલા છે. હજુ પણ આવા ખેલાડીઓ મળવાના ચાલુ છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્પર્ધા થઇ બાસ્કેટબોલ ખેલાડીમાં દિનર વિઠલાણી છે એ અંડર ૧૬ વુમન એશિયામાં ગોલ્ડ મેડલ લીધેલો છે. હેન્ડબોલ ખેલાડી મનાલી પરમારે ૧૧મી એશિયન ગેમ્સમાં ભાગ લીધેલો છે. મહેલુ

જૈમીન, ચિરાગ પ્રજાપતિ આવા ઘણા બધા ખેલાડીઓએ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ આગળ વધેલા છે. આના અંતર્ગત રાજ્ય લેવલે ૧૬૦૫, નેશનલ લેવલે ૧૬૨ અને ટોટલ ૧૭૬૭ મેડલ આપણે જીત્યા છીએ છે. આ વાત થઇ જુદી જુદી સંસ્થાઓની પછી સેન્ટર ઓફ એક્સેલન્સ એટલે કે પી.પી.પી. ધોરણે સ્વામી વિવેકાનંદ બિનનિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્રમાં એનો ક્રાઈટેરિયા હોય છે. એ ક્રાઈટેરિયા પ્રમાણે ખેલાડી આવે એમને પણ આગળ પ્રમોટ કરતા હોય છે. એને પણ ભોજન, પ્રવાસી ખર્ચ આ બધું આપતા હોય છે. એવી જ એક સંસ્થા છે સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર એકેડમી યોજના એ પણ સ્ટાઇપેન્ડ અને ભોજન આપીને પ્રતિભા સંપન્ન ખેલાડીઓને આગળ લઇ જતા હોય છે. અમુક ખેલાડીઓને વિશિષ્ટ કોચિંગ આપવા માટે નેશનલ અને ઇન્ટરનેશનલ લેવલે જુદા જુદા એમ.ઓ.યુ. થયેલા છે. આની સાથે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

ડૉ. હસમુખ પટેલ : બે સેકન્ડ, સૌનો સાથ સૌનો વિકાસ અને સૌનો પ્રયાસથી આપણે સૌનો વિજય એટલે ભારતનો વિજય એવો મેળવીએ કે જે વિશ્વગુરુ તરફ પ્રયાણ કરી રહ્યા છીએ એમાં આપણે નંબર વન આવીએ એ જ અભિલાષા સાથે વિરમું છું. જય જય ગરવી ગુજરાત.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી ચૈતરભાઇ વસાવા.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા (ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનીય ગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૬-૨૭નું રૂ.૪,૦૮,૦૫૩/- કરોડનું બજેટ લઇને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

સન્માનીય ગૃહમાં બજેટના પહેલા જ પાના પર માનનીય નાણામંત્રીશ્રીએ કહ્યું કે, માનનીય વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં ભગવાન બિરસા મુંડાની જ્યારે ૧૫૦મી જન્મજ્યંતીની ઉજવણી થતી હતી ત્યારે ડેડીયાપાડામાં બે લાખ કરોડની આદિજાતિ વિકાસ માટે જાહેરાત કરવામાં આવી છે.

ઉપાધ્યક્ષશ્રી : આપ એ વાત આગળ ગૃહમાં કહી ચૂક્યાં છો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા સાહેબ, આ બજેટના પહેલા પાનામાં છે એ જ ચર્ચા કરું છું. બજેટના પહેલા જ પાના પર માનનીય નાણામંત્રીશ્રીએ જાહેરાત કરી છે ત્યારે સન્માનીય ગૃહના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે તેનું યોગ્ય આયોજન, અમલીકરણ થાય અને તમામ બજેટ આદિવાસી સમુદાયના વિકાસ માટે વપરાય એવી મારી વિનંતી છે. કેમ કે, ગત બજેટ વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૪,૩૭૩/-કરોડની આદિજાતિ વિકાસ વિભાગ માટે બજેટમાં જોગવાઇ કરવામાં આવી હતી એની સામે જવાબ મળ્યો છે રૂ.૩,૩૭૩ કરોડ જ વપરાયા છે. એ જ પ્રમાણે સન ૨૦૨૫-૨૬ના નાણાકીય બજેટમાં રુ.૫૧૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી એની સામે માત્ર રુ. ૨૪૧૦ કરોડ વાપરવામાં આવ્યા છે ત્યારે જે પણ બજેટ ફાળવાય છે એનું યોગ્ય અમલીકરણ થાય એ ખૂબ જરૂરી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ચૈતરભાઇ, આ માનનીય નાણામંત્રી તમને કયાં ના પાડવાના છે? આપ સજેશન કરજોને? બધાં કામ કરશે. એ તો ભામાશા છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : જી, સર. સાથેસાથે આદિજાતિના ૧૪ જિલ્લામાં ટ્રાયબલ સબપ્લાનની કચેરીઓ છે, સ્ટાફ છે તો જે પ્રકારે આદિજાતીનું બજેટ ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી (ડીસેગ)ને ડાયરેકટ ફાળવી દેવામાં આવે, એમને એમ્પેનલ થયેલી એજન્સીઓ, એન.જી.ઓ., ડાયરેકટ કામ કરવા આવે એની જગ્યાએ ડાયરેકટ ત્યાં આવે અને જિલ્લા કક્ષાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની અને અમલીકરણ અધિકારીઓની કમિટી બને એવું આયોજન થાય એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

આગળ નર્મદા જિલ્લામાં ૧૧૨૫૩ જેટલાં બાળકો કુપોષણથી પીડાય છે. દાહોદમાં ૧૯૫૯૪ જેટલાં બાળકો કુપોષણથી પીડાય છે એવું સન્માનનીય ગૃહમાં મને જવાબ મળ્યો હતો ત્યારે એવાં લાખો બાળકો હશે કે જે કુપોષણથી પીડાતા હશે ત્યારે એમના માટે પી.એમ.પોષણ યોજના અંતર્ગત જે આપણે સેન્ટ્રલાઇઝ કિચનની શરૂઆત કરવા જઇ રહ્યા છીએ એના માટે રૂ.પપર કરોડની પણ જોગવાઇ કરવામાં આવી છે. આખો વિસ્તાર પહાડી છે, ડુંગરાળ, અંતરિયાળ છે. સન્માનનીય ગૃહમાં મારી વિનંતી છે કે જે રૂ. પપર કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે ડાયરેકટ મધ્યાહન ભોજનને આપવામાં અને ત્યાં પોષણયુકત આહાર અને ગરમ આહાર મળે એવું આયોજન કરવામાં આવે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથેસાથે આરોગ્યમાં પણ આદિજાતિ વિસ્તારોમાં જે સીટી સ્કેન મશીન, સોનોગ્રાફી, શબવાહિની જેવાં સાધનો ઉપલબ્ધ કરવામાં આવે, પૂરતો સ્ટાફ ઉપલબ્ધ કરવામાં આવે એ પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. સાથેસાથે આગળના શિક્ષણ વિભાગનો મારો પ્રશ્ન હતો એમાં મારા જ જિલ્લામાં પ૪૯ શિક્ષકોની ઘટ દર્શાવવામાં આવી હતી અને ૧૪૫ શાળાઓ એક શિક્ષકથી ચાલે છે એવી માહિતી મને મળી હતી. હમણાં જ સન્માનીય સભ્યશ્રીએ કહ્યું કે આપણે વિશ્વગુરુ તરફ પ્રયાસ કરી રહ્યા છીએ ત્યારે શાળાઓમાં ગુરુ નથી એના ઉપર પણ આપણે ગંભીરતાથી ધ્યાન આપવું પડશે. સાથેસાથે જ્ઞાનસહાયકોની આપણે જે ભરતી કરી છે એ ૧૧ મહિનાના કરાર પર છે. પોતે પણ પોતાના ભવિષ્યને લઇને ચિંતીત હોય છે તો બાળકોના ભવિષ્યની કઇ રીતના ચિંતા કરશે તો એમને પણ કાયમી કરવામાં આવે એવું પ્રાવધાન કરવામાં આવે એવી મારી વિનંતી છે. કેન્દ્ર સરકાર પુરસ્કૃત પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની જે યોજના હતી જેમાં આદિજાતિનાં બાળકો ઉચ્ચ

અભ્યાસ કરી શકે એના માટે કેન્દ્ર સરકાર ૭૫ ટકા અને રાજ્ય સરકાર ૨૫ ટકાની જોગવાઇ એમાં કરી છે પણ તા.૨૮-૧૦-૨૦૨૪ના રોજ આદિજાતિ વિભાગનો પરિપત્ર બહાર પડ્યો અને એના પછી મેનેજમેન્ટ અને વેકેન્ટ કોટામાં જે પણ લોકો એડમિશનો લે છે એમને શિષ્યવૃત્તિ નથી મળતી એ પણ ચાલુ કરવામાં આવે એવી મારી આપના માધ્યમથી વિનંતી છે.

આ સભાગૃહમાં નર્મદા પરિયોજનાની ઘણી વાતો થાય છે, નર્મદાનું પાણી સૌરાષ્ટ્ર કચ્છ અને ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ, સૌની યોજનાથી પહોંચાડવાની વાત થાય છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે અમારા જિલ્લાને નથી મળ્યું. નર્મદા જિલ્લાને પણ એ પાણી ઉદવહન સિંચાઇ યોજના, નહેર દ્વારા કે કોઇપણ યોજના દ્વારા આપવામાં આવે એવી મારી વિનંતી છે. સાથેસાથે જે નર્મદા ડેમની બાજુમાં ગોરા, લીમડી, વાગડીયા, કેવડીયા કોઠી એવા જે પણ ગામો છે એમની જમીનો જે તે વખતે ડેમના કામના ઉપયોગમાં લેવા માટે સંપાદન કરવામાં આવી હતી પરંતુ એ હેતુ પૂર્ણ થયા નથી એ જમીનો ઉપર આજે પણ ગામ વસેલા છે અને પોતાની રીતે વર્ષોથી રહે છે તેમને પ્રશાસન દ્વારા જે પરેશાની થાય છે એ ના થાય એની પણ મારી વિનંતી છે. ધન્યવાદ.

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દર વખતે રજૂઆત કરે છે કે જ્ઞાન સહાયકની જગ્યા કાયમી કરવામાં આવે, આ જ્ઞાન સહાયકની જે વ્યવસ્થા છે એ વૈકલ્પિક વ્યવસ્થા છે બાકી ધો. ૧થી ૫, ધો. ૬થી ૮, ધો. ૯થી ૧૨માં આપણે ભરતીઓ કરીએ જ છીએ. એટલે જ્ઞાન સહાયક એ માત્ર વૈકલ્પિક વ્યવસ્થા છે. વિદ્યાર્થીઓનું શિક્ષણ ના બગડે એટલા માટે વિદ્યાર્થીઓના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે એટલે એ કાયમીનો પ્રશ્ન રહેતો નથી એટલે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે, માહિતી માટે છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ (ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી ગુજરાત વિધાનસભામાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં નાણામંત્રી આદરણીય કનુભાઇ દેસાઇ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે એમાં મહિલા બાળ કલ્યાણ અને શહેરી વિકાસ વિભાગ માટે મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થઇ છું.

હું મારી વાત મૂકતાં પહેલાં એક સાહિત્યકારની ચાર લાઇનો કહેવા માગું છું. ''મહિલા સશકતથી પરિવાર મજબૂત, બાળ વિકાસથી રાષ્ટ્ર મજબૂત, બંનેને આપો હક્ક અને સન્માન ત્યારે જ ખીલશે ગુજરાતનું ગૌરવગાન.'' ગુજરાત સરકારે રાજયના વિકાસ માટે જે ચાર સ્તંભ ગણાવ્યા છે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારી. નારી શકિતની ભૂમિકા સમાજની વિકાસયાત્રામાં ખૂબ જ મહત્ત્વની છે. મહિલાઓ, બાળકોના પોષણને સુદઢ કરવાં, આંગણવાડીના ભૌતિક અને ડિજિટલ માળખામાં ગુણાત્મક વધારો કરવા માટે સરકારે નિર્ણય કરેલ છે. મહિલા અને બાળ વિકાસ વિભાગે આ બજેટમાં કુલ રૂ.૭,૬૯૦ કરોડની જોગવાઈ કરેલ છે. વિધવા બહેનોને મદદરૂપ થવા માટે ગંગા સ્વરૂપા યોજનાની શરૂઆત કરવામાં આવી, વિધવા બહેનોને આ યોજનાનો લાભ લેવા માટે કોઈ શરમના અનુભવવી પડે એના માટે આ યોજનાનું નામ 'ગંગા સ્વરૂપા' એટલે કે વિધવા બહેનોને માન આપીને એમને સહાય આપવામાં આવે એ માટે આ યોજનાનું નામ ગંગા સ્વરૂપા કરવામાં આવ્યું. વર્ષ ૨૦૧૯થી આ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજનાની શરૂઆત કરી ત્યારે વિધવા બહેનનો પુત્ર ૨૧ વર્ષનો થાય ત્યાં સુધી જ એમને આ સહાય આપવામાં આવતી હતી. પણ આ ત્રુટિને દૂર કરીને આ વિધવા સહાયનો લાભ આ ગંગા સ્વરૂપા સહાયનો લાભ આજીવન સુધી મળે એવી રીતે આ રાજ્ય સરકારે નિર્ણય લીધો છે અને માસિક રૂ.૧,૨૫૦ ની રાશિ એમને આપવામાં આવે છે જાન્યુઆરી ૨૦૨૬ સુધી કુલ રૂપિયા ૨૫૬૨ કરોડની મદદ કરવામાં આવી છે. આ વર્ષે રૂ.૨૮૪૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ મહિલા જે વિધવા છે એને ફરીથી જો પુનઃલગ્ન કરવા હોય, સમાજમાં માન સન્માન સાથે ફરીથી સ્થાન મેળવવા માટે કોઈ વિધવા સહાયનો લાભ લેતી મહિલા પુનઃલગ્ન કરે તો એની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષની હોય તો આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને ૫૦ હજારની સહાય કરવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં કુલ ૭૫૪ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો છે. આપણી રાજ્ય સરકારનું ગંગા સ્વરૂપા મહિલાઓની સામાજિક આર્થિક સુરક્ષા સુનિશ્ચિત કરવાનું આ શ્રેષ્ઠ અભિગમ છે જે એક મહિલા તરીકે હું આ યોજનાને બિરદાવું છું. આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની વાત કરીએ તો આંગણવાડી અને તેડાગર બહેનો એક એવો રોલ નિભાવે છે કે જે આંગણવાડીમાં આવતા બાળકોને પોતાના જ બાળકો હોય એવી રીતે બાળકોને આંગણવાડીની અંદર ખ્યાલ રાખે છે. બાળકોને શું ભાવે છે, શું નથી ભાવતું એ એની જનની કરતાં વધુ આંગણવાડી અને તેડાગર બહેનોને ખ્યાલ હોય છે. કોઇ પણ વસ્તુ જો બાળકોએ સારી વાનગી પૌષ્ટિક હોય પણ જો બાળક ના ખાય તો એને વાર્તા કહેતાં કહેતાં, રમત-ગમત કરાવતાં કરાવતાં એને ખવડાવીને માં જશોદાનો રોલ નિભાવે છે ત્યારે આવી આંગણવાડી બહેનો માટે રાજ્ય સરકારે ચિંતા કરી છે અને એમના વિવિધ માનદ્ વેતન માટે રૂ.૧૧૨૮ કરોડની જોગવાઇ કરી છે. જાન્યુઆરી ૨૦૨૬ સુધી પોતાનું મકાન ધરાવતી આંગણવાડીના નવિનીકરણ એટલે કે નાનું મોટું સમારકામ હોય, માળખાકીય સુવિધા સુદ્ધઢિત કરી હાલની સ્થિતએ ૯૦૦૦ જેટલી આંગણવાડીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ વર્ષે એટલે કે ૨૦૨૬-૨૭ માં બીજી ૨૦૦૦ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે રૂ.૩૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પૂરક પોષણ યોજના અંતર્ગત ૩થી ૬ માસના આંગણવાડીના બાળકો, કિશોરીઓ અને ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા આ વર્ષે રૂ.૯૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આપણી ગુજરાતી કહેવત છે કે ''એક દીકરી બે ઘર તારે'' પણ એ દીકરી જ્યારે સ્વસ્થ હોય, શિક્ષિત હોય ત્યારે એ બે ઘર તારે

છે પણ જો એ શારીરિક કે માનસિક રીતે સ્વસ્થ નહિ હોય તો એ ઘરને એ બે ડગલાં પાછું પાડશે. આથી પૂર્ણા યોજના હેઠળ કિશોરીઓના કુપોષણના પ્રમાણમાં ઘટાડો કરવા, હિમોગ્લોબિનના પ્રમાણમાં સુધારો થાય તે માટે પૂર્ણ શક્તિના પેકેટ આપવા રૂ.૩૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એવી જ રીતે સગર્ભા માતા તંદુરસ્ત બાળકને જન્મ આપે તે માટે સ્વાસ્થ્યની ચિંતા કરતી રાજ્ય સરકાર પ્રતિ માસ, પ્રતિ લાભાર્થી ૨ કિલો ચણા, ૧ કિલો દાળ અને ૧ લિટર ખાદ્યતેલ આપવા માટે રૂ.૨૮૪ કરોડની જોગવાઇ કરી છે. સમાજમાં દીકરીઓના જન્મનું પ્રમાણ વધે, બાળલગ્ન અટકે અને દીકરીઓનું આર્થિક, સામાજિક સશક્તિકરણ કરવા માટે વ્હાલી દીકરી યોજના–૨૦૧૯ના રોજ રાજકોટથી માનનીય મુખ્યમંત્રીના વરદ હસ્તે અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ દીકરીના જન્મનું પ્રમાણ વધે, શિક્ષણનું પ્રમાણ વધે અને ડ્રોપ આઉટ ઘટે તે માટેનો છે. આ લાભાર્થીને ધો.૧માં પ્રવેશ વખતે રૂ.૪,૦૦૦, ધો.૯માં પ્રવેશ વખતે રૂ.૬,૦૦૦ અને ૧૮ વર્ષે ઉચ્ચ શિક્ષણની સહાય માટે રૂ.૧,૦૦,૦૦૦ એમ કુલ રૂ.૧,૧૦,૦૦૦ મળવાપાત્ર છે. આ વર્ષે રૂ.૨૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મહિલા અને બાળ વિકાસની વાત કરવા ઉપસ્થિત થઇ છું ત્યારે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આ વાત કહેતાં હું હર્ષની લાગણી અનુભવું છું કે એમના કાર્યકાળમાં જાન્યુઆરી, વર્ષ ૨૦૦૨માં સૌ પ્રથમ વખત મહિલા અને બાળ વિકાસ વિભાગની શરૂઆત કરવામાં આવી હતી. મહિલાઓને સશક્ત કરવા માટે તેમણે હરહંમેશ મહિલાઓની ચિંતા કરી છે. આપણે જ્યારે આપણા પરિવારની નવી શરૂઆત કરતાં હોય કે નવો ગૃહપ્રવેશ કરતાં હોય કે કોઇપણ શુભ કાર્ય કરતાં હોય ત્યારે આપણા ઘરની દીકરીઓના હસ્તે આ કામ કરાવતાં હોઇએ છીએ. આ વાસ્તુ પ્રમાણે આપણી સંસ્કૃતિમાં પ્રણાલી છે ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબે સંસદમાં પહેલું બિલ નારીશક્તિ વંદના લાવીને મહિલાઓને ૩૩ ટકા અનામત આપી રાજકીય ક્ષેત્રે મહિલાઓને મજબૂત કરી છે ત્યારે ભારતવર્ષની સમગ્ર મહિલાઓ વતી હું વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરીકરણની વાત કરીએ તો વર્ષ ૨૦૦૧માં આપણે વિચારતા હતાં કે ૩૮ થી ૪૦ ટકા લોકો શહેરમાં વસે છે પણ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ૪૮ ટકા જેટલી વસતી શહેરોમાં આવી છે. જનતા હંમેશા માઇગ્રેટ કરતી હોય છે. ગુજરાતીઓમાં વેપાર કૂટી કૂટીને ભર્યો છે. વેપાર–ધંધા માટે લોકો શહેર બાજુ મીટ માંડતા હોય છે. શહેરમાં આવતી આ જનતાને પાણી, ડ્રેનેજ, રોડ–રસ્તા, વીજળી કે જીવનજરૂરિયાતની તમામ સગવડો આપવાની રાજ્ય સરકારની જવાબદારી છે. કોઇ પણ નગરપાલિકા કે મહાનગરપાલિકાના ભરોસે સારો વહીવટ થઇ શકશે નહીં તે આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે તેમના વિઝનરી નેતૃત્વમાં બરાબર જોઇ લીધું હતું અને તેમણે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની શરૂઆત કરી હતી. મોટા શહેરોમાં આ યોજના દ્વારા મોટું ફંડ આપવામાં આવ્યું. જેના કારણે આપણે જોઇ શકીએ છીએ કે શહેરોમાં લોકોનું જીવનઘોરણ સુધર્યું છે. અત્યારે જે લોકોનું શહેરમાં માઇગ્રેશન થઇ રહ્યું છે તેનાથી લાગે છે કે વર્ષ ૨૦૪૭ સુધી આ ૫૦ ટકાથી વધીને ૭૫ ટકા સુધી પહોંચશે. તેને ધ્યાનમાં રાખીને બીજી નવ મહાનગરપાલિકાની રચના કરવામાં આવી. આ મહાનગરપાલિકાના વિકાસથી આજુબાજુના ગામડાનો વિકાસ પણ થશે. આ બજેટમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે રૂ.૩૩,૫૦૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શહેરી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓને નાણાકીય સહાય માટે રૂ.૩,૩૫૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. જ્યારે આપણે વિદેશમાં ફરવા જતા હતા ત્યારે મેટ્રો જોઇએ તો આપણા માટે મેટ્રો એક નવું નજરાણું હતું પણ આજે આપણે રાજ્ય સરકારની મોટી સિદ્ધિ ગણાવીએ કે આજે એ આપણા ઘરઆંગણે આવી ગઇ છે. અમદાવાદ અને સુરત સહિત ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે રૂ.૨૨૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલ સેવાનો પ્રારંભ થવાથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી પોતાના કામકાજ માટે ગાંધીનગર આવનાર સામાન્ય જનતા તેમજ રાજ્ય સરકારના કર્મચારીઓ માટે સુગમ, સુદૃઢ, વાજબી તથા સમયસર પરિવહન સુવિધાઓ ઉપલબ્ધ બની છે. વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ–૨ નું કાર્ય પૂર્ણ કરવામાં આવતાં અંદાજે ૨૨ સ્ટેશનો અને ૨૮.૨૫ કિ.મી. લંબાઇ ઘરાવતો આ રૂટ હવે અમદાવાદ અને ગાંધીનગરને સાંકળે છે. જે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ–૧ના ઉત્તર–દક્ષિણ કોરિડોરનું વિસ્તરણ છે. જે ૧૮.૮૭ કિ.મી. લંબાઇ ઘરાવે છે. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ–૨નો પ્રોજેક્ટ કોસ્ટ રૂ.૫૩૮૪.૧૭ કરોડ છે. આ ઉપરાંત રાજ્યની અન્ય રેલ તથા બસ સેવાઓ સાથે તેનું અસરકારક જોડાણ શક્ય બન્યું છે. કહેવાય છે કે દુનિયાનો છેડો એટલે ઘર. આપણે ગમે તેટલાં વિદેશમાં ફરવા ગયા હોય પણ જ્યારે આપણા ઘરે આવીએ ત્યારે હાશકારોનો અનુભવ થતો હોય છે પણ સમાજમાં હજુ ઘણા એવા પરિવાર છે કે જેમનું પોતાના ઘરનું ઘર એક સ્વપ્ન હતું. પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ હેઠળ ગરીબોને આવી સુવિધા પૂરી પાડવા માટે રૂ.૧૪૨૦ કરોડની જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વનું સૌથી ઊંચું સ્ટેચ્યૂ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલનું એક નવલું નજરાણું છે. એ આપણી ગુજરાતની એક આગવી ઓળખ છે. જેને જોવા માટે દેશ વિદેશમાંથી ખૂબ મોટી સંખ્યામાં સહેલાણીઓ આવે છે. આ સ્ટેચ્યૂ ઓફ યુનિટી માટે હજુ વધારે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા રૂ.૨૩૬ કરોડની જોગાવઇ કરેલ છે. આજે આપણે જોઇ રહ્યા છીએ કે શહેરોનો વિકાસ થતાં ટ્રાફિકની સમસ્યા વધતી જાય છે અને તેમાં રેલવે ક્રોસિંગ તો માથાનો દુખાવો બની ગયો છે ત્યારે શહેરી વિસ્તારોને રેલવે ક્રોસિંગ મુક્ત બનાવવાના અભિયાન હેઠળ ઓવરબ્રિજ તથા અંડરબ્રિજ બનાવવા માટે રૂ.૩૫૦ કરોડની જોગવાઇ કરેલ છે. અત્યારે આપણે ગ્લોબલ વોર્મિંગનો પ્રશ્ન જોઇ રહ્યા છીએ અને એની સાઇડ ઇફેક્ટનો અનુભવ કરી રહ્યા છીએ. દરેક ઋતુએ પોતાનો કાર્યકાળ બદલ્યો છે. ઉનાળામાં વરસાદ પડે છે, શિયાળાની ઋતુ લંબાઇ છે.

ચોમાસામાં ગમે ત્યારે વરસાદ પડે છે અને વાદળ ફાટે છે. આથી આપણે પાણી બચાવવું પડશે. "Catch the rain" યોજના હેઠળ રૂ.૮૦ કરોડની જોગવાઈ કરેલ છે. ગત વર્ષે દરેક ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી રૂ.૫૦ લાખ આ "Catch the rain" યોજના પાછળ વાપર્યા હતા. નાણામંત્રીશ્રી કનુભાઈ જે બજેટ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

શ્રી કૌશિકભાઈ સુ. જૈન (દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે અંદાજપત્ર પર ચાલી રહેલ ચર્ચામાં સમાજ સુરક્ષા અને લઘુમતી કલ્યાણ વિષય પર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

સૌ પ્રથમ હું ગુજરાત રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરું છું કે તેમણે સમાજના નબળા, પછાત, ગરીબ અને લઘુમતી વર્ગોના સર્વાંગી વિકાસ માટે અંદાજપત્રમાં ખાસ જોગવાઈ કરી છે. કોઈપણ રાજ્યનો સાચો વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે વિકાસની ગંગા અંતિમ વ્યક્તિ સુધી પહોંચે છે. અંત્યોદયના આ સિદ્ધાંતો સાકાર કરવા માટે સમાજ સુરક્ષા અને લઘુમતી કલ્યાણ વિભાગની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. વર્ષ ૧૯૬૦ થી ૧૯૯૦ સુધી જ્યારે કૉંગ્રેસની સરકાર હતી ત્યારે સોશિયલ વેલ્ફેર નામનું માત્ર એક ડિપાર્ટમેન્ટ જ હતું ત્યારબાદ વર્ષ ૧૯૯૦ થી ૨૦૦૧ સુધી અલગ-અલગ શાખાઓમાં અલગ-અલગ યોજનાઓના ભાગ વહેંચાયેલા હતા. ત્યારબાદ તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ષ ૨૦૦૨માં જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમને સમાજસુરક્ષા અને લઘુમતી કલ્યાણ પ્રભાગ અલગથી બનાવ્યો. તેના આધારે સરકારે યોજનાઓ છેવાડાના માનવ સુધી પહોંચે એ માટે એક સુંદર પ્રયાસ કર્યો. કારણ કે, પંડિત દીનદયાળજી ઉપાધ્યાય, શ્યામાપ્રસાદ મુખરજીની વિચારધારાના આધારે છેવાડાના માનવીનો ઉદ્ધાર થવો જોઈએ તેવું એક સૂત્ર હતું. તેના આધારે એમણે આ યોજના દાખલ કરી. સમાજસુરક્ષા માત્ર સહાય પૂરતી નથી પણ માન-મર્યાદા સાથેનું જીવન જીવવાનો એક અધિકાર છે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ જેમ કે, વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર સહાય યોજના, દિવ્યાંગ યોજના, વિધવા સહાય અને ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાઓ દ્વારા લાખો લાભાર્થીઓને સીધી મદદ પહોંચાડવામાં આવી રહી છે. આ યોજનાનો લાભ લેવા માટે ઓનલાઈન અરજી કરવાની હોય છે. ઓનલાઈન વેરિફિકેશન થતું હોય છે અને તેના આધારે તેના ખાતામાં સીધા નાણાં જમા થતા હોય છે. જેના કારણે ભ્રષ્ટાચારમુક્ત બની ગયેલ છે. ભૂતકાળના પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું હતું કે, 'હું દિલ્હીથી એક રૂપિયો મોકલું છું પણ પંદર પૈસા જ પહોંચે છે.' પરંતુ આજે મારા દેશના વડાપ્રધાન અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી જે યોજનાઓ માટે નાણાં મોકલતા હોય છે એ સો ટકા વપરાય છે તેનું મને ખૂબ ગર્વ છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની સમાજસુરક્ષા પ્રભાગની દિવ્યાંગજનો, બાળકો અને વૃદ્ધ કલ્યાણ માટેની યોજનાઓ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. સંત સુરદાસ યોજના ૬૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને આર્થિક સહાય પૂરી પાડવાના આશયથી કાર્યરત છે. જેમાં માસિક રૂ.એક હજારની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં આ યોજના પાછળ ૭૯૮૯૬ લાભાર્થીઓ માટે રૂ.૭૧.૮૩ કરોડની સહાય ચૂકવવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૬-૨૭માં કુલ ૧ લાખ ૫ હજાર લાભાર્થીઓ માટે રૂ.૧૨૯.૬૦ કરોડની જોગવાઈ કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગોને સરળ અને અવરોધ વિના હરીફરી શકે તે માટે વર્ષ ૨૦૨૫-૨૬માં મોટરાઇઝ્ડ ટ્રાયસિકલ તથા જોયસ્ટિક વ્હીલચેર આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જે અંતર્ગત દિવ્યાંગજનો લાંબા અંતરની મુસાફરી સમયે જોયસ્ટિક વ્હીલચેર સાથે લઈ જઈ શકે છે. તે માટે ફોલ્ડિંગ જોયસ્ટિક વ્હીલચેર હોવી જરૂરી છે. જેને ધ્યાનમાં રાખીને ફોલ્ડિંગ જોયસ્ટિક વ્હીલ ચેર આપવા તેમજ દિવ્યાંગજનો માટે દિવ્યાંગતાની ટકાવારી ૬૦ ટકાથી ઘટાડીને ૪૦ ટકા કરવાની નવી બાબત મંજૂર કરેલી છે તથા રૂ. ૮ કરોડની જોગવાઈ કરેલી છે જેમાં વર્ષ ૨૦૨૬-૨૭માં ચાલુ બાબત તરીકે રૂ. પર કરોડની વધારાની જોગવાઈ કરવામાં આવી છે એમ કુલ રૂ. ૬૦ કરોડની જોગવાઈ કરેલ છે. બૌદ્ધિક અસમર્થતા ધરાવતા વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજનામાં ૫૦ ટકા કે તેથી વધુ બૌદ્ધિક અસમર્થતા, ઓટીઝમની દિવ્યાંગતા ધરાવતા ઝીરોથી ૭૯ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિઓને માસિક રૂ. ૧૦૦૦ સહાય મળવાપાત્ર છે. વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરીના અંત સુધીમાં ૭૮૩૯૭ લાભાર્થી માટે રૂ. ૭૭.૧૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૨૬માં ૮૦,૦૦૦ લાભાર્થીઓને લાભ આપવા માટે આ સહાયમાં રૂ.૯૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના હેઠળ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ કે જેમણે છેલ્લી પરીક્ષામાં ૪૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલા હોય તેઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના વર્ષ ૧૯૬૫થી અમલમાં છે. ધોરણ-૧ થી ૧૨, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તેમજ મેડિકલ, એન્જિનિયર અને અન્ય અભ્યાસક્રમ માટે રૂ.૧૫૦૦ થી રૂ.૪૫૦૦ સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરીના અંત સુધીમાં ૪૬૦૮ વિદ્યાર્થીઓને રૂ. ૦.૭૩ કરોડની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલી હતી. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭માં કુલ ૫૦૦૦ વિદ્યાર્થીઓ માટે અંદાજિત રૂ. ૧ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં જે લોકો ઓછામાં ઓછા ૪૦ ટકા દિવ્યાંગ હોય અને તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય તેવા દિવ્યાંગોના લગ્ન કિસ્સામાં પતિ-પત્ની બંને દિવ્યાંગ હોય તો બંનેને રૂ. ૭૫,૦૦૦/-,રૂ.૭૫૦૦૦/- એટલે કે રૂ. ૧,૫૦,૦૦૦/- ચૂકવવામાં આવે છે. બીજા કિસ્સામાં, પત્ની અથવા પતિ બેમાંથી એક દિવ્યાંગ હોય તો તેમને રૂ. ૭૫૦૦૦/- ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરી માસ સુધીમાં ૧૦૭૫ લાભાર્થીઓ માટે રૂ.૬.૧૫ કરોડની સહાય ચૂકવવામાં આવેલી છે. વર્ષ ૨૦૨૬-૨૭માં ૧૪૦૦ લાભાર્થીઓ માટે રૂ.૧૦.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. પાલક માતા પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના લાભાર્થીઓમાં દીકરીએ ૧૮ વર્ષ પૂર્ણ કરેલા હોય તો તેને લગ્ન સમયે રૂ. ૨ લાખની સહાય આપવાની યોજના વર્ષ ૨૦૨૩-૨૪માં અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાથી દીકરીઓના વાલીઓને તેના લગ્ન સમયે થતા ખર્ચને પહોંચી વળવા

મદદરૂપ થશે તેમજ લાભાર્થી દીકરીઓને આ રકમ પોતાના જીવનની નવી શરૂઆત કરવા માટે ભરણપોષણનાં સાધન ખરીદવા મદદરૂપ થઇ શકશે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ના જાન્યુઆરી સુધીમાં ૨૯૩ લાભાર્થીઓ માટે રૂ. ૫.૮૬ કરોડની સહાય ચૂકવવામાં આવેલી છે અને વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરેલી છે. પાલક માતા-પિતા યોજના રાજ્યમાં વર્ષ ૧૯૭૮થી અમલમાં છે. આ યોજનામાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર અનાથ બાળક અથવા પિતાનું અવસાન થયા બાદ જેમની માતાએ પુનઃલગ્ન કરેલા હોય અને પોતાની સાથે બાળકોને ના લઇ ગયેલા હોય તેવા વાલી ઉપર બાળકોનો આર્થિક ભાર ઓછો કરવા અને બાળકોને શૈક્ષિણક પાસાઓ સંબંધિત યોગ્ય સંભાળ તેમજ બાળકનો પારિવારિક વાતાવરણમાં સહજતા અને સમતુલાથી વિકાસ થાય તે અભિગમથી આ યોજના અમલી છે. આ યોજના અન્વયે પાલક બાળકની ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ થાય ત્યાં સુધી સરકાર દ્વારા રૂ. ૩૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ૨૧૫૦૪ લાભાર્થીઓને આનો લાભ મળેલો છે અને કુલ રૂ. ૬૬.૭૨ કરોડ ચૂકવવામાં આવ્યા છે, પરંતુ સને ૨૦૨૬-૨૭ના વર્ષમાં ૨૩ હજાર લાભાર્થીઓને લાભ મળે તેના માટે રૂપિયા ૮૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સેલો પોઝિટિવ ઇલનેસ યોજના સને ૨૦૦૯થી અમલમાં છે. આ યોજના અંતર્ગત કોઇ પીડિત પરિવારનાં બાળકને શિક્ષણના ઉત્કર્ષ માટે શિષ્યવૃત્તિ પૂરી પાડવાનો આ યોજનાનો હેતુ છે. સને ૨૦૨૫-૨૬ જાન્યુઆરી સુધીમાં કુલ ૪૯૭૫ લાભાર્થીઓ માટે રૂપિયા ૧.૬૮ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે અને સને ૨૦૨૬-૨૭માં કુલ ૫૨૦૦ લાભાર્થીઓ માટે રૂપિયા ૨.૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. રાજ્ય સરકારની વૃદ્ધ, નિરાધાર, દિવ્યાંગ આર્થિક સહાય યોજના સને ૨૦૧૩થી અમલમાં છે. આ યોજના અંતર્ગત ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષથી વસવાટ કરતાં તથા ૬૦ વર્ષથી વધુ ઉંમર અને દિવ્યાંગતાના કિસ્સામાં ૭૫ ટકાથી વધુ દિવ્યાંગતા અને ૪૫ વર્ષ કરતાં વધુ ઉંમર હોય વૃદ્ધ દિવ્યાંગજનોને ૨૧ વર્ષની વયનો પુત્ર ન હોય અને જેમની આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂપિયા ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂપિયા ૧.૫૦ લાખની નીચે હોય તેવી વ્યક્તિઓને આર્થિક સલામતી પૂરી પાડવા માટે રાજ્ય સરકારે આ યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ માસિક રૂપિયા ૧,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. ૮૦ વર્ષથી વધુ વયના લાભાર્થીને માસિક રૂપિયા ૧૨૫૦/-ની સહાય ચૂકવવામાં આવે છે. સને ૨૦૨૫-૨૬માં ૫ લાખ ૪૭ હજાર લાભાર્થીઓ માટે રૂપિયા ૫૮૭. ૭૪ કરોડની સહાય ચૂકવી છે. સને ૨૦૨૬-૨૭માં ૫ લાખ ૮૦ હજાર લાભાર્થીઓ માટે રૂપિયા ૭૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. અંતમાં હું કહીશ કે, '**जिस का कोई नहीं उसका मोदी और शाह है यारो, और गुजरात में पटेल और संघवी है यारो, मैं नहीं कहेता, ये देश की जनता कहती है यारो।**'

ઉપાધ્યક્ષશ્રી : બધા જ સભ્યશ્રીઓના ધ્યાને એક બાબત મૂકું કે જ્યારે સદનમાં આવતા હોય કે ઉઠીને બહાર જવું હોય ત્યારે આજુ-બાજુ અને આગળ-પાછળ જોઇ લેવું કે કોણ બોલે છે. આ બાબત ખાસ ધ્યાનમાં રાખે એવી વિનંતી છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર (દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના મંદિર એવા સન્માનનીય ગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ સર્વાંગી અને સર્વસમાવેશી અભિગમ ધરાવતું સને ૨૦૨૬-૨૭ માટેનું રૂપિયા ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું ઐતિહાસિક બજેટ લઇને આવ્યા છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું અને આ બજેટને હું મારું સમર્થન આપું છું. તેમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે રૂપિયા ૭૯૮૬ કરોડની જોગવાઇ કરી છે ત્યારે અંદાજપત્ર પરની આ સામાન્ય ચર્ચામાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ વિષય પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિષય પર વાત કરતા હોઇએ ત્યારે સામાજિક ન્યાયના પ્રણેતા, પ્રખર અભ્યાસુ, શિક્ષણશાસ્ત્રી, બાહોશ રાજકારણી, બંધારણશાસ્ત્રી, કાબેલ વહીવટકર્તા, વંચિત સમુદાયના ઉત્કર્ષ માટે ઝઝૂમનાર નેતા, નારીના મુક્તિદાતા, ગરીબોના તારણહાર, મહામાનવ, વિશ્વવિભૂતિ, ભારતરત્ન, સંવિધાનના રચયિતા એવા ડૉ.બાબાસાહેબ આંબેડકરને નતમસ્તક નમન કરું છું. કલમથી ક્રાંતિ લાવી, વિચારોથી જગ જગાવ્યો, સમાનતાનો મંત્ર આપી માનવધર્મ સમજાવ્યો. મહિલા શોષિત, વંચિતોના મુક્તિદાતા એવા ડો.બાબાસાહેબ આંબેડકરને સો સો સલામ. સામાજિક ન્યાય એટલે માત્ર સહાય નહીં પણ સમાન તક અને દરેક વ્યક્તિને સન્માનપૂર્વક જીવવાનો અધિકાર. અમારી સરકાર સામાજિક ન્યાય અને સશક્તિકરણના સંદર્ભમાં '**चलो जलाए दिप वहां, जहां अभी अंधेरा है**' એ સૂત્રને સાર્થક કરવા માટે 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ'ના મંત્રને આધાર બનાવી વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનું સ્વપન સાકાર કરવા માટે કટિબદ્ધ છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરે પ્રથમ શિક્ષિત બનવા માટે સૂત્ર આપ્યું છે ત્યારે દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે પણ શિક્ષણ ઉપર ખૂબ ભાર મૂક્યો છે. ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ અનુસૂચતિ જાતિ અને જનજાતિના વિદ્યાર્થીઓન ઉચ્ચ શિક્ષણમાં કારકિર્દીનું ઘડતર કરી શકે તે માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીની આવક રૂ.૨,૫૦,૦૦૦/- હોય તો તેની મર્યાદામાં આ લાભ આપવામાં આવે છે. આ વાર્ષિક મર્યાદા વધારવા માટે સરકાર સમક્ષ અનેક રજૂઆતો આવતી હતી. મારા મતવિસ્તારમાં તાજેતરમાં માનનીય મંત્રી ડૉ.પ્રધુમન વાજા સાહેબ આવ્યા હતા અને અનુસૂચિત જાતિ વિસ્તારમાં અમે ખાટલા બેઠક લીધી હતી. એ વખતે મોટાભાગના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત હતા. તેમનો એક જ પ્રશ્ન હતો કે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં આવક મર્યાદા છે એ વધારવી જોઇએ. અહીંયા ગૃહમાં ઉપસ્થિત માનનીય સદસ્યશ્રીઓ પાસે પણ આ પ્રકારની રજૂઆતો આવતી હશે. રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી

ભૂપેન્દ્રભાઇ પટેલ, ઊર્જાવાન નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ સાથે સંકલનમાં રહીને નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબે રજૂ કરેલ વર્ષ ૨૦૨૬-૨૭ના આ બજેટમાં પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં કન્યાઓમાં આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય લાભ આપવાનો અને કુમારો માટે આવક મર્યાદા ૩.૨,૫૦,૦૦૦/-થી વધારીને ૩.૬,૦૦,૦૦૦/-કરવાની જાહેરાત કરી છે ત્યારે મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી અને વિભાગના કેબિનેટ મંત્રી અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું. આ આવકમર્યાદા વધવાના કારણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના અનેક લાભાર્થી વિદ્યાર્થીઓને લાભ મળવાનો છે, તેમજ ઉચ્ચ અભ્યાસ માટે સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં ટ્યૂશન ફીનો લાભ પણ શિષ્યવૃત્તિના સ્વરૂપમાં મળવાનો છે ત્યારે મેડિકલ, એન્જિનિયરિંગ, ફાર્મસી, મેનેજમેન્ટ જેવા ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ લેનાર જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓનાં સપનાઓ સાકાર થશે ત્યારે વિદ્યાર્થી અને વાલીઓ વતી પણ હું આ સરકારનો આભાર માનું છું. સને ૨૦૨૬-૨૭ના બજેટમાં અનુસૂચિત જાતિના આશરે ૧,૪૫,૦૦૦ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના તળે ૩.૨૯૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પી. એમ. યશસ્વી પ્રી-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વિકસતિ જાતિના અંદાજે ૯ લાખ ૭૫ હજાર વિદ્યાર્થીઓ માટે ૩.૬૩૦ કરોડની પણ જોગવાઇ કરવામાં આવી છે. ઉચ્ચ અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ૩૬ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય માટે ૩.૬૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ધોરણ ૯ અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના ૧,૭૦,૦૦૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે ૩.૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગ હેઠળ ચાલતી ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસની વાત કરું તો ડૉ. બાબાસાહેબ આંબેડકરને વિદેશમાં અભ્યાસ કરવા માટે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે લોન અને શિષ્યવૃત્તિ આપીને વિદેશમાં મોકલ્યા હતા. આ બાબતને લક્ષમાં લઇને અમારી સરકારે વિદેશ અભ્યાસ માટેની લોન યોજના દાખલ કરી હતી. અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ વિદેશમાં જઇને ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે આર્થિક મૂંઝવણો અનુભવતા હતા. વિદેશમાં અભ્યાસનો ખર્ચ, જમવાનો ખર્ચ આ બધી સગવડતાઓ મુશ્કેલ હતી ત્યારે વર્ષ ૧૯૯૮-૯૯માં ભારતીય જનતા પાર્ટીની સરકારે આ યોજનાની શરૂઆત કરી. પાંચ લાખની લોન ફક્ત ચાર ટકાના વ્યાજના દરે આપવાનું નક્કી કર્યું અને ત્યારબાદ વર્ષ ૨૦૧૪-૧૫માં વધારો કરીને રૂપિયા પંદર લાખની લોન સહાય આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. વિદેશ અભ્યાસ લોન માટે ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં બજેટમાં ૬૬૬ વિદ્યાર્થીઓ ૩.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ બજેટમાં તેમાં વધારો કરીને ૩.૧૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૩૯૧૩ વિદ્યાર્થીઓને ૩.૫૮૫.૯૪ કરોડનો ખર્ચ કરીને વિદેશ અભ્યાસની લોન આપવામાં આવી છે. એક પ્રકારે સ્વામી વિવેકાનંદ સમરસ હૉસ્ટેલની વાત કરું તો ગુજરાતના વિકાસમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને ભારતના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે સ્વામી વિવેકાનંદની ૧૨૫મી જન્મજ્યંતીના ભાગરૂપે સમરસ છાત્રાલયો બાંધવાનું નક્કી કરવામાં માટેનો એક ઉમદા અભિગમ દાખવ્યો હતો. અને તે અભિગમ મુજબ રાજયની યુનિવર્સિટીઓના કેમ્પસમાં જ રહેવા જમવાની અદ્યતન સગવડતા સાથે ઉત્તમ પ્રકારની લાઇબ્રેરી હોય, કૉમ્પ્યુટર લેબ હોય, પ્રાર્થના ખંડ હોય તેવા ૧૨ જિલ્લામાં ૧૧ કન્યા અને ૧૨ કુમાર એમ કુલ ૨૩ સમરસ છાત્રાલયો હાલ કાર્યરત છે. આ છાત્રાલયોમાં સામાજિક સમરસતાના ભાગરૂપે અનુસૂચિત જાતિ, જનજાતિ, બક્ષીપંચ અને અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ એકીસાથે રહી શકે તેવા કુલ ૧૪ હજાર છાત્રો આજે લાભ મેળવી રહ્યા છે. ગત વર્ષના બજેટમાં ૯ કન્યા અને ૧૧ કુમાર સમરસ છાત્રાલય બનાવવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. એમાં મારા સુરેન્દ્રનગર જિલ્લાની અંદર, હું સુરેન્દ્રનગર જિલ્લામાંથી આવું છું ત્યારે ૧ કન્યા સમરસ અને ૧ કુમાર સમરસ છાત્રાલય મંજૂર કરેલ છે. ૧૦ જિલ્લાની અંદર ૧૩હજાર જેટલા છાત્રો પ્રવેશ મેળવી શકશે અને એના માટે નાણામંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું. વર્ષ ૧૯૯૫થી અનુસૂચિત જાતિની કન્યાઓનાં લગ્ન પ્રસંગે આર્થિક રીતે મદદરૂપ થવાનાં હેતુસર કુંવરબાઇનું મોમેરૂ યોજના અમલમાં મૂકેલ છે અને આ યોજના હેઠળ રૂ. ૫ હજારની સહાય શરૂઆતમાં આપવામાં આવતી હતી જેમાં ઉત્તરોત્તર વધારો કરી અને હાલમાં ૧૨ હજારની સહાય આ યોજનામાં આપવામાં આવે છે એમાં આવકમર્યાદા ૩.૬ લાખની ધ્યાનમાં રાખવામાં આવી છે. આ યોજના માટે સન ૨૦૨૬-૨૭ના બજેટની અંદર રૂ. ૧૪ કરોડ જેટલી જોગવાઇ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓ માટે નિગમ હેઠળ ચાલતી શૈક્ષણિક લોન તથા સ્વરોજગારલક્ષી લોન યોજના હોય તથા દિવ્યાંગજનો માટે પણ ચાલતી સ્વરોજગાર યોજના હોય એના માટે કુલ ૧૯ હજાર લાભાર્થીઓ માટે રૂ. ૭૯૩ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં કેન્દ્રમાં પ્રધાનમંત્રી આવાસ યોજના છે જે જરૂરિયાતમંદ લાભાર્થીઓના ઘરના ઘરનું સ્વપ્ન પૂરું થાય એ માટેની જે ચાદી બની હતી એ તમામ પ્રધાનંત્રી આવાસના લાભાર્થીઓને એનો લાભ મળી ચૂકયો છે. હજી પણ જે પણ કાચા મકાનોમાં રહેતા હોય એવા તમામ લાભાર્થીઓને એ પાકા મકાન મળી રહે એના માટે કેન્દ્રની સરકાર કટિબદ્ધ છે. વર્ષ ૨૦૨૫-૨૬ના રાજય સરકારના બજેટની અંદર પણ આવાસ યોજના તળે અનુસૂચિત જાતિ, સામાજિક શૈક્ષણિક પછાત અને વિચરતી વિમુકત જાતિના ૨૪ હજારથી વધુ લાભાર્થીઓ માટે યુનિટ કોસ્ટ ૧ લાખ ૭૦ હજાર નક્કી કરવામાં આવી હતી અને એના માટેની સહાય માટે રૂ. ૩૭૫ કરોડની જોગવાઇ આ વર્ષના બજેટમાં કરવામાં આવી છે. સામે કૉંગ્રેસના મિત્રો બેઠા છે ત્યારે મારે કહેવું છે કે કૉંગ્રેસે અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાત વર્ગને કાયમી પોતાની મતબેંક ગણી છે પરંતુ તેમના હિતની કોઇ દિવસ ચિંતા નથી કરી. આજે સવારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના પ્રશ્નની અંદર કૉંગ્રેસે વોકઆઉટ કરી અને પછાત વર્ગ માટેની એમની માનસિકતા કેવા પ્રકારની છે એ બતાવ્યું છે અને એના આધાર ઉપર ઇતિહાસની અંદર આ સન્માનનીય ગૃહની

અંદર રેકોર્ડ બ્રેક ભારતીય જનતા પાર્ટીના ૧૬૨ સભ્યોને પ્રજાના જયારે આશીર્વાદ મળ્યા છે અને કોંગ્રેસ ફકત ૧૨માં સમેટાઇ ગઇ છે ત્યારે એમણે સમજી લેવું જોઇએ કે પ્રજા માનસની અંદર તમારી માનસિકતા એ છતી થતી જાય છે. વિરોધ પક્ષના લોકો ડૉ.બાબાસાહેબ આંબેડકર અને સંવિધાનની વાત કરતા હોય છે ત્યારે મારે કહેવું છે કે સન ૧૯૫૨ની અંદર મુંબઈની લોકસભાની બેઠક ઉપર ડૉ. બાબાસાહેબ આંબેડકને તેમના જ સહયોગી નારાયણ કાજોલકરને કોંગ્રેસે પોતાના ઉમેદવાર તરીકે ઊભા રાખી ડૉ. બાબાસાહેબ આંબેડકરને હરાવવાનું પાપ કર્યું હતું અને એ જ પ્રકારે સન ૧૯૫૪ની અંદર ભંડારા પેટા ચૂંટણીની અંદર પણ ડૉ. બાબાસાહેબ આંબેડકર સામે કોંગ્રેસે ભાવુંરાવ હોલ્કરને ચૂંટણી લડાવી ડૉ.બાબાસાહેબ આંબેડકરને હરાવવાનું પાપ કર્યું હતું. ડૉ. બાબસાહેબને સંસદમાં જતા રોક્યા હતા. અમારા જનસંઘના નેતા ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના ટેકાથી પશ્ચિમ બંગાળમાંથી ડૉ. બાબાસાહેબ આંબેડકર સંસદમાં આવ્યા હતા. અહીંયા સંવિધાનની વાત એ લોકો કરતા હોય છે ત્યારે મારે કહેવું છે કે સંવિધાનની વાત તમે કરો છો, વર્ષો સુધી તમે શાસન કર્યું. તેમ છતાં ભારતીય બંધારણ સભાએ તા.૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ ભારતીય બંધારણ સ્વીકાર્યુ એ દિવસને વિશેષ દિવસ તરીકે ઉજવવાનું કોંગ્રેસને કદી યાદ ના આવ્યું.વર્ષ ૨૦૧૪માં જનતા જનાર્દનના આશીર્વાદથી આ ગૃહના સભ્ય એક ગુજરાતી વિશ્વનેતા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશના પ્રધાનમંત્રી બન્યા બાદ ડૉ.બાબાસાહેબ આંબેડકરના વિચારોના પ્રચાર-પ્રસાર માટે વર્ષ ૨૦૧૫ને ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું. વર્ષ ૨૦૧૫માં આ જાહેરાત કરી અને ત્યારથી તા.૨૬ નવેમ્બરને સંવિધાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મારા સુરેન્દ્રનગર જિલ્લામાં પણ ડૉ.બાબાસાહેબ આંબેડકર ચોકમાં હાથીની અંબાડી પર આ સંવિધાન ગ્રંથને મૂકી આ રાજ્યના મુખ્યમંત્રી ૪ કિ.મી. પગપાળા ચાલે અને સંવિધાનને સાચા અર્થમાં જો કોઇએ સન્માન આપ્યું હોય તો આ દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપ્યું છે. આ બજેટ પર હું મારું સમર્થન રજૂ કરું છું. આભાર.

શ્રી <#Mi /**જિતેન્દ્રભાઇ સ. વાઘાણી**/Mi #> (**કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ કવિ નર્મદની ધરતી ઉપરથી આવો છો. મારી વાત શરૂ કરતાં પહેલાં આ ગુજરાતના પનોતા પુત્ર વીર કવિ નર્મદને વંદન કરું છું. આજે એમની પુણ્યતિથિ છે. આઝાદીના સંગ્રામમાં પોતાની કલમથી વીરરસનું રસપાન કરાવીને યોદ્ધાઓને પ્રેરણા આપનાર કવિ નર્મદને વંદન. આ કવિએ કેવી અદભૂત પંક્તિઓ લખી હતી.

''સૌ ચાલો જીતવા જંગ, બ્યુગલો વાગે,
ચા હોમ કરીને પડો, ફતેહ છે આગે.''

જેને ગુજરાતનું એન્થમ સોંગ કહેવાય છે એવું 'જય જય ગરવી ગુજરાત' ગીત પણ કવિ નર્મદે લખ્યું હતું. આપણી સંસ્કૃતિમાં કહ્યું છે કે 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ.'' જ્યાં સૂર્યપ્રકાશ પણ ન પહોંચી શકે ત્યાં આ કવિએ એની કવિતાઓ દ્વારા પહોંચવાનો પ્રયાસ કર્યો છે. કવિ નર્મદે લખ્યું હતું કે 'જન ભૂમે નર્મદા સાથ'. મને કહેતાં આનંદ થાય છે કે એક વખતના આપણા ગૃહના નેતા અને હાલના આપણા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આ સપનું સાકાર કર્યું અને આખી દુનિયામાં એક જ કવિ એવા છે કે જેમની આગળ વીર લાગે છે. આ પુણ્ય આત્માને હું ગૃહ વતી નતમસ્તકે શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું અને વંદન કરું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં આપણા નાણામંત્રી કે જેને ભામાશાનું બિરૂદ મળ્યું છે એ બજેટ લઇને આવ્યા છે અને અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાઓ થઇ રહી છે ત્યારે એમાં અલગ-અલગ મિત્રોએ ભાગ લીધો છે. માનનીય બાબુભાઇ પટેલ, માનનીય મોહનભાઇ ઢોડિયા, માનનીય કેશાજી ચૌહાણ, માનનીય શીવાભાઇ ગોહિલ, માનનીય મહેશભાઇ કસવાલા, માનનીય હસમુખભાઇ પટેલ, શ્રીમતી રીટાબેન પટેલ, શ્રી કૌશિકભાઇ જૈન, શ્રી પુરુષોત્તમભાઇ પરમાર, શ્રી અનંતભાઇ પટેલ, શ્રી ગુલાબસિંહ ચૌહાણ, શ્રી ચેતરભાઇ વસાવાએ પોતપોતાના મંતવ્યો અહીં રજૂ કર્યા છે. યોગાનુયોગ આજે વીર સાવરકરની પણ પુણ્યતિથિ છે. આ બંને મહાપુરૂષોને હું વંદન કરું છું. હું અંદાજપત્ર પર મારા વિચારો રજૂ કરું છું.

અભિનંદન, ગુજરાત તને અભિનંદન,
ગુજરાતીઓના ગૌરવથી આ ધરા બની નંદનવન,
વેદકાળથી વહે નિરંતર, જ્ઞાનભક્તિની ધારા,
દશે દિશાઓ રક્ષે દેવો, નરનારી અહીં ન્યારા,
તું સોમનાથનું બિલિપત્ર, તું દ્વારકેશનું ચંદન,
અભિનંદન, ગુજરાત તને અભિનંદન.
એ.આઇ. તણી આંગણિયે બેસી વિજ્ઞાનને મળતી
ડિજિટલ ડગલે દુનિયા આખી મુઠ્ઠીમાં સમાતી,
ગિફ્ટ સિટી થી ગ્લોબલ બનતું, વિકસિત મારું ગુજરાત
નૂતન યુગના અજવાળે એ ગરવી પાડે ભાત
અભિનંદન, ગુજરાત તને અભિનંદન.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાના પવિત્ર લોકશાહી મંદિરમાં હું ઊભો થયો છે ત્યારે ગુજરાતના, સમગ્ર વિશ્વના આપણા આરાધ્ય દેવ સોમનાથના ચરણોમાં શિશ ઝૂકાવીને, માઁ જગદંબા-માઁ અંબા આદ્યાશક્તિના ચરણોમાં શિશ ધરીને, કાળિયાઠાકર-દ્વારકાધીશના આશીર્વાદ અને માઁ ચેહર જોગણીના ચરણોમાં શિશ ઝૂકાવીને વંદન કરું છું. ગુજરાતના પનોતા

પુત્ર મહાત્મા ગાંધી અને અખંડ ભારતના શિલ્પી જેમને ભૂલાવવાનો કૉંગ્રેસ ખૂબ પ્રયાસ કર્યો પણ માનનીય નરેન્દ્રભાઇએ એમના સ્ટેચ્યૂની હાઇટ એટલી મોટી રાખી કે દેશ અને દુનિયામાંથી પ્રવાસીઓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીના દર્શન કરવા આવે છે એ સરદાર વલ્લભભાઇની આ પાવનભૂમિને વંદન કરું છું. દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને આપણા લોખંડી પુરુષ એવા ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહની આ ધરતીને વંદન કરીને વર્ષ ૨૦૨૬-૨૭ના ઐતિહાસિક અંદાજપત્રમાં મારા વિચારો રજૂ કરું છું. આ અંદાજપત્ર એ કોઇ સામાન્ય દસ્તાવેજ નથી. કૉંગ્રેસના સમયમાં અંદાજપત્રો એ *(**xxx**) સમાન હતાં. વિકાસની યોજનાઓનું સંકલિત માળખું એમના સમયમાં જોવા મળતું ન હતું. આ માત્ર આવક અને જાવકના સરવાળા-બાદબાકી કે *(**xxx**) નથી. આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે તે સાડા છ કરોડ ગુજરાતીઓના સપનાઓનો સાક્ષાત્કાર કરતો વિકસિત ગુજરાત-૨૦૪૭નો મજબૂત પાયો નાંખતો એક જીવંત અને ધબકતો દસ્તાવેજ છે. માનનીય નાણામંત્રીશ્રીએ ૩.૪ લાખ ૮ હજાર ૫૩ કરોડ ઉપરાંતનું અંદાજપત્ર અહીંયા રજૂ કર્યું છે તે ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણે અક્ષરે લખાવાનું છે. આ અંદાજપત્ર સાડા ચાર કરોડ ગુજરાતીઓની આકાંક્ષાઓનો આલેખ છે.

माननीय अध्यक्षश्री अध्यक्षस्थाने

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઇઓ પર લઇ જવાની કટિબદ્ધતા છે. આજે હું આ પવિત્ર ગૃહમાં ઊભો થયો છું ત્યારે મને એ વાતનો ગર્વ છે કે દેશ માનનીય મહામાનવ શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના હાથમાં છે. જેમણે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું છે. આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ જનસેવક તરીકે જનસેવાના અવિરત ૨૪ વર્ષ પૂર્ણ કરીને ગુજરાત અને દેશના વિકાસને નવી દિશા આપી છે. આજે એ જ પરંપરા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ ગુજરાતના નેતા તરીકે આગળ લઇ જઇ રહ્યા છે. ભારતને વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવી ચૂક્યા છે ત્યારે વિશ્વને વિકસિત ભારતનું સપનુ શ્રી નરેન્દ્રભાઇ બતાવી રહ્યા છે. સુશાસન અને જનકલ્યાણના કાર્યો દ્વારા જનઅપેક્ષાઓ સાકાર કરીને વિશ્વમાં ભારતનું ગૌરવ વધાર્યું છે. અને સાથે ભારતને આર્થિક મહાસત્તા બનાવવા બદલ ગુજરાતની સમગ્ર જનતા વતી એમને હું અભિનંદન આપીને વંદન કરું છું. માનનીય નરેન્દ્રભાઇએ વર્ષ ૨૦૦૬-૦૭માં અંદાજપત્ર કેવી રીતે વિકાસનો આઇનો હોય એની વાત આ જ ગૃહમાં કરી હતી. એમની વ્યાખ્યામાં વાત કરીએ તો વિકાસ સમૃદ્ધિનો પાયો રચનાર હોય છે. લોકસમર્થન એ આપણા વિકાસનો ધબકાર હોય, વિકાસમાં સર્વાંગીપણાની સુગંધ હોય, વિકાસનું પોતાનું વિસ્તરતું પોત હોય, વિકાસ ટુકડાઓમાં નહીં પરંતુ અખંડ હોય. વિકાસ આવનાર સમયના એંધાણ હોય. જે આપણે જોઇ રહ્યા છીએ. આ એંધાણે શ્રી નરેન્દ્રભાઇ મોદીને વૈશ્વિક નેતા તરીકે બિરાજમાન કર્યા. આવા દૃષ્ટિવંત વડાપ્રધાનશ્રીએ વિકાસ જનજન સુધી પહોંચવા સક્ષમ હોય એ વાત આ જ ગૃહમાં કરેલી. વિકાસની આ વ્યાખ્યાઓનું પોષક એવું માનનીય મોદીજીના વિઝનને અનુરૂપ સર્વગ્રાહી અંદાજપત્ર ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ અને ભામાશા માનનીય કનુભાઇએ અહીંયા રજૂ કર્યું છે. વિપક્ષમાં બેઠેલા મારા કૉંગ્રેસના મિત્રો સાંભળી રહ્યા છે. તેઓ આ બજેટમાં ખામીઓ શોધી રહ્યા છે. મને દયા પણ આવે છે અને હસવું પણ આવે છે. જે લોકોએ દાયકાઓ સુધી *(**xxx**) હોય....

અધ્યક્ષશ્રી : આ શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, તેમને વિકાસનો આ સૂર્યોદય કેવી રીતે દેખાય? સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે સૂતેલા લોકોને જગાડવા સહેલા છે, પણ જે જાગે જ છે અને સૂતેલા હોવાનો ડોળ કરે છે તેને કોઇપણ રીતે જગાડી શકાતા નથી. મને એવું લાગે છે કે આ વ્યાખ્યા એ બરાબર રીતે વિપક્ષને લાગુ પડે છે. કૉંગ્રેસના મિત્રોએ કશું નક્કર તો કર્યું નથી. માત્ર આડીઅવળી વાતો કરવી એ એમની ટેવ છે. મારે કૉંગ્રેસના મિત્રોને કહેવું છે. **तु इधर-उधर की बात न कर, ये बता कि काफिला क्युं लूटा।** ત્રીસ વર્ષથી કાફીલા લૂંટાઇ ગયા અને હજી એક જ ચલાવે છે. અમે કર્યું છે એટલે જનતાએ અમને આશીર્વાદ આપ્યા છે. હજી પણ વર્ષ ૨૦૨૭માં આપવાના છે. તમે હૈયાધારણ રાખજો. કેટલાક આવી શકાય તો આવવાનો પ્રયત્ન કરજો. અમને સવાલો કરે છે. આપના શાસનમાં શું હતું? ભ્રષ્ટાચાર, કૌભાંડો, ગરીબી હટાવોના માત્ર પોકળ નારા. *(**xxx**) દેશની સુરક્ષા સાથે ચેડાં કર્યાં અને આજે માનનીય મોદીસાહેબ અર્થતંત્રને ટોપ ચારમાં લઇ આવ્યા છે. બંધારણ બચાવવાની વાત કરે છે. ગુજરાતના પનોતા પુત્ર સાથે તમે શું કર્યું? સરદાર વલ્લભભાઇ પટેલ જેમણે રજવાડાંઓ એકત્રિત કર્યા તેમને ૪૧ વર્ષ સુધી ભારતરત્ન આપવાનું ન સૂઝ્યું. આજે સરદાર સાહેબ અમારા છે આ પ્રકારની વાતો કરે છે. હમણાં અમારા પી.કે.પરમાર કહેતા હતા. કોણે અન્યાય કર્યો? આજે બાબાસાહેબ અમારા છે. દલિત સમાજના નામે, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ના નામે જ્ઞાતિ-જાતિના વાડા કરીને આ ગુજરાતને વહેંચવાનો પ્રયાસ કર્યો પણ હું ગૃહમાંથી ગુજરાતની પ્રજાનો આભાર માનું છું. એ સમજું છે, એક થઇને ભારતીય બનવા માટે તૈયાર છે. હું જે પાર્ટીમાંથી આવું છું એમણે પોતાની જાતને સમય આવ્યો ત્યારે દેશ માટે ઓગાળી દીધી. દેશ પહેલાં, **व्यक्ति से बडा दल, दल से बडा देश होता**

---

* આ શબ્દ અસંસદીય હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

* આ શબ્દ આક્ષેપાત્મક હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

है। એણે સાબિત કરી દીધું કે એક સમય આવ્યો ત્યારે પાર્ટીમાં ભળી ગયા. આદિવાસીઓની વાત થાય છે. એ વોટબેંકનો ઉપયોગ કોણે કર્યો?, કોણે પછાત રાખ્યા?, કોણે અભણ રાખ્યા?, કોણે અવિકસિત રાખ્યા?કોણે પાણી વગરના રાખ્યા? કોણે આરોગ્ય વગરના રાખ્યા? આ બધી સુવિધાઓ વર્ષ ૧૯૯૫ પહેલાં ન હતી. માનનીય મોદી સાહેબ આવ્યા એ પહેલાં ન હતી. આજે મારા આદિવાસી સમાજના લોકોને વિકસિત શહેરો જેવા રોડ અને સુવિધાઓ પ્રાપ્ત થઇ રહી છે. શ્રી મોરારજી દેસાઇને કોણે હેરાન કર્યા? નર્મદા યોજનાને દાયકાઓ સુધી કોણે ના થવા દીધી? રાષ્ટ્રીય સુરક્ષાની વાત કરો છો તો ૨૬/૧૧નો આતંકવાદી હુમલો થયો ત્યારે કોની સરકાર હતી? તમે શું કર્યું? ડોઝિયર મોકલ્યા અને શરણાગતિ સ્વીકારી. આપણી સરકારના ગૃહ મંત્રીશ્રીએ કબૂલ્યું કે સેના તૈયાર હતી પણ સરકારે હુમલો કરતા રોકયા. આ બહુ મહત્ત્વનું છે. આ શરમ આવે એ પ્રકારની વાત છે. તમે આતંકવાદી એવા કસાબને બિરિયાની ખવડાવતા હતા. મને ખબર હતી કે માનનીય શૈલેષભાઇ બોલશે. એમના સભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણ, શ્રી અનંતભાઇ પટેલ તમામે રાજકીય ટિપ્પણી કરી છે. અમારાં મહિલા મંત્રી શ્રીમતી મનિષાબેન સરસ વાત કરતા હતા. ઘા કરીને ભાગી જવાનું? સાંભળવાની તૈયારી નહીં રાખવાની? તમારે મહિલાઓ સાથે શું વાંધો છે? એ સમજાતું નથી. બહેન, અમે તમારી સાથે છીએ. ગુજરાતની જનતા તમારી સાથે છે. સત્યની સાથે છે. શ્રી શૈલેષભાઇ ટકોર કરે છે ત્યારે હું બજેટની વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરું છું. મને એટલા માટે છૂટ આપવી પડશે કે એમણે એ વખતે એમના સભ્યશ્રીઓને કહેવું જોઇતું હતું કે બજેટ ઉપર આ વાત ના કરી શકાય.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી શૈલેષભાઇએ એકપણ બાબત ઊભા થઇને કહી નથી એટલે રેકર્ડ ઉપર આવતી નથી. માનનીય મંત્રીશ્રી, તમે જે બોલો છો એ બોલો. એમને જ્યારે વાત કરવી હશે ત્યારે ઊભા થઇને વાત કરશે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મોદી સાહેબે તૈયાર કરેલ વિકાસના રોડમેપમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની ડબલ એન્જિનની સરકાર અભૂતપૂર્વ જનાદેશ સાથે આગળ વધી રહી છે. સ્થિરતા હોય ત્યાં વિકાસ પૂરપાટ ગતિએ દોડતો હોય છે એટલા માટે આ નિર્ણાયક સરકાર પ્રજાના કલ્યાણ માટે સંવેદનશીલતા સાથે આગળ વધી રહી છે. વિપક્ષે જ્યારે પણ કહ્યું હોય એમાં પણ માનનીય ભૂપેન્દ્રભાઇ એટલા જ સાલસ અને નિખાલસ હોય છે. આપણે જાણીએ છીએ કે એમનો આત્મા જુદો છે. જ્યારે પણ અમારી સરકારમાં સારી વાત આવતી હોય ત્યારે એમણે ખુલ્લામાં સ્વીકારીને અમલવારી કરી છે. અમે ગુજરાતની જનતા જનાર્દનનો પણ આભાર માનીએ છીએ કે તેમણે આ સ્થાયી સરકાર ચૂંટી છે એના કારણે આટલું મોટું ઐતિહાસિક બજેટ માનનીય કનુભાઇ રજૂ કરી શક્યા છે. મારે કહેવું જોઇએ કે કૉંગ્રેસ પાસે નથી નેતા, નથી નીતિ કે નથી દાનત. જ્યારે માનનીય નરેન્દ્રભાઇ મોદીનું વિઝન છે અને માનનીય ભૂપેન્દ્રભાઇનું મૃદુ અને મક્કમ નેતૃત્વ છે ત્યારે આ અંદાજપત્ર એ કોઇ હવામાં બનાવેલો દસ્તાવેજ નથી. આ અંદાજપત્ર સર્વગ્રાહી, સર્વસમાવેશી અભિગમ અપનાવતો દસ્તાવેજ છે. આજે દેશના જી.ડી.પી.માં ગુજરાતનો ફાળો ૮.૨ ટકા છે. ગુજરાતની માથાદીઠ આવક રૂ. ૩ લાખ ૧ હજાર છે જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં ૬૦ ટકા વધારે છે. નીતિ આયોગ દ્વારા કરવામાં આવતા સર્વેક્ષણમાં નાણાકીય પ્રદર્શનના ક્ષેત્રે ફિક્સ્ડ હેલ્થ ઇન્ડેક્ષ નાણાકીય વર્ષ ૨૦૨૩ માટે આપણું ગુજરાત રાજ્ય પ્રથમ કૅટેગરીમાં છે. શ્રી શૈલેષભાઇ, આપણું ગુજરાત છે. માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. આ ગૃહના સદસ્યશ્રીઓને જણાવું કે નીતી આયોગ દ્વારા કરવામાં આવતા...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ એક મિનિટ બેસો. શ્રી શૈલેષભાઇ, તમે બેઠાબેઠા ચર્ચા ના કરો. તમે માનનીય મંત્રીશ્રીને ડિસ્ટર્બ ના કરી શકો. જ્યારે તમારો વારો આવે ત્યારે તમે બોલજો. માનનીય શૈલેષભાઇ એવું કહે છે કે મારા નામનો ઉલ્લેખ કર્યો. વિધાનસભામાં હાજર ના હોય એનો ઉલ્લેખ ના કરી શકાય, બાકી વિધાનસભામાં જે ઉપસ્થિત છે એમનો ઉલ્લેખ માનનીય મંત્રીશ્રી કરી શકે. માનનીય મંત્રીશ્રી, આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહના સદસ્યોને જણાવતાં આનંદ થાય છે કે આ એક એવું નીતિ આયોગનું સર્વેક્ષણ છે કે જે રાજ્યની નાણાકીય સ્થિતિ, સદ્ધરતા, ખર્ચની ગુણવત્તા, મહેસૂલી એકત્રીકરણ, રાજકીય વિવેક, દેવા સૂચકાંક, દેવાની ક્ષમતાના આધારે રાજ્યનું મૂલ્યાંકન કરે છે. આમાં આપણે ગુજરાત તરીકે ફર્સ્ટ કેટેગરીમાં આવ્યા. એટલું જ નહીં જ્યાં જ્યાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે એવા ઓરિસ્સા, છત્તીસગઢ અને ગોવામાં પણ ગુજરાતની સાથે ટોપ કેટેગરીમાં આ સરકારો આવી છે. એચીવર્સ કેટેગરીમાં આવ્યા છે. આ ઇન્ડેક્ષમાં ચાર કેટેગરી છે. છેલ્લી કેટેગરીમાં કોણ આવ્યું એ માનનીય સભ્યશ્રીઓને જાણવામાં આનંદ થશે. આ નાણાકીય વ્યવસ્થાપનમાં છેલ્લી કેટેગરીમાં આવેલા રાજ્યો પંજાબ, કેરાલા, એમના સાથી પક્ષવાળા પશ્ચિમ બંગાળ આ રાજ્યોમાં કોનું શાસન છે? આ ઇન્ડેક્ષમાં પંજાબે, આપ વારંવાર વાત કરો છો ને? રહેવાનું ગુજરાતમાં અને વાત કરવાની પંજાબની એનો જવાબ આપું છું. (અંતરાય) ત્યાં રહેવા જાઓ તો પણ સ્વીકારીએ છીએ. નાગરિક તરીકે બધો અધિકાર છે. આનો જવાબ બને તો તમે આપજો. પંજાબ એ છેલ્લી કેટેગરીમાં અને *(**xxx**) અમારા શ્રી અર્જુનભાઇએ સરસ વાત કરી હતી. એ *(**xxx**) થઇને તો વાત કરે છે. (અંતરાય) નામ નથી બોલ્યો. (અંતરાય)

---

* આ શબ્દ આક્ષેપાત્મક હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, નામ નથી બોલ્યા તો મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે એ છે કે એ ક્લેરિફિકેશન કરે કે ભા.જ.પ.ના સહકારથી જે મુખ્યમંત્રી બેઠા હતા એમની ટિપ્પણી કરે છે કે કોની કરે છે? પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર જ્યારે અકાલીદળ...(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે? કયા નિયમ મુજબ? તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર નથી રહેતો. એકબીજા કોમેન્ટ કરે છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજ્યના મુખ્યમંત્રી હોય એને છેલ્લી કક્ષાના કહેવા એ બિન સંસદીય શબ્દ છે એ રેકર્ડ ઉપરથી દૂર થવા જોઇએ.

અધ્યક્ષશ્રી : કયો બિન સંસદીય શબ્દ છે એ મને નામ આપો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : છેલ્લી કક્ષાના જે શબ્દો છે એ બિન સંસદીય જ કહેવાય.

અધ્યક્ષશ્રી : તમારી પાસે ચોપડી છે. તમે જોઇ લો. **છેલ્લી કક્ષાનો **(xxx)** શબ્દ હોય તો બિન સંસદીય આવશે. **છેલ્લી કક્ષા** માત્ર છે એ બિન સંસદીય હોય તો એ એકવાર રેકર્ડ જોઇને પછી આપીશ. આપ બેસો (અંતરાય) માનનીય મંત્રીશ્રી, મારી વિનંતી છે કે તમે સભ્યશ્રીઓ સામે જોઇને બોલશો તો એમને તકલીફ થશે. એટલે તમે અધ્યક્ષની ચેરની સામે જોઇને બોલશો તો તમને કોઇ મુશ્કેલી નહીં પડે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું પંજાબનું કહું છું. છેલ્લી કેટેગરીમાં પંજાબ આવ્યું છે. શાસન જેનું હોય એ તેઓ નક્કી કરી શકે. ફરી કહું છું કે આ ઇન્ડેક્ષમાં છેલ્લી કેટેગરીમાં સાવ *(xxx) અને તો પણ અંદાજપત્ર વખોડવાવાળા લોકોને કહું છું કે કયા મોઢે તમે અંદાજપત્રનો, રાજ્ય સરકારની નાણાકીય વ્યવસ્થાપનો, ચૂંટણીના ઇ.વી.એમ. પર ઠીકરું ફોડો.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ દૂર કરીએ છીએ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ આંકડા પણ હું આપને આપવાનો છું. હું આ લોકોને કહેવા માગું છું કે માત્ર ને માત્ર નાણાકીય વ્યવસ્થાપનને કયા કારણે વખોડી શકે? ''**इल्ज़ाम आईने पे लगाना फ़िज़ूल है, जब की चहेरे पे आप के धूल है।**'' આઇનો સાફ કરવાથી ન થાય. ચહેરો સાફ કરવો પડે. ગુજરાતનું અર્થતંત્ર કેવી રીતે બદલાયું એની કેટલીક આંકડાકીય માહિતી સભાગૃહ સમક્ષ મૂકું છું. આર્થિક સૂચકાંક અંદાજપત્રનું કદ સને ૨૦૦૧-૦૨માં રૂપિયા ૩૬ હજાર કરોડ, ભારતીય જનતા પાર્ટીના વર્તમાન શાસન સને ૨૦૨૬માં ૪ લાખ ૮ હજાર કરોડ વૃદ્ધિ તો કેટલી હોય? ૧૧૦૦ ટકાની વૃદ્ધિ. આ ભા.જ.પ.ની સફળતા. આ સફળતા ભારતીય જનતા પાર્ટીએ લોકોની સેવા કરતી સરકારની છે. માથાદીઠ આવક રૂ.૧૯,૭૧૩/- વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૩,૦૧,૦૦૦/- વૃદ્ધી દર ૧૪૦૦ટકા. માનવીના જીવનની માથાદીઠ આવકનો કેટલો મોટો ફેરફાર? જાહેર દેવું. જાહેર દેવાની ચર્ચાઓ કરે છે એનો જવાબ મારે આપવો છે. જી.એસ.ડી.બી.ના પ્રમાણમાં જાહેર દેવું ઉંચું વર્ષ ૨૦૦૧-૦૨માં જી.એસ.ડી.બી.ના ૧૫.૨૮ લક્ષ્યાંક સામે લક્ષ્યાંક ૨૭.૧નો અને દેવું ૧૫.૨૮. આ ઉત્તમ આર્થિક શિસ્ત બતાવે છે. મહેસૂલી પુરાંત, હંમેશા ખાધવાળું બજેટ રૂ.૨૫,૫૮૬ કરોડનું હતું. મહેસૂલી પુરાંતવાળું વર્ષ ૨૦૨૬-૨૭. સતત પુરાંતવાળું અર્થતંત્ર એ પણ એક ચેલેન્જ હોય છે. જનતા જનાર્દનના આશીર્વાદથી બનેલી ભા.જ.પ. સરકાર એ કોઇ ચમત્કાર નથી પણ સાફ દાનત અને પરિશ્રમનું પરિણામ છે. આઝાદીના ૫૦-૫૦ વર્ષો સુધી રાજ્યના ખાધવાળા બજેટો ચાલતા રહ્યાં. દરેક વર્ષે ખાધ અને ખોટ જ હોય. છેલ્લા એક દાયકાથી આવા પુરાંતવાળા બજેટ જોયા પછી પણ વિપક્ષને એમ થતું નથી કે ચાલો આમને અભિનંદન આપવા જેવું તો છે. એ આશા પણ અમે રાખતા નથી.

''हम को उन से थी वफा की उम्मीद, जो नहीं जानते कि वफा क्या है?''

એટલે અમે તો માનતા નથી. જ્યારે અંદાજપત્રની વાત આવે છે ત્યારે કૉંગ્રેસ એક મુદ્દો ઉઠાવે છે. રાજ્યનું જાહેર દેવું વધ્યું એનો જવાબ આપો. એનો જવાબ આપું છું. મારે સત્ય ગૃહની સમક્ષ મૂકવું રહ્યું. સામાન્ય માણસને પ્રશ્ન ઉદભવે કે સરકારે દેવું શા માટે કરવું જોઇએ? શું સરકારે પોતાની આવક મર્યાદિત રાખીને જ ના ખર્ચ કરવો જોઇએ? આર્થિક નિષ્ણાંતો આ અંગે સ્પષ્ટ મત ધરાવે છે. સરકાર કોઇ સામાન્ય ગૃહિણી કે પગારદાર વ્યક્તિની જેમ માત્ર બચત કરીને ચલાવી શકે નહીં. માળખાગત સુવિધાઓ જેવી કે- હાઇવે, બ્રિજ, આંતરરાષ્ટ્રીય સ્તરના બંદરો, વિશાળ સિંચાઇ યોજનાઓ જેમ કે, નર્મદા ડેમ, પાવર પ્લાન્ટ, આધુનિક શાળાઓ, હૉસ્પિટલો બનાવવા માટે એક સાથે હજારો કરોડો રૂપિયાની જંગી મૂડીની જરૂર પડે છે. સરકાર આ તમામ ખર્ચ માત્ર વર્તમાન વર્ષના કરવેરા એટલે કે ટેક્સીસ વધારીને પૂરા કરવા જાય તો દેશ કે રાજ્યની પ્રજા પર કરવેરાનો અત્યંત અસહ્ય બોજ આવે. હું કૉંગ્રેસને પૂછવા માગુ છું કે, શું ટેક્સ નાખીને અમારે આ પ્રકારના ખર્ચ કરવા? લાંબા ગાળાની યોજના બનાવીને રાજ્યની જનતાના વિકાસ માટે પૈસા ખર્ચવા. ઉંચા કરવેરા લોકોની ખરીદશક્તિ ઘટાડશે, ખાનગી રોકાણોને રૂંધશે જેનાથી આર્થિક વિકાસ અટકી જશે. એટલે કૉંગ્રેસ જ્યારે કહે છે ને દેવું, દેવું, દેવું. એ વિકાસના વિરોધી છે, એના ઉપરથી સાબિત થાય છે કે સરકારે લાંબા ગાળાના બોન્ડ બહાર પાડીને, ઉછીનાં નાણાં લઇને ભવિષ્યની પેઢીઓ સુધી

** આ શબ્દ અસંસદીય હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

આ ખર્ચના બોજને સામાન્ય રીતે વહેંચવાનો પ્રયાસ છે. આજે બનેલા કોઇ ડેમ કે એક્સપ્રેસવેનો લાભ આવનારાં ૫૦ વર્ષ સુધી મળવાનો છે. શું એનો સંપૂર્ણ આર્થિક બોજ આજના કરદાતા ઉપર નાખી દેવો? હું કૉંગ્રેસને સવાલ કરું છું. એ જાહેરમાં કે ગૃહમાં કહે કે ''હા'' નાખી દેજો. લાંબા ગાળે વહેંચણીની વાત છે. હાલના કરદાતાઓએ શા માટે ભોગવવાનું? દેવા કરવાથી આ બોજ લાંબા સમયગાળામાં વહેંચાય જાય છે. જે વર્તમાન અર્થતંત્રમાં તરલતા, લિક્વિડિટી જળવાઇ રહે છે. ભારતીય સંસ્કૃતિમાં ઋષિએ કહ્યું છે કે દેવું કરીને ઘી પીવાય. (અંતરાય) દેવું કરીને ઘી પીવાય. એ ઋષિમુનિઓ ઉપર આપણને શ્રદ્ધા નથી? પણ હા, દેવું કરીને દીવેલ કે ઘાસલેટ ના પીવાય. આ સરકાર દેવું કરીને રાજયની સુખાકારી માટે જે ખર્ચ કરે છે આગામી સમયમાં વિકાસની કામધેનું બનીને રાજયને અનેકગણી રીતે પરત મળવાનું છે. અર્થશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો દેવાને બે ભાગમાં વહેંચે છે, ઉત્પાદક દેવું એટલે પ્રોડક્ટિવ દેવું અને બિનઉત્પાદક દેવું એટલે અનપ્રોડક્ટિવ દેવું, જે કોઇ વ્યકિત દેવું કરીને તેમાંથી મોજશોખ નહીં, જેમ ઇસ્ત્રી કરવા માટે કાશ્મીર કે ફોરેન મોકલતા કપડાં એવું મેં કયાંક સાંભળ્યું છે એ મોજશોખ કહેવાય. દા.ત. લકઝરી કાર, વેકેશન ઉપર રોજબરોજના ખર્ચ પાછળ ખર્ચ ઘટાડવા તે બિન ઉત્પાદક દેવું છે. જો કોઇ સાહસિક ઉદ્યોગપતિ, આ બહુ રસપ્રદ વાત છે. હું આપને સારા ઉદ્યોગપતિ ગણું છું, સારા પશુપાલક ગણું છું, સારા તંત્રના અધિકારી ગણું છું, કોઇ સારા ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ દેવું કરે અને એ કંપની સારી ચલાવે તો આપણે એવું કહીએ કે એ બહુ હોંશિયાર છે, એ કેટલી બધી પ્રગતિ કરી રહ્યા છે, બેંક એમને પૈસા આપે છે, બેંક એને જ આપે કે જેની ભરપાઇ કરવાની તેવડ રાખતા હોય, જેની પાસે વિઝન હોય.

અધ્યક્ષશ્રી : દેવાને બદલે લોન શબ્દ વાપરશો તો વધારે ઇફેકટીવ લાવશે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : જી, માનનીય અધ્યક્ષશ્રી, આપની વાત સાચી છે પણ આ તો દેવું દેવું સાંભળીએ એટલે મને એમ થયું કે એ ભાષામાં જવાબ આપવો. ઘી પીવું એટલે રાજયની ભવિષ્યની ઉત્પાદન ક્ષમતા વધારવી. ગુજરાત રાજયના સંદર્ભમાં આ ઘી એટલે ઉત્પાદક ક્ષેત્રમાંના રોકાણ સ્વરૂપમાં જોવા મળે છે. જેમાં સરકાર હાઇવે, ડબલ એન્જિન ટ્રેન, રોડ, બંદરો, સ્પેશિયલ ઇકોનોમિક ઝોન, નિર્માણ કરવા જેવા મોટા મોટા પ્રોજેકટ એ રાજયના હિતમાં રાજયની જનતા માટે હાથમાં લે છે. ઇન્ફ્રાસ્ટ્રકચર ઉદ્યોગને આકર્ષે છે. ઉદ્યોગોનું મૂડીરોકાણ વધતા સરકારને કરની આવક મળે છે. રોજગારી વધે છે. અર્થતંત્ર વૃદ્ધિ પામે છે. તમે સાવ અભણ માણસને પણ આપણે પૂછીએ તો બજારમાંથી સાડા સાત ટકે વ્યાજે પૈસા મળતા હોય અને તેનું રિટર્ન સાડા આઠ ટકા થી નવ ટકા મળતું હોય તો તમે લો કે ના લો? જવાબ તરત મળી જશે. આ આવી જ વાત છે. કોંગ્રેસને ભ્રામક પ્રચાર કરવાની, મને એવું લાગે છે કે વાત કરવાની એમને આદત પડી છે, હું ટેવ નથી કહેતો કારણ કે વળી પાછું કોઇ ટોકશે. બાકી જાહેર દેવાનું ગણિત સાવ સીધું સાદું છે. આમ ગુજરાત રાજયમાં દેવું કરીને પણ રાજયની જનતાને ઘી પીવડાવે છે. બેજવાબદાર નથી, એક અત્યંત ચતુર અને ગણતરીપૂર્વકનું દૂરંદેશીભર્યું આર્થિક રોકાણ છે. જે આવનારી પેઢીને સમૃદ્ધિનો પાયો નાખશે. રાજયનું દેવું કરવાની ક્ષમતા તેમના જીએસડીપીના કદ ઉપર આધારિત હોય છે એટલે કે જેની કેપેસિટી હોય એમને લોકો નાણાં ઉછીના આપે, લોન આપે. કોઇ ભીખારીને નાણાં ઉછીનાં આપે? શાહુકારોને ત્યાં લોકો સામેથી નાણાં આપવા જાય એવી વાત આ છે. ગુજરાતનો જી.એસ.ડી.પી. સદ્ધર છે એટલે ગુજરાતને જાહેર દેવું સહેલાઇથી પ્રાપ્ત થઇ રહ્યું છે. આ જાહેર દેવા માટે ડેપ્થ અને જી.એસ.ડી.પી.નો રેશિયો જોવાનો હોય છે. કાયદા મુજબ અગાઉ ૨૭ ટકાની વાત કરી, આજે ગુજરાતનો ૧૮.૨ છે જે દર્શાવે છે કે જાહેર દેવું રાષ્ટ્રીય પેરામીટર મુજબના માપમાં છે. આ લોકો ગુજરાતની વાત કરે છે પરંતુ જયાં એમની સરકાર છે એની તુલના કરીએ શ્રી હેમંતભાઇનો ઉલ્લેખ કરું છું, હિમાચલપ્રદેશમાં જયાં કોંગ્રેસની સરકાર છે ત્યાંનો રેશિયો ૪૫ ટકા, દેવાળું ફૂંક્યું કહેવાય. જો ૨૭ ટકાથી વધે તો આપણી ભાષામાં દેવાળું છે. ગુજરાતે આ નથી કર્યું. તાજેતરમાં નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાય ઇકોનોમિક રિસર્ચ જે ભારતની એક અત્યંત પ્રતિષ્ઠિત અને સ્વતંત્ર આર્થિક સંશોધન સંસ્થા છે. માનનીય શૈલેષભાઇ, તેના દ્વારા પ્રકાશિત એક વિસ્તૃત અહેવાલ છે.જેમણે સ્પષ્ટપણે નોંધ્યું છે કે ગુજરાતે છેલ્લાં ૧૦ વર્ષમાં તેના Debt to GDP Ratioમાં ૪.૫ ટકાનો ઘટાડો નોંધ્યો છે. ભારતના સૌથી મોટા ૨૧ રાજ્યોમાં આપણું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ દર ૧૮.૯ હતો. જે ઘટીને વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૮.૨ થયો છે. ગુજરાતનું દેવું તેના GSDPના માત્ર ૧૮.૨ ટકા છે. જે રાજ્યનું આર્થિક વ્યવસ્થાપન અત્યંત શિસ્તબદ્ધ અને ગુજરાત ફિક્સ રિસ્પોન્સિબિલિટી એકટની જોગવાઇઓનું રાજ્ય સરકારે અક્ષરશ: પાલન કર્યું છે. હું મુખ્યમંત્રીશ્રીને અને નાણામંત્રીશ્રીને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. મહેસૂલી ખાધ અને મહેસૂલી પુરાંતનો તફાવત પણ સમજવો જરૂરી છે. સરકારની સૌથી મોટી ઐતિહાસિક સિદ્ધિ એ જ છે કે એ મહેસૂલી ખાધ ધરાવતું રાજ્ય નથી. મહેસૂલી પુરાંત એટલે કે રેવન્યુ સરપ્લસ રાજ્ય છે. વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં ૦.૭ ઓફ GSDP, ૧૯૬૯૫ કરોડનું મહેસૂલી પુરાંત દર્શાવે છે. આમ જાહેર દેવું એ વિકાસની પારાશીશી છે. બજારમાંથી લીધેલા લોનના નાણાં ઉત્પાદક ક્ષેત્રમાં રોકાય તો એ વિકાસનું એન્જિન બની જતું હોય છે. નાણાકીય શિસ્ત અને જાહેર દેવામાં આદર્શવાદી પ્રવચનો આપનારને મારે કહેવું છે કે પોતાના શાસનકાળના ઇતિહાસને ગુજરાતની જનતા સમક્ષ મૂકવો અત્યંત જરૂરી છે. અણઘડ વહીવટ, હડતાલો, કાપડનું માન્ચેસ્ટર અમદાવાદ, ગુજરાતની ૬૬થી વધારે ટેક્ષટાઇલ મિલો, ૯ સ્પિનિંગ અને ૫૭ કમ્પોઝિટ મિલો કોના શાસનમાં બંધ થઇ ગઇ હતી. આજે ''વિકાસ અમે કર્યો, અમે કર્યો.'' એવું કહે છે. જો વિકાસ કર્યો હોય તો ભારતીય જનતા પાર્ટીની કેશુભાઇની સરકાર પછી માનનીય નરેન્દ્રભાઇએ અવૈધપણે એને નવી પાંખો આપી છે. (સભ્યશ્રી હેમંતભાઇ પટેલ બેઠાં-બેઠાં કોમેન્ટ કરતા) સ્વ.કેશુભાઇએ તો અમને દિશા આપી, પણ તમારું મન તો સ્વ.કેશુભાઇનું નામ લઇને મત લેવાની વાતો છે. સ્વ.કેશુભાઇએ

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

આ રાજ્યને અને ભારતીય જનતા પાર્ટીને અનેક બાબતોમાં દિશા ચીંધી છે. છાશવારે તોફાનો ક્યાં થતાં?, ભગવાન જગન્નાથજી પણ સલામત નહોતા. બુલેટપ્રૂફ રથમાં જગન્નાથજીની યાત્રા કાઢવી પડતી હતી. રથયાત્રા નીકળવાની હોય ત્યારે પાંચ મહિના સુધી આખું તંત્ર લકવાગ્રસ્ત થઇ જાય. એની સીધી અસર અર્થતંત્ર ઉપર પડી અને જનતા જાગી અને એમને ઘરે જવું પડ્યું. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજના ઘાતક વિલંબ થયો છે. એમાં ઊભા થયેલા અવરોધો, કોર્ટ મેટરો, સમિતિઓ વર્ષો સુધી ચાલી. કેન્દ્રમાં એમની સરકાર અને રાજ્યમાં પણ એમની સરકાર છતાં કોઇએ એ વિશે ચિંતા ન કરી. મોદી સાહેબે ૧૭ દિવસમાં મંજૂરી આપી. હું આ વિધાનસભાનો સભ્ય હતો ત્યારે પણ બોલેલો છું. દરવાજા તૈયાર હતા તો પણ લગાવવાની મંજૂરી ન આપી. રૂ.૫૦,૦૦૦ કરોડ રૂપિયાનો ઓવરકોસ્ટ થયો.

तुमने क्या किया वो तुम ही जानते हो,
उंगलियां दुसरे पर उठाना आसां बहुत होता है।
अपने गिरेहबान में भी झांका करो कभी-कभी,
दुसरों पर गलत झाड देना आसां बहुत होता है।

અધ્યક્ષશ્રી : **आप भी बहोत अच्छा शायरी कहते हैं।**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : આ અંદાજપત્ર પાંચ મજબૂત સ્તંભો પર આધારિત છે: સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ. હું ક્રમશ: વાત કરીશ. ફાઇનાન્શિયલ ડિસિપ્લિન મારો ગમતો વિષય છે. માનનીય સભ્યશ્રીઓને ખૂબ જાણકારી મળશે. મેં મહેનત કરીને અભ્યાસ કર્યો છે. હું આંકડાકીય માહિતી લાવ્યો છું.

સભાગૃહનો સમય લંબાવવા બાબત

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડક) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, અમે સંમત છીએ.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે?(થોડીવાર બાદ) અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક સુરક્ષા અને છેવાડાના માનવીનો ઉદ્ધાર મોદી સાહેબનો નવો મંત્ર છે. .....

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, માનનીય મંત્રીશ્રીએ એવું કહ્યું છે કે હું ફાઇનાન્શિયલ ડિસિપ્લિન, ગુડ ગવર્નન્સ અને પ્રોએક્ટિવ ગવર્નન્સ આ ત્રણ વિષય ઉપર ધ્યાન દોરું છું અને એ વાત સમજવા જેવી છે. અત્યારે માનનીય મંત્રીશ્રી ફાઇનાન્શિયલ ડિસિપ્લિન વિષય ઉપર પ્રવચન કરી રહ્યા છે ત્યારે આપણે પણ ડિસિપ્લિન રાખીએ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મોદીજીએ ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ આ ચાર વર્ગોના ઉત્કર્ષ દ્વારા સમાજોને જોડવાનું કામ કર્યું છે. ફરી ફરીને વાત કોંગ્રેસ પર જ આવે છે અને સમય ન આપે. કારણ કે, કોંગ્રેસે જાતિ-જાતિનું ઝેર રેડવાનું શરૂ કર્યું છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે રૂ.૭૦૮૬ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. કોંગ્રેસના શાસનમાં ગરીબો બેંકના દરવાજા સુધી પહોંચી શકતા ન હતા ત્યારે ગરીબ પરિવારને જનધન યોજના થકી બેંકિંગ વ્યવસ્થા સાથે જોડીને શ્રી મોદી સાહેબના નેતૃત્વમાં વિશ્વનું સૌથી મોટું નાણાકીય સમાવેશનનું કામ થયું છે. કેટલી દીર્ઘદૃષ્ટિથી મોદી સાહેબે કામ કર્યું છે! જનધન યોજના અંતર્ગત ૫૭.૬૪ કરોડ ખાતાઓ ખોલવામાં આવ્યા અને રૂ.૨.૯૩ લાખ કરોડના નાણાકીય વ્યવહારો થયા. ગુજરાતના ગરીબો પણ જોડાયા છે એટલે કહું છું. આદિવાસી અને આદિજાતિની અસરકારક કામગીરી માટે પી.એમ.-જનમન હેઠળ સમગ્ર દેશમાં બેસ્ટ પરફોર્મિંગ રાજ્ય તરીકેનો એવોર્ડ મહામહિમ રાષ્ટ્રપતિએ ગુજરાતને આપ્યો છે. માત્ર આદિજાતિ વિસ્તારમાં નહીં પણ સમગ્ર સમાજમાં બિરસા મુંડાજીને જીવંત રાખવા એ વિસ્તારોમાં શિક્ષણ, આજીવિકા, ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ઐતિહાસિક કામો માટે કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. રૂ.૭૦ હજારથી વધારીને રૂ.૮૦ હજાર વાર્ષિક નિભાવ વિદ્યાર્થીની ગ્રાન્ટ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દ્વિતીય સ્તંભ માનવ સંસાધન છે. જ્યાં સુધી શિક્ષણ, આરોગ્ય અને નારીશક્તિ ફોક્સિંગ ન થાય ત્યાં સુધી સમાન વિકાસ અસંભવ છે. એ સાચી સંપત્તિ છે ત્યારે માત્ર ભૌતિક ઇમારતો નહીં પરંતુ તેના નાગરિકોની માનસિક અને શારીરિક સ્વસ્થતા પણ જરૂરી છે. માનવ સંસાધન વિકાસના આ બીજા સ્તંભ માટે અમારી સરકારે ઐતિહાસિક નાણાકીય ફાળવણી કરેલી છે. સમયની મર્યાદાઓ વચ્ચે મારે વાત કરવાની છે ત્યારે કવિ મીનપિયાસીએ લખ્યું છે કે,

પરમેશ્વર તો પહેલું પૂછશે, કોઈનું સુખ-દુઃખ પૂછ્યું'તું ?
દર્દ ભરી દુનિયામાં જઈને કોઈનું આંસુ લૂછ્યું'તું?
ગેં ગેં ફેં ફેં કરતાં કહેશો હેં-હેં-હેં શું? શું? શું?

માનનીય અધ્યક્ષશ્રી, જેને લાગુ પડતું હોય તેને પડે. આજે અમને આનંદ છે કે આદરણીય મોટી સાહેબ અને માનનીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં સુવર્ણ અક્ષરે લખાશે. ભૂતકળમાં પણ અમે કર્યું છે, અત્યારે પણ અમે આ અંદાજપત્રમાં કરી રહ્યા છીએ અને આવનારા વર્ષ ૨૦૨૭ના અંદાજપત્રમાં પણ અમે કરીશું. વર્ષ ૨૦૨૯માં મોદીસાહેબ કરશે. આ દીવાલે લખેલું સત્ય છે ત્યારે આ 'ગરીબી હટાવો' ના નારા એ માત્ર નારા રહ્યા છે. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં ગરીબોના આંસુ લૂંછવા માટે સામાજિક ક્ષેત્રે વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે ત્યારે મા અમૃતમ, મા કાર્ડ, આયુષ્માન કાર્ડ. ક્યારેક ખેડૂતો, આદિવાસી અને બક્ષીપંચ માટેની ચર્ચા કરે છે. શું તમારી વખતે આ કાર્ડ હતા? દસ–દસ લાખ રૂપિયાનો ચેક માનનીય મોદીસાહેબ અને ભૂપેન્દ્રભાઇએ ગરીબના ખિસ્સામાં આપ્યો છે. આરોગ્યની તકલીફ થાય તો એ સારામાં સારી હૉસ્પિટલમાં સારવાર લઇ શકે. સંવેદનાથી કામ કરી રહ્યાં છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બીમારી જ નહોતી, ભેળસેળ જ નહોતી.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, એમને ડિસ્ટર્બ ન કરો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, લોકોમાં બીમારી નહોતી એમ કહે છે પણ એના આંકડાઓ આપણે જોઇએ. કૉંગ્રેસ માનસિક બીમારીથી પીડાઇ ગઇ છે. બીમારીઓ જ બીમારીઓ. બધું પીળું પીળું જ દેખાય છે. કોઇપણ દેશ કે રાજ્યનો વિકાસ આંતરમાળખાકીય સુવિધાઓ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રસ્તાઓ, શહેરો જેવી માળખાકીય સુવિધાઓ પરથી મપાય છે. મારે અહીંયા ઉલ્લેખ કરવો છે. અહીંયા કહે છે કે શહેરોમાં આટલાં આપ્યાં, ગામડામાં કંઇ ન આપ્યું. ગામડામાં પણ પાકી સડકો, પીવાનું પાણી, આરોગ્યની સુવિધાઓ, શિક્ષણની સુવિધાઓ..... હું ગામડામાંથી આવું છું અને તમે પણ ગામડામાંથી આવો છો. ગામડામાં ખુલ્લી ગટરો હોય, પીવાનું અશુદ્ધ પાણી હોય, કમરમાંથી વાંકા વળી જાય, દાંત પીળા થઇ જાય. એને એવું લાગે કે મારી ઉંમર થઇ ગઇ. મેં અહીંથી ૯૦ અંશના ખૂણે વળી ગયેલા વડીલોને જોયા છે. પીવાનું અશુદ્ધ પાણી આપ્યું. આ માટેની વ્યવસ્થા ગામડામાં અને શહેરમાં કરી. તો પણ અન્ય દેશ એને સારો લાગે. 'ભાગલા પાડો અને રાજ કરો' એ નીતિ ગઇ. ગામડું પણ સમજે છે અને શહેર પણ સમજે છે કે સમાન વિકાસની તકો માનનીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં આ બજેટમાં થઇ છે. માર્ગ અને મકાન વિભાગમાં અનેકવિધ સુવિધાઓ માટે ૩.૨૯ હજાર કરોડનું બજેટ છે. આ જોગવાઇ એ આ રાજ્યને વિકાસની નવી દિશાઓ તરફ લઇ જવાની છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં ૩.૩૩,૫૦૪ કરોડ અને શહેરી વિકાસમાં ૩.૧૬,૧૧૬ કરોડ. એ જ રીતે પંચાયતમાં હજારો કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આ વિગતો માનનીય નાણામંત્રીશ્રીએ બજેટ રજૂ કર્યું એમાં છે. તમે કદાચ તમે વાંચ્યુ નહી.

અધ્યક્ષશ્રી : તમે બેઠાં–બેઠાં નહીં કહી શકો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહના માધ્યમથી રાજયની જનતા અને સભ્યશ્રીઓને જણાવવા માગું છું. હું શ્રી કનુભાઇ વતી વાત કરું છું. ગુજરાત રાજ્યની જનતાને વિકાસની સુવિધાઓ, માળખાકીય સુવિધાઓ, ગામડું, પરું, જ્ઞાતિ, જાતિ, શહેર, મહોલ્લો. હું તો નામ પણ આપું. શ્રી હેમંતભાઇ, શ્રી શૈલેષભાઇ, શ્રી અનંતભાઇ અને શ્રી ગુલાબસિંહ જ્યાં કહેશે કે અહીંયા વિકાસ માટે નાણાંની જરૂરિયાત છે. જો સાચી જરૂરિયાત હશે તો શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર ઊભી રહેશે. પણ તમે લાવો. આ લાભાર્થીઓને મળવાપાત્ર છે. બજેટ ઉપરાંત પણ વધારાની જોગવાઇ કરવી પડે તો અમારા નાણામંત્રી ભામાશા રાજ્યની જનતા માટે કરી રહ્યા છે અને કરીશું. કમોસમી વરસાદનું મારે એમને પૂછવું છે. અહીંયા આપણા માનનીય કનુભાઇ જે પૂરક માગણી લાવ્યા એ કેવી રીતે આવી? બજેટમાં તો નહોતી. આનો જવાબ આપો. અન્ય વિભાગની પૂરક માગણી કઇ રીતે આવી? બજેટમાં તો ન હતી. માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારને ગુજરાતના અર્થતંત્ર માટે આ બજેટ ઉપરાંત પણ ક્યાંથી પૈસા લાવવા, કેમ કરવું એ આવડે છે. તમે ચિંતા ના કરતા. અલગ–અલગ તમામ વિભાગોમાં ઉદ્યોગની વાત કરું તો પૉલિસી ઓન કેર, ગુજરાત બાયોટેકનોલોજી પૉલિસી, ટેલિકોમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૉલિસી, ગુજરાત સ્પોર્ટસ પૉલિસી, ટૂડે સ્ટાર્ટઅપ પૉલિસી, નવી આઇ.ટી પૉલિસી, ગુજરાત સેમિકન્ડકટર પૉલિસી, ધ ડ્રોન પ્રમોશન એન્ડ યુઝેસ પૉલિસી, સિનેમેટિક ટુરિઝમ પોલિસી, ગુજરાત ઇલેકટ્રોનિક પૉલિસી, એનર્જી પૉલિસી, નવી ગુજરાત ટેક્સટાઇલ પૉલિસી આવી અનેક પૉલિસીઓના કારણે રાજ્યએ વિકાસની નવી ઊંચાઇઓ હાંસલ કરી છે. **नए सपने बुनते हैं, अरमान जगा देते हैं, सपनों को नई उडान देते हैं, अवसरों के लिए नई ऊंचाई देते हैं।** એ પ્રતિબિંધ આમાં જોવા મળે છે. તમામ સેકટરોમાં વિશેષ ભાર આપ્યો છે. આ વખતની વર્ષ ૨૦૨૭ની ચૂંટણી ખેડૂતોના નામે લડવા નીકળ્યા છે. મને અત્યારથી એંધાણ દેખાય છે પણ આવજો મેદાનમાં, ખેડૂતો માટે તમે શું કર્યું છે, અમે શું કર્યું છે? કોના હૈયામાં ખેડૂતોનું હિત છે તે અહીંયા ફ્લોરમાં નહીં કહી શકીએ પણ મેદાનમાં કહેવા માટે અમારી ભા.જ.પ.ની માનનીય મોટી સાહેબ, માનનીય ભૂપેન્દ્રભાઇ અને માનનીય જગદીશભાઇની ટીમ તૈયાર છે. બાકી ના રાખતા. હું વર્ષ ૧૯૯૦થી રાજનીતિમાં સક્રિય છું. વર્ષ ૧૯૯૫માં ગયા પછી વર્ષ ૧૯૯૮માં ચૂંટણી આવી. અમે આવી જઇશું. થોડુંક ટૂંકુ પડ્યું. વર્ષ ૨૦૦૦માં આવી. ટૂંકું પડ્યું. થોડું થોડું ટૂંકું પડે છે. વર્ષ ૨૦૦૫માં આવી, વર્ષ ૨૦૦૭માં આવી. વર્ષ ૨૦૧૨માં આવી, વર્ષ ૨૦૧૭માં આવી અને વર્ષ ૨૦૨૨માં આવી. પનો સહેજ સહેજ ટૂંકો પડે છે. મારે આજે કહેવું છે કે વર્ષ ૨૦૨૭માં પણ તમારો પનો ટૂંકો ના પડે એના માટે મહેનત કરજો. જનતા મોટો પનો ટૂંકો પાડી દેવાની છે. એ વખતે એવું કહેતા હતા કે ટૂંકું પડ્યું. ટૂંકુ જ પડે કારણ કે એના માટે ખેડૂતો માટે ભાવ જોઇએ. એના માટે શ્રદ્ધા જોઇએ. વિશ્વાસ ઊભો કરવો જોઇએ. ખેડૂત ભીખારી નથી પણ સ્વમાની છે. એને જોઇતું હોય એ બધું આપવું છે પણ

અમારે ભિખારી તરીકે આપવું નથી. અમારે એને અમારી ફરજના ભાગરૂપે બેઠો કરવા માટે આપવું છે. ભાવમાં આ ફરક છે. અમે ખેડૂતોને આપી દીધું. તમે આપી દો. ખેડૂત સ્વમાન સાથે જીવી શકે એના માટે કિસાન સન્માન નિધિમાં ખરબો ખરબો રૂપિયા માનનીય મોદી સાહેબે સીધા આપી દીધા છે. તમે આપ્યા હોય તો બતાવો? રૂ. ૨૪ હજાર કરોડની ઐતિહાસિક જોગવાઈ કરી છે. મને માનનીય કનુભાઈ કહ્યું છે કે ખેડૂતો માટે મૂંઝાતા નહી. રૂ. ૧૧ હજાર કરોડનું પેકેજ આપ્યું એમ જ્યારે જરૂર પડે ત્યારે રૂ. ૨૫ હજાર કરોડનું આપવા માટે અમારી ભા.જ.પ.ની સરકાર તૈયાર છે. આપણે ભગવાનની પ્રાર્થના કરીએ. આ વખતે રવી સિઝનમાં લોકોએ જે ફસલ વાવી છે એમાં મને આજે કહેતાં આનંદ થાય છે કે છેલ્લાં ત્રણ વર્ષમાં સૌથી વધારે ૪૪ લાખ હેકટરમાં રવી સિઝન અત્યારે ભરપૂર છે. કેટલાક લોકો પ્રાર્થના કરતા હશે કે કમોસમી વરસાદ આવી જાય તો સારું. સાહેબ, કેવી રીતે વર્ષ ૨૦૨૭માં ચૂંટાય? ખેડૂતનું સારું જોવાના બદલે ક્યાંક થોડોક વરસાદ આવે તો તરત ટી.વી.માં કોઈક આવે અને કહે કે વરસાદ આવ્યો પણ કયાં નુકસાન થયું? કેવું થયું? અમે એના માટે તૈયાર છીએ. આ ભાવ કયારેય જનતામાં ના આવવા દે. ના તો ખેડૂતમાં આવવા દે, ના તો ખેતમજૂરમાં આવવા દે અને ના તો જનતામાં આવવા દે. એના માટે હૃદય જોઈએ. ભાવ જોઈએ. કયારેક કયારેક સામાવાળા કોઈકને હૃદયરોગનો હુમલો આવે તો મને ખરેખર વિચાર આવે કે આને છે ખરું? શ્રી ઈમરાનભાઈને આવ્યો તો મને ઘડીક થયું કે આમને છે? પણ હશે તો જ દવાખાને ગયા હશેને? પણ લોકો માટે નહીં હોય, એમની સેવા માટે નહીં હોય. હું માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનું છું કે ખેડૂતોને દિવસે વીજળી આપી છે. અહીંયા કોઈને ખબર પણ નથી અને પાછા એમ કહે કે દિવસે વીજળી આપો. દિવસે વીજળી આપી રહ્યા છીએ. કેટલાક લોકો અહીંયા હાજર નથી. અમારી જેમ દિવસે વીજળી આપો. દિવસે વીજળી મળવા લાગી એને બે વર્ષ થયાં, પહેલાં એ તો જુઓ? આટલું મોટું રાજ્ય છે. ખેડૂતોની આટલી મોટી ડિમાન્ડ છે.એ વખતે નાણામંત્રીશ્રી ઊર્જામંત્રીશ્રી પણ હતા. હું ખેડૂતનો દીકરો છું અને આજે પણ ખેતી કરું છું. અનુભવે આવ્યું છે કે આ વ્યવસ્થાઓ અઘરી હોય છે. એમણે દિવસે વીજળી આપી અને ખેડૂતોને ખુશહાલ કરવામાં એમણે અઘરું કામ પુરવાર કર્યું છે. કિસાન સૂર્યોદય યોજના ઝીરો ટકાએ ૩ લાખ રૂપિયા કોણે શરૂઆત કરી? કોઈ રાજ્યમાં બતાવે. મને આનંદ છે, ખેડૂતને ન જરૂર હોય તો અન્ય વ્યવસ્થા કરીને એ ખેડૂત પોતાના કુટુંબની વ્યવસ્થાઓ સંભાળીને ઉપયોગ કરે છે. (અંતરાય) એને ખબર જ નથી કે બજેટમાં શું છે? કૃષિની માગણી આવે ત્યારે વિશેષ વાત કરીશ. નાના અને સીમાંત ખેડૂતોને તમે શું આપ્યું? બજેટ તો જુઓ, બજેટની વ્યવસ્થાઓ તો જુઓ. અમારા ભામાશાએ યાંત્રિકીકરણમાં પહેલાં રૂપિયા ૩૫૦ કરોડ આપતા હતા એના રૂપિયા ૭૦૦ કરોડ કરી નાખ્યા. હવે એને ખબર જ નથી કે આ નાના અને સીમાંત ખેડૂતોને મળવાના છે. અન્નદાતા મટીને ઊર્જાદાતા બને એના માટે પણ અનેકવિધ વ્યવસ્થાઓ કરી છે. મને આનંદ છે કે અનેક રાહતો મત્સ્યોદ્યોગ માટે પણ આપી છે. આંતરિક સુરક્ષા હોય, ગૃહ વિભાગ હોય એ બધા માટે તમામ વ્યવસ્થાઓ કરી છે. એક નવા યુગના પ્રારંભ સાથે જે આંકડા અને તથ્યો રજૂ કર્યા છે એ કાગળ ઉપરની કલ્પનાઓ નથી, આ સંકલ્પો છે. સંકલ્પો જમીન ઉપર ઉતરી રહ્યા છે. નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ આ ઐતિહાસિક બજેટ માનનીય વડાપ્રધાન શ્રી મોદીજીના વિકસિત ભારત–૨૦૪૭ના વિઝનને સાકાર કરવા માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળનું આ ગુજરાત અને લેવાયેલું એક દૃઢ અને ઉત્તમ પગલું છે. આ પરંપરા સાચવીને મહાત્મા ગાંધી, સરદાર પટેલ, દીનદયાળ ઉપાધ્યાયનાં સપનાનું એક ભાવવિશ્વ આજે ગુજરાતના ''ગામડે ગામડે'' પહેલાં કેવું હતું, આજે કેવું છે? મારી પાસે ફિલ્મ પણ છે. ગામડું કેવું હતું અને આજે કેવું છે એ સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસ વખતે ઠેકાણા ન હતા. વાતો હતી, આટલા વર્ષો સુધી રાજ કર્યું. પ્રજાના ઉઘરાવેલા કરરૂપી નાણા એ ક્યાં વેડફાઈ જતા હતા? તેનો કોઈ હિસાબ ન હતો. તત્કાલીન વડાપ્રધાન શ્રી રાજીવજીએ કહ્યું હતું કે એક રૂપિયો મોકલું છું અને ૧૫ પૈસા પહોંચે છે. પંચાયતથી પાર્લામેન્ટ સુધીની સરકારો એની હતી. વડાપ્રધાને આવું બોલવું પડે. આ પ્રકારની અણઘડ વ્યવસ્થાઓના કારણે એક કવિ, અમૃત ઘાયલ, ખુમારી વાળા કવિ.

''જૂનું ફાનું મકાન તો આપો, ધૂળ જેવું ધાન તો આપો,
સાવ જુઠ્ઠુ શા માટે બોલો છો ભાઈ? કોઈક સાચી જબાન તો આપો,
થોડો–ઝાઝો હિસાબ તો આપો, ખોટો–સાચો જવાબ તો આપો,
ભાગમાં ભાગ અમારો પણ છે. એક વાસી ગુલાબનું ફૂલ અમને તો આપો.''

આ એમણે કહ્યું હતું. વાસી નહીં પણ એક તાજુ ફૂલ પ્રજાને આપવા ભારતીય જનતા પાર્ટીની સરકાર તૈયાર બેઠી છે, આપી રહી છે.

અધ્યક્ષશ્રી : આજે માનનીય જીતુભાઈએ શૂન્ય પાલનપુરી અને સુંદરમ્ બન્નેને યાદ કર્યાં.

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રોને મારી વિનંતી છે. વિરોધ ખાતર વિરોધ ન કરો. નકારાત્મકતાએ જનતાના હૃદયમાંથી તમને ફેંકી દીધા છે. હવે ઈતિહાસમાંથી ફેંકાઈ ન જાઓ એની ચિંતા કરે. વિપક્ષમાં હોબાળો કરે છે. સત્ય એ છે કે ગુજરાતની અને ભારતની જનતા આજે માત્ર ને માત્ર વિકાસ ઝંખે છે. શ્રી નરેન્દ્ર મોદી અને શ્રી ભૂપેન્દ્રભાઈનું વ્યક્તિત્વ એ એમના માટે સર્વોપરી છે. આ બજેટનો એકેએક રૂપિયો જન કલ્યાણ માટે વપરાય એવું સરકારનું સુદૃઢ આયોજન માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈએ અને શ્રી હર્ષભાઈ તેમજ શ્રી કનુભાઈએ કર્યું છે. મારે અહીંયા એક ઉલ્લેખ કરવો છે. શ્રી ભૂપેન્દ્રભાઈ કેબિનેટની અંદર (અંતરાય) આ બજેટ આવ્યા પછીની બેઠકમાં એમણે એક ઉલ્લેખ કર્યો કે મારે આ બજેટ પાસ થાય એટલે રાજ્યની જનતા માટે અત્યારથી તમે એના માટેની તમામ તૈયારીઓ કરો.તમામ મંજૂરીઓ લઈ લો. તમારે ટેન્ડર કરવા હોય એની પણ તૈયારીઓ કરો. બજેટ મંજૂર થાય એટલે મારે તરતને તરત જનસુખાકારીના કામો એ નીચે સુધી લઈ જવા

જોઇએ. ચોમાસાના સમયમાં ના થાય એવું ના કરતા. આ કટિબદ્ધતા અમને હંમેશા જનતાનો પ્રેમ મળ્યો છે. આ વિઝન છે કે ૧૫ દિવસની અંદર એમણે સી.એસ.ને સૂચના આપી તમારે જોવાનું છે. ૧૫ દિવસમાં કેન્દ્રની પણ એન.ઓ.સી. કે મંજૂરીઓ લેવાની હોય, તાંત્રિક મંજૂરી હોય, વહીવટી મંજૂરી હોય એમાં સમયના બગડે એની ચિંતા કરો. હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો ગુજરાતની જનતા વતી આભાર માનું છું કે આ દ્રષ્ટીકોણ છે બજેટ માટે. હું મિત્રોને કહુ છું કે આવો મિત્રો બજેટ કેમ વપરાય? એના માટે સજેશન કરો. નવી જરૂરત હોય તો એ પણ અમને સૂચવો. આમાં ક્યાંય નકારાત્મકતા નથી, સકારાત્મક રીતે તમારા જે કંઇ સૂચનો સકારાત્મક છે. રાજકીય ટિપ્પણીઓ નહીં. રાજ્યની જનતાના હિતમાં અમારી સરકાર એમને સામેલ કરશે. મને એવું લાગે છે કે આપણે સૌ આ અંદાજપત્ર લઇને આવ્યાં છે ત્યારે હું પુન: એકવાર વિનંતી કરું છું કે આપણે સૌ સાથે મળીને આ અંદાજપત્ર મેં અગાઉ કહ્યું એમ એ ખાલી કોઇ સામાન્ય દસ્તાવેજ નથી. કૉંગ્રેસના સમયમાં અંદાજપત્રોમાં *(**xxx**) હતી ત્યારે આ અંદાજપત્રને બરાબર રીતે સમજીને આપણે રાજ્યના હિતમાં સૌ સાથે મળીને માનનીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં હવે કોઇ કવિએ આવું લખવાની જરૂર નથી.

''આંસુઓ ના પડે પ્રતિબિંબ એવા દર્પણ ક્યાં છે? કહ્યા વિના સમજે સઘળું એવા સગપણ ક્યાં છે? ''

માનનીય અધ્યક્ષશ્રી, આ અંદાજપત્રમાં અનેકવિધ જોગવાઇઓ કરી છે ત્યારે હું આદરણીય નરેન્દ્રભાઇ મોદીજીનો અને એમના વિઝનનો આભાર માનું છું. માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો આભાર માનું છું.

''એક યોદ્ધો એવો જાણે કે જેણે સૂતો જગાડ્યો કાળ,
પગ પાતાળે ને શીશ આકાશે એના હાથ હોય દિગપાળ
વંચિત પીડિત ને ખેડૂત સૌના એણે પૂરા કર્યાં છે કોડ,
માતૃભૂમિની ભક્તિ કરવામાં જડશે નહીં એની જોડ
ઘાવ ઝીલ્યાં ઘમસાણના રે,''

વિદેશમાંથી વિદેશી લોકો આવે તો ગાળુ દેવાની, માનનીય નરેન્દ્રભાઇ મોદીને અને એમના માતૃશ્રીને, પાર્ટીને ગાળુ દેતાં દેતાં ભારતનો વિરોધ તો કરી શકે. માતૃત્વનો વિરોધ ના થાય. એ પણ આપણા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ સહન કરે પણ એ ભારતનો વિરોધ સહન નહીં કરે. એનો જવાબ દેશની જનતા આપશે. દુનિયા આખી ડોલવા લાગી પણ માનનીય નરેન્દ્રભાઇ મોદીજી સાથે સૌને મેળ. આ દુનિયા એટલે કૉંગ્રેસની દુનિયા. બાકી દુનિયા તો જોડાયેલી છે. આ ઐતિહાસિક અંદાજપત્ર માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં માનનીય નાયબ મુખ્યમંત્રશ્રી હર્ષભાઇ સંઘવી અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ અંદાજપત્ર એક વર્ષનો હિસાબ નથી. આવનારી પેઢીઓ માટે એક સુવર્ણ ભવિષ્યનો લેખિત દસ્તાવેજ છે. વિકાસની અનેક નક્કર બ્લ્યુ પ્રિન્ટ છે આ સર્વગ્રાહી અને સર્વપક્ષીય અંદાજપત્રને મારું સંપૂર્ણ હાર્દિક સમર્થન કરીને અભિનંદન આપું છું. ભારત માતા કી જય. વંદે માતરમ્ જય જય ગરવી ગુજરાત. જય વિધાનસભા.

(આ તબક્કે માનનીય સભ્યશ્રી હેમંતભાઇ આહિર ઊભા થઇને મારું નામ લીધું છે તેવું કહેતા)

અધ્યક્ષશ્રી : તમારા નામ લીધું છે એ સારું કહેવાય. અત્યારે બાકી કોણ કોઇના નામ લે છે?

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : અત્યારે એમાં ના બોલવાનું હોય. અત્યારે એમણે જવાબ નથી આપ્યો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મારું નામ લીધું છે એટલે (અંતરાય)

અધ્યક્ષશ્રી : અરે, ભાઇ તમારું તો નામ લે, આ તો કહુ છું કે દુનિયામાં ક્યાં કોઇનું નામ લે છે?

શ્રી હેમંતભાઇ હ. આહિર : સાહેબ, મને બે મિનિટ બોલવા દો.

અધ્યક્ષશ્રી : આપ પાર્ટીને બિલકુલ સમય નથી આપ્યો? તમને આપશે. (અંતરાય) એક મિનિટ, અહીંયા મંત્રીશ્રીના જવાબ પછી બોલવાનું હોતું નથી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામનો ઉલ્લેખ થયો છે.

અધ્યક્ષશ્રી : કઇ કલમ નીચે તમે કહો તો હું મંજૂરી આપું.

શ્રી હેમંતભાઇ હ. આહિર : મારું નામ લીધું એટલે મને જવાબ આપવા માટે સમય આપવો જોઇએ.

અધ્યક્ષશ્રી : નામ તો ઘણાં બધાનાં લીધાં છે. તમારે તો નામ લીધું એટલે રાજી થવું પડે. આજે તો કેટલી સરસ મજાની કવિતાઓ, શેર– શાયરીઓ થઇ છે. તમારે શેર– શાયરીનો વિષય છે?

શ્રી હેમંતભાઇ હ. આહિર : સાહેબ, કહો તો શાયરી બોલું. માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ મારે પણ આમાં જોવું જોઇશે. મંત્રીશ્રી પણ જોઇને વાંચતા હતા. પપ હજાર કરોડ રૂપિયા વ્યાજ ભરવામાં દીધા એ શાયરી મંત્રીશ્રી કેમ ન બોલ્યા? (અંતરાય)''વિકાસના નામે તમે લોન પર લોન લીધી, અને વ્યાજ ભરવામાં જનતાની કમાણી દીધી?''

* આ શબ્દ અસંસદીય હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : વાંચીને ના બોલી શકાય. આ ગૃહે મેં જોયું છે કે અખાના છપ્પા સાંભળ્યા છે, ગ્રામમાતાને સાંભળ્યા છે, કવિ કલાપીને સાંભળ્યા છે;

'' રે પંખીડા સુખથી ચણજો ગીતવાં કાંઇ ગાજો,
શાને આવા મુજથી ડરીને ખેલ છોડી ઉડો છો, ''

માનનીય જીતુભાઇએ બહુ સરસ મીનપિયાસી ને યાદ કર્યા.

'' કબુતરોનું ઘૂ ઘૂ ઘૂ અને છછૂંદરોનું છું છું છું અને પછી કહ્યું
પરમેશ્વર તો પહેલા પૂછશે, કોઇનું સુખદુઃખ પૂછ્યું હતું?
કે દર્દભરી દુનિયામાં જઇને, કોઇનું આંસુ લૂંછ્યું હતું,
ગેં ગેં ફેં ફેં કરતા કહેશો હેં હેં હેં ''શું શું શું.

બહુ સરસ તમે યાદ કરાવ્યું. આજે મજા આવી ગઇ, ઘણા દિવસ પછી કવિતાઓ અહીંયા સાંભળવા મળી. ધન્યવાદ.

માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અંગે

<#Mi /અધ્યક્ષશ્રી /**Mi #>**: આવતી કાલે સવારના ૯-૪૦ કલાકે મહામહિમ રાજ્યપાલશ્રી વિધાનસભા ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ માટે આગમન કરશે. સૌ પ્રથમ તેઓ પ્રાકૃતિક કૃષિ પ્રદર્શનનું ઉદઘાટન કરશે. આપણો કાર્યક્રમ સવારે ૧૦-૦૦ કલાકે સમયસર ચાલુ થઇ જશે. સર્વને કાર્યક્રમ શરૂ થાય તેના ૧૦ મિનિટ પહેલાં પોતાનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ કૃષિ વિભાગ દ્વારા, માનનીય જીતુભાઇ વાઘાણીજી દ્વારા પ્રાકૃતિક ભોજન માટેનું નિમંત્રણ છે અને ભોજન નીચે પોડિયમમાં રાખવામાં આવ્યું છે. ભોજન પછી બપોરના ૧-૩૦ કલાકે આપણી વિધાનસભા ચાલે છે તે પ્રમાણે નિયમિત ચાલુ રહેશે. બપોરે ૧-૩૦ કલાકે પ્રશ્નોત્તરી અને દિવસનું જે કામકાજ છે એ ચાલુ રહેશે.

સભાગૃહનું આજનું કામકાજ સાંજના ૫-૧૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ બપોરના ૧-૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.

ફાલ્ગુન ૦૮, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

શુક્રવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ફાલ્ગુન ૦૮, ૧૯૪૭ શાકે

સભાગૃહ બપોરના ૧:૩૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

રાજ્યમાં થયેલ કમોસમી વરસાદ કે માવઠાને કારણે ખેડૂતોને ચૂકવવાની સહાય.

***15/8/555 : શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):માનનીય કૃષિ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે :-**

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં થયેલ કમોસમી વરસાદ કે માવઠાના કારણે ખેડૂતોના પાકને થયેલા નુકસાનમા સહાય મેળવવા માટે કેટલા ખેડૂતો તરફથી કેટલી રકમની સહાય માટેની અરજી કરવામાં આવી હતી,અને	(૧)	કુલ ૩૦,૭૧,૮૨૩ ખેડૂતો તરફથી સહાય માટેની અરજી કરવામાં આવેલ છે. ખેડૂતોને નુકસાનગ્રસ્ત વિસ્તાર મુજબ નિયત થયેલ સહાય ધોરણ આધારીત સહાય ચૂકવવાની જોગવાઇ હોય અરજીઓ ફકત નુકસાનગ્રસ્ત વિસ્તાર આધારીત મેળવવામાં આવે છે.
(૨)	તે પૈકી સરકારે ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને સહાય ચૂકવી છે અને કેટલા ખેડૂતોને સહાય ચૂકવવાની બાકી છે?	(૨)	ઉક્ત સ્થિતિએ કુલ ૩૦,૨૫,૪૪૭ ખેડૂતોને સહાય ચૂકવેલ છે અને કુલ ૩૪,૫૬૪ ખેડૂતોને સહાય ચૂકવવાની બાકી છે.

શ્રી ઈમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, **कुछ देर पहले ही महामहिम राज्यपालजी ने विधानसभा के सभी सदस्यों को प्राकृतिक खेती के बारे में बहुत अच्छी जानकारी दी। मैं सभी जो मरे साथे मंत्री हैं, एमएलए हैं, उनका शुक्रिया अदा करता हूं। मुझे भी कुछ चीजों की जानकारी नहीं थी कि हम लोग ज़हर खा रहे हैं। राज्यपालजी ने बताया की हम जो खाते हैं वो ज़हर है, लकिन हम सुधरते नहीं है। बहोत ही अच्छी बात थी। आज का मेरा प्रश्न भी माननीय अध्यक्ष श्री, खेती से जुडा हुआ है।**

હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્યમાં થયેલા કમોસમી વરસાદ અને માવઠાના કારણે ખેડૂતોને પાકના નુકસાનની સહાય ચૂકવવામાં કેટલી રકમ કૃષિ સહાય પૅકેજ તરીકે જાહેર કરવામાં આવી? મારો બીજો પ્રશ્ન છે કે આ પૅકેજનો પરિપત્ર ક્યારે કરવામાં આવ્યો? ઉપરોક્ત પૅકેજમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો કેટલો ફાળો છે? ઉપરોકત સહાય હપ્તામાં ચૂકવવામાં આવે છે કે કેમ? જો હા હોય તો હપ્તામાં ચૂકવવાના કારણો શું છે? અને નુકસાનની સહાય ખેડૂતોને ચૂકવવાની બાકી હોય તો તેનાં કારણો શું છે? એ હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો છે એમાં મારે માત્ર માહિતી માટે ગૃહને કહેવું છે કે રાજ્યમાં થયેલ કમોસમી વરસાદમાં ઓક્ટોબર માસમાં જે માવઠું થયું છે એમાં રૂ.૧૦,૦૦૦ કરોડનું પૅકેજ એ સૌપ્રથમ વાર ઐતિહાસિક પેકેજ આ રાજ્યના ખેડૂતો માટે ભારતીય જનતા પાર્ટીની ભૂપેન્દ્રભાઈની સરકારે આપ્યું છે. હું એવું માનું છું કે ઈમરાનભાઈ તમારા શાસનમાં પણ સાત દિવસમાં આ પ્રકારનો જી.આર. થવો, માનનીય મુખ્યમંત્રીશ્રીએ તો ત્રણ દિવસ કહ્યા હતા. અમે સાત દિવસ કહ્યું. ત્રણ દિવસમાં પંચરોજ કામ થવું એ ગુજરાતની ધરતી નહિ પણ ભારતની ધરતીમાં પહેલી વખત બન્યું છે. ખેડૂતને મદદ કરીને બેઠો કરવાની વાત છે. એ આપણા બધાની સહિયારી જવાબદારી છે. એ કુદરત સામે બાથ ભીડવા હંમેશા તત્પર હોય છે. જે અરજીઓ આવી તેમાં લગભગ ૩૩ લાખની આસપાસ અરજીઓ આવી હતી. જે મળવાપાત્ર છે એ તમામ અરજીઓનો અમે નિકાલ કર્યો છે. જે અરજીઓ સ્ક્રુટિની થઈને આવી છે એ તમામ અરજીઓની પૂર્તતા થાય એટલે અમે આ સહાયની રકમ આપવાના છીએ. કેન્દ્ર સરકારની સહાય ૩૩ ટકાથી વધારે હોય છે. કેટલાંક અન્ય રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન નથી ત્યાં ૨૬થી ૭૫, ૭૫થી ૧૦૦ એમ કરીને કેમ ઓછું અપાય એ પ્રકારે કર્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈએ ખૂબ સંવેદનાથી અવારનવાર મિટિંગો કરી. ખેડૂતોને નુકસાન થયું હોય તો ખેડૂતોને ઊભો કરવા માટેની સહાય/મદદ કરી હતી. તેના કારણે ખેડૂતોનો આત્મવિશ્વાસ વધ્યો છે. હું વાત કરતો હતો કે ૩૩ ટકા ઉપરાંત ૧૬,૫૦૦ ગામોમાં ક્યારેય ન થયું હોય તે પ્રકારે ઉદારતાથી આ સહાય પૅકેજ ખેડૂતોને મળે તેના માટેની વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી અને તેના માટે સાત દિવસમાં ઠરાવો થઈ ગયા. અરજી કરવાની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો અને સાથે સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એકબાજુ હજુ તેનું ફોર્મ ભરાતું હોય અને બીજી બાજુ ખેડૂતના ખાતામાં પૈસા જમા થઈ જાય

તે પ્રકારની વ્યવસ્થાઓ ગોઠવી હતી એટલા માટે મને લાગે છે કે ખેડૂતો માટે નીકળેલી યાત્રાઓ ફ્લોપ ગઈ. કારણ કે ખેડૂતો સમજે છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારે સંવેદના સાથીને તેમના ખાતામાં સીધી રકમ જમા કરી હતી. એસ.ડી.આર.એફ.માં ભારત સરકાર દ્વારા પ્રતિ હેક્ટર ૩.૮૫૦૦/–ની સહાય તેમજ રાજ્ય બજેટ હેઠળ વધારાની ૩.૧૩,૫૦૦/– એમ કુલ ૩.૨૨,૦૦૦/– પ્રતિ હેક્ટર લેખે બે હેક્ટરની મર્યાદામાં આ સહાય કરવામાં આવી છે. વર્ષાયુ અને પિયત પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુના નુકસાન માટે એસ.ડી.આર.એફ.ના નોર્મ્સ મુજબ પ્રતિ હેક્ટર મળવાપાત્ર ૩.૧૭,૦૦૦/– તેમજ રાજ્ય બજેટ હેઠળ ૩.૫,૦૦૦/– એમ બંને રીતે કુલ ૩.૨૨,૦૦૦/– ગણ્યા છે. બહુ વર્ષીય પાકો માટે .....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, છ મિનિટ પ્રશ્ન અને જવાબમાં થઈ ગઈ છે. પાંચ મિનિટમાં પ્રશ્ન પૂરો કરવાનો છે.

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી ખૂબ મોટી છે. મને આપવામાં કોઈ વાંધો નથી, પણ હું રેકર્ડ પર મૂકી દઈશ.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઈ, આપ ટૂંકમાં પ્રશ્ન પૂછજો. મારે એક જ પ્રશ્નમાં ૧૦ મિનિટનો સમય કરવો નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૩૦ લાખ જેટલી અરજી આવી તો તેના માટે મંજૂર કરેલ રકમ સામે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? દર વર્ષે કમોસમી વરસાદ, અતિવૃષ્ટિ, વાવાઝોડાં આવે અને મોટા પૅકેજ જાહેર કરવાં પડે છે તો રાજ્ય સરકાર પોતાના બજેટમાંથી પાક વીમા યોજના ચાલુ કરવા માગે છે કે કેમ?

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, બે રીતની વાતો રાજ્યના ખેડૂતો સુધી થાય છે. હું માનનીય અમિતભાઈનો આભાર માનું છું કે, એમણે ગૃહમાં આ પ્રશ્ન પૂછ્યો છે. મારે કૉંગ્રેસના મિત્રો અને રાજ્યના ખેડૂતોને કહેવું છે કે પાક વીમા યોજના વિશે હું મારા વિભાગની માગણી ઉપર વાત કરીશ. એમના શાસનમાં પાક વીમાની યોજનાઓ હતી, ભાજપના શાસનમાં પણ હતી. આપ પણ ખેડૂત છો, પાક વીમો મરજિયાત કરો. પાક વીમો મરજિયાત કરો આ વાત કૉંગ્રેસે ઊભી કરી હતી અને આજે કહે છે કે પાક વીમો ફરજિયાત કરો. આ બધું ટી.વી. અને છાપામાં છે. શ્રી અમિતભાઈ, તમે આઈનામાં જોઈ લો. ખેડૂતો મૂર્ખ નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોના હિતનો નિર્ણય લીધો છે. એમના રાજ્યના ડેટાની પણ હું મારા વિભાગની માગણીઓમાં વાત કરીશ. એમના શાસનમાં ..... (અંતરાય) હું આપું છું. તમે એવી વાત કરી એટલે કહું છું. ૩.૧૦ હજાર કરોડમાંથી...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ઉશ્કેરાયા વગર શાંતિથી જવાબ આપો. તમારા ચહેરા પર ગુસ્સો દેખાય છે.

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ઉશ્કેરાવાનું તો અમારા ભાગમાં નથી એમના ભાગમાં છે. ખેડૂતોને ઉશ્કેરવાનું, ખેતમજૂરોને ઉશ્કેરવાનું .....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમણે જે પ્રશ્ન પૂછ્યો છે તેનો જ જવાબ આપો. પોલિટિકલ ચર્ચા ન કરો.

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૩૦.૨૫ લાખ ખેડૂતોને ૩.૮,૬૬૦.૭૮ કરોડની સહાય આપવામાં આવી છે. આપના માધ્યમથી જણાવું છું કે, સમગ્ર ખેડૂતો કે જેમણે અરજી કરી છે,લાયકાત ધરાવે છે એની પૂર્તતા કરી. એક પણ ખેડૂત આ સહાય વગર વંચિત નહીં રહે એવી આ ગૃહમાં હું જાહેરમાં ખાતરી આપું છું

ગાંધીનગર જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ પર રુફ ટોપ સોલાર પેનલમાં સહાય

***15/8/942: શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ** (ગાંધીનગર (ઉત્તર)): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	કોલ્ડ સ્ટોરેજમાં રૂફ ટોપ સોલાર પેનલ માટે બાગાયત ખાતા દ્વારા કોઈ યોજના અન્વયે સહાય આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા
(૨)	જો હા તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી રકમની સહાય આપવામાં આવી?	(૨)	કુલ– ૩.૧,૮૪,૩૮,૬૦૦ /–

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કોલ્ડ સ્ટોરેજમાં સોલાર પેનલ બનાવવાની યોજનાની શરૂઆત ક્યારથી કરવામાં આવી? અને આના સહાયના ધોરણો કોમર્શિયલ અને રેસિડેન્શિયલ કરતાં અલગ હોય તો કોલ્ડ સ્ટોરેજમાં આ યોજના લાગુ કરવા માટે સહાયના ધોરણો શું છે?

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સૌર ઊર્જા એટલે કે સોલાર પેનલ રૂફટોફ યોજનાની શરૂઆત મોદી સાહેબે કરેલ છે. આજે અમને આનંદ છે કે લગભગ બધા લોકોના ઘરે રૂફટોપ સોલાર પેનલ છે. એનાથી પણ એક પગલું આગળ રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪–૧૫થી નેશનલ હોર્ટિકલ્ચર મિશન અંતર્ગત રૂફટોપ સોલર પેનલ કેન્દ્ર પુરસ્કૃત મિશન ફોર ઇન્ટિગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હોર્ટિકલ્ચર બનાવવવાની યોજના અમલમાં આવી. આપણા સૌ માટે ખુશીની વાત છે કે, પોતાના ઘરમાં લાઇટ બિલ શૂન્ય થઈ ગયું એ જ રીતે કોલ્ડ સ્ટોરેજમાં તો ઘણા વખતથી કેન્દ્રની સરકાર આપતી હતી. એ ચાહે ભા.જ.પ.ની હોય કે કૉંગ્રેસની સરકાર હોય એના પર પર રૂફટોપ સોલાર પેનલ લગાવી છે. આ વિચાર જે તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને આવ્યો અને માનનીય ભૂપેન્દ્રભાઇએ આ યોજના આગળ વધારી.

રીન્યુએબલ એનર્જીમાં પ્રોત્સાહિત કરવાનું ઉત્તમ પગલું છે. કેન્દ્ર સરકારની નેશનલ હોર્ટિકલ્ચર મિશન યોજના અંતર્ગત મહત્તમ એકમ રૂ.૩૫ લાખને ધ્યાને રાખીને સામાન્ય વિસ્તારો માટે ૩૫ ટકા સુધી તથા શિડ્યુલ અને પહાડી વિસ્તારો માટે ૫૦ ટકા સુધીની સહાય આપવાની જોગવાઇ છે. મને કહેતાં આનંદ થાય છે કે, સામાન્ય વિસ્તારોમાં ૧૫ ટકા અને શિડ્યુલ અને પહાડી વિસ્તારોમાં ૨૫ ટકા વધારાની પૂરક સહાય આપવામાં આવે છે. આમ, આ યોજનામાં પૂરક સહાય સ્વરૂપે વિશેષ એટલે કે ગુજરાત સરકાર જે ટોપઅપ આપે છે એમાં ગુજરાત આખા દેશમાં પહેલું રાજ્ય છે. ગુજરાત આ માટે અલગથી રકમ પણ કેન્દ્ર સિવાય આપે છે એ માટે હું માનનીય ભૂપેન્દ્રભાઇનો આભાર માનું છું અને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

વલસાડ અને તાપી જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

*15/8/1118 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ** (વાંસદા)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ વલસાડ અને તાપી જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,	(૧)	જિલ્લાનું નામ / શિક્ષિત / અર્ધ શિક્ષિત / કુલ વલસાડ / ૪૦૧૨ / ૮૮ / ૪૧૦૦ તાપી / ૩૨૮૭ / ૮૦ / ૩૩૬૭
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી મળી, અને	(૨)	વર્ષ / જિલ્લો / આપેલરોજગારી (શિક્ષિત / અર્ધશિક્ષત / કુલ) તા:૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૫ / વલસાડ / ૧૪૨૫૮ / ૦ / ૧૪૨૫૮ તાપી / ૧૮૪૯ / ૦ / ૧૮૪૯ તા:૦૧/૦૨/૨૦૨૫ થી / વલસાડ / ૧૩૬૨૬ / ૦ / ૧૩૬૨૬
(૩)	તે પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?	(૩)	સરકારી નોકરીની વિગતમાં ફક્ત રોજગાર વિનિમયકચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. સરકારશ્રી દ્વારા માન્ય આયોગ/મંડળ/બોર્ડ અને અન્ય સંબધિત ભરતી સમિતિ દ્વારા કરવામાં આવેલા ભરતીનો આ માહિતીમાં સમાવેશ થતો નથી. જિલ્લો / સરકારી / ખાનગી / કુલ તા:૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૫ / વલસાડ / ૦ / ૧૪૨૫૮ / ૧૪૨૫૮ તાપી / ૦ / ૧૮૪૯ / ૧૮૪૯ તા:૦૧/૦૨/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ / વલસાડ / ૦ / ૧૩૬૨૬ / ૧૩૬૨૬ તાપી / ૦ / ૨૨૨૬ / ૨૨૨૬

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન રોજગારી માટેનો છે. માનનીય મંત્રીશ્રીને *(**xxx**) પરંતુ, ઘણા બધા એવા શિક્ષિત બેરોજગારો છે એને રોજગારી મળી નથી.

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રી, આપણે ડાયરેક્ટ કોઇની સામે આક્ષેપ નહીં કરીએ.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રોજગારી મળી નથી એનાં કારણો શાં છે? અને પ્રશ્ન–૩ના જવાબમાં ખાનગી સંસ્થામાં જેમને નોકરી મળી છે એ આઉટસોર્સિંગ નોકરી છે કે કાયમી નોકરી છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનનીય સભ્યશ્રી કદાચ ટ્રેનના ડબ્બામાં ચડવામાં રહી ગયા છે એટલે આવો આક્ષેપ કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી અનંતભાઇ, માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે. શરૂઆત આપે કરી છે.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે. રોજગાર વિનિમય કચેરીઓ ખાતે નામ નોંધણી માટે આવતા તમામ યુવાનો બેરોજગાર છે એવું નથી. યુવાનો અન્ય જગ્યાએ નોકરી કરતાં હોય અને રોજગારીની સારી વિશેષ તક તેમજ ઉચ્ચ અભ્યાસની માહિતી અને કારકિર્દી માર્ગદર્શન માટે પણ નોંધણી કરાવતા હોય છે. ધોરણ–૧૦ કે તેથી વધુ લાયકાત ધરાવતા યુવાનોની નોંધણી શિક્ષિત રોજગાર વાંચ્છુક તરીકે થાય છે. ધોરણ–૧૦ કે તેથી ઓછી લાયકાત ધરાવતા યુવાનોની નોંધણી અર્ધશિક્ષિત રોજગાર વાંચ્છુક તરીકે થાય છે. ગુજરાત રાજ્યમાં તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરીઓ ખાતે અર્ધશિક્ષિત બેરોજગારોની સંખ્યા ૬૩૮૯૨ છે અને શિક્ષિત બેરોજગારોની સંખ્યા ૬૨૮૭૨૯ છે. એમાં નોંધાયેલા બેરોજગારોની સંખ્યા ૬૯૨૬૨૧ છે. તે પૈકી રોજગાર કચેરી દ્વારા ૫૮૩૪૯૫ યુવાનોને રોજગારી પૂરી પાડી છે. હું એમના વિસ્તારની વાત કરું છું. વલસાડ જિલ્લામાં તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી ખાતે અર્ધશિક્ષિત બેરોજગારો ૧૬ નોંધાયેલા છે અને શિક્ષિત બેરોજગારો ૨૯૦૫૯ નોંધાયેલા છે. આમ વલસાડમાં કુલ મળીને ૨૯૦૭૫ રોજગાર વાંચ્છુકો નોંધાયેલા હતા. એમાંથી રોજગારી કચેરીના માધ્યમથી કુલ ૨૭૮૮૪ રોજગારી પૂરી પાડવામાં આવી છે. તાપી જિલ્લામાં તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી ખાતે અર્ધશિક્ષિત શૂન્ય નોંધાયેલા છે અને શિક્ષિત ૫૩૩૮ નોંધાયેલા છે. આમ કુલ મળી ૫૩૩૮ રોજગાર વાંચ્છુકો નોંધાયેલા છે. એમાંથી તાપી જિલ્લામાં ૪૦૭૫ને રોજગારી પૂરી પાડી છે. રોજગાર વિનિમય કચેરી દ્વારા આપવામાં આવેલી રોજગારીમાં મોટાભાગે ઉત્પાદન, ઓટોમોબાઇલ, ટેક્સટાઇલ, આઇ.ટી. તેમજ બેંક અને વીમાને લગતા વિવિધ ખાનગી ક્ષેત્રોના એકમોમાં નોંધણી થાય છે અને એનો રોજગારીમાં સમાવેશ થાય છે. મારે માનનીય સભ્યશ્રીને યાદી કરાવી છે કે અમારી રોજગાર વિનિમય કચેરીના માધ્યમથી બંને જિલ્લામાં ખુલ્લા રોજગાર મેળા કરવામાં આવે છે એમાં નોંધાયેલા હોય કે ના નોંધાયેલા હોય એ દરેકને ત્યાં ઓપન સાંભળીને, એને રોજગારી આપવા માટેનો પ્રયત્ન થાય છે. ખાનગી સિવાયની સરકારી નોકરી માટે સરકારશ્રી દ્વારા નિયત કરાયેલી વિવિધ ભરતી એજન્સી જેવી કે, ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, પોલીસ ભરતી બોર્ડ અને ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળમાં તેઓ રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલા ના હોય તેમ છતાં અરજી કરીને સરકારી નોકરી મેળવવા માટે હકકદાર બને છે. તેના માટેની પરીક્ષા આપવી પડે છે. વર્ગ–૧થી ૩ની સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા આ સરકારી ભરતીઓ થાય છે. સરકારી કે ખાનગી નોકરી માટે રોજગાર વિનિમય કચેરી ખાતે નોંધણી કરાવવી એ ફરજિયાત નથી પરંતુ જે ખાનગીમાં નોંધાયેલા હોય એમને પણ આ રોજગારી મળે છે. મેં વલસાડ અને તાપી બંને જિલ્લાના ખાનગી અને સરકારી ક્ષેત્રોના આંકડા આપ્યા. બાકીનામાં બંને જિલ્લામાં ઓપન ભરતી મેળાઓ થયા છે અને આવતા દિવસોમાં હજી ભરતી મેળાઓ કરવાના છીએ એમાં નોંધાયેલા હોય કે ના નોંધાયેલા હોય, આ બધા જ ખાનગી ક્ષેત્રોમાં બેસી શકશે અને એમને રોજગારી આપી શકાશે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આપણા સાથી ધારાસભ્યશ્રી અનંતભાઇ પટેલ ભરતી મેળા બાબતમાં પૂછતા હતા કે બેરોજગાર રહી ગયા. તમારી ઇચ્છા હોય તો આ ભરતી મેળો ચાલુ જ છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, અત્યારે પોલિટિકલ ચર્ચા નહીં કરો.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર ભરતી મેળાના આયોજન માટે રોજગાર કચેરી દ્વારા શું કામગીરી કરવામાં આવે છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના યુવા અને ઉત્સાહી રોજગાર વાંચ્છુકને પોતાના મનપસંદ ક્ષેત્રમાં રોજગારીની ઉત્કૃષ્ટ તક મળી રહે એવા હેતુસર રોજગાર કચેરીઓ દ્વારા રોજગાર ભરતી મેળાઓનું પરિણામલક્ષી અને અસરકારક આયોજન કરવામાં આવે છે. ઉમેદવારોને કારકિર્દી ઘડતર માટે કેરિયર કાઉન્સિલિંગ, માહિતી અને માર્ગદર્શન મળી રહે એ માટે વ્યવસાયલક્ષી કારકિર્દી માર્ગદર્શન અપાય છે. રોજગાર કચેરીઓના માધ્યમથી કારકિર્દી સેમિનારનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત ડિજિટલ ઇન્ડિયા, ડિજિટલ ગુજરાતના મંત્રને સાર્થક કરવા રોજગારલક્ષી વિવિધ સેવાઓ માટે 'અનુબંધમ' વેબ પોર્ટલ કાર્યરત છે. પ્રસ્તુત ઓનલાઇન પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતી મેળા કાર્યક્રમની તમામ પ્રકારના કામગીરી કરવામાં આવે છે. નોકરીદાતા પોતાના એકમોની ખાલી જગ્યાઓની માહિતી આપે છે અને રોજગાર વાંચ્છુક સદરહું પોર્ટલના માધ્યમથી ઘરે બેઠાં આ જોઇ શકે છે અને એ રીતે પોતે એમાં રોજગારી નોંધાવી શકે છે. રોજગાર કચેરીઓ દ્વારા ઉત્પાદન, ટેક્સટાઇલ, આઇ.ટી. તેમજ બેંક અને વિમાને લગતા વિવિધ સેકટરોમાં તાલુકા મથકે તેમજ જી.આઇ.ડી.સી. કક્ષાના ભરતી મેળાઓ થાય છે. જિલ્લા કક્ષાના ભરતી મેળા અને એના મેગા જોબ ફેરનું પણ આયોજન કરાય છે. ભરતી મેળા સંબંધિત વ્યવસ્થાઓ માટે ખાસ કરીને...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માગણીઓની ચર્ચા વખતે વિગતવાર જવાબ આપજો. અત્યારે એમણે પૂછ્યું એટલો જ સીધો જવાબ આપો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને રોજગાર કચેરીના માધ્યમથી તમામ પ્રકારની માહિતી વેબસાઇટ પર અને પ્રચાર–પ્રસારના માધ્યમથી આપી શકાય છે.

ફાલ્ગુન ૦૮, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

કચ્છ જીલ્લામાં મેં.અદાણી પાસેથી મુન્દ્રા પોર્ટ અને સેઝ માટેના જંગલ જમીનના હેતુફેર માટે થયેલ વસૂલાત

* 15/8/1112**શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર** (જામજોધપુર)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશેકે:–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં મે.અદાણી પાસેથી મુન્દ્રા પોર્ટ અને સેઝ માટેના જંગલ જમીનના હેતુફેર માટે ચોખ્ખી વર્તમાન કિંમતે ઇકો કલાસ ટુ (૨) મુજબ વસુલવાના બદલે ઇકો કલાસ ફોર (૪) મુજબ ચોખ્ખી વર્તમાન કિંમતની વસુલાત થયેલ, તે હકીકત સાચી છે,	(૧) ના,જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	જો ઉક્ત સ્થિતિએ વસુલાત બાકી હોય તો ક્યાં સુધીમાં વસુલાત કરવામાં આવશે**?**	(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં મુંદ્રા પોર્ટ ઉપર જે જમીન અદાણી કંપનીને ફાળવવામાં આવી ત્યાં ચેરના વૃક્ષો હતા. એના માટે થઇને ઇકો ઝોન–૨ પ્રમાણે હેતુફેરની રકમ વસૂલવાની થતી હતી એની જગ્યાએ ખોટી આકારણી કરીને ઇકો ઝોન–૪ પ્રમાણે રકમ વસૂલવામાં આવી છે. ઓડિટ વિભાગના ધ્યાને આ બાબત આવી અને ઓડિટ વિભાગે તપાસ સમિતિને મોકલી અને શ્રી પુંજાભાઇ વંશની અધ્યક્ષતામાં ત્યાં તપાસ સમિતિ ગઇ અને એણે રૂપિયા ૫૮ કરોડ ખોટી આકારણી થઇ છે એવું ધ્યાને આવ્યું. તો આ બાકી રકમ વસૂલવા માગો છો કે કેમ? ખોટી આકારણી કરનાર અધિકારી સામે પગલાં લેવાં માગો છો કે કેમ?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન છે એ છેલ્લા બે વર્ષનો છે. છેલ્લા બે વર્ષમાં કોઇ ઘટના બની નથી. જે કલાસ–૨ અને કલાસ–૪ નું કલાસિફિકેશન છે એમાં કોઇ ફરક થયેલ નથી. માનનીય સભ્યશ્રીને કહું કે જો કોઇ આવી ઘટના બની હોય અને તમારા ધ્યાનમાં હોય તો જરૂરથી કહેજો. એના માટે ઉચિત કાર્યવાહી કરવામાં આવશે. જ્યાં સુધી આ ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ લાગુ પડે છે અને જે નેટ પ્રેઝન્ટ વેલ્યુ કલેક્ટ કરવાની આવે છે એ ભારત સરકારની મંજૂરીથી કરવામાં આવે છે અને સુપ્રીમકોર્ટના સને ૨૦૨૨ના ચુકાદા પ્રમાણે કરવામાં આવે છે એટલે આવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, એક તો આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું કે આપે આજે પ્રાકૃતિક સંવાદ કરાવ્યો, પ્રકૃતિની મોજ કરાવી અને પ્રાકૃતિક ભોજન કરાવ્યું. જે પ્રશ્ન ઉપસ્થિત થયો છે એ મારા મતવિસ્તારનો છે. કેટલાક મિત્રો સમૃદ્ધિના સર્જકોના વિરોધી હોય છે. સમૃદ્ધિના સર્જકો દેશ માટે ખૂબ ઉપયોગી હોય છે અને એના કારણે સમૃદ્ધિની રચના થતી હોય છે. ખેતીવાડી પણ એક ભાગ છે. પ્રકૃતિની વાત થઇ છે અને જે ઉદ્યોગ પાસેથી લેણા વસૂલ કરવાની વાત આવે તો હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમારા કચ્છ જિલ્લાનો અને સમગ્ર ગુજરાતનો ૧૬૦૦ કિલોમિટરથી વધુ લાંબો દરિયાકિનારો છે. જે સુનામી, વાવાઝોડું, ચક્રવાત વગેરે કુદરતી પ્રકોપ અને મુશ્કેલી અને લોકોને તકલીફથી પીડાતો અમારો જિલ્લો છે. ઉપરાંત રાજ્યનો ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકિનારો છે. જે કોઇ પણ આવક સરકારને ઊભી થાય છે એ ઉદ્યોગ મારફત થાય છે તો એનાથી ચેરિયા જેવા વૃક્ષોથી પાણી આગળ વધતું અટકે છે અને પ્રકૃતિનું રક્ષણ થાય છે તો એવું વાવેતર કરવા માગો છો કે કેમ? થયું છે તો કેટલું થયું છે?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો આભાર માનું છું કે આ બાબતે એમણે મારું ધ્યાન દોર્યું. ગુજરાત વેટલેન્ડની બાબતમાં આખા ભારતમાં સમૃદ્ધ રાજ્ય છે. ચેરિયા અને મેંગ્રુવ્ઝ છે એ સામાન્ય રીતે દરિયા કિનારે વેટલેન્ડ ઉપર થતા હોય છે. વેટલેન્ડ ઉપરની કામગીરી ગુજરાત રાજ્ય એ નોંધપાત્ર રીતે કરી છે. જ્યારે અહીં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ ગુજરાતના મુખ્યમંત્રી હતા એ વખતથી આ મેંગ્રુવ્ઝનું વાવેતર માટેના અનેક પ્રયાસો થયા છે અને વર્તમાન અમારા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની આગેવાનીમાં આપણે કરી રહ્યા છીએ. મેંગ્રુવ્ઝના વાવેતરમાં ગુજરાત આખા દેશમાં નંબર વન છે. ગુજરાત એક જ એવું રાજ્ય છે જેણે મેંગ્રુવ્ઝ વિસ્તાર વધાર્યો છે. એના માટે ફરીથી પ્રધાનમંત્રીશ્રીનો આભાર માનવો જોઇએ કે એમણે મેંગ્રુવ્ઝ ઇનિશિએટીવ ફોર શોરલાઇન હેબિટેટસ એન્ડ ટેન્જિબલ ઇન્કમ–૨૦૨૩–૨૪ એટલે કે 'મીસ્ટી' પ્રોગ્રામ જાહેર કર્યો અને આ 'મીસ્ટી' પ્રોગ્રામ હેઠળ આપણી જે નેટ પ્રેઝન્ટ વેલ્યુ હોય છે, એના ૯૦ ટકા ગુજરાત સરકારને મળે છે. એ આપણે કેમ્પા ફંડમાં જમા કરાવીએ છીએ. એમાં 'મીસ્ટી' કાર્યક્રમ આગળ વધારીએ છીએ. વર્ષ ૨૦૨૩–૨૪માં ૩,૪૦૦ હેકટરનું વાવેતર કર્યું અને ૩.૧૩.૨૬ કરોડનો ખર્ચ કર્યો. વર્ષ ૨૦૨૪–૨૫માં ૧૦,૧૦૦ હેકટરનું વાવેતર કર્યું અને ૩.૩૯.૩૯ કરોડનો ખર્ચ કર્યો. વર્ષ ૨૦૨૫–૨૬માં ૧૧,૫૦૦ હેકટરનું વાવેતર કર્યું અને ૩.૪૪.૮૫ કરોડનો ખર્ચ કર્યો. આમ કુલ ત્રણ વર્ષમાં ૨૫,૦૦૦ હેકટર જમીનમાં ૩.૯૭.૦૫ કરોડના ખર્ચે મેંગ્રુવ્ઝનું વાવેતર થયું છે. માત્ર

ઘોરેલા વિસ્તારમાં ૨,૫૦૦ હેકટરનું મેંગ્રુવ્ઝનું વાવેતર થયું છે. મેંગ્રુવ્ઝનો વિસ્તાર આપણે ત્યાં સતત વધતો જાય છે. એના માટે હંમેશા અમને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનું ખૂબ પ્રોત્સાહન મળ્યું છે. વન વિભાગે પણ આ ક્ષેત્રમાં બીજી સહયોગી સંસ્થાઓની ભાગીદારીમાં ખૂબ સારું કામ કરેલું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે મુંદ્રા પોર્ટ એન્ડ સેઝ માટેની જમીન હેતુફેર માટેની છે તો હાલમાં આ જમીન ઇકો ક્લાસ–૨ માં આવે છે કે ઇકો ક્લાસ–૪ માં આવે છે? અને જો ઇકો–૨ માં આવતી હોય તો છેલ્લાં બે વર્ષમાં કેટલી કિંમત વસૂલી? અને ઇકો–૪ માં આવતી હોય તો કેટલી કિંમત વસૂલવામાં આવી છે? ટોટલ કેટલી કિંમત થતી હતી એની સામે કેટલી કિંમત વસૂલી છે?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી મેં પહેલા કહ્યું એમ છેલ્લાં બે વર્ષમાં આવી કોઇ ઇકો–૪ ની જગ્યાએ ઇકો–૨ કે ઇકો–૨ ની જગ્યાએ ઇકો–૪ની કોઇ કિંમત વસૂલવામાં આવી નથી. એટલે આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ પ્રશ્ન તમારા ધ્યાનમાં હશે એ બહુ જૂની વાત છે. જ્યારે યુ.પી.એ.ની સરકાર વખતે આ ઘટના બનેલી છે અને તમે જુદો પ્રશ્ન પૂછશો તો એના માટેનો જવાબ આપીશ. *(**xxx**) એટલે આ પ્રશ્નમાં અત્યારે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ જવાબ આપી દીધો છે. (અંતરાય) માનનીય શૈલેષભાઇને આપો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ સ્પેસિફિક હતો.

અધ્યક્ષશ્રી : પછી એ નવો ટેક્સ લાવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : ના, ના. ભલે લાવે આપણને કોઇ વાંધો નથી.

અધ્યક્ષશ્રી : તમે એના કરતા સીધો જે પ્રશ્ન હોય એ પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, અમે ૧૨ જણ બેઠાં છીએ અને એનો મતલબ એવો થોડો છે ડરી જવાના છીએ. એની ચિંતા નથી. મારો પ્રશ્ન સ્પેસીફિક છે કે, આ જમીનમાં બે વર્ષથી વસૂલ થયા નથી. મંત્રીશ્રીના જવાબથી સંતોષ છે. આ જમીન ઇકો ક્લાસ–૨ માં આવે છે કે ઇકો ક્લાસ–૪ માં આવે છે? એની સરકાર પાસે માહિતી હોયને? સાહેબ, એ માહિતી મારે જોઇએ છીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીથી કહુ છું કે છેલ્લાં બે વર્ષમાં આવી જમીનોની બાબત તમે કહો છો એવો પ્રશ્ન કોઇએ કરેલો નથી.એટલે એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અહીંયા અમારા મિત્રો બેઠા છે એ વાંચીને આવે છે પણ તમે માર્ગદર્શન તઘલખ રોડવાળા પાસેથી લ્યો છો એનાથી કંઇ આ ગુજરાતનું ભલું નહીં થાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસો. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો પ્રશ્ન હતો અને એની સરકાર પાસે માહિતી ના હોય?... (અંતરાય)

અધ્યક્ષશ્રી : અમેણે જવાબ આપી દીધો. આપ બેસો. આપ બેસો. (અંતરાય) માનનીય શૈલેષભાઇ આપ બેસો એટલે જવાબ આપી દે. આપ બેસો. આપ બેસો. શાંતિથી વાત કરું. માનનીય અમિતભાઇ તમે બેસો. માનનીય અમિતભાઇ તમે બેસો. (અંતરાય) માનનીય અમિતભાઇ, તમે ઊભા ઊભા વાત નહીં કરી શકો. (અંતરાય) પ્લીઝ, પ્લીઝ, માનનીય શૈલેષભાઇ, માનનીય મંત્રીશ્રીને તમે પ્રશ્ન પૂછી શકો. પરંતુ મંત્રીશ્રીએ આવો જ જવાબ આપવો એવો આપણે આગ્રહ ના કરી શકીએ. તમે જે પ્રશ્ન પૂછ્યો છે એનો જવાબ પણ આપ્યો છે. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર પાસે માહિતી ના હોય?

અધ્યક્ષશ્રી : ના, ના, માહિતી હોય. એમણે માહિતી સાથે કહ્યું છે. તેમણે કહ્યું છે કે, આ વિષય મારી પાસે ઉપસ્થિત જ થયો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું એમને પ્રશ્ન... (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય, શૈલેષભાઇ, મેં તમને ટાઇમ આપ્યો છે. તમારા પ્રશ્નનો જવાબ આપ્યો છે. તમને એ પદ્ધતિથી જવાબ નહીં ગમતો હોય. પરંતુ માનનીય શૈલેષભાઇ, જવાબ તો આપ્યો છે.માનનીય શૈલેષભાઇ**,** આપ બેસો.. (અંતરાય)

અમરેલી જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય

***15/8/944 :શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે :–**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,	(૧)	૧૨૫
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૫૨
(૩)	તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	૩.૧૩૨ લાખ

* આ શબ્દો આક્ષેપાત્મક હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૦૮, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના એના માટે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે (૧) આ યોજના કયારથી અમલમાં આવી? (૨) હાલના જે સહાયતાના ધોરણો છે એમાં કોઇ વધારો કરવામાં આવ્યો છે કે કેમ? અને (૩) નિયમોમાં કોઇ સુધારો વધારો કરવામાં આવ્યો છે કે કેમ?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપની અનુમતિ હોય તો..

અધ્યક્ષશ્રી : મારી અનુમતિ એમણે પૂછ્યા એટલા પ્રશ્નોના જવાબ આપવાની છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એટલો જ જવાબ આપવો છે પણ માનનીય અમિતભાઇએ જે વાત ....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી પ્લીઝ તમે છે જે પ્રશ્ન પૂછ્યા છે એનો જ જવાબ આપો. (અંતરાય)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) તો એમને કહો કે અમને જવાબ આપવા દે તો તાળીઓ અહીંથી પડશે.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપ અનુભવી છો એવું નથી કરવું..

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ વર્ષની અંદર વર્ષ ૧૯૮૫ થી ૧૯૯૪માં ૭૦૪ કરોડ રૂપિયા ૨ લાખ ૩ હજાર ખેડૂતોને વીમાના ચૂકવાયા અને સન ૨૦૧૫-૧૬ થી સન ૨૦૨૫-૨૬માં રૂ.૨૨૫૮૭ કરોડ રૂપિયા ૧ કરોડ અને ૩૬ લાખ લોકોને આ કમોસમી વરસાદ, આફત, વાવાઝોડાં કારણોસર ચૂકવાયા છે (અંતરાય) આપને ધ્યાને મૂકું એમની સરકારની જ મેં વાત કરી છે, એમને માહિતી જોઇતી હતી.. તાળીઓ પાડો આ તમારી સરકારની વાત છે.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, મારી સામે જોઇને જ જવાબ આપો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમે ૧૦ વર્ષમાં ૨૨ હજાર કરોડ આપ્યા, ખેડૂતોની ચિંતા કરો છો, તાળી પાડો.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મારી સામે જોઇને જવાબ આપો. તમે બીજે ના જોશો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ પ્રશ્ન કર્યો છે, અકસ્માત ખેડૂત વીમા યોજના ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૬થી અમલમાં આવી છે. ૧૯૯૬માં અકસ્માતના ધોરણો પણ પૂછ્યા છે ત્યારે કાયમી અને સંપૂર્ણ અપંગતા અથવા ૨ આંખ, ૨ અંગ અથવા હાથપગ ગુમાવવાના કિસ્સામાં અથવા ૧ આંખ અને ૧ અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા લેખે ૨૦ હજાર, ૧ આંખ અથવા ૧ અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકા લેખે ૧૦ હજારની આર્થિક સહાય શરૂ કરવામાં આવી. એમાં બીજો પણ સવાલ પૂછ્યો કે આમાં કોઇ સુધારો કરવામાં આવ્યો છે કે કેમ? તો મને કહેતાં આનંદ થાય છે કે સન ૨૦૦૦ થી ૨૦૦૨ દરમિયાન આ અકસ્માત સહાય વીમા યોજનામાં ૫૦ હજાર પ્રમાણે ચૂકવવાનો વધારો કરેલ છે. તા. ૨૬-૧-૨૦૦૨થી તા.૧૨-૧૧-૨૦૧૮ માં એક લાખ રૂપિયો આ અકસ્માત વીમા યોજનામાં ચૂકવેલ છે. તા.૩૧-૧૧-૨૦૧૮ ક્રમશઃ ભારતીય જનતા પાર્ટીની સરકારે અકસ્માતમાં ખેડૂતનું મૃત્યુ થાય, એમના માટે સન ૨૦૧૮ થી ૨૦૨૫ દરમિયાન રૂપિયા ૨ લાખ પ્રમાણે વીમાની સહાય ચૂકવવામાં આવતી અને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ સંવેદનશીલ વ્યકિતત્વ ધરાવે છે. તા.૧-૪-૨૦૨૫થી એ વીમા રક્ષણમાં વધારો કરીને મૃત્યુ કે કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦ ટકા લેખે રૂપિયા ૪ લાખ રૂપિયાની સહાય નક્કી કરી છે. એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકા લેખે રૂપિયા ૨૦ હજાર વીમા સહાય ચૂકવવાનું નક્કી કર્યું છે. પાછલા ૩૦ વર્ષના સહાયના ધોરણોમાં વીસ ગણો વધારો થયો છે. બીજો પણ સુધારો ખૂબ મહત્ત્વનો છે. તા.૧૩-૧૧-૨૦૧૮ના સુધારા યોજનાથી સુધારો જે કર્યો છે એમાં અકસ્માતની તારીખ સુધીમાં મહેસૂલી રેકર્ડની અંદર પાકી નોંધ પ્રમાણિત થયેલ હોય તેવા તમામ ખાતેદાર અને બહુ મહત્ત્વની વાત છે, સભ્યશ્રીઓએ ખેડૂતોને કહી શકે એવી વાત છે, પતિ-પત્ની તથા તમામ સંતાનો એટલે કે પુત્ર, પુત્રીને પણ વીમાનું રક્ષણ આપવું એ કિસાનો માટે ભારતીય જનતા પાર્ટીની રાજયની સરકારે એટલે કે ભૂપેન્દ્રભાઇ પટેલે આ નિર્ણય કર્યો છે અને એટલા માટે ભૂપેન્દ્રભાઇને આ ખેડૂતોની સંવેદના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને જે અકસ્માતના વીમાની યોજનાનો લાભ આપવામાં આવે છે. એમાં અનેક વખતે એવી ઘટના બને છે કે ખેતરે ખેડૂતો કામ કરતાં હોય અને શોર્ટ સર્કિટના કારણે ખેડૂતોનું મૃત્યુ થાય છે. સહાય ચૂકવવી એ એક બાબત છે પણ જી.ઇ.બી.ના ફૉલ્ટના કારણે જેમ કે કોઇ ડી.સી. તૂટેલું છે, કોઇ તાર જર્જરિત છે, કોઇ થાંભલામાં અર્થિંગ આવે છે અને ભૂલથી ખેડૂત અડકી જાય અને એનું મૃત્યુ થાય તો આપણે બીજા શું પગલાં લઇએ છીએ? જે વ્યક્તિનું અકસ્માતે મૃત્યુ થયું એ અકસ્માતની ભૂલ જી.ઇ.બી. તંત્રની હોય, પી.જી.વી.સી.એલ.ની હોય તો પી.જી.વી.સી.એલ. ઉપર કાર્યવાહી કરવામાં આવતી નથી અને ખેડૂતોને રૂ.૨-૪ લાખમાં સમજાવી દેવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : હું ઘટના સમજી ગયો. આપનો પ્રશ્ન શું છે?

શ્રી ગોપાલ ઇટાલિયા : મારો પ્રશ્ન એટલો છે કે ખેડૂતોને વીજળીથી જે અકસ્માત થાય છે અને એમાં જે મૃત્યુ થાય છે એ કિસ્સામાં સહાય ઉપરાંત શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, કેટલાંક લોકોને પ્રશ્ન હોતા નથી પ્રશ્ન ઉપસ્થિત કરવાના હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રી આનુષંગિક પ્રશ્ન પૂછી શકે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ એમનો અધિકાર છે. હું એમને આવકારું છું. મને જણાવતાં આનંદ થાય છે કે વર્ષ ૧૯૯૬ પહેલાં આ પ્રકારની કોઇ જોગવાઇ રાજ્યમાં હતી નહીં. ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોને આ વીમાની યોજના પરિવાર સાથે આપી છે. સભ્યશ્રીએ બીજી વાત અકસ્માતની કરી. ક્યારેય પણ આવી ઘટના બને છે ત્યારે રાજ્ય સરકાર દુ:ખ પણ વ્યક્ત કરે છે અને સાથે-સાથે તપાસના અંતે કોઇ માનવીય ભૂલ હોય તો એના ઉપર પણ રાજ્ય સરકાર પગલાં લઇ રહી છે. સભ્યશ્રીના ધ્યાનમાં આવું આવે અને અમારું ધ્યાન દોરશે તો એના ઉપર જે કોઇ કાયદાકીય પગલાં લેવાનાં થશે તો લઇશું અને ખેડૂતને નિયમ મુજબ જે સહાય મળવાપાત્ર છે એમાં ક્યારેય ભારતીય જનતા પાર્ટીની ભૂપેન્દ્રભાઇની સરકાર બાંધછોડ નહિ કરે. આપના ધ્યાનમાં આવા કોઇ પણ કિસ્સા હોય તો અમે સંવેદનાથી જોઇશું.

ડૉ. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ખાતેદાર ખેડૂતને અકસ્માત વીમા યોજનામાં પૂરે-પૂરો લાભ સરકાર કાળજીથી આપે છે. મારો પ્રશ્ન એ છે કે ખેડૂત ખાતેદાર હોય અને જાગૃત ખેડૂતો એમની હયાતીમાં એમના વારસદારોનું નામ દાખલ કરતાં હોય છે પણ જે વારસદારોના નામ દાખલ ન થયા હોય પણ તેઓ ખેડૂત પુત્ર કે પુત્રી હોય અને ૭/૧૨માં નામ ના આવ્યું હોય પણ પેઢીનામાથી અરજીમાં રજૂ કરે તો એને આ લાભ મળે છે કે કેમ અને જો ન મળતો હોય તો આપવા માગો છો કે કેમ?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન સકારાત્મક છે. અમે વિચારણા કરીશું.

શ્રી જનકભાઇ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૬ પહેલાં કોઇને કિસાનો યાદ ન આવ્યા. (સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર જગ્યા પર બેઠાં-બેઠાં બોલે છે.) એ બેઠાં-બેઠાં બોલે છે એટલે મારે કાંઇ નથી કહેવું. એ લોકો ખેડૂત માટે એવું કહે છે કે ''કોઇ મરતું જ નહોતું.'' આ ખેડૂતોની સંવેદના છે. મારે એ રેકર્ડ પર નથી આપવી.

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન માત્ર એટલો જ છે કે અમરેલી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ બેઠાં-બેઠાં મને ડિસ્ટર્બ કરે છે.

અધ્યક્ષશ્રી : તમે મારી સામે જુઓ ડિસ્ટર્બ નહિ થાવ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો.

અધ્યક્ષશ્રી : મારું સંપૂર્ણ રક્ષણ જ હોય. માનનીય સભ્યશ્રી, બેઠાં-બેઠાં એમને ડિસ્ટર્બ ન કરો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ અમરેલી જિલ્લાની માહિતી માગી છે. અમરેલી તાલુકામાં વર્ષ ૨૦૨૪માં ચૂકવેલ સહાય રૂ.૧૦ લાખ છે. વર્ષ ૨૦૨૫માં ચૂકવેલ સહાય રૂ.૧૬ લાખ છે કુકાવાવમાં વર્ષ ૨૦૨૪માં ચૂકવેલ સહાય રૂ.૧૨ લાખ છે. વર્ષ ૨૦૨૫માં ચૂકવેલ સહાય રૂ.૧૬ લાખ છે. ખાંભામાં વર્ષ ૨૦૨૪માં ચૂકવેલ સહાય રૂ.૧૬ લાખ છે. વર્ષ ૨૦૨૫માં ચૂકવેલ સહાય રૂ.૯ લાખ છે. જાફરાબાદમાં વર્ષ ૨૦૨૪માં ચૂકવેલ સહાય રૂ.૪ લાખ છે. વર્ષ ૨૦૨૫માં ચૂકવેલ સહાય રૂ.૯ લાખ છે. ધારીમાં વર્ષ ૨૦૨૪માં ચૂકવેલ સહાય રૂ.૮ લાખ છે. વર્ષ ૨૦૨૫માં ચૂકવેલ સહાય રૂ.૧૪ લાખ છે. બગસરામાં વર્ષ ૨૦૨૪માં ચૂકવેલ સહાય રૂ.૧૦ લાખ છે. વર્ષ ૨૦૨૫માં ચૂકવેલ સહાય શૂન્ય (૦) છે. બાબરામાં વર્ષ ૨૦૨૪માં ચૂકવેલ સહાય રૂ.૨૪ લાખ છે. વર્ષ ૨૦૨૪માં ચૂકવેલ સહાય રૂ.૧૪ લાખ છે.રાજુલામાં રૂ.૬ લાખ અને રૂ.૨ લાખ, લાઠીમાં રૂ.૧૦ લાખ અને રૂ.૨૪ લાખ, સાવરકુંડલામાં રૂ. ૨૬ લાખ અને રૂ.૨૦ લાખ, લીલીયામાં રૂ. ૨ લાખ અને રૂ. ૮ લાખ, આમ કુલ મળીને વર્ષ ૨૦૨૪માં રૂ.૧૨૮ લાખ અને વર્ષ ૨૦૨૫માં રૂ.૧૩૨ લાખની સહાય ચૂકવવામાં આવી છે. તે સહાય માત્ર વાયર પડી જવાથી કે વીજળીનો કરન્ટ લાગે તેના માટે નથી પણ ખેડૂતનું અકસ્માતમાં કોઇપણ રીતે મૃત્યુ થાય તો તેમના પરિવારને પણ સામેલ કરવામાં આવ્યા છે. આ વેદના/સંવેદનાની વાત છે. કોંગ્રેસના પક્ષે ખેડૂત વીજળીનો કરન્ટ લાગવાથી મૃત્યુ પામે તો જ મૃત્યુ પામેલ ગણાશે પણ અમારી સરકારમાં ખેડૂત કોઇપણ રીતે અકસ્માતમાં મૃત્યુ પામે તો સહાય આપવાની જોગવાઇ છે.

રાજ્યના લોકોમાં ભૂકંપ પ્રત્યેનો ભય દૂર કરવા વિજ્ઞાનિક જનજાગૃતિ કાર્યક્રમ

***૧૫/૮/૯૧૫ : શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી** (ખેરાલુ) : **માનનીય વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૦૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં લોકોમાં ભૂકંપ પ્રત્યેનો બિનજરૂરી ભય દૂર કરવા માટે ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા વૈજ્ઞાનિક પ્રસાર, જનજાગૃતિ અને સંવાદના માટે કોઇ પગલાં લેવામાં આવે છે કે કેમ, અને	(૦૧)	હા,

(૦૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા પ્રકારના પગલા લેવામાં આવેલ છે?	(૦૨)	ઈન્સ્ટીટ્યુટ ઑફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા છેલ્લા વર્ષે ૧૧૦૦ થી વધુ શાળાના વિદ્યાર્થીઓ, ૧૫૦૦થી વધુ ઈજનેરી મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓ તેમજ ૨૦૦થી વધુ સરકારી અધિકારીઓને ભૂકંપ વિજ્ઞાન, સંશોધન પ્રવૃત્તિઓ અને સંસ્થાના કાર્યો અંગે માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત, ગુજરાત રાજ્યના વિવિધ વિસ્તારોમાં અનુભવાયેલા નાના ભૂકંપોની ઘટનાઓને કારણે સ્થાનિક નાગરિકોમાં સર્જાતા ભય અને ગેરસમજ દૂર કરવા માટે ISRની ટીમ દ્વારા સ્થળ મુલાકાતો કરીને જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. તાજેતરમાં તા. ૦૮-જાન્યુઆરી-૨૦૨૬ના રોજ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકા ખાતે ૧૨ કલાકમાં ૧૪ ભૂકંપના ઝટકા અનુભવાતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો, જેના અનુસંધાને ISRની ટીમ દ્વારા સ્થળ પર જઈ ભૂકંપ વિશે સમજણ આપી અને લોકોમાં રહેલાં ભૂકંપ પ્રત્યેના બિનજરુરી ભય દૂર કરવામાં આવ્યો હતો. જરૂરિયાત મુજબ આવા વિસ્તારોમાં ભૂકંપ મોનીટરીંગ ક્ષમતા વધારવા માટે નવા સિસ્મિક સ્ટેશનો પણ સ્થાપિત કરવામાં આવ્યા છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા ભૂકંપની જાણકારી માટે ગુજરાત દ્વારા અન્ય રાજ્ય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે કે કેમ? અને જો હા, તો તેની વિગતો આપવામાં આવે?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં બેઠેલાં મોટાભાગના સભ્યશ્રીઓએ તા.૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ જે ભયાનક ભૂકંપ આવ્યો હતો તેની અનુભૂતિ અને તેનું દુ:ખ એટલું બધું મોટું હતું કે આજે પણ આપણે ભૂલી શક્યા નથી. ત્યાં સુધી આપણને ભૂકંપનો ભય પણ ન હતો. કચ્છમાં ભૂકંપ આવ્યા પછી આખો દેશ હચમચી ગયો. જે તે વખતે આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ તો લગભગ દોઢ-બે મહિના ત્યાં રોકાઇને રાહતની કામગીરી કરી હતી. આપણામાંથી મારા સહિતના ઘણા લોકો બે-ત્રણ મહિના ત્યાં રોકાયા હતા. આ ભૂકંપ આવ્યા પછી ભવિષ્યમાં આટલી મોટી જાનહાનિ/નુકસાનીને કેવી રીતે એવોઇડ કરી શકાય અને આપણા સ્ટ્રક્ચરો ભૂકંપપ્રૂફ કેવી રીતે બને તેના માટેની એક એસ.ઓ.પી. બનાવનાર જે તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇની આગેવાનીમાં ગુજરાત રાજ્ય હતું. આ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચની સ્થાપના શ્રી નરેન્દ્રભાઇએ કરી અને તે પછી આજદિન સુધી આખા દેશમાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ એ એકમાત્ર નોડલ એજન્સી છે કે જે મહત્ત્વના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રોજેક્ટની કન્સલ્ટન્સી કરવા માટેની ક્ષમતા ધરાવે છે. આજની તારીખે જે પ્રકારે આ સંસ્થા કામગીરી કરે છે તેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જિયોફિઝિકલ અને સિસ્મિક અભ્યાસના વિવિધ પ્રોજેક્ટ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યા છે. ગુજરાતમાં અરવલ્લી, દાહોદ, સાબરકાંઠા અને ડાંગ સહિત આઠ જિલ્લાઓનાં ૧૪૬૯ સ્થળોએ વ્યાપક જિયોફિઝિકલ ઇન્વેસ્ટિગેશન કરવામાં આવ્યું છે. ઔદ્યોગિક ક્ષેત્રે ઘોલેરા ખાતે ટાટા સેમિકન્ડક્ટર, દહેજમાં જી.સી.પી.એલ., કંડલામાં ગ્રીન એમોનિયા જેવા મહત્ત્વના પ્રોજેક્ટમાં આપણે કન્સલ્ટન્સી કરી છે. ખાસ કરીને નર્મદા ડેમની આસપાસના વિસ્તારોનું ગહન સિસ્મોલોજિકલ રિસર્ચ કરવામાં આવેલું છે. ઉપરાંત ભારતના અન્ય રાજ્યોમાં ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશમાં પમ્પ સ્ટોરેજ તથા સિંચાઇ યોજના માટે ૬૦ સ્પેસિફિક સિસ્મિક સર્વેક્ષણો હાથ ધરાયા છે. મધ્યપ્રદેશમાં ઇન્દિરા સાગર ડેમ અને છિંદવાડાના ન્યુક્લિયર પાવર પ્લાન્ટ માટે વિગતવાર સાઇટ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે નેપાળના સેતિ રીવર-૬ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટ અને બીજા પ્રોજેક્ટ માટે ભૂકંપલક્ષી ડિઝાઇન પરિમાણોનો અભ્યાસ પૂર્ણ કરી સંસ્થાએ વૈશ્વિક રીતે કામગીરી કરી છે અને આ માટે હું માનનીય ભૂપેન્દ્રભાઇનો આભાર માનું છું કે, રિસર્ચ માટે એમણે આ સંસ્થાને ખૂબ જ પ્રોત્સાહન પૂરું પાડેલું છે.

ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જાન્યુઆરી-૨૦૨૬માં ઉપલેટા અને તેની આસપાસના વિસ્તારમાં ભૂકંપના આંચકા આવેલ ત્યારે સરકારશ્રી દ્વારા કઇ કાર્યવાહી કરવામાં આવેલ હતી?

તારાંકિત પ્રશ્નો

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ અને રિસર્ચ સેન્ટર દ્વારા ૧૧૦ સિસ્મિક સ્ટેશનોનું વ્યાપક અને સુસજ્જ માળખું સ્થાપિત કરવામાં આવેલ છે. જે દેશનું સૌથી વધુ ઘનતાવાળું સિસ્મિક નેટવર્ક માનવામાં આવે છે. એના કારણે ૧ મેગ્નીટ્યુડનો ભૂકંપ આવે તો પણ તુરત જ નોંધણી થઇ જાય છે. ૮મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઉપલેટામાં ૧૨ કલાકમાં ૧૪ જેટલા ભૂકંપના આંચકા આવ્યા હતા અને સંસ્થા દ્વારા ૨૪ x ૭ કલાક ભૂકંપની ગતિવિધિનું નિરીક્ષણ રાખીને તે વિસ્તારમાં આવેલ ભૂકંપની તીવ્રતાની વિગતો દર્શાવતો અહેવાલ સંલગ્ન અધિકારીઓને મોકલી આપવામાં આવેલ હતો. તે વખતે માનનીય મહેન્દ્રભાઇ પાડલિયાએ પણ જાગૃત રહીને પ્રજાને સારી રીતે ભયમુક્ત થવા માટે માર્ગદર્શન આપેલ હતું.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સન્માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ અને રિસર્ચ સેન્ટર દ્વારા આગાહી કરવામાં આવે છે એ સારી બાબત છે. પણ આ સેન્ટર આગાહી કરે એ પહેલાં અંબાલાલ પટેલ આગાહી કરી દે છે તો આ અંબાલાલ પટેલને સરકારમાં કોઇ સ્થાન આપવા માગો છો કે નહીં?

અધ્યક્ષશ્રી : અંબાલાલ પટેલનું વરસાદ માટેનું પ્રીડિક્શન ખૂબ સારું હોય છે.

સુરત જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના

*15/8/954**શ્રી સંદીપ દેસાઈ** (ચોર્યાસી): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને	(૧)	**વર્ષ** / **વિસ્તાર (હેક્ટરમાં)** ૨૦૨૪–૨૫ / ૩૪૪.૦૦ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) / ૧૨૮.૦૦
(૨)	તે પાછળ ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨)	**વર્ષ** / **ખર્ચ (રૂ. લાખમાં)** ૨૦૨૪–૨૫ / ૧૧૦૫.૯૩ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) / ૧૦૧૯.૭૮

શ્રી સંદીપ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે? અને તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ લેખિતમાં છાપ્યા મુજબ આપેલ છે. વર્ષ ૨૦૨૪–૨૫માં ૩૪૪ હેક્ટર અને વર્ષ ૨૦૨૫–૨૬માં ૧૨૮ હેક્ટર રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે અને એનો ખર્ચ રૂ.૧૧૦૫ લાખ થયેલ છે. વર્ષ ૨૦૨૫–૨૬ માં રૂ.૧૦૧૯ લાખનો ખર્ચ થયેલ છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ જે વનોના રોપાઓની વાતો કરી છે. એમાં કયા પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવે છે? ડાંગના જંગલ, વાંસદા–કપરાડાના જંગલમાં માત્ર સાગના જ રોપાનું વાવેતર કરવામાં આવે છે. એ માત્ર ઇમારતી લાકડું જ છે. આ વૃક્ષમાં કોઇ ફળ આવતું નથી કે એના પાનનો પણ ઉપયોગ થતો નથી. વન્ય પ્રાણીઓ માટે ફળાઉ રોપાઓનું પણ વાવેતર કરવું જોઇએ. જેના કારણે વાંદરા જેવા જંગલી પ્રાણીઓ રસ્તા પર ન આવે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સુરતનો સુરત જિલ્લાનો અને સામૂહિક ફોરેસ્ટ છે. એમનો પ્રશ્ન વ્યાજબી છે. તમામ પ્રકારની બાયોડાયવર્સિટી જાળવીને જે પ્રમાણેની ભૌગોલિક પરિસ્થિતિ અને લોકોની થીસીસને ધ્યાને રાખીને તમામ પ્રકારનું વાવેતર કરવામાં આવે છે. સભ્યશ્રીને આ બાબતે કોઇપણ જાણકારી જોઇતી હોય તો સંપૂર્ણપણે સહકાર આપીશું અને વન વધારવા માટે આપણે સૌએ સાથે મળીને કામ કરવું પડશે.

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સુરત જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ અને વર્ષ ૨૦૨૫–૨૬માં માં તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કેટલા તાલુકા, ગામ અને કેટલા વિસ્તારમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪–૨૫માં કુલ આઠ તાલુકા અને વર્ષ ૨૦૨૫–૨૬માં નવ તાલુકામાં વાવેતર કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૪–૨૫માં ૬૬ અને વર્ષ ૨૦૨૫–૨૬માં ૪૮ ગામોમાં કુલ મળીને વર્ષ ૨૦૨૪–૨૫માં ૫,૦૦,૦૦૦ લાખ રોપાઓનું વાવેતર કર્યું છે અને વર્ષ ૨૦૨૫–૨૬માં ૩,૭૭,૯૬૬ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગ દ્વારા વન વિસ્તાર બહારના વૃક્ષોની વાત છે. આ વન વિસ્તારના બહારના વૃક્ષોની ગણતરીની પદ્ધતિ શું છે? અને વન વિભાગ દ્વારા છેલ્લે વૃક્ષોની ગણતરી કયારે હાથ ધરવામાં

આવી? અને સુરત જિલ્લામાં વન વિસ્તાર બહારના વિસ્તારમાં કેટલા વૃક્ષો નોંધાયા છે એ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, દર ૪ વર્ષે વૃક્ષોની ગણતરી થતી હોય છે. ખૂબ સેન્સેટીવ રીતે થતું હોય છે. એના આંકડા ભારત સરકારમાં અપલોડ કરવાના થતા હોય છે. સુરત જિલ્લામાં ઓર્યાસી, ઓલપાડ, પલસાણા, કામરેજ, બારડોલી, મહુવા, માંડવી, માંગરોળ, સુરત સિટી અને ઉમરપાડામાં કુલ મળીને અત્યાર સુધી ૧,૬૭,૧૨,૯૯૧ વૃક્ષોની ગણતરી કરવામાં આવેલ છે.

શ્રી કાન્તિભાઈ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે દરવર્ષે ૭-૮ લાખ રોપાનું વાવેતર કરવામાં આવે છે. જો દરવર્ષે આટલા રોપાનું વાવેતર થતું હોય તો આટલા રોપા વાવ્યા પછી એ રોપા અત્યારે હયાત છે કે મરી ગયા છે? એનો સરવે કરાવવા માગો છો કે કેમ?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, એના સર્વાઇવલ રેશિયાનો સરવે થતો હોય છે. વન વિભાગે છેલ્લાં કેટલાયે સમયથી હરિત વન, સંપૂર્ણ રીતે ડ્રીપ કરવું હોય, ફેન્સિંગ કરવું હોય એના માટે જી-૧ મૉડલ, જી-૨ જેવા મૉડલ બનાવ્યા છે. મને ગૃહને કહેતા આનંદ થાય છે કે આ મૉડલોમાં જેટલા વાવેતર થયા છે એનો સર્વાઇવલ રેશિયો ૧૦૦ ટકાનો છે એ આપણા માટે આનંદની વાત છે.

અધ્યક્ષશ્રી : સામાજિક વનીકરણનો વિષય છે એટલે એમાં આપણી પણ જવાબદારી છે. આપણે પણ પોતાના વિસ્તારમાં સૌથી વધારે વૃક્ષો વાવવા માટે એનો ઉપયોગ કરીએ. આપણે દર વર્ષે ડ્રાઇવ લેવી જોઇએ. આ પ્રકૃતિના સંવર્ધનનું કામ છે એટલે બધાએ કરવું જોઇએ.

રાજકોટ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજનાઅંતર્ગત વ્યક્તિગત શૌચાલય

***15/8/1100 શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા** (ગોંડલ): **માનનીય ગ્રામ વિકાસમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજના અંતર્ગત તાલુકાવાર કેટલા કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા, અને	(૧)	**તાલુકાનુંનામ** / **કુટુંબોનીસંખ્યા** ધોરાજી ૫૭ ગોંડલ ૯૬ જામકંડોરણા ૭૫ જસદણ ૫૦ જેતપુર ૭૮ કોટડાસાંગાણી ૬૩ લોધીકા ૧૩ પડધરી ૨૭ રાજકોટ ૧૨૪ ઉપલેટા ૫૩ વિંછીયા ૨૩ કુલ ૬૫૯
(૨)	તે માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	છેલ્લા એક વર્ષમાં રકમ રૂ. ૭૯,૦૮,૦૦૦/-(અકે રૂપિયા ઓગણએંસી લાખ આઠ હજાર પૂરા) ખર્ચ કરેલ છે.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તાલુકાવાર કેટલા કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા છે અને તે માટે છેલ્લાં એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વ્યક્તિગત શૌચાલયની વાત કરી છે ત્યારે જણાવું કે, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇએ સ્વચ્છ ભારત મિશન (ગ્રામ્ય) યોજનાની તારીખ ૨જી ઓકટોબર ૨૦૧૪માં શરૂઆત કરેલી. આ યોજનાનો મુખ્ય હેતુ ખુલ્લામાં થતી શૌચક્રિયામાંથી મુક્તિ આપવાની સાથે સાથે ગામોમાં સ્વચ્છતા રહે તથા તે માટે ઘન અને પ્રવાહી કચરાના સલામત નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય એ હતો. ખાસ કરીને, ગામડું સ્વચ્છ રહે, સુંદર બને એના માટે પહેલાં ફેઝમાં વર્ષ ૨૦૧૪ થી વર્ષ ૨૦૧૯ સુધીના પાંચ વર્ષમાં વ્યક્તિગત શૌચાલયો થયા. જે વ્યક્તિગત શૌચાલયો બાકી હતા એમાં બીજા ફેઝમાં, વર્ષ ૨૦૧૯થી શરૂ કરી વર્ષ ૨૦૨૫ સુધીમાં વ્યક્તિગત શૌચાલય બનાવવાનું અત્યારે ચાલી રહ્યું છે. આ રાજ્યના ગ્રામીણ વિસ્તારને ૨જી ઓકટોબર, ૨૦૧૭ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને ખાસ કરીને પોરબંદર ખાતે એ વખતે કાર્યક્રમમાં આ યોજનાને ખુલ્લા શૌચાલયમુક્ત જાહેર કરવાની જાહેરાત થઇ. એ પ્રમાણે આવતા દિવસોમાં હજી પણ જે કોઇ વ્યક્તિગત શૌચાલય બાકી રહ્યા હોય એને વહેલામાં વહેલી તકે કરવાનું આયોજન છે. અમારા રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના આંકડા છે એ મુજબ

ધોરાજીમાં કુલ ૫૭ શૌચાલય રૂપિયા ૬.૮૪ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે. ગોંડલમાં ૯૬ વ્યક્તિગત શૌચાલય રૂપિયા ૧૧.૧૨ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે. જામ કંડોરણામાં ૭૫ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : ટોટલ આંકડો આપી દો. બાકીનું રેકોર્ડ ઉપર મૂકી દેજો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : કુલ ૬૫૯ વ્યક્તિગત શૌચાલયનો લક્ષ્યાંક હતો અને એની પાછળ રૂપિયા ૭૯.૦૮ લાખનો ખર્ચ થયો છે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત તાલુકાવાર વ્યક્તિગત શૌચાલયનો ભૌતિક લક્ષ્યાંક સામે ભૌતિક સિદ્ધિની સ્થિતિ શું છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ભૌતિક લક્ષ્યાંક અને સિદ્ધિ જોઇએ તો ધોરાજીમાં ભૌતિક લક્ષ્યાંક ૫૭ હતો અને ૫૭ બનાવવામાં આવ્યા છે. એ જ પ્રમાણે દરેક તાલુકામાં જે લક્ષ્યાંક હતો એ મુજબ બનાવવામાં આવ્યા છે. ૧૧ તાલુકામાં કુલ ૬૬૯નો ભૌતિક લક્ષ્યાંક હતો અને ૬૬૯ વ્યક્તિગત શૌચાલય પૂર્ણ થયા છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યક્તિગત શૌચાલય બનાવવા માટેની ગ્રાન્ટ આપવામાં આવે છે એ ઓછી હોય છે. એટલા પૈસામાં શૌચાલય બની શકતું નથી. આથી અરજદાર કાં તો સેફ્ટી ટેન્ક ના બનાવે અથવા બરાબર બન્યું ન હોય તો વપરાશ થતો ન હોય. તો ગ્રાન્ટમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, વ્યક્તિગત શૌચાલયમાં ખાસ કરીને ભારત સરકાર અને રાજ્ય સરકારનો ૬૦:૪૦ નો હિસ્સો હોય છે. ભારત સરકારના ૬૦ ટકા પ્રમાણે રૂપિયા ૭૨૦૦ અને રાજ્ય સરકારના હિસ્સાના ૪૦ ટકા પ્રમાણે રૂપિયા ૪૮૦૦ મળીને કુલ એક વ્યક્તિગત શૌચાલયમાં રૂપિયા ૧૨૦૦૦ લાભાર્થીને મળે છે. ભારત સરકારની યોજના છે. છતાં આ ગ્રાન્ટમાં વધારો થાય એ માટે અમારા વિભાગ મારફત ભારત સરકારને દરખાસ્ત કરીશું.

રાજ્યમાં ભૂ-રાસાયણિક સંશોધન બાબત

***૧૫/૮/૯૧૨ શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત): **માનનીય વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૦૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા ભૂ-રાસાયણિક (Geochemical) સંશોધનના માધ્યમથી ભૂતકાળના હવામાન પરિવર્તન, ભૂકંપીય પ્રવૃત્તિઓ તથા ખનિજ સંસાધન સંબંધિત અભ્યાસો હાથ ધરવામાં આવે છે કે કેમ,	(૦૧)	હા,
(૦૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા પ્રકારના અભ્યાસો હાથ ધરવામાં આવ્યા, અને	(૦૨)	ઈન્સ્ટીટ્યુટ ઑફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા છેલ્લા બે વર્ષમાં જીયોકેમિકલ અભ્યાસ મારફતે વડનગરમાં આશરે ૧,૦૦૦ વર્ષ પૂર્વે આવેલ ભૂકંપની વૈજ્ઞાનિક ઓળખ કરવામાં આવી છે. ઉપરાંત, ખંભાત વિસ્તારમાં છેલ્લા ૧૦,૦૦૦ વર્ષ દરમિયાન દરિયાઈ સપાટીના ફેરફારો અંગે પણ વિશ્લેષણાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. આ સાથે કચ્છ, જેને પ્રાકૃતિક પ્રયોગશાળા (Natural Laboratory) તરીકે ઓળખવામાં આવે છે, ત્યાંના છેલ્લા ૧૦,૦૦૦ વર્ષના હવામાન પરિવર્તન અંગે સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. તદુપરાંત, ગુજરાત રાજ્યના માઇનર ખનિજોના સ્ત્રોતોનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું છે.
(૦૩)	આવા સંશોધનો રાજ્યના ભૂગર્ભ જ્ઞાન અને સંસાધન આયોજનમાં કેવી રીતે ઉપયોગી બની રહ્યા છે?	(૦૩)	આ પ્રકારના ભૂગર્ભ જ્ઞાન સંશોધનથી ગુજરાતના દરિયાઈ કાંઠા વિસ્તારના આપત્તિના વિશ્લેષણમાં મદદ કરે છે તથા ભવિષ્યમાં થનાર હવામાનના ફેરફારની જાણકારી આપે છે અને ખનીજના સ્ત્રોત સંશોધન થકી District સર્વે રીપોર્ટ બનાવેલ છે જે ખાણ ખનીજના થતાં હરાજી (Auction) માટે ઉપયોગી નીવડે છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ દ્વારા બનાવવામાં આવેલ રિપોર્ટ ખાણ ખનિજ વિભાગને કઇ રીતે ઉપયોગી થાય છે? બીજું કે જીઓ કેમિકલ લેબનો રેર ઓફ ધ રેર એલિમેન્ટની શોધમાં ઉપયોગી થઇ શકે કે કેમ?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ એ તાજેતરમાં જ આધુનિક સુવિધાઓથી સજ્જ જીઓ કેમેસ્ટ્રી અને જીઓ ક્રોનોલોજી લેબોરેટરીની સ્થાપના કરી છે. જ્યાં રેર અર્થ એલિમેન્ટ્સ, ક્રિટિકલ મિનરલ્સ તેમજ પર્યાવરણીય પ્રદૂષકોનું પી.પી.એમ.થી પી.પી.બી. સ્તર સુધી વિશ્લેષણ કરવામાં આવી શકે છે. આ અદ્યતન પ્રયોગશાળા દ્વારા આઇ.એસ.આર.માં ઘણા માસ્ટર્સ અને પી.એચ.ડી. વિદ્યાર્થીઓ પણ પ્રાયોગિક તાલીમ મેળવી અને કુશળતા વિકાસની તક હાસલ કરે છે. આ જે ઇન્સ્ટિટ્યૂટ છે એ ડિસ્ટ્રિક્ટ સરવે રિપોર્ટ મિનરલ માટેનો તૈયાર કરે છે અને તમામ માઇનિંગની લીઝોની હરાજી માટે આ રિપોર્ટનો આધાર લે છે. એ ઉપરાંત જીઓ કેમિકલ લેબ છે એના મારફતે અત્યારના જમાનાના સૌથી મોંઘા મિનરલ છે એ રેર અર્થ અને ક્રિટિકલ મિનરલ બન્નેના રિસર્ચ માટે એક્સપ્લોરેશન માટે આનો રિપોર્ટ અને રિસર્ચ ખૂબ જ ઉપયોગી છે. દેશમાં માત્ર આ એક જ આપણી પાસે ઇન્સ્ટિટ્યૂટ હોવાથી આખા દેશની અંદર એના સાયન્ટિસ્ટો એ બાબતની કામગીરી બજાવે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થાય છે.

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)
રાજ્યમાં બિન પરંપરાગત ઊર્જા

15/8/438શ્રીકાંતીભાઇ હિંમતભાઇ બલર (સુરત (ઉત્તર)): **માનનીય કલાઇમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ દેશમાં કુલ બિન પરંપરાગત ઊર્જા ક્ષમતા તેમજ સોલર અને પવન ઊર્જા ક્ષેત્રે ગુજરાત રાજ્યનો ક્રમ શું છે, અને	(૧)	દેશમાં કુલ ક્ષમતા –૨,૫૮,૦૦૮.૦૮ મેગાવૉટ તથા દેશમાં સોલર ઊર્જા ક્ષેત્રે બીજો ક્રમ અને પવન ઊજા ક્ષેત્રે પ્રથમ ક્રમ છે.
(૨)	ઉકત સ્થિતિએ ગુજરાત રાજ્યમાં બિન પરંપરાગત ઊર્જા ક્ષેત્રે સ્થાપિત ક્ષમતા કેટલી છે?	(૨)	સ્થાપિત ક્ષમતા – ૪૨,૫૮૩.૪૯ મેગાવૉટ.

–––––

ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચની રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક કામગીરી

૧૫/૮/૯૧૯ : શ્રી ડી.કે.સ્વામી (જંબુસર) : **માનનીય વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૦૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા વર્ષ ૨૦૨૫ દરમિયાન રાષ્ટ્રીય તથા આતંર રાષ્ટ્રીય સ્તરે કોઈ વૈજ્ઞાનિક કામગીરી કરવામાં આવેલ છે કે કેમ, અને	(૧)	હા,
(૦૨)	જો હા, તો તેની વિગતો શી છે અને ઉકત વર્ષ દરમિયાન કેટલા સંશોધન પત્રો પ્રકાશિત કરવામાં આવ્યા?	(૦૨)	કચેરી દ્વારા કરાયેલ કામગીરી સંક્ષેપમાં આ મુજબ છે: ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (ISR) દ્વારા રાજ્યમાં 24×7 ભૂકંપ મોનિટરિંગ કરીને, રાજ્યમાં થનાર ભૂકંપની માહિતી મિનિટોમાં રાહત બચાવની કામગીરી માટે આપત્તિ વ્યવસ્થાપન અધિકારીઓને પહોચાડવામાં આવે છે. મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સિસ્મિક સેફ્ટિ ફેક્ટર સૂચવાય છે. ગુજરાતના ૩૨ જિલ્લાઓમાં નદી રેતી રીપ્લેનીશમેન્ટ સંશોધન અને દેશના ૮ મોટા શહેરોમાં સિસ્મિક માઇક્રોઝોનેશન કરાયું છે. ભૂકંપીય ડેટાના આધારે ચક્રવાતોના સ્થાનની ઓળખ કરવામાં આવે છે.

			વર્ષ ૨૦૨૫માં ૨૧ રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય સંશોધન પત્રો પ્રકાશિત થયા અને જાન્યુઆરી ૨૦૨૬માં આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાયેલ જેમાં ૯ દેશોના ૨૬ નિષ્ણાતો અને દેશના ૨૨ રાજ્યોના ૧૩૦થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધેલ.

વલસાડ જિલ્લામાં આંબા ફળપાક માટે બાગાયત ખાતા દ્વારા સહાય

15/8/935: શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ (વલસાડ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	રાજ્યમાં ઘનિષ્ટ ખેતીથી વાવેલ આંબા ફળપાક માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા
(૨)	જો હા, તો તે માટે તા ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૨)	કુલ–૨૪૭ લાભાર્થીઓને રૂ.૨૫,૪૫,૨૨૦/–

પાકિસ્તાની તંત્ર દ્વારા પકડાયેલા માછીમારોના કુટુંબ માટે સહાય

15/8/1144શ્રીવિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ પાકિસ્તાની તંત્ર દ્વારા પકડાયેલા ગુજરાતી માછીમારોના કુટુંબના જીવનનિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલ રકમની સહાય ચૂકવવામાં આવે છે,	(૧)	દૈનિક રૂ.૩૦૦/–
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે,	(૨)	તા.૦૧/૦૪/૨૦૧૯
(૩)	ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો, અને	(૩)	તા.૦૧/૦૪/૨૦૧૯ થી રૂ.૧૫૦/– નો વધારો
(૪)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા માછીમાર કુટુંબોને સહાય ચૂકવવામાં આવી?	(૪)	**વર્ષ** / **માછીમાર કુટુંબની સંખ્યા** ૨૦૨૪ / ૧૦૫ ૨૦૨૫ / ૧૦૧

દાહોદ જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ

15/8/952**શ્રી મહેન્દ્રભાઇ રમેશભાઇ ભાભોર** (ગરબાડા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને	(૧)	**વર્ષ** / **એકત્રિત કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા.)** ૨૦૨૪–૨૫ / ૨૪.૦૨ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) / ૧૯.૨૯

(૨)	તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું?	(૨)	**વર્ષ** / **ગોડાઉનમાં સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.)** ૨૦૨૪–૨૫ / ૨૪.૦૨ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) / ૦.૦૦

_____

સંસદસભ્યશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓના પ્રોટોકોલ ભંગ થવા અંગેની ફરિયાદો

15/8/1180 શ્રી અમિત ચાવડા (આંકલાવ): **માનનીય પ્રોટોકોલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ રાજ્ય સરકાર તરફથી સરકારી કાર્યક્રમો અને વહીવટમાં માન. સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને અન્ય પદાધિકારીઓ માટે પ્રોટોકોલ સંબંધી પરિપત્રો ક્યારે – ક્યારે બહાર પાડવામાં આવેલ છે,	(૧)	(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૮/૧૦/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક: આઇએનવી/૧૦૨૦૨૧/૪૬૮૨૯૭/ઘ (૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૯/૧૦/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક: આઇએનવી/૧૦૨૦૨૦/૪૬૮૯૫૭/ઘ (૩) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૩૧/૦૫/૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક: આઇએનવી/૧૦૨૦૨૩/૪૬૮૨૯૭/ઘ
(૨)	ઉક્ત સ્થિએ છેલ્લા એક વર્ષમાં પ્રોટોકોલના ભંગ બદલ કેટલી રજુઆતો/ફરિયાદો સરકારને મળી,	(૨)	ત્રણ
(૩)	તે સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૩)	સામેલ પત્રક મુજબ
(૪)	પ્રોટોકોલ ન જળવાય તો શી કાર્યવાહી કરવાની જોગવાઇ છે?	(૪)	સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૮/૧૦/૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક : આઇએનવી/૧૦૨૦૨૧/૪૬૮૨૯૭/ઘ તથા તા.૨૯/૧૦/૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક: આઇએનવી/૧૦૨૦૨૦/૪૬૮૯૫૭/ઘ તથા તા. ૩૧/૦૫/૨૦૨૩ના પરિપત્ર ક્રમાંક: આઇએનવી /૧૦૨૦૨૩/૪૬૮૨૯૭/ઘ અનુસાર પ્રોટોકોલ ભંગની ફરિયાદ ગંભીર લેખાશે અને તે માટે જવાબદાર સામે નિયમાનુસાર પગલાં લેવાની જોગવાઈ છે.

પત્રક (ખંડ–૦૩ નો જવાબ)

ક્રમ	**માન.સંસદસભ્યશ્રી / માન.ધારાસભ્યશ્રીનું નામ**	**રજુઆતની ટૂંકમાં વિગત**	**કરેલ કાર્યવાહી**
૧	ડૉ. તુષાર ચૌધરી, માનનીયધારાસભ્યશ્રી (ખેડબ્રહ્મા) ની તા.૦૬/૦૫/૨૦૨૫ ની રજૂઆત	- તા.૦૫/૦૫/૨૦૨૫ના રોજ ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હસ્તકના ખેડૂત તાલીમ કેન્દ્ર, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠાના નવનિર્મિત મકાનના લોકાર્પણ કાર્યક્રમનું ઈ-આમંત્રણ કાર્ડ માન.ધારાસભ્યશ્રીને વ્હોટ્સએપ મેસેજ દ્વારામોકલવામાં આવેલ; જેમાં તેઓશ્રી સ્થાનિક ધારાસભ્ય હોવા છતાં તેઓશ્રીનું નામ લખેલ ન હતું. આ બાબતે તેઓશ્રીની રજૂઆતને પગલે બાદમાં સાબરકાંઠા જીલ્લાના ચારેય ધારાસભ્યોના નામનો ઉલ્લેખ કરી, બીજું ઈ- આમંત્રણ કાર્ડ તેઓશ્રીને મોકલવામાં આવેલ. આથી તેઓએ તે કાર્યક્રમમાં સામેલ થવાનો નિર્ણય કરેલ.	નાયબ ખેતી નિયામક, ખેડૂત તાલીમ કેન્દ્ર, ખેડબ્રહ્માના અહેવાલ અનુસાર ખેડૂત તાલિમ કેન્દ્ર, ખેડબ્રહ્મા ખાતે તક્તીમાં સ્થાનિક ધારાસભ્ય તરીકે માન. ધારાસભ્યશ્રીના નામનો સમાવેશ કરવામાં આવેલ છે; તથા સા.વ.વિ.ના તા. ૧૯/૦૨/૨૦૨૬ના પત્રથીકલેક્ટરશ્રી સાબરકાંઠાને જિલ્લામાં થતાસરકારી કાર્યક્રમોમાંજનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલજળવાય, તે અંગે સંબંધિતઅધિકારીશ્રીઓને સૂચના આપવા જણાવવામાં આવેલ છેઅને આ અંગેની જાણ માન. ધારાસભ્યશ્રીને કરવામાં આવેલ

		- તેમની રજૂઆત અનુસાર લોકાર્પણની તકતીમાં તેઓશ્રીના નામનો ઉલ્લેખ કરેલ ન હતો તથા તેઓને સ્ટેજ કાર્યક્રમમાં સંબોધન કરવાની તક આપવામાં ન આવેલ.	છે.
૨	ડૉ. પ્રધુમન વાજા, માનનીય ધારાસભ્યશ્રી (કોડીનાર) ની તા.૦૮/૦૫/૨૦૨૫ તથા તા.૧૩/૦૫/૨૦૨૫ ની રજૂઆત	- તેમની રજૂઆત અનુસાર કલેકટરશ્રી ગીર સોમનાથની સુચના અનુસાર નિવાસી અધિક કલેક્ટરશ્રી દ્વારા તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ હુકમ ક્રમાંક: વહટ/સ/લોકાર્પણ/૧૨/૨૦૨૪ દ્વારા વિવિધ યોજનાકીય કામોના લોકાર્પણ કાર્યક્રમમાં વિવિધ અધિકારીશ્રીઓએ હાજર રહેવાની સૂચના આપેલ. આ હુકમમાં જિલ્લાના પદાધિકારીશ્રીઓના હસ્તે લોકાર્પણ કરવાની સૂચના આપેલ નથી. - લોકાર્પણ કાર્યક્રમ બાબતે તેઓશ્રીને અગાઉ સુચના મળેલ નથી.	સા.વ.વિ.ના તા.૨૩/૦૫/૨૦૨૫ના પત્રથી જિલ્લામાં થતા સરકારી કાર્યક્રમોમાંજનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તેમજ રાજ્ય સરકારની વખતોવખતની સ્થાયી સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય, તેની તકેદારી રાખવા કલેકટરશ્રી, ગીરસોમનાથને સૂચના આપેલ છે.
૩	શ્રી કુંવરજી હળપતિ, તત્કાલીન માનનીય રા.ક. મંત્રીશ્રી (આદિજાતી વિકાસ) ની તા.૦૪/૦૮/૨૦૨૫ ની રજૂઆત	તત્કાલીન માન. રા.ક.મંત્રી (આદિજાતિ વિકાસ) ની રજૂઆત અનુસાર તેમના પ્રભારી જિલ્લા – ભરૂચમાં તારીખ ૦૪/૦૮/૨૦૨૫ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ભરૂચ જિલ્લાના વિકાસ કામોના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ તથા ખાતમુહુર્તના કાર્યક્રમ સંદર્ભે કલેકટરશ્રી, ભરૂચ દ્વારા પ્રભારી મંત્રી – ભરૂચ તરીકે તેઓશ્રી સાથે કોઇ પણ પ્રકારનું સંકલન કે પરામર્શ કરવામાં આવેલ નહીં. ફકત એક ઇ–નિમંત્રણ પત્રિકા વોટસએપના માધ્યમથી મોકલાવી હતી. ઉકત પત્રિકામાં પણ પ્રભારી મંત્રીશ્રીના નામ કે હોદ્દાનો ઉલ્લેખ કરવામાં આવેલ નહિ.	સદર બાબતે અત્રેના તા. ૧૮/૦૨/૨૦૨૬ના પત્રથી કલેકટરશ્રી ભરૂચને જિલ્લામાં થતા સરકારી કાર્યક્રમોમાં જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તે અંગે સૂચના આપવામાં આવેલ છે અને તે અંગેની જાણ તત્કાલીન માન. રા.ક. મંત્રીશ્રીને કરવામાં આવેલ છે.

–––––

રાજ્યમાં સેમિકન્ડકટરના વિકાસ માટે કરેલ કામ

15/8/926 શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ ઇનામદાર (સાવલી): **માનનીય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌધોગિકી)** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં કાર્યબળ વિકાસ, માટે રાજ્ય સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં રાજ્યમાં કોઈ પ્રોજેક્ટનું રોકાણ કે કામગીરી થયેલ છે કે કેમ?	(૨)	છેલ્લા બે વર્ષમાં, • ATMP (એસેમ્બલી, ટેસ્ટીંગ, માર્કીંગ અને પેકેજીંગ) ટ્રેનીંગ સેન્ટરની સ્થાપના પી.ડી.ઇ. યુ ખાતે કરવામાં આવેલ છે. • આઇ.આઇ.ટી ગાંધીનગર ખાતે પ્રોજેક્ટ સમર્થ (સેમિકન્ડક્ટર અને એડવાન્સ્ડ મેન્યુફેકચરીંગ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ હબ)નું આયોજન વિચારણાધીન છે.

મહેસાણા જિલ્લામાં પશુઓને રસીકરણ

15/8/934શ્રી રાજેન્દ્રકુમાર દાનેશ્વર ચાવડા (કડી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું, અને	(૧)	૧૮,૪૮,૮૮૩
(૨)	આ રસીકરણ કયા પ્રકારના રોગો સામે રક્ષણ માટે કરવામાં આવ્યું?	(૨)	જીવાણુજન્ય અને વિષાણુજન્ય

અતારાંકિત પ્રશ્નો

મહેસાણા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજના અંતર્ગત વ્યક્તિગત શૌચાલય

15/8/1101શ્રી સુખાજી સોમાજી ઠાકોર (બેચરાજી):**માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજના અંતર્ગત તાલુકાવાર કેટલા કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા,અને	(૧)	<table><tr><th>ક્રમ</th><th>તાલુકાનું નામ</th><th>કુટુંબોની સંખ્યા</th></tr><tr><td>૧</td><td>બેચરાજી</td><td>૬૦</td></tr><tr><td>૨</td><td>જોટાણા</td><td>૦</td></tr><tr><td>૩</td><td>કડી</td><td>૦</td></tr><tr><td>૪</td><td>ખેરાલુ</td><td>૨૩</td></tr><tr><td>૫</td><td>મહેસાણા</td><td>૧૦૪</td></tr><tr><td>૬</td><td>સતલાસણા</td><td>૪૪</td></tr><tr><td>૭</td><td>ઉંઝા</td><td>૦</td></tr><tr><td>૮</td><td>વડનગર</td><td>૦૮</td></tr><tr><td>૯</td><td>વિજાપુર</td><td>૯૬</td></tr><tr><td>૧૦</td><td>વિસનગર</td><td>૦૯</td></tr><tr><td colspan="2">કુલ</td><td>૩૪૪</td></tr></table>
(૨)	તે માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?	(૨)	છેલ્લા એક વર્ષમાં રકમ રૂ.૪૧,૨૮,૦૦૦/–(અંકે રૂપિયા એકતાલીશ લાખ અઠાવીસ હજાર પૂરા) ખર્ચ કરેલ છે.

સુરત જિલ્લામાં સ્વચ્છ ભારત મિશનયોજના હેઠળ સામૂહિક શૌચાલય.

15/8/1102શ્રી મોહનભાઇ ઘનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જીલ્લામાં સ્વચ્છ ભારત મિશનયોજના અંતર્ગત કેટલા સામુહિક શૌચાલયોના બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે,અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જીલ્લામાં સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજના અંતર્ગત કુલ ૦૧ સામૂહિક શૌચાલયનું બાંધકામપૂર્ણ કરવામાં આવેલ છે,
(૨)	તે માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	છેલ્લા એક વર્ષમાં રકમ રૂ.૨,૧૦,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ દસ હજાર પૂરા) ખર્ચ કરેલ છે.

–––––

વન વિભાગ દ્વારા મનરેગા યોજના હેઠળ લેબર ખર્ચ

15/8/969**શ્રી ગૌતમભાઈ ગોપાભાઇ ચૌહાણ** (તળાજા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વન વિભાગ દ્વારા મનરેગા યોજના હેઠળ લેબર ખર્ચ કરવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી

(૨)	જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો લેબર ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	<table><tr><th>વર્ષ</th><th>ખર્ચ (રૂ. લાખમાં)</th></tr><tr><td>૨૦૨૪–૨૫</td><td>૨૨૧૦.૮૨</td></tr><tr><td>૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)</td><td>૭૯૨.૨૯</td></tr></table>

_____

મહેસાણા જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય આપવા બાબત

15/8/946:ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,	(૧)	૪૮૩૬
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૬૮૫
(૩)	તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	૩૬૩.,૨૪,૯૬૨–/

દાહોદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય

15/8/943 :શ્રી કનૈયાલાલ બચુભાઈ કિશોરી (દાહોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,	(૧)	૧૬૬
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૮૩
(૩)	તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	૩.૨૪૮ લાખ

_____

ભાવનગર જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના

15/8/936શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ (મહુવા):**માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૧૮૫
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ?	(૨)	કુલ રૂ. ૧,૫૪,૬૫,૮૪૦ /–

_____

મહેસાણા જિલ્લામાં બોઇલરનું નિરીક્ષણ

15–81099 શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા) **:માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫માં મહેસાણા	(૧)	૩૪૦

	જિલ્લામાં બોઇલર તંત્ર દ્વારા કુલ કેટલા બોઇલરોનું નિરીક્ષણ કરવામાં આવ્યું,		
(૨)	ઉકત તપાસ દરમ્યાન કેટલા બોઇલરોમાં ખામી જણાયેલ, અને	(૨)	૫૦
(૩)	ઉકત ખામી બાબતે શું પગલાં લેવામાં આવેલ છે?	(૩)	ખામી ધરાવતા બોઇલરોને નિયમોનુસાર રીપેરીંગની પ્રક્રિયા કરાવીને બોઇલર ચલાવવા માટેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ છે.

વડોદરા જિલ્લામાં પ્રધાનમંત્રીકૃષિસિંચાઇયોજનાઅંતર્ગત જળસંગ્રહ કામો

15/8/1109શ્રીધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા) :**માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવારવડોદરા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (ડબલ્યુડીસી૨.૦) અંતર્ગત જળ સંગ્રહ માટે કેવા પ્રકારના કામો હાથ ધરવામાં આવેલ છે?	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (ડબલ્યુડીસી૨.૦) અંતર્ગત જળ સંગ્રહ માટે નીચે મુજબ કામો હાથ ધરવામાં આવેલ છે.
			તા.૧-૧-૨૦૨૪થી તા.૩૧-૧૨-૨૦૨૪ / તા.૧-૧-૨૦૨૫થી તા.૩૧-૧૨-૨૦૨૫
			ચેકડેમ / ચેકડેમ,તળાવ, પોન્ડઆઉટલેટ, પોન્ડઇનલેટ, ફાર્મપોન્ડ, ક્રોઝવે-કમ-ચેકડેમ
(૨)	ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?	(૨)	ઉક્ત સ્થિતિએ તેની પાછળ રૂ. ૯૩,૩૨,૫૧૩નો ખર્ચ થયેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે પ્રોત્સાહન બાબત

15/8/957:શ્રી અનિકેત ગિરીશભાઈ ઠાકર (પાલનપુર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	રાજયમાં ખેડૂતોને પપૈયા ફળપાકના વાવેતર માટે સરકારશ્રી દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા
(૨)	જો હા, તો પપૈયા ફળ પાકના વાવેતર માટે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૨)	કુલ-૩૨૬ લાભાર્થીઓને રૂ.૬૩,૫૨,૯૩૪ /-

---

સુરત જિલ્લામાં શાકભાજીના પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય

15/8/958:શ્રી મનુભાઈ એમ.પટેલ (ઉધના): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં સરકારશ્રી ધ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને	(૧)	હા
(૨)	જો હા, તો શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં સુરત જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૨)	કુલ-૧૩૦૬ લાભાર્થીઓને રૂ.૧,૪૭,૪૯,૧૦૮/-

---

દાંતા અને અમીરગઢ તાલુકામાં અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને થયેલ નુકસાન અન્વયે પાક સહાય

15/8/1121 :શ્રીકાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા) : માનનીય કૃષિ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે :–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં અતિવૃષ્ટિ અને માવઠાને કારણે ખેડૂતોના પાક નુકસાન અંતર્ગત કેટલી રકમ કેટલા ખેડૂતોને ચૂકવવામાં આવી,</td><td>(૧)</td><td>
<table>
<tr><th>તાલુકાનું નામ</th><th>સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા</th><th>ચૂકવેલ સહાયની રકમ રૂ.</th></tr>
<tr><td>અમીરગઢ</td><td>૪,૩૮૦</td><td>૧૧,૫૭,૮૭,૧૫૯/–</td></tr>
<tr><td>દાંતા</td><td>૩,૨૬૦</td><td>૫,૨૭,૩૭,૧૬૨/–</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૨)</td><td>તે અંતર્ગત કેટલા ખેડૂતોને પાક નુકસાનીની સહાય ચૂકવવાની બાકી છે,અને</td><td>(૨)</td><td>
<table>
<tr><th>તાલુકાનું નામ</th><th>સહાય ચૂકવવાની બાકી ખેડૂતોની સંખ્યા</th></tr>
<tr><td>અમીરગઢ</td><td>૩૭૮</td></tr>
<tr><td>દાંતા</td><td>૨૫૬</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૩)</td><td>ઉક્ત બાકી રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?</td><td>(૩)</td><td>નિયમોનુસાર પાત્રતા ધરાવતા ખેડૂતોને વહીવટી કાર્યવાહી પૂર્ણ થયેથી તાત્કાલિક સહાય ચૂકવવામાં આવશે.</td></tr>
</table>

પાટણ જિલ્લામાં પશુ ખાણદાણ સહાય યોજના બાબત

15/8/938શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર):**માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં ગાય–ભેંસ માટેની ગાભણ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને	(૧)	૨,૫૫૫
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	૩.૧,૦૧,૫૬,૧૨૫/–

મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/8/955**શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ** (મહેસાણા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને</td><td>(૧)</td><td>
<table>
<tr><th>વર્ષ</th><th>વિસ્તાર (હેક્ટરમાં)</th></tr>
<tr><td>૨૦૨૪–૨૫</td><td>૪૯.૫૦</td></tr>
<tr><td>૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)</td><td>૯.૫૦</td></tr>
</table>
</td></tr>
</table>

(૨)	તે પાછળ ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨)	<table><tr><th>વર્ષ</th><th>ખર્ચ (રૂ. લાખમાં)</th></tr><tr><td>૨૦૨૪–૨૫</td><td>૨૧૧.૯૬</td></tr><tr><td>૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)</td><td>૪૮.૧૮</td></tr></table>

ગીર વિસ્તારમાં આવેલા ખુલ્લા કુવાને પેરાપીટ વોલથી સુરક્ષિત કરવા યોજના

15/8/950શ્રી સંજય સુખાભાઇ કોરડીયા(જૂનાગઢ): **માનનીયવન અને પર્યાવરણમંત્રીશ્રી**જણાવવાકૃપાકરશેકેઃ–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગીર વિસ્તારમાં આવેલ ખુલ્લા કુવાને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવા માટે સરકારશ્રીની કોઈ યોજના કાર્યરત છે કે કેમ,	(૧) હા,જી.
(૨)	જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર વિસ્તારમાં કેટલા ખુલ્લા કુવાને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવામાં આવેલ, અને	(૨) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર વિસ્તારમાં નીચે મુજબના ખુલ્લા કુવાઓને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવામાં આવ્યા છે. <table><tr><th>વર્ષ</th><th>સુરક્ષિત કરેલ કુવાઓની સંખ્યા</th></tr><tr><td>તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪</td><td>૧૦૯૩</td></tr><tr><td>તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫</td><td>૭૫૨</td></tr></table>
(૩)	ઉકત યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે અને લાભાર્થીઓને કેટલું ચુકવણું કરવામાં આવેલ છે?	(૩) <table><tr><th>વર્ષ</th><th>લાભાર્થીઓની સંખ્યા</th><th>લાભાર્થીઓને કરેલ ચુકવણું (લાખમાં)</th></tr><tr><td>તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪</td><td>૧૦૯૩</td><td>૧૧૯.૮૮</td></tr><tr><td>તા.૦૧/૦૧/૨૦૨૫થી તા.૩૧/૧૨/૨૦૨૫</td><td>૭૫૨</td><td>૮૪.૩૩</td></tr></table>

રાજયના આદિવાસી વિસ્તારોમાં પીવાલાયક પાણી શોધવા ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચની કામગીરી

૧૫/૮/૯૧૪ : શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા) : **માનનીય વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૦૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં પીવાલાયક પાણી શોધવા માટે કોઇ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ, અને	**(૦૧)**	હા,

(૦૨)	જો હા, તો કયા પ્રકારની વૈજ્ઞાનિક અને ભૂ–ભૌતિક કામગીરી કયા જિલ્લાઓમાં કરવામાં આવી?	(૦૨)	ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજિકલ રિસર્ચ દ્વારા ગુજરાત રાજ્યના ડાંગ, તાપી, વલસાડ, દાહોદ, નવસારી, સાબરકાંઠા, અરવલ્લી અને મહિસાગર એમ કુલ આઠ જિલ્લાઓમાં ભૂગર્ભમાં પાણી શોધવા માટે વિદ્યુત પ્રતિરોધકતા (રેઝિસ્ટિવિટી સર્વે) આધારિત ભૂભૌતિક સર્વે પદ્ધતિ દ્વારા પીવાના પાણી માટે સર્વેક્ષણ તથા સંબંધિત કામગીરી કરવામાં આવે છે. આ માપના આધારે જમીન નીચે ક્યાં પાણી ધરાવતા સ્તરો (Aquifers), ખાલી જગ્યા અથવા ભૌગોલિક રચનાઓ છે તે જાણી શકાય છે. ખાસ કરીને ભૂગર્ભ જળ (પીવાનું પાણી) શોધવા, બોરવેલ માટે યોગ્ય સ્થાન પસંદ કરવા અને જમીનની અંદરની રચના સમજવા માટે આ પદ્ધતિ ઉપયોગી છે.

આણંદ અને જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ ભલામણો

15/8/1115:શ્રીગોપાલભાઇ ગોરધનભાઇ ઇટાલીયા (વિસાવદર): માનનીય **કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	આણંદ અને જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા પાક વિષયક ખેડૂતોપયોગી વિવિધ ભલામણો કરવામાં આવી છે તે હકીકત સાચી છે કે કેમ,	(૧)	હા.
(૨)	જો હા તો, તા.૦૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત યુનિવર્સિટીઓ દ્વારા પાક વિષયક ખેડૂતોપયોગી કઇ ભલામણો કરવામાં આવી, અને	(૨)	તા.૦૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા મધ્ય ગુજરાત કૃષિ હવામાન વિસ્તારને અનુરૂપ મકાઈ, કપાસ, મરચી, ગલકા, ભીંડા, ચેરી ટામેટા, કારેલા, રીંગણ, ઘાસચારા બાજરી, રજકો, ગુવાર, ડાંગર જેવા પાકોની વધારે ઉત્પાદન અને રોગપ્રતિકારક શક્તિ ધરાવતી અને બદલાતા હવામાન સામે ટકી શકે તેવી નવીન જાતો તેમજ વૈજ્ઞાનિક ખેત પધ્ધતિઓને લગતી કુલ: ૭૩ ખેડૂતોપયોગી ભલામણો કરવામાં આવેલ છે. જ્યારે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા સૌરાષ્ટ્ર કૃષિ હવામાન વિસ્તારને અનુરૂપ મગફળી, તુવેર, બાજરા, રીંગણ, દૂધી, તલ, સોયાબીન જેવા પાકોની વધારે ઉત્પાદન અને રોગપ્રતિકારક શક્તિ ધરાવતી અને બદલાતા હવામાન સામે ટકી શકે તેવી નવીન જાતો તેમજ વૈજ્ઞાનિક ખેત પધ્ધતિઓને લગતી કુલ: ૭૧ ખેડૂતોપયોગી ભલામણો કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત ભલામણો અંતર્ગત સરકાર દ્વારા તેના અમલ કે પ્રચાર – પ્રસાર માટે કોઇ પગલાં ભરવામાં આવ્યા છે કેમ?	(૩)	આણંદ અને જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે ઉક્ત ભલામણોની ગુજરાતી તથા અંગ્રેજી પુસ્તિકા પ્રકાશિત કરી કૃષિ, બાગાયત, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, આત્મા પ્રોજેક્ટ વગેરેને પ્રચાર–પ્રસાર માટે મોકલવામાં આવે છે. ઉપરાંત કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ઉક્ત વિભાગોના સહયોગથી જુદીજુદી વિસ્તરણ પ્રવૃત્તિઓ જેવી કે, ખેડુત તાલીમ, કૃષિ મેળા, કૃષિ પ્રદર્શન, ખેડુતોના ખેતર પર નિદર્શન, રેડીયો/ટી.વી વાર્તાલાપ, ડીજીટલ માધ્યમો વગેરે થકી પાકની નવી જાતો,

			ટેકનોલોજી, ખેડૂત ઉપયોગી ભલામણો વિષે ખેડૂતોને માહિતગાર કરવામાં આવે છે.

જૂનાગઢ જિલ્લામાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ યોજના

15/8/930શ્રીભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ): **માનનીય કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં બાયોગેસ પ્લાન્ટ યોજના અંતર્ગત કુલ કેટલા બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે, અને	(૧)	કુલ–૫
(૨)	તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય પૂરી પાડવામાં આવી છે?	(૨)	૫(પાંચ) લાભાર્થીઓને રૂ. ૮૬,૩૧,૦૮૪/– (છ્યાસી લાખ એકત્રીસ હજાર ચોર્યાસી) રકમની સહાય પુરી પાડવામાં આવી છે.

રાજયમાં મનરેગા યોજના અંતર્ગત શ્રમિકોને ચૂકવવામાં આવતું વેતન .

15/8/1104 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા** (સુરત(પૂર્વ)) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મનરેગા યોજના અંતર્ગત શ્રમિકોને કેટલું દૈનિક વેતન ચૂકવવામાં આવે છે,	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ મનરેગા યોજના અંતર્ગત શ્રમિકોને કામના પ્રમાણમાં SOR મુજબ મહત્તમ દૈનિક રકમ રૂ.૨૮૮/– વેતન ચૂકવવામાં આવે છે.
(૨)	ઉક્ત વેતનમાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વર્ષવાર કેટલો વધારો કરવામાં આવ્યો,	(૨)	ઉક્ત વેતનમાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વર્ષવાર નીચેની વિગતે વધારો કરવામાં આવ્યો. વેતનમાં કરવામાં આવેલ વધારો (તફાવત) વર્ષ ૨૦૨૪–૨૫ | વર્ષ ૨૦૨૫–૨૬ રૂ. ૨૪/– | રૂ. ૮/–
(૩)	ઉક્ત સ્થિતિએ મળવાપાત્ર વધારો લાગુ કરવામાં આવેલ છે કે કેમ, અને	(૩)	હા.
(૪)	જો ના, તો તેના કારણો શા છે?	(૪)	પ્રશ્ન રહેતો નથી.

.....

ભાવનગર જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ

15/8/951**શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા** (પાલીતાણા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને	(૧)	**વર્ષ** | **એકત્રિત કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા.)** ૨૦૨૪–૨૫ | ૩૦.૦૦ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) | ૧૩.૭૨

(૨)	તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું?	(૨)	

વર્ષ	ગોડાઉનમાં સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.)
૨૦૨૪–૨૫	૩૦.૦૦
૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)	૦.૦૦

જુનાગઢ જિલ્લામાં પશુ ખાણદાણ સહાય યોજના બાબત

15/8/939શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જિલ્લામાં ગાય–ભેંસ માટેની વિયાણ બાદ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને	(૧)	૧,૭૮૫
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	૩.૭૦,૯૫,૩૭૫/–

ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ દ્વારા કરવામાં આવેલ વૈજ્ઞાનિક સંશોધનો

૧૫/૮/૯૨૦ : શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા) : **માનનીય વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૦૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫ દરમિયાન ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા મુખ્ય અને વ્યૂહાત્મક વૈજ્ઞાનિક સંશોધનો કરવામાં આવ્યા છે કે કેમ, અને	(૦૧)	હા,
(૦૨)	જો હા, તો કયા મુખ્ય અને વ્યૂહાત્મક વૈજ્ઞાનિક સંશોધનો કરવામાં આવ્યા છે?	(૦૨)	ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (ISR) સમગ્ર ગુજરાતમાં વર્ષ દરમિયાન 24x7 સતત ધરતીકંપનું મોનિટરિંગ કરે છે અને ધરતીકંપના કિસ્સામાં તેની તીવ્રતા, સ્થાન અને અન્ય માપદંડો વિશે મિનિટોમાં રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળને જાણ કરે છે. માહિતીના આ સમયસર પ્રસારણને કારણે રાજ્ય પ્રશાસન તાત્કાલિક હસ્તક્ષેપ કરી શકે છે અને ઝડપી બચાવ તેમજ રાહત કામગીરીમાં મદદ મળે છે. ISR દ્વારા રાજ્યના મહત્વના વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સ માટે સાઇટ–સ્પેસિફિક સિસ્મિક હેઝાર્ડ સ્ટડીઝ (ભૂકંપના જોખમનો અભ્યાસ) હાથ ધરવામાં આવ્યા છે, જેમાં ધોલેરા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (SEZ) સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ, દહેજ ઇન્ડસ્ટ્રિયલ સાઇટ અને સુરતમાં તાપી બેરેજ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ અભ્યાસો વૈજ્ઞાનિક રીતે માહિતગાર અને ધરતીકંપ સામે પ્રતિરોધક ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસની ખાતરી આપે છે. 'પેલિયો–કલાઇમેટ' અને 'આર્કિયોસિસ્મોલોજીકલ' સંશોધન ક્ષેત્રે, ISR એ લોથલ અને વડનગર ખાતે વિગતવાર અભ્યાસ કર્યો છે, જે અતિશય

			કુદરતી ઘટનાઓ પ્રત્યે માનવ પ્રતિભાવોની વિવિધતા દર્શાવે છે, જેના તારણો નીચે મુજબ છે: • વડનગરમાં, પ્રાચીન સમુદાયો બદલાતા પર્યાવરણ અને વિષમ પરિસ્થિતિઓ સાથે અનુકૂલન સાધતા હતાં. • લોથલમાં, પુરાવા મળે છે કે પ્રતિકૂળ આબોહવા અને પર્યાવરણીય તણાવને કારણે વસ્તી સ્થળાંતર કરવા મજબૂર થઈ હતી. • વધુમાં, ISR એ બ્લાસ્ટ (ધડાકા) અને કુદરતી ધરતીકંપ વચ્ચેનો તફાવત ચોકસાઈથી ઓળખવા માટે અદ્યતન AI અને મશીન લર્નિંગ (AI-ML) તકનીકો વિકસાવી છે. આ તકનીકે આશરે ૯૦ ટકા સફળતાનો દર હાંસલ કર્યો છે, જેનાથી સ્વયંસંચાલિત સિસ્મિક મોનિટરિંગ મજબૂત બન્યું છે અને ધરતીકંપ શોધવાની પ્રણાલીઓની વિશ્વસનીયતામાં સુધારો થયો છે.

રાજયમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના.

15/8/1108 શ્રી રમેશભાઈ વીરજીભાઈ ટીલાળા (રાજકોટ દક્ષિણ): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦ ટકારાજય ફાળા હેઠળ મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના અમલમાં છે કે કેમ,	(૧)	હા.
(૨)	જોહા, તોઉક્તસ્થિતિએ મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાયયોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે, અને	(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના હેઠળ લાભાર્થીને યોજનાની જોગવાઈને આધીન પ્રતિ લાભાર્થી ૩.૨૦,૦૦૦ સહાય ચૂકવવામાં આવે છે.
(૩)	આ સહાય લાભાર્થીને કયામાધ્યમથી ચૂકવવામાં આવેછે?	(૩)	આ સહાય લાભાર્થીને ડીબીટીના માધ્યમથી ચૂકવવામાં આવે છે.

રાજયના મુખ્ય ડેમો તથા અન્ય જટીલ માળખાની ભૂકંપીય સુરક્ષા મૂલ્યાકંન

૧૫/૮/૯૧૬ : શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)) : **માનનીય વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૦૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાતના મુખ્ય ડેમો તથા અન્ય મહત્વપૂર્ણ જટિલ માળખાઓની ભૂકંપીય સુરક્ષાના મૂલ્યાંકન માટે ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા કોઇ ટેકનિકલ સહાય પૂરી પાડવામાં આવી છે કે કેમ, અને	(૦૧)	હા, ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (ISR), ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ મોટા ડેમો તથા મહત્વપૂર્ણ માળખાઓ માટે ભૂકંપીય જોખમ મૂલ્યાંકન (Seismic Hazard Assessment) તેમજ સતત સિસ્મિક નિરીક્ષણ કરવામાં આવે છે.

(૦૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ કેવા પ્રકારની ટેકનીકલ સહાય પુરી પાડવામાં આવે છે?	(૦૨)	ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા ગુજરાત રાજ્યના મુખ્ય ડેમો જેવા કે સરદાર સરોવર ડેમ, ઉકાઈ ડેમ, ઘરોઈ ડેમ, કડાણા ડેમ શેત્રુંજી ડેમ, પાનમ ડેમ, ભાદર ડેમ, કરજણ ડેમ વિગેરે જેવા રાજ્યના ડેમો તથા આસામના સુબાનસિરિ ડેમ તેમજ નેપાળના સેતી ડેમની આસપાસ ભૂકંપમાપક યંત્રો પ્રસ્થાપિત કરેલ છે અને ભૂકંપીય પ્રવુતિ પર સતત નજર રાખવામાં આવે છે. જેથી ડેમની ડિઝાઈન અને સુરક્ષા વ્યવસ્થામાં જરૂરી તકેદારી રાખી શકાય. વધુમાં ડેમ સેફ્ટી રિવ્યૂ પેનલના સભ્ય તરીકે ISRના નિષ્ણાતો સ્થળ મુલાકાત લઈ જરૂરી ભૂકંપશાસ્ત્રીય સૂચનો પણ પુરા પાડે છે.

પાટણ અને મહેસાણા જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

15/8/1135**ડૉ.કીરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલછે,	(૧)	**જિલ્લાનું નામ** / **શિક્ષિત** / **અર્ધશિક્ષિત** / **કુલ** પાટણ / ૭૧૦૭ / ૨૦૮ / ૭૩૧૫ મહેસાણા / ૭૪૬૩ / ૨૫૧ / ૭૭૧૪
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી મળી, અને	(૨)	**વર્ષ** / **જિલ્લો** / **આપેલરોજગારી** (**શિક્ષિત** / **અર્ધશિક્ષત** / **કુલ**) તા:૧/૨/૨૪ થી ૩૧/૧/૨૫ / પાટણ / ૨૯૯૯ / ૪૦ / ૩૦૩૯ તા:૧/૨/૨૪ થી ૩૧/૧/૨૫ / મહેસાણા / ૭૫૨૫ / ૧૦૨ / ૭૬૨૭ તા:૧/૨/૨૫ થી ૩૧/૧/૨૬ / પાટણ / ૩૩૧૩ / ૦ / ૩૩૧૩ તા:૧/૨/૨૫ થી ૩૧/૧/૨૬ / મહેસાણા / ૫૩૮૧ / ૫૫ / ૫૪૩૬
(૩)	તે પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?	(૩)	સરકારી નોકરીની વિગતમાં ફક્ત રોજગાર વિનિમયકચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. સરકારશ્રી દ્વારા માન્ય આયોગ/મંડળ/બોર્ડ અને અન્ય સંબધિત ભરતી સમિતિ દ્વારા કરવામાં આવેલ ભરતીનો આ માહિતીમાં સમાવેશ થતો નથી. **વર્ષ** / **જિલ્લો** / **સરકારી** / **ખનગી** / **કુલ** તા:૧/૨/૨૪ થી૩૧/૧/૨૫ / પાટણ / ૦ / ૩૦૩૯ / ૩૦૩૯ તા:૧/૨/૨૪ થી૩૧/૧/૨૫ / મહેસાણા / ૦ / ૭૬૨૭ / ૭૬૨૭ તા:૧/૨/૨૫ થી ૩૧/૧/૨૬ / પાટણ / ૦ / ૩૩૧૩ / ૩૩૧૩ તા:૧/૨/૨૫ થી ૩૧/૧/૨૬ / મહેસાણા / ૦ / ૫૪૩૬ / ૫૪૩૬

અતારાંકિત પ્રશ્નો

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાનગી કોલ્ડ સ્ટોરેજની સહાય બાબત

15/8/506:શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિ પ્રભાગ હસ્તક કેટલા ખાનગી કોલ્ડ સ્ટોરેજ નોંધાયેલ છે,	(૧)	બાગાયત ખાતા દ્વારા ખાનગી કોલ્ડ સ્ટોરેજની નોંધણી કરવામાં આવતી નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલા ખાનગી કોલ્ડ સ્ટોરેજ બાયડ, માલપુર, સાંઠબામા નોંધાયેલ છે, અને	(૨)	બાગાયત ખાતા દ્વારા ખાનગી કોલ્ડ સ્ટોરેજની નોંધણી કરવામાં આવતી નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા બંને જિલ્લામાં ખાનગી કોલ્ડ સ્ટોરેજ માટે કેટલી સહાય ચુકવવામાં આવી અને કેટલી સહાય ચુકવવાની બાકી છે?	(૩)	-બંને જિલ્લામાં કુલ રૂ. ૩૦,૬૯,૭૪,૮૫૦/– ની સહાય ચૂકવેલ છે. - ૨૩ અરજીઓ વિચારણા હેઠળ છે.

રાજકોટ જિલ્લામાં બોઇલરનું નિરીક્ષણ

15–8–1097 શ્રી ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (ધોરાજી) **:માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫માં રાજકોટ જિલ્લામાં બોઇલર તંત્ર દ્વારા કુલ કેટલા બોઇલરોનું નિરીક્ષણ કરવામાં આવ્યું,	(૧)	૫૩૬
(૨)	ઉકત તપાસ દરમ્યાન કેટલા બોઇલરોમાં ખામી જણાયેલ, અને	(૨)	૫૦
(૩)	ઉકત ખામી બાબતે શું પગલાં લેવામાં આવેલ છે?	(૩)	ખામીયુક્ત બોઇલરમાં સૂચવેલ રીપેર્સ ચકાસણી/ નિરીક્ષણ કર્યા બાદ સંતોષકારક જણાતા સદર બોઇલરોના વધુ ઉપયોગ અર્થે પ્રમાણીત કરવામાં આવેલ છે.

રાજયમાં ભૂકંપથી થનાર નુકસાનને ઘટાડવા લીધેલ પગલાં

૧૫/૮/૯૧૭ : શ્રી રાજેશકુમાર મગનભાઇ ઝાલા (કપડવંજ) : **માનનીય વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૦૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજયમાં ભૂકંપથી થનારા સંભવિત નુકસાનને ઘટાડવા માટે ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા કોઇ પગલાં લેવામાં આવે છે કે કેમ, અને	**(૦૧)**	હા,

(૦૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારના વૈજ્ઞાનિક, તકનિકી અને આયોજનાત્મક પગલાં લેવામાં આવ્યા છે?	(૦૨)	ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા ભારત દેશના નવા બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાડન્ડે (BIS) (૨૦૨૫)ના કોડ બનાવવામાં મહત્વનું યોગદાન પુરું પાડેલ. આ કોડ મુજબ ભારત દેશમાં હવે તમામ નવા બાંધકામ થશે. ઈન્સ્ટીટ્યુટ ઑફ સિસ્મોલોજિકલ રિસર્ચ (ISR)નું સિસ્મિક નેટવર્ક સમગ્ર ગુજરાતમાં ૨૪×૭ ભૂકંપીય પ્રવૃત્તિનું સતત મોનીટરીંગ કરે છે. હાલમાં ISR દ્વારા સ્થાપિત અને સંચાલિત આશરે ૬૦ ઑનલાઇન સિસ્મિક સ્ટેશનો કાર્યરત છે, જેના કારણે ભૂકંપોની નોંધ અને અહેવાલ હવે કલાકોથી ઘટીને મિનિટોમાં શક્ય બની છે. **M** ≥2.0 તીવ્રતાના ભૂકંપો તાત્કાલિક રેકોર્ડ અને રિપોર્ટ કરવામાં આવે છે. આ માહિતી ISRની વેબસાઇટ, ઈ–મેલ અને SMS દ્વારા પ્રસારીત થાય છે, જે તાત્કાલિક રાહત અને રેસ્કયુ કામગીરીમાં સહાયક બની ભૂકંપ જોખમ નિવારણને વધુ મજબૂત બનાવે છે.

નર્મદા જિલામાં દિપડાના માનવો અને કાળીયાર હરણો પર હુમલા

15/8/684શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપાકરશે કેઃ–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં દિપડાઓ દ્વારા માનવ અને કાળીયાર હરણો પરના હુમલાઓ કેટલા નોંધાયેલ છે,	(૧) પત્રક–૧ મુજબ (૨) પત્રક–૧ મુજબ
(૨)	ઉકત સ્થિતિએ ઉકત હુમલાઓમાં માનવ અને કાળીયાર હરણો મૃત્યુ પામ્યા કે ઈજાગ્રસ્ત થયા, અને	
(૩)	ઉકત ઘટનાઓમાં માનવ હુમલાઓમાં વિભાગ દ્વારા કેટલી સહાય ચુકવવામાં આવી છે?	(૩) ઉકત ઘટનાઓમાં માનવ હુમલાઓમાં વિભાગ દ્વારા નીચેની વિગતે સહાય ચૂકવવામાં આવી.

અ.નું.	વર્ષ	માનવ મૃત્યુની સહાયની રકમ	માનવ ઈજાની સહાયની રકમ
૧	તા.૦૧/૦૧/૨૦૨૪થી તા.૩૧/૧૨/૨૦૨૪	૧૫,૦૦,૦૦૦/–	૪૫,૦૦૦/–
૨	તા.૦૧/૦૧/૨૦૨૫થી તા.૩૧/૧૨/૨૦૨૫	૧૦,૦૦,૦૦૦/–	૨,૬૦,૦૦૦/–

		૩	તા.૦૧/૦૧/૨૦૨૬ થીતા.૨૦/૦૧/૨૦૨૬	૦	૨૦,૦૦૦/–

પત્રક–૧

ક્રમ	વર્ષ	માનવ પર હુમલાના બનાવ	માનવ મૃત્યુની સંખ્યા	માનવ ઈજાની સંખ્યા	કાળીયાર હરણો પર હુમલાના બનાવ	મૃત્યુ પામેલ કાળીયાર હરણોની સંખ્યા	ઈજાગ્રસ્ત થયેલ કાળીયાર હરણોની સંખ્યા
૧	તા.૦૧/૦૧/૨૦૨૪થી તા.૩૧/૧૨/૨૦૨૪	૦૬	૦૩	૦૩	૦	૦	૦
૨	તા.૦૧/૦૧/૨૦૨૫ થીતા.૩૧/૧૨/૨૦૨૫	૦૬	૦૧	૦૫	૧	૮	૦
૩	તા.૦૧/૦૧/૨૦૨૬ થીતા.૨૦/૦૧/૨૦૨૬	૦૨	૦	૦૨	૦	૦	૦

રાજયમાં નમો વડ વન તૈયાર કરવા બાબત

15/8/968**શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ** (દહેગામ): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત રાજયમાં કુલ કેટલા નમો વડ વન તૈયાર કરવામાં આવેલ છે,	(૧)	કુલ ૮૨.
(૨)	ઉકત નમો વડ કઈ જગ્યાએ તૈયાર કરવામાં આવેલ છે, અને	(૨)	

અ.નં	**નમો વડ વનનું સ્થળ**
૧	શક્તિમાતા મંદિર, તા.લીંબડી, જિ. સુરેન્દ્રનગર
૨	મેઘસ્વામિબાપુની તલાવડી દુધઈ, તા.મુળી, જિ. સુરેન્દ્રનગર
૩	નાની મોલડી નર્સરી, મુ.નાની મોલડી, તા.ચોટીલા, જિ. સુરેન્દ્રનગર
૪	પોરડા (ભા) તા.કઠલાલ, જિ. ખેડા
૫	સરનાલતા.ગળતેશ્વર, જિ. ખેડા
૬	સનસોલીતા.મહેમદાવાદ, જિ. ખેડા
૭	શાહપુરા, તા.ઠાસરા, જિ. ખેડા
૮	રામદેવપીરમંદિર, ખાત્રજ, તા.મહેમદાવાદ, જિ. ખેડા
૯	નિકોલતા. અમદાવાદ સીટી, જિ. અમદાવાદ
૧૦	કાશીન્દ્રા.તા.દસક્રોઈ, જિ. અમદાવાદ
૧૧	ચંડીસરબ્રહ્માણી માતા ટેકરો, તા.ધોળકા, જિ. અમદાવાદ
૧૨	મેટાલતા.બાવળા, જિ. અમદાવાદ
૧૩	માધવનગર, તા. સાણંદ, જિ. અમદાવાદ
૧૪	મોજે.આંકલાવડી તા. જિ. આણંદ
૧૫	ગાંધી આશ્રમ, તા.ગોધરા, જિ. પંચમહાલ
૧૬	શિવમંદિર, ઘનેશ્વર તા.ઘોઘંબા, જિ. પંચમહાલ

			૧૭	શ્રીકુમાર આશ્રમ, સંત રોડ તા.મોરવા (હ), જિ. પંચમહાલ
			૧૮	હનુમાનજી મંદિર, રાજપુર તા.વિરપુર, જિ. મહિસાગર
			૧૯	શિવ મંદિર બાવકા તા.જિ. દાહોદ
			૨૦	આજવા ડેમ સાઈટ, રાયણ તલાવડી ગામ તા.વાઘોડિયા, જિ. વડોદરા
			૨૧	કરનાળી (ખુલ્લામાં) તા.ડભોઈ, જિ. વડોદરા
			૨૨	નારેશ્વરમંદિર, નર્મદા કિનારે, તા.કરજણ, જિ. વડોદરા
			૨૩	પોલીસપરેડ ગ્રાઉન્ડ, મુ.ખુટાલીયા, તા. જિ. છોટાઉદેપુર
			૨૪	પંચેશ્વરસ્વામિનારાયણ મંદિર, મુ.હાંડોદ, તા.સંખેડા, જિ. છોટાઉદેપુર
			૨૫	ઘાયજચંચળ માતાનું મંદિર, તા.પાદરા, જિ. વડોદરા
			૨૬	શુકલતીર્થનદીકિનારે તા. જિ. ભરૂચ
			૨૭	અંગારેશ્વરનદીકિનારે તા. જિ. ભરૂચ
			૨૮	કંચનપરીતા.ઝગડિયા, જિ. ભરૂચ
			૨૯	ગભાણા, દુધેશ્વર મહાદેવ મંદિર, નર્મદા કિનારે તા.ગરુડેશ્વર, જિ. નર્મદા
			૩૦	કોટેશ્વરમહાદેવનું મંદિર, અશ્વિની નદીના કિનારે તા.તિલકવાડા, જિ. નર્મદા
			૩૧	મોજદારોડ, બામ્બૂ કૌશલ્ય કેન્દ્રની બાજુમાં, ડેડિયાપાડા, જિ. નર્મદા
			૩૨	સોનગઢકિલ્લો તા.સોનગઢ, જિ.તાપી
			૩૩	ચોખવાડાભાથીજી મંદિર, તા.ઉમરપાડા, જિ.સુરત
			૩૪	મોતા, તા. બારડોલી, જિ.સુરત
			૩૫	ઈંદુમતીબેન પ્રેમશંકર ઓઝા હાઈસ્કુલ, પાલી, તા.ઉમરગામ, જિ. વલસાડ
			૩૬	નામઘાતળાવ, તા.પારડી, જિ. વલસાડ
			૩૭	સમરોલી, તા.ચીખલી, જિ. નવસારી
			૩૮	ભેરવીશનિદેવ મંદિરની બાજુમાં, ૧.૫૦ હેક્ટર, તા.ખેરગામ, જિ. નવસારી
			૩૯	આંગડનાથમંદિર, આંગઢનિઘળી, તા.દિયોદર, જિ. વાવ–થરાદ
			૪૦	સ્મૃતિવનઅંબાજી, જિ. બનાસકાંઠા
			૪૧	શેભરગોગ મંદિર, તા.વડગામ, જિ. બનાસકાંઠા
			૪૨	રોકડીયાહનુમાન મંદિર, અમીરગઢ, જિ. બનાસકાંઠા
			૪૩	સમેશ્વરમહાદેવ મંદિર, તા.ઈડર, જિ. સાબરકાંઠા
			૪૪	રાણીતળાવ તા.ઈડર, જિ. સાબરકાંઠા
			૪૫	દિપેશ્વરીમાતાજી મંદિર ઉટરડા, તા.બાયડ, જિ. અરવલ્લી
			૪૬	દેવનીમોરી, શામળાજી પાસે, તા.ભિલોડા, જિ. અરવલ્લી
			૪૭	ઋષિવન, પિલવાઈ, તા.વિજાપુર, જિ. મહેસાણા
			૪૮	ગુંજા, તા. વિસનગર, જિ. મહેસાણા

			૪૯	પીંપળેશ્વરમહાદેવ મંદિર, સાલડી, તા.જિ.મહેસાણા
			૫૦	આજીડેમ, રાજકોટ, જિ.રાજકોટ
			૫૧	ગુંદાસરા, તા.જામકંડોરણા, જિ.રાજકોટ
			૫૨	પ્રભુચરણઆશ્રમ પાસે, કલ્યાણપર, તા.ટંકારા, જિ.મોરબી
			૫૩	આવળમાના મંદિરની બાજુમાં, કુવાડવા, તા. જિ.રાજકોટ
			૫૪	મકનસરપાંજરાપોળ તા. જિ.મોરબી
			૫૫	રામાપીરનુંમંદિર, સુલતાનાબાદ,તા.માણાવદર, જિ. જૂનાગઢ
			૫૬	કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર, સરસઈ વડલી ફાટક રોડ, તા.વિસાવદર, જિ. જૂનાગઢ
			૫૭	દ્રોણેશ્વરમંદિર, દ્રોણ તા.ગીર ગઢડા, જિ. ગીર સોમનાથ
			૫૮	ઘીડેમ– ખંભાળિયા.તા.ખંભાળિયા, જિ. દેવભૂમિ દ્વારકા
			૫૯	ગાત્રાળમાતાજીનું મંદિર ,ભવનેશ્વર તા.ભાણવડ, જિ. દેવભૂમિ દ્વારકા
			૬૦	કર્ણેશ્વરમહાદેવ મંદિર,ગઢડા તા.કલ્યાણપુર, જિ. દેવભૂમિ દ્વારકા
			૬૧	શહીદવન, ભૂચરમોરી, તા.ધ્રોલ, જિ. જામનગર
			૬૨	રામદેવજીમહારાજના મંદિર પાસે, પાંડવદર, તા. જિ. પોરબંદર
			૬૩	વસંતપુર, તા.જામજોધપુર, જિ.જામનગર
			૬૪	ખોડિયારમંદિર, જાનબાઈ દેરડી તા.લાઠી, જિ. અમરેલી
			૬૫	વડલીવાળામેલડી માતા મંદિર, બાબરા તા.બાબરા, જિ. અમરેલી
			૬૬	સ્મશાનગૃહ, હડદડતા.જિ. બોટાદ
			૬૭	કૃષ્ણસાગરતળાવ બોટાદ, જિ.બોટાદ
			૬૮	ખારોનદીના કાંઠે, ઘેટી, તા.પાલિતાણા, જિ.ભાવનગર,
			૬૯	તળાવનાકાંઠે રાણપરડા, તા.પાલિતાણા, જિ. ભાવનગર
			૭૦	પાટણાશિવ મંદિર તા.ઉમરાળા, જિ. ભાવનગર
			૭૧	રોજીદ, તા.બરવાળા, જિ. બોટાદ
			૭૨	શબરીધામ, તા.સુબીર, જિ. ડાંગ
			૭૩	સે–૧૪, ગોકુળપુરા, તા.જિ. ગાંધીનગર
			૭૪	સે–૨૮, જીઆઈડીસી, તા. જિ. ગાંધીનગર
			૭૫	કચ્છયુનિવર્સીટી, તા.ભુજ, જિ. કચ્છ
			૭૬	પીંગલેશ્વર (રાપર ગઢ) તા.અબડાસા, જિ. કચ્છ
			૭૭	કિડાણા, તા.અંજાર, જિ. કચ્છ
			૭૮	શ્યામજીકૃષ્ણ વર્મા મેમોરીયલ–મસકા તા.માંડવી, જિ. કચ્છ
			૭૯	ગણપતિમંદિર સામે, સંડેર તા.જિ. પાટણ
			૮૦	મેલડીમાતાનુંમંદિર, તરુવન તા. જિ. પાટણ

			૮૧ પારેવીયાવીર, મુ.મહેમદપુર, તા. જિ. પાટણ ૮૨ શોભસાંઇમંદિર, કોરિયાણી તા.લખપત, જિ. કચ્છ
(૩)	તેની વિશેષતા શુ છે?	(૩)	Ficus benghalensis જેને આપણે વડ તરીકે ઓળખીએ છીએ, તે ભારતનું રાષ્ટ્રીય વૃક્ષ છે. વર્ષ ૨૦૨૨–૨૩માં ગુજરાત સરકારશ્રી તરફથી ૭૫મા "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત કુલ ૭૫ "નમો વડ વન" સ્થાપવાનું નક્કી કરવામાં આવેલ. જે મુખ્યત્વે પર્યટન સ્થળ, ઇકો ટુરીઝમ સાઇટ, ધાર્મિક સ્થળ, નદી કાંઠે, વિરાસત વડ વગેરે જેવી જગ્યાએ નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવેલ. જે અન્વયે ગુજરાતના તમામ ૩૪ જિલ્લાઓમાં કુલ ૮૨ "નમો વડ વન" ની સ્થાપના કરવામાં આવેલ છે. દરેક નમો વડ વનમાં અંદાજિત ૧૫૦ થી ૧૭૫ જેટલા ૫ થી ૧૦ ફૂટના વડના વૃક્ષો વાવવામાં આવેલ છે. આમ, તમામ ૮૨ નમો વડ વનમાં કુલ ૧૩૦૩૪ વડના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. નમો વડ વનના એ મહત્ત્વપૂર્ણ ઇકોલોજીકલ લિંચપિન્સ(પારિસ્થિતિકીય આધારસ્તંભ) છે. જે જૈવવિવિધતા જાળવી રાખે છે, કાર્બન સિંક તરીકે કાર્ય કરે છે અને અસંખ્ય પ્રજાતિઓ માટે વિશાળ, ટકાઉ રહેઠાણ પૂરું પાડે છે. તેઓ અનન્ય સૂક્ષ્મ આબોહવા બનાવે છે જે જમીનનું તાપમાન ઘટાડે છે અને જમીનનો ભેજ જાળવી રાખે છે.વડ પુષ્કળ પ્રમાણમાં ઓક્સિજન આપે છે અને હવાને શુદ્ધ રાખે છે.હિન્દુ ધર્મમાં વડને સાક્ષાત્ શિવનું સ્વરૂપ માનવામાં આવે છે. સૌભાગ્યવતીસ્ત્રીઓ પોતાના પતિના લાંબા આયુષ્ય માટેવટસાવિત્રીવ્રત રાખી વડની પૂજા કરે છે.સાંસ્કૃતિક રીતે પણવડશક્તિ, ફળદ્રુપતા અને સમુદાય ભેગા થવાના પવિત્ર સ્થળતરીકે તથાલાંબા સમય સુધી જીવંત પ્રતીક તરીકે આદરણીય છે. આયુર્વેદ મુજબ વડના મૂળ, છાલ, પાન અને તેમાંથી નીકળતું દૂધ (ક્ષીર) અનેક રોગોના ઉપચારમાં વપરાય છે. તે સોજા ઘટાડવામાં અને ચામડીના રોગોમાં ગુણકારી માનવામાં આવે છે. ઉકત પર્યાવરણીય વિશેષતા સિવાય પણ બાળકો આ વનમાં આવવા માટે આકર્ષિત થાય તે માટે આ વનમાં રમતગમત માટેની સુવિધા, ચબૂતરો, બેસવા માટેના બાંકડા, મોર્નિંગ વૉક–વે વગેરેનો સમાવેશ થાય છે.

ભૂકંપની વૈજ્ઞાનિક સમજ વિકસાવવા ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચની કામગીરી

૧૫/૮/૯૧૮ : શ્રી શૈલેષભાઇ કનૈયાલાલ મહેતા (ડભોઇ) : **માનનીય વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૦૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૦૧ના વિનાશકારી ભૂજ ભૂકંપ બાદ, ભવિષ્યમાં આવું નુકસાન ન થાય તે માટે અને ભૂકંપની વૈજ્ઞાનિક સમજ વિકસાવવા માટે ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા કોઇ કામગીરી કરવામાં આવે છે કે કેમ, અને	(૦૧)	હા,

(૦૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની કામગીરી કરવામાં આવી?	(૦૨)	ઇન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા ગુજરાત રાજ્ય તેમજ અન્ય રાજ્યોના વિવિધ ઔદ્યોગિક વિસ્તારોમાં સાઇટ–સ્પેસિફિક સિસ્મિક હેઝાર્ડ (Seismic Hazard) અભ્યાસો હાથ ધરવામાં આવ્યા છે. આવા વૈજ્ઞાનિક અભ્યાસોના આધારે સ્થળ વિષે ભૂકંપ જોખમનું મૂલ્યાંકન કરવામાં આવે છે, જેના આધારે સુરક્ષિત ડિઝાઇન અને બાંધકામના કારણે ભૂકંપથી થનારા સંભવિત નુકસાનમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. છેલ્લા બે વર્ષ દરમિયાન ગુજરાત રાજ્યમાં નીચે મુજબના મહત્વપૂર્ણ સાઇટ–સ્પેસિફિક અભ્યાસો હાથ ધરવામાં આવ્યા છે: • ધોલેરા ખાતે સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ માટે સિસ્મિક હેઝર્ડ અભ્યાસ • તાપી બેરેજ, સુરત માટે સિસ્મિક અને ભૂગર્ભીય મૂલ્યાંકન • કલ્પસર સાઇટ માટે ગ્રાઉન્ડ વોટર મોડેલિંગ અભ્યાસ • દહેજ ટર્મિનલ ખાતે ગુજરાત કેમિકલ પોર્ટ લિમિટેડ માટે સિસ્મિક અભ્યાસ • ખાવડા વિસ્તારમાં સોલાર પાવર પ્લાન્ટ માટે સાઇટ–સ્પેસિફિક અભ્યાસ આ ઉપરાંત, ઉત્તર ભારતના આઠ મોટા શહેરો માટે સિસ્મિક માઇક્રોઝોનેશ અભ્યાસ હાથ ધરવામાં આવી પૂર્ણ કરવામાં આવ્યા છે, જેના આધારે તે શહેરોમાં ભૂકંપ જોખમનું ઝોનિંગ અને સંવેદનશીલ વિસ્તારોની ઓળખ શક્ય બની છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને દાડમ પાકના વાવેતર માટે પ્રોત્સાહન બાબત.

15/8/941: શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા (ધાંગધ્રા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	રાજયમાં ખેડૂતોને દાડમ ફળપાકના વાવેતર માટે સરકારશ્રી દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા
(૨)	જો હા, તો દાડમ ફળ પાકના વાવેતર માટે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૨)	કુલ–૯૯૧ લાભાર્થીઓને ૩.૩,૯૯,૬૯,૫૩૪/–

––––––

રાજ્યમાં મજૂર મહાજન સંઘ દ્વારા વહીવટી ફાળા પેટે ઉઘરાવવામાં આવતી રકમ બાબત

15/8/1140**શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મજૂર મહાજન સંઘ દ્વારા બંધ મિલના કામદારો પાસેથી વહીવટી ફાળા પેટે ૫% રકમ ઉઘરાવવામાં આવે છે તે હકિકત સાચી છે કે કેમ?	(૧)	હા, બંધ મિલોના નાણાંની લહેણી રકમ નામદાર ગુજરાત હાઇકોર્ટના હુકમ મુજબ વહેંચાય છે અને કલઇમ ફોર્મ ભરાય ત્યારે મજૂર મહાજન સંઘ દ્વારા સ્વૈચ્છિક ફાળા તરીકે લેવામાં આવે છે.
(૨)	જો હા, તો ઉક્ત રકમ ક્યા નિયમ હેઠળ ઉઘરાવવામાં આવે છે,	(૨)	મજૂર મહાજન સંઘની તા.૧૦/૦૪/૨૦૧૯ના રોજ મળેલ બંધ મિલ કમીટીની મિટિંગમાં કરેલ ઠરાવ મુજબ ઉઘરાવવામાં આવે છે.
(૩)	જો ના, તો આવી રકમ ઉઘરાવવા અંગેની કેટલી ફરિયાદો છેલ્લા એક વર્ષમાં સરકારને મળી, અને	(૩)	કુલ ૬
(૪)	ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે મજૂર મહાજન સંઘના હોદ્દાદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી?	(૪)	વહીવટી ફાળા ઉઘરાવવા બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા સુઓ મોટો કંપની એપ્લીકેશન નં.૬૧૪/૨૦૦૬ માં તા.૩૦/૦૯/૨૦૦૮ના રોજ આપેલ ઓરલ હુકમના પારા નં.૧૯માં કરેલ નિર્દેશ મુજબ આ ફાળાની રકમ સ્વૈચ્છિક હોઈ

			અને બંધ મિલોના કામદારોના બાકી નાણાં મેળવવા બાબતે કરવાની થતી કાર્યવાહીના ખર્ચને પહોંચી વળવા બાબતેની હોય, આ નાણાં ઉઘરાવવા બાબતે કોઈ તકરાર હોઈ તો ઓફિસિયલ લિક્વીડેટર અથવા નામદાર ગુજરાત હાઈકોર્ટનું ધ્યાન દોરી શકાય છે. આ સંજોગોમાં ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે નાયબ શ્રમ આયુક્તશ્રી, અમદાવાદ દ્વારા મજૂર મહાજન સંઘ પાસેથી પ્રત્યુત્તર મેળવવામાં આવેલ છે.

રાજયની કચેરીઓને જીસ્વાન અંતર્ગત જોડવા બાબત

15/8/923 શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)): માનનીય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌધોગિકી) જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન	**જવાબ**
તા.૩૧/૧૨/૨૦૨૫નીસ્થિતિએ **GSWAN** નેટવર્ક દ્વારા રાજયની સરકારી કચેરીઓમાં જોડાણ કરવામાં આવે છે કે કેમ, અને	હા
જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત નેટવર્ક હેઠળ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કેટલી સરકારી કચેરીઓ ઉક્ત નેટવર્કથી જોડાયેલ છે.	ઉક્ત સ્થિતિએ **GSWAN** નેટવર્ક હેઠળ ગાંધીનગર જિલ્લાની ૬૦૬ તથા અમદાવાદ જિલ્લાની ૫૩૯ સરકારી કચેરીઓ ઉક્ત નેટવર્કથી જોડાયેલ છે.

ગાંધીનગર અને સુરત જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

15/8/1123**શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ ગાંધીનગર અને સુરત જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,	(૧)	જિલ્લાનું નામ / શિક્ષિત / અર્ધ શિક્ષિત / કુલ ગાંધીનગર / ૩૪૩૫ / ૩૪૨ / ૩૭૭૭ સુરત / ૮૫૧૩ / ૪૨૪ / ૮૯૩૭
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી મળી, અને	(૨)	વર્ષ / જિલ્લો / આપેલરોજગારી (શિક્ષિત / અર્ધ શિક્ષત / કુલ) તા:૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૫ / ગાંધીનગર / ૯૧૧૩ / ૧૦૯૧ / ૧૦૨૦૪ તા:૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૫ / સુરત / ૨૩૬૨૯ / ૨૯૧ / ૨૩૯૨૦ તા:૦૧/૦૨/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ / ગાંધીનગર / ૭૮૬૬ / ૧૭૩૫ / ૯૬૦૧ તા:૦૧/૦૨/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ / સુરત / ૨૪૩૨૮ / ૭૩ / ૨૪૪૦
(૩)	તે પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?	(૩)	સરકારી નોકરીની વિગતમાં ફક્ત રોજગાર વિનિમયકચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. સરકારશ્રી દ્વારા માન્ય આયોગ/મંડળ/બોર્ડ અને અન્ય સંબધિત ભરતી સમિતિ દ્વારા કરવામાં આવેલા ભરતીનો આ માહિતીમાં સમાવેશ થતો નથી. વર્ષ / જિલ્લો / સરકારી / ખાનગી / કુલ

			તા:૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૫	ગાંધીનગર	૦	૧૦૨૦૪	૧૦૨૦૪
				સુરત	૦	૨૩૯૨૦	૨૩૯૨૦
			તા:૦૧/૦૨/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬	ગાંધીનગર	૦	૯૬૦૧	૯૬૦૧
				સુરત	૦	૨૪૪૦૧	૨૪૪૦૧

ભરૂચ જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય આપવા બાબત

15/8/945: શ્રી રમેશભાઇ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,	(૧)	૧૮૨૮
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૦૧૫
(૩)	તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	૩૩૫.,૩૭,૮૫૨-/

મોરબી જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદા ભંગની ફરિયાદો

15-8-1093શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી (જીતુ સોમાણી) (વાંકાનેર): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન મોરબી જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં શ્રમ કાયદાના ભંગ અંગેની કર્મચારી/વર્કરો તરફથી કેટલી ફરિયાદો મળી, અને	(૧)	૫૫
બનાસકાંઠા અને પોરબંદર જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

15/8/1124**શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી** (દાંતા)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ બનાસકાંઠા અને પોરબંદર જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,	(	<table><tr><th>જિલ્લાનુંનામ</th><th>શિક્ષિત</th><th>અર્ધશિક્ષિત</th><th>કુલ</th></tr><tr><td>બનાસકાંઠા</td><td>૯૭૯૫</td><td>૨૮૧</td><td>૧૦૦૭૬</td></tr><tr><td>પોરબંદર</td><td>૬૮૮૫</td><td>૧૩૦</td><td>૭૦૧૫</td></tr></table>
(	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી મળી, અને	(	<table><tr><th rowspan="2">વર્ષ</th><th rowspan="2">જિલ્લો</th><th colspan="3">આપેલરોજગારી</th></tr><tr><th>શિક્ષિત</th><th>અર્ધશિક્ષત</th><th>કુલ</th></tr><tr><td rowspan="2">તા:૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૫</td><td>બનાસકાંઠા</td><td>૫૬૮૪</td><td>૧૫૩</td><td>૫૮૩૭</td></tr><tr><td>પોરબંદર</td><td>૧૯૧૪</td><td>૪૬૬</td><td>૨૩૮૦</td></tr><tr><td rowspan="2">તા:૦૧/૦૨/૨૦૨૫ થી</td><td>બનાસકાંઠા</td><td>૪૬૦૯</td><td>૫૯૪</td><td>૫૨૦૩</td></tr><tr><td>પોરબંદર</td><td>૧૩૮૨</td><td>૩૯૩</td><td>૧૭૭૫</td></tr></table>
(	તે પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?	(	સરકારી નોકરીની વિગતમાં ફક્ત રોજગાર વિનિમયકચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. સરકારશ્રી દ્વારા માન્ય આયોગ/મંડળ/બોર્ડ અને અન્ય સંબધિત ભરતી સમિતિ દ્વારા કરવામાં આવેલા ભરતીનો આ માહિતીમાં સમાવેશ થતો નથી. <table><tr><th>વર્ષ</th><th>જિલ્લો</th><th>સરકારી</th><th>ખાનગી</th><th>કુલ</th></tr></table>

			તા:૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૫	બનાસકાંઠા	૦	૫૮૩૭	૫૮૩૭
				પોરબંદર	૧૦	૨૩૭૦	૨૩૮૦
			તા:૦૧/૦૨/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬	બનાસકાંઠા	૦	૫૨૦૩	૫૨૦૩
				પોરબંદર	૦	૧૭૭૫	૧૭૭૫

જૂનાગઢ જિલ્લાની ઉબેણ નદીમાં ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદુષિત પાણી નાખવા બાબત

15/8/1117શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા (વિસાવદર): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬નીસ્થિતિએ જૂનાગઢ જિલ્લાની ઉબેણ નદીમાં ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદુષિત લાલ પાણી છોડવામાં આવે છે એ હકીકત ખરી છે કે કેમ,	(૧)	ના
(૨)	જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉબેણ નદીમાં થઇ રહેલ પ્રદૂષણ અંગે કેટલી ફરિયાદો મળેલ છે,	(૨)	શૂન્ય
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત નદીમાં પાણીનું પ્રદૂષણ અટકાવવા માટે જૂનાગઢ અને રાજકોટ જિલ્લાના કેટલા ઔદ્યોગિક એકમો પર કેટલી વખત ચકાસણી કરવામાં આવી,કેટલા નમૂના લેવામાં આવ્યા, અને	(૩)	ઉકત સ્થિતિએ ઉક્ત નદીમાં પાણીનુ પ્રદૂષણ થતુ અટકાવવા માટે જુનાગઢ અને રાજકોટ જિલ્લાના કુલ– ૬૮ ઔદ્યોગિક એકમોની એક વાર ચકાસણી કરવામાં આવી અને કુલ–૬૩ પાણીના નમુના લેવામાં આવ્યા. તેમજ સી.ઇ.ટી.પી ભાટગામની એકથી વધુ વખત (૨૯ વખત)ચકાસણી કરવામાં આવેલ અને કુલ–૧૨૧ પાણીના નમુના લેવામાં આવ્યા.
(૪)	ઉક્ત સ્થિતિએ દોષિત એકમો વિરુધ્ધ શી કાર્યવાહી કરવામાં આવી ?	(૪)	ઉકત સ્થિતિએ પર્યાવરણ કાયદાની જોગવાઇઓ મુજબ, સી.ઇ.ટી.પી ભાટગામ (એક એકમ) સામે બંધના હુકમ, નોટીશ ઓફ ડાયરેકસન અને ૧૧ કારણદર્શક નોટીશ પાઠવવામાં આવેલ છે. અન્ય ૦૧ એકમને નોટીશ ઓફ ડાયરેક્સન તથા ૨૭ એકમોને કારણદર્શક નોટીશ પાઠવવામાં આવેલ છે.

પાકિસ્તાની તંત્ર દ્વારા પકડાયેલા માછીમારોના કુટુંબ માટે સહાય

15/8/1143શ્રીશૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ પાકિસ્તાન દ્વારા પકડવામાં આવેલ ગુજરાતી માછીમારોના કુટુંબના જીવનનિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે,	(૧)	દૈનિક રૂ.૩૦૦/–
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે,	(૨)	તા.૦૧/૦૪/૨૦૧૯

(૩)	ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો, અને	(૩)	તા.૦૧/૦૪/૨૦૧૯ થી રૂ.૧૫૦/– નો વધારો
(૪)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા માછીમાર કુટુંબોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૪)	**વર્ષ** / **કુટુંબની સંખ્યા** / **રકમ (રૂ.)** ૨૦૨૪ / ૧૦૫ / ૧,૧૯,૧૨,૪૦૦ ૨૦૨૫ / ૧૦૧ / ૧,૧૪,૦૬,૩૦૦

અમરેલી અને જામનગર જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

15/8/1126**શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ)**: માનનીયશ્રમ, કૌશલ્યવિકાસઅનેરોજગારમંત્રીશ્રી**જણાવવાકૃપાકરશેકે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ અમરેલી અને જામનગર જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,	(૧)	**જિલ્લાનું નામ** / **શિક્ષિત** / **અર્ધશિક્ષિત** / **કુલ** અમરેલી / ૯૧૮૧ / ૪૨૪ / ૯૬૦૫ જામનગર / ૫૬૩૯ / ૪૨૦ / ૬૦૫૯
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી મળી, અને	(૨)	**વર્ષ** / **જિલ્લો** / **આપેલ રોજગારી** (**શિક્ષિત** / **અર્ધશિક્ષિત**) / **કુલ** તા.૦૧/૦૨/૨૦૨૪ થી ૩૧/૦૧/૨૦૨૫ / અમરેલી / ૩૨૯૩ / ૧૦૯ / ૩૪૦૨ જામનગર / ૭૨૯૭ / ૮૯ / ૭૩૮૬ તા.૦૧/૦૨/૨૦૨૫ / અમરેલી / ૩૪૬૪ / ૦ / ૩૪૬૪
(૩)	તે પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી ?	(૩)	સરકારી નોકરીની વિગતમાં ફક્ત રોજગાર વિનિમય કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. સરકારશ્રી દ્વારા માન્ય આયોગ/મંડળ/બોર્ડ અને અન્ય સબંધિત ભરતી સમિતિ દ્વારા કરવામાં આવેલ ભરતીનો આ માહિતીમાં સમાવેશ થતો નથી. **વર્ષ** / **જિલ્લો** / **સરકારી** / **ખાનગી** / **કુલ** તા.૦૧/૦૨/૨૦૨૪ થી ૩૧/૦૧/૨૦૨૫ / અમરેલી / ૦ / ૩૪૦૨ / ૩૪૦૨ જામનગર / ૦ / ૭૩૮૬ / ૭૩૮૬ તા.૦૧/૦૨/૨૦૨૫ / અમરેલી / ૦ / ૩૪૬૪ / ૩૪૬૪

અતારાંકિત પ્રશ્નો

કચ્છ જીલ્લામાં મત્સ્યોદ્યોગ માટે માસ્ટર મેપિંગ

15/8/491શ્રીપ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં મત્સ્યોદ્યોગ માટે કેટલા હેક્ટરમાં માસ્ટર મેપિંગ કરવામાં આવેલ છે, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં મત્સ્યોદ્યોગ માટે માસ્ટર મેપિંગ કરવામાં આવેલ નથી.
(૨)	તે પૈકી કેટલા હેક્ટરની ફાળવણી કેટલા લાભાર્થીઓને કરવામાં આવેલ છે?	(૨)	શૂન્ય

દાહોદ અને પંચમહાલ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

15/8/1150**શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએદાહોદ અને પંચમહાલજિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,</td><td>(૧)</td><td>
<table>
<tr><th>જિલ્લાનું નામ</th><th>શિક્ષિત</th><th>અર્ધશિક્ષિત</th><th>કુલ</th></tr>
<tr><td>દાહોદ</td><td>૧૪૪૬૫</td><td>૨૯</td><td>૧૪૪૯૪</td></tr>
<tr><td>પંચમહાલ</td><td>૧૧૫૬૬</td><td>૧૯૬</td><td>૧૧૭૬૨</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી મળી, અને</td><td>(૨)</td><td>
<table>
<tr><th rowspan="2">વર્ષ</th><th rowspan="2">જિલ્લો</th><th colspan="3">આપેલરોજગારી</th></tr>
<tr><th>શિક્ષિત</th><th>અર્ધશિક્ષત</th><th>કુલ</th></tr>
<tr><td rowspan="2">તા:૧/૨/૨૪ થી ૩૧/૧/૨૫</td><td>દાહોદ</td><td>૨૨૦૨</td><td>૭૦</td><td>૨૨૭૨</td></tr>
<tr><td>પંચમહાલ</td><td>૧૫૦૧૫</td><td>૦</td><td>૧૫૦૧૫</td></tr>
<tr><td>તા:૧/૨/૨૫</td><td>દાહોદ</td><td>૧૧૨૨</td><td>૦</td><td>૧૧૨૨</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૩)</td><td>તે પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી ?</td><td>(૩)</td><td>સરકારી નોકરીની વિગતમાં ફક્ત રોજગાર વિનિમયકચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. સરકારશ્રી દ્વારા માન્ય આયોગ/મંડળ/બોર્ડ અને અન્ય સંબધિત ભરતી સમિતિ દ્વારા કરવામાં આવેલ ભરતીનો આ માહિતીમાં સમાવેશ થતો નથી.
<table>
<tr><th>વર્ષ</th><th>જિલ્લો</th><th>સરકારી</th><th>ખનગી</th><th>કુલ</th></tr>
<tr><td rowspan="2">તા:૧/૨/૨૪ થી ૩૧/૧/૨૫</td><td>દાહોદ</td><td>૦</td><td>૨૨૭૨</td><td>૨૨૭૨</td></tr>
<tr><td>પંચમહાલ</td><td>૦</td><td>૧૫૦૧૫</td><td>૧૫૦૧૫</td></tr>
<tr><td>તા:૧/૨/૨૫</td><td>દાહોદ</td><td>૦</td><td>૧૧૨૨</td><td>૧૧૨૨</td></tr>
</table>
</td></tr>
</table>

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

પ્રાકૃતિક કૃષિ પરિસંવાદના આયોજન કરવા બદલ આભાર માનવા અંગે

શ્રી <#Mi/જિતેન્દ્રભાઇ સ. વાઘાણી/Mi#> (કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપનો ઋણ સ્વીકાર કરવા માટે મને બે ત્રણ મિનિટનો ટાઇમ આપવામાં આવે. જે પ્રકારનો કાર્યક્રમ અહીંયા થયો છે. સમગ્ર સભાગૃહ વતી પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ આ વિધાનસભામાં ઐતિહાસિક બની રહેવાનો છે. માનનીય મહામહીમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી એક પ્રાકૃતિક કૃષિના ઋષિ તરીકે ઓળખાય છે. એમનો અને આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે આ કાર્યક્રમ કરવા માટેની અનુમતિ આપે આપી અને એમણે મને કહ્યું કે કરો. સંસદીય બાબતોના માનનીય મંત્રીશ્રી, માનનીય ઉપાધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષના નેતાશ્રી તુષારભાઇ ચૌધરી, ભારતીય જનતા પાર્ટીના પક્ષના પ્રમુખશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, માનનીય શ્રી શૈલષભાઇ પરમાર, માનનીયશ્રી અમિતભાઇ ચાવડા, આપ પાર્ટીના સભ્યશ્રી ચેતરભાઇ વસાવાનો તથા આ ગૃહના તમામ માનનીય ધારાસભ્યશ્રીઓ, વર્ષ ૨૦૧૬-૧૭ માં પૂર્વ ધારાસભ્યશ્રી તરીકે હતા, પૂર્વ સંસદસભ્યશ્રીઓ, વર્તમાન સંસદસભ્યશ્રીઓ, સૌ પત્રકાર જગતના એડિટરથી માંડીને સૌ, તમામ વાઇસ ચાન્સેલરો અને અન્યોને જેમને આપે આમંત્રણ આપ્યું એ તમામ લોકોએ આ પરિસંવાદમાં ખૂબ હૃદયથી ભાગ લીધો. પક્ષાપક્ષી છોડીને આપના અને મારા બંનેના આમંત્રણને માન આપીને તમામ પક્ષના લોકો હોય કે તમામ વર્ગના લોકો હોય, હમણાં આ કૃષિ પરિસંવાદને પોતાનો પરિસંવાદ બનાવ્યો છે એટલે હું તમામનો વિશેષ ઋણ સ્વીકાર કરીને આભાર માનું છું. આ પરિસંવાદને સમાજમાં લઇ જવા માટે આપણે સંકલ્પબદ્ધતા સાથે માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો દ્રષ્ટિકોણ, માનનીય મહામહીમ રાજ્યપાલશ્રીનો દ્રષ્ટિકોણ અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો દ્રષ્ટિકોણ ઘર-ઘર સુધી પહોંચાડીને આવતીકાલને સુરક્ષિત કરવા માટેનો આજનો પરિસંવાદ ઐતિહાસિક બની રહ્યો છે. પુન: એકવાર હું તમામ લોકોનો આભાર માનું છું. આપનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને મહામહિમ રાજ્યપાલશ્રીનો વિશેષ આભાર માનું છું અને ઋણ સ્વીકાર કરું છું અને માનનીય અધ્યક્ષશ્રી આપે કરેલું કાર્ય હું વિભાગ તરીકે ભરોસો આપું છું કે આવનારા દિવસોમાં પરિવર્તન કરીને પ્રાકૃતિક કૃષિમાં બધા જોડાય હું અને મારો વિભાગ માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્ત્વમાં સંપૂર્ણ રીતે કામ કરશે એના માટે આપનો સહયોગ માગુ છું, આભાર.

અધ્યક્ષશ્રી : પરિસંવાદનું આખું આયોજન બહુ સરસ હતું. આમ તો આભાર અમારે રાજ્ય સરકારનો માનવો પડે. આ બધું આયોજન માનનીય કૃષિમંત્રીશ્રી એ ખૂબ સારી રીતે એમના વિભાગ દ્વારા કર્યું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ ઉદારતાપૂર્વક આ કાર્યક્રમ માટે પૂરા તંત્રને કામે લગાડ્યું ત્યારે જ આ કામ શક્ય બન્યું. તમામ પક્ષના માનનીય સભ્યશ્રીઓએ પણ ખૂબ રસ લઇને આ કાર્યક્રમને પોતિકો બનવ્યો અને તમે પોતે ખાસ કરીને પ્રાકૃતિક પ્રવૃત્તિમાં જીવી રહ્યા છો અને એમાં રસ લઇને કાર્ય કરી રહ્યા છો. જ્યાં સુધી આત્મા રેડાતો નથી ત્યાં સુધી પરિણામ આવતું નથી. તમે જે આત્મા રેડી રહ્યા છો એ કામને પરીણામલક્ષી તરફ લઇ જશે. માનનીય ગવર્નરશ્રીના મનનો જે ભાવ છે અને તમે પણ એમાં આત્મસાત કરી રહ્યા છો એ માટે ખૂબ અભિનંદન. અને આપણે બધા શુભકામનાઓ પાઠવીએ કે તમે આ કામની અંદર ખૂબ સફળતા મેળવો અને આખા રાજ્યનું ભલું થાય. ધન્યવાદ.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના વાર્ષિક હિસાબો

શ્રીમતી મનીષા રા. વકીલ (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશનના વાર્ષિક હિસાબો

શ્રી રમેશભાઇ ભુ. કટારા (રા.ક.ના સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વેર- હાઉસીંગ કોર્પોરેશનના સન ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪-૨૫નો ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી પ્રવીણકુમાર ગો. માળી (રાજ્યકક્ષાના વનમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૩-૨૪નો સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા રાજયકક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના

કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ ઉક્ત અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ટિપ્પણ,સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪-૨૫નો ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો વાર્ષિક અહેવાલ

શ્રી પી.સી. બરંડા (રાજ્ય કક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

સન ૨૦૨૪-૨૦૨૪નો ગુજરાત સ્ટેટ ડેમ સેફટી ઓર્ગેનાઇઝેશનનો વાર્ષિક અહેવાલ

શ્રી **<#Mi** /ઈશ્વરસિંહ ઠા. પટેલ/**Mi #>** (રાજ્ય કક્ષાના જળસંપત્તિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ડેમ સેફટી ઓર્ગેનાઇઝેશનનો સન ૨૦૨૪-૨૦૨૫નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી ગણપતસિંહ વે. વસાવા (માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં વિકસિત ગુજરાત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા માટે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કટિબદ્ધ છે અને વિકસિત ગુજરાત ૨૦૪૭નો જે સંકલ્પ છે એને સાકાર કરવા માટે આપણા ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ અને રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીજીના માર્ગદર્શન હેઠળ અમારા લોકપ્રિય નાણામંત્રી એવા કનુભાઇ દેસાઇ સાહેબ જે ૩. ૪ લાખ, ૮ હજાર ૫૩ કરોડનું ગુજરાતનું સૌથી મોટું બજેટ આ વિધાનસભામાં લઇને આવ્યા છે એ બદલ એમને ખૂબ ખૂબ અભિનંદન આપીને મારા વિચારો રજૂ કરું છું.

આમ, તો અંદાજપત્ર ઉપર તમામ વિષયોની ચર્ચા માનનીય સભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ પણ ચર્ચામાં ભાગ લઇને કરતા હોય છે. પરંતુ આજે હું આદિવાસી સમાજ માટે અંદાજપત્ર ઉપર ચર્ચા કરવા માટે ઉભો થયો છું ત્યારે આ આદિવાસી સમાજ આદિ અનાદિ કાળથી સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણનું રક્ષણ કરતો આવેલો એટલે આપણો આદિવાસી સમાજ અને પરમ પૂજય પ્રમુખસ્વામી મહારાજ જયારે આદિવાસી વિસ્તારનો પ્રવાસ કરે અને પ્રવાસમાંથી આવ્યા બાદ એમ કહેતા કે આ આદિવાસી સમાજમાં મને ભગવાનના દર્શન થાય છે. ભગવાન શ્રી રામ જે ત્રણેય લોકના નાથ, જયારે સીતા માતાને લેવા માટે લંકા જતા અને એ વખતે ડાંગની અંદર વર્ષો સુધી નવધા ભકિત કરતા આદિવાસી શબરી માતાની ઝૂંપડીએ ભગવાન રામ ગયા અને શબરી માતાના એંઠા બોર ખાધા.દેશની આઝાદી માટે પોતાના જીવનનું બલિદાન આપનાર અને જેમણે સૂત્ર આપ્યું, ઉલગુલાન એટલે કે, ''આપણી ધરતી આપણું રાજ'', એવા સ્વતંત્ર સેનાની ભગવાન બિરસા મુંડાજીના અને આદિવાસી વંશજો છીએ. ગુજરાતમાં આદિવાસી સમાજનું ખૂબ મહત્ત્વ છે. ૧૪ જિલ્લાઓ, ૬૦ કરતાં વધારે તાલુકાઓ અને ૧ કરોડ અને ૧૧ લાખ જેટલો આદિવાસી સમાજ છે. આપણે એમ કહી શકીએ કે, ગુજરાતમાં દર પાંચ ગુજરાતીમાં એક આદિવાસી વ્યકિત છે એટલા માટે ગુજરાતમાં આદિવાસી સમાજનું ખૂબ મહત્ત્વ છે. પરંતુ આવો ભવ્ય અને ઉજળો ઈતિહાસ ધરાવનાર આદિવાસી સમાજને આઝાદી પછીની જે સરકારો આવી એ સરકારોએ જે પ્રકારે રોડ-રસ્તા, વીજળી, શિક્ષણ, આરોગ્યની સુવિધા અમને આપવી જોઇએ એના બદલે આ ભોળા ભાળા સમાજને માત્રને માત્ર વૉટબેંક તરીકે ઉપયોગ કરીને વર્ષો સુધી એને વિકાસથી વંચિત રાખવાનું કામ કોઇએ કર્યું હોય તો એ ભૂતકાળની સરકારોએ કર્યું છે અને આંકડા સાથે પુરાવા સાથે આપણે કહી શકીએ કે જ્યારે ગુજરાત રાજ્ય મહારાષ્ટ્રથી અલગ થયું ત્યારે આદિવાસી સમાજ અને સમાજ કલ્યાણ વિભાગનું ભેગું બજેટ હતું. એ બજેટનો આંકડો માત્ર ૩.૫૮ કરોડ હતો, જ્યારે અંબાજીથી ઉમરગામ સુધી આદિવાસી સમાજનો વસવાટ હોય અને એના માટે જ્યારે ૩.૫૮ કરોડ ફળવાય તો આપણે સ્વાભાવિકપણે સમજી શકીએ છીએ કે કઇ પ્રકારે આદિવાસી સમાજનો વિકાસ શક્ય બને? આજે આ ગૃહમાં મને કહેતાં આનંદ થાય છે કે, અમારા લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ, અમારા ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા સાહેબ અમારા નાણામંત્રી, અમારા આદિવાસી ધારાસભ્યો, સંસદસભ્યોને બોલાવીને એમ કીધું કે, આપણે આદિવાસી સમાજનો વિકાસ કરવો છે અને આ બજેટમાં આદિવાસી સમાજની શું જરૂરિયાતો છે, એ અમને કહો, આદિવાસી સમાજનો વિકાસ કરવા માટે સરકારનું મન ખુલ્લું છે. તમે માંગશો તેટલા નાણાં અમે આપીશું અને આજે બજેટની બુક જોયા પછી હું ચોક્કસ કહી શકું છું કે, સમગ્ર અંદાજપત્રમાં કઇ સમાયેલું હોય તો માત્ર આદિવાસી સમાજની યોજનાનો ઉલ્લેખ આ યોજનામાં સમાયેલો છે. આજે આદિવાસી સમાજ માટે અન્ય વિભાગોનું બજેટની ગણના કરીએ, તો ૩.૩૦થી ૩૫ હજાર કરોડ કરતાં ઉપર જાય છે. પરંતુ અમારા આદિજાતિ વિભાગના મંત્રીશ્રીના હસ્તક વર્ષ ૨૦૨૬-૨૭નું જે ૩.૫૪૨૫ કરોડનું બજેટ આપવામાં આવ્યું છે, અમારા આદિજાતિ મંત્રીશ્રીને ફાળવ્યા તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું. મેં પહેલાં જ વાત કરી હતી કે, ભૂતકાળની સરકારોમાં આદિવાસી સમાજને એમ કહી શકાય કે ભગવાન ભરોસે છોડી દીધો હતો એમ કહીએ તો પણ મારી વાત ખોટી નથી પણ આજે નરેન્દ્રભાઇ મોદી સાહેબને એટલા માટે યાદ કરવા પડે કે આ ગૃહના અમે બધા સાક્ષી છીએ. વર્ષ ૨૦૦૬ની અંદર આ જ વિધાનસભામાં નિયમ ૭૭ હેઠળ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે

આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે એટલે કે, રોડ–રસ્તા, આરોગ્ય, વીજળી, સિંચાઈના કામો કરવા માટે વનબંધુ કલ્યાણ યોજના અલગથી આદિવાસી સમાજ માટે જાહેરાત કરી અને ૨૦૦૭થી ૨૦૨૫ સુધી, અત્યાર સુધી ૩.૨ લાખ કરોડ કરતાં પણ વધારેનો ખર્ચ આદિવાસી વિસ્તારના વિકાસના કામો માટે કર્યો છે અને એના કરતાં પણ મને આનંદ એ વાતનો છે કે, આજે અંબાજીથી ઉમરગામ સુધી સોળે કળાએ જો કોઇ વિકાસ થઇ રહ્યો હોય તો એ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થઇ રહ્યો છે.અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આટલેથી જ અટકી નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાંતિભાઇ બીજી સીટ ઉપર બેઠાં બેઠાં મને ડિસ્ટર્બ કરે છે. મને રક્ષણ આપવું જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય કાંતિભાઇ, તમે બેઠાં બેઠાં આવું ન કરો. આપ મોડા આવ્યા છો એટલે પોતાના સ્થાન ઉપર બેઠાં નથી તો ત્યાં જ બેસી રહો. બીજી જગ્યાએ બેસીને અવાજ ન કરી શકાય.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હજુ પણ આદિવાસી સમાજને અન્ય સમાજની હરોળમાં લઇ જઇ શકાય તેના માટે અમારા લોકલાડીલા વડાપ્રધાન કે જેમના હૈયામાં આદિવાસી સમાજનું હિત હરહંમેશ સમાયેલું છે. આદિવાસી સમાજ જેને ભગવાન માને છે તેવા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતીએ જાહેરાત કરી કે આવનારા પાંચ વર્ષમાં આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ કરવા માટે બીજા ૩.૨ લાખ કરોડ ખર્ચ કરવાની તૈયારી ભારતીય જનતા પાર્ટીની સરકારે બતાવી છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને આ ગૃહમાં એટલા માટે વારંવાર યાદ કરવા પડે કે જ્યારે તેઓ મુખ્યમંત્રી બન્યા ત્યાં સુધી આદિવાસીના એક પણ તાલુકામાં સરકારી સાયન્સ સ્કૂલ ન હતી. શ્રી મોદી સાહેબે શાળા પ્રવેશ મહોત્સવથી આદિવાસી સમાજને ભણાવવાની શરૂઆત કરી. અગાઉની સમાજમાં શિક્ષણમાં આદિવાસી સમાજને શું સુવિધા મળતી તેના અમે બધાં સાક્ષી છીએ. કારણ કે અમે પોતે આ કૉંગ્રેસની સરકારમાં છકડું ઘોરણ મહુડાના ઝાડ નીચે ભણીને બેઠાં છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય કાંતિભાઇ, મહુડાનો ઉપયોગ બધે એ રીતે ન થાય. માનનીય સભ્યશ્રી છાંયાની વાત કરે છે. તમે શું મહુડો મહુડો લઇને બેઠાં છો. બેઠાં બેઠાં વાત ન કરો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે રાજ્ય સરકારે હજુ પણ આદર્શનિવાસી શાળા, આશ્રમ શાળ, સૈનિક શાળાઓ, એકલવ્ય રેસિડેન્સિયલ મૉડલ શાળાઓ, પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ, પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ, ભોજન અને ગણવેશ માટે આદિવાસીના લગભગ ૨૫ લાખ કરતાં વધારે બાળકો માટે ૩.૨,૪૦૦ કરોડની આ બજેટમાં જોગવાઇ કરી તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. આ ૩.૨૪૦૦ કરોડ એ આદિવાસી સમાજ માટે કંઇ નાની–સૂની વાત નથી.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી અમારા આદિવાસી સમાજના ધારાસભ્યશ્રીઓની લાગણી હતી કે, આદિવાસી દીકરીઓને આવકમર્યાદા જોયા વગર શિષ્યવૃત્તિ આપીએ છીએ અને મેડિકલ કૉલેજમાં ૩.૧૫ લાખથી ૩.૪૦ લાખ સુધીની એક એક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપીએ છીએ. તેમાં આવકની મર્યાદા અઢી લાખ રૂપિયા હતી. સમાજની અને ધારાસભ્યશ્રીઓની લાગણી હતી એટલે અમે બધા ધારાસભ્યો માનનીય મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને શ્રી હર્ષભાઇ સંઘવીને મળ્યા. મને કહેતાં આનંદ થાય છે કે આ અઢી લાખ રૂપિયાની આવકમર્યાદા એ ભારતીય જનતા પાર્ટીની સરકારે દૂર કરી અને હવે છ લાખ રૂપિયા જેટલી આવકમર્યાદા આદિવાસી વિદ્યાર્થીઓ માટે કરી છે. તેનો લાભ ગુજરાતના લાખો આદિવાસી વિદ્યાર્થીઓ લેવાના છે. લાખોની સંખ્યામાં અમારા આદિવાસી બાળકો ભણે છે. તેમના માટે સગવડો થાય, નવી આદર્શ નિવાસી શાળાના મકાનો બને, સરકારી હૉસ્ટેલોના બિલ્ડિંગો બને, એકલવ્ય રેસિડેન્સિયલ શાળાઓ બને, દીકરીઓ ભણે તેના માટે ગર્લ્સ લિટરસી સ્કૂલોની શરૂઆત થાય તેના બાંધકામ માટે લગભગ ૩.૭૦૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરી છે તે બદલ પણ હું ગુજરાતના આદિવાસી વિદ્યાર્થીઓ વતી માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. આવી અનેક યોજનાઓ આદિવાસી બાળકોને પ્રોત્સાહિત કરતી શિક્ષણની પ્રવૃત્તિઓ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થઇ. એના કારણે હવે આદિવાસી દીકરા–દીકરીઓ, યુવાનો ભણતા થયા છે ત્યારે હવે એમની નવી માગણી હતી કે, 'અમને હવે આદિવાસી વિસ્તારમાં વાંચવા માટે લાઇબ્રેરી મળવી જોઇએ.' મને કહેતા આનંદ થાય છે કે, અમે સરકારમાં રજૂઆત કરી અને આદિવાસી સમાજ જેને ભગવાન માને છે એવા ભગવાન બિરસા મુંડાજીના નામથી આદિવાસી તાલુકાઓમાં હવે લાઇબ્રેરીઓ બનાવવા માટે પણ આ બજેટમાં જોગવાઇ કરી એ બદલ પણ રાજ્ય સરકારનો હું ખૂબ–ખૂબ આભાર માનું છું. ભૂતકાળમાં આદિવાસી વિસ્તારોમાં રસ્તાઓના અભાવે ફોર વ્હીલ ગાડીઓ પણ નહોતી જતી. બસ જવાની તો વાત જ દૂર પણ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં પહેલાં તાલુકાના મુખ્ય રસ્તાઓ બની ગયા, મુખ્ય ગામને જોડતા રસ્તાઓ બનાવ્યા, ત્યારપછી ૫૦૦ની વસતિવાળા ફળીયાના રસ્તાઓ બનાવ્યા અને આ બજેટમાં આદિવાસી ધારાસભ્યોની રજૂઆત ધ્યાને રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદિવાસી વિસ્તારના રસ્તાઓ અને પુલો બનાવવા માટે ૩.૯૫૦ કરોડની જોગવાઇ કરી છે એ બદલ હું રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. આપણને બધાને ખ્યાલ છે કે ગુજરાતના વિકાસ માટે જે મોટા ડેમો બનાવવામાં આવ્યા એ સંપૂર્ણ ડેમો આદિવાસી વિસ્તારમાં બનાવ્યા પરંતુ, જે તે વખતની સરકારોએ આ વિસ્તારના નજીકમાં રહેવા છતાં પણ આદિવાસી વિસ્તારોને આ ડેમોમાંથી સિંચાઇનું પાણી આપવામાં નહોતું આવતું. ભારતીય જનતા પાર્ટીની સરકારને સલામ કરવી પડે કે જે અમારા આદિવાસી વિસ્તારો ઉકાઇ ડેમથી ૮૦૦ ફૂટની ઊંચાઇ પર હતા એવા તાલુકાઓમાં હજારો–કરોડો રૂપિયાની સિંચાઇની યોજનાઓ આવા આદિવાસી વિસ્તારમાં પહોંચાડી છે અને એના માટે બજેટ જોગવાઇ કરી

છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપવા પડે. જે જિલ્લાઓ સિંચાઇ વિહોણા હતા જેવા કે, દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ જેવા જિલ્લાઓમાં રૂ.૫૪૯૭ હજાર કરોડ રૂપિયાની મંજૂરીની મ્હોર મારવામાં આવી અને લગભગ ૧૮ જેટલા તાલુકાઓમાં દાહોદ, ગોધરા અને છોટાઉદેપુરમાં ૧.૫૦ લાખ એકર આદિવાસી ખેડૂતોની જમીનને પિયતનો લાભ મળવાનો છે. અમારા શ્રી કાન્તિભાઇ અહીંયા બેઠાં છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી કાન્તિભાઇ, તમે એક બાજુ કહો છો કે વાત કરો અને બીજી બાજુ ડિસ્ટર્બ કરો છો. એમાં મજા નહીં આવે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં ઉકાઇનું પાણી આવ્યું છે. હું બધા ગામનો દાખલો આપતો નથી. એક જ ગામનો દાખલો આપું છું કે જ્યાં કાન્તિભાઇ અભેસિંહભાઇની આગેવાનીમાં કમિટીમાં મુલાકાત માટે આવ્યા હતા. જે ગામમાં ચોમાસામાં કંઇ નહોતું પાકતું એ ગામમાં હવે ત્રણ પાકો લેવામાં આવે છે. એક જ સીઝનમાં રૂ.ત્રણ કરોડના તલ પાક્યા અને ડેરીમાં દરમહિને ૩૦ લિટર દૂધ જતું હતું એની જગ્યાએ આજે દરમહિને ૧ લાખ લિટર દૂધ ડેરીઓમાં જાય છે. આ પરિવર્તન સિંચાઇ યોજનાઓના કારણે ભા.જ.પ. સરકારે અમારા આદિવાસી વિસ્તારમાં કર્યું છે અને આવતા વીકમાં જ રૂ.૯૦૦ કરોડના ખર્ચે સુરતના તાપી જિલ્લામાં સિંચાઇ યોજનાનું ઉદઘાટન માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરાવવાના છીએ.

ઉપાધ્યક્ષશ્રી : કાન્તિભાઇને લઇ જજો એટલે કોઇ સમસ્યા ન રહે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું તો કહું કે આખી સરકાર અમારી યોજના જોવા આવે. ખરેખર સફળ યોજના છે અને સમગ્ર વિધાનસભાના સભ્યશ્રીઓને આમંત્રણ આપું છું કે અમે વ્યવસ્થા કરીશું. આપ સૌ પધારો એવી મારી વિનંતી છે. આટલાથી અમારી સરકાર અટકી નથી. આ ગુજરાતમાં લગભગ ૨૬ હજાર જેટલા આદિમ જૂથના ભાઇઓ કોટવાળીયા, કાથોડિયા અને ગોવાળિયા રહે છે એને ભૂતકાળની સરકાર ઓળખતી પણ નહોતી. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતમાં હતા ત્યારે આવા લોકોની પણ સેવા કરી જ છે. કેન્દ્રમાંથી એમના માટે જનધન યોજના જાહેર કરી. અને આ બજેટમાં અમારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે રૂ. ૧૨૫ કરોડની યોજના થકી આવા પ્રિમિટીવ મારા આદિવાસી ભાઇ–બહેનો માટે સગવડ કરી, એ માટે હું એમનો આભાર માનું છું. આપણને બધાને ખબર છે કે આ ૨૧મી સદી ટેકનોલોજી, મોબાઇલ અને કોમ્પ્યુટરની સદી છે એમાં આદિવાસી સમાજ પાછળ રહી જાય તો આપણને કોઇ કાળે ચાલે એવું નથી. અમે ધારાસભ્યશ્રીઓએ માનનીય મુખ્યમંત્રી સાહેબને રજૂઆત કરી કે હજી આદિવાસી વિસ્તારના કેટલાક વિસ્તારો એવા છે જ્યાં મોબાઇલની કનેક્ટિવિટી નથી તો એમણે આ બજેટમાં આદિવાસી વિસ્તારમાં જેટલા જોઇએ એટલા મોબાઇલ ટાવરો ઊભા કરવા માટે હાલ પૂરતી રૂ. ૨૫ કરોડની જોગવાઇ કરી, એ બદલ હું રાજ્ય સરકારનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક વખત કોંગ્રેસના મિત્રો આદિવાસી વિસ્તારમાં એક જ પ્રચાર કરતા હતા કે જંગલની જમીનો અપાવો, જંગલની જમીનો અપાવો. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના આગેવાનીમાં અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર અંબાજીથી ઉમરગામ સુધી અત્યાર સુધી મારા આદિવાસી સમાજના લાભાર્થી ભાઇ–બહેનોને વ્યક્તિગત દાવા, સામૂહિક દાવા અને માળખાકીય સુવિધાઓમાં ૧૩ લાખ એકર કરતાં વધારે જગ્યા આપી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે અને આવનારા દિવસોમાં અમે સાચા લાભાર્થીઓને આ લાભ આપવાના છીએ. આદિવાસી સમાજનો ગૌરવવંતો ઇતિહાસ તો સમગ્ર ગૃહ જાણે છે પરંતુ ભૂતકાળમાં સરકારોએ એની કયારેય કદર કરી ન હતી. અમારા લોકલાડિલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપવા પડે કે જેમને આદિવાસી સમાજ ભગવાન માને છે એવા ભગવાન બિરસા મુંડાજીનો જન્મ દિવસ એટલે તારીખ ૧૫મી નવેમ્બર. ભારત સરકારે એને જનજાતિ ગૌરવ દિવસ જાહેર કર્યો. આખા દેશમાં ધૂમધામથી ઉજવણી થઇ અને અમારા મુખ્યમંત્રી સાહેબે જાહેરાત કરી કે આદિવાસીની ૨૭ સીટો ઉપર હવે તારીખ ૧૫મી નવેમ્બરે આદિવાસી ગૌરવ દિવસ ધૂમધામથી આખા ગુજરાતમાં ઉજવવામાં આવશે એ બદલ હું મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. આદિવાસી સમાજના ઐતિહાસિક સ્થળો અને ધાર્મિક સ્થળોને વિકસાવવા માટે ભૂતકાળની સરકારોએ *(**xxx**) છે. આદિવાસી સમાજનો ઇતિહાસ આપણે વાંચીએ તો આઝાદીની લડાઇમાં સૌથી વધારે શહાદત કોઇએ વ્હોરી હોય તો આદિવાસી સમાજે વ્હોરી છે. આપણા ગુજરાતમાં આવેલા માનગઢને કયારેય યાદ કરવામાં આવતું ન હતું. વર્ષ ૧૯૧૩માં ૧૫૦૦ જેટલા આદિવાસી, અંગ્રેજો સામે લડતાં લડતાં શહીદ થયા પણ એનો કયારેય કોઇ વિકાસ કરતું ન હતું. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અત્યાર સુધી રૂ. ૭૨ કરોડ માનગઢમાં ડેવલપમેન્ટ પાછળ ખર્ચ કર્યો અને આ બજેટમાં એનો ઉલ્લેખ કર્યો કે હવે તારીખ ૧૭મી નવેમ્બરને 'આદિવાસી બલિદાન દિવસ' તરીકે માનગઢમાં રાજ્ય સરકાર ઉજવવાની છે. એ જ પ્રકારે ચાર રાજ્યોની કુળદેવી નર્મદા જિલ્લામાં આવેલ પાંડોરી માતાના મંદિરમાં હમણાં જ અમારા શ્રી ચાવડા સાહેબ જઇને આવ્યા. આશીર્વાદ લઇને આવ્યા. ભૂતકાળમાં ત્યાં વિકાસનું કોઇ કામ થયું ન હતું. અમારા માનનીય પ્રધાનમંત્રીશ્રી આવ્યા. દર્શન કર્યા અને આખા દેશ અને વિશ્વમાં અમારી કુળદેવીનો પ્રચાર થયો. ત્યાં રહેવા માટે કોઇ સગવડો ન હતી. ત્યાં ભવ્યથી ભવ્ય ધર્મશાળાઓ બને, બીજી સુવિધાઓ ઊભી થાય એના માટે અમારા માનનીય પ્રધાનમંત્રી સાહેબે અમારા માનનીય મુખ્યમંત્રી સાહેબને કહ્યું અને રૂ. ૨૦ કરોડ તાત્કાલિક મંજૂર કર્યા. ત્યાં હવે મહાશિવરાત્રીનો મેળો ભરાય છે. ૫૦ લાખ કરતાં

* આ શબ્દ અસંસદીય ગણી માનનીય અધ્યક્ષશ્રીએ અહેવાલમાંથી દૂર કરેલ છે.

વધારે લોકો ત્યાં ભેગા થાય છે. હવે પાંડોરી માતાના સ્થાને મહાશિવરાત્રીનો મહોત્સવ પણ ઊજવવાનું નક્કી કરશે. મેં વાત કરી ભગવાન શ્રી રામ અને શબરી માતા, એના માટે પણ આપે પણ પહેલ કરી હતી. આપની પાસે પ્રવાસન વિભાગ હતો. આ વખતે એનો બજેટ બુકમાં ઉલ્લેખ થયો છે કે હવે દર વર્ષે શ્રી રામ અને શબરી મિલનનો ઉત્સવ ડાંગમાં ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગઇકાલે જ અમારા શ્રી વિજયભાઇ અને મંત્રીશ્રી જયરામભાઇ જઇને આવ્યા. આ દેશમાં અનેક રાજાઓ થઇ ગયા કે જેઓ ક્યારેય અંગ્રેજો સામે નમ્યા નથી અને લડવાનું કામ કર્યું છે. આખા દેશમાં એક જગ્યાએ સાલિયાણું આપવામાં આવતું હોય તો આ ડાંગના રાજાને આપવામાં આવે છે. એ ડાંગ દરબારની ભવ્યાતિ ભવ્ય ઉજવણી થઇ. એ જ પ્રકારે આવનારા દિવસોમાં આદિવાસી સમાજ ખૂબ પ્રગતિના પથ અને વિકાસના માર્ગે જવાનો છે ત્યારે આ જંગલને સાચવવાનું કામ કર્યું હોય તો આદિવાસી સમાજે કર્યું છે. વન વિભાગની વાત કરું તો આપણને બધાને ખ્યાલ છે કે આજનો યુગ એ પર્યાવરણની ચિંતાનો યુગ છે. હવામાનમાં પરિવર્તન, જૈવિક વૈવિધ્યતામાં ઘટાડો, કુદરતી સંશાધનો ઉપર વધતું જતું દબાણ આ વૈશ્વિક પડકારો સામે ભારત અને સમગ્ર વિશ્વ ઝઝૂમી રહ્યું છે ત્યારે ગુજરાત આ દિશામાં ખૂબ સજાગ છે. સંવેદનશીલ રીતે એના માટેની દૃઢતા દર્શાવે છે કે ગૌરવ સાથે કહી શકાય કે ગુજરાત પર્યાવરણ ક્ષેત્રમાં જંગલો બચાવવાના ક્ષેત્રમાં ખૂબ કામ કરી રહ્યું છે. માત્ર ઉદ્યોગોનો જ વિકાસ ગુજરાતમાં થયો છે એવું નથી, ગુજરાત રાજ્યમાં ભૌગોલિક દ્રષ્ટિએ પણ ખૂબ સમૃદ્ધ રાજ્ય છે. વન વિસ્તારની બહાર સામાજિક વનીકરણની વાત કરું તો સને ૨૦૨૧માં પ્રતિ હેકટર ૨૫.૭૪ લાખ જેટલા વૃક્ષો નોંધાયા હતા. આજે સને ૨૦૨૫માં જ્યારે ગણતરી થઇ ત્યારે ૨૮.૮૦ લાખ જેટલા વૃક્ષો નોંધાયા છે. એનો મતલબ ગુજરાતમાં વૃક્ષારોપણની કામગીરી સરકારની સાથે સાથે પ્રજા પણ જોડાયેલી છે એ વાતનો આપણને બધાને આનંદ છે. એ જ પ્રકારે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સરકારની સાથે વન વિભાગની સાથે લોકોને કેવી રીતે જોડી શકાય એના માટે ઐતિહાસિક સ્થળ હોય, ધાર્મિક સ્થળ હોય ત્યાં સાંસ્કૃતિક વનોની શરૂઆત કરી અને અત્યાર સુધીમાં ૩૪ સાંસ્કૃતિક વનોનું નિર્માણ ગુજરાતમાં કરવામાં આવ્યું અને છેલ્લે ગયા વર્ષે ખેડા જિલ્લામાં ગલતેશ્વર ખાતે ગલતેશ્વર વનનું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. એ જ પ્રકારે અત્યારે જ અમારા આદરણીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા સાહેબે જવાબ આપ્યો કે ચેરના વૃક્ષોના વાવેતરમાં પણ ગુજરાત પાસે ખૂબ મોટો દરિયાકિનારો હોઇ, આજે દેશમાં અવ્વલ નંબરે ચેરના વૃક્ષો ઉગાડવાનું કામ કર્યું હોય તો ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. સમગ્ર દેશ જેના ઉપર ગૌરવ કરે છે, ગુજરાતને જેના ઉપર ગૌરવ છે એવા સિંહોની વસ્તી એક સમયે ૪ અને ૨ ઉપર આવી ગઇ હતી. સરકારની સાથોસાથ લોકો સહયોગમાં જોડાયા અને સને ૨૦૨૫માં ગણતરી થઇ અને સિંહોની ગણતરી માટે જી.આઇ.એસ. અને એ.આઇ.નો ઉપયોગ થયો, ડિજિટલ કેમેરાનો ઉપયોગ થયો. ૩૮૫૪ લોકો એમાં જોડાયા અને મને કહેતા ગૌરવ થાય કે સિંહોની વસ્તીમાં ૩૨ ટકાનો વધારો થયો અને હાલમાં ૮૯૧ જેટલા એશિયાટિક સિંહો ગુજરાતમાં નોંધાયા છે. એટલે આ અંદાજપત્ર માનનીય કનુભાઇ લઇને આવ્યા છે એ ગુજરાતનો સર્વાંગી વિકાસ કરનારું બજેટ છે એને હું મારો ટેકો આપું છું અને આપ સાહેબે વિચારો રજૂ કરવાની તક આપી એ બદલ આપનો ખૂબ ખૂબ આભાર. ધન્યવાદ.

શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬–૨૭નું બજેટ ૩.૪,૦૮,૦૫૩ કરોડની સામે ૩.૪,૩૦,૦૦૦ કરોડનું દેવું લઇને આવનારું આ બજેટના દસ્તાવેજો જોતા એટલું ચોક્કસ કહી શકાય કે આ બજેટ એ વિકાસનો દસ્તાવેજ નથી. પણ દેવા અને *(**xxx**) દસ્તાવેજ હોય એવું સ્પષ્ટ રીતે લાગી રહ્યું છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : *(**xxx**) શબ્દ હું દૂર કરું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજાના પરસેવાના ટેક્સના પૈસાથી આ બજેટ બને અને એમાં જ્યારે દસ્તાવેજો જોતા એટલું ચોક્કસ કહી શકાય કે આ બજેટ એ વિકાસનો દસ્તાવેજ નથી પણ દેવા અને *(**xxx**)નો દસ્તાવેજ હોય એવું સ્પષ્ટ રીતે લાગી રહ્યું છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : * (**xxx**) શબ્દ હું દૂર કરું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજાના પરસેવાના ટેક્સના પૈસાથી બજેટ બને એમાં ગુજરાતની પ્રજાની જે આશા અને અપેક્ષા હોય એ પ્રતિબિંબિત ના થતા પ્રજામાં નિરાશા આવતી હોય છે ત્યારે ગુજરાત સરકાર વિકાસના સપના વેચી રહી હોય એવી આ બજેટમાં વાતો કરે પણ વાસ્તવિકતા એવી છે કે ગુજરાતની જનતા પોતાના પ્રશ્નો, સમસ્યાઓ અને વેદનાઓ માટે જનઆક્રોશ સાથે રસ્તા ઉપર ઉતરીને પોતાના હક અને અધિકારની લડાઇ લડી રહી છે. બજેટની ચોપડીમાં જ્ઞાનની વ્યાખ્યા કરવામાં આવી છે. જ્ઞાન સામે અત્યારે વાસ્તવિકતા જોઇએ તો આ બજેટ જોયા પછી એટલું ચોક્કસ કહી શકાય કે આ બજેટમાં ગરીબો માટે આશા નથી, યુવાઓ માટે દિશા નથી, અન્નદાતાઓ માટે ન્યાય નથી અને મહિલાઓ માટે સુરક્ષાની વાત નથી. અહીંયા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અને આ ગૃહના સભ્યએ વારંવાર એમના પ્રવચનમાં જનઆક્રોશ યાત્રાની વાત કરી. હું, તુષારભાઇ અને અમારા સાથીઓ આખા ગુજરાતમાં સાડાપાંચ હજાર કિલોમિટરની જનયાત્રાઓ કરી અને દરેક જગ્યાએ (અંતરાય)...

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શ્રી અમિતભાઇ વાત એ છે કે આ વિધાનસભા છે. જનઆક્રોશની વાત ત્યાં કરતા હોય તો ભલે પણ અહીંયા ના થવી જોઇએ એટલી વાત છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું કહુ છું કે ત્યાં જનતાની વચ્ચે જઇને પૂછ્યું કે તમારા પરસેવાના પૈસાથી જે બજેટ બને છે એમાંથી તમને શું આશા અને અપેક્ષા છે? એમાંથી તમને શું મળ્યું? તો વાસ્તવિકતાઓ આખા ગુજરાત પાસે જોઇ છે, જાણી છે અને સાંભળી છે એ જોતાં એટલું ચોક્કસ કહું કે જ્યારે બજેટ આવવાનું હતું ત્યારે ગુજરાતના ખેડૂતોને આશા અને અપેક્ષા હતી કે આર્થિક રીતે પાયમાલ થયા છે તો આ બજેટમાં અમારા ખેડૂતોના સંપૂર્ણ દેવાની માફીની વાત આવશે પણ ખેડૂતોની આશા અને અપેક્ષા ઉપર પાણી ફળી વળ્યું છે. સાથેસાથે દર વખતે નુકસાની થાય તો આ ગુજરાતના ખેડૂતોની આશા અને અપેક્ષા હતી કે પાક વીમા યોજના આવશે પણ એનો એકપણ અક્ષર આ બજેટની ચોપડીમાં જોવા ના મળ્યો. ગુજરાતના યુવાનોની આશા અને અપેક્ષા હતી કે મોંઘું શિક્ષણ લીધા પછી જે સરકારી પદો ખાલી છે એ તમામ ખાલી પદો પર ભરતી થશે અને ફિક્સ પગાર, કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગના શોષણમાંથી મુક્તિ મળશે. ગુજરાતના કર્મચારીઓને આશા અને અપેક્ષા હતી કે 'સમાન કામ, સમાન વેતન' નો અધિકાર મળશે. ઓલ્ડ પેન્શન સ્કીમ માટેની એમની લડાઇ છે એના માટેની વાત આ બજેટમાં આવશે એમાંનું કંઇ જોવા ના મળ્યું. ગુજરાતની આંગણવાડીની બહેનો છે, મધ્યાહ્ન ભોજનના કર્મચારીઓ છે, વી.સી.ઇ. છે કે જે ફિક્સ કોન્ટ્રાક્ટથી સરકારના વિવિધ વિભાગોમાં સેવા આપે છે એમની માંગણીનો સંઘર્ષ હતો કે સમાન કામ–સમાન વેતનનો અધિકાર મળે એવી એકપણ વાત આ બજેટમાં જોવા ના મળી. મોંઘવારીનો માર સહન કરતી ગુજરાતની ગૃહિણીઓ આજુબાજુના રાજ્યોમાં રૂ.૫૦૦માં ગેસની બોટલ મળતી હોય તો એને પણ અપેક્ષા હતી કે ૧૫૬ની બહુમતિ સાથે અમે સરકાર બનાવી છે તો એ સરકાર અમને મોઘવારીમાંથી અમને રાહત આપશે, રૂ.૫૦૦માં બોટલ આપશે પણ એનો એક શબ્દ પણ આ બજેટમાં જોવા ના મળ્યો. હું જોતો હતો કે વારંવાર વાત નીકળે કે પ્રધાનમંત્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી કહેતા હતા કે, મારી બહેનોને કંઇ તકલીફ પડે તો એક પચાસ પૈસાનું પોસ્ટકાર્ડ લખજો પણ હવે તો પોસ્ટકાર્ડનો ભાવ વધી ગયો પણ ગુજરાતની બહેનો જ્યારે બીજાં રાજ્યોના બજેટ જોવે અને ત્યાંના બજેટમાં લાડલી બહેના યોજના આવે. હું અહીંયા દસ્તાવેજ જોતો હતો કે કેટલાં રાજ્યોમાં આવી યોજનાઓ ચાલે છે તો દિલ્હી, છત્તીસગઢ, હિમાચલપ્રદેશ, હરિયાણા, ઝારખંડ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, તામિલનાડુ, વેસ્ટ બંગાળ આખા દેશનાં આટલાં બધાં રાજ્યોમાં લાડલી બહેના યોજના ચાલે. દર મહીને મહિલાઓના ખાતામાં સીધી કેશ ટ્રાન્સફર થાય. ગુજરાતની આ ડબલ એન્જિનની સરકાર કહેવાય જેનું એક એન્જિન હંમેશા મોંઘવારી વધારવાનું કામ કરે છે. અને એનું બીજું એન્જિન હંમેશા ભ્રષ્ટાચાર કરવાનું કામ કરે છે. આ ડબલ એન્જિન માટે આ ગુજરાતની બહેનો લાડલી નથી પણ અળખામણી હોય એવી રીતે અહીંયા તો એના માટેનો કોઇ ઉલ્લેખ પણ કરવામાં ન આવ્યો. અહીંયા કામદારો માટે લઘુત્તમ વેતનની માંગ હતી. મનરેગાના કામદારોને હતું કે અમારો પગાર વધશે. અહીંયા એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., માઇનોરિટી સમાજને એમ હતું કે અમારી વસતિના પ્રમાણમાં બજેટ વધશે. અમારા વિસ્તારમાં વિકાસનો લાભ મળશે પણ એવી પણ ક્યાંય વાત જોવા ના મળી. ગુજરાતની સૌથી વધુ રોજગારી આપતા જે એમ.એસ.એમ.ઇ. છે, લઘુ મધ્યમ કદના જે ઉદ્યોગો છે એમને પણ હતું કે અમને મોટા ઉદ્યોગોની સાથે સરખામણીમાં વીજળીમાં રાહત મળશે, ટેકસમાં રાહત મળશે, જમીનો સસ્તી મળશે પણ એવી કોઇપણ વાત આ બજેટમાં જોવા ના મળી. કુપોષણ માટે આપણે બધા જ શરમ અનુભવીએ છીએ. વર્ષોથી બજેટ ફાળવાય પણ કુપોષણમાં આજે આપણું આખા દેશમાં ક્યાં સ્થાન છે એ સ્થાન જોઇએ તો *(**xxx**). આ બજેટો ફાળવાયા પછી પણ કશું થતું નથી. અહીંયા દેશનાં બીજાં રાજય સાથે ખાલી સરખામણી કરીએ તો સોશિયલ વેલફેર અને ન્યુટ્રિશન માટે એવરેજ ૮ ટકા બજેટ ફાળવવાની વાત છે, અહીંયા ગુજરાતમાં ૪ ટકા ફળવાય છે. એગ્રીકલ્ચર માટે આખા દેશનો એવરજ ૫.૭ ટકા ફળવાય, ગુજરાતમાં ૪.૩ ટકા, રૂરલ ડેવલપમેન્ટમાં આખા દેશમાં ૪.૯ ટકા ગુજરાતમાં ૨.૬ ટકા. પોલીસ કે જે સુરક્ષાની વાત છે આખા દેશમાં એવરેજ ૪ ટકા ફળવાય ગુજરાતમાં ૩ ટકા એટલે આ બજેટ સાથે સંમત થઇ શકાતું નથી.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય સભ્યશ્રી બોલતા હતા એટલે મેં એમને રોકયા નહીં પણ જેટલા અસંસદીય શબ્દપ્રયોગ થયા છે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.... *(**xxx**).

ઉપાધ્યક્ષશ્રી : એ જોઇ લઇશું. એ તો શરૂઆતમાં જ ***(xxx)** શબ્દ મેં કઢાવી નાખ્યો હતો. (અંતરાય) એમણે કોઇ વિષય નથી આપ્યો, જે કંઇ શબ્દ હોય તેની વાત કરી. શરૂઆતમાં જ ***(xxx)** શબ્દ જે હતો એ બજેટને રીલેવન્ટ દસ્તાવેજને આપણે ***(xxx)** નહીં કહી શકીએ એટલે મેં ***(xxx)** શબ્દ રદ કર્યો હતો તેમ છતાં પણ જો કોઇ હશે તો રદ કરીશું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દો કોઇની માનહાની કરવા નથી કહ્યા, પણ આપણે કુપોષણ ને કારણે..

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : તો પછી મારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કરવો છે. નિર્ણય મને આપજો, કારણ કે મેં તો વિનંતીથી કહ્યું છે. હું કહું છું કે *(**xxx**) આ શબ્દપ્રયોગ અસંસદીય છે, આવા કોઇપણ પ્રકારના શબ્દો હોય તો એમને દૂર કરવા જોઇએ. મેં એમને ડિસ્ટર્બ નથી કર્યા.

ઉપાધ્યક્ષશ્રી : મેં કહ્યું છે આ પ્રકારના કોઇપણ અસંસદીય શબ્દો હશે એ રેકર્ડ ઉપરથી દૂર કરીશું.

---

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૦૮, ૧૯૪૭ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી માવજીભાઇ મ. દેસાઇ (ઘાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું રાજય સરકાર દ્વારા રજૂ કરાયેલા સંતુલિત અને સર્વસમાવેશીય અંદાજપત્રને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય ઉપમુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી જે લઇને આવ્યા છે એમને અભિનંદન પાઠવું છું અને મારી વાતની હું શરૂઆત કરું છું.

મારા વિસ્તારની ઘણાં વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે ખૂબ પછાત હતો અને સરકારી કોલેજ, સાયન્સ, કોમર્સ અને આર્ટસ કોલેજ માટેની જે રજૂઆત હતી એ આ બજેટની અંદર એ કોલેજને મંજૂર કરી છે એ બદલ હું રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને આભાર પણ માનું છું. સાથેસાથે મારા બનાસકાંઠા વિસ્તારની અંદર બનાસકાંઠાનો જે પશ્ચિમ ભાગ છે એ નર્મદાના પાણીથી આખો વિસ્તાર ખૂબ લીલોછમ બન્યો છે જયારે પૂર્વ વિસ્તાર હતો એમાં મારો મતવિસ્તાર ઘાનેરા હતો એ ઘાનેરાની અંદર પાણીની પાઇપલાઇન ૧૫૦૦ કરોડના ખર્ચે આપી અને મોટા ભાગના ગામોના તળાવો ભરવાનું કામ કર્યું છે એ બદલ પણ હું માનનીય મુખ્યમંત્રીનો આભાર માનું છું. દાંતીવાડાથી સીપુ જળાશય જે લીંક યોજના હતી એ યોજનાની અંદર પણ પાણી આપવાનું કામ રાજય સરકારે કર્યું છે, એમનો આભાર માનું છું. સાથેસાથે કૃષિમંત્રીશ્રી જીતુભાઇએ ગુજરાતની અંદર આ વખતે જે રાહત પેકેજ જાહેર કર્યું અને જગતનો તાત જે ખેડૂત છે ત્યારે ખેડૂતોને ખૂબ મોટી આર્થિક સહાય કરી છે, એ બદલ પણ રાજય સરકારનો આભાર માનું છું. તાજેતરમાં સમગ્ર ગુજરાતમાં બટાટા પકવતાં ખેડૂતો છે એના ભાવ મફતમાં થઇ ગયા છે અને એ સમગ્ર વિસ્તારમાં ખેડૂતો પાયમાલ થયા છે. તો હું રાજય સરકારને વિનંતી પણ કરું છું કે જે રીતે બીજા બધા પાકોનો એમ.એસ.પી. છે એ રીતે બટાકાના પાકમાં પણ ખેતીમાં કાંઇ વળતર મળે અને ખેડૂતોને સહાય મળે એવી પણ હું રાજય સરકારને વિનંતી કરું છું.

શ્રી હેમંતભાઇ હ. આહિર (જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે મેં નક્કી કર્યું હતું કે કોઇ ટીકા-ટિપ્પણી વિના મારે ગૃહમાં સારાં સૂચન કરવાં છે પણ ગઇ કાલે ગૃહના સન્માનનીય સભ્ય અને કૃષિમંત્રીશ્રીએ એમની *(**xxx**) બતાવી અને અમારા નેતાઓ પર જે ટિપ્પણીઓ કરી...

ઉપાધ્યક્ષશ્રી : તમે સીધી વાત પર આવો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત પર જ આવું છું.

ઉપાધ્યક્ષશ્રી : આપ નામજોગ વાત કરો છો. એ વાત યોગ્ય નથી. *(**xxx**) એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરું જ છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : એ બાબતે માનનીય અધ્યક્ષશ્રીએ ગઇકાલે ચેર ઉપરથી વાત કરી દીધી છે. એવું ન કહી શકે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રીએ એવું કહ્યું હતું કે 'છેલ્લી કક્ષાનો' શબ્દ એ અસંસદીય નથી માટે હું બોલ્યો છું. તમે રેકર્ડ પર જોઇ લેજો.

ઉપાધ્યક્ષશ્રી : એ ગઇકાલની વાત છે. એનો ઉલ્લેખ આજે તમે ન કરી શકો. આપનું પ્રવચન પૂરું થાય છે. (અંતરાય) મેં પહેલાં જ કહ્યું હતું કે બે જ મિનિટનો સમય છે. રાજકીય અવલોકન કરતા નહીં.

શ્રી <#Mi /અર્જુનભાઇ દે. મોઢવાડિયા/Mi #> (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે ગુજરાતની અને ગૃહની જે પ્રગતિ થઇ રહી છે એ બાબતે એક ધ્યાન દોરવાનું છે. જ્યારે દેશ અને દુનિયાની સામે કોવિડ-૧૯નો પડકાર આવ્યો ત્યારે બધા લોકો એમ માનતા હતા કે ભારતની ઇકોનોમી તૂટી જવાની છે. અવ્યવસ્થા અને અંધેર સર્જાશે અને દુનિયામાં તો ચારે બાજુ અવ્યવસ્થા અને અંધેર સર્જાઇ ચૂક્યા હતા. આજે પણ જે ઇકોનોમી તબિયે ગઇ છે એમાંથી દુનિયા બહાર નથી આવી. ભારત જ એક એવો દેશ નીકળ્યો કે જેણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇની આગેવાનીમાં આ કોવિડ-૧૯ની ચેલેન્જને તકમાં બદલી નાંખી. એ વખતે દેશના લોકોને બચાવવાનો સૌથી મોટો પ્રશ્ન હતો. એના માટે દવાઓની જરૂર હતી અને દવાઓ ભારતમાં બનતી હતી. આપણે એક પણ દવાની ક્યાંય ખોટ સર્જાવા દીધી નહિ. એટલું જ નહિ પણ દુનિયાના દેશોને પણ દવા આપી. બીજો પડકાર વૅક્સિન બનાવવાનો અને દેશના ૧૪૦ કરોડ લોકોને આપવાનો હતો. દુનિયાનો કોઇ દેશ એવો નહોતો કે ભારતની ૧૪૦ કરોડની જનતાને વૅક્સિન પૂરી પાડી શકે. આપણો ઇતિહાસ એમ કહે છે કે વૅક્સિન બનાવતાં દાયકાઓ જાય છે. મહિનાઓ નહિ પરંતુ અઠવાડિયાઓમાં ભારતના વૈજ્ઞાનિકોએ એક નહિ ત્રણ વૅક્સિન બનાવી. આપણને વિશ્વાસ અપાવ્યો કે તમે આગળ વધો, જે ખર્ચ થશે એના માટે ભારત સરકાર તૈયાર છે. વૅક્સિન બની અને એક પણ રૂપિયો લીધા વગર ૧૪૦ કરોડ લોકોને આપણે વૅક્સિન આપી છે. ભારત વૅક્સિન નું હબ બન્યું. બીજો પડકાર એ આવ્યો કે દુનિયામાં મેન્યુફેક્ચરિંગ પ્રોસેસ બંધ થઇ ગઇ. તેમાં અત્યારના જમાનાના સૌથી કી-પાર્ટ્સ સેમિકન્ડક્ટર જે ફક્ત મુઠ્ઠીભર દેશો બનાવતા હતા ત્યાં પ્રોડક્શન બંધ થઇ ગયું અને તેના કારણે આપણા સહિત દુનિયામાં તમામ દેશોની મેન્યુફેક્ચરિંગ એસેમ્બલી લાઇન ડિસ્ટર્બ થઇ ગઇ. કોઇએ અગાઉ કલ્પના નહીં કરી હોય કે આવા સમયે શું કરવું? આપણા યશસ્વી પ્રધાનમંત્રીએ આ પડકારને તકમાં બદલ્યો. આપણા દેશના ટૅક્નોલૉજી વહીવટકર્તાઓ, નીતિ નિર્ધારણ કરનારાને કહ્યું કે આપણે આ સેમિકન્ડક્ટર ભારતમાં બનાવીશું. એ વખતે માનનીય પ્રધાનમંત્રીને કહેવામાં આવ્યું કે આ પહેલાં બીજા પ્રધાનમંત્રીઓએ પણ પ્રયાસ કર્યા છે. એવું ન હતું કે તેના માટે કોઇએ પ્રયાસ કર્યા ન હતા. છેક વર્ષ ૧૯૫૦થી પ્રયાસો થતા હતા પરંતુ આપણે ત્યાં એવી ઇકોસિસ્ટમ કે વ્યવસ્થા ન હતી. ટૅક્નોલૉજીનો અભાવ હતો એટલે કોઇ ભરોસો કરતું ન હતું. એક

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પણ ઇન્ડસ્ટ્રી આવવા તૈયાર ન હતી. એ વખતે આ દુનિયાની હાઇટિક ઇન્ડસ્ટ્રીઓએ શ્રી નરેન્દ્રભાઇ પર વિશ્વાસ મૂક્યો અને દુનિયાની પાંચ થી છ કંપનીઓ ભારત આવવા તૈયાર થઇ. તેમાંની ચાર ઇન્ડસ્ટ્રીઝ ગુજરાતમાં આવી. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, દેશનું સૌથી પહેલું એ.ટી.એમ.પી. ફેસિલિટી સેમિકન્ડક્ટરની માઇક્રોન સેમિકોનનું ઉદ્ઘાટન આવતીકાલે આપણા યશસ્વી પ્રધાનમંત્રી કરવા જઇ રહ્યા છે. આ માત્ર એક ફેક્ટરીનું ઉદ્ઘાટન નથી પરંતુ ભારતનો નવા યુગમાં પ્રવેશ છે. માનનીય અમિતભાઇ વાત કરતાં હતાં કે યુવાનોને શું મળ્યું? યુવાનો અમેરિકા જતાં હતાં. હું ગઇકાલે સાણંદ ગયો હતો. અમેરિકામાં ભણેલા લોકો ફરી પાછા આપણે ત્યાં આવી રહ્યા છે. અમેરિકામાં જે લોકો સી.ઇ.ઓ. છે તે આપણી કંપનીના સી.ઇ.ઓ. બનવા આવી રહ્યા છે. અમેરિકામાં જે એક્ઝિક્યુટિવ છે તે આપણા દેશમાં આવી રહ્યા છે. દુનિયાના અનેક દેશોની નજર આજે ભારત પર છે. ભારત એક નવા યુગમાં પ્રવેશ કરી રહ્યો છે અને નવા યુગને આગળ લઇ જવાનું કામ યુવાનો કરવાના છે ત્યારે યુવાનોને હતોત્સાહ કરવાની જરૂર નથી. આપણને સૌને આપણી યુવાપેઢી ઉપર વિશ્વાસ છે કે આવતીકાલે આ ટેક્નોલોજી વાહક બની માત્ર સેમિકન્ડક્ટર નહીં પણ આ ફ્યુચરીસ્ટિક ઇન્ડસ્ટ્રીઝનું નેતૃત્વ ભારત અને ભારતના યુવાનો કરવાના છે. ભારતનું નેતૃત્વ રાજકીય ક્ષેત્રે તો ગુજરાત કરી રહ્યું છે પણ ટેક્નોલોજીમાં પણ ભારતનું નેતૃત્વ ગુજરાત કરવા જઇ રહ્યું છે તેનો સૌથી મોટો આનંદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇએ હમણાં વાત કરી કે, ગુજરાતના લોકોને શું મળ્યું? જ્યારે કમોસમી વરસાદ પડ્યો ત્યારે કોંગ્રેસની 'એ' ટીમ અને કોંગ્રેસની 'બી' ટીમ બંને ટીમ મગફળીના ઉંદરિયા ઉપર કેમેરા તાકી તાકીને કહે કે, મારા ખેડૂતને આમ થઇ ગયું, મારા ખેડૂતને આમ થઇ ગયું. બીજું કશું કરવાનું નહીં. એક જ વીડિયો ચલાવવાનો અને તેમાં 'બી' ટીમ તો બહુ નિષ્ણાંત. રોજ ઉઠીને આ સડકમાં ખાડો પડી ગયો, આ સડકમાં ખાડો પડી ગયો. અરે! ઘરમાં પણ કલર કરવો પડે તેમ રોડને પણ પાંચ વર્ષે રીકાર્પેટ કરવો પડે. ખાડા પડે અને બુરાઇ, પણ કેટલા રસ્તાઓ બન્યા તેની વાત નહીં કરે. ખાડા પૂરવા માટે કોઇ દિવસ રજૂઆત કરવા નહીં જાય. કોઇ અમારી પાસે કે અધિકારીઓ પાસે નહીં જાય. તેમ ઉંદરિયા ઉપર મારો ખેડૂત મરી ગયો તેવા રોજ મરસિયા ગવાતા હતા.એ વખતે વરસાદ ચાલુ હતો. હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. એમણે કહ્યું કે, તમારા વિસ્તારમાં જઇને જોઇ આવો અને ખેડૂતોને પૂછી આવો કે કેટલી જરૂરિયાત છે. માનનીય કૃષિ મંત્રીશ્રી અહીં બેઠા છે. અત્યાર સુધીના ગુજરાતના ઇતિહાસમાં ૩.હજાર થી ત્રણ હજાર કરોડનું પેકેજ આવ્યું છે. અમે બધાએ વિચાર કર્યો કે ૧૬ હજાર ગામડાઓમાં આ પેકેજ આપવું પડશે. તો આપણે ભારત સરકારના નિયમ પ્રમાણે આપીએ તો ૩.૫ હજાર કરોડ આપવા પડે. અમે બંને વાત કરતા હતા. અમે કીધું કે ૩.૫ હજાર કરોડ આપે તો ઘણું કહેવાય. બધા ખેડૂતોને સંતોષ થઇ જાય. આ માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનું છું. ૩.૬૬ હજાર એક ખેડૂત દીઠ આપવાની જાહેરાત કરવામાં આવી અને કહ્યું કે સરવે કરવો નથી. આ ૧૬ હજાર ગામડાઓનું યુનિટ બનાવી દો. બધાને પેકેજ આપવાનું જ છે. ત્રણ દિવસમાં સરવે થઇ ગયો. આ વીડિયોવાળા ફરતા હતા અને મારો ખેડૂત મરી ગયો એમ કરતા હતા. આ વીડિયો પૂરો કરી લીધો ત્યાં જાહેરાત થઇ ગઇ અને આટલા જ સમયની અંદર ઓનલાઇન સરવે થઇ ગયો અને ૩.૧૦ હજાર નહીં પણ ૩.૧૧ હજાર કરોડ એના ખાતામાં જમા થઇ ગયા. અમારી પેઢીઓ જતી રહી. કોઇ દિવસ ખેડૂતના ખાતામાં પૈસા નંખાતા જોયા છે? તલાટી મંત્રી પાસે ૭/૧૨ અને ૮/અ લેવા જતા હતા એના ૧૫ રૂપિયા થતા હતા. હવે બધું જ ઓનલાઇન થઇ ગયું છે. એ પછી પ્રશ્ન ઊભો થયો કે આ મગફળી તો ભીંજાઇ ગઇ છે. લેવાની કેવી રીતે? કદાચ એમાં એક ટકો બે ટકા આઘાપાછું હોય તો પણ બધી મગફળી લેવાઇ ગઇ. ૩.૧૫ હજાર કરોડની મગફળીનાં નાણાં ખેડૂતોનાં ખાતામાં આવ્યાં. ૩.૨૫ હજાર કરોડ હિન્દુસ્તાનના ઇતિહાસમાં કોઇએ ખેડૂતોના ખાતામાં નાંખ્યા હોય તો આ ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે નાખ્યા છે. એની સામે દિલ્હીથી અને પંજાબથી આવીને કહે કે અમે તો ૩.૬ હજાર કરોડનું પેકેજ આપ્યું છે. ૩.૫ હજાર કરોડનું પેકેજ આપ્યું છે. ૩.૬૦૦ કરોડ પંજાબના ખેડૂતોના ખિસ્સામાં આજની તારીખે પડ્યા નથી. છે જ નહીં હોય તો આપે ને? બધું તળિયાઝાટક કરી નાંખ્યું છે. હું એની પછી વાત કરવાનો છું. અહીંયા આપણી પાસે વકીલાત કરે છે. કરજની વાતો કરતા હતા. મારા ઘણા મિત્રો વેપાર–ધંધો પણ કરતા હશે. લોન પણ લેતા હશે. હું લોન લેવા જાવ તો મને કહે કે, કારની લોન માંડ મળશે. કારણ કે, મારો સિબિલનો સ્કોર ઓછો છે. અમારા શ્રી બળવંતસિંહભાઇને લોન જોઇતી હોય તો એમને ૩.૧૦૦ થી ૨૦૦ કરોડની લોન મળે. એમની પેમેન્ટ કરવાની ક્ષમતા ઊંચી છે. કરજ કોણ લઇ શકે? માર્કેટમાં જેની શાખ હોય એ લઇ શકે. શ્રી પ્રકાશભાઇ વરમોરા મને વારંવાર કહે કે, આપણી ક્ષમતા જી.એસ.ડી.પી.ના ૨૭ ટકા લોન લેવાની છે તો એટલી લોન લેવી જ જોઇએ. આપણી પાસે ક્ષમતા છે અને રિઝર્વ બેન્કે પરમિટ કરેલું છે. પણ આપણે ચૌદથી સાડા ચૌદ ટકા લોન લઇએ છીએ. આખા દેશમાં જો સસ્તામાં સસ્તી લોન કોઇને મળતી હોય તો એ ગુજરાતને મળે છે. પહેલાં મને ખબર છે કે પગાર કરવાના પૈસા ન હતા એટલે રિઝર્વ બેન્કમાંથી ઓવરડ્રાફ્ટ લેતા હતા. અંબાજી મંદિરમાંથી લેતા હતા.

ઉપાધ્યક્ષશ્રી : વચ્ચે અવાજ કરશો નહીં.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા તો સરપ્લસ રહે છે અને એ આપણી ક્ષમતા છે. આપણે કરજ મર્યાદામાં એટલા માટે રહીએ છીએ કે આપણી પાસે રેવન્યુ રિસોર્સિસ એટલા છે કે વધારે કરજ લેવાની જરૂર પડતી નથી. હું તો માનનીય કનુભાઇને કહું છું કે આનાથી વધારે કરજ લો. વધારે કામ કરો એનું કારણ છે કે વિકાસના કામો માટે પૈસા જોઇએ અને પૈસા માટે જેમાં, પ્રોડક્ટીવ ઇન્કમ થતી હોય પ્રોડક્ટીવ એસેટ બનાવવી જોઇએ. એમાં પણ આપણે ખૂબ મર્યાદા રાખી છે. ગુજરાતમાં આપણું ફાઇનાન્સિયલ હેલ્થ કેવું છે એની થોડી વાત કરવી છે. આપણું બજેટ રૂ. ૪ લાખ કરોડનું

હશે. આપણા કરતાં બીજાં રાજ્યોના રૂ. ૫ લાખ કરોડ, રૂ.૭ લાખ કરોડ, રૂ. ૮ લાખ કરોડ સુધીના બજેટની સાઇઝ છે. એમાં કમિટેડ અને નોન કમિટેડ એક્સ્પેન્ડિચર કેટલા છે, એના ઉપર આપણી આ ફાઇનાન્સિયલ હેલ્થની કસોટી થઇ છે. ત્રણ ખર્ચ એવા હોય છે કે જે ખર્ચ તમારે આવક હોય, સારી સ્થિતિ હોય કે ખરાબ સ્થિતિ હોય પણ તમારે આપવા પડે. પહેલો ખર્ચ કર્મચારીઓના પગાર, બીજો કર્મચારીઓના પેન્શન અને ત્રીજો તમે જે ઉછીના પૈસા લીધા છે એનું વ્યાજ આ ત્રણેય આપવું પડે. આને કમિટેડ એક્સ્પેન્ડિચર કહેવાય. જેને તમારે એક સાઇડમાં જ રાખી દેવાના. આપણે ઘરમાં વીજળીના બિલના પૈસા કેમ એક સાઇડમાં રાખી દઇએ છીએ એમ આ એક સાઇડમાં જ રાખી દેવાના. હવે એ બાદ કરતા જે પૈસા વધે એ તમે વિકાસનાં કામોમાં, પ્રજાને સબસિડીઓ આપવામાં કે બીજામાં વાપરી શકો. આપણો કમિટેડ એક્સ્પેન્ડિચર કેટલો છે અને બીજાં રાજ્યોનો કેટલો છે એ હું કહું છું. જે રાજ્યમાં પહેલાં કોંગ્રેસની એ–ટીમ રાજ કરતી હતી અને હવે બી– ટીમ રાજ કરે છે એવા પંજાબમાં, કમિટેડ એક્સ્પેન્ડિચર ૮૫ ટકા છે એટલે રૂ. ૧ લાખ કરોડનું બજેટ બને તો રૂ.૮૫૦૦૦/– પગાર, પેન્શન અને દેવાના વ્યાજમાં આપી દેવા પડે અને એમના નેતા અહીંયા આવીને આપણને સલાહ આપે કે તમારે આમ કરવું જોઇએ, તમારે તેમ કરવું જોઇએ. કોંગ્રેસની બી–ટીમ બંગાળમાં છે, એનું કમિટેડ એક્સ્પેન્ડિચર ૭૦ ટકા છે. ગુજરાતનું કમિટેડ એક્સ્પેન્ડિચર ૪૭ ટકા છે. રૂ. ૧૩ લાખ કરોડ કરતાં વધારાની રકમ આપણે વિકાસના કામોમાં વાપરી શકીએ છીએ એનું કારણ જે ઘરનો આગેવાન દૂરંદેશી હોય એ ઘરમાં હંમેશા લક્ષ્મી રહે. આ ઘરના આગેવાન શ્રી નરેન્દ્રભાઇ મોદી છે. તેઓ આ વ્યવસ્થા આપીને ગયા છે. અત્યારે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર છે અને એને ભામાશા જેવા નાણામંત્રી મળ્યા છે કે કયારેય રૂપિયા ખૂટે નહીં. ગૃહના બધા ધારાસભ્યશ્રીઓને અનુભવ હશે. મંત્રીમંડળના કોઇપણ સભ્ય હોય કે અમારી આ યોજના માટે પૈસા જોઇએ છે, હજી સુધી માનનીય ભૂપેન્દ્રભાઇએ કે નાણામંત્રીશ્રીએ ના પાડી હોય એવું મને યાદ નથી. શ્રી જીતુભાઇ વાઘાણી કૃષિ મંત્રી તરીકે પ્રાકૃતિક ખેતી માટે યોજનાઓ લઇને આવ્યા એની સાથે અનેક યોજનાઓ લઇને આવ્યા. અમારા મંત્રીમંડળના બીજા સભ્યો અનેક યોજનાઓ લઇને આવ્યા. એની માગણીઓની ચર્ચા આવશે ત્યારે આપણને એમની પાસેથી ખબર પડશે કે શું શું કરવાના છે. એટલા માટે કે અમારા ભામાશા મજબૂત છે. અમારા ઘરના મોભી મજબૂત છે. સમજદાર છે. શું કરવું જોઇએ અને શું ના કરવું જોઇએ એની ખબર છે. મેં વાત કરી એ પ્રમાણે બીજાં રાજ્યોની આવી સ્થિતિ છે. ગુજરાતની શ્રેષ્ઠ સ્થિતિ છે.રેવન્યુ ખાધ છે એ ૩ ટકાની મર્યાદામાં રહેવી જોઇએ. એના બદલે ૧ ટકાથી ઓછી ૦.૭૦ ટકા જેટલી માંડ માંડ ગુજરાત રાજ્યની છે. એટલે જ આજે ગુજરાત મોડેલ રાજ્ય બન્યું છે. એનું કારણ એ છે કે આપણું નાણાકીય વ્યવસ્થાપન સૌથી મજબૂત છે. કોરોના આવ્યો, બીજી તકલીફો આવી, ક્યારેય કોઇનો એક રૂપિયાનો હપ્તો કે એક રૂપિયાનું વ્યાજ એક દિવસ નહીં એક કલાકનું નથી કર્યું. આપણે બધું સમયસર કરીએ છીએ. અહીંયા મેં કહ્યું એમ જે આપણું કરજ છે એ કેટલું હોવું જોઇએ? જી.એસ.ડી.પી.નું કોઇને ૩૦ ટકા તો કોઇને ૨૭ ટકા આપે છે. આપણે સારું રાજ્ય છે એટલે ૨૭ ટકા આપે છે. બીજા રાજ્યો છે એના પ્રમાણમાં આપણે ક્યાં છીએ? આપણું કરજ છે એ જી.એસ.ડી.પી.ના ૧૭.૫ ટકા છે. જ્યારે બીજાં રાજ્યો છે એને ૩૧ ટકા, ૩૨ ટકા, ૩૬ ટકા અને ૪૫ ટકા અને પંજાબનું ૫૫ ટકા સુધીનું આટલું બધું કરજ એના માથે છે. એનું કારણ છે. આ બધાએ અહીંયા બેઠા હોય અને સામે બેઠા હોય પૈસા ઉડાવી દેવા બહુ સહેલા છે. એક સમયે આ પંજાબનો કેસ સ્ટડી કરવા જેવો છે એની સામે ગુજરાતનો પણ કરવા જેવો છે. આખા દેશનો ભણેલો માણસ, અભણ માણસ પંજાબની જનતાની પ્રશંસા કરતો હોય. હું, આપ અને બધા કહેતા કે પંજાબ આપણા ધન–ધાન્યનો ભંડાર. સૌથી પ્રગતિશીલ રાજ્ય હતું. એનો કોઇ મુખિયા સારો ન આવ્યો એના કારણે આજે પંજાબની સ્થિતિ એવી છે કે એક પણ નવું કામ ન કરી શકે. એટલું જ નહીં પણ નવી પેઢીને દિશા ન આપી શક્યા. એટલા માટે આજે ડ્રગ્સનું હબ બની ગયું છે. એનું બીજું કારણ શું હોય? આ જ એક કારણ છે અને એની ચિંતા આપણને બધાને છે. કારણ કે આખરે આપણા ભાઇઓ છે. પણ કમનસીબી એ છે કે ત્યાં એવા શાસકો આવ્યા કે લગભગ બધું સફાચટ કરી ગયા. એનાથી આગળ જઇએ તો આપણું ગુજરાત ક્યા ક્યા ક્ષેત્રોમાં આગળ છે? અહીંયા આવી અને બાયનોક્યુલર લઇને એકાદ ખૂણો જોઇ લેવાથી ગુજરાતની પ્રગતિનો ખ્યાલ ન આવે. અમારા મિત્રોને કોઇપણ વિકાસનું કામ હોય તો હંમેશા એમનો વિરોધ જ હોય. અહીંયા હતા ત્યારે માનનીયશ્રી નરેન્દ્રભાઇએ બુલેટ ટ્રેનની વાત કરી હતી. સને ૨૦૧૪માં ગયા અને કહ્યું કે બુલેટ ટ્રેન સાકાર થશે જ. બધા મિત્રો સાક્ષી છે, હું ત્યારે કહેતો હતો કે વિકાસનાં કામો કરીશું તો એ ઊભું થઇને રહેવાનું. ત્યારે એવું કહેવાશે કે કોંગ્રેસવાળા એનો વિરોધ કરતા હતા. આખરે થયું જ એવું, આજે બુલેટ ટ્રેન વાસ્તવિકતા તરફ જવા જઇ રહી છે. દેશની પહેલી ટ્રેન કોણ લઇ આવ્યું? તો કહે શ્રી નરેન્દ્રભાઇ મોદી લાવ્યા. આટલા નવા એરપોર્ટ લાવ્યા, દરેક ક્ષેત્રમાં નવીનતા લઇ આવ્યા. બસ સ્ટેશનમાં જાઓ, રેલ્વે સ્ટેશનમાં જાઓ, બધી જગ્યાએ ગુજરાતમાં આપણે ઇનોવેશન જોઇએ છીએ. હું રોજ રેલ્વેમાં ૩૦ વર્ષથી મુસાફરી કરું છું. રેલ્વેના ડબ્બામાં બેઠા હોય ત્યારે એમ થાય કે શાંતિથી સૂઇ જઇએ, પણ એના ટોયલેટમા જવાય નહીં અને અમદાવાદ જેવું સારું સિટી એનું સારું પ્લેટફોર્મ છતાં પ્લેટફોર્મ પર ઊભું રહેવાય નહીં એનું કારણ એ છે કે આટલા વર્ષોમાં કોઇએ ટોયલેટ બાયોટોયલેટ હોવું જોઇએ એનો વિચાર કોઇ દિવસ ના થયો. આજે દેશની એક પણ ટ્રેઇન એવી નથી કે જેમાં બાયોટોયલેટ ના હોય અને મને ગૌરવ છે કે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે પહેલું વહેલું ઓપન defaced/developed city જાહેર કર્યું હોય તો મારું પોરબંદર જાહેર કર્યું હોય તો એ આખા દેશમાં પહેલું છે. અહીંયા આપણે બેઝિક ફેસિલિટીની કોઇ દિવસ ચિંતા ના કરી. એવા ઘણા મારા સાથી મિત્રો હશે કે જેમના ઘરમાં ટોયલેટ ના હતા એટલે ટોયલેટ માટે બહાર જવું પડતું હતું. આજે કલ્પના કરો કે ટોયલેટ ના હોય તો શું સ્થિતિ થાય? અને એ વખતની કલ્પના કરો? આપણે તો ઠીક છે પુરુષ હતા પણ આપણી બહેનોની શું હાલત હશે? બીમાર હોય,

કોઇને પેટમાં તકલીફ હોય, આજુબાજુમાં કયાંક ખુલ્લી જગ્યા ના હોય અને એણે પીડા કેટલી પેઢીઓ સુધી ભોગવી હશે? એની ચિંતા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી અને આજે એકપણ ટોઇલેટ વગરનું ઘર ના રહે એની કાળજી લીધી. આ ફંડામેન્ટલ ચેઇન્જિસ થયા એ અહીંયા લઇ આવ્યાં. આવી અનેક નાની નાની બાબતો છે. ગુજરાતમાં પણ એવી અનેક બાબતો છે. પરિવર્તનો કેટલા આવ્યા? એ હું પછી કહીશ. આજે ગુજરાત એવડું મોટું રાજ્ય નથી. આપણા કરતાં મોટા રાજ્યો તમિલનાડુ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, બંગાળ અને બીજાં ઘણાં રાજ્યો છે પણ દેશનું ઇન્વેસ્ટમેન્ટ થયું હશે અને આખા દેશમાં કોઇ એક જગ્યાએ કહીએ તો એમ કહેવાય કે એ ગુજરાત છે. જે રોકાણ થયું છે એમાં ગુજરાત પહેલા નંબરે છે. ૩. ૩૫ લાખ કરોડનું ઇન્વેસ્ટમેન્ટ ગુજરાતમાં થયું છે. હું સામે બેસીને ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટના આંકડા માગતો હતો ત્યારે ૧ થી ૧૦માં રાજ્યમાં ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટમાં ગુજરાતનું કયાંય નામ ન હતું. એની જગ્યાએ આજે ગુજરાત ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટમાં ત્રીજા નંબરે આવ્યું છે. આપણે વાસ્તવિકતામાં તો પહેલા નંબરે છીએ. પરંતુ મોટાભાગની કંપનીઓ ઇન્વેસ્ટમેન્ટ કરવાવાળી છે એ મુંબઇ પસંદ કરતી હોય છે એના કારણે આપણે ત્રીજા નંબરે આવીએ છીએ અને એમાં થોડાક આંકડા માટે પાછળ રહીએ છીએ. બાકી આપણે લગભગ બીજા નંબર ઉપર ફોરેન ડાયરેક્ટ ઇનવેસ્ટમેન્ટમાં છીએ. ગુજરાત એ દેશનું મેન્યુફેકચરિંગ હબ છે અને જો આપણી કોઇ કેપિસિટી હોય તો એ મેન્યુફેકચરિંગ, એગ્રિકલ્ચર ઇનોવેશનમાં છે એના કારણે બધાની નજર આપણા ઉપર રહેતી હોય છે. મેં કહ્યું એ પ્રમાણે જે મેજર ઇન્ડસ્ટ્રીયલ સ્ટેટ મહારાષ્ટ્ર, ગુજરાત, તામિલનાડુ, કર્ણાટક અને ઉત્તરપ્રદેશ છે. આપણે અને મહારાષ્ટ્રમાં જે પહેલો સ્ટેક લેતું હોય તો કયારેક મહારાષ્ટ્ર લે છે, કયારેક આપણે લઇએ છીએ. મહારાષ્ટ્ર આપણા કરતાં પોણા બે ગણું મોટું રાજ્ય છે છતાંયે એની બરોબરીમાં આપણે આવીએ છીએ. આપણે ત્યાં લગભગ ૩. ૪ લાખ કરોડ આસપાસ ઇન્વેસ્ટમેન્ટ આવે છે અને મહારાષ્ટ્રમાં ૩. ૪.૩ લાખ કરોડનું ઇન્વેસ્ટમેન્ટ આવ્યું છે. એ ઉપરાંત, સેકટરવાઇઝમાં ગુજરાત ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝમાં નંબર વન છે, ઇન્ડિયાનું ૩૩ ટકા ફાર્માસ્યુટિકલ પ્રોડક્શન માત્ર ગુજરાતમાં થાય છે. ઇન્ડિયાનું ફાર્માસ્યુટિકલ એક્સપર્ટમાં ૨૮ ટકા સાથે ગુજરાત નંબર વન આવે છે. ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝમાં એવા પ્લાન્ટ છે કે જે યુનાઇટેડ સ્ટેટના એફ.ડી.એફ. એપ્રુવ્ડ એવા ૧૩૦ પ્લાન્ટ માત્ર ગુજરાતમાં છે. ફાર્માસ્યુટિકલ પછી ગુજરાત ટેક્સટાઇલનું પણ હબ છે. આપણે ટેક્સટાઇલમાં પણ નંબર વન છીએ. કપાસ ઉત્પાદન કરવામાં પણ આપણો ખેડૂત નંબર વન છે અને ટેક્સટાઇલના પ્રોડકશન કરવામાં પણ આપણે નંબર વન છીએ. દેશનું ૩૭ ટકા જે કોટન છે, ટેકસટાઇલ છે એ ગુજરાતમાં ઉત્પન્ન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ટેક્સટાઇલના ક્ષેત્રમાં આપણે હબ છીએ અને નવા નવા સેકટર, ટેકનિકલ ટેકસટાઇલ, મારા સુરતના બધા મિત્રોને ખબર હશે કે જે અત્યાર સુધી ઇમ્પોર્ટ કરતા હતા એ ટેકનિકલ ટેક્સટાઇલ હવે આપણે એકસપોર્ટ કરતા થઇ ગયા છીએ અને આપણે ગૌરવ સાથે કહી શકાય કે એશિયાનું અને ભારતનું જો ટેક્સટાઇલનું જો કોઇ હબ હોય તો એ ગુજરાત છે અને ગુજરાતમાં સુરત છે. એક સાઇકલ પણ પહેલાં કોઇ પાસે નહોતી, પ્રગતિ શું થઇ એનો માપદંડ આ છે. હું ખેતરમાં રહેતો હતો અને ત્યાંથી મારી શાળા સાડા ચાર કિલોમિટર થાય. નવમા ધોરણ સુધી હું ચાલીને આવતો અને ચાલીને જતો. રોજ નવ કિલોમીટર ચાલવાનું, અને એક સાયકલ આવી હતી તો મારી આજુબાજુના છોકરાઓ એ દોઢસો રૂપિયાની સાઇકલ જોવા આવતા હતા. હું માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલનો અને માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનું કે આજે આપણી દીકરીઓને સરકાર સાયકલો આપે છે. આ આપણી પ્રગતિ છે અને એ સાયકલ ચાલેને એવા રસ્તાઓ પણ આપે છે. પહેલાં તો રસ્તાઓ પણ નહોતા, પહેલાં સાયકલ પણ નહોતી બનતી એની જગ્યાએ આજે આપણું ગુજરાત ઓટોમોબાઇલ હબ બની ગયું છે, શું કરવા બન્યું? એના માટે ૩૬ની છાતી જોઇએ. માનનીય શૈલેષભાઇ, તુષારભાઇ આંકડા આપતા હતા ૩૩ હજાર કરોડ રૂપિયા નેનોને આપ્યા. આંકડાઓ ઉભા કરેલા હતા એ વાંચતા હતા. આજે હું એમ કહું છું કે આજે ગુજરાતની અંદર મારૂતિ સુઝુકી છે, ટાટા મોટર્સ છે, એમ.જી. મોટર્સ છે, હોન્ડા પણ છે. પાંચ કંપનીઓ આજે ઓટોમોબાઇલ્સ બનાવે છે અને એમાં પણ હમણાં આપણા સુઝુકી સાથે કરાર થયા અને એના કારણે દેશનું ઓટોમોબાઇલ હબ કયાંય બનશે તો એ ગુજરાતમાં બનવાનું અને દસ લાખ મોટરના ઉત્પાદન સાથે સુઝુકી નંબર વન આવશે અને દુનિયાની અંદર સુઝુકી છે એનો સૌથી મોટો પ્લાન્ટ આપણે ત્યાં બનવા જઇ રહ્યો છે અને આ માત્ર કોઇનું મૂડીરોકાણ નથી એમાં હજારો લાખો લોકોની રોજી આવેલી છે, અને લાખો કરોડો રૂપિયાનો આપણને ટેકસ પણ આમાંથી જ મળે છે. ગુજરાત સદ્ધર છે એનું કારણ એ છે કે સંપત્તિનું સર્જન કરનાર લોકોનું ગુજરાત સન્માન કરે છે. મારા મિત્રો છે એ છૂપી છૂપી રીતે આ સંપત્તિનું સર્જન કરનાર લોકોને મળતા હોય છે અને અહીંયા વિધાનસભામાં બધા ઓપનલી મળે છે એને રીસ્પેકટ આપે છે, તમે અમારે ત્યાં આવો, મૂડી રોકાણ કરો, રોજગારી આપો અને ટેકસ આપો. કોઇને આંગળી ના ચીંધી શકાય એવો વહીવટ થાય છે અને એવી જ રીતે કેમિકલ્સમાં પણ ગુજરાત આખા ઇન્ડિયાનું હબ છે. ગુજરાત કેમિકલમાં પણ નંબર વન છે. ઇન્ડિયાનું ૩૫ ટકા કેમિકલ પ્રોડકટ માત્ર ગુજરાતમાં થાય છે અને એટલું જ એકસપોર્ટ થાય છે. પેટ્રોકેમિકલમાં તો ગૌરવ થઇ શકે એટલું મોટું ઉત્પાદન પેટ્રોકેમિકલ સાથે જોડાયેલું છે. રિલાયન્સ અને એસ્સાર, પહેલાં એસ્સાર હતું હવે તે નાયરા થયું આ બંન્નેનું કમ્બાઇન્ડ અને બીજી પણ રીફાઇનરી છે એની સાથે ૬૨ ટકા પેટ્રોલિયમનું ઉત્પાદન છે એ આખા દેશનું માત્ર ગુજરાતમાં થાય છે. અમને કોઇ દિવસ આ ટેક્સની રકમ ગણીને આપજો કે આ મોટા યુનિટો આવ્યા એના કારણે ગુજરાતની આવક કેટલી વધી ગઇ અને એ ન હોત તો અત્યારે આપણી આવક કેટલી હોત? આપણે દારૂ પીવડાવીને ટેક્સ નથી લેતા. એનું ૩.૨૦,૦૦૦ કરોડનું નુકસાન ગુજરાત સરકાર ભોગવે છે. દિલ્હીવાળા તો પોતાનો પણ ટેક્સ

લે અને સરકારનો પણ લે. એમાં જેલમાં જવું પડે. ફરી પાછું સુરત યાદ આવે છે. ત્યાં જેમ્સ અને જ્વેલરીનો ઉદ્યોગ છે. એમાં પણ આપણું વિશ્વમાં તો નામ છે પણ દેશમાં પણ અવ્વલ નંબરે છીએ. પહેલાં માત્ર મુંબઈમાં જે ડાયમંડ બુર્સ હતું. આજે આપણે ગૌરવપૂર્ણ રીતે કહી શકીએ કે આજે મુંબઈની બરોબરી કરી શકે એવું ડાયમંડ બુર્સ માનનીય નરેન્દ્રભાઈની પ્રેરણાથી સુરતમાં બન્યું છે. આપણે એક્સપોર્ટમાં નંબર વન છીએ. રોજગારી આપવામાં નંબર વન છીએ અને સમૃદ્ધિ વધારવામાં પણ એનો મહત્ત્વનો ફાળો છે. જે ઓવરઓલ મેન્યુફેક્ચરિંગ કેપેસિટી છે એમાં પણ આપણે નંબર વન છીએ. એમાં માત્ર ગુજરાતના લોકોને જ રોજગારી મળે છે એવું નથી પણ આખા દેશમાંથી લોકો આવે છે અને એને આપણે ક્વૉલિટી રોજગાર આપીએ છીએ. આપણું ફાઇનાન્શિયલ સેક્ટર પણ મજબૂત છે. જ્યારે ગિફ્ટ સિટી બન્યું ત્યારે કોઇને કલ્પના નહોતી કે આપણે ફિનટેકમાં કોઇની સાથે હરીફાઇ કરી શકીશું. આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાં ફિનટેક શું કહેવાય એની સરકારમાં કોઇએ કલ્પના નહોતી કરી. ફિનટેકની કલ્પના કરીને આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ હિંમતપૂર્વક ગિફ્ટ સિટીની સ્થાપના કરી. આજે દુનિયાની નજર ભારતની કોઇ બે જગ્યાઓએ હોય તો એ એક ગિફ્ટ સિટીમાં છે અને બીજી ધોલેરામાં છે. આ વિઝનરી નેતા હોય તો શું થઇ શકે એનું આ મોટું ઉદાહરણ છે. ખેડૂતની ચિંતા કરવાવાળા તો બહાર જતા રહ્યા છે. એ લોકો રોજ છાતી કૂટે છે ''મારા ખેડૂતો, મારા ખેડૂતો, મારા ખેડૂતો.'' એક વખતે આ શંકરભાઇ ચૌધરી અને જીતુભાઇ કામ કરે છે એવું કામ તો કરી જુઓ. કોઇ દિવસ નહિ કરે. કોઇ વડવાઓ પાસેથી શીખ્યા હોત તો પણ વાંધો નહોતો. ના શીખવાનું બધું શીખી ગયા પણ શીખવાનું કાંઇ ના શીખ્યા. શ્રી અમિતભાઇએ શ્રી ત્રિભુવનદાસ પટેલનું નામ ત્યાં લીધું હતું અને ત્રિભુવનદાસ યુનિવર્સિટીનો વિરોધ કરતા હતા ત્યારે આપણા લોકોને ખબર નહોતી કે 'ત્રિભુવનદાસ કોણ છે?' એમના નામે યુનિવર્સિટી બનાવી તો એનો પણ વિરોધ કરતા હતા. એમને ખબર નહોતી કે આ કોના વડવાઓ છે. અમને તો ગૌરવ છે કે ત્રિભુવનદાસ માત્ર ગુજરાતનું નહિ, ભારતનું નહિ પણ વિશ્વનું ગૌરવ છે. ડૉ. કુરિયનને ચંદ્રાબાબુ નાયડુએ આંધ્રપ્રદેશમાં બોલાવ્યા હતા કે અહીંયા આવો અને અમૂલ જેવું મોડેલ બનાવી આપો. તમને ડૉ. કુરિયન તો પ૦ મળશે પણ ત્રિભુવનદાસ પટેલ એક લઇ આવો. એવા જનપ્રતિનિધિઓ ભૂતકાળમાં હતા અને આજે અહીં બેઠા છે. એના કારણે અમૂલનો વિકાસ થયો છે. હું વર્ષ ૨૦૨૪-૨૫ના આંકડા આપું છું. આ અમૂલ ફેડરેશનની આવક ૩.૬૫,૯૧૧ કરોડની થઇ છે. બહુરાષ્ટ્રીય કંપની પણ કદાચ આટલી મોટી નહિ હોય. વિશ્વમાં ૧થી ૧૦ નંબર પર આવી શકે એવી જો કોઇ બ્રાન્ડ હોય તો એ અમૂલની બ્રાન્ડ છે અને એ ગુજરાતના ખેડૂતોની માલિકીની છે એનું આપણને ગૌરવ છે. અમૂલ ડેરીનું કુલ ટર્ન ઓવર ૩.૯૦ હજાર કરોડનું છે. એ દૂધમાં અવ્વલ નંબરે, બ્રાન્ડમાં અવ્વલ નંબરે અને ગુજરાતના ખેડૂતો જે મગફળી પકવે છે તે પણ આપણ દેશમાં નંબર વન છે. આપણે કોઇ દિવસ ખેતીની ગૌરવગાથા ગાતા નથી પરંતુ ગુજરાત એ મગફળીનું હબ છે. આપણે લગભગ ૪૦ લાખ ટન મગફળી સાથે નંબર વન પર આવીએ છીએ અને તેના પછી અડધામાં પણ બીજા રાજ્યો આવતાં નથી.

સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડક) : માનનીય અધ્યક્ષશ્રી, વિરામ બાદ બિનસરકારી કામકાજ હોવાથી અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકની વિરામનો સમય લંબાવવા માટે પ્રસ્તાવ મૂકું છું.

શ્રી શૈલેષ મ. પરમાર (કૉંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અમે સંમત છીએ.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે?(થોડીવાર બાદ) અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ફિશરિઝમાં પણ આગળ છીએ. આ ઉપરાંત બીજી અનેક બાબતોમાં હંમેશા આગળ રહ્યા છીએ. આપણે સેક્ટરવાઇઝ શું શું કર્યું છે તેની વાત કરવા માગું છું. અહીંયા શિક્ષણની વાત થાય છે. સમગ્ર દેશમાં બજેટની સાઇઝ ગમે તેટલી હોય પણ એલોકેશન કરવા માટે નહિવત રકમ વધતી હોય છે. એક બહુ મોટા રાજ્યના મુખ્યમંત્રી મને મળ્યા ત્યારે મેં કહ્યું કે, તમારા કમિટેડ એક્સપેન્ડિચર કેટલા? ત્યારે તેમણે કહ્યું કે બધું બાદ કરીને અમને ૩.બે લાખ કરોડ વાપરવા મળે છે. આપણા કરતાં લગભગ ત્રણ ગણી સીટો ધરાવે છે અને અમારા આદરણીય કનુભાઇ પાસે પણ બે લાખ કરોડ રૂપિયા કરતાં વધારે રકમ આ યોજનાઓ માટે વપરાય છે અને તેના કારણે ૩.૬૫ હજાર કરોડ શિક્ષણમાં વાપરવામાં આવ્યા છે. જે લોકો રોજ ગુજરાતના નામની *(**xxx**) તેમને કહું છું કે એકાદ રાજ્ય બતાવો કે જે ૬૫ હજાર કરોડ રૂપિયા વાપરતું હોય. માનનીય નરેન્દ્રભાઇએ વડાપ્રધાન બન્યા પછી આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓની યોજનામાં ૧૦ ટકા અનામત રાખવાનો ગુજરાત સરકારે નિર્ણય લીધો. તેમાં ફક્ત સ્કોલરશિપમાં જ વધારે મદદ કરીએ છીએ. ૩.૭૦૦-૮૦૦ કરોડની રકમ વપરાય તેમાં કોઇને *(**xxx**) ન જોઇએ પણ તેની સામે એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. પાછળ કેટલી રકમ વપરાય છે. તેનું બજેટ કેટલું છે? આજે ગુજરાતનો પ્રાથમિકથી લઇને પોસ્ટ ગ્રેજયુએટ સુધીનો એકપણ વિદ્યાર્થી એમ ન કહી શકે કે મારી પાસે પૈસા નથી એટલે હું નહીં ભણી શકું. મહિલા અને બાળ વિકાસ માટે ૩.૭૬૯૦ કરોડની રકમ વાપરવા

* આ શબ્દ અસંસદીય ગણી માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવેલ છે.

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માટેની જોગવાઇ કરી છે. મોટાભાગની વસતી શહેરોમાં વસે છે. શહેરી વિસ્તારો માટે લગભગ ૨૬ હજાર કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે.

અધ્યક્ષશ્રી : *(**xxx**) શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત રસ્તાઓની નેટવર્કમાં દેશમાં અવ્વલ નંબરે છે. સૌથી મોટી પહેલ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારની હોય તો એ છે કે કોઇ રાજ્ય એકસાથે પાંચ જેટલાં એક્સપ્રેસ વે બનાવતું હોય તો તે એકમાત્ર ગુજરાત છે. ડીસાથી પીપાવાવ, અમદાવાદથી રાજકોટ, રાજકોટથી દ્વારકા, જેતપુરથી સોમનાથ અને રાજકોટથી પોરબંદર સુધીના એક્સપ્રેસ–વે રૂપિયા એક લાખ કરોડના ખર્ચે બનવાના છે. આ એટલા બનાવી શકીએ છીએ કે, હું ફરી પાછું રિપીટ કરું છું કે જેના વડીલો ડાહ્યા હોય તેનો પરિવાર સુખી હોય એટલે આ ગુજરાત આટલી યોજના લાવી શકે છે. એટલે થોડું ઘણું મારા મિત્રોને 'એ' અને 'બી' બંને ટીમોને કહું છું કે થોડું શીખો. પેલા તઘલખ રોડ ઉપર રહે છે, હવે તો સરનામું બદલી નાખ્યું છે તેમનામાંથી પ્રેરણા ન લો. ગુજરાતમાંથી પ્રેરણા લેવાય. મહાત્મા ગાંધી, સરદાર પટેલ જેવા ઘણા મહાપુરુષો છે તેમનામાંથી પ્રેરણા લો. અમારામાંથી લો તો કાંઇ વાંધો નહીં પણ રોજ તમને શરમમાં નાખે અને દેશને શરમમાં રાખે તેવા લોકોમાંથી પ્રેરણા ન લો. આ ટેક્નોલૉજીમાં ભારત પાછળ ન રહી જાય તેના માટેની એક ઇમ્પેક્ટ સમિટમાં ગયો હતો જ્યાં સમગ્ર દુનિયામાંથી અધ્યક્ષો આવ્યા હતા. હું આ ગૃહને કહેવા માગું છું કે, ભારતને લીડર બનાવવા માટે નરેન્દ્રભાઇએ બે પહેલ કરી. પહેલી પહેલ કરીને ફ્રાન્સ ગયા અને કહ્યું કે આપણે ઇન્ટરનેશનલ સોલાર એરલાઇન્સ બનાવીશું અને તેનું હેડક્વાર્ટર દિલ્હીમાં રહેશે. ફ્રાન્સ જોડાયું અને આજે સમગ્ર દુનિયા જોડાઇ. સોલાર, વિન્ડ અને રીન્યુએબલ એનર્જીમાં આપણો દેશ આજે દુનિયામાં નંબર વન પર છે. કોઇ દિવસ કલ્પના કરી ન હતી કે આ ઊર્જા આપણી પાસે આવશે. આપણને તો ડર લાગે અને હું ક્યારેક કહેતો કે, ''આ ઓઇલ જતું રહેશે તો આપણે શું કરીશું?'' ઓઇલની તો લિમિટેશન છે. કોઇની કલ્પના ચાલતી ન હતી ત્યાં શ્રી મોદી સાહેબની કલ્પના ચાલી અને આજે ગુજરાત દેશમાં હબ બન્યું છે. હવે એ.આઇ. ટેક્નોલૉજી આવે છે તેને આપણે ક્યારેય રોકી શકવાના નથી. તે એ.આઇ. ઇમ્પેક્ટ્સમાં ભારત લીડર બની રહ્યું છે. સમગ્ર દુનિયાના દેશો ત્યાં હતા. સમગ્ર દુનિયાના આઇ.ટી. સોફ્ટવેર, હાર્ડવેર ઇન્ડસ્ટ્રીઝના માંધાતા આવ્યા હતા. નાના દેશના મંત્રીઓને કે પ્રધાનમંત્રીઓને તો મળે પણ નહીં તેવા લોકો દિવસો સુધી અહીંયા આવીને રાહ જોતા હતા. તેની હાજરીમાં કપડાં કાઢીને ચોકમાં જવું એ કોની સલાહથી કરો છો? અને તેમાં આપણા દેશે કે તમે શું મેળવી લીધું? પણ કોઇ દિવસ આવી સમજણ નહીં આવે એટલા માટે ત્યાં બેઠાં છો. પેલા ભાઇ બેઠા છે તે પણ સો વર્ષના થાય અને ત્યાંના ત્યાં રહે અને તમે પણ ત્યાંના ત્યાં રહો તેવી હું ભગવાનને પ્રાર્થના કરું છું. હું માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇને અભિનંદન આપીને આ બજેટમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આપણે બધા અહીંયા છીએ, જે લોકો ખેતી સાથે જોડાયેલા છે એ બધા જ ધારાસભ્યશ્રીઓ પોતે જ પોતાના ખેતરમાં, જો બે ખેતર હોય તો વધારે નહીં પણ એક ખેતરમાં અથવા તો થોડા હિસ્સામાં જરૂરથી પ્રાકૃતિક ખેતી અપનાવે એવો સંકલ્પ લઇને આવે એવી મારી વિનંતી છે. આપણે બધા સાથે મળીને સંકલ્પ કરીએ.

અધ્યક્ષશ્રી : એ કરવા જેવું કામ છે. આ ખૂબ સારું છે. હું એટલા માટે કહી શકીશ કે છેલ્લાં ચારેક વર્ષથી હું કરું છું અને ખૂબ સારું પરિણામ પણ છે. લગભગ પચાસેક વિઘાનું આખું ખેતર પ્રાકૃતિક કર્યું છે અને એનું સારું પરિણામ પણ મળ્યું છે. લગભગ બે, અઢી હજાર વૃક્ષોની વચ્ચે નાનો ભૂંગો બનાવીને મારું રહેવાનું ત્યાં જ છે. ત્યાં રોકાઉ પણ છું એટલે કયારેક મારા ખેતરની મુલાકાત લેજો તો તમને આનંદ થશે. ખરેખર, બધાને ગમે છે. સારો વિષય છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ જે રીતે વાત કરી એ રીતે કો–ઓપરેટિવ સોસાયટી પાસે પણ જમીનો છે તો એમને પણ કહેવાય. જે રીતે જમીનને બદલે જમીન આપીએ છીએ એમને પણ પ્રાકૃતિક ખેતી માટે કહી શકાય.

અધ્યક્ષશ્રી : હા, ઘણું બધું છે. ઘણું બધું થઇ શકે. વિરામનો સમય થયો છે. ગૃહ ફરી ૪–૩૦ કલાકે મળશે.

(વિરામ સાંજના ૪–૦૬ થી ૪–૩૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી પૂર્ણેશ મોદી અધ્યક્ષસ્થાને

બિન–સરકારી કામકાજ

બિન સરકારી સંકલ્પો

સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા અંગેના સઘન અને જરૂરી પગલાં ભરવા અંગે

શ્રી અમૂલ ભટ્ટ (મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા તા. ૧૧મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અમદાવાદ ખાતે ગુજરાત સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. તદનુસાર રાજ્ય સરકાર દ્વારા ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટીના સહયોગથી સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે એક યોજના હાથ ધરવામાં આવી હતી. આ યોજનાના રમત જગત સાથે સંકળાયેલા વિવિધ માધ્યમો જેવા કે સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કરવા માટે ઉત્સાહિત એજન્સીઓ, રમતગમતના ક્ષેત્ર સાથે સંકળાયેલા નીતિજ્ઞો તેમજ ઉદ્યોગ સાહસિકોને એક મંચ પર લાવીને રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ એક મંચની સ્થાપના કરવામાં આવે. આમ

થવાથી રમતગમતના ક્ષેત્રને પ્રોત્સાહન મળે અને રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ રમતગમતના ક્ષેત્રો વચ્ચે સહકારની ભાવના વધે, તેમની સંસ્થાગત અને વ્યાપારી ઇકો સિસ્ટમ મજબૂત બને તેવો ઉદ્દેશ ફળીભૂત થાય. વધુમાં જુદી જુદી રમતો સાથે સંકળાયેલા રમતવીરોને પ્રોત્સાહન મળશે. રમતગમત વિશે વિશિષ્ટ જ્ઞાન ધરાવતા તજજ્ઞો દ્વારા યોગ્ય માર્ગદર્શન મળતાં રમતવીરો રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના પ્રદર્શનથી દેશને માન અપાવવા સક્ષમ બનશે. વળી રમતને લગતા તમામ પ્રકારના સાધનો દેશમાં જ બનતાં ઉદ્યોગકારોને પણ તક મળશે અને રમતગમતના સાધનો પર આપવા પડતા વિદેશી હુંડિયામણથી મુક્તિ મળશે. આ બાબત ધ્યાને લઈ સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા અંગેનાં સઘન અને જરૂરી પગલાં સત્વરે ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ગોપાલ ઇટાલિયા (વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું સુધારો રજૂ કરું છું કે,

(૧) સંકલ્પની સાતમી લીટીમાં "સ્થાપના કરવામાં આવે." એ શબ્દ પછી તુરત જ નીચેના શબ્દો ઉમેરવામાં આવે.

"રમતગમત ક્ષેત્રમાં રાષ્ટ્રીય કક્ષાએ એક મંચ બનાવવાના પ્રયાસો સાથે સાથે જો ગુજરાતના દરેક જીલ્લાઓ, તાલુકાઓ અને નગરપાલિકાઓમાં જરૂરી માળખાકીય અને સાધન સુવિધાયુક્ત રમતગમતના મેદાન બનાવવામાં આવે તેમજ સરકારી શાળામાં રમતગમતના કાયમી શિક્ષકોની ભરતી કરવામાં આવે જેથી રાજ્યમાં સારા રમતવીરો તૈયાર કરી શકાશે અને એક મંચ બનાવવાનો હેતુ સાર્થક થશે."

(૨) સંકલ્પની છેલ્લેથી બીજી લીટીમાં "કાર્યાન્વિત કરવા" એ શબ્દ પછી તુરત જ નીચેના શબ્દો ઉમેરવામાં આવે.

"દરેક તાલુકા અને નગરપાલિકામાં રમતગમતનું ગ્રાઉન્ડ બનાવવા, દરેક ગ્રાઉન્ડમાં રમતગમતનાં પૂરતાં સાધનો ઉપલબ્ધ કરાવવા, રમતવીરોને પ્રોત્સાહન મળે તે માટે પ્રોત્સાહક ઇનામ આપવા, સરકારી શાળાઓમાં રમતગમતના કાયમી શિક્ષકોની ભરતી કરવા તેમજ રમતગમતનાં સાધનો ઉત્પાદન કરતા ઉદ્યોગકારોને કરમાં રાહત આપવા"

સુધારા રજૂ કરવામાં આવ્યાં.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે, '' વ્યાયામાત્ લભતે સ્વાસ્થ્યં, દીર્ઘાયુષ્યં બલં સુખમ્, આરોગ્યં પરમં ભાગ્યં, સ્વાસ્થ્યં સર્વસાધનમ્'' અર્થાત ખેલકૂદ રમતથી આરોગ્ય, દીર્ઘાયુષ્ય અને સુખ શક્તિ પ્રાપ્ત થાય છે. આરોગ્ય સર્વોત્તમ સૌભાગ્ય છે. તે જ જીવનમાં સર્વે હેતુઓને સિદ્ધ કરવાનું સાધન છે. પશ્ચિમી સંસ્કૃત્તિમાં પણ કહ્યું છે અને આપણે સ્કૂલ કોલેજોમાં ભણ્યા છીએ કે Health is Wealth અને વડવાઓ પણ કહે છે કે પહેલું સુખ તે જાતે નર્યા. સ્વામી વિવેકાનંદથી લઈ સ્વામી સચ્ચિદાનંદ અને આપણા દેશના લોકલાડીલા વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આરોગ્ય અને યોગ સહિત સ્વાસ્થ્ય સંબંધી સમાજમાં જાગૃતિ આવે તે માટે વર્ષોથી કાર્યરત રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૧મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અમદાવાદમાં ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટી જે જોગાનુંજોગ મારી વિધાનસભા ક્ષેત્રમાં આવેલું છે તેમાં ભારતનો સૌ પ્રથમ પાયોનિરિંગ ઇવેન્ટ ગુજરાત સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સ કોન્કલેવ વર્ષ ૨૦૨૩ના રૂપમાં આયોજન પાછળનો અને મારો સંકલ્પ મૂકવા પાછળના હેતુ અને એના પરિણામો વિષે માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. વાયબ્રન્ટ ગુજરાત વર્ષ ૨૦૨૪નું આયોજન થયું હતું તેના ભાગરૂપે આ સ્ટાર્ટઅપ્સ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર, ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટી તથા સમગ્ર ભારતમાં સ્પોર્ટસ મેન્યુફેકચરિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને સહાયભૂત થવા રાષ્ટ્રીય સંસ્થા સ્પોર્ટસ કોમના સંયુક્ત પ્રયાસોથી આ કોન્કલેવનું આયોજન થયું હતું. આ કોન્કલેવનો મુખ્ય હેતુ આવનાર સમયમાં અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૩માં આપણા દેશના ગૌરવવંતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગુજરાતના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના પ્રયત્નોથી વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થનું આયોજન અમદાવાદ અને ગુજરાતમાં થનાર છે અને સંભવિત ઓલિમ્પિક વર્ષ ૨૦૩૬માં આયોજન થનાર છે તેના માટે એક વિસ્તૃત માળખું અને ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવાનો હતો. દેશના રમત ગમતના ક્ષેત્રમાં આંતરપ્રિન્યોર્સ રોકાણકારો અને આ ક્ષેત્રમાં રમત ગમતના સાધનોથી લઇને તેની માળખાકીય સુવિધાઓ સાથે સંકળાયેલા ઉત્પાદકો અને ઉદ્યોગપતિ વચ્ચે એક સુમેળ સાધીને ચેતનવંતી ઇકોનોમિક એટલે કે ઇકો સિસ્ટમ ઊભી કરવાનો આનો ઉમદા હેતુ હતો. જ્યારે એ.આઇ. આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સનો અત્યારે યુગ છે તેનો ઉપયોગ ડેટા એનાલિટીક અને વર્ચ્યુઅલ રીયાલિટીના ઉપયોગ દ્વારા રમત ગમતના ક્ષેત્રે ઉત્તમ રમતવીરોને સહાયરૂપ બનતો સપોર્ટીંગ સ્ટાફ, સ્ટ્રકચર આ બધી બાબતોને વેલ ઇન એડવાન્સ કઇ રીતે તૈયાર કરવામાં આવે? તેનું આ કોન્કલેવમાં આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના સન્માનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને રમત ગમત ક્ષેત્રે સંભાળી રહેલ હર્ષ સંઘવીજીએ કોન્કલેવના સમયે ગુજરાતને સ્પોર્ટસ ક્ષેત્રે મેન્યુફેકચરિંગ હબ બનાવવા માટેનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. સ્ટાર્ટઅપ્સ અને યુ.પી.એસ.ને આમંત્રિત કરીને યુવા ઉદ્યોગકારો અને સાહસિક ઉદ્યોગકારોને ગુજરાતમાં આવીને તેમના ઉદ્યોગો સ્થાપવા માટે આમંત્રિત કર્યા હતા. આપણે સૌ જાણીએ છીએ કે સ્ટાર્ટઅપ્સ ઇકો સિસ્ટમમાં

સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા અંગેના સઘન અને જરૂરી પગલાં ભરવા અંગે

ગુજરાત એક અગ્રણી રાજ્ય બની રહ્યું છે અને મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે ડિપાર્ટમેન્ટ ઓફ પ્રમોશન ઇન્ડસ્ટ્રીઝ અને ઇન્ટરનલ ટ્રેડ દ્વારા ઇ.સ.૨૦૧૮થી વર્ષ ૨૦૨૨ સુધી સતત પાંચ વર્ષો સુધી ગુજરાતને સ્ટેટ સ્ટાર્ટઅપ્સ ઇકો સિસ્ટમ બેસ્ટ પર્ફોમર તરીકેનો એવોર્ડ મળેલો છે અને એ આવા કોન્ક્લેવોનું પરિણામ છે. આજે વર્ષ ૨૦૨૬ના એક એનાલીસીસના માધ્યમોથી દેખાડવામાં આવે છે તેમાં જણાવ્યાં મુજબ ગુજરાતમાં ૧૬,૦૦૦ કરતા વધારે સ્ટાર્ટઅપ્સ અને ૨૦૦થી વધુ ઇન્ક્યુબેટર હાલમાં કાર્યરત છે. આપણી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ્સ પૉલિસી, ઇનોવેશન પોલિસી, એસ.એસ.આઇ.પી.૨.૦, ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પૉલિસી અને ફૂરગામી ફોરવર્ડ પૉલિસી કે જેમાં મેગાપ્રોજેક્ટ માટે આપણા નાણામંત્રીશ્રીએ ૩.૨૦૦ કરોડ સુધીના આ કેપેક ગેપની આપી છે. તેથી મને વિશ્વાસ છે કે ગુજરાત મેન્યુફેક્ચરીંગ હબ બનવાનું છે. મારી પાસે સમય ઓછો છે તે પહેલા ગૃહમાં કહેવા માગુ છું કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એવી છે કે જે અમે કહીએ છીએ તે કરીએ છીએ. આ ભા.જ.પ.ની ભરોસાની સરકાર છે. એટલે આ બધા કોન્ક્લેવ થયા એના પરિણામરૂપે અમદાવાદમાં નારણપુરામાં આદરણીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબના દૂરંદેશી નેતૃત્ત્વ અને પ્રધાનમંત્રીશ્રીનું માર્ગદર્શન લઇને કોમનવેલ્થ અને ઓલિમ્પિક ગેમ્સને ધ્યાનમાં રાખીને વીર સાવરકર સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ભવ્ય નિર્માણ થયું છે. અને ૨૧ એકરમાં ૮૦૦ કરોડના ખર્ચે અઢીથી ત્રણ વર્ષ જેટલા ટૂંકા ગાળામાં આંતરરાષ્ટ્રીય સુવિધાઓ સાથેનું આ રમતગમત સંકુલ આપણે ડેવલપ કરી શકયા છીએ. આ રમતગમત સંકુલમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્વિમિંગ પુલ, ડાઇવિંગ પુલની સુવિધાઓ યોગા લેન્ડ અને એટલે જ આ જુદીજુદી ફેસિલિટી ઊભી થાય એના માટે પણ સ્ટાર્ટઅપની જરૂર છે. છેલ્લું રિઝલ્ટ આ ગૃહને જણાવવા માગું છું કે આ ગૃહમાં આપણા આ બધા પ્રયત્નોને અંતે આપણી છેવાડાની દીકરી સરિતા ગાયકવાડ હોય, પેરા ઓલમ્પિકસમાં ભાવીના પટેલ, ક્રિકેટમાં રવિન્દ્રસિંહ જાડેજા હોય, જસપ્રીત બુમરાહ હોય, હાર્દિક પંડ્યા હોય એમણે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે એટલે હું આ સન્માનીય ગૃહને વિનંતી કરવા માગું છું કે આ મારો સંકલ્પ છે એને રાજય સરકાર સ્વીકાર કરે, આ સ્ટાર્ટઅપ કોન્કલેવ ફરી કાર્યરત કરે અને વધુ ગુજરાતી યુવાનો આગળ આવે એવી મારી આપને નમ્ર પ્રાર્થના છે. ખૂબ ખૂબ આભાર, જય જય ગરવી ગુજરાત, ભારત માતા કી જય.

શ્રી ગોપાલ ઇટાલિયા (વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે રમતગમત બાબતનો સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

હમણાંજ માનનીય સભ્યશ્રીએ જણાવ્યું કે કોમનવેલ્થનું આયોજન ગુજરાતમાં થવા જઇ રહ્યું છે. એ સારી બાબત છે. આપણા ગુજરાતને ઇન્ટરનેશનલ ઇવેન્ટની મહેમાનગતિ કરવાનો મોકો મળે એ સારી બાબત છે પરંતુ તેની સાથેસાથે મારું એક પોઝિટિવ સૂચન છે કે ગુજરાતની અંદર રમતવીરોની સંખ્યા વધારવી હોય અને ગુજરાતમાંથી શ્રેષ્ઠ ખેલાડીઓ તૈયાર કરવા હોય તો એનો પાયો શાળા કક્ષાએથી નાખી શકાશે અને એટલા માટે મેં આ સંકલ્પમાં સુધારો રજૂ કરતા જણાવ્યું છે કે ગુજરાતની દરેક સરકારી શાળામાં રમતગમતના કાયમી શિક્ષકોની ભરતી કરવી જોઇએ જે ભરતી કમસે કમ છેલ્લાં ૧૫ વર્ષથી બંધ છે. જો દરેક ગામની દરેક શાળામાં રમતગમતના સરકારી શિક્ષક હોય તો ગુજરાતના એકેએક બાળકને પ્રાથમિક શાળા કક્ષાએથી જ રમતગમતનું માર્ગદર્શન મળશે. રમતગમત બાબતે એમને પ્રેરણા પ્રોત્સાહન મળશે અને હજારો નવા ખેલાડીઓ આપણે જિલ્લા કક્ષાએથી લઇ આંતરાષ્ટ્રીય કક્ષા સુધી તૈયાર કરી શકીશું.

આ સાથે દરેક જિલ્લાઓમાં, ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં છે પણ તમામ જિલ્લાઓમાં આધુનિક સુવિધાયુકત સ્પોર્ટસ કોમ્પલેક્ષ નથી, બોટાદ જિલ્લો હોય કે અમરેલી હોય એવા અનેક જિલ્લાઓ છે કે જેમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ નથી તો આપણે જયારે આપણા રાજયને રમતગમતના ક્ષેત્રમાં ઉપર લાવવું હોય તો સરકારી શાળામાં રમતગમતના કાયમી શિક્ષકોની ભરતી કરવાથી લઇને દરેક જિલ્લાઓમાં ફરજિયાત સ્પોર્ટસ કોમ્પલેક્ષ, આધુનિક સુખ સુવિધાઓ સાથેનું તમામ ઇન્ડોર, આઉટડોર રમતો જયાં છોકરાઓ રમી શકે, તાલીમ લઇ શકે તેવા સ્પોર્ટસ કોમ્પલેક્ષનું નિર્માણ કરવું જોઇએ અને આ સાથેસાથે તમામ નગરપાલિકાઓ અને તાલુકા લેવલની જે જગ્યાઓ છે, તાલુકા હેડકવાર્ટર ત્યાં ફરજિયાત રમતગમતનું ગ્રાઉન્ડ હોવું જોઇએ. આજે ગુજરાતના અનેક છોકરાઓ આર્મી અને પોલીસની ભરતીની તૈયારી કરે છે. સવાર સવારમાં રનિંગ માટે એમને ટ્રેકની જરૂર પડતી હોય છે પણ અનેક વિસ્તારોમાં ટ્રેક નથી તો એ પોલીસ ભરતી, આર્મીમાં, એસ.આર.પી.માં જવાવાળા યુવાનોને આવી બધી સુવિધાઓ ગુજરાત રાજયના છોકરાઓને મળી રહે તો સારું. રમતગમત ક્ષેત્રમાં વ્યકિત આગળ વધે તો એનો શારીરિક માનસિક વિકાસ થાય છે.

શ્રી કેયુર ના. રોકડિયા (સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી અમુલભાઇ ભટ્ટ ગુજરાત સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કોન્કલેવ–૨૦૨૩નો જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં સમર્થન આપતા હું મારો સૂર પૂરાવું છું.

સમાજમાં આજે એક સમસ્યા બહુ ગંભીરપણે જોવા મળે છે અને આ વૈશ્વિક સમસ્યા છે કે બધા જ છોકરાઓ પોતાના ઘરમાં મોબાઇલ ઉપર જ લાગેલા હોય છે અને આ છોકરાઓ આજે જે આપણે દેશી રમતો રમતા હતા રોજ સાંજે લખોટી રમીએ, ગીલ્લી દંડા રમીએ, સાતોલીયું રમીએ, ચોમાસાની સીઝનમાં ઘોચણીયું પણ રમીએ, આવી અનેક રમતો ભૂતકાળ થઇ ગયેલ છે ત્યારે આ ઘરની અંદર મોબાઇલ સાથે વળગેલા છોકરાઓને બહાર કાઢવાનું જો કોઇ ઉત્તમ સાધન હોય તો એ આ રમતગમતનો વ્યાપ અને પ્રચાર પ્રસાર છે. જેમ અમૂલભાઇ ભટ્ટએ કહ્યું કે, શરીરને તંદુરસ્ત રાખતું, મનને ચેતનવંતુ બનાવતું, જીવનમાં શિસ્ત સમયપાલન અને ખેલદિલી જેવા ઉત્તમ ગુણો વિકસાવતી આ રમતગમતની પ્રવૃત્તિ છે. ગુજરાત સરકારે આ તમામ વિચારો સાથે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતે ટ્રાન્સસ્ટેડીયા યુનિવર્સિટી અને સમસ્ત ઉદ્યોગ ભાગીદારો સાથે તા.૧૧

સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા અંગેના સઘન અને જરૂરી પગલાં ભરવા અંગે

ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સ્ટાર્ટઅપ કોન્કલેવનું પ્રથમ સફળ આયોજન કર્યું, આ કોન્કલેવમાં સ્ટાર્ટઅપને લગતા તમામ ઉદ્યોગપતિઓ અને નીતિ ઘડનારાઓને આપણે આમંત્રિત કર્યા. એનો ઉદ્દેશ પણ રમત–ગમત ક્ષેત્રે સહકાર સાધવાનો હતો. જ્ઞાનના આદાન–પ્રદાનનો હતો અને રાષ્ટ્ર અને રાજ્યના સ્તરે સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ સાથે ગુજરાતની સંસ્થાગત અને વ્યાપારિક ઇકો સિસ્ટમ ઊભી થાય એના માટેનો હતો. ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી હતા ત્યારે વર્ષ ૨૦૧૦માં સૌથી પહેલાં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવી. આ ખેલ મહાકુંભની શરૂઆતથી જ શહેરો જ નહિ ગામડાના યુવાનોને પ્રતિભા દેખાડવાનો મોકો મળ્યો. એની સાથે શહેરોથી લઇને ગામડાઓ સુધી રમત–ગમતની અનેક સુવિધાઓ પણ ઊભી થઇ છે. વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભમાં ૧૩ લાખ રજિસ્ટ્રેશન થયા હતા. ગયા વર્ષે માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવીની આગેવાનીમાં ભારતના મણિપુર, હિમાચલ પ્રદેશ, ગોવા, નાગાલેન્ડ કે અરૂણાચલ પ્રદેશ જેવા કોઇ એક રાજ્યના સંખ્યાબળ કરતાં વધારે એટલે કે ૭૧ લાખ જેટલા રજિસ્ટ્રેશન ગત વર્ષે ગુજરાતમાં થયા છે. એટલું જ નહિ માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ''છોકરાઓને ઇનામો પણ મળવાં જોઇએ.''ગયા વર્ષે ખેલ મહાકુંભમાં ૩૯ સ્પોર્ટ્સમાં ૩.૪૫ કરોડ જેટલી રકમ રાજ્ય સરકારે ખેલાડીઓને ઇનામમાં આપી છે. વર્ષ ૨૦૦૨ પહેલાં સ્પોર્ટ્સમાં ૩.૨થી ૨.૫ કરોડની ફાળવણી હતી. હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે આ વર્ષે ૩.૧૩૦૦ કરોડ જેટલી રકમ સ્પોર્ટ્સ માટે ફાળવવામાં આવી છે. માનનીય અમૂલભાઇએ કહ્યું કે ''આ વખતે તો અમદાવાદને ઓલિમ્પિક રેડી સિટી તરીકે દરજ્જો આપવો છે. એના માટે ૩.૫૦૦ કરોડ જેટલી રકમ ફાળવવામાં આવી છે. રાજ્યમાં અલગ–અલગ જગ્યાએ સ્પોર્ટ્સ કૉમ્પલેક્ષના ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૩.૧૬૫ કરોડ જેટલી માતબર રકમ રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવી છે. એક સમય હતો કે ગુજરાતમાં ૩ સ્પોર્ટ્સ કૉમ્પલેક્ષ હતા. આજે ગુજરાતમાં ૨૪ જેટલા સ્પોર્ટ્સ કૉમ્પલેક્ષ હયાત છે. એવરેજ જોઇએ તો દર વર્ષે એક નવું સ્પોર્ટ્સ કૉમ્પલેક્ષ એક જિલ્લામાં ઊભું થઇ રહ્યું છે. આ રીતે આપણી સરકાર કામ કરી રહી છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે પણ ચિંતા વ્યકત કરી છે. ગુજરાત સરકાર દરેક જિલ્લામાં ઇન સ્કૂલ સ્પોર્ટ્સ માટે ફેસિલિટી ઊભી કરી રહી છે. એકેડેમી ઊભી થઇ રહી છે અને દરેક ડિસ્ટ્રિક્ટમાં એક સ્કૂલ ખાસ સ્પોર્ટ્સ માટે બની રહી છે. ત્યાં શિક્ષકો પણ હોય, વિદ્યાર્થીઓ એ જ સ્કૂલમાં ભણે, ત્યાં ખાવાનું, રહેવાનું અને લોજિંગ બધું જ હોય છે. દેશમાં અને ગુજરાતમાં હમણાં એક નવો ટ્રેન્ડ જોવા મળ્યો છે. કોઇ પણ વ્યક્તિ કોઇ પણ ઉંમરે સ્પોર્ટ્સ સાથે જોડાય એના માટે અનેક નવા આયામો ઊભા થઇ રહ્યા છે. હું હમણાં એક કેફેમાં કૉફી પીવા ગયો હતો. ત્યાં કૉફીની સાથે 'We are Gaming' એવો પણ સ્ટુડિયો ચાલતો હતો. હાલમાં દેશમાં પિકલ બૉલ ખૂબ મોટા પાયે રમાઇ રહ્યું છે અને ખૂબ મોટી ઉંમરના લોકો પણ એ એન્જોય કરી રહ્યા છે. હમણાં બોક્સ ક્રિકેટનો એક નવો ટ્રેન્ડ પણ ચાલુ થયો છે. લગ્નમાં વર અને કન્યાના બંને પક્ષો ભેગા થઇને એક દિવસ બોક્સ ક્રિકેટનું પણ આયોજન કરે છે. ગુજરાતમાં આ નવી સિસ્ટમ ઊભી થઇ રહી છે.ગેમનું સ્તર સુધરે, અલગ અલગ ફિલ્ડમાં ફેસિલિટી વધે, બધા જ વર્ગના લોકો રમત સાથે જોડાય, રમતગમતને લગતી ચીજવસ્તુઓ સરળતાથી અને સસ્તી મળી શકે તે આ કોન્કલેવનો મુખ્ય આશય હતો અને તેની ચર્ચા આ કોન્કલેવમાં કરવામાં આવી છે. કોન્કલેવમાં સ્ટાર્ટઅપને લગતાં અનેક બિઝનેસ પ્રપોઝલની ચર્ચા કરવામાં આવી. કોન્કલેવમાં સ્પોર્ટ્સના કપડાં, ઇક્વિપમેન્ટસ, એસેસરીઝનું ઓનલાઇન અને ઓફલાઇન રીટેલ શોપના માધ્યમથી વેચાણ થાય તેના માટે કઇ રીતે ઇકો સિસ્ટમ ઊભી થાય. સ્પોર્ટસને લગતાં ન્યુટ્રિશન્સ, સપ્લીમેન્ટ્સના વેચાણ માટેની વાત હોય, એથ્લેટ અને કોચિંગ માટેના ટ્રેનર્સની ઇકો સિસ્ટમ ઊભી થાય અમ્પાયર અને રેફરી માટેના ટ્રેનિંગના ઇન્સ્ટિટ્યૂટ ઊભા થાય. સ્પોર્ટસને લગતાં વેન્યુ ઓનલાઇન બુકિંગ થઇ શકે તે માટે નવી ઇકો સિસ્ટમ ઊભી થાય, સ્પોર્ટસની ઇવેન્ટ મેનેજમેન્ટ કંપની, સ્પોર્ટ્સના બ્લોગર્સ, સ્પોર્ટ્સને લગતું મીડિયા, કન્સલ્ટન્સી વીડિયોગ્રાફી અને કેમેરાગ્રાફી, યોગા સ્ટુડિયો, જીમ, ચિલ્ડ્રન એકેડમી જેવાં અનેકવિધ પાસાંઓ ઉપર આ કોન્કલેવમાં ચર્ચા કરીને નવી ઇકોસીસ્ટમ ઊભી કરવાની દિશામાં આ કોન્કલેવમાં ચર્ચા કરવામાં આવી છે. ગત દસ વર્ષમાં ભારતમાં સ્ટાર્ટ અપ શરૂ થયા. એમ.પી.એલ., પ્લે સ્પોર્ટસ, ગ્રેડા, ખેલો મોર, વિન્ઝો, બુક માય સ્પોર્ટ, ફિનકો, ફિન પાસ ફૂટરેક્સ જેવી સ્પોર્ટ્સને લગતી અનેક કંપનીઓના સ્ટાર્ટઅપ ઇન્ડિયામાં ઊભા થયા છે. તેની વિષયવાર ચર્ચા આ કોન્કલેવમાં અલગ અલગ ઉદ્યોગપતિ અને તેની સાથેના રોકાણકારો દ્વારા કરવામાં આવી છે. માનનીય અમૂલભાઇએ કોન્કલેવમાં જેમ કહ્યું કે, સ્પોર્ટ્સ કોમ એક મોટું ભાગીદાર હતું. તેની સાથે સ્ટાર્ટઅપ ઇન્ડિયા, આઇ હબ, ધ બ્રીજ સ્પોર્ટ્સ વર્કર, આર્ટસ મી જેવી અનેક સંસ્થાઓ આ કોન્કલેવમાં જોડાઇ હતી અને તેમાં પણ જે માનનીય સભ્યશ્રી પ્રસ્તાવમાં સુધારા મૂકીને બહાર ગયા છે તેમણે ટેક્સ ઇન્સેન્ટિવ આપવાની વાત કરી, ફંડ ઓફ ફંડ, ક્રેડિટ ગેરેન્ટી સહાય, ઇન્ક્યુબેશન સહાય, ડિજિટલ ઇનોવેશન જેવાં અનેક વિષયની ચર્ચા આ કોન્કલેવમાં કરવામાં આવી છે. દેશમાં અને સાથે આપણા રાજ્યમાં અનેક ક્ષેત્રમાં પરિવર્તન લાવવાનું કામ આ કોન્કલેવના માધ્યમથી શરૂ કરનાર ગુજરાત એ પ્રથમ રાજ્ય બન્યું છે. આવા સ્પોર્ટ્સ કોન્કલેવ ભવિષ્યમાં વધુને વધુ થશે તો રાજ્યના હિતમાં અને રાજ્યના નાગરિકોના હિતમાં વધુ સારું કામ કરી શકવાના છો તો આ સાથે આ પ્રસ્તાવને હું સમર્થન આપું છું.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ (પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી અમૂલભાઇ ભટ્ટ જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

ગુજરાતમાં રમતગમતને પ્રાધાન્ય મળે, ગુજરાતના ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આગળ વધે તેના માટે સરકાર હંમેશા સાથે હોય પરંતુ આવા સંકલ્પો લાવવાથી કે વાતો કરવાથી કંઇ થવાનું નથી. આપણેસૌ જાણીએ છીએ કે પહેલું સુખ તે જાતે નર્યા. કહેવત છે કે હેલ્થ ઇઝ વેલ્થ. હમણાં શ્રી ગોપાલભાઇએ વાત કરી કે ફિટ ઇન્ડિયા, દોડે ઇન્ડિયા, ખેલે

ઇન્ડિયા, ખેલે ગુજરાત પણ જે રીતે આજે હાયર એજ્યુકેશનની વાત કરીએ તો ગુજરાતમાં એક પણ ગ્રાન્ટેબલ, બી.પી.એડ. કૉલેજ નથી. માનનીય મંત્રીશ્રી જાહેર કરે કે ગુજરાતમાં અમે એક પણ બી.પી.એડ. કૉલેજ વિદ્યાર્થીઓ માટે ખોલી નથી. જે હતી તે પણ બંધ થઇ ગઇ. છેલ્લાં ૧૦ વર્ષથી ૨૦૧૬માં છેલ્લી કૉલેજોમાં અધ્યાપકોની ભરતી થઇ તેના પછી એક પણ ભરતી કરવામાં આવી નથી. જે કરાર આધારિત ખેલ સહાયકની ભરતી કરવામાં આવી છે તે કાયમી નથી. તેમનો પગાર માત્ર ૩.૨૧ હજાર છે. છેલ્લે જે ૫૦૭૫ શાળાઓમાં ભરતી કરવાની જાહેરાત આપવામાં આવી.એમાંથી હાલ ૫૦૭૫ જગ્યાઓ ખાલી છે. એમાંથી પ્રથમ યાદી ૪૫૬૫ની ભરતીની જાહેરાત આપવામાં આવી. એમાંથી માત્ર ૧૪૬૫ જગ્યાઓ ભરાયેલ છે. ૩૧૦૦ જગ્યાઓ આજે પણ ખાલી છે. ૮ જિલ્લામાં જિલ્લા સ્પોર્ટસ ઓફિસરની જગ્યાઓ ખાલી છે. હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી આવેલ છે. જ્યારે ગુજરાત યુનિવર્સિટીમાંથી આ યુનિવર્સિટી અલગ થઇ ત્યારે આ વિધાનસભામાં ઠરાવ થયેલો. એનો ઉદ્દેશ એ હતો કે ઉત્તર ગુજરાત એ પછાત વિસ્તાર છે અને એના વિદ્યાર્થીઓને ફાયદો થાય. આજે પણ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સ્પોર્ટસ ડિપાર્ટમેન્ટ ગ્રાન્ટેબલ નથી. સેલ્ફ ફાયનાન્સથી ચાલે છે. તમે વાત કરો છો કે ખેલે ગુજરાત, દોડે ગુજરાત આ બધાની સાથે અમે સંમત. ગુજરાતમાં ૫૦ ટકા સ્કૂલોમાં મેદાનો નથી, પ્રાધ્યાપકો નથી. દસ વર્ષથી કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૩૭૯૪ કરોડની જોગવાઇ કરવામાં આવી. એની સામે તામિલનાડુએ રૂ.૧૯૪૫ કરોડની જોગવાઇ કરી હતી. ઉત્તરપ્રદેશે રૂ.૧૦૨૮ કરોડ, બિહારે રૂ.૫૬૮ કરોડ અને ગુજરાતે રૂ.૫૨૧ કરોડની જોગવાઇ કરેલ છે. આપણે ગુજરાત નંબર વનની વાતો કરીએ છીએ અમે તમને સહયોગ અને સમર્થન આપીએ છીએ. ગુજરાતના વિદ્યાર્થીઓ માટે સ્પોર્ટસ માટે માત્ર રૂ.૫૨૧ કરોડની જોગવાઇ કરવામાં આવી. હું નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું કે આ વખતે વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ.૨૦૦૬ કરોડની જોગવાઇ કરી છે. પરંતુ એમાંથી મોટાભાગના નાણાં એ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ વાપરવાના છે. મેં જે પ્રમાણે કહ્યું કે સ્કૂલોમાં સ્પોર્ટસ શિક્ષકો હોય, કોલેજોમાં સ્પોર્ટસના પ્રાધ્યાપકો છે તો.....

શ્રી યોગેશ આર. પટેલ (આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના માનનીય ધારાસભ્યશ્રી અમૂલભાઇ ભટ્ટ જે બિનસરકારી સંકલ્પ ગુજરાત સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કોન્કલેવ-૨૦૨૩ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

આ સંકલ્પ માત્ર એક કાર્યક્રમ કે પ્રશંસા પૂરતો નથી પરંતુ રાજ્યના યુવાનોને રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રભાવશાળી બનાવવા માટે સરકારની દીર્ઘકાલીન નીતિ અને આયોજનને વિધાનસભાની સંમતિ દ્વારા મજબૂત આધાર આપવાનો પ્રયાસ છે. રમતગમત એ માત્ર મનોરંજનનું સાધન નથી પરંતુ તે શિસ્ત, સહનશક્તિ, સંયમ, સમર્પણ તથા સામૂહિક જવાબદારીના મૂલ્યોને વિકાસાવતું મહત્ત્વપૂર્ણ સામાજિક સાધન છે. રમતગમત દ્વારા યુવાનોમાં સ્વસ્થ જીવનશૈલીનું સંવર્ધન થાય છે. માનસિક સ્થિરતા વિકસે છે. સામાજિક શિસ્ત અને રાષ્ટ્રીય એકતા મજબૂત બને છે. આ સંકલ્પ રાજ્ય સરકારની આ માન્યતાને પ્રતિબિંબિત કરે છે કે રમતગમત રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં એક અનિવાર્ય ઘટક છે. ગુજરાત સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કોન્કલેવ-૨૦૨૩ રાજ્યમાં રમતગમત ક્ષેત્રના આયોજન, સંકલન અને વિકાસ માટે નીતિગત માર્ગદર્શક મંચ સાબિત થયો છે. આ કોન્કલેવ દ્વારા ખેલાડીઓને વૈશ્વિક ધોરણે સુવિધા અંગેની માહિતી પ્રાપ્ત થઇ. યુવાનોમાં રમતગમતને કારકિર્દી તરીકે સ્વીકારવાની જાગૃતિ આવી. ખાનગી તથા સહકારી ક્ષેત્રો વચ્ચે સહકાર માટે માળખું તૈયાર થયું. રમતગમત ઇન્ફ્રાસ્ટ્રક્ચર વચ્ચે વ્યવસ્થિત વિચાર-વિમર્શ કરવામાં આવ્યો. આથી આ કોન્કલેવ રાજ્યની રમતગમત નીતિ માટે સૂચક અને માર્ગદર્શક સ્વરૂપે મહત્ત્વ ધરાવે છે. ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સ્પષ્ટ અને સુવ્યવસ્થિત દ્રષ્ટિ છે કે ગુજરાતનો દરેક યુવાન સ્વસ્થ બને અને રાજ્ય રમતગમત ક્ષેત્રે મોડલ તરીકે વિકસે. તેમના નેતૃત્વમાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં ખેલમેદાનોનું નિર્માણ, આધુનિક સ્ટેડિયમ અને તાલીમ કેન્દ્રોની સ્થાપના, ખેલાડીઓ માટે પ્રોત્સાહન અને સ્કોલરશિપ યોજના, સ્પોર્ટસ એકેડમીનો વિકાસ આ તમામ બાબતો આયોજનબદ્ધ રીતે અમલમાં મૂકાઇ રહી છે. આ પ્રયાસો વિધાનસભાની નૈતિક અને સંસ્થાગત માન્યતા પ્રદાન કરે છે. આદરણીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાહેબના માર્ગદર્શનથી રમતગમત ક્ષેત્રે સુવ્યવસ્થિત અમલ અને દેખરેખ સુનિશ્ચિત થઇ છે. તેમનો અભિગમ સ્પષ્ટ છે કે યુવાનો રમતગમત સાથે જોડાશે તો નશાખોરી, ગુનાહિત પ્રવૃત્તિઓ અને સામાજિક વિમુક્તા જેવી સમસ્યાઓમાં સ્વાભાવિક રીતે ઘટાડો થશે. તેમના નેતૃત્વમાં રાજ્ય સ્તરીય તથા જિલ્લા સ્તરીય સ્પર્ધાઓમાં ખેલાડીઓ માટે નવી નીતિગત યોજનાઓ વ્યવસ્થિત રીતે અમલમાં આવી છે. યુવાનોના આદર્શ અને શક્તિને પ્રેરણા આપતી તેઓની દીર્ઘદ્રષ્ટિ અને પ્રયત્નોથી આપણને કૉમનવેલ્થ -૨૦૩૦ ગેમનું યજમાન પદ મળ્યું છે. તેના માટે આ વિધાનસભા તેઓ માટે ગૌરવની લાગણી અનુભવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, યશસ્વી નાયબ મુખ્યમંત્રીશ્રીનો યુવાનોમાં રમત પ્રત્યેના લગાવનો મારો પોતાનો સ્વઅનુભવ કહું તો તેઓના પ્રભાગમાં આવતા જી.એસ.આર.ટી.સી.ના નવા બસ સ્ટોપના આયોજન માટે આણંદ આવેલા ત્યારે અમારા યુવાનોએ તેઓને રજૂઆત કરી હતી કે સાહેબ, અમને એક જિલ્લા કક્ષાનું સ્પોર્ટસ કોમ્પલેક્ષ આપો તો એમણે તુરત જ નવ એકર વિશાળ જમીન ઉપર ૧૫૨૯ ચો.મી.માં અદ્યતન અને વિશાળ ઇન્ડોર મલ્ટિપર્પઝ હોલ કે જેમાં બેડમિન્ટન, ટેબલ ટેનિસ, જીમ, શુટિંગ જેવી રમતો રમવા માટે અને ૧૧૪૮૩ ચો.મી. આઉટડોર સ્ટેડિયમમાં બેડમિન્ટન, ટેનિસ, બાસ્કેટ બોલ, હોકી, ખોખો અને કબડ્ડી જેવી રમતો રમવા માટે સ્પોર્ટ કોમ્પલેક્ષ આપેલ અને ફક્ત પંદર મહિનાના ટૂંકાગાળામાં આણંદ જિલ્લાનું સ્પોર્ટસ કોમ્પલેક્ષ લોકાર્પણ થવાની તૈયારીમાં આવીને ઊભું છે. આણંદ વિધાનસભા મતવિસ્તારમાં રમતગમત પ્રત્યે

યુવાનોમાં નોંધપાત્ર ઉત્સાહ મળી રહ્યો છે. અહીંના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં ક્રિકેટ, કબડ્ડી, ખોખો, વોલીબોલ અને ફૂટબોલ જેવી રમતોમાં યુવાનો સક્રિય રીતે ભાગ ભજવી રહ્યા છે. હાલ ક્રિકેટનો ટી-૨૦નો વર્લ્ડ કપ રમાઇ રહ્યો છે ત્યારે મને કહેતા ખૂબ જ આનંદની લાગણી થાય છે કે ભારતીય ટીમનો ઉપ કપ્તાન શ્રી અક્ષર પટેલ અમારી આણંદ ખેડા જિલ્લાની ધરતીનો સુપુત્ર છે તથા અમેરિકા ટીમનો કેપ્ટન શ્રી મોનાંક પટેલ પણ આણંદ જિલ્લાની ધરતીમાંથી મોટો થયેલો ખેલાડી છે, જે અમારા સૌના માટે ગૌરવનો વિષય છે. આજે સમગ્ર વિશ્વ આગામી કોમનવેલ્થ તથા ઓલમ્પિક રમતો તરફ દૃષ્ટિ રાખી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ગુજરાતના ખેલાડીઓ વધુ મેડલ પ્રાપ્ત કરશે અને ભારતનું ગૌરવ વધારશે અને ગુજરાતને રમતગમત ક્ષેત્રે આગવું સ્થાન અપાવશે. આ માટે બાળપણથી જ પ્રતિભાની ઓળખ કરવામાં આવે તે જરૂરી છે. વૈજ્ઞાનિક તાલીમ પદ્ધતિ અપનાવવામાં આવે. પોષણ, આરોગ્ય અને કોચિંગ સુવિધા સુવ્યવસ્થિત કરવામાં આવે. ગુજરાત સ્પોર્ટસ કોન્કલેવ -૨૦૨૩ એ આ દિશામાં યોગ્ય નીતિગત આધાર પૂરો પાડ્યો છે. આજના સમયમાં રમતગમત માત્ર રમત નહીં પરંતુ રોજગાર અને આર્થિક વિકાસનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બન્યું છે. કોચિંગ, ફિઝિયોથેરાપી, સ્પોર્ટસ મેનેજમેન્ટ, બ્રિફીંગ, મીડિયા અને ટેકનોલોજી આ તમામ ક્ષેત્રોમાં યુવાનોને વ્યવસાયિક તકો ઉદભવ થઇ રહી છે. આ સંકલ્પ રમતગમતને રાજ્યના આર્થિક વિકાસ સાથે સમતુલિત કરવાનો માર્ગ સૂચવે છે. આ બિનસરકારી સંકલ્પનો મુખ્ય હેતુ રાજ્યમાં રમતગમત નીતિને પ્રાથમિકતા આપવી, યુવાનોને રમતગમત સાથે જોડવા, સુવ્યવસ્થિત માર્ગદર્શિકા સૂચવવી, ભવિષ્યની રમતગમત યોજના માટે દિશાસૂચક માળખું તૈયાર કરવું અને ગુજરાતને સ્પોર્ટસ મોડલ બનાવવાની સંસ્થાગત પ્રતિબદ્ધતા વ્યકત કરવી. આ સંકલ્પ કોઇ રાજકીય વિવાદનો વિષય નથી, પરંતુ રાજ્યના યુવાનોને ભવિષ્ય સાથે જોડતો સીધો સંબંધ ધરાવે છે. ગુજરાત સ્પોર્ટસ કોન્કલેવ-૨૦૨૩ વિષયક આ બિનસરકારી સંકલ્પ આ ગૃહ તરફથી યુવાનોને સ્પષ્ટ સંદેશો આપે છે કે વિધાનસભા તેમના સપનાઓને નીતિગત અને સંસ્થાગત સમર્થન આપે છે. આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આદરણીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી સાહેબના નેતૃત્વમાં, ગુજરાત રમતગમત ક્ષેત્રે નવા આયામો પ્રાપ્ત કરશે એવો આ ગૃહને દૃઢ વિશ્વાસ છે. આણંદ વિધાનસભા મતવિસ્તારના પ્રતિનિધિ તરીકે હું આ બિન સરકારી સંકલ્પને પૂર્ણ સમર્થન આપું છું અને આદરણીય ગૃહને તેને સર્વસંમતિથી મંજૂર કરવાની વિનંતી કરું છું. જય જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય.

ડૉ. **<#Mi** /જયરામભાઇ ચે. ગામીત/**Mi #> (**રાજ્યકક્ષાના રમતગમત મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે પવિત્ર ગૃહમાં મારા સાથી માનનીય સભ્યશ્રી અમૂલભાઇ ભટ્ટ દ્વારા ગુજરાત સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કોન્કલેવ-૨૦૨૫ના અત્યંત મહત્ત્વપૂર્ણ વિષય પર જે બિન-સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેને હું સરકાર વતી અને રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના મંત્રી તરીકે હૃદયપૂર્વક આવકારું છું અને મારું સમર્થન જાહેર કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં રસ્તા, પાણી, વીજળી કે માળખાગત સુવિધાઓ પર ચર્ચાઓ થતી હોય છે. પરંતુ આજે રમતગમત, ઉદ્યોગ અને સાહસિકતાના સમન્વય પર સંકલ્પ રજૂ થયો છે જે દર્શાવે છે કે આપણું ગુજરાત એ ભવિષ્યના નવા ભારતના નિર્માણ માટે કેટલું દૂરદર્શી છે. સન્માનનીય સભ્યશ્રી અમૂલભાઇએ ખૂબ જ સચોટ વાત મૂકી છે કે ગત તા. ૧૧મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અમદાવાદ ખાતે ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટીના સહાયોગથી ગુજરાત સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કોન્કલેવનું આયોજન થયું તે એક માત્ર કાર્યક્રમ ન હતો પરંતુ ગુજરાતની સ્પોર્ટસ ઇકો સિસ્ટમમાં એક નવી ક્રાંતિનો પાયો હતો. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હંમેશા કહે છે કે જો યુવાન રમશે તો દેશનું યુવાધન ખીલશે. આજે રમતગમત એ માત્ર મેદાન પૂરતું સિમિત રહ્યું નથી. પરંતુ એ એક વિશાળ અર્થતંત્ર બની ચૂક્યું છે. આપણું ગુજરાત આજે જ્યારે વિશ્વમાં પોતાનો સાંસ્કૃતિક વારસો અને વિવિધતા અને વાયબ્રન્ટ ગુજરાત જેવા ગ્લોબલ સમિટ થકી આઇકોનિક સ્થાન તરીકે પ્રસ્થાપિત થઇ રહ્યું છે ત્યારે રમતગમત ક્ષેત્રે પણ આ જ રીતે આગળ વધે તેવા સર્વાંગી વિકાસના હકારાત્મક અભિગમ સાથે આપણે રાજ્યના રમતવીરોને રમતગમતની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તમામ લોકોને મદદરૂપ થઇ શકે તેવું આયોજન કરી રહ્યા છીએ. જેના ભાગરૂપે ગુજરાત સરકારે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટી અને સંબંધિત ઉદ્યોગ ભાગીદારોના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ પ્રથમ સ્ટાર્ટઅપ કોન્કલેવનું સફળ આયોજન કર્યું હતું. આ આયોજન ગુજરાતમાં રમતોના વિકાસ માટે એક મહત્ત્વપૂર્ણ ઇવેન્ટ સાબિત થઇ હતી. આ ઇવેન્ટમાં રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓનું સન્માન, સ્પોર્ટસ ઇન્ડસ્ટ્રી, કોચ, મેનેજર્સ અને નિષ્ણાંતો સાથેના ચર્ચા સત્રો, યુવાનો રમતગમત ક્ષેત્રે કેવી રીતે કારકિર્દી બનાવી શકે તે માટે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન, સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રકચર અને નવી નીતિઓ અંગે રજૂઆતો તથા સરકાર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે ભાગીદારી અંગે ચર્ચા કરવામાં આવી હતી. આપણું લક્ષ રાજ્યમાંથી વધુને વધુ ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ આવે તે તરફ છે. આપણા ગુજરાતને સ્પોર્ટસ હબ બનાવવાના વિચારને સાકાર કરવા તરફ પ્રગતિ કરી રહ્યા છીએ ત્યારે યુવાનોમાં રમતગમત પ્રત્યે જાગૃતિ વધારવી, ઓલિમ્પિક અને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા માટે પ્રતિભાશાળી ખેલાડીઓ તૈયાર કરવા, સરકારી યોજનાઓ અને સ્પોર્ટસ પૉલિસી વિશે રમતવીરોને વધુને વધુ જાગૃત કરવા તરફ આપણે કાર્ય કરી રહ્યા છીએ. આગામી દિવસોમાં એશિયન વેઇટલિફ્ટીંગ ચેમ્પિયનશીપ ૨૦૨૬નું આયોજન મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ૧લી એપ્રિલ થી ૧૦મી એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન કરવાના છીએ ત્યારે આ સ્પર્ધામાં ૨૫થી વધારે દેશોના ખેલાડીઓ આપણા ગુજરાતમાં આવવાના છે. એશિયન વોલીબોલ સંઘના નેતૃત્વમાં ૨૦૨૬ની સ્પર્ધાનું આયોજન વીર સાવરકર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ અમદાવાદ ખાતે ૨૦ જૂનથી ૨૮ જૂન, ૨૦૨૬ દરમિયાન કરવાના છીએ ત્યારે આ વોલીબોલ ટૂર્નામેન્ટમાં વિશ્વના ૧૨ દેશોની ટીમો ભાગ લેશે. વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ-૨૦૨૯નું આયોજન પણ રાજ્ય સરકાર દ્વારા

કરવામાં આવનાર છે. જેમાં સમગ્ર વિશ્વમાંથી ફાયરના ખેલાડીઓ ભાગ લેવા માટે આવે તેના માટે અમદાવાદ ખાતે તેનું આયોજન કરવામાં આવશે. સન ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન સરકાર કરવા જઇ રહી છે ત્યારે ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ વિકસિત ભારત–૨૦૪૭ અને વિકસિત ગુજરાત–૨૦૪૭ની વ્યાપક રાષ્ટ્રીય તથા રાજ્ય સ્તરની દ્રષ્ટિને સાકાર કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થશે. આ રમતોની યજમાનીથી ગુજરાતને ભારતની રમતગમતની રાજધાની તરીકે વિકસિત કરવાની પ્રક્રિયાને નવી ગતિ મળશે. શહેરી પુનઃવિકાસને વેગ મળશે, રોજગારીની નવી તકો સર્જાશે અને પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહન મળશે અને નાગરિકોમાં સ્વસ્થ જીવનશૈલીને અપનાવવાની પ્રેરણા મળશે. માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વિવિધ સ્પર્ધા માટે આ ઉપરાંત હાલ રાજ્ય સરકાર દ્વારા વિવિધ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાના આયોજન માટેની બીડ કરવામાં આવી રહી છે જેમાં વર્ષ ૨૦૨૮માં યોજાનારી અંડર ટવેન્ટી વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશીપ અને વર્ષ ૨૦૩૧માં યોજાનારી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપનું આયોજન મેળવવા અંગેના પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. ચાલુ બજેટમાં આપણે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્કલેવના નિર્માણ માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. આ સ્પોર્ટ્સ એન્કલેવમાં એકવેટિક સ્ટેડિયમ, ટેનિસ સ્ટેડિયમ, મલ્ટીપર્પઝ ઇન્ડોર અરેના અને રાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ્સ એકસલન્સ ઇન્સ્ટિટ્યૂટનું નિર્માણ કરવામાં આવનાર છે. કરાઈ પોલીસ એકેડમી ખાતે પણ રાજ્ય સરકાર એથ્લેટિક સ્ટેડિયમ, શૂટિંગ સેન્ટર અને એક ઇન્ડોર અરેના પણ બનાવવામાં આવશે. આ તમામ સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર ખાતે દિવ્યાંગ ખેલાડીઓની તાલીમ માટે એક અત્યાધુનિક પેરા હાઈપરફોર્મન્સ સેન્ટરનું નિર્માણ કાર્યચાલી રહ્યું છે જેમાં રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા નવીન મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં રમતગમત સંકુલોના નિર્માણ માટે પણ રૂપિયા ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં પ્રથમ વખત યોજવામાં આવેલા વર્ષ ૨૦૨૩ના આ કોન્કલેવની ફળશ્રુતિ રૂપે આપણે સ્પોર્ટ્સ પૉલિસી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અંગે સ્પષ્ટ રોડમૅપ તૈયાર કરવામાં મદદ મળી તેમજ વિવિધ જિલ્લાઓમાં નવી એકેડેમી અને ટ્રેનિંગ સેન્ટરો અંગે ચર્ચા આગળ વધારી શક્યા. એટલું જ નહી કેટલાક ક્ષેત્રોમાં MoU અને સહકારની શરૂઆત થઈ, જેના કારણે ખાનગી રોકાણકારો માટે માર્ગ ખૂલ્યો હતો. ખેલાડીઓને કોચિંગ, સ્કોલરશિપ અને કારકિર્દી માર્ગદર્શન મેળવવા માટે સરળતા થઈ, સાથે સાથે એક એવું નેટવર્ક ઉભુ થયું કે ખેલાડીઓ, કોચ, મેનેજર્સ અને ઉદ્યોગ જગત વચ્ચે સીધો સંપર્ક થઈ શક્યો. આ બાબત ભવિષ્યમાં થનાર રમત–ગમતના પ્રોજેક્ટ અને સ્પર્ધાઓ માટે રાજ્ય અને રાજ્યના રમત ગમત ક્ષેત્રે સંકળાયેલા તમામ માટે ખૂબ જ મદદરૂપ સાબિત થશે. વધુમાં આ કોન્કલેવથી રાજ્યની છબી રમતગમત ક્ષેત્રે ઉભરી રહેલા રાજ્ય તરીકે વધુ મજબૂત બની. રાષ્ટ્રીય સ્તરે ગુજરાતને સ્પોર્ટ્સ–ફ્રેન્ડલી રાજ્ય તરીકે મહત્ત્વપૂર્ણ ઓળખ મળી, ખાસ કરીને નેશનલ ગેમ્સ ઓફ ઇન્ડિયા-૨૦૨૨ પછી ભવિષ્ય માટે આ એક મહત્ત્વપૂર્ણ પગલું ગણી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી માન. સભ્યશ્રી અમુલ ભટ્ટ દ્વારા "ગુજરાત સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોન્કલેવ –૨૦૨૩" અંગેના બિન–સરકારી સંકલ્પ બાબતે માન. સભ્યશ્રી ગોપાલભાઈ ઈટાલીયા દ્વારા આ સંકલ્પ અન્વયે સુધારા સૂચવવામાં આવેલ,જે અન્વયે આપશ્રીની મારફતે ગૃહ સમક્ષ કેટલીક બાબતો ધ્યાને લાવી રહ્યો છું. રાજ્યમાં આજથી ૨૦ વર્ષ પહેલા ભાવનગર, લીમડી, નડિયાદ, દેવગઢબારિયા તથા પોરબંદર ખાતે આવેલા કુલ ૫ રમત સંકુલો હતા. જયારે હાલની સ્થિતિએ જિલ્લા કક્ષાના ૨૩ રમત સંકુલો અને તાલુકા કક્ષાના ૮ રમત સંકુલો મળીને કુલ ૩૧ રમત સંકુલોનું નિર્માણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. આ ઉપરાંત હાલમાં ૧૫ જિલ્લા રમત સંકુલો તથા ૧૮ તાલુકા રમત સંકુલોના નિર્માણની કામગીરી પ્રગતિ હેઠળ છે. રાજ્યના આદિજાતિ વિસ્તારમાં ૧૪ જિલ્લાઓનો સમાવેશ થાય છે જે પૈકી ૭ જિલ્લાઓમાં જિલ્લા રમત સંકુલો કાર્યરત છે જ્યારે ૬ જિલ્લાઓમાં જિલ્લા રમત સંકુલોના નિર્માણની કામગીરી પ્રગતિ હેઠળ છે. સુરત ખાતે દક્ષિણ ગુજરાત સ્પોર્ટ્સ હબ બનાવવા માટે વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટમાં રૂપિયા ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં દિવ્યાંગ ખેલાડીઓને તાલીમ અને રમતો રમવા માટે યોગ્ય પ્લેટફોર્મ મળી રહે. જિલ્લા રમત ગમત સંકુલામાં જિલ્લા રમત ગમત સંકુલોમાં ખેલાડીઓ માટે બેડમિન્ટન, બાસ્કેટ બોલ, ટેબલ ટેનીસ, જૂડો, કરાટે, કુસ્તી, વોલીબોલ જેવી વિવિધ રમતો રમવા માટે સગવડો પૂરી પાડીને સારા ખેલાડીઓ તૈયાર કરી શકાય તેવા આશયથી ગુજરાત રાજ્યમાં ગાંધીનગર ખાતે પેરા હાઇપર્ફોમન્સ સેન્ટરના નિર્માણની કાગગીરી પણ પ્રગતિ હેઠળ છે.વર્ષ ૨૦૨૫–૨૬ના બજેટમાં સદર બાબતે ૩૦ કરોડ રૂપિયાની જોગવાઇ તેમજ સન ૨૦૨૬–૨૭ના બજેટમાં રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. શાળામાં રમતગમતના વિકાસ માટે ખેલ મહાકુંભ, ઇનસ્કૂલ, ડી.એલ.એસ.એસ., સ્વામી વિવેકાનંદ પ્રતિભાસંવર્ધક જેવી યોજનાઓ કાર્યરત છે. ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા સન ૨૦૧૦થી ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવેલ જેનો મુખ્ય આશય લોકોમાં રમતગમત ક્ષેત્રે જાગૃતિ કેળવાય, શારીરિક તંદુરસ્તી કેળવાય અને રમતગમતની સંસ્કૃતિનો વિકાસ થાય તે હતો. ખેલ મહાકુંભનું ગ્રામ્યકક્ષાથી રાજય કક્ષા સુધી વિવિધ સ્પર્ધાઓનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવે છે. ખેલ મહાકુંભ માત્ર ખેલ પ્રતિભા શોધ માટે નહીં પરંતુ સમગ્ર ગુજરાતના રમતના વિકાસનો આધારસ્તંભ બની ગયો છે. દિવ્યાંગ ખેલાડીઓને પણ પોતાનું કૌશલ્ય બતાવવા માટેની તક પૂરી પાડી દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશિયલ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. દિવ્યાંગ ખેલાડીઓ માટે ૨૧ કેટેગરીમાં સ્પેશિયલ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું. ખેલ મહાકુંભ ૨૦૨૫માં રેકોર્ડબ્રેક

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અંગે

૭૨ લાખથી વધુ રમતવીરોએ ઉત્સાહપૂર્વક નોંધણી કરાવેલ છે. શિક્ષણ સાથે રમતના સમન્વય યોજના અંતર્ગત રાજ્યની ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓમાં ઇનસ્કૂલ પ્રોગ્રામ વર્ષ ૨૦૧૪-૧૫થી કાર્યરત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૨૩૦ ઇનસ્કૂલ શાળાઓમાં શાળા સમય દરમ્યાન ધો. ૩થી ૮માં ૫ પિરિયડ ફાળવવામાં આવે છે. આ યોજના અંતર્ગત વિવિધ ૨૦ રમતોના ૪૪૧ ટ્રેનર્સ દ્વારા ઇનસ્કૂલ સેશનના એક લાખથી પણ વધુ વિદ્યાર્થીઓ અને આફટર સ્કૂલ સેશનના અંદાજીત ૧૩,૨૩૦ વિદ્યાર્થીઓ આમ કુલ ૧,૨૫,૦૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. સન ૨૦૨૪-૨૫માં સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયામાં ઇનસ્કૂલ શાળાઓના ખેલાડીઓએ જિલ્લા કક્ષાએ ૫૧૮૩ અને રાજ્ય કક્ષાએ ૧૫૦ મેડલ પ્રાપ્ત કર્યા છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ખેલ મહાકુંભની સ્પર્ધાઓમાં ઇનસ્કૂલ શાળાઓના ખેલાડીઓએ જિલ્લા કક્ષાએ ૩૮૮૨ અને રાજ્ય કક્ષાએ ૧૨૮ મેડલ પ્રાપ્ત કરેલ છે. તેમજ ૩૧ ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધેલ અને ૫ ખેલાડીઓએ મેડલ પ્રાપ્ત કરેલ છે. ઇનસ્કૂલ શાળાના યંગ ટેલેન્ડ ૮૪૭ અને પ્રુવન ટેલેન્ટ ૪૯૨ આમ કુલ મળીને ૧૩૩૯ ખેલાડીઓ ડી.એલ.એસ.એસ. શાળામાં પસંદગી પામેલ છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૧૫ કરોડ ૮૦ લાખ જેટલો ખર્ચ થયેલ છે. જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ સંકુલ યોજના અંતર્ગત કાર્યરત શાળાઓમાં પ્રવેશ મેળવનાર ખેલાડીઓને નિયમિત શિક્ષણ સાથે રમતગમતની વ્યવસ્થિત અને ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પ્રાથમિક સ્તરેથી જ રમતગમત પ્રત્યે રુચી વિકસાવી તેમની શારીરિક અને તકનિકી ક્ષમતાઓનો સર્વાંગી વિકાસ કરી તાલીમાર્થીઓને ભવિષ્યમાં રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ સક્ષમ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત ૨૯ જિલ્લાઓમાં ૩૯ જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ સ્કૂલ કાર્યરત છે. જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત તાલીમ લઈ રહેલા ૫૩૬૧ તાલીમાર્થીઓને તેમની વયને અનુરૂપ કૌશલ્ય વિકાસ, રમતના નિયમોની સમજ તથા શારીરિક ક્ષમતાના વિકાસ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. આ યોજના અંતર્ગત કાર્યરત શાળાઓમાં વિવિધ રમતો માટે તાલીમાર્થીઓને સવારે બે કલાક તથા સાંજે બે કલાક નિયમિત વૈજ્ઞાનિક ઢબે તાલીમ ૧૪૭ નિષ્ણાંત કોચ તેમજ ૨૦૦ ટ્રેનર માફરત આપવામાં આવે છે. જેમાં તાલીમ મેળવી ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાએ ૧૭૦ જેમાં ૫૭ સુવર્ણ, ૫૩ રજત અને ૬૨ કાંસ્ય પદક મેળવેલ છે અને રાજ્ય કક્ષાએ ૧૩૯૮ જેમાં ૬૨૫ સુવર્ણ, ૬૦૫ રજત અને ૭૦૮ કાંસ્ય પદક મેળવેલ છે તથા ૪ ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ ભાગ લીધેલ છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૯૫ કરોડ ૫૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. રાજ્યના ખેલાડીઓ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય વધુને વધુ સારો દેખાવ કરી મેડલ પ્રાપ્ત કરી શકે તે માટે હાલમાં રાજ્યમાં સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર યોજના કાર્યરત છે. આ યોજના અંતર્ગત હાલમાં કુલ ૧૦ જિલ્લામાં ૧૫ રમતોની નિવાસી એકેડેમી કાર્યરત છે. જેમાં ૭૫૦ ખેલાડીઓને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ કોચ દ્વારા તાલીમ આપવામાં આવે છે. સદર યોજના અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વાર્ષિક રૂ.૩૫.૫૬ કરોડનો ખર્ચ કરવામાં આવે છે. જેમાં રાષ્ટ્રીય કક્ષા અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ કુલ ૪૮૪ ખેલાડીઓએ ભાગ લીધો છે. તેમાંથી ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ ૧૨૭ મેડલ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૧૦ મેડલ મેળવેલ છે. રાજ્યના રમત-ગમત ક્ષેત્રે પ્રતિભાશાળી ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ હાંસલ કરી રાજ્યનું નામ રોશન કરે તે માટે પૌષ્ટિક આહાર, રમત-ગમતની અદ્યતન સુવિધાઓ, આધુનિક સ્પોર્ટ્સ કીટ, તાલીમ સ્પર્ધા સાથે સાથે મનોવૈજ્ઞાનિક કાર્યશિબિર જેવી બાબતો માટે પણ ખેલાડીઓની જરૂરિયાત મુજબની નાણાકીય સહાય આપવા માટે રાજ્ય સરકાર દ્વારા શક્તિદૂત યોજના અમલમાં મૂકવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન શક્તિદૂત યોજના અંતર્ગત રૂ.૨.૩૧ લાખની નાણાકીય સહાય ચૂકવવામાં આવેલ છે. આમ, રમત-ગમત ક્ષેત્રે ખેલાડીઓને અદ્યતન સુવિધાઓ સાથે નિષ્ણાત કોચ, ટ્રેનર દ્વારા તાલીમ, જરૂરી કીટ, અભ્યાસની તમામ વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવા સરકાર તૈયારી કરી રહી છે. જે ધ્યાને લઈને આ સંકલ્પ પરત્વે રજૂ થયેલ સુધારા આમેજ કરવાપાત્ર નથી એવો હું અનુરોધ કરું છું. તેથી માનનીય સભ્યશ્રી અમૂલભાઇ ભટ્ટે સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે જે સંકલ્પ રજૂ કર્યો છે તે ગુજરાતને સ્ટાર્ટઅપ હબ બનાવવાની દિશામાં એક માસ્ટર સ્ટ્રોક સાબિત થશે. હું આ સંકલ્પ સાથે સંપૂર્ણપણે સંમત છું અને તેને ગુજરાત સરકાર આવકારે છે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોન્કલેવ માટે આ સભાગૃહમાં જે પ્રસ્તાવ લાવ્યો છું તેને મારા વિદ્વાન સભ્ય શ્રી કેયુરભાઇ, શ્રી યોગેશભાઇ તથા શ્રી ગોપાલભાઇએ સમર્થન આપ્યું છે. આ પ્રસ્તાવને સર્વાનુમતે સ્વીકારવા અને રાજ્ય સરકારે જેમાં સંમતિ આપી છે તે બદલ રાજ્ય સરકારનો આભાર માનું છું.

સુધારા મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

''સોમનાથ સ્વાભિમાન પર્વ'' અંગેનો સંકલ્પ : માનનીય સભ્યશ્રી ગેરહાજર

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અંગેનો સંકલ્પ

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી (જામનગર-દક્ષિણ) : આપણા આદરણીય વડાપ્રધાનશ્રી અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના દ્રષ્ટિવાન નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩માં શરૂ થયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ગ્લોબલ ફોરમ્સ પૈકીનું એક ફોરમ બની ગયું છે. જે બિઝનેસ નેટવર્કીંગ/નોલેજ શેરીંગ

અને સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ માટેનો એક વૈશ્વિક મંચ છે. જે સર્વ સમાવેશક વૃદ્ધિ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટને પ્રોત્સાહિત કરે છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતાના કારણે ગુજરાત રાજ્ય એગ્રો, ફૂડ–પ્રોસેસિંગ અને ડેરી, ઓટો–મોબાઇલ અને ઓટો–કમ્પોનન્ટ્સ, ફાર્માસ્યુટીકલ્સ, કેમિકલ્સ અને પેટ્રો–કેમિકલ્સ, સિરામિક્સ, ઇલેક્ટ્રીકલ ઇક્વીપમેન્ટ્સ, પોર્ટ્સ અને મેરીટાઇમ, ટેક્ષ્ટાઇલ, જેમ્સ અને જ્વેલરી, વગેરે. જેવા ક્ષેત્રોમાં અગ્રણી તરીકે ઉભરી આવ્યું છે અને રિન્યુએબલ એનર્જી, ફાઇનાન્શિયલ સર્વિસીસ, સેમી–કન્ડક્ટર, એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ અને હાઇ–ટેક મેન્યુફેક્ચરિંગ જેવા વૈવિધ્યપૂર્ણ નવા અને ઉભરતા ક્ષેત્રોને વિકસાવવામાં રાજ્યને નવી દિશા આપી છે.વાયબ્રન્ટ ગુજરાતના સફળ મોડેલને વધુ વિસ્તૃત કરીને વિકસિત ભારત@૨૦૪૭ સાથે વિકસિત ગુજરાત@૨૦૪૭નું વિઝન સાકાર કરવા તથા ક્ષેત્રિય આકાંક્ષાઓને વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓમાં પરિવર્તિત કરવાના હેતુ સાથે ગુજરાત સરકાર રાજ્યના વિવિધ પ્રદેશોમાં વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસનું આયોજન કરી રહી છે. જે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અને વારસાને આગળ વધારશે. રિજનલ કોન્ફરન્સીસ માત્ર પ્રદેશની સિદ્ધિઓ દર્શાવવાના હેતુથી અને નવી પહેલોની જાહેરાત કરવા માટે જ નહીં, પરંતુ ગુજરાતની વિકાસગાથાના સહ સર્જન કરવા માટેના સાધન તરીકે પણ કાર્ય કરશે અને પ્રદેશની અર્થવ્યવસ્થાને સશક્ત બનાવશે, ઇનોવેશનને પ્રોત્સાહિત કરશે અને સ્ટ્રેટેજિક ઇન્વેસ્ટમેન્ટ્સને સુવિધા પ્રદાન કરશે. રિજનલ વાયબ્રન્ટ સમિટ ગુજરાત થકી ગુજરાતની પ્રાદેશિક કક્ષાએ ઉપસ્થિત ઔદ્યોગિક પ્રતિભાને ઉજાગર કરવા પ્રાદેશિક કક્ષાએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવા ફોકસ કાર્યક્રમો યોજીને આવનાર સમયમાં, ગુજરાત રાજ્યને વિશ્વની શ્રેષ્ઠ અર્થવ્યવસ્થા બનાવવા તરફ અગ્રેસર થવાની સાથોસાથ વિકસિત ભારત@૨૦૪૭ સાથે વિકસિત ગુજરાત@૨૦૪૭નુ વિઝન સાકાર કરીશું. આ ઉપરાંત, વૈશ્વિક વ્યાપારમાં ગુજરાત રાજ્યનું યોગદાન વધારીશું.

- ગુજરાતને એક ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા તરફ આગળ વધીશું.
- ભારતના મેન્યુફેક્ચરિંગ પાવરહાઉસ તરીકે ગુજરાતનું સ્થાન મક્કમતાથી જાળવી રાખશું તેમજ નવા ક્ષેત્રોમાં રોકાણની તકો ઊભી કરી નવા ઔદ્યોગિક રોકાણોને આકર્ષિત કરી રોજગારી માટેની નવી તકો ઉપલબ્ધ કરીશું.
- વૉકલ ફોર લૉકલ : સ્થાનિક ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવી માનનીય વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત' અભિયાનને ચરિતાર્થ કરીશું.
- એક જિલ્લો–એક ઉત્પાદન(ODOP) અંતર્ગત પ્રાદેશિક પ્રોડક્ટ્સ(પેદાશો)નું ઉત્પાદન અને વેચાણ વધારવા માટે તેમજ તેના માર્કેટીંગ અને બ્રાન્ડીંગ વધારવા માટે પણ પ્રયત્નો કરવામાં આવશે.
- ગુજરાતના દરેક જિલ્લાનો "એક્સપોર્ટ હબ" તરીકે વિકાસ કરીને મેન્યુફેક્ચરિંગ, ડિઝાઇનિંગ, પેકેજિંગ અને માર્કેટિંગ માટેની સુનિયોજિત ઇકોસિસ્ટમનું નિર્માણ કરીને ગુજરાતના સર્વાંગી ઔદ્યોગિક વિકાસને વેગવંતો બનાવીશું.
- ભારતના સંરક્ષણ ઉત્પાદનમાં મહત્તમ હિસ્સેદારી પ્રાપ્ત કરવા કાર્યવાહી કરીશું.
- ગુજરાતના તમામ ઇન્ક્યુબેશન સેન્ટર્સને અપગ્રેડ કરીને વધુને વધુ યુવાનોને સ્ટાર્ટઅપ્સ સ્થાપવા પ્રોત્સાહિત કરી ભારતની સૌથી વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બનાવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રીના સ્વાવલંબી ભારતની ઝુંબેશને રિજનલ વાયબ્રન્ટ ગુજરાત થકી અર્થતંત્ર, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સિસ્ટમ, વાયબ્રન્ટ ડેમોગ્રાફી અને ડિમાન્ડ જેવા પાંચ સ્તંભના આધારે વધુ વેગવંતી બનાવવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી દિવ્યેશભાઇ ૨. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના માનનીય વડાપ્રધાનશ્રી અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની પરિકલ્પના કરવામાં આવી હતી. આજે સમિટ બિઝનેસ નેટવર્કિંગ, જ્ઞાન વહેંચણી, વ્યૂહાત્મક ભાગીદારી અનેક અગ્રણી વિશ્વ મંચ બની ગઇ છે. જે સમાવિષ્ટ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહિત કરી રહી છે. અત્યાર સુધી ગુજરાતમાં સરકારે ગુજરાત ૧૦ ગ્લોબલ સમિટની ઇવેન્ટનું સફળતાપૂર્વક આયોજન કર્યું છે. ગુજરાત સરકારે સપ્ટેમ્બર, ૨૦૨૩માં વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની વીસ વર્ષની ઊજવણી કરતાં સમિટ ઓફ સક્સેસનું આયોજન પણ કર્યું હતું. વાઇબ્રન્ટ ગુજરાત મોડલની સફળતા બાદ તેની પહોંચ અને અસરને વિસ્તૃત કરવા માટે ગુજરાત સરકાર રાજ્યના વિવિધ પ્રદેશોમાં વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસનું આયોજન કરી રહી છે. આ રિજનલ કોન્ફરન્સીસનો ઉદ્દેશ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અને વારસાને આગળ વધારવાની અને સ્થાનિક ક્ષમતાઓને પ્રદર્શિત કરવાનો અને વિકાસને વેગ આપવાનો છે. આ કોન્ફરન્સમાં સ્થાનિક આકાંક્ષાઓનું વિકસિત ભારત–૨૦૪૭ અને વિકસિત ગુજરાત–૨૦૪૭ના વ્યાપક દ્રષ્ટિકોણ સાથે કરવા માટેનું મોટું પ્લેટફોર્મ સાબિત થશે. રિજનલ કોન્ફરન્સના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છે. વિકસિત ભારત–૨૦૪૭ અને વિકસિત ગુજરાત–૨૦૪૭ના વિઝન સાથે સુસંગત છે. પ્રાદેશિક ક્ષમતાઓ અને સજ્જતાનું પ્રદર્શન છે. મુખ્ય ક્ષેત્રો પ્રોજેક્ટ માળખાગત વિકાસ ઉજાગર કરવા ગતિશીલ સમાવેશી અને જ્ઞાન વહેંચણી પ્રવૃત્તિઓ દ્વારા સ્થાનિક ક્ષમતાઓનો વિશ્વ કક્ષાની તકો સાથે જોડવા માટેનું આ કેન્દ્રીય પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. દરેક રિજનલ કોન્ફરન્સ કાર્યક્રમમાં ઉદઘાટન, સમાપન સત્ર ક્ષેત્ર સબંધિત વિશેષ સેમિનાર,

ટ્રેડ શો, એક્ઝિબિશન, રિજનલ એવોર્ડ, એમ.ઓ.યુ. હસ્તાક્ષર, બી ટુ બી અને બી ટુ જી બેઠકો, રિવર્સ, બાયર્સ સેલર મીટ, વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગામ, ઉદ્યોગમેળો, સાંસ્કૃતિક કાર્યક્રમો, જે-તે પ્રદેશના અગ્રણી ઉદ્યોગો અને પ્રવાસન સ્થળોની મુલાકાતનો સમાવેશ થાય છે. વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ દરમિયાન સર્વાંગી અભિગમ સુનિશ્ચિત કરવા માટે દરેક જિલ્લામાં એક દિવસીય જિલ્લાસ્તરના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. માનનીય પ્રભારીમંત્રીશ્રી અને પ્રભારી સચિવની હાજરીમાં આયોજિત જિલ્લાસ્તરીય કાર્યક્રમોના ઉદ્દેશથી અને સ્થાનિક રોકાણકારોને પ્રોત્સાહન આપવાનો અને દરેક જિલ્લામાં ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. નવ અને દસ ઓક્ટોબર-૨૦૨૫ના રોજ મહેસાણા ખાતે ઉત્તર ગુજરાત રિજનલ વાઇબ્રન્ટ ગુજરાતનું રિજનલ કોન્ફરન્સ પહેલાં જિલ્લાસ્તરના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. ૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ અરવલ્લીમાં, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પાટણમાં, ૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ બનાસકાંઠામાં. એવી જ રીતે ૧૧-૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ રાજકોટ ખાતે, સૌરાષ્ટ્ર-કચ્છ રિજનલ માટે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ પહેલાં સૌરાષ્ટ્ર-કચ્છ રિજનલ માટે જિલ્લાસ્તરના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ જામનગરમાં, ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ગીર-સોમનાથમાં, ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મોરબીમાં, ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સુરેન્દ્રનગર, પોરબંદર, દેવભૂમિ-દ્વારકા, ભાવનગર અને બોટાદમાં, ૨૬ ડિસેમ્બરના રોજ અમરેલીમાં, ૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ કચ્છમાં, ૪ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જૂનાગઢમાં આયોજન કરવામાં આવેલ હતું. જામનગરની વાત કરું તો, વાઇબ્રન્ટ ગુજરાત પહેલાં મારા જિલ્લાની અંદર હજારથી પંદરસો ઘ્રાસની ફેક્ટરીઓ હતી. આજે જે આઠ હજાર જેટલી થવા જઇ રહી છે. જેના કારણે હવે રિજનલ વાઇબ્રન્ટથી દરેક જિલ્લાનો સર્વાંગી ઉદ્યોગ વિકાસ થાય એ હેતુસર આ કોન્ફરન્સ કરવામાં આવેલ છે. આમ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કર્યા બાદ દક્ષિણ ગુજરાતમાં એપ્રિલ મહિનામાં સુરત ખાતે કરવામાં આવશે. જૂન, ૨૦૨૬માં વડોદરા ખાતે કરવામાં આવશે. જેથી ગુજરાત વિકસિત ભારત-૨૦૪૭નું આધારસ્તંભ બનશે. આ બિનસરકારી સંકલ્પ માટે મારા વિચારો સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવાની તક બદલ ખૂબ ગૌરવની લાગણી અનુભવું છું.

ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના માનનીય સભ્યશ્રી દિવ્યેશભાઇ અકબરી જે સંકલ્પ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન કરું છું. 'પર પ્રકાશથી પ્રકાશું એવો હું માણસ નથી પણ સ્વયં પ્રકાશથી સળગતું ફાનસ છું' આ શબ્દો આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના છે. સ્વયં પ્રકાશિત ફાનસ પોતે જ પ્રકાશિત થઇને, સમગ્ર દેશ અને વિશ્વમાં પ્રકાશ પાથરવાનું કામ આપણા માનનીય વડાપ્રધાનશ્રી કરી રહ્યા છે. તેઓશ્રી તત્કાલીન મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે સને ૨૦૦૩માં સમગ્ર ગુજરાતમાં ઔદ્યોગિક ક્રાંતિ લાવવા અને સમગ્ર વિશ્વના નકશા ઉપર મૂકવા માટે વાઇબ્રન્ટ ગુજરાતથી શરૂઆત કરી. માનનીય સભ્યશ્રીએ બહું સારી વાત કરી છે. ગુજરાતમાં વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ થઇ અને એની જાગૃતિ આવી. વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને દેશ-વિદેશના લોકોને ગુજરાતની સરકાર ઉપર વિશ્વાસ બેઠો કે અહીં ઇન્ડસ્ટ્રીઝ કરીશું, રોકાણ કરીશું તો એળે નહીં જાય એના કારણે સમગ્ર દેશ અને વિશ્વના અનેક દેશોમાંથી અહીંયા પ્રતિનિધિઓ આવી, ગ્લોબલ સમિટ વાઇબ્રન્ટ ગુજરાતમાં ભાગ લીધો. ગુજરાતનો ક્રમશઃ વિકાસ થવા લાગ્યો. મૂડીરોકાણો આવતાં ગયાં. ગુજરાતને અનુરૂપ ઇન્ડસ્ટ્રીઝ હતી એમાં હરણફાળ પ્રગતિ થઇ. ખાસ કરીને, એગ્રો બેઝ્ડ ઇન્ડસ્ટ્રીઝ, સમગ્ર ગુજરાતમાં શ્વેત ક્રાંતિને અનુરૂપ ડેરીઓની સ્થાપના થઇ હતી એમાં એગ્રો બેઝ્ડ ઇન્ડસ્ટ્રીઝ, ડેરી પ્રોડક્ટ ઊભી થવાના કારણે આજે બનાસકાંઠામાં બનાસ ડેરી, સાબરકાંઠા સાબર ડેરી, મહેસાણામાં દૂધસાગર ડેરી, આણંદમાં અમૂલ ડેરી, વડોદરામાં વસુંધરા ડેરી, સુરતમાં સુમુલ ડેરી, અમદાવાદમાં આબાદ ડેરી અને ગાંધીનગરમાં મધુર ડેરી આવી કો-ઓપરેટિવ ડેરીઓ દ્વારા આખા ગુજરાત રાજ્યમાં જિલ્લાવાર ડેરી ઉદ્યોગ અને એગ્રો બેઝ્ડ ઇન્ડસ્ટ્રીઝ એટલી ડેવલપ થઇ કે સમગ્ર વિશ્વમાં ગુજરાતે એક અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું. એગ્રો બેઝ્ડ ઇન્ડસ્ટ્રીઝ, સૌરાષ્ટ્રમાં સિરામિક ઇન્ડસ્ટ્રીઝ અને ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝ જે મૃતપ્રાય હતી તેને ફરીથી આખા રાજ્યમાં ધબકતી કરવાનું કામ આ વાઇબ્રન્ટ ગુજરાત સમિટે કર્યું છે. ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટિકલમાં ક્રાંતિ આવી. એના સિવાય અનેક ઇન્ડસ્ટ્રીઝ, મેન્યુફેકચરિંગ ઇન્ડસ્ટ્રીઝમાં પણ પ્રગતિ થઇ. જી.આઇ.ડી.સી.ઓ જે બંધ હાલતમાં પડી હતી એ ઇન્ડસ્ટ્રીઝનો એક એક ભાગ દિવસે દિવસે કામ કરતો થયો. ઇન્ડસ્ટ્રીઝ ડેવલપ થઇ અને સમગ્ર ગુજરાત આજે સમગ્ર દેશમાં ગ્રોથ એન્જિન બનીને ઊભરી આવ્યું છે. વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના અનુસંધાને ઇન્ડસ્ટ્રીઝ ડેવલપ થઇ તથા ઔદ્યોગિક ક્રાંતિ થઇ અને ગુજરાત સમગ્ર દેશમાં ગ્રોથ એન્જિન બન્યું એનાથી સરકાર બેસી રહી નથી પણ સમગ્ર વિશ્વમાં ગુજરાત એક અલગ પ્રભુત્વ ઘરાવે એવા માનનીય પ્રધાનમંત્રીશ્રીના વિચારને સાર્થક કરવા માટે આપણા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી અને એમના સપોર્ટમાં ઉપ મુખ્યમંત્રીશ્રી તથા નાણામંત્રીશ્રીએ રૂ. ૪ લાખ કરોડનું બજેટ આ વખતે ફાળવ્યું છે. આ બજેટ વિશાળકાય અને મહાકાય કહી શકાય. લોકોના વિકાસ માટે ઇન્ડસ્ટ્રીઝમાં પણ બજેટ ફાળવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીએ આપણા માનનીય મોદી સાહેબે જે રાહ ચિંધ્યો છે, એ રાહના પંથે પંથે જે સૂત્રો આપ્યાં તે આજે સૂત્રો બનીને ના રહ્યા પણ સાર્થક થયા. 'વોકલ ફોર લોકલ', 'આત્મનિર્ભર ભારત', 'સ્ટાર્ટઅપ', 'હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી' , 'વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ', 'વિકાસથી વિરાસત સુધી' નો વિકાસ આવા અનેક સૂત્રોને સાર્થક કરવાનું કામ બજેટ દ્વારા, વાઇબ્રન્ટ સમિટ દ્વારા, વેપારીઓમાં જાગૃતિ દ્વારા, વેપારીઓમાં વિશ્વાસ ઊભો કરી ગુજરાતમાં મૂડીરોકાણ કરાવીને, ગુજરાતમાં રોજગારી પૂરી પાડીને એકએક વ્યકિતનો

તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અંગે

વિકાસ થાય એ દિશામાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટોએ કામ કર્યું. હવે એનાથી આગળ વધીને ગુજરાત સરકાર દરેક જિલ્લામાં પોતાની એક આગવી ઓળખ તરીકે વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ થાય તેના માટેના પ્રયાસ કરી રહી છે. દરેક વિસ્તારની અલગઅલગ તાસીર હોય છે. જેમ કે ઉત્તર ગુજરાતમાં ડેરી ઉદ્યોગ, ઊંઝા માર્કેટ યાર્ડમાં જીરૂ અને વરિયાળી પકવતા ખેડૂતોને લગતી એગ્રો ઇન્ડસ્ટ્રીઝ, ડીસા અને વિજાપુર તાલુકામાં બટાકાના પાક લઇ બટાકા વેચતા ખેડૂતો માટેની ઇન્ડસ્ટ્રીઝ, તમાકુંઆ બધા એગ્રો ઇન્ડસ્ટ્રીઝને લગતા જે પાકો થાય છે. ઉત્તર ગુજરાતની તાસીર છે ડેરી ડેવલપમેન્ટની સાથે એગ્રો ઇન્ડસ્ટ્રી ઊભી કરવાની. આ તાસીરને લક્ષમાં લઇને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રનો દરિયાકિનારો, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત આ પાંચ વિભાગો પાડીને દરેક રિજિયનનો ઇન્ડસ્ટ્રીયલ વિકાસ થાય પોતાના જિલ્લાની 'વન ડિસ્ટ્રીકટ, વન પ્રોડક્ટ' ઉભરી આવે એ માટેની કામગીરી ગુજરાત સરકારે આ વખતે રિજનલ કોન્ફરન્સ વાયબ્રન્ટ ગુજરાત દ્વારા હાથ ધરી છે. અમારા ઉત્તર ગુજરાતના મારા મહેસાણા જિલ્લામાં ગણપત યુનિવર્સિટી, ખેરવા ખાતે ઉત્તર ગુજરાતની આ રિજનલ કોન્ફરન્સ યોજાઇ ગઇ. ઉત્તર ગુજરાતમાં મેં કહ્યું એમ ડેરી ઉદ્યોગો, એગ્રો બેઝ ઇન્ડસ્ટ્રી અને કેટલીક પ્રખ્યાત વિરાસતો હોય છે. જેમ કે પાટણનું પટોળું, ગુજરાતી પિકચરના ગીતોમાં પણ આપણે જોતા હોઇએ છીએ અને દરેક નવોઢા ઇચ્છતી હોય છે કે, ''છેલાજી રે..મારા માટે પાટણથી પટોળું મોઘું લાવજો'', આ વિરાસત છે. એ વિરાસતને પણ જીવંત રાખવા માટે પાટણના પટોળા દ્વારા ઇતિહાસને ભૂલી ન જવાય એવી વિરાસતને સાચવવા માટે આવી રિજિયોનલ કોન્ફરન્સો ખૂબ ઉપયોગી થતી હોય છે અને ગુજરાતની માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારે માનનીયશ્રી નરેન્દ્રભાઇના માર્ગદર્શન હેઠળ એ કામ હાથ ધર્યું છે. અમારું વિસનગર હોય તો એ અમારું બ્રોન્ઝ સિટી, તાંબા–પીત્તળના વાસણો માટે વિસનગર પ્રખ્યાત છે. એને લગતી ઇન્ડસ્ટ્રી અને એને લગતા એમ.ઓ.યુ. થાય એ આનો મુખ્ય હેતુ હોય છે. એને લગતા સેમિનારો થતા હોય છે. એ જ રીતે મગફળીનું ઉત્પાદન ગુજરાતમાં સૌરાષ્ટ્રની સાથે અમારા ઉત્તર ગુજરાતમાં પણ ખાસ કરીને વિજાપુરના નદીકાંઠાના ગામોમાં પણ થાય છે. આને લગતા ઉદ્યોગો વિકસે, ઇન્ડસ્ટ્રી વિકસે, એને લગતા સેમિનારો થાય, એને લગતા લોકોને માર્ગદર્શન મળી રહે , એને લગતા એમ.ઓ.યુ. થાય એના માટેની આ રિજનલ કોન્ફરન્સ ગણપત યુનિવર્સિટી ખાતે થઇ હતી. ગુજરાત સરકારે આ કોન્ફરન્સ યોજી, આપણને આનંદ થાય કે આમાં પાર્ટનર કોણ હતા? જાપાન જેવો વિકસિત દેશ, દક્ષિણ કોરિયા, વિયેતનામ જેવા વિકસિત દેશો ગુજરાતની આ પ્રગતિ, ગુજરાતમાં થઇ રહેલા સમિટ, આ ગ્લોબલ સમિતમાં ભાગ લેવા અને અરસ–પરસ એકબીજાના સંબંધો કેળવવા એકબીજા સાથે આદાન–પ્રદાન કરીને એમ.ઓ.યુ કરવા અને વેપાર વાણિજય વિકસાવવા અર્થે આ દેશો આ સમિટના પાર્ટનર બન્યા એ ગુજરાત માટે સમગ્ર દેશ અને વિશ્વમાં એ આનંદનો વિષય છે. આ સરકાર અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા પ્રધાનમંત્રીશ્રીનું વિકસિત ભારત–૨૦૪૭ એક વિઝન છે. સમગ્ર વિશ્વમાં ભારત ત્રીજી આર્થિક મહાસત્તા બને એ દિશામાં માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર અને એના પંથે પંથે ગુજરાત ગ્રોથ એન્જિન બનીને જ્યારે કામ કરી રહી છે ત્યારે આ રિજનલ કોન્ફરન્સીઝ અને આ ગ્લોબલ સમિટ્સ ખૂબ ઉપયોગી નિવડવાની છે. વિશ્વબેન્ક જેવી સંસ્થાઓ, અમેરિકાની કેટલીક ઔદ્યોગિક સંસ્થાઓ આ કોન્ફરન્સમાં ભાગ લેતી હોય છે. આના સેમિનારો યોજાય છે. આ સેમિનારમાં ૬૮ હજાર જેટલા લોકોએ ભાગ લીધો. નાના–મોટા વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ ભાગ લીધો, એમાં રૂપિયા ૩.૨૫ લાખ કરોડના કુલ ૧૨૬૪ એમ.ઓ.યુ. થયા. ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ માટે ઉત્તર ગુજરાતમાં આટલા એમ.ઓ.યુ. થયા એ કેટલો વિશાળ આંકડો છે? ગુજરાત સરકારનું આખા વર્ષનું બજેટ રૂપિયા ૪ લાખ કરોડનું છે અને આ ૩.૨૫ લાખ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થકી ઉદ્યોગો સ્થપાશે ત્યારે ઉત્તર ગુજરાતમાં એગ્રો બેઝ વેપાર વાણિજય વધશે, લોકોને રોજગારી મળશે, લોકો સમૃદ્ધ બનશે અને એગ્રો બેઝ ઇન્ડસ્ટ્રીઝ બનશે ત્યારે ખેડૂતોની ડબલ આવક કરવાની સરકારની જે નેમ છે એને પણ આંબી જશે. આવું આ વાયબ્રન્ટ ગુજરાત અને એને ૫ ભાગમાં વહેંચીને દરેક વ્યક્તિના ઘર ઘર સુધી જાગૃતિ આવે એનું કામ આ વખતે ગુજરાતની સરકારે કર્યું છે. રિવર્સ બાયર્સ–સેલર્સ મીટમાં જર્મની, રશિયા, વિયેતનામ, ઇજિપ્ત, ઇથોપિયા, ઘાના, તાંઝાનિયા, યુગાન્ડા, ભુટાન, ઓમાન, બહેરીન, નેપાળ, ઉઝબેકિસ્તાન, યુક્રેન, અને યુ.એસ.એ. જેવા ૧૭ દેશોએ ભાગ લીધો. ભલે રિજનલ હતું તો પણ ગ્લોબલ ગુજરાત સમિટ આખા વિશ્વનું બની ગયું હોય એવું વાતાવરણ ગણપત યુનિવર્સિટીમાં ઉભું થયું હતું. એના માટે આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને ફરીથી આપણા દીર્ઘદ્રષ્ટા, ૨૧મી સદીના વિકાસ પુરુષ માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ સંકલ્પને મારો હૃદયપૂર્વક ટેકો જાહેર કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય દિવ્યેશભાઇ અકબરી જે સંકલ્પ લઇને આવ્યાં છે એમાં કોંગ્રેસ પાર્ટીના પણ સભ્યોના વિચારો માટે સભાગૃહમાં એમને આમંત્રણ છે પણ સંજોગોવસાત અત્યારે એક પણ સભ્ય હાજર નથી. માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા.

શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, દિવ્યેશભાઇ અકબરી વાયબ્રન્ટ ગુજરાતનો સંકલ્પ લઇને આવ્યાં છે એને મારું સમર્થન આપું છું અને એના સંર્ભમાં મારા વિચારો રજૂ કરું છું.

આજે ૨૭મી ફેબ્રુઆરી છે ત્યારે હું એ સંદર્ભમાં વાત કરવા માગું છું કે આ વાયબ્રન્ટ સમિટનો ઉદ્ભવ કેવી રીતે થયો? એ વાત સાચી છે કે દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ વિચાર કર્યો કે આ ગુજરાતની પ્રગતિ અને

ફાલ્ગુન ૦૮, ૧૯૪૭ શાકે

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અંગે

સાહસિક વૃત્તિને વિશ્વના ફલક ઉપર મૂકવી જોઇએ પણ હું થોડો પૂર્વાધમાં જવા માગુ છું. કારણ કે આ ગુજરાતની પ્રગતિ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને એની નીવ રાખી છે એટલે ક્યારેય રોકાવાની નથી. રાજ્ય કક્ષાએ થતી વાયબ્રન્ટ સમિટ આજે જિલ્લા કક્ષાએ પહોંચી છે. એ નીવ કેમ રોકાવાની નથી? મને ખ્યાલ છે આજે ૨૭મી ફેબ્રુઆરી સને ૨૦૦૨ના દિવસે ગોધરાનો વરવો કાંડ થયો અને અમારા રામભક્તોના લોહીની ઉપર આ નીવ રખાણી છે. રામભક્તોની હત્યા થઇ એના ઉપર આ વાયબ્રન્ટ સમિટની નીવ રાખવામાં આવી છે. એ સમય હતો એના દ્રશ્યો અમે જોયા છે રેલવેના ડબ્બાની કરૂણાંતિકાને અમે જોઇ છે ત્યારે ગુજરાતને ભડકે બાળી, દુનિયાની અંદર એ વીડિયાઓ મૂકીને ગુજરાતને બદનામ કરવાના પ્રયાસો થયા ત્યારે ગુજરાતના એક સપૂતે વિચાર્યું કે આમાંથી મારે આ ગુજરાતને કટોકટીમાંથી બહાર કાઢવું પડે નહિતર ગુજરાતની અંદર કોઇ આવશે નહીં. મને કહેતા આનંદ થાય છે કે, એક વ્યક્તિના વિચારે જે કટોકટીમાં ગુજરાત ફસાયું હતું. ગુજરાતની અંદર કોઇ આવે પણ નહીં અને કોઇ ગુજરાતીને વીઝા પણ ના આપે એવી પરિસ્થિતિમાંથી આજે પરિસ્થિતિ એ આવી છે કે માત્ર અમારી રિજીયોનલ સમિટ હોય એમાં ૪૫ દેશો અમારા પાર્ટનર બને છે. હું તો સૌરાષ્ટ્રનો ધારાસભ્ય છું અને સોરાષ્ટ્રમાંથી આવું છું ત્યારે અમને વર્ષો પછી કેવા શુકન થયા? રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર છે. એક દિવસ એવો હતો કે રાજકોટની અંદર ત્યાં રહેવાવાળા પણ વિચારતા હતા કે પીવાનું પાણી નહીં મળે તો આપણે હિજરત કરવી પડશે. મેં સૌરાષ્ટ્રને નજીકથી જોયું છે. મારી ઉંમરનો તકાજો એવો છે કે મેં એ સરકારોને જોઇ છે અને એ સમય અને કપરા કાળને પણ મેં જોયો છે કે પાણી વગર વલખાં મારતી પ્રજા, ઉદ્યોગ અને વેપાર વગરની બેકાર પ્રજા ત્યાંથી હિજરત કરીને સુરત, અમદાવાદ, મુંબઇ જતી હતી. વતન છોડવાનો એને વસવસો હતો. આજે એ ગુજરાતના રાજકોટમાં જ્યાં ટ્રેઇનથી પાણી પીવડાવતા હતા ત્યાં દુનિયાની અંદરથી ૧૫૦૦ જેટલા લોકો અમારી વાયબ્રન્ટ સમિટમાં આવે અને રાજકોટ સહિત સૌરાષ્ટ્રને ઘમઘમતું કરે એ સમય મેં જોયો છે. સોમનાથનું સ્વાભિમાન પર્વ હતું. સોમનાથનું સ્વાભિમાન પર્વના દર્શન કરી એ દાદાના આશીર્વાદ લઇને દેશના યશસ્વી પ્રધાનમંત્રી રાજકોટની વાયબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન કરે આનાથી મોટા સૌરાષ્ટ્રને કોઇ શુકન ના હોઇ શકે. સૌરાષ્ટ્રની વાયબ્રન્ટ સમિટે અમારા સૌરાષ્ટ્રના વિકાસના દ્વારને ખોલી નાંખ્યા છે. સૌરાષ્ટ્ર એક એવી ભૂમિ છે કે જ્યાં ઇતિહાસ અને આસ્થા પણ છે. જ્યાં આત્મગૌરવ પણ છે અને ત્યાં ઉદ્યોગ માટેનું સાહસ પણ છે એટલે જ કવિ નર્મદનો જયઘોષ આપણે યાદ કરતા હોઇએ છીએ કે ''જય જય ગરવી ગુજરાત, દીપે અરૂણું પ્રભાત, ધ્વજ પ્રકાશે જળહળ કસુંબી પ્રેમ શૌર્ય અંકિત ભાત''. પ્રેમ અને શૌર્ય એ સૌરાષ્ટ્રની ઓળખ છે. ઝવેરચંદ મેઘાણીની સૌરાષ્ટ્રની શૈલીની કેટલીક કવિતાઓ પણ આપણે જોઇ છે. અમારી ભૂમિ એ બલિદાનોની ભૂમિ છે. એ સમર્પણની ભૂમિ નથી. અમારી ભૂમિએ છે જે તૂટતા નથી શીખી ઝૂકતા શીખી છે. સોમનાથ ઉપર આક્રમણો થયા, આક્રાંતાઓ આવ્યા, આક્રમણો થયા, કદાચ પત્થરો તૂટ્યા હશે પરંતુ મારા ગુજરાતીઓની દાદા ઉપરની આસ્થા ના તોડી શકયા અને એટલે જ એક હજાર વર્ષ પછી સ્વાભિમાન પર્વ દેશના યશસ્વી પ્રધાનમંત્રી એની આગેવાનીમાં આપણે ઉજવી શકયા. સૌરાષ્ટ્રનો ઇતિહાસ એ જુદો ઇતિહાસ છે. દ્વારકાનું મંદિર ત્યાં છે. સૌરાષ્ટ્રે શૂરવીરો આપ્યા છે. સૌરાષ્ટ્રે સંતો આપ્યા છે. ઉદ્યોગપતિઓ અને ઉદ્યમીઓને પણ આપ્યા છે. આ પરિશ્રમ અને સાહસિકોનું સૌરાષ્ટ્ર છે. મને બહુ આનંદ થયો સી.જે. ચાવડા સાહેબ હમણાં એક એક ઉત્તર ગુજરાતની વસ્તુઓની વાત કરતા હતા. અમારું સૌરાષ્ટ્ર એનાથી પાછળ ન રહી શકે. માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે કે આ રાજકોટમાં પહેલાં પીવાના પાણીની સમસ્યા હતા, આજે સમુદ્રના પેટાળની અંદર, માં ભારતીની રક્ષા કરતી સબમરીન હોય કે સોય હોય કે ટાંકણી હોય, આકાશમાંથી ઉડતું હેલિકોપ્ટર હોય કે જમીનની અંદર ૫૦૦ ફૂટ નીચે બોરની અંદર કામ કરતો અમારો સબમર્સિબલ પંપ એ દુનિયાના કોઇપણ ખૂણે બનતો હોય પરંતુ એના પાર્ટસ કયાંય બનતા હોય તો એની જનેતા અમારું સૌરાષ્ટ્ર છે, રાજકોટ છે. આ અમારી ઉદ્યમીઓની, શૌર્યની આ ગાથા છે. વાઇબ્રન્ટ સમિટ તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરીએ રાજકોટમાં યોજાઇ. આંતરરાષ્ટ્રીય મહેમાનો એ સૌરાષ્ટ્રના રાજકોટમાં નામાંકિત ઉદ્યોગપતિઓ આવ્યા. સૌરાષ્ટ્રની ગરિમા અનેકગણી વધારવાનું એમણે કામ કર્યું છે. અમારા ઉદ્યમીઓ છે એનો વાંહો થાબડીને, એની પીઠ થાબડીને એની હિંમત વધારવામાં આવી. ૫.૭૮ લાખ કરોડ રૂપિયાના એમ. ઓ. યુ. અમારી સૌરાષ્ટ્રની ધરતી ઉપર થયા. ૫૪૯૨ એમ.ઓ.યુ. ઉપર હસ્તાક્ષર થયા. રુ. ૮ લાખ થી વધારે રોજગારીઓની સંભાવના આના કારણે સૌરાષ્ટ્રની અંદર થઇ. એક વખત રોજગારી માટે હિજરત કરતું સૌરાષ્ટ્ર આજે પોતાને ત્યાં ૮ લાખ નવી રોજગારીની તકો ઊભી થાય, આપણી છાતી ગદગદ ફૂલે છે. અમે એ પરિસ્થિતને જોઇ છે. ૫૦ કરતાં વધારે દેશોની ભાગીદારી, ૪૦૦ કરતાં વધારે આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ આની અંદર પોતાની હાજરી આપવા આવ્યા. આ આંકડા નથી આ વિશ્વાસ ઉપરના હસ્તાક્ષર છે. મેં રાજકોટની વાત કરી, હમણાં મને બહુ ગમ્યું, સી.જે. ચાવડા સાહેબે પાટણના પટોળાની વાત કરી, જેતપુરની ભાતવાળી સાડી જેને બાંધણી અમે કહીએ છીએ, નવવધૂ હાથમાં મહેંદી લગાવી હોય, મંડપની અંદર ચાર ફેરા ફરતી હોય અને અમારી જેતપુરની ઓઢણી ઓઢી હોય ત્યારે સૌરાષ્ટ્રના સંસ્કારો એની અંદર ઘીકતા દેખાય. જામનગરની બ્રાસ ઇન્ડસ્ટ્રી છે, દુનિયાની અંદર કોઇ ઘરમાં જઇએ અને પિત્તળના બ્રાસના દરવાજાના હેન્ડલ જોઇએ એટલે અમને જામનગરના દર્શન થાય, આ અમારું ઔદ્યોગિક નગર જામનગર છે. આખાએ દેશની અંદર કયાંય જઇએ અને બીજું કંઇ મળે કે ના મળે પણ કોઇના ઘરમાં જઇએ એટલે મોરબી અમને યાદ આવે. અમને સુરેન્દ્રનગર યાદ આવે કારણ કે એની ટાઇલ્સ આજે દુનિયાભરની અંદર લોકો એની ટાઇલ્સ ઉપર ચાલતા હોય, સૂતા હોય એમ ત્યારે અમારી ધરતીની સુગંધ અમને એમાં આવે, સૌરાષ્ટ્રની સુગંધ અમને આવે.

ઉપાધ્યક્ષશ્રી : આપ જે વાત કરો છો માત્ર એ જ જિલ્લાના ધારાસભ્યો પાટલી થપથપાવે એ બરાબર નહીં. બધાય થપથપાવે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, સારું થપથપાવે તો. એક વખત ભૂકંપની ભાંગેલું આપણું કચ્છ, અનિરુદ્ધભાઈ આજે કચ્છ કઈ જગ્યાએ પહોંચ્યું એનો દુનિયા ગૌરવ લે છે. અમરેલીનું પીપવાવ બંદર હોય, આજે ૨૨-૨૨ ટ્રેનો સવારથી સાંજ સુધી પીપવાવથી અન્ય રાજ્યોમાં બંદરો ઉપર માલ પહોંચાડે એ દૃશ્ય જોઈને અમને આનંદ અને ગૌરવ થાય છે. ભાવનગરમાં શિપ બ્રેકિંગ અને શિપ બિલ્ડિંગ યાર્ડને જોઈએ તો અમને ગર્વ થાય કે ૨૦-૨૫ વર્ષ પહેલાં સૌરાષ્ટ્ર ક્યાં હતું? એ હિજરતીઓને અમે જોયા છે એટલા માટે આ દ્રશ્યો જોઈએ તો અમને આનંદ થાય. મહુવાનો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ હોય કે અમારા સાવરકુંડલામાં કાંટાનો ઉદ્યોગ હોય, દુનિયાના પર દેશોમાં અમારા સાવરકુંડલામાંથી વજનકાંટા જાય છે. ૧૨ દેશોમાં ખેતઓજારો જાય છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય ઉદ્યોગમંત્રીશ્રી અને સમગ્ર સરકારનો આભારી છું કે આ રિજિઓનલ વાઇબ્રન્ટ સમિટમાં સાવરકુંડલાને આ કાંટાના ઉદ્યોગ માટે સ્માર્ટ જી.આઇ.ડી.સી. આપી તમે સૌરાષ્ટ્રનું બહુમાન કર્યું છે. વેરાવળ અને પોરબંદરના નાના-નાના માછીમારોની મચ્છી દુનિયાના દેશોમાં એક્સપોર્ટ થાય છે. જે આપણી માનનીય નરેન્દ્રભાઈ મોદીની સતત ચાલતી સરકારના કારણે થયું છે. ૮૦૦૦ કરતાં વધારે સ્ટાર્ટઅપ ઉદ્યોગમેળાઓએ આમાં ભાગ લીધો. રૂ.૧૫૦૦ કરોડથી વધુ બેંકની મંજૂરીના પત્રો અપાવ્યા. આ વાઇબ્રન્ટ સમિટમાં અનેક કામો થયા છે. અમારી જુનાગઢ-તલાલાની કેરી દુનિયામાં પ્રખ્યાત છે. એના પ્રોસેસિંગ યુનિટો થયા છે, એના એમ.ઓ.યુ. થયા છે. આપણે આ વખતે કેરી ખવડાવીશું પણ ખરા. આ સૌરાષ્ટ્રની ઉદારતા છે. આ વાઇબ્રન્ટ સમિટે ઉદ્યોગો માટેના દ્વાર ખોલ્યા છે. નવા અવસરો માટેના દ્વાર ખોલ્યા છે. નવા ઉત્પાદનો માટેના આયામો માટેના દ્વાર ખોલ્યા છે. નવા સર્વિસ સેક્ટરો માટેના દ્વાર ખોલ્યા છે. માનનીય દિવ્યેશભાઇ અકબરી જે સંકલ્પ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

ડૉ. <#Mi/જયરામભાઈ ચે. ગામીત/Mi#> (રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રી દિવ્યેશભાઇ અકબરી દ્વારા રિજિઓનલ વાઇબ્રન્ટ ગુજરાતના અત્યંત પ્રગતિશીલ સમયસૂચક અને અને ઐતિહાસિક વિષય પર જે બિન-સરકારી સંકલ્પ રજૂ કરવામાં આવ્યો છે, તેને હું સરકાર વતી અને ઉદ્યોગ વિભાગના મંત્રી તરીકે હૃદયપૂર્વક આવકારું છું અને મારું સંપૂર્ણ સમર્થન જાહેર કરું છું.

ગુજરાત હંમેશાં વ્યાપાર, ઉદ્યોગ સાહસિકતા અને નવીનીકરણની ભૂમિ રહી છે, જે ભારતના વિઝન અને વિકાસ સાથે સમાંતરે આગળ વધી રહી છે. આ વારસાને આગળ વધારતા અને ગુજરાતને ભારતનું ગ્રોથ એન્જિન બનાવવા માટે આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, રાજ્યની વિકાસયાત્રાનો પાયો નાખ્યો, જેના કારણે ગુજરાત આજે એક સમૃદ્ધ ઔદ્યોગિક પાવરહાઉસમાં પરિવર્તિત થયું છે. તેઓના દૂરંદેશી નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩માં 'વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ'ની પરિકલ્પના કરવામાં આવી હતી. ગુજરાતમાં રોકાણો આકર્ષિત કરવા માટેના એક નમ્ર પ્રયાસ તરીકે શરૂ થયેલી આ સમિટ આજે વૈશ્વિક સ્તરે સન્માનનીય મંચ બનીને ઉભરી છે, તેમજ રોકાણો, નવીનીકરણ અને નવા વિચારો માટેની દીવાદાંડી છે. આ સમિટે વૈશ્વિક રોકાણકારોને આકર્ષિત કર્યા છે, આંતરરાષ્ટ્રીય ભાગીદારીને પ્રોત્સાહન આપ્યું છે, અને ગુજરાતને 'ગેટ વે ટુ ધ ફ્યુચર' એટલે કે ભવિષ્યના પ્રવેશદ્વાર તરીકે સ્થાપિત કર્યું છે. સાચી પ્રગતિ ત્યારે જ થાય છે, જ્યારે તેના લાભો રાજ્યના દરેક ખૂણા સુધી પહોંચે,અને જ્યારે વિકાસ સમાવેશી, પ્રદેશ-સંચાલિત અને સામાન્યજનના નેતૃત્વ હેઠળ સાધવામાં આવ્યો હોય. તેથી જ, માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે સજાગ રીતે વાઇબ્રન્ટ ગુજરાતના સફળ મોડલને પ્રાદેશિક સ્તરે 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસ' થકી પુનરાવર્તિત કરવાનો નિર્ણય લીધો, જેનું થીમ છે, 'પ્રાદેશિક આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્વાકાંક્ષાઓ'. ગુજરાત માત્ર એક રાજ્ય તરીકે જ નહીં, પરંતુ મજબૂત, આત્મનિર્ભર અને સશક્ત પ્રદેશોના જૂથ તરીકે, વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનમાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે.આ વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસ થકી, એક વ્યાપક પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ છે દરેક પ્રદેશની ઔદ્યોગિક અને આર્થિક ક્ષમતાઓ અને રોકાણો માટેની સજ્જતાને પ્રદર્શિત કરવી, સામાન્ય લોકો, ઉદ્યોગસાહસિકો, યુવાનો, સ્થાનિક નેતૃત્વની વાતોને ધ્યાનમાં લેવી અને ગુજરાતના શાસનને તેમની આકાંક્ષાઓ સાથે સંરેખિત કરવું અને સૌથી મહત્ત્વપૂર્ણ, વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક અને સામાજિક રીતે સમાવિષ્ટ સ્થાનિક વિકાસને પ્રેરણા આપવી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અમદાવાદ ખાતે ૨૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસ (VGRC)નો સત્તાવાર રીતે પ્રારંભ કરવામાં આવ્યો હતો. રોકાણો આકર્ષિત કરવા માટેની રાજ્યની પહેલો માટે આ પ્રસંગ એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હતો. જે દરમિયાન માનનીય મુખ્યમંત્રીશ્રીએ VGRCના લોગો અને બ્રોશરનું અનાવરણ કર્યું હતું તેમજ તેની વેબસાઇટ અને મોબાઇલ એપ્લિકેશન પણ લોન્ચ કરી હતી. આ લોન્ચિંગ કાર્યક્રમમાં ઉદ્યોગ અગ્રણીઓ, નીતિ નિર્માતાઓ, રોકાણકારો અને અન્ય મુખ્ય હિસ્સેદારો સહિત લગભગ ૬૦૦ લોકોએ ભાગ લીધો હતો, જેઓ દ્વારા ક્ષેત્રીય તકો અને પ્રાદેશિક આર્થિક વિકાસ અંગે રચનાત્મક ચર્ચાઓ કરવામાં આવી હતી. ત્યારબાદ,ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તા.૪થી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે અગ્રણી ઉદ્યોગપતિઓ, મિશનના વડાઓ અને ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે

એક સંવાદ બેઠક યોજાઈ હતી. આ બેઠક રિજનલ કોન્ફરન્સીસની એક વ્યૂહાત્મક શરૂઆત હતી, જેમાં સહયોગ અને રોકાણની તકો પર ચર્ચા કરવા માટે સરકાર, રાજદ્વારી મિશન અને ઉદ્યોગોના મુખ્ય હિસ્સેદારોને આમંત્રણ આપવામાં આવ્યા હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સત્રમાં વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસ (VGRC)ની વ્યાપક ઝાંખી રજૂ કરવામાં આવી હતી, જેમાં કોન્ફરન્સીસનું શેડ્યુલ પણ સામેલ હતું અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. દેશો અને સંસ્થાઓને ભાગીદાર દેશો અને ભાગીદાર સંસ્થાઓ તરીકે જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. જ્યારે બેઠકમાં થયેલી ચર્ચાઓ પરંપરાગત અને ઉભરતા ક્ષેત્રોમાં રોકાણની સંભાવનાઓ અને વ્યૂહાત્મક ભાગીદારીની તકો શોધવા પર કેન્દ્રિત હતી. આ સંવાદ બેઠકમાં ૨૦૦થી વધુ ઉદ્યોગપતિઓ અને ૨૯ વિદેશી રાજદ્વારી મિશનના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેના કારણે આંતરરાષ્ટ્રીય જોડાણ અને આર્થિક સહયોગ માટે એક મજબૂત પ્લેટફોર્મને પ્રોત્સાહન મળ્યું. ગુજરાતના દરેક પ્રદેશની પોતાની ઓળખ, પોતાનો વારસો અને પોતાની ક્ષમતાઓ છે. રાજ્ય સરકારનો અભિગમ આ કુદરતી ફાયદાઓનો ઉપયોગ કરવાનો, પ્રાદેશિક ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાનો અને એ સુનિશ્ચિત કરવાનો છે કે આ તકો ફક્ત શહેરી કેન્દ્રો સુધી મર્યાદિત ન રહે, પરંતુ ટિયર-2 અને ટિયર-૩ શહેરો તેમજ અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં પણ સમાન રીતે પહોંચે. તેથી આ રિજનલ કોન્ફરન્સીસ પહેલાં જિલ્લા સ્તરીય કાર્યક્રમોનું આયોજન ફક્ત પાયાના સ્તરે પડકારો અને વિકાસલક્ષી ખામીઓને ઓળખવા માટે જ નહીં, પરંતુ તેમને દૂર કરવા માટે પણ કરવામાં આવે છે. રિજનલ કોન્ફરન્સીસના આયોજન પહેલાં ઉત્તર ગુજરાત અને કચ્છ-સૌરાષ્ટ્ર પ્રદેશો માટે કુલ 15 જિલ્લા સ્તરીય કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોએ ક્યુરેટેડ એક્ઝિબિશનો દ્વારા પ્રાદેશિક ક્ષમતાઓનું પ્રદર્શન કરવા માટે એક ગતિશીલ પ્લેટફોર્મ પૂરું પાડ્યું, જેમાં મોટી સંખ્યામાં MSMEs, સ્ટાર્ટઅપ્સ, સ્વ-સહાય જૂથો, યુવા અને મહિલા ઉદ્યોગ સાહસિકોની ભાગીદારી જોવા મળી. આ કાર્યક્રમો દરમિયાન સાઇન કરવામાં આવેલા એમ.ઓ.યુ.એ ચર્ચાઓને કાર્યક્ષમ ભાગીદારી અને રોકાણોમાં રૂપાંતરિત કરીને આ કાર્યક્રમોના પરિણામલક્ષી અભિગમને વધુ મજબૂત બનાવ્યો. આ કાર્યક્રમોએ જિલ્લા સ્તરની આર્થિક ઇકોસિસ્ટમ મજબૂત બનાવી અને સમાવિષ્ટ અને ટકાઉ વિકાસના વ્યાપક ઉદ્દેશ્યોમાં યોગદાન આપ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાત ક્ષેત્ર માટે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસ (VGRCs)ની પહેલી આવૃત્તિ તા.૯મી અને ૧૦મી ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ મહેસાણાની ગણપત યુનિવર્સિટી ખાતે સફળતાપૂર્વક યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ, ગ્રીન એનર્જી, ઑટો અને ઑટો કોમ્પોનેન્ટ્સ, એન્જિનિયરિંગ, કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ્સ, પ્રવાસન અને સંસ્કૃતિ જેવાં ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને લગભગ ૫૦ સેમિનાર/પેનલ ચર્ચાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રિજનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા, માનનીય કેન્દ્રીય રેલવે મંત્રી તેમજ માહિતી અને પ્રસારણ અને ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, તેમજ જાપાન, વિયેતનામ અને યુક્રેનના રાજદૂતો અને ન્યુઝીલેન્ડ, રવાન્ડા અને ગુયાનાના ઉચ્ચાયુક્તો તેમજ અગ્રણી ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યું હતું.' હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' ના થીમ પર આયોજિત ટ્રેડ શૉ અને એક્ઝિબિશનની ૮૦ હજારથી વધુ મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી. આ કોન્ફરન્સની અન્ય નોંધપાત્ર હાઇલાઇટ્સમાં નીચે મુજબ છે. સ્વદેશી ગુણવત્તા યાત્રાનું ફ્લેગ ઓફ ઉત્તર ગુજરાત આર્થિક ક્ષેત્ર, કચ્છ આર્થિક ક્ષેત્ર, સૌરાષ્ટ્ર આર્થિક ક્ષેત્ર ,કોસ્ટલ સૌરાષ્ટ્ર આર્થિક ક્ષેત્ર અને મધ્ય ગુજરાત આર્થિક ક્ષેત્ર માટે આર્થિક માસ્ટર પ્લાનની જાહેરાત. ઉત્તર ગુજરાત ક્ષેત્રમાં જી.આઇ.ડી.સી. દ્વારા ૪ નવી એસ્ટેટનો વિકાસ જે કુલ ૭૦૦ એકર વિસ્તારમાં ફેલાયેલ છે. કચ્છ અને સૌરાષ્ટ્ર ક્ષેત્ર માટે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસ વી.જી.આર.સી.ની બીજી આવૃત્તિ ૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ રાજકોટની મારવાડી યુનિવર્સિટી ખાતે સફળતાપૂર્વક યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં સિરામિક્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ, મત્સ્યઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ, ખનિજો, ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ, કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ્સ , પ્રવાસન અને સંસ્કૃતિ જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને કુલ ૫૪ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રિજનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, યુક્રેનના રાજદૂત, રવાન્ડા અને ગુયાનાના ઉચ્ચ કમિશનરો તેમજ અગ્રણી ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' ના થીમ પર આયોજિત ટ્રેડ શૉ અને એક્ઝિબિશનમાં એક લાખ એકવીસ હજારથી વધુ મુલાકાતીઓ આવ્યા હતા. આ કોન્ફરન્સની અન્ય નોંધપાત્ર હાઇલાઇટ્સ નીચે મુજબ છે. સૌરાષ્ટ્ર આર્થિક ક્ષેત્ર અને કોસ્ટલ સૌરાષ્ટ્ર આર્થિક ક્ષેત્ર માટે આર્થિક માસ્ટર પ્લાન્સ પર સેમિનારો થયા. કચ્છ અને સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં જી.આઇ.ડી.સી. દ્વારા ૧૩ નવી એસ્ટેટનો વિકાસ, જે કુલ ૩૫૪૩ એકર વિસ્તારમાં ફેલાયેલી છે. રાજકોટમાં મેડિકલ ડિવાઇસ પાર્કનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. મહિલા ઉદ્યોગસાહસિકતા, કૌશલ્ય વિકાસ, સંરક્ષણ અને ગુણવત્તા પાસાંઓ પર સમર્પિત સેમિનાર રિજનલ કોન્ફરન્સીસની આગામી આવૃત્તિઓ દક્ષિણ ગુજરાત પ્રદેશ માટે એપ્રિલ ૨૦૨૬માં સુરત ખાતે યોજાશે. ત્યારબાદ જૂન ૨૦૨૬માં મધ્ય ગુજરાત માટે વડોદરા ખાતે યોજાશે. આ રિજનલ કોન્ફરન્સીસની સિદ્ધિઓને વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આગામી આવૃત્તિ દરમિયાન પ્રદર્શિત કરવામાં આવશે. માનનીય સભ્યશ્રી દિવ્યેશભાઇ અકબરી દ્વારા રજૂ કરવામાં આવેલ રિજનલ વાઇબ્રન્ટ ગુજરાતના આ ઐતિહાસિક અને પ્રગતિશીલ બિન સરકારી સંકલ્પને રાજ્ય સરકારશ્રી વતી હું હૃદયપૂર્વક ટેકો આપું છું અને તેને આવકારું છું. આ સંકલ્પને સર્વાનુમતે પસાર કરવા માટે આ સન્માનનીય સભાગૃહને અપીલ પણ કરું છું.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અંગે

શ્રી દિવ્યેશભાઈ ૨. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ મારા દ્વારા રજૂ કરવામાં આવેલ બિનસરકારી સંકલ્પને માનનીય મંત્રીશ્રી જયરામભાઈ ગામીત, માનનીય સભ્યશ્રી ડૉ. સી.જે. ચાવડા, શ્રી મહેશભાઇ કસવાલાએ પોતાના વિચારો રજૂ કરીને સંકલ્પને ટેકો આપેલ છે તે બદલ હું તેમનો આભાર માનું છું તેમજ આપના માધ્યમથી ગૃહના તમામ સભ્યશ્રીઓ વિના વિરોધે સર્વાનુમતે બિન સરકારી સંકલ્પ પસાર કરે એવી વિનંતી કરું છું. ખૂબ ખૂબ આભાર. જય જય ગરવી ગુજરાત.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી: સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

સભાગૃહનું કામકાજ સાંજના ૬.૦૯ કલાકે પૂરું થતાં સભાગૃહ માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર શનિવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ સવારના ૯.૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.

ફાલ્ગુન ૦૯, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

શનિવાર, તા.૨૮મી ફેબ્રુઆરી,૨૦૨૬

ફાલ્ગુન ૦૯, ૧૯૪૭ શાકે

સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

ભાવનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

*** 15/8/1002 : શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા** (પાલીતાણા) **: માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા,અને	(૧)	જપપપ
(૨)	તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?	(૨)	૩.૬૬૮૫.૫૭ લાખ

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ખેતીવાડીમાં વીજ જોડાણ માટે કુલ કેટલો ખર્ચ થાય છે? વીજ જોડાણ માટે ખેડૂતોએ કેટલી રકમ ભરવાની રહે છે? તેમજ રાજ્ય સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર ખેડૂતો માટે વીજળીના જોડાણો ખૂબ સરળ અને સહજતાથી આપી રહી છે. તેમાં પાંચ કમ્પોનન્ટ છે. સામાન્ય ખેડૂત ડાર્ક ઝોન સહિત, એસ.સી., એસ.ટી., સાગરખેડૂ અને તત્કાલ, પરંતુ હાલ તત્કાલમાં કોઇને કનેક્શન લેવાની જરૂર પડતી નથી. તત્કાલ યોજનામાં થોડી વધારે રકમ ભરીને કનેક્શન મેળવી શકાતા હતા પરંતુ જે ઝડપે રાજ્ય સરકારે ખેતીવાડી માટે ખેડૂતોને વીજ કનેક્શન આપ્યા તેના કારણે તત્કાલની જરૂર રહેતી નથી. જ્યારે કોઇ ખેડૂતને નવું ખેતીવાડી વીજ કનેક્શન આપવામાં આવે ત્યારે વીજ થાંભલા ઊભા કરવા, વાયર ખેંચવા, એક નવું ટ્રાન્સફોર્મર, હાઇ વૉલ્ટેજ ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ મૂકવી પડે છે અને આ તમામ કામગીરીનો અંદાજિત ખર્ચ રૂ.૧.૭૩ લાખ થાય છે. એક કનેક્શન પાછળ સરેરાશ કુલ ખર્ચ લગભગ પોણા બે લાખ રૂપિયા જેટલો થાય છે. ખેડૂતોએ ભરપાઇ કરવાની રકમમાં વીજ લાઇન કે ટ્રાન્સફોર્મરનો કોઇ ખર્ચ લેવામાં આવતો નથી. માત્ર લોડ એટલે તેના જે એચ.પી. હોય તે પ્રમાણે ફિક્સ ચાર્જ તેમજ રજિસ્ટ્રેશન ચાર્જ, ડિપોઝિટ એગ્રીમેન્ટ ચાર્જ, અને ટેસ્ટ રિપોર્ટ ચાર્જ ભરવાનો હોય છે. હું એક ઉદાહરણ આપું તો પાંચ એચ.પી.ના વીજ જોડાણ માટે ખેડૂતે અંદાજે રૂ.૭,૮૫૫ ભરપાઇ કરવાના થાય છે. ૧૦ એચ.પી. સુધી ખેડૂતે રૂ.૧૪,૧૯૦ ભરપાઇ કરવાના થાય છે પણ એસ.સી./એસ.ટી. ગરીબ ખેડૂતો માટે આ ફિક્સ ચાર્જ પણ લેવામાં આવતો નથી. રાજ્ય સરકાર દ્વારા જે સહાય આપવામાં આવે છે તે નજીવા ચાર્જ રૂ.૧.૭૩ લાખ કહ્યા તેમાંથી બાકીની બધી જ સબસિડી રાજ્ય સરકાર આપી રહી છે.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તાલુકાવાર કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ખેતીવાડી વીજ જોડાણોની કુલ ૧૦૪૬ અરજીઓ હાલ પડતર છે. જે પૈકી ૧૪ અરજીઓ ડિસેમ્બર–૨૦૨૫થી નોંધાયેલ છે અને પડતર છે. ૪ અરજીઓ ઓક્ટોબર–૨૦૨૫થી નોંધાયેલ છે કે જેમાં બોર કે કૂવા બનાવેલ ન હોવાથી નોટિસ પાઠવેલ છે. જે અરજદાર..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માનનીય સભ્યશ્રીએ કારણ પૂછ્યું નથી. કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા તેટલો જ પ્રશ્ન છે. તાલુકાવાર વિગતો ન હોય સંયુક્ત રીતે આપી દેશો તો પણ ચાલશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૭,૭૪૧ કૃષિ વિષયક વીજ જોડાણ આપવામાં આવ્યા.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ ખેતીવાડી વીજ જોડાણોની કેટલી અરજીઓ પડતર છે અને પડતર હોવાનાં કારણો શું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે કનેક્શનો આપ્યાં એની વિગતો મેં આપી. કુલ ૧૦૪૬ અરજીઓ પડતર છે. જે પૈકી ૧૪ અરજીઓ ડિસેમ્બર,૨૦૨૫ની નોંધાયેલ છે અને પડતર છે. ૪ અરજી ઓક્ટોબર,૨૦૨૫ની નોંધાયેલ છે. જેમાં બોર કે કૂવા બનાવેલ ન હોવાથી નોટિસ પાઠવેલ છે. જે અરજદાર પર આધારિત હોય છે. મંજૂર થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. ૯૩ અરજીઓમાં એસ્ટિમેટ આપેલા છે અને નાણાં ભરપાઇ કરેલા નથી. નાણાં ભરપાઇ થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. ૪૩ અરજીઓ અરજદાર પર આધારિત હોઇ વિવિધ કારણોસર અરજીઓ રદ થઇ છે. જે પૈકી ૮૯૨ અરજીઓમાં એસ્ટિમેટના નાણાં ભરપાઇ કરેલ છે. જે પૈકી ૪૭૦ અરજીઓના કામ પૂર્ણ થયેલ છે અને ૨૭૦

અરજીઓની કામગીરી હાલમાં પ્રગતિમાં છે. જે મે–૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરીશું. ૧૧૦ અરજીઓમાં ખેતરમાં પાક ઊભો હોવાથી પાકની લણણી કર્યા બાદ તરત જ પૂર્ણ કરવામાં આવશે. ૩૨ અરજીઓમાં લાઇન ઊભી કરતાં એટલે આર.ઓ.ડબલ્યુના પ્રશ્નો ઊભા થયા છે એ બાકી છે. ૩ અરજીઓ કોર્ટ કેસના કારણે પડતર છે. કોર્ટનો હુકમ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ ૭ અરજીઓ સામે વાંધા હોવાથી જિલ્લા કલેક્ટરશ્રી પાસે નિકાલ અર્થે પડતર છે. હુકમ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારું માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે કનેક્શન લેતી વખતે બોર કરવાનો આગ્રહ રાખે છે તો ખરેખર તલાટી દાખલો આપે ત્યારે બોર કનેક્શન લેવામાં આવે. તો ખરેખર જે ખેડૂત રૂ.૧૦ લાખનો ખર્ચો કરે છે તો આ આગ્રહ ન રાખવો જોઇએ. તલાટીને શું ખબર પડે કે ૫૦૦ ફૂટ ઉપરનું પાણી છે. તો આ દાખલાનો આગ્રહ રાખવામાં ન આવે એવી મારી વિનંતી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટેકનિકલી જોઇએ તો, કૂવો અથવા તો બોર થયો હોય અને પાણી ન હોય કે કૂવો ન બનાવેલ હોય અને એ અરજીને મંજૂર કરી દઇએ એટલે એ માટે આખું તંત્ર કામે લાગતું હોય છે. એટલે પહેલાં બોર કે કૂવાનું પાણી ધ્યાને આવે એના પછી અરજીઓ મંજૂર કરતા હોઇએ છીએ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર, અમરેલી, બોટાદ અને સૌરાષ્ટ્રના તમામ જિલ્લામાં ખેડૂતો પોતાના ઘર વાડીમાં બનાવી રહ્યા છે. જેના કારણે રહેવા માટે ૨૪ કલાક વીજળીની જરૂરિયાત ઊભી થતી હોય છે. તો આપણા દ્વારા મંત્રીશ્રીને કહેવા માંગીશ કે જ્યોતિગ્રામ યોજના અંતર્ગત ૨૪ કલાક વીજળી જોઇતી હોય તો જમીન ફરજિયાત એન.એ. કરાવો. તો આમાંથી ખેડૂતોને મુક્તિ આપવા માગો છો કે કેમ? અને જે ખેડૂતો વાડીમાં ઘર બનાવીને ત્યાં આગળ ૨૪ કલાક વસવાટ કરે છે એમને ૨૪ કલાક જયોતિગ્રામ નેક્શન આપવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે જન્મજાત બહેરાશ ધરાવતા બાળકોને સારવાર

***15/8/1012શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ** (બાપુનગર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**

જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે જન્મજાત બહેરા બાળકો માટે કઈ સારવાર ઉપલબ્ધ છે?		તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે જન્મજાત બહેરા બાળકો માટે તમામ બહેરાશની તપાસ, લોહીની તપાસ, રેડીયોલોજીકલ તપાસ, બાળકના માનસિક વિકાસ માટેની તપાસ, કોક્લીયર ઈમ્પ્લાન્ટ ઓપરેશન અને દર્દીને બોલવાની પ્રેક્ટીસ (AVT)ની સારવાર ઉપલબ્ધ છે.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સિવિલ હૉસ્પિટલ ખાતે જન્મજાત બાળકો માટે કઇ–કઇ સારવાર ઉપલબ્ધ છે? અને રાજ્યમાં કઇ–કઇ સરકારી મેડિકલ કોલેજોમાં સંલગ્ન હૉસ્પિટલો ખાતે કોકિલયર ઇમ્પ્લાન્ટની સારવાર ઉપલબ્ધ છે? અને તેનો ખર્ચ સરકારશ્રી ભોગવે છે કે કેમ?

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કોકિલયર ઇમ્પ્લાન્ટ એ સરકાર દ્વારા એક સંવેદના સાથે બાળક એટલે કે દીકરો કે દીકરી બોલતું કે સાંભળતું ન હોય એ માટે એક ખૂબ ખર્ચાળ સારવાર છે અને મધ્યમ કે ગરીબ વર્ગના લોકો આ સારવાર લઇ શકે એવી સ્થિતિમાં ન હતા ત્યારે સરકારના સંવેદનશીલ નિર્ણયથી ગુજરાતમાં ૮ સરકારી હૉસ્પિટલો ખાતે કોકિલયર ઇમ્પ્લાન્ટની સારવાર ઉપલબ્ધ છે. જેમાં જી.એમ.ઇ.આર.એસ., સોલા સિવિલ અમદાવાદ, સિવિલ હૉસ્પિટલ–અસારવા, સર.ટી. હૉસ્પિટલ–ભાવનગર, સિવિલ હૉસ્પિટલ–ગાંધીનગર, જી.જી.હૉસ્પિટલ–જામનગર, પી.ડી.યુ. હૉસ્પિટલ–રાજકોટ, સિવિલ હૉસ્પિટલ–સુરત અને એમ.એસ.જી. હૉસ્પિટલ–વડોદરામાં સારવાર ઉપલબ્ધ છે. મારે આ બાબતમાં થોડીક બીજી માહિતી સભ્યશ્રીઓને આપવાની છે. આપના વિસ્તારમાં કોઇ છ વર્ષનું બાળક જો સાંભળી કે બોલી શકતું ન હોય તો એમના વાલીઓને ચોક્કસ પ્રકારે સિવિલમાં મોકલવા જોઇએ. એમનો ટેસ્ટ થાય અને જો એમાંથી આ યોજનાનો લાભ મળતો હોય તો આ ઓપરેશનથી બાળક બોલતું અને સાંભળતું થાય છે. એક ઘરમાં બાળક કિલકિલાટ કરી શકે એવી આંગળી ચિંધ્યાનું પુણ્ય છે. દરેક સદસ્યશ્રીએ આ જાગૃતતા સાથે ગુજરાતમાં આવું એકપણ બાળક બોલી કે સાંભળી ન શકે એવું રહી ના જાય એના અભિયાનમાં ભાગ લેવો જોઇએ.

શ્રી કિશોર કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ કોકિલયર ઇમ્પ્લાન્ટ થયા પછી એને સ્પીચ થેરાપી આપવામાં આવે છે એમાં સુરત શહેરની સિવિલ હૉસ્પિટલમાં જે ઇમ્પ્લાન્ટ થાય છે પછી એને સ્પીચ થેરાપી માટેની ત્યાં વ્યવસ્થા છે કે કેમ અને ના હોય તો કરવા માગો છો કે નહીં?

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, બધી જ સિવિલ હૉસ્પિટલમાં એની સવલત ઊભી કરવામાં આવેલ છે છતાં માનનીય સભ્યશ્રીએ જે સૂચન આપ્યું છે તેમાં ક્યાંક ક્ષતિ હશે તો ચોક્કસ અમે ચેક કરી લઇશું.

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી કિશોરભાઈના ધ્યાન ઉપર હશે તેઓશ્રી પૂર્વ આરોગ્ય મંત્રી રહેલા છે તો એક વખત બેસીને જોઇ લેજો. સાંભળવાનું ન હોવાના કારણે બોલવાની પ્રેક્ટિસ જ હોતી નથી. બાળક ભૂલી ગયું હોય. બે વર્ષ સુધી સતત બોલ્યું ના હોય તો બાળકને એની ખબર નથી, એટલે એની એ.વી.ટી. કરાવવાનું કામ પણ એટલું જ સંવેદનશીલ છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કોક્લિયર ઇમ્પ્લાન્ટમાં એનું સોફ્ટવેર અપડેટ થતું હોય છે. બે વર્ષ પહેલાં સરકારશ્રીમાં રજૂઆત કરી હતી. એ વખતે આરોગ્ય મંત્રીશ્રી તરીકે માનનીય ઋષિકેશભાઇ હતા. સરકારે થોડો સમય જતો રહ્યા પછી કર્યું હતું. ભવિષ્યમાં જ્યારે આના સોફ્ટવેર અપડેટ થતા હોય ત્યારે આપણે એડવાન્સમાં કરીએ કે જેથી કરીને વચ્ચેના ગાળામાં એ અપડેટ ના થાય ત્યારે દીકરા–દીકરીઓને તકલીફ થતી હોય એ ના થાય. આનાથી એ લોકોને કોઇ તકલીફ ના થાય એ માટેનો ભવિષ્યનો આપણો કોઇ પ્લાન છે?

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એકવાર ઓપરેશન થયા પછી ટેકનોલોજી આધારિત સાંભળવા માટેનું બીજું પણ એક ઓપરેશન આગળ કરવું પડતું હોય છે. આવા કોઇપણ બાળકનું ઓપરેશન સરકારી હૉસ્પિટલમાં વિનામૂલ્યે થાય છે. રૂ. ૪ લાખની આવક ધરાવતાં વાલીઓ જેમણે બહાર પ્રાઇવેટ હૉસ્પિટલમાં ઓપરેશન કરાવ્યું હોય તો ૯૦ ટકા રકમ સરકારની અને ૧૦ ટકા વાલીની રકમ ભરીને આપણે આ ઓપરેશન કરતા હોઇએ છીએ. આપણે રૂ. ૭ લાખ જેટલો ખર્ચ કર્યો હોય અને પછીનું ઓપરેશન નવી ટેકનોલોજી સાથે ના કરી શકીએ તો આગળનો ખર્ચ પણ વેસ્ટ જતો હોય છે. એટલા માટે સરકારે આ સંવેદનશીલ નિર્ણય લીધેલો છે.

અધ્યક્ષશ્રી : રાજ્ય સરકારનું આ અભિનંદનીય કામ છે. હું અહીં ચેર પરથી વખાણ કરું છું. એક સામાન્ય બાળક માટે રૂ. ૫ લાખ કે રૂ. ૧૦ લાખનો ખર્ચો કરવો વાલી માટે બહું મુશ્કેલ હોય અને તેની ચિંતા કરીને આ બહું સારું કામ છે. માનનીય સભ્યશ્રીઓએ પણ પોતાના મતવિસ્તારમાં આવાં બાળકો હોય તો જાણકારી દ્વારા આપણે એનો લાભ લેવડાવવો જોઇએ.

બનાસકાંઠા જિલ્લાની અંબાજી રેફરલ હોસ્પિટલનું સંવર્ગવાર મહેકમ

***15/8/1379 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**

જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આવેલ અંબાજી રેફરલ હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,	(૧)	પત્રક–અ સામેલ છે.
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,	(૨)	પત્રક–અ સામેલ છે.
(૩)	ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે, અને	(૩)	યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.
(૪)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા દર્દીઓને ઉક્ત હોસ્પિટલમાંથી અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે?	(૪)	વર્ષ: અન્ય હોસ્પિટલમાં રીફર કરેલ દર્દી તા. ૦૧/૦૧/૨૦૨૪ થી તા. ૩૧/૧૨/૨૦૨૪: ૪૯૦ તા. ૦૧/૦૧/૨૦૨૫ થી તા. ૩૧/૧૨/૨૦૨૫: ૪૧૭

પત્રક–અ

બનાસકાંઠા જિલ્લાની અંબાજી રેફરલ હોસ્પિટલનું સંવર્ગવાર મહેકમ

ક્રમ	**સંવર્ગનું નામ**	**રેફરલ હોસ્પિટલ અંબાજી**		
		મંજુર મહેકમ	**ભરાયેલી જગ્યા**	**ખાલી જગ્યા**
	વર્ગ–૧			
૧	અધિક્ષક	૧	૧	૦

૨	આર.એમ.ઓ	૧	૧	૦
૩	ફીઝીશિયન	૧	૧	૦
૪	પૂર્ણકાલીન સર્જન	૧	૦	૧
૫	ગાયનેકોલોજીસ્ટ	૧	૦	૧
ક્રમ	**સંવર્ગનું નામ**	**રેફરલ હોસ્પિટલ અંબાજી**		
		મંજુર મહેકમ	**ભરાયેલી જગ્યા**	**ખાલી જગ્યા**
વર્ગ–૧				
૬	પીડીયાટ્રીશીયન	૧	૦	૧
૭	એનેસ્થેટીક	૧	૧	૦
૮	આંખના સર્જન	૧	૧	૦
૯	ઓર્થોપેડીક સર્જન	૨	૧	૧
૧૦	માઇક્રોબાયોલોજીસ્ટ	૧	૧	૦
૧૧	રેડીયોલોજીસ્ટ	૧	૦	૧
૧૨	મનોરોગ ચિકિત્સક	૨	૦	૨
૧૩	ચામડી રોગ નિષ્ણાંત	૧	૦	૧
૧૪	કાન, નાક અને ગળાના સર્જન	૧	૦	૧
૧૫	પેથોલોજીસ્ટ	૧	૧	૦
	કુલ	૧૭	૮	૯
વર્ગ–૨				
૧૬	તબીબી અધિકારી	૫	૫	૦
૧૭	ડેન્ટલ સર્જન	૧	૧	૦
૧૮	વહીવટી અધિકારી	૧	૦	૧
૧૯	બાયોમેડીકલ એન્જિનિયર	૧	૦	૧
૨૦	ક્લીનીકલ સાયકોલોજીસ્ટ	૧	૦	૧
	કુલ	૯	૬	૩
વર્ગ–૩				
૨૧	કચેરી અધિક્ષક	૧	૦	૧
૨૨	હેડ ક્લાર્ક	૧	૧	૦
૨૩	સીનીયર ક્લાર્ક	૨	૨	૦
૨૪	જુનીયર ક્લાર્ક	૨	૨	૦
૨૫	આસીસ્ટન્ટ નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ	૧	૦	૧
૨૬	હેડ નર્સ	૩	૦	૩
૨૭	સ્ટાફ નર્સ	૩૭	૩૪	૩
૨૮	ડેન્ટલ ટેક્નિશિયન	૧	૧	૦
૨૯	ઇ.સી.જી. ટેકનિશીયન	૧	૦	૧

૩૦	લેબોરેટરી ટેકનિશીયન	૨	૦	૨
૩૧	લેબોરેટરી આસીસ્ટન્ટ	૧	૧	૦
૩૨	સીનીયર ફાર્માસીસ્ટ	૧	૧	૦
૩૩	જુનિયર ફાર્માસીસ્ટ	૨	૨	૦
ક્રમ	**સંવર્ગનું નામ**	**રેફરલ હોસ્પિટલ અંબાજી**		
		મંજુર મહેકમ	**ભરાયેલી જગ્યા**	**ખાલી જગ્યા**
વર્ગ–૩				
૩૪	એક્સ–રે ટેકનિશીયન	૨	૨	૦
૩૫	એક્સ–રે આસીસ્ટન્ટ	૨	૦	૨
૩૬	ફીજીયોથેરાપીસ્ટ	૧	૦	૧
૩૭	ફાયર સેફ્ટી ઓફિસર	૧	૦	૧
૩૮	ઓપ્થેલમિક આસીસ્ટન્ટ	૧	૦	૧
૩૯	સેનેટરી ઇન્સપેક્ટર	૧	૧	૦
	કુલ	૬૩	૪૭	૧૬
વર્ગ–૪				
૪૦	વર્ગ–૪	૪૧	૪૧	૦
	કુલ	૪૧	૪૧	૦
	કુલ વર્ગ–૧ થી વર્ગ–૪	૧૩૦	૧૦૨	૨૮

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન અંબાજી સિવિલ હૉસ્પિટલનો છે એટલે સૌથી પહેલાં તો હું માનનીય મંત્રીશ્રી વિનંતી કરવા માગું છું અંબાજી સિવિલ હૉસ્પિટલમાં મહેકમની ખૂબ ઘટ છે. આખા ગુજરાતના યાત્રાધામ અંબાજીની સિવિલ હૉસ્પિટલમાં મહેકમની ઘટના લીધે જે દર્દીઓ આવે છે એમને બીજી જગ્યાએ રીફર કરવામાં આવે છે. સૌથી પહેલાં મારો પ્રશ્ન એ છે કે અંબાજી સિવિલ હૉસ્પિટલમાં સંપૂર્ણપણે મહેકમ ભરવા માગો છો કે કેમ? ત્યાં સાધનસામગ્રી ઓછી હોવાના લીધે મુશ્કેલી પડે છે અને દર્દીઓને બીજી જગ્યાએ રીફર કરવામાં આવે છે. પ્રસૂતાની બાબતમાં જે દર્દીઓને રીફર કરે છે એમને પાલનપુર સુધી અથવા વિસનગર કે બીજા દવાખાને જાય ત્યારે દર્દીઓ એટલી બધી હદે, એમ કહીએ તો ખોટું નથી કે *(**xxx**)

અધ્યક્ષશ્રી : *(**xxx**) એ શબ્દ દૂર કરીએ છીએ.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કહેવા માગું છું કે, ત્યાં રૂપિયા ૫ હજારમાં પ્રસૂતિ થતી હોય અને પ્રાઇવેટમાં રૂપિયા ૪૫ થી ૫૦ હજારનું બિલ આવે છે. હું વિનંતી કરું છું કે, ત્યાં સંપૂર્ણ પ્રોસેસ કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની સ્પષ્ટ નીતિ છે કે નાનામાં નાના ઝૂંપડામાં રહેનાર વ્યક્તિને આરોગ્યની સેવા વિનામૂલ્યે સારી રીતે મળે. અગાઉ હમણાં જ વાત કરી કે કોકિલયર ઇમ્પ્લાન્ટ પાછળ રૂપિયા ૭ લાખ જેટલો ખર્ચ અને કુલ રૂપિયા ૨૦૦ કરોડથી વધારે ખર્ચ, સાંભળતા ન હોય, બોલી શકતા ન હોય એવા બાળકો માટે સંવેદના સાથે કરી રહ્યા છીએ ત્યારે માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે એ વાજબી છે. અમારી સરકારે નિર્ણય લઇ લીધો છે. હાલમાં રાજ્ય સરકારે ૪૬૮ જેટલા બોન્ડેડ તબીબોને નિમણૂક આપી દીધી છે. તેમાંથી ૩ તજજ્ઞોને અંબાજી ખાતે નિમણૂક આપેલ છે. જી.પી.એસ.સી. દ્વારા ૩ તબીબોની નિમણૂક આપી છે. બાકીની ૩ જગ્યા ઉપર બોન્ડેડ અથવા કરાર આધારિત નિમણૂક આપી દઇશું. આ જે સ્ટાફની પ્રક્રિયા છે એ બોન્ડેડ હોય એને સમયમર્યાદા પૂરી થઇ હોય, રજા ઉપર હોય કે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હોય તો જગ્યા ખાલી પડે છે એમાં કરાર આધારિત ચોક્કસ પ્રકારે કરીશું. એમણે પ્રસૂતિની વાત કરી છે. અહીંયા સરકારી હોસ્પિટલ અંબાજી ખાતે થયેલ કામગીરીના આંકડા આપું તો તા. ૧–૧–૨૦૨૪થી તા. ૩૧–૧૨–૨૦૨૪ દરમિયાન

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બહારના દર્દીઓ ૧ લાખ ૧૫ હજાર ૭૦, અંદરના દર્દીઓ ૨૮,૭૫૩ છે. પ્રસૂતિ ૯૮૬ થઇ છે. લેબ ટેસ્ટ ૧ લાખ ૪૫ હજાર ૫૪૮ થયા છે. તા. ૧-૧-૨૦૨૫ થી તા. ૩૧-૧૨-૨૦૨૫ દરમિયાન ૧ લાખ ૨૫ હજાર ૬૦૧ બહારના દર્દીઓ, ૩૫,૯૬૬ અંદરના દર્દીઓ અને ૧૨૩૨ પ્રસૂતિ થઇ છે તેમજ ૧ લાખ ૬૭ હજાર ૫૮૧ જેટલા લેબ ટેસ્ટ થયા છે. છતાં કોઇ પ્રશ્ન હોય તો સભ્યશ્રી વિરોધ પક્ષના છે તો નહીં સાંભળવું એવું નહીં પરંતુ વાજબી સૂચનો હજી હશે અને રૂબરૂ મળશે તો ચોક્કસ જવાબ આપવા બંધાયેલ છું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન એ છે કે મહેકમનો છે, જગ્યાઓ ખાલી છે એટલે મુશ્કેલી થાય છે. મંત્રીશ્રીએ જવાબ આપ્યો એ હંગામી ધોરણે ભરવામાં આવ્યા છે. કાયમી મહેકમ ભરવા માગો છો કે કેમ? એમણે પ્રસૂતિના આંકડા આપ્યા છે પણ હું એ વિસ્તારનો છું. મને ખબર છે કે સરકારી દવાખાનામાં જગ્યાઓ ખાલી હોય છે અને પ્રાઇવેટમાં દર્દીઓનો ઘસારો વધારે હોય છે કારણ કે ત્યાં રીફર કરી દેવામાં આવે છે. આથી પ્રાઇવેટમાં ભરાવો થઇ જતો હોય છે. સરકારી દવાખાનામાં જ પ્રસૂતિ કરાવતા હોય તો લોકોને મુશ્કેલી ન પડે.

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે સ્ટાફની વાત કરે છે એ મેં જવાબ આપ્યો એ હંગામી ધોરણની નથી. બોન્ડેડ તજજ્ઞો ૩ ને નિમણૂક આપી દીધી છે. જી.પી.એસ.સી. પાસ થયેલા ૩ ડૉકટરો મૂક્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમની વાત છે કે પીડિયાટ્રિશિયન અને ગાયનેકોલોજીસ્ટની જગ્યા ભરાયેલ નથી એના કારણે પ્રસૂતિમાં મુશ્કેલી થાય છે. એ ભરવા માગો છો કે કેમ?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એ એમાં આવી જાય છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીએ જવાબ આપ્યો એ તમે માગો છો એ જ છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અંબાજી આપણું દેવસ્થાન છે. મોટું યાત્રાધામ છે અને ભાદરવી પૂનમનો મહામેળો પણ ત્યાં ભરાય છે તો સરકારી હૉસ્પિટલ અંબાજી ખાતે કઇ કઇ સેવાઓ ઉપલબ્ધ છે?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, અંબાજી એ માઁ અંબાનું આસ્થાનું કેન્દ્ર છે. લાખો શ્રદ્ધાળુઓ પગપાળા આવે છે, શ્રદ્ધાયુક્ત પૂજા-અર્ચના માટે અંબાજી જઇ રહ્યા હોય છે ત્યારે સરકારી હૉસ્પિટલ અંબાજી ખાતે ઇમરજન્સી વિભાગ, ઓર્થોપેડિક વિભાગ, ગાયનેક વિભાગ, નેત્ર વિભાગ, ડેન્ટલ વિભાગ, લેબોરેટરી વિભાગ, એક્સ-રે વિભાગ, બ્લડ સ્ટોરેજ યુનિટ, ડાયાલીસીસ, પી.એમ.જે.એ.વાય. કાર્ડની સેવા, ફાર્મસી, ઇન્જેકશન, ઓ.પી.ડી., ડ્રેસિંગરૂમ, એન.સી.ડી. ક્લિનિક, પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્ર, જનરલ વોર્ડ, સર્જિકલ વોર્ડ, ઓપરેશન થિયેટર, ઓપ્થેલમોલોજી વિભાગ, ઓર્થોપેડિક વિભાગ આ બધી સવલતો આ સરકારી હોસ્પિટલમાં આપણે આપી રહ્યા છીએ.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અંબાજી ખાતે સરકારી હૉસ્પિટલમાં કેટલાં તબીબી સાધનો ઉપલબ્ધ છે?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, માનીય સભ્યશ્રી એ પૂછ્યું છે કે હૉસ્પિટલમાં કેટલી સાધન સામગ્રી છે અને ટેકનોલોજી આધારિત દર્દીને કઇ રીતે (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેજર હોય એ કહેજો. બાકી ટોટલ ઇક્વિપમેન્ટ કહેશો તો બહુ લાંબુ થઇ જશે.

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, એકસ-રે મશીન, સી.આર.પી. મશીન, રેડિયોલોજી ઓટોક્લેવ મશીન, આઇ.સી.યુ. વેન્ટિલેટર, એનેસ્થેશિયા ટ્રોલી, વેન્ટિલેટર ટ્રોલી, ફૂલી ઓટોમેટિક બાયોમેટ્રિક બહુ લાંબુ લિસ્ટ છે તે હું માનનીય સભ્યશ્રીને પહોંચાડી દઇશ.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ આપ્યો છે એમાં ૧૨ જેટલા એમ.ડી., એમ.એસ.નું મહેકમ અંબાજી રેફરલ હૉસ્પિટલ ખાતે મંજૂર છે એમાંથી લગભગ ૭ જેટલી જગ્યા ખાલી છે. એ સમજી શકાય કે ડૉક્ટરોની ઘટ હોય અને જગ્યા ખાલી હોય છે પણ એ જવાબમાં એકસ-રે આસિસ્ટન્ટ, ઓપ્થોમેટિક આસિસ્ટન્ટ, લેબ ટેકનિશિયન, સ્ટાફ નર્સ, હેડ નર્સ, ફિઝિયોથેરાપીસ્ટ, ફાયર સેફ્ટી ઓફિસર આ બધા તો પ્રાપ્ય જ હોય તો એ જગ્યા શાના માટે ખાલી છે? અંબાજી મોટું યાત્રાધામ છે એટલે ત્યાં લાખોની સંખ્યામાં યાત્રાળુઓની અવર જવર થતી હોય છે. આટલી બધી અવર જવર થતી હોય ત્યારે કોઇવાર મોટો અકસ્માત સર્જાવાનો ભય રહી શકે છે તો માનનીય મંત્રીશ્રી ખાતરી આપે કે કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, અધિક્ષક, રેસિડેન્શિયલ મેડિકલ ઓફિસર, ફિઝિશિયન, એનેસ્થેટીક, આંખના સર્જન, ઓર્થોપેડિક સર્જન એક, માઇક્રોબાયોલોજિસ્ટ એક અને પેથોલોજિસ્ટની જગ્યા ભરાયેલી છે. ખાલી જગ્યામાં સર્જન, ગાયનેકોલોજિસ્ટ અને પૂર્ણકાલીન સર્જનમાં મેં આગળ વાત કરી કે, ૩ તજજ્ઞો અંબાજી ખાતે નિયુક્ત કરી દીધેલ છે. જી.પી.એસ.સી. દ્વારા આવેલ ૩ તજજ્ઞોની ત્યાં નિયુક્ત કરી દીધેલ છે.

તારાંકિત પ્રશ્નો

ધાનેરા ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ–ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની કાર્યવાહી

***15/8/1389 શ્રી માવજીભાઈ મગનભાઈ દેસાઈ** (ધાનેરા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**

જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેર ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ–ડીસ્ટ્રીકટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવા માટે સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૧)	છેલ્લા બે વર્ષ (તા.૩૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૬)માં ધાનેરા શહેર ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ–ડીસ્ટ્રીકટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાનું કોઈ આયોજન કરેલ નથી, પરંતુ તા.૧૫/૦૩/૨૦૨૩ના ઠરાવથી માત્ર સૈધ્ધાંતિક મંજૂરી આપેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ કોઈ કાર્યવાહી કરવામાં ન આવેલ હોય તો તેના કારણો શા છે?	(૨)	સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવા માટે નિર્ધારિત માપદંડોને વિચારણામાં લઈને કાર્યવાહી કરવાની રહે છે.

શ્રી માવજીભાઈ મ. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી જોડે જાણવા માગું છું કે, મારા મતવિસ્તાર ધાનેરામાં સબ–ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલની સૈધ્ધાંતિક મંજૂરી તા.૧૫/૩/૨૩ થી મળી ગયેલ છે તો એનું કામ ક્યારે ચાલુ થશે? બીજો પ્રશ્ન છે કે હૉસ્પિટલમાં વર્ગ–૧ સર્જન ડૉક્ટરોની ભરતી અને સ્ટાફમાં વધારો કરવા માગો છો કે કેમ? સાથે સાથે મારા વિસ્તારમાં નેનાવા એક તાલુકા પ્લેસ જેટલું મોટું ગામ છે ત્યાં સી.એચ.સી. મળે એ માટે મારી ભલામણ છે.

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય સભ્યશ્રીએ એમના વિસ્તાર ધાનેરાના સામૂહિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડેશન કરવા માટે જે રજૂઆત કરી છે અને પ્રશ્ન પૂછ્યો છે ત્યારે નવા તા.૧૬/૭/૨૦૨૪ના ઠરાવથી એમનું ૨૭નું મહેકમમાં વધારો કરીને ૪૦નું મહેકમ કરવામાં અને નવી મહેકમ પેટર્નમાં ધાનેરાનો સમાવેશ કરી દીધો છે. તે ઉપરાંત વધારાના પાંચ તજજ્ઞો જેવા કે– બાળ રોગ નિષ્ણાત, સ્ત્રી રોગ નિષ્ણાત, ફિઝિશિયન, જનરલ સર્જન, એનેસ્થેટિક અને પેરા મેડિકલ સ્ટાફ જેવા કે– એકસ રે ટેકનિશિયન, લેબ ટેકનિશિયન, સ્ટાફ નર્સ તેમજ વર્ગ–૩ અને વર્ગ–૪ ની વધારાની જગ્યાઓ મંજૂર કરી દેવામાં આવેલ છે.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો કોઈ પ્રશ્ન નથી અને પોલિટિકલ કોમેન્ટ નથી, હું વિનંતી કરવા માગું છું કે આજે બનાસકાંઠામાં ધારાસભ્ય તરીકે મને ૮ વર્ષ થયા. જેન્યુઅલી બનાસકાંઠા જિલ્લાના પી.એચ.સી., સી.એચ.સી. અને પાલનપુરની સિવિલ હૉસ્પિટલને બાદ કરતા આરોગ્યની પરિસ્થિતિ બહુ એપ્રીશિયેટ કરી શકાય એવી નથી. મારી સરકારને વિનંતી છે કે સુઈગામની અંદર કોઈ માણસ ટ્યુમર લઈને ડોકટર પાસે ગયો હોય, એ સાદી ટ્યુમર છે કે કેન્સરની એની બાયોપ્સી થતી નથી. એમ.આર.આઈ.નું મશીન નથી. સીટી સ્કેનનું મશીન નથી. આજે પેપસ્કેન આવી ગયા છે તો સરકારને મારી વિનંતી છે કે બધા પી.એચ.સી. સી.એચ.સીને એટલીસ્ટ કેન્સરનું નિદાન થઈ શકે એનાથી આપણે સજજ કરવી જોઈએ. સન ૨૦૨૫ના ગુજરાતમાં આટલી બેઝિક ફેસિલિટી આપણે ત્યાં ના હોય એ ઠીક નથી.

શ્રી પ્રકુલભાઈ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, સભ્યશ્રીનું એ સૂચન છે તો પણ આપણે પી.એચ.સી., સી.એચ.સી. સેન્ટરમાં આવા ગંભીર પ્રકારના લક્ષણોવાળા દર્દીઓ આવતા હોય એમને અમદાવાદ કે જે આપણી સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ છે ત્યાં રીફર કરવાના હોય છે પરંતુ આમાં હજી આપણે શું કરી શકાય? સભ્યશ્રી જયારે ગરીબ દર્દીઓ માટે અને પોતાના વિસ્તારના લોકો માટે જયારે પ્રશ્ન ગૃહની સમક્ષ મૂકે છે ત્યારે કોઈ ઘટતી કડી કે ખૂટતી કડી હોય તો રૂબરૂ ચોક્કસ મળશે તો આનું પ્લાનિંગ કરી શકાય.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ધાનેરા ખાતે આવેલી રેફરલ હૉસ્પિટલ એ વિસ્તાર માટે ખૂબ આશીર્વાદરૂપ છે તો છેલ્લાં બે વર્ષની અંદર ત્યાં કેટલા બહારના દર્દી, કેટલા અંદરના દર્દીઓને સારવાર આપવામાં આવી અને કેટલા લેબ ટેસ્ટ કરવામાં આવ્યા, કેટલી પ્રસૂતિ કરવામાં આવી?

શ્રી પ્રકુલભાઈ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, સન ૨૦૨૪માં ૮૬,૮૬૮ બહારના દર્દી, અને ૯૫૪૩ અંદરના દર્દીઓ છે. ૧૯૯ પ્રસૂતિ અને લેબટેસ્ટ ૩૭૮૪૬ છે.

અધ્યક્ષશ્રી : અંદરના દર્દી અને બહારના દર્દી એટલે ઇનડોર અને ઓ.પી.ડી. આ બે જ છે ને?

શ્રી પ્રકુલભાઈ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, યસ સર.

અધ્યક્ષશ્રી : બહારના એટલે બીજાં રાજ્યોના નહીં ને?

શ્રી પ્રકુલભાઈ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, નહીં, સર અંદર દાખલ કરેલા દર્દી હોય. સન ૨૦૨૫માં ૮૬૩૯૭ બહારના એટલે કે જે દવા લઈને પ્રાથમિક ટ્રીટમેન્ટ લઈને રજા લઈને જતા રહે અને દાખલ કરેલા ૬૪૯૫, ૬૪ પ્રસૂતિ અને ૩૪૪૮૪ લેબટેસ્ટ કરવામાં આવેલા છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારી ઓગડ તાલુકાની થરા રેફરલ હૉસ્પિટલને ડિસ્ટ્રિક્ટ લેવલનો દરજ્જો આપવા માગો છો કે કેમ? તેમજ આ હૉસ્પિટલની અંદર સને ૨૦૧૮-૧૯ની આરોગ્ય કેન્દ્રની મુખ્ય બાંધકામની જે ગ્રાન્ટ વણવપરાયેલી પડી છે એનાં કારણો શું છે?

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, સભ્યશ્રીનું એ સૂચન છે અને જે પી.એચ.સી., સી.એચ.સી. સેન્ટરને અને સબ હૉસ્પિટલોને અપગ્રેડેશન માટે ઓક્ક્સ વસતિની ગણતરી, આજુબાજુના એમના પેશન્ટ વગેરેના કેલકયુલેશન સાથે આરોગ્ય વિભાગ ખૂબ ગંભીરતાથી વિચારી રહ્યું હોય છે. આપનું સૂચન છે, આ સૂચન ઓક્ક્સ પ્રકારે અમે ધ્યાને લઇશું.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન બીજા સી.એચ.સી.નો છે એટલે આપની પાસે જવાબ હોય તો જ આપો.

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, મારે એક આરોગ્યલક્ષી માહિતી આપવી છે. ભારતની અંદર અત્યારે માનનીય લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આજે અત્યારે ૯-૩૦ થી ૧૦-૦૦ વાગે સમગ્ર ભારતની ૧૪ વર્ષથી ૧૫ વર્ષ સુધીની દીકરીઓને સર્વાઇકલ કેન્સરની વિનામૂલ્યે રસી આપવાનો પ્રારંભ કર્યો છે.

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, ગુજરાતની અંદર આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા સોલા સિવિલ હૉસ્પિટલ ખાતે ૫ લાખ ૫૦ હજાર દીકરીઓને વિનામૂલ્યે આ વેક્સિન આપવામાં આવશે. સર્વાઇકલ કેન્સરના આ વર્ષે આખા ભારતમાં ૭૯, ૧૦૩ નવા કેસો આવ્યા છે અને ૩૪ હજારથી વધુ દીકરીઓના મૃત્યુ થયા છે ત્યારે સંવેદના સાથે એચ.પી.વી. ૧૬ અને એચ.પી.વી. ૧૮, આમ તો ઘણા પ્રકારના વાયરસ હોય છે પણ આ બે પ્રકારના વાયરસ સર્વાઇકલ કેન્સરના જવાબદાર છે તો એની રસી આપે એનો કુલ ખર્ચ ૩. બે હજાર એક દીકરી માટે થાય છે.માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા કાશ્મીરથી કન્યાકુમારી સુધી તમામ દીકરીઓને વિનામૂલ્યે રસી આપવાનો પ્રારંભ થઇ ગયો છે.

અધ્યક્ષશ્રી : ખૂબ સારું કામ છે. સર્વાઇકલ કેન્સર અને બ્રેસ્ટ કેન્સર આ બંને સમસ્યા દીકરીઓ માટે ખૂબ મોટી હતી અને વહેલા નિદાન ન થવાના કારણે એ તેમાં હોમાઇ જતાં હતાં. આવા કિસ્સાઓમાં આ ખૂબ ઐતિહાસિક કામ કર્યું છે. ભારત સરકારમાં માનનીય પ્રધાનમંત્રીશ્રીને અને રાજ્ય સરકારમાં માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપીએ.

રાજકોટ જિલ્લામાં તીર્થગામ/પાવનગામ યોજના અન્વયે ગામોને લાભ

* 15/8/1020 **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી) : માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

ક્રમ	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ કેટલા ગામને તીર્થગામ પાવનગામ જાહેર કરવામાં આવેલ છે, અને	(૧)	
(૨)	ઉક્ત સ્થિતિએ તે માટે કેટલું પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે ?	(૨)	

ક્રમ	વર્ષ				કુલ	
	૨૦૨૩-૨૪		૨૦૨૪-૨૫			
	તીર્થગામ	પાવનગામ	તીર્થગામ	પાવનગામ	તીર્થગામ	પાવનગામ
૧	૦૦	૦૬	૦૫	૦૬	૦૫	૧૨

ક્રમ	વર્ષ				કુલ (રૂ.લાખમાં)	
	૨૦૨૩-૨૪		૨૦૨૪-૨૫			
	તીર્થગામ	પાવનગામ	તીર્થગામ	પાવનગામ	તીર્થગામ	પાવનગામ
૧	૦૦	૬.૦૦	૨૫.૦૦	૧૫.૦૦	૨૫.૦૦	૨૧.૦૦

ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે તીર્થગામ-પાવનગામ યોજના અંતર્ગત ક્યા-ક્યા માપદંડો ધ્યાને લેવામાં આવે છે અને તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ કેટલા ગામને તીર્થગામ-પાવનગામ જાહેર કરવામાં આવેલ છે? અને ઉક્ત સ્થિતિએ તે માટે કુલ કેટલું પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના યશસ્વી વડાપ્રધાન અને ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દૂરંદેશી નીતિ અન્વયે રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં રહેતાં લોકો વચ્ચે પરસ્પર સદભાવના વધે, કોમી એખલાસની ભાવના વધુ પ્રબળ બને, ગામમાં એકતા જળવાય, ગામોનો સર્વાંગી વિકાસ થાય એવા ગ્રામજનોના પ્રયાસોને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારના પંચાયત વિભાગ દ્વારા તા.૨૧/૪/૨૦૦૭ના રોજ આ યોજના શરૂ કરવામાં આવી. ત્યારબાદ યોજનાનો વ્યાપ વધારવા માટે તા.૨૦/૧૦/૨૦૦૮ના રોજ તીર્થગામ-પાવનગામ યોજનાનો ઉમેરો કરવામાં આવ્યો. હાલ પણ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ અને પંચાયત મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ પંચાયત વિભાગ ગુજરાતની જનતાને વિવિધ યોજનાઓનો બહોળા પ્રમાણમાં લાભ મળે તેવી નેમ સાથે કામગીરી કરી રહ્યો છે. આ યોજનાનો

મુખ્ય હેતુ એ છે કે ગામના નાનાં–મોટા પ્રશ્નો અને વિવાદો ગામમાં જ પરસ્પર સમજાવટથી ઉકેલાય. જેથી પોલીસ સ્ટેશન કે કોર્ટ કચેરી સુધી જવાની જરૂર ન પડે. ગામનું વાતાવરણ શાંતિપૂર્ણ રહે. જે ગામમાં છેલ્લા પાંચ વર્ષમાં અકસ્માત સિવાયના કોઇ ગુના નોંધાયેલા ન હોય તેને પાવનગામ તરીકે જાહેર કરવામાં આવ્યાં છે. આ યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક માપદંડો મુજબ ગામ સંપૂર્ણપણે વિવાદમુક્ત હોવું અનિવાર્ય છે. ગામમાં જુગાર જેવી પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ, કેફી પદાર્થોના સેવન પર રોક અને દારૂબંધી હોવી જરૂરી છે. સામાજિક સમરસતા આ યોજનાનો મુખ્ય આધાર છે. જે મુજબ ગામમાં અસ્પૃશ્યતા નિવારણ થયેલું હોવું જોઇએ અને તમામ જ્ઞાતિના લોકોને જાહેર સ્થળો, મંદિરો અને જળાશયોમાં સમાન પ્રવેશ મળવો જોઇએ. શિક્ષણ ક્ષેત્રે ગામમાં ૧૦૦ ટકા શાળા પ્રવેશ હોવો જોઇએ. ખાસ કરીને કન્યા કેળવણી પર ભાર મૂકીને ડ્રોપ આઉટ રેટ શૂન્ય હોવો જોઇએ. ગામની આંતરિક અને જાહેર સ્વચ્છતા જળવાયેલી હોવી જોઇએ. જેમાં રસ્તાઓ, જાહેર શૌચાલયો અને ગંદા પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા હોવી જોઇએ. જો ગ્રામ પંચાયતની ચૂંટણી બિનહરીફ રીતે એટલે કે સમરસ થયેલી હોય તો તેને પસંદગીમાં વધારાની અગ્રતા આપવામાં આવે છે. આ ઉપરાંત ગામમાં જળસંચયના કાર્યો, વૃક્ષારોપણ અને પર્યાવરણની જાળવણીના પ્રયાસો પણ ધ્યાને લેવામાં આવે છે. આ યોજના અંતર્ગત પંચાયત વિભાગમાં તા.૨૦/૧૦/૨૦૦૮ના ઠરાવ મુજબ સામાન્ય ગામ માટે ૧૦૦માંથી ઓછામાં ઓછા ૫૦ ગુણ હોવા જોઇએ તથા આદિવાસી ગામ માટે ઓછામાં ઓછા ૪૫ ગુણ હોવા જોઇએ. ત્યારબાદ પંચાયત વિભાગ દ્વારા તા.૧૭/૪/૨૦૧૨ના સુધારા ઠરાવ મુજબ સામાન્ય ગામ માટે ૧૦૦માંથી ઓછામાં ઓછા ૭૦ ગુણ હોવા જોઇએ અને આદિવાસી ગામ માટે ૧૦૦ માંથી ઓછામાં ઓછા ૬૦ ગુણ હોવા જોઇએ. આ પ્રમાણેના માપદંડ ધ્યાને લઇ તીર્થગામ–પાવનગામ યોજનામાં ફાળવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪–૨૫માં ૫ તીર્થગામ અને ૬ પાવનગામ જાહેર થયાં છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, પાવનગામ, તીર્થગામ, પહેલાં શરૂઆતમાં ગોકુળિયું ગામ હતું. આ ત્રણેય વસ્તુ પછી સ્માર્ટ ગામ તરીકે પણ સરકારે યોજના જાહેર કરી.

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઇ, આપનું ગામ ક્યું છે? તેની વ્યવસ્થા બહુ સારી છે એવું મેં સાંભળ્યું છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા ગામ બાદલપરાને સ્માર્ટ ગામ તરીકે સમગ્ર જિલ્લામાં પ્રોત્સાહિત ઇનામ મળ્યું છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે તીર્થગામ, પાવનગામ અને છેલ્લે સ્માર્ટ ગામ આવ્યું છે. સ્માર્ટ ગામ બનાવવા માટે ગ્રામજનો બહુ મહેનત કરતા હોય છે. તેના ક્રાઇટેરિયામાં ૧૦૦ ટકા ગુણ મેળવે ત્યારે સ્માર્ટ ગામ બને છે. તેમાં એક ક્રાઇટેરિયા વસતિના ઘોરણનો છે. મારું પોતાનું બાદલપરા ગામ વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન સ્માર્ટ ગામ તરીકે જાહેર થયું છે પણ વસતિના ઘોરણના ક્રાઇટેરિયાના કારણે તેને મળવાપાત્ર પ્રોત્સાહિત ઇનામ આજદિન સુધી મળ્યું નથી. બીજું, શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું વિઝન છે કે આપણો દેશ સ્વચ્છ હોવો જોઇએ પણ સ્વચ્છતા માટે જે ગામો પ્રયત્ન કરતાં હોય તેને ઇ–રિક્ષા માટે પણ વસતિના ઘોરણનો ક્રાઇટેરિયા નડે છે. દરેક ગ્રામ પંચાયતને ઇ–રિક્ષા ફાળવવી જોઇએ. જેથી સ્વચ્છતા માટેનું એક કાર્ય કરી શકાય. સ્માર્ટ ગામને જે ઇનામ આપવાનું નક્કી કર્યું છે તે તેમને મળ્યું નથી તો વસતિના ઘોરણના ક્રાઇટેરિયામાં કોઇ ફેરફાર કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન પોઝિટિવ છે. માનનીય સભ્યશ્રી સાથે ઓછી વસતિ ધરાવતા ગામો વસતિના ઘોરણ સિવાયના ક્રાઇટેરિયા પૂરા કરતા હોય તો તેને ચોક્કસ આવરી શકાય તેવી ચર્ચા કરીશું.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, સોમનાથની બાજુમાં જ બાદલપરા ગામ છે તો આપ બધા મુલાકાત લેવા પધારો.

અધ્યક્ષશ્રી : વાહ! સોમનાથ દાદાના દર્શન પણ થઇ શકે.

મહિસાગર જિલ્લા પંચાયતમાં પશુધન નિરીક્ષકની મંજૂર થયેલ જગ્યાઓ

*15/8/1054 **શ્રી માનસિંહ કોહ્યાભાઇ ચૌહાણ** (બાલાસિનોર) **: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લા પંચાયતમાં પશુધન નિરીક્ષક સંવર્ગની મંજુર થયેલ જગ્યાઓ કેટલી છે,	(૧)	૨૦
(૨)	તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે,	(૨)	૧૯
(૩)	કેટલી જગ્યાઓ ખાલી છે, અને	(૩)	૦૧
(૪)	આ ખાલી જગ્યાઓ ક્યા સુધીમાં ભરવામાં આવશે ?	(૪)	ઉક્ત ખાલી રહેલ જગ્યા ૧ (એક) જગ્યા સીધી ભરતીથી ભરવા માટેની ભરતી પક્રિયા ચાલુ છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પશુધન નિરીક્ષક સંવર્ગની ૨૦ જગ્યાઓમાંથી ૧૯ જગ્યાઓ ભરાયેલી છે તે બદલ હું માનનીય મંત્રીશ્રી અને સરકારશ્રીને અભિનંદન આપું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, પશુધન નિરીક્ષકની જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા શું હોય છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકાર દરેક વિભાગોમાં સક્ષમ અને પૂરતી સંખ્યામાં માનવબળ પૂરું પાડવાની નેમ સાથે કામ કરી રહી છે. પશુધન નિરીક્ષકની ભરતી પ્રક્રિયા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે મેરીટના ધોરણે ભરતી થાય છે. આ જગ્યા માટે શૈક્ષણિક લાયકાત આ પ્રમાણે છે. એક વિષય અંગ્રેજી સાથે માધ્યમિક શાળાની એસ.એસ.સી. પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત ઓછામાં ઓછા એક વર્ષના સમયગાળાનો પ્રી-સર્વિસ પશુધન નિરીક્ષક કોર્સ કરેલો હોવો જોઇએ અથવા પંચાયત વિભાગના તા.૦૬/૦૩/૨૦૨૫ના જાહેરનામા મુજબ કેન્દ્રીય અથવા રાજ્ય કૃષિ કે વેટરનિટી યુનિવર્સિટી એક્ટ હેઠળ સ્થાપિત અથવા અંતર્ગત કોઇપણ યુનિવર્સિટીમાં પશુપાલનનો ત્રણ વર્ષનો ડિપ્લોમા કોર્સ પાસ કરેલો હોવો જોઇએ. આની અંદર શરત એ છે કે ઉમેદવારોએ જરૂરી લાયકાત ડિસ્ટન્સ એજ્યુકેશન મારફત મેળવેલ હોય તો તે આ માટે પાત્ર ગણાશે નહીં. કોમ્પ્યુટર એપ્લિકેશનનું મૂળભૂત જ્ઞાન હોવું જોઇએ. ગુજરાતી, હિન્દી બંનેનું પર્યાપ્ત જ્ઞાન હોવું જોઇએ. જિલ્લા પાસેથી ખાલી જગ્યાઓની માહિતી મેળવી માંગણાપત્રક તૈયાર કરી પંચાયત વિભાગ દ્વારા ૧૦ વર્ષના ભરતી કેલેન્ડર અનુસાર તે વર્ષના ફાળે આવતી જગ્યાઓ ભરવા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને મોકલી આપવામાં આવે છે. ત્યારબાદ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા બોર્ડ દ્વારા પરીક્ષાનું આયોજન કરી પંચાયત વિભાગને ભલામણ મોકલી આપવામાં આવે છે.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહીસાગર જિલ્લામાં ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાઓમાં આઇ.સી.ડી.પી.ની ૨૫ જગ્યાઓ મંજૂર થયેલ છે. જે પૈકી ૪ જગ્યાઓ જ ભરાયેલ છે. તો આ ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે? જો આ જગ્યાઓ નહીં ભરાય તો ફરી પાછું બનાવટી દૂધ આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ડૉકટરને અને એને ક્યાં લેવા-દેવા છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, જે સૂચન છે એની સમીક્ષા કરીશું.

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પશુધન નિરીક્ષકની કામગીરી શું હોય છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, પશુ ચિકિત્સા જેવી કે વિવિધ પ્રકારના ઘા-જખ્મનું ડ્રેસિંગ કરવું, પશુ-પક્ષીમાં રસીકરણ કરવું, બરડીજો પદ્ધતિથી ખસીકરણ કરવું, બીમાર પશુઓને પ્રાથમિક સારવાર આપવી, તાત્કાલિક સારવારના કેસમાં પ્રાથમિક સારવાર આપવી, તાત્કાલિક સારવારના કેસોમાં અધિકૃત પશુ ચિકિત્સા અધિકારી દ્વારા સારવાર મળી રહે તેવી તાત્કાલિક વ્યવસ્થા કરવી કે ગોઠવવી, કૃત્રિમ બીજદાનની કામગીરી કરવી, પશુ-પક્ષીમાં થતી માંદગી તથા ચેપી રોગ અંગે સજાગતા રાખવી, ચેપી રોગચાળાની પરિસ્થિતિમાં કાર્યક્ષેત્રના સંબંધિત પશુ દવાખાનાના પશુ ચિકિત્સા અધિકારીને તાત્કાલિક જાણ કરવી તથા પશુ ચિકિત્સા અધિકારી પશુરોગ સંશોધન અધિકારીના માર્ગદર્શન મુજબ રોગ નિયંત્રણ અંગેના પગલાં લેવામાં આવે છે. પશુરોગ નિદાન માટે કામગીરીમાં પશુરોગ સંશોધન અધિકારીને સહાયરૂપ થવું, રોગ નિદાન માટે નમૂનાનું એકત્રિકરણ કરવું તથા પ્રયોગશાળામાં મોકલી આપવા, પરોપજીવી નિયંત્રણ માટે દવા છંટકાવ માટે કામગીરી તથા આંતર પરોપજીવી નિયંત્રણ માટે કૃમિનાશક દવા ખવડાવીને કામગીરી કરવી. સરકારની યોજનાઓનો પ્રચાર-પ્રસાર નિર્દેશ તેમજ અમલીકરણ માટે મદદરૂપ થવું, પશુઓના રહેઠાણ ચેપી રોગથી મુક્ત રહે તેમજ બીજા રોગ પ્રતિબંધક ઉપાયો હાથ ધરવા, પશુપાલકોને માર્ગદર્શન આપવાની કામગીરી કરવી, પશુ પ્રદર્શન અને પશુ બજારોના આયોજનની કામગીરીમાં મદદરૂપ થવું, ખાતાને લગતી સોંપાયેલી વિસ્તરણ કામગીરી કરવી, પશુધન, પશુ ઉત્પાદક અને તેને સંલગ્ન સરવે તથા રેકર્ડ જાળવણીની કામગીરી કરવી અને કેન્દ્રો ખાતે નિયત કરવામાં આવેલ તમામ વહીવટી તાંત્રિક અને યોજનાઓને લગત રજિસ્ટરો નિયમિત લખવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમના જવાબમાં લખેલું છે કે ૨૦માંથી ૧૯ જગ્યાઓ ભરાઇ ગયેલ છે. જે એક જગ્યા ખાલી છે તેની સીધી ભરતી માટેની પ્રક્રિયા ચાલુ છે. માનનીય મંત્રીશ્રી સીધી ભરતી માટેની જે પ્રક્રિયા છે એ વિભાગ દ્વારા કઇ રીતે કરવામાં આવી છે? અને એના માંગણાપત્રક જી.પી.એસ.સી.ને મોકલી આપવામાં આવેલ છે કે કેમ?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની પશુપાલનલક્ષી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે પશુધન નિરીક્ષક એ એક મહત્ત્વની કડી છે. મને જણાવતાં આનંદ થાય છે કે, મહીસાગર જિલ્લાની ૨૦માંથી ૧(એક) જ જગ્યા ખાલી છે. આ જગ્યા ભરવા માટે સરકારશ્રીએ પંચાયત પસંદગી મંડળને માંગણાપત્રક મોકલી આપેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, એ જી.પી.એસ.સી.ને નથી મોકલતા પણ પંચાયત સેવા પસંદગી મંડળને મોકલીએ છીએ. જવાબ આવી ગયો છે.

ફાલ્ગુન ૦૯, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

બનાસકાંઠા જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના

*** 15/8/1005 : શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટીર જ્યોતિ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં કેટલા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા, અને	(૧)	૮૫૯
(૨)	ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો?	(૨)	રૂ. ૮૯.૭૪ લાખ

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ કુટિર જ્યોતિ યોજના એ રાજ્યના અનુસૂચિત જનજાતિના ઇસમો માટે ખૂબ જ આશીર્વાદરૂપ છે. મને જે જવાબ આપવામાં આવ્યો છે એમાં છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૮૫૯ જેટલા લાભાર્થીઓને વીજ કનેક્શન આપવામાં આવ્યાં છે. છેલ્લાં બે વર્ષમાં આવી કેટલી અરજીઓ પડતર છે? અને આ પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુટિર જ્યોતિ યોજના લગભગ વર્ષ ૧૯૯૧–૯૨માં અમલમાં આવેલી છે. આ યોજના પાછળનો હેતુ આદિજાતિ વિસ્તારમાં લોકો છૂટાછવાયા રહેતા હોય તેઓ વીજળીથી વંચિત ના રહે એવો હતો. વર્ષ ૧૯૯૬–૯૭ અને વર્ષ ૧૯૯૭–૯૮માં સ્ટ્રેન્ધનિંગ કરી ખૂબ ઝડપથી સરકારે કામગીરી હાથ ઉપર લીધી છે. આ યોજનામાં લગભગ રૂ. ૮૯.૭૪ લાખના ખર્ચે આપણે ૮૫૯ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને ઘરવપરાશના વીજ જોડાણ આપ્યા છે. આપણે વર્ષ ૨૦૨૪માં અમીરગઢમાં ૧૩૬ કનેકશન આપ્યાં છે અને રૂ. ૧૯.૩૯ લાખનો ખર્ચો કર્યો છે. વર્ષ ૨૦૨૪માં દાંતામાં ૩૪૧ કનેકશન આપ્યાં છે અને રૂ. ૨૭.૩૨ લાખનો ખર્ચ કર્યો છે. વર્ષ ૨૦૨૫માં અમીરગઢમાં ૯૬ કનેકશન આપ્યાં છે અને રૂ. ૧૩ લાખનો ખર્ચો કર્યો છે. વર્ષ ૨૦૨૫માં દાંતામાં ૨૮૬ કનેકશન આપ્યાં છે અને રૂ. ૨૯.૯૮ લાખનો ખર્ચો કર્યો છે. અમીરગઢમાં બે વર્ષમાં કુલ ૨૩૨ કનેકશન આપ્યાં છે અને રૂ. ૩૨.૪૪ લાખનો ખર્ચ થયો છે. દાંતામાં બે વર્ષમાં કુલ ૬૨૭ કનેકશન આપ્યાં છે અને રૂ.૫૭.૩૦ લાખનો ખર્ચ કર્યો છે. બાકીના તાલુકાઓ અનુસૂચિત જનજાતિ હેઠળ આવતા નથી તેથી ત્યાં કોઇ કનેકશન આપવાનો પ્રશ્ન રહેતો નથી, પરંતુ ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના કે જેના દ્વારા પ્રત્યેક ગરીબના ઘરમાં રોશની રહેવી જોઇએ, વીજળી રહેવી જોઇએ એનું ઘર ઝગમગાહટ રહેવું જોઇએ એના માટે રાજ્ય સરકારે ઝૂંપડા વીજળીકરણ યોજના અમલમાં મૂકી. ગરીબોના ખૂબ ઘરોમાં મોટા વ્યાપમાં અંધારું હતું ત્યાં રોશની કરવાનું કામ રાજ્ય સરકારે કર્યું છે. આ કુટિર જ્યોતિ યોજનામાં પહેલાં ૧૦૦ મીટરની મર્યાદા હતી હવે એ ૧૦૦ મીટરની મર્યાદા કાઢી નાંખી છે. થાંભલા ઊભા કરવા, ટ્રાન્સફોર્મર આપવું, જે કંઇપણ કરવું પડે એ કરી, પ્રત્યેક આદિજાતિ વિસ્તારમાં વીજળીનું કનેકશન મળે એના માટે રાજ્ય સરકાર દ્વારા ખૂબ સારી રીતે સો ટકા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ ખૂબ સરસ મૌલિક જવાબ આપ્યો. હું અભિનંદન આપીશ. તમે રેફરન્સ લઇ શકો પણ આ રીતે વાંચ્યા સિવાય એમને સમજાવી શકો, એ તર્ક સંસદીય પ્રણાલીને ખૂબ મજબૂત બનાવશે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કુટિર જ્યોતિ યોજના અન્વયે લાભાર્થીઓને નવા વીજ જોડાણ આપવામાં આવે છે, તેના ધારાધોરણો શું છે?

અધ્યક્ષશ્રી : કોને આપી શકાય? નિયમો શું છે? ધારાધોરણો શું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુટિર જ્યોતિ યોજનાનો લાભ જે લાભાર્થીનું નામ ગ્રામ વિકાસની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ કૉમન લિસ્ટમાં હોય તો એના માટે કોઇ બીજી વિશેષ જરૂરિયાત રહેતી નથી પરંતુ જો એ લિસ્ટમાં ના હોય તો રૂ. ૧ લાખ ૨૦ હજાર ગ્રામ્ય વિસ્તારમાં અને રૂ. ૧ લાખ ૫૦ હજારની આવક મર્યાદા શહેરી વિસ્તારમાં આ બંને ક્રાઇટેરિયામાં કૂલફીલ થતા હોય તો આપણે એમને કનેકશન આપીએ છીએ.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુટિર જ્યોતિ યોજનામાં આપે જે કનેકશન આપ્યાં છે એમાં અભિનંદન આપ્યા છે અને હું પણ અભિનંદન આપું છું. અમીરગઢ અને દાંતા તાલુકાના છેવાડાનાં ગામડામાં ત્યાં હકીકતમાં પાવર પહોંચતો નથી એ હકીકત સાચી છે. બીજું, અમીરગઢ અને દાંતા તાલુકામાં ફાર્મ હાઉસમાં કનેકશન આપવા માગો છો કે કેમ? શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારો પાવર તો છેક ગરીબોના ઘર સુધી પહોંચે છે. આમાં પાવર ડીફ્યુઝ થાય છે. સવાલ એટલો છે, વિષય એટલો છે કે ઊર્જા વિભાગની અંદર (અંતરાય) મારો જવાબ પૂરો થતો નથી.

અધ્યક્ષશ્રી : તમારે બેસવું પડે. મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે. તમે બેસો, ઊભા ન થવાય.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એના માટે આપણે ફીડરોના પણ વિભાજન કરીએ છીએ. પહેલા જે પ્રમાણેની વ્યવસ્થાઓ હતી અને એક જ એચ.ટી. લાઇન પર ટ્રાન્સફોર્મર ઊભા કરી એક જ ફીડરમાં ઘણાં કનેકશનો હોય એની જગ્યાએ આપણે ખેડૂતોના ખેતર સુધી ટ્રાન્સફોર્મર ઊભાં કરી કનેકશનો આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી ફારમ હાઉસ કહે છે એને ફાર્મ હાઉસ સમજવું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : તમારું જે ફાર્મ હોય એ, પણ તમારા ફાર્મ ઉપર કોઇ વોલ્ટેજ ડ્રોપ થતા હોય એવું લાગતું હોય, સતત સુદ્દઢીકરણ અને મજબૂતીકરણની કામગીરી વીજ વિભાગ કરતો હોય છે. ફરિયાદ માટે અલાયદી વ્યવસ્થાઓ કરી છે અને વીજળી જવાની ફરિયાદ આવે, ક્યાંય નાનો મોટો ફોલ્ટ થાય અને પૂરા વોલ્ટેજ લોકોને ન મળતા હોય તો આપણી વ્યવસ્થામાં જ્યારે ફરિયાદ કરે ત્યારે સત્વરે એનો નિકાલ કરવામાં આવતો હોય છે. અમારા ધ્યાને આવતાં જ વીજ વિભાગ કોઇપણ છેડા ઉપર હોય અમે તરત જ એ બાબતે પગલા લઇએ છીએ. સામાન્ય કહી દેવાનું કે વોલ્ટેજ ડ્રોપ થાય છે. બે તાલુકાની વાત નથી. આખા ગુજરાતની હું વાત કરી રહ્યો છું. આખા રાજ્યમાં અમે જે રીતે વ્યવસ્થાઓ ઊભી કરી છે એ અદભુત છે. કદાચ વડોદરાના કન્ટ્રોલ સેન્ટરની મુલાકાત લે તો ખ્યાલ આવે કે આપણો વીજ વિભાગ કેમ દર વખતે પ્રથમ નંબરે આવે છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આપ કહો છો પણ પરિસ્થિતિ એ જ છે. મેં કહ્યું કે છેવાડાનાં ગામડાંમાં લાઇટ પહોંચતી નથી. ડીમ એટલે અતિશય ડીમ લાઇટ હોય છે.

અધ્યક્ષશ્રી : કયા ગામો છે? નામ આપો એટલે આપણે તપાસ કરાવીએ. જવાબદારીપૂર્વક કહેજો.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : કપાસિયા, ખારી, જાબા, પરાણપુર બંગલા, મહુડા આ ગામો છે.

અધ્યક્ષશ્રી : આની તપાસ કરાવીને વિધાનસભામાં રિપોર્ટ રજૂ કરજો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ રિપોર્ટ મળશે. લાઇટનું કનેકશન લેવું હોય તો અરજી કરવી પડે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, થાંભલે મીટર લગાવીને ફોટા પાડી જાય છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : તમે કમ્પલેઇન કરી છે ખરી? ખાલી એને પોલિટિકલ મુદ્દો બનાવીને ઉછાળવા ઊભું કર્યું છે?

અધ્યક્ષશ્રી : હું જાણું છું ત્યાં સુધી દરેક ગામ સુધી વીજળી પહોંચી છે. આ કહે છે નથી પહોંચી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ગૃહમાં જ એમણે ૩ ગામ પૂરતો મુદ્દો ઉઠાવ્યો છે અને ચોક્કસ અમે ચેક કરાવીશું. આપણી જવાબદારી છે કે કોઇપણ મુશ્કેલી હોય તો એની ફરિયાદ તો કરવી પડે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપણા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટેની યોજના છે એમાં આવકમર્યાદા રૂપિયા ૧.૫૦ લાખ છે એ વધારીને રૂપિયા ૩ લાખ કરવા માગો છો કે કેમ? બીજું સૂચન છે અને પ્રશ્ન છે કે અનુસૂચિત જનજાતિ માટે એટલા માટે કે છૂટાછવાયા પથરાળ વિસ્તારમાં રહેતા હોય છે. મારો એક તાલુકો એવો છે કે ત્યાં પહાડી વિસ્તાર છે. ઓ.બી.સી. સમાજના લોકો છે. ઝૂંપડપટ્ટીમાં છૂટાછવાયા એક-બે કુટુંબો રહે છે. એમના માટે સ્પેશિયલ યોજના બનાવીને કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા કહ્યું એમ એમાં જે આદિવાસી વિસ્તાર માટે કુટિર જ્યોતિ યોજનામાં એની વ્યવસ્થા કરી છે. ૧૦૦ મીટરની મર્યાદા પણ દૂર કરી છે એટલે પ્રત્યેક ઘર સુધી વીજળી પહોંચે એના માટે વીજ વિભાગ બિલકુલ તૈયાર છે. જ્યારે પણ આવી અરજીઓ ધ્યાને મૂકવામાં આવે એટલે સ્વાભાવિક છે કે એ કાર્યવાહી કરીને દૂર સુદૂર વિસ્તારમાં સાહેબ, તમે ત્યાં મહારાષ્ટ્ર બાજુએથી આવતા હોય તો તમને ડુંગરા ઉપર વીજળી દેખાય. ત્યાં ગોળા ચાલુ દેખાય એ પ્રકારની વ્યવસ્થા કરી રહ્યા છીએ. પરંતુ નાના-મોટા વિષયમાં ક્યાંક ના પહોંચી હોય, કોઇએ અરજી ના કરી હોય. સાહેબ, જે લોકો અરજી કરશે એટલે ચોક્કસ ત્યાં સુધી પહોંચવાનો અમે પ્રયત્ન કરીશું.

અધ્યક્ષશ્રી : મારે અહીંયાથી પક્ષ-વિપક્ષ બંનેને કહેવું પડે છે કે, આખા દેશમાં સારું અને સંગઠિત વીજળીનું માળખું જો હોય તો એ ગુજરાતનું છે. છતાં હજુ પણ કોઇ બાકી રહી જતું હોય તો માનનીય ધારાસભ્યશ્રીઓ પોતે આ બાબતમાં જાગૃત થાય તો કોઇ એકાદ માણસનું ઘર પણ વીજળી વગરનું ના રહે. આવું જો કોઇ જગ્યાએ હોય તો પ્રયત્નપૂર્વક માનનીય મંત્રીશ્રીનું ધ્યાન પણ દોરીએ. નામ સાથે કહેવાનું કે આ બાકી છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, એવા દિવસો પણ જોયા છે કે વાળું ટાણે લાઇટ ક્યારે આવે અને ક્યારે વાળું કરીએ? આજે ચોવીસ કલાક જ્યોતિગ્રામ પાવર ભા.જ.પ.ની સરકારે ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચાડ્યો છે. આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, ઝૂંપડપટ્ટી વીજળીકરણની યોજના બહુ સારી છે, એના માટે સરકારશ્રીને અભિનંદન આપીએ છીએ. ઘણી વખત ગામતળની પેરાફેરીમાં ઝૂંપડા બાંધીને લોકો રહેતા હોય છે, એમની પાસે કોઇ આધાર પુરાવો હોતો નથી. એમાં પંચાયતનો અને તલાટી-કમ-મંત્રીનો દાખલો ફરજીયાત માગે છે અને ઘણી વખતે તલાટી-કમ-મંત્રીઓ દાખલો આપતા નથી, જેથી એમને ક્યારેય વીજળી મળતી નથી. તો એવી જગ્યા માટે સરકારનો પરિપત્ર તો છે જ તો એની અમલવારી તલાટી-કમ-મંત્રીઓ પૂરેપૂરી કરે તો ઝૂંપડપટ્ટી બાંધીને રહેતા લોકોને વીજળીનું કનેકશન મળે એવું કંઇ કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં પહેલાં ગ્રામ પંચાયતને અરજી કરવાની હોય છે. તાલુકા-પંચાયત થ્રુ તાલુકા પંચાયતમાંથી પછી એ વીજ વિભાગમાં આવતી હોય છે. એવો કોઇ પુરાવો માગતા નથી અને પ્રત્યેક ઘર સુધી વીજળી પહોંચાડવાની નેમ વીજ વિભાગની છે. એટલે એવો કોઇ પુરાવો માગતા નથી કે તમે આ પુરાવો આપશો તો જ વીજળી મળશે. આપણે દરેક રીતે અને દરેક જગ્યાએ જ્યાં આગળ કાચું-પાકું ઝૂંપડું હોય, ખાલી સેફ્ટી પર્પઝથી એટલું ધ્યાન રાખીએ છીએ કે તે ઝૂંપડાની ઊંચાઇ ૭ ફૂટથી વધારે હોવી જોઇએ. આવી દરેક ઝૂંપડપટ્ટીમાં આપણે કનેશનો આપીએ છીએ.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી આપણા વૈશ્વિક નેતા મોદી સાહેબ અને તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. મારા વિસ્તાર પાટણ, બનાસકાંઠાથી છેક કચ્છ સુધી (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તારના ખેડૂતો બધા મોદી સાહેબના પ્રતાપથી ખેતરોમાં રહેવા ગયા છે. વાડીએ, ખેતરમાં ઘર કરીને રહે છે ત્યાં બોરના કનેશન અને લાઈટ નથી સીંગલ ફેઈઝ કદાચ કોઈ આપતા હશે. માનનીય મંત્રી સાહેબ પાસેથી જાણવા માગું છું કે એ વાડીઓમાં જ્યોતિગ્રામ યોજનામાં ખેડૂતોને વીજ કનેકશન આપો તો રાતના મચ્છર કરડતા મટે એટલે માનનીય મંત્રી સાહેબને વિનંતી કરું (અંતરાય)

અધ્યક્ષશ્રી : જાણે કે આ મચ્છર તો હમણાં જ પેદા થયા લાગે છે?

શ્રી લવિંગજી મુ. સોલંકી : સાહેબ, પાણી આવ્યું એટલે હરિયાળી બની છે.

અધ્યક્ષશ્રી : માનનીય લવિંગજી, બરાબર છે. આવી ગયું છે. માનનીય મંત્રીશ્રી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે. એટલે જે ધારા–ધોરણો અને નીતિ નિયમો બનાવ્યા છે એ પ્રમાણે કનેકશનો આપતાં હોઈએ છીએ.

બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે પી.જી. હોસ્ટેલનું બાંધકામ

***15/8/1015 પાયલ મનોજકુમાર કુકરાની** (નરોડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે પી.જી.ના વિદ્યાર્થીઓ માટે નવી હોસ્ટેલનું બાધકામ મંજૂર કરેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત બાંધકામ માટે કેટલી રકમ મંજૂર થયેલ છે, અને	(૨)	ઉક્ત બાંધકામ માટે રૂ.૨૨૩.૯૪ કરોડ મંજૂર થયેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે?	(૩)	ઉક્ત કામગીરી માટે ટેન્ડર પ્રસિદ્ધ કરીને, એજન્સીની પસંદગી કરીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. હાલ બાંધકામ ફાઉન્ડેશન તબક્કે છે.

ડૉ. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગુ છું કે બી.જે.મેડિકલ કોલેજ અમદાવાદ ખાતે નવી પી.જી. હોસ્ટેલ બનનાર છે તો તેમાં કુલ કેટલા રૂમની ક્ષમતા સાથે કઈ કઈ સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

લાઠી ખાતે નવી આધુનિક હોસ્પિટલ બિલ્ડીંગ બનાવવા બાબત

15/8/1019 શ્રી જનકભાઈ તળાવિયા (લાઠી): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના લાઠી ખાતે ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી નવી આધુનિક હોસ્પિટલ બિલ્ડીંગનું બાંધકામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા, જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ બાંધકામ કયા તબક્કે છે,	(૨)	ઉક્ત સ્થિતિએ આર.સી.સી. કામ પૂર્ણ અને ચણતરની કામગીરી પ્રગતિમાં છે.
(૩)	તે માટે કેટલી રકમ મંજૂર થયેલ છે, અને	(૩)	સદર કામ માટે કુલ રૂ.૫૫.૦૦ કરોડ મંજૂર થયેલ છે.
(૪)	તેની પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે?	(૪)	સદર કામની પાછળ અંદાજીત રૂ.૫૫.૦૦ કરોડ

			જેટલો ખર્ચ થનાર છે.

અમરેલી જિલ્લામાં ખુશી યોજના

15/8/995: **શ્રી જયસુખભાઈ વલ્લભભાઈ કાકડિયા (ધારી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન હિત ઊર્જા શક્તિ યોજના (ખુશી) અંતર્ગત અમરેલી જિલ્લામાં નાની ક્ષમતાના કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મેર ઉભા કરવામાં આવ્યા, અને	(૧)	૧૧૫૯
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨)	૩.૧૬૫૪.૭૨ લાખ

કચ્છ જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો

15/8/1509 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

પ્રશ્ન (૧): તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કયા ગામોમાં ગૌચરની જમીનમાં કેટલા દબાણો કેટલા સમયથી થયેલ છે,

જવાબ (૧):

ક્રમ	તાલુકાના નામ	ગામનું નામ	ગૌચર દબાણ સંખ્યા	સમયગાળો
૧	ભુજ	માનકુવા	૧૧	૧૦ વર્ષથી
		કોટડા(આ)	૦૧	૦૩ વર્ષથી
		નાગોર	૧૮	૦૩ વર્ષથી
		બંદરાનાના	૦૧	૦૨ વર્ષથી
		આનંદસર	૦૨	૦૨ વર્ષથી
		મીરઝાપર	૪૧	૧૦ વર્ષથી
૨	નખત્રાણા	–	–	–
૩	માંડવી	–	–	–
૪	મુન્દ્રા	–	–	–
૫	લખપત	પાન્ધ્રો	૦૧	૨૦ વર્ષથી
૬	અબડાસા	વાંકુ	૦૧	૧૦ વર્ષથી
૭	રાપર	જેસડા	૦૧	૧૯ વર્ષથી
૮	ભચાઉ	લાકડીયા	૦૧	૦૬ માસ
૯	અંજાર	–	–	–
૧૦	ગાંધીધામ	ગાંધીધામ તાલુકાનો સમાવેશ મહાનગરપાલિકામાં થઇ ગયેલ હોઈ અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતું નથી.		

પ્રશ્ન (૨): ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દબાણકર્તાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

જવાબ (૨):

ક્રમ	તાલુકાનું નામ	ગામનું નામ	દબાણકર્તા સામે કરેલ કાર્યવાહી
૧	ભુજ	માનકુવા	ભુજ તાલુકામાં દબાણકારોને ગ્રામ પંચાયત કક્ષાએથી તા.૧૫/૦૩/૨૦૨૫ , તા.૦૩/૦૪/૨૦૨૫ તથા તા.૦૨/૦૫/૨૦૨૫ ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૦૫ અન્વયેની નોટીસ આપી દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		કોટડા(આ)	
		નાગોર	
		બંદરાનાના	
		આનંદસર	
		મીરઝાપર	
૨	નખત્રાણા	–	
૩	માંડવી	–	
૪	મુન્દ્રા	–	
૫	લખપત	પાન્ધ્રો	દબાણવાળી જમીન રેગ્યુલરાઈઝ કરવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવા માટે તલાટીશ્રી દ્વારા સર્વેની કામગીરી ચાલુમાં છે, જે સર્વે થયેથી તાત્કાલિક ધોરણે આગળની

						કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
			૬	અબડાસા	વાંકુ	ડી.આઈ.એલ.આર. કચેરીને માપણી કરવા માટેની ફી ભરી દેવામાં આવેલ છે. માપણી થયેથી ગૌચરનું દબાણ દુર કરવામાં આવશે.
			૭	રાપર	જેસડા	નામદાર શ્રી સિવિલ જજ(જુનીયર ડીવીઝન)સાહેબની કોર્ટમાં રે.ડી.મુ. ૧૭૮/૦૮ થી કેસ ચાલુ હોઈ કોર્ટ કેસનો આખરી નિર્ણય આવ્યે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
			૮	ભચાઉ	લાકડીયા	દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
			૯	અંજાર	–	–
(૩)	ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?	(૩)	• જે કેસોમાં ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ – ૧૦૫ હેઠળ કાર્યવાહી કરવાની થાય છે તે વિના વિલંબે કરવામાં આવશે અને દબાણ દુર કરવામાં આવશે. • જે કેસમાં દબાણ નિયમબદ્ધ કરવાનું થાય છે તે સત્વરે કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. • નામ. કોર્ટ કેસના કિસ્સામાં કોર્ટના નિર્ણયને અનુસંધાને આગળની કાર્યવાહી કરવામાં આવશે.			

દાહોદ જિલ્લામાં મેલેરિયાના કેસ

15/8/1011 શ્રી મહેન્દ્રભાઇ રમેશભાઇ ભાભોર (ગરબાડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જીલ્લામાં નોંધાયેલ મેલેરિયાના કેસની વિગત નીચે મુજબ છે. વર્ષ – મેલેરિયા જાન્યુઆરી ૨૦૨૪ થી ડીસેમ્બર ૨૦૨૪ – ૦૬ જાન્યુઆરી ૨૦૨૫ થી ડીસેમ્બર ૨૦૨૫ – ૦૩ કુલ – ૦૯
(૨)	તે પૈકી મેલેરિયાથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને	(૨)	તે પૈકી વર્ષવાર થયેલ દર્દીઓના મૃત્યુની માહિતી નીચે મુજબ છે. વર્ષ – મેલેરિયા જાન્યુઆરી ૨૦૨૪ થી ડીસેમ્બર ૨૦૨૪ – ૦ જાન્યુઆરી ૨૦૨૫ થી ડીસેમ્બર ૨૦૨૫ – ૦ કુલ – ૦
(૩)	મેલેરિયા અટકાવવા માટે શા પગલા ભરવામાં આવ્યા ?	(૩)	મેલેરિયા નિયંત્રણ પગલા. – જિલ્લામાં મેલેરિયા રોગને કાબુમાં રાખવા ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, ફોકલ દવા છંટકાવ, લાબાં સમય સુધી ભરાઈ રહેતા પાણીમાં પોરાભક્ષક માછલીઓ મુકવી અને આરોગ્ય શિક્ષણ પ્રવૃતિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે.

રાજ્યના સરકારી અને ખાનગી વીજ મથકોમાં વીજ ઉત્પાદન

15/8/1465 : શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,**

પ્રશ્ન			**જવાબ**	
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના સરકારી અને ખાનગી વીજ મથકોમાં કેટલું વીજ	(૧)	વર્ષ	વીજ ઉત્પાદન(મિ.યુ.)
			વર્ષ ૨૦૨૪	૧,૨૧,૭૭૬
			વર્ષ ૨૦૨૫ (પ્રોવિઝનલ)	૧,૧૯,૪૯૬

	ઉત્પાદન થયું, અને		
(૨)	ઉક્ત સ્થિતિએ ઉદ્યોગો માટે વર્ષવાર કેટલી વીજળી સરકારી વીજ મથકોએથી પૂરી પાડવામાં આવી ?	(૨)	વિવિધ સ્ત્રોત/વીજ મથકમાંથી ઉત્પાદિત વીજળી ગ્રીડમાં એકત્રિત(Pool) થયા બાદ, વીજ ગ્રાહકની કોઈ ચોક્કસ શ્રેણીને કયા વીજ મથક/સ્ત્રોત દ્વારા ઉત્પાદિત વીજળી પૂરી પાડવામાં આવી તે જાણી શકાતું નથી.

અમદાવાદ જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન

15/8/994 : શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ(વિરમગામ): **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને	(૧)	૩૯
(૨)	તે માટે કેટલો ખર્ચ થયો?	(૨)	રૂ.૧૨૩૭.૦૨ લાખ

બોટાદ જિલ્લામાં તાલુકાવાર ગ્રામ પંચાયતોના જર્જરિત મકાનો

15/8/591 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા** (બોટાદ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

ક્રમ	**પ્રશ્ન**		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના મકાનો જર્જરિત છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં તાલુકાવાર જર્જરિત ગ્રામ પંચાયના મકાનોની સંખ્યા નીચે મુજબ છે. **ક્રમ** / **તાલુકાનું નામ** / **જર્જરિત ગ્રામ પંચાયતની સંખ્યા** ૧ / બોટાદ / ૦૦ ૨ / ગઢડા / ૦૫ ૩ / બરવાળા / ૦૦ ૪ / રાણપુર / ૦૦ કુલ / ૦૫
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતના નવા મકાન મંજુર કરવામાં આવ્યા, અને	(૨)	ઉકત સ્થિતિએ છેલ્લા બે(૨) વર્ષમાં તાલુકાવાર કુલ ૬૮ ગ્રામ પંચાયતના નવા મકાન મંજુર કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે. **ક્રમ** / **તાલુકાનું નામ** / **મંજુર કરેલ ગ્રામ પંચાયતની સંખ્યા** ૧ / બોટાદ / ૧૭ ૨ / ગઢડા / ૩૫ ૩ / બરવાળા / ૦૪ ૪ / રાણપુર / ૧૨ કુલ / ૬૮
(૩)	ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?	(૩)	ઉકત સ્થિતિએ રૂ.૬,૧૪,૮૨,૮૭૬/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

અતારાંકિત પ્રશ્નો

ભાવનગર જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન

15/8/993: શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)): **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને	(૧)	૩૧
(૨)	તે માટે કેટલો ખર્ચ થયો?	(૨)	૩.૬૨૮.૩૭ લાખ

કચ્છ જિલ્લામાં ખુશી યોજના

15/8/996: શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા (રાપર**) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન હિત ઊર્જા શક્તિ યોજના (ખુશી) અંતર્ગત કચ્છ જિલ્લામાં નાની ક્ષમતાના કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મેર ઉભા કરવામાં આવ્યા, અને	(૧)	૬૬૩
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨)	૩.૭૧૦.૨૩ લાખ

દાહોદ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

15/8/1003:શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ)**: માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,**

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આદિવાસી વિસ્તારના કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને	(૧)	૨૬૭૨
(૨)	તે માટે ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?	(૨)	૩. ૩૧૭૨.૭૯ લાખ

અમરેલી જિલ્લાની ગોરડકા ગ્રામ પંચાયતમાં સરકારી જમીનમાં દબાણ

15/8/1525 **શ્રી સુધીરભાઈ વાઘાણી** (ગારીયાધાર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

ક્રમ	**પ્રશ્ન**		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ગોરડકા ગ્રામ પંચાયતની જમીનમાં દબાણ થયેલ છે, તે હકીકત સાચી છે, અને	(૧)	હા,
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ દબાણ ખુલ્લુ કરવા શી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી ?	(૨)	ગ્રામ પંચાયત ગોરડકા દ્વારા દબાણદારોને દબાણ દુર કરવા તા.૨૨/૦૮/૨૦૨૫ થી નોટીસ આપેલ છે. તેમજ સદર દબાણ બાબતે દબાણદાર દ્વારા નામદાર કોર્ટ–સાવરકુંડલામાં Misc.Civil Appeal No.01 of 2025 થી દાદ માંગતા હાલ સદર કેસ નામદાર કોર્ટમાં નિર્ણયાધીન પડતર છે, સ્થળ ઉપર દબાણદાર દ્વારા વધુ દબાણ ન થાય તે માટે તાકીદ

			કરી કામ અટકાવવામાં આવેલ છે. સબબ નામદાર કોર્ટ દ્વારા ચુકાદો આવ્યા બાદ આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝનની ગવર્નિંગ બોડીની બેઠક

15/8/1483 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર) **:માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝનની ગવર્નિંગ બોડીની બેઠક ક્યારે કરવામાં આવી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝનની ગવર્નિંગ બોડીની એક પણ બેઠકનું આયોજન થયેલ નથી.
(૨)	જો ઉક્ત સ્થિતિએ એક પણ બેઠક કરવામાં ના આવી હોય તો તેના કારણો શા છે,	(૨)	વહીવટી કારણોસર
(૩)	ઉક્ત બોડીની બેઠક ના થવાના કારણે રાજ્યમાં બ્લડ બેંકોને RBTC હેઠળ માન્યતા આપવા માટેની કેટલી દરખાસ્તો પડતર છે,અને	(૩)	૩૩ દરખાસ્તો
(૪)	કયા સુધીમાં પડતર દરખાસ્તોનો નિકાલ કરવામાં આવશે?	(૪)	ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝનની ગવર્નિંગ બોડીની બેઠક મળ્યેથી પડતર દરખાસ્તોનો નિકાલ કરવામાં આવશે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તલાટી–કમ–મંત્રીનું મંજૂર મહેકમ

15/8/1371 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા)**: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતો છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગ્રામ પંચાયતોની સંખ્યા નીચે મુજબ છે: **(૧) જિલ્લો: અરવલ્લી** ૧. માલપુર ૩૯ ૨. મેઘરજ ૫૪ ૩. ધનસુરા ૩૯ ૪. મોડાસા ૬૩ ૫. બાયડ ૪૯ ૬. શામળાજી ૩૩ ૭. ભિલોડા ૪૪ ૮. સાઠંબા ૨૨ કુલ ૩૪૩ **(૨) જિલ્લો : સાબરકાંઠા** ૧. હિંમતનગર ૧૦૯ ૨. ઈડર ૧૧૭

			૩ તલોદ ૭૬ ૪ પ્રાંતિજ ૬૬ ૫ વડાલી ૪૦ ૬ ખેડબ્રહ્મા ૪૭ ૭ વિજયનગર ૪૨ ૮ પોશીના ૩૦ કુલ ૫૨૭
(૨)	ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં તલાટી–કમ–મંત્રીનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે અને કેટલી ગ્રામ પંચાયતોમાં તલાટી–કમ–મંત્રીનું મહેકમ કયાં કારણોસર મંજૂર કરવામાં આવેલ નથી, અને	(૨)	તલાટી–કમ–મંત્રીનું મહેકમ સેજા પ્રમાણે મંજૂર કરવામાં આવે છે. અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સેજા પ્રમાણે તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ નીચે મુજબ છે:

(૧) જિલ્લો : અરવલ્લી

જિલ્લો	તાલુકો	કુલ ગ્રામ પંચાયતની સંખ્યા.	કુલ સેજાની સંખ્યા.	તલાટી કમ મંત્રીના મંજૂર મહેકમની સંખ્યા.
૧	૨	૩	૪	૫
અરવલ્લી	માલપુર	૩૯	૨૭	૨૭
	મેઘરજ	૫૪	૩૮	૩૮
	ધનસુરા	૩૯	૨૭	૨૭
	મોડાસા	૬૩	૪૬	૪૬
	બાયડ	૪૯	૩૮	૩૮
	શામળાજી	૩૩	૨૧	૨૧
	ભિલોડા	૪૪	૨૯	૨૯
	સાઠંબા	૨૨	૧૪	૧૪
	કુલ	૩૪૩	૨૪૦	૨૪૦

(૨) જિલ્લો : સાબરકાંઠા

જિલ્લો	તાલુકો	કુલ ગ્રામ પંચાયત ની સંખ્યા.	કુલ સેજાની સંખ્યા.	તલાટી કમ મંત્રીના મંજૂર મહેકમની સંખ્યા.
૧	૨	૩	૪	૫
સાબરકાંઠા	હિંમતનગર	૧૦૯	૬૭	૭૧
	ઇડર	૧૧૭	૭૫	૭૯
	તલોદ	૭૬	૪૦	૪૩
	પ્રાંતિજ	૬૬	૪૧	૪૮
	વડાલી	૪૦	૨૩	૨૪

			ખેડબ્રહ્મા ૪૭ ૨૫ ૩૩ વિજયનગર ૪૨ ૨૩ ૨૩ પોશીના ૩૦ ૧૭ ૨૧ કુલ ૫૨૭ ૩૧૧ ૩૪૨ દરેક ગ્રામ પંચાયતનો સમાવેશ સેજામાં થયેલ છે. આથી ગ્રામ પંચાયત દીઠ તલાટી–કમ–મંત્રીનું મહેકમ મંજૂર કરવાનો પ્રશ્ન નથી.
૬૬(૩)	સ્થિતિએ બાકી રહેલ ગ્રામ પંચાયતોમાં તલાટી–કમ–મંત્રીનું મહેકમ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે?	(૩)	તમામ ગ્રામ પંચાયતોનો સમાવેશ સેજામાં થયેલ હોવાથી બાકી રહેલ ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રીનું મહેકમ મંજૂર કરવાનો પ્રશ્ન નથી.

કાંકરેજ તાલુકાના થરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રનું અપગ્રેડેશન

15/8 /1376 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના થરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને	(૧)	હાલ કોઈ આયોજન નથી.
(૨)	ઉક્ત કાર્યવાહી ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શિયાળબેટ ગામમાં દરિયાઈ વીજળી કેબલના સમારકામ બાબત

15/8/846 : શ્રી હિરાભાઈ ઓઘવજીભાઈ સોલંકી (રાજુલા) **: માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ખાતેનો વીજ કેબલ તાઉ–તે વાવાઝોડાના કારણે તુટી ગયેલ છે તે હકીકત સાચી છે, અને	(૧)	હાજી,
(૨)	જો હા, તો ઉક્ત કેબલનાં સમારકામની કામગીરી ક્યા તબક્કે છે?	(૨)	ઉક્ત વીજ કેબલનું સમારકામ કરીને તા.૧૧/૦૩/૨૦૨૨ના રોજ ટેસ્ટીંગ અને ચાર્જ કરી શિયાળબેટ ગામનો વીજ પુરવઠો ચાલુ કરવામાં આવેલ છે.

તલાટી–કમ–મંત્રીઓ ગ્રામ્ય કક્ષાએ મથક ઉપર હાજર રહેવા બાબત

15/8/1486 **શ્રી ગોપાલભાઇ ગોરધનભાઇ ઇટાલીયા** (વિસાવદર) **: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	રાજ્યના તલાટી મંત્રીઓ તેના મથક પર જ રહી શકે તે માટે પંચાયત ઘર કમ તલાટી મંત્રી આવાસ બાંધી આવાસની સવલત આપવામાં આવે છે તે હકીકત સાચી છે,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામમાં પંચાયત ઘર કમ તલાટી મંત્રી આવાસની સવલત	(૨)	તા. ૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ૧૨૪ ગામમાં પંચાયત ઘર કમ તલાટી મંત્રી આવાસની સવલત ઉપલબ્ધ છે. ક્રમ | તાલુકાનુ નામ | ગામોની સંખ્યા

	ઉપલબ્ધ છે, અને		

૧	જૂનાગઢ	૦૯
૨	માંગરોળ	૧૩
૩	મેંદરડા	૧૪
૪	વિસાવદર	૨૫
૫	ભેંસાણ	૦૮
૬	કેશોદ	૨૦
૭	માણાવદર	૦૫
૮	માળીયા હાટીના	૧૮
૯	વંથલી	૧૨
	કુલ	૧૨૪

(૩)	ઉક્ત પૈકી આવાસની સવલત ઉપલબ્ધ હોવા છતાં તલાટી મંત્રી પોતાના મથક ઉપર રહેતા ન હોવા અંગે તાલુકાવાર કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં મળેલ છે અને તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?	(૩)	

ક્રમ	તાલુકાનુ નામ	ફરીયાદ	કાર્યવાહી
૧	જૂનાગઢ	૦	–
૨	માંગરોળ	૦	–
૩	મેંદરડા	૦	–
૪	વિસાવદર	૦	–
૫	ભેંસાણ	૦	–
૬	કેશોદ	૦	–
૭	માણાવદર	૦	–
૮	માળીયા હાટીના	૦	–
૯	વંથલી	૧	સુખપુર ગામની આવેલ ફરીયાદ બાબતે ખરાઈ કરતા તલાટી કમ મંત્રી આવાસ જર્જરીત છે. અને તલાટી કમ મંત્રી દ્વારા ગામે રહેતા હોવાનો આધારો રજુ થયેલ છે. તેમજ નવીન ગ્રામ પંચાયત ઘર બનાવવા દરખાસ્ત કરેલ છે.

પંચમહાલ જિલ્લામાં PM JAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ સારવાર

15/8/530 શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ જિલ્લાના તાલુકાવાર કેટલા દર્દીઓને PMJAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ સારવાર આપવામાં આવી, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ વર્ષ ૨૦૨૪માં પંચમહાલ જિલ્લામાં કુલ ૬૪૬૮ દર્દીઓને PMJAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ સારવાર આપવામાં આવી અને વર્ષ ૨૦૨૫માં પંચમહાલ જિલ્લામાં કુલ ૧૪૪૭૦ દર્દીઓને PMJAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ સારવાર આપવામાં આવી. તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

તાલુકાના નામ	વર્ષ ૨૦૨૪ માં સારવાર લીધેલ દર્દીઓની સંખ્યા	વર્ષ ૨૦૨૫ માં સારવાર લીધેલ દર્દીઓની સંખ્યા
ઘોઘંબા	૮૪	૧૪૯
ગોધરા	૪૪૬૫	૧૧૭૭૬
હાલોલ	૭૧૪	૧૦૩૯
જાંબુઘોડા	૪૬	૪૧
કાલોલ	૬૩૨	૨૬૮
મોરવા–હડફ	૨૭૨	૭૩૮
શહેરા	૨૫૫	૪૫૯
કુલ	૬૪૬૮	૧૪૪૭૦

(૨)	ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉક્ત દર્દીઓને આપેલ	(૨)	પંચમહાલ જિલ્લામાં PMJAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ ઉક્ત દર્દીઓને સારવાર અન્વયે ખાનગી હોસ્પિટલને વર્ષ ૨૦૨૪માં કુલ રકમ રૂ. ૯,૫૭,૭૭,૦૫૬/– (અંકે રૂ. નવ કરોડ સત્તાવન લાખ સિત્તોતેર

	સારવાર અન્વયે કેટલી રકમ ખાનગી હોસ્પિટલને ચૂકવવામાં આવી ?		હજાર છપ્પન પુરા) ચૂકવવામાં આવી અને વર્ષ ૨૦૨૫માં કુલ રકમ રૂ. ૨૨,૫૩,૯૭,૫૯૮/- (અંકે રૂ. બાવીસ કરોડ ત્રેપ્પન લાખ સત્તાણું હજાર પાંચસો અઠ્ઠાણું પુરા) ચૂકવવામાં આવી.

મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો

15/8/1373 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

ક્રમ	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કયા ગામોમાં ગૌચરની જમીનમાં કેટલા દબાણો કેટલા સમયથી થયેલ છે,	(૧)	પત્રક – ૧ મુજબ
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દબાણકર્તાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને	(૨)	પત્રક – ૨ મુજબ
(૩)	ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?	(૩)	**મહેસાણા** (૧) કોર્ટ કેસના કિસ્સામાં નામદાર કોર્ટ દ્વારા નિર્ણય થયે કાર્યવાહી કરવામાં આવશે. (૨) જે ગ્રામ પંચાયતોમાં દબાણ નિયત થયેલ છે તે ગ્રામ પંચાયતોમાં વિના વિલંબે દબાણ દુર કરવામાં આવશે. (૩) રેગ્યુલરાઈઝ કરવા બાબત તથા લેન્ડ ગ્રેબીંગ કેસો બાબતના દબાણના કેસમાં નિર્ણય આવ્યાથી દબાણ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. (૪) જે ગ્રામ પંચાયતમાં માપણી કરવાની જરૂરીયાત હોય ત્યા માપણી થયેથી તથા હદ્દનિશાન નક્કી થયેથી દબાણ દુર કરવામાં આવશે. **બનાસકાંઠા** (૧) જે ગામોમાં સર્વે માપણીની કાર્યવાહી પ્રગતીમાં છે, જે માપણી થયેથી દબાણો દુર કરવામાં આવશે. (૨) જે ગામોમાં કોર્ટ કેસ થયેલ છે. તે કિસ્સામાં નામદાર હાઇકોર્ટના નિર્ણય થયેથી નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. (૩) જે ગામોમાં સરપંચશ્રી/ત.ક.મંત્રીશ્રી દ્વારા કરેલ લેન્ડ ગ્રેબિંગ એકટ – ૨૦૨૦ અન્વયે કાર્યવાહી કરવાની થાય છે. તે સત્વરે કાર્યવાહી કરી દબાણ દુર કરવામાં આવશે. (૪) જે ગામોમાં દબાણો સામે જિલ્લા પંચાયત અપિલ સમિતિનો મનાઇ હુકમ ચાલુ હોઇ, નિકાલ થયેથી દબાણ દુર કરવામાં આવશે.

પત્રક – ૧

મહેસાણા

ક્રમ	તાલુકાનુ નામ	ગામનુ નામ	ગૌચર દબાણ સંખ્યા	સમયગાળો
૧	મહેસાણા	અલોડા	૧૭	૧૦ વર્ષથી
		છઠીયારડા	૦૩	૨૦ વર્ષથી

		નાનીદાઉ	૩૭	૧૦ વર્ષથી
		બામોસણા	૦૨	૧૦ વર્ષથી
		સાંગણપુર	૦૫	૦૩ વર્ષથી
		મુલસણ	૦૧	૧૦ વર્ષથી
		લિંચ	૦૭	૦૪ વર્ષથી
		બોરીયાવી	૩૩	૧૦ વર્ષથી
		વિરતા	૦૫	૧૦ વર્ષથી
		મેઘાઅલીયાસણ	૧૬	૦૧વર્ષથી
		ભેંસાણા	૬૫	૧૦ વર્ષથી
		ઘાઘુંસણ	૫૨	૧૦ વર્ષથી
		બાલીયાસણ	૦૪	૧૦ વર્ષથી
		ગઢા	૧૦	૧૦ વર્ષથી
		હરદેસણ	૦૬	૧૦ વર્ષથી
		પીલુદરા	૧૮	૧૦ વર્ષથી
		અંબાસણ	૬૯	૧૦ વર્ષથી
		પાંચોટ	૧૪૨	૧૦ વર્ષથી
૨	ખેરાલુ	લાલાવાડા	૩૪	૦૭ વર્ષથી
		ગઠામણ	૧૯	૦૩ વર્ષથી
		નાનીવાડા	૧૨	૦૯ વર્ષથી
		થાંગણા	૧૧	૦૩ વર્ષથી
		પાન્છા	૦૯	૦૩ વર્ષથી
		નોરતોલ	૦૮	૦૩ વર્ષથી
		બળાદ	૦૭	૦૩ વર્ષથી
		ડાવોલ	૦૫	૦૩ વર્ષથી
		નંદાલી– મીયાંસણા	૦૫	૦૯ વર્ષથી
		મહીયલ	૦૩	૦૩ વર્ષથી
		મલેકપુર	૦૨	૦૩ વર્ષથી
		વરેઠા	૦૨	૦૩ વર્ષથી
		નાની હિરવાણી	૦૨	૦૩ વર્ષથી
		મંદ્રોપુરા	૦૧	૦૩ વર્ષથી
		સાકરી	૦૧	૦૩ વર્ષથી
		ચાચરીયા	૦૧	૦૩ વર્ષથી
૩	ઉંઝા	વરવાડા	૦૧	૦૫ વર્ષથી
		કોહોડા	૦૩	૦૫ વર્ષથી
		રણછોડપુરા	૦૧	૦૫ વર્ષથી
૪	વિસનગર	થુંમથલ	૨૩	૧૦ વર્ષથી
		રંગપુર (ખે)	૦૨	૧૦ વર્ષથી
		મગરોડા	૦૬	૧૦ વર્ષથી
		બાસણા	૨૬૬	૧૦ વર્ષથી
		ભાન્ડું	૦૨	૧૦ વર્ષથી
		ગોઠવા	૦૪	૧૦ વર્ષથી
૫	બેચરાજી	પોયડા	૩૩	૦૩ વર્ષથી
૬	કડી	નાની કડી	૦૧	૧૩ વર્ષથી
		ડરણ	૦૯	૧૫ વર્ષથી
૭	વિજાપુર	–	–	–

૮	સતલાસણા	–	–	–
૯	જોટાણા	–	–	–
૧૦	વડનગર	–	–	–
કુલ			૯૬૫	

બનાસકાંઠા

ક્રમ	તાલુકાનું નામ	ગામનું નામ	ગૌચર દબાણ સંખ્યા	સમયગાળો
૧	ધાનેરા	ધાખા	૬૯	૦૫ વર્ષથી
		અનારપુર છોટા	૫૬	૦૫ વર્ષથી
		થાવર	૧૪	૦૫ વર્ષથી
		બાપલા	૦૧	૦૫ વર્ષથી
		જાડી	૭૬	૦૫ વર્ષથી
૨	પાલનપુર	સલ્લા	૧૧૦	૦૪ વર્ષથી
૩	ઓગડ	જાખેલ	૫૩	૦૪ વર્ષથી
		ચાંગા	૫૯	૦૪ વર્ષથી
		ટેમ્બી/ઉણ	૦૭	૦૪ વર્ષથી
૪	વડગામ	પિલુચા	૧૦૯	૦૫ વર્ષથી
		વણસોલ	૩૨	૦૫ વર્ષથી
૫	કાંકરેજ	-	-	–
૬	દાંતા	–	–	–
૭	ડિસા	–	–	–
૮	દાંતીવાડા	–	–	–
૯	હડાદ	–	–	–
૧૦	અમીરગઢ	–	–	–
કુલ			૫૮૬	

પત્રક – ૨

મહેસાણા

ક્રમ	તાલુકાનું નામ	ગામનું નામ	દબાણકર્તા સામે કરેલ કાર્યવાહી
૧	મહેસાણા	અલોડા	તમામ ૧૮ ગામોમાં પંચાયત દ્વારા નોંધાયેલ તે દબાણો ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ – ૧૦૫ મુજબ દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		છઠીયારડા	
		નાનીદાઉ	
		બામોસણા	
		સાંગણપુર	
		મુલસણ	
		લિંચ	
		બોરીયાવી	
		વિરતા	
		મેઘાઅલીયાસણ	

		ભેંસાણા	
		ઘાઘુંસણ	
		બાલીયાસણ	
		ગઢા	
		હરદેસણ	
		પીલુદરા	
		અંબાસણ	
		પાંચોટ	
૨	ખેરાલુ	લાલાવાડા	ખેરાલુ તાલુકામાં ૧૬ ગામોમાંના ૧૨૨ દબાણમાંથી મલેકપુર (ખે) ગામના ગૌચરના ૨(બે) દબાણ તા.૧૩–૦૧–૨૦૨૬ ના રોજ તથા નોરતલ ગામના ગૌચરના ૮ દબાણ તા.૩૧–૦૧–૨૦૨૬ના રોજ ગ્રામ પંચાયત દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ – ૧૦૫ અન્વયે કુલ ૧૦ (દસ) દબાણો દૂર કરવામાં આવેલ છે. બાકીના ૧૧૨ દબાણો પૈકી લાલાવાડા ગામે ૧૧ દબાણો, પાન્છા ગામે ૯ દબાણો તથા નાનીવાડા ગામે ૫ દબાણના હદ્દ નિશાન નક્કી કરવા DILR–શ્રીને જમીન માપણી માટે પત્રો લખેલ છે તેમજ બાકી ૮૭ દબાણદારોને નોટીસ આપેલ છે તેમજ દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતીમાં છે.
		ગઠામણ	
		નાનીવાડા	
		થાંગણા	
		પાન્છા	
		નોરતોલ	
		બળાદ	
		ડાવોલ	
		નંદાલી–મીયાંસણા	
		મહીયલ	
		મલેકપુર	
		વરેઠા	
		નાની હિરવાણી	
		મંદ્રોપુરા	
		સાકરી	
		ચાચરીયા	
૩	ઉંઝા	વરવાડા	તાલુકા પંચાયત ઊંઝા કચેરી તરફથી દબાણ દૂર કરવા બાબતે સૂચના આપવામાં આવેલ છે. સદર દબાણ બાબતે માનનીય કલેક્ટરશ્રી કચેરીમાં રેગ્યુલરાઇઝ માટે તથા માનનીય ચેરીટી કમિશનરશ્રીની કચેરી મહેસાણા ખાતે ઇન્કવાયરી નંબર ૭૦/૨૦૧૯ અને લેન્ડ ગ્રેબિંગમાં અરજી જેવી જુદી જુદી અપીલો ચાલુ હોય ધાર્મિક હેતુસર દબાણ વિવાદમાં હોય ઉપરોક્ત અરજીઓનો નિર્ણય થયે ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ– ૧૦૫ મુજબ દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.
		કોહોડા	જુના ગૌચર સર્વે નંબર ૧૬૪૯/૧ તથા ૧૬૪૯/૨ ની જમીનમાં થયેલ દબાણ દૂર કરવા તાલુકા પંચાયત કચેરી તરફથી વારંવાર સૂચના આપવામાં આવેલ છે. પરંતુ સદર સર્વે નંબર બ્લોક થઈ ગયેલ હોય DILR શ્રીની કચેરીએ રીઓપન કરવા ગ્રામ પંચાયત કહોડા તથા તાલુકા પંચાયત કચેરી ઊંઝા દ્વારા પત્રોથી જણાવેલ છે. જેથી સદર સર્વે નંબર રીઓપન થયેથી તથા માપણી થયેથી તથા હદ નિશાન નક્કી થયેથી દબાણ દૂર કરવામાં આવશે.
		રણછોડપુરા	વિવાદી દ્વારા ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે.સી.એ. નં. ૧૪૮૧૮/૨૦૨૦ દાખલ કરેલ છે. જે આમ નામદાર વડી અદાલત તરફથી સદર જગ્યાની પરિસ્થિતી યથાવત રાખવાનો હુકમ હોઈ સદર રીટ પીટીશન નં.૧૪૮૧૮/૨૦૨૦ના કેસની અગામી મુદત તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ મુકરર થયેલ છે. સદર કેસ બાબતે કોર્ટ દ્વારા આખરી નિર્ણય આવ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે.
૪	વિસનગર	થુંમથલ	કૂલ ૨૩ દબાણદારોને નોટીસ આપેલ છે. ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૦૫ મુજબ દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતીમાં છે.

		રંગપુર (ખે)	બે દબાણોમાં સર્વે નં. ૪૧૯ પૈકી ૧ જેના કોઈ હદ ખૂંટ નિશાન નક્કી ન થતાં હોઈ તા.૨૩/૦૫/૨૦૨૪ ના અરજી નં. ૭૦૪૦૪૨૦૨૪૭૯૮૦૧ થી માપણી માટે ફી ભરેલ છે. જે માપણી થયેથી દબાણ દુર કરવામાં આવશે.
		મગરોડા	કૂલ ૦૬ દબાણદારોને નોટીસ આપેલ છે. ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૦૫ મુજબ દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતીમાં છે.
		બાસણા	કુલ ૨૬૬ દબાણદારોને નોટીસ આપેલ છે. તથા દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતીમાં છે.
		ભાન્ડું	ભાંડુ ગામે કુલ ૨ દબાણો બાબતે દુધ ઉત્પાદક મંડલી તથા કોમ્યુનીટી હોલના ગેરકાયદેસર બાંધકામને નિયમબદ્ધ કરવા બાબતની તા.૦૮/૧૧/૨૦૨૧ની દરખાસ્ત કલેકટરશ્રીની કચેરીએ ચાલુ છે. જે નિર્ણય આયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.
		ગોઠવા	કૂલ ૪ દબાણદારોને નોટીસ આપેલ છે. ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૦૫ મુજબ દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતીમાં છે.
૫	બેચરાજી	પોયડા	ગ્રામ પંચાયત દ્વારા માપણી માટે તા.૦૨/૧૨/૨૦૨૫ ના રોજ જરૂરી ફી ભરવામાં આવેલ છે. જે માપણી થયેથી દબાણ દુર કરવામાં આવશે.
૬	કડી	નાની કડી	રેગ્યુલર દિવાની કોર્ટ મુ.નં.૭૪/૨૦૧૬ તા.૨૩/૦૮/૨૦૧૬ થી સ્ટે આપેલ છે.
		ડરણ	કડી કોર્ટ સ્ટે ૧૦/૧૩ તા.૩૦/૦૧/૨૦૧૩ થી સ્ટે આપેલ છે.
૭	વિજાપુર	–	–
૮	સતલાસણા	–	–
૯	જોટાણા	–	–
૧૦	વડનગર	–	–

બનાસકાંઠા

ક્રમ	**તાલુકાનું નામ**	**ગામનું નામ**	**દબાણકર્તા સામે કરેલ કાર્યવાહી**
૧	ધાનેરા	ધાખા	ધાખા ગામે માપણીની કાર્યવાહી પ્રગતીમાં છે.
		અનારપુર છોટા	અનારપુર છોટામાં નામ. ગુજરાત હાઇકોર્ટમાં કેસ.નં.આર.એસ.સી.એ.નં.૯૮૬૧/૨૦૨૨, એસ.સી.એ.નં.૧૦૪૩૧/૨૦૨૨ માં તા.૦૫/૦૧/૨૦૨૩ થી વચગાળાની રાહત આપેલ છે. તથા એસ.સી.એ.નં.૧૦૪૩૪/૨૦૨૨માં તા.૨૭/૦૨/૨૦૨૫ થી વચગાળાની રાહત આપેલ છે. ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો આવ્યેથી ઘટીત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
		થાવર	થાવરમાં નામ ગુજરાત હાઇકોર્ટમાં આર.એસ.સી.એ.નં. ૧૧૬૬૨/૨૦૨૩માં તા.૦૭/૦૭/૨૦૨૩ સ્ટે આવેલ છે. નામ ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો આવ્યેથી ઘટીત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
		બાપલા	બાપલા ગામમાં નામ. ગુજરાત હાઇકોર્ટમાં કેસ.નં.આર.એસ.સી.એ.૫૭૧૭/૨૦૨૧ થી પીટીશન ચાલુ છે. ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો આવ્યેથી ઘટીત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
		જાડી	જાડી ગામે માપણીની કાર્યવાહી પ્રગતીમાં છે.
૨	પાલનપુર	સલ્લા	૧૧૦ દબાણો આવેલ હતા જે ગ્રામ પંચાયત દ્વારા દબાણો દુર કરવામાં આવેલ છે
૩	ઓગડ	જાખેલ	સરપંચશ્રી/ત.ક.મંત્રીશ્રી દ્વારા લેન્ડ ગ્રેબિંગ એક્ટ–૨૦૨૦ અન્વયે સુઓમોટોની દરખાસ્ત તા.૦૮/૦૪/૨૦૨૧ થી કરવામાં આવેલ છે.
		ચાંગા	સરપંચશ્રી/ત.ક.મંત્રીશ્રી દ્વારા લેન્ડ ગ્રેબિંગ એક્ટ–૨૦૨૦ અન્વયે સુઓમોટોની દરખાસ્ત તા.૧૧/૧૦/૨૦૨૨ થી કરવામાં આવેલ છે.

		ટેમ્બી/ઉણ	સરપંચશ્રી/ત.ક.મંત્રીશ્રી દ્વારા લેન્ડ ગ્રેબિંગ એક્ટ–૨૦૨૦ અન્વયે સુઓમોટોની દરખાસ્ત તા.૧૯/૦૧/૨૦૨૨ થી કરવામાં આવેલ છે.
૪	વડગામ	પિલુચા	મે.એડી.સિનિયર સિવિલ જજની કોર્ટમાં રે.દિ.મુ.નં.૯૫/૨૦૨૪થી કેસ ચાલુ છે. ચુકાદો આવ્યેથી ઘટીત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
		વણસોલ	વણસોલમાં જિલ્લા પંચાયત અપિલ સમિતિનો નાયબ જિલ્લા વિકાસ અધિકારીના નં.એ.૪/અપીલ/પંચાયત/વણસોલ/વશી/૪૭૩ થી ૪૮૧/૨૦૨૩ તા.૦૭/૦૨/૨૦૨૩ ના હુકમથી ૩૦ દબાણદારોને મનાઇ હુકમથી તથા મે.પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની વડગામના રે.દિ.મુ.નં.–૪૪/૨૦૨૨ થી ૦૨ દબાણદારોને કાયમી મનાઇ હુકમ મળેલ છે.
૫	કાંકરેજ	-	-
૬	દાંતા	–	–
૭	ડિસા	–	–
૮	દાંતીવાડા	–	–
૯	હડાદ	–	–
૧૦	અમીરગઢ	–	–

એમ એન્ડ જે ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થેલ્મોલોજી અમદાવાદ ખાતે આંખના રોગોની સારવાર

15/8/1069 શ્રી અમિત ઠાકર (વેજલપુર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ એમ એન્ડ જે ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થેલ્મોલોજી, અમદાવાદ ખાતે આંખના રોગોની કઈ સારવાર ઉપલબ્ધ છે, અને	(૧)	એમ એન્ડ જે ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થેલ્મોલોજી અમદાવાદ ખાતે આંખમાં મોતિયાની સારવાર, પડદાના રોગો, ઝામર, કીકીનાં રોગો, ત્રાસી આંખ, રેટિનોપેથી ઓફ પ્રીમેચ્યોરીટી (ROP), ઓક્યુલોપ્લાસ્ટી તથા બાળકોનાં આંખના રોગોની સારવાર કરવામાં આવે છે.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અંદરના (IPD) અને કેટલા બહારના (OPD) દર્દીઓએ સારવાર લીધી?	(૨)	

વર્ષ	**સારવાર લીધેલ અંદરના દર્દીઓ (IPD)**	**સારવાર લીધેલ બહારના દર્દીઓ (OPD)**
૨૦૨૪	૯૩૭૭	૧૭૧૬૨૧
૨૦૨૫	૧૦૦૯૬	૧૮૯૭૯૩

નવસારી અને વલસાડ જિલ્લામાં ગૌચરની જમીનોમાં દબાણ

15/8/1515 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** (વાંસદા) **: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે : –

ક્રમ	**પ્રશ્ન**		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કયા ગામોમાં ગૌચરની જમીનમાં કેટલા દબાણો કેટલા સમયથી થયેલ છે,	(૧)	પત્રક–૧ મુજબ
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દબાણકર્તાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને	(૨)	પત્રક–૨ મુજબ
(૩)	ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?	(૩)	**<u>નવસારી</u>** તમામ દબાણો ગૌચરની જગ્યામાં ધાર્મિક પ્રકારના છે. જેનો જિલ્લા કક્ષાની અનઅધિકૃત ધાર્મિક દબાણ દુર કરવાની કમિટીમાં સમાવેશ કરવામાં આવેલ છે.આ કમિટીના અધ્યક્ષ કલેકટરશ્રી–નવસારી છે. કમિટીમાં લેવામાં આવેલ નિર્ણયોને આધીન કાર્યવાહી પ્રગતિમાં છે. આમ, ઉક્ત દબાણો જિલ્લા અનધિકૃત દબાણ દુર કરવાની કમિટીના નિર્ણયને આધીન નિયમોનુસાર દબાણો દુર કરાવવામાં આવશે **<u>વલસાડ</u>**

			(૧) વલસાડ તાલુકાના કુલ–૨૭ દબાણ રહેણાંક મકાનના હોય જેથી દબાણદારોને અન્ય જગ્યાએ રહેણાંક અંગેના પ્લોટ ફાળવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. જે કાર્યવાહી પૂર્ણ થયેથી દબાણ દુર કરવામાં આવશે તેમજ દૂધ મંડળી ખાતે જમીન માલિકીના વિવાદ બાબતે ગુજરાત હાઇકોર્ટ અમદાવાદ ખાતે ફસ્ટ અપીલ નં. ૪૧૭૭/૨૦૨૪ કેસ દાખલ કરેલ છે. કોર્ટનાં નિર્ણય અનુસંધાને કાર્યવાહી કરવામાં આવશે. (૨) ઉમરગામ, નાનાપોંઢા તાલુકામાં નામદાર કોર્ટના નિર્ણય અનુસંધાને કાર્યવાહી કરવામાં આવશે. (૩) ધરમપુર તાલુકામાં બાકી રહેતા દબાણો દૂર કરવાની કાર્યવાહી ગ્રામ પંચાયત બામટી તા. ધરમપુર દ્વારા પ્રગતિમાં છે.

પત્રક–૧

નવસારી

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ નવસારી જિલ્લાના ગૌચર દબાણોની વિગત નીચે મુજબ છે.

ક્રમ	તાલુકાનું નામ	ગામનું નામ	ગૌચર દબાણ સંખ્યા	સમયગાળો
૧	નવસારી	ઉગત	૦૧	૫૦ વર્ષ
		મોલધરા	૦૧	૩૦ વર્ષ
૨	જલાલપોર	પરુજણ	૦૧	૪૦ વર્ષ
૩	ગણદેવી	–	–	–
૪	ચીખલી	–	–	–
૫	ખેરગામ	ખેરગામ	૦૧	૪૦ વર્ષ
૬	વાંસદા	ચાપલધરા	૦૧	૫૦ વર્ષ
		ખાંટાઆબા	૦૨	૨૦ અને ૧૦ વર્ષ
		ચઢાવ	૦૧	૧૫ વર્ષ
		કામળઝરી	૦૧	૧૨ વર્ષ
		અંકલાછ	૦૧	૧૫ વર્ષ
		ચોંઢા	૦૧	૦૮ વર્ષ

વલસાડ

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ગૌચર દબાણોની વિગત નીચે મુજબ છે.

ક્રમ	તાલુકાનું નામ	ગામનું નામ	ગૌચર દબાણ સંખ્યા	સમયગાળો
૧	વલસાડ	રોણવેલ	૦૫	૨૩ વર્ષ
		ભોમાંપારડી	૦૪	૨૨ વર્ષ
		ચણવઈ	૧૧	૪૩ વર્ષ
		ચીખલા	૦૧	૧૦ વર્ષ
		કાપરીયા	૦૫	૧૫ વર્ષ
		કાજણરણછોડ	૦૨	૦૬ વર્ષ
૨	પારડી	–	–	–
૩	ઉમરગામ	સોળસુંબા	૧૮	૩૮ વર્ષ
૪	ધરમપુર	બામટી	૦૯	૦૨ વર્ષ
૫	કપરાડા	-	–	–
૬	નાનાપોઢાં	મોટાપોઢાં	૧૧	૦૫ વર્ષ

પત્રક–૨

નવસારી

ક્રમ	તાલુકાનું નામ	ગામનું નામ	દબાણકર્તાઓ સામે કરવામાં આવેલ કાર્યવાહી
૧	નવસારી	ઉગત	અનઅધિકૃત ધાર્મિક દબાણ અંગે ગ્રામ પંચાયત દ્વારા માપણી કરાવી, માપણી શીટ મેળવવામાં આવેલ છે.દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		મોલધરા	અનઅધિકૃત ધાર્મિક દબાણ અંગે સવાલવાળી જમીન વર્ગફિર કરવા કલેક્ટર કચેરી–નવસારી ખાતે જિલ્લા પંચાયત કચેરીના તા.૧૩/૦૨/૨૦૨૬ ના પત્રથી દરખાસ્ત સાદર કરવામાં આવેલ છે.
૨	જલાલપોર	પરુજણ	અનઅધિકૃત ધાર્મિક દબાણ અંગે ગ્રામ પંચાયત દ્વારા –૦૫ વાર સંસ્થાને નોટીશ પાઠવવામાં આવેલ છે. સંસ્થાએ બે માસમાં સ્વેચ્છાએ બાંધકામ દુર કરવા સંમતિ આપેલ,પરંતુ દબાણ દુર કરવામાં આવેલ ન હોવાથી તાલુકા વિકાસ અધિકારી – જલાલપોરના તા.૧૩/૦૧/ ૨૦૨૬ના પત્રથી સરપંચ/તલાટી કમ મંત્રીશ્રી ના ઓને દબાણ દુર કરી અહેવાલ રજુ કરવા જણાવવામાં આવેલ છે અન્યથા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૧૦૫(૮) હેઠળ કાર્યવાહી કરવા તેમજ શિક્ષાત્મક કાર્યવાહી કરવા જણાવેલ છે.જે અંગે કાર્યવાહી પ્રગતિમાં છે.

૩	ગણદેવી	–	–
૪	ચીખલી	–	–
૫	ખેરગામ	ખેરગામ	અનઅધિકૃત ધાર્મિક દબાણ અંગે જિલ્લા અનાધિકુત ધાર્મિક દબાણ દુર કરવાની કમિટીની તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ મળેલ બેઠકમાં મોજે–ખેરગામ, તા.ખેરગામ, જિ.નવસારી ખાતે ગૌચર જમીનમાં આવેલ દબાણ નિયમબદ્ધ કરવાની જોગવાઇ ન હોવાથી, પ્રાંત શ્રી–વાંસદાના નકારાત્મક અભિપ્રાયના આધીન નિયમોનુસાર દબાણ દુર કરવા ઠરાવવામાં આવેલ, જે અન્વયે નિવાસી અધિક કલેકટરશ્રીના તા.૦૬/૧૨/૨૦૨૫ના પત્ર મુજબ, જિલ્લા પંચાયત કચેરીના તા.૧૩/૧૨/૨૦૨૫ના પત્રથી તાલુકા વિકાસ અધિકારી શ્રી–ખેરગામને દબાણ દુર કરાવી અહેવાલ રજુ કરવા જણાવવામાં આવેલ, અને ગ્રામ પંચાયત મારફત તા.૦૭/૦૧/૨૦૨૬ થી નોટીસ પાઠવવામાં આવેલ છે અન્યથા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૧૦૫(૨) હેઠળ કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.જે અંગે કાર્યવાહી પ્રગતિમાં છે.
૬	વાંસદા	ચાપલધરા	અનઅધિકૃત ધાર્મિક દબાણ અંગે ગ્રામ પંચાયત ધ્વારા દબાણકર્તાને નિયમોનુસાર નોટીસ પાઠવી દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		ખાંટાઆબા	અનઅધિકૃત ધાર્મિક દબાણ અંગે ગ્રામ પંચાયત ધ્વારા દબાણકર્તાઓને નિયમોનુસાર નોટીસ પાઠવી દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		ચઢાવ	અનઅધિકૃત ધાર્મિક દબાણ અંગે ગ્રામ પંચાયત ધ્વારા દબાણકર્તાને નિયમોનુસાર નોટીસ પાઠવી દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		કામળઝરી	અનઅધિકૃત ધાર્મિક દબાણ અંગે ગ્રામ પંચાયત ધ્વારા દબાણકર્તાને નિયમોનુસાર નોટીસ પાઠવી દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		અંકલાછ	અનઅધિકૃત ધાર્મિક દબાણ અંગે ગ્રામ પંચાયત ધ્વારા દબાણકર્તાને નિયમોનુસાર નોટીસ પાઠવી દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		ચોંઢા	અનઅધિકૃત ધાર્મિક દબાણ અંગે ગ્રામ પંચાયત ધ્વારા દબાણકર્તાને નિયમોનુસાર નોટીસ પાઠવી દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

વલસાડ

ક્રમ	**તાલુકાનું નામ**	**ગામનું નામ**	**દબાણકર્તાઓ સામે કરવામાં આવેલ કાર્યવાહી**
૧	વલસાડ	રોણવેલ	વલસાડ તાલુકાના કુલ ૬ ગામોમાં ૨૮ દબાણદારોને જે તે ગ્રામ પંચાયતો દ્વારા નોટીસ આપવામાં આવેલ છે જેમાં ૨૭ રહેણાંકના ૧ દુધ મંડળીનું મકાન નો સમાવેશ થાય છે. ચોક્કસ દબાણ જાણવા માટે ગ્રામ પંચાયત દ્વારા માપણી અંગેનું ચલણ ભરેલ છે. માપણીશીટ ડીઆઇએલઆર કચેરી વલસાડ દ્વારા મળેલ નથી જે મળ્યેથી દબાણ દુર કરવાની કાર્યવાહી ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવશે.
		ભોમાંપારડી	
		ચણવઇ	
		ચીખલા	
		કાપરીયા	
		કાજણારણછોડ	
૨	પારડી	–	–
૩	ઉમરગામ	સોળસુંબા	સોળસુંબા ગામમાં કુલ ૧૮ ઇસમોએ દબાણ કરેલ છે. જે બાબતે તા. ૦૩/૧૧/૨૦૧૨ થી રેવન્યુ દીવાની કોર્ટમાં નં. ૮/૨૦૧૨ થી ઉમરગામ કેસ નોધાયેલ છે જેની સુનાવણીની આગામી તારીખ કોર્ટ દ્વારા નક્કી થયેલ નથી જે બાબતે કોર્ટનાં નિર્ણય અનુસંધાને કાર્યવાહી કરવામાં આવશે.
૪	ધરમપુર	બામટી	બામટી ગામમાં ૯ ઇસમોએ દબાણ કરેલ છે તેઓને ગ્રામ પંચાયત દ્વારા નોટીસ આપવામાં આવેલ દબાણ દુર કરવાની કાર્યવાહી ગ્રામ પંચાયત બામટી દ્વારા પ્રગતિમાં છે.
૫	કપરાડા	-	–
૬	નાનાપોઢાં	મોટાપોઢાં	મોટાપોંઢા ગામમાં કુલ ૧૧ ઇસમોએ દબાણ કરેલ છે જેથી ગ્રામ પંચાયત દ્વારા તેઓને નોટીસ આપવામાં. આવેલ જેની સામે દબાણ કરતાઓએ નામદાર કપરાડા તાલુકા કોર્ટમાં કેસ દાખલ કરેલ છે. કોર્ટનાં નિર્ણય અનુસંધાને કાર્યવાહી કરવામાં આવશે.

છોટા ઉદેપુર જિલ્લામાં ૧૦૮ સેવાઓ માટે કાર્યરત એમ્બ્યુલન્સ બાબત

15/8/ 609 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં 108 એમ્બ્યુલન્સ સેવા માટે કુલ કેટલી એમ્બ્યુલન્સ કાર્યરત છે, અને	(૧)	કુલ– ૫૩ એમ્બ્યુલન્સ કાર્યરત છે.
(૨)	ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓએ 108	(૨)	કુલ–૭૫,૯૨૪/–

	એમ્બ્યુલન્સ સેવાનો લાભ લીધો છે ?		

અમદાવાદ જિલ્લાના વીજ ગ્રાહકોને વીજ બીલમાં રાહત

15/8/986 : શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ (નારણપુરા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,**

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપનીઓના વીજ ગ્રાહકોએ વીજ બીલમાં ભરપાઈ કરવાના થતા ફ્યુઅલ ચાર્જમાં કોઈ વધારો કે ઘટાડો કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો કેટલો વધારો કે ઘટાડો કરવામાં આવેલ છે, અને	(૨)	ફ્યુઅલ ચાર્જ માં માહે જાન્યુઆરી-૨૦૨૬ થી ૫૦ પૈસા પ્રતિ યુનિટ તથા ઓક્ટોબર–૨૦૨૬ થી ૪૦ પૈસા પ્રતિ યુનિટ તથા જુલાઈ–૨૦૨૫થી ૧૫ પૈસા પ્રતિ યુનિટનો ઘટાડો કરવામાં આવેલ છે.
(૩)	જો ફ્યુઅલ ચાર્જમાં ઘટાડો કરવામાં આવેલ હોય તો, આ ઘટાડાને કારણે અમદાવાદ જિલ્લાના વીજ ગ્રાહકોને વીજ બીલમાં કુલ કેટલી રાહત મળેલ છે?	(૩)	કુલ રૂ. ૨૧૨.૩૨ કરોડ

વીજ ગ્રાહકોને સ્માર્ટ મીટર અંતર્ગત સુવિધાઓ

15/8/1006: શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ *(માણસા)*: **માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,**

પ્રશ્ન		*જવાબ*	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સ્માર્ટ મીટર અત્યારે લાગેલ મીટર કરતાં અલગ છે કે કેમ,	*(૧)*	• સ્માર્ટ મીટરએ અત્યારે લાગેલ સામાન્ય મીટર જેવું જ મીટર છે. બંને મીટર સમાન સિદ્ધાંત મુજબ જ વીજપ્રવાહની નોંધણી કરે છે. એટલે ટેકનિકલી અત્યારના સામાન્ય મીટર અને સ્માર્ટ મીટર વચ્ચે કોઈ ભેદ નથી. • સામાન્ય મીટરમાં નોંધાતા વીજવપરાશની ગણતરી કરવા માટે મીટરના સ્ક્રીનમાં યુનિટ જોવા પડે છે જે કામગીરી મેન્યુઅલી કરવામાં આવે છે જ્યારે સ્માર્ટ મીટર કોમ્યુનિકેશન ડિવાઈસ ધરાવે છે.જેની મદદથી મીટરમાં જે વીજવપરાશ નોંધાય છે તે મીટરના સ્ક્રીનમાં તો જોઈ જ શકાય છે પણ સાથે–સાથે મોબાઈલ એપ કે કોમ્પ્યુટર પર પણ જોઈ શકાય છે અને તેથી જ, તે મીટરને 'સ્માર્ટ મીટર' કહેવામાં આવે છે.
(૨)	જો હા,તો ઉક્ત સ્માર્ટ મીટરથી વીજ ગ્રાહકોને શું ફાયદો થાય છે, અને	*(૨)*	સ્માર્ટ મીટરથી વીજ ગ્રાહકોને ફાયદા:– • ગ્રાહક સ્માર્ટ મીટર એપની મદદથી પોતાના વીજ ઉપયોગને રીયલ–ટાઇમમાં મોનિટર કરી શકે છે અને વીજ વપરાશને ટ્રેક કરી શકે છે. • ગ્રાહક પોતાના આર્થિક બજેટ અનુસાર વીજ વપરાશનું આયોજન કરી શકે છે અને બચત કરી શકે છે. • ગ્રાહકને વીજ ઉપકરણમાં ખામીને કારણે થતો અચાનક વીજ વપરાશમાં વધારો જાણવામાં સરળતા રહે છે.
(૩)	ઉક્ત સ્થિતિએ સ્માર્ટ મીટરનું વીજ બિલ ભરવા માટે ગ્રાહક માટે કઇ કઇ સુવિધાઓ ઉપલબ્ધ છે?	*(૩)*	• સ્માર્ટ મીટર ગ્રાહકો વીજબીલની ચુકવણી સરળતાથી કરી શકે તે માટે વિવિધ સુવિધાજનક ચૂકવણી વિકલ્પો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. તેમાં સ્માર્ટ મીટર એપ્લિકેશન, ડિસ્કોમ મોબાઇલ એપ, ડિસ્કોમ પોર્ટલ, યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI), ભારત બિલ પેમેન્ટ્સ સિસ્ટમ (BBPS), વોટ્સએપ, ઈ–વિદ્યુત સેવા પોર્ટલ, નેટ બેંકિંગ, ઇન્સ્ટા પે, ઇમીડિયેટ પેમેન્ટ સર્વિસ (IMPS)/નેશનલ ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર (NEFT)/ રિયલ ટાઇમ ગ્રોસ સેટલમેન્ટ (RTGS) ટ્રાન્સફર તથા ક્રેડિટ/ડેબિટ કાર્ડ જેવા ડિજિટલ માધ્યમોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઑફલાઇન ચૂકવણી સુવિધાઓ તરીકે કેશ કલેક્શન વિન્ડો, બેંક કાઉન્ટર, કોમન સર્વિસ સેન્ટર્સ (CSC), ગ્રામ પંચાયત કચેરીઓ, કિયોસ્ક, પોઇન્ટ ઓફ સેલ (POS) મશીનો, કેશ કલેક્શન એજન્સી, ડિમાન્ડ ડ્રાફ્ટ તથા વૉલેટ આધારિત ચૂકવણીની સુવિધા પણ ઉપલબ્ધ છે.

સિવિલ હોસ્પિટલ, અમદાવાદ અને પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટ ખાતે સ્કીન બેંક

15/8/1014 શ્રી રમેશભાઈ વીરજીભાઈ ટીલાળા (રાજકોટ દક્ષિણ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન	જવાબ
	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદ અને પી.ડી.યુ., હોસ્પિટલ, રાજકોટ ખાતેની સ્કીન બેંકોમાં કેટલા લોકો દ્વારા ત્વચા (સ્કીન) દાન કરવામાં આવેલ છે?	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતેની સ્કીન બેંકમાં ૩૦ લોકો દ્વારા અને પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટ, ખાતેની સ્કીન બેંકમાં ૭૭ લોકો દ્વારા ત્વચા (સ્કીન) દાન કરવામાં આવેલ છે.

જુનાગઢ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

15/8/1001 : શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર**) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા,અને	(૧)	૫૩૨૬
(૨)	તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?	(૨)	૩.૭૨૨૬.૩૭ લાખ

મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો

15/8/1505 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે : –

ક્રમ	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કયા ગામોમાં ગૌચરની જમીનમાં કેટલા દબાણો કેટલા સમયથી થયેલ છે,	(૧)	પત્રક–૧ મુજબ
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દબાણકર્તાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને	(૨)	**મહિસાગર** FIRST APPEL NO.૯૭૮/૨૦૧૩ થી નામદાર હાઈકોર્ટમાં ગ્રા.પં અરીઠાના સર્વે નં. ૯૮ માં માલિકી હક્કનો વિવાદ બાબતે અપીલ દાખલ થયેલ હોય કાર્યવાહી થયેલ નથી. **પંચમહાલ** (૧) હાલોલ તાલુકાના દુણીયા ગામે દબાણ બાબતે દબાણદારો દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં SCA No:16995/2023, અને SCA NO.17002/2023 અન્વયે તા.૨૫/૦૯/૨૦૨૩ ના હુકમથી મનાઈ હુકમ લાવેલ છે. જેની આગામી મુદ્દત તા.૦૨/૦૩/ ૨૦૨૬નાં રોજ હોય જેથી દબાણ દૂર થયેલ નથી. નામદાર હાઈકોર્ટનો ચુકાદો આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે (૨) મોરવા(હ) તાલુકાના મોજરી ગામમાં દબાણ બાબતે દબાણકારો દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં SCA NO.4971/2019 રીટ પીટીશન દાખલ છે.નામદાર હાઈકોર્ટ દ્વારા તા.૨૪/૦૩/૨૦૨૦ની મુદ્દત બાદ કોઈ તારીખ આપવામાં આવેલ નથી જેથી સદર કેસ નામદાર હાઈકોર્ટમાં પેન્ડીંગ હોઈ જેથી કેસનો આખરી નિકાલ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. (૩) મોરવા(હ) તાલુકાના દેલોચ ગામમાં દબાણ બાબતે ડી.આઈ.એલ.આર.શ્રીની કચેરી દ્વારા માપણી થયેલ છે, માપણી શીટ આવ્યેથી દબાણ દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે
(૩)	ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?	(૩)	**મહિસાગર** FIRST APPEL NO.૯૭૮/૨૦૧૩ થી નામદાર હાઈકોર્ટમાં ગ્રા.પં

			અરીઠા ના સર્વે નં. ૯૮, માં માલિકી હક્કનો વિવાદ બાબતે અપીલ દાખલ થયેલ હોય કોર્ટકેસના નિર્ણય થયેથી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. **પંચમહાલ** ઉક્ત સ્થિતિએ બાકી રહેતા (૧) હાલોલ તાલુકાના દુણીયા ગામ તથા (૨) મોરવા(હ) તાલુકાના મોજરી ગામનું દબાણ નામદાર હાઈકોર્ટનાં કિસ્સામાં આખરી નિર્ણય આવ્યેથી કાર્યવાહી કરવામાં આવશે. (૩)મોરવા(હ) તાલુકાના દેલોચ ગામે માપણી શીટ આવ્યેથી દબાણ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

પત્રક–૧

મહિસાગર

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના ગૌચર દબાણોની વિગત નીચે મુજબ છે.

ક્રમ	તાલુકાનું નામ	ગામનું નામ	ગૌચર દબાણ સંખ્યા	સમયગાળો
૧	લુણાવાડા	અરીઠા	૦૭	૧૩ વર્ષ
૨	સંતરામપુર	–	–	–
૩	કડાણા	–	–	–
૪	ખાનપુર	–	–	–
૫	વીરપુર	–	–	–
૬	બાલાસિનોર	–	–	–
૭	ગોધર	–	–	–
૮	કોઠંબા	–	–	–
કુલ			૦૭	

પંચમહાલ

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ગૌચર દબાણોની વિગત નીચે મુજબ છે.

ક્રમ	તાલુકાનું નામ	ગામનું નામ	ગૌચર દબાણ સંખ્યા	સમયગાળો
૧	હાલોલ	દુણીયા	૦૧	૨ વર્ષ ૧૦ મહિના
૨	મોરવા(હ)	મોજરી	૦૧	૦૬ વર્ષ
૩	ગોધરા	દેલોચ	૦૧	૦૮ વર્ષ
૪	કાલોલ	–	–	–
૫	જાંબુઘોડા	–	–	–
૬	શહેરા	–	–	–
૭	ઘોઘંબા	–	–	–
કુલ			૦૩	

દાહોદ જિલ્લામાં સીઝનલ ફ્લુના કેસ

15/8/1061 શ્રી શૈલેષભાઇ સુમનભાઇ ભાભોર (લીમખેડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં સીઝનલ ફ્લુના કેટલા કેસો નોંધાયા, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં સીઝનલ ફ્લુના કેસની વિગત નીચે મુજબ છે . વર્ષ: કેસ તા. ૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪: ૧૨ તા. ૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫: ૦૦
(૨)	આ રોગ અટકાવવા માટે સરકાર દ્વારા શું પગલા લેવામાં આવ્યા?	(૨)	આ રોગને અટકાવવા માટે સરકારશ્રી દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે. ▪ સ્વાઈન ફ્લુને અટકાવવા સંકલિત રોગ સર્વેલન્સ કાર્યક્રમ દ્વારા દર્દીઓને શોધી વિના મૂલ્યે દવા તેમજ અદ્યતન સારવાર આપવામાં આવે છે. ▪ જિલ્લા કક્ષાની સરકારી હોસ્પિટલની લેબોરેટરીમાં વિના મુલ્યે લેબોરેટરી તપાસ કરવામાં આવે છે. ▪ નોંધાયેલ કેસોનું રિપોર્ટીંગ અને ફોલોઅપ કરવામાં આવે છે. ▪ સીઝનલ ફ્લુના દર્દીના સંપર્કમાં આવનાર વ્યકિતઓનું નિરિક્ષણ કરી રોગના લક્ષણો જણાય તો જરૂરી દવા આપવામાં આવે છે અને આઈસોલેશનમાં રહેવાની સલાહ આપવામાં આવે છે. ▪ તમામ આરોગ્ય કેન્દ્રોમાં દવાઓ અને સાધન સામગ્રીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. ▪ જાહેર જનતાને શું કરવું, શું ન કરવું તે અંગે પત્રિકા વિતરણ જેવી પ્રચાર–પ્રસારની કામગીરી કરવામાં આવે છે. ▪ સમયાંતરે ઇન્ડિયન મેડીકલ એસોસિએશનના સભ્યોની મીટીંગ કરવામાં આવે છે.

ગીર સોમનાથ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના

15/8/989 : શ્રી ભગાભાઈ ઘાનાભાઈ બારડ (તાલાલા) **: માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને	(૧)	સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૧૦૬૦.૭૧ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૧૩૫૪ વીજ થાંભલા બદલવામાં આવ્યા.
(૨)	તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો?	(૨)	૩. ૫૨૨.૦૨ લાખ

#SB/અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો

15/8/1502 **શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

ક્રમ	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કયા ગામોમાં ગૌચરની જમીનમાં કેટલા દબાણો કેટલા સમયથી થયેલ છે,	(૧)	**અમદાવાદ** **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** | **ગૌચર દબાણ સંખ્યા** | **સમયગાળો** ૧ | દસક્રોઈ | નાંદેજ | ૦૨ | ૦૫ વર્ષ | | વાંચ | ૪૯ | ૦૨ વર્ષ ૨ | ધંધુકા | હરીપુરા | ૦૧ | ૧૨ વર્ષ

			વણી	૦૧	૦૪ માસ
૪	દેત્રોજ		બામરોલી	૦૨	૦૨ વર્ષ
			ડાંગરવા	૦૧	૦૨ વર્ષ
૫	બાવળા		ઢેઢાળ	૯૨	૨૦ વર્ષ
			ભાયલા	૦૧	૧૦ વર્ષ
			મેમર	૦૮	૧૪ વર્ષ
			મેટાલ	૦૧	૧૫ વર્ષ
૬	સાણંદ		તેલાવ	૦૩	૦૫ વર્ષ
			શેલા	૦૨	૦૫ વર્ષ
			કુંવાર	૦૨	૦૫ વર્ષ
			સનાથલ	૦૭	૦૫ વર્ષ
			વાસણા ચાચરાવાડી	૦૧	૦૫ વર્ષ
			મટોડા	૦૧	૦૫ વર્ષ
			રુપાવટી	૧૭	૦૫ વર્ષ
૭	ધોલેરા		–	–	–
૮	માંડલ		–	–	–
૯	ધોળકા		–	–	–

સુરેન્દ્રનગર

ક્રમ	**તાલુકાનુ નામ**	**ગામનુ નામ**	**ગૌચર દબાણ સંખ્યા**	**સમયગાળો**
૧	ચુડા	ઝીંઝાવદર	૦૧	૪ વર્ષ
૨	ચોટીલા	ગોલીડા	૦૧	૫ માસ
		ઝીંઝુડા	૦૧	૫ માસ
		નાની મોલડી	૦૧	૫ માસ
૩	વઢવાણ	–	–	–
૪	લખતર	–	–	–
૫	લીંબડી	–	–	–
૬	સાયલા	–	–	–
૭	થાનગઢ	–	–	–
૮	ધ્રાંગધ્રા	–	–	–
૯	પાટડી	–	–	–

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દબાણકર્તાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૨) **અમદાવાદ**

ક્રમ	તાલુકાનું નામ	ગામનું નામ	દબાણકર્તા સામે કરેલ કાર્યવાહી
૧	દસક્રોઈ	નાંદેજ	તા.૨૩/૦૪/૨૦૨૫ થી જમીન માપણી માટે પત્ર પાઠવી દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		વાંચ	મિરઝાપુર ગ્રામ્ય કોર્ટમાં કોર્ટ કેસ ચાલુ છે.
૨	ધંધુકા	હરીપુરા	જૈન ગૌશાળાને દબાણ દુર કરવાની નોટીસ આપેલ છે. તથા તા.૨૯/૦૭/૨૫ ના પત્રથી જમીન માપણી કરાવવા અંગે પત્ર પાઠવી દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
૩	વિરમગામ	ગોરૈયા	દબાણ શૈક્ષણીક સંસ્થાને લગત હોઈ જમીન હેતુફેર માટે શ્રી જોરાવર ગીરીજી મહારજ કેળવણી મંડળ મોટા ગોરૈયા દ્વારા તા.૦૫/૦૧/૨૦૨૬ થી માન.કલેકટરશ્રી અમદાવાદને દબાણ નિયમિત કરવા પત્ર પાઠવેલ છે.
		વણી	દબાણદારોને તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ નોટીસ આપવામાં આવેલ છે.
૪	દેત્રોજ	બામરોલી	બન્ને ગામોમાં ધાર્મિક દબાણો છે. જે દુર કરવા તાલુકા પંચાયત દ્વારા ગ્રામ પંચાયતોને તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ નોટીસ આપેલ છે. તથા ગ્રામ પંચાયતો દ્વારા દબાણ નિયમિત કરવા રજૂઆત કરતા ધાર્મિક દબાણો નિયમિત કરવા બાબતે તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા તા.૦૬/૦૧/૨૫ થી ગ્રામ પંચાયતોને ચેકલીસ્ટ સહ દરખાસ્ત કરવા જણાવેલ છે.
		ડાંગરવા	
૫	બાવળા	ઢેઢાળ	તા.૨૨/૧૨/૨૦૦૮ થી હદ ચોકસી માટે માપણી ફી ભરેલ છે. માપણી થયા બાદ દબાણ દુર કરવાની કાર્યવાહી થઈ શકે તેમ છે.
		ભાયલા	આઈ શ્રી મોગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દબાણ નિયમિત કરવા માટે મામલતદારશ્રી બાવળાને તા.૧૨/૦૯/૨૦૨૪ થી અરજી

						કરેલ છે.
					મેમર	દબાણદારોને તા.૧૧/૧૦/૨૦૨૩ ના રોજ દબાણ દુર કરવા બાબતે નોટીસ આપેલ છે.
					મેટાલ	તા.૦૧/૦૯/૨૦૧૬ થી હદ ચોકસી માટે માપણી ફી ભરેલ છે, માપણી થયા બાદ દબાણ દુર કરવાની કાર્યવાહી થઈ શકે તેમ છે.
				૬	સાણંદ	તેલાવ	દબાણદારને તા.૧૩/૦૨/૨૦૨૬ થી નોટીસ આપવામાં આવે છે.
						શેલા	તા.૧૬/૦૨/૨૦૨૬ થી દબાણદારને નોટીસ આપવામાં આવેલ છે.
						કુંવાર	તા.૦૪/૦૨/૨૦૨૬ થી DILR-કચેરી અમદાવાદને માપણી કરવા અંગે પત્ર પાઠવેલ છે. તેમજ તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ દબાણદારને નોટીસ આપવામાં આવેલ છે.
						સનાથલ	દબાણદારને તા.૦૯/૦૮/૨૦૨૪ થી નોટીસ આપવામાં આવેલ છે.
						વાસણા ચાચરાવાડી	ધાર્મિક દબાણમાં કોઈ વ્યક્તિગત દબાણદાર ન હોય નોટીસ આપી શકાય તેમ નથી.
						મટોડા	તા.૧૧/૧૧/૨૦૨૫ થી દબાણદારને નોટીસ આપવામાં આવેલ છે.
						રુપાવટી	ગૌચર દબાણો અંગે દબાણદારો દ્વારા તાલુકા કોર્ટ સાણંદ ખાતે RCS/0000138/2017 થી કોર્ટ કેસ ચાલતો હતો. જે અન્વયે ત.ક.મંત્રીશ્રી રૂપાવટી ગ્રા.પં. દ્વારા અત્રે રજુ કરેલ રીપોર્ટ અનુસાર સદર કોર્ટ કેસ અંગેની આગામી મુદત તથા આખરી નિર્ણય અંગે ઓનલાઇન તપાસ કરતા ગત તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ દર કેસનો નિકાલ કરવામાં આવેલ છે. જે અંગેનો આખરી હુકમ રૂપાવટી ગ્રામ પંચાયતને મળેલ નથી. જે હુકમની નકલ મેળવવા રૂપાવટી ગ્રામ પંચાયત દ્વારા તા.03/0૨/૨૦૨૬ થી પ્રિન્સીપલ સિનિયર સિવિલ કોર્ટ

			સાણંદમાં અરજી કરી ફી ભરેલ છે.
૭	ધોલેરા	–	–
૮	માંડલ	–	–
૯	ધોળકા	–	–

સુરેન્દ્રનગર

ક્રમ	**તાલુકાનું નામ**	**ગામનું નામ**	**દબાણકર્તા સામે કરેલ કાર્યવાહી**
૧	ચુડા	ઝીંઝાવદર	તા.૨૪/૧૨/૨૦૨૫ ના પત્રથી DILRશ્રીને માપણી માટે જણાવેલ છે.
૨	ચોટીલા	ગોલીડા	ગૌચર દબાણ બાબતે સ્પષ્ટતા ન હોય ગ્રામ પંચાયત દ્વારા તા.૨૮/૦૭/૨૦૨૫ થી માપણી માટે DILRશ્રીને જણાવેલ છે.
		ઝીંઝુડા	ગૌચર દબાણ બાબતે સ્પષ્ટતા ન હોય ગ્રામ પંચાયત દ્વારા તા.૧૩/૦૮/૨૦૨૫થી માપણી માટે DILRશ્રીને જણાવેલ છે.
		નાની મોલડી	તાજેતરનું દબાણ હોઈ ગ્રામસભામાં ધ્યાને લેતા સ્થળ–સ્થિતી તપાસ કરી ગ્રામ પંચાયત દ્વારા સત્વરે દબાણ અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

(૩) ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

(૩) **અમદાવાદ**

- ઉક્ત દબાણો જેમાં કોર્ટ કેસ છે, તેના નિર્ણય આવ્યાથી હુકમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.
- જ્યાં જમીન માપણીનાં પ્રશ્નો છે ત્યાં હદ નિશાન નક્કી થયા બાદ કાર્યવાહી થઈ શકે તેમ છે.
- બાકીના દબાણો ઘનિષ્ઠ ઝુંબેશ કરીને ગ્રામ પંચાયત ધ્વારા તાલુકા પંચાયત કચેરીનાં માર્ગદર્શન હેઠળ દબાણ દુર કરવા માટેનું આયોજન કરવામાં આવશે તેમજ નિયમોનુસાર કાર્યવાહી કરી દબાણો દુર કરાવવામાં આવશે.

સુરેન્દ્રનગર

- ઉકત દબાણો પૈકી ચુડા તાલુકાના ઝીંઝાવદર ગામે માપણીક્ષતિમાં સુધારો થયે યોગ્ય હદ નિશાન નક્કી થતા સત્વરે દબાણ દુર કરવામાં આવશે.
- જયારે ચોટીલા તાલુકાના ૩ ગામો ગોલીડા, ઝીંઝુડા તેમજ નાની મોલડી ગામમાં માપણી થયેથી દબાણો દુર કરાવવામાં આવશે.

દાહોદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ આવરી લીધેલા ગામો

15/8/985 : શ્રી જયંતિભાઈ સવજીભાઈ રાઠવા (જેતપુર (એસ.ટી) જેતપુર(એસ.ટી.)) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,**

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ગામોની સંખ્યા કેટલી છે, અને	(૧)	૬૮૩
(૨)	તે પૈકી કિસાન સૂર્યોદય યોજના હેઠળ કેટલા ગામોને દિવસે વીજળી મળી રહેલ છે?	(૨)	૬૮૩

સુરેન્દ્રનગર જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ આવરી લીધેલા ગામો

15/8/984: શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર (દસાડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે**

પ્રશ્ન		જવાબ	
	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વીજ પુરવઠો કિશાન સૂર્યોદય યોજના હેઠળ દિવસ દરમ્યાન પૂરો પાડવામાં આવે છે?		

તાલુકાનું નામ	ગામોની સંખ્યા	ખેડૂતોની સંખ્યા
ચોટીલા	૮૬	૧૧૧૨૨
ચુડા	૩૬	૫૭૬૩
દસાડા	૮૫	૧૦૨૦૯
ધાંગધ્રા	૬૩	૧૮૬૬૭
લીમડી	૫૫	૨૯૯૧
સાયલા	૭૧	૧૪૯૬૫
થાનગઢ	૨૮	૪૯૧૯
વઢવાણ	૪૫	૮૯૧૮
લખતર	૩૫	૯૬૮
મુળી	૫૪	૧૭૪૯૩

રાજકોટ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

15/8/1000 : શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા,અને	(૧)	૧૦૬૧૭
(૨)	તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?	(૨)	૩.૧૪૫૫૮.૬૯ લાખ

આણંદ અને મહિસાગર ખાતેની સિવિલ હોસ્પિટલને અપગ્રેડ કરવા બાબત

15/8/1499 શ્રી અમિત ચાવડા (આંકલાવ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ આણંદ અને મહિસાગર જિલ્લામાં જિલ્લા મથકે સંપૂર્ણ સુવિધાવાળી સિવિલ હોસ્પિટલને બનાવવા કોઈ આયોજન છે કે કેમ,	(૧)	(૧) આણંદ – હા,જી (૨) મહીસાગર (લુણાવાડા) હા,જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત હોસ્પિટલોની મંજુરી ક્યારે આપવામાં આવી,	(૨)	(૧) આણંદ :- આણંદની જિલ્લા હોસ્પિટલને તા.૨૫-૪-૨૦૨૩ના રોજ રુ.૧૬૦.૫૯ કરોડની મંજુરી આપેલ છે. (૨)મહીસાગર:-લુણાવાડા ખાતે હાલમાં ૨૫૦ પથારીની જીલ્લા હોસ્પિટલ કાર્યરત છે. તદ ઉપરાંત વધારાની ૫૦ પથારીની અધ્યતન સી.સી.બી. (ક્રિટીકલ કેર બ્લોક) ની મંજુરી વર્ષ-૨૦૨૪-૨૫ માં રુ. ૧૬.૬૩ કરોડ મંજૂર કરવામાં આવ્યા.
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત હોસ્પિટલનો કોન્ટ્રાક્ટ ક્યારે અને કઈ એજન્સીને	(૩)	(૧) આણંદ :- આણંદની જિલ્લા હોસ્પિટલનો કોન્ટ્રાકટ તા. ૨૮-૨-૨૦૨૪ના રોજ મે.આર.એન.ડોબરિયા, સુરતને

	આપવામાં આવ્યો,		આપવામાં આવ્યો. (૨) મહીસાગર :– લુણાવાડા ખાતે વધારાની ૫૦ પથારીની અદ્યતન સી.સી.બી. (ક્રિટીકલ કેર બ્લોક) કામગીરીનું ટેન્ડર મંજુરીમાં છે.
(૪)	ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બજેટમાં કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને	(૪)	જીલ્લા હોસ્પિટલ / વર્ષ / મંજુર રકમ (રુ. કરોડમાં) આણંદ / ૨૦૨૫–૨૬ / ૪૦.૦૦ લુણાવાડા / ૨૦૨૫–૨૬ / ૧૬.૬૩
(૫)	ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી?	(૫)	જીલ્લા હોસ્પિટલ / વર્ષ / મંજુર રકમ (રુ. કરોડમાં) આણંદ / ૨૦૨૪–૨૫ / ૩૦.૪૨ / ૨૦૨૫–૨૬ / ૧૪.૫૧ લુણાવાડા / ૨૦૨૪–૨૫ / ૦ / ૨૦૨૫–૨૬ / ૦

જામનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

15/8/1010 : શ્રી મેઘજીભાઇ અમરાભાઇ ચાવડા (કાલાવડ**) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા,અને	(૧)	૫૭૭૦
(૨)	તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?	(૨)	૩.૮૪૦૨.૧૭ લાખ

અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલનું મંજૂર મહેકમ

15/8/557 શ્રી ઇમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૨૫/૦૧/૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલનું સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,	ક્રમ / સંવર્ગ / મંજૂર મહેકમ (૧) / વર્ગ–૧ / ૦૩ (૨) / વર્ગ–૨ / ૫૫ (૩) / વર્ગ–૩ / ૭૬૧ (૪) / વર્ગ–૪ / ૩૬૯ / કુલ / ૧૧૮૮

(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને		

ક્રમ	સંવર્ગ	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા
(૧)	વર્ગ ૧	૦૨	૦૧
(૨)	વર્ગ ૨	૪૩	૧૨
(૩)	વર્ગ ૩	૫૭૫	૧૮૬
(૪)	વર્ગ ૪	૩૬૯	૦
	કુલ	૯૮૯	૧૯૯

(૩)	ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?	વર્ગ–૧ અને ૨ ની ખાલી જગ્યાઓ વોક ઇન ઈન્ટરવ્યુ મારફતે તથા વર્ગ ૩ની ખાલી જગ્યાઓ આઉટસોર્સિંગ મારફતે બનતી ત્વરાએ ભરવામાં આવશે

સુરત સિવિલ હોસ્પિટલ ખાતે નોંધાયેલ અંગદાતા

15/8/1013 શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘારી (કરંજ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે છેલ્લા બે વર્ષમાં વર્ષ વાર કેટલા અંગદાતા નોંધાયા,અને	(૧)	વર્ષ ૨૦૨૪માં ૦૭ અને વર્ષ ૨૦૨૫માં ૨૪ અંગદાતા.
(૨)	ઉક્ત દાતાઓમાંથી કેટલા અને ક્યા અંગો દાનમાં મળેલ છે ?	(૨)	કુલ ૯૫ અંગો દાનમાં મળેલ છે .જેમાં ૬૨ કિડની, ૨૬ લીવર, ૪ હૃદય, ૨ ફેફસાં અને ૧ પેનક્રીયાઝ.

અરવલ્લી તથા સાબરકાંઠા જિલ્લાઓમાં વિજ પુરવઠા માટેના નવા સબ સ્ટેશનોની મંજૂરી

15/8/811 :* શ્રી ઘવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા** (બાયડ) : ***માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, :

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી તથા સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વીજ પુરવઠા માટેના કેટલા નવા સબ સ્ટેશનો મંજુર કરવામાં આવ્યા,	(૧)	અરવલ્લી જિલ્લામાં કુલ ૪ સબસ્ટેશનો મંજુર કરવામાં આવ્યા જેમાં ૨ સબસ્ટેશન ધનસુરા તાલુકામાં, ૧ સબસ્ટેશન બાયડ તાલુકામાં તથા ૧ સબસ્ટેશન ભિલોડા તાલુકામાં મંજુર કરવામાં આવ્યા. સાબરકાંઠા જિલ્લામાં કુલ ૩ સબસ્ટેશનો મંજુર કરવામાં આવ્યા, જેમાં ૨ સબસ્ટેશન હિંમતનગર તાલુકામાં તથા ૧ સબસ્ટેશન તલોદ તાલુકામાં મંજુર કરવામાં આવ્યા.
(૨)	ઉક્ત સ્થિતિએ મંજુર થયેલ સબ સ્ટેશનોમાંથી કેટલાનું કામ પૂર્ણ થયું છે અને કેટલાનું કામ બાકી છે, અને	(૨)	ઉપરોક્ત તમામ ૭ સબસ્ટેશનોનું કાર્ય પૂર્ણ થયેલ છે.
(૩)	બાકી રહેલા સબ સ્ટેશનોનું કાર્ય ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં પી.એમ.કુસુમ યોજના હેઠળ ખેડૂતોને સોલાર વોટર પંપ

15/8/991 : શ્રી અનિકેત ગિરીશભાઇ ઠાકર (પાલનપુર) **: માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પી.એમ.કુસુમ (કોમ્પોનન્ટ–B) યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂત લાભાર્થીઓને ઓફ ગ્રીડ સોલાર વોટરપંપ આપવામાં આવ્યા,અને	(૧) ૧૭૫

(૨)	ઉપરોક્ત ખેડૂત લાભાર્થીઓને કુલ કેટલી સબસીડી આપવામાં આવેલ છે?	(૨) ૩. ૭૩૯.૨૧ લાખ

સુરત જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન

15/8/992: શ્રી અરવિંદ શાંતિલાલ રાણા (સુરત(પુર્વ)): **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને	(૧)	૮૨
(૨)	તે માટે કેટલો ખર્ચ થયો?	(૨)	૩.૪૫૪૨.૬૩ લાખ

માતા મૃત્યુદર ઘટાડવા બાબત

15/8/1062 શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**

જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માતા મૃત્યુદર (MMR) ઘટાડવા રાજ્ય સરકાર દ્વારા શી કામગીરી કરવામાં આવી છે, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં માતામૃત્યુ દર ઘટાડવા નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે. • ગુણવત્તાસભર પૂર્વ પ્રસુતિ સેવાઓ, પ્રસુતિ સેવાઓ, અનુપ્રસુતિ સેવાઓ માટે રાજ્યમાં જનની સુરક્ષા યોજના, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ, પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન, એકસટેન્ડેડ પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન, લેબર રૂમ કવોલીટી ઈમ્પ્રુવમેન્ટ ઈનીસીયેટીવ (લક્ષ્ય), પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, ખિલખિલાટ, નમોશ્રી યોજના વગેરે વિવિધ યોજના/કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવે છે. • માતા મરણ અટકાવવા માટે દર માસના પ્રથમ સોમવારે રાજ્ય કક્ષાએ રીવ્યુ બેઠક યોજવામાં આવે છે. જેમાં સગર્ભા માતાઓની સગર્ભાવસ્થા દરમ્યાન તેમજ પ્રસુતિ સમયે કાળજી લેવામાં રહી ગયેલ ત્રુટીઓને શોધીને તેનું વિસ્તૃત એનાલીસીસ કરી માતા મરણ અટકાવવાના પગલાં લેવામાં આવે છે. રાજ્યમાં અતિ જોખમી પ્રસુતિના ચિહ્નો ધરાવતી સગર્ભા માતાઓની પ્રસુતિ જિલ્લા હોસ્પિટલ અથવા મેડીકલ કોલેજ હોસ્પિટલ ખાતે સુનિશ્ચિત કરવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.
(૨)	ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માતા મૃત્યુદરમાં કેટલો ઘટાડો થયો ?	(૨)	માતામૃત્યુ દર – <table><tr><th></th><th>વર્ષ</th><th>માતા મૃત્યુદર</th></tr><tr><td rowspan="2">Sample Registration System (SRS)</td><td>૨૦૨૦–૨૨</td><td>૫૫</td></tr><tr><td>૨૦૨૧–૨૩</td><td>૫૧</td></tr></table> ભારત સરકારશ્રી દ્વારા છેલ્લા બે જાહેર થયેલ Sample Registration System (SRS) બુલેટીન અનુસાર રાજ્યમાં માતા મૃત્યુ દર વર્ષ ૨૦૨૦–૨૨ માં પ્રતિ એક લાખ જીવીત જન્મે ૫૫ હતો જે ત્યારબાદ વર્ષ ૨૦૨૧–૨૩ના છેલ્લા SRS બુલેટીન મુજબ માતા મૃત્યુ દરમાં જનો ઘટાડો થઇ, માતા મૃત્યુ દર પ્રતિ એક લાખ જીવીત જન્મે ૫૧ થયેલ છે.

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ગૌચરની જમીનોમાં દબાણો

15/8/1512 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા** (સોમનાથ)**: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

ક્રમ	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કયા ગામોમાં ગૌચરની જમીનમાં કેટલા દબાણો કેટલા સમયથી થયેલ છે,	(૧)	**ગીર સોમનાથ**

ક્રમ	તાલુકા નામ	ગામનું નામ	ગૌચર જમીન દબાણ	સમયગાળો
૧	વેરાવળ	ડાભોર	૧૦	૨ વર્ષથી
		સીમાર	૭	૨ વર્ષથી
૨	તાલાળા	ખીરઘાર	૪	૨ વર્ષથી
		ઘણેજ	૬	૨ વર્ષથી
		આંબળાશ	૨૨	૨ વર્ષથી
૩	સુત્રાપાડા	સુંદરપરા	૨૭	૪ વર્ષથી
		પીપળવા	૩૦	૩ વર્ષથી
		મોરડીયા	૧૫૪	૩ વર્ષથી
		કણજોતર	૯૭	૪ વર્ષથી
		લોઢવા	૧૩	૩ વર્ષથી
		લાટી	૨૦	૩ વર્ષથી
		હરણાસા	૩૪	૩ વર્ષથી
		ખાંભા	૨૦	૨ વર્ષથી
		પ્રશ્નાવડા	૧૭	૩ વર્ષથી
		ઘંટીયા	૫૭	૩ વર્ષથી
૪	કોડીનાર	પેઢાવાડા	૧૬	૨ વર્ષથી
		આલીદર	૯	૨ વર્ષથી
૫	ઉના	કેસરીયા	૮	૧ વર્ષથી
		રામપરા	૧૦	૧ વર્ષથી
		સામતેર	૩	૧ વર્ષથી
		ગાંગડા	૧૨	૧ વર્ષથી
૬	ગીર ગઢડા	વડવિયાળા	૧	૧ વર્ષથી
		પીંછવા	૨	૧ વર્ષથી
		નવા ઉગલા	૧	૧ વર્ષથી
		ઘોકડવા	૨	૧ વર્ષથી
		હરમડીયા	૧	૧ વર્ષથી

		સનવાવ	૧	૧ વર્ષથી
		બોડીદર	૨	૧ વર્ષથી
		કાંધી	૧	૧ વર્ષથી
		ઝુડવડલી	૧	૧ વર્ષથી
		ફાટસર	૧	૧ વર્ષથી

જુનાગઢ

ક્રમ	**તાલુકા નામ**	**ગામનું નામ**	**ગૌચર જમીન દબાણ**	**સમયગાળો**
૧	જૂનાગઢ	રૂપાવટી	૪	૧ વર્ષ ૮ માસ
		મેવાસા બાવા	૧૩	૮ વર્ષ
૨	ભેસાણ	છોડવડી	૩	૧ વર્ષ
		રાણપુર	૩	૧ વર્ષ ૫ માસ
		વિશળ હડમતિયા	૨૦	૧ વર્ષ
૩	માળિયા હાટીના	કુકસવાડા	૧	૧ વર્ષ
		ગડુ	૧૬	૧ વર્ષ
		ઝૂઝારપુર	૧૫	૧ વર્ષ
		શાંતિપરા	૨૪	૧ વર્ષ
		ખંભાળિયા	૬	૧ વર્ષ
		સુખપુર	૪૮	૧ વર્ષ
૪	વિસાવદર	સરસઈ	૪૬	૧૦ વર્ષ
		કાલસારી	૫૭	૧ વર્ષ
૫	માંગરોળ	તલોદ્રા	૪૭	૧ વર્ષ
		શાપુર	૫	૧ વર્ષ
		શેરીયાજ	૨	૯ માસ
		સામરડા	૩	૫ માસ
૬	મેંદરડા	નાજાપુર	૧૬	૨ વર્ષ
		ચિરોડા	૫૮	૧ વર્ષ
		ભાલછેલ	૨	૧ વર્ષ
૭	કેશોદ	પંચાળા	૧૦૨	૩ વર્ષ
		પાડોદર	૩૮	૧ વર્ષ
		હાંડલા	૨	૨ વર્ષ
		શેરગઢ	૪૩	૧ વર્ષ
		સોંદરડા	૨૦	૧ વર્ષ
૮	માણાવદર	મિતડી	૧	૭ વર્ષ
		ર્લીબુડા	૧૫	૭ વર્ષ
		ખડીયા	૧	૧ વર્ષ

					આખા	૧	૨ વર્ષ
					મોટા કાજલીયાળા	૯	૨ વર્ષ
					ઉમટવાડા	૧	૩ વર્ષ
			૯	વંથલી	રવની	૧	૧ વર્ષ
					બંટીયા	૧૦	૧ વર્ષ
					ડુંગરી	૧	૧ વર્ષ
					ઘંઘુસર	૧	૨૦ વર્ષ
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દબાણકર્તાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને	(૨)	પત્રક – ૧ મુજબ				
(૩)	ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દુર કરવામાં આવશે?	(૩)	**ગીર સોમનાથ** • ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૧૦૫ હેઠળની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાની થાય છે. તે વિના વિલંબે કરવામા આવશે અને દબાણો દુર કરવામા આવશે. • જેમા લેન્ડ ગ્રેબિંગ એક્ટ–૨૦૨૦ હેઠળ કાર્યવાહી કરવાની થાય છે. તેમા સત્વરે કાર્યવાહી કરી દબાણો દુર કરવામા આવશે. • જેમાં માપણી કાર્યવાહી પ્રગતિમાં છે તે થયેથી સત્વરે દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. **જુનાગઢ** • કોર્ટ કેસના કિસ્સામાં નામ.કોર્ટના નિર્ણય થયેથી દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. • જે કેસોમાં ગ્રામ પંચાયત ગુજરાત પંચાયત અધિનિયમ –૧૯૯૩ની કલમ ૧૦૫ મુજબ કરવાની કાર્યવાહી વિના વિલંબે કરવામાં આવશે. • જે કેસોમાં દબાણ નિયમબદ્ધ કરવાના થાય છે, તે કેસોનાં નિર્ણય આવ્યે તે મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. • જે કેસોમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ–૨૦૨૦ હેઠળ દબાણ દૂર કરવાની કાર્યવાહી પૂર્ણ થયે, સત્વરે દબાણો દૂર કરવામાં આવશે. • જેમાં માપણી કાર્યવાહી પ્રગતિમાં છે તે થયેથી સત્વરે દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.			

પત્રક – ૧ ગીર સોમનાથ

ક્રમ	તાલુકાનું નામ	ગામનું નામ	દબાણકર્તા સામે કરેલ કાર્યવાહી
૧	વેરાવળ	ડાભોર	ગૌચર જમીન પરનું દબાણ તા. ૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ દુર કરવામા આવેલ છે. જેથી દબાણનો પ્રશ્ન રહેતો નથી.
		સીમાર	નામ.ગુજરાત હાઇકોર્ટમા S.C.A.No. 12914 of 2022 થી પીટીશન દાખલ થયેલ છે. નામ.ગુજરાત હાઇકોર્ટના ઓરલ ઓર્ડર મુજબ ગૌચર જમીનના દબાણદારોને નોટીસ આપેલ છે. તથા માપણી માટે તાલુકા વિકાસ અધિકારીશ્રી, વેરાવળ દ્વારા DILR-ગીર સોમનાથને પત્રથી જણાવેલ કરેલ છે.
૨	તાલાળા	ખીરધાર	ગ્રામ પંચાયત દ્વારા ગુજરાત પંચાયત ધારાની કલમ ૧૦૫ મુજબ દબાણદારોને નોટીસો આપેલી છે. દબાણો દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		ઘણેજ	
		આંબળાશ	
૩	સુત્રાપાડા	સુંદરપરા	ગ્રામ પંચાયત દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૦૫ મુજબ દબાણો દુર દબાણદારોને નોટીસો આપવામા આવેલ છે અને દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		પીપળવા	પીપળવા ગામે ગૌચર સર્વે નંબરોની માપણી અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. જે માપણી થયેથી તાત્કાલિક દબાણો દુર કરવામા આવશે.
		મોરડીયા	ગ્રામ પંચાયત દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૦૫ મુજબ દબાણો દુર દબાણદારોને નોટીસો આપવામા આવેલ છે અને દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		કણજોતર	કણજોતર ગામે ગૌચર સર્વે નંબરોની માપણી અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. જે માપણી થયેથી તાત્કાલિક દબાણો દુર કરવામા આવશે.

		લોઢવા	ગ્રામ પંચાયત દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૦૫ મુજબ દબાણો દુર દબાણદારોને નોટીસો આપવામા આવેલ છે અને દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		લાટી	એક દબાણદાર સામે ગુજરાત લેન્ડ ગ્રેબીંગ–૨૦૨૦ હેઠળ તાલુકા વિકાસ અધિકારીશ્રી, સુત્રાપાડા દ્વારા સુઓમોટો અરજી દાખલ કરતા દબાણ દુર થયેલ છે. દબાણનો પ્રશ્ન નથી. તેમજ અન્ય દબાણદારોને નોટીસો આપવામા આવેલ છે. દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		હરણાસા	ગ્રામ પંચાયત દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૦૫ મુજબ દબાણો દુર દબાણદારોને નોટીસો આપવામા આવેલ છે અને દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		ખાંભા	ખાંભા ગામે ગૌચર સર્વે નંબરોની માપણી અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. જે માપણી થયેથી તાત્કાલિક દબાણો દુર કરવામા આવશે.
		પ્રશ્નાવડા	ગ્રામ પંચાયત દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૦૫ મુજબ દબાણો દુર દબાણદારોને નોટીસો આપવામા આવેલ છે અને દબાણ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		ઘંટીયા	રી–સર્વે પ્રમોલગેશન થયા બાદ નવા ગૌચર સર્વે નંબર જનરેટ થયેલ નથી. આ બાબતે નવા રી–સર્વેની માંગણી કરવામા આવેલ છે. જે કામગીરી પુર્ણ થયા બાદ ગૌચર જમીન પરના દબાણો ગુજરાત પંચાયત ધારાની કલમ ૧૦૫ મુજબ દબાણો દુર કરવાની કાર્યવાહી કરવામા આવશે.
૪	કોડીનાર	પેઢાવાડા	ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૦૫ મુજબ દબણદારોને નોટીસો આપેલી છે. દબાણો દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		આલીદર	
૫	ઉના	કેસરીયા	ત્રણેય ગામોમા માપણી કરવા અંગેની કામગીરી પ્રક્રિયા હેઠળ હોય, માપણી થયેથી તાત્કાલિક દબાણો દુર કરવામા આવશે.
		રામપરા	
		સામતેર	
		ગાંગડા	ગૌચર જમીન પરનું દબાણ તા. ૧૭/૦૨/૨૦૨૬ ના રોજ દુર કરવામા આવેલ છે. જેથી દબાણનો પ્રશ્ન રહેતો નથી.
૬	ગીર ગઢડા	વડવિયાળા	ગુજરાત લેન્ડ ગ્રેબીંગ – ૨૦૨૦ હેઠળ તાલુક વિકાસ અધિકારીશ્રી, દ્વારા સુઓમોટો અરજી કરેલ છે.
		પીંછવા	ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૦૫ મુજબ દબણદારોને નોટીસો આપેલી છે. દબાણો દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		નવા ઉગલા	ગૌચર જમીન પરનું દબાણ દુર કરવામા આવેલ છે. જેથી દબાણનો પ્રશ્ન રહેતો નથી.
		ધોકડવા	ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૦૫ મુજબ દબણદારોને નોટીસો આપેલી છે. દબાણો દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
		હરમડીયા	ગૌચર જમીન પરનું દબાણ દુર કરવામા આવેલ છે. જેથી દબાણનો પ્રશ્ન રહેતો નથી.
		સનવાવ	ગુજરાત લેન્ડ ગ્રેબીંગ – ૨૦૨૦ હેઠળ તાલુક વિકાસ અધિકારીશ્રી, દ્વારા સુઓમોટો અરજી કરેલ છે.
		બોડીદર	ગૌચર જમીન પરનું દબાણ દુર કરવામા આવેલ છે. જેથી દબાણનો પ્રશ્ન રહેતો નથી.
		કાંધી	ગૌચર જમીન પરનું દબાણ દુર કરવામા આવેલ છે. જેથી દબાણનો પ્રશ્ન રહેતો નથી.
		ઝુડવડલી	ગૌચર જમીન પરનું દબાણ દુર કરવામા આવેલ છે. જેથી દબાણનો પ્રશ્ન રહેતો નથી.
		ફાટસર	ગૌચર જમીન પરનું દબાણ દુર કરવામા આવેલ છે. જેથી દબાણનો પ્રશ્ન રહેતો નથી.

જુનાગઢ

ક્રમ	**તાલુકાનું નામ**	**ગામનું નામ**	**દબાણકર્તા સામે કરેલ કાર્યવાહી**
૧	જૂનાગઢ	રૂપાવટી	દબાણદાર વિરુદ્ધ લેન્ડ ગ્રેબીંગ અંતર્ગત તા.૧૫/૦૭/૨૦૨૫થી અરજી કરેલ છે તથા તાલુકા પંચાયત કચેરીથી તા.૧૯/૦૯/૨૦૨૫ થી પ્રાંત કચેરી, જૂનાગઢને અભિપ્રાય મોકલી આપેલ છે. તા.પં. દ્વારા તા.૧૬/૦૨/૨૦૨૬ ના પત્રથી દબાણો દૂર કરવા ગ્રા.પં.ને સૂચના આપવામાં આવેલ છે. નવેમ્બર–૨૪ માં ૪ દબાણો દુર કરેલ છે.
		મેવાસા બાવા	તાલુકા વિકાસ અધિકારી, જૂનાગઢના તા.૨૨/૮/૨૦૨૫, તા.૧૨/૧/૨૦૨૬ના પત્રથી ગ્રા.પં.ને બેઠક યોજીને દબાણો દૂર કરવા જણાવેલ છે, જ્યારે ત.ક.મ.ના તા.૧૦/૦૨/૨૦૨૬ ના પત્રથી ગ્રા.પં.ની ખાસ બેઠક યોજવા સરપંચને જણાવેલ છે. નવેમ્બર –૨૪ માં ૨૦ દબાણો દુર કરેલ છે.
૨	ભેસાણ	છોડવડી	૪૩ દબાણો દૂર કરવામાં આવેલ છે. બાકી રહેતા 3 દબાણનાં માટે ગ્રામ પંચાયત હસ્તકનું ગૌચર સર્વે નંબર ૭૧૪,૭૧૦ ખુબ જ મોટા હોઈ સરકારી માપણી માટે મામલતદારશ્રી–ભેસાણ અને તાલુકા વિકાસ અધિકારીશ્રી ભેસાણના તા.૨૫–૦૯–૨૫ સંયુકત પત્રથી માન.કલેક્ટર સાહેબશ્રીને રજુઆત કરેલ છે.
		રાણપુર	૫૮૩ સર્વે નંબરનું હદ નિશાન નક્કી કરી શકાય એમ ન હોય જેથી સર્વે નંબર–૫૮૩ ની માપણી સરકારી ખર્ચે કરી આપવાની માગણી કરેલ હોય સવાલવાળી જમીનની માપણી ગૌચર વિકાસ ફંડ માથી માપણી ફી ભરપાઈ કરવા બાબતની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે.
		વિશાળ હડમતિયા	કુલ ૨૭ દબાણકર્તાઓ પૈકી ૦૭ દબાણદારોનાં દબાણ દૂર કરેલ છે. બાકી રહેતા ૨૦ દબાણો દૂર કરવા ગ્રામ પંચાયત દ્વારા તા.૧૬–૪–૨૦૨૫થી નોટીસ આપવામાં આવેલ છે.આમ ગ્રામ પંચાયત દ્વારા અધિનિયમ –૧૯૯૩ની કલમ–૧૦૫ મુજબ નોટિસ આપવામાં આવેલ છે.

૩	માળિયા હાટીના	કુકસવાડા	તા.૧૩-૨-૨૦૨૬થી ૧ દબાણદારોને નોટીસ આપવામાં આવેલ છે
		ગડુ	તા.3-૨-૨૦૨૬ થી ૧૬ દબાણદારોને નોટીસ આપવામાં આવેલ છે.
		ઝૂઝારપુર	૧૫ દબાણો પૈકી ૭ દબાણો તા.૨૧-૧-૨૦૨૬નાં રોજ દૂર કરવામાં આવેલ છે જ્યારે બાકી રહેતા ૮ દબાણદારોને તા.૪-૦૨-૨૦૨૬થી ગ્રામ પંચાયત દ્વારા દબાણદારોને નોટીસ આપવામાં આવેલ છે.
		શાંતિપરા	૨૪ દબાણો પૈકી ૫ દબાણો તા.૧-૧-૨૦૨૬ થી દૂર કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેતા ૧૯ દબાણદારોને તા.૧૧-૨-૨૦૨૬થી ગ્રામ પંચાયત દ્વારા દબાણદારોને નોટીસ આપવામાં આવેલ છે
		ખંભાળિયા	તા.૧૧-૦૨-૨૦૨૬થી દબાણદારોને નોટીસ આપવામાં આવેલ છે.
		સુખપુર	તા.૨-૨-૨૦૨૬થી ૪૮ દબાણદારોને નોટીસ આપવામાં આવેલ છે.
૪	વિસાવદર	સરસઈ	૪૬ દબાણો બાબતે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ મુજબની દબાણ દૂર કરવાની તા.૨-૯-૨૦૨૫થી નોટીસો આપવામાં આવેલ છે. આમ ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરવાની પ્રક્રિયા હેઠળ છે.
		કાલસારી	૫૭ દબાણો ગ્રામ પંચાયત દ્વારા દૂર કરવામાં ન આવતા તાલુકા પંચાયત કચેરી વિસાવદર દ્વારા તા.૬-૧૧-૨૦૨૫નાં પત્રથી દબાણ દૂર કરવા પત્ર કરવામાં આવેલ છે.
૫	માંગરોળ	તલોદ્રા	કુલ-૦૬ દબાણદારો નામ.માંગરોળ સિવિલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં.૭૭/૨૦૨૪ થી કોર્ટ કેસ કરવામાં આવેલ છે.તેની અગામી મુદત તા.૧૩-૦૩-૨૦૨૬ છે.સદરહુ બાબતે નામ. કોર્ટનો નિર્ણય આવ્યે તાત્કાલિક ધોરણે ઉક્ત દબાણો દૂર કરવામાં આવશે. તેમજ બાકી રહેતા ૪૧ દબાણદારોને તા.૨૧-૧-૨૦૨૬થી ગ્રામ પંચાયત દબાણ દૂર કરવાની નોટીસ આપવામાં આવેલ છે.
		શાપુર	૦૫ દબાણદારો નામ.માંગરોળ સિવિલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં.૦૯/૨૦૨૫થી કોર્ટ કેસ કરવામાં આવેલ છે.તેની અગામી મુદત તા.૨૯-૦૨-૨૦૨૬ છે.સદરહુ બાબતે નામ. કોર્ટનો નિર્ણય આવ્યે તાત્કાલિક ધોરણે ઉક્ત દબાણો દૂર કરવામાં આવશે.
		શેરીયાજ	૦૨ દબાણદારો નામ.માંગરોળ સિવિલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં.૬૬/૨૦૨૫થી કોર્ટ કેસ કરવામાં આવેલ છે.તેની અગામી મુદત તા.૨૫-૦૩-૨૦૨૬ છે.સદરહુ બાબતે નામ. કોર્ટનો નિર્ણય આવ્યે તાત્કાલિક ધોરણે ઉક્ત દબાણો દૂર કરવામાં આવશે, તેમજ ગ્રામપંચાયત શેરીયાજનાં જણાવ્યા મુજબ આગામી દિન-૧૦માં અરજદાર દ્વારા સ્વૈચ્છિક દબાણ આસામી દ્વારા ખુલ્લુ કરવામાં આવશે.
		સામરડા	તા.૨-૨-૨૦૨૬થી દબાણ દૂર કરવાની નોટીસ આપવામાં આવેલ છે.તેમજ ગ્રામ પંચાયત સામરડાનાં તા.૬-૨-૨૦૨૬નાં પત્રની વિગત મુજબ દબાણદારોને સમજૂત કરતા આગામી તા.૨૧-૨-૨૦૨૬સુધીમાં દબાણદારો સ્વૈચ્છિક રીતે દબાણો દૂર કરશે.
૬	મેંદરડા	નાજાપુર	૧૬ દબાણદારોએ કોર્ટ મેટર કરેલ હતી. જે પૈકી ૨ કેસ ડિસ્પોઝ કરેલ છે.જયારે બાકી રહેલ ૧૪ કેસમાંથી ૬ કેસની આગામી સુનવણી તા.૧૧-૦૩-૨૬ તથા ૫ કેસની આગામી સુનવણી તા.૨૩-૦૨-૨૬ તથા ૩ કેસની સુનવણી તા.૨૪-૦૨-૨૬ છે. જેથી નામદાર કોર્ટના નિર્ણય આવ્યે દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
		ચિરોડા	તા.૨૪-૧૧-૨૦૨૫ થી ૫૦ દબાણદારોને તથા તા.૧-૧૨-૨૦૨૫થી ૮ દબાણદારોને નોટીસ આપવામાં આવેલ છે.તેમજ તાલુકા પંચાયત કચેરી,મેંદરડા દ્વારા તા.૩૦-૦૧-૨૦૨૬થી દબાણ દૂર કરવા ગ્રામ પંચાયત ચિરોડાને સૂચના આપવામાં આવેલ છે
		ભાલછેલ	તાલુકા પંચાયત કચેરી, મેંદરડા દ્વારા ડી.આઈ.એલ.આર.શ્રી.ને રેકર્ડ દુરસ્તી કરવા તા.૦૬-૪-૨૫ તથા તા. ૦૬-૦૮-૨૫ તથા તા. ૨૭-૧૧-૨૫થી યાદીપત્ર પાઠવવામાં આવેલ છે. જેથી ડી.આઈ.એલ.આર. કચેરીએથી રેકર્ડ દુરસ્તી થયે ગ્રામ પંચાયત ભાલછેલ દ્વારા સત્વરે દબાણ દૂર કરવામાં આવશે.
૭	કેશોદ	પંચાળા	૧૦૨ દબાણદારોને નોટીસ આપવામાં આવેલ છે.
		પાડોદર	૫(પાંચ) દબાણો તા.૯/૦૨/૨૦૨૬ થી દબાણ દૂર કરેલ છે. તેમજ ગ્રામ પંચાયત દ્વારા એપ્રિલ-૨૦૨૫,મે-૨૦૨૫ તથા જુલાઈ-૨૦૨૫ થી દબાણો દૂર કરવા નોટીસ આપવામાં આવેલ છે.
		હાંડલા	૧-દબાણદારનું જાન્યુઆરી-૨૦૨૬થી દબાણ દૂર કરેલ છે તથા અન્ય એક દબાણ દૂર કરવા બાબતે તા.૨૦-૨-૨૦૨૬ની ગ્રામ પંચાયત મિટિંગનાં નિર્ણય બાદ દૂર કરવામાં આવશે.
		શેરગઢ	દબાણ દૂર કરવા માટે તા.૨૬/૦૨/૨૦૨૬ તથા ૨૭/૦૨/૨૦૨૬ ના પોલીસ બંદોબસ્ત માંગવામાં આવેલ છે.
		સોંદરડા	જાન્યુઆરી-૨૦૨૬ થી દબાણોદારોને દબાણો દૂર કરવા નોટીસ આપવામાં આવેલ છે.
૮	માણાવદર	મિતડી	સર્વે નં.૪૨૫ ની માપણી કરી હદ નિશાન થયે નક્કી થઈ શકે તેમ ન હોય, ગ્રામ પંચાયત દ્વારા તા:૧૪/૦૭/૨૦૨૫ થી માપણી માટે ફી ભરી અરજી કરતા તા:૦૨/૦૮/૨૦૨૫ ના રોજ માપણી કરતા તેમાં ક્ષતિ જણાતાં તા:૦૫/૦૮/૨૦૨૫થી રીસર્વે માટે અરજી કરેલ છે, તેમજ તા:૦૩/૨/૨૦૨૬ થી ગ્રામ પંચાયત મિતડી દ્વારા વહેલી તકે માપણી થાય તે અંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જૂનાગઢને મારફત ભલામણ પત્ર થવા પત્ર કરવામાં આવેલ,જે અન્વયે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,(મહેસૂલ) દ્વારા તાલુકા પંચાયત કચેરી, માણાવદરને વહેલી તકે માપણી કરવા બાબતે પત્ર કરવા જણાવેલ છે.
		લીંબુડા	દબાણ દૂર કરવા માટે નિષ્ફળ ગયેલ સરપંચશ્રી, લીંબુડાને ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ની કલમ ૫૭(ક) માં જણાવેલ ફરજોને વહન કરવામા નિષ્ફળ થયેલ હોય, તા.૦૭-૧૦-૨૦૨૫થી સરપંચશ્રી, લીંબુડાને હોદ્દા પરથી દૂર કરવામાં આવેલ.ઈનચાર્જ સરપંચશ્રીને(ઉપસરપંચશ્રી)ને તાલુકા પંચાયત કચેરી,માણાવદરનાં તા:૦૭/૧૧/૨૦૨૫ નાં પત્રથી દબાણ દૂર કરવા ગ્રામ પંચાયતનો ઠરાવ

			રજૂ કરવા જણાવતાં, ગ્રામ પંચાયત – લીંબુડા દ્વારા તા:૨૫/૧૧/૨૦૨૫ અને તા:૧૩/૦૧/૨૦૨૬ના પત્રથી ઠરાવ નામંજૂર થયા અંગે અહેવાલ રજૂ થયેલ હોય, જે અન્વયે તાલુકા પંચાયત કચેરી,માણાવદર દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૫૭(૧) મુજબ કાર્યવાહી થવા તા.૦૬/૦૨/૨૦૨૬ થી દરખાસ્ત કરેલ છે.
		ખડીયા	ગૌશાળાનું દબાણ હોય, ગ્રામ પંચાયત–ખડીયાનાં તા:૦૪/૧૧/૨૦૨૫ના પત્રથી દબાણકર્તા ટ્રસ્ટ દ્વારા જગ્યા નિયમબદ્ધ કરવા માન.કલેકટરશ્રી,જૂનાગઢને અરજી કરી પ્રક્રિયા શરૂ કરેલ હોય જેથી કાર્યવાહી હાલ પુરતી મોકૂફ રાખેલ છે.
૯	વંથલી	આખા	તારીખ ૨૧/૧૧/૨૦૨૪થી દબાણદાર વિરુધ્ધ લેન્ડ ગ્રેબીંગ થયેલ હોય, લેન્ડ ગ્રેબીંગની કમિટીની તા.૨૫/૦૯/૨૦૨૫થી દબાણદાર વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ તળે એફ.આઇ.આર. દાખલ કરવામા આવેલ છે.
		મોટા કાજલીયાળા	દબાણકર્તાઓને દબાણો દૂર કરવા નોટિસ આપેલ છે.
		ઉમટવાડા	હદનિશાનનો પ્રશ્ન અન્વયે ગ્રામ પંચાયત–ઉમટવાડા દ્વારા માપણીશીટ મળવા માટે ડી.આઇ.એલ.આર.શ્રી,જૂનાગઢને તા.૨૮/૦૧/૨૦૨૬ના પત્રથી જાણ કરવામા આવેલ છે.
		રવની	દબાણકર્તાઓને દબાણો દૂર કરવા નોટિસ આપેલ છે.
		બંટીયા	હાલ આ જમીન ગામતળ તરીકે નીમ થયેલ છે, જેની માપણી શીટ મળ્યે લે–આઉટ પ્લાન બનાવીને વિચરતી–વિમુક્ત જાતિના લોકોના દબાણો દૂર કરીને તેમને પ્લોટ ફાળવવામાં આવશે.
		ડુંગરી	તા.૦૩–૦૨–૨૦૨૬ થી દબાણ દૂર કરવામાં આવેલ છે.
		ઘંઘુસર	સર્વે નં ૨૫૬/પૈકી૧ ની જમીન પર આવેલ શ્રી સમદર્શી કેળવણી ટ્રસ્ટ સંચાલિત સ્વ.અનિલાબેન વિજયદાસજી વિદ્યામંદિરનું દબાણ નિયમિત કરવા માટે પ્રાંત અધિકારીશ્રી, વંથલી દ્વારા તા.૦૪/૧૨/૨૦૨૫ થી કલેકટરશ્રી, જૂનાગઢને મોકલાવેલ છે

કચ્છ જીલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રો

15/8/959 : શ્રી પ્રધુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**

જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પેટા આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માટે રાજ્ય સરકારમાં કેટલી દરખાસ્તો આવી, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પેટા આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માટે નીચે મુજબની દરખાસ્તો મળેલ છે. ક્રમ | તાલુકાનું નામ | સંખ્યા ૧ | લખપત | ૦૯ ૨ | અબડાસા | ૧૪ ૩ | રાપર | ૧૧ ૪ | ભુજ | ૧૪ ૫ | ભચાઉ | ૦૨ ૬ | નખત્રાણા | ૦૭ કુલ | ૫૭
(૨)	તે પૈકી કેટલા પેટા આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા?	(૨)	તે પૈકીએ મંજુર કરવામાં આવેલ પેટા આરોગ્ય કેન્દ્રની વિગત નીચે મુજબ છે. ક્રમ | તાલુકાનું નામ | સંખ્યા ૧ | લખપત | ૦૧ ૨ | માંડવી | ૦૧ ૩ | ભુજ | ૦૩ કુલ | ૦૫

બનાસકાંઠા જિલ્લામાં બાળ જન્મદર અને બાળ મૃત્યુદર

15/8/1380 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બાળ જન્મદર અને બાળ મૃત્યુદર કેટલો છે?	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બાળ જન્મદર અને બાળ મૃત્યુદર નીચે મુજબ છે.

અ.નં.	**તાલુકા**	**જાન્યુઆરી–૨૪ થી ડિસેમ્બર–૨૪**	
		બાળ જન્મદર	**બાળ મૃત્યુદર**
૧	અમીરગઢ	૨૬.૫૦	૮
૨	ભાભર	૨૦.૩૦	૪
૩	દાંતા	૨૫.૯૦	૮
૪	દાંતીવાડા	૨૩.૯૦	૪
૫	ડીસા	૨૩.૧૦	૨
૬	દિયોદર	૨૨.૬૦	૪
૭	ધાનેરા	૨૩.૮૦	૩
૮	કાંકરેજ	૨૧.૯૦	૫
૯	લાખણી	૨૧.૬૦	૪
૧૦	પાલનપુર	૧૯.૫૦	૫
૧૧	સુઈગામ	૧૯.૪૦	૨
૧૨	થરાદ	૨૦.૮૦	૧૧
૧૩	વડગામ	૧૯.૯૦	૪
૧૪	વાવ	૨૦.૪૦	૭
બનાસકાંઠા કુલ:–		૨૨.૧૦	૫

અ.નં.	**તાલુકા**	**જાન્યુઆરી–૨૫ થી ડિસેમ્બર–૨૫**	
		બાળ જન્મદર	**બાળ મૃત્યુદર**
૧	અમીરગઢ	૨૬.૬૦	૭
૨	ભાભર	૨૦.૩૦	૪
૩	દાંતા	૨૬.૦૦	૭
૪	દાંતીવાડા	૨૩.૩૦	૯
૫	ડીસા	૨૨.૪૦	૫
૬	દિયોદર	૨૨.૩૦	૬
૭	ધાનેરા	૨૪.૨૦	૬
૮	કાંકરેજ	૨૧.૬૦	૫
૯	લાખણી	૨૧.૨૦	૩
૧૦	પાલનપુર	૨૦.૯૦	૫
૧૧	સુઈગામ	૧૯.૬૦	૫
૧૨	થરાદ	૨૦.૨૦	૬
૧૩	વડગામ	૨૦.૭૦	૭
૧૪	વાવ	૨૧.૨૦	૬
બનાસકાંઠા કુલ:–		૨૨.૨૦	૬

(૨)	ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બાળકો/બાળકીઓનો જન્મ સરકારી અને ખાનગી હોસ્પિટલમાં થયેલ છે?	(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બાળકો/બાળકીઓનો જન્મ સરકારી અને ખાનગી હોસ્પિટલમાં થયેલ છે જે નીચે મુજબ છે.

અ.નં.	**તાલુકા**	**જાન્યુઆરી–૨૪ થી ડિસેમ્બર–૨૪**

		સરકારી હોસ્પિટલમાં જન્મેલ		ખાનગી હોસ્પિટલમાં જન્મેલ	
		બાળકો	બાળકીઓ	બાળકો	બાળકીઓ
૧	અમીરગઢ	૭૩૨	૬૭૫	૧૦૫૬	૧૦૩૨
૨	ભાભર	૨૧૩	૧૯૪	૧૦૧૨	૯૧૫
૩	દાંતા	૧૬૬૫	૧૬૩૪	૩૩૨	૩૦૯
૪	દાંતીવાડા	૩૩૯	૩૨૧	૨૫૧	૨૬૫
૫	ડીસા	૬૨૨	૫૯૪	૬૨૭૭	૫૭૯૦
૬	દિયોદર	૨૬૭	૨૨૧	૮૩૪	૭૯૩
૭	ધાનેરા	૨૦૫	૨૨૫	૬૭૭૩	૬૧૨૪
૮	કાંકરેજ	૧૨૨૫	૧૧૪૩	૧૦૬૭	૯૯૩
૯	લાખણી	૧૧૬	૧૩૦	૫૦૪	૪૭૦
૧૦	પાલનપુર	૩૨૯	૨૮૯	૧૦૯૨૦	૧૦૫૦૯
૧૧	સુઈગામ	૫૪	૪૨	૦	૦
૧૨	થરાદ	૮૯૬	૭૮૭	૪૬૫૬	૪૩૧૩
૧૩	વડગામ	૩૧૪	૩૪૦	૧૯૫	૧૬૫
૧૪	વાવ	૨૬૮	૨૫૩	૦	૦
બનાસકાંઠા કુલઃ–		૭૨૪૫	૬૮૪૮	૩૩૮૭૭	૩૧૬૭૮

અ.નં.	તાલુકા	જાન્યુઆરી–૨૫ થી ડિસેમ્બર–૨૫			
		સરકારી હોસ્પિટલમાં જન્મેલ		ખાનગી હોસ્પિટલમાં જન્મેલ	
		બાળકો	બાળકીઓ	બાળકો	બાળકીઓ
૧	અમીરગઢ	૬૫૧	૬૨૮	૧૨૫૫	૧૧૯૯
૨	ભાભર	૨૨૧	૧૯૮	૯૦૯	૮૪૮
૩	દાંતા	૧૭૦૬	૧૫૯૯	૪૬૫	૪૧૨
૪	દાંતીવાડા	૨૭૯	૨૭૬	૩૫૩	૩૩૮
૫	ડીસા	૬૮૮	૬૦૮	૬૩૩૭	૬૦૩૨
૬	દિયોદર	૧૮૦	૧૩૮	૧૧૬૪	૧૦૪૬
૭	ધાનેરા	૧૨૪	૧૩૧	૬૭૭૦	૬૩૫૧
૮	કાંકરેજ	૧૦૩૪	૧૦૦૧	૭૦૭	૭૧૧
૯	લાખણી	૧૦૮	૮૦	૬૨૦	૫૭૩
૧૦	પાલનપુર	૩૨૩	૩૦૫	૭૪૮૭	૬૯૨૯
૧૧	સુઈગામ	૩૩	૪૫	૦	૦
૧૨	થરાદ	૬૨૨	૫૮૮	૪૫૫૪	૪૩૭૨
૧૩	વડગામ	૩૬૦	૩૬૨	૨૦૧	૨૧૫
૧૪	વાવ	૨૨૦	૨૪૦	૦	૦
બનાસકાંઠા કુલઃ–		૬૫૪૯	૬૧૯૯	૩૦૮૨૨	૨૯૦૨૬

ધાનેરા ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ–ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવા બાબત

15/8/1390 શ્રી માવજીભાઈ મગનભાઈ દેસાઈ (ધાનેરા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**

જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેર ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ–ડીસ્ટ્રીકટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવા માટે સરકાર દ્વારા સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા, તા.૧૫/૦૩/૨૦૨૩ના ઠરાવથી માત્ર સૈધ્ધાંતિક મંજૂરી આપેલ છે.

(૨)	જો હા, તો ઉક્ત સબ–ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ માટે કેટલા તબીબો અને પેરામેડીકલ સ્ટાફનું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે, અને	(૨)	સામુહિક આરોગ્ય કેન્દ્ર, ઘાનેરાને સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવા માટે વહીવટી અને નાણાકીય મંજૂરી મળેલ ન હોઈ કોઈ મહેકમ મંજૂર કરેલ નથી.
(૩)	તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તબીબો અને પેરામડીકલ સ્ટાફની નિમણૂક કરવામાં આવેલ છે?	(૩)	કોઈ મહેકમ મંજૂર કરેલ ન હોઈ સ્ટાફની નિમણૂકનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

_____

પોરબંદર અને નર્મદા જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો

15/8/1510 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે : –

ક્રમ	**પ્રશ્ન**		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ પોરબંદર અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કયા ગામોમાં ગૌચરની જમીનમાં કેટલા દબાણો કેટલા સમયથી થયેલ છે,	(૧)	પત્રક–૧ મુજબ
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દબાણકર્તાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને	(૨)	**પોરબંદર** (૧)પોરબંદર તાલુકામાં છેલ્લા ૨ વર્ષમાં કુલ ૧૦૮ દબાણ દુર કરવામાં આવેલ છે. (૨) ઉપરોક્ત દબાણો પૈકી પોરબંદર તાલુકાના ૩૯ ગામમાં કુલ–૧૮૩૯ દબાણો આવેલા છે. ઉક્ત દબાણો દુર કરવા માટે તાલુકા પંચાયત કચેરીનાં પત્ર નં. તા.પં./જમન/વશી/૧૧૮૪/૨૦૨૫, તા. ૧૨/૧૧/૨૦૨૫નાં રોજ તલાટી કમ મંત્રીશ્રી/ સરપંચશ્રીઓને દબાણો દુર કરવા જણાવેલ છે. ઉક્ત દબાણો દુર કરવાની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે. (૩) કુતિયાણા તાલુકાના ૫ ગામોમાં કુલ–૯૩ દબાણો આવેલા છે. તેમજ હાલ જાન્યુઆરી–૨૦૨૬માં કુતિયાણા તાલુકાનાં અમીપુર ગામના ૭૧ દબાણો પૈકી ૨ દબાણો હે.આરે. ૦૧–૧૮–૩૮ દુર કરવામાં આવેલ છે. તથા બાકી રહેતા ૯૧ દબાણો અન્વયે તાલુકા પંચાયત કચેરી – કુતિયાણા નાં પત્ર નં તા.પં./મહસ/દબાણ/નોટીસ/૫૧થી ૫૫ /૨૦૨૫, તા. ૧૭/૦૧/૨૦૨૫ તથા તા.૧૨/૦૯/૨૦૨૫ થી તલાટી કમ મંત્રીશ્રી/ સરપંચશ્રીઓને દબાણો દુર કરવા માટે નોટીસ આપવામાં આવેલ છે. ઉક્ત દબાણો દુર કરવાની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે. **નર્મદા** (૧) ડેડીયાપાડા તાલુકાના ડેડીયાપાડા ગામે સદર દબાણો કર્તાઓ કોર્ટમાં મે.એડી.સીવીલ સાહેબશ્રીની કોર્ટમાં આર.સીએસ./૭૨/૨૦૨૩ થી આર.સીએસ./૭૮/૨૦૨૩ થી દાવો દાખલ કરેલ છે. કોર્ટ કેસ ચાલુ હોવાથી દબાણ દુર થયેલ નથી. (૨) સાગબારા તાલુકાના રાણીપુર ગામે સદર દબાણો કર્તાઓ કોર્ટમાં મે.એડી.સીવીલ સાહેબશ્રીની કોર્ટમાં આર.સીએસ./૭/૨૦૨૨ દાવો દાખલ કરેલ છે. કોર્ટ કેસ ચાલુ હોવાથી દબાણ દુર થયેલ નથી.
(૩)	ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?	(૩)	**પોરબંદર** ઉક્ત દબાણો દુર કરવાની કાર્યવાહી હાલ ઝુંબેશરૂપે ચાલુ છે બાકી રહેલ દબાણ આગામી સમયમાં દુર કરવામાં આવશે. **નર્મદા** (૧) ડેડીયાપાડા તાલુકાનું ડેડીયાપાડા ગામ તથા (૨) સાગબારા તાલુકાનું રાણીપુર ગામનું દબાણ નામ.કોર્ટ કેસનાં આખરી નિર્ણય આવ્યેથી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કમલ–૧૦૫/(૨) હેઠળ નિયમોનુસાર ગ્રામ પંચાયત મારફતે દબાણ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

પત્રક–૧

પોરબંદર

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ પોરબંદર જિલ્લાના ગૌચર દબાણોની વિગત નીચે મુજબ છે.

ક્રમ	તાલુકાનું નામ	ગામનું નામ	ગૌચર દબાણ સંખ્યા	સમયગાળો
૧	પોરબંદર	ઓડદર	૦૪	૨ વર્ષથી
		કુછડી	૬૩	૪ વર્ષથી
		કડછ	૨૦૫	૨.૫ વર્ષથી
		શીશલી	૦૨	૩ વર્ષથી
		અંબારામા	૨૫	૪ વર્ષથી
		કાટવાણા	૧૪	૨.૫ વર્ષથી
		સીમાણી	૦૯	૩ વર્ષથી
		ભારવાડા	૫૫	૪ વર્ષથી
		પાંડાવદર	૧૨	૩ વર્ષથી
		રાતડી	૨૩	૨.૫ વર્ષથી
		શ્રીનગર	૨૯	૨.૫ વર્ષથી
		ભડ	૨૨	૪ વર્ષથી
		શીંગડા	૩૫	૩ વર્ષથી
		વિંઝરાણા	૦૨	૪ વર્ષથી
		બાવળવાવ	૦૯	૨ વર્ષથી
		ગોઢાણા	૧૨	૩ વર્ષથી
		ઈશ્વરીયા	૦૧	૨.૫ વર્ષથી
		વડાળા	૧૩	૩ વર્ષથી
		ગોરસર	૦૩	૩ વર્ષથી
		મોચા	૧૭	૪ વર્ષથી
		મિયાણી–ભાવપરા	૨૫૨	૨.૫ વર્ષથી
		ભોમિયાવદર	૦૮	૩ વર્ષથી
		ભેટકડી	૨૫	૪ વર્ષથી
		અડવાણા	૧૪૪	૨.૫ વર્ષથી
		મંડેર	૪૪	૨.૫ વર્ષથી
		પાતા	૧૮૮	૩ વર્ષથી
		કોલીખડા	૨૦૫	૪ વર્ષથી
		બળેજ	૧૨૫	૪ વર્ષથી
		પારાવાડા	૪૪	૩ વર્ષથી
		સીમર	૩૧	૩ વર્ષથી
		ગોસા	૦૯	૨.૫ વર્ષથી
		રાતિયા	૧૧	૩ વર્ષથી
		ઉંટડા	૦૪	૪ વર્ષથી
		ચિકાસા	૫૧	૩ વર્ષથી
		ટુકડા ગોસા	૨૭	૨.૫ વર્ષથી
		ફટાણા	૨૦	૩ વર્ષથી
		સોઢાણા	૫૩	૪ વર્ષથી
		કુણવદર	૨૪	૪ વર્ષથી
		મોરાણા	૧૯	૩ વર્ષથી
૨	રાણાવાવ	-	–	–
૩	કુતિયાણા	ઈશ્વરીયા	૦૮	૦૩ વર્ષથી
		વડળા	૦૧	૦૩ વર્ષથી
		ખુનપુર	૧૨	૦૩ વર્ષથી
		ગોકરણ	૦૧	૦૩ વર્ષથી
		અમીપુર	૭૧	૦૩ વર્ષથી

નર્મદા

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ નર્મદા જિલ્લાના ગૌચર દબાણોની વિગત નીચે મુજબ છે.

ક્રમ	**તાલુકાનું નામ**	**ગામનું નામ**	**ગૌચર દબાણ સંખ્યા**	**સમયગાળો**
૧	નાંદોદ	–	–	–
૨	તિલકવાડા	–	–	–
૩	ગરૂડેશ્વર	–	–	–
૪	ડેડીયાપાડા	ડેડીયાપાડા	૩૯	૨૦ વર્ષથી
૫	સાગબારા	રાણીપુર	૪૧	૫ વર્ષથી
૬	ચીકદા	–	–	–

અમદાવાદ ખાતે આવેલ હોસ્પિટલોના મશીનો

15/8/1466 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)**

જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ ખાતે આવેલ સિવિલ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ, યુ. એન. મહેતા હાર્ટ હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલમાં હોસ્પિટલવાર કેટલા સીટી સ્કેન, એમ.આર.આઈ., એક્સ–રે અને વેન્ટીલેટર મશીનો તથા કીડની હોસ્પિટલમાં ડાયાલીસીસ મશીનો છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએસિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે મશીનનું નામ – સંખ્યા સીટી સ્કેન – ૦૪ એમ.આર.આઈ. – ૦૨ એક્સ–રે – ૧૦ વેન્ટીલેટર – ૧૧૪૦ કિડની હોસ્પિટલ, અમદાવાદ ખાતે મશીનનું નામ – સંખ્યા સીટી સ્કેન – ૦૧ એમ.આર.આઈ. – ૦૧ એક્સ–રે – ૧૫ વેન્ટીલેટર – ૮૬ ડાયાલિસીસ મશીન – ૧૪૬ યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ, અમદાવાદ ખાતે મશીનનું નામ – સંખ્યા સીટી સ્કેન – ૦૧ એમ.આર.આઈ. – ૦૧ એક્સ–રે – ૧૪ વેન્ટીલેટર – ૨૯૦ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ મશીનનું નામ – સંખ્યા સીટી સ્કેન – ૦૩ એમ.આર.આઈ. – ૦૧ એક્સ–રે – ૧૭ વેન્ટીલેટર – ૧૦૦

(૨)	ઉક્ત મશીનો પૈકી હોસ્પિટલવાર કેટલા મશીનો કાર્યરત છે અને કેટલા મશીનો બંધ હાલતમાં છે, અને	(૨)	સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં ૦૭ એક્સ–રે મશીન કાર્યરત મશીન–૧૮૨૯ તથા ૩ એક્સ–રે મશીન બંધ હાલતમાં છે .અન્ય તમામ મશીન કાર્યરત છે. કિડની હોસ્પિટલ, યુ.એન .મહેતા હાર્ટ હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે તમામ મશીનો કાર્યરત છે.
(૩)	ઉક્ત બંધ મશીનો ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે?	(૩)	સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે કુલ–૦૩ બંધ એક્સ –રે મશીન કંડમ કરવાની કાર્યવાહી ચાલુ છે.

બોટાદ જિલ્લામાં ખેડૂતોને દિવસે વીજળી

15/8/1284 : શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ): **માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,**

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના ખેડૂતોને દિવસે વીજળી પ્રાપ્ત થાય છે, અને	(૧)	<table><tr><th>ક્રમ</th><th>તાલુકાનું નામ</th><th>ગામોની સંખ્યા</th></tr><tr><td>૧</td><td>બરવાળા</td><td>૨૩</td></tr><tr><td>૨</td><td>બોટાદ</td><td>૫૨</td></tr><tr><td>૩</td><td>ગઢડા</td><td>૭૩</td></tr><tr><td>૪</td><td>રાણપુર</td><td>૩૫</td></tr></table>
(૨)	બાકીનાગામોના ખેડૂતોને ક્યાં સુધીમાં દિવસે વીજળી પુરી પાડવાનું આયોજન છે?	(૨)	તમામ ગામોના ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવામાં આવતી હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો

15/8/1372 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે ,

ક્રમ	**પ્રશ્ન**		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કયા ગામોમાં ગૌચરની જમીનમાં કેટલા દબાણો કેટલા સમયથી થયેલ છે,	(૧)	**સાબરકાંઠા** <table><tr><th>ક્રમ</th><th>તાલુકાનું નામ</th><th>ગામનું નામ</th><th>ગૌચર દબાણ સંખ્યા</th><th>સમયગાળો</th></tr><tr><td>૧</td><td>હિંમતનગર</td><td>કાણીયોલ</td><td>૩૭</td><td>૦૮ વર્ષ</td></tr><tr><td>૨</td><td>ખેડબ્રહ્મા</td><td>લક્ષ્મીપુરા</td><td>૦૧</td><td>૦૭ વર્ષ</td></tr><tr><td>૩</td><td>તલોદ</td><td>–</td><td>–</td><td>–</td></tr><tr><td>૪</td><td>ઈડર</td><td>–</td><td>–</td><td>–</td></tr><tr><td>૫</td><td>પ્રાંતિજ</td><td>–</td><td>–</td><td>–</td></tr><tr><td>૬</td><td>વડાલી</td><td>–</td><td>–</td><td>–</td></tr><tr><td>૭</td><td>પોશીના</td><td>–</td><td>–</td><td>–</td></tr><tr><td>૮</td><td>વિજયનગર</td><td>–</td><td>–</td><td>–</td></tr><tr><td colspan="3">કુલ</td><td>૩૮</td><td></td></tr></table>**અરવલ્લી** <table><tr><th>ક્રમ</th><th>તાલુકાનું નામ</th><th>ગામનું નામ</th><th>ગૌચર દબાણ સંખ્યા</th><th>સમયગાળો</th></tr></table>

			૧	માલપુર	-	–	-
			૨	મોડાસા	કોલીખડ	૦૧	૦૬ વર્ષ
			૩	ભિલોડા	-	–	-
			૪	શામળાજી	પાલ્લા	૦૧	૦૧ વર્ષ
			૫	બાયડ	ભુડાસણ	૦૧	૦૮ વર્ષ
					વારેણા બોરટીંબા	૦૧	૦૧ વર્ષ
			૬	સાઠંબા	ગોતાપુર	૦૧	૦૧ વર્ષ
			૭	મેઘરજ	-	–	-
			૮	ઘનસુરા	રમોસ	૧૫	૦૧ વર્ષ
					ભેસાવાડા	૦૧	૦૨ વર્ષ
			કુલ			૨૧	

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દબાણકર્તાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૨) **સાબરકાંઠા**

ક્રમ	**તાલુકાનું નામ**	**ગામનું નામ**	**દબાણકર્તા સામે કરેલ કાર્યવાહી**
(૩)	જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે?	(૩)	• ફ્રી હેલ્થ ચેકઅપ, • દર્દીના સગાની જાગૃતતા માટે નિરુજહૃદયમ કાર્યક્રમ અંતર્ગત ખાનપાન વીશે, કસરત, અન્ય પ્રિવેન્સન ગતિવિધિની માહિતી, • સાવચેતી રાખવાના પગલાં વિષે માહિતી પત્રની વહેચણી, • રેડિયો અને સમાચારપત્ર માં જાહેરાત આપીને જાગૃત લોકોને કરવા તથા રેલી કાઢવી.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૧૯૭૨નું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું જાહેરનામું

શ્રી ઋષિકેશ ગ. પટેલ (ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળ વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ, ઉપરાંત ટ્રેડિંગ ઓફ ઇલેક્ટ્રિકલ પાવર એન્ડ કો–ઓર્ડિનેશન એક્ટિવિટી કરતા હોય તેવા ઉદ્યોગોમાંના તમામ રોજગારને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરતી ઊર્જા અને

ફાલ્ગુન ૦૯, ૧૯૪૭ શાકે

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૬

પેટ્રોકેમિકલ્સ વિભાગના તા.૧૮-૨-૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક- ઘઇ/૨૦૨૬-૧૦/જીયુપી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક (પાર્ટ-૨) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.

વિધેયકો (સરકારી)

સને ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૭

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૬

સન ૨૦૨૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક

શ્રી **<#Mi** / શ્રી કનુભાઈ મો. દેસાઈ : /**Mi #>** (નાણાંમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૬નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક -૭- સન ૨૦૨૬ના ગુજરાત (પૂરક)વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે. ઉકત વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૪ સભ્યશ્રીઓએ પોતાના મુદ્દા આપેલા છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮ના પેટા નિયમ-૩ અન્વયે આ વિધેયકની ચર્ચા સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં પૂરી કરવાની રહે છે પરંતુ આજે પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ચોથો અને છેલ્લો દિવસ પર ચર્ચા હાથ ધરવાની હોવાથી પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર દરેક સભ્યશ્રીને ૨ મિનિટનો સમય ફાળવું છું. તદ્અનુસાર આ મુદ્દાઓ પરની ચર્ચા તથા નાણામંત્રીશ્રીનો જવાબ પૂરો થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે. પૂરક વિનિયોગ વિધેયકના મુદ્દાઓમાં ૪ સભ્યશ્રીઓ પૈકી ૩ સભ્યશ્રીઓએ પૂરક માગણી ક્રમાંક-૩૧, ચૂંટણી સંબંધે મુદ્દા આપ્યા છે અને મેં મંજૂરી પણ આપી છે. આપ સૌને ખ્યાલ હશે કે બંધારણીય અને વૈધાનિક કામગીરી સંબંધમાં જે તે સંસ્થાના કાર્યક્ષેત્રની બાબતોની ચર્ચા સભાગૃહમાં ઉપસ્થિત કરી શકાય નહીં તે પ્રકારના નિર્ણયો મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓના છે આથી ગૃહના અનુભવી સભ્યશ્રીઓ આ બાબત ધ્યાનમાં રાખી ચર્ચા કરે તે અપેક્ષીત છે.

શ્રી ચૈતરભાઈ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧-૧-૨૦૨૬ની લાયકાતની તારીખના આધારે હાથ ધરવામાં આવેલ મતદાર યાદીની ખાસ સઘન સુધારણામાં તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ડ્રાફટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી, નાગરિકોના દાવા અને વાંધા અરજીઓ લેવા માટે તા.૧૯-૧-૨૦૨૬...

અધ્યક્ષશ્રી : આપનો સમય પછી થાય છે પહેલાં પોઇન્ટ ઓફ ઓર્ડર લઇએ છીએ અને પછી આપની બે મિનિટ રહેશે.

---

* વિધેયક તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં ચૂંટણી પંચ જેવી સ્વાયત્ત સંસ્થાને સંબંધિત મુદ્દાઓ પર ગૃહમાં ચર્ચા કરવા અંગે

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે પૂરક વિનિયોગ વિધેયક છે એમાં જે સભ્યશ્રીઓએ મુદ્દા આપ્યા છે, માનનીય જીગ્નેશભાઇ મેવાણી, માનનીય ચૈતરભાઇ વસાવા અને માનનીય અમૃતજી ઠાકોર, ત્રણેય મુદ્દાઓ છે એ મુદ્દાઓ ભારતીય ચૂંટણીપંચને લગતા છે. આપે જયારે આ વિધેયક રજૂ થયું ત્યારે પણ આપે સભાગૃહનું ધ્યાન દોર્યું હતું કે અગાઉના ચુકાદાઓ છે અને ચૂંટણીપંચને લગતા મુદ્દાઓ કે સ્વાયત્ત આપણી જે બંધારણીય સંસ્થાઓને લગતા જે મુદ્દાઓ છે એ આપણે ઉઠાવી શકતા નથી. જે આમાં કામગીરી બાબતે મુદ્દાઓ ઉઠાવ્યા છે એમાં મતદારોના નામો રદ કરવાની ફરિયાદો અન્વયે તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. કારણ કે, આ કામગીરી તંત્રની છે જ નહિ. મતદાર યાદી સુધારણા સમયે મતદારોએ આપેલા નવા ફોટા સાથેના મતદાર ઓળખપત્ર આપવા અંગેની સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા એ પણ ચૂંટણીપંચનું જ કામ છે. મતદાર યાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન ખોટી રીતે નામ કમી કરાવવા, ફોન નંબર ન ભરનાર સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા એ પણ તંત્રની કે સરકારની કામગીરી નથી. આ ત્રણેય કામગીરી ભારતીય ચૂંટણીપંચ કરે છે. જ્યાં સુધી ભારતીય ચૂંટણીપંચને લાગેવળગે ત્યાં સુધી ભારતનું ચૂંટણીપંચ એ બંધારણની રીતે સ્વાયત્ત દરજ્જો ધરાવતી સંસ્થા છે અને બંધારણના અનુચ્છેદ- ૩૨૪ની જોગવાઇ અનુસાર લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ કરે છે. એના માટેની જે તમામ પ્રક્રિયા છે એ મતદારયાદી બનાવવાની હોય, મતદાર યાદીમાં સુધારણા કરવાની હોય કે બીજી કોઇ પણ બાબત હોય એમાં કોઇ રાજ્ય સરકારો કે બીજું કોઇ હસ્તક્ષેપ કરી શકતું નથી. સરકાર આ પક્ષની હોય કે તે પક્ષની, બંગાળ હોય કે ગુજરાત હોય, દરેક જગ્યાએ આ પ્રક્રિયા ભારતીય ચૂંટણી પંચ કરે છે અને ચૂંટણી પંચના નિયંત્રણમાં જે લોકો હોય એ કામગીરી બજાવતા હોય છે. લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૦ની કલમ- ૩(એ) મુજબ રાજ્યના ચીફ ઇલેક્ટ્રોલ અધિકારીને ઇલેક્શન કમિશન નોમીનેટ કરે છે. આ જ કલમની પેટા કલમ-(૨) મુજબ ચીફ ઇલેક્ટ્રોલ અધિકારીએ મતદાર યાદી તૈયાર કરવી, રિવાઇઝ કરવી કે સુધારણાની કામગીરી કરવી એ ચૂંટણીપંચના કાર્યક્ષેત્રમાં આવે છે. એ રાજ્ય સરકારના કાર્યક્ષેત્રમાં નથી આવતું. ઇ.વી.એમ. મશીન ખોટવાઇ જવાની બાબત હોય કે વી.વી.પેટની કોઇ પણ ત્રુટિ કે રજૂઆત હોય એ રાજ્ય ચૂંટણીપંચને કરવાની હોય છે. તંત્ર પાસે એના કોઇ અધિકાર હોતા નથી. કલમ -(૧૫)ની જોગવાઇ અનુસાર વિધાનસભા મતવિસ્તાર માટેની મતદારયાદીમાં પણ આ જ જોગવાઇ મુજબ કામ કરવાની થાય છે. ચૂંટણીપંચના સંદર્ભમાં આવા કોઇ મુદ્દાઓ ગૃહમાં ઉઠાવવાની પરંપરા નથી. અગાઉ ઉઠાવેલા છે એ વખતે પણ માનનીય અધ્યક્ષશ્રીઓએ નિર્ણયો આપીને આ મુદ્દાઓ અટકાવેલા છે અને એને લગતા રેફરન્સ પણ રદ કરેલા છે. સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિ, ભાગ-૧માં પાના નં- ૪૦૯ પર બંધારણીય સંસ્થાને લગતા પ્રશ્નો છે. એમાં માર્ગદર્શન આપ્યું છે. જાહેર સેવા પંચ જેવી બંધારણીય સંસ્થાઓને લગતા પ્રશ્નો સંબંધમાં ગુજરાત વિધાનસભાના નિયમોમાં કોઇ જોગવાઇ નથી. પરંતુ સામાન્ય રીતે આવી સંસ્થાઓને તેમની બંધારણીય ફરજો બજાવવામાં હસ્તક્ષેપ કરે એવા પ્રશ્નો દાખલ કરવામાં આવતા નથી. આગળ જણાવ્યું છે તેમ હાઉસ ઓફ કોમન્સમાં સભ્યોનો પ્રશ્નો પૂછવાનો અધિકાર જે શરતોને આધીન છે તેમાંની ઘણી ખરી શરતો અને લોકસભાના નિયમોમાં જે શરતો છે એમાંની ઘણી ખરી શરતો ગુજરાત વિધાનસભાના નિયમોમાં સ્પષ્ટ રીતે દાખલ કરવામાં આવી છે. જે શરતો દાખલ કરવામાં આવી નથી તે શરતો પણ કોઇ પણ પ્રશ્ન દાખલ કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવે છે. જેમ-જેમ જરૂર જણાય તેમ નવી શરતો નિયમોમાં સ્પષ્ટ રીતે દાખલ કરવામાં આવે છે. આ બંધારણીય સંસ્થા છે એટલે એમાં પ્રશ્ન ઉઠાવી શકાય નહિ. એવું જ અધ્યક્ષશ્રીના વર્ષ ૧૯૬૦થી ૨૦૨૦ સુધીના અગત્યના નિર્ણયો છે એમાં પણ આ જ પ્રકારનો પ્રશ્ન છે. એ બાબતે પાના નં- ૫૩ પર ક્રમાંક -૨૧ પર અધ્યક્ષશ્રીનો નિર્ણય છે. ''ચૂંટણીપંચ જેવી બંધારણીય રીતે સ્વાયત્ત દરજ્જો ધરાવતી સંસ્થાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી બાબતોની ચર્ચા સભાગૃહમાં ઉપસ્થિત કરવાથી દૂર રહેવું જોઇએ. તા.૧૨/૩/૨૦૦૩ના રોજ સભાગૃહમાં આ મુદ્દો રજૂ થયો હતો. આપશ્રી પણ એ ગૃહમાં હતા અને હું પણ હતો. એ વખતના સભ્ય ડૉ. દિનેશભાઇ પરમારે વિગતવાર આ મુદ્દો ઉઠાવ્યો હતો. એ વખતે લગભગ અઢી પાનાનો નિર્ણય આપ્યો છે. આખો નિર્ણય વાંચતા ખૂબ સમય જાય એમ છે એટલે હું સમયનો બચાવ કરવા માટે માત્ર ઓપરેટિવ પાર્ટ રજૂ કરીશ. જે પાના નં-૫૬ પર છે. ''આગળ જણાવ્યું તેમ ચૂંટણી કામગીરીને સંલગ્ન સ્ટાફ ચૂંટણીપંચ ઉપર પ્રતિનિયુક્તિ થયેલ ગણાતો હોવાથી સ્વાભાવિક રીતે જ તેના પર ચૂંટણીપંચનું નિયંત્રણ રહે છે. તેથી મતદાર યાદીમાં રહી ગયેલી ક્ષતિઓ અંગેની પ્રાથમિક જવાબદારી ચૂંટણીપંચની રહેતી હોવાથી તે સબંધીની ફરિયાદ/રજૂઆત જે તે ચૂંટણી પંચને કરવાની રહે છે. આમ, મતદાર યાદી તૈયાર કરવાને લગતી બાબતમાં રાજ્ય સરકારની પ્રાથમિક જવાબદારી થતી ન હોવાથી સભ્ય ડૉ. દિનેશ પરમાર તથા અન્ય કેટલાક સભ્યશ્રીઓએ મતદાર યાદીમાં રહી ગયેલી ભૂલો અંગે ચર્ચામાં જે ઉલ્લેખ કર્યા છે તે અપ્રસ્તુત બની જાય છે. મંત્રીશ્રીએ પણ પોતાના જવાબમાં તે અંગે કોઇ પ્રતિભાવો આપવાની જરૂર રહેતી નથી તેમ છતાં મંત્રીશ્રીએ પોતાના પ્રત્યુત્તરમાં કરેલ નિર્દેશ બંધારણ તથા કાયદાની જોગવાઇઓ સાથે સુસંગત હોય તેમ મને લાગે છે. તેથી સભ્ય ડૉ. દિનેશભાઇ પરમારે ઉપસ્થિત કરેલો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો હું નામંજૂર કરું છું. અત્રે એ બાબત તરફ હું સભાગૃહના સર્વે માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું કે, નિયમો અનુસાર જે બાબતો અંગે રાજ્ય સરકારની પ્રાથમિક જવાબદારી થતી ન હોય તે બાબતો અંગેની ચર્ચા સભાગૃહમાં

ઉપસ્થિત કરી શકાતી નથી. તેથી ચૂંટણીપંચ જેવી બંધારણીય રીતે સ્વાયત્ત દરજ્જો ધરાવતી સંસ્થાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી બાબતોની ચર્ચા આ સભાગૃહમાં ઉપસ્થિત કરવાથી દૂર રહે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંદર્ભે મારી આપશ્રીને વિનંતી છે કે, આજના મુદ્દાઓમાં (૧) શ્રી જિજ્ઞેશભાઇ મેવાણી (૨) શ્રી અમૃતજી ઠાકોર અને (૩) શ્રી ચૈતરભાઇ વસાવાના ત્રણેય મુદ્દાઓ ચૂંટણી પંચના કાર્યક્ષેત્રમાં આવે છે. આથી આ મુદ્દાઓનો ઉલ્લેખ કે ચર્ચા કરી ન શકાય અને કોઇ મંત્રીશ્રીએ તે બાબતમાં જવાબ પણ ન આપી શકાય. આ કારણસર આ પોઇન્ટ ઓફ ઓર્ડર સંદર્ભમાં હું આપનું માર્ગદર્શન આપીને આગળની કાર્યવાહી કરવા વિનંતી કરું છું કે, આ બાબતમાં ચર્ચા ન કરી શકાય અને મંત્રીશ્રી પણ તેનો જવાબ ન આપી શકે. આ અગાઉના ચુકાદાના આધારે અને આપણી સંસદીય પ્રણાલીઓ એ લોકસભા હોય કે જેના આધારે આપણા નિયમોની પ્રણાલી ચાલે છે, તે બ્રિટિશ પાર્લામેન્ટ હોય કે વિધાનસભા હોય દરેક જગ્યાએ આ પ્રણાલી સ્વીકારેલી છે એટલે તે સંદર્ભમાં આ ત્રણેય મુદ્દાઓ રદ કરીને તેની ચર્ચા ન થાય તેનું આ પોઇન્ટ ઓફ ઓર્ડર મારફતે આપનું ધ્યાન દોરું છું.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બહુ વિદ્વાન છે. એમણે કહ્યું કે ન ઉઠાવી શકાય પણ એવું નથી. કઇ બાબતો ન ઉઠાવી શકાય તે બહુ સ્પષ્ટ છે. ચૂંટણીપંચના સ્વતંત્ર નિર્ણયની ટીકા ન થઇ શકે, ન્યાયાલયમાં પેન્ડિંગ કેસોની ચર્ચા ન થઇ શકે, બંધારણીય સત્તાના કાર્યક્ષેત્રમાં આપણે હસ્તક્ષેપ ન કરી શકીએ પરંતુ રાજ્ય સરકારની જવાબદારી હોય તેવા વહીવટી મુદ્દાઓ ઉઠાવી શકાય છે એટલે આ બાબતે યોગ્ય નિર્ણય આપવા વિનંતી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રીય ચૂંટણી પંચ સ્વાયત છે એ વાત સ્વીકાર્ય છે પણ જ્યાં સુધી મતદાર યાદી પ્રક્રિયાની બાબત છે ત્યારે ગુજરાતના એક એક મતદાર અને સમગ્ર દેશના મતદારોને દેશના બંધારણે મતનો અધિકાર આપ્યો છે. મતના અધિકારનું રક્ષણ થાય અને ક્યાંય તેનો અધિકાર છીનવાતો હોય તો તેના માટેની ચર્ચા/સૂચન થાય તે આપણા ગૃહની જવાબદારી છે અને ક્યાંય કોઇ ગુજરાતીનો અધિકાર છીનવાતો હોય તો તેના માટે ચોક્કસ આ ગૃહમાં ચર્ચા થવી જોઇએ. ચૂંટણીપંચ દ્વારા જે મતદાર યાદી બને છે તેના આધારે જ રાજ્ય ચૂંટણીપંચ પણ મતદાર યાદી બનાવતું હોય છે અને તેના આધારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ થતી હોય છે. મતદાર યાદી બનાવવાની સમગ્ર પ્રક્રિયામાં બી.એલ.ઓ.થી લઇને તમામ ચૂંટણી અધિકારી, જિલ્લા ચૂંટણી અધિકારી સહિત રાજ્ય સરકારનું વહીવટી તંત્ર જોડાયેલું હોય છે. સાથે સાથે સમય, શક્તિ અને નાણાંનો જે ઉપયોગ થાય છે તે બધો જ રાજ્ય સરકારના તંત્રનો ઉપયોગ થાય છે. મારી વિનંતી છે કે, માનનીય અર્જુનભાઇએ જે મુદ્દો ઉઠાવ્યો છે તેમાં ગુજરાતના મતદારોના અધિકારની ચિંતાની વાત હોય, મતદાર યાદીની વાત હોય, તેમાં થતી ક્ષતિઓ હોય કે કેટલી જગ્યાએ એસ.આઇ.આર.ની પ્રક્રિયા પછી પણ ફોટા છપાયા નથી. કેટલીક જગ્યાએ લગભગ ૬૮ લાખ મતદારો રદ થઇ ગયા છે, કેટલાય અલગ-અલગ નાના-મોટા પ્રશ્નો બધાની પાસે આવ્યા છે તો એના મુદ્દા જ્યાં રાજ્ય સરકારનું તંત્ર ઇન્વોલ્વ હોય, આ જ યાદીના આધારે ભવિષ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ થવાની હોય ત્યારે આપણો મતનો અધિકાર છે, આપણા રાજ્યના લોકોનો છે એ બાબતનું કોઇપણ સૂચન કે પ્રશ્નો આવ્યા છે એની ચોક્કસ અહીંયા ચર્ચા કરવી જોઇએ. હું માનું છું કે ચૂંટણીપંચ સ્વાયત્ત છે એ વાતને લઇને લોકોના પ્રશ્નોની અહીંયા ચર્ચા નહીં કરીએ એ યોગ્ય નહીં ઠરે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ પૂરક વિનિયોગ રજૂ કરતાં પહેલાં આપશ્રીએ ખૂબ વિસ્તારપૂર્વક કેટલી ચર્ચા થઇ શકે અને કેટલી ચર્ચા ન થઇ શકે એ ગૃહ સમક્ષ રજૂ કર્યું છે. એના જ સમર્થનમાં માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇએ અગાઉના અને અત્યાર સુધીના જે નિર્ણયો થયા છે એની વાત કરી છે. માનનીય કિરીટભાઇ અને અમિતભાઇ બંનેનો મુદ્દો એ વહીવટી મુદ્દો છે. આ ચૂંટણીપંચ જે કામ કરે છે અને રાજ્ય સરકારે જે કામગીરી કરવી પડે છે એ ચૂંટણીપંચના સીધા માર્ગદર્શન હેઠળ કરવી પડે છે. જે બંધારણે એને હક્ક આપેલા છે. એટલે એમાં કામ કરતો કર્મચારી હોય, વહીવટી બાબત હોય, કોઇ મતદાર યાદીમાં નામ સુધારવાનું હોય, કાઢવાનું હોય આ તમામ વહીવટી બાબતો છે. પરંતુ એ વિશે ચૂંટણીપંચની જે અપેક્ષા છે એ અપેક્ષાને પરિપૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર પાસેથી જે માગણી કરેલ છે. એના માટેનું વિનિયોગ વિધેયક આજે માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એટલે પહેલાં પણ અને આજે પણ આ અંગેની ચર્ચાને કોઇપણ અવકાશ રહેતો નથી એવું માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇએ કહ્યું છે એના સમર્થનમાં હું મારી વાત કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે અને એના આધારે એમણે અધ્યક્ષશ્રીઓના અગત્યના નિર્ણયોમાં પાના નં. ૫૩થી ૫૬નો ઉલ્લેખ પણ કરેલો છે. એ વખતે જે પોઇન્ટ ઓફ ઓર્ડર વિધાનસભા ગૃહમાં રજૂ થયો એના આધીન ચોક્કસ કહીશ કે બંધારણની કલમ-૨૪૬ હેઠળ સાતમી અનુસૂચિના અનુસંધાને સંસદ અને વિધાનસભાની ચૂંટણીઓને લગતી બાબતે કાયદો ઘડવાની સત્તા સંસદ પાસે છે. એ જ અનુસંધાનમાં નિરીક્ષણ અને નિયંત્રણની ફરજો કેન્દ્રીય ચૂંટણીપંચ સુપરત કરે છે ત્યારે જ્યારે બંધારણની કલમ-૨૪૩(કે) અને ૨૪૩(કે)(ઝેડ)(એ)ની સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લગતી તમામ બાબતો પર દેખરેખ, નિરીક્ષણ અને નિયંત્રણની ફરજો રાજ્ય ચૂંટણી પંચને સુપરત થયેલ છે. સંસદે ઘડેલા સન ૧૯૫૦-૫૧ના લોકપ્રતિનિધિ અધિનિયમો છે. જ્યારે સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓને લગતી તમામ બાબતો માટેની વિસ્તૃત જોગવાઇ રાજ્ય વિધાનસભાના ઘડાયેલા પંચાયત મ્યુનિસિપાલિટી નગરપાલિકાના આધીન છે. ચૂંટણીઓને લગતી બાબતો માટેની બંધારણીય જોગવાઇ ઉપર જણાવેલ અધિનિયમ અનુસાર ચૂંટણીપંચની સમગ્ર પ્રક્રિયાનું સંચાલન કરે છે અને એમાં જ લખેલું છે કે ચૂંટણીઓને લગતી મતદાર

યાદીઓ તૈયાર કરવી, તેમાં સુધારા-વધારા કરવા, પ્રસિદ્ધ કરવી વગેરે બાબતો ચૂંટણીપંચના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. બંધારણીય કલમ-૩૨૪ હેઠળ પ્રાથમિક જવાબદારી કેન્દ્રીય ચૂંટણીપંચની છે અને બંધારણીય કલમ-૨૪(કે) અને ૨૪૩(કે)(ઝેડ)(એ)ની સ્થાનિક ચૂંટણી મતદાર યાદી તૈયાર કરવાની પ્રાથમિક જવાબદારી રાજ્ય ચૂંટણીપંચને આપેલ છે. વિધાનસભા સચિવાલય દ્વારા જ્યારે વિધેયક પ્રસિદ્ધ થઇ ગયેલ હોય. ડિમાન્ડ નં. ૩૧ ઇલેક્શનને લગતો ખર્ચ થયેલ છે અને એ ખર્ચનો ઉલ્લેખ પણ ગુજરાત વિધાનસભા સચિવાલય દ્વારા ઓલરેડી જાહેર થઇ ગયા પછી કોઇ પણ ધારાસભ્યશ્રી એની અંદર ભાગ લઇ શકે છે. એ અનુસંધાનમાં શ્રી ચૈતરભાઇ હોય, શ્રી અમૃતભાઇ હોય કે શ્રી જિગ્નેશભાઇ હોય એમણે જાગૃત ધારાસભ્યશ્રી તરીકે પોતાના મુદ્દા દાખલ કર્યા છે. વિધાનસભા ગૃહે દાખલ કર્યા પછી આજના દિવસની કામકાજની યાદીમાં પણ એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે એ સભ્યશ્રીઓ આ વિધેયકની ચર્ચામાં ભાગ લઇ શકશે અને તેની તૈયારી સ્વરૂપમાં આવેલા છે. વિધાનસભા સચિવાલયએ કોઇ જાહેરાત બહાર પાડ્યા પછી આની ચર્ચા થતી હોય છે એ અનુસંધાને મેં ટાંકીને કહ્યું છે કે અમે ચૂંટણીપંચના વિરોધમાં નથી પણ મતદાર યાદીમાં મતદારો રહી ગયા છે કે જે પણ મુદ્દા હોય, સુધારણાના હકક તો રાજ્ય સરકાર/ ચૂંટણીપંચના હાથમાં છે. એ અનુસંધાનમાં જ આ ત્રણે સભ્યશ્રીઓ આ બિલની ચર્ચામાં ભાગ લેવાના છે. જ્યારે વિધાનસભા સચિવાલયે એ લોકોના નામ જાહેર કરી દીધા હોય તો એ લોકોને ચર્ચામાં ભાગ લેવા દેવો જોઇએ. આ એક પ્રણાલી રહેલી છે અને એ પ્રણાલી આપણે ચાલુ રાખવી જોઇએ.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી પંચની કોઇપણ જાતની ટીકા કરવા કે આ મુદ્દો...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપણે ભાષણ કરતા નથી. મુદ્દા ઉપર બોલતા નથી. આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલી શકીએ છીએ.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હા, એના ઉપર જ આવું છું. આ પૂરક વિનિયોગ વિધેયક દાખલ કર્યું એમાં અમને ભાગ લેવા માટે આપશ્રીએ પણ સહમતિ દર્શાવી છે અને ગૃહમાં આજની કામકાજની યાદીમાં પણ આવ્યું છે. મારી આપશ્રીને વિનંતી છે કે અમને ભાગ લેવા માટેનો સમય મળે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ અને એમના સિવાય ટ્રેઝરી બેંચમાંથી આ અંગે કોઇને વાત કરવી હોય તો કરી શકશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી પંચનું કાર્યક્ષેત્ર, રાજ્ય સરકારનું કાર્યક્ષેત્ર, વિધાનસભા અને સંસદોના કાર્યક્ષેત્રની બાબતમાં બંધારણે એક ચોક્કસ રેખા દોરેલી છે. એ રેખા એવી છે કે એકબીજાના કાર્યક્ષેત્રમાં આપણે ટીકા કરી શકતા નથી. આપણે લોકસભાની ટીકા કરી શકતા નથી. આપણે રાષ્ટ્રપતિશ્રીની ટીકા કરી શકતા નથી. આપણે ગવર્નરશ્રીની ટીકા કરી શકતા નથી. આપણે પ્રધાનમંત્રીશ્રીની ટીકા કરી શકીએ છીએ. આપણે મુખ્યમંત્રીશ્રીની ટીકા કરી શકીએ છીએ પરંતુ બંધારણીય પદો છે, તો બંધારણીય સંસ્થાઓ પણ છે. આપણે જ્યુડિશિયરીની ટીકા કરી શકતા નથી. આપણે ચૂંટણી પંચની ટીકા કરી શકતા નથી. એટલું જ નહીં, આપણે જાહેર સેવા આયોગની પણ ચર્ચા કે ટીકા કરી શકતા નથી. બંધારણમાં આ બહુ સ્પષ્ટ જોગવાઇઓ કરેલી છે. મેં કહ્યું એ પ્રમાણે બધા સુવિદિત છે કે જ્યારે આવી ફરિયાદો હોય ત્યારે આપણે આવી ફરિયાદો રાજ્યના કોઇ મુખ્યમંત્રીશ્રીને લખીને કરતા નથી. ચૂંટણીપંચને લગતી ફરિયાદો હોય તો આપણે રાજ્યના મંત્રીશ્રીને કરતા નથી. એ ફરિયાદ માત્રને માત્ર ભારતીય ચૂંટણીપંચના ત્યાં કમિશનરશ્રીને કરીએ છીએ અથવા સી.ઇ.સી.શ્રીને કરીએ છીએ અને સી.ઇ.સી.શ્રી જ એનો નિકાલ કરે છે. પગલાં લેવાનો અધિકાર પણ એમની નીચેના કર્મચારીશ્રીઓ પાસે હોય છે. એટલે આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કે આમાં રાજ્ય સરકારની કોઇ જવાબદારી આવે છે. આપણો એકપણ મતદાર કે જેને મતદાનનો અધિકાર છે તે એના અધિકારથી વંચિત ના રહેવો જોઇએ. આ બાબતમાં કોઇપણ કંઇ કચાશ રહી ગઇ હોય તો એ પણ દૂર કરવી જોઇએ. અમે બધા સાથે છીએ. એની સાથેસાથે કોઇ ઘૂસપેઠીઓ આવી ગયો હોય તો ઘૂસપેઠીયાને પણ અંદર ના ઘૂસવા દેવો જોઇએ. એ પણ આપણી જવાબદારી છે. એટલે જે કોઇ ફરિયાદો હોય તે આપણે ત્યાં કરી શકીએ. આપણે અહીંયા કરવાની કોઇ જરૂર નથી. એ સિવાય આ પૂરક માગણી છે. પૂરક માગણીમાં જે માગણીઓ રજૂ થઇ છે એના સ્કોપમાં જ બોલવાનું આવે છે એમાં પણ આવી જોગવાઇ નથી. શ્રી કૌલ એન્ડ શકધરની બુક 'પ્રોસિઝર ઇન ફાઇનાન્શિયલ મેટર્સ'માં પાના નંબર ૭૦૯ પેજ ઉપર લખેલું છે. એક જ પેરેગ્રાફ છે, "Scope of the discussion on demands for grants whereas during the general discussion on the budget, the house is at liberty to discuss the budget as a whole or any question of principle involved therein. At the stage of discussion on the demands for grants in respect of ministry, the debate is essentially confined to a matter which is under administrative control of the ministry." સાહેબ, ફરી પાછું એક વાચું છું, "The debate is essentially confined to a matter which is under the administrative control of the ministry ." આ એડમિનિસ્ટ્રેટીવ કન્ટ્રોલની બહાર છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, કાપ દરખાસ્ત બાબતનો વિષય છે. આ બિલ માટેનો છે. આપ વાત કરો છો એ કાપ દરખાસ્ત માટેનો વિષય છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : ના સાહેબ આ ગ્રાન્ટ માટેનો છે. આ જે ફાઇનાન્શિયલ ડિસ્કશન છે પ્રોસિજરલ એન્ડ ફાઇનાન્શિયલ મેટરનું છે. જે રેફરન્સ છે એ બિલ ઉપર નહીં માગણીઓ ઉપરનો છે.

અધ્યક્ષશ્રી : અત્યારે માત્ર માગણીઓ નથી પણ માગણીના બિલ ઉપર છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હા, પણ જ્યારે ચર્ચા માટેનો સ્કોપ આવે ત્યારે એડમિનિસ્ટ્રેટીવ કન્ટ્રોલમાં હોય એની ચર્ચા કરવી જોઇએ. એડમિનિસ્ટ્રેટીવ કન્ટ્રોલની બહાર છે એટલે ચર્ચા ન કરી શકાય, આ વધારાનો એક મુદ્દો છે.

અધ્યક્ષશ્રી : બાકીના કોઇ સભ્યોને આ વિષય પર ચર્ચા કરવી હોય તો કરી શકે છે. બહુ સારી હેલ્ધી ચર્ચા છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જે બિલ રજૂ કરવામાં આવ્યું છે અને એ બિલ ઉપર સ્પષ્ટ લખવામાં આવ્યું છે, આદેશ આપવામાં આવ્યો છે કે આ બિલ શાના માટે છે. કોઇ વહીવટી કારણોસર આ બિલ રાખવામાં આવેલ નથી. આ વિધાનસભાગૃહ તા. ૩૧મી માર્ચે પૂરું થાય અને પૂરું થયા પછી ચૂંટણીલક્ષી કોઇપણ બાબતો આપણા વિધાનસભાના નિયમો શું છે? રાજ્ય સરકાર એક રૂપિયો પણ વિધાનસભામાં પસાર કર્યા સિવાય વાપરી શકતી નથી. આ મૂળ સિદ્ધાંત છે. એટલા માટે જ્યારે વિધાનસભા ચાલુ ન હોય અને રાજ્ય ચૂંટણી પંચ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો વહીવટ કરે છે. એમ.પી., એમ.એલ.એ.ની ચૂંટણીનું ચીફ ઇલેકશન કમિશન કરે છે. જિલ્લા ચૂંટણી અધિકારી મતદારોની નોંધણી અને તમામ સ્ટાફ એ ચીફ ઇલેકશન કમિશનના આદેશ મુજબ કામ કરે છે. રાજ્ય સરકારના આદેશ પ્રમાણે એ કામ કરતા નથી. એટલા માટે રાજ્ય સરકારનું કાર્યક્ષેત્ર અને ચીફ ઇલેકશન કમિશનનું કાર્યક્ષેત્ર અલગ છે. ફરીથી વાત દોહરાવું છું કે આગામી વર્ષે જ્યારે વિધાનસભા ચાલુ થવાની નથી ત્યારે જે કોઇ ચૂંટણીઓ આવશે ત્યારે એ ચૂંટણીમાં ચીફ ઇલેકશન કમિશનની લાગણી અને માગણી પ્રમાણે રાજ્ય સરકાર જે નાણાં વાપરવાની હોય એ અંગેનું વિનિયોગ વિધેયક હોવાના કારણે આપણે એની ચર્ચા કરી શકતા નથી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટના જજીસનો જે ડિસ્ક્રિશનરી પાવર હોય છે અને ચૂંટણીપંચની જે સ્વાયત્તતા હોય છે એને પડકારી શકાતી નથી. એની કોમેન્ટ થતી નથી. પણ હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટના ચીફ જજ પણ રૂલ ઓફ લો કોન્સ્ટિટ્યૂશનથી બિયોન્ડ નથી. એટલે ચૂંટણી પંચની સ્વાયત્તતા સંદર્ભે કોઇ કોમેન્ટ થઇ શકે કે ન થઇ શકે. પણ એની પ્રોસેસમાં ઇન્વોલ્વ સ્ટેટ અને સ્ટેટના જે એકટર્સ છે રાજ્ય સેવકો, એમણે શું રોલ ભજવ્યો એની ચોક્કસ ચર્ચા થઇ શકે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સૌથી અનુભવી માનનીય સભ્યશ્રી રમણભાઇ સાહેબે વાત કરી કે વિધાનસભાગૃહ ચાલુ ન હોય ત્યારે સરકાર જે ખર્ચ કરે એ ખર્ચને વિધાનસભાના માધ્યમથી ઓથોરાઇઝ કરાવવા માટેનું આ પૂરક બિલ છે. હવે આ જે પૂરક માગણી આવી છે એમાં સરકારને નવી મતદાર યાદી બનાવવાનો ખર્ચ થયો. ચૂંટણી પંચે આદેશ કર્યો કે નવી મતદાર યાદી એસ.આઇ.આર. કરીને બનાવવી છે. એ એસ.આઇ.આર.ની પ્રોસેસ કરવા માટે સત્ર ચાલુ ન હતું એ દરમિયાન કેટલીક એમાઉન્ટનો સરકારને વહીવટી ખર્ચ આવ્યો. એ પૂરક ખર્ચ વિનિયમિત કરાવવા માટેનું બિલ છે. એ ખર્ચ રાજ્યની સરકારે ચૂકવ્યો છે અને એના કારણે જે વહીવટી પ્રક્રિયા થઇ અને એ વહીવટી પ્રક્રિયાની અંદર કોઇ ખામી આવી અને એ ખામી ઉપર સભ્ય બોલવા માગે છે. બીજું કે આ ગૃહમાં મેં પોતે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો કે જ્યારે સૌરાષ્ટ્ર ઘરખેડ વિધેયક રજૂ થયું હતું ત્યારે માનનીય પ્રભારી મંત્રીશ્રીએ ઘરખેડ વિધેયક હું રજૂ કરું છું એવું ઊભા થઇને બોલ્યા ત્યારે મેં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો અને કહ્યું કે આ બિલની સૂચના ચાર દિવસ પહેલા મળવી જોઇએ, જે નથી મળી એટલે આ બિલ રજૂ થઇ શકે નહીં. એ વખતની ચર્ચા અને અધ્યક્ષશ્રીનો નિર્ણય એવો હતો કે અધ્યક્ષશ્રીએ મંજૂરી આપી દીધી છે. કામકાજ સલાહકાર સમિતિમાં આ વસ્તુ નક્કી થઇ ગઇ છે અને વિધાનસભા સચિવાલયે આને એપ્રુવ કર્યું છે એટલે હવે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાય નહીં. પહેલો મારો મુદ્દો એ છે કે પૂરક માગણીમાં સરકારે પૈસા ખર્ચ્યા છે એને વિધાનસભાએ ઓથોરાઇઝ કરવાના છે માટે વિધાનસભામાં આની ચર્ચા થવી જોઇએ. બીજી વાત, માનનીય અધ્યક્ષશ્રી, આપે આ ચારેય મુદ્દાઓને ઓથોરાઇઝ કર્યા છે, મંજૂર કર્યા છે પછી સૂચના પણ આપી છે કે જે સભ્યને આપે મંજૂર કર્યા છે તે સભ્યને શું બોલવાનું છે તેની સૂચના પણ આપી છે ત્યારબાદ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત થયો છે એટલે આપે મંજૂરી આપ્યાં પછી કોઇપણ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. થેંક યુ.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રીએ જે બિલ રજૂ કર્યું એ બિલ સ્વયં સ્પષ્ટ છે. એ બિલના શબ્દો હું વાંચું છું– ''સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક–૭ સન ૨૦૨૬ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક માર્ચ મહિનાની ૩૧મી તારીખે પૂરા થતાં વર્ષની નાણાકીય સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમ આપવાનો ૩૧મી માર્ચે પૂરા થતાં રાજ્યના એકત્રિત ફંડમાંથી વધુ રકમ આપવાનો અને વિનયોગ કરવાનો અધિકાર આપવા બાબત'' આ સ્પષ્ટ બિલમાં લખેલું છે અને એટલા માટે હું ફરી ફરીને કહુ છું કે વહીવટી બાબતો જુદી છે અને નાણાકીય બાબતો જુદી છે. ૩૧મી માર્ચ પછી જ્યારે ચીફ ઇલેક્શન કમિશ્નર એની લાગણી અને માગણી માટે જે ખર્ચો કરવાનો હોય એની પરમિશન આ વિધાનસભા ગૃહમાં જે બિલમાં લખીને આપ્યું છે એનો મેં ઉલ્લેખ કર્યો છે.

અધ્યક્ષશ્રી : હવે કોઇ માનનીય સભ્યશ્રીને કંઇ કહેવું છે? માનનીય ઉમેશભાઇ, શોર્ટમાં કહેજો. આ વિધાનસભા ગૃહના કોઇપણ સભ્યશ્રીને કહેવાનો અધિકાર છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ખૂબજ સિનિયર ધારાસભ્યશ્રી અર્જુનભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર લીધો છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. આજે નાણામંત્રીશ્રી જે પૂરક વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે એમાં રાજ્ય સરકારે જે ખર્ચ કર્યો છે. એટલે કે આવનાર ચૂંટણી તાલુકા, જિલ્લા પંચાયત વગેરેની છે તેની મતદાર યાદી સુધારણાનો

કાર્યક્રમ હતો. એમાં રાજ્ય સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે રાજ્ય સરકાર ખર્ચ કરતી હોય અને એમાં કોઇ ક્ષતિ રહી જતી હોય તો આ ગૃહના દરેક સભ્યને એના ઉપર કંઇ સૂચન આપવાનો અધિકાર હોવો જોઇએ. સાથેસાથે એ કહેવું છે કે કેન્દ્રીય ચૂંટણી પંચના માર્ગદર્શન નીચે દરેક રાજ્યને પોતપોતાનું એક અલગથી ચૂંટણીપંચ હોય છે. આપણું ગુજરાતનું પણ ચૂંટણીપંચ અસ્તિત્ત્વ ધરાવે છે. ગુજરાતના ચૂંટણીપંચને અધિકાર છે. એ પોતે ગુજરાત રાજ્ય ચૂંટણીપંચ દ્વારા ખર્ચ થતો હોય તો એ ખર્ચની વિગતને લઇને કાંઇ પ્રશ્ન ઉપસ્થિત થતો હોય તો એની ચર્ચા કરવા માટેનો અધિકાર આ ગૃહમાં છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ગૃહે બહાર પાડેલ પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે દરેકને નિયમ મુજબ જે ચાર માનનીય ધારાસભ્યશ્રીઓએ જે મુદ્દા ઉપસ્થિત કર્યા છે એ મતદાર યાદી સુધારણા પ્રક્રિયા દરમ્યાનની ગેરરીતિનો છે, નામો રદ થયા હોય એની ફરિયાદ અંગેનો છે, જૂનાગઢ સહકારી રાષ્ટ્રીકૃત બેંકોમાં વ્યાજે સહાય વાળો છે. આ મતદાર યાદી સુધારણામાં નવા ફોટા સાથેનું મતદાર ઓળખપત્ર આપવા અંગેની સ્પષ્ટતા માટેનો છે. એમાં જે ક્ષતિ કે ભૂલો રહી ગઇ હોય ધારાસભ્ય તરીકે તમામ મતદારો માટે એ મુદ્દાને આધીન ચર્ચા માટે આ લોકોએ મુદ્દા મૂકેલા છે. આપ અધ્યક્ષ સ્થાને છો અને નિયમ સ્પષ્ટ છે કે ચૂંટણીપંચની ટીકા કરી શકાતી નથી પણ જે ક્ષતિઓ રહી ગઇ હોય, જ્યાં ભૂલો રહી ગઇ હોય એ ચર્ચા કરવાનો અધિકાર આ વિધાનસભા ગૃહના ચૂંટાયેલા સભ્યશ્રીને રહેલો છે. એ અનુસંધાનમાં જે ભૂલો રહી ગઇ છે, જે તકલીફો રહી ગઇ છે, જે મતદારોની તકલીફો છે એ તકલીફોની ચર્ચા કરવા માટેના આ ત્રણ મિત્રોશ્રીએ મુદ્દા રજૂ કરેલા છે. અહીંયા પૂરક વિનિયોગ વિધેયક લઇને નાણામંત્રીશ્રી આવ્યાં છે એમાં આપનો નિર્ણય અમને માન્ય રહેશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આગળ જે ચર્ચા થઇ એક તો જયારે આ બિલ લાવવામાં આવ્યું આપની મંજૂરીથી વિધાનસભા સચિવાલયે બધી જ પ્રક્રિયાઓ પસાર કરીને મંજૂર કર્યુ, ચાર સભ્યો દ્વારા મુદ્દા આપવામાં આવ્યા એને પણ બધી ચકાસણી પછી મંજૂર કરવામાં આવ્યા, પ્રસિદ્ધ કરવામાં આવ્યા અને એ જે નિયમ –૨૩૮(૫) હેઠળ મુદ્દા આપવામાં આવ્યા એ મુદ્દામાં શબ્દ છે જેમ ચૈતરભાઇએ કહ્યું કે મતદાર યાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન ગેરરીતિ થતી અટકાવવા તંત્રની નિષ્ફળતા. બીજો મુદ્દો છે જીજ્ઞેશભાઇનો મતદાર યાદીમાંથી મતદારોના નામો રદ કરવાની ફરિયાદો અન્વયે તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા, અમૃતજીભાઇનો મુદ્દો છે મતદાર યાદી સુધારણા સમયે મતદારોએ આપેલ નવા ફોટો સાથેનું મતદાર ઓળખપત્ર આપવા અંગેની સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા. માનનીય રમણભાઇએ કહ્યું એમ હવે ચૂંટણી સ્થાનિક સ્વરાજયની આવવાની છે. એના માટેનો ખર્ચ અહીંયા આપણે મંજૂરી કરીએ છીએ તો આમાં કોઇ જગ્યાએ એવું નથી લખ્યું કે કેન્દ્રિય ચૂંટણીપંચની સામેનો કોઇ મુદ્દો છે. મતદાર યાદી માટેની પ્રક્રિયા સામેની ચર્ચા કરવા માટે સભ્યોએ મુદ્દો આપ્યો છે એમાં કયાંય એવો ઉલ્લેખ નથી કે કેન્દ્રિય ચૂંટણી પંચની મતદાર યાદી જે પ્રસિદ્ધ કરવામાં આવી છે, જે વિધાનસભા કે લોકસભાની એના પર ચર્ચા કરવી છે એવો કોઇ જગ્યાએ ઉલ્લેખ નથી તો એવું કઇ રીતે માની શકાય કે માનનીય સભ્યશ્રીઓ કેન્દ્રીય ચૂંટણીપંચની ટીકા ટિપ્પણી કરવાના છે? એના જ કાર્યક્ષેત્રમાં હસ્તક્ષેપ કરવાના છે? સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં જે મતદાર યાદી વપરાવાની છે એમાં કોઇ ભૂલો ના રહી જાય, એમાં કોઇ ભૂલો હોય તો સુધારો થાય, એમાં કોઇના ફોટામાં ક્ષતિઓ હોય તો સુધારો થાય, એની ચિંતા આ ગૃહમાં આ ગુજરાતનો પ્રતિનિધિ નહીં કરે તો કોણ કરશે અને કયાં કરશે? એટલે મારી આપની પાસેથી સ્પષ્ટ માર્ગદર્શન અને આદેશ જોઇએ છે કે એક તો આખી પ્રક્રિયા આપના સુપરવિઝન હેઠળ, આપની વિવેકબુદ્ધિ નિયમોથી આપે મંજૂર કર્યા પછી ગૃહમાં પ્રસિદ્ધ થયા પછી એના પર ચર્ચા ના થઇ શકે અને કદાચ ચર્ચા માનનીય સભ્યશ્રી લાવ્યા તો એ કેવી રીતે માની લે છે કે અહીંયાથી આ સભ્યો કેન્દ્રિય ચૂંટણીપંચની ટીકા–ટિપ્પણી કરશે અને એનાજ કાર્યક્ષેત્રમાં હસ્તક્ષેપ કરશે. આ સભ્યોના મનમાં ખૂબ વિવેક સાથે વિદ્ધતા સાથે એમણે મુદ્દો આપ્યો છે કે અમે આ રાજય ચૂંટણીપંચ દ્વારા જે મતદાર યાદીઓ બનવાની છે એના આધારે જે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ થવાની છે એમાં ક્ષતિઓ ના થવી જોઇએ, એમાં ભૂલો ના થવી જોઇએ, ચિંતા કરવાનો એમનો અધિકાર છે અને આપે મંજૂરી આપી છે એટલે હું માનું છું કે આ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એ જે મુદ્દો ઉભો કર્યો છે કે રાજય ચૂંટણીપંચનો તો ભારતીય ચૂંટણીપંચ હોય કે રાજય ચૂંટણીપંચ હોય, ભારતના બંધારણની અંદર સુધારો કરી અને આપણે રાજય ચૂંટણીપંચને પણ સ્વાયત્ત દરજ્જો આપેલો છે એટલે એ પણ સ્વાયત્ત સંસ્થા છે, એની કામગીરીની પણ ટીકા ના થઇ શકે અને એની ચર્ચા પણ ના થઇ શકે અને જે એણે કરેલા નિર્ણયો હોય એના ઉપર પણ ચર્ચા ના થઇ શકે. એમ તો અત્યારે પણ ચર્ચા ચાલે છે કે અમૂક સંસદસભ્યો છે એ ભારતના નાગરિક નથી અને થઇ ગયા છે એ પણ કોર્ટમાં કેસ ચાલે છે તો થોડી એની અહીંયા ચર્ચા થાય? (અંતરાય) અહીંયા એની ચર્ચા ના થઇ શકે એટલે આ અગાઉના નિર્ણયો પણ બહુ સ્પષ્ટ છે, અત્યારના નિર્ણયો છે એ પણ બહુ સ્પષ્ટ છે. એટલે ભારતીય ચૂંટણીપંચ હોય કે રાજય ચૂંટણીપંચ હોય એના જે નિર્ણયો છે એના માટે જે કંઇ ફરિયાદ હોય તે એમની પાસે જવી જોઇએ. તંત્ર એના માટે કોઇ જવાબદાર નથી અને તંત્રની એ કામગીરી પણ નથી. રાજય સરકારની આ કામગીરી છે અને એટલે એના ઉપર ચર્ચા થઇ શકે નહીં.

અધ્યક્ષશ્રી : આજે માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાજીએ એક પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો અને ખાસ કરીને તેના ઉપર ખૂબ સારી ચર્ચા ચાલી અને વિધાનસભા ગૃહનું કામ એ સંવાદની પ્રક્રિયાઓ કરવાનું છે અને એ તર્ક સાથે તમે સંમત હોય કે ના હોય પરંતુ તમને બોલવા માટેની મોકળાશ આપવી એ વિધાનસભા ગૃહની સૌથી પહેલી ફરજ છે અને એના ભાગરૂપે મેં તમને બધાને તક આપી. ભલે અધ્યક્ષશ્રીએ નિર્ણય લીધા પછીની ચર્ચા હતી તો, પણ મને લાગ્યું કે હું કોઇપણ

ભોગે તેની ચર્ચા કરવા માટેની મોકળાશ આપીશ અને આપી અને મને આનંદ છે કે માનનીય સભ્યશ્રીઓએ ખૂબ તર્કબદ્ધ રીતે આ બાબતે ખૂબ સારી રીતે વિષયો રજૂ કર્યા. આ બિલ દાખલ કરવાનું હતું ત્યારે પણ એને જોવાનો વિષય મારી પાસે આવ્યો હતો અને બંને બાબતો જોયા પછી જ મેં બંને મુદ્દાઓ દાખલ કર્યા છે. મારી પાસે એ વિષય પણ હતો કે ''ચૂંટણી પંચની સ્વાયત્તતા પર તેની ચર્ચા નહિ થાય ને?'' બીજી બાજું એ વિષય હતો કે ''આ કામગીરી માટે રાજ્યની પ્રજાનું બજેટ વિધાનસભા પાસ કરી રહી છે ત્યારે તેના અનુસંધાને ચર્ચા કરાય કે કેમ?'' બંને ઉપર પરિપક્વ ચર્ચાઓ કર્યા પછી આ મુદ્દાઓ મેં દાખલ કર્યા છે. એ દાખલ કર્યા પછી પણ મેં ઘણા બધા અનુસંધાન જોયા છે. તા.૧૦/૩/૨૦૦૮માં માનનીય સભ્યશ્રી ભગવાનભાઇ બારડ અને માનનીય સભ્યશ્રી જગદીશભાઇ ઠાકોર આ બંને એ હિસાબી સદર વર્ષ ૨૦૧૫માં પૂરક માગણી ક્રમાંક – ૩૧ ઉપર અને ખર્ચના પૂરક પાના નં.– ૬૮ ઉપર આ બંને મુદ્દાઓને દાખલ કર્યા હતા અને એ વખતના માનનીય અધ્યક્ષશ્રીએ પણ ખૂબ પરિપક્વ નિર્ણય પછી આ બંને મુદ્દાઓની ચર્ચાની શરૂઆત કરી હતી. એના અનુસંધાને મેં યોગ્ય રીતે સમજીને એ મુદ્દાને દાખલ કર્યો છે. ચર્ચા કરવાની વાત કરીએ તો 'ચર્ચા કરી શકાય કે ન કરી શકાય?' તેના માટેની પણ સ્પષ્ટ જોગવાઇઓ છે. બંધારણના અનુચ્છેદ–૩૨૪ હેઠળ રચાયેલ ચૂંટણીપંચ બંધારણીય સ્વાયત્ત સંસ્થા છે. જે ચૂંટણી અને ચૂંટણીની દેખરેખ, દોરવણી, નિયંત્રણની કામગીરી કરે છે. આથી આયોગ અને આયોગના નિહિત થયેલા મતદાર યાદી સુધારાની વૈધાનિક કામગીરી, ચૂંટણી સંચાલન, દેખરેખ, દોરવણી અને નિયંત્રણનો ઉલ્લેખ થઇ શકે નહિ. એસ.આઇ.આર.ની નામજોગ અને તેની ચૂંટણીપંચને સાંકળીને કોઇ બાબત ચર્ચા ન કરી શકાય. ચૂંટણીપંચની નિષ્ક્રિયતા, ચૂંટણી પંચના નિર્ણયો, ચૂંટણીપંચ તરફથી કોઇની તરફદારી કરે છે તે, મોડલ કોડ ઓફ કન્ડક્ટ અંગેની કામગીરી, નોટિફિકેશન, નોટિફિકેશનથી પરિણામ સુધીની કામગીરી તે બાબતનો ઉલ્લેખ આ વિધાનસભા ગૃહમાં કરી શકાતો નથી. પરંતુ વહીવટી કામગીરીમાં રોકાયેલા તંત્રની શિથિલતા, તે અંગેની ચર્ચા વિધાનસભા ગૃહમાં કરી શકાશે પરંતુ તેમાં બિલકુલ પાતળી ભેદરેખા છે. સીધી કે આડકતરી રીતે ચૂંટણી પંચની સ્વાયત્તતા ઉપર અથવા તેની સ્વતંત્રતા ઉપર આક્ષેપ કરી શકાતો નથી. આવી બાબતો પૂરક માગણી ક્રમાંક – ૩૧ અને ચૂંટણી મતપાત્ર વોટેડ માગણી હોય તે પૂરતી ચર્ચા કરી શકાય પરંતુ ચૂંટણી પંચની વૈધાનિક અને બંધારણીય કામગીરીની ચર્ચા થઇ શકશે નહિ. પોઇન્ટ ઓફ ઓર્ડર પર મેં મારો સ્વતંત્ર નિર્ણય આપી દીધો છે એટલે પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરો થાય છે.

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૬ (ક્રમશઃ)

: માનનીય અધ્યક્ષશ્રી, નાગરિકને મત આપવાના અધિકારને લઇને મતદારની સુધારણા યાદીની પ્રક્રિયા ચાલી એમાં તા.૧૮/૧/૨૦૨૬ની સમયસીમા રાખવામાં આવી હતી અને બાદમાં એ સીમારેખાને તા.૩૦/૧/૨૦૨૬ સુધી લંબાવવામાં પણ આવી હતી. એ દરમિયાન પાત્રતા ધરાવતો મતદાર રહી ના જાય અને પાત્રતા ન ધરાવતો મતદાર એમાં સામેલ ન થઇ જાય એને લઇને આ આખી પ્રક્રિયા ચાલી. એમાં બી.એલ.ઓ.થી લઇને બધાં જ લોકોએ ખૂબ સારી કામગીરી કરી. બાદમાં તા.૧૭ અને ૧૮ જાન્યુઆરી દરમિયાન એકાએક દરેક વિધાનસભા મતવિસ્તારોમાં મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી કરવા માટે કોઇ પણ જાતના દસ્તાવેજી પુરાવા વગર હજારોની સંખ્યામાં ફોર્મ જમા થયા અને એ ફોર્મમાં જેનું નામ અને મોબાઇલ નંબર હતા એમને બધા જ લોકોએ સંપર્ક કરવાના પ્રયાસ કર્યા કે એકાએક હજારો ફોર્મ ક્યાંથી આવી ગયા? મતદાર યાદીમાં નામ કમી કરવાના હોય એટલે બધા ચિંતિત હોય. અમે પણ ચકાસણી કરી, અમે પણ ત્યાંના એ.આર.ઓ./કલેક્ટર સાહેબ સાથે વાત કરીને જે પણ લોકોએ ફોર્મ–૭ રજૂ કર્યા તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું કે શ્રી ચૈતરભાઇ, કોણે દાખલ કર્યા તે અમને પણ ખબર નથી. અમારા વિસ્તારમાં પણ એ પ્રકારે દાખલ થયા છે. મારો પ્રશ્ન એ છે કે, જે પણ લોકોએ આ પ્રકારના ચૂંટણી પંચનો સમય અને માનવ કલાકો વેડફવા માટેના પ્રયાસો કર્યા છે તેમની સામે કાર્યવાહી થવી જોઇએ.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, બહુ ચિંતાનો વિષય એ છે કે આપણા દેશના બંધારણના આમુખમાં એક બહુ મહત્ત્વનો શબ્દ 'ભાતૃત્વ' છે. હું નથી ઇચ્છતો કે આપણા ગુજરાતમાં એક એવો વર્ગ ઊભો થાય કે જે બીજા ગુજરાતી ભાઇ–બહેનોનાં નામ ચૂંટણીની યાદીમાંથી કમી કરવા માટે પ્રવૃત્ત થાય. સ્વતંત્રતાના આંદોલનમાં અનેક લોકોની જેલની યાતનાઓ અને બલિદાનોના પગલે દેશ આઝાદ થયો. ડૉ.બાબાસાહેબની કલમે લખાયેલું આધુનિક દુનિયાનું શ્રેષ્ઠ બંધારણ આપણને પ્રાપ્ત થયું અને તે બંધારણે આપણને નાગરિક તરીકે ગૌરવપૂર્વક જીવન જીવવાનો અને મતદાન કરવાનો અધિકાર આપ્યો. શું આ આપણા ગુજરાત માટે ઠીક છે કે એક સુઆયોજિત ગોઠવણના ભાગરૂપે એક ચોક્કસ નાગરિકોનો સમુદાય અન્ય નાગરિકોના મતદાર યાદીમાંથી નામ કમી કરાવવા માટે એક્ટિવ થાય? તેની મિટિંગો ગોઠવે અને અચાનક પાંચ થી છ દિવસના સમયગાળા દરમિયાન લગભગ ૧૪ લાખ લોકોની વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવે. આનાથી ગુજરાતમાં ફ્રેટરનિટી/ભાઇચારો/ભાતૃત્વ કોઇ દિવસ પેદા નહીં થાય. એટલા માટે સરકાર પાસે અપેક્ષા છે કે આવી ખોટી ફરિયાદ દાખલ કરનારાઓની વિરુદ્ધમાં નક્કર પગલાં ભરવામાં આવે. આપણા દેશમાં નામ–સરનામાં વગરના ડી.એન.ટી.(De-notified Tribes) વિમુક્ત જાતિ/સમાજના માણસો પાસે એક કાગળ કદાચ ઓછો હોય તો તેનો મતલબ એ નથી કે તે મંગળ ઉપરથી આવ્યા છે. તે પણ ભારતભૂમિમાં પેદા થયેલો માણસ છે. એકાદ કાગળ આઘોપાછો હોય તેના કારણે નાગરિક તરીકેનો તેના મતદાનનો અધિકાર જોખમાય. આવું ગુજરાત આપણને મંજૂર ન હોવું જોઇએ. મારી આ

ગૃહમાં વિનંતી છે કે રાજ્યની સરકાર પોતે આનો કોગ્નિઝન્સ લઇને સામે ચાલીને તમામ લોકોને આઇડેન્ટિફાઇ કરી, તેમની સામે ઓફેન્સ દાખલ કરી, તેમને સાબરમતી સેન્ટ્રલ જેલના સળિયા પાછળ મોકલવામાં આવે.

શ્રી ગોપાલ ઇટાલિયા (વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સહકાર વિભાગની માગણી ક્રમાંક–૫માં પૂરક માગણી લઇને આવ્યા છે. જે પૂરક પત્રકના પાના નં.૮ અને ૯ ઉપર દર્શાવવામાં આવેલ છે. આ પૂરક માગણી એવી છે કે સરકાર દ્વારા ખેડૂતોને વ્યાજમાફી એટલે કે ઝીરો ટકા વ્યાજ ઉપર કૃષિ ધિરાણ આપવામાં આવે છે. મૂળ માગણી રૂ.૧૪૬૩ કરોડની હતી તેમાં રૂ.૧૨૨ કરોડના વધારાના ખર્ચની પૂરક માગણી છે. જૂનાગઢ જિલ્લાની વાત કરું તો વાસ્તવિકતા એ છે કે આ વિષય વિશે હું આજથી બે મહિના પહેલાં લીડ બેંકના મેનેજર અને કલેક્ટર સાથે ચર્ચા કરી ચૂક્યો છું. અમારા જૂનાગઢ જિલ્લામાં સૌથી વધુ બેંક ઓફ બરોડા અને પંજાબ નેશનલ બેંક જે હવે મર્જ થઇ ચૂકી છે, આ બંને બેંકો દ્વારા અને અન્ય બેંકો દ્વારા સરકારને સમયસર દરખાસ્ત મોકલવામાં આવતી નથી. ખેડૂતોએ જે ધિરાણ મેળવ્યું છે તેમાં કેટલું રીબેટ આપવાપાત્ર છે તેની બેંકે સમયસર દરખાસ્ત નહીં કરવાના કારણે બેંક ઓફ બરોડામાં વર્ષ ૨૦૨૪–૨૫ અને ૨૦૨૫–૨૬નું રીબેટ બાકી હોવાની ફરિયાદો ઊઠી છે. તે લોકોએ મારું ધ્યાન દોર્યું છે અને પત્રકમાં પણ એવું જ લખ્યું છે કે ખેડૂતોને નાણાકીય સહાય આપવા માટે વધુ દરખાસ્તો રજૂ થયેલ/થનાર હોઇ અને આ ખર્ચના સુધારેલા અંદાજો મુજબ રૂ.૧૫૦ કરોડ વધારાની જરૂરિયાત છે. આ ગૃહમાં વધારાની જરૂરિયાતની માગણીઓને મંજૂર કરીએ છીએ અને સરકાર રકમ ફાળવે પણ છે તે રકમ ખેડૂત સુધી કેમ પહોંચતી નથી? કારણ કે બેંકો નિષ્ફળ રહી છે, વહીવટી તંત્ર નિષ્ફળ જાય છે, સરકારી તંત્રમાં પણ સમયસર રીબેટ મળતું નથી, નેશનલાઇઝ બેંકોમાં પણ સમયસર રીબેટ મળતું નથી. વારંવાર રજૂઆતો કરવા છતાં એક જ પ્રકારનો સરકારી જવાબ મળે છે કે દરખાસ્ત કરી છે. એક બાજુ બેંકો દરખાસ્તો મોડી કરે, દરખાસ્ત મોકલ્યા પછી ઉચ્ચકક્ષાએ પણ વર્ષો સુધી પડતર રહે છે. પરિણામે ખેડૂતોએ પોતે વ્યાજે રૂપિયા લઇને બેંકમાં ધિરાણ ભરવું પડે છે અને તેના કારણે વ્યાજ માફિયાઓ પેદા થાય છે. ખેડૂતોએ રૂ.૪ લાખનું ધિરાણ મેળવ્યું હોય તો પહેલાં પાછા આપવા પડશે પછી સરકાર તેને મળવાપાત્ર રીબેટ પાછું આપશે. ખેડૂતોએ લોન ચૂકવવા માટે થઇને વ્યાજે રકમ લેવી પડે છે એટલે તે બાબતે ધ્યાન રાખવામાં આવે.

શ્રી અમૃતજી મો. ઠાકોર (કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, મતદાર યાદીમાં નામ દાખલ કરવા માટે ચૂંટણીકાર્ડ, આધારકાર્ડને પણ માન્ય રાખવું જોઇએ. ઘણી જગ્યાએ ચૂંટણીકાર્ડ, આધારકાર્ડના પુરાવા આપવા છતાંપણ મતદાર યાદીમાં નામ દાખલ કરવા માટે મતદારને વારંવાર દલીલો કરવી પડે છે. ફોર્મ જે ફોટા સાથે ભરાયા છે એ ફોર્મના ઓળખપત્રો નવા ફોટા સાથે આપવાના છે કે જૂના ફોટા સાથે? આ પ્રશ્ન એટલા માટે જરૂરી છે કે જૂના ફોટાવાળા ઓળખપત્રમાં સમય જતાં ચહેરામાં ફેરફાર આવે છે ત્યારે આ ઓળખપત્ર આપવામાં આવશે એ નવા ફોટા કે જૂના ફોટા પ્રમાણે આપવામાં આવશે એ મારો મુદ્દો છે. બીજી એક અગત્યની વાત છે કે, ચૂંટણી સમયે ગાડીઓ પેસેન્જરોને લઇને જતી હોય છે. વહીવટી વ્યવસ્થા માટે તેમની ગાડી લઇ શકે પણ એ ગરીબ માણસને ગાડીનું રેન્ટ પણ સમયસર આપવામાં આવતું નથી. આવા ગાડીઓના નિર્દોષ માલિકો માટે થોડીક કાળજી રાખવી જરૂરી છે. આ જે ફોર્મ–૭ ભરાયા એની તમામ લોકોએ રાજકીય આગેવાનોએ પણ તાલુકા કક્ષાએ, કલેક્ટર કક્ષાએ માગણી કરી છે કે આ ફોર્મ–૭ કોણે ભર્યા છે? આ મતદારોના મત છીનવી રહ્યા છે તો એ મતદારને જાણવાનો અધિકાર છે કે મારો મત આ લોકશાહીની ઢબે કોણ છીનવી રહ્યું છે? અને શા માટે છીનવી રહ્યું છે?

સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ(મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હાલ ચાલી રહેલ પૂરક વિનિયોગ વિધેયકનું કામકાજ પૂરું થાય એ પછી વિરામ જાહેર કરવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : સૌ સંમત છે?(થોડીવાર બાદ) હું માનનીય મંત્રીશ્રીનું સંબોધન પૂરું થાય અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

શ્રી **<#Mi** /કનુભાઇ મો. દેસાઇ/**Mi #>(**નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં સન ૨૦૨૫–૨૬ના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓ પૈકી દસ માગણીઓ સભાગૃહ દ્વારા વિસ્તૃત ચર્ચા બાદ અને બાકીની માગણીઓ ગિલોટીનથી પસાર કરવામાં આવેલ છે. આજરોજ વર્ષ ૨૦૨૫–૨૬ના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓના પૂરક વિનિયોગ વિધેયક ૨૦૨૬ પર માનનીય સભ્યશ્રીઓએ રજૂ કરેલા મુદ્દાઓની મેં નોંધ લીધી છે. જે પૈકી બજેટની પૂરક માગણી સંબંધિત મુદ્દાઓનો ટૂંકમાં જવાબ આપવા પ્રયત્ન કરીશ. સૌપ્રથમ માનનીય ધારાસભ્યશ્રી ચૈતરભાઇ વસાવાએ મતદાર યાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન ખોટી રીતે નામ કમી કરાવવા ફોર્મ નં. ૯ ભરનાર સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા અંગેની રજૂઆત કરેલ છે. માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે, મતદાર યાદીમાં નામ દાખલ કરવા માટે ફોર્મ નં. ૬ ભરવામાં આવે છે. જેની ભાગવાર યાદી ફોર્મ નં.૯માં મતદાર નોંધણી અધિકારી દ્વારા બનાવવામાં આવેલ છે. આથી ફોર્મ નં.૯ ભરનાર સામે પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતાનો પ્રશ્ન ઊભો થતો નથી. મતદાર યાદીમાં નામ કમી કરવા માટે ખરેખર ફોર્મ–૭ ભરવામાં આવે છે નહીં કે ફોર્મ–૯. જેના અનુસંધાનમાં મતદાર નોંધણી અધિકારી દ્વારા ફોર્મ–૭ બાબતે અંતિમ નિર્ણય લેતાં પહેલાં બૂથ લેવલ અધિકારી પાસેથી ફિલ્ડ વેરિફિકેશન કરાવીને તથા જરૂર પડ્યે રૂબરૂ સુનાવણી ગોઠવીને યોગ્ય

પ્રક્રિયાનું પાલન કરવામાં આવે છે. આમ, મતદાર નોંધણી અધિકારીશ્રીઓ દ્વારા તેમની સમક્ષ રજૂ થતાં તમામ ફોર્મ સંબંધે ભારતના ચૂંટણીપંચની સૂચના અનુસાર પ્રવર્તમાન જોગવાઇઓને અનુસરીને નિયમોનુસાર પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોવાથી આ બાબતે તંત્રની નિષ્ફળતાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. માનનીય ધારાસભ્યશ્રી જિગ્નેશભાઇએ મતદાર યાદીમાંથી મતદારોના નામો રદ કરવાની ફરિયાદો અન્વયે તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા અંગેની રજૂઆત કરેલ છે. આ બાબતમાં સભાગૃહનું ધ્યાન દોરતાં જણાવવાનું કે, ભારતના ચૂંટણીપંચ, નવી દિલ્હીની સૂચના અનુસાર નામ કમી કરવાના દરેક કિસ્સામાં ફોર્મ–૭, સ્થળાંતરના કિસ્સામાં ફોર્મ–૮ના અનુસંધાનમાં મતદાન નોંધણી અધિકારી દ્વારા આ બાબતે અંતિમ નિર્ણય લેતાં પહેલા બુથ લેવલ અધિકારી પાસેથી ફિલ્ડ વેરિફિકેશન કરાવી, જરૂર પડ્યે રૂબરૂ સુનાવણી ગોઠવીને પ્રક્રિયાનું પાલન કરવામાં આવે છે. આમ ભારતના ચૂંટણીપંચની સૂચના અનુસાર મતદારનું નામ કમી કરવા માટે નિયત પ્રક્રિયાઓ અનુસરવામાં આવતી હોય છે તથા કોઇ મતદારનું નામ ખોટી રીતે રદ ના થાય તે માટે ખાસ કાળજી રાખવામાં આવતી હોય છે. આથી મતદાર યાદીમાંથી મતદારોના નામો રદ થવાની ફરિયાદો અન્વયે તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા અંગેનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

માનનીય ધારાસભ્ય શ્રી ગોપાલભાઇએ જૂનાગઢ જિલ્લાની સહકારી તેમજ રાષ્ટ્રીયકૃત બેંકોમાં શૂન્ય ટકા વ્યાજે ધિરાણ મેળવનાર ખેડૂતોને સમયસર વ્યાજ સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા/ બેદરકારી અંગેની રજૂઆત કરેલ છે. આ બાબતમાં સભાગૃહનું ધ્યાન દોરતાં હું જણાવવા માગું છું કે રાજ્યમાં નાના અને સીમાંત ખેડૂત સહિત તમામ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા સહકારી ધિરાણ માળખા મારફતે ધિરાણ પૂરું પાડવામાં આવે છે. બેંકો દ્વારા સાત ટકાના દરે ખેડૂતોને ધિરાણ આપવામાં આવે છે અને તે ધિરાણ સમયસર પરત ભરપાઇ કરવામાં આવે તો રાજ્ય સરકારશ્રી દ્વારા ૪ ટકા મુજબ અને ભારત સરકારશ્રી દ્વારા ૩ ટકા મુજબ વ્યાજ રાહત આપવામાં આવે છે. આમ ખેડૂતોને વિના વ્યાજે પાક ધિરાણ મળે તેવું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી ૪ ટકા વ્યાજ રાહતની રકમ અંગે રીએમ્બર્સમેન્ટ/પરત ચૂકવણી માટે સંબંધિત જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો, ગુજરાત રાજ્ય સહકારી બેંક, રાષ્ટ્રીયકૃત બેંક, રીજિયોનલ રૂરલ બેંકો, કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકો તથા ખાનગી બેંકો દ્વારા ક્લેઇમ રજૂ કરવાના રહે છે. આમ બેંકો તરફથી રજૂ થતાં એકત્રિત વ્યાજ રાહતના ક્લેઇમની રાજ્ય સરકારની મંજૂરી મેળવી, બનતી ત્વરાએ ચૂકવવામાં આવે છે. જે ખેડૂતોને સંબંધિત બેંકો મારફત ચૂકવવામાં આવે છે. રાજ્યની તમામ બેંકોમાં કોર બેન્કિંગ સિસ્ટમ અવેલેબલ છે આથી રાજ્ય સરકાર તરફથી મળતી સહાય તુરત જ ખેડૂત ખાતેદારના ખાતામાં સીધી જ જમા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનું કાર્યક્ષેત્ર જૂનાગઢ જિલ્લા, પોરબંદર જિલ્લા તથા ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાના સિવાય સમગ્ર જિલ્લાનું છે. જેથી જૂનાગઢ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક દ્વારા રજૂ થયેલ એકત્રિત ક્લેઇમના આધારે વર્ષ ૨૦૨૩–૨૪માં કરેલ ધિરાણ ઉપર વ્યાજ સહાયના ક્લેઇમ બેંકને ચૂકવી આપવામાં આવેલા છે. વર્ષ ૨૦૨૪–૨૫ના ક્લેઇમ માર્ચ–૨૦૨૬ સુધીમાં મંજૂર કરી દેવામાં આવશે. ચાલુ વર્ષે આ યોજના અંતર્ગત રૂ. ૧૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી જેમાં રૂ. ૧૫૦ કરોડનો વધારો કરીને, રીવાઇઝ્ડ બજેટમાં રૂ. ૧૩૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આગામી વર્ષ માટે પણ તેમાં આ યોજના અંતર્ગત રૂ. ૧૪૫૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે. આમ, સમગ્ર હકીકત ધ્યાને લેતાં જૂનાગઢ જિલ્લાની સહકારી તેમજ રાષ્ટ્રીયકૃત બેંકોમાં ઝીરો ટકાના વ્યાજે ધિરાણ મેળવનાર ખેડૂતોને સમયસર વ્યાજ સહાય ચૂકવવામાં તંત્ર દ્વારા કોઇ નિષ્ફળતા દાખવેલ નથી, પરંતુ રાજ્ય સરકારે સક્રિય રીતે કાર્યવાહી પૂરી કરી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં રજૂ થયેલ દસ માગણીઓ ચર્ચાના અંતે પસાર કરવામાં આવેલ છે. તે માટે હું તમામ માનનીય સભ્યશ્રીઓનો આભાર વ્યક્ત કરું છું. જે માગણીઓની ચર્ચા ગૃહમાં થઇ શકી નથી તે તમામ માગણીઓને ગીલોટીનથી પસાર કરવામાં આવી હતી. હવે આ ગૃહ સમક્ષ વર્ષ ૨૦૨૬નું પૂરક વિનિયોગ વિધેયક રજૂ કરું છું. આ સન્માનનીય સભાગૃહના તમામ સભ્યશ્રીઓને હું વર્ષ ૨૦૨૬નું પૂરક વિનિયોગ વિધેયક સર્વાનુમતે પસાર કરે એવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમારી વિનંતીને બધા સભ્યશ્રીઓ માન્ય રાખે જ છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૬ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, અનુસૂચિ કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૬ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૬ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

(વિરામ સવારના ૧૧.૦૨ થી ૧૧–૩૦)

માનનીય ઉપાધ્યશ્રી અધ્યક્ષસ્થાને

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી રમણલાલ ઈ. વોરા (ઈડર) : માનનીય અધ્યક્ષશ્રી, દલિત, પીડિત અને શોષિત સમાજ માટે જેમણે કામ કર્યું છે એવા એ હાથી નહીં પણ ગણેશ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ યુક્તિના પ્રણેતા સ્વ.શ્રી કાંશીરામજીની તિથિ નિમિત્તે હું એમને શ્રદ્ધાસુમન અર્પું છું.

કોઇપણ સરકાર જ્યારે એના બજેટમાં કામ કરતી હોય ત્યારે કોને મહત્ત્વ આપે છે એ ખૂબ અગત્યનું છે. હું જે વિષય ઉપર બોલવા જઇ રહ્યો છું એનું નામ પહેલા સમાજ કલ્યાણ મંત્રાલય હતું. દેશના ભારતરત્ન સ્વ.અટલબિહારી બાજપાયી દેશના પ્રધાનમંત્રી હતા ત્યારે સમાજ કલ્યાણ નહીં સામાજિક ન્યાય અને અધિકારીતા આ વિષય સાથે આ ડિપાર્ટમેન્ટને અલગ કરવામાં આવ્યું. ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને અમારા નાણામંત્રીશ્રી જેને ડાલામથ્થો શેર કહેવાય, શેરની એક ભૂમિકા હોય છે. એ ભૂમિકા એવી હોય છે કે બેઠો હોય, સૂતો હોય એની આગળથી કોણ આવે છે, કોણ જાય છે એની સાથે એને કાંઇ પરવા નથી. કારણ કે એ જંગલનો રાજા છે પણ ડાલામથ્થા શેરની ખાસિયત એ છે કે જો તમે એને છેડ્યો તો એ કોઇને છોડતો નથી. એવા આદરણીય કનુભાઇ દેસાઇ...

ઉપાધ્યક્ષશ્રી : આ વિધાનસભાના ભામાશા છે ને?

શ્રી રમણલાલ ઈ. વોરા : હા, વિધાનસભાના ભામાશા છે. ગુજરાતની સરકારનાં આટલાં વર્ષોમાં સૌથી વધારે મોટું બજેટ રૂ.૪,૦૮,૦૫૩/-કરોડનું બજેટ લઇને માનનીય કનુભાઇ આવ્યા છે, ત્યારે કનુભાઇની સરકારે નક્કી કર્યું છે કે અમે ક્યાં વિભાગને પ્રોજેક્ટ કરીશું. એમણે ત્રણ જુદા જુદા સ્તંભો નક્કી કર્યા છે: એ સ્તંભમાં સૌથી પહેલા ગુજરાતના દલિત, પીડિત, શોષિત, મહિલા, યુવા અને ગરીબ વર્ગને પ્રાધાન્ય આપવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને પહેલો સ્તંભ ગણવામાં આવ્યો છે અને એના માટે રૂ.૭,૦૮૬/-કરોડની જોગવાઇ માનનીય નાણામંત્રીશ્રીએ કરેલી છે. આ ગરીબ વિદ્યાર્થીઓને સારો અભ્યાસ કરાવવા માટે માતા-પિતા દહાડી-મજૂરી કરે છે, પોતાની પાસે નાણાકીય સહોયગ નથી તો વર્ષોથી જે એમને શિષ્યવૃત્તિ આપવાની હતી એ તો અપાતી હતી જ પણ માનનીય કનુભાઇએ જે બજેટ રજૂ કર્યું છે એમાં આજના જમાના અને આજની મોંઘવારીને ધ્યાનમાં રાખીને પ્રી-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં વધારો કરીને રૂ.૬૩૦/-કરોડની જોગવાઇ આ ગરીબ વિદ્યાર્થીઓ માટે એમણે કરી છે. એ સાથે આ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં દલિત અને બક્ષીપંચ, આપણે બધા જાણીએ છીએ તેમ વિકસતિ જાતિ, અનુસૂચિત જાતિના ૩૬ લાખ કરતા વધારે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની સાથે ગણવેશ, કોઇપણ શાળામાં વિદ્યાર્થીઓ જતા હોય તો પોતાની આર્થિક સ્થિતિ પ્રમાણે કપડાં પહેરતા હોય છે. પરંતુ એવું નક્કી થયું કે યોગ્ય પ્રકારનો ગણવેશ હોય કે જેથી બધા જ બાળકો સમરસ અને એકરૂપ લાગે. પરંતુ આ ગણવેશ પણ ક્યાંથી લાવવો? અને એટલા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે દલિત, આદિવાસી, બક્ષીપંચના બાળકો માટે આ ગણવેશની વ્યવસ્થા કરી છે અને એ ગણવેશ અને શિષ્યવૃત્તિ માટે ૬૧૭ કરોડ રૂપિયાની જોગવાઇ માનનીય નાણામંત્રીશ્રીએ કરી છે. બાળક ભણે, સારું ભણે, ઉચ્ચ શિક્ષણ લે પરંતુ એમાં પણ તેજસ્વી વિદ્યાર્થી હોય અને એ બાળકને પરદેશ ભણવા જવું છે ત્યારે આ રાજય સરકારે ડૉ. બાબાસાહેબ આંબેડકર સાથે સંલગ્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોનની શરૂઆત કરી, અત્યાર સુધીમાં એક હજાર કરતાં વધારે વિદ્યાર્થીઓ સાત સમંદર પાર વિદેશની ધરતી પર આ ગુજરાત સરકારની યોજનાને કારણે પોતાની કેરિયર બનાવી રહ્યા છે. આ વિદ્યાર્થીઓને ચાર ટકા વ્યાજના દરે ૧૫ લાખ રૂપિયા એકસાથે આપવાનું કામ કર્યું છે અને એના માટે રૂ.૧૩૫ કરોડની જોગવાઇ એ આ બજેટમાં કરવામાં આવી છે અને જયારે આ બજેટમાં જોગવાઇ કરે છે ત્યારે એના સંલગ્ન વિભાગના મંત્રીશ્રી એટલે ડૉ. પ્રધુમનભાઇ વાજા, ડૉ. મનીષાબેન વકીલ અને આ બંને ડૉકટર છે, બંને વિદ્વાન છે અને રાજય સરકારે આપેલી જે યોજનાઓ છે એનો પૂરેપૂરો ઉપયોગ આ દલિત, પીડિત, શોષિત, સમાજના છેવાડાના માનવી સુધી પહોંચે એના માટેના પૂરેપૂરા પ્રયાસ કરે છે. સન ૧૯૯૫માં પહેલી વખત ભારતીય જનતા પાર્ટીએ એકલે હાથે ૨/૩ બહુમતી સાથે માનનીય કેશુભાઇ પટેલ આ રાજયના મુખ્યમંત્રી બન્યા અને એ વખતે બાળકો પેટા પરામાં ભણતા હોય, બીજા ગામમાં ભણતા હોય, ચાલીને આવે અને ચાલીને જાય. આ ચાલીને ન આવવું પડે એટલા માટે સાઇકલની યોજના આ રાજય સરકારે સરસ્વતી સાધના યોજના અન્વયે દાખલ કરી અને એના કારણે આજે આવા વિદ્યાર્થીઓને ૭૩ કરોડ રૂપિયાની જોગવાઇ સાથે જે બાકી રહી ગયેલા દલિત અને બક્ષીપંચનાં બાળકો અને આમાં આદિવાસી બાળકો માટેની જોગવાઇ અલગ છે. આ અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિ માટે રૂ. ૭૩ કરોડની જોગવાઇ કરી છે. સામાન્ય રીતે જયારે બહાર વાત થતી હોય ત્યારે શિક્ષણ વિશે એવું કહેવાય છે કે રાજય સરકાર શિક્ષણ સાથે વેપાર કરે છે, ખાનગીકરણ કરે છે. એક જમાનો હતો કે આપણા વિદ્યાર્થીઓ પરપ્રાંતમાં ભણવા જતા હતા, આજે રાજય સરકારના પ્રયાસોને કારણે પ્રાથમિક શાળા હોય, માધ્યમિક શાળા હોય, ઉચ્ચ શિક્ષણ હોય કે ટેકનિકલ શિક્ષણ હોય ઘર આંગણે શિક્ષણ મળે એ પ્રકારની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે. છતાંય મેં કહ્યું એ પ્રમાણે શિક્ષણ વિભાગ એ વ્યાપારીકરણ કરી રહ્યું છે આ પ્રકારની વાતો બજારમાં થતી હોય ત્યારે મારે એક નાની વાત કહેવી છે, પહેલાં ગામમાં પ્રાથમિક શાળાઓ નહોતી તો બાજુના પેટા પરાવાળા મુખ્ય શાળામાં ભણવા આવે. એક પેટા પરામાંથી ૧૫ બાળકો નિયમિત શાળામાં ચાલતાં ભણવા આવે, શાળામાં ભણે અને સાંજે ચાલતાં પાછાં જાય. એકી સાથે બાળકો આવતાં હોય, ઉંમર પણ એવી છે કે ટીખળ કરવાનું મન થાય, વચ્ચે એક માતાજીની દેરી આવે, એક વિદ્યાર્થીને ટીખળ કરવાનું મન થયું એટલે કહે કે, જે આ દેરી

ઉપર જે પથ્થર ન મારે એ આવતા જન્મમાં ગધેડો થશે. બધાએ સાથે આવવાનું છે, સાથે જવાનું છે, બધાએ ઘારી ઘારીને તાકી તાકીને પેલી દેરી ઉપર પથ્થર મારવાનું શરૂ કર્યું. એક છોકરાના ઘરમાં પૂજાપાઠ થતા હશે એટલે એને થયું કે ગમે તેમ તો પણ માતાજીને થોડો પથ્થર મરાય? પણ એને બધાની સાથે રહેવાનું છે એટલે એણે પત્થર માર્યો પણ પથ્થર બે–ત્રણ ફૂટ દૂર માર્યો. બાળકો ઘરે ગયા, સંધ્યા સમય પૂરો થયો અને જે બાળકે ત્રણ ફૂટ દૂર પથ્થર માર્યો હતો તેના ઘેર માતાજીની પધરામણી થઇ અને ધૂણવાનું શરૂ થયું. ધૂણવાનું તો લગભગ બધા લોકોને એ ખબર હશે, ઘરના અને ગામના બધા લોકો ભેગા થઇ ગયા કે માતાજીની કેમ પધરામણી થઇ? તો માતાજી કહે કે તારા છોકરાએ મને પથ્થર માર્યો. પ્રાથમિક શાળાનો છોકરો બિચારો બહાર દફતર મૂકીને રમવા ગયો હતો તો એને બોલાવ્યો કે તે આ માતાજીને પથ્થર કેમ માર્યો? પેલું બિચારું છોકરું રડવા મંડયું, માતાજી અમે પંદર જણા હતા, ચૌદ જણાએ ઘારી ઘારીને, તાકી તાકીને તમારી દેરી ઉપર પથ્થર માર્યો. તમને ના વાગે એટલે મેં ત્રણ ફૂટ દૂર માર્યો અને તમે મારા ઘરે જ પધરામણી કરી? એ વખતે માતાજીએ એટલું કહ્યું કે ''આ બધા તાકી–તાકીને પથ્થર મારતા હતા એટલે હું ત્રણ ફૂટ દૂર બેહી હતી અને તારો પથ્થર ત્યાં વાગ્યો.'' હવે ડૉ.પ્રદ્યુમન વાજાને અને ડૉ. મનીષાબેનને ક્યાંથી ખબર પડે કે માતાજી દેરીમાં બેઠાં છે કે ત્રણ ફૂટ દૂર બેઠાં છે. આ પ્રાઇવેટાઇઝેશનનો સવાલ નથી. અમે ભણતા હતા ત્યારે કમ્પાઉન્ડ વૉલ નહોતી. અમે યુરિનલ માટે ક્યાં જતા હતા એ લગભગ બધાને ખબર છે. વીજળીનો તો સવાલ જ પેદા નહોતો થતો. કાલે અમારા ગણપતભાઇ કહેતા હતા કે અમે મહુડાના ઝાડ નીચે બેસીને ભણતા હતા અને તમે પાછા દારૂબંધીની વાત કરો છો. આ બે જાતની વાતો ન ચાલે. આદિવાસી, વિકસતિ જાતિ કે અનુસૂચિત જાતિનાં બાળકો સ્વરોજગાર મેળવી શકે, બધા લોકોને સરકારી નોકરી નથી મળવાની પણ જ્યારે સ્વદેશી અભિયાન ચાલે છે, વૉકલ ફોર લોકલની વાત ચાલે છે ત્યારે આ દરેક વિદ્યાર્થી અથવા વિદ્યાર્થીની ઘરે બેઠા પોતાની રોજગારી ઊભી કરી શકે એના માટેની યોજના આ રાજ્ય સરકારે દાખલ કરી છે. આપણે દિવ્યાંગોને અત્યાર સુધી અપંગ કહેતા હતા. કોઇને સૂરદાસ કહેતા હતા. દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપણને 'દિવ્યાંગ' શબ્દ આપ્યો. આ દિવ્યાંગો માટે પણ રૂ.૭૯૩ કરોડની યોજના કરી છે. અત્યાર સુધી ડૉ.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના, પંડિત દીનદયાળ આવાસ યોજના, સરદાર આવાસ યોજના, ઇન્દિરા ગાંધી આવાસ યોજના જેવી અનેકવિધ યોજનાઓ હતી. ગુજરાત સરકારે અત્યાર સુધીમાં ૩ કરોડ કરતાં વધારે લોકોને ઘર આપ્યા છે અને આ બજેટમાં ૨૪ લાખ કુટુંબોને ઘરનું ઘર મળે એની વ્યવસ્થા આ બજેટમાં કરવામાં આવી છે. માત્ર ઘર નહિ પણ વીજળી પણ મળે, પાણી પણ મળે, મફત ૩૫ કિલો અનાજ પણ મળે, અનાજ પકવવા માટે ગૅસ પણ મળે, તમારે માત્ર રસોઇનું કામ કરવાનું રહે છે. જો કોઇ કૉંગ્રેસના મિત્રોને એવું લાગે કે મારે રસોઇયાની જરૂર છે તો તમારો વારો આવે ત્યારે બોલજો. તો મુખ્યમંત્રી એના પર વિચાર કરે. આ બધું કર્યા પછી પણ ન કરે નારાયણ અને માંદા પડો તો રૂ.૧૦ લાખની 'આયુષ્યમાન ભારત' યોજના છે. માત્ર ઘર આપીને દલિત, શોષિત, પીડિત સમાજને છોડી દેવાની વાત નથી. હું વર્ષ ૧૯૯૫માં ઊર્જા અને પ્રેટ્રોકેમિકલ્સ વિભાગનો મંત્રી હતો. ત્યારે સાંજે વાળુંના સમયે વીજળી મળતી નહોતી. મારા મતવિસ્તારમાં વીજળી આવે એટલે બાળકો બૂમો પાડે કે, રમણભાઇ આવ્યા અને વીજળી જાય એટલે કહે રમણભાઇ ગયા. હું તો અહીં ગાંધીનગરમાં બેઠો હોય. આ સ્થિતિ કૉંગ્રેસની હતી. વીજળી માટે કોઇ વ્યવસ્થા કૉંગેસના રાજમાં ન હતી. આજે ગરીબોના ઘરમાં પણ વીજળી આપવાનું કામ ગુજરાત સરકાર અને માનનીય નાણામંત્રીશ્રીએ કર્યું છે. અત્યાર સુધી સમરસ હૉસ્ટેલનો કોઇને વિચાર પણ આવ્યો ન હતો. એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓ એકસાથે ભણી શકે તે માટેનો વિચાર તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન આદરણીય મોદીજીને આવ્યો અને તેના કારણે આ સમરસ યોજના શરૂ થઇ. શ્રી નરેન્દ્ર મોદી એટલે વિશ્વ નેતા, જ્યાં જાય ત્યાં ડંકો વાગે. આપણે સવારે મંદિરે જતાં હોઇએ એટલે આપણી સાથે બાળક પણ આવે. આપણે ઘંટ વગાડીએ એટલે બાળકને પણ ઘંટ વગાડવો હોય એટલે બાળકને ઊંચું કરીએ એટલે તે ઘંટ વગાડે એટલે ટીન–ટીન અવાજ આવે. તેમાં ઘંટ ન વાગે. એક બાળકને કેડે મૂકીને ૯૬ વખત પ્રોજેક્ટ કર્યો એટલે ટીન ટીન વાગી. કોઇ દિવસ ડંકો ન વાગ્યો. ડંકો વગાડવા માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જોઇએ. શ્રી નરેન્દ્ર મોદીના હાથે ડંકો વાગે અને શ્રી નરેન્દ્ર મોદી એટલે કોણ? **वो जब मचलते हैं तो भूचाल आ जाता है, वो जब उबलते हैं तो सगर खनक जाते हैं, नरेन्द्र मोदी को बदलने की कोशिश क्या करेगा ज़माना, नरेन्द्र मोदी जब बदलते हैं तब इतिहास बदल जाता है।** હમણાં વાત કરી તે પ્રમાણે (અંતરાય) અમુક લોકોને ખબર જ નથી કે નરેન્દ્ર શું અને સરેન્ડર શું? જ્યારે આંદોલન થયું ત્યારે પેલો ૫૦ વખત બોલ્યો તો પણ મેળ ન પડ્યો અને આજના સમાચાર પત્રમાં દેશની જી.ડી.પી. ૭.૬ સુધી પહોંચી. કોઇ જેલમાંથી છૂટે તો ભાવુક થાય એ સ્વાભાવિક છે પણ કાલ શ્રી કેજરીવાલ ભાવુક થયા એટલે કૉંગ્રેસે શું કહ્યું કે અમારા જનનેતા પર ૩૨ કેસ છે તો પણ કોઇ દિવસ રડ્યા? અંદર જાય ત્યારે ખબર પડે બહાર આવે ત્યારે ૩૨ કોર્ટમાં કેસ ચાલે જ છે. આને કહેવાય સરેન્ડર અને આને કહેવાય શ્રી નરેન્દ્ર મોદી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણની વાત કરવી છે. આ વર્ષે ૧૬ નવી કૉલેજો શરૂ કરવામાં આવી છે. ૨૦ જેટલી કૉલેજોના બાંધકામમાં સુધારો કરીને તેને અદ્યતન બનાવવાનું કામ કર્યું છે અને ૮ જેટલી કૉલેજોમાં જે પણ મરામતની જરૂર હોય તે કરવા માટે કુલ ૪૪ કૉલેજોની પૂરા ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કામગીરી કરી રહી છે.

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી આપણે બધા જાણીએ છીએ તેમ જળસંપત્તિ વિભાગમાં ગુજરાત ડાર્ક ઝોનમાં હતું. ગઇકાલે મહામહિમ રાજ્યપાલે કહ્યું કે ક્ષારના કારણે પાણી જમીનમાં અંદર જતું નથી. ગુજરાતના ઇતિહાસમાં આ જળસંપત્તિ વિભાગને ડાર્ક ઝોનમાંથી દૂર કરવાનું કામ કર્યું હોય તો તે ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. સૌની યોજના હેઠળ ૧૨૧ ડેમ ભરવાના, જેનો ક્યારેય કોઇએ વિચાર કર્યો ન હતો તે ઉત્તર ગુજરાત સુધી આ સુજલામ સુફલામ યોજના બનાવવાનું કામ કર્યું. હજારો ચેકડેમ બનાવીને આ જમીનના તળમાં પાણી ઉતારવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું.સાબરમતી નદી ઉપર ૧૪ જેટલા બેરેજ બનાવવામાં આવ્યા. આદિવાસી વિસ્તારો જેવા કે, ડાંગ, વલસાડ, છોટાઉદેપુર અને દાહોદમાં અત્યાર સુધી માત્ર વાતો થતી હતી એ કામ આ જળસંપત્તિ પ્રભાગના માધ્યમથી માનનીય મંત્રીશ્રીએ કર્યું છે ત્યારે એમના તમામ બજેટમાં સો ટકાના સમર્થન સાથે એ યોજનાઓ જમીન પર ઊતરે અને ગરીબો અને વંચિતોને લાભ મળે એવી આશા અને અપેક્ષા સાથે ખૂબ ખૂબ આભાર. ભારત માતા કી જય.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ચાર મિનિટ છે એટલે પોલિટિકલ ઓબ્ઝર્વેશનમાં પડશો નહીં.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી (દાતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એના પર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની ચર્ચા કરીએ ત્યારે એવું કહેવાય કે મારો વિસ્તાર ૬૦થી ૭૦ ટકા વન વિસ્તારમાં વસે છે. આદિવાસીઓના નામે ચર્ચાઓ બહુ થાય છે. આદિવાસીઓના નામે અઢળક બજેટ ફાળવવામાં આવતું હોય ત્યારે ગુજરાતમાં અમારા ૨૭ આદિવાસી ધારાસભ્યો બેઠા છે. પણ બોલવાનું પણ બંધ કરી દીધું છે. હું એમને વિનંતી એટલા માટે કરવા માગું છું કે આટલું મોટું બજેટ આવતું હોય અને આદિવાસીઓના નામે અહીંથી જ સીધા બે પગવાળા *(**xxx**) વિસ્તારમાં આવે છે....

ઉપાધ્યક્ષશ્રી : *(**xxx**) શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું *(**xxx**)ની વાતો નથી કરતો. પણ સત્ય છે હું અંબાજી વિસ્તારમાંથી આવું છું.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દ અસંસદીય હોઇ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓને જે બજેટ ફાળવવામાં આવે છે એ જગ્યા પર પડવા દેતા નથી. બારોબાર લેવલે છાવરીને પાછું ગાંધીનગર લેવલે આવી જતું હોય એવું લાગી રહ્યું છે. એ વિસ્તારમાં કઇ-કઇ બાબતોમાં આદિવાસીઓને હેરાન કરવામાં નથી આવતા એ સવાલ ઊભો થયો છે. કદાચ અહીંયા બેઠેલા સંપૂર્ણ આદિવાસી અહીંયા તો બોલશે પણ કુદરતના ઘેર ગુનેગાર ઠરશે એવું લાગી રહ્યું છે. એટલા માટે વન વિભાગ મારફતે આદિવાસીઓને સનદો આપી નહીં. આદિવાસીઓને ધિક્કારીને બહાર કાઢવાની ચર્ચાઓ થતી હોય છે. મેં બે દિવસ પહેલાં ગૃહમાં ચર્ચા કરી હતી. અત્યારે જીતુભાઇ નથી. કાન્તિભાઇ તમારી પાસે પુરાવો હોય તો આપજો. હું ફરીથી કહી રહ્યો છું. યાત્રાધામ અંબાજીના નામે પૈસા આવે છે. જે જગ્યાએ તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ખાતમુહૂર્ત કરવા ગયા એની બાજુમાંથી અમારા શ્રી ગણપતભાઇ કહેતા કે, આદિવાસીઓ આદિ-અનાદિકાળથી રહેતા હતા. એમને ધિક્કારીને કાઢવા મથો છો. ** (**xxx**). એ વન વિભાગ દ્વારા જાણીજોઇને કરવામાં આવ્યું. ***(**xxx**). હું વિનંતી કરું છું કે જે જગ્યાએ આદિવાસીઓને હેરાન કરવામાં આવે છે એ બંધ કરવામાં આવે. નહીં કરશો તો ફરીથી પાલીયાવાળું થશે. એમાં કંઇ બાકી રહેશે નહીં.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, *(**xxx**) એ શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે. આ મેટર કોર્ટમાં ચાલી રહી છે.

ઉપાધ્યક્ષશ્રી : એમણે કરેલ શબ્દપ્રયોગની સત્યતા તપાસીને કાર્યવાહી કરીશું.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા (હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની ધરતી ઉપર આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના નવા વિકાસલક્ષી પ્રોજેક્ટો લઇને આવી રહ્યા છે ત્યારે હું આ તબક્કે એમનું હૃદયપૂર્વક ગુજરાતમાં સ્વાગત કરું છું. આપણા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ કે જેઓ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન તળે વિકાસલક્ષી અંદાજપત્ર લઇને આવ્યા છે એને હું આવકારું છું.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી કાંતિભાઇ, તમે આ બાજુ જુઓ. આપને વારંવાર ટકોર કરવામાં આવી છે. તમારી નજર આ બાજુ રાખો.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, પંડિત દીનદયાળ ઉપાધ્યાયના વિચારોથી સિંચાયેલો આ પ્રોજેક્ટ છે અને અંત્યોદય યોજના એના પાયામાં રહેલી છે. માનનીય નાણામંત્રીશ્રીએ આ વખતે બજેટમાં આદિવાસી વિસ્તાર માટે

---

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

** અ મેટર સબજ્યુડીશ હોઇ અહેવાલમાંથી દૂર કરવા સૂચન છે.

*** આ શબ્દો આક્ષેપાત્મક હોઇ અહેવાલમાંથી દૂર કરવા સૂચન છે.

સૌથી વધારે પૈસા ફાળવ્યા છે જેની કાલે મુરબ્બી શ્રી ગણપતભાઇ વસાવાએ વિસ્તારપૂર્વક વાત કરી છે. આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ થાય એવું વિકાસલક્ષી બજેટ કદાચ ગુજરાતના ઇતિહાસમાં હું જોઉં છું એ પ્રમાણે માનનીય નાણામંત્રી કનુભાઇ દેસાઇ સાહેબ લાવ્યા છે. હમણાં થોડી વીજળીકરણની વાત થઇ. માનનીય મોદી સાહેબ જ્યોતિગ્રામ યોજના લાવ્યા એના લીધે શહેરોમાં દિવસે વીજળી મળતી હતી પણ શહેરોમાં ચોમાસામાં વીજળી જતી હતી. અમારા હિંમતનગર શહેરમાં ૫૦ ટકા અન્ડરગ્રાઉન્ડ વીજળીકરણનું કામ પૂરું કર્યું છે અને ખેડૂતોને દિવસે વીજળી આપવાનું શરૂ કર્યું છે એટલે હું માનનીય કનુભાઇ દેસાઇ સાહેબને ખાસ અભિનંદન આપું છું. મારા વિસ્તારની વાત કરું તો હિંમતનગર વિધાનસભા એરિયામાં હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મારા દેરોલ ગામ નજીક સાબરમતી નદી ઉપર અને કડોલી ગામ નજીક સાબરમતી નદી ઉપર એક જગ્યાએ છમાર્ગીય પુલ અને બીજો રૂ.૩૪ કરોડનો પુલ બનાવવાનું કામ પ્રગતિમાં છે. એમાં જૈન સમાજની પણ માગણી હતી કારણ કે કડોલી અને આગલોડ બંને જગ્યાએ જૈન સમાજના મોટા સ્થાનો આવેલા છે. ગુરૂ ભગવંતોની ઘણી રજૂઆત હતી અને સામાન્ય જનતાની પણ રજૂઆત હતી એટલા માટે હું સરકારશ્રીને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસમાં વર્ષ ૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં રૂ.૩૦૯૦ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. મને યાદ છે કે પ્રવાસન અથવા યાત્રાધામ વિકાસમાં અત્યાર સુધી ભૂતકાળની કોઇ સરકારોએ કામ કર્યું નથી. પહેલાં કોઇ અમારા શ્રી વિજયભાઇ પટેલના એરિયા સાપુતારામાં ગયું હશે પણ અત્યારનું સાપુતારા જુઓ? મને એનું ગૌરવ છે કે વર્ષ ૧૯૯૫માં હું ભારતીય જનતા પાર્ટીમાંથી પ્રવાસન મંત્રી હતો અને મારા વખતમાં સાપુતારાના પ્લોટિંગનું કામ થયેલું. અત્યારે સાપુતારામાં જાઓ તો બાજુમાં સપ્તશૃંગી માતાજીના દર્શન થશે અને જ્યોર્તિલિંગ ત્ર્યંબકેશ્વરના પણ દર્શન થશે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આવું સરસ કામ આદિવાસી વિસ્તારમાં કર્યું છે. શ્રી કાંતિભાઇ, તમારું અંબાજી જ જુઓને? તમે પહેલાં પણ અંબાજી જતા હતા. અંબાજીમાં કોરીડોરનો પ્રોજેક્ટ પણ છે. પહેલાં તમે આખા દેશમાં ૫૧ શક્તિપીઠો કયાં શોધો? માનનીય મોદી સાહેબે અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠોના દરેક નાગરિકોને દર્શન કરાવ્યાં છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી કાંતિભાઇ, આપ બેઠાબેઠા અવાજ નહીં કરો. તમને વારંવાર ટકોર કરવામાં આવી છે. માનનીય સદસ્યશ્રીને બોલવા દો. આપ વચ્ચે નહીં બોલો. આપની જ્યારે તક હોય ત્યારે જ આપ બોલો. આપ વચ્ચે બોલવાનું બંધ રાખો. મારે પછી પગલાં ભરવા પડશે. શ્રી વિમલભાઇ, આપ સદસ્યશ્રીને સમજાવો. બરાબર છે, એમણે એકવાર ઉલ્લેખ કર્યો હશે પણ તમે સભ્યશ્રીને બોલતા વારંવાર રોકી શકો નહીં.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે માનનીય રમણભાઇ ગૃહમાં બોલતા હતા અને એ પછી માનનીય સભ્યશ્રી પણ બોલી રહ્યા છે ત્યારે પ્રતિપક્ષના શ્રી કાંતિભાઇ ખરાડી જે પ્રકારના વિક્ષેપ કરે છે એમાં હું માનું છું કે આ ગૃહની ગરિમા ખોરવાય છે, ઓછી થાય છે. અને જે રીતે માનનીય સભ્યશ્રી પોતાનું વકતવ્ય આપી રહ્યા છે એ ડિસ્ટર્બ થાય છે. અહીંયા નિશ્ચિત સમય આપે આપેલો છે એ બરબાદ થાય છે. સભ્યશ્રીને જે બોલવું છે એને ન્યાય આપી શકતા નથી.

ઉપાધ્યક્ષશ્રી : મેં વારંવાર ટકોર પણ કરી છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માં જગદંબાનો કોપ કોઇને છોડતો હોતો નથી. દરેક માનનીય સભ્યશ્રીએ વિચાર કરી લેવો જોઇએ. આપણા વડાપ્રધાન શક્તિ ઉપાસક છે. નવરાત્રિમાં ઉપરવાસ કરે છે. માં શક્તિનો તેમના ઉપર એટલો બધો હાથ છે કે તેઓ દુનિયામાં આજે ડંકો વગાડે છે. એમને કોઇ રોકી શકે એમ નથી. માં જગદંબાનું સ્થાન હોય અને એ સ્થાનનો વિકાસ થતો હોય (અંતરાય)...

ઉપાધ્યક્ષશ્રી : આપ દંડક છો, મારે પગલાં ભરવા પડશે. બેસી જાઓ.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષના તો સોમનાથ ભગવાનને, ભોળા દાદાને પણ છોડતા નથી. એ લોકોના પૂર્વજોએ ક્યાં છોડ્યા છે? મોદી સાહેબ આવ્યા અને ભોળાનાથનું ત્રીજું નેત્ર છોડ્યું એટલે આટલી સીટો કરી નાખી અને સને ૨૦૨૭માં *(**xxx**) એનું ધ્યાન રાખે. આવા વિચારો રાખશો તો આવું થશે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રી અસંસદીય શબ્દો બોલ્યા હશે તો રેકર્ડ ઉપરથી દૂર કરીશું.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષને હું બોલું છું, તમને વ્યકિતગત ક્યાં બોલું છું. સોમનાથ ભગવાનની કૃપા સરદાર પટેલ મારફત માનનીય મોદી સાહેબે આટલું બધું મહત્ત્વ આપ્યું અને તમારા એરિયામાં સોમનાથ મહોત્સવ પણ ઉજવાયો. શ્રી હમીરજી ગોહિલ જેવા કેટલાય યોદ્ધાઓ શહીદ થયા અને એટલા માટે ભોળાનાથની કૃપા જે લોકો ધાર્મિક છે એના ઉપર ઉતરે છે. ભારતીય જનતા પાર્ટી એ ધાર્મિક સંસ્કૃતિને વરેલી છે એટલા માટે સત્તા પર છે. સારાં કામ કરવા માટે આવી છે. ગરીબ અને વંચિતોનાં કામો કરવા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તા પર છે. યાત્રાધામ વિકાસ બોર્ડ મારફત આપણા રાજ્યના લગભગ ૮ સ્થળો પાવાગઢ, અંબાજી, સોમનાથ, અને દ્વારકામાં તમે સરસ રીતે દર્શન કરો છો. ચારધામ યાત્રામાં સોમનાથનો સમાવેશ થાય છે. આઠ ધાર્મિક સ્થળો છે સાથે કેદારધામ કેવું બનાવ્યું છે? અયોધ્યા જાઓ, ભગવાન રામને તમે સ્વીકારતા ન હતા. જે લોકોના નેતાઓ ભગવાન રામને જો સ્વીકારવા તૈયાર ન હોય તો એમને

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તમાચો મારવાનું કામ અમારા મોદી સાહેબે કર્યું છે. અયોધ્યામાં રામ મંદિર બનાવ્યું અને આખું વિશ્વ આજે ત્યાં દર્શન માટે આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શામળાજી મારા વિસ્તારમાં છે. ખેડબ્રહ્મામાં નાના અંબાજી છે. શામળાજીમાં સરકારે ઘણા પૈસા ફાળવ્યા છે. એનો વધારે વિકાસ થાય એવી વિનંતી છે. મોદી સાહેબે ત્યાં બુદ્ધિસ્ટો માટે સારું એવું પ્લાનીંગ કર્યું છે. શામળાજી ઉદેપુર હાઇવે ઉપર આવેલું મુખ્ય સ્થળ છે. શામળાજીનો વિકાસ વેગવંતો બને એ માટે સરકારે પૈસા મંજૂર કરેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપની પાસે ૪ મિનિટ છે. કોઇ પ્રવચન કરતા કંઇ બોલશોને તો એ સભ્ય અહીંયા બોલશે. એના કરતા આપણે બધા સભ્યોને શાંતિથી સાંભળો તો આ પ્રશ્ન ઉપસ્થિત ના થાય. અંદરો અંદર કોઇ અવાજ નહીં કરે.

શ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) સાહેબ, જુઓ અત્યારે મારો સમય ખરાબ કરી રહ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : અંદરો અંદર કોઇ અવાજ નહીં, આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ લઇને આવ્યાં છે ત્યારે મારે જણાવવાનું કે સરકાર આ બજેટ પર વાહવાહી લૂંટી રહી છે. ''સૌનો સાથ, સૌનો વિકાસ'' અને ડબલ એન્જિનની સરકાર સમાન વિકાસની વાત ભૂલી ગઇ હોય એવું લાગી રહ્યું છે. રાજ્યમાં લઘુમતિની વસતિ ૧૦ ટકાની છે. પરંતુ વસતિના પ્રમાણમાં પૂરતી રકમ ફાળવવામાં આવી નથી. બીજા સમાજને ભલે વધારે પૈસા મળતા હોય એમાં મારો કોઇ વિરોધ નથી. પરંતુ લઘુમતિ સમાજમાં ૧૦ ટકા વસતિ હોય તો તેને પણ પૂરતા પ્રમાણમાં બજેટ મળવું જોઇએ એવી નાણામંત્રીશ્રીને મારી રજૂઆત છે. ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને ફક્ત ૩.૪૧/-કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. ફક્ત ૩.૨૪/-કરોડનો જ ખર્ચ થયો છે અને ૩.૧૭/-કરોડ જેટલી માતબર રકમ વણવપરાયેલી પડી રહી છે. ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ સરકારનું છે તેના ચેરમેનની નિમણૂક અત્યાર સુધી થઇ નથી અને તે જગ્યા ખાલી છે. બીજું કહું કે, છેલ્લા ઘણાં સમયથી હજ કમિટીના ચેરમેનની જગ્યા ખાલી છે. જ્યારે રાજ્ય સરકાર ''સૌના સાથે અને સૌના વિકાસ''ની વાત કરતી હોય ત્યારે આ બંને જગ્યાઓ લઘુમતિ સમાજ માટેની છે એ તાત્કાલિક ભરવી જોઇએ એવી મારી નાણામંત્રીશ્રીને રજૂઆત છે. લઘુમતિઓના વિકાસ માટે રાજ્યમાં લઘુમતિ વિભાગ બનાવવાની માગણી મેં અવાર નવાર કરી છે. ભૂતકાળમાં પણ અનેક વખત કરી છે અને આજે પણ આ માગણી કરી રહ્યો છું કે લઘુમતિ વિભાગ બનાવવા માટે સરકારે આજ સુધી કોઇ નિર્ણય કે વિચારણા કરી નથી. લઘુમતિ સમાજ માટે અલગથી લઘુમતિ વિભાગ બનાવવામાં આવે જે બીજા રાજ્યો મહારાષ્ટ્ર, યુ.પી., બિહારમાં છે એ પ્રમાણેનું લઘુમતિ વિભાગ બનાવવામાં આવે. ''સૌનો સાથે, સૌનો વિકાસ'' કરવાવાળી આ સરકાર રાજ્યના વધુ ને વધુ વિસ્તારોની અંદર ખૂબ ગંભીર મુદ્દો છે એટલા માટે મારે કહેવું પડે કે અશાંત વિસ્તારોમાં સમાવેશ થઇ રહ્યો છે. જ્યારે આ કાયદો લાવ્યા ત્યારે અમદાવાદ શહેર પૂરતો જ હતો. જ્યારે ૩૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે ત્યારે કોઇ જગ્યાએ પત્થર કે કરફ્યું થયા નથી. ગુજરાતની અંદર શાંતિ અને સલામતિ છે ત્યારે આપણે સૌ જોઇ રહ્યાં છીએ તેને હું સ્વીકારું છું. (અંતરાય) પરંતુ સાથેસાથે મારે એ કહેવાનું છે કે (અંતરાય) વધુને વધુ વિસ્તારોનો અશાંત વિસ્તારમાં સમાવેશ કરવામાં આવે છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે માનનીય અમિતભાઇ? માનનીય ઇમરાનભાઇ, એક મિનિટ, આપ બેસો.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, અશાંત ધારાની ફેવર કરીને એ આખા કર્ણાવતી શહેરનું ઇસ્લામીકરણ કરી રહ્યા છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આપનો પ્રશ્ન રહેતો નથી. માનનીય ઇમરાનભાઇ, આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતની શાંતિને ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગુજરાતમાં શાંતિ અને સલામતિ છે. પરંતુ, ગુજરાતની શાંતિને ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા છે એવી વાત કરી રહ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : એમણે કોઇ એવી વાત કરી નથી. (અંતરાય) માનનીય અમિતભાઇએ એવી કોઇ વાત કરી નથી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે ગુજરાતમાં છેલ્લાં ૩૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે ત્યારે નવા નવા વિસ્તારો.. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આપ બેસો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અને નવાં નવાં શહેરોની અંદર અશાંત ધારો કેમ લાવવામાં આવે છે? એક તરફ આપણે કહીએ છીએ કે શાંતિ છે, કરફ્યું નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થયો છે. માનનીય સભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મને ડિસ્ટર્બ કર્યા છે, મારા ઘણા બધા મુદ્દા બાકી છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારી ત્રણ મિનિટ થઇ છે.

ઉપાધ્યક્ષશ્રી : પૂરી ૪ મિનિટ ૧૫ સેકન્ડ થઇ છે. જોવું હોય તો જોઇ લો. એમનું પ્રવચન ૧૨.૦૫ કલાકે અને ૧૦ સેકંન્ડે શરૂ થયું એ જોઇ લો. શ્રી ઇમરાનભાઇ, આપ બેસો.

શ્રીમતી **સંગીતાબેન રા. પાટીલ** (લીંબાયત): માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યાં છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે ૩. ૨૯૦૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ ઉદાર અને વિચારશીલ ફાળવણી માટે હું માનનીય ઉદ્યોગમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી તથા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇને અભિનંદન પાઠવું છું. કોઇપણ દેશના અર્થતંત્રના મુખ્ય ચાર પાયા હોય છે: એક છે જમીન, બીજો છે મૂડી, ત્રીજો છે નિયોજન અને ચોથો પાયો શ્રમ. આમ, શ્રમ એ અર્થતંત્રને વેગ આપવાનો મહત્ત્વનો યોગ બને છે કારણ કે વિશ્વમાં ઘણા દેશો એવા છે કે જયાં શ્રમ માટે માનવીય કામદારો ન હોવાથી તેઓ અન્ય દેશના શ્રમિકો ઉપર નિર્ભર રહે છે, જયારે ભારત આ બાબતે ખૂબ સમૃદ્ધ છે. એમાં પણ આપણે ત્યાં તો ૬૫ ટકા શ્રમ તો યુવાધન છે. આ તમામ શકિતનું વ્યવસ્થાપન કરવું એ સરકારની જવાબદારી છે. આ બાબતે આપણા યશસ્વી વડાપ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વવાળી રાજય સરકાર કટિબદ્ધ છે. મને જણાવતાં આનંદ થાય છે કે કેન્દ્ર સરકાર દ્વારા વર્તમાનમાં ચાર નવા લેબર કોડ લાગુ કરવામાં આવ્યા છે જેમાં એક છે કોડ ઓફ વેજીસ–૨૦૧૯, બીજો છે ઇન્ડસ્ટ્રીયલ રીલેકસેશન કોડ–૨૦૨૦, ત્રીજો છે સોશિયલ સિકયોરિટી કોડ–૨૦૨૦ અને ચોથો છે ઓકયુપેશનલ સેફટી હેલ્થ એન્ડ વર્કીંગ કન્ડીશન કોડ–૨૦૨૦. ભૂતકાળમાં અહીંયા વિપક્ષના ઘણા બધા લોકો વાતો કરતા આવ્યા છે પણ ભૂતકાળમાં જયારે લેબર લોની અસ્પષ્ટ વ્યાખ્યાથી ઉદ્યોગ અને શ્રમિકોના હિતોનું અસ્પષ્ટ માળખું જોવાતું હતું ત્યારે વારંવાર ઉદ્યોગ અને શ્રમિકો વચ્ચે સંઘર્ષ જોવા મળ્યા હતા. આ સંઘર્ષના પરિણામે શ્રમિક અને ઉદ્યોગજગત બંનેને નુકસાન થયું છે એટલું જ નહીં આની અસર આપણા અર્થતંત્ર ઉપર પણ થતી હતી. આ ચાર લેબર કોડ શ્રમિક કલ્યાણ અને ઔદ્યોગિક વિકાસ વચ્ચે સંતુલન સ્થાપન કરીને ભારતને સુરક્ષિત અને સ્પર્ધાત્મક અર્થવ્યવસ્થા તરફ દોરી જાય છે. આ ચાર લેબર કોડ શ્રમિકોને સુરક્ષા આપે છે અને ઉદ્યોગોને ગતિ આપે છે જે વિકસિત અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને પૂર્ણ કરવા સહાયક બને છે. આપને જણાવતા આનંદ થાય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ લેબર કોડનું ગુજરાતમાં સુવ્યવસ્થિત પાલન થઇ રહ્યું છે તેનું એક પ્રમાણ આપું તો પુરુષ શ્રમ ફોર્સ બાબતે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ છે, તેમજ મહિલા કામદાર પોપ્યુલેશન રેશિયોમાં સમગ્ર દેશમાં દ્વિતિય ક્રમે છે. શ્રમ અને ઉદ્યોગ વચ્ચેના સમન્વયનું જ પરિણામ છે કે આજે ગુજરાત ભારતના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે અને નેશનલ જી.ડી.પી.માં ૧૦ ટકા હિસ્સો ધરાવે છે. નેશનલ એવરેજ કરતા વધુ ગ્રોથ ધરાવે છે એટલું જ નહીં પણ ભારતની કુલ નિકાસમાં ૨૮ ટકા હિસ્સો ગુજરાતનો છે. અર્થતંત્રમાં તમામ માનાંકોમાં ગુજરાત અગ્રસ્થાન ધરાવે છે. આજે વસતિમાં ૫૦ ટકા વસતિ મહિલાઓની છે. આજના આધુનિક સમયમાં મહિલાઓ ફકત રસોડા પૂરતી સીમિત ન રહેતાં તમામ ક્ષેત્રોમાં કાર્યરત બની છે. મને સ્વાભિમાન છે, મને અભિમાન છે કે આજે દેશના સર્વોચ્ચ સ્થાને એક આદિવાસી મહિલા દ્રૌપદી મુર્મુજી જયારે બિરાજમાન છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે મહિલાઓના આ કામના સ્થળની સુરક્ષા અને યોગ્ય વેતન પણ એક મહત્ત્વનો મુદ્દો બની જાય છે. કારણ કે દેશની ૫૦ ટકા વસતિને નજરઅંદાજ કરીને આ દેશ વિકસિત બની શકે નહીં. એટલા માટે આ ચાર લેબર કોડમાં મહિલાઓને સમાન વેતન, કામના સ્થળે સુરક્ષા જેવા મુદ્દાઓને સમાવી લેવામાં આવ્યા છે. આ ચાર લેબર કોડ મહિલાઓને માત્ર રોજગારી નથી આપતા પરંતુ તેમને આત્મનિર્ભર ભારતની વિકાસ યાત્રાના સક્રિય સહભાગી બનાવે છે. મને જણાવતા આનંદ થાય છે કે નવા લેબર લોમાં મહિલાઓને તમામ ક્ષેત્રમાં કામ કરવાની આઝાદી આપવામાં આવી છે. જે પહેલાં સુરક્ષાના કારણો આપીને મહિલાઓને મંજૂરી આપવામાં આવતી ન હતી એના કારણે મહિલાઓનો વિકાસ સીમિત ક્ષેત્ર પૂરતો જ હતો. હવે મંજૂરી આપવાથી મહિલાઓ પણ તમામ ક્ષેત્રોમાં પ્રગતિ કરી શકશે. આજે જયારે અપણે બધા જોઇ રહ્યાં છીએ કે મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ છે, અગ્રેસર છે ત્યારે આ પૂર્વના લેબર લોમાં મહિલાઓ ઉપર ઘણી બધી પાબંદી હતી જે તમામ પાબંદીઓ હટાવવામાં અવી છે. આ કોણે હટાવી? આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે હટાવી છે. ઉદાહરણ તરીકે હવે મહિલાઓને નાઇટ શિફ્ટમાં કામ કરવાની છૂટ આપવામાં આવી છે. આ રીતની છૂટથી મહિલાઓ વધુને વધુ લીડરશીપ રોલમાં પણ આવશે. એ લોકો પણ વિકસિત ભારતની યાત્રાના સહભાગી બનશે. શ્રમ ઊભો કરવો એટલે માનવીય માથા ગણવાના નથી હોતા પણ વ્યકિતના જન્મ સમયથી યોગ્ય શિક્ષણ અને પુખ્ત વયે યોગ્ય તાલીમ મળે તો જ જે તે વ્યકિત શ્રમમાં રૂપાંતરિત થાય છે. હાલમાં આવેલ નવી શિક્ષણ નીતિ કૌશલ્ય આધારિત શિક્ષણ આપી રહી છે. સાથે જ વિભિન્ન યોજનાઓ દ્વારા કૌશલ્ય વિકાસના પ્રકલ્પ દ્વારા સશકત શ્રમ ઊભો કરવામાં આવી રહ્યો છે. કૌશલ્યયુકત શ્રમ કેવી રીતે તૈયાર કરવામાં આવે છે અને ખાસ કરીને મહિલાઓ સંદર્ભે હું તેનું ઉદાહરણ આપવા માગું છું. મહિલાઓના સશકિતકરણને ધ્યાનમાં રાખીને રાજ્યમાં ૩૦ મહિલા આઇ.ટી.આઇ. તેમજ ૫૧ આઇ.ટી.આઇ.માં મહિલા પાંખ કાર્યરત છે. આમ કુલ ૮૧ આઇ.ટી.આઇ.માં ૧૧,૪૪૮ બેઠકો ખાસ મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે સાથે જ મહિલાઓને આગળ વધારવા માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખવામાં આવી છે. ટ્યુશન ફીમાં પણ મુકિત આપવામાં આવી છે. દર મહિને રૂ.૫૦૦નું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે અને મફત એસ.ટી. બસ પાસ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સમગ્ર માળખું મહિલાઓને કૌશલ્યવાન બનાવી આત્મનિર્ભર બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થયું છે. ગુજરાતમાં આવી રીતે ઔદ્યોગિક તાલીમ આપતા કુલ ૨૮૮ કેન્દ્રો છે. જેમાં ૨,૧૮,૫૧૬ બેઠકો છે. જે પ્રતિવર્ષ કૌશલ્યયુકત શ્રમનું નિર્માણ કરે છે. વિભિન્ન માધ્યમ દ્વારા તાલીમ આપીને એક સુદ્ધઢ શ્રમ નિર્માણનું કામ ગુજરાતમાં સુવ્યવસ્થિત રીતે કરવામાં આવી રહ્યું છે. ફકત શ્રમ નિર્માણ કરવાથી કામ પૂરું થતું નથી પણ શ્રમ નિર્માણ બાદ તેમના કામના સ્થળે સ્થળ સિવાયની

અન્ય સામાજિક સુરક્ષાની પણ ચિંતા કરવી પડે છે. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા આ કાયદાથી દુકાન અને વાણિજ્ય સંસ્થાઓમાં મહિલાઓને સંમતિ તેમજ વિવિધ સુવિધાઓ સાથે રાત્રિ પાળીમાં કામ કરવાની છૂટ આપવામાં આવી છે પરંતુ દુકાન કે વાણિજ્ય સંસ્થાઓના માલિકે કેટલીક બાબતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહે છે. નોકરીદાતાએ કામના સ્થળે રાત્રિ પાળી માટે ઘોડિયાઘર, મહિલાઓ માટે અલાયદું શૌચાલય, મહિલાઓનું સેક્સ્યુઅલ હરેસમેન્ટ ના થાય તેનું પૂરતું ધ્યાન રાખવાની જોગવાઇ કરવામાં આવી છે. આજના આધુનિક સમયમાં મહિલાઓ દેશના વિકાસમાં પોતાનું આગવું યોગદાન કોઇ પણ અડચણ વિના આપે છે અને મહિલાઓ માટે ૩૩ ટકા અનામત રાખવામાં આવ્યું છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે આવનારા સમયમાં વિધાનસભા હોય કે લોકસભા હોય એમાં મહિલાઓનું યોગદાન વધી જશે અને મહિલાઓ આત્મનિર્ભર બની શકશે. ગુજરાત સરકાર દ્વારા આ વખતના બજેટમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે રૂ.૨૯૦૨ કરોડની વિશેષ જોગવાઇ કરવામાં આવી છે. જેમાંથી મુખ્ય યોજનાઓ માટે બજેટની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ''નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન'' અંતર્ગત રૂ.૨૨૯ કરોડ ફાળવવામાં આવ્યા છે. શ્રમિકોને ન્યુનતમ રકમમાં ભોજન મળી રહે તે માટે ''શ્રમિક અન્નપૂર્ણા યોજના'' અંતર્ગત રૂ.૨૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. શ્રમિક બસેરા યોજના અંતર્ગત રૂ.૨૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ સિવાય ''પી.એમ. સેતુ યોજના'' અંતર્ગત રૂ.૨૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ સિવાય ''પી.એમ. સેતુ યોજના'' અંતર્ગત રૂ.૨૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. શ્રમ, કૌશલ્ય અને રોજગાર વિભાગ હેઠળ આવેલ કેટલીક મહિલા કેન્દ્રિત યોજનાઓ વિશે ગૃહનું ધ્યાન દોરતાં મને આનંદ થાય છે કે પ્રસૂતિ સહાય યોજના અંતર્ગત સગર્ભા અવસ્થા દરમિયાન મહિલાઓ કામ કરી શકતી નથી. જેથી તેઓ આ સમયમાં આર્થિક મુશ્કેલી અનુભવે છે. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા નોંધાયેલા બાંધકામ મહિલા શ્રમિકોને આ અવસ્થા દરમિયાન નાણાકીય સહાય મળી રહે અને તેઓના સ્વાસ્થ્યની પૂરતી સંભાળ કરી શકે તે માટે પ્રસૂતિ સહાય યોજના અમલમાં આવી છે. આ બોર્ડમાં નોંધાયેલા મહિલા બાંધકામ શ્રમિકોને રૂ.૩૭,૫૦૦ની સહાય તથા નોંધાયેલા પુરૂષ બાંધકામ શ્રમિકની પત્નીની ગર્ભાવસ્થાના કિસ્સામાં રૂ.૬૦૦૦ની સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરી ૨૦૨૬ અંતિત કુલ ૨૯૫૦ લાભાર્થીઓને રૂ.૫૩૩.૮૫ લાખની સહાય આપવામાં આવી છે. મુખ્યમંત્રી ''ભાગ્યલક્ષ્મી બોર્ડ યોજના'' અંતર્ગત આ બોર્ડમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકોની એક પુત્રીના નામે રૂ.૨૫,૦૦૦ના બૉન્ડ ૧૮ વર્ષની મુદ્દતના એફ.ડી.ના રૂપે આપવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરી – ૨૦૨૬ અંતિત કુલ ૫૮૦ લાભાર્થીઓને રૂ.૧૪૪.૭૫ લાખની સહાય કરવામાં આવે છે.

શ્રી રાકેશ ગુ. દેસાઇ (નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ પ્રથમ માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો ઐતિહાસિક રૂ.૪ લાખ ૮ હજાર કરોડનું બજેટ રજૂ કરી ગુજરાતના પ્રજાજનોની પડખે ઊભા રહી સેવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કરવા બદલ આભાર માનું છું. માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ બજેટમાં વાહનવ્યવહાર અને બંદર પ્રભાગ માટે મારા વિચારો રજૂ કરું છું.

નવસારી જિલ્લાના મુખ્યમથક એવા નવસારી મહાનગરમાં અત્યંત આધુનિક બસપોર્ટનું નવસારી જિલ્લાની પ્રજાજનોની સેવામાં માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગત નવેમ્બર મહિનામાં લોકાર્પણ કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને વાહનવ્યવહાર મંત્રીશ્રીનો નવસારીના પ્રજાજનો વતી હું હૃદયથી આભાર માનું છું. મારે નજીકના દિવસોમાં એસ.ટી. ડેપો પર જવાનું થયું. નવી બસના લોકાર્પણનો કાર્યક્રમ હતો. કાર્યક્રમ પૂરો કરીને નવસારી એસ.ટી. ડેપોની મુલાકાત લેતો હતો ત્યારે મારા સ્મૃતિપટ પર ભૂતકાળની યાદો તાજી થઇ. વર્ષ ૧૯૮૩થી ૧૯૮૮ વચ્ચેના સમયગાળામાં મારા વિદ્યાર્થી જીવન દરમિયાન હું પણ ગામડામાંથી નવસારી આવતો. તે વખતે અનેક ટ્રિપો કેન્સલ થાય, દોઢસો બસો માણસો એસ.ટી. ડેપોના મેનેજરને મળે અને ફક્ત એક બસ મૂકાય. તેની સામે જુદા જુદા ગામડાના ૨થી ૩ બસોના મુસાફરો હોય. તે સંજોગોમાં બસ તો ભરાઇ જાય પણ બસની છત પણ ભરાઇ જાય તેવી પરિસ્થિતિ હતી. આજે મને જણાવતાં આનંદ થાય છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ડબલ ડેકર બસો, એ.સી. ઇલેક્ટ્રિક ડબલ ડેકર બસો ગુજરાતની પ્રજાની સેવામાં કાર્યરત છે. આ બે શાસનની વચ્ચેનો તફાવત સ્પષ્ટ દેખાય છે. વાહનવ્યવહારની સાથે પબ્લિક ટ્રાન્સપોર્ટ, આર.ટી.ઓ., રોડ સેફ્ટી, વ્હિકલ કન્ડિશન, નેશનલ હાઇવે ઇન્ફ્રાસ્ટ્રક્ચર આ દરેક વસ્તુ એકબીજાને સ્પર્શે છે. વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪નો ગાળો ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી માટે એક ટર્નિંગ પોઇન્ટ જેવો સમય હતો. એક આધુનિકતા તરફ જવાની શરૂઆત હતી. આ સંજોગોમાં પરંપરાગત રીતે ૧૫-૨૦ ટનના આર.એલ.ડબલ્યુ.વાળા ગુડ્ઝ વ્હિકલ ચાલતાં હતાં. તેની સામે નવા ૪૦-૫૦ ટનના મલ્ટી એક્સ.એલ. વાહનોનો આ આધુનિક યુગ આવ્યો. એ જ વસ્તુ પેસેન્જર બસ હોય, કાર હોય એ વૈજ્ઞાનિક રીતે ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝ માટે આધુનિકતા તરફ જવાનો યુગ હતો પરંતુ મને જણાવતાં રંજ થાય કે જે તે વખતે કેન્દ્રમાં બેઠેલી કૉંગ્રેસની આગેવાની હેઠળની યુ.પી.એ. સરકારમાં ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીનું ભવિષ્ય જે તરફ જઇ રહ્યું હતું, જે તરફ સેંકડો વાહનો બજારમાં આવવાની તૈયારી થઇ ચૂકી હતી અને આવી રહ્યા હતા તેની સામે નેશનલ હાઇ-વેના ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા જોઇતા હતા. તે દિશામાં જે કામ થવું જોઇતું હતું તે કામ બિલકુલ ન થયું. તેના પરિણામે ભારતમાં એન.ડી.એ.ની સરકાર આવ્યા પછી ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવાનું કામ જો કોઇએ કર્યું હોય તો આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વડપણ હેઠળની સરકારે કર્યું છે. નાણામંત્રીશ્રીએ બંદરો અને વાહનવ્યવહાર વિભાગ માટે કુલ રૂ.૪૩૧૪ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરી તે માટે હું સરકારનો આભાર માનું છું. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળની સરકાર લોકોને ઝડપી, સુરક્ષિત પર્યાવરણને

અનુકૂળ તેમજ સુવિધાયુક્ત વાહનવ્યવહાર સેવા પૂરી પાડવા માટે સંપૂર્ણ રીતે કટિબદ્ધ છે. આધુનિક ટેકનોલોજી ધરાવતી કુલ ૨૯૬૩ નવી બસો પ્રજાની સેવામાં મૂકવા માટે રૂ.૧૨૮૬ કરોડની માતબર જોગવાઇ પણ આ બજેટમાં કરવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોના વરદહસ્તે તા.૨૪/૦૭/૨૦૨૫થી તા.૦૭/૦૧/૨૦૨૬ના સમયગાળા દરમિયાન કુલ ૧૪૭૫ નવીન વાહનોનો લોકાર્પણ સમારોહ યોજી આ બસો લોકોની સેવામાં મૂકવામાં આવેલ છે. નવીન ડેપો વર્કશોપ બસ સ્ટેશનના આધુનિકીકરણ માટે રૂ.૨૯૧ કરોડની જોગવાઇ સાથે વિભાગ આ દિશામાં પણ કામ કરી રહ્યો છે. સુરત ખાતે બની રહેલ મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ હબ પ્રોજેક્ટ માટે રૂ.૧૮૫ કરોડની જોગવાઇ સાથે આ વિભાગની કામગીરી પ્રગતિમાં છે. મુસાફરોની સલામતીને સુનિશ્ચિત કરવા એક્સપ્રેસ બસોમાં સંભવિત આકસ્મિક ઘટના પહેલાં ડ્રાઇવરોને રીયલ ટાઇમ ઓડિયો વિઝ્યુઅલ એલર્ટ આપવા પ્રથમ તબક્કામાં એડવાન્સ ડ્રાઇવર આસિસ્ટન્ટ સિસ્ટમ અને ડ્રાઇવર મોનિટરિંગ સિસ્ટમ માટે પણ રૂ.૧૩ કરોડનો ખર્ચ આ વિભાગ કરશે. નિગમ ખાતે ડ્રાઇવર, કન્ડક્ટર, મિકેનિક તથા કલાર્કની કક્ષામાં કુલ મળી ૧૧ હજારથી વધુ ઉમેદવારોની ભરતી પ્રક્રિયાની કામગીરી પ્રગતિમાં છે. ગુજરાત વાહનવ્યવહાર નિગમ કુલ ૮૨૩૮ બસો ધરાવે છે. જેમાં ૪૦૮ સ્લીપર કોચ, ૬૬૩ સેમી લક્ઝરી બસ, ૫૫૬૫ સુપર ડીલક્ષ બસ, ૩૦૦ લક્ઝરી બસ, ૧૦૪૭ મીડિયમ બસ, ૫ એ.સી.ડબલડેકર ઇલેકટ્રિક બસ, ૫૦ એ.સી.ઇલેકટ્રિક બસ, ૧૦૦ વોલ્વો સીટર બસ અને બીજી ૧૦૦ એ.સી. સીટર બસોનો મોટો કાફલો ધરાવે છે. નિગમ મુસાફરોને સમયસર અને આરામદાયક મુસાફરોની સાથે સલામતીના ધ્યેય સાથે કામ કરે છે અને રાષ્ટ્રીય કક્ષાના પરિણામો પણ હાંસલ કરવાની નેમ ધરાવે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૨૦૬૦ નવા વાહનો ખરીદવા માટે સરકારશ્રીમાં રૂ.૧૧૪૧ કરોડની જોગવાઇ કરેલ છે. આ ૨૦૬૦ વાહનો વર્ષ ૨૦૨૬માં પ્રજાની સેવામાં મૂકવાનું આયોજન છે. વાહનવ્યવહાર નિગમના ઇતિહાસમાં પ્રથમવાર માત્ર એક જ દિવસે ઓનલાઇન બુકિંગ દ્વારા રૂ.૩.૧૯ કરોડની કુલ ૧.૩૩ લાખ ટિકિટોનું એક દિવસમાં બુકિંગ પણ નોંધાયુ છે. રાજ્યમાં યોજાતા વિવિધ ધાર્મિક મેળાઓ જેવા કે, અંબાજીનો ભાદરવી પૂર્ણિમાનો મેળો, પાવાગઢનો ચૈત્રી મેળો, માતાના મઢ ખાતે મેળો, વાર-તહેવારો જેવા કે, દિવાળી, રક્ષાબંધન, હોળી-ધૂળેટી, જન્માષ્ટમી દરમિયાન નિગમ દ્વારા મુસાફરોને વધુ પરિવહન સુવિધાઓ મળી રહે એ માટે કુલ ૧.૩૧ લાખ એકસ્ટ્રા સર્વિસો સંચાલિત કરી ૪૨.૩૯ લાખ મુસાફરોને એનો લાભ આપેલ છે. ભારત માતા કી જય.

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા (અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એને સમર્થન કરવા માટે હું બે વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આંકડાકીય રીતે વધારે નહીં જાઉં પણ જે રીતે કચ્છમાં પશુપાલકોને ફાયદો થયો છે એના વિશે બોલીશ. દેશના માનનીય વડાપ્રધાનશ્રી જે તે વખતે મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે કચ્છની ખાસ નોંધ લીધી હતી કે કચ્છમાં લોકો કરતાં પશુ વધારે છે તો એના માટે શું કરવું? આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ પણ કચ્છની ખૂબ ચિંતા કરી છે એના માટે હું એમને અભિનંદન આપું છું. હું આપણા નાણામંત્રીશ્રીને ખાસ અભિનંદન આપું છું કે જે તે વખતે તેઓશ્રી ઊર્જામંત્રી હતા ત્યારે મારા દુર્ગમ વિસ્તારમાં, બોર્ડર વિસ્તારમાં થાંભલા, વાયર અને સબસ્ટેશનોની જરૂરિયાત પૂરી કરેલ છે. હું માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આપણા કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીને આ બજેટમાં ખેડૂત અને પશુપાલક માટેની ખૂબ જોગવાઇ રાખવા બદલ હું અભિનંદન આપું છું. હું આપણા ઇરિગેશન મંત્રી શ્રી ઇશ્વરસિંહ પટેલ સાહેબને પણ ખૂબ અભિનંદન આપું છું કે, ભવિષ્યમાં કચ્છ માટે પાણીના ખૂબ જ કામ થવાના છે. અમારા કચ્છમાં માણસો કરતાં પશુ વધારે છે. અમારી કાંકરેજ અને વઢિયારી ગાય ખૂબ જ વખણાય છે. જે ગાય ૨૫-૩૦ વર્ષ પહેલાં હજાર રૂપિયામાં પણ કોઇ લેતું ન હતું આજે એની રૂપિયા ૧ લાખની કિંમત છે. આ માટે અમે ભારતીય જનતા પાર્ટીની સરકારને ખૂબ-ખૂબ અભિનંદન આપીએ છીએ. આપણે ગાયની વાત કરીએ તો અત્યારે ગાયોને વાછરડી આવે છે. વાછરડા આવતા હોય ત્યારે ખેતીમાં તેનો વપરાશ ખૂબ ઓછો થઇ ગયો હોવાના કારણે વાછરડાને કોઇ રાખતું નથી. અત્યારે સરકારશ્રીએ નવી ટેકનોલોજી લાવી જેના કારણે વાછરડી જ થાય. વાછરડા કયાંય ફરે નહીં અને વાછરડીઓને કોઇ છૂટી મૂકે નહીં. બાર મહિને ગાય વિયાય એની પાછી વાછરડી થાય અને એની કિંમત લાખ રૂપિયા થાય તથા ૮ થી ૧૦ લિટર દૂધ આપે એવી સારી ઓલાદની ગાયો માટે અત્યારે જે જોગવાઇ લાવેલ છે, એના માટે હું અભિનંદન આપું છું. અત્યારે સરકાર ગીર ગાયની સારામાં સારી ઓલાદની ચિંતા કરી રહી છે અને લોકોને આપી રહી છે એના માટે પણ હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગૌશાળાની વાત કરું તો જે તે વખતે અમારા કચ્છની ગૌશાળાની પરિસ્થિતિ એવી હતી કે વરસાદ ના પડે, કચ્છમાંથી અમારા બધા માલધારીઓની હિજરત થાય. બધા બહાર જઇ દાતાઓ શોધીએ કે કયાંકથી ઘાસ મળશે? એ વખતે બહુ હેરાનગતિ હતી. અત્યારે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની સરકાર અને ગુજરાતની સરકાર એક ગાય દીઠ રૂ.૩૦/-ની સબસિડી આપે છે એના કારણે ૨૪૭ ગૌશાળા અમારા કચ્છમાં ચાલે છે. રખડતા ઢોર પણ ઓછા થઇ ગયા અને અત્યારે એમને ગૌશાળામાં રાખે છે એના લીધે આજે પશુઓનો ખૂબ બચાવ થયો છે અને ખેડૂતને કનડગત ઘટી ગઇ. જેમ લોકો માટે ૧૦૮ એમ્બ્યુલન્સ છે તેમ પશુપાલન માટે પણ ૧૯૬૨ એમ્બ્યુલન્સની વ્યવસ્થા છે એના માટે ભારતીય જનતા પાર્ટીની સરકારને જેટલા જશ અને અભિનંદન આપીએ એટલા ઓછા છે. આપણે ડુંગરમાં, ખેતરમાં કે પરા ઉપર હોઇએ અને ફોન કરીએ કે મારી ગાયને ઠીક નથી એટલે ૧૯૬૨ ત્યાં જઇ એની સારવાર કરે છે એટલે એની રૂ. ૧૦,૦૦૦ કે રૂ. ૨૦,૦૦૦ ની બકરી હોય, લાખ રૂપિયાની ગાય હોય કે રૂ. ૧૦ લાખની ભેસ હોય તો પણ બચી શકે. આપ ટી.વી.માં જોતા હશો કે અમારા કચ્છની

ઘણીબધી ગાયો અને ભેસો રૂપિયા દસ-દસ લાખમાં વેચાઇ રહી છે. અત્યારે સરકારશ્રી અમને ઘાસચારાની જે સબસિડી આપી રહી છે એના લીધે જે વ્યકિત એક ગાય રાખે એને એક ગાય દીઠ રૂ. ૧૦૦૦/- દર મહિને સબસિડી આપે છે. કોઇપણ ખેડૂત કે માલધારીઓને ૧૦ ગાયો હોય તો સીધો રૂ. ૧૦૦૦૦/-નો એને ખૂબ સપોર્ટ મળી રહ્યો છે જેનાથી એમને ખૂબ સારો આર્થિક ફાયદો થયો છે. કોઇ પશુપાલક કયાંક બિમાર હોય તો એને તાત્કાલિક દવાખાના પહોંચાડવા માટે એમ્બયુલન્સની સવલત અત્યારે ગુજરાત સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રી અને પશુપાલન મંત્રીશ્રી દ્વારા કરવામાં આવી છે એ માટે પણ હું એમને અભિનંદન આપું છું. અમારા કચ્છ વિશે સાંભળતા હશો કે કચ્છ ઘાસીયુ મેદાન કહેવાય, બન્નીની ભેંસ કહેવાય છે તેને કોઇ ઓળખતું ન હતું. દેશના વડાપ્રધાનશ્રીએ બન્નીની ભેંસને ઓળખ આપી એના કારણે આજે દેશ-વિદેશથી લોકો મુલાકાત લેવા આવે છે. માણસોમાં જે રોગો આવે છે, કોરોના કાળમાં જે સ્થિતિ હતી એવી રીતે પશુઓમાં પણ લમ્પી રોગ આવ્યો અને ૧૫ દિવસ મહિને ગાય મરી જતી હતી. એના માટે અમારી સરકારના તે વખતના મંત્રીશ્રી રાઘવજીભાઇએ તાત્કાલિક એની સવલત કરીને બધાને રસી પીવડાવી અને ગાયો બચી ગઇ. કચ્છની પરિસ્થિતિ એવી છે કે આજે એક પશુને ચારવાના ૨૦૦ રૂપિયા લે છે એટલે એક ચારવાવાળો ૧૦ ગાયોને ચારવા લઇ જાય તો મહિને ૨૦૦૦ રૂપિયા કમાઇ લે છે એનો વિકાસ આજે થયો છે. ૧૦ બકરી અને એક બકરાના યુનિટ માટે સબસિડી આપવામાં આવે છે. નાના પશુપાલકો એને સારી રીતે રાખી એને સબસિડી મળે તો પોતાની રોજીરોટી મેળવે છે. સારામાં સારી ઓલાદનો બકરો રૂપિયા ૭૦ હજારમાં વેચાયો હતો. આ પરિસ્થિતિ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આવી. માણસોના મેળા થાય પણ આજે તો પશુઓના પણ મેળાઓ થાય છે. કચ્છમાં જ્યારે કોઇ આવતું ન હતું, અમે પણ રણ જોયું ન હતું અને અમારા વડવાઓએ પણ જોયું ન હતું પણ માનનીય શ્રી નરેન્દ્રભાઇ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે રણને ઓળખ આપી અને આજે ત્યાં જગ્યા મળતી નથી. લોકો ફરવા આવે છે. શ્રી અમિતાભ બચ્ચને કહેવું પડ્યું કે 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'. હોટલોમાં આજે જગ્યા મળતી નથી. પશુ મેળા જોવા અને રણમાં ફરવા લોકો આવે છે. બીજા રાજ્યોમાંથી ભેંસો, ગાયો અને બળદો લેવા માટે કચ્છની મુલાકાત લે છે. આના કારણે પશુપાલકોનો ધંધો પાંગર્યો છે. સરકાર દ્વારા ખાણદાણ આપવા માટે રૂપિયા ૫૫ કરોડની યોજના કરી છે. આના કારણે પશુપાલકોને આર્થિક સપોર્ટ મળી રહ્યો છે. અમારા વખતે કોઇ કોલેજ ન હતી. આજે નખત્રાણા અને અબડાસામાં કોલેજો આપી સાથે સાથે પશુઓ માટે પણ કોલેજ આપી. પશુને મોતિયો આવ્યો હોય તો એનું ઓપરેશન થાય, ભેંસને મોતિયો આવ્યો હોય તો ઓપરેશન થાય એના માટે કોલેજ આપી. આના માટે નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું. ઉંટ ધીમે ધીમે ખતમ થઇ રહ્યા હતા. ડેરી દ્વારા અત્યારે એનું દૂધ વેચવામાં આવે છે. પ્યોર ઓર્ગેનિક દૂધ આજે ૬૦ રૂપિયે લિટર વેચાય છે. મારો વિસ્તાર કચ્છમાં છેવાડાનો વિસ્તાર હોવાથી પાણીની ખૂબ તકલીફ હતી. અડધું ખારું અને અડધું મોળું પાણી મળતું હતું. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં છેવાડાના વિસ્તાર કોટેશ્વર, નારાયણ સરોવર, આશાપુરા માતાનો મઢ આ બધી જગ્યાએ નર્મદાની પાઇપલાઇન દ્વારા પીવાનું અને ખેતીનું પાણી પહોંચાડવામાં આવે છે. એના લીધે અમને પાણીની મોટી સમસ્યામાંથી રાહત મળી છે. સિંચાઇની વાત કરું તો જે જે ગામની માગણી હોય અને કુદરતી નીતિ, અમારા કચ્છીમાં એક વાક્ય છે, ''જેં જેં નીતિ આત, ઉંચી માની આઘ'' ''જેની નીતિ ખોટી એનો રોટલો અડધો''. આ સરકારની નીતિ સારી છે. આજે વરુણદેવ પણ સહાય કરે છે. અમારે ત્યાં ખૂબ વરસાદ થાય છે. આજે અમે સારી રીતે જીવન જીવી રહ્યા છીએ. વરસાદથી ડેમ અને તળાવો ભરાય છે અને જ્યારે વરસાદ ન આવ્યો હોય ત્યારે અમે મેઘ હવન કરીએ અને વરસાદ આવે તો મેઘ લાડું ખવડાવીએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય પ્રદ્યુમનસિંહ જાડેજાને અભિનંદન પાઠવું છું કે આમ તો સામાન્ય રીતે તમે શબ્દો લખતા નથી. આપનું પ્રવચન ચિત્ર દ્વારા પ્રદર્શિત થતું હોય છે. પરંતુ આજે આ ચિત્ર દ્વારા પ્રદર્શિત આપે ડિજિટલમાં કોમ્પ્યુટરમાં સામેલ કર્યું એ બદલ આપને વિશેષ અભિનંદન પાઠવું છું. માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ.

શ્રી <#Mi/કનુભાઇ મો. દેસાઇ/Mi#> (નાણા મંત્રીશ્રી) : માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના દૂરંદેશી નેતૃત્વ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ અને યુવા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇની ઊર્જા અને પ્રેરણાથી ''ગુજરાત રાજ્ય વિકસિત ભારત@૨૦૪૭''ના સંકલ્પને સાકાર કરવાના દૃઢ નિશ્ચય સાથે આગળ વધી રહ્યું છે. સુશાસન, જનભાગીદારી અને પરિણામલક્ષી આયોજનના આધારે ગુજરાત વિકાસના નવા શિખરો સર કરી રહ્યું; છે. ''વિકસિત ગુજરાતથી વિકસિત ભારત''ના સંકલ્પને સાકાર કરવા વર્ષ ૨૦૨૬-૨૭નું અત્યાર સુધીનું સૌથી મોટું અંદાજપત્ર આ ગૃહ સમક્ષ રજૂ કરેલ છે. જે માત્ર આંકડાઓનો દસ્તાવેજ નથી, પરંતુ ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશકિત આ ચાર આધારસ્તંભોને કેન્દ્રમાં રાખીને રચાયેલ વિકાસનો રોડમેપ છે. ગુજરાત વિધાનસભાના આ ગરિમામય ગૃહમાં વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્ર પર જે સર્વગાહી અને ગહન ચર્ચા થઇ રહી છે, તે બદલ હું તમામ સન્માનિત સભ્યોનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ ચર્ચા લોકશાહીની જીવંતતાનું પ્રતિક છે. વિરોધ પક્ષના મિત્રો દ્વારા જે સૂચનો કરવામાં આવી આવ્યાં છે, તેને પણ અમે હકારાત્મક રીતે લઇએ છીએ. અમારો ધ્યેય ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ''ના મંત્ર સાથે ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવી રાખવાનો છે. બજેટની છેલ્લા દિવસની ચર્ચામાં માનનીય સિનિયર ધારાસભ્યશ્રીઓ, પૂર્વમંત્રીશ્રી રમણભાઇ વોરા, શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા, શ્રીમતી સંગીતાબેન પાટિલ, શ્રી રાકેશભાઇ દેસાઇ, શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા અને સાથી વિરોધપક્ષના શ્રી કાંતિભાઇ ખરાડી અને શ્રી ઇમરાનભાઇ ખેડવાલાએ પણ ભાગ લીધો એ અત્યારે હાજર

નથી પણ એમનો હું ખાસ આભાર માનું છું. ખાસ કરીને આદિવાસી સમાજના ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જ્યંતિ નિમિત્તે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા વનબંધુઓના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે જાહેર જનજાતિય કલ્યાણ યોજના અંતર્ગત આગામી પાંચ વર્ષમાં રૂ.૨ લાખ કરોડના વિકાસ કાર્યો કરવાની અમારી સરકારની નેમ છે. આ વર્ષે રૂ.૩૫,૭૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. શ્રી શૈલેષભાઇ, તમે હાજર છો એટલે મને આનંદ છે. ગુજરાત દેશની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા પૈકીનું એક છે. છેલ્લા બે દાયકામાં ગુજરાત રાજ્યનું રાષ્ટ્રીય કુલ ઘરેલું ઉત્પાદન જી.એસ.ડી.પી.માં યોગદાન ૫.૧ ટકાથી વધીને ૮.૩ ટકા થયેલ છે. જે દેશના ગ્રોથ એન્જિન તરીકેની ગુજરાત રાજ્યની આગવી ઓળખને વધુ મજબૂત બનાવે છે. રાજ્યના મજબૂત નાણાકીય વ્યવસ્થાપનના આધારે આપણે ઉચ્ચ વિકાસ દર જાળવી રાખી ''વિકસિત ગુજરાત@૨૦૪૭''ના લક્ષ્યને પ્રાપ્ત કરીશું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળની અમારી સરકાર દ્વારા તાજેતરમાં રાષ્ટ્રીય કક્ષાએ મેળવેલ સિદ્ધિઓ વિશે આ ગૃહને માહિતગાર કરવા ઇચ્છું છું. તાજેતરમાં ૧૬માં નાણાપંચ દરેક રાજ્યોની વિઝિટ કરીને એનાલીસીસ કરે છે. નાણાપંચે ગુજરાતની વીજ વ્યવવસ્થાને સમગ્ર ભારતમાં શ્રેષ્ઠ ગણાવી છે, જ્યાં રાજ્યની ચારેય ડિસ્કોમ્સ ટેકનોલોજીકલ ઇનોવેશન, નીતિગત સુધારા અને ગ્રાહકલક્ષી અભિગમ દ્વારા દેશમાં સતત ટોચનું સ્થાન જાળવી રહી છે. જે અન્ય રાજ્યો માટે એક આદર્શ ઉદાહરણ પૂરું પાડે છે. G.U.V.N.L ના કેન્દ્રીય સંચાલન અને ' સિંગલ બાયર મોડલ' દ્વારા વીજ ખરીદીના ખર્ચમાં ઘટાડો થયો છે, જ્યારે HVDS સિસ્ટમ અને GPRS મીટરિંગ જેવી તકનીકો દ્વારા વિતરણ નુકસાન (loss) ન્યૂનતમ સ્તરે લાવવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા સમયસર અપાતી સબસિડીને કારણે ગુજરાતની ડિસ્કોમ્સનો વ્યાજ ખર્ચ માત્ર ૦.૯૭% રહ્યો છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૭.૪૪%ની સરખામણીએ તેની એકદમ નીચો છે. નાણાકીય પરિસ્થિતની વાત કરીએ તો ગુજરાત રાજ્યએ FRBM Act. હેઠળના લક્ષ્યાંકોને સતત સિદ્ધ કરેલ છે. જે અન્વયે રાજ્ય સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં, કોવિડના વર્ષ સિવાય, સતત મહેસૂલી પુરાંત એટલે કે પૈસાની પુરાંત જાળવી રાખેલ છે તથા રાજય સરકારના અસરકારક નાણાંકીય સંચાલન અને કુશળ નાણાંકીય વ્યવસ્થાપનને કારણે છેલ્લાં ૨૨ નાણાંકીય વર્ષથી (૨૦૦૪-૦૫થી ૨૦૨૫-૨૬ આજ દિન સુધી) ઓવરડ્રાફ્ટ લીધેલ નથી. ઉપરાંત, છેલ્લાં ૨૧ નાણાકીય વર્ષથી (૨૦૦૫-૦૬ થી ૨૦૨૫-૨૬ આજ દિન સુધી) સાધનોપાય પેશગી લીધેલ નથી. આ ઉપરાંત રાજ્ય સરકારે તેની રાજવિત્તીય ખાધનું પ્રમાણ ૩%ની મર્યાદામાં રાખવાનું રહે છે. જેની સામે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં આ પ્રમાણ ૨% કરતાં પણ ઓછું અંદાજેલ છે. ઓવરડ્રાફ્ટ અને પેશગી ૨૭ ટકાની લિમિટ પૂરી થઇ જાય પછી લેવામાં આવતી હોય છે. આપણું હંમેશા ૧૫ ટકાની આજુબાજુ જ ગુજરાતનું વ્યવસ્થાતંત્ર રાખ્યું છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના વર્ષ ૨૦૨૫-૨૬ના "સ્ટેટ ફાઇનાન્સિસ-સ્ટડી ઓફ બજેટ" રિપોર્ટ મુજબ ગુજરાતની કુલ નાણાકીય ખાધ અન્ય મોટાં રાજ્યો કરતાં ઘણી ઓછી છે. જે રાજ્યની મજબૂત નાણાકીય શિસ્ત દર્શાવે છે. રાજ્યના GSDP ના સાપેક્ષમાં જાહેર દેવાનું પ્રમાણ ૨૭.૧૦% કરતાં નીચું રાખવાનો માપદંડ FRBM Act.માં નિર્ધારિત કરેલ છે. રાજ્યનું દેવું રાજ્યના વિકાસકાર્યો (મૂડી ખર્ચ) માટેનું એક મહત્ત્વપૂર્ણ સંસાધન છે. કોઇ પણ સરકાર નાગરિકો માટે લાભદાયી વિકાસનાં કામો હાથ પર લેવા માંગતી હોય અને વિકાસની ગતિને વધુ વેગવંતી બનાવવા માંગતી હોય તો સરકારે મહેસૂલી આવક ઉપરાંત દેવાની આવક પણ ઊભી કરવી જરૂરી બને છે. પરંતુ, દેવાકીય જવાબદારીઓ મર્યાદિત રહે અને વ્યાજનો ખર્ચ મહેસૂલી આવકના પ્રમાણમાં સીમિત રહે તે માટે ગુજરાત સરકારે સ્વયં શિસ્ત જાળવી છે. રાજ્યનાં કુલ એકંદર GSDPનાં ૨૭.૧૦%ની મર્યાદાના લક્ષ્યાંકની સામે રાજ્ય સરકારે જાહેર દેવાનું પ્રમાણ વર્ષ ૨૦૨૬-૨૭માં માત્ર ૧૪.૬૫% રાખેલ છે. રાજ્યના બજેટમાં નિર્ધારિત ખર્ચને નિયંત્રણમાં રાખવાનો અમારો પ્રયત્ન રહે છે. જેમાં વ્યાજનો ખર્ચ મહેસૂલી આવકના પ્રમાણમાં ૨૦%થી અંદર રાખવાનો અમારો પ્રયત્ન છે. ગુજરાતમાં મહેસૂલી આવકના પ્રમાણમાં વ્યાજનો ખર્ચ રાજ્ય સરકાર કુશળ નાણાકીય વ્યવસ્થાપન દ્વારા ઘટાડો લાવી શકેલ છે. વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં મહેસૂલી આવકના પ્રમાણમાં વ્યાજનો ખર્ચ માત્ર ૧૦.૮૬% સુધી સીમિત રાખવાનો અંદાજ છે. નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઇડ ઇકોનોમિક રિસર્ચ દ્વારા ૨૧ મોટા રાજ્યો માટે કરવામાં આવેલા જાહેર દેવા અંગેના વિશ્લેષણમાં ગુજરાતે છેલ્લા ૧૦ વર્ષમાં GSDPના ટકાવારી તરીકે જાહેર દેવામાં સૌથી વધુ ઘટાડો હાંસલ કર્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રના કદમાં ૧૦.૨૧% જેટલો વધારો કરવા છતાં પણ ગત નાણાકીય વર્ષના અંદાજપત્રમાં GSDPની સામે જાહેર દેવાનું પ્રમાણ ૧૫.૨૮% હતુ, જે ચાલુ નાણાકીય વર્ષમાં ઘટાડીને ૧૪.૬૫% જેટલુ અંદાજેલ છે. જે રાજ્યની મજબૂત નાણાકીય શિસ્ત અને વિવેકપૂર્ણ નાણાકીય વ્યવસ્થાપનને સૂચિત કરે છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં જી.એસ.ટી માં કરેલ સુધારાથી એક જ વર્ષમાં આશરે ₹ ૧૧,૦૦૦ કરોડ જેટલી જી.એસ.ટીના વેરાની બચત થકી રાજ્યની જનતાને લાભ થયેલ છે, રાહત થયેલ છે. રાજ્યના નાગરિકો, ખાસ કરીને સામાન્ય લોકો, ખેડૂત અને નાના- મધ્યમ ઉદ્યોગકારો માટે GST સુધારા દ્વારા ટેક્સમાં રાહત મળી છે. કરદાતાઓની જોખમના મૂલ્યાંકનના આધારે કરાયેલા રિફંડની ૯૦ ટકા રકમ હવે માત્ર ૭ દિવસમાં પ્રોવિઝનલ રીફંડ તરીકે ચૂકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ તબક્કામાં માત્ર ત્રણ મહિનામાં ૫૨,૦૦૦ વેપારીઓએ નવો જીએસટી નંબર મેળવી લાભ લીધો છે. આ સાથે જ, રાજ્યની GST આવક ૧૨ ટકા વધી છે અને રજિસ્ટર્ડ કરદાતાઓની સંખ્યા હવે ૧૩.૬૯ લાખ પહોંચી છે. જે દર્શાવે છે કે ગુજરાત રાજ્ય નાણાકીય શિસ્ત અને વિકાસમાં દેશના સૌપ્રથમ ક્રમ પર છે. વેપારીઓની સુવિધા અને રજીસ્ટ્રેશન પ્રક્રિયાને સરળ બનાવવા માટે મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. અગાઉ જામનગરના વેપારીઓને રજીસ્ટ્રેશન માટે જૂનાગઢ પહોંચવું પડતું હતું. હવેથી અઠવાડિયામાં બે દિવસ GST રજીસ્ટ્રેશનની વ્યવસ્થા જામનગરમાં શરૂ કરવામાં

આવી છે. તેમજ આવનારા સમયમાં આણંદ, ભરૂચ, મોરબી, સુરેન્દ્રનગર, ભુજ અને પાટણ જેવા વિસ્તારોમાં પણ આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. જેથી નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસિકોને ઝડપી, સરળ અને કાર્યક્ષમ સેવા ઉપલબ્ધ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, "Ease of living" અને "Ease of doing Business"ને મજબૂત બનાવવા અને પર્યાવરણ સંવર્ધનને પ્રાધાન્ય આપતાં ઇલેક્ટ્રિક વાહનો પર અસરકારક ૧% લેખે વેરાનો દર વધુ એક વર્ષ લંબાવવાની જાહેરાત કરવામાં આવેલ છે. જેનાથી રાજ્યની જનતાને રૂ.૨૧૦ કરોડ જેટલી સીધી રાહત મળશે. હવે હું આવકના અંદાજ રજૂ કરીશ. વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ આવક રૂ.૪,૦૪,૫૫૯ કરોડ અંદાજવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રાજ્યની પોતાની કર આવક રૂ.૧,૬૪,૧૬૫ કરોડ અંદાજવામાં આવેલ છે. જયારે બિન કર આવક રૂ.૨૯,૮૨૮ કરોડ અંદાજવામાં આવી છે. છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતની પોતાની મહેસૂલી આવક ૧૧.૭ ટકાના સરેરાશ દરે વધી છે. કેન્દ્રીય કરમાં ગુજરાતનો હિસ્સો અને કેન્દ્ર સરકાર તરફથી મળતા સહાયક અનુદાન મળી વર્ષ ૨૦૨૬-૨૭ માટે મહેસૂલી આવક રૂ.૨,૭૧,૬૦૨ કરોડ અંદાજવામાં આવેલ છે. હવે હું ખર્ચના અંદાજ રજૂ કરીશ. રાજ્યના અંદાજપત્રનું કદ દર વર્ષે ઉત્તરોત્તર વધતું જાય છે. વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષની રૂ.૩,૭૦,૨૫૦ કરોડની બજેટ જોગવાઈ સામે ૧૦.૨૧ ટકાના વધારા સાથે વર્ષ ૨૦૨૬-૨૭ના વર્ષ માટે રૂ.૪,૦૮,૦૫૩ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. રાજ્યના અર્થતંત્રના વિકાસમાં મૂડી ખર્ચની હકારાત્મક અસરોને ધ્યાનમાં લઈ રાજ્ય સરકાર તેના અંદાજપત્રમાં મૂડી ખર્ચમાં સતત વધારો કરી રહી છે. આ વર્ષના અંદાજપત્રમાં મૂડી ખર્ચ માટે રૂ.૧,૫૭,૩૫૮ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જે કુલ અંદાજપત્રીય ખર્ચના ૩૯ ટકા જેટલી છે અને ગત વર્ષના અંદાજપત્રની સરખામણીમાં મૂડી ખર્ચમાં ૧૭.૫૨ ટકા જેટલો વધારો કરવામાં આવેલ છે.

વિકસિત ગુજરાત@૨૦૪૭ના લક્ષ્યને સાકાર કરવા ગુજરાત વહીવટી સુધારણા પંચ દ્વારા રજૂ કરેલ ૬ અહેવાલો રાજ્યના કાર્યક્ષમ વહીવટને વધુ અસરકારક બનાવી રહ્યા છે. રાજ્ય સરકારે "ઘર સૌના માટે" ના સંકલ્પને સાકાર કરવા ગરીબ અને વંચિત વર્ગો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના, ડૉ. આંબેડકર આવાસ યોજના અને અન્ય યોજનાઓ હેઠળ લાખો પરિવારોને પાકું ઘર પૂરું પાડ્યું છે. અન્ન સુરક્ષા અંતર્ગત ૭૫ લાખ NFSA કાર્ડધારકોને મફત અનાજ આપવા માટે રૂ.૮૪૨ કરોડની જોગવાઇ સૂચવેલ છે.

"પ્રધાનમંત્રી જન આરોગ્ય-મુખ્યમંત્રી અમૃતમ (મા યોજના)" હેઠળ ૨ કરોડ ૭૮ લાખથી વધુ નાગરિકો, કર્મયોગીઓ અને પેન્શનરોને આરોગ્ય સુરક્ષા કવચ મળ્યું છે અને લાખો લાભાર્થીઓ કેશલેસ સારવારનો લાભ લઈ રહ્યાં છે. આરોગ્ય સુવિધાઓના વિસ્તરણ સાથે IVF જેવી આધુનિક સારવાર સામાન્ય નાગરિક સુધી પહોંચાડવાનો પ્રયત્ન થયો છે. તેમજ આંગણવાડી સેવાઓ, પોષણ કાર્યક્રમો અને આધુનિક આરોગ્ય સુવિધાઓના વિસ્તરણથી માતા-બાળ કલ્યાણને પ્રાથમિકતા આપી સર્વાંગી વિકાસનો માર્ગ મજબૂત કર્યો છે.માનનીય અધ્યક્ષશ્રી, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) ઇન્ડિયા ઇન્ડેક્સ ૨૦૨૩-૨૪ મુજબ, 'સારા સ્વાસ્થ્ય અને સુખાકારી'માં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. ગુજરાતનો હેલ્થ સ્કોર વર્ષ ૨૦૧૮માં ૫૨ હતો, જે ૨૦૨૪માં વધીને ૯૦ થયો છે. શ્રમયોગીઓને પૌષ્ટિક આહાર માટે ૧૨૧ નવા શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રો અને બાંધકામ સ્થળે આરોગ્ય સેવાઓ મળી રહે તે હેતુથી ૫૦ નવા ધન્વંતરી આરોગ્ય રથ શરૂ કરવાની જોગવાઇ કરેલ છે. VB-GRAM G યોજનાથી ગ્રામ્ય રોજગારી માટે કામના દિવસો ૧૦૦ થી વધારીને ૧૨૫ કરવામાં આવ્યા છે. જે શ્રમિક અને ગ્રામ્ય ક્ષેત્રને સશક્ત બનાવવાનું મહત્ત્વપૂર્ણ પગલું છે. જેના માટે રૂ.૧૫૦૦ કરોડનું આયોજન કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીઓને શિક્ષણમાં સમાનતા અને ઉન્નતિના અવસર પ્રાપ્ત થાય તે ઉદ્દેશ્યથી આદિજાતિ અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં સહાય આપવા વાર્ષિક આવકમર્યાદા રૂ.૨.૫ લાખથી વધારી રૂ.૬ લાખ કરવા જાહેરાત કરેલ છે. આશ્રમશાળા અને ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયના ૨,૭૭,૫૫૨ વિદ્યાર્થીઓની માસિક સહાય રૂ.૨,૧૬૦થી વધારી રૂ.૨,૫૦૦ અને એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ તથા કન્યા સાક્ષરતા શાળાઓમાં અભ્યાસ કરતા ૨૧,૭૭૦ આદિજાતિ વિદ્યાર્થીઓની વાર્ષિક નિભાવ ગ્રાન્ટ રૂ.૭૦,૦૦૦થી વધારી રૂ.૮૦,૦૦૦ કરવા માટે જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની વસતિમાં ૩૬ ટકા કરતાં વધુ યુવા છે. આ યુવાશક્તિ માટે રાજ્ય સરકારે શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને રોજગારલક્ષી તકોનો વ્યાપ વધાર્યો છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના અથાગ પ્રયત્નોથી આપણને કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ની યજમાની મળી છે. જે અંતર્ગત વિશ્વસ્તરીય સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક પરિવહન સાથે ઓલિમ્પિક રેડી સિટી અમદાવાદ, વિશ્વ સ્તરીય હોકી સ્ટેડિયમ વિકસાવવા માટે રૂ.૧૩૬૮ કરોડની જોગવાઇ કરેલ છે. ટેક્નોલોજી અને નવીનતાને પ્રોત્સાહન આપવા i-Hubના વિસ્તરણ સાથે પ્રાદેશિક સેન્ટરો સુરત, વડોદરા, મહેસાણા અને રાજકોટ ખાતે સ્થાપાઈ રહ્યાં છે. જેના માટે રૂ.૮૦ કરોડની જોગવાઇ કરેલ છે. પી.એમ.શ્રી શાળાઓ અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના જેવી પહેલથી ગુણવત્તાયુક્ત શિક્ષણનો પાયો મજબૂત કરવામાં આવશે. ગાંધીનગર ખાતે દેશની સૌથી મોટી અને અત્યાધુનિક'' નમો સેન્ટ્રલ લાઇબ્રેરી'' સ્થાપવા માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે. મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના

અને કૌશલ્ય અને રોજગાર વિકાસ મિશન દ્વારા "વિચારથી વ્યવસાય" સુધી યુવાનોને સશક્ત બનાવી તેમની નવીનતા અને ઉદ્યોગ સાહસિકતાને નવી દિશા આપવામાં આવી રહી છે. જેના માટે કુલ રૂ.૩૦૮ કરોડની જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ સમિટની પરંપરાને આગળ વધારતા વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનો દ્વારા રોજગારી સર્જન અને માથાદીઠ આવક વધારવાનો સ્પષ્ટ અભિગમ અપનાવવામાં આવ્યો છે. આજે ટેક્સટાઇલ, સેમિકોન, ઇલેક્ટ્રોનિક્સ, ગ્રીન હાઇડ્રોજન અને રીન્યુએબલ એનર્જી જેવી અમલી નીતિઓ આત્મનિર્ભર ભારત અને વિકસિત ગુજરાત@૨૦૪૭ના લક્ષ્યને સાકાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. ૨૯ લાખથી વધુ MSME એકમો રાજ્યની અર્થવ્યવસ્થાનો મજબૂત આધાર છે. તેમને વ્યાજ સબસિડી અને આધુનિક સુવિધાઓ પૂરી પાડી રોજગારી સર્જનને વધુ વેગ અપાયો છે. ૨૫ GIDC ને સ્માર્ટ બનાવવાની પહેલ અને નવી ઔદ્યોગિક વસાહતોની સ્થાપનાથી પ્રાદેશિક સંતુલિત વિકાસને પ્રોત્સાહન મળશે તેમજ આદિવાસી વિસ્તાર દાહોદ જિલ્લાના ઝાલોદ અને ગરબાડા તાલુકામાં બે તથા અરવલ્લી જિલ્લા સહિતના અન્ય જિલ્લાઓમાં ત્રણ એમ પાંચ નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવનાર છે. દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯%ના યોગદાન સાથે ગુજરાત મજબૂત ઇકોસિસ્ટમ ધરાવે છે તેમજ દેશની કુલ નિકાસમાં ૨૬ ટકા ફાળા સાથે ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાને છે. આ ઉત્પાદન અને નિકાસના ક્ષેત્રને વધુ વેગ આપવા અને આપણા વેપારીઓને વૈશ્વિક સ્તરે આર્થિક તથા માર્કેટ સપોર્ટ પૂરો પાડવા માટે 'ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ' ની સ્થાપનાની જાહેરાત કરેલ છે.માનનીય અધ્યક્ષશ્રી, જગતના તાત અન્નદાતા માટે રાજ્ય સરકારે કુદરતી આફતો અને કમોસમી વરસાદ જેવા કપરા સમયમાં રૂ.૧૧ હજાર કરોડથી વધુના કૃષિ રાહત પેકેજ દ્વારા ૩૩ લાખથી વધુ ખેડૂતોને તાત્કાલિક સહાય પહોંચાડી છે."વાવણીથી વેચાણ સુધી" ટેકાના ભાવે ૯ લાખ ૫૦ હજારથી વધુ ખેડૂતો પાસેથી રૂ.૧૮ હજાર કરોડથી વધુના વિવિધ પાકોની ખરીદી કરીને બજારભાવના ઉતાર-ચઢાવ સામે સુરક્ષા આપી છે. ખેતીમાં થતો ખર્ચ ઘટાડવા અને આવક વધારવા કૃષિ યાંત્રિકીકરણ સાધનોની ખરીદીમાં સહાય માટે રૂ.૧૫૬૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે."પર ડ્રોપ મોર ક્રોપ" યોજના હેઠળ લાખો હેક્ટર જમીન આવરી લેવામાં આવી છે. સેન્ટર ઓફ એક્સલન્સ, બજાર સુવિધા, માર્કેટિંગ અને સર્ટિફિકેશન સહાય દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાનું આયોજન છે. જેના માટે રૂ.૨૪૦ કરોડની જોગવાઇ કરેલ છે. પશુપાલન અને મત્સ્ય ક્ષેત્રે રૂ.૨૫૦૦ કરોડથી વધુ જોગવાઇ કરવામાં આવી છે. જેમાં માળખાકીય વિકાસ, કિસાન ક્રેડિટ કાર્ડ વ્યાજ સહાય, ગૌમાતા પોષણ યોજના તથા ડીપ-સી ફીસીંગ વેસલ્સમાં સહાય દ્વારા અર્થતંત્ર મજબૂત બની રહ્યુ છે. અમારી સરકારે નારીશક્તિને વિકાસના કેન્દ્રમાં રાખીને મહિલા સશક્તિકરણને આર્થિક સ્વાવલંબન, શિક્ષણ, પોષણ અને સુરક્ષા સાથે જોડ્યું છે. પૂરક પોષણ યોજના દ્વારા બાળકો, કિશોરીઓ અને સગર્ભા માતાઓના આરોગ્યને મજબૂત બનાવવામાં આવી રહ્યું છે. નમો લક્ષ્મી યોજનાથી દીકરીઓના શિક્ષણને વેગ મળે તે માટે કુલ રૂ.૧૨૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. મહિલા પ્રતિનિધિત્વને પ્રોત્સાહિત કરવા રાજ્યની આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતી તમામ દીકરીઓ માટે નવી "નમો કૌશલ્ય લક્ષ્મી યોજના" ની જાહેરાત કરેલ છે. રૂ.૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. 'લખપતિ દીદી' અભિયાન અને સખી મંડળ સ્વ-સહાય જૂથોને પ્રોત્સાહન દ્વારા મહિલાઓને સ્વ-રોજગાર અને વ્યવસાય વિસ્તરણની તકો આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના દ્વારા વિધવા બહેનોને આર્થિક સહાય આપવામાં આવી રહી છે. જેના માટે રૂ.૨૮૪૮ કરોડની જોગવાઇ કરેલ છે. ૧૦૯૧ મહિલા હેલ્પલાઇન તથા સુરક્ષા માળખા દ્વારા મહિલાઓની સલામતી સુનિશ્ચિત કરીને સશક્ત અને આત્મનિર્ભર નારીશક્તિનો પાયો વધુ મજબૂત કરવામાં આવ્યો છે. ગિફ્ટ સિટી એક વૈશ્વિક નાણાકીય પાવરહાઉસ તરીકે વિકસ્યું છે, જે ભારતના આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓના ક્ષેત્રને વેગ આપી રહ્યું છે. ગિફ્ટ સિટી ખાતે IFSCA (The International Financial Services Centers Authority) દ્વારા ૧૧૦૦થી વધુ એકમોની નોંધણીઓ થયેલ છે. જેમાં ૩૮ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બેંકો, ૬૭ વીમા કંપનીઓ, ૬૦ ફીનટેક તેમજ અન્ય વિવિધ પ્રકારના નાણાકીય વ્યવસ્થાપન એકમો સાથે ગિફ્ટ સિટી વિશ્વમાં ઓફશોર નાણાકીય પ્રવૃત્તિઓના મુખ્ય કેન્દ્ર તરીકે ઊભરી આવ્યું છે. છેલ્લા સાત વર્ષમાં બેંકિંગ અસ્કયામતોના કુલ કદમાં સાત ગણો વધારો થયો છે, જ્યારે માસિક એક્સચેન્જ ટર્નઓવર હવે ૧૦૦ અબજ યુ.એસ. ડોલરને વટાવી ગયું છે, જે તેની વધતી જતી વૈશ્વિક પ્રતિષ્ઠા દર્શાવે છે. 'વિકસિત ગુજરાત-૨૦૪૭' ના લક્ષ્યને સાકાર કરવા જી.આર.આઇ.ટી. દ્વારા ચાર મુખ્ય આયામો આધારિત લાંબા ગાળાનું આયોજન હાથ ધરાયું છે. જેમાં રાજ્યના છ ભૌગોલિક ક્ષેત્રો માટે રીજનલ ઇકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કરી વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન ૮૦ પ્રોજેક્ટ્સ માટે રૂ.૬૬૦૦ કરોડની ફાળવણી કરીને આર્થિક પ્રવૃત્તિ, રોજગાર અને મૂડી રોકાણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. રૂ.૫૦ હજાર કરોડના "વિકસિત ગુજરાત ફંડ" દ્વારા રાજ્યના લાંબાગાળાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સને ગતિ આપવાની અમારી સરકારની નેમ છે. આ વર્ષે તેમાં રૂ.૧૦ હજાર કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેનાથી રોજગારી, ઉદ્યોગ અને ટેકનોલોજી આધારિત વિકાસને મજબૂતી મળશે. રાજ્યના મહત્ત્વનાં સ્થળોને જોડતા નમો શક્તિ એક્સપ્રેસ વે અને સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ વે માટે રૂ.૩૦૦૦ કરોડ ફાળવી હાઇવે, ઔદ્યોગિક માર્ગ અને સ્માર્ટ શહેર ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવી રહ્યા છે. કડાણા ડેમમાં ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટ, અંબાજી કોપર પ્રોજેક્ટ અને અંડરગ્રાઉન્ડ કોલ ગેસિફિકેશન દ્વારા પર્યાવરણલક્ષી અને આત્મનિર્ભર ઔદ્યોગિક વિકાસને વેગ આપવામાં આવશે. રાજ્યમાં નાગરિક સેવા વધુ સરળ અને ઝડપી બનાવવા માટે Gujarat Unified Digital Stack (GUDS) શરૂઆત કરવામાં આવી છે. આ પહેલ દ્વારા તમામ સરકારી સેવાઓને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પરથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેનાથી અલગ-અલગ સેવાઓ માટે જરૂરી દસ્તાવેજોની પુનરાવર્તન ઘટશે અને નાગરિકોનો સમય તથા ખર્ચ

બચશે. આ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ભારતની સેમિકોન આત્મનિર્ભરતાના મજબૂત આધાર તરીકે ધોલેરા અને સાણંદમાં વિકસતા સેમિકોન હબ દ્વારા ગુજરાતને Semi-conductor chip ઉત્પાદન ક્ષેત્રે વિશ્વમાં મહત્ત્વપૂર્ણ સ્થાન મળી રહ્યું છે. ધોલેરા SIR ફેઝ–૧માં લોજિસ્ટિક અને ટ્રક ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં એરપોર્ટ, આધુનિક માર્ગો, પાણી અને વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ, અંડરગ્રાઉન્ડ વીજ વિતરણ અને સ્માર્ટ ICT સુવિધાઓનો સમાવેશ થાય છે. જે માટે રૂ. ૬૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ સરહદી વિસ્તારમાં ઓવરહેડ લાઈનના માળખાને અત્યાધુનિક એલિવેટેડ કેબલ નેટવર્કમાં રૂપાંતરિત કરવા માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ. ૧૬,૧૧૬ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. જેનાથી પાણી, માર્ગ, ગટર અને શહેરી સુવિધાઓ મજબૂત બની રહી છે. મુખ્ય શહેરોની નજીક સેટેલાઇટ ટાઉન સ્થાપવામાં આવશે. જેમાં કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હિરાસરનો સમાવેશ કરી, તેને રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ દ્વારા મોટાં શહેરો સાથે જોડવાનું આયોજન છે. રાજ્યના શહેરી વિસ્તારોમાં હયાત ઓવરહેડ વીજ લાઇનોને અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતર કરવા "ગુજરાત વાયર–ફ્રી સીટી મિશન" અંતર્ગત રૂ. ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. શહેરોમાં પર્યાવરણ સંરક્ષણ, આરોગ્યપ્રદ જીવનશૈલી અને પ્રવાસન વિકાસને પ્રોત્સાહન આપતા સુગમ્ય ઉદ્યાન યોજના, નમો ગૌરવ પાર્ક અને લીનીયર પાર્ક જેવા આઇકોનિક ઉદ્યાનો તથા લેક વોચ અને એર વોચ માટે રૂ. ૯૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતને "વેસ્ટ ડમ્પ ફ્રી" રાજ્ય બનાવવા ડમ્પ સાઇટ પર સંગ્રહિત ૨૫૩ લાખ મેટ્રિક ટનથી વધુ કચરાને વૈજ્ઞાનિક રીતે દૂર કરેલ છે તેમજ બાકી રહેતી તમામ સાઇટને ડમ્પ ફ્રી કરી, તેનો ઉપયોગ જાહેર હેતુ માટે કરવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર પરિવહનમાં ૨૪૬૩ જેટલી નવી બસો માટે અને તેમાં ૫૦૦ ઈલેક્ટ્રિક બસો તથા આદિજાતિ વિસ્તારો માટે ૫૦૦ નાની બસો પૂરી પાડી સુરક્ષિત અને સુલભ પરિવહન સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. ગુજરાતનું ડોમેસ્ટિક અને વૈશ્વિક આકર્ષણ વધારવા માટે વર્ષ ૨૦૨૬ને 'ગુજરાત પ્રવાસન વર્ષ' તરીકે જાહેર કરેલ છે. વારંવાર થયેલા હુમલા છતાં પણ ૧ હજાર વર્ષ પૂર્વેથી સોમનાથ મંદિર લોકોની અતૂટ આસ્થાના કારણે આજે પણ ગર્વભેર અડીખમ ઊભું છે. આ અવસરને "સોમનાથ સ્વાભિમાન પર્વ" તરીકે સમગ્ર વર્ષ દરમિયાન ઉજવવામાં આવશે. સોમનાથ મંદિર જેવી પવિત્ર વિરાસત સાથે વિકાસને જોડીને અમારી સરકારે "વિકાસ ભી, વિરાસત ભી" નો મંત્ર સાકાર કર્યો છે. સોમનાથને ગ્લોબલ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવા અને લોથલ ખાતે નેશનલ મેરિટાઇમ હેરિટેજ મ્યુઝિયમનું નિર્માણ તેમજ ધોળાવીરા ખાતે વિકાસ માટેનું આયોજન કરવામાં આવેલ છે. જે રાજ્યના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક સ્તરે અલગ ઓળખ અપાવશે. ગુજરાતને વૈશ્વિક પ્રવાસન કેન્દ્ર બનાવવા માટે સોમનાથ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, અંબાજી, દ્વારકા,ગીર, કચ્છનું સફેદ રણ, ડાકોર, શિવરાજપુર અને વિસાવડા બીચ વગેરે જેવાં સ્થળોના વિકાસ માટે કુલ રૂ. ૬૭૩૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડાયલ–૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટ, સેમિકોન શિલ્ડ અને AI આધારિત પોલિસિંગથી કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનશે. પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક સુવિધાઓ અને આધુનિક ટેકનોલોજી રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ સક્ષમ બનાવે છે.એ.આઇ.ના ઉપયોગથી સુરક્ષા અને સલામતિ વધુ સુદ્રઢ કરવાના હેતુથી ફ્યુઝન સેન્ટર અને સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે રૂપિયા ૬૦ કરોડની જોગવાઇ કરી છે. કુદરતી આફતોની સહાય પેટે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લાં પાંચ વર્ષમાં એસ.ડી.આર.એફ. હેઠળ રૂપિયા ૫૮૫૨.૮ કરોડ, એસ.ડી.એમ.એફ. મારફત રૂપિયા ૧૧૪૧.૪૦ કરોડ મળેલ છે. એમ.ડી.આર.એફ. પેટે રૂપિયા ૧૦૭૬.૨૩ કરોડ અને એન.ડી.એમ.એફ. હેઠળ રૂપિયા ૮૦.૮૮ કરોડ રાજ્ય સરકારને ફાળવવામાં આવેલ છે. નાણા પંચ દ્વારા આવક પ્રમાણે આ રકમ ફાળવવામાં આવે છે. (અંતરાય) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે રૂપિયા ૭૦૮૬ કરોડની જોગવાઇ દ્વારા રાજ્યમાં સામાજિક સુરક્ષા, શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ઉત્કર્ષને મજબૂત બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. પી.એમ.યશસ્વી પ્રીમેટ્રિક અને પોસ્ટમેટ્રિક પ્રાથમિક શાળાઓને શિષ્યવૃત્તિ, વિદેશ અભ્યાસ લોન, સરસ્વતિ સાધના યોજના અને આદર્શ નિવાસી શાળાઓને રૂપિયા ૧૪૭૩ કરોડ ફળવાયા છે. આ વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણ અને તાલીમની સમાન તક આપે છે. દિવ્યાંગજન, નિરાધાર બાળકો, શારીરિક અને માનસિક રીતે નબળા તથા ઓટિઝમ માટે રૂપિયા ૩૧૮ કરોડની ફાળવણી કરેલ છે. સ્વરોજગાર, વાહન અને ઉચ્ચ કક્ષાના અભ્યાસ માટે નિગમોને બેન્ક લોન યોજના હેઠળ ૧૯ હજાર લાભાર્થીઓ માટે રૂપિયા ૮૧૮ કરોડ ફાળવ્યા છે. ૭૬ હજારથી વધુ લાભાર્થીઓને આવાસ અને મફત પોષણ–તબીબી સહાય માટે ₹ ૫૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, ગણવેશ, આધુનિક છાત્રાલય અને યુનિવર્સિટી સુવિધાઓ પૂરી પાડવા પોસ્ટ–મેટ્રિક, આશ્રમશાળા, છાત્રાલય, આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મોડેલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલના લગભગ ૨.૭ લાખ વિદ્યાર્થીઓ માટે ₹ ૪,૬૩૬ કરોડની જોગવાઇ કરેલ છે. આદિજાતિ પરિવારોને આજીવિકા, કૃષિ સહાય અને પ્રાકૃતિક ખેતી માટે સમર્થ બનાવવા મુખ્યમંત્રી આદિમ જૂથ અને હળપતિ સર્વાંગી, મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના, મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના અને કૃષિ–વૈવિધ્યકરણ યોજનાઓ માટે ₹ ૫૫૫ કરોડ ફાળવ્યા છે.

ફાલ્ગુન ૦૯, ૧૯૪૭ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી,શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ ₹ ૨૯૦૨ કરોડની જોગવાઈથી કુશળ માનવબળ તૈયાર કરવા અને શ્રમયોગીઓને સમાજિક સુરક્ષા અને કલ્યાણ ઉપલબ્ધ કરાવવા વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા છે. યુવાનો અદ્યતન ટેકનોલોજી આધારિત તાલીમ મેળવી શકે તે હેતુથી નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન માટે ₹ ૨૨૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ૧૬ સરકારી ITI ની નવી બિલ્ડિંગ, યંત્રસામગ્રી અને માળખાકીય સુવિધાઓ માટે ₹ ૨૪૫ કરોડ ફાળવાયા છે તેમજ ITI તાલીમાર્થીઓને યુનિફોર્મ સહાય માટે ₹ ૩૦ કરોડની જોગવાઈ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગ માટે કુલ ₹ ૬૩,૧૮૪ કરોડની જોગવાઈ હેઠળ રાજ્યમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર અને ટેકનિકલ શિક્ષણમાં સર્વાંગી વિકાસ માટે વિશાળ કામગીરી શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક અને માધ્યમિક સ્તરે ગુણવત્તાવાળું માળખું મજબૂત કરવા માટે "મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ" અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના માળખાગત સુધારણા માટે ₹ ૩,૦૫૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપવા માટે "નમો લક્ષ્મી યોજના" માટે ₹ ૧,૨૫૦ કરોડ અને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ₹ ૮૨૭ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. શિક્ષણ ક્ષેત્રમાં યુવાનોને આગળ વધારવા માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ૯૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને સહાય આપવા ₹ ૪૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં ૧૬ નવી સરકારી કોલેજોની શરૂઆત અને કાર્યરત ૨૦ કોલેજોના બાંધકામ તેમજ ૮ કોલેજોમાં નવા પ્રવાહ શરૂ કરવા માટે ₹ ૧૨૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સરકારી કોલેજો અને યુનિવર્સિટીઓમાં ખેલકૂદની સુવિધાઓના વિકાસ માટે ₹ ૯૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળે. ઉપલબ્ધ પાણીના સ્ત્રોતોનો કાર્યક્ષમ ઉપયોગ કરી તેના પાણીને ડેમથી ખેતર અને ઘર સુધી પહોંચાડવા રાજ્ય સરકાર દ્વારા નોંધપાત્ર કામગીરી કરેલ છે. દરિયામાં વહી રહેલા નર્મદા નદીના પાણીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં પહોંચાડવા સૂજલામ સુફલામ સૌની અને કચ્છની યોજનાઓ માટે કુલ રૂ.૩,૦૪૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે .આપણા શ્રી કાંતિભાઈ અત્યારે નથી જ્યારે છોટાઉદેપુર, દાહોદ અને પંચમહાલ જિલ્લાઓમાં ૧૮ તાલુકાના ૫,૧૪૮ હેકટર જમીન પર નર્મદા આધારિત ઉદવહન સિંચાઈથી પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા અમારી સરકાર પ્રતિબદ્ધ છે .આઝાદી પછી પહેલીવાર આ વિસ્તારને પાણી મળશે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિકસિત ગુજરાત @૨૦૪૭નો રોડમેપ તૈયાર કર્યો છે. ''અર્નિંગ વેલ–લીવીંગ વેલ'' અંતર્ગત રાજ્યના નાગરિકોને સમૃધ્ધ જીવન અને સમૃધ્ધ આવક મળી રહે તેવા ઉમદા ધ્યેય સાથે આયોજનબદ્ધ રીતે અમારી સરકાર આગળ વધી રહી છે .નાણાકીય તેમજ વ્યાજના ખર્ચમાં ઉત્તરોત્તર પ્રમાણસર ઘટાડો થતો હોવાથી રાજ્ય, સરકારે છેલ્લા પાંચ વર્ષથી પૂરતા પ્રમાણમાં મહેસૂલી પુરાંત ટકાવી રાખેલ છે .વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ. કરોડની મહેસૂલી પુરાંત હતી .તે વર્ષ ૨૦૨૫–૨૬ના સુધારેલા અંદાજોમાં છેલ્લે રૂ. ૨૩, ૭૨૫ કરોડ મહેસૂલી પુરાંતનું સૂચવ્યું છે. આમ મહેસૂલી પુરાંતના કારણે રાજ્ય સરકારે દર વર્ષે અંદાજીત રકમ કરતા ઓછા પ્રમાણમાં દેવું લેવું પડે તે પણ રાજ્ય સરકારની નાણાકીય વ્યવસ્થાપનની એક નોંધપાત્ર સિદ્ધિ છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસ ખર્ચમા સતત વધારો નોંધાઈ રહ્યો છે માનનીય શૈલેષભાઈ, વર્ષ ૨૦૨૨–૨૩મા વિકાસ ખર્ચ રૂ ૧,૫૨,૪૭૬ ૪૪ કરોડ હતો, જે કુલ ખર્ચના ૬૪ ટકા હતો જ્યારે વર્ષ ૨૦૨૬–૨૭ મા વિકાસ ખર્ચ ૩ ૨.૬૨.૪૭૭૪૧ કરોડ અંદાજવામાં આવ્યો છે, જે કુલ ખર્ચના ૬૫ ૨ ટકા છે જે દર્શાવે છે કે, અમારી સરકાર વિકાસલક્ષીના કામો માટે સતત વધુ નાણા ફાળવી રહી છે અને વિકાસ ખર્ચને પ્રાથમિકતા આપી રહી છે ગુજરાતનો વિકાસ દર ૧૦ વર્ષમાં સરેરાશ ૧૧.૪ ટકા રહેલ છે જે રાષ્ટ્રના છેલ્લા ૧૦ વર્ષના સરેરાશ વિકાસ દર ૧૦.૨ ટકા વધુ છે પરિણામે હાલની ગુજરાતની માથાદીઠ આવક રાષ્ટ્રીય સરેરાશ કરતા ૬૦ ટકાથી વધારે છે જેમાં ગુજરાત દેશના રાજ્યોમાં મોખરાનુ સ્થાન ધરાવે છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના વિકસિત ભારત@૨૦૪૭ના વિઝનને ચરિતાર્થ કરવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અમારી સરકાર આ અંદાજપત્રથી ''વિકસિત ગુજરાત@ ૨૦૪૭'' ના લક્ષ્ય સાથે વિકાસના નવા શિખરો સર કરશે. જેમાં નાણાકીય સંસાધનો, અસરકારક નીતિઓ અને સુશાસન સાથે રાજ્યના અનેક ક્ષેત્રમાં વિકાસને પ્રોત્સાહન આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. હું આ સન્માનીય ગૃહના તમામ માનનીય સભયશ્રીઓને વિનંતી કરું છું કે, તેઓ આ અદાજપત્રને સમર્થન આપીને રાજ્યના સર્વાંગી વિકાસમાં સહભાગી બની પ્રજાને લાભ પહોંચાડવામાં યોગદાન આપે આભાર જય જય ગરવી ગુજરાત.

અધ્યક્ષશ્રી : તારીખ ૩જી અને ૪થી માર્ચના રોજ હોળી અને ધૂળેટીના પાવન પર્વ નિમિત્તે આ ગૃહના તમામ સભ્યશ્રીઓને અનેક અનેક શુભકામનાઓ પાઠવું છું અને આ ગૃહના તમામ સભ્યોશ્રીઓ વતી ગુજરાતની પ્રજાને પણ એડવાન્સમાં ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવુ છું.

સભાગૃહનું કામકાજ બપોરના ૧–૧૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૯મી માર્ચ, ૨૦૨૬ ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
સોમવાર, તા. ૯મી માર્ચ, ૨૦૨૬
ફાલ્ગુન ૧૮, ૧૯૪૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ કલાકે મળ્યું.
માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

ભારતીય ક્રિકેટ ટીમને શુભેચ્છા

અધ્યક્ષશ્રી : ગઇકાલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત–ન્યુઝીલેન્ડની ટી–૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની ફાઇનલમાં ભારત ભવ્ય વિજય મેળવી વિશ્વ વિજેતા બન્યું તે સૌ ભારતીયો માટે આ ગૌરવપૂર્ણ ઘટના છે. ગુજરાતની આ ધરતી ઉપરથી ભારતની જીત માટે ભારતીય ક્રિકેટ ટીમને આ વિધાનસભા ગૃહ વતી અને ગુજરાતની જનતા વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને આપણા માટે આનંદનો વિષય એ હતો કે ગઇકાલે એ વિજયની ક્ષણે દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહ સાહેબ સાથે આપણા ગૃહના નેતા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વિજયને વધાવ્યો હતો. તેમના માટે તમને બધાને હૃદયથી ખૂબ ખૂબ અભિનંદન.

તારાંકિત પ્રશ્નો

ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ આદિજાતિ વિકાસના કામો

*** 15/8/2064 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ આદિજાતિ વિકાસના કામોની મંજુરી જિલ્લા કક્ષાએથી થાય તે માટેની કેટલી અરજીઓ વિભાગને મળી, અને	(૧)	કુલ ૨ (બે)
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત અરજીઓ અન્વયે શી કાર્યવાહી કરી?	(૨)	૧ અરજી – મંજૂર ૧ અરજી – નામંજૂર

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ન્યુ ગુજરાત પેટર્નમાં કેટલી અરજીઓ મળી છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સત્ર ચાલુ હોય એટલે સ્પીકર સાહેબ સૂચના આપે એના પછી આગળ વધી શકાય.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ન્યુ ગુજરાત પેટર્નમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે બે અરજીઓ મળી છે, પણ આ કઇ અરજી છે? અને તેનો નિકાલ કરવામાં આવ્યો છે કે કેમ? ન્યુ ગુજરાત પેટર્ન અંતર્ગત આદિજાતિ વિસ્તારમાં કાયમી માટે આદિજાતિ દાખલાઓની જે અરજીઓ આવી છે એનો નિકાલ કરવા માગો છો કે કેમ? અને દાંતા અને અમીરગઢ વિસ્તારમાં આદિવાસીઓની જંગલની જમીનની કેટલી અરજીઓ મળી છે?, એમાંથી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે?, કેટલી પેન્ડિંગ છે? અને આ અરજીઓનો ક્યારે નિકાલ કરવા માગો છો?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે એમાં બે પ્રશ્નો લાગુ પડતા નથી. કારણ કે, આ જાતિ અંગેના દાખલાનો પ્રશ્ન નથી. આ પ્રશ્ન આવશે ત્યારે પૂછી લેજો.

અધ્યક્ષશ્રી : તમે મારી સામે જોઇને બોલો. બેઠાં–બેઠાં જવાબ નહીં આપી શકાય. ઊભા થઇને બોલે ત્યારે જવાબ આપવાનો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ તો મારે આ સભ્યશ્રીનું ધ્યાન દોરવું છે. મને એટલું દુઃખ થયું કે બંધારણના નામે અહીંયા જય બોલાતી હોય, કેટલાક આદિવાસીના નામે *(xxx) બનવા નીકળતા હોય, આપણા દેશના....

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશની ૧૪૦ કરોડ જનતાને ગૌરવ થાય તેવું મહામહિમ રાષ્ટ્રપતિનું પદ મળ્યું હોય અને સમુદાયના કાર્યક્રમમાં તેમનું અપમાન થાય તેના કારણે એક–બે દિવસથી અમને ઊંઘ આવી

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

નથી. દેશમાં ૧૧ કરોડ કરતાં વધારે આદિવાસી સમાજ સહિત ૧૪૦ કરોડ જનતાને પણ તેનું દુ:ખ થયું છે. એક પણ વ્યક્તિએ તેને વખોડ્યું નથી. જ્યારે આદિવાસી સમાજની કેટલાંક લોકો વાતો કરતાં હોય તેનું દુ:ખ છે. મુર્મૂજી .....

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્નના જવાબ ઉપર આવી જાઓ. (અંતરાય) માનનીય શૈલેષભાઇ આપ બેસો. આપ બેસો. માનનીય મંત્રીશ્રી, સીધા પ્રશ્નના જવાબ ઉપર આવો. મારી સામે જોઇને જવાબ આપો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ન્યુ ગુજરાત પેટર્ન યોજના વિશે શ્રી કાન્તીભાઇએ ગર્વ લેવો જોઇએ. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં વર્ષ ૧૯૯૭–૯૮માં આ યોજના ૧૪ જિલ્લામાં શરૂ થઇ. તે સમયે જિલ્લા પણ ઓછા હતા. જિલ્લાદીઠ ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે ત્યાં કયા કામોની ડિમાન્ડ છે તે તાલુકા કક્ષાએ જ નક્કી થાય. ગ્રામસભા તેનો ઠરાવ કરે. ગામના લોકો નક્કી કરે કે આ યોજનામાં કયા કામ કરવા છે? મને જણાવતા આનંદ થાય છે કે ૯૦ ટકાનું આયોજન તાલુકા અને જિલ્લા મથકે થાય છે. એમાં સભ્ય પણ પોતે ભાગીદાર છે. માનનીય સભ્યશ્રીએ જે ૧૦ ટકાનો પ્રશ્ન પૂછેલ એમાં રાજ્યકક્ષાએ એનું આયોજન થાય છે અને મંત્રી તરીકે હું એનો અધ્યક્ષ છું. આ સમિતિમાં અમારા અધિકારીઓ હોય છે. ૧૦ ટકા ગ્રાન્ટમાં કેટલાક જિલ્લાઓમાં આકસ્મિક કેટલાક કામો કરવાના હોય છે કે જે મોટી રકમના કામો છે. એ મોટી રકમના કામો અમે વિચારી–વિચારીને જે જિલ્લાઓમાં ડિમાન્ડ હોય એ પ્રમાણે આપતા હોઇએ છીએ. એમનો જે પ્રશ્ન હતો...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આખા રાજ્યનો જવાબ આપવાનો નથી. માનનીય સભ્યશ્રીએ જે વિસ્તાર કહ્યો છે એટલા પૂરતી જ વાત કરો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો પ્રશ્ન આખા રાજ્યનો છે.

અધ્યક્ષશ્રી : હા તો આપો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જાતિ અંગેના દાખલાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમાં જંગલની જમીનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જે બે અરજીઓ આવેલી હતી એના જવાબ અપાઇ ગયા છે. એક અરજી એવી હતી કે જેમાં ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયના મકાન માટેની ડિમાન્ડ હતી એમાં તે સમયે આપણે એટલા માટે આપી શક્યા નથી કે જે તે સંસ્થાએ એમણે પોતે એનું મકાન ઊભું કરવાનું હોય છે છતાં પણ સરકારશ્રીને અભિનંદન આપું છું કે કયારેક આપણે ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયને પણ મકાનમાં પૂરક બનવા માટે સહાય આપીએ છીએ.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો પ્રશ્ન એટલો જ છે અને માનનીય મંત્રીશ્રી, આપ જે કહો છો એ ઠીક છે કે ટ્રાયબલની નિયમાનુસાર સમિતિ છે. એમાં હું એ પેટાપ્રશ્ન પૂછું છું કે આપે જે જવાબ આપ્યો એનાથી વિપરીત આયોજન ટ્રાયબલનું થાય છે. એમાં ધારાસભ્ય પોતે સભ્ય છે. તાલુકા કક્ષાનું છે. હું પોતે માનું છું. એમાં ફક્ત ૨૫ ટકા લેખે જ, બાકીનું બધું બારોબાર થાય છે અને આપ ધ્યાન ઉપર લેવા માગો છો કે કેમ? આ હકીકત સાચી છે કે ખોટી છે? અને બીજું...

અધ્યક્ષશ્રી : માનનીય કાન્તિભાઇ, અત્યારે જે પ્રશ્ન છે એનો જ તમે પેટા પ્રશ્ન પૂછી શકશો.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે આદિજાતિ દાખલાની વાત છે એ ટ્રાયબલની જ છે. વન વિભાગનું છે. મેં પેટાપ્રશ્ન તરીકે પૂછ્યો છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૫ ટકા બારોબાર વપરાય છે. હું એને સખત વખોડું છું. અમારી સરકાર કયારેય આવું કરવાની નથી છતાંયે માહિતી હોય તો મને આપજો.

અધ્યક્ષશ્રી : માનનીય કાન્તિભાઇ, આપ નીચે બેસો. તમને ઊભા થવાની મંજૂરી આપી નથી. ઇચ્છા થાય ત્યારે આપણે ઊભા થઇ જઇએ એવું ના હોય. વિધાનસભા નિયમથી ચાલે. આપણી ઇચ્છા થાય એટલે આપણે સ્પ્રિંગની જેમ ઊંચા થઇ જઇએ એવું ના હોય. તમારે મારી મંજૂરી માગવાની પછી હું મંજૂરી આપીશ.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪ જિલ્લામાં એક કરોડથી પણ વધારે આદિવાસી સમાજની વસતિ છે. એનો સર્વાંગી વિકાસ થાય, મુખ્ય ધારામાં આવે, બીજાની હરોળમાં આવી શકે એ માટે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય હર્ષભાઇ બિલકુલ ચિંતિત છે. હું શ્રી કાન્તિભાઇને કહું છું કે એમણે એક દિવસ અભિનંદન આપવા જોઇએ કે આ વખતના બજેટમાં કદાચ સૌથી સારી જોગવાઇ કરવામાં આવી હોય તો આદિવાસી સમાજ માટે કરવામાં આવી છે. તેમ છતાં હું શ્રી કાન્તિભાઇને આ ગૃહમાં પૂરી ખાતરી આપવા માગું છું કે બારોબાર કંઇ થતું નથી અને તમારા હસ્તક કોઇ રેકોર્ડ હોય તો મને આપજો કોઇને પણ છોડવામાં આવશે નહીં. દાખલાની જે વાત છે એમાં એમના સભ્યશ્રીએ જ ૧૬ નંબરનો પ્રશ્ન પૂછ્યો છે ત્યારે હું ચોક્કસ જવાબ આપીશ. ૧૬મા નંબરનો પ્રશ્ન જાતિ અંગેના દાખલાનો આવે જ છે અને એમાં હું જવાબ આપવા માટે બંધાયેલો છું. હું ત્યારે પૂરેપૂરો જવાબ આપીશ.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાનો ઉલ્લેખ કર્યો છે તો હું પૂછવા માગું છું કે ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં આદિવાસી વિસ્તારોમાં કાર્યરત હોય તેવી ઉત્તર બુનિયાદી, આશ્રમ શાળા, હાઇસ્કૂલથી માંડીને બધી જ સંસ્થાઓ આવી જાય છે. અત્યારે સરકારે જે નિયમ બનાવ્યો છે એ પ્રમાણે સરકાર પોતે ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાને ક્લાસરૂમ બનાવવા માટે કે એના માટે પૈસા આપતી નથી અને ધારાસભ્યશ્રી તરીકે અમે ગ્રાન્ટ આપીએ છીએ તે પણ જિલ્લા આયોજન અધિકારી મંજૂર કરતા નથી. આવી સંસ્થા કે જે આર્થિક રીતે પગભર અને સદ્ધર ના હોય એમાં શિક્ષણનો વિકાસ અટકી જાય છે, એ બાબતમાં સરકાર કોઇ વિચારવા માગે છે કે કેમ?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી તુષારભાઇની જે લાગણી છે એમાં જણાવું તો આપણે જિલ્લા અને તાલુકા કક્ષાએ ૯૦ ટકાનું આયોજન કરીએ છીએ. કોઇ જગ્યાએ એવું લાગે તો તમે ચોક્કસ જે તે જિલ્લાના પ્રાયોજના અધિકારીને આપજો. એમાં અમે પૂરક બનવાની પૂરી ખાતરી આપીએ છીએ. અત્યારે અમારી આ જોગવાઇ છે જ, કારણ કે આખરે તો અમારા ટ્રાયબલ બાળકો આમાં પ્રવેશ લેતાં હોય છે. એને બેલ્ટથી લઇને, વોશરૂમથી લઇને, બેન્ચિસથી લઇને કોઇપણ વસ્તુમાં જો આ સંસ્થાને મદદરૂપ થવાનું હશે તો અમે ચોકક્સ થઇશું. ૯૦ ટકાના આયોજનમાં પણ મદદરૂપ બનીશું અને મારી પાસે રાજ્યકક્ષામાં જે ૧૦ ટકાનું આવે છે એમાં પણ પૂરક બનવાના મારા પ્રયત્ન હશે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આજે ન્યુ ગુજરાત પેટર્ન યોજના છે એ આદિવાસી ૧૪ જિલ્લાઓ અને ૫૮ તાલુકાઓમાં આશીર્વાદરૂપ યોજના છે. ૯૦ ટકા જિલ્લા કક્ષાએ અને ૧૦ ટકા રાજ્ય સરકાર કક્ષાએ અમલીકરણ કરવામાં આવે છે ત્યારે રાજ્ય સરકારમાં ૧૦ ટકા આયોજન કરવામાં આવે છે એમાં કયા કયા પ્રકારના કામો લેવામાં આવે છે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ ટકામાં અધિકાર આમ તો કમિશ્નર લેવલે થાય છે તેમ છતાં અમારા ૨૭ ધારાસભ્યો છે એમાંથી કેટલાકની મને સીધી સંબોધીને માગણીઓ આવેલી હોય છે. રકમની મર્યાદાને ધ્યાનમાં રાખીને આ વખતે મને કહેતા આનંદ થાય છે કે ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતીની ભવ્ય રીતે ગુજરાતમાં ઉજવણી થઇ. ડેડિયાપાડા ખાતે જ્યારે આપણા યશસ્વી વડાપ્રધાન પોતે ઉપસ્થિતિ રહ્યા અને મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીયશ્રી હર્ષભાઇને અભિનંદન આપવા છે કે બોર્ડર વિસ્તારમાં રહેતા અમારા આદિવાસી બાળકો, આપણી છાત્રાલયોની મર્યાદા છે. કેટલાક લોકો ઘેરથી અપ-ડાઉન કરતા હોય છે. કોલેજ અને સ્કૂલનું અંતર વધવાના કારણે એમને મુશ્કેલી પડે અને અધવચ્ચેથી ભણવાનું છોડે. આ વખતે આવા અપ-ડાઉન કરતાં વિદ્યાર્થીઓ માટે ૧૧૧ બસ તે દિવસે ડિકલેર કરીને આપી. માનનીય શ્રી અરવિંદભાઇની ચિંતા છે એમાં ધારાસભ્યએ સમાજને સ્પર્શે એવા અને વિદ્યાર્થીઓને સ્પર્શે એવાં સારાં સારાં કામો સૂચવેલાં હોય, એ ધ્યાનમાં રાખીને ચોક્કસ રીતે દરેક જિલ્લાને લાભ આપવાના છીએ.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ કુલ કેટલાં કામો અને કેટલાં ખર્ચનાં કામો મંજૂર કરવામાં આવ્યાં છે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠામાં અમારા ૯૦ ટકા પ્રમાણે જિલ્લાનો હિસ્સો છે એમાં નાણાકીય જોગવાઇ રૂપિયા ૧૪ કરોડ મંજૂર થયેલ. ખાસ કરીને આયોજન સવાયુ-દોઢું આવતું હોય છે. કુલ રૂપિયા ૧૫.૨૬ કરોડનું આયોજન હતું અને કુલ કામોની સંખ્યા ૩૮૫ હતી. એ રીતે ૯૦ ટકામાં મોટાભાગનાં કામો તમારા જિલ્લામાં થયાં છે અને ૧૦ ટકામાં બન્ને વર્ષની રકમ ગયા વખતની આવી ગઇ છે. આ વખતે પણ મારા જિલ્લાને રકમ ચોક્કસ રીતે મળશે.

અમદાવાદ હાટ ખાતે હાથશાળ-હસ્તકલા મેળાઓ

***15/8/1290 શ્રી અમીત શાહ** (એલીસબ્રીજ): **માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ હાટ ખાતે કુલ કેટલા હાથશાળ-હસ્તકલાના મેળાઓ યોજવામાં આવ્યા,	(૧)	૩૬
(૨)	ઉક્ત સ્થિતિએ અમદાવાદ હાટ ખાતે યોજાયેલ હાથશાળ-હસ્તકલાના મેળાઓમાં કારીગરો દ્વારા કુલ કેટલી રકમનું વેચાણ કરવામાં આવ્યું, અને	(૨)	૧૯૨૭.૭૯ લાખ

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમદાવાદ વસ્ત્રાપુર ખાતે આવેલ હાટમાં હસ્તકલા કારીગરોનું એક્ઝિબિશન અને વેચાણ થાય છે. તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં ત્યાં કેટલા આવા મેળાઓ અને પ્રદર્શનો થયાં અને એનાથી કારીગરોને કોઇ લાભ થાય છે કે નહીં અને એના વેચાણથી કેટલો લાભ થયો?

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ વસ્ત્રાપુર હાટ ખાતે હાથશાળ અને હસ્તકલાના કુલ ૩૬ મેળાઓ યોજવામાં આવ્યા હતા. એમાં કારીગરો દ્વારા અંદાજિત રૂપિયા ૧૯ કરોડ ૨૮ લાખની રકમનું વેચાણ કરવામાં આવ્યું હતું. આ મેળાઓ યોજવાથી કારીગરો અને ગ્રાહકો સાથે સીધો સંપર્ક મળે અને મધ્યસ્થી વગર વેચાણ કરી શકે. એના કારણે નફો પણ મળ્યો. મેળા દરમિયાન સારા વેચાણથી રોજગારીમાં નોંધપાત્ર વધારો થયો. સ્થાનિક તેમજ બહારગામના ગ્રાહકો સમક્ષ પોતાની કળા અને ઉત્પાદન રજૂ કરવાની તક મળી, જેથી ઓળખ અને વિશ્વસનીયતા વધી. એમની પરંપરાગત કળાને પ્રશંસા મળતા આત્મવિશ્વાસ વધ્યો અને વધુ ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે પ્રેરણા મળી. દૂર પ્રવાસ ના કરી શકતા ગ્રામીણ અને મહિલા કારીગરોને શહેરમાં વેચાણ માટે પ્રોત્સાહન મળ્યું.

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ઇન્ડેક્ષ-સી દ્વારા કારીગરોને સ્ટોલની ફાળવણી કઇ રીતે કરવામાં આવે છે અને સ્ટોલનું ભાડું શું હોય છે?

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્ડેક્ષ–સી દ્વારા મેળાદીઠ કારીગરો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. ઓનલાઇન આવેલી અરજીઓનો ઓનલાઇન ડ્રો કરીને સ્ટોલની ફાળવણી કરવામાં આવે છે. વધુમાં કારીગરો પાસેથી પ્રતિ દિન પ્રત્યેક સ્ટોલ દીઠ રૂ.૨૩૬ જી.એસ.ટી. સાથે ટોકન ભાડું વસૂલ કરવામાં આવે છે.

બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

*** 15/8/1293 શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (**દિયોદર**): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **:–**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને	(૧)	હા,જી
(૨)	જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ લાભાર્થીઓને કયા પ્રકારના લાભ આપવામાં આવેલ છે?	(૨)	કુલ ૪૫૭૦ આદિજાતિ લાભાર્થીઓને આ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી મગફળી અથવા બાજરી પૈકી કોઇ એક બિયારણ તથા પ્રોમ ખાતર, એ.પી.એસ.ખાતર અને નેનો યુરીયાની બોટલ આપવામાં આવેલ છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ નાણાકીય જોગવાઇ કેવી રીતે કરવામાં આવે છે અને છેલ્લાં પાંચ વર્ષની અંદર એની પાછળ કેટલો ખર્ચ થયો અને કેટલા લાભાર્થીઓને આનો લાભ આપવામાં આવ્યો છે?

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે મારા આદિવાસી ભાઇઓ માટે આ યોજના છેક છેવાડાના માનવી સુધી પહોંચાડી છે તે બદલ સરકારશ્રીનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. જ્યારે આ યોજના હેઠળ આદિજાતિ વિકાસ વિભાગ વનબંધુ કલ્યાણ યોજના–૧૯ અંતર્ગત સરકાર દ્વારા ચાલુ બાબત તરીકે દર વર્ષે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ ઉપરાંત આવશ્યકતા અનુસાર સરકારશ્રી પુરસ્કૃત આર્ટિકલ ૨૭૫(૧) હેઠળ ગ્રાન્ટની માગણી કરવામાં આવે છે. આ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૧૬૯.૭૨ કરોડના ખર્ચે કુલ ૪,૫૫,૨૪૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ઓનલાઇન પોર્ટલના માધ્યમથી બિલકુલ પારદર્શી રીતે અમલીકરણ થાય છે. આદિજાતિ ખેડૂતો દ્વારા ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. ભૌગોલિક પરિસ્થિતિના આધારે વિચારણા કરવામાં આવે છે. તાલુકા કક્ષાએ પદાધિકારીઓની હાજરીમાં પારદર્શક રીતે કૃષિ કીટનું વિતરણ કરવામાં આવે છે.

સુરત શહેરમાં શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ

***15/8/1311 શ્રી અરવિંદ શાંતિલાલ રાણા** (સુરત (પુર્વ)): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		**જવાબ**
(૧)	રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?	(૨)	૫૬૫૮

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટ (એસ.પી.સી.) હેઠળ તાલીમ આપવામાં આવે છે. તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સુરત શહેરમાં ૫,૬૫૮ બાળકોને આ તાલીમ આપવમાં આવી હતી. મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટ નીતિ અમલીકરણના મુખ્ય હેતુઓ કયા કયા છે? અને સ્ટુડન્ટ પોલીસ કેડેટની પસંદગી શાળામાં કેવી રીતે કરવામાં આવે છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કાયમ માટે કહ્યું છે કે બાળકોની ચિંતા તો કરવી પણ સાથોસાથ આપણાં બાળકોને યોદ્ધા બનાવવા જોઇએ. એ અનુસંધાને સ્ટુડન્ટ પોલીસ કેડેટ નીતિનો હેતુ બાળકોને શરૂઆતથી કાયદા પ્રત્યે માન, કૌશલ્ય, વિકાસ, સ્વશિસ્ત, આદર્શ નાગરિકતા, બિનસાંપ્રદાયિકતા, સમાજના તમામ વર્ગ પ્રત્યે સહાનુભૂતિ અને સામાજિક અનિષ્ટો સામે પ્રતિકાર જેવા ગુણોનું ઘડતર થાય

અને આપણા રાજ્યનું ભવિષ્ય એવાં આ બાળકોને લોકશાહી અને સમાજના જવાબદાર નાગરિક તરીકે તેઓ જવાબદારીનું વહન કરે. રાજ્ય સરકાર અથવા અર્ધસરકારી શાળાઓમાં પસંદગી કરે તે શાળાના ધોરણ–૮, ધોરણ–૯ના વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટની પસંદગી કરવામાં આવે છે. સ્ટુડન્ટ પોલીસ કેડેટમાં કુલ બે વર્ષની તાલીમ આપવામાં આવે છે. જેમાં પ્રથમ વર્ષમાં વિદ્યાર્થીઓને જુનિયર કેડર્સ અને બીજા વર્ષમાં સિનિયર કેડર્સ તરીકેની ઓળખ આપવામાં આવે છે. એક બેચમાં ૪૪ કેડર હોય છે જેમાં ૨૨ વિદ્યાર્થીઓ અને ૨૨ વિદ્યાર્થિનીઓની એક પ્લાટુન બનાવવામાં આવે છે આ પ્રકારની આ યોજનાની વ્યવસ્થા કરવામાં આવે છે.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું આમ તો જવાબ આવી ગયો છે પણ સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના હેઠળ કયા કયા પ્રકારની તાલીમ આપવામાં આવે છે અને કેટલા સમય માટે આપવામાં આવે છે ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના હેઠળ બે પ્રકારની તાલીમ આપવામાં આવે છે. એમાં ઇન્ડોર તાલીમ અને આઉટડોર તાલીમ. ઇન્ડોર તાલીમમાં પોલીસ દ્વારા ગુનાઓનું નિવારણ કઇ રીતે કરવામાં આવે છે અને તેનું નિયંત્રણ કરવા સારુ પોલીસ દ્વારા શું કામગીરી કરવામાં આવે છે તેની સમજ આપવામાં આવે છે. આ ઉપરાંત સામાજિક દૂષણો, મહિલાઓ અને બાળકોની સલામતી, ભ્રષ્ટાચાર સામેની લડાઇ તેવા વિષયો ઉપર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઉટડોર તાલીમમાં વ્યસન મુકિત, સ્વચ્છતા અભિયાન, માર્ગ સલામતી અને ટ્રાફિક જાગૃતિ, પર્યાવરણની જાળવણી, વૃક્ષારોપણ જેવા કાર્યક્રમો હાથ ધરી વિદ્યાર્થીઓમાં જાગૃતતા પણ લાવવામાં આવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પરેડ, ફિલ્ડ વિઝિટ, યોગ, વ્યાયામ, રમત–ગમતનું આયોજન, એડવાન્સ તાલીમનું આયોજન કરી અને શારીરિક અને માનસિક રીતે પણ સક્ષમ બનાવવામાં આવે છે. એવી જ રીતે સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના હેઠળ દર અઠવાડિયામાં ચાર કલાસ ઇન્ડોર અને ચાર કલાસ આઉટડોર તે પ્રકારની તાલીમ આપવામાં આવે છે.

રાજકોટ જિલ્લામાં વાજપાઇ બેંકેબલ યોજના

*** 15/8/1360 શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા** (ગોંડલ) : **માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,	(૧)	૪૧૫૭
(૨)	તે પૈકી કેટલી અરજીઓની ભલામણ બેંકોને કરવામાં આવી, અને	(૨)	૪૧૫૭
(૩)	તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?	(૩)	૨૯૧૩

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૧–૧–૨૦૨૫થી તા. ૩૧–૧૨–૨૦૨૫ સુધીના સમયગાળામાં શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના અન્વયે રાજકોટ જિલ્લા પૈકી મારા વિધાનસભા મતવિસ્તાર ગોંડલ તાલુકામાં કેટલી લોન અરજીઓ આવેલી છે અને કેટલી લોન અરજીઓની ભલામણ થયેલી છે તેમજ કેટલી લોન અરજીઓ મંજૂર થયેલી છે ?

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧–૧–૨૦૨૫થી તા.૩૧–૧૨–૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના અન્વયે ગોંડલ તાલુકામાં ૩૨૧ લોન અરજીઓ મળેલ હતી અને આ તમામ લોન અરજીઓની ભલામણ બેન્કને કરવામાં આવેલ. જયારે કુલ–૨૪૦ લોન અરજીઓ બેન્ક દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ તો હું આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રીને અને માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું કારણ કે ગત વર્ષ ૨૦૨૫થી અત્યાર સુધીમાં આ શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના અંતર્ગત ગુજરાત રાજ્યે ૧૬૦ ટકાથી પણ વધારે સિદ્ધિ હાંસલ કરી છે અને તેનાથી પણ વિશેષ અત્યાર સુધીમાં ૪૨ હજાર લોકોએ આનો લાભ લીધો છે અને અંદાજીત ૪૦૦ કરોડથી પણ વધારાની સબસિડી આપવામાં આવી છે. એટલે હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે, આ યોજના અંતર્ગત હવે આમાં સબસિડીમાં આપ કોઇ વધારો કરવા માગો છો કે કેમ ?

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં અગાઉ રૂપિયા ૮ લાખની મહત્તમ લોન મર્યાદા સામે રૂપિયા ૧ લાખ ૨૫ હજારની મહત્તમ સબસિડી સહાય આપવામાં આવતી હતી પણ સરકારશ્રીના તારીખ ૯–૫–૨૦૨૫ના ઠરાવથી લોન મર્યાદા ૮ લાખથી વધારીને રૂપિયા ૨૫ લાખ તથા મહત્તમ સબસિડી સહાય રૂપિયા ૧ લાખ ૨૫ હજારથી વધારી

જનરલ કેટેગરી માટે રૂપિયા ૩ લાખ ૭૫ હજાર તથા એસ.ટી./એસ.સી. કેટેગરી અને દિવ્યાંગ માટે રૂપિયા ૫ લાખ કરવામાં આવેલ છે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સદરહુ યોજનામાં જે ફેરફાર થયેલ છે તેના કારણે રાજકોટ જિલ્લામાં લાભાર્થીઓની સંખ્યા અને તેઓને આપવામાં આવેલ સહાયમાં છેલ્લાં એક વર્ષમાં કોઇ વધારો થયેલ છે કે કેમ ?

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના અંતર્ગત તારીખ ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ-૭૧૪ લાભાર્થીઓને અંદાજીત રૂપિયા ૫ કરોડ ૨૩ લાખની સહાય ચૂકવવામાં આવેલ હતી. જયારે તારીખ ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ-૨૦૬૩ લાભાર્થીઓને રૂપિયા ૧૯ કરોડ ૩૩ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે. આમ, આ યોજનામાં આપવામાં આવતા લાભમાં વધારો થવાથી સબસિડી સહાયમાં છેલ્લા એક વર્ષમાં લાભાર્થીની સંખ્યામાં આશરે ૧૯૦ ટકા અને સબસિડી ચૂકવવામાં આશરે ૨૭૦ ટકા જેટલો વધારો થયેલ હોવાનું જોવા મળે છે.

ઘોરડો ખાતે લાઈટ એન્ડ સાઉન્ડની કામગીરી

***15/8/1338 શ્રી કેશુભાઈ શીવદાસ પટેલ** (ભૂજ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(પ્રવાસન)**જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘોરડો ખાતે લાઈટ એન્ડ સાઉન્ડની કોઈ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા,જી.
(૨)	જો હા, તો સદર કામગીરી પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે , અને	(૨)	રૂ.૬,૭૪,૯૫,૦૮૫/-
(૩)	સદર કામગીરીમાં ક્યા કમ્પોનન્ટનો સમાવેશ કરવામાં આવેલ છે?	(૩)	ઘોરડો ખાતે લાઈટ અને સાઉન્ડની કામગીરીમાં, • લાઈટ અને સાઉન્ડ શો, • પ્રોજેક્ટર, • સાઉન્ડ સીસ્ટમ, • એસીપી શીટ, • અલગ અલગ પ્રકારની લાઈટીંગ, • સ્ક્રીપ્ટ, વોઇસ ઓવર કમ્પોનન્ટનો સમાવેશ કરવામાં આવેલ છે.

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રમાં છેલ્લાં ઘણાં વર્ષોથી આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇની દ્રષ્ટિથી આખી સરકીટ ઊભી થઇ છે અને કચ્છ જેવા છેવાડાના વિસ્તારમાં જે રીતે દેશ અને દુનિયામાં ટુરિઝમ ક્ષેત્રે ઘોળાવીરા હોય, ઘોરડો હોય, નારાયણ સરોવર, કોટેશ્વર હોય, માતાનો મઢ હોય, માંડવી બીચ હોય દિન-પ્રતિદિન જયારે વિકાસની આખી સરકીટ મોટી થતી જાય છે ત્યારે હું આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રી પ્રવાસનને પૂછવા માગું છું કે છેલ્લે તા.૩૧-૧૨-૨૦૨૫ સુધી ઘોરડો ખાતે સાઉન્ડ અને લાઇટનો શો કરવામાં આવે છે એ કરવામાં આવ્યો છે કે નહીં અને જો કરવામાં આવ્યો હોય તો એની પાછળ કેટલો ખર્ચ થયો છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છનું જે આ ઘોરડો એ દુનિયાનું એક માત્ર સફેદ રણ છે અને માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછયો છે એના જવાબ તો આમાં અપાઇ જ ગયો છે પણ એમણે જે ખર્ચની વાત કરી રુ. ૬,૭૪,૯૫,૦૮૫ કરોડનો ખર્ચ થયેલ છે. ઘોરડો ખાતે રણોત્સવ દરમિયાન લાઇટ અને સાઉન્ડ શોમાં મુખ્યત્વે જયાં નિદર્શન કરવામાં આવે છે એની વાત કરીએ તો ઘોરડો ખાતે રણોત્સવ દરમિયાન લાઇટ અને સાઉન્ડ શો રણ અને ભૂમીની થીમ ઉપર બનાવવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે આ મુજબની કથાને આવરી લેવામાં આવે છે. પાંચ હજાર વર્ષ જૂની હડપ્પન સંસ્કૃતિ જેમાં ઘોળાવીરામાં થયેલ નગર આયોજન અને શિલ્પોની બેનમૂન કામગીરી અને યુનેસ્કો દ્વારા જાહેર કરાયેલ વિશ્વ ધરોહર સ્થળ તથા તેને અત્યારની સંસ્કૃતિ સાથે કેવી રીતે કંડારવામાં આવે છે તેની વિગત, કોટેશ્વર મંદિરનો પૌરાણિક ઇતિહાસ તથા તેની સાથે ભગવાનની ગાથાનું વર્ણન, કચ્છનાં હજારો વર્ષોના ઇતિહાસને દર્શાવતી જારાની લડાઇનું વર્ણન, ૧૯૭૧માં થયેલ યુદ્ધ સમયે કચ્છની મહિલાઓનું અભૂતપૂર્વ યોગદાન, આખા વર્ષમાં પ્રસિદ્ધ એવી કચ્છની કળાનું વિશેષ વર્ણન કરવામાં આવે છે. સન ૨૦૦૧માં આવેલ ભૂકંપ અને ત્યાર બાદ કચ્છના વિકાસની ગાથા, કુદરતી આફત અને ત્યાર બાદ આજના કચ્છનું વિશેષ વર્ણન, કચ્છના બેનમૂન અને મંત્રમુગ્ધ કરતા સફેદ રણને નિહાળવા માટે દેશ વિદેશથી પ્રવાસીઓ આવે છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને આપના માધ્યમથી એક વિષય પણ જાણમાં મૂકવા માગું છું કે મરુભૂમી રણને માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિશ્વનું અને ભારતનું તોરણ બનાવ્યું અને એ તોરણની અંદર અનેક તારલાઓ દાદાની સરકારે એક પછી એક વિશેષ આમાં અનેક જાતના જોવાલાયક સ્થળો ઉમેરાયા અને એના કારણે મારો એક અનુભવ જે આપના માધ્યમથી કહેવા માગું છું કે સામાન્ય વ્યકિતને ફાયદો કેમ થાય, આજે લાઇટ એન્ડ સાઉન્ડ શોની જે ચર્ચા થઇ રહી છે એ લાઇટ એન્ડ સાઉન્ડ શો સુધી જવા માટે ઉંટગાડીઓ મારફતે પ્રવાસીઓને લઇ જવા પડતા હોય છે અને એ પ્રવાસી ૨૫ રૂપિયા, ૫૦ રૂપિયા શુલ્ક આપીને ત્યાં જતા હોય છે, એક ઉંટગાડી ચાલકને ૨૦ હજાર રૂપિયાનો રોજનો ફાયદો થાય છે. આ જે આવક થઇ છે એ સામાન્ય ગરીબ માણસને થઇ છે. આટલો ફાયદો થયો છે, ગુજરાત સરકારે એક પછી એક જોવાલાયક વસ્તુઓ એમાં મૂકી છે તો અભિનંદન સાથે પૂછવા માગું છું કે એમાં લાઇટ એન્ડ સાઉન્ડ શો માં ત્યાં આવેલા પ્રવાસીઓને લાઇટ એન્ડ સાઉન્ડ શો માં આખા કચ્છની અને ગુજરાતની વાત બતાવી છે તે લાઇટ એન્ડ સાઉન્ડ શો કયારથી શરૂ થયો, રોજ કેટલા શો કરવામાં આવે છે અને અત્યાર સુધી કેટલા લોકોએ એક સાથે બેસી અને શો જોઇ શકે છે એ જાણવા માગું છું? રોજ કેટલા શો થાય છે અને કયારથી શરૂ થયો?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, ધોરડો ખાતે શરૂ કરવામાં આવેલ લાઇટ એન્ડ સાઉન્ડ શૉ તા.૨૬/૧૨/૨૦૨૩ના રોજથી શરૂ કરવામાં આવેલ છે. રણોત્સવ દરમિયાન રોજના બે શૉ ચલાવવામાં આવે છે અને એક સાથે ૨૫૦ પ્રવાસીઓ આ શૉ નિહાળી શકે છે.

ભરૂચ જિલ્લામાં શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ

***15/8/1312 શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા** (વાગરા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?	(૨)	૪૪૦૦

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ લીધેલ કેડેટ્સ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મારે દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય મોદી સાહેબ, રાજ્યના મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આદરણીય નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવીને અભિનંદન આપવા છે કે, હજારો બાળકોના ભવિષ્ય માટે સરકારે જે યોજના બનાવી છે એની વાત કરું તો ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૨૪માં રૂ.૬૨,૪૯,૪૦૧/- અને વર્ષ ૨૦૨૫માં રૂ.૪૫,૪૩,૫૨૯/- એમ કુલ મળીને રૂ.૧,૦૭,૯૨,૯૩૦/-નો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી : માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન સમયમાં સમાજમાં જે નવા-નવા પડકારો ઊભા થઇ રહ્યા છે એમાં ગૃહ વિભાગ દ્વારા જે યોજનાઓ ચાલે છે એની સાથે-સાથે આ નવા પડકારો સામે લડવા માટે વિદ્યાર્થીઓને વધારે પ્રભાવી તાલીમ મળી શકે એ માટે વિભાગનું કોઇ આયોજન છે કે કેમ? અને જો હા તો એની વિગતો શું છે એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અંતર્ગત આપવામાં આવતી તાલીમ એ માત્ર શારીરિક તાલીમ નથી. જે રીતે તાલીમ હોલિસ્ટીક એપ્રોચ અપનાવીને રાજ્યની યુવા પેઢીને શિસ્તબદ્ધ, જવાબદાર, કાનૂનપ્રેમી અને સમાજસેવા માટે સમર્પિત નાગરિક તરીકે ઘડતર કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. કુદરતી હોનારત દરમિયાન બિનજોખમકારક પ્રવૃત્તિઓમાં અસરગ્રસ્ત વિસ્તારને સહાય, વ્યસન મુક્તિના કાર્યક્રમો, સિનિયર સિટિઝનને સલામતી, ટ્રાફિક જાગૃતિ, રમત-ગમત અને પરેડની તાલીમ પણ આપવામાં આવે છે. બોટાદ જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનામાં સિટિઝન સુરક્ષા અને સલામતી માટે દાદા – દાદી દોસ્ત અભિયાનની શરૂઆત કરવામાં આવેલ છે. આ અભિયાન અંતર્ગત કેડટ્સ દ્વારા પોલીસ વિભાગની ટીમ સાથે રહીને સિનિયર સિટીઝનની રૂબરૂ મુલાકાત કરવામાં આવે છે. તેમજ વડીલોના ઘરે જઇ તેઓની સારસંભાળ લઇ તેઓની જરૂરિયાત મુજબની કામગીરી પણ કરવામાં આવે છે. આ ઉપરાંત બદલાતા સમયની સાથે રાજ્યની યુવા પેઢીને ઇન્ફોર્મેશન ટેકનોલોજી, સાયબર સિક્યોરિટી, નશીલા માદક પદાર્થોનો ઉપયોગ, આતંકવાદ જેવા સંવેદનશીલ વિષયો સામે લડવા માટે પ્રોત્સાહિત પણ કરવામાં આવે છે. સ્ટુડન્ડ પોલીસ કેડેટ યોજના હેઠળ મારા ભરૂચ જિલ્લાની વાત કરું તો ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં દિવાન ઘનજી શાળામાં ભણેલ સંતોષ વસાવાએ સ્ટુડન્ટ પોલીસ તાલીમ લીધેલ હતી

અને તેઓ રાજ્યની પોલીસ ભરતીની પરીક્ષામાં પાસ થઈ ભરૂચ જિલ્લામાં પોલીસ કૉન્સેબલ તરીકે ફરજ પણ બજાવે છે. આ યોજના થકી આવા હજારો વિદ્યાર્થીઓને ફાયદો પણ મળે છે.

છોટા ઉદેપુર જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો

***15/8/1306 શ્રી જયંતિભાઈ સવજીભાઈ રાઠવા** (જેતપુર (એસ.ટી.))**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત કેટલી ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો આવેલી છે,	(૧)	૫૩
(૨)	ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવેલ છે, અને	(૨)	૨૨૮૮
(૩)	છાત્રાલયો માટે વર્ષ:૨૦૨૫–૨૬માં કેટલી બજેટ જોગવાઈ કરવામાં આવી છે?	(૩)	રૂ. ૧૧.૦૫ કરોડ

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, છોટાઉદેપુર જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય યોજના અંતર્ગત છેલ્લાં ૩ વર્ષમાં કેટલી નાણાકીય જોગવાઇ કરવામાં આવી અને વર્ષવાર કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો?

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ.૧૨૮ કરોડની માતબર રકમ આ યોજના હેઠળ વાપરવામાં આવી. જેમાં કુલ ૫,૦૬,૦૮૭ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો. વર્ષ ૨૦૨૪–૨૫માં ઉક્ત યોજના હેઠળ રૂ.૧૬૫.૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવી અને તેમાં કુલ ૪૭,૫૫૫ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો. વર્ષ ૨૦૨૫–૨૬માં ઉક્ત યોજના અંતર્ગત રૂ.૧૧૧.૩૮ કરોડની જોગવાઇ કરવામાં આવી અને તેમાં કુલ ૫૬,૪૫૩ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી નિભાવ ગ્રાન્ટ સંસ્થાને ચૂકવવામાં આવે છે? અને છેલ્લા પાંચ વર્ષમાં નિભાવ ગ્રાન્ટમાં ક્યારે ક્યારે વધારો કરવામાં આવેલ છે? તેમજ હાલમાં નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા અંગે કોઇ આયોજન છે કે કેમ?

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ રૂ.૨૧૬૦/– નિભાવ ગ્રાન્ટ ડી.બી.ટી.ના માધ્યમથી ચૂકવવામાં આવે છે. સરકારશ્રી દ્વારા તા.૧૧/૦૪/૨૦૨૨ના ઠરાવથી રૂ.૧૫૦૦/–ની નિભાવ ગ્રાન્ટમાં રૂ.૬૬૦/–નો વધારો કરીને હાલ રૂ.૨૧૬૦/– નિભાવ ગ્રાન્ટ કરવામાં આવી છે. હાલ વર્ષ ૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં સદર યોજના હેઠળ વિદ્યાર્થીઓને હાલમાં ચૂકવવામાં આવતી રૂ.૨૧૬૦/–ની નિભાવ ગ્રાન્ટમાં રૂ.૩૪૦/–નો વધારો કરીને રૂ.૨૫૦૦/– સૂચિત કરવામાં આવી છે.

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

***15/8/2084 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા** (સોમનાથ)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th colspan="3">જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ જિલ્લા અને જૂનાગઢ શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,</td><td>(૧)</td><td colspan="3">પત્રક મુજબ</td></tr>
<tr><td rowspan="4">(૨)</td><td rowspan="4">ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,</td><td rowspan="4">(૨)</td><td colspan="3">પરત મળેલ મહિલાઓ અને બાળકો</td></tr>
<tr><td>જિલ્લાનું નામ</td><td>મહિલાઓ</td><td>બાળકો</td></tr>
<tr><td>ગીર સોમનાથ</td><td>૧</td><td>૪૫</td></tr>
<tr><td>જૂનાગઢ</td><td>૧</td><td>૧૪૫</td></tr>
<tr><td rowspan="4">(૩)</td><td rowspan="4">ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને</td><td rowspan="4">(૩)</td><td colspan="3">શોધવાના બાકી મહિલાઓ અને બાળકો</td></tr>
<tr><td>જિલ્લાનું નામ</td><td>મહિલાઓ</td><td>બાળકો</td></tr>
<tr><td>ગીર સોમનાથ</td><td>૦</td><td>૧</td></tr>
<tr><td>જૂનાગઢ</td><td>૦</td><td>૭</td></tr>
</table>

(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિદ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.

પત્રક

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

જિલ્લો	તાલુકો	તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા		તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા	
		મહિલા	બાળકો	મહિલા	બાળકો
ગીર સોમનાથ	વેરાવળ	૦	૨	૦	૪
	સુત્રાપાડા	૦	૫	૦	૩
	તાલાલા	૦	૧	૦	૨
	કોડીનાર	૦	૪	૦	૫
	ઉના	૦	૪	૦	૨
	ગીરગઢડા	૦	૬	૧	૮
જૂનાગઢ	જુનાગઢ	૦	૨૬	૦	૩૩
	વંથલી	૦	૬	૦૧	૩
	મેંદરડા	૦	૭	૦	૧
	કેશોદ	૦	૧૬	૦	૫
	માણાવદર	૦	૬	૦	૯
	માંગરોળ	૦	૪	૦	૪
	માળિયા હાટીના	૦	૭	૦	૩
	વિસાવદર	૦	૯	૦	૭
	ભેસાણ	૦	૩	૦	૩

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગીર–સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જે બાળકો ગુમ થયેલ છે તે પૈકી ગીર–સોમનાથ જિલ્લામાં એક બાળક અને જૂનાગઢ જિલ્લામાં ૭ બાળકો હજુ સુધી મળેલ નથી. શું તેમાં માનવ તસ્કરીની કોઇ શક્યતા તપાસવામાં આવી છે? શું આ પાછળ કોઇ સંગઠિત ગેંગ સક્રિય હોવાનું બહાર આવ્યું છે? મારો બીજો પ્રશ્ન એ છે કે ગીર–સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં ગુમ થયેલ બાળકો અને મહિલાઓના કેટલા કિસ્સામાં અપહરણના ગુના નોંધાયેલા છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ પરિવાર માટે તેમનું સંતાન એ માત્ર લોહીનો સંબંધ નથી પણ તેમના જીવનની મૂડી અને આંખની કીકી સમાન હોય છે. જ્યારે એક નાનકડું બાળક તેમના પરિવારથી વિખૂટું પડે છે ત્યારે એ પરિવાર ઉપર આભ તૂટી પડે અને ધ્રુજારી આવી જાય તે પ્રકારની કલ્પના આપણને થતી હોય છે. ખાસ કરીને પોલીસ તંત્રને જેવી ફરિયાદ મળે છે ત્યારે જ પોલીસ એક્શનમાં આવીને જે તે બાળક માતા-પિતાને પરત મળે તે માટે તાત્કાલિક કાર્યવાહી પણ કરે છે અને ગોલ્ડન અવરમાં કોમ્યુનિકેશન, નાકાબંધી વગેરે દ્વારા બાળકો શોધી કાઢવાના પ્રયત્નો કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૨૪માં ૮૪ બાળકો ગુમ થયાની ફરિયાદ મળી હતી. જે પૈકી ૬૯ પ્રેમ પ્રકરણના કેસો, ૬ માતા-પિતા દ્વારા મળેલ ઠપકાના કારણે અને ૭ કેસોમાં કોઇ અગમ્ય કારણોસર કોઇને કહ્યા વગર જતા રહ્યા હતા. જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૨૫માં ૬૮ બાળકો ગૂમ થયાની ફરિયાદ મળી હતી. જે પૈકી ૪૯ પ્રેમ પ્રકરણના કેસો, ૧ માતા-પિતા દ્વારા મળેલ ઠપકાના કારણે અને ૧૬ કેસોમાં કોઇ અગમ્ય કારણોસર કોઇને કહ્યા વગર જતા રહ્યા હતા. આ ૧૫૨ ગુમ થયેલ બાળકો પૈકી તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ૭ બાળકો શોધવાના બાકી હતા. જે પૈકી આજની તારીખે ૫(પાંચ) બાળકો શોધી કાઢેલ છે. જ્યારે ૨(બે) બાળકો શોધવાના બાકી છે. તેમની તપાસ ખૂબ કડકાઇથી ચાલી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગીર-સોમનાથ જિલ્લામાં વર્ષ ૨૦૨૪માં ૨૨ બાળકો ગુમ થયાની ફરિયાદ મળી હતી. તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તમામ બાળકો પરત લાવી તેમના માતા-પિતાને સોંપવામાં આવેલ છે. તેવી જ રીતે ગીર-સોમનાથ જિલ્લામાં વર્ષ ૨૦૨૫માં કુલ ૨૪ બાળકો અને ૧ મહિલા ગુમ થયાની ફરિયાદ મળી હતી. જે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ માત્ર ૧ બાળક શોધવાનું બાકી હતું, જે તા.૨૩/૧૨/૨૦૨૬ના રોજ શોધી કાઢવામાં આવેલ છે. હાલની સ્થિતિએ એકપણ મહિલા કે બાળક શોધવાના બાકી રહેલ નથી. સામાન્ય રીતે, બાળકો પ્રેમ-પ્રકરણ, માતા-પિતાના ઠપકા, માનસિક અસ્થિરતા, લગ્ન કરવાના ઇરાદા જેવા કારણોસર ઘર છોડીને જતા હોય છે. જ્યારે કોઇપણ બિનવારસી બાળક મળી આવે ત્યારે તેનો ફોટો 'વાત્સલ્ય' પોર્ટલ પર અપલોડ કરવામાં આવે છે. 'વાત્સલ્ય' પોર્ટલ પર ગુમ થયેલ બાળકોના ફોટા સાથે એમને મેચ પણ કરવામાં આવતા હોય છે. એવી જ રીતે, નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરો-૨૦૨૩ના ડેટા પ્રમાણે બાળકો સામેના ગુનાઓમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં ૨૭માં ક્રમે અને તળિયાનું સ્થાન ધરાવે છે. આ પ્રકારની કામગીરી આ રાજ્યની પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. બાળકો ગુમ થાય ત્યારે નામદાર સુપ્રીમકોર્ટ અને કાયદાકીય જોગવાઇ મુજબ કાનૂની કાર્યવાહી કરવામાં આવતી હોય છે. આ પ્રકારની કામગીરી આપણા પોલીસ વિભાગ દ્વારા અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી હોય છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે જવાબ આપ્યો છે એ માનનીય મંત્રીશ્રી વાંચે છે. એના સિવાય મેં સવાલ પૂછ્યો છે કે, ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લા પૈકી ગીર-સોમનાથમાં ૧ બાળક અને જૂનાગઢમાં ૭ બાળક મળ્યાં નથી. તો તેમાં માનવ તસ્કરીની કોઇ શક્યતા છે કે કેમ? અથવા કોઇ સંગઠિત ગેંગ સક્રિય છે કે કેમ? અને બાળકો અને મહિલામાંથી કેટલા કિસ્સામાં કેટલા ગુના નોંધાયેલા છે? આ બે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ આપ્યો છે કે ૭ બાળકો પૈકી ૫ બાળકો શોધી કાઢેલ છે. ૨ બાળકો શોધવાના બાકી છે. પોલીસ કડકાઇથી કામગીરી કરી રહી છે અને આગામી દિવસોમાં એમને પણ શોધી કાઢવામાં આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીનું એવું કહેવું છે કે કોઇ ગેંગ સક્રિય હોય એવું ધ્યાનમાં આવેલ છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબમાં પણ કહ્યું છે કે કોઇ લગ્નના બહાને જતા રહ્યા છે, કોઇ માનસિક અસ્થિરતાના કારણે જતા રહ્યા છે.

અધ્યક્ષશ્રી : આ તો કારણો કહ્યાં.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઇ ગેંગ સામે આવી નથી.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ મોટો એક સામાજિક વિષય છે. ગામડાઓમાં અને ગુજરાતના કોઇપણ ખૂણે નાનું ૧૬-૧૭ વર્ષનું બાળક હોય, પ્રેમ-પ્રકરણ હોય, પ્રેમ-પ્રકરણમાં ૧૮ વર્ષ પહેલાં લગ્ન ન થતા હોય એવા લોકો પણ ભાગતા હોય છે. આ પ્રકરણમાં સામાવાળો છોકરો ૧૮ વર્ષથી ઉપરનો હોય તો તેની પર પગલાં ભરવામાં આવે છે. માનનીય મંત્રીશ્રીએ આંકડામાં કહ્યું કે ૪૮ લોકો પ્રેમ-પ્રકરણમાં ભાગ્યા છે. બીજા અન્ય લોકો કયા-કયા પ્રકરણમાં ભાગ્યા છે એની પણ માહિતી આપી છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે આવી કોઇ ગેંગ છે કે નહીં? આનો જ માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. એની સંપૂર્ણ ડિટેઇલ ગૃહમાં આપવામાં આવી છે. આવાં બાળકો અને ખોવાયેલ મહિલાઓને શોધવા માટેનું કામ ખૂબ અઘરું હતું. પરંતુ, ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલ પોર્ટલના આધારે લોકોને શોધવા સરળ થઇ ગયા છે. તેના કારણે આપણે સો ટકા સુધી પહોંચવામાં સફળતા મેળવી રહ્યા છીએ. આખા દેશમાં આપણી બરાબરીના રાજ્યમાં તો છોડો પણ આપણા પછીના ખૂબ નાનાં-નાનાં રાજ્યનું ગણીએ તો પણ આપણે છેક નીચે એટલે કે આ જે આંકડો ૨૭ છે એ સૌથી સારો કહેવાય. આ એક જ વસ્તુ ક્રાઇમ એવી છે જેમાં આપણે છેલ્લા નંબર પર છીએ. કારણ કે આપણે ત્યાં આ પ્રકારના ક્રાઇમ ખૂબ ઓછા બને છે. ઇસ્યુ બાય ઇસ્યુ આની તપાસ અને કામગીરી થતી હોય છે. સંપૂર્ણ ડિટેઇલ જે માનનીય મંત્રીશ્રીએ આપી છે એની સાથે-સાથે સામાજિક કામગીરીમાં આપણે લોકોએ ક્યાંકને ક્યાંક વધારો કરવો પડશે. હું સભાગૃહ સમક્ષ ડાંગના એક

કિસ્સાની વાત કરવા માગું છું. હોસ્ટેલમાં ભણતા ગરીબ પરિવારના દીકરાને માતા-પિતાએ એક્ઝામમાં પ્રેશર કરેલ હતું. આ પ્રેશરના કારણે આ દીકરો ભાગી ગયો. એને સોમનાથ ડિસ્ટ્રિક્ટમાંથી ડાંગ પોલીસે જ પકડ્યો. એ દીકરો જ્યારે ભાગ્યો હતો ત્યારે એ અગિયાર વર્ષનો હતો આજે એ ૨૬ વર્ષનો છે. ૧૧ વર્ષના ભાગેલા દીકરાને ૨૬ વર્ષનો થયો તો પણ ગુજરાત પોલીસે એના પર કામગીરી ચાલુ રાખી હતી. આ પોર્ટલના માધ્યમથી એને પકડવામાં સફળતા પ્રાપ્ત થઇ. તમામ ધારાસભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે, ઘણીવાર એવું હોય કે પાંચ વર્ષ પહેલાં બાળક ખોવાયેલ છે તો ક્યાં અને ક્યારે મળશે? આવું વિચારવાની જરૂર નથી. આ બાબતની કોઇપણ ઘટના તમારા ધ્યાનમાં આવે તો આપ અમને પણ જાણ કરજો અને લોકલ પોલીસને જાણ કરશો તો નવી ટેકનોલોજી અને સોફ્ટવેરના માધ્યમથી અનેક જિલ્લાઓમાં એવા કિસ્સા છે કે વર્ષો પહેલાં ભાગેલા ખોવાયેલા છોકરાઓને એમના પરિવાર જોડે ભેગા કરવામાં આપણને સફળતા પ્રાપ્ત થઇ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આજની વિધાનસભાની બુકલેટમાં કોંગ્રેસ પક્ષના ૧૨ ધારાસભ્યશ્રીઓએ મહિલાઓ અને બાળકો ગુમ થયાની બે-બે જિલ્લાઓની માહિતી માગી હતી. એના આધારે રાજ્યમાં તારીખ ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ૨૪ જિલ્લામાં ૫૨૨ બાળકો ગુમ થયાની ડિટેઇલ્સ વિધાનસભા ગૃહમાં રજૂ કરેલ છે. શ્રી વિમલભાઇનો જે પ્રશ્ન હતો એ એમના જિલ્લા પૂરતો હતો પણ આખા ગુજરાતની મારી પાસે ૨૪ જિલ્લાની ડિટેઇલ્સ છે એમાં ૫૨૨ બાળકો ગુમ છે તો એ અંગે સરકારે શું પગલાં ભરેલાં છે અને શું પગલાં ભરવા માગે છે? બીજું, વિધાનસભા ગૃહમાં જે આંકડા બતાવ્યા છે એ અનુસંધાનમાં મહિલાઓની બાબતમાં એક પણ મહિલા ગુમ નથી. મેં જવાબમાં જોયું. તારીખ ૨૪મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ...

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આ બે જિલ્લા પૂરતો જ પ્રશ્ન છે. આખા રાજ્યનો પ્રશ્ન નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું ઓવરઓલ કોઇ પોલિટિકલી ઓબ્જર્વેશન કરતો નથી.

અધ્યક્ષશ્રી : પોલિટિકલ પ્રશ્ન નથી. પ્રશ્ન માત્ર બે જિલ્લા જૂનાગઢ અને ગીર સોમનાથ પૂરતો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢની જે પરિસ્થિતિ છે એ સમગ્ર રાજ્યની પરિસ્થિતિ છે. છેલ્લાં બે વર્ષથી ૫૨૨ બાળકો ગુમ છે. જે રીતે જૂનાગઢ અને દરેક જિલ્લાની માહિતી આપી કે મહિલાઓ ગુમ નથી. ઓગસ્ટ-૨૦૨૪માં લોકસભામાં રજૂ થયેલ આંકડા મુજબ ૫૦૧૧ મહિલાઓ વર્ષ ૨૦૨૨થી ગુમ છે. ગૃહ મંત્રાલયે લોકસભામાં આંકડા રજૂ કરેલા છે એટલે માનનીય મંત્રીશ્રી એનો જવાબ આપે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું ફક્ત ૯ નંબરનો પ્રશ્ન ખોલું છું. તમે કહો છો કે મહિલાઓ ગુમ નથી એવું ઝીરો આપ્યું છે. ૯ નંબરના પ્રશ્નના જવાબમાં ગીર સોમનાથમાં ૧ મહિલા ગુમ છે અને જૂનાગઢમાં પણ ૧ મહિલા ગુમ છે એવું આપ્યું છે. એટલે મારા ખ્યાલથી કંઇક ભૂલ થઇ હશે. એકવાર જોઇ લેવું જોઇએ. આપણે જિલ્લાવાઇઝ ચર્ચા કરીએ તો સારું રહેશે એટલે આપણે પાછું કરીશું. હું તો ફક્ત પ્રશ્નમાં જે લખેલું છે એ કહું છું. જવાબમાં પણ આ જ લખેલું છે. તમે જે કહો છો કે બે વર્ષથી ગુમ છે, એવું નથી. બે વર્ષના તમે આંકડા માગ્યા છે. કાલે ગુમ થયું હોય અને કાલની તારીખ સુધીના આંકડો માગ્યો હોય તો પણ આંકડામાં આવે. હમણાં જેમ ગીર સોમનાથનો પ્રશ્ન હતો એમાં જવાબમાં, તારીખ ૩૧મી માર્ચ સુધી ૭ બાળકો હતાં અને આજની તારીખ સુધીમાં ૨ જ બાળકો શોધવાનાં બાકી છે એમ ૫૨૨માંથી તમે અલગથી પૂછશો તો આઠ-દસ દિવસમાં, પંદર દિવસમાં અલગ હશે. આપણી આ ડ્રાઇવ દરરોજ ૩૬૫ દિવસ ચાલતી હોય છે. અનેક લોકોને પરિવાર સાથે ભેગા કરાવવાનું કામ થતું હોય છે. અલગ-અલગ રાજ્યોમાંથી આપણા રાજ્યમાં ખૂબ મોટાપાયે લોકો રોજગારી માટે આવતા હોય છે. નાનું બાળક ખોવાયું હોય અને એ બાળક મળી ગયું હોય તથા એ લોકો કોઇ બીજા સ્ટેટમાં શિફ્ટ થઇ ગયા હોય એવા પણ અનેક કિસ્સાઓ અમારા ધ્યાનમાં આવ્યા છે. બે-બે વર્ષ સુધીમાં પોલીસ એમના પરિવારને સોંપતી હોય. બાળક તથા પરિવાર બંને પાછા બીજે જઇને રહેતા હોય એવા કિસ્સા પણ ધ્યાન ઉપર આવેલા છે. આ પર્ટિક્યુલર જિલ્લાનો પ્રશ્ન છે પણ આપણે સ્ટેટની ચર્ચા કરવી હોય તો તમે અલગથી એક પ્રશ્ન પૂછજો એમાં અમે તમને સંપૂર્ણ માહિતી આપીશું.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુમ થયેલાં બાળકોના કિસ્સામાં ગોલ્ડન અવર્સ શું છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુમ થયેલ બાળકને શોધવાની શરૂઆતના ૨૪ કલાક ગોલ્ડન અવર્સ ગણવામાં આવે છે. કોઇપણ બાળક ગુમ થાય ત્યારે જો તાત્કાલિક પોલીસને માહિતી આપવામાં આવે તો આ ગોલ્ડન અવર્સ દરમિયાન પોલીસ તાત્કાલિક સી.સી.ટી.વી. ફૂટેજની તપાસ કરે છે. સોશિયલ મીડિયામાં માહિતી મેળવે છે. એમના મોબાઇલમાં સી.ડી.આર. વિગેરેની તપાસ કરવામાં આવે છે તેમજ રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, હૉસ્પિટલ, શાળા, હાઇવે ઉપર નાકાબંધી અને ચેકિંગ પણ હાથ ધરવામાં આવે છે. ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના વડાપ્રધાન આદરણીય મોદી સાહેબ દ્વારા દેશનાં ભાવિ એવાં બાળકોની ચિંતા કરીને, ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ કેન્દ્રીય સ્તરે મિશન વાત્સલ્ય યોજના વર્ષ ૨૦૨૧માં લોન્ચ કરવામાં આવી છે. જે અંતર્ગત મિશન વાત્સલ્ય પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે. આ પોર્ટલમાં પોલીસ તાત્કાલિક એન્ટ્રી કરીને તે બાળકને શોધવાની કામગીરી કરે છે.

ફાલ્ગુન ૧૮, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

ગાંધીનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના

***15/8/1363 શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ** (દહેગામ): **માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, અને	(૧)	૧૫૫૪
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?	(૨)	૫૩૭

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા. ૧–૧–૨૦૨૫થી તા. ૩૧–૧૨–૨૦૨૫ દરમિયાન માનવ કલ્યાણ યોજનામાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં કેટલી અરજીઓ મળી અને કેટલી અરજીનો મંજૂર કરવામાં આવી?

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧–૧–૨૦૨૫થી તા. ૩૧–૧૨–૨૦૨૫ સુધીના સમયગાળામાં માનવ કલ્યાણ યોજના અન્વયે દહેગામ તાલુકામાંથી કુલ ૨૩૩ અરજીઓ આવેલી જે પૈકી ૫૭ અરજીઓ મંજૂર કરવામાં આવેલ. ડ્રોમાં નાપસંદ થયેલ અરજીઓને આગામી વર્ષમાં ધ્યાનમાં લેવામાં આવશે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, માનવ કલ્યાણ યોજના એ આર્થિક રીતે નાના માણસોને મદદ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલ યોજના છે. છેલ્લે વર્ષ ૨૦૨૫માં રાજ્યમાં કુલ ૧૫૫૪ અરજીઓ આવી છે અને એમાંથી ૫૦૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. ૧૦૦૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી તો આ અરજીઓ મંજૂર કરવાનો ક્રાઈટેરિયા શું છે ?

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનવ કલ્યાણ યોજનામાં નાના પ્રકારના ધંધા રોજગાર કરતાં સમાજના નબળા વર્ગના લોકો તેમજ ધંધાને અનુરૂપ સાધન, ઓજાર ઈ–વાઉચર પદ્ધતિથી ખરીદી શકે છે. આ યોજના પારદર્શક અને ઝડપી બને તથા અરજદાર ઘરબેઠાં અરજી કરી યોજનાનો ઓનલાઈન લાભ મેળવી શકે તે માટે હાલમાં આ યોજના ઓનલાઈન શરૂ કરવામાં આવેલ છે. તે મુજબ અરજદારે 'ઈ–કુટિર' પોર્ટલ ઉપર જઈ ઓનલાઈન અરજી કરવાની રહે છે. આ યોજનામાં આર્થિક રીતે પછાતવર્ગના સમૂહને ઓનલાઈન અરજી કરવાથી થનાર લાભ જોઈએ તો અરજદાર ઘરબેઠાં ફોર્મ ભરી શકે છે. આધાર નંબર આધારિત નોંધણી કરવામાં આવે છે. કામગીરીમાં પારદર્શિતા વધે છે. જાતિવાર તેમજ ટૂલકીટવાર જિલ્લાવાર ડ્રોથી લાભાર્થીની પસંદગી કરવામાં આવે છે. રીઅલ ટાઇમ રિપોર્ટ અને ડેસ્કબોર્ડ દ્વારા મોનિટરીંગ કરવામાં આવે છે. વેબ બ્રાઉઝર, ટેબલેટ અને મોબાઇલ ઉપકરણો મારફતે અરજી કરવામાં આવે છે. એસ.એમ.એસ. દ્વારા અરજદારને માહિતી આપવામાં આવે છે. યોજનાની અંદર જે અમુક લાભાર્થીઓ રહી જતા હોય એના કારણો એવા હોય છે કે આધારકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ, ઉંમરનો પુરાવો રજૂ થયેલ ન હોવાથી, ગ્રામીણ વિસ્તારના બી.પી.એલ. દાખલો, સ્કોર નંબર, શહેરી વિસ્તાર માટે આવકના દાખલા સંબંધિત પ્રમાણપત્ર રજૂ ન કરેલ હોવાથી અને જાતિ પ્રમાણપત્ર રજૂ ન થયેલ હોવાથી, માનવ કલ્યાણ યોજના સિવાય રાજ્ય સરકારના અન્ય બોર્ડ, કોર્પોરેશનમાંથી અગાઉ સાધન–સહાય માટે લાભ લીધેલ હોવાથી અને ધંધાનું પ્રમાણપત્ર (સેલ્ફ ડેકલેરેશન) રજૂ થયેલ ન હોવાથી આ યોજનામાં સામેલ કરવામાં આવેલ નથી.

નર્મદા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

***15/8/1295 ડૉ. દર્શના ચંદુભાઈ દેશમુખ** (નાંદોદ)**:માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	નર્મદા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના ખરીફ અને રવિ સિઝન અમલમાં છે કે કેમ, અને	(૧)	હા,જી
(૨)	જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ લાભાર્થીઓને કયા પ્રકારના લાભ આપવામાં આવેલ છે?	(૨)	કુલ ૪૪૮૦ આદિજાતિ લાભાર્થીઓને આ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી ખરીફ સીઝનમાં જુવાર અથવા તુવેર પૈકી કોઇ એક બિયારણ તથા રવિ સિઝનમાં ઘઉં અથવા ચણા અથવા મકાઇ પૈકી કોઇ એક બિયારણ તથા તેની સાથે ટામેટા અને રીંગણનું બિયારણ તથા રવિ સિઝન અને ખરીફ સિઝનમાં પ્રોમ ખાતર, એ.પી.એસ. ખાતર અને નેનો યુરીયાની બોટલ આપવામાં આવેલ છે.

ડૉ. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પૂછેલા પ્રશ્નનો જવાબ મને મળી ગયેલ છે, એનાથી મને સંતોષ છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ચાલુ વર્ષે ખરીફ ઋતુ અને એની સાથે પ્રાયોગિક ધોરણે રવિ ઋતુમાં આદિજાતિ ખેડૂતોને કૃષિ કીટ આપવાનું આયોજન કરવામાં આવેલ હતું. તો આગામી વર્ષે પણ આવી કૃષિ કીટ આપવાનું આયોજન છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ જે પ્રમાણે મૌલિક પ્રશ્ન પૂછ્યો છે, મંત્રીશ્રી પણ એ પ્રમાણે જવાબ આપે. વાંચી વાંચીને આપી શકતા નથી.

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વૈવિધ્યકરણ યોજનાનું અમલીકરણ સફળતાપૂર્વક ખરીફ ઋતુ ઉપરાંત રવિ ઋતુમાં ચાલુ વર્ષ ૨૦૨૫માં દાહોદ, નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં થયું અને ૧૪,૬૨૧ લાભાર્થીઓને કૃષિ કીટનો લાભ આપવામાં આવેલ. મને જણાવતા આનંદ થાય છે કે આગામી વર્ષ સને ૨૦૨૬-૨૭થી તમામ આદિજાતિ જિલ્લાઓમાં રવિ ઋતુમાં પણ કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો અમલ કરવાની બાબત વિચારણા હેઠળ છે.

અમદાવાદ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની ક્લેઇમ અરજીઓ

*** 15/8/1350 શ્રી કનુભાઈ કરમશીભાઈ પટેલ** (સાણંદ)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના - ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ MIcro, Small and Medium Enterprise (MSME) એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૩૨૮૩ ક્લેઇમ અરજીઓ
(૨)	ઉક્ત સ્થિતિએ તે પેટે કુલ કેટલા વ્યાજની સહાય ચૂકવવામાં આવી?	(૨)	રૂ. ૬૨૮૩.૨૦ લાખ

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨ હેઠળ ક્લેઇમ અરજીઓ ૩૨૮૪ થઇ છે તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે અમદાવાદ જિલ્લામાં તાલુકાવાઇઝ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે? અને તે પૈકી કેટલી વ્યાજ સહાય તાલુકાવાઇઝ ચૂકવવામાં આવી છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં ૩૨૮૪ અરજીઓ મંજૂર કરી. અમદાવાદ તાલુકામાં ૨૨૫૦ અરજીઓ મંજૂર કરવામાં આવી એમાં કુલ ચુકવણું રૂ.૩૫૦૧.૬૭ લાખ. બાવળા તાલુકામાં ૩૫ અરજીઓ મંજૂર કરવામાં આવી તેમાં રૂ.૨૬૨.૨૦ લાખનું ચુકવણું કરવામાં આવ્યું. દસક્રોઇ તાલુકામાં ૬૭૩ અરજીઓ મંજૂર કરવામાં આવી એમાં રૂ.૧૮૨૦.૬૩ લાખનું ચુકવણું કરવામાં આવ્યું. ધંધુકા તાલુકામાં કુલ ૯ અરજીઓ મંજૂર કરવામાં આવી એમાં રૂ.૪૦.૨૧ લાખનું ચુકવણું કરવામાં આવ્યું. સાણંદમાં ૨૧૧ અરજીઓ મંજૂર કરવામાં આવી એમાં રૂ.૬૪૪.૮૫ લાખનું ચુકવણું કરવામાં આવ્યું. વિરમગામ તાલુકામાં ૫ અરજીઓ મંજૂર કરવામાં આવી એમાં રૂ.૧૩.૬૪ લાખનું ચુકવણું કરવામાં આવ્યું. આમ કુલ રૂ.૬૨૮૩.૨૦ લાખનું ચુકવણું કરવામાં આવ્યું છે.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨ હેઠળ વ્યાજ સહાય માટે એલીજીબલ કેટેગરી કઇ કઇ છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, એમ.એસ.એમ.ઇ.માં નવા એકમ, હયાત એકમ તેમજ વિસ્તૃતીકરણ, વૈવિધ્યકરણ કરતા એકમો વ્યાજ સહાય મેળવી શકશે. નવું એકમ એટલે કે એમ.એસ.એમ.ઇ. કે જેણે ઉદ્યમ રજિસ્ટ્રેશન ફાઇલ કર્યું હોય અને યોજનાના સમયગાળા દરમ્યાન ઉત્પાદન શરૂ કરેલ છે. હયાત એકમ એટલે કે એમ.એસ.એમ.ઇ.એકમ કે જેણે યોજનાની જાહેરાતની તારીખ પહેલા ઉત્પાદન શરૂ કર્યું હોય. એક્સ્પાન્સનની વાત કરીએ તો વિસ્તૃતીકરણ શરૂ કર્યાની તારીખ હયાત કે નવા એકમ દ્વારા હયાત મૂડીરોકાણના ૫૦ ટકાથી વધુનું મૂડીરોકાણ કરવામાં આવે અને થયેલ વિસ્તૃતીકરણ દ્વારા યોજનાના સમયગાળામાં ઉત્પાદન શરૂ કરવામાં આવે એને વિસ્તૃતીકરણ કહેવામાં આવે છે.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, હાલ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો નોંધાયેલા છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં તા.૨/૩/૨૦૨૬ની સ્થિતિએ કુલ ૫,૯૯,૪૨૫ એકમોની નોંધણી થયેલ છે. સૂક્ષ્મ ઉદ્યોગમાં ૫,૮૫,૧૭૮ એકમોની નોંધણી થયેલ છે. લઘુ ઉદ્યોગમાં ૧૩,૦૨૯ એકમોની નોંધણી થયેલ છે. મધ્યમ ઉદ્યોગમાં ૧૨૧૮ એકમોની નોંધણી થયેલ છે. નોંધણીની પ્રક્રિયાની વાત કરીએ તો ભારત સરકારના ઉદ્યમ નોંધણી પોર્ટલ પર ઓનલાઇન એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગોની નોંધણી કરવામાં આવે છે. ઉદ્યમ નોંધણી માટેની પ્રક્રિયા સંપૂર્ણપણે પેપરલેસ છે. તે માટે કોઇપણ પ્રકારના દસ્તાવેજ અપલોડ કરવાની જરૂરત રહેતી નથી. ઉદ્યમ નોંધણી કરવા માટે કોઇ ફી પણ લેવામાં આવતી નથી.

તારાંકિત પ્રશ્નો

ગાંધીનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

***15/8/2067 શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને સુરેન્દ્રનગર શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરીયાદો મળી,	(૧)	પત્રક મુજબ
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકોની સંખ્યા**
			જિલ્લાનું નામ / **મહિલાઓ** / **બાળકો**
			ગાંધીનગર / ૨ / ૧૫૭
			સુરેન્દ્રનગર / ૦ / ૧૨૩
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકોની સંખ્યા**
			જિલ્લાનું નામ / **મહિલાઓ** / **બાળકો**
			ગાંધીનગર / ૦ / ૫૧
			સુરેન્દ્રનગર / ૦ / ૧૧
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઇમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિધ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.

પત્રક

ગાંધીનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

જિલ્લો	**તાલુકો**	**તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**		**તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**	
		મહિલા	**બાળકો**	**મહિલા**	**બાળકો**
ગાંધીનગર	ગાંધીનગર	૧	૫૫	૦	૫૦
	દહેગામ	૦	૮	૧	૧૦
	માણસા	૦	૧૪	૦	૧૩
	કલોલ	૦	૨૩	૦	૩૫
સુરેન્દ્રનગર	વઢવાણ	૦	૧૪	૦	૧૪
	લખતર	૦	૨	૦	૦
	મૂળી	૦	૭	૦	૮
	લીંબડી	૦	૨	૦	૭
	ચુડા	૦	૨	૦	૧
	સાયલા	૦	૮	૦	૭
	ચોટીલા	૦	૧૨	૦	૯
	થાનગઢ	૦	૫	૦	૭
	ધ્રાંગધ્રા	૦	૧૧	૦	૪
	પાટડી	૦	૭	૦	૭

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને બે પ્રશ્ન પૂછવા માગું છું એક તો મારા બનાસકાંઠા જિલ્લામાં ૧૦ બાળકો ગુમ થયાની સરકારે કબૂલાત કરી છે. સુરેન્દ્રનગર અને ગાંધીનગરના ૬૨

મળીને ૭૨ બાળકો ત્રણ જિલ્લામાં ગુમ થયેલાં છે એમને કેટલા સમયમાં રાજ્યની પોલીસ શોધી લાવવા માટે આ ગૃહને ખાતરી આપે છે અને બીજું, ૨૩મી ફેબ્રુઆરીના એક અંગ્રેજી દૈનિકમાં વેસ્ટર્ન રાજસ્થાન અને નોર્થ ગુજરાતમાંથી આદિવાસી બાળકોના ટ્રાફિકિંગની, હ્યુમન ટ્રાફિકિંગની એક સ્ટોરી પબ્લિશ થઇ હતી તો રાજ્ય સરકાર એ બાબતે અવગત છે કે કેમ? અને જો, હા, તો એ દિશામાં આપણે શું વિચારીએ છીએ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો માનનીય સભ્યશ્રી દ્વારા પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તે અનુસંધાને ખાસ વાત કરું તો જે જિલ્લામાં બાળકો ગુમ થયાની ફરિયાદની વાત છે એ અનુસંધાને પ્રથમ તો સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ગુમ થયેલાં બાળકોની અને મહિલાની સંખ્યા ૧૩૪ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

કચ્છ જિલ્લામાં વાજપાઇ બેંકેબલ યોજના

15/8/1362 શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા (રાપર) : **માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,	(૧)	૧૯૧૯
(૨)	તે પૈકી કેટલી અરજીઓની ભલામણ બેંકોને કરવામાં આવી, અને	(૨)	૧૯૧૫
(૩)	તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?	(૩)	૧૪૬૩

.....

રાજકોટ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની ક્લેઇમ અરજીઓ

*** 15/8/1351 ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના – ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ MIcro, Small and Medium Enterprise (MSME) એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૪૮૫૪ ક્લેઇમ અરજીઓ
(૨)	ઉક્ત સ્થિતિએ તે પેટે કુલ કેટલા વ્યાજની સહાય ચૂકવવામાં આવી?	(૨)	૩. ૧૪૨૫૨.૩૨ લાખ

અનુસૂચિત જનજાતિના ખોટા પ્રમાણપત્રો રદ કરવા બાબત

15/8/2096 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા)**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ		
(૧)	અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર આપવા અને ખરાઇ કરવાના ૨૦૨૦ ના નિયમો અમલમાં આવ્યા બાદ તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખોટા પ્રમાણપત્રો સ્ક્રુટીની કમીટી દ્વારા રદ કરવામાં આવ્યા, અને	(૧)	અ.નં. ૧ ૨ કુલ	વર્ષ તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫	સંખ્યા ૭૯ ૯૩ ૧૭૨
(૨)	ઉક્ત રદ કરવામાં આવેલ પ્રમાણપત્રો પૈકી કેટલા	(૨)	અ.નં.	જાતિની વિગત	સંખ્યા

	પ્રમાણપત્રો કઈ જાતિના હતા?		૧	ડુંગરી ગરાસિયા	૩૪
			૨	ભીલ	૩૨
			૩	બરોડીયા	૧૧
			૪	ટોકરે કોળી	૦૧
			૫	ગામીત	૦૨
			૬	સીદ્ધી	૦૨
			૭	કોળી રાઠવા	૦૨
			૮	બાવચા	૦૮
			૯	રબારી	૩૮
			૧૦	ભરવાડ	૦૪
			૧૧	ઢેબરીયા કોળી	૦૬
			૧૨	ક્ષત્રીય માલીવાડ	૦૨
			૧૩	બારીયા કોળી	૦૨
			૧૪	બારીયા ક્ષત્રીય	૦૨
			૧૫	હિંદુ ખાંટ	૦૩
			૧૬	હિંદુ ખાંટ બા.ક્ષત્રીય	૦૧
			૧૭	હિંદુ ડામોર	૦૧
			૧૮	હિંદુ મકવાણા ક્ષત્રીય	૦૧
			૧૯	કોળી ડામોર	૦૧
			૨૦	હિંદુ રાવળ	૦૧
			૨૧	બજાણીયા નાયક	૦૨
			૨૨	હિંદુ રાજપુત	૦૧
			૨૩	તળપદા કોળી	૦૧
			૨૪	ગુજરાત બહારના વતની (ગણવા)	૦૧
			૨૫	પટેલીયા	૦૧
			૨૬	હિંદુ કુંકણા	૦૧
			૨૭	હિંદુ ગાંવિત	૦૧
			૨૮	હિંદુ ચૌધરી	૦૪
			૨૯	હિંદુ ઢોડિયા	૦૨
			૩૦	હિંદુ નાયકા	૦૧
			૩૧	હિંદુ પારધી	૦૨
			૩૨	હિંદુ હળપતિ	૦૧
				કુલ	૧૭૨

———————

અમદાવાદ અને સુરત જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટેની વ્યાજ સહાય

15/8/1715 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: –

(૧) તા. ૨૫/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને સુરત જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટેની વ્યાજ સહાય યોજના ૨૦૧૯ હેઠળ ટેક્ષટાઈલ ક્ષેત્રની કુલ કેટલી અરજીઓ મળી, અને

(૧)

જિલ્લો	ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટેની વ્યાજ સહાય યોજના ૨૦૧૯ હેઠળ મળેલ વ્યાજ સહાયની ક્લેઇમ અરજીઓની સંખ્યા
અમદાવાદ	૨૧૨
સુરત	૨૧૩૩૫
કુલ	૨૧૫૪૭

(૨)	ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સહાય મંજૂર કરી છે ?	(૨)	<table><tr><th>જિલ્લો</th><th>મંજૂર વ્યાજ સહાયની રકમ (રૂ. કરોડમાં)</th></tr><tr><td>અમદાવાદ</td><td>૯૩.૭૮</td></tr><tr><td>સુરત</td><td>૧૪૬૧.૮૮</td></tr><tr><td>કુલ</td><td>૧૫૫૫.૬૬</td></tr></table>

.....

શામળાજી તાલુકામાં આવેલ દેવની મોરી બૌદ્ધસ્તુપ

15/8/2078 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા) :**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(પ્રવાસન)**જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના શામળાજી તાલુકામાં આવેલ દેવની મોરી (બૌદ્ધસ્તુપ) પ્રવાસન સ્થળને વિકસાવવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ સ્થળના વિકાસ અને જાળવણી માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને	(૨) અને (૩)	<table><tr><th>વર્ષ</th><th>ફાળવેલ રકમ</th><th>ખર્ચ</th></tr><tr><td>તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા. ૩૧/૧૨/૨૦૨૪</td><td>રૂ. ૦.૫ કરોડ</td><td>શૂન્ય</td></tr><tr><td>તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫</td><td>રૂ. ૨.૦૦ કરોડ</td><td>શૂન્ય</td></tr></table>
(૩)	તે અન્વયે કયા પ્રકારની કામગીરી માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?		

મિહિર રાજેશ શાહ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના કેસમાં સુપ્રિમ કોર્ટ દ્વારા થયેલા આદેશોના અમલીકરણ બાબત

15/8/1895 ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	મિહિર રાજેશ શાહ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ક્રીમીનલ અપીલ નં.૨૧૯૫/૨૦૨૫ના કેસમાં પોલીસ દ્વારા થતી ધરપકડના તમામ કિસ્સામાં ધરપકડના કારણો ધરપકડ થયેલ વ્યક્તિને લેખિતમાં પુરા પાડવાના રહેશે અને તેના ભંગ બદલ થયેલ ધરપકડ ગેરકાયદે જાહેર થશે તેવા આદેશો નામદાર સુપ્રિમ કોર્ટે તા.૦૬/૧૧/૨૦૨૫ના રોજ આપ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો નામદાર સુપ્રિમ કોર્ટના આદેશના પાલન માટે વિભાગ તરફથી ક્યારે શા લેખિત આદેશો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે ?	(૨)	તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્યને નિયમાનુસાર કાર્યવાહી અર્થે પત્ર પાઠવવામાં આવેલ, જે અનુસંધાને તેઓની કચેરી દ્વારા, સદરહુ હુકમની ચૂસ્તપણે અમલવારી કરવા સંબંધિત તમામ પોલીસ એકમોને સૂચનાઓ આપવામાં આવેલ છે.

ફાલ્ગુન ૧૮, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

ભરૂચ જિલ્લામાં વાજપાઇ બેંકેબલ યોજના

15/8/1361 શ્રી ડી. કે. સ્વામી (જંબુસર) : **માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,	(૧)	૧૭૪૨
(૨)	તે પૈકી કેટલી અરજીઓની ભલામણ બેંકોને કરવામાં આવી, અને	(૨)	૧૭૪૨
(૩)	તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?	(૩)	૧૩૧૮

બેન્ક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બાબત

15/8/1314 શ્રી અમુલ ભટ્ટ (મણીનગર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,

(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાયબર હેલ્પલાઈન થકી ફ્રીઝ થયેલ બેંક એકાઉન્ટમાં નિર્દોષ નાગરિકોના કુલ કેટલા બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવામાં આવેલ છે,	(૧)	<table><tr><th>વર્ષ</th><th>અનફ્રીઝ કરેલ બેંક એકાઉન્ટની સંખ્યા</th></tr><tr><td>તા.૦૧/૦૧/૨૪ થી તા.૩૧/૧૨/૨૪ સુધી</td><td>૨,૪૭,૫૮૭</td></tr><tr><td>તા.૦૧/૦૧/૨૫ થી તા.૩૧/૧૨/૨૫ સુધી</td><td>૩૭,૧૯૨</td></tr><tr><td>કુલ</td><td>૨,૮૪,૭૭૯</td></tr></table>
(૨)	ઉક્ત સ્થિતિએ અનફ્રીઝ બેંક એકાઉન્ટ ખોલાવવા માટે અરજી કરવા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે, કે કેમ	(૨)	હા, બેંક એકાઉન્ટ ખોલાવવા માટે ઓનલાઇન પોર્ટલ બનાવવામાં આવેલ છે. જેમાં નાગરિકો બેંક એકાઉન્ટ ખોલાવવા માટે ઓનલાઇન અરજી કરી શકે છે.
(૩)	જો હા, તો નાગરિકોને તેનો શું ફાયદો થાય છે, અને	(૩)	ઓનલાઇન પોર્ટલની વ્યવસ્થા હોવાથી અરજદાર જાતે જ કોઇપણ સ્થળેથી કોઈ પણ સમયે બેંક એકાઉન્ટ અનફ્રીઝ માટે અરજી કરી શકે છે. અરજદારે રૂબરુ હાજર રહેવાની જરૂરિયાત રહેતી નથી અને બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરાવી શકે છે.
(૪)	અનફ્રીઝ બેંક એકાઉન્ટ ખોલાવવા અરજી કર્યા બાદ તેનું સ્ટેટસ જાણવા કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ?	(૪)	હા, બેંક એકાઉન્ટ ખોલાવવા અરજી કર્યા બાદ તેનુ સ્ટેટસ જાણવા સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની કચેરી ખાતે ૦૭૯–૨૩૨૫૦૭૯૮ ટેલીફોન પર કોલ કરી માહિતી મેળવી શકે છે તેમજ વોટ્સએપ નંબર ૭૮૬૧૮૯૪૯૦૩ પર મેસેજ કરીને બેંક ખાતુ ખોલાવવા કરેલ અરજી બાબતે સ્ટેટસ જાણી શકે છે.

વડનગરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા લીધેલા પગલાં

15/8/1330 શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી (ખેરાલુ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વડનગરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ પગલાં	(૧)	હા,

<table>
<tr><td></td><td>લેવામાં આવેલ છે કે કેમ,</td><td></td><td></td></tr>
<tr><td>(૨)</td><td>જો હા, તો તે અન્વયે શી કામગીરી કરવામાં આવેલ છે, અને</td><td>(૨)</td><td>વડનગરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા માટે ત્રણ અગત્યનાં પ્રોજેક્ટસ શરૂ કરવામાં આવેલ છે:
૧) વિશ્વ કક્ષાનું આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ સંગ્રહાલય જેનું લોકાર્પણ માનનીય ગૃહ મંત્રીશ્રી, ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.
૨) તાના–રીરીની યાદમાં સંગીત સંગ્રહાલયની કામગીરી પ્રગતિ હેઠળ છે.
૩) વડનગરના ૨૫૦૦ વર્ષ જુના ઇતિહાસને ઉજાગર કરવા માટે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td>(૩)</td><td>ઉક્ત કામગીરી માટે કુલ કેટલી બજેટ જોગવાઈ તથા ખર્ચ થયેલ છે?</td><td>(૩)</td><td>
<table>
<tr><th>ક્રમ</th><th>કામનું નામ</th><th>બજેટ જોગવાઈ</th><th>ખર્ચ</th></tr>
<tr><td>૧.</td><td>આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ સંગ્રહાલય (ભારત સરકારના સહયોગથી)</td><td>૨૧૨.૧ કરોડ (ભારત સરકાર તરફથી ફાળવેલ ગ્રાન્ટ)</td><td>૨૧૨.૧ કરોડ (ભારત સરકારના સહયોગથી)</td></tr>
<tr><td>૨.</td><td>સંગીત સંગ્રહાલય</td><td>૩૮.૦૦ કરોડ</td><td>૩૬.૦૦ કરોડ</td></tr>
<tr><td>૩.</td><td>વડનગર રીસર્ચ એમ.ઓ.યુ.</td><td>૪.૭૯ કરોડ</td><td>૪.૭૯ કરોડ</td></tr>
</table>
</td></tr>
</table>

અમદાવાદ જિલ્લામાં ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે પાવર ટેરીફ સહાય યોજના

15/8/1349 **શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી (ધોળકા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે: –**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે સહાય યોજના–૨૦૧૯ હેઠળ પાવર ટેરીફ સહાય યોજના હેઠળ કેટલી કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૧૨૨ કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.
(૨)	તે પેટે કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યુ?	(૨)	૩. ૫૦૪૩.૬૬ લાખ પાવર ટેરીફ સહાય પેટે ચૂકવવામાં આવેલ છે.

.....

કચ્છ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની કલેઇમ અરજીઓ

15/8/1352 શ્રી અનિરૂદ્ધ ભાઈલાલ દવે (માંડવી)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના - ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ MIcro, Small and Medium Enterprise (MSME) એકમોની કેટલી કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૨૮૩ કલેઇમ અરજીઓ
(૨)	ઉક્ત સ્થિતિએ તે પેટે કુલ કેટલા વ્યાજની સહાય ચૂકવવામાં આવી?	(૨)	૩. ૨૦૮૩.૮૭ લાખ

ફાલ્ગુન ૧૮, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ અને વડોદરા શહેરમાં દારૂનું સેવન કરેલ વ્યક્તિઓને દારૂ પૂરો પાડનારા સામે કાર્યવાહી બાબત

15/8/1894 શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા (વિસાવદર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**

જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને અમદાવાદ જિલ્લામાં વગર પરમીટે દારૂનું સેવન કરેલ વ્યક્તિઓ સામે કેટલા કેસ કરવામાં આવ્યા,	(૧)	<table><tr><td>જીલ્લાનું નામ</td><td>વગર પરમીટે દારૂનુ સેવન કરેલ વ્યક્તિઓ સામે કરવામાં આવેલ કેસોની સંખ્યા</td></tr><tr><td>વડોદરા</td><td>૧૫૧૫૪</td></tr><tr><td>અમદાવાદ</td><td>૧૭૩૧૧</td></tr></table>
(૨)	ઉક્ત સ્થિતિએ દારૂનું સેવન કરેલ હાલતમાં પકડાયેલ વ્યક્તિઓના ઉક્ત કેસના સંદર્ભમાં દારૂ પૂરો પાડનાર વિરુદ્ધ કેટલા કેસોમાં શું કાર્યવાહી કરી, અને	(૨)	➢ જે જગ્યાએ વારંવાર દારૂનું સેવન કરેલ હાલતમાં વ્યક્તિઓ મળી આવે છે ત્યાં પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ રાખવામાં આવે છે. તેમજ શહેર /જિલ્લા તથા રાજ્ય કક્ષાએ પ્રોહિબીશન ડ્રાઇવ રાખવામાં આવે છે. ➢ પ્રોહિબિશન પ્રવૃતિમાં વારંવાર સંડોવાયેલ ઇસમોને 'લિસ્ટેડ બુટલેગર' તરીકે જાહેર કરી સમયાંતરે તેવી વ્યક્તિઓ પર રેઇડ કરવામાં આવે છે. ➢ આવી વ્યક્તિઓ વારંવાર આ પ્રવૃત્તિ ચાલુ રાખતા પકડાય તો તેના પર પ્રોહી કલમ–૯૩, તડીપાર, પાસા ની કાર્યવાહી કરવામાં આવે છે. ➢ દારૂ પૂરો પાડનાર/બનાવનાર વિરુધ્ધ અલગથી ભઠ્ઠીના કેસો કરવામાં આવે છે.
(૩)	જો કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તો તેના કારણો શા છે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અરવલ્લી જિલ્લામાં ખાદી–ગ્રામોદ્યોગ એકમોની સંખ્યા અને સહાય બાબત

15/8/1272 શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ): **માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ખાદી અને ગ્રામોદ્યોગ હેઠળ કુલ કેટલા એકમો કાર્યરત છે, અને	(૧)	બે (૦૨) એકમો કાર્યરત છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે. <table><tr><th>તાલુકો</th><th>એકમોની સંખ્યા</th></tr><tr><td>મેઘરજ</td><td>૦૧</td></tr><tr><td>મોડાસા</td><td>૦૧</td></tr></table>
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન અરવલ્લી જિલ્લામાં ખાદી અને ગ્રામોદ્યોગ હેઠળ કેટલા નવા એકમોની સ્થાપના માટે સરકાર દ્વારા કુલ કેટલી સહાય/સબસિડી/લોન આપવામાં આવી ?	(૨)	ખાદી અને ગ્રામોદ્યોગ હેઠળ નવા એકમોની સ્થાપના માટે ગુજરાત રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા સહાય/સબસિડી/લોન માટે કોઈ યોજના હયાત ન હોઈ માહિતી શૂન્ય છે.

અતારાંકિત પ્રશ્નો

સાબરકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના

15/8/1298 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર**):માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને	(૧)	હા,જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?	(૨)	કુલ ૪૩૦

વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે પ્રવાસી સુવિધાની કામગીરી

15/8/1336 શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ)(ઉંઝા) **:માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન)**જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે પ્રવાસીઓની સુવિધાઓ વિકસાવવા કોઈ કામગીરી હાથ ધરાયેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ક્યા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને	(૨)	એકવા સ્ક્રીન પ્રોજેક્શન શોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત કામગીરી માટે કેટલો ખર્ચ થયેલ છે?	(૩)	રૂ.૧૬,૪૧,૦૮,૦૮૮/–

દાંતીવાડા તાલુકા ખાતે બસ સ્ટેન્ડ બનાવવા બાબત

15/8/2063 શ્રી માવજીભાઇ મગનભાઇ દેસાઇ (ધાનેરા): ૧૫મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૭/૦૩/૨૦૨૫ના રોજ સભાગૃહમાં રૂજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક :– ૧૫/૬/૧૫૧૫ (અગ્રતા–૨૩)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	દાંતીવાડા તાલુકા ખાતે નવિન તાલુકા બસસ્ટેન્ડ બનાવવા કલેક્ટરશ્રી, બનાસકાંઠા પાસેથી જમીન મેળવવાની આનુષાંગિક કાર્યવાહી પ્રગતિ હેઠળ હતી તે તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે,	(૧)	• દાંતીવાડા તાલુકા ખાતે નવિન બસ સ્ટેશન બનાવવા માટે કલેક્ટરશ્રી, બનાસકાંઠા દ્વારા તા.28/03/2025નાં રોજ જમીન ફાળવણીના હુકમ થયેલ છે. • એસ.ટી. નિગમને જમીનનો કબજો સુપ્રત કરવા માટે તા.20/08/2025ના પત્રથી તથા તા.18/11/2025ના પત્રથી કલેક્ટરશ્રી, બનાસકાંઠાને દરખાસ્ત કરવામાં આવેલ છે, જે હાલે પ્રગતિ હેઠળ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કેટલા ખર્ચે શી કામગીરી કરી, અને	(૨)	જમીનનો કબજો સુપ્રત કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ હોઇ, નવીન બસ સ્ટેશન બનાવવાની કામગીરી માટે ખર્ચ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત બસ સ્ટેન્ડ બનાવવાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?	(૩)	દાંતીવાડા મુકામે સુચિત જમીનનો ખુલ્લો અને પ્રત્યક્ષ કબજો એસ.ટી. નિગમને મળ્યા બાદ કામગીરી શરૂ કરવામાં આવશે.

અતારાંકિત પ્રશ્નો

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સંકુલ યોજના અંતર્ગત શાળાઓ

15/8/2076 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત, યુવક સેવા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સંકુલ યોજના અંતર્ગત કેટલી અને કઈ શાળાઓ આવેલ છે,	(૧)	જામનગરમાં **૦૨ શાળાઓ** આવેલ છે. (૧) બી.બી. એન્ડ પી.બી. હિરપુરા કન્યા વિદ્યાલય, કાલાવાડ. (૨) જી.એમ. પટેલ કન્યા હાઈસ્કુલ, ધ્રોલ. દેવભૂમિ **દ્વારકામાં ૦૧** શાળા આવેલ છે. (૧) મયુર શૈક્ષણિક સંકુલ– જી.એમ.ડી.સી., નંદાણા.
(૨)	આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેલાડીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે, અને	(૨)	**૯૮૦ ખેલાડીઓ**
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ થયેલ છે?	(૩)	**૩.૧૧,૨૧,૧૧,૩૬૭/–**

પોક્સો કેસોમાં કાનૂની સલાહ બાબત

15/8/1334 શ્રી સંજય સુખાભાઈ કોરડીયા (જૂનાગઢ) : **માનનીય નાયબ મુખ્યમંત્રી (કાયદો અને ન્યાયતંત્ર)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નોંધાતા પોક્સો કેસમાં ભોગ બનનારાઓને કાનૂની સલાહ અને સહાય ઝડપથી ચૂકવવા માટે શી કાર્યવાહી કરવામાં આવે છે, અને	(૧)	પોક્સો પીડિતોને ઝડપી વળતર ચુકવણી માટે લેવામાં આવેલા પગલાં: ૧.અદાલત દ્વારા વળતર બાબતનો આદેશ પ્રાપ્ત થતા જ પીડિતની વિગતોની તાત્કાલિક ચકાસણી શરૂ કરવામાં આવે છે અને બેંક ખાતાની માહિતી, આધારકાર્ડ, જન્મ પ્રમાણપત્ર વગેરે જરૂરી દસ્તાવેજો એકત્રિત કરવામાં આવે છે. અનુદાનની રકમ પ્રાપ્ત થતાં જ પીડિતના ખાતામાં ત્વરિત જમા કરવામાં આવે છે. ૨.પીડિતોને વળતર ચૂકવણી સુનિશ્ચિત કરવા તાત્કાલિક બેઠક યોજવામાં આવે છે. ૩.પીડિતની ત્વરિત ઓળખ કરી, બિલ તૈયાર કરી, ચુકવણી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. ૪.શાળા, કોલેજ, સમુદાય કેન્દ્રો તેમજ પ્રિન્ટ મીડિયામાં કાનૂની જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. ૫.વળતરનો આદેશ પસાર થયાના જ દિવસે પીડિતને જિલ્લા કાનૂની સેવા સત્તા કચેરીમાં બોલાવવામાં આવે છે, તેમનું વળતર અરજીપત્ર સ્વીકારી જરૂરી દસ્તાવેજો એકત્રિત કરવામાં આવે છે. ત્યારબાદ અનુદાનની રકમ મુક્ત કરવા વિનંતી કરવામાં આવે છે અને રકમ પ્રાપ્ત થતા જ પીડિતને ચૂકવવામાં આવે છે. જો કોઈ પીડિત પાસે બેંક ખાતું અથવા અન્ય જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય, તો પેરાલીગલ વોલન્ટિયર્સ મારફતે જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે છે.

			૬.૬૨ મહિને પીડિત વળતર અંગે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવે છે.
(૨)	ઉક્ત સ્થિતિએ આ અંગે કરાયેલ વર્ષવાર નાણાકીય જોગવાઇની વિગતો શી છે?	(૨)	પોક્સો એક્ટ હેઠળના ગુનાના ભોગ બનનારને વિક્ટીમ કોમ્પનસેશન સ્કીમ હેઠળ નાણાકીય વળતરની સહાય ચુકવવામાં આવે છે. આ સ્કીમ અંતર્ગત અને ૨૦૨૪ ની સ્થિતિએ ૩.૩૮/- કરોડ તથા સને ૨૦૨૫ ની સ્થિતિએ આ સ્કીમ અંતર્ગત ૩.૪૫/- કરોડની નાણાકીય જોગવાઇ કરેલ છે.

અમદાવાદ અને વડોદરા જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2080 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**		
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને વડોદરા શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ		
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો**		
			શહેર/જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			અમદાવાદ શહેર	૧૭	૫૯૬
			અમદાવાદ ગ્રામ્ય	૩	૧૭૦
			વડોદરા શહેર	૨	૨૦૪
			વડોદરા ગ્રામ્ય	૦	૧૩૦
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો**		
			શહેર/જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			અમદાવાદ શહેર	૦	૩૭
			અમદાવાદ ગ્રામ્ય	૦	૪
			વડોદરા શહેર	૦	૧૦
			વડોદરા ગ્રામ્ય	૦	૮
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિધ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.		

અતારાંકિત પ્રશ્નો

પત્રક

અમદાવાદ અને વડોદરા શહેર/જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા					
શહેર/જિલ્લો	**તાલુકો**	**તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**		**તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**	
		મહિલા	**બાળકો**	**મહિલા**	**બાળકો**
અમદાવાદ શહેર	અમદાવાદ શહેર	૭	૩૦૬	૧૦	૩૨૭
અમદાવાદ ગ્રામ્ય	ધોળકા	૦	૧૫	૦	૮
	બાવળા	૦	૧૦	૦	૧૩
	ધંધુકા	૦	૪	૦	૩
	ધોલેરા	૦	૫	૧	૩
	સાણંદ	૧	૯	૦	૧૬
	દશક્રોઇ	૦	૨૭	૦	૨૭
	વિરમગામ	૦	૭	૦	૧૩
	દેત્રોજ	૧	૪	૦	૪
	માંડલ	૦	૩	૦	૩
વડોદરા શહેર	વડોદરા શહેર	૦	૧૦૮	૨	૧૦૬
વડોદરા ગ્રામ્ય	પાદરા	૦	૧૧	૦	૧૬
	સાવલી	૦	૮	૦	૧૦
	ડેસર	૦	૫	૦	૫
	વડોદરા ગ્રામ્ય	૦	૧૩	૦	૧૧
	ડભોઇ	૦	૫	૦	૩
	કરજણ	૦	૧૧	૦	૯
	વાઘોડીયા	૦	૧૦	૦	૯
	શિનોર	૦	૮	૦	૪

મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2093 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**		
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ		
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			મહિસાગર	૦	૬૧
			પંચમહાલ	૫	૧૫૧

(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			મહિસાગર	૦	૪
			પંચમહાલ	૦	૨૫
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિધ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.		

પત્રક

મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

જિલ્લો	**તાલુકો**	**તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**		**તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**	
		મહિલા	**બાળકો**	**મહિલા**	**બાળકો**
મહિસાગર	લુણાવાડા	૦	૮	૦	૮
	બાલાસિનોર	૦	૯	૦	૩
	વિરપુર	૦	૦	૦	૩
	સંતરામપુર	૦	૧૫	૦	૮
	કડાણા	૦	૫	૦	૧
	ખાનપુર	૦	૩	૦	૨
	ગોધર	૦	૦	૦	૦
	કોઠંબા	૦	૦	૦	૦
પંચમહાલ	ગોધરા	૧	૨૮	૦	૨૭
	શહેરા	૧	૧૮	૨	૧૮
	મોરવા(હડફ)	૦	૭	૦	૭
	રાજગઢ	૦	૧૩	૦	૧૦
	હાલોલ	૦	૧૦	૦	૧૨
	કાલોલ	૧	૧૪	૦	૯
	જાબુઘોડા	૦	૨	૦	૧

અતારાંકિત પ્રશ્નો

પાવાગઢ ખાતે આવેલ હેરીટેજ સ્થળના વિકાસની કામગી

15/8/1337 શ્રી સી.કે.રાઉલજી (ગોધરા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન)**જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતે આવેલ હેરીટેજ સાઈટ પ્રવાસન સ્થળના વિકાસ અર્થે કામગીરી હાથ ધરેલ છે કે કેમ,	(૧)	હા,જી.
(૨)	જો હા, તો ક્યા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને	(૨) અને (૩)	કામગીરી: જામી મસ્જીદ, સહર કી મસ્જીદ અને લકુલીશ મંદિર ખાતે હેરીટેજ લાઈટીંગ ખર્ચ: રૂ. ૧,૮૦,૦૨૪/–
(3)	ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી માટે કેટલો ખર્ચ થયેલ છે?		

––––––––

તાપી જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના

15/8/1301 શ્રી મોહનભાઇ ઢેડાભાઇ કોંકણી (વ્યારા):માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે **:–**

	પ્રશ્ન		જવાબ
(૧)	તાપી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને	(૧)	હા,જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?	(૨)	કુલ ૨૨૯૯

બનાસકાંઠા જિલ્લામાં વાજપાઇ બેંકેબલ યોજના

15/8/1359 શ્રી અનિકેત ગિરીશભાઈ ઠાકર (પાલનપુર) : **માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,	(૧)	૬૦૧૨
(૨)	તે પૈકી કેટલી અરજીઓની ભલામણ બેંકોને કરવામાં આવી, અને	(૨)	૫૬૧૦
(૩)	તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?	(૩)	૫૧૨૦

... ...

નવી બસો ખરીદવા એસ.ટી. નિગમને સહાય

15/8/1342 શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ (નારણપુરા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	રાજ્ય સરકાર દ્વારા એસ.ટી. નિગમને નવી બસો ખરીદવા કોઇ સહાય આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, એસ.ટી. નિગમને રાજ્ય સરકાર દ્વારા નવી બસો ખરીદવા મુડીકૃત સહાય આપવામાં આવે છે.

(૨)	જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય આપવામાં આવી?	(૨)	<table><tr><th>વર્ષ</th><th>ફાળવેલ રકમ (રૂ.કરોડમાં)</th></tr><tr><td>તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪</td><td>૭૩૫.૮૮</td></tr><tr><td>તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫</td><td>૭૧૦.૦૦</td></tr><tr><td>કુલ</td><td>૧૪૪૫.૮૮</td></tr></table>

રાજ્યમા યોજાયેલ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા

15/8/1331 શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ અકબરી (જામનગર(દક્ષિણ)): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત, યુવક સેવા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કોઈ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો કુલ કેટલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું?	(૨)	૧૨(બાર)

દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના

15/8/1310 શ્રી કનૈયાલાલ બચુભાઈ કિશોરી (દાહોદ) **: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,	(૧)	હા, જી
(૨)	જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને શો લાભ આપવામાં આવે છે, અને	(૨)	લાભાર્થી દીઠ રૂ.૧,૭૦,૦૦૦/– ની સહાય
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે?	(૩)	રૂ.૧૦૮૧.૪૦ લાખ

નવસારી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

15/8/1297: શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી**): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **:–**

	પ્રશ્ન		જવાબ
(૧)	નવસારી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને	(૧)	હા,જી
(૨)	જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ લાભાર્થીઓને કયા પ્રકારના લાભ આપવામાં આવેલ છે?	(૨)	કુલ ૮૪૪૫ આદિજાતિ લાભાર્થીઓને આ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી ડાંગર અને રીંગણ અથવા ભીંડા પૈકી કોઇ એક બિયારણ તથા પ્રોમ ખાતર, એ.પી.એસ.ખાતર અને નેનો યુરીયાની બોટલ આપવામાં આવેલ છે.

અતારાંકિત પ્રશ્નો

આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેતા ખેલાડીઓને આર્થિક સહાય

15/8/1332 શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત, યુવક સેવા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રાજ્યના ખેલાડીઓ ભાગ લેવા જાય તો તેને રાજ્ય સરકાર તરફથી કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેલાડીઓને કેટલી સહાય આપવામાં આવી છે?	(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **૯૮(અઠ્ઠાણું)** ખેલાડીઓને **રૂ.૭૯,૩૩,૮૩૦/-(અંકે રૂપિયા ઓગણાએંસી લાખ તેત્રીસ હજાર આઠસો ત્રીસ પુરા)**ની સહાય આપવામાં આવી છે.

કચ્છ જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે મળેલ અરજીઓ

15/8/1132 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા) : **માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,	(૧)	**તાલુકો** / **મળેલ અરજીઓ** અબડાસા / ૧૩૩ અંજાર / ૫૩૭ ભચાઉ / ૧૪૯ ભુજ / ૧૭૩૧ ગાંધીધામ / ૨૨૫ લખપત / ૬૩ માંડવી / ૨૯૬ મુન્દ્રા / ૨૭૦ નખત્રાણા / ૨૬૩ રાપર / ૧૩૯ **કુલ** / **૩૮૦૬**
(૨)	ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ માટે લોન પૂરી પાડવા બેંકોમાં ભલામણ કરવામાં આવી, અને	(૨)	**તાલુકો** / **ભલામણ કરેલ અરજીઓ** અબડાસા / ૧૧૫ અંજાર / ૩૧૧ ભચાઉ / ૧૧૦ ભુજ / ૧૨૯૭ ગાંધીધામ / ૧૫૬ લખપત / ૪૩ માંડવી / ૧૯૮ મુન્દ્રા / ૨૧૬ નખત્રાણા / ૨૦૬ રાપર / ૧૩૨ **કુલ** / **૨૭૮૪**
(૩)	બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓને બેંકો દ્વારા લોન પૂરી પાડવામાં આવી?	(૩)	૨૨૯૬

પાટણની રાણકી વાવ ખાતે પ્રવાસી સુવિધાની કામગીરી

15/8/1335 શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર) :**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(પ્રવાસન)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુનેસ્કો વર્લ્ડ હેરીટેજ સાઈટ રાણકી વાવ ખાતે પ્રવાસીઓની સુવિધાઓ વિકસાવવા કોઈ કામગીરી હાથ ધરાયેલ છે કે કેમ,	(૧)	હા,જી.
(૨)	જો હા, તો કયા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને	(૨)	થ્રી ડી પ્રોજેક્શન મેપિંગ શો તથા હેરિટેજ લાઈટીંગ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત કામગીરી માટે કેટલો ખર્ચ થયેલ છે?	(૩)	રૂ. ૧૨,૦૩,૮૮,૬૩૫/–

———————

અમદાવાદ અને ખેડા જિલ્લામાં "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ

15/8/1322 શ્રી હાર્દિક ભરતભાઈ પટેલ (વિરમગામ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ખેડા જિલ્લામાં કેટલા ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ થયેલા અને,	(૧)	૧૫૯૩
(૨)	તે અંતર્ગત કેટલી રકમનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવેલ છે ?	(૨)	રૂ. ૬૩,૬૦,૩૭,૨૬૭/–

————————

માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને મદદ કરનારને પ્રોત્સાહન

15/8/1343 શ્રી પ્રવિણભાઈ મનજીભાઈ ઘોઘારી (કરંજ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત/ ઘાયલોને મદદ કરનારને પ્રોત્સાહન મળે તે માટે કોઇ યોજના છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાં લોકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે?	(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૪૧ લોકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

——————

પાટણ જિલ્લામાં લોકલ ક્રાઈમ બ્રાંચ/સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડા

15/8/2073 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા છ માસમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર લોકલ ક્રાઈમ બ્રાંચ/સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડા પાડી કેટલી રકમનો દેશી દારૂ, વિદેશી દારૂ, બીયરનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,	(૧)	પત્રક–૧ મુજબ.
(૨)	ઉક્ત પ્રકારના બનાવોમાં સ્થાનિક પોલીસ અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવાની કોઈ જોગવાઈ છે કે કેમ,	(૨)	હા, જી.

(૩)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા છ માસમાં તાલુકાવાર જવાબદાર કેટલા કર્મચારી/અધિકારી સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને	(૩)	પત્રક–૨ મુજબ.
(૪)	કેટલા અધિકારી/કર્મચારી સામે ક્યા કારણોસર કાર્યવાહી કરવાની બાકી છે?	(૪)	તમામ જવાબદાર અધિકારી/કર્મચારી વિરૂધ્ધ ખાતાકીય રાહે પગલાં લેવામાં આવેલ છે. જેથી કોઇ અધિકારી/કર્મચારી વિરૂધ્ધ કાર્યવાહી કરવાની બાકી રહેતી નથી.

પત્રક–૧

તા.૦૧/૦૭/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫

તાલુકાનું નામ	દેશી દારૂ		વિદેશી દારૂ		બિયર	
	કિંમત	જથ્થો (લીટર)	કિંમત	જથ્થો (બોટલ)	કિંમત	જથ્થો (બોટલ)
રાધનપુર	૧,૦૦૦/–	૫	૨૬,૫૬,૮૫૭/–	૯૪૫૯	૯,૦૬,૩૩૬/–	૩૮૪૦
સાંતલપુર	૬૦૦/–	૩	૧,૩૧૦/–	૧૧	૦	૦
સમી	૩,૮૦૦/–	૧૯	૧૫,૧૮,૫૮૮/–	૪૮૨૪	૨,૪૦,૫૭૬/–	૧૦૩૨
હારીજ	૨,૮૦૦/–	૧૪	૩૩૩/–	૨	૦	૦
ચાણસ્મા	૪,૬૦૦/–	૨૩	૩૧૨/–	૪	૨૭૦/–	૨
શંખેશ્વર	૦	૦	૬૨,૨૧,૦૪૦/–	૧૫૭૪૪	૪,૦૬,૫૬૦/–	૧૮૪૮
પાટણ	૧૩,૮૦૦/–	૬૯	૫૯,૬૪,૨૨૧/–	૧૮૯૫૫	૪૩,૫૭૪/–	૧૫૨૫
સિધ્ધપુર	૩,૨૦૦/–	૧૬	૨,૨૨,૮૧,૩૨૬/–	૪૪૨૬૧	૧૧,૫૦,૭૯૩/–	૪૯૩૧
સરસ્વતી	૬૦૦/–	૩	૨૬,૦૫,૫૮૦/–	૭૪૦૮	૫,૩૯,૬૮૮/–	૨૩૭૬

પત્રક–૨

તા.૦૧/૦૭/૨૦૨૫ થી તા. ૩૧/૧૨/૨૦૨૫

તાલુકાનુ નામ	પોલીસ અધિકારી વિરુધ્ધ કરેલ કાર્યવાહીની વિગત રેન્ક વાઇઝ	રોકડ દંડ	ઈજાફો અટકાવવો	ખાતાકીય/ પ્રાથમિક તપાસ	ફરજ મોકુફ	આંતર જિલ્લા બદલી	ઠપકો
રાધનપુર	પોલીસ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	પોલીસ સબ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	હેડ કોન્સ્ટેબલ	૦	૦	૦	૦	૦	૦
	પોલીસ કોન્સ્ટેબલ	૦	૦	૦	૦	૦	૦
સાંતલપુર	પોલીસ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	પોલીસ સબ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	હેડ કોન્સ્ટેબલ	૦	૦	૦	૦	૦	૦
	પોલીસ કોન્સ્ટેબલ	૦	૦	૦	૦	૦	૦
સમી	પોલીસ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	પોલીસ સબ ઇન્સ્પેક્ટર	૫	૦	૦	૦	૦	૦
	આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	હેડ કોન્સ્ટેબલ	૬	૦	૦	૦	૦	૦
	પોલીસ કોન્સ્ટેબલ	૨૦	૦	૦	૦	૦	૦
હારીજ	પોલીસ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	પોલીસ સબ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	હેડ કોન્સ્ટેબલ	૦	૦	૦	૦	૦	૦
	પોલીસ કોન્સ્ટેબલ	૦	૦	૦	૦	૦	૦

ચાણસ્મા	પોલીસ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	પોલીસ સબ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	હેડ કોન્સ્ટેબલ	૦	૦	૦	૦	૦	૦
	પોલીસ કોન્સ્ટેબલ	૦	૦	૦	૦	૦	૦
શંખેશ્વર	પોલીસ ઇન્સ્પેક્ટર	૦	૦	0	૦	૦	૧
	પોલીસ સબ ઇન્સ્પેક્ટર	૧	૦	૦	૦	૦	૦
	આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૦
	હેડ કોન્સ્ટેબલ	૩	૦	૦	૦	૦	૦
	પોલીસ કોન્સ્ટેબલ	૫	૦	૦	૦	૦	૦
પાટણ	પોલીસ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૧
	પોલીસ સબ ઇન્સ્પેક્ટર	૧	૦	૦	૦	૦	૦
	આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર	૨	૦	૦	૦	૦	૦
	હેડ કોન્સ્ટેબલ	૪	૦	૦	૦	૦	૦
	પોલીસ કોન્સ્ટેબલ	૯	૦	૦	૦	૦	૦
સિધ્ધપુર	પોલીસ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૩
	પોલીસ સબ ઇન્સ્પેક્ટર	૧૬	૦	૦	૦	૦	૦
	આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર	૮	૦	૦	૦	૦	૦
	હેડ કોન્સ્ટેબલ	૧૯	૦	૦	૦	૦	૦
	પોલીસ કોન્સ્ટેબલ	૫૦	૦	૦	૦	૦	૦
સરસ્વતી	પોલીસ ઇન્સ્પેક્ટર	૦	૦	૦	૦	૦	૧
	પોલીસ સબ ઇન્સ્પેક્ટર	૧	૦	૦	૦	૦	૦
	આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર	૧	૦	૦	૦	૦	૦
	હેડ કોન્સ્ટેબલ	૨	૦	૦	૦	૦	૦
	પોલીસ કોન્સ્ટેબલ	૫	૦	૦	૦	૦	૦

_____

રાજકોટ જિલ્લામાં "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ

15/8/1321 શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ થયેલા અને,	(૧) અને (૨)	**શહેર/જિલ્લાનું નામ** / **થયેલ કાર્યક્રમની સંખ્યા** / **નાગરિકોને પરત કરેલ મુદ્દામાલ (રૂ.)** રાજકોટ શહેર / ૨૩૧ / ૨૧,૫૯,૫૨,૮૮૦/- રાજકોટ ગ્રામ્ય / ૩૯૬ / ૮,૮૭,૮૯,૬૦૧/-
(૨)	તે અંતર્ગત કેટલી રકમનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવેલ છે?		

છોટા ઉદેપુર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

15/8/1294: શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા**): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	છોટા ઉદેપુર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના ખરીફ અને રવિ સિઝન અમલમાં છે કે કેમ, અને	(૧)	હા,જી
(૨)	જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ લાભાર્થીઓને	(૨)	કુલ ૨૧૫૪૧ આદિજાતિ લાભાર્થીઓને આ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી ખરીફ સિઝનમાં સોયાબીનનું બિયારણ તથા રવિ સિઝનમાં ઘઉં અથવા ચણા અથવા

	કયા પ્રકારના લાભ આપવામાં આવેલ છે?		મકાઇ પૈકી કોઇ એક બિયારણ તથા તેની સાથે ટામેટા અને રીંગણનું બિયારણ તથા રવિ સિઝન તથા ખરીફ સિઝનમાં પ્રોમ ખાતર, એ.પી.એસ.ખાતર અને નેનો યુરીયાની બોટલ આપવામાં આવેલ છે.

અંકલેશ્વર ખાતે એરપોર્ટ વિકસાવવાની કામગીરી

15/8/1348 શ્રી રમેશભાઇ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન)** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		**જવાબ**
(૧)	અંકલેશ્વર ખાતે વિકસાવવામાં આવનાર એરપોર્ટ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે,અને	(૧)	અંકલેશ્વર એરપોર્ટ વર્ષ ૨૦૨૮ના અંત સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે.
(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે?	(૨)	અંકલેશ્વર ખાતે હવાઈપટ્ટી વિકસાવવા માટે ૮૨ હેકટર જમીન પ્રથમ તબક્કાની કામગીરી જેવી કે, ૨૨૦૦ મીટર રનવેના બાંધકામ સાથે જમીન સમતળ, એપ્રન, ટેકસી–વે અને સર્વીસ રોડ બાંધકામ જેવી આનુષાંગિક કામગીરી પૂર્ણ કરવામા આવેલ છે.

છોટાઉદેપુર જિલ્લામાં પોલીસ સ્ટેશન/આઉટ પોસ્ટ બાબત

15/8/1518 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કુલ કેટલા પોલીસ સ્ટેશન/આઉટ પોસ્ટ છે, અને	(૧)	૧૩ પોલીસ સ્ટેશન અને ૧૭ આઉટ પોસ્ટ છે.
(૨)	તે પૈકી કેટલા પોલીસ સ્ટેશન પોતાની માલિકીના છે અને કેટલા ભાડાના મકનમાં ચાલે છે?	(૨)	૧૨ પોલીસ સ્ટેશન પોતાની માલિકીના અને ૦૧ પોલીસ સ્ટેશન ભાડાના મકાનમાં ચાલે છે.

પોલીસ કર્મચારીઓને પગાર ચૂકવણા માટે ગ્રાન્ટ ન હોવા બાબત

15/8/2070 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫–૨૬માં ગૃહ વિભાગને બજેટમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫–૨૬માં ગૃહ વિભાગને બજેટમાં રૂ.૧૧૨૯૩.૬૨૨૨/– કરોડની રકમની ફાળવણી કરવામાં આવી.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત ગ્રાન્ટની ફાળવણી થયેલ હોવા છતાં પોલીસ કર્મચારીઓનો પગાર ચૂકવવા માટે ગ્રાન્ટ ન હોવાનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો તે હકીકત સાચી છે, અને	(૨)	ના, આ પ્રકારનો કોઈ પરિપત્ર થયેલ નથી.
(૩)	જો હા, તો ઉક્ત પરિપત્ર જાહેર કરવાના કારણો શાં છે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અતારાંકિત પ્રશ્નો

વલસાડ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

15/8/1296: શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર**):માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **:–**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	વલસાડ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને	(૧)	હા,જી
(૨)	જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ લાભાર્થીઓને કયા પ્રકારના લાભ આપવામાં આવેલ છે?	(૨)	કુલ ૭૬૫૪ આદિજાતિ લાભાર્થીઓને આ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી ડાંગર અને રીંગણ અથવા ભીંડા અથવા નાગલી પૈકી કોઇ એક બિયારણ તથા પ્રોમ ખાતર, એ.પી.એસ.ખાતર અને નેનો યુરીયાની બોટલ આપવામાં આવેલ છે.

દાહોદ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો

15/8/1307 શ્રી શૈલેષભાઈ સુમનભાઈ ભાભોર (લીમખેડા)**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત કેટલી ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો આવેલી છે,	(૧)	૧૫૦
(૨)	ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવેલ છે, અને	(૨)	૮૮૮૧
(૩)	ઉક્ત છાત્રાલયો માટે વર્ષ:૨૦૨૫–૨૬માં કેટલી બજેટ જોગવાઈ કરવામાં આવી છે?	(૩)	૩. ૨૯.૬૦ કરોડ

છોટાઉદેપુર અને મોરબી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2065 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**		
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર જિલ્લામાં અને મોરબી શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ		
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			છોટાઉદેપુર	૦	૯૩
			મોરબી	૨	૯૩
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			છોટાઉદેપુર	૦	૧૩
			મોરબી	૦	૧૦
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને		

			લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિધ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.

પત્રક

છોટાઉદેપુર અને મોરબી જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

જિલ્લો	તાલુકો	તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા		તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા	
		મહિલા	બાળકો	મહિલા	બાળકો
છોટાઉદેપુર	છોટાઉદેપુર	૦	૨૫	૦	૯
	કવાંટ	૦	૧૨	૦	૯
	નસવાડી	૦	૧૦	૦	૬
	જેતપુર પાવી	૦	૩	૦	૪
	સંખેડા	૦	૧૧	૦	૫
	બોડેલી	૦	૬	૦	૨
	કદવાલ	૦	૩	૦	૨
મોરબી	મોરબી	૧	૧૮	૧	૨૮
	હળવદ	૦	૧૭	૦	૯
	માળીયા	૦	૨	૦	૧
	વાંકાનેર	૦	૭	૦	૯
	ટંકારા	૦	૭	૦	૫

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2085 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**

જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ		
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર શહેર/જિલ્લામાં અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ		
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			જામનગર	૦૦	૧૦૯
			દેવભૂમિ દ્વારકા	૦૧	૪૪
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો**		

	કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને		**જિલ્લાનું નામ**	**મહિલાઓ**	**બાળકો**
			જામનગર	૦૦	૦૨
			દેવભૂમિ દ્વારકા	૦૦	૦૦
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિદ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.		

પત્રક

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

જિલ્લો	**તાલુકો**	**તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**		**તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**	
		મહિલા	**બાળકો**	**મહિલા**	**બાળકો**
જામનગર	જામનગર	૦	૩૭	૦	૨૫
	ધ્રોલ	૦	૮	૦	૭
	જોડિયા	૦	૧	૦	૧
	કાલાવડ	૦	૪	૦	૩
	લાલપુર	૦	૫	૦	૮
	જામજોધપુર	૦	૪	૦	૮
દેવભૂમિ દ્વારકા	ખંભાળીયા	૦	૮	૧	૯
	ભાણવડ	૦	૩	૦	૪
	કલ્યાણપુર	૦	૫	૦	૬
	ઓખામંડળ	૦	૫	૦	૪

ભરૂચ અને તાપી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2068 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ શહેર/જિલ્લામાં અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો**

	શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,		**જિલ્લાનું નામ**	**મહિલાઓ**	**બાળકો**
			ભરૂચ	૨	૧૫૦
			તાપી	૨	૧૭૩
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			ભરૂચ	૦	૧૦
			તાપી	૦	૧
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિદ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.		

પત્રક

ભરૂચ અને તાપી જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

જિલ્લો	**તાલુકો**	**તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**		**તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**	
		મહિલા	**બાળકો**	**મહિલા**	**બાળકો**
ભરૂચ	ભરૂચ	૧	૩૫	૦	૧૭
	વાગરા	૦	૧૩	૦	૫
	આમોદ	૦	૬	૦	૪
	જંબુસર	૦	૭	૦	૬
	અંકલેશ્વર	૦	૨૫	૦	૨૧
	વાલીયા	૦	૧	૦	૧
	ઝઘડીયા	૧	૧૦	૦	૯
તાપી	વ્યારા	૦	૧	૦	૧
	વાલોડ	૦	૧	૦	૨
	ડોલવણ	૦	૧	૦	૨
	સોનગઢ	૦	૪	૦	૭
	ઉકાઇ	૦	૦	૦	૧
	ઉચ્છલ	૦	૦	૦	૨
	નિઝર	૦	૨	૦	૦

અતારાંકિત પ્રશ્નો

નોંધ : ભરૂચ જિલ્લાના હાંસોટ અને નેત્રંગ તાલુકાની તેમજ તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાની માહિતી શૂન્ય છે.

ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક

15/8/2097 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ (સુધારા) નિયમો–૨૦૦૨ મુજબ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને એકવાર મળવી જોઈએ, તે હકીકત સાચી છે,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે,	(૨)	તા.૨૧/૦૩/૨૦૨૫ના રોજ બેઠક મળેલ છે.
(૩)	ઉક્ત સમિતિની બેઠક દર ત્રણ માસે મળેલ ન હોય તો તેના શાં કારણો છે, અને	(૩)	ગુજરાત રાજ્યમાં મંત્રી મંડળમાં થયેલ બદલાવના કારણે આદિજાતિ સલાહકાર પરિષદની પુન:રચના કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. આદિજાતિ સલાહકાર પરિષદ અને સલાહકાર પરિષદની સ્થાયી સમિતિની પુન:રચના કરવાની બાબત કાર્યવાહી હેઠળ છે.
(૪)	ઉક્ત બેઠક સમયસર નિયમિત મળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદની બેઠક સત્વરે મળે તે અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

સરકારની માલિકીના પ્લેન અને હેલીકોપ્ટર પાછળનો ખર્ચ

15/8/1716 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર–ખાડિયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન)** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા સરકારની માલિકીના પ્લેન અને હેલીકોપ્ટરના મેઇનટેનન્સ / પાયલોટ અને અન્ય સ્ટાફ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને	(૧)	**સમયગાળો** / **પ્લેન અને હેલીકોપ્ટરના મેઇન્ટેનન્સ માટેનો ખર્ચ** / **પાયલોટ્સ માટેનો ખર્ચ** / **અન્ય સ્ટાફ માટેનો ખર્ચ** ૦૧.૦૨.૨૦૨૪ થી ૩૧.૦૧.૨૦૨૫ / ૨૭,૭૧,૨૧,૪૧૧ / ૧૨,૮૯,૪૫,૫૫૨ / ૬૧,૪૪,૬૯૬ ૦૧.૦૨.૨૦૨૫ થી ૩૧.૦૧.૨૦૨૬ / ૨૮,૯૫,૧૧,૦૧૦ / ૧૫,૧૮,૭૯,૭૧૦ / ૯૭,૫૩,૧૫૨
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા પ્લેન કે હેલીકોપ્ટર ટેકનિકલ ક્ષતિના કારણોસર ઉડી ન શકવાના કેટલા કિસ્સા બન્યા છે ?	(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્લેન કે હેલીકોપ્ટર ટેકનિકલ ક્ષતિના કારણોસર ઉડી ન શકવાના બે (૨) કિસ્સા બન્યા છે.

પાટણ જિલ્લામાં સેન્ટ્રલ મોટર વ્હીકલ (અમેન્ડમેન્ટ) એક્ટ– ૨૦૧૫ હેઠળ સ્પેશ્યલ લાયસન્સ

અતારાંકિત પ્રશ્નો

15/8/1896 ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સેન્ટ્રલ મોટર વ્હીકલ (અમેન્ડમેન્ટ) એક્ટ–૨૦૧૫ અન્વયે પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન માટે ક્યા પ્રકારના કેટલા વાહનોને "સ્પેશ્યલ લાયસન્સ" આપવામાં આવેલ છે,	(૧)	માહિતી શૂન્ય છે.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્પેશ્યલ લાયસન્સ વગર પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન કરતા કયા પ્રકારના કેટલા વાહનોને પકડવામાં આવ્યા છે, અને	(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્પેશ્યલ લાયસન્સ વગર પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન કરતા કુલ ૦૩ ગુડ્ઝ વાહનોને પકડવામાં આવેલ.
(૩)	આ પકડાયેલ વાહનો સામે શી કાર્યવાહી કરવામાં આવી?	(૩)	આ પકડાયેલ વાહનો સામે કુલ રૂ.૧૫,૫૦૦/–દંડની વસુલાત કરેલ.

———————

સુરત અને અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશન પરિસરના સીસીટીવી ફૂટેજ બાબત

15/8/1905 શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા (વિસાવદર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરત શહેરના પોલીસ સ્ટેશન પરિસરના સીસીટીવી ફૂટેજ માંગવા માટે કેટલી આરટીઆઈ અરજીઓ મળેલ છે,	(૧)	અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૪માં ૫૪ અને વર્ષ ૨૦૨૫ માં ૯૪ તથા સુરત શહેરમાં વર્ષ ૨૦૨૪ માં ૩૨ અને વર્ષ ૨૦૨૫માં ૫૨.
(૨)	ઉક્ત મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓમાં અરજદારોને સીસીટીવી ફૂટેજ આપવામાં આવેલ છે, અને	(૨)	અમદાવાદ શહેરમાં ૪૦ અને સુરત શહેરમાં ૨૨.
(૩)	ઉક્ત કેટલી અરજીઓમાં કેમેરાઓ બંધ હોવાના કારણે/ટેકનિકલ ખામીના કારણોસર ફૂટેજ આપવામાં આવેલ નથી?	(૩)	અમદાવાદ શહેરમાં ૧૨ અને સુરત શહેરમાં ૧૯.

અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના ઈસમો પર અત્યાચારના થયેલા બનાવો

15/8/2083 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં શહેર/જિલ્લાવાર અનુસૂચિત જાતિના ઈસમોના ખૂન, તિરસ્કાર, આભડછેટ, મંદિરમાં પ્રવેશબંધી, અત્યાચાર, મહિલાઓ પર બળાત્કારના કેટલા બનાવો બન્યા,		પત્રક મુજબ.
(૨)	ઉકત બનાવો પૈકી કેટલા બનાવો ઉકેલાયા અને કેટલા બનાવો ઉકેલવાના બાકી છે, અને		
(૩)	અનુસૂચિત જાતિના ઈસમો સાથે બનાતા બનાવોમાં તાત્કાલિક કાર્યવાહી થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી?	(૩)	અનુસૂચિત જાતિના ઈસમો ઉપર અત્યાચારનો કોઈ પણ બનાવ બને ત્યારે તાત્કાલિક પોલીસ સ્ટેશનમાં થાણા અધિકારીશ્રી દ્વારા જાતેથી તેમની રૂબરૂની ફરીયાદ લઈ યોગ્ય કલમો લગાવી તેની ફરીયાદ રજીસ્ટર કરવામાં આવે છે.

			ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી/નાયબ પોલીસ અધિક્ષકશ્રી દરજ્જાના અધિકારી દ્વારા કરવામાં આવે છે. એટ્રોસીટી એકટ હેઠળ બનેલ ગુનામાં શહેર/જીલ્લા કક્ષાએ નાયબ પોલીસ કમિશનરશ્રી/ પોલીસ અધિક્ષકશ્રી સ્થળ વિઝીટ કરી તપાસ કરનાર અમલદારને માર્ગદર્શન આપે છે. તેમજ બનાવની સમીક્ષા કરી જરૂર જણાયે પોલીસ રક્ષણ આપવામાં આવે છે. ગુનાના કામે સંડોવાયેલ આરોપીઓ વિરુધ્ધ સાયન્ટીફીક તથા ટેકનિકલ પુરાવાઓ એકત્રિત કરી, પુરાવા આધારે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ આરોપી વિરુધ્ધ સમયમર્યાદામાં ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપવામાં આવે છે.

દાહોદ અને આણંદ જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

હેડ	અમદાવાદ શહેર		અમદાવાદ ગ્રામ્ય		સુરેન્દ્રનગર	
	તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪	તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫	તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪	તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫	તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪	તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫
ખૂન	૦૪	૦૭	૦૦	૦૧	૦૧	૦૦
તિરસ્કાર	૦૦	૦૦	૦૦	૦૦	૦૦	૦૦
આભડછેટ	૦૦	૦૦	૦૦	૦૦	૦૦	૦૦
મંદિરમાં પ્રવેશબંધી	૦૦	૦૦	૦૦	૦૦	૦૦	૦૦
અત્યાચાર	૧૦૫	૧૦૦	૨૫	૪૦	૭૦	૫૬
મહિલાઓ પર બળાત્કાર	૧૮	૨૧	૦૫	૦૪	૦૩	૦૩
કુલ	**૧૨૭**	**૧૨૮**	**૩૦**	**૪૫**	**૭૪**	**૫૯**
વર્ષ	**ઉકેલાયા**	**ઉકેલવાના બાકી**	**ઉકેલાયા**	**ઉકેલવાના બાકી**	**ઉકેલાયા**	**ઉકેલવાના બાકી**
૨૦૨૪	૧૨૭	૦૦	૩૦	૦૦	૭૪	૦૦
૨૦૨૫	૧૨૮	૦૦	૪૫	૦૦	૫૯	૦૦

15/8/2094 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**		
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને આણંદ શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ		
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			દાહોદ	૦	૨૧૧
			આણંદ	૨	૧૪૦
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો**		

	કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને		**જિલ્લાનું નામ**	**મહિલાઓ**	**બાળકો**
			દાહોદ	૦	૫૨
			આણંદ	૦	૨૬
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિદ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.		

પત્રક

દાહોદ અને આણંદ જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

જિલ્લો	**તાલુકો**	**તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**		**તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**	
		મહિલા	**બાળકો**	**મહિલા**	**બાળકો**
દાહોદ	દાહોદ	૦	૩૨	૦	૨૩
	ગરબાડા	૦	૨૧	૦	૧૨
	લીમખેડા	૦	૧૨	૦	૧૬
	ધાનપુર	૦	૧૧	૦	૨૨
	દેવગઢ બારીયા	૦	૧૯	૦	૧૨
	સીંગવડ	૦	૫	૦	૨
	લીમડી	૦	૧૨	૦	૧૭
	ઝાલોદ	૦	૮	૦	૮
	ફતેપુરા	૦	૧૨	૦	૩
	સુખસર	૦	૬	૦	૫
	સંજેલી	૦	૪	૦	૧
આણંદ	આણંદ	૦	૨૬	૧	૨૩
	ઉમરેઠ	૦	૬	૦	૪
	બોરસદ	૦	૧૭	૦	૨૦
	આંકલાવ	૦	૧૦	૦	૪
	પેટલાદ	૦	૧૪	૦	૪
	ખંભાત	૦	૧૨	૦	૧૨

	તારાપુર	૧	૫	૦	૧
	સોજીત્રા	૦	૪	૦	૪

કચ્છ જિલ્લામાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ માટે મળેલ અરજીઓ

15/8/1148 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત, યુવક સેવા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના કયા તાલુકાઓમાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનાવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળેલ છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના **મુન્દ્રા તાલુકા**માં સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવા માટેની **૦૧(એક)** અરજી મળેલ છે.
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કયા તાલુકામાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ મંજૂર કરવામાં આવ્યા અને કયા તાલુકાઓમાં મંજુર કરવાના બાકી છે,	(૨)	શૂન્ય
(૩)	ઉક્ત બાકી મંજૂરીઓ ક્યાં સુધીમાં આપવામાં આવશે, અને	(૩)	રાજ્ય સરકાર દ્વારા હાલ જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ સંકુલને અગ્રતા આપેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)	તે બાકી રહેવાના શા કારણો છે?	(૪)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પાટણ અને પોરબંદર જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2074 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને પોરબંદર શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો** **જિલ્લાનું નામ** / **મહિલાઓ** / **બાળકો** પાટણ / ૨ / ૧૦૬ પોરબંદર / ૧ / ૪૬
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો** **જિલ્લાનું નામ** / **મહિલાઓ** / **બાળકો** પાટણ / ૦ / ૯ પોરબંદર / ૦ / ૦
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ

			પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિદ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.

પત્રક

પાટણ અને પોરબંદર જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

જિલ્લો	તાલુકો	તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા		તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા	
		મહિલા	બાળકો	મહિલા	બાળકો
પાટણ	પાટણ	૦	૧૫	૦	૨૦
	સિધ્ધપુર	૦	૧૫	૦	૮
	ચાણસ્મા	૦	૪	૦	૨
	હારીજ	૦	૬	૦	૪
	સમી	૦	૩	૦	૨
	રાધનપુર	૦	૩	૦	૪
	સાંતલપુર	૦	૫	૦	૩
	શંખેશ્વર	૦	૧	૧	૪
	સરસ્વતી	૦	૧૧	૧	૫
પોરબંદર	પોરબંદર	૧	૧૬	૦	૧૩
	રાણાવાવ	૦	૫	૦	૫
	કુતિયાણા	૦	૫	૦	૨

છોટાઉદેપુર જિલ્લામાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ બાબત

15/8/1520 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જીલ્લામાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ કેટલી રકમની કેટલી વસ્તુઓ પરત આપવામાં આવી?		૩.૬,૭૫,૯૪,૧૮૨/- ની ૮૩૫ વસ્તુઓ પરત કરવામાં આવી.

બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2071 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લા અને મહેસાણા શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ

(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો** **જિલ્લાનું નામ** / **મહિલાઓ** / **બાળકો** **બનાસકાંઠા** / ૦૫ / ૧૯૧ **મહેસાણા** / ૦૦ / ૨૪૯
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો** **જિલ્લાનું નામ** / **મહિલાઓ** / **બાળકો** **બનાસકાંઠા** / ૦૦ / ૧૦ **મહેસાણા** / ૦૦ / ૪૭
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિદ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.

પત્રક

બનાસકાંઠા જિલ્લા અને મહેસાણા શહેર/જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

જિલ્લો	તાલુકો	તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા		તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા	
		મહિલા	બાળકો	મહિલા	બાળકો
બનાસકાંઠા	પાલનપુર	૦૧	૨૭	૦૧	૨૭
	વડગામ	૦૦	૦૬	૦૧	૦૫
	ધાનેરા	૦૦	૧૬	૦૦	૦૬
	દાંતા	૦૧	૧૧	૦૦	૦૭
	અમીરગઢ	૦૦	૧૨	૦૦	૦૨
	કાંકરેજ	૦૦	૦૯	૦૦	૦૮
	ડીસા	૦૦	૨૩	૦૦	૨૮
	દાંતીવાડા	૦૦	૦૩	૦૧	૦૭
	હડાદ	૦૦	૦૧	૦૦	૦૨
	ઓગડ	૦૦	૦૦	૦૦	૦૧
મહેસાણા	બહુચરાજી	૦૦	૦૭	૦૦	૦૪
	જોટાણા	૦૦	૦૩	૦૦	૦૨
	કડી	૦૦	૪૪	૦૦	૩૨

	ખેરાલુ	૦૦	૦૯	૦૦	૧૦
	મહેસાણા	૦૦	૩૩	૦૦	૨૨
	સતલાસણા	૦૦	૦૪	૦૦	૦૪
	ઉંઝા	૦૦	૧૨	૦૦	૧૫
	વડનગર	૦૦	૧૦	૦૦	૧૧
	વીજાપુર	૦૦	૧૯	૦૦	૨૬
	વિસનગર	૦૦	૧૩	૦૦	૧૬

બોટાદ અને ડાંગ જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2066 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**		
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બોટાદ શહેર/જિલ્લામાં અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ		
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			બોટાદ	૦	૬૪
			ડાંગ	૦	૦૫
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			બોટાદ	૦	૦૨
			ડાંગ	૦	૦૦
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિધ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.		

પત્રક

બોટાદ અને ડાંગ જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા			
જિલ્લો	**તાલુકો**	**તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**	**તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા**

		મહિલા	બાળકો	મહિલા	બાળકો
બોટાદ	બોટાદ	૦	૧૮	૦	૧૨
	ગઢડા	૦	૦૫	૦	૦૫
	રાણપુર	૦	૦૭	૦	૦૮
	બરવાળા	૦	૦૯	૦	૦૨
ડાંગ	આહવા	૦	૦૧	૦	૦૧
	વઘઈ	૦	૦૦	૦	૦૧
	સુબીર	૦	૦૦	૦	૦૨

રાજકોટ અને ભાવનગર જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2086 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**

જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ		
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને ભાવનગર શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ		
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			રાજકોટ શહેર	૦૦	૩૦૬
			રાજકોટ ગ્રામ્ય	૦૪	૧૪૯
			ભાવનગર	૦૧	૧૫૬
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			રાજકોટ શહેર	૦૦	૩૩
			રાજકોટ ગ્રામ્ય	૦૦	૦૩
			ભાવનગર	૦૦	૧૨
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઇમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિદ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.		

પત્રક

રાજકોટ અને ભાવનગર જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

જિલ્લો	તાલુકો	તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા		તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા	
		મહિલા	બાળકો	મહિલા	બાળકો
રાજકોટ શહેર	રાજકોટ	૦	૧૫૩	૦	૧૭૧
રાજકોટ ગ્રામ્ય	ગોંડલ	૧	૧૩	૦	૧૨
	જસદણ	૧	૧૦	૧	૧૩
	કોટડાસાંગાણી	૦	૧૪	૦	૧૪
	પડધરી	૦	૧	૦	૫
	લોધિકા	૦	૪	૦	૧૦
	વિછીંયા	૦	૨	૦	૪
	જેતપુર	૦	૫	૦	૧૬
	ધોરાજી	૧	૨	૦	૬
	ઉપલેટા	૦	૫	૦	૧૫
	જામકંડોરણા	૦	૦	૦	૨
ભાવનગર	ભાવનગર	૦	૨૪	૧	૩૧
	ઘોઘા	૦	૩	૦	૪
	પાલીતાણા	૦	૧૧	૦	૧૧
	શિહોર	૦	૮	૦	૭
	ગારીયાધાર	૦	૪	૦	૧
	જેસર	૦	૨	૦	-
	ઉમરાળા	૦	૩	૦	૩
	વલ્લભીપુર	૦	૨	૦	૪
	મહુવા	૦	૧૬	૦	૧૩
	તળાજા	૦	૧૧	૦	૧૦

વલસાડ અને નવસારી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2098 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ		
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ અને નવસારી શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ		
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			વલસાડ	૦	૧૮૨
			નવસારી	૦	૩૦
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			વલસાડ	૦	૬
			નવસારી	૦	૦

(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઇમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિદ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.

પત્રક

વલસાડ અને નવસારી જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

જિલ્લો	તાલુકો	તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા		તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા	
		મહિલા	બાળકો	મહિલા	બાળકો
વલસાડ	વલસાડ	૦	૯	૦	૭
	પારડી	૦	૪	૦	૫
	ધરમપુર	૦	૨	૦	૦
	કપરાડા	૦	૩	૦	૧
	વાપી	૦	૫૨	૦	૫૮
	ઉમરગામ	૦	૧૮	૦	૨૦
	નાનાપોઢાં	૦	૦	૦	૦
નવસારી	નવસારી	૦	૨	૦	૪
	ગણદેવી	૦	૩	૦	૧
	ચીખલી	૦	૬	૦	૨
	વાસદા	૦	૩	૦	૦
	ખેરગામ	૦	૧	૦	૨
	જલાલપોર	૦	૨	૦	૪

મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદો પરની ચેકપોસ્ટ પરથી પકડાયેલ દારૂનો જથ્થો

15/8/1717 શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**

જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૨૫/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદો પરની ચેકપોસ્ટ પરથી કેટલી કિંમતનો કેટલો વિદેશી દારૂ કે બીયરની બોટલો પકડવામાં આવી,	(૧)	પત્રક મુજબ.
(૨)	ઉક્ત સંદર્ભે કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી ?	(૨)	૧૦૧૮
(૩)	કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને	(૩)	૧૪૧

(૪)	બાકીના આરોપીઓને પકડવા માટે શી કાર્યવાહી કરવામાં આવી છે ?	(૪)	બાકી આરોપીઓને પકડવા પોલીસ સ્ટેશન કક્ષાએથી વિવિધ ટીમોની રચના કરી તજવીજ કરવામાં આવેલ છે.

પત્રક

પકડવામાં આવેલ વિદેશી દારૂની કિંમત	પકડવામાં આવેલ વિદેશી દારૂની બોટલની સંખ્યા	પકડવામાં આવેલ બીયરની કિંમત	પકડવામાં આવેલ બીયરની બોટલની સંખ્યા
૩.૩૮,૮૯,૩૧,૧૧૮/–	૧૦,૪૯,૮૫૫	૩.૩,૩૩,૧૩,૯૧૩/–	૧,૫૯,૨૬૫

ખેડા અને સુરત જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયા

15/8/2095 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ		
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા જિલ્લા અને સુરત શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ		
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો**		
			શહેર/જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			ખેડા	૦	૧૫૯
			સુરત શહેર	૧૫	૬૪૩
			સુરત ગ્રામ્ય	૦	૧૨૨
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો**		
			શહેર/જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			ખેડા	૦	૨૯
			સુરત શહેર	૦	૫૮
			સુરત ગ્રામ્ય	૦	૧૮
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિદ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.		

પત્રક

ખેડા અને સુરત શહેર/જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

શહેર/જિલ્લો	તાલુકો	તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા		તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા	
		મહિલા	બાળકો	મહિલા	બાળકો
ખેડા	નડીયાદ	૦	૩૭	૦	૧૪
	ઠાસરા	૦	૧૦	૦	૧૭
	ગળતેશ્વર	૦	૭	૦	૪
	વસો	૦	૪	૦	૪
	માતર	૦	૭	૦	૪
	ખેડા	૦	૪	૦	૧

	મહેમદાવાદ	૦	૭	૦	૧૪
	મહુધા	૦	૬	૦	૧૦
	કપડવંજ	૦	૧૩	૦	૯
	કઠલાલ	૦	૫	૦	૧૧
	ફાગવેલ	૦	૦	૦	૦
સુરત શહેર	સુરત શહેર	૬	૩૧૪	૯	૩૮૭
સુરત ગ્રામ્ય	ઓલપાડ	૦	૧૦	૦	૧૪
	મહુવા	૦	૦	૦	૨
	અરેઠ	૦	૦	૦	૦
	અંબિકા	૦	૦	૦	૦
	ઉમરપાડા	૦	૧	૦	૦
	માંગરોલ	૦	૧૧	૦	૧૨
	બારડોલી	૦	૫	૦	૮
	માંડવી	૦	૨	૦	૬
	પલસાણા	૦	૧૦	૦	૩૦
	કામરેજ	૦	૧૭	૦	૧૨

નખત્રાણા ખાતે આધુનિક બસપોર્ટ વિકસાવવા બાબત

15/8/1154 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા ખાતે નવીન આધુનિક બસપોર્ટ અપગ્રેડ કરવા કોઇ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે કે કેમ,અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરેલ છે?	(૨)	રાજ્ય સરકારશ્રીના નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના મુડીકૃત બજેટમાંથી નખત્રાણા બસ સ્ટેશનના સ્પેશીયલ રીપેરીંગ/બ્યુટીફીકેશન માટે બસ સ્ટેશનને કલર, બારી દરવાજા બદલવા, પ્લાસ્ટર, ચાઇના મોઝેક ફ્લોરીંગ, ડ્રાઇવર કંડક્ટર રેસ્ટ રૂમ, ટોઇલેટ બ્લોક અપગ્રેડેશનની કામગીરીઓ ઓગષ્ટ-૨૦૨૪માં કરવામાં આવેલ છે.

કચ્છ અને અમરેલી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2075 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**		
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લા અને અમરેલી શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ		
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			કચ્છ	૦	૨૧૪
			અમરેલી	૦	૧૩૭

(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો** **જિલ્લાનું નામ** / **મહિલાઓ** / **બાળકો** કચ્છ / ૦ / ૧૪ અમરેલી / ૦ / ૯
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિદ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.

પત્રક

કચ્છ અને અમરેલી જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા

જિલ્લો	તાલુકો	તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા		તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા	
		મહિલા	બાળકો	મહિલા	બાળકો
કચ્છ	ભુજ	૦	૩૩	૦	૧૮
	નખત્રાણા	૦	૩	૦	૧
	મુંદ્રા	૦	૭	૦	૭
	માંડવી	૦	૩	૦	૮
	અબડાસા	૦	૧	૦	૧
	લખપત	૦	૧	૦	૨
	અંજાર	૦	૧૯	૦	૨૦
	ગાંધીધામ	૦	૩૯	૦	૩૮
	ભચાઉ	૦	૯	૦	૯
	રાપર	૦	૭	૦	૨
અમરેલી	અમરેલી	૦	૨૧	૦	૧૪
	સાવરકુંડલા	૦	૮	૦	૧૩
	રાજુલા	૦	૯	૦	૭
	બાબરા	૦	૩	૦	૭
	ધારી	૦	૬	૦	૧૧
	લાઠી	૦	૭	૦	૮
	જાફરાબાદ	૦	૫	૦	૨

	વડીયા	૦	૪	૦	૩
	ખાંભા	૦	૫	૦	૩
	બગસરા	૦	૫	૦	૩
	લીલીયા	૦	૧	૦	૧

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2072 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**		
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,	(૧)	પત્રક મુજબ		
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,	(૨)	**પરત મળેલ મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			સાબરકાંઠા	૧	૧૩૫
			અરવલ્લી	૦	૧૪૩
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને	(૩)	**શોધવાના બાકી મહિલાઓ અને બાળકો**		
			જિલ્લાનું નામ	**મહિલાઓ**	**બાળકો**
			સાબરકાંઠા	૦	૧૫
			અરવલ્લી	૦	૧૬
(૪)	ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?	(૪)	ગુમ થયેલ મહિલાઓ અને બાળકોને શોધવા સગા સબંધીઓ તેમજ મળી આવવાની શક્યતાં હોય ત્યાં તપાસ, અન્ય પોલીસ સ્ટેશનોને ગુમ થનારના ફોટાસહિતનું વર્ણન મોકલી આપવું, ગુમ થનાર અને આરોપીઓના મોબાઈલ ફોનના સી.ડી.આર. અને લોકેશન જેવા ટેકનીકલ રીસોર્સના આધારે તપાસ, ચિલ્ડ્રન કેર હોમ અને નારી સંરક્ષણ ગૃહ જેવી સંસ્થાઓમાં તપાસ, સ્થાનિક કક્ષાએથી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમના મીસીંગ સેલ દ્વારા અલગ અલગ પોલીસ ટીમ બનાવી શોધખોળ માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન, ટેલીવિઝન અને સમાચાર પત્રો જેવા પ્રચાર માધ્યમોમાં પ્રસિદ્ધિ અને મિશન વાત્સલ્ય પોર્ટલ પર વિગતો અપલોડ કરવી જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા.		

અધ્યક્ષશ્રીનો નિર્ણય

પત્રક

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદોની સંખ્યા					
જિલ્લો	તાલુકો	તા.૧/૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા		તા.૧/૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમ્યાન મળેલ ફરિયાદોની સંખ્યા	
		મહિલા	બાળકો	મહિલા	બાળકો
સાબરકાંઠા	હિંમતનગર	૦	૨૫	૦	૨૧
	પ્રાંતિજ	૦	૧૧	૦	૧૦
	તલોદ	૦	૭	૦	૯
	ઈડર	૦	૧૭	૦	૧૩
	વડાલી	૦	૪	૦	૬
	ખેડબ્રહ્મા	૦	૬	૦	૮
	પોશીના	૦	૧	૦	૦
	વિજયનગર	૦	૬	૧	૬
અરવલ્લી	મોડાસા	૦	૨૦	૦	૧૮
	ભિલોડા	૦	૧૩	૦	૫
	માલપુર	૦	૫	૦	૬
	મેઘરજ	૦	૧૬	૦	૭
	બાયડ	૦	૧૧	૦	૨૦
	ધનસુરા	૦	૧૪	૦	૭
	શામળાજી	૦	૮	૦	૯
	સાઠંબા	૦	૫	૦	૬

અધ્યક્ષશ્રીનો નિર્ણય

સભાગૃહમાં વાંચીને પ્રવચન ન કરવા અંગે

<#Mi/અધ્યક્ષશ્રી/Mi#>: મારે આજે એક નિર્ણય આપવો છે. આ વિધાનસભા ગૃહની અંદર કેટલાક માનનીય સભ્યશ્રીઓ વાંચીને પ્રશ્ન પૂછે છે અને કેટલાક માનનીય મંત્રીશ્રીઓ પણ માત્ર વાંચીને જવાબ આપે છે. શરૂઆતના તબક્કે મને લાગતું હતું કે થોડો સમય જશે એટલે તેમાં ઘણો બધો બદલાવ આવશે પરંતુ મને લાગ્યું કે વિધાનસભાની જે સંસદીય પ્રણાલીઓ છે અને એ પ્રણાલીઓને મજબૂત રાખવા માટે એ પ્રણાલી અને પરંપરા તૂટે નહીં એટલા માટે મારે આજે એક નિર્ણય આપવાનો છે.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૩૮ મુજબ કોઇ પણ મંત્રીશ્રી કે સભ્યશ્રી સભાગૃહમાં પ્રવચન વાંચી શકતા નથી પરંતુ પંદરમી ગુજરાત વિધાનસભાની શરૂઆતમાં જ હું એમ માનતો હતો કે કેટલાક સભ્યશ્રીઓ પ્રથમ વખત આ વિધાનસભામાં સભ્ય તરીકે ચૂંટાઇને આવ્યા છે અને કેટલાક મંત્રીશ્રીઓએ પણ તાજેતરમાં મંત્રીશ્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે એટલે સ્વભાવિક છે કે તેઓ હાલ પૂરતું પ્રવચન વાંચે છે પણ ભવિષ્યમાં તો પૂરી તૈયારી કરીને વાંચ્યા વિના જ પ્રવચન કરશે. પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં પણ એ જ સ્થિતિ આજે હું જોઇ રહ્યો છું. હજુ પણ મોટાભાગના માનનીય મંત્રીશ્રીઓ અને સભ્યશ્રીઓ પ્રશ્નોત્તરીની અંદર જવાબ આપવાની અંદર પણ પોતાનું પ્રવચન વાંચે છે. મને લાગે છે કે, આ કારણે સભાગૃહની કાર્યવાહી નિસ્તેજ બની રહે છે. હાઉસ ઓફ કોમન્સ કે જેની સંસદીય પ્રણાલી ભારતનું સંસદ ગૃહ તથા અન્ય રાજ્યોની ધારાસભાઓ અને આપણી ગુજરાત વિધાનસભાએ પણ સ્વીકાર કરેલી છે. તેમાં પણ સભ્યશ્રીને પ્રવચન તેમજ પૂરક પ્રશ્નો વાંચીને રજૂ કરવા દેવામાં આવતા નથી, ફકત તેમણે તૈયાર કરેલી નોંધો જોઇને પોતાની યાદદાસ્ત તાજી કરી શકે છે. લોકસભાના નિયમોના નિયમ–૩૫૨(૧૧)ની જોગવાઇ મુજબ લોકસભામાં પણ પ્રવચન વાંચીને રજૂ કરવા દેવામાં

આવતું નથી. આ પ્રકારે પ્રવચન વાંચવા દેવામાં આવતું ના હોવાનું કારણ એ છે કે, પ્રવચન વાંચવામાં આવે તેનો અર્થ એ છે કે, પ્રવચન અગાઉથી તૈયાર કરવામાં આવ્યું છે અને પ્રવચન અગાઉથી તૈયાર કરવામાં આવ્યું હોય તો સ્વભાવિક રીતે જે જે સભ્યશ્રીનું પ્રવચન હોય તે સભ્યશ્રી અગાઉ જે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો હોય, તેમણે જે દલીલો કરી હોય અને તે દલીલો અગાઉથી તૈયાર કરવામાં આવેલા પ્રવચનમાં ઉલ્લેખ ના હોય અને તેથી તે દલીલોનું ખંડન થઇ શકે નહીં. ચર્ચા કરીને નિર્ણય લેવા પાછળનો ઉદેશ એ છે કે, પ્રશ્ન ગૃહની વિચારણા માટે લાવવામાં આવ્યો છે તેની તરફેણમાં અને વિરૂદ્ધમાં દલીલો થાય અને એકબીજાની દલીલોનું ખંડન થાય અને ત્યારબાદ જ નિર્ણય કરવામાં આવે પરંતુ જો તૈયાર પ્રવચનો વાંચવામાં આવે તો સ્વભાવિક છે કે આ શકય બને નહીં અને તેથી સામાન્ય રીતે હાઉસ ઓફ કોમન્સ અને લોકસભામાં પણ પ્રવચનો વાંચવા દેવામાં આવતા નથી.

મેં અગાઉ ઉલ્લેખ કર્યો તેમ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૩૮ મુજબ કોઇ પણ મંત્રીશ્રી કે સભ્યશ્રી સભાગૃહમાં પ્રવચન વાંચી શકતા નથી. જો કે તેમણે પ્રવચન વાંચવા માટે તૈયાર કરેલી નોંધો તેમની યાદદાસ્ત તાજી કરવા માટે જોઇ શકે છે. આ નિયમમાં વિધેયક અથવા પ્રસ્તાવ રજૂ કરતી વખતે સભ્યશ્રીએ તૈયાર પ્રવચન વાંચવાની છૂટ આપવામાં આવી છે અને તે જ રીતે મંત્રીશ્રી કોઇ નિવેદન કરવા માંગતા હોય તો તેઓ પણ તેવું નિવેદન વાંચી શકે છે પરંતુ તે સિવાય હું નિર્ણય આપું છું કે સભાગૃહમાં કોઇ પણ માનનીય મંત્રીશ્રી કે સભ્યશ્રી પોતાનું પૂરેપૂરું પ્રવચન વાંચીને રજૂ કરી શકે નહીં. ખાસ કરીને પ્રશ્નોત્તરીના સમય દરમિયાન માનનીય સભ્યશ્રી પ્રશ્ન પૂછતા હોય ત્યારે પ્રશ્ન વાંચીને ત્યાં આગળ પ્રશ્ન પૂછે અને માનનીય મંત્રીશ્રી પણ પૂરેપૂરો જવાબ તેમને વાંચીને જ જવાબ આપે તે બાબત યોગ્ય નથી. તેના રેફરન્સ તરીકે, તેના આંકડા માટે માનનીય મંત્રીશ્રીઓ તેનો આંકડો ચોક્કસ જોઇ શકશે,પરંતુ જવાબ આપવાની બાબતમાં મૌલિક રીતે જ એ પ્રશ્નનો જવાબ આપશે તે જ વિધાનસભાની આ કાર્યવાહી માટે યોગ્ય ગણાશે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : મેં નિર્ણય આપી દીધો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના નિર્ણય ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. આપનો નિર્ણય સર આંખો પર. સર, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૭૮ મુજબ, એમાં પાના નં. ૩૦ ઉપર, ૧૨ નંબરની કોલમમાં, જે પ્રશ્નોનો જવાબ અપાઇ ગયો હોય અથવા જેના જવાબ આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હોય તે પ્રશ્નનું પુનરાવર્તન ના થાય એવું તેમાં હોવું જોઇએ નહીં. માનનીય અધ્યક્ષશ્રી, મેં આ પોઇન્ટ ઓફ ઓર્ડર એટલા માટે ઉપાડયો છે કે ઘણી વખત સભ્યશ્રીઓ દ્વારા જે પ્રશ્ન પૂછાયો છે, જે પ્રશ્ન પૂછયો છે એ પ્રશ્નનો જવાબ પણ ત્યાં સરકાર દ્વારા અપાયેલો હોવા છતાં અને એ જ પ્રશ્ન એ સભ્યશ્રી પૂછતા હોય છે અને મંત્રીશ્રી એનો જવાબ આપતા હોય છે એટલે એ રીતે ટાઇમ બગડતો હોય છે કારણ કે જે પ્રશ્ન પૂછાયા છે એનો જવાબ તો ઓલરેડી છાપેલો જ હોય છે. સભ્યશ્રી પણ એ પ્રશ્ન પૂછતા હોય છે અને મંત્રીશ્રી પણ એનો જવાબ આપતા હોય છે એટલે નિયમ–૭૮ મુજબ આપ રૂલિંગ આપો એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને મોટાભાગે એ બાબતનું ધ્યાન હોય જ. પ્રશ્નનો જે લેખિત જવાબ આપ્યો છે એ પ્રશ્નનો લેખિતમાં જવાબ મંત્રીશ્રીએ આપી દીધો જ છે એટલે એ જ પ્રશ્ન ફરી પાછો પૂછવો એ તો સભાગૃહનું કામ છે એનો ટાઇમ બગાડવાનો વિષય થાય. જવાબ લેખિત આપી દીધો છે એનો પ્રશ્ન પૂછવાનો નથી હોતો અને માનનીય મંત્રીશ્રી એનો જવાબ ઓલરેડી લેખિતમાં આપ્યો છે તેના સિવાય પેટા પ્રશ્ન આપણે પૂછતા હોઇએ છીએ અને તેના સિવાયના પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રી આપતા હોય છે.

શોકદર્શક ઉલ્લેખ

ગુજરાત વિધાનસભાના વિધમાન સભ્યશ્રી સ્વ. શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારના અવસાન અંગે

ગુજરાત વિધાનસભાના વિધમાન સભ્ય સ્વ. શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારના અવસાન અંગે

શ્રી ભૂપેન્દ્રભાઇ ૨. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત રાજયના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી અને વિધમાન ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારનું તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૬ના રોજ ૭૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. સ્વ.શ્રી પરમારનો જન્મ તા.૧લી જૂન, ૧૯૫૩ના રોજ આણંદ જિલ્લાના ચિખોદરા મુકામે થયો હતો. તેઓશ્રીએ અંડર મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલ હતો અને તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંળાયેલા હતા. સ્વર્ગસ્થ શ્રી પરમાર નવમી અને દસમી ગુજરાત વિધાનસભામાં સારસા મતવિસ્તારના અને ચૌદમી અને પંદરમી ગુજરાત વિધાનસભામાં ઉમરેઠ મતવિસ્તારના ધારાસભ્ય તરીકે તેઓ ચૂંટાઇ આવ્યા હતા. સ્વ. શ્રી પરમારે તા. ૨૮મી ઓકટોબર ૧૯૯૭ થી તા.૧૨ માર્ચ, ૧૯૯૮ સુધી ગુજરાત સરકારમાં કૃષિ વિભાગના રાજય કક્ષાના મંત્રી તરીકેની પણ તેમણે નોંધપાત્ર સેવા પ્રદાન કરી છે. તેઓશ્રીના અવસાનથી સહકારી અને સામાજિક સંસ્થાઓ સાથે આજીવન સંકળાયેલા એક આગેવાન નેતા આપણે ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને સાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ડૉ. તુષાર અ. ચૌધરી (કોંગ્રેસ પક્ષના નેતા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

ફાલ્ગુન ૧૮, ૧૯૪૭ શાકે

શોકદર્શક ઉલ્લેખ

શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ પરમાર આપણા વર્તમાન સાથી ધારાસભ્ય હતા. ૭૨ વર્ષની વયે એમનું હાર્ટએટેક આવવાને કારણે દુ:ખદ અવસાન થયું છે. તેઓ વ્યવસાયે ખેડૂત હતા અને જમીન સાથે જોડાયેલા આગેવાન હતા. જમીન સાથે જોડાયેલા એ વાત હું એટલા માટે કહું છું કે તેઓ એક વખત અપક્ષ ધારાસભ્ય તરીકે જીત્યા હતા. બીજી વખત કૉંગ્રેસ પક્ષ તરફથી ધારાસભ્ય બન્યા હતા અને બે વખત ભારતીય જનતા પાર્ટીમાંથી પણ ધારાસભ્ય બન્યા હતા એટલે વિવિધ પાર્ટીમાંથી અને અપક્ષ તરીકે પણ વિધાનસભાનું પ્રતિનિધિત્વ કર્યું હતું એવા આપણા સાથી આપણી વચ્ચે નથી રહ્યા ત્યારે સદગતના આત્માને પ્રભુ શાંતિ આપે એવી હું પ્રાર્થના કરું છું અને આપના મારફત એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ એવી આપને હું વિનંતી કરું છું.

શ્રી જગદીશ વિશ્વકર્મા (ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આપણામાંના એક સભ્યશ્રી ગોવિંદભાઇ પરમાર આપણી વચ્ચે નથી રહ્યા એ બદલ આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

એમણે ખૂબ નાની ઉંમરથી સમાજસેવા, ગામના સરપંચ, અપક્ષ ધારાસભ્ય તરીકે, કૉંગ્રેસના ધારાસભ્ય તરીકે અને ભાજપના ધારાસભ્ય તરીકે ખૂબ ઉમદા કામગીરી કરી છે. મારે એમની સ્મશાનયાત્રામાં પણ જવાનું થયું. ત્યારે મારે ગામ લોકો સાથે સંવાદ થયો કે ''તેઓ ખૂબ સારી કામગીરી કરતા હતા. નાનામાં નાના વ્યક્તિને સાંભળતા, એની વેદના, લાગણી સમજતા. જ્યારે તેઓ હાઉસમાં આવતા ત્યારે ખૂબ શાંત રીતે બેસતા અને જ્યારે સાચું કહેવાની વાત આવે ત્યારે શાસક પક્ષમાં હતા છતાં સાચું કહેવાની એમની ટેવ હતી. માત્ર આણંદ જિલ્લાએ જ નહિ પણ ક્ષત્રિય સમાજે પણ એક સારા નેતા ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી રમણભાઇ ભી. સોલંકી (ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે એમાં મને દુ:ખ થાય છે. સ્વ.શ્રી ગોવિંદભાઇ પરમારે ખૂબ લાંબા સમય સુધી જાહેર જીવનમાં કામગીરી કરી. ગોવિંદભાઇ પોતે સરપંચ હતા અને ત્યારબાદ ચિખોદરા નગરપાલિકા હતી ત્યારે ત્યાં સભાપતિ પણ રહ્યા હતા. તેમણે ધારાસભ્ય અને પૂર્વ મંત્રી તરીકે પણ કામ કર્યું છે. એમણે એમના વિસ્તારમાં જનસેવાના ખૂબ કાર્યો કર્યા છે. તેઓ ગરીબ માણસોની લાગણીને સમજીને સતત જનસેવાના કાર્યોમાં જોડાયેલા રહેતા હતા. ગરીબ પરિવારની દીકરીઓના સમૂહલગ્ન અથવા અન્ય સામાજિક કાર્યોમાં તેમની અગ્રિમ ભૂમિકા રહેતી હતી. તેમના કાર્યકાળમાં એ વિસ્તારમાં અનેક જનસુખાકારીના કાર્યો પણ એમણે કર્યા છે. ઘણા વર્ષોથી એ વિસ્તારની જે માગણી હતી કે એમના વિસ્તારમાં જી.આઇ.ડી.સી. પણ મળે. છેલ્લે સરકાર દ્વારા એમના વિસ્તારમાં જી.આઇ.ડી.સી. પણ આપી હતી. આવા જનસેવક ગોવિંદભાઇ જ્યારે આપણી વચ્ચે નથી ત્યારે એમના માટે ખૂબ દુ:ખ વ્યકત કરીએ છીએ. તેઓ જમીન સાથે જોડાયેલા આગેવાન અને કાર્યકર્તા હતા. અમે પણ એમની પાસેથી ઘણી બધી પ્રેરણા લઇ સમાજ જીવનમાં સેવાના કામો કેવી રીતે કરવા, વિસ્તારના પ્રજાજનોના પ્રશ્નોને વાચા કેવી રીતે આપવી એ શીખ્યા છીએ. આજે જ્યારે તેઓ આપણી વચ્ચે નથી ત્યારે આણંદ જિલ્લાને અને સમગ્ર ગુજરાતને એમની ખોટ વર્તાશે. એમના દિવ્ય આત્માને શાંતિ મળે અને એમના પરિવારજનોને આપના દ્વારા શોકસંદેશો પહોંચે એવી લાગણી વ્યક્ત કરું છું.

શ્રી અમિત ચાવડા (ભા.રા.કોં.) : આ ગૃહના નેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી જે શોકપ્રસ્તાવ લઇને આવ્યા છે અને અમારા નેતાએ એમાં સૂર પૂરાવ્યો છે એમાં હું મારો પણ સૂર પૂરાવું છું.

આ ગૃહના સન્માનીય સભ્ય અને ગુજરાતના પૂર્વ મંત્રી સ્વ. ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારનું ૭૨ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું છે ત્યારે એમને શ્રદ્ધાંજલિ પાઠવું છું. સરપંચ તરીકે ખૂબ નાની ઉંમરે સરપંચ તરીકે શરૂઆત કરી. યુવા કૉંગ્રેસના કાર્યકર તરીકે બૃહદ ખેડા જિલ્લામાં પણ ખૂબ કામ કર્યું. ચિખોદરા નગર બન્યું અને એના સભાપતિ તરીકે પણ વર્ષો સુધી સેવા બજાવી. વર્ષ ૧૯૯૫માં અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાઇને જાહેરજીવનમાં સારસા વિધાનસભા ક્ષેત્રથી શરૂઆત કરી. વર્ષ ૧૯૯૮માં ફરીથી કૉંગ્રેસ પક્ષના ધારાસભ્ય તરીકે પણ એ જ વિસ્તારમાંથી ચૂંટાયા અને રા.જ.પા.ની સરકારમાં વર્ષ ૧૯૯૭માં રાજ્યકક્ષાના મંત્રી તરીકે પણ સેવા આપી. વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૨માં ડિલિમિટેશન પછી જ્યારે ઉમરેઠ વિધાનસભા વિસ્તાર બન્યો ત્યારે ત્યાંથી પણ પ્રતિનિધિત્વ કર્યું. જેમ અહીં વાત થઇ તેમ આખા બોલા સ્પષ્ટ વકતા અને હંમેશા ગરીબ, સામાન્ય લોકોને ક્યાંય પણ અન્યાય થતો હોય એના માટે અવાજ ઉઠાવનારા એક જુઝારુ નેતા તરીકે સમગ્ર આણંદ જિલ્લો અને મધ્ય ગુજરાત એમને જાણે છે. જાહેર જીવનની સાથે સાથે સામાજિક ક્ષેત્રે પણ ક્ષત્રિય સમાજમાં સુધારણાના કાર્યક્રમો, સંગઠનના કાર્યક્રમો, સમૂહલગ્ન જેવી તમામ વ્યવસ્થાઓમાં ખૂબ સક્રિય રહીને કામ કરતાં હતાં. તેઓએ પક્ષાપક્ષીથી પર રહીને લોકોની લોકચાહના મેળવી હતી. નાનપણથી જ તેમની સાથે વર્ષો સુધી કામ કરવાની તક મળી છે ત્યારે આ તબક્કે એમના દુ:ખદ અવસાનથી ઘેરા દુ:ખની લાગણી અનુભવું છું. એમના કુટુંબીજનો પર દુ:ખની ઘડી આવી છે તે સહન કરવાની શકિત

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

મળે અને આપશ્રીના માધ્યમથી એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું અને ફરીથી સ્વ. ગોવિંદભાઇને શ્રદ્ધાંજલિ પાઠવું છું.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા (અપક્ષ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું.

લોકપ્રિય જનપ્રતિનિધિ એવા સ્વ. ગોવિંદસિંહ પરમારનો વિસ્તાર મારા વિસ્તારથી ખૂબ નજીક. ઘણી વખત ત્યાંના કાર્યકર સાથે વાત થતી ત્યારે પણ તેમના કામની ચર્ચા થાય. બે વખત સારસા અને બે વખત ઉમરેઠ એમ ચાર વખત ધારાસભ્ય તરીકે તેઓએ સેવા આપી. મારા પિતા શ્રી નરેન્દ્રસિંહ ઝાલા આ ગૃહના એક વખતના ધારાસભ્ય હતા અને એમના ખાસ મિત્ર તરીકે પારિવારિક રીતે સબંધ ઘરાવતા એટલે ઘરે પણ આવવાનું થતું. એમની એક સાચા લીડર તરીકેની વાત હોય, સાચી વાત હોય. કોઇ કાર્યકર્તા તેમના આંગણે ગયો હોય અને વાત કરે કે, ''સાહેબ, મારી સાથે અન્યાય થયો છે.'' તો દિલ ખોલીને જેને પણ જે કહેવું પડતું તે કહીને, ટકોર કરીને પણ તેની મદદ કરતાં. ગરીબો માટે તેમની અંદર લાગણી છૂપાયેલી હતી એટલે સ્વ.ગોવિંદસિંહ પરમાર તેમનું કામ કરી આપતાં હતાં. વર્ષ ૧૯૯૫માં તેઓ અપક્ષ તરીકે ચૂંટાયા. અપક્ષ એવા વ્યક્તિ ચૂંટાય કે એમણે કામગીરી કરી હોય અને તે કામગીરી કર્યા બાદ ફરીથી ખૂબ સેવા આપી. એમના વિસ્તાર પરિવારમાં એમણે જે કામગીરી કરી તે આજે પણ તમામ લોકો યાદ કરે છે. આજુબાજુના અને આણંદ જિલ્લાના ક્ષત્રિય સમાજના આગેવાનો પણ ખૂબ દુ:ખ વ્યક્ત કરે છે. આપના માધ્યમથી એમના પરિવારને આ ગૃહ વતી શોકસંદેશો પાઠવવામાં આવે તેવી આપશ્રીને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાત વિધાનસભાના વિધમાન સભ્યશ્રી અને પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી ગોવિંદભાઇ પરમારના અવસાન અંગે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને આ ગૃહના માનનીય સભ્ય કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઇ ચૌધરી તેમજ માનનીય સભ્ય શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, માનનીય મંત્રી શ્રી રમણસિંહ સોલંકી, માનનીય સભ્ય શ્રી અમિતભાઇ ચાવડા અને માનનીય સભ્ય શ્રી ઘવલસિંહ ઝાલાએ અનુમોદન આપ્યું છે તેને હું અનુમોદન આપું છું.

સ્વ.ગોવિંદભાઇ પરમારનું તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેઓ વર્તમાન સત્રમાં તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ આ સભાગૃહમાં ઉપસ્થિત રહ્યા હતા. થોડાક જ દિવસોમાં તેઓશ્રીની વસમી વિદાયના કારણે આજે સમગ્ર વિધાનસભાના સભ્યશ્રીઓ ખૂબ દુ:ખી છે. તેઓશ્રીએ તેમના વિસ્તારમાં ખૂબ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી અને ધરતી સાથે જોડાયેલા માણસ હતા. પરિણામે તેઓએ પ્રથમ વખત અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાઈને નવમી ગુજરાત વિધાનસભામાં આ સભાગૃહમાં સારસા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીએ તેમના જીવનકાળ દરમિયાન પંચાયત, પક્ષના સંગઠન, ધારાસભ્ય અને સરકારના મંત્રી તેમજ વિવિધ જવાબદારીઓ ખૂબ નિષ્ઠાપૂર્વક બજાવી હતી. તેઓશ્રીના આકસ્મિક અવસાનથી આપણે એક ઉમદા લોકસેવક ગુમાવ્યા છે. તેમની ખોટ પૂરાય તેવી નથી, પરંતુ પ્રભુની મરજી આગળ પામર માનવીનું કંઇ ચાલતું નથી. સ્વર્ગસ્થ શ્રી ગોવિંદભાઇ પરમારને હું શ્રદ્ધાંજલિ આપું છું. સદગતના અવસાનથી તેઓના કુટુંબીજનો પર આવી પડેલ આફત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ આપે તેવી પ્રાર્થના પણ કરું છું. સભાગૃહના તમામ સભ્યશ્રીઓ સદગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તે માટે પોતાની જગ્યા પર ઊભા થઇ બે મિનિટ માટે મૌન પાળીશું.

(આ તબકકે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું.)

અધ્યક્ષશ્રી : સર્વે સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે

શ્રી **<#Mi** /ઋષિકેશ ગ. પટેલ/**Mi #>** (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ સભ્યશ્રી ગોવિંદભાઇ પરમાર વિધમાન ગુજરાત વિધાનસભાના સભ્ય હોઇ, પરંપરા મુજબ હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આજની બેઠકનું હવે પછીનું કામકાજ મુલતવી રાખવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને અમારું સમર્થન છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૨૬ ના રોજ સવારના ૯.૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.

ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે

પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન

ગુજરાત વિધાનસભા

મંગળવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૨૬

ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે

પહેલી બેઠક

સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન

હકીકતલક્ષી અહેવાલ સભાગૃહમાં રજૂ કરવા અંગે

શ્રી **<#Mi** /ઋષિકેશ ગ. પટેલ/**Mi #> (**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૮/૦૨/૨૦૨૬ના રોજ અગ્રતાક્રમ–૯ના પ્રશ્ન દરમિયાન શ્રી કાન્તીભાઇ ખરાડીએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો કે કપાસિયા, ખારી, જાંબા, રાણપુર બંગલા અને મહુડા ગામમાં વીજળી પહોંચી નથી અને લૉ વૉલ્ટેજ છે. મને કહેતાં દુ:ખ થાય છે કે, સિનિયર સભ્ય તરીકે પૂરતી માહિતી સિવાય જ્યારે ગૃહમાં આ રીતે વાત કરવામાં આવે છે એટલે ગુજરાતની પ્રતિભા ઝાંખી કરતાં હોય તેવું લાગે છે. કપાસિયા, ખારી, જાંબા, રાણપુર બંગલા અને મહુડાનું તો ઘણાં વર્ષો પહેલાં વીજળીકરણ થઇ ગયું છે અને વૉલ્ટેજ પણ પૂરતા પ્રમાણમાં મળે છે. કપાસિયા ગામમાં વર્ષ ૧૯૮૮માં વીજળીકરણ થઇ ગયું હતું. વર્ષ ૨૦૦૧માં ૨૧૮ ગ્રાહક હતા અને હાલ ૮૧૬ ગ્રાહકો છે. આપણે ત્યાં ૫૧૮નો વધારો કર્યો છે અને વૉલ્ટેજ પણ પૂરતા મળે છે. ત્યાં જઇને તપાસ કરી ગ્રાહકોના પૂછપરછ કરી જવાબો પણ લીધા છે. તેવી જ રીતે ખારી ગામમાં વર્ષ ૧૯૯૩માં વીજળીકરણ થયું. વર્ષ ૨૦૦૧ માં ખાલી ૧૧ ગ્રાહકો હતા. અત્યારે ૩૭૪ ગ્રાહકો છે. ૩૬૩નો વધારો થયો છે. સ્થળ તપાસ કરી તે વખતે ૧૧ કે.વી. અમીરગઢ જ્યોતિગ્રામ ફીડરમાંથી પાવર મળે છે, વૉલ્ટેજ પણ પૂરતા મળે છે. ત્યાં પણ જુદાજુદા ગ્રાહકોને પૂછપરછ કરી છે. જે લોકો હાઉસહોલ્ડ કનેક્શન ઘરાવતાં હતાં તેમને પણ પૂછપરછ કરી છે અને તેના જવાબો પણ લીધા છે. વીજળી પૂરતી પહોંચે છે, પૂરા વૉલ્ટેજથી પહોંચે છે. આ ભાજપની સરકારમાં કોઇ બલ્બ ઝાંખો થતો નથી. જાંબા ગામમાં વર્ષ ૨૦૦૭માં વીજળીકરણ થયું. હાલ ગ્રાહકોની સંખ્યા ૪૮ છે. ૧૧ કે.વી. અમીરગઢ જ્યોતિગ્રામ ફીડરમાંથી પાવર મળે છે, વૉલ્ટેજ પણ પૂરતા મળે છે. ત્યાં બધા ગ્રાહકોને પૂછી લીધું છે. રાણપુર બંગલામાં વીજળીકરણ વર્ષ ૨૦૦૦માં થયું છે. અત્યારે ગ્રાહકોની સંખ્યા ૪૧૨ છે. રૂપપુરા જ્યોતિગ્રામ ફીડરમાંથી પાવર મળે છે. વૉલ્ટેજ પૂરતા મળે છે. વીજળી પહોંચેલી છે. મહુડા ગામમાં વર્ષ ૨૦૦૯માં આપણે વીજળીકરણ કર્યું. પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે સમગ્ર ઘર સુધી વીજળી પહોંચાડવાનું નક્કી કર્યું એટલે વર્ષ ૨૦૦૯માં મહુડા ગામમાં આપણે વીજળીકરણ કર્યું એમાં અત્યારે ૧૩૮ ગ્રાહક છે. રૂપપુરા જ્યોતિગ્રામ ફીડરમાંથી એની વીજળી મળે છે અને પૂરેપૂરા વોલ્ટેજ પણ મળે છે. આપણે દરેક ઘર સુધી, ગામડાં સુધી, ઝૂંપડપટ્ટી સુધી તેમજ જ્યાં એસ.સી., એસ.ટીની બહુમતી હોય અને પ્રજા વસતી હોય ત્યાં એના ઘર સુધી રોશની ફેલાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બેસો. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. તમે જે વાત કરી હતી એના ઉપરથી જ મેં કહ્યું હતું કે તમે આટલા ગામોમાં જઇને તપાસ કરો. તમે એવું કહ્યું હતું કે ત્યાં લાઇટ પહોંચતી નથી. આવું તમે રેકોર્ડ ઉપર બોલ્યા છો. એ બોલ્યા પછી માનનીય મંત્રીશ્રી કે સરકારશ્રી ત્યાં આગળ એમ કહે છે કે આ ગામોમાં વીજળી પહોંચે છે એના જવાબ માટે સ્થળ પર જઇ તપાસ કરી છે. મારી સભ્યશ્રીઓને વિનંતી છે કે આપણી પાસે માહિતી ના હોય તો આપણે ફક્ત ધારણાથી ગૃહને ગેરમાર્ગે દોરવાનું કામ ના કરી શકીએ. મારી સભાગૃહને ખાસ વિનંતી છે કે કોઇપણ માનનીય સભ્યશ્રી

જ્યારે વિધાનસભામાં બોલે છે ત્યારે તેઓ એક જવાબદાર પ્રજાના પ્રતિનિધિ તરીકે બોલે છે એટલે આપણે અંદાજિત કોઇ વાત ના કરીએ. માનનીય મંત્રીશ્રીએ સમયમર્યાદામાં જઇને સ્થળ તપાસ કરી રિપોર્ટ આપ્યો એના માટે હું એમને અભિનંદન પણ આપું છું.

* માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ

ઉદ્યોગ અને ખાણ વિભાગ

માગણી ક્રમાંક– ૪૯

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩.૮૮,૦૨,૦૩,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની ૩.૯,૮૨,૫૩,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : જે માનનીય સભ્યશ્રી કાપ દરખાસ્ત રજૂ કરે તેમણે સમયસર ઉપસ્થિત રહેવું જરૂરી હોય છે. આથી માનનીય તુષારભાઇ, આ બાબતે ટકોર કરવા માટે વિનંતી કરું છું.

માગણી ક્રમાંક– ૫૧

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩.૭,૩૬,૦૭,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની ૩.૧૮,૦૨,૦૩,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૫૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

માગણી નં. ૭૪

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં નાણામંત્રીશ્રીએ સન ૨૦૨૬–૨૭ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૫,૩૬,૩૨,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૮,૯૩,૭૩,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૭૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૭૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.

રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ

માગણી નં. ૯૮

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭,૧૪,૪૦,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૦,૦૧,૯૮,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૯૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૯૮ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરવામાં આવી.

સન ૨૦૨૬–૨૭ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી **મંગળવાર, તા.૧૦/૦૩/૨૦૨૬ (પહેલી બેઠક) (બીજો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
	ઉદ્યોગ અને ખાણ વિભાગ **માગણી નં.૪૯**			
*૧	૨૮૫૧–ગ્રામ...ઉદ્યોગો ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૧૯,૯૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પાના નં. ૨૭ અને ૨૮	૧૦૦	સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગ ક્ષેત્રોમાં મહિલાઓ સાથે થતા ભેદભાવો નિવારવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી અમૃતજી ઠાકોર
*૨	––"––	૧૦૦	મધ્યમ કદના ઉદ્યોગો માટે કાર્યકારી મૂડી અને	શ્રી ઇમરાન ખેડાવાલા

			તકનિકી સુધારણા કરવામાં તંત્રની નિષ્ફળતા.	
૩	૨૮૫૧–ગ્રામ...ઉદ્યોગો ૧૦૨–લઘુ ઉદ્યોગો રૂ. ૧૮,૫૩,૦૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પાના નં. ૨૯ થી ૩૩	૧૦૦	સુરત અને જૂનાગઢ જિલ્લાના રત્નકલાકારોને રત્નદીપ યોજના હેઠળ શૈક્ષણિક ફી સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રીગોપાલભાઇ ઇટાલીયા
૪	––"––	૧૦૦	વિસાવદર અને ભેંસાણ તાલુકામાં હિરા ઉદ્યોગને નાણાકીય સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૫	––"––	૧૦૦	MSME અંતર્ગત નાના ઉદ્યોગોને સરળતાથી લોન ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
*૬	––"––	૧૦૦	MSMEઅંતર્ગત સીંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ વિકસાવવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
*૭	––"––	૧૦૦	એમ્બ્રોડરીના ઉદ્યોગને બિન પ્રદૂષિત વ્યાપારની શ્રેણીમાં મૂકવા અને ટેક્ષટાઈલ પોલિસીમાં સમાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૮	૨૮૫૨–ઉદ્યોગો ૦૮–કન્ઝ્યુમર ઇન્ડસ્ટ્રીઝ ૨૦૨–ટેક્ષટાઈલ્સ રૂ.૨૭,૫૫,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પાના નં. ૪૨	૧૦૦	સુરતના ટેક્ષટાઇલ્સ ઉદ્યોગોને સબસીડી સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૯	૨૮૫૨–ઉદ્યોગ ૮૦–સામાન્ય ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ.૨૮,૦૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પાના નં. ૪૨ થી ૪૪	૧૦૦	રાજ્યમાં આવતા નવા ઔદ્યોગિક રોકાણની સામે સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહનો આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૧૦	૨૮૫૨–ઉદ્યોગ ૮૦–સામાન્ય ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ.૨૮,૦૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પાના નં. ૪૨ થી ૪૪	૧૦૦	રાજ્યમાં ઔદ્યોગિક રોકાણ અને પ્રોત્સાહન પોલીસીનો અમલ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
૧૧	––"––	૧૦૦	ઔદ્યોગિકીકરણનું પ્રમાણ નહિવત હોય તેવા જિલ્લાઓમાં ઉદ્યોગો સ્થપાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
*૧૨	––"––	૧૦૦	રાજ્યના બંધ પડેલા નાના ઉદ્યોગોને રાહત આપી પુનઃકાર્યરત કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. કિરીટકુમાર પટેલ
*૧૩	––"––	૧૦૦	જી.આઇ.ડી.સી દ્વારા ભરવાપાત્ર ડબલ ટેક્ષ સમસ્યાનું તાકીદે નિવારણ લાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૧૪	––"––	૧૦૦	ઔદ્યોગિક વસાહતોમાં પાયાની સુવિધાઓના અભાવને નિવારવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
*૧૫	૨૮૫૨–ઉદ્યોગ ૮૦–સામાન્ય ૮૦૦–અન્ય ખર્ચ રૂ.૭,૦૯,૪૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પાના નં. ૪૨ થી ૫૨	૧૦૦	વાયબ્રન્ટ સમિટ યોજાયા બાદ રાજ્યમાં થયેલ વાસ્તવિક મૂડી રોકાણની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
માગણી નં.૫૧				
૧૬	૩૪૫૨–પ્રવાસન ૦૧–પ્રવાસીઓ...સવલતો	૧૦૦	સતાધાર, મોણીયા અને પરબવાવડી ગામે આવેલ પવિત્ર યાત્રાધામોમાંપ્રવાસીઓ માટેની	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા

	૧૦૧–પ્રવાસન કેન્દ્રો રૂ.૫૦,૦૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પાના નં. ૬૬		સુવિધાઓ ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા.	
*૧૭	૩૪૫૨–પ્રવાસન ૦૧–પ્રવાસીઓ...સવલતો ૧૯૦–જાહેરક્ષેત્ર...સહાય રૂ.૩,૨૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પાના નં. ૬૬ થી ૬૮	૧૦૦	ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ માટે રકમ ફાળવ્યા બાદ સમયસર વિકાસના કામો પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી અનંતકુમાર પટેલ
*૧૮	––"––	૧૦૦	ધાર્મિક સ્થળોમાં થતી આવકથી સ્થાનિક ગામનો વિકાસ થાય તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઇ આહીર
૧૯	૩૪૫૨–પ્રવાસન ૮૦–સામાન્ય ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ.૨૪,૮૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પાના નં. ૬૯ અને ૭૦	૧૦૦	ગાંધીનગરમાં ગ્લોબલ વિલેજ સ્થાપવાની જાહેરાત બાદ જરૂરી આગળની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
*૨૦	––"––	૧૦૦	રાજ્યમાં હોમસ્ટે પોલિસીનો અસરકારક અમલ કરવામાં તંત્રની ઉદાસીનતા.	ડૉ. કિરીટકુમાર પટેલ
૨૧	૩૪૫૨–પ્રવાસન ૮૦–સામાન્ય ૧૦૪–પ્રમોશન અને પ્રચાર રૂ.૬,૫૦,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પાના નં. ૬૯ થી ૭૧	૧૦૦	જૂનાગઢ જિલ્લાના પલાસવા ગામે આવેલ સંત શ્રી વેલનાથ બાપુના ધૂણાનો પ્રચાર પ્રસાર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઈટાલીયા
બંદરો અને વાહન વ્યવહારવિભાગ **માગણી નં.૭૪**				
*૨૨	૨૦૪૧–વાહનો પર કર ૧૦૨–મોટર...નિરીક્ષણ રૂ.૨,૯૬,૮૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૦ પાના નં. ૭ થી ૯	૧૦૦	આર.ટી.ઓમાં વાહન ચાલકોને લાયસન્સ સમયસર પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઈમરાન ખેડાવાલા
*૨૩	––"––	૧૦૦	આર.ટી.ઓમાં વારંવાર સર્વર ડાઉન થતાંકામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
*૨૪	––"––	૧૦૦	મોટર વાહનો પર લેવાતા કરની સામે રાજ્યના નાગરિકોને તે પ્રમાણેની સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઇ આહીર
૨૫	––"––	૧૦૦	જૂના થઇ ગયેલા સરકારી વાહનોનું નિરીક્ષણ કરી વાહનોને કન્ડમ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઈટાલીયા
૨૬	––"––	૧૦૦	જૂનાગઢ જિલ્લાના ભયજનક અને અકસ્માત સંભવિત રસ્તાઓનું નિરીક્ષણ કરી અકસ્માતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઈટાલીયા
૨૭	––"––	૧૦૦	રાજ્યમાં ઇલેક્ટ્રીક વ્હિકલ પૉલીસી સફળ બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી (શ્રી શૈલેષ પરમાર)
*૨૮	૩૦૫૫–માર્ગ પરિવહન ૧૯૦–જાહેરક્ષેત્ર...સહાય રૂ.૧૨,૩૪,૬૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૦ પાના નં. ૧૮	૧૦૦	સરકારી કાર્યક્રમોમાં એસ.ટી બસોની ફાળવણીથી નિગમને ભાડા પેટે થતા નુકસાનને નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
*૨૯	––"––	૧૦૦	સરકારી રાજકીય કાર્યક્રમોમાં ફાળવાતી બસના	શ્રી જીગ્નેશ મેવાણી

			ભાડા પેટે કેટલી રકમ ચૂકવાય છે તેની સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા.	
૩૦	--"--	૧૦૦	એસ.ટી બસોના ભાડામાં વધારા સામે મુસાફર પાસ યોજનામાં દિવસો ઘટાડી દીધાની ફરીયાદ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
૩૧	--"--	૧૦૦	તહેવારો દરમિયાન ફાળવવામાં આવતી વધારાની બસોમાં નિયત ભાડા કરતા વધુ ભાડુ લેવાની ફરિયાદો અંગે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૩૨	--"--	૧૦૦	બોટાદ જિલ્લામાં જિલ્લા કક્ષાનો એસ.ટી ડેપો બનાવવામાં તંત્રની નિષ્ફળતા	શ્રી ઉમેશભાઇ મકવાણા
રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ **માગણી નં.૯૮**				
૩૩	૨૨૦૪-ખેલકૂદ...સેવાઓ ૧૦૪-ખેલકૂદ અને રમતો રૂ.૩,૨૦,૩૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પાના નં. ૨૦ થી ૨૨	૧૦૦	ડિસ્ટ્રીક્ટ કોચની કાયમી ભરતી થતી ન હોવાથી ખેલાડીઓને યોગ્ય તાલીમ મળતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
*૩૪	૨૨૦૪-ખેલકૂદ...સેવાઓ ૧૦૪-ખેલકૂદ અને રમતો રૂ.૩,૨૦,૩૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પાના નં. ૨૦ થી ૨૨	૧૦૦	ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ કોચની કાયમી ભરતી કરાવવામાં અને કામચલાઉ કોચના પગારમાં વધારો કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. કિરીટકુમાર પટેલ
*૩૫	૨૨૦૪-ખેલકૂદ...સેવાઓ ૧૦૪-ખેલકૂદ અને રમતો રૂ.૩,૨૦,૩૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પાના નં. ૨૦ થી ૨૨	૧૦૦	જિલ્લા લેવલે ક્રિકેટ ખેલાડીઓની પસંદગીમાં ગેરરીતિઓ થતી નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઇ આહીર
૩૬	--"--	૧૦૦	બોટાદ જિલ્લામાં જવેરી જિન ખાતે ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવામાં તંત્રની નિષ્ફળતા	શ્રી ઉમેશભાઇ મકવાણા
૩૭	--"--	૧૦૦	ગ્રામ્ય વિસ્તારોમાં રમત-ગમતનાં મેદાનો પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઇ વસાવા
*૩૮	--"--	૧૦૦	રમતોના નિષ્ણાત કોચના અભાવે ખેલાડીઓની રમતનું પ્રદર્શન નબળુ પડતું જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૩૯	--"--	૧૦૦	રાજ્યમાં કોમનવેલ્થ ગેમ્સ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમની સહાય મળશે તેની સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
*૪૦	૨૨૦૫-કલા અને સંસ્કૃતિ ૧૦૩-પુરાતત્વ રૂ.૧૯,૪૪,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પાના નં. ૨૮ અને ૨૯	૧૦૦	પુરાતત્વ વિભાગ દ્વારા પુરાતત્વોની જાળવણી કરવામાં તથા સ્ટાફની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૪૧	૨૨૦૫-કલા અને સંસ્કૃતિ ૧૦૫-જાહેર ગ્રંથાલયો રૂ.૫૭,૧૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પાના નં. ૩૧ થી ૩૫	૧૦૦	વિસાવદરમાં તાલુકાકક્ષાની લાયબ્રેરી બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૪૨	--"--	૧૦૦	વિસાવદરના ભેંસાણ ગામમાં ગ્રામ ગ્રંથાલય બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા

* આ કાપ દરખાસ્તો સભાગૃહ સમક્ષ રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે. માનનીયશ્રી કાન્તીભાઇ ખરાડી, આપની પાસે ૪ મિનિટ છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી (દાતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યાં છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શક્ય હોય ત્યાં સુધી મારા વિસ્તારની જ વાત કરું છું, બીજા વિસ્તારમાં પડતો નથી ત્યારે સાચી હકીકત જણાવવામાં મને કોઇપણ જાતનો વાંધો આવતો નથી. માનનીય મંત્રીશ્રી ખાણ–ખનીજ વિભાગની માગણી લઇને આવ્યાં છે ત્યારે દાંતાના ધારાસભ્ય તરીકે લેખિતમાં અને મૌખિકમાં પણ ઘણી બધી રજૂઆતો કરી છે, છતાં મારા દાંતા વિધાનસભા વિસ્તારમાં ભેમા ગામની અંદર પૂરેપૂરો વિસ્તાર ખાણ–ખનીજમાં લપેટાઇ ગયો છે. કોઇક જગ્યાએ બધા નિયમોને નેવે મૂકીને, બાઉન્ડ્રી છોડીને રોડ ઉપર આવી ગયા છે ત્યારે એકાદ વખત મંત્રીશ્રીને અહીંયા પણ રૂબરૂ રજૂઆત કરી છે. દાંતા વિસ્તારનું ભેમા ગામ આવ્યું છે ત્યાં આજે પણ ચોમાસાનો દિવસ નહીં હોવા છતાં સાંજે પાંચ વાગ્યા પછી ચોમાસામાં વાદળો ઘેરાઇ ગયા હોય એવો આ વિસ્તાર ધુમાડાથી ઘેરાઇ ગયેલો હોય છે, જેથી આજુબાજુના ચારથી પાંચેક ગામડાંની અંદર એટલો બધો સિયાટો, ધુમ્મસ ઘેરાય છે ત્યારે લોકોના આરોગ્યની ખૂબ મોટી મુશ્કેલીઓ થાય છે ત્યારે વિનંતી કરી છે કે આ શક્ય હોય ત્યાં સુધી બંધ કરો. જે જગ્યાએ લીઝો આપવામાં આવી છે અને લીઝો મંજૂર થઇ છે એનાથી છોડીને બીજી જગ્યાએ લીઝોનું ખોદકામ પણ કરવામાં આવે છે. એ વિસ્તારમાં એટલી બધી રોયલ્ટીની ચોરીઓ પણ થઇ રહી છે. એટલા માટે આ કહેવા માગુ છું કે, લગભગ ચોખ્ખો આંકડો આવતો નથી પણ હું અંદાજે આંકડો એટલા માટે આપું છું કે ૮૦ ટકા ગેરરીતિ થઇ રહી છે ત્યારે વિનંતી એટલી કરું છું કે આ ''ગેરરીતિ''નો શબ્દ બોલ્યો છું એ હકીકતમાં સાચી છે કે ખોટી છે એ રૂબરૂ મંત્રીશ્રી અથવા તો મને પણ એ વિસ્તારના ધારાસભ્ય સાથે રાખીને ચકાસણી કરે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય જીતુભાઇ વાઘાણી..

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ખાણ–ખનીજ વિભાગ ભેગો એડમિનિસ્ટ્રેશનમાં છે. ખાણ–ખનીજ અને બંદરની અલગ માગણીનો હવાલો માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે છે તો અલગથી મને જ્યારે એ માગણી આવે ત્યારે મારે એ મૂકવાની છે એટલે એ જેના માટે વાત કરે છે એ આજે નથી. નહિતર ચોક્કસ એ કહી શકત.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, ઠીક છે. આમ તો ખાણ–ખનીજની માગણી છે એટલા માટે મેં શરૂઆતમાં આ મુદ્દો લીધો હતો. મારા વિસ્તારમાં જ્યારે પ્રવાસનમાં જઇએ ત્યારે હું એ વિસ્તારમાંથી આવું છું એ વિસ્તારમાં ગુજરાત અને આખા દેશમાંથી જનતા માં–અંબાજીના દર્શન કરવા આવતી હોય છે ત્યારે મને વિકાસનો વાંધો ના હોઇ શકે પણ મને વાંધો એટલા માટે છે કે એ વિસ્તારની જનતા સંપૂર્ણ ૧૪ ગામોને તમે આવરી લીધા છે. વિકાસ અને યાત્રાધામની વાતો થાય છે ત્યારે સંપૂર્ણ ૧૪ ગામોના આદિવાસીઓ ક્યાં જશે? પહેલો ચિંતાનો વિષય એ છે. ત્યાંથી ઊભા થશે તો બાજુમાં જંગલ ખાતું આવશે અને જો જંગલ ખાતું કાઢી મૂકશે તો કયાં જશે? અને એટલા માટે આ ચિંતાનો વિષય છે કે, સ્થાનિક આદિવાસીઓને બહાર કાઢીને શું તમે બહારના લોકોને લાવીને બેસાડશો તો આ સ્થાનિકો કયાં જશે? થોડું અમને એ પણ જાણવા મળ્યું કે આવા જ વિસ્તારની અંદર કેવડિયામાં જે આદિવાસીઓ હતા તે આદિવાસીઓને બહાર કાઢી નાંખવામાં આવ્યા અને એ જ પરિસ્થિતિ દાંતા, અંબાજી બધામાં ના થાય એટલા માટે હું યાત્રાધામ મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આદિવાસીઓ પર સૌથી પહેલાં નજર રાખે અને સાથે સાથે જો અંબાજીનો વિકાસ કરતા હોવ તો શું પહેલાં આ સ્થાનિક આદિવાસીઓને ગમે તે બાબતમાં પ્રાયોરિટી આપવામાં નહીં આવે?

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર (મોડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહન–વ્યવહાર નિગમની કેટલીક સિદ્ધિઓ આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, થોડીક વાત એ કરું કે ૧૯૭૮ એટલે કે ૩–૨–૧૯૭૮ આજથી ૪૫ વર્ષ પહેલાં સાબરકાંઠા જિલ્લાની અંદર બાયડ ડેપો શરૂ થયેલો અને ત્યાં મેં હેલ્પર તરીકેની નોકરી જોઇન્ટ કરેલી અને આજે મને એ જ વિભાગની વાત કરવાનો જયારે મોકો મળ્યો છે ત્યારે આપશ્રીનો અને સભાગૃહનો આભાર માનું છું અને આનંદ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં સૌપ્રથમ એ.આઇ. અને પોર્ટલ આધારિત હાઇબ્રીડ મોડલ થકી ઓટોમેટેડ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક તૈયાર કરવામાં આવેલ છે જેના થકી સંપૂર્ણ પારદર્શક રીતે ડ્રાયવર કક્ષાના ઉમેદવારોના ડ્રાઇવિંગ ટેસ્ટ લેવામાં આવેલ છે. ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન મળી રહે અને મુસાફરોને છૂટ્ટા પૈસાની ઝંઝટમાંથી મુકિત મળી રહે તે માટે નિગમના અમદાવાદ, રાજકોટ, જામનગર, જૂનાગઢ, વડોદરા, ભરૂચ, સુરત અને વલસાડ વિભાગમાં ૩૭૦૦ સ્માર્ટ ઇ.ટી.એમ. મશીન ફાળવી બસની અંદર જ ડિજિટલ પેમેન્ટ સ્વીકારવાની શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં તારીખ ૧૩–૨–૨૦૨૬ના સમય સુધી ૧૦૧.૯૪ લાખ ટિકિટો થકી રૂપિયા ૧૦૪.૩૦ કરોડ.

અધ્યક્ષશ્રી : માનનીય ભીખુસિંહભાઇ, ગઇકાલે મેં નિર્ણય પણ આપ્યો છે. તમે રેફરન્સ તરીકે તેનો ઉપયોગ કરી શકશો. તમે વાંચીને ફકત આંકડા કે તેનો રેફરન્સ લઇ શકશો. બાકી આખું ભાષણ તમે વાંચીને નહીં કરી શકો. એટલે તમે જે વાત કરો તે મુદ્દો જોતા જાવ અને બાકી તમારા મૌલિક વિચારો સાથે ચર્ચા કરો.

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં આંકડાકીય વધારે માહિતી છે.

અધ્યક્ષશ્રી : આંકડા હોય એટલા પૂરતું તમે વાંચો, પરંતુ આખું ભાષણ તમે વાંચી નહીં શકો. તમારે મૌલિક રીતે રજૂ કરવુ પડશે.

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઓનલાઇન પેમેન્ટ થવા પામેલ છે હાલમાં દૈનિક ૩૧ હજાર ટિકિટો થકી રૂપિયા ૩૨ લાખનું યુ.પી.આઇ. થકી ઓનલાઇન પેમેન્ટ થવા પામેલ છે. તેમજ બાકીના તમામ વિભાગોમાં અમલવારી કરવા માટે ૭૫૦૦ સ્માર્ટ ઇ.ટી.એમ.ની ખરીદી માટે વર્ક ઓર્ડર કરવામાં આવેલ છે. એ.સી.વોલ્વો ડોમ ૫ નંગ બસ દેશ અને રાજ્યમાં પ્રથમવાર બનનાર હોઇ આ ૫ બસનો પાયલોટ પ્રોજેકટ સફળ થાય અને સમય-મર્યાદામાં બસો સંચાલનમાં મૂકાય તે પૈકીની તા.૧-૧-૨૦૨૬ના રોજ ખરીદી હુકમ કરવામાં આવેલ છે અને આગામી સમયમાં સંચાલન શરૂ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૫ના દિવાળીના તહેવારો દરમિયાન તા.૨૪, ઓકટોબર-૨૦૨૫ના રોજ એક જ દિવસમાં ગુજરાત એસ.ટી. નિગમે સૌથી વધુ ૧ લાખ ૩૩ હજાર ૪૩ ટિકિટો થકી રૂ. ૩ કરોડ ૧૯ લાખ, ૩૨ હજાર ૮૨૫નું બુકિંગ થવા પામેલ છે. નિગમ દ્વારા આદિજાતિ વિકાસના સંયુકત ઉપક્રમે આદિજાતિ બોર્ડર વિલેજ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારના અભ્યાસ કરતા વિદ્યાર્થિઓ માટે નવીન ૧૩૯ મીનીબસોનું પણ આયોજન કરવામાં આવેલ છે. મુસાફરો વધુ આરામદાયક રીતે મુસાફરી કરી શકે તે માટે નવીન ૧૦૦ બસો વોલ્વો સીટર અને ૧૦૦ એ.સી. સીટર બસનું આયોજન કરવામાં આવેલ છે. એવોર્ડ વિનર શિક્ષકોને નિગમની તમામ પ્રકારની મુસાફરીમાં ઘર બેઠાં ટિકિટ બુક કરાવી શકે તે માટે ઓનલાઇન ટિકિટ બુકીંગ સેવા શરૂ કરવામાં આવેલ છે, જેનો ૪૮૭૩ શિક્ષકોને લાભ થવા પામેલ છે. છેલ્લાં પાંચ વર્ષમાં ૫૯ સ્થળોએ રૂ. ૧૫૬.૨૫ કરોડના ખર્ચે નવીન બસસ્ટેશન બાંધી લોકાર્પિત કરવામાં આવેલ છે. મારા અરવલ્લી જિલ્લાની અંદર જે બસ સ્ટેન્ડ હતું અને એ જયારે નવીન બસપોર્ટ તરીકે નવું બની ગયું છે અને એ આજે કાર્યરત છે ત્યારે જે જૂના બસસ્ટેશનની આપને વાત કરું તો એ વખતે મુસાફરોને બેસવા માટેની સગવડ પણ પૂરતી નહોતી ત્યારે આજે મુસાફરોને બસ સ્ટેશન નહીં પણ બસપોર્ટ ઉપર આવ્યા હોય એવું લાગી રહ્યું છે અને રાજય સરકાર તરફથી જે નવીન બસો વખતોવખત ફાળવવામાં આવી છે ત્યારે એ બસોનો મુસાફરો સંપૂર્ણ લાભ લઇ રહ્યા છે એનાથી મુસાફરોને સંપૂર્ણ સંતોષ છે. આધુનિક જે ઇલેકિટ્રક બસો નિગમ તરફથી મૂકવામાં આવી છે જેના કારણે પ્રદૂષણમાં પણ ઘટાડો થવાનો. આમ, જનતાને વખતો વખત જે જરૂર પડી છે એ પ્રમાણે સુવિધાઓ મળી રહે છે. આમ, તો મેં અગાઉ પણ વાત કરી કે ૪૫ વર્ષ પહેલાં હું નિગમમાં નોકરી કરતો હતો ત્યારે બસોની જે પરિસ્થિતિ હતી, એ વખતે બસમાં કાચ નહોતા, એ વખતે બસમાં પડદા હતા અને ચોમાસાની અંદર તો ૫૦થી ૬૦ ટકા બસોની અંદર પાણી ભરાઇ જતું હતું, હું હેલ્પર હતો એટલે બ્રેકડાઉન થયેલી બસો હું લેવા ગયેલો છું. એ વખતે જયારે બસો બ્રેકડાઉન થાય તો એક એક દિવસ પછી બસ ત્યાંથી લાવવામાં આવતી હતી. એટલે ત્યારે જે રીતે વ્યવસ્થાતંત્ર જોઇએ, એના અધિકારીઓ તરફથી કામગીરી થવી જોઇએ એ સંતોષકારક રીતે થતી નહોતી અને એના કારણે મને તો એવું પણ જાણવા મળતું હતું કે જે સ્પેરપાર્ટસ ખરીદવામાં આવતા હતા એમાં પણ ગરબડ થતી હતી એના કારણે આ બ્રેકડાઉન બસો વધારે ફરતી હતી, ડુપ્લીકેટ સામાન આવતો હતો, એ બધી પરિસ્થિતિમાંથી અત્યારે આપણે મુકત થયા છીએ. મને એક વાત જણાવતા આનંદ થાય છે અને મને જાણવા મળ્યું છે માનનીય મંત્રીશ્રી તરફથી ટૂંક સમયમાં આપણા તમામ ધારાસભ્યોને એમના વિસ્તાર માટે એક-એક બસ ફાળવવાની છે એ બહુ સારા સમાચાર છે, આવનારા દિવસોમાં દરેક ધારાસભ્યોને એક એક બસ ફાળવવામાં આવશે. અસ્તુ.

અધ્યક્ષશ્રી : આપને હજી વધારે બોલવું હોય તો વધારે સમય છે. કોંગ્રસ પાર્ટીમાંથી પણ વધુ સમય મળશે એટલે તમે હજી ૧૫ મિનિટ વધુ બોલી શકશો. નેકસ્ટ..

શ્રી અરૂણસિંહ અ. રણા (વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે સંસદની પ્રણાલિકાની વાત કરી ખૂબ સાચી વાત છે. અમે તમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવીએ છીએ અને આનંદની લાગણી અનુભવીએ છીએ કે તમે અમારા જ સૌ માટે આ લાગણી, માગણી કરી છે જે અમે તમારી વાત સ્વીકારીએ છીએ. આજે જયારે સન ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર ઉદ્યોગ વિભાગમાં મારે અનુદાન માટે બોલવાનું છે ત્યારે મને એનું ગૌરવ છે. આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે મને અઢી વર્ષ સુધી એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. ત્યારે તેમણે ગુજરાતમાં ઉદ્યોગો લાવવા માટે વાઇબ્રન્ટ ગુજરાત દ્વારા વિશ્વના દેશોને રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું. ત્યારે વિપક્ષના આગેવાનો પણ બોલતા હતા કે ''આ વાઇબ્રન્ટ એક તાયફો છે.'' ખરેખર એ તાયફો નહોતો પણ આત્મીયભાવથી આ પ્રોગ્રામ કરીને ગુજરાતમાં રોકાણ કરવા માટેનું એક આહવાન હતું. એ આહવાન એટલા માટે હતું કે શ્રી નરેન્દ્ર મોદી સાહેબ પાસે દ્રષ્ટિ હતી, એમની પાસે સમજ હતી. ઉદ્યોગ એટલે વિકાસ, વિકાસ એટલે રોજગારી, રોજગારી એટલે સમૃદ્ધિ અને ગુજરાતની સમૃદ્ધિ ત્યારે જ થઇ છે જ્યારે ગુજરાતમાં ઠેર-ઠેર ઉદ્યોગો થઇ રહ્યા છે. હું જે વિસ્તારનો ધારાસભ્ય છું અને મને ઉદ્યોગો પર બોલવાનો મોકો મળ્યો છે ત્યારે હું કહીશ કે નરેન્દ્ર મોદીજીએ વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી ત્યારે તેમણે ભરૂચ જિલ્લો પસંદ કર્યો. અમારી જમીન ફળદ્રુપ ન હતી, ત્યાં દરિયાકિનારો હતો. તેની આજુબાજુ ખારલેન્ડ હતી. અમારી જમીનની કિંમતની વાત કરું તો રૂ.૫૦,૦૦૦/-થી રૂ.૨,૦૦,૦૦૦/- સુધીની હતી. શ્રી નરેન્દ્ર મોદીજીએ જી.આઇ.ડી.સી.નું આયોજન કર્યું અને જમીન સંપાદન કરવાની શરૂઆત કરી. આ જમીન સંપાદન કરી ત્યારે લોકો અને ખેડૂતો ખૂબ ખુશ હતા. જમીનના ભાવ રૂ.૨૦,૦૦,૦૦૦/- પ્રતિ એકર થયા એ વાતનો મને આનંદ છે. વાગરા મતવિસ્તારમાં ૭૬ ગામમાં ઉદ્યોગો આવેલા છે. વાગરા, સેઝ-૧, સેઝ-૨, સેઝ-૩ અને સાયખા જી.આઇ.ડી.સી.માં ઉદ્યોગો ધમધમી રહ્યા છે. એનાથી વિશેષ વાત કરીએ તો આજે અમારા જમીનદારોના દીકરા-દીકરીઓને સરવે નંબર પ્રમાણે નોકરી આપવા અમે રજૂઆતો કરી છે. ઉદ્યોગો ત્યારે આવે જ્યારે ઉદ્યોગોના કાયદો અને વ્યવસ્થાનું તંત્ર જળવાય. કાયદો અને વ્યવસ્થા ન હોય તો ગમે તેટલા રોકાણકારો આવે પરંતુ પરિસ્થિતિ એવી બને કે લોકો

આંદોલન કરતાં હોય, સંઘર્ષ કરતાં હોય, કોઇને વ્યક્તિગત સ્વાર્થ હોય પરંતુ શ્રી નરેન્દ્ર મોદીજીએ ઉદ્યોગો માટે પહેલાં કાયદો અને વ્યવસ્થાનું તંત્ર ગોઠવવાનું કામ કરેલું છે. શ્રી નરેન્દ્ર મોદીજી કાયદાના ખૂબ કડક હિમાયતી હતા. હું પણ ધારાસભ્ય તરીકે રજૂઆત કરું કે, હજુ લેન્ડ લુઝરો બાકી છે તો શ્રી મોદી સાહેબ એમ કહે કે કંપની ચાલશે એટલે તમારા લેન્ડ લુઝરો લેવાશે જરા પણ ચિંતા ન કરો. હું કહેતાં ગર્વ અનુભવું છે કે વાગરાની સંપાદન થયેલી જમીનોના ૫૪૦૦ જેટલાં લેન્ડ લુઝર દીકરા-દીકરીઓ આજે ખૂબ ખુશખુશાલ છે. આને દ્રષ્ટિ અને વિશ્વસનીયતા કહેવાય. શ્રી મોદી સાહેબ ભરૂચ આવે ત્યારે મિટિંગમાં સૂચના આપે કે, કાયદો અને વ્યવસ્થાની કાળજી રાખો, હજુ કોઇક ફરિયાદ આવે છે. દ્રષ્ટિ હોય તો વિકાસ છે અને દ્રષ્ટિ નથી તો વિનાશ છે. દહેજ વિસ્તારની અમારી જમીન ભલે ગઇ પણ આજે લોકો અમને જોઇ રહ્યા છે. મને કહેતાં આનંદ થાય કે,આજે લોકો અમારી સમૃદ્ધિ જોઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાકાળ દરમિયાન સમગ્ર ગુજરાતમાં ૧-૨-૫-૧૦ ટ્રેન મૂકવી પડતી હતી. આ ભાજપની દ્રષ્ટિમાન સરકારે ટ્રેન અને બસ પણ મૂકી હતી. કોરોનાકાળમાં અમને પોતાને અનુભૂતિ થઇ, અમને પોતાને એક ભાવ ઊભો થયો કે, આટલા બધા લોકો આપણે ત્યાં નોકરી કરવા આવે છે, આપણે ત્યાં આટલી બધી રોજગારીની તકો ઊભી કરવામાં આવી છે. ખરેખર અમે ખૂબ ભાગ્યશાળી છીએ. અમારે ત્યાં બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન સહિત સમગ્ર ભારતમાંથી લોકો રોજગારી માટે આવતાં હોય ત્યારે ટી.વી. પર સમાચાર જુઓ તો એવું થાય કે શ્રી મોદીજીના શાસનથી સમગ્ર ગુજરાતની કાયાપલટ થઇ છે. આ એટલા માટે સ્વીકારવું પડે કે, અમારી પાસે ૨૮ વર્ષથી સર્ટિફિકેટ છે. ચૂંટાઇને આવીએ છીએ તે તેના કારણે આવીએ છીએ. બાકી અમને કોઇ પૂછે નહીં. સરકાર આવે છે અને સરકાર જાય છે પણ અમારી સરકાર સારી અને શિસ્તબદ્ધ સરકાર છે. નૈતિકતાના મૂલ્યોના આધારે અમે કામ કરી રહ્યા છીએ. મને કહેતાં આનંદ થાય છે કે, શ્રી નરેન્દ્ર મોદીજી દેશના વડાપ્રધાન બન્યા પછી જંબુસર ખાતે બલ્ક ડ્રગ્સ પાર્ક શરૂ કરવામાં આવેલો છે. અને ત્યાં પણ ખૂબ મોટા પ્રમાણમાં કામગીરી થઇ રહી છે ત્યારે એનું પણ આખું ઇકોનોમિક બનતું હોય છે. આજે અર્થતંત્રમાં ઝઘડીયા, પાનોલી, અંકલેશ્વર વિશ્વમાં અમારી જી.આઇ.ડી.સી. આજે ધમધમી રહી છે એનું જો કોઇ કારણ હોય તો એ છે ઇન્ફ્રાસ્ટ્રક્ચર. સરકારે ભરપૂર ઇન્ફ્રાસ્ટ્રક્ચર આપેલું છે. આ નરેન્દ્રભાઇ મોદીજીના દ્રષ્ટિકોણથી આપવામાં આવેલ છે. એના કારણે આજે અમને ખૂબ આનંદ થાય છે કે મોદી સાહેબ હોય તો જ મુમકીન છે. મોદી હૈ તો મુમકીન હૈ બાકી કુછ નહીં. એના કારણે જ આપણે આ મોટી સંખ્યા જોઇ રહ્યા છીએ. કોઇ વ્યક્તિ મોટી નથી પણ આખરે આપણા નેતાનું મૂલ્ય મોટું છે. મને યાદ છે કે એક દિવસ એવું બન્યું કે એક ઇન્ડસ્ટ્રિઝ એ.બી.જી. શીપયાર્ડ બંધ થઇ. અમારી એ.બી.જી.શીપયાર્ડ બંધ થઇ એટલે કાટમાળની હરાજી કરવામાં આવી. કંપનીએ કોઇને વેચાતું આપી દીધું એટલે લેન્ડ લુઝરોએ તે રોકવાનું કામ કર્યું. માનનીય ગૃહમંત્રીશ્રી આજે હાજર નથી પણ હું એમને મળ્યો અને કહ્યું કે, સાહેબ આ અમારા લેન્ડ લુઝરોનું કંઇક થાય તો કરો. લોકો આંદોલન કરી રહ્યા છે. તો મને કહ્યું કે, અરુણસિંહ તમે એક કામ કરો. મને લેખિતમાં આપો. મેં લેખિતમાં આપ્યું. અમિત શાહજીએ આ પત્ર વાંચ્યો અને વિધીન અ મિનિટોમાં હર્ષભાઇને કહ્યું કે, શ્રી હર્ષભાઇ અરુણસિંહ આપણા છે. તમે કંઇ દો કે હમણાં રોકાઇ જાય. આંદોલનને આપણે ટેકો આપવાનો નથી. આપણા લેન્ડ લુઝરોને જ્યારે કંપની ચાલશે ત્યારે મારી જવાબદારી છે. અમિત શાહની જવાબદારી છે અમે ત્યારે આપીશું. તમે એકવાર મિટિંગ કરી લો અને વાત કરીને તમે છૂટા થઇ જાવ. આ હું એટલા માટે દાખલો આપું છું કે છૂટા થાવ. પછી કાયદો કાયદાનું કામ કરશે. મને આજે આનંદ છે કે એ જમીન રિલાયન્સે પાછી ખરીદી. આજે અમને વિશ્વાસ છે. ઘણું બાકી રહી ગયું છે ત્યારે આજે હું ખૂબ આનંદની લાગણી અનુભવું છું. સમગ્ર ગુજરાત અને ભારતમાં અમિત શાહજીના દ્રષ્ટિકોણથી કાયદો અને વ્યવસ્થા ચાલે છે. આપણા ગૃહ મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી અને આપણા યશસ્વી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ પણ એક મક્કમ વ્યક્તિ છે. સાચું બોલવું, કામ કરવું, બનાવટ કરવી નહીં, ખોટું રાજકારણ કરવું નહીં એનું નામ ભૂપેન્દ્રભાઇ પટેલ. નમસ્કાર.

અધ્યક્ષશ્રી : આપની તબિયત ઠીક લાગતી નથી. બોટલ ચડાવેલ હતી?

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, બોટલ ચડાવેલ છે, ચાલુ જ છે.

અધ્યક્ષશ્રી : તો પણ તમે આવીને સરસ બોલ્યા એ માટે અભિનંદન.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, તમે અમારા સહકારી આગેવાન છો. તમારી સાથે મેં ૨૮ વર્ષ કામ કરેલું છે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ (ઘરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ પવિત્ર ગૃહમાં સને ૨૦૨૬-૨૭ના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના અત્યંત મહત્ત્વના ઐતિહાસિક અંદાજપત્ર ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું ત્યારે આપે ગઇકાલે જ ગૃહમાં બધા સભ્યશ્રીઓને સૂચના આપી કે તમે મૌલિક રજૂઆત કરો. જ્યારે સામે વિપક્ષો બેઠેલા હોય અને વિપક્ષો એમના વિચારો રજૂ કરે ત્યારે અમને બધી તક પૂરી થતી હોય છે. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય અરવિંદભાઇ, જે મૌલિક-મૌલિક કહી રહ્યા છે, એ એટલા માટે કે બધા માનનીય મંત્રીશ્રીઓ અને સભ્યશ્રીઓ જાણે છે કે માગણીઓ ડિપાર્ટમેન્ટ તૈયાર કરીને આપે છે. ડિપાર્ટમેન્ટમાં ખાસ કરીને, કેબિનેટ મંત્રીશ્રી અને તેમનું ડિપાર્ટમેન્ટ/અધિકારીશ્રીઓએ નક્કી કરીને આપ્યું કે અમારે આટલાં આટલાં નાણાં પ્રજા માટે અહીંયા વાપરવા છે.

નીચેના તંત્ર અને અધિકારીશ્રીઓએ તૈયાર કરીને મંત્રીશ્રીને આપ્યું અને મંત્રીશ્રી આપણી પાસે માગણી મૂકે છે. આપણે એ માગણીને મંજૂર કરવાની છે. તો સાચા અર્થમાં ધરતી ઉપર આ માગણીની ક્યાં જરૂર છે? અથવા તે લાવવાથી શું ફાયદો થશે? અથવા તો આ લાવીએ છીએ એના કારણે નુકસાન થશે, એની તર્કબદ્ધ માહિતી ધારાસભ્યશ્રીઓથી વધારે કોઈની પાસે હોઈ શકે નહીં. કેમ કે, તમે મૌલિક રીતે જીવો છો. તમને પ્રત્યક્ષ રીતે ખબર છે. એટલા માટે મેં કહ્યું કે તમે ફક્ત વાંચીને બોલો તેના કરતાં તમે જે સમજ્યા છો, તમે જે આત્મસાત કર્યું છે, તમે પ્રજાની વાતને જાણી શકો છો અને એ વાત જ્યારે અહીંયા રજૂ કરશો તો એના માટે કોઈ વાંચીને બોલવાની જરૂર નથી. તમે આંકડા વાંચી શકો પરંતુ આખું ભાષણ તૈયાર કરીને લાવીએ તેના બદલે તમે લખીને લાવો. તમે બહું સારું બોલી રહ્યા છો. અત્યારે મારે તમામ માનનીય સભ્યશ્રીઓને અભિનંદન આપવા છે કે તમે મૌલિકતાપૂર્વક સરસ વાત મૂકી રહ્યા છો. આ જ વાત છે. આ જ તમારું અંદરનું પડેલું છે. એને વાંચવા બેસી જશો તો બીજું તમારું અંદરનું નહીં જાગે. બધા માનનીય સભ્યશ્રીઓએ બહું સરસ વાત કરી છે એટલા માટે જ મારો આગ્રહ છે. માનનીય સભ્યશ્રી, આપ સરસ વાત કરી રહ્યા છો આપ ચાલુ રાખો.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે આજે ગૃહમાં આપના નેતૃત્વમાં જે શીખી રહ્યા છીએ એના માટે આપને ધન્યવાદ પાઠવું છું. ખાસ કરીને, જે રીતે મેં વાત કરી કે વિપક્ષમાંથી આવા પ્રતિભાવ સાંપડે તો અમને પણ એમાં પ્રતિકાર કરવાની કે એને ખંડનાત્મક વાત કરવાની અમને એક તક મળે પરંતુ વિપક્ષ પણ આજે કોઈપણ જાતના પ્રતિભાવ અમને આપી રહ્યા નથી કે અમે આ ગૃહ સમક્ષ રજૂ કરી શકીએ. આપણા સ્વામી વિવેકાનંદજીના અત્યંત પ્રેરણાદાયક શબ્દોમાં યુવાનો બે જગ્યાએથી શોભે છે (૧) ફૂટબોલના ગ્રાઉન્ડમાં અને (૨) લાઇબ્રેરીમાં. જે આજે આપણા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબના શબ્દોમાં સાચા અર્થમાં ચરિતાર્થ થઇ રહ્યા છે. આજે યુવાઓ આપણા દેશની કરોડરજ્જુ છે. આવું યુવાન થનગનતું લોહી જ્યારે આપણા ગરવી ગુજરાતમાં વહી રહ્યું છે ત્યારે તેને યોગ્ય દિશા આપવાની આપણી સૌની જવાબદારી છે. આપણા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં અને આજે યુવા નેતૃત્વનું સાચું પ્રતિબિંબ એવા આપણા માનનીય યુવા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબના માર્ગદર્શનમાં આપણી સરકાર એક ચોક્કસ આઇડિયા સાથે આગળ વધી રહી છે. મને આજે ગૃહમાં જણાવતાં આનંદ થાય છે કે સરકારે ગુજરાતના યુવાનોની સંસ્કૃતિ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા માત્ર શબ્દોથી નહીં પણ નક્કર આંકડાથી સાબિત કરી છે. આ વર્ષે આપણા વિભાગનું કુલ એકંદરે બજેટ રૂ. ૧૭૨૮.૦૫ કરોડ જેટલું માતબર રાખવામાં આવ્યું છે એમાં મહેસૂલી ખર્ચ માટે રૂ. ૭૨૨.૧૫ કરોડ અને મૂડી ખર્ચ માટે રૂ. ૧૦૦૫.૮૮ કરોડની ઐતિહાસિક જોગવાઇ કરવામાં આવી છે. મૂડી ખર્ચમાં આટલી મોટી રકમ દર્શાવે છે કે આ સરકાર ભવિષ્યના ઇન્ફ્રાસ્ટ્રકચર માટે કેટલી ગંભીર છે. ભૂતકાળમાં અમારા આદિવાસી વિસ્તારમાં યુવાનો પાસે કોઇ રમત-ગમતની સુવિધા ન હતી ત્યારે ગીલ્લી-દંડાની રમત, આંબલી-પીપળીની રમત કે પછી બીજી જૂની રમતો રમતા. પરંતુ જ્યારે આપણા યશસ્વી વડાપ્રધાન ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે 'ખેલે ગુજરાત', 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત' થી શરૂઆત કરીને યુવાનો માટે આખું પ્લેટફોર્મ પૂરું પડ્યું છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. આજે જે રીતે આપણા નાયબ મુખ્યમંત્રી અને યુવા ગૃહમંત્રીશ્રી રમત-ગમતને પ્રોત્સાહિત કરી રહ્યા છે અને યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થકી જે રીતે આપણા ગુજરાત અને દેશને આગળ વધારી રહ્યા છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. વૈશ્વિક રમત-ગમત અને ઓલિમ્પિકનાં સપનાઓ છે એ જ્યારે વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમની શતાબ્દી પૂર્ણ થવા જઇ રહી છે ત્યારે આવા ભવ્ય રમતોત્સવની યજમાની આપણું ગુજરાત અને અમદાવાદ કરવા જઇ રહ્યું છે. તા. ૨૬મી નવેમ્બર ૨૦૨૫ના રોજ એગ્રીમેન્ટ પર સહી કરી ચૂક્યા છીએ. આ એક ઐતિહાસિક ગેમ માટે રૂપિયા ૪૦૫૪ કરોડની સૂચિત બજેટ જોગવાઇ કરવામાં આવી છે. જેમાં ભારત સરકાર અને ગુજરાત સરકારનો સમાન હિસ્સો છે. આ યજમાનીની શરૂઆત આ વર્ષના બજેટની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૦૦ કરોડની અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧ કરોડની પ્રાથમિક જોગવાઇ કરી છે. ખેલકૂદ અને રમત-ગમત માટે કુલ રૂપિયા ૩૨૦ કરોડ ફાળવ્યા છે. વધુમાં, નજીકના ભવિષ્યમાં યોજનાર ઓલિમ્પિક ગેમ્સની યજમાની પણ ભારત કરી શકે છે અને તે માટેના પ્રયત્નો પણ ચાલી રહ્યા છે. આપણા ગુજરાતને ઓલિમ્પિક રેડી સિટી બનાવવા માટે સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ માટે રૂપિયા ૫૦૫૦ કરોડના ભવ્ય પ્રોજેક્ટ માટે રૂપિયા ૫૦૦ કરોડની જંગી ફાળવણી કરવામાં આવી છે. ગુજરાતના યુવાનો ઓલિમ્પિકમાં મેડલ જીતીને તિરંગો લહેરાવે એ માટે ગુજરાત પોલીસ અકાદમી, કરાઇ ખાતે ઓલિમ્પિક કક્ષાનું ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવા માટે રૂપિયા ૨૯૦૦ કરોડના પ્રોજેક્ટ અંતર્ગત આ વર્ષે રૂપિયા ૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. દિવ્યાંગ ખેલાડીઓ માટે ગુજરાત રાજ્યમાં પેરા હાઇ પરફોર્મન્સ સેન્ટરના નિર્માણ માટે રૂપિયા ૫૬૫ કરોડના પ્રોજેક્ટ માટે આ વર્ષે રૂપિયા ૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગ્રામ્ય અને તાલુકા કક્ષાના પણ ચેમ્પિયન તૈયાર કરવા માટે રાજ્યમાં સંકૂલોના નિર્માણ માટે રૂપિયા ૬૮.૨૮ કરોડ તથા નીચેના મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકાઓના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના વિકાસ માટે રૂપિયા ૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સરદાર પટેલ રમત-ગમત સંકુલ અંતર્ગત હયાત સંકુલના રીનોવેશન માટે રૂપિયા ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ડેસરના વિકાસ અને સાઇટ ડેવલપમેન્ટ ફેઝ-૨ માટે રૂપિયા ૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હોકી ગ્રાઉન્ડ માટે રૂપિયા ૫ કરોડ અને ગર્લ્સ હોસ્ટેલ માટે રૂપિયા ૭.૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ સિવાય યુવાનોના કલ્યાણ માટે રૂપિયા ૫૧.૭૧ કરોડની જોગવાઇ કરવામાંઆવી છે. હવે હું એ વાત કરવા માગું છું કે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિશે રાષ્ટ્રકવિ શ્રી રામધારી સિંહ દિનકરના અત્યંત

પર્યાપ્ત શબ્દો છે. ''રોટી કે બાદ મનુષ્ય કી સબસે બડી કિમતી ચીજ ઉસકી સંસ્કૃતિ હોતી હૈ'' આ સરકારે કલા અને સાંસ્કૃતિક વિકાસ માટે પણ રૂપિયા ૩૦૬.૮૫ કરોડની ફાળવણી કરી છે. કલા અને સંસ્કૃતિના ઉત્તેજન માટે રૂ.૧૨૮ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. આપણા ભવિષ્યના ઇતિહાસમાં દર્શાવાતાં સંગ્રહાલયો કે મ્યુઝિયમો માટે આપણે.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, અત્યારે બજેટ ઉપરની ચર્ચા નથી. માગણીઓ ઉપરની ચર્ચા છે. એટલે બજેટ અલગ વિષય છે. આજે જે ડિમાન્ડ કરી છે એ વિભાગની માગણીઓ પૈસા વાપરવા માટેના અધિકાર માગે છે એટલા પૂરતી ચર્ચા છે. આખા બજેટની ચર્ચા માટે બજેટમાં જ્યારે ચર્ચા હોય ત્યારે બજેટ ઉપર આપણે ચર્ચા કરતા હોઇએ છીએ એ ધ્યાન રહે એટલા માટે. બાકી કન્ટીન્યુ રાખો.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આંકડા હતા કે બજેટ માટે આટલી જોગવાઇ. માટે મેં રજૂ કર્યા હશે.

અધ્યક્ષશ્રી : સંપૂર્ણ ઉલ્લેખ ના કરો એવો હું આગ્રહ કરતો નથી પરંતુ આપના ધ્યાનમાં રહે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે અત્યારે પણ આપણા ગુજરાતમાં અમદાવાદ ખાતે યોજાયેલ રમત ગમતમાં પણ માનનીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ અને માનનીય મુખ્યમંત્રીશ્રી રમત ગમતના મેદાન પર હાજર રહી આપણા યુવાનોને પણ પ્રોત્સાહિત કર્યા અને આખું ગુજરાત એમાં રંગે રંગાયું. અમારે પણ એમાં જવાનું હતું. પરંતુ અમને પણ ટિકિટ ના મળી. આજે રમત ગમત માટે કેટલો ક્રેઝ છે એ આપણી સમજી શકીએ છીએ. જે રીતે ગુજરાતમાં રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે આપણને આપણી સંસ્કૃતિ માટે સરકાર દ્વારા (અંતરાય)

અધ્યક્ષશ્રી : મુખ્ય દંડકશ્રી, તમારે આ અંગે ચિંતા કરવી જોઇએ.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે ઘણીવાર બધે માગણી કરી અને રમત ગમત મંત્રીશ્રી જયરામભાઇ ગામીત સાહેબને પણ કહ્યું કે અમારા માટે ટિકિટની વ્યવસ્થા તો કરાવો? પણ તે વખતે અમારા માટે પણ ટિકિટની વ્યવસ્થા કરી શક્યા ન હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી જીતુભાઇ કંઇ કહેવા માગે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હવાલો મારી પાસે છે. ગઇકાલે કમિટીની મિટિંગ હતી ત્યારે માનનીયશ્રી હર્ષભાઇ સંઘવીએ વાત કરી હતી. માનનીય શ્રી શૈલેષભાઇ પરમારે પણ વાત કરી હતી. એટલે માનનીયશ્રી હર્ષભાઇએ બહુ સરસ વાત કરી છે કે આવતા વખતે આપણે બધા ધારાસભ્યશ્રીઓ એમના ઘરનાને સાથે લઇ જઇ શકે એ માટે હું પણ માનનીયશ્રી હર્ષભાઇને કહીશ. એમણે પણ કહ્યું છે કે ક્રિકેટના એસોસિયેશનને કહીએ. ખાસ કરીને અહીંયા ફાઇનલ મેચ હોય ત્યારે હું પણ ધ્યાન દોરીશ કે બધા ધારાસભ્યશ્રીઓ જઇ શકે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એક વીતેલી ઘટના હતી એ ગૃહ સમક્ષ રજૂ કરવાની અનુમતિ મળી અને આપે સ્વીકારી એ માટે આપનો આભાર વ્યક્ત કરું છું. મેં આંકડા રજૂ કર્યા એ માત્ર કાગળ ઉપર છપાયેલા આંકડા નથી. આ એક–એક રૂપિયો એ ગુજરાતના યુવાનોની પ્રગતિ અને આપણા વારસાના જતન માટે આ અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આપણી ડબલ એન્જિનની સરકાર માત્ર વાતોથી ચાલતી નથી એમાં પરિણામો લાવે છે. વિપક્ષના મિત્રોને મારી નમ્ર વિનંતી છે કે રાજનીતિથી પર ઊઠીને ગુજરાતના યુવાનોના વિશાળ હિતમાં આ સર્વસ્પર્શીય અંદાજપત્રને સર્વાનુમતે પસાર કરવા મારી વિનંતી છે. વંદેમાતરમ્ , ભારત માતા કી જય. જય જય ગરવી ગુજરાત.

અધ્યક્ષશ્રી : માનનીય ડૉ. સી. જે. ચાવડા. ફરી કહું છું કે આ અંદાજપત્ર નથી. આ માગણીઓ છે.

ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં ખાસ કરીને પ્રવાસનને લગતી માગણી કે જેમાં મહેસૂલી ખર્ચ રૂ.૭૩૬ કરોડ ૭ લાખ અને મૂડી ખર્ચ માટે રૂ.૧૮૦૨ કરોડ ૩ લાખ. લગભગ રૂ.૨૫૦૦ કરોડની માગણી ક્રમાંક ૪૯ લઇને આવ્યાં છે એને હું મારું સમર્થન આપું છું. ખાસ કરીને ઉદ્યોગ, પ્રવાસન અને રમત ગમત પૈકી પ્રવાસનની જે માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું અને પૂરતું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને હાલના ભારતના વડાપ્રધાન તેમની રાજકીય, સામાજિક, ધાર્મિક, આર્થિક, સહકારી આ દીર્ઘદ્રષ્ટિના કારણે સમગ્ર ગુજરાતનો સર્વાંગી વિકાસ કેમ થાય તેની જે ચિંતા વ્યકત કરી હતી. એમાંય ખાસ કરીને ગુજરાત જે સેમિ એરીડ વિસ્તાર ગણાય ઉત્તર ગુજરાત કે જયાં વરસાદ પણ ઓછો પડતો હતો એવો વિસ્તાર ગણાય, એક સૂકો વિસ્તાર ગણાય એવી જે માન્યતા હતી તે દીર્ઘદ્રષ્ટિથી આખી તાસીર બદલી નાંખી અને દેશ અને દુનિયાના લોકો તેને પ્રવાસના ધામ તરીકે ઓળખે એવો પ્રવાસનનો વિકાસ તે દીર્ઘદ્રષ્ટિથી આજે ગુજરાતમાં અને ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં પણ જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતનો ૩૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો અને તેમાંય ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો આખું જે ટુરિઝમ છે, દરિયાકિનારાનું ટુરિઝમ છે તેને વિકસાવવાની દીર્ઘદ્રષ્ટિ તત્કાલીન વડાપ્રધાન અને હાલ આપણી ભૂપેન્દ્રભાઇની સરકાર અને તેમના મંત્રીશ્રીઓ જે કામ કરી રહ્યાં છે તેના કારણે ગુજરાતમાં જે ૨૫ વર્ષ પહેલાં નહોતું

જોવા મળતું તે આજે પ્રવાસનું ધામ અને દેશ–વિદેશના પ્રવાસીઓ ગુજરાત તરફ આકર્ષાય એવી કામગીરી સરકારે કરી હતી અને આજે કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરિયાકિનારો, કચ્છનું સફેદ રણ અને રણ તો લીલાંછમ આજે તાસીર બદલાઇ ગઇ છે રણ એટલે રેતી હોય, રણ એટલે ફકત ઉંટ ફરતા હોય, રણ એટલે આંધીઓ આવતી હોય, માટી ઉડતી હોય, ધૂળ ઉડતી હોય, ત્યાં જઇ ના શકીએ આવી જે તાસીર હતી તે આખી બદલી નાંખી. રણ તો લીલાંછમ અને સફેદ રણ તેનું ટુરિઝમ દેશ–વિદેશના લોકો આવે, રાત્રે સંગીત–નૃત્ય, ભારતીય સંસ્કૃતિ, ગુજરાતની સંસ્કૃતિને લોકો જુએ એવું આ પ્રવાસન આખા ગુજરાતમાં વિકસાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગીરને યાદ કરીએ એટલે ઘૂઘવતો સિંહ યાદ આવે, ચારણ કન્યા યાદ આવે, સોરઠ યાદ આવે એવું આખું પ્રવાસન ગીરનું વિકસાવ્યું. ગાઢ જંગલો, વિજયનગરના પોળોના જંગલો, ઐતિહાસિક ધરોહરો અને સોમનાથ, દ્વારિકા, દરિયાકિનારાના બાર શિવલિંગો પૈકીનું સોમનાથ અને આજે આપણે જય સોમનાથના સ્વાભિમાનથી એક હજાર વર્ષ પછી સોમનાથ કયાં હતું, કેવું હતું, કેટલીવાર તૂટયું, કઇ રીતે થયું અને ભગવાન સોમનાથ, હર હર મહાદેવનો જે વિકાસ થયો.

અધ્યક્ષશ્રી : તમે અત્યારે મેઘાણીને, મુનશીને અને પન્નાલાલ પટેલને આ ત્રણેને ઇન–ડાયરેક્ટલી યાદ કરી લીધા અભિનંદન.

ડૉ. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જયાં જગતનો નાથ, વિષ્ણુ અવતાર, કૃષ્ણનું સુદર્શન ચક્ર એમની તાસીર દેખાતી થાય એવી દ્વારિકા નગરીનો વિકાસ આજથી ૨૫ વર્ષ પહેલાં કેવો હતો અને છેલ્લા દશકામાં દ્વારિકા શું છે? દ્વારિકા જે સોનાની નગરી હતી એવી સોનાની નગરી બનાવવાનું સ્વપ્ન માનનીય નરેન્દ્રભાઇ મોદીનું હતું તે સ્વપ્નને આજે આપણી આ ભૂપેન્દ્રભાઇની સરકાર, દાદાની સરકાર સાકાર કરી રહી છે. એવા ઐતિહાસિક, ધાર્મિક પ્રવાસન ધામો થકી ગુજરાતની આજે દેશ અને દુનિયાના નકશા ઉપર એક પવિત્ર યાત્રાનું સ્થળ, પવિત્ર યાત્રાનું રાજય એવી જે છબી ઊભી કરી છે તેના માટે હું રાજયના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું અને આજે માનનીય મંત્રીશ્રી જે રૂપિયા ૨૫૦૦ કરોડના ખર્ચની માગણીઓ લઇને આવ્યા છે તેને અભિનંદન પણ આપું છું અને સમર્થન પણ આપું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, બેઠાં બેઠાં નહીં બોલો, આપ બેસો.

ડૉ. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હવે ઉત્તર ગુજરાતની તાસીર, ઉત્તર ગુજરાતના સપૂત, વડનગરની ધરતી જુઓ. વડનગરની માટી અને એક અલગ તાસીર. વડનગર એટલે શું? ૨૫૦૦ વર્ષ પહેલાં વડનગર ગુજરાતના ખૂણામાં પડેલી એક નગરી હતી, તે જ વડનગર આજે વિશ્વના ફલક ઉપર છે. ૨૫૦૦ વર્ષનો જૂનો ઇતિહાસ, જયારે પાટણ સહસ્ત્રલિંગ તળાવ કે રાણકી વાવ નહોતી, જૂનાગઢનો સોરઠનો ગિરનાર નહોતો, ૨૫૦૦ વર્ષ પહેલાં આનર્ત પ્રદેશ તરીકે ઓળખાતું વડનગર, આનર્તનગરી તરીકે ઓળખાતા વડનગરને સમગ્ર વિશ્વના ફલક ઉપર મૂકવાનું કામ એક અલગ માટીનો માનવી, વડનગરની ભૂમિ તો જુઓ, એક અલગ માટીનો માનવી ત્યાં પેદા થયો અને ચા વેચવામાંથી આખા દેશની રોનક બદલનાર, દેશને વિશ્વગુરુ બનાવવાનાં સ્વપ્નાં જે સેવતાં હતાં એ સ્વપ્નને સાકાર કરનાર નરેન્દ્રભાઇ મોદીનું જન્મસ્થળ એટલે વડનગર. જે ૨૫૦૦ વર્ષ પહેલાં આનર્તપ્રદેશ, આનર્તનગરી તરીકે પ્રખ્યાત હતી. એ વડનગરને આજે ઐતિહાસિક ધરોહર, ઐતિહાસિક નગરી અને નવા જ પ્રકારના પ્રવાસન સ્થળ બનાવીને સમગ્ર વિશ્વમાં અને દેશમાં લોકો આજે વડનગર બોલતા થયા છે એવી પ્રાચીન રાજધાની વડનગરના વિકાસનું કામ કરીને પ્રવાસન સ્થળ બનાવેલ છે જેથી લોકો આજે ત્યાં જોવા આવે છે. માનસરોવર જેમ પવિત્ર નામ છે એમ વડનગરમાં શર્મિષ્ઠા તળાવ એ પવિત્ર નામ છે, પવિત્ર તળાવ છે, પવિત્ર સરોવર છે. એમાં નર્મદાનું પાણી ભરાયેલું છે. એમાં હોડીઓમાં બેસીને બાળકો આખો દિવસ કિલ્લોલ કરી રહ્યા છે, આજે વડનગરની તાસીર બદલાઇ ગઇ છે અને ઉત્તર ગુજરાતમાં વડનગર એ પણ પ્રવાસનનું ધામ બની ગયું છે. હજારો વર્ષ પહેલાં, સદીઓ પહેલાં જયારે મોગલ સમ્રાટ દિલ્હીના તખ્ત ઉપર શાસન કરતા હતા ત્યારે એના દરબારમાં એક તાનસેન નામનો ગવૈયો હતો. તાનસેનના દેહમાં જયારે અગ્નિ ઝરતી થઇ અને એ અગ્નિને કોઇ શાંત પાડી શકે એવી પરિસ્થિતિ નહોતી ત્યારે મારા વડનગરની બે દીકરીઓ તાના અને રીરીએ મલ્હાર રાગ ગાઇને તે અગ્નિને શાંત પાડયો હતો એવી મારા વડનગરની બે દીકરીઓ તાના–રીરી અને એ તાના–રીરીનું પવિત્ર સ્થળ છે. એમાં દર વર્ષે શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ થાય અને એમાં દેશ–વિદેશના શાસ્ત્રીય સંગીત સાથે સંકળાયેલા લોકકલાકારો આવે અને ગુજરાતની પ્રજા એને આલહાદક રીતે નિહાળે એવું આ વડનગર આજે વિકસી રહ્યું છે. એના માટે પ્રવાસન મંત્રી જે માગણી લઇને આવ્યા છે એના માટે હું અભિનંદન આપું છું. આપણા દેશમાં રામ થયા, કૃષ્ણ થયા, મહાવીર થયા અને બુદ્ધ થયા, આજે બુદ્ધ ધર્મ ચીન, જાપાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, ભૂતાન, તિબેટ જેવા અનેક દેશોમાં વિકસ્યો છે અને લોકો બૌદ્ધ ધર્મ પાળે છે. એ બૌદ્ધ સર્કિટ આ દેશમાં પણ વિકસી રહી છે અને બૌદ્ધ સર્કિટનું એક સ્થાન વડનગરમાં છે. આપણ દેશના વડાપ્રધાન, વડનગરના સપૂત આજે એ બૌદ્ધ સર્કિટનો વિકાસ પ્રવાસન તરીકે થાય એ કામગીરી કરી રહ્યા છે અને એ સ્વપ્ન સાકાર કરવાના કામની આજે ૨૫૦૦ કરોડ રૂપિયાની માગણી જયારે માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે એમને હું બિરદાવું છું અને એમને હૃદયપૂર્વકનો ટેકો આપું છું. ઓરિસ્સામાં સૂર્યમંદિર અને એ કોણાર્કના સૂર્યમંદિર પછી બીજા ક્રમાંકે સૂર્યમંદિર હોય તો એ મોઢેરાનું સૂર્યમંદિર છે. આ સૂર્યમંદિર કોઇને યાદ નહોતું, આઝાદી પછી પણ

કોઇને યાદ નહોતું પરંતુ તત્કાલિન મુખ્યમંત્રી, ભારતના વડાપ્રધાન અને એ પછી ભારતીય જનતા પાર્ટીની સરકારો અને હાલ દાદાની સરકાર એટલે કે, શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર આ મોઢેરાનું સૂર્યમંદિર સમગ્ર વિશ્વના નકશા ઉપર અંકીત થાય અને ઓરિસ્સાના કોણાર્કના સૂર્યમંદિર પછી આ ભારતમાં, ગુજરાતમાં મોઢેરામાં પણ એક સૂર્યમંદિર છે કે જયાં સૂર્યનું પ્રથમ કિરણ પડે છે ત્યારે કહેવાયું છે એમ જય જય ગરવી ગુજરાત, ઉગે અરુણું પ્રભાત મોઢેરામાં સૂર્યમંદિરમાં જ્યાં સૂર્યનું પ્રથમ કિરણ પડે એ મોઢેરાને વિકસાવવાનું કામ દેશવિદેશના સાંસ્કૃતિક કલાકારોએ કર્યું છે. કોઇએ કલ્પના નહિ કરી હોય કે વડનગરની ધરતી પર, તાના-રીરીના સ્થાન પર કે મોઢેરાના સૂર્યમંદિર પર ભારતનાટ્યમ થશે, કથ્થકલી થશે, કુચિપુડિ થશે અને માતાજીના ગરબા ગવાશે. એ કલ્પનાને ભારતીય જનતા પક્ષની સરકાર, શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટિ અને શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે સાકાર કરીને મોઢેરાના સૂર્યમંદિરને વિશ્વના ફલક પર મૂક્યું છે. એના કારણે અનેક પ્રવાસીઓ આજે મોઢેરા અને વડનગર આવી રહ્યા છે. ઘણી વખત એમ લાગે કે ''આ તો થતું હશે? આ તો ખોટાં સપનાં છે. ધોળા દિવસે તારા દેખાડવાની વાત છે પણ જુદી માટીના માનવી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને આપણી ભારતીય જનતા પક્ષની સરકાર અને દાદાની સરકાર એ કરીને બતાવે છે. એ કહે કે ''રિવરફ્રન્ટ થતો હશે? થયો. પી.ડી.પી.યુ. નહિ થાય, પી.ડી.પી.યુ. થયું. ધોલેરા તો ખાલી વાતો છે. એના બદલે ધોલેરા આવતીકાલે ઇન્ટરનેશનલ વિકસિત બંદર હશે. ૫૦૦ વર્ષ પછી મહાકાળીના મંદિર પર ૫૧ ગજની ધજા લહેરાતી થઇ કે નહિ? થઇ. રામમંદિર બન્યું કે નહિ? બન્યું. કલમ-૩૭૦ દૂર થઇ કે નહિ? થઇ. આવો પકની છાતીવાળો માનવી શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના ઇતિહાસને બદલીને, ગુજરાતનું ટુરિઝમ બદલીને ગુજરાત, કચ્છ, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર તમામ જગ્યાએ પ્રવાસન સ્થળો ઊભા કરીને, વિકસાવીને સમગ્ર દેશવિદેશના પ્રવાસીઓ ગુજરાતના ખૂણે-ખૂણે આવી રહ્યા છે તે માટે હું પ્રવાસન મંત્રીને ખૂબ ધન્યવાદ આપું છું અને જે ૩.૨૫૦૦ કરોડની માગણીઓ લઇને આવ્યા છે એને પણ હું ટેકો આપું છું. આ વાત ભૂલી જાવ. ૩.૧૫૦૦ કરોડના ખર્ચે અંબાજી માતાનો વિકાસ થવાનો છે. સતીમાતાના અલગ-અલગ અંગો ધરતી પર પડ્યા ત્યારે માનું હૃદય અંબાજીમાં પડ્યું છે. મા જગદંબાનું પવિત્ર ધામ, ગબ્બરના ગોખવાળી માતાનું ધામ વિકસે એના માટે આ સરકાર ૩.૨૫૦૦ કરોડની માગણી લઇને આવી છે એને હું બિરદાવું છું. અંબાજી માતાનો જ વિકાસ થાય એવું નહિ પણ આજુબાજુ બહુચરાજી, ઉંઝામાં ઉમિયા માતા જેવા દરેક શક્તિપીઠનો વિકાસ આ સરકારમાં થઇ રહ્યો છે અને એનો ખર્ચ આ માગણીઓ લઇને આવ્યા છે એમાંથી થવાનો છે. કેટલાંક લોકો મશ્કરી કરતા હતા કે ''સી પ્લેન આવશે, સી પ્લેન આવશે.'' (અંતરાય) (આ તબક્કે સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલા પોતાની જગ્યા પર ઊભા થઇને બોલે છે.)

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપ બેસો. આપ બેસો, માનનીય ઇમરાનભાઇ. શ્રી ઇમરાનભાઇ તમને ઊભા થવાની મંજૂરી નથી આપી. આપ બેસો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમે તો આટલા દિવસમાં એક પણ ટીકા નથી કરી. અમે તો કહીએ છીએ કે આ તેજતરાર ઘોડા છે પણ અસવાર નબળો છે. એમના નેતા જ એમ કહે છે કે ''આ લંગડા ઘોડા છે.'' એ લોકો નક્કી કરી લે કે ટીકા કોણ કરે છે? અમે કરીએ છીએ કે એમના નેતા આવીને કરી જાય છે.

ડૉ. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, દેશ-વિદેશના પ્રવાસીઓ આકર્ષાય અને મોટી સંખ્યામાં ત્યાં લોકો આવે એના માટે ધરોઇ અને એની આજુબાજુના ૯૦ કિ.મી.ના વિસ્તારમાં રાણકી વાવ આવતી હોય, મોઢેરાનું સૂર્યમંદિર આવતું હોય, વડનગરનું તોરણ આવતું હોય કે સિદ્ધપુરનું બિંદુ સરોવર આવતું હોય આ તમામનો વિકાસ થઇ રહ્યો છે. એ વિકાસ માટે ૩.૨૫૦૦ કરોડની માગણીઓ લઇને આવ્યા છે એને હું હૃદયથી સમર્થન આપું છું જય જય ગરવી ગુજરાત.

શ્રી કેયુર ના. રોકડિયા (સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી વાહનવ્યવહાર વિભાગની જે માગણી લઇને ગૃહ સમક્ષ આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજનું ભારત એકવીસમી ૨૧મી સદીનું ભારત છે, આજનું ગુજરાત ૨૧મી સદીનું ગુજરાત છે એટલે ૨૧મી સદીના ગુજરાતને ૨૧મી સદીના ટ્રાન્સપોર્ટેશનની પણ જરૂરિયાત છે એટલે ગુજરાત સરકાર ૨૧મી સદીનું ટ્રાન્સપોર્ટેશન ડેવલપ પણ કરી રહી છે અને તેને ઇન્ટરકનેક્ટ પણ કરી રહી છે એટલે સૌ પ્રથમ હું ગુજરાત સરકારને અભિનંદન આપું છું. ગુજરાત સરકાર ટ્રાન્સપોર્ટેશના દરેક વિભાગમાં લોકોની સુવિધા માટે પ્રયત્નશીલ છે. જેમ કે, નવીન મોડ ઓફ ટ્રાન્સપોર્ટેશન વિકસાવવાની, વાહનોના રજિસ્ટ્રેશનના વિષયની, વાહનચાલકોના લાઇસન્સની, નવીન બસોની ખરીદીની, બસોમાં સુવિધા વધારવાની, રોડ સેફ્ટીની કે બસોમાં ક્લીનર, ડ્રાઇવર, હેલ્પરની પૂર્તતા કરવાની વાત હોય કે ટ્રાન્સપોર્ટેશન સાથેની સંવેદના, સુરક્ષા અને પર્યાવરણ જેવાં તમામ ક્ષેત્રોમાં ગુજરાત સરકાર લોકાભિમુખ વહીવટ કરી રહી છે માટે ગુજરાત સરકાર અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. હાલમાં સિટીનો વ્યાપ વધી રહ્યો છે અને સિટી મર્જ થઇ રહ્યા છે. આપણે જ્યાં બેઠાં છીએ તે ગાંધીનગર અને અમદાવાદ મર્જ થવાના આરે છે ત્યારે ઇન્ટરકનેક્ટિવિટી વધે તે દિશામાં ગુજરાત સરકાર મેટ્રોનો વ્યાપ વધારી રહી છે. સુરતમાં પણ મેટ્રોની શરૂઆત થઇ છે. વડોદરા અને રાજકોટમાં મેટ્રોના ફાઇનલ સરવે થઇ ચૂક્યા છે. પોર્ટ ટેક્સીના વિષયમાં પણ સરકાર ચર્ચા કરી રહી છે. હાલમાં જ શ્રી ભીખુસિંહજી કહેતા હતા કે એ.સી. વૉલ્વો ડોમ કે જે ટ્રેન કોચ બનાવે છે તે જ રીતે પાંચ બસો પ્રાયોગિક ધોરણે મૂકવાની દિશામાં નવીન મોડ ઓફ ટ્રાન્સપોર્ટેશનના વિકાસ માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વડોદરાથી આવું છું. વડોદરા પશ્ચિમ ભારતના મધ્ય ભાગમાં આવેલું છે. કદાચ કોઇને દક્ષિણ ગુજરાતમાંથી ઉત્તર ગુજરાત કે સૌરાષ્ટ્ર–કચ્છ તરફ જવું હોય તો તેને વડોદરાથી જ પસાર થવું પડે છે. કોઇને મધ્ય ગુજરાતના છેવાડાના વિસ્તાર દાહોદ, ગોધરા, ઝાલોદ અને ત્યાંથી દક્ષિણ ગુજરાત કે સૌરાષ્ટ્ર–કચ્છ કે ઉત્તર ગુજરાત તરફ જવું હોય તો વડોદરા તેના મધ્યભાગમાં આવે છે. આ જ કારણથી વડોદરામાં વર્ષ ૧૮૬૧માં પહેલી રેલવે લાઇન નંખાઇ હતી. ત્યાં માત્ર રેલવે લાઇન રહી નથી પણ ભારત સરકારે વડોદરાને બુલેટ ટ્રેન સાથે જોડી દીધી છે. હવે બુલેટ ટ્રેન પણ વડોદરાના મધ્યમાંથી પસાર થવાની છે. હાલ સરકાર અને કૉર્પોરેશન બંને ચિંતા કરી રહ્યા છે કે નજીકમાં આવેલું બસ સિટી સ્ટેશન સાથે વેલ કનેક્ટિવિટી કેવી રીતે થાય. હું અતિશયોક્તિ કરતો નથી પણ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કક્ષાની સુવિધા ધરાવતો વડોદરાને પી.પી.પી. ધોરણે પહેલો બસ ડેપો માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપ્યો હતો એટલે હું તેમના વિઝનરી નેતૃત્વનો આભાર વ્યક્ત કરું છું અને તેનું ગૌરવ લઉં છું.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ શ્રી ભીખુસિંહજી કહેતા હતા કે બધા ધારાસભ્યશ્રીઓને એક એક બસ મળવાની છે પણ એટલું ચોક્કસપણે કહું કે વડોદરામાં દિવસે ને દિવસે ટ્રાન્સપોર્ટેશન વધી રહ્યું છે. હવે વડોદરાથી એસ.ઓ.યુ. કે અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતે જવા માટે એ.સી. ઇલેક્ટ્રિક બસ સુવિધા શરૂ કરવા બદલ ગુજરાત સરકાર તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અને માનનીય મંત્રીશ્રી પ્રવિણભાઇ માળીનો આ તબક્કે હું વિશેષ આભાર વ્યક્ત કરું છું. હાલમાં જ નિઝામપુરા બસ ડેપોથી ઉત્તર ગુજરાત જવા માટે જે અમારા નિઝામપુરા સયાજીગંજ વિધાનસભામાં રહે છે એવા નાગરિકોની માગણી હતી કે, અમારા ત્યાંથી ઉત્તર ગુજરાતની બસ શરૂ કરવામાં આવે. નિઝામપુરામાં એક બસનું લોકાર્પણ કરવા માટે હું ત્યાં પહોંચ્યો. ઘણા બધા સિનિયર સિટીઝનોએ મને રજૂઆત કરી કે એક બસથી ના ચાલે. એમની વાત સાચી હતી. ત્યાં વીસ હજારથી વધુ નાગરિકો ઉત્તર ગુજરાતના રહે છે. મેં માનનીય મંત્રીશ્રી પ્રવિણભાઇ માળીના ત્યાંથી સંપર્ક કર્યો કે મારે એક બસ ચાલે એમ નથી. તમે મને બીજી બસ કરી આપો. સરકારની પ્રો–એક્ટિવ કામગીરી કોને કહેવાય એનું ઉત્તમ ઉદાહરણ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીએ પૂરું પાડ્યું. ત્યાં બીજા અઠવાડિયે બે નવી બસ અને પાંચ બસોના રૂટ ડાયવર્ટ કરીને કુલ આઠ બસ આઠ દિવસમાં ઉત્તર ગુજરાત જવા માટે મૂકવામાં આવી. આ તબક્કે હું માનનીય મંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો વિશેષ આભાર વ્યક્ત કરું છું. દિવસે ને દિવસે ગુજરાતમાં લોકોનું જીવનધોરણ બદલાતું ગયું છે. વધુ સારું થતું ગયું છે. હાલમાં જે આંકડો છે એ પ્રમાણે જાન્યુઆરી–૨૦૨૬ સુધીમાં ૧૮ લાખ નવા વાહનોનું રજિસ્ટ્રેશન થયું. આર.ટી.ઓ. વિભાગ પણ ખૂબ સુંદર કામગીરી કરી રહ્યો છે. નવા વાહનોની નોંધણીથી લઇને લર્નિંગ લાયસન્સ કાઢવા માટે, ફેસલેસ ટેસ્ટ આપીને કોઇપણ વ્યક્તિ પોતાના ઘરેથી આધાર ઓથેંન્ટિફિકેશન કરાવીને લાયસન્સ કઢાવી શકે અને કોઇને આર.ટી.ઓ. ખાતે ધક્કો ન ખાવો પડે એ દિશામાં સરકાર કાર્યરત છે. આ ફેસિલિટી વર્ષ જુલાઇ–૨૦૨૬થી ગુજરાત સરકાર દ્વારા સારથી પોર્ટલ પર શરૂ કરવામાં આવી છે. માનનીય પૂર્વ મંત્રીશ્રી ભીખુભાઇ કહેતાં હતા કે, આપણે ત્યાં ઓટોમેટેડ ટેસ્ટિંગ ટ્રેક પણ બનાવવામાં આવ્યા છે. આજે ગુજરાતમાં ચાર નવા ટેસ્ટિંગ ટ્રેક સાથે ૫૮ જગ્યાએ ઓટોમેટેડ ટ્રેક કે જેમાં કોઇપણ વ્યક્તિ/અધિકારી નિર્ણય ન કરે કે આ ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ થયો કે નહીં? પણ આ નિર્ણય ટેસ્ટિંગ ટ્રેક અને એના સેન્સર નક્કી કરે એ દિશામાં કામગીરી થઇ રહી છે. હવે તો એ.આઇ.નો જમાનો આવી ગયો છે. એ.આઇ. બેઝ મોડ્યુલ જે એનાલિટિક વીડિયો સિસ્ટમ દ્વારા ટેસ્ટિંગ ટ્રેકની કામગીરી મોડાસા ખાતે પૂરી કરવામાં આવી છે અને આ વર્ષના અંત સુધીમાં ૩૫ જેટલા ટેસ્ટિંગ ટ્રેકને એ.આઇ. મોડ્યુલ આધારિત સરકાર શરૂ કરવા જઇ રહી છે. આપણી પાસે તો જી.એસ.આર.ટી.સી. વિભાગ પણ ખૂબ મોટો છે. નિગમ પાસે આ ગુજરાતની જનતાની સેવા કરવા માટે પોતાનો ૮૩૦૦ જેટલી બસોનો કાફલો છે. એમાં ૧૦૦ એ.સી.બસ, ૧૦૦ વોલ્વો બસ, ૫૦ ઇલેક્ટ્રિક એ.સી.બસ, ૫૬૩૯ સુપર ડિલક્ષ બસ, ૪૧૧ સ્લીપર બસ, ૫૪૯ સેમિ લક્ઝરી બસ, ૩૦૦ લક્ઝરી બસ આવી અલગ–અલગ બસો જનતાની સેવા માટે સરકારે મૂકી છે. જરૂરિયાત મુજબ બસોની નવી ખરીદી પણ સરકાર કરે છે અને લોકાર્પણ પણ કરે છે. હાલમાં જ બે–ત્રણ મહિનામાં સરકારે ૭૫૦ જેટલી બસોનું લોકાર્પણ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે કર્યું હતું. હાલમાં જ શ્રી નરેન્દ્રભાઇ પણ રાજપીપળા ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીના પ્રસંગે આવ્યા હતા અને ૧૧૧ જેટલી નવીન બસોનું લોકાર્પણ કર્યું હતું. વર્ષ ૨૦૨૫–૨૬માં ૨૦૫૦ જેટલી બસોની ખરીદી માટે સરકારે રૂ.૧૧૪૧ કરોડની જોગવાઇ કરી. આ પૈકી ૧૮૫૦ વાહનોનું માર્ચ મહિના સુધીમાં લોકાર્પણ થઇ જશે એવો મને ચોક્કસ વિશ્વાસ છે. એક વર્ષમાં ૧૮૫૦ વાહનો લોકોની સેવામાં મૂકાય એ કદાચ ગુજરાત નહીં ભારતના કોઇ એક રાજ્ય દ્વારા એવી આ પ્રથમ ઘટના હશે. આ માટે હું સરકારને અભિનંદન આપું છું. આ વર્ષમાં પણ ઉદાર દિલે માનનીય નાણામંત્રીશ્રીએ આ બજેટમાં પણ ૨૯૬૩ બસો માટે રૂ.૧૨૮૬ કરોડની માતબર રકમની જોગવાઇ કરી છે. આ તબક્કે હું ગુજરાતની જનતા વતી માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું. આપણે માત્ર બસો પ્રોવાઇડ કરતા નથી પરંતુ બસોની સફાઇ, બસ સ્ટેશનોની સફાઇ તેમજ ત્યાંના શૌચાલયોની સફાઇ માટે ઉત્તમ કક્ષાની પ્રોડક્ટ/મટિરિયલ વાપરીને સાફસફાઇ થાય અને સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા આવે એ દિશામાં કામ થઇ રહ્યું છે. પહેલાં જુદી જુદી પ્રિમાઇસિસોમાં ટેન્ડરો પડતા હતા. હવે રાજ્ય સરકાર એક જ ટેન્ડર પાડીને, એકસૂત્રતા આવે અને સારી કામગીરી

થાય એ દિશામાં કામ કરી રહી છે. આપણે કપડાંના વોશિંગ મશીન તો સાંભળ્યા હતા પણ હવે એસ.ટી. વિભાગ દ્વારા શુભ યાત્રા, સ્વચ્છ યાત્રાના ભાગરૂપે ગુજરાતની જનતા માટે ૮૦ જેટલા ઓટોમેટિક વ્હીકલ વોશિંગ મશીન વસાવેલા છે. આ ઓટોમેટિક વ્હીકલ વોશિંગ મશીન બસોને વોશિંગ કરી શકે છે. બસનો શરૂઆતથી છેડાનો ભાગ પાંચથી સાત મિનિટમાં ચોખ્ખો થઇ જાય એ દિશામાં જ્યારે સરકાર કામગીરી કરી રહી છે ત્યારે બસોની સ્વચ્છતા જોઇને લોકોમાં સરકારશ્રીની અને નિગમની પ્રતિષ્ઠામાં વધારો થયો છે. માત્ર બસને લગતી વ્યવસ્થા નહીં પરંતુ એનાથી એક સ્ટેપ આગળ વધીને બસોને જરૂરિયાત મુજબના ડ્રાઇવર, હેલ્પર ,ક્લીનર અને કંડકટર મળે એ દિશામાં કામગીરી કરવા માટે સરકાર દ્વારા હાલમાં જાન્યુઆરી માસમાં ૩૦૦૦ જેટલા ડ્રાઇવર કક્ષાના, ૧૬૫૮ જેટલા હેલ્પર કક્ષાના અને ૨૩૨૦ જેટલા કંડકટર કક્ષાના ઉમેદવારોને નિમણૂક પત્રો અપાયા છે. આગામી ત્રણ માસમાં ૫૭૧ જેટલા દિવ્યાંગ કંડકટરોની નિયુક્તિ કરવાની સરકાર નેમ લઇને બેઠી છે. સરકારે આટલી મોટી સંખ્યામાં એક વિભાગમાં ભરતી કરી હોય ત્યારે આ સરકાર લોકોને નોકરી આપવાનું કામ કરી રહી છે. આ ઉમેદવારોની ઉપલબ્ધતા થતાં નવીન બસોની રૂટોમાં વધારો થયો છે. આપણે નવીન રૂટો શરૂ કરી શક્યા છીએ. જે રૂટ ચાલુ હતા એની ઉપર બસોની ફ્રિકવન્સી વધી રહી છે. આનો ફાયદો સમગ્ર ગુજરાતની જનતાને થવાનો છે. હમણાં માનનીય ડૉ.સી.જે.ચાવડાજીએ ઘણાં બધાં ધાર્મિક સ્થળોની આપણને અહીં બેઠાં બેઠાં મુલાકાત કરાવી દીધી છે. આપણું રાજ્ય, આપણા નાગરિક અને આપણી જનતા ધર્મપ્રેમી છે. અંબાજીનો ભાદરવી પૂનમનો મેળો હોય, પાવાગઢનો ચૈત્રી મેળો હોય કે માતાનો મઢનો મેળો હોય, વૌઠાનો મેળો હોય તેમજ વાર તહેવાર એટલે કે દિવાળી, રક્ષાબંધન, હોળી-ધૂળેટી અને જન્માષ્ટમી જેવા અનેક પ્રસંગોએ સરકાર દ્વારા એ દિવસની એકસ્ટ્રા બસો ઉપાડવાનો નિર્ણય કર્યો છે એના કારણે આ વર્ષમાં આવા ૧ લાખ ૩૧ હજાર રૂટ ઉપર ૪૩ લાખ મુસાફરોએ માતબર લાભ લીધો છે એના માટે હું જનતા વતી સરકારનો આભાર વ્યક્ત કરું છું. અહીંયા બેઠેલા કેટલાક લોકો ચિંતા કરતા હતા કે આ લોકો બસમાં પેમેન્ટ કેવી રીતે કરશે? શ્રી ભીખુસિંહજીએ કહ્યું કે બસમાં ૩૭૦૦ ઇ.ટી.એમ. મશીન મૂકી દીધાં છે અને એના દ્વારા ડિજિટલ પેમેન્ટ થઇ રહ્યું છે. આખા દેશમાં જ્યારે ડિજિટલ પેમેન્ટની વાત આવી ત્યારે સાથી પક્ષના કેટલાક સભ્યશ્રીઓના હું વીડિયો સાંભળી રહ્યો હતો તેઓ પહેલાં કહેતા હતા કે આ લોકોને કેવી રીતે ડિજિટલ પેમેન્ટ કરતા આવડશે? રીક્ષા ડ્રાઇવર મુસાફરી કરે, લારી ગલ્લાં વાળા મુસાફરી કરે, ગરીબ ઝૂંપડપટ્ટી વાળા મુસાફરી કરે તેઓ કેવી રીતે ડિજિટલ પેમેન્ટ કરશે? હું એક આંકડો આપું છું કે આ વખતે ફેબ્રુઆરી માસ સુધીમાં ૧ કરોડ ટિકિટો અને રૂ. ૧૦૪ કરોડનું યુ.પી.આઇ. પેમેન્ટ ગુજરાતની આ ગરીબ જનતાએ કર્યું છે. આજે ગુજરાતમાં દૈનિક ૩૧ હજાર ટિકિટોનું રૂ.૭૨ લાખનું પેમેન્ટ યુ.પી.આઇ. થકી થઇ રહ્યું છે. સાથી પક્ષના કેટલાક સભ્યશ્રીઓ કહેતા હતા કે આ શક્ય નથી પણ ગુજરાત સરકારે એ શક્ય બનાવીને દેખાડ્યું છે. વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૪ દરમિયાન ગુજરાત સરકાર દ્વારા જ્યાં વારંવાર અકસ્માતો જોયા છે તેવા ૪૬૦ જેટલા બ્લેકસ્પોટને નાબૂદ કરવાનું કામ પ્રગતિ હેઠળ છે. એના માટે વર્ષ ૨૦૨૫-૩૦નો પ્લાન સરકારશ્રી દ્વારા બનાવવામાં આવ્યો છે. અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ વિશેષરૂપે આમાં ધ્યાન આપીને ૧૨૭ બ્લેકસ્પોટ જે તે સ્ટેક હોલ્ડર દ્વારા વ્યવસ્થા કરીને નાબૂદ કરાવ્યા છે. આનાથી હજારો લોકોના જીવ બચવાના છે. અનેકવિધ કામો સરકાર દ્વારા કરવામાં આવે છે પરંતુ સમયના અભાવે હું થોડો સમય લઇશ. મારે અહીં બેઠેલા તમામ લોકોને કહેવું છે કે પહેલા પણ સરકારો ચાલતી હતી અને લોકોએ જોઇ હતી. આજે સરકાર ચાલે છે એ લોકો જુએ છે. પહેલાની ટ્રેનો ચાલતી હતી એ લોકોએ જોઇ હતી અને આજે વંદે ભારત ચાલે છે એ લોકો જોઇ રહ્યા છે. પહેલાની બસો ચાલતી હતી એ લોકોએ જોઇ છે અને આજની બસો ચાલે છે એ પણ લોકો જુએ છે. ઘણી બધી જૂની ખટારા બસો ચાલતી હતી એ લોકોએ જોઇ હતી અને આજે લકઝરી ટાઇપની બસો પણ લોકો જોઇ રહ્યા છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ (ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગો માટેની જે માગણી નં. ૪૯ લઇને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય એ ઉદ્યોગ સાહસિકો માટે નવી તકો ઊભી કરવા માટે ચાહે એ હીરા ઉદ્યોગ હોય, ટેક્સટાઇલ હોય, એમ.એસ.એમ.ઇ.ના માધ્યમથી મારી ગુજરાતની બહેનો હોય, નાના મોટા ઉદ્યોગો માટે નવી સૂઝબૂઝ ઘરાવવા માટે ગુજરાત રાજ્ય હંમેશા મોખરે રહ્યું છે. દેશના સુખી ઉદ્યોગ સાહસોને આપણે જોઇએ તો એમાં પણ મૂળ તો ગુજરાતીઓ જ છે. ગુજરાતની ઔદ્યોગિક વિકાસની યાત્રાને આપણે સૌ ત્રણ તબક્કામાં જોઇ રહ્યા છીએ. ગુજરાતની સ્થાપનાથી સને ૨૦૦૦ સુધીનો સમયગાળો, સને ૨૦૦૧ થી ૨૦૧૪ સુધીનો સમયગાળો અને સને ૨૦૧૪ થી અત્યાર સુધીનો સમયગાળો. પ્રથમ સમયગાળાની વાત કરીએ તો ગુજરાતની સ્થાપના પછી રાજ્યમાં ઔદ્યોગિક વિકાસની શરૂઆત તો થઇ પણ ઉદ્યોગોને રાજ્યના આર્થિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર અને રોજગારીના સર્જનનું પરિબળ હોવા છતાં ઘણું ઓછું મહત્ત્વ મળ્યું છે. તે સમયની વાત કરીએ તો ગુજરાતનું બજેટ લગભગ રૂપિયા ૩૫થી ૪૦ હજાર કરોડ સુધીનું હતું. જી.ડી.પી.માં ગુજરાતનો ફાળો ફક્ત ૬ ટકા હતો. જી.એસ.ડી. માત્ર ૧.૨૩ લાખ કરોડ રૂપિયા હતું. નાગરિકોની માથાદીઠ આવક રૂપિયા ૧૮,૩૯૨ હતી અને ઉત્પાદન માત્ર રૂપિયા ૪૪,૮૮૬ કરોડ હતું. નાના ઉદ્યોગો ૧ લાખ ૩૮ હજાર અને મોટા ઉદ્યોગો પર૬૪ જેટલા જ હતા, પણ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને જ્યારથી તેમણે ગુજરાતની ધૂરા સંભાળી અને ઉદ્યોગો માટે પ્રોએક્ટિવ કામગીરીની શરૂઆત કરી ત્યારે આ ક્ષેત્ર ખૂબ વેગવાન બન્યું. આ માટે તેમણે કેટલાક નવીન પગલાં

ભર્યા અને તેના ઉપર આજે પણ ગુજરાત અડગ રીતે આગળ વધી રહ્યું છે. સને ૨૦૦૩માં વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત થઇ. આ વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત ગાંધીનગરની ધરા ઉપરથી થઇ ત્યારે કેટલીય વિદેશી કંપનીઓએ આ વાઇબ્રન્ટ ગુજરાતમાં આગમન કર્યું અને કેટલીય કંપનીઓ સાથે એમ.ઓ.યુ. થયા અને ગુજરાતમાં ઉદ્યોગ ક્ષેત્રે નવી પહેલો થઇ. આવી ૧૦ થી પણ વધારે વાઇબ્રન્ટ ગુજરાત સમિટો થઇ અને આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં વૈશ્વિક રોકાણકારો, મલ્ટીનેશનલ કંપનીઓ, નવી સ્ટાર્ટ-અપ, સંશોધન કેન્દ્રો અને ઉત્પાદન કેન્દ્રો આજે વેગવાન બન્યા છે. આજની સ્થિતિની વાત કરીએ તો ગુજરાતનું બજેટ રૂપિયા ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડ છે. જી.ડી.પી.માં ગુજરાતનો ફાળો ૮.૨ ટકા છે અને જી.એસ.ડી. ૨૬.૭૨ લાખ કરોડ રૂપિયા હતું. નાગરિકોની માથાદીઠ આવક રૂપિયા ૩ લાખ ૧ હજાર છે અને ઉત્પાદન ૭ લાખ કરોડ રૂપિયાથી પણ વધુ છે. નાના ઉદ્યોગો ૧૯ લાખથી વધુ અને મોટા ઉદ્યોગો ૧૪,૫૦૦ થી પણ વધુ છે. અત્યારે ઉદ્યોગો માટે પાયાની જરૂરિયાત છે એ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને જરૂરી આંતર-માળખાકીય સુવિધાઓ જેવી કે રોડ-રસ્તા, વીજળી અને આધુનિક ઉદ્યોગો માટે તમામ સુવિધાઓ આપવા માટે ગુજરાત કટિબદ્ધ છે. ગુજરાત આજે ઉત્પાદનના ૧૮ ટકા નિકાસમાં વિકાસનું રોલ મોડેલ બન્યું છે. ઉદ્યોગો માટે મોટાભાગની મંજૂરીઓ ઓનલાઇન, લેન્ડ બેન્ક ઉપલબ્ધ નીતિઓનું સરળીકરણ , ૨૦થી વધુ સેકટર માટે સ્પેસિફિક નીતિ સિંગલ વિન્ડો સિસ્ટમથી દેશના રોકાણકારો અને ઉદ્યોગકારોનો વિશ્વાસ અને વિકાસ વધ્યો છે. આજે ગુજરાતમાં નવા પ્રોજેક્ટો ચાલી રહ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે ૨૮મી ફેબ્રુઆરીએ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સાણંદ ખાતે સેમિકન્ડકટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. આ એક એવી નાની ઘટના ન હતી. જેમાં ૨૨૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે. આ ઉદ્યોગથી ગુજરાતની અંદર ૫૦૦૦ લોકોને રોજગારી મળવાની છે જે આપણા માટે ખૂબ આનંદની વાત છે. રોજગારી રસ્તામાં હોતી નથી. રોજગારી ઉત્પન્ન કરવા માટે આવા ઉદ્યોગોની જરૂરિયાત હોય છે અને ઉદ્યોગોથી રોજગારીની તકો ઊભી કરવામાં આવે છે. એની સાથે સાથે ગુજરાતમાં નવા પ્રોજેક્ટો ચાલે છે એમાં પી.એમ.મિત્ર પાર્ક ગુજરાત ટેક્સટાઇલ ઉદ્યોગ માટે મહત્ત્વનું કેન્દ્ર બનવાનું છે. બલ્ક ડ્રગ્સ પાર્કથી રાજ્ય અને દેશની ફાર્મા કંપનીઓને તમામ સુવિધાઓ સાથેનું એક કેન્દ્ર મળવાનું છે. ખોરજમાં દેશની સૌ પ્રથમ ટેક્સટાઇલ મેન્યુફેકચરિંગ ફેસીલીટી બનાવવામાં આવી રહી છે. માંડલમાં જાપનીઝ પાર્ક એ ગુજરાતની તકનીકિના પ્રગતિના દ્વાર ખોલશે. રાજ્યમાં અત્યારની સ્થિતિએ વાત કરીએ તો ૨૩૯ જી.આઇ.ડી.સી.માં હજારો એકમો દ્વારા લાખો લોકોને રોજગારી મળી રહી છે તેનાથી રાજ્યમાં સમતોલ અને સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. ટ્રાયબલ વિસ્તારમાં જી.આઇ.ડી.સી. બનવાથી યુવાનોને રોજગારી, કૌશલ્ય અને તાલીમના નવા અવસરો પ્રાપ્ત થઇ રહ્યાં છે. એમ.એસ.એમ.ઇ. પાર્ક, મલ્ટી લેવલ શેડ અને વુમન પાર્કના આયોજનથી જી.આઇ.ડી.સી. એ ગુજરાતમાં નાના રોકાણકારો અને ઉદ્યોગકારોને રાજ્યના અર્થતંત્રમાં પોતાનો સહયોગ આપવા માટે અનોખો અવસર પ્રાપ્ત કરી રહ્યા છે. ૧૮થી વધુ વિભાગોની ૨૦૦થી વધુ અરજીઓ ઓનલાઇન કરીને પારદર્શક વ્યવસ્થા સ્થાપવી એ ગુજરાત સરકારની એક સિદ્ધિ છે. નવી કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ દ્વારા આગામી પાંચ વર્ષમાં ૧૨ લાખથી વધુ રોજગારીનું સર્જન, નાના ઉદ્યોગ સાહસિકોને તાલીમ, ૧૫૦૦ કરોડથી વધુની ચીજ વસ્તુઓનું વેચાણ, જી.આઇ. ટેગમાં ૨૦થી વધુ પ્રોડક્ટનો સમાવેશ, ઇ-કોમર્સ માટે ૫૦૦૦થી વધુ કારીગરોને સામેલ કરવા અને કારીગરોને રૂ.૫૦,૦૦૦ સુધીનું ધિરાણ આપવા માટેની અનેક નવી જોગવાઇ દ્વારા કુટિર ઉદ્યોગને સજીવન કરવાનું કામ ગુજરાત સરકારે કર્યું છે. વાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત ધિરાણ વધારીને રૂ.૨૫ લાખ તથા સબસિડી વધારીને રૂ.૩,૭૫,૦૦૦ કરવામાં આવી છે. હાથશાળના કારીગરોને કાર્યકારી મૂડી સ્વરૂપે આપવાની રકમ રૂ. ૩ લાખ કરવામાં આવી છે. લોકલ ફોર વોકલ અને વન વી સ્ટ્રીટ પ્રોડક્ટ દ્વારા નાના ઉદ્યોગો માટે મહત્ત્વની સુવિધાઓ ગુજરાત સરકારે કરી છે. ગુજરાતનો યુવાન ઉદ્યોગ ક્ષેત્રે આગળ વધે તે માટે શાળાઓથી જ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પોલિસી દ્વારા આર્થિક સહયોગ અને માર્ગદર્શન આપવામાં આવે છે. ગુજરાત રાજ્ય સરકારે સ્ટાર્ટઅપ ક્ષેત્રે ખૂબ લાંબું અને ઊંડુ ખેડાણ કર્યું છે અને છેલ્લા ચાર વર્ષથી રાજ્ય બેસ્ટ પરફોર્મર તરીકે અગ્રેસરની ભૂમિકા ભજવી રહ્યું છે. ગુજરાત રાજ્ય ખૂબજ મજબૂત એમ.એસ.એમ.ઇ. ઇકો સિસ્ટમ ધરાવે છે. એમ.એસ.એમ.ઇ. રોજગારીના સર્જન માટે ખૂબજ મહત્ત્વનો ફાળો આપે છે. સૌથી વધુ એમ.એસ.એમ.ઇ. ઉદ્યમ રજિસ્ટ્રેશન ધરાવતા રાજ્યોની સૂચિમાં દેશમાં પ્રથમ ૫ રાજ્યોમાં ગુજરાત સ્થાન ધરાવે છે. ગુજરાતમાં હાલની સ્થિતિએ કુલ ૨૯ લાખથી વધુ એમ.એસ.એમ.ઇ. ઉદ્યમ નોંધણી તેમજ ૧૩ લાખથી વધુ આઇ.એમ.ઇ. નોંધણી કરાવેલ છે. અમદાવાદ તેમજ સુરત જિલ્લાનો દેશમાં સૌથી વધુ ઉદ્યમ નોંધણી ધરાવતા પ્રથમ ૧૦ જિલ્લાઓમાં સમાવેશ થાય છે. હાલમાં એમ.એસ.એમ.ઇ. એકમોને પ્રોત્સાહન માટે આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ એમ.એસ.એમ.ઇ-૨૦૨૨ યોજનાના અમલની શરૂઆત કરવામાં આવી છે. જેમાં કેપિટલ સહાય યોજનામાં સૂક્ષ્મ મેન્યુફેકચરીંગ એકમોને ટર્મ લોનમાં ૧૦ ટકાથી ૨૫ ટકા લેખે અને મહત્તમ રૂ.૩૫ લાખ સહાય આપવામાં આવે છે. તેમજ વ્યાજ સહાય યોજના અંતર્ગત એમ.એસ.એમ.ઇ. એકમોને ટર્મ લોન ઉપર ૫ ટકાથી ૭ ટકા લેખે મહત્તમ રૂ.૩૫ લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં ૭ વર્ષ માટે સહાય આપવામાં આવે છે. આ એમ.એસ.એમ.ઇ.યોજના એવી યોજના છે કે જેમાં નાના ઉદ્યોગોથી શરૂઆત થતી હોય છે. આપણી એક કહેવત છે કે મોટી ફલાંગ ભરવા માટે બે ડગલાં પાછા પડવું પડે છે અને લાંબી ચાલ પૂરી કરવા માટે શરૂઆત નાનાં પગલાથી કરવી પડે છે. એમ.એસ.એમ.ઇ. એક એનું ઉત્તમ ઉદાહરણ છે. ગુજરાત ઉદ્યોગ સાહસિકો માટે જાણીતું છે. દરેક ઉદ્યોગ સાહસિકોએ ક્યાંક ને ક્યાંક નાના ઉદ્યોગોથી નાના રોકાણોથી શરૂઆત કરી. પહેલાનો સમય એવો હતો કે જ્યારે કોઇપણ નાગરિકને ઉદ્યોગ શરૂ કરવો હોય તો એની પાસે નાણાં ના હોય તો એણે આજુબાજુથી કે

કોઇ સગાંવ્હાલાં પાસેથી વ્યાજે પૈસા લાવવા પડતા હતા, પણ આજે એમના સગાંવ્હાલાં એ સરકાર બની છે, એમની વ્હાલી સરકાર બની છે. આ એમ.એસ.એમ.ઈ. દ્વારા કોઈ પણ નાગરિક, યુવાન કે મહિલા પોતે પગભર થવા ઈચ્છતા હોય તો આ એમ.એસ.એમ.ઈ. દ્વારા પોતાના નાના-મોટા ઉદ્યોગની શરૂઆત કરવાની હોય ત્યારે એમ.એસ.એમ.ઈ. એક આશીર્વાદરૂપ સાબિત થયું છે. જયારે CGTMSE યોજના અંતર્ગત એકમોએ બેન્ક નાણાકીય સંસ્થા દ્વારા કોલેટરલ ફ્રી ટર્મ લોન માટે વસૂલ કરવામાં આવેલ ફીની રકમના ૧૦૦ ટકા સહાય આપવામાં આવે છે જે પણ આ નાના ઉદ્યોગ સાહસિકો માટે ખૂબ આશીર્વાદરૂપ સાબિત થાય છે.

આ ઉપરાંત એમ.એસ.એમ.ઈ. હેઠળના ઉદ્યોગ સાહસિકોને નેટ એસ.જી.એસ.ટી. રીએમ્બર્સમેન્ટ યોજના, ઈ.પી.એફ. રીએમ્બર્સમેન્ટ યોજના, ઈ.આર.પી. સહાય, ક્વોલિટી સર્ટીફિકેશનમાં સહાય, ZED સર્ટીફિકેટ માટે આર્થિક સહાય, આઈ. સી.ટી. માટે સહાય, ઔદ્યોગિક પ્રદર્શનોમાં ભાગ લેવા માટે સહાય કારણ કે કોઈ પણ એમએસએમઈમાં, કોઈ ઉદ્યોગની શરૂઆત કરે, કોઈ પણ પ્રોડક્ટ બનાવે પણ જયાં સુધી તેનો પ્રચાર, પ્રસાર ના થાય અને તે છેવાડાના નાગરિક સુધી ના પહોંચે ત્યાં સુધી તેનું વેચાણ થતું નથી ત્યારે રાજય સરકાર દ્વારા જે પ્રદર્શનો કરવામાં આવે છે તે પ્રદર્શનોમાં ભાગ લેવા માટે સહાય, મીની ક્લસ્ટર યોજના, પ્લોટ અને શેડ માટે સહાય તેમજ ટેકનોલોજી એક્ઝિબિશનમાં સહાય આપવામાં આવે છે. વીજ જોડાણ માટે સહાય આપવામાં આવે છે તેમજ ભાડા સહાય યોજના માટે પણ આ એમ.એસ.એમ.ઈ.ની અંદર જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગોને સહાય આપવા વિવિધ યોજનાઓ માટે વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ-૧૫૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ તથા કુલ ૨૩,૩૪૦ કલેઇમ અરજીઓને રૂપિયા ૧૪૦૦.૧૪ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. તથા અંદાજે રૂપિયા ૩૮,૧૦૨ કરોડનું મૂડી રોકાણ આકર્ષવા ૧,૪૦,૫૪૩ રોજગારીનું સર્જન કરવામાં ગુજરાત રાજય સફળ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬-૨૭ના વર્તમાન બજેટમાં આ યોજના માટે રૂપિયા ૧૭૭૫ કરોડની જોગવાઇ સૂચવે છે. જે દર્શાવે છે કે રાજય સરકારે સૂક્ષ્મ, નાના તથા મોટા કદના ઉદ્યોગકારો માટે રોકાણ કરવા માટે ઉદાર મતની નીતિ અપનાવેલ છે. જે વિકસિત ગુજરાત ૨૦૪૭ થકી વિકસિત ભારત ૨૦૪૭ની સંકલ્પનાને સાકાર કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પાયો રહેવાનો છે. ગુજરાત સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં CGTMSE ટ્રસ્ટ સાથે એમ.ઓ.યુ.કરવામાં આવેલ છે. જે અંતર્ગત રૂપિયા ૨૫ કરોડનું CGTMSE કોર્પસ ફંડ ઊભું કરવામાં આવેલ છે. સદર ફંડથી માઇક્રો અને સ્મોલ એન્ટરપ્રાઇઝને આપવામાં આવતી જામીનગીરી મુકત લોન કવરેજમાં વધારો થશે. આ યોજના અંતર્ગત એમ.એસ.એમ.ઈ. એકમોની કુલ ૧૪૭૦૦ કલેઇમ અરજીઓ અન્વયે રૂપિયા ૧૨૧.૧૯ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૪૭માં આ ભારત દેશને, આ ભારત વર્ષને વિકસિત ભારત પ્રસ્થાપિત કરવા જઇ રહ્યા છે ત્યારે એમાં ગુજરાત રાજય હંમેશા મોખરે રહ્યું છે ત્યારે આ ઉદ્યોગ ક્ષેત્રે પણ આગળ વધી રહ્યું છે

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય પણ જયારે ભારત વર્ષ વિકસિત દેશ પ્રસ્થાપિત થાય ત્યારે ગુજરાતનો ફાળો મોખરે રહે તેના માટેનું આ એક પાયાનું કામ ઉદ્યોગ ક્ષેત્રે થઇ રહ્યું છે. ગુજરાત CGTMSE સાથેના એમ.ઓ.યુ.હેઠળ માઇક્રો અને સ્મોલ એકમોની ૩૧ હજારથી વધુ લોન અરજીઓને રૂપિયા ૧૧,૯૦૦ કરોડથી વધુની લોન ગેરંટી કવર કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયમાં લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો રાજયની આર્થિક પ્રગતિના મજબૂત આધારસ્તંભ છે. આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવા તેમજ ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવા માટે મિનિસ્ટ્રી ઓફ માઇક્રો સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઇઝ અને રાજય સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે તેમાંની માર્કેટ ડેવલપમેન્ટ આસિસ્ટન્ટ યોજના ઉદ્યોગોને નવા બજારો સાથે જોડવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થવા જઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ઉદ્યોગ માટે જે માગણી લઇને આવ્યા છે તે માગણીમાં મારો સૂર પુરાવું છું કારણ કે આપણે જોઇ રહ્યા છીએ કે પહેલાંનો સમય હતો અને વર્ષ-૨૦૦૨ પછી માનનીય મોદી સાહેબે જયારે ગુજરાતની ધૂરા સંભાળી છે ત્યાર પછી ઉદ્યોગના ક્ષેત્રે દશા અને દિશા બદલાઇ છે. આજે ગુજરાત જયારે પ્રગતિ કરી રહ્યું છે ત્યારે, વધુમાં વધુ રોજગારી ઉત્પન્ન કરી રહ્યું છે ત્યારે આજે આ ગુજરાત રાજયને ઉદ્યોગ ક્ષેત્રે જેટલી વધારે ગ્રાન્ટ ફાળવવામાં આવશે એટલા પ્રમાણમાં ગુજરાત વધારે વિકાસ કરશે અને ગુજરાતે જે ગ્રોથ એન્જિનનું બિરુદ મેળવ્યું છે તે બિરુદ જાળવી રાખશે. ગુજરાતના વિકાસ માટે આ માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

ડૉ. પાયલ મ. કુકરાની (નરોડા) : **माननीय अध्यक्ष श्री, मांग की चर्चा के दौरान मुझे रमत-गमत, युवा और सांस्कृतिक प्रवृत्ति पर बोलने का मौका दिया उस के लिए मैं आपका आभार व्यक्त करना चाहूंगी। स्पोर्ट्स और स्पोर्ट्स डेवलपमेंट की अगर हम बात करें तो पूरे भारतभर में अगर**

प्रो-एक्टिव तरीके से कोई राज्य काम कर रहा है तो वह गुजरात है। हम 2030 में कोमनवेल्थ गेम्स का आयोजन करने जा रहे हैं। साथ ही साथ हम 2036 में हम ओलिम्पिक की तैयारी के लिए ओलिम्पिक रेडी सिटी के लिए तैयारीयां जोरों-शोरों से हमारे राज्य में चल रही है। इस के लिए मैं हमारे सम्माननिय मुख्यमंत्री भूपेन्द्र पटेल जी को, सम्माननिय नायब मुख्यमंत्री हर्षभाई संघवीजी को अभिनंदन देती हूं और मुझे आशा है कि आनेवाले 10 सालों में अहमदाबाद आगे जाकर एथेंस बननेवाला है। एक नए ज़माने का स्पोर्ट्स का एथेंस।

माननीय अध्यक्ष श्री, जिस में स्पोर्ट्स को लेकर हर एक वर्ल्ड क्लास इन्फ्रास्ट्रक्चर की जो जरूरत है उसको पूरी करने के लिए इस बजट में इस मागणी में, जो प्रावधान किया गया है उससे पूरी होगी। जिस से भारत के खिलाड़ी ही नहीं, पूरे दुनियाभर के खिलाड़ी यहां पर जो वर्ल्ड क्लास इन्फ्रास्ट्रक्चर बननेवाला है उसकी ट्रेनिंग के लिए यहां पर आकर्षित होंगे। गुजरात राज्य आज इसी दिशा में आगे बढ़ रहा है। अब चाहे वो एसवीपी स्पोर्ट्स एन्क्लेव का डेवलपमेंट हो, कराई में ओलिम्पिक लेवल इन्फ्रास्ट्रक्चर बनाने का प्रावधान हो, वर्ल्ड क्लास होकी स्टेडियम बनने का प्रावधान हो, अहमदाबाद-गांधीनगर सर्किट में स्पोर्ट्स इन्फ्रास्ट्रक्चर

बनाने का प्रावधान हो, और ऐसे कई प्रावधान किए गए हैं जहां पर स्पोर्ट्स इन्फ्रास्ट्रक्चर बनने जा रहे हैं। माननीय मंत्रीश्री ये जो मागणी लेकर आए हैं, हमारे दिव्यांग खिलाड़ी जिन्हों ने हाल ही में पेरिस पेरालिम्पिक्स में अधिक से अधिक मात्रा में रिकार्ड ब्रेकिंग मेडल लाकर जो भारत देश का नाम रोशन किया है, उनके लिए भी यहीं पे गांधीनगर पेरा हाईपरफोर्मन्स सेंटर बनने जा रहा है। जो अपनी मागणी में मंत्रीश्री लाए हैं।

माननीय अध्यक्ष श्री,स्पोर्ट्स इन्फ्रास्ट्रक्चर का इकोनोमिक डेवलपमेंट में कितना बडा एक्जांपल हो सकता है उसका प्रत्यक्ष उदाहरण हम देखें तो हाल ही के इवेंट से देखे तो वो विश्व का सबसे बडा क्रिकेट का सब से बडा स्टेडियम, नरेन्द्र मोदी स्टेडियम । जिस से अहमदाबाद में रियल एस्टेट हो, फूड हो, होटेल्स हों, रेस्टोरन्ट्स हों, या टूरीज़म हो, इन सब सेक्टर्स में सिद्धि हांसिल की है।

माननीय अध्यक्ष श्री, स्पोर्ट्स केवल रोजगारी ही नहीं देता, बल्की जो आनेवाली पीढ़ी है, उसका ओवरओल डेवलपमेंट भी करता है। हमारे जो बच्चे हैं, जो युवा जरीए फिटनेस का जो महत्त्व है, वो भी सीखेंगे। बच्चे फिट रहेंगे, स्वस्थ रहेंगे तो जो आज के ज़माने की जो बिमारीयां हैं, डायाबिटीस, बीपी, हृदय रोग, इन सब से भी वो दूर रहेंगे। इन युवा बच्चों को खेल शिस्तबद्ध होना भी सिखाता है। बिना शिस्त के कोई खेल हमने अब तक देखा नहीं है। उनके केरेक्टर डेवलपमेंट में भी सहयोग करेगा। जो आनेवाली पीढ़ी को जीत का जज़्बा हो, या हार को पचाने की क्षमता, या फिर जीत हो या हार अपने प्रतिस्पर्धी का सम्मान करना खेल हमें सीखाएगा। खेल का सबसे बडा योगतान राष्ट्रीय एक्ता में भावनात्मक परिवर्तन लाना है। खेल ने हंमेशा सब को एक साथ जोडा है।

माननीय अध्यक्ष श्री, हम देखें तो कश्मीर से कन्याकुमारी तक, कच्छ से कामख्या तक कोई भी भाषा हो, कितनी भी विविधता हो, पक्ष हो विपक्ष हो, माननीय अध्यक्ष श्री, इसी के साथ मैं सांस्कृतिक प्रवृत्ति पर अपने विचार रखना चाहूंगी। गुजरात में आनेवाले समय में, सांस्कृतिक विभाग को सांस्कृतिक कार्यक्रमों के लिए 8 करोड रूपए का प्रावधान किया गया है। जब हम इस साल 2026-27 का कुल बजट देखेंगे तो ये बजट बहोत छोटा सा दिखेगा, लेकिन इस बजट का जो प्रभाव पडनेवाला है वो महत्तम है। ये मैंने महेसुस किया है और देखा भी है। इस का उदाहरण आपके सामने रखुं तो सांस्कृतिक विभाग पिछले दो साल से नरोड़ा विस्तार में सिंधि फूड फेस्टिवल और सिंधी कार्यक्रम करने का आयोजन कर रहे हैं। पहले साल जब इसका आयोजन हुआ था तब लगभग 10

हजार लोगों ने इसका लाभ लिया था। दुसरे साल यानि की 2026 में इस में करीब 15 हजार लोग शामिल हुए थे।

माननीय अध्यक्ष श्री, जब इसकी शुरूआत हुई थी तब मन में एक विचार था कि जो हमारी माताएं हैं, बहने हैं जो घर में प्रेम से व्यंजन तो बनाती हैं तो उन्हें भी एक मंच, एक मौका दिया जाय। इसी सोच के साथ इस सिंधी फूड फेस्टिवल में छोटे से स्टोल निःशुल्क दिए गए थे। ये छोटे से अवसर से ही हमारे विस्तार की बेटी हिना वासवानी और उनकी माता विमला वासवानी जी ने मात्र एक साल में दो शोप्स की शुरूआत कर ली है। ये साबित करता है की महिलाओं को सही तक और अवसर दिए जाएं तो वो क्या कुछ नहीं कर सकती हैं। ये काम हमारे सांस्कृतिक विभाग और हमारी सरकार ने कर के दिखाया है।

माननीय अध्यक्ष श्री, इसी के साथ हमारे सांस्कृति विभाग की सहाय का जितनी भी महिलाओं ने लाभ लिया है, हमारे विस्तार की सभी महिलाओं की और से मैं हमारे सभी मंत्रीगण, सरकारी अधिकारी गण का आभार व्यक्त करती हूं। और साथ ही साथ जो माननीय मंत्री मागणी लेकर आए हैं, उस के समर्थन में मैं अपना सूर पुराती हूं। धन्यवाद।

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ (નારણપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગના અનુદાનની માગણીના અનુસંધાનમાં આપે મને બોલવાનો મોકો આપ્યો એ બદલ આપનો ખૂબ-ખૂબ આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટીની સરકાર દૃઢપણે માને છે કે રમત-ગમત અને યુવા સાંસ્કૃતિ એ વિકાસ સાથેનું એક અભિન્ન અંગ છે. આ અન્વયે ગુજરાત સરકાર ખૂબ ઉત્સાહથી અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહી છે. વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટ અન્વયે નવનિર્મિત મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ માટે જે રમત-ગમતના સંકુલો નિર્માણ કરવાના છે એ માટે જે બજેટ આપણને આપ્યું છે એના અનુસંધાનમાં અમદાવાદ મહાનગરપાલિકામાં તમામ ૪૮ વોર્ડમાં એ માગણીના અનુસંધાનમાં આગામી વર્ષે સ્પોર્ટસ સંકુલો બનાવવા એવું આયોજન કરવામાં આવ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : બજેટ કરતાં આપ માગણીઓ પર વધારે ચર્ચા કરો.

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે પ્રતિભાસભર રમતવીરોને અદ્યતન તાલીમ સુવિધા અને કોચિંગ પ્રદાન થાય એના માટે પણ આમાં પ્રાવધાન કર્યું છે. આમાંથી રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ તૈયાર થશે. ગુજરાત સરકાર કન્વેન્શન લેબના નિર્માણના આયોજન અન્વયે ગુજરાત રાજ્ય અંતર્ગત વિવિધ સંગ્રહાલયોના સ્થાપનની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. બહુમૂલ્ય નમૂના સચવાય અને સમયની સાથે ભૌતિક અને રાસાયણિક ફેરફારો થતા હોય તો તે બહુમૂલ્ય નમૂનાઓની જાળવણી માટે પણ ગુજરાત સરકાર દ્વારા જે બજેટની ફાળવણી કરી છે એનાથી આ કામગીરી કરી શકીશું. સાથે-સાથે રાજાશાહી સમયના ભવ્ય વિપુલ દસ્તાવેજો જે હસ્તલિખિત હતા અને હાલ અસ્તિત્વ ધરાવે છે તેની જાળવણી માટે પણ આ બજેટમાં પ્રાવધાન થયું છે. જ્ઞાન ભારતમ પ્રકલ્પ અન્વયે સંસ્થાઓ પાસે અસલ ઐતિહાસિક હસ્તપ્રતો અને એનું ડિજિટલાઇઝેશન કરવા માટે કેટલોગિંગ કરવાનું પણ આમાં પ્રાવધાન થયું છે જેના કારણે એની પણ જાળવણી કરી શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં રમતગમતની સાથે સાહિત્યનું આગવું પ્રદાન છે. સાહિત્ય અકાદમીમાં અમુક મહેકમ ખલાસ થયેલું છે. મહેકમની જગ્યાઓ મંજૂર કરવા માટે બજેટમાંથી અમુક રકમ મહેકમને ફાળવી તેનું ડેવલપમેન્ટ કરી શકીશું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું અગાઉ પણ ધ્યાન દોરેલું છે કે, આપ બજેટની વાત નહીં પણ માગણીઓ પર ચર્ચા કરો.

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવોદિત સાહિત્યકારો/લેખકોનો ઉત્સાહ વધારવા માટેની જે માગણી બજેટમાં કરેલી છે તેમાં પણ ઉત્કર્ષ થશે. સંશોધન, વિવેચન અને બાળ સાહિત્યકારોની ઉર્દૂ, હિન્દી, સિંધી અને કચ્છી ભાષાના સર્જકોના અનુવાદના પુસ્તક પ્રકાશન માટે આમાં પ્રાવધાન છે. તેનાથી આ ભાષા સચવાશે.

માનનીય અધ્યક્ષશ્રી, કોમનવેલ્થ ગેમ-૨૦૩૦ અને ઓલ્મ્પિક-૨૦૩૬ અનુસંધાનમાં અત્યારે અમદાવાદના મોટેરા સ્ટેડિમ નજીક સ્પોર્ટ્સ સંકુલ માટે જમીન એક્વાયર કરેલી છે તેના માટેની માગણી લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું. સરકાર દ્વારા ખેલ મહાકુંભની અમલવારી કરવમાં આવેલી અને તેના અનુસંધાને વર્ષ ૨૦૧૦માં ૧૬ લાખ ૫૦ હજાર રમતવીરોનું રજિસ્ટ્રેશન થયેલ. વર્ષ ૨૦૨૪-૨૫માં ખેલ મહાકુંભ-૩.૦માં ૭૧ લાખથી વધુ રમતવીરોએ ઉત્સાહપૂર્વક કામગીરી કરેલી. વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૨ લાખથી વધુ રમતવીરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. બાળકો અને યુવાઓમાં પહેલેથી જ રમતગમતની જાગૃતિ અને ચેતનાનો સંચાર થાય તેના માટે રમતગમત સમન્વય યોજના અંતર્ગત ઇ-સ્કૂલ યોજના પણ ડેવલપ કરવામાં આવી. વર્ષ ૨૦૧૪-૧૫થી કાર્યાન્વિત થયેલી આ યોજના દ્વારા રમતગમત પ્રત્યે ઉત્સાહ અને અભૂતપૂર્વ ઉમેરો થયો.

રમતગમતને ઉત્તેજન આપવા માટે સરકારના સૂક્ષ્મ આયોજન થકી સફળ પરિણામ પ્રાપ્ત થાય તે અન્વયે જિલ્લા કક્ષાએ સ્પોર્ટ્સ સંકુલનું આયોજન પણ થઇ શકે. ઉચ્ચત્તમ સિદ્ધિઓ હાંસલ કરવા માટે રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ સમકક્ષ બનાવવા માટે શિક્ષણ સ્પોર્ટ્સ સમન્વય થાય તે માટે જિલ્લા કક્ષાએ સ્પોર્ટ્સ સંકુલનો પ્રારંભ થાય. વર્ષ ૨૦૧૩–૧૪થી શરૂ કરવામાં આવેલા આ ખેલ મહાકુંભમાં ખેલાડીઓને તાલીમ પ્રાપ્ત થાય તે માટે કુલ ૧૪૪ કોચ, ૧૭૧ ટ્રેનરો અને ૨૧ યોગા સેન્ટરની સેવા પણ સરકાર આપી રહી છે. તાલીમ દરમિયાન ખેલાડીઓને આકસ્મિક ઈજા થાય તો ૨૭ ફિજિયોથેરાપિસ્ટની સેવા પણ આપવામાં આવે છે. હિસાબી કામગીરી માટે ૩૬ ડી.એલ.એસ.એસ. મેનેજરોની સેવા લેવામાં આવે છે. વર્ષ ૨૦૨૫–૨૬માં પ્રતિ ખેલાડી રૂ.૭૫.૨૮ કરોડનો ખર્ચ કરેલો છે. વર્ષ ૨૦૨૫–૨૬માં રાજ્ય કક્ષાએ ૧૬૦૫ મેડલ અને રાષ્ટ્રીય કક્ષાએ ૧૬૨ મેડલ મળી કુલ ૧૭૬૭ મેડલ પ્રાપ્ત કરી રમતવીરોએ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. સ્વામી વિવેકાનંદ બિનનિવાસી પ્રતિભા સ્પર્ધા યોજના દ્વારા જે ખેલાડીઓ ભાગ લે તેને આવવા–જવા અને રહેવા માટે સ્ટાઇપેન્ડ પણ સરકાર ચૂકવે છે. રમતવીરોને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નિષ્ણાત કોચિંગ મળી રહે તેના માટેના એમ.ઓ.યુ. સરકાર દ્વારા કરેલા છે. રાજ્યના રમતવીરો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ક્યાંય ઊણા ના ઊતરે તેનું વિશેષ ધ્યાન આપવામાં આવે છે. સરકાર દ્વારા આ યોજનાઓ અંતર્ગત રમતવીરો તૈયાર કરવા, એમને અનુમોદન મળે એ માટે શક્તિદૂત યોજના, સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા વગેરે યોજના દ્વારા રમતવીરોના કૌશલ્યમાં વધારો થાય એની પણ ચિંતા સરકાર કરી રહી છે. સરકાર દ્વારા ખેલાડીઓને તાલીમ, ઉત્સાહ અને વિશેષ તકોનું પ્રદાન થાય એ માટે ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના અમલી કરવામાં આવેલ છે. ગુજરાતની ખેલ પ્રવૃત્તિ વધુ પરિણામલક્ષી બને એ અન્વયે વર્ષ ૨૦૧૪–૧૫થી રમતવીરોને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી રહ્યા છે. રાજ્યકક્ષાની શાળાકીય રમત ઓલ્મ્પિક ગેમ્સ, એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ, નેશનલ ગેમ્સ, નેશનલ ચેમ્પિયનશીપ, વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ, એસ.એ.એફ ગેમ્સ, ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ, ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સ વગેરે તમામ સ્પર્ધાઓ જનરલ અને દિવ્યાંગ ખેલાડીઓમાં વ્યક્તિગત બે ખેલાડી તથા બે થી વધુ ખેલાડીએ સ્પર્ધાત્મક ભાગ લીધો હોય એને સરકાર રૂપિયા પાંચ હજારથી માંડીને પાંચ કરોડના રોકડ પુરસ્કાર સરકાર આપી રહી છે. ખૂબ હર્ષની લાગણી સાથે કહેવાની ઇચ્છા થાય કે અત્યાર સુધી રમતવીરોને કુલ ૨૮ કરોડ ૫૯ લાખ ૧૪ હજારના રોકડ પુરસ્કાર દ્વારા સરકારે સન્માનિત કર્યા છે. તા.૧૮/૦૨/૨૦૧૨ના ઠરાવથી રમતવીરોને શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાના સ્પર્ધાના મેડલ વિજેતાને શિષ્યવૃત્તિ પેટે રૂ.૨૫૦૦ અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે રૂ.૨૦૦૦ના પુરસ્કાર પણ આપવામાં આવેલા છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ગુજરાતના પ્રત્યેક ખેલાડીને રૂ.૭૫ હજારની આર્થિક સહાય આપવામાં આવે છે. આજદિન સુધી કુલ ૭૦ ખેલાડીઓને રૂ.૫૬.૯૩ લાખની સહાય આપવામાં આવેલ છે. વાત કેવળ અહીંથી અટકતી નથી. નિવૃત્ત રમતવીરોને પેન્શન પણ સરકાર દ્વારા આપવામાં આવે છે. આર્થિક સહાય આપવામાં આવે છે અને યોજના અંતર્ગત ગુજરાતના કુલ ૨૨૭ નિવૃત્ત રમતવીરોને દર મહિને રૂ.૩૦૦૦ની સહાય આપવામાં આવે છે. ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની સિદ્ધિની વાત કરું તો, રમતવીરોની વિરાંગનાઓને વિશેષ ધ્યાનમાં રાખવા માટે આગામી સમયમાં યુનિવર્સિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે ૨૨૯ વિદ્યાર્થીની માટે આધુનિક ગર્લ્સ હોસ્ટેલ બનાવવાની છે અને રૂ.૧૯.૧૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એને મારો ટેકો છે. રમતવીરો માટે ગ્રાઉન્ડ તૈયાર કરવા માટે રૂ.૧૫.૫૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એને પણ મારો ટેકો છે. સાંસ્કૃતિક અને સંસ્કારની ગંગોત્રી, સંસ્કૃતિની જાળવણી, સંસ્કારની પુષ્ટિ થાય અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અગત્યની કામગીરીની સિદ્ધિની પ્રવૃત્તિઓ થાય એ માટે હર ઘર તિરંગા, સરદાર પટેલની યાત્રા, રાષ્ટ્રીય દિવસની ઉજવણી અને રાષ્ટ્રપ્રેમની જ્યોત જાગે એ માટે સરકાર દ્વારા કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત મોઢેરા સૂર્યમંદિરનો ઉત્તરાર્ધ ઉત્સવ, ગાંધીનગરનો વસંતોત્સવ, માધવપુર ઘેડનો મેળો અને વડનગરમાં તાના–રીરી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વડનગરની ઓળખાણ આ જ સરકારે આપેલી છે. ભાતીગળ સંસ્કૃતિનો પરિચય થાય એના માટે જુદા–જુદા સાંસ્કૃતિક પ્રોગ્રામો પણ કરવામાં આવે છે. એના અનુસંધાનમાં સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીના ભાગરૂપે પ્રત્યેકે જિલ્લામાં એકતાયાત્રાના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા. આવી અનેકવિધ યોજનાઓ સરકાર દ્વારા કરવામાં આવી રહી છે.

(વિરામ: ૧૧.૦૦ થી ૧૧.૩૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા (સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારી વાત રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી ૯૦–સોમનાથ વિધાનસભામાં પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ દાદાનું સાનિધ્ય આવેલું છે ત્યારે પ્રવાસન વિભાગ દ્વારા પર્વોની ઊજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે એને અમે આવકારીએ છીએ. આ ઊજવણી કરવાની થાય છે ત્યારે અમારા વિસ્તારના લોકોને વધારેમાં વધારે રોજગારી મળવી જોઇએ પણ ત્યાં અમારા લોકોને રોજગારી મળતી નથી. ત્યાં લોકોની રોજગારી વધારેમાં વધારે ટુરિઝમ ઉપર ચાલતી હોય છે ત્યારે ઘણા સમયથી તેમને રોજગારી મળતી નથી અને બહારથી વધારે પડતા લોકોને બોલાવવામાં આવે છે. ઘણા સમયથી રોજગારી મળતી નથી અને લોકોના ઘર પણ છીનવી લેવામાં આવ્યા છે. અધિકારીઓ દ્વારા ડિમોલિશન કરવામાં આવ્યા છે. લોકો ત્યાં ૧૦૦–૧૦૦ વર્ષથી અને ૬૦–૬૦ વર્ષથી રહેતા આવ્યા છે. લાઇટબિલ જેવા તમામ કાગળો તેમની પાસે છે છતાં કોઇ નોટિસ આપ્યા વગર ડિમોલિશન કરી

દેવામાં આવ્યા છે. પ્રવાસન નિગમનો વિકાસ થતો હોય ત્યારે સરકાર ધારે તો એમને મફતમાં પ્લોટ આપી શકે. સરકાર રહેવા માટેની વ્યવસ્થા પણ કરી શકે. એક બાજુ સરકાર ઘર આપવાની વાત કરતી હોય છે અને બીજી બાજુ પ્રવાસનના નામ ઉપર લોકોના ઘર છીનવાતા હોય છે. આજે ઘણા લોકો ઘરોથી વંચિત છે. આજે લોકો નદી વિસ્તારોમાં ઝૂંપડા બાંધીને રહે છે એવી પરિસ્થિતિ છે. સરકાર એક તરફ પ્રવાસનમાં રોજગારી આપવાની વાત કરતી હોય ત્યારે બીજી તરફ તેમની રોજગારી છીનવી લેવામાં આવતી હોય છે. ટ્રસ્ટ અને સરકાર તરફથી ટુરિઝમ વિકસાવવા માટે ત્યાં રોજગારી આપી શકાય. સોમનાથ ટ્રસ્ટ પાસે અંદાજિત ૧૦૦૦ વિઘાથી પણ વધારે જમીન છે. જ્યારે ટ્રસ્ટને જગ્યાની જરૂર પડતી હોય ત્યારે તેમને સામે જગ્યા આપવી જોઇએ અથવા દુકાનની જરૂર પડતી હોય તો સામે બીજી દુકાન આપવી જોઇએ. એની સામે ડિમોલિશન થતું હોય છે અને આજે લોકો રોજગારીથી વંચિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગું છું કે બજેટમાં બસ સ્ટેશનની જોગવાઇ કરવામાં આવી છે કે આટલા કરોડના ખર્ચે બસ સ્ટેશન બનાવવામાં આવ્યું છે પણ એ બસ સ્ટેશન જ્યાં બને છે ત્યાં અંદાજિત ૭૦ લોકોના ઘર તોડી બસ સ્ટેશન બનાવવામાં આવેલ છે. એની જગ્યાએ સામે હજારો વિઘા જમીન હતી ત્યાં બનાવી શકત. ત્યાં ટુરિઝમ અને સોમનાથ દાદાનું પ્રથમ જ્યોર્તિલિંગ આવેલું છે તેને વિકસાવવા માટે વર્ષ ૨૦૧૨માં ચૂંટણી હતી ત્યારે સરકારે મોટીમોટી વાત કરી હતી કે સી–પ્લેનની સુવિધા કરવામાં આવશે પણ આજદિન સુધી સી–પ્લેનની સુવિધા કરવામાં આવેલ નથી. જો સી–પ્લેનની સુવિધા કરવામાં આવે તો ત્યાં ખૂબ ટુરિસ્ટો આવી શકે અને ડાયરેક્ટ ત્યાં પહોંચી શકે.

સરકાર વાત કરતી હોય છે કે રમશે ગુજરાત, દોડશે ગુજરાત પણ આજે મારી ૯૦–સોમનાથ વિધાનસભામાં પ્લે ગ્રાઉન્ડ નથી. મેદાનો ના હોવાના કારણે બાળકો અને યુવાનો ત્યાં રમી શકતા નથી. મારી સરકારને વિનંતી છે કે, ઘણી બધી ખુલ્લી જગ્યાઓ પડી છે ત્યાં પ્લે ગ્રાઉન્ડની વ્યવસ્થા કરવામાં આવે તો યુવાનો રમી શકે અને ઇન્ટરનેશનલ લેવલે પહોંચી શકે. આજે અહીંયા ૧૮૨ ધારાસભ્યશ્રીઓ બેઠા હોય અને ક્રિકેટની ફાઇનલ મેચ ગુજરાતમાં કયાંય રમાતી હોય ત્યારે તમામ ધારાસભ્યશ્રીઓને બે–બે ટિકિટ આપવી જોઇએ. જેનાથી બધા સભ્યશ્રીઓ જોઇ શકે કે અમારા દેશના યુવાનો કેવી રીતે રમે છે અને કેવી રીતે જીતી શકે છે. આ મારી માગણી છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. આજે તારીખ ૧૦મી માર્ચના દિવસે નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઇ પટેલનો જન્મ દિવસ છે. એમને હું ખૂબ–ખૂબ શુભેચ્છા પાઠવું છું.

શ્રી ગોપાલ ઇટાલિયા (વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં ઇશ્વરના ખૂબ આશીર્વાદ છે. ગિરનાર પર્વતનું ૯૦ ટકા ક્ષેત્રફળ મારા મતવિસ્તારમાં આવે છે એટલે ગિરનાર પરિક્રમાના રૂટનો મોટાભાગનો રસ્તો મારા મતવિસ્તારમાંથી પસાર થાય છે. સંત આપાગીગાનું સમાધિ સ્થાન, પવિત્ર પૌરાણિક સ્થાન કહેવાય એવું સતાધારનું પવિત્ર મંદિર મારા મતવિસ્તારમાં છે. મોણિયા ગામે નાગબાઇનું મંદિર છે એ પણ મારા મતવિસ્તારમાં છે. જેને માથા કપાવી નાંખ્યા અને ખાંડણિયામાં ખંડાવી નાંખ્યા એવા સંત ચેલૈયાનું મંદિર બિલખા ખાતે આવેલ છે એ પણ મારા મતવિસ્તારમાં છે. જેમણે રક્તપિત્તના દર્દીઓની ખૂબ સેવા કરી અને ઇતિહાસમાં અમર થઇ ગયા એવા સંત દેવીદાસ બાપુની સમાધિ સ્થાન પરબધામ પરબ વાવડી ગામ ખાતે આવેલ છે એ પણ મારો મતવિસ્તાર છે.આઇ રૂપલમાં નું મંદિર, રામપરા એ પણ મારા મતવિસ્તારમાં આવેલ છે. આઇ દેવલમાં બલીયાવડ ગામ એ પણ મારા મતવિસ્તારમાં આવે છે. આમ, મારા મતવિસ્તારમાં ભગવાનના ખૂબ આશીર્વાદ છે કે ચારે તરફ સંતો, મહંતો, જતિઓ, સતીઓના બેસણા છે. આ તમામ યાત્રાધામો છે એનો પવિત્ર યાત્રાધામ અંતર્ગત વિકાસ થાય, એની રોડ કનેક્ટિવિટી સારી કરવામાં આવે, બસ કનેક્ટિવિટી વધે, ત્યાં ટોઇલેટ બ્લોકની સુવિધા થાય, સી.સી.ટી.વી. કેમેરા, પાર્કિંગની વ્યવસ્થા, યાત્રાળુઓ માટે હેલ્પડેસ્કની વ્યવસ્થા આવું બધું થાય એવી મારી માનનીય મંત્રીશ્રી અને સરકાર પાસે લાગણી છે. આ સિવાય એક મહત્ત્વનું સ્થાન, ગુજરાતમાં કોળી સમાજની સંખ્યા ખૂબ મોટી છે. કોળી સમાજના શ્રદ્ધા કેન્દ્ર સમા એવા સંતશ્રી વેલનાથ બાપુનો ઘૂણો, એમનું જન્મસ્થાન જૂનાગઢ જિલ્લાનું પલાસવા ગામ છે. આ ઘૂણાના સ્થાનને આજદિન સુધી જોઇએ એવું એક્સપોઝર મળ્યું નથી. કોળી સમાજ વેલનાથ બાપુને ખૂબ માને છે. એમના જન્મસ્થાનનો આજ દિવસ સુધી કોઇ વિકાસ થયો નથી. માનનીય મંત્રીશ્રી અને સરકારશ્રીને વિનંતી છે કે સંતશ્રી વેલનાથ બાપુનો ઘૂણો પલાસવા ગામે આવેલ છે એનો પણ પવિત્ર યાત્રાધામ અંતર્ગત વિકાસ કરવામાં આવે. આ સિવાય અમારા જૂનાગઢની અંદર એક જી.આઇ.ડી.સી. આવેલ છે. આ જી.આઇ.ડી.સી. સને ૧૯૮૭માં બનેલ છે. ત્યાં પ્લોટ ફાળવવામાં આવ્યા, વેપારીઓ ત્યાં ધંધો રોજગાર કરે છે. જૂનાગઢ અને રાજ્યની ઇકોનોમી આગળ વધારે છે. પણ છેલ્લા એક વર્ષ પહેલાં જૂની જી.આઇ.ડી.સી. ઉપર ઇકો સેન્સિટીવ ઝોન લાગુ કરવામાં આવ્યો. એના કારણે વેપારીઓને તમામ વસ્તુઓમાં હવે પરમિશન મળતી નથી. જે જી.આઇ.ડી.સી. સરકારે બનાવી છે. સરકારે એનું એક્વિઝિશન કર્યું, પ્લોટ એલોટમેન્ટ કર્યા પછી હવે વન વિભાગે એમાં ઇકો સેન્સિટીવ ઝોન જાહેર કરતાં વેપારીઓને ખૂબ તકલીફ પડી રહી છે. આ બાબત પણ સરકાર ધ્યાનમાં લે. આ સિવાય વિસાવદરમાં એક લાઇબ્રેરીનું બાંધકામ કરવાની ખાસ જરૂર છે. વિસાવદર અમારો ગ્રામીણ વિસ્તાર છે. કૃષિ સાથે જોડાયેલા પરિવારના બાળકો છે એમને જો એક લાઇબ્રેરીનો લાભ મળે, આમ તો લાઇબ્રેરી ભાડાના મકાનમાં છે પણ એનું ડેડિકેટેડ મકાન બને, સારું હાઇ–ફાઇ મકાન બને તો બાળકો વાંચી શકે અને સરકારી પરીક્ષાથી લઇ કોઇપણ પ્રકારની પરીક્ષાની તૈયારીઓ ત્યાં બેસીને કરી શકે. આ સિવાય ભેંસાણ, વિસાવદર અને જૂનાગઢની અંદર હીરાના કારખાનાઓ

મોટાં પ્રમાણમાં આવેલાં છે. એમાં રત્ન કલાકારો પોતાનું કામ કરી રહ્યાં છે. હમણાં હીરામાં મંદી આવી ત્યારે સરકારે રત્નદીપ યોજના બહાર પાડી હતી. આ યોજના અંતર્ગત જોગવાઇ એવી હતી કે હીરામાં કામ કરતાં રત્ન કલાકારોનાં બાળકોને સરકાર અમુક રકમની ફી ચૂકવશે. અનેક રત્ન કલાકારોએ ફોર્મ તો ભર્યા છે. લગભગ સાત–આઠ મહિના પહેલા ફોર્મ ભર્યા છે પણ હજુ સુધી અનેક રત્ન કલાકારોને આ રત્નદીપ યોજના અંતર્ગત ફી માફીનો લાભ મળ્યો નથી. આથી આ તમામ બાળકોના વાલીઓને ફી માફીનો લાભ આપવામાં આવે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભેસાણ ગામ મોટું છે, તાલુકો છે પણ તાલુકાના હેડક્વાર્ટરમાં લાઇબ્રેરી નથી. ગ્રામ ગ્રંથાલય અંતર્ગત જો ભેસાણની અંદર એક લાઇબ્રેરી ચાલુ કરવામાં આવે તો મને એવું લાગે છે કે ભેંસાણનાં બાળકોને ખૂબ સારો એવો લાભ આ બાબતે મળી શકે એમ છે.

અમારા જૂનાગઢ જિલ્લામાં પર્વતીય ક્ષેત્ર ઘણું બધું આવેલ છે. આ કારણે વળાંકવાળા, ઢાળવાળા, અતિશય ભયજનક ગોળાઇવાળા રસ્તાઓ આવેલા છે. આ રસ્તાઓનું સમયાંતરે નિરીક્ષણ કરવામાં આવે અને અકસ્માત સંભવિત જેટલા પણ સ્પોટ છે કે જ્યાં ડાર્ક ઝોન, ગ્રે ઝોન છે કે જેના કારણે રાત્રિના અંધારામાં અકસ્માત થઇ શકે એમ છે એવા રસ્તાઓને આઇડેન્ટીફાઇ કરી અકસ્માત નિવારવાનાં પગલાં પણ લેવામાં આવે એવી સરકાર સમક્ષ માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાબત એવી છે કે અનેક સરકારી વાહનો રોડ ઉપર ફરતા જોવા મળે છે. જેની હાલત એકદમ ખરાબ થઇ ગઇ હોય છે. આવાં જૂનાં વાહનો પ્રદૂષણ તો કરે જ છે પણ સાથે સાથે અકસ્માતને પણ નોતરવાનું કામ કરે છે. કારણ કે એ વાહનોની બ્રેક, એન્જિન, એનું પીકઅપ આ બધી વસ્તુઓ નિયમિત રીતે કામ કરતી નથી. એના કારણે સરકારી વાહનો દ્વારા અનેક પ્રકારના અકસ્માતની ઘટનાઓ પણ નોંધાઇ ચૂકી છે. છાપે ચડી ચૂકી છે. ચાહે એ પોલીસનાં વાહનો હોય કે રેવન્યુ વિભાગનાં હોય કે કોઇપણ વિભાગનાં હોય. આવાં તમામ જૂનાં વાહનો છે એને સમયસર કન્ડમ જાહેર કરીને નવાં વાહનોની જરૂર પડતી હોય તો એની ખરીદી કરવામાં આવે એવી મારી માગણી છે.

સુરતનો ટેક્સટાઇલ ઉદ્યોગ જે ગુજરાત અને સુરતની ઇકોનોમીનો બેકબોન છે, ઇન્ટરનેશનલ લેવલ પર કપડાંનો વેપાર કરે છે એ ટેક્સટાઇલ ઉદ્યોગને છેલ્લા કેટલાય સમયથી સબસિડી સહાય આપવાનું સરકારે બંધ કર્યું છે. એના કારણે સુરત ટેક્સટાઇલના ઉદ્યોગપતિઓ છે એણે મહારાષ્ટ્રની બોર્ડર ઉપર નવાપુર ખાતે પોતાનો નવો ઉદ્યોગ સ્થાપવા માટે જવું પડે છે. સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગને સમયસર જે કાંઇ સરકારી સબસિડી છે એ ફાળવવામાં આવે એવી મારી સરકાર સમક્ષ માગણી છે. હું ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી (ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના તેજસ્વી, ઓજસ્વી અને યુવાનોના પ્રેરણાસ્ત્રોત માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીજીએ પ્રવાસન વિભાગની માગણી નં.૫૧ રજૂ કરી છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા અત્યંત ગૌરવ થાય છે કે આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ''વિકાસ ભી, વિરાસત ભી'' ના મંત્રને આપણી ગુજરાત સરકારે ખરેખર ચરિતાર્થ કર્યો છે. આ ગૃહને યાદ અપાવું કે છેલ્લા બે દાયકા પ્રવાસનના ઇતિહાસ માટે ખરેખર પરિવર્તનકારી રહ્યા છે. વર્ષ ૨૦૦૧માં જ્યારે આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારે પ્રવાસનને ગુજરાતના વિકાસના એન્જિન તરીકે એક નવી ઓળખ આપી. ''ખૂશ્બુ ગુજરાત કી''ના એક ટહુકાથી શરૂ કરેલી આ સફર આજે વૈશ્વિક લેવલે પહોંચી છે. આજે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ''સ્ટેચ્યૂ ઓફ યુનિટી'' વૈશ્વિક સ્તરે એકતાનું પ્રતીક બની ગૌરવથી ઊભી છે. સાબરમતી રિવરફ્રન્ટ અને અટલ બ્રિજ શહેરી વિકાસના રોલ મોડલ બન્યા છે. દેશભક્તિનો જુસ્સો જગાડતું નડાબેટ સીમા દર્શન હોય કે પછી નવી પેઢીને વિજ્ઞાન સાથે જોડતી સાયન્સ સિટીની રોબોટિક ગેલેરી, એક્વેરિયમ કે સ્પેશ ગેલેરી હોય ગુજરાતે ટેકનૉલૉજી અને પર્યટનનો અદભુત સમન્વય સાધ્યો છે. કચ્છનું સ્મૃતિવન મ્યુઝિયમ અને વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષતો રણોત્સવ ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરી રહ્યા છે. મારા વિસ્તારમાં આવેલું વડનગરનું આર્કિયોલોજિકલ એક્સપેરીમેન્ટલ મ્યુઝિયમ આજે ૨૫૦૦ વર્ષના અવિરત ઇતિહાસને ગર્વથી વિશ્વ સમક્ષ આપણી સંસ્કૃતિને રજૂ કરી રહ્યું છે. ગુજરાતની ઓળખ તેના પવિત્ર યાત્રાધામોથી રહેલી છે. આપણી સરકારે મુખ્ય ૮ પવિત્ર સ્થળો જેવા કે: દ્વારકા, સોમનાથ, ગિરનાર, પાલીતાણા, અંબાજી, શામળાજી, ડાકોર અને પાવાગઢના વિકાસ માટે માસ્ટર ડેવલપમેન્ટ પ્લાન અમલમાં મૂકીને લોકોની સુવિધા, પ્રવાસન ધામની સુંદરતા માટે મક્કમ પગલાં લીધાં છે. આ માટે સરકારશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આગામી ૫૦ વર્ષના વિઝનને સાપેક્ષમાં રાખીને અંબાજી ખાતે રૂ.૧૬૩૨ કરોડનો અંબાજી કોરીડોર માસ્ટર પ્લાન વિકસાવવામાં આવ્યો છે અને આ અંતર્ગત આ વર્ષે રૂ.૩૦૦ કરોડની જોગવાઇ કરી મલ્ટીલેવલ પાર્કીંગ અને શક્તિપથ જેવી અત્યાધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. દેવભૂમિ દ્વારકા પશ્ચિમ ભારતનું સૌથી મોટું આધ્યાત્મિક કેન્દ્ર બને તે માટે દેવભૂમિ દ્વારકા કોરીડોરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તો ડાકોરના સર્વાંગી વિકાસ માટે રૂપિયા ૧૨૫ કરોડ અને પાવાગઢ, ચાંપાનેરના કાયાકલ્પ માટે રૂપિયા ૧૫૫ કરોડથી વધુ ખર્ચે વડા તળાવ અને મોચી ચોક માટે સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. સાથો સાથ ગિરનાર માટે ૧૩૪ કરોડ અને બહુચરાજીના આગામી ૨૫ વર્ષના ભાવિ વિકાસ પ્લાનને સાપેક્ષમાં રાખીને રૂપિયા ૨૩૬ કરોડના માસ્ટર પ્લાનિંગની કામગીરી પણ ગતિમાં છે.

ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છના છેવાડે માતાના મઢ ખાતે રૂપિયા ૩૩ કરોડના ખર્ચે થતા વિકાસના કાર્યો પૂર્ણતાના આરે છે. હવે નારાયણ સરોવર અને કોટેશ્વર મહાદેવના યાત્રાધામ માટે પણ રૂપિયા ૧૦૫ કરોડનાં વિકાસ કામો સરકારની વિચારણા તળે છે. ગુજરાત આજે વિકાસ અને વિરાસતના અદભુત સંગમ સાથે વિશ્વના ફલક ઉપર પોતાની એક નવી તેજસ્વી ઓળખ ઊભી કરી રહ્યું છે. છેલ્લાં વીસ વર્ષોમાં આપણા ગુજરાતની અંદર ભારતમાંથી અને વિશ્વમાંથી અસંખ્ય પ્રવાસીઓ આજે આપણે ત્યાં આવી રહ્યા છે અને પ્રવાસીઓમાં સતત વધારો થઇ રહ્યો છે તે આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝનરી નેતૃત્વ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબની મૃદુ અને મક્કમ કાર્યશૈલીનું પરિણામ છે. એ માટે સમગ્ર ગૃહ તરફથી હું માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીનો હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસનું આ મોદી મોડલ હવે મારા મત વિસ્તાર ખેરાલું, સતલાસણા અને વડનગર માટે એક નવો ઇતિહાસ લખવા તૈયાર છે. પ્રવાસનનો જે ઉત્સાહ સોમનાથ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે જે રીતે દેખાઇ રહ્યો છે તે જ પ્રમાણે આનંદ અને ગૌરવ સાથે હવે અમારા વિસ્તારમાં અંબાજી, ઘરોઇ અને વડનગરના આંગણે નવું પરિવર્તન લઇને આવી રહ્યું છે. સમગ્ર ઉત્તર ગુજરાત અને મારા વિસ્તારમાં લોકો માટે આનંદ અને ગૌરવની વાત છે. સરકારશ્રી દ્વારા આશરે ૩ હજાર કરોડથી પણ વધુ માતબર રકમનું આયોજન કરી અંબાજી, ઘરોઇ, તારંગા, વડનગર અને મોઢેરા ટુરિઝમની સર્કિટને એક વૈશ્વિક ઓળખ આપવા માટે ભગીરથ કાર્ય આ સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે અને એ માટે હું સરકારશ્રીનો હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ટુરિઝમ સર્કિટની સૌથી મોટી વિશેષતા એ છે કે, એક જ રસ્તા ઉપર પ્રવાસીઓને અનેક અનેક અનુભવો થશે. યાત્રાના પ્રારંભમાં અંબાજી માતાના દર્શન કરશે અને બાજુમાં તારંગા ત્યાં આગળ આપણા ભગવાન અજિતનાથના દર્શન કરી તેના આશીર્વાદથી પ્રવાસીઓના અંતરાત્મામાં શ્રદ્ધા અને ભક્તિનો અલૌકિક અનુભવ પ્રગટ થશે. આ જ માર્ગે આગળ વધીએ તો પ્રવાસીઓ ઘરોઇ આવેલું છે ત્યાં આગળ પ્રવાસનનો અનુભવ કરશે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેમ વૈશ્વિક કક્ષાનું આપણું પ્રવાસન ધામ છે તે જ પ્રમાણે ઘરોઇ પણ ડેવલપ થઇ રહ્યું છે. ઘરોઇ ડેમથી નીચે ચાર કિલોમીટર બીજો એક રૂપિયા ૨૫૦ કરોડનો ચેક ડેમ બનાવી પાણી રોકવામાં આવે છે. બન્ને બાજુ જેવી રીતે આપણે અમદાવાદની અંદર રીવરફ્રન્ટ છે તે જ પ્રમાણે બંને બાજુ રીવરફ્રન્ટના રોડ બનાવી બંને બાજુ મોટી મોટી હોટલો બનશે અને એક અદભુત પ્રવાસન ધામ ઘરોઇ ખાતે તૈયાર થઇ રહ્યું છે. અહીં આગળ સાબરમતીના નીર અને અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે પ્રવાસીઓ આ પ્રકૃતિ અને સાહસનો અદભુત સંગમ જોવા મળશે. અહીં વિકસાવવામાં આવેલી વોટર સ્પોર્ટસ અને ઇકો ટુરિઝમના માધ્યમથી યુવાનોમાં નવી ઊર્જાનો સંચાર થશે. સફરનો ત્રીજો પડાવ એટલે વડનગરની પવિત્ર ધરા, જે આપણા દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની જન્મભૂમિ છે. આ વડનગરની અંદર જયારે પ્રવાસીઓ પગ મૂકશે ત્યારે તેમને વડનગરની આર્કિયોલોજીકલ એક્સપરીમેન્ટલ મ્યુઝિયમ ખાતે ૨૫૦૦ વર્ષ જૂનો ઇતિહાસ પોતાની નજર સામે જીવંત થતો અનુભવાશે એટલે કે અહીં આગળ આ બધા પ્રવાસીઓ જોઇ શકશે. આ માટે આ માત્ર એક રસ્તો નથી પણ આ એડવેન્ચર હેરીટેજ અને સ્પીરિચ્યુઆલિટીનો ત્રિવેણી સંગમ છે. જે દેશ અને દુનિયાના પ્રવાસીઓને એક જ મુલાકાતમાં ગુજરાતની અસ્મિતાના ત્રણેય રંગોથી તરબોળ કરી દેશે અને તેને જીવનભરનું સંભારણું આપશે. આ ભવ્ય ટુરિઝમ સર્કિટની સાથેસાથે મારે આ ગૃહનું ધ્યાન મારા મતવિસ્તારમાં આવેલ બે Hidden Gems તરફ દોરવું છે જેમાં પ્રવાસન ધામ બનાવવાની અદભુત ક્ષમતાઓ રહેલી છે, એક છે ખેરાલુનું ચીમનાબાઇ સરોવર અને બીજું છે સતલાસણા ગઢવાડાનું મીની પાવાગઢ. આ ચીમનાબાઇ સરોવર ૧૨૫ વર્ષ પહેલાં ગાયકવાડ સરકારે છપ્પનીયો દુષ્કાળ પડયો ત્યારે બનાવ્યું હતું. ૧૬૦૦ એકરમાં આ ચીમનાબાઇ સરોવર આવેલું છે. આ ચીમનાબાઇ સરોવર વર્ષોથી કયારેય ભરાતું નહોતું, સૂકું રહેતું હતું. અમારા આવ્યા પછી અને જૂના બધા આગેવાનોની રજૂઆતથી અને ગુજરાત સરકારના પ્રયત્નોથી આપણી ભા.જ.પ. સરકારમાં આ ચીમનાબાઇ સરોવરને નર્મદાના નીર અને ઘરોઇના પાણી બંનેથી ભરવાનું સરસ આયોજન થઇ રહ્યું છે, સ્પેશિયલ પાઇપલાઇન નાખી આગામી સમયમાં કુલ ભરાશે, પાણી તો અત્યારે આવી જ ગયું છે અને ત્યારે આ જગ્યાએ આપણે જેવી રીતે આપણું નળસરોવર છે તેવી જ રીતે ઉત્તર ગુજરાતનું આ નળસરોવર બની શકે અને અહીં આગળ, બોટિંગ, બર્ડ વોચિંગ, નેચર ટ્રેક, સનરાઇઝ એન્ડ સનસેટ પોઇન્ટ જેવી અનેક સુવિધાઓ વિકસાવવામાં આવે. એટલે હું આજે ખાસ મારા ચીમનાબાઇ સરોવરને પ્રવાસન સ્થળ તરીકે ડેવલપ કરવા માટે મારી માગણી રજૂ કરું છું. સાથેસાથે મારા વિસ્તારની અંદર અરવલ્લીની ગિરિમાળાઓ છે ત્યાં આગળ પહાડની ટોચ ઉપર મહાકાળી માતાજીનું મંદિર આવેલું છે ત્યાં આગળ આજુબાજુના હજારો યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે. દર શનિવાર–રવિવારે ત્યાં આગળ મેળો હોય છે. મેં મારા પ્રયત્નોથી છેક પહાડની ટોચ સુધી સરકારશ્રીને સ્પેશિયલ રજૂઆત કરી અને રોડ પૂર્ણ કર્યો છે, રોડ થઇ ગયો છે અને ત્યારે હવે આગામી સમયમાં એને ત્યાં આગળ ૫૧ ફૂટની શિવજીની પ્રતિમા પણ લોકસહયોગથી અમે બનાવી છે તો આજે મીની પાવાગઢ છે ત્યાં આજુબાજુના રસ્તાઓની વ્યવસ્થા થાય, પાર્કિંગની વ્યવસ્થા થાય, પ્રવાસનધામ તરીકે ડેવલપ થાય એ માટે પણ હું આજે માનનીય મંત્રીશ્રીને અને જે અધિકારીઓ છે તેમની પાસે માગણી કરું છું. માનનીય મુળુભાઇ સાહેબ મંત્રી હતા ત્યારે તેમની પાસે પણ માગણી કરી હતી કે આ જગ્યાએ સરસ મીની પાવાગઢ થાય તો ઉત્તર ગુજરાતના બધા પ્રવાસીઓ એનો લાભ થઇ શકે. જયારે

આપણે વિકસિત ગુજરાત ૨૦૪૭નું સ્વપ્ન જોઇ રહ્યા છીએ ત્યારે પ્રવાસન વિભાગનો ફાળો મહત્ત્વનો રહેવાનો છે. આપણી લોકલ સંસ્કૃતિ, લોકલ જીઓગ્રાફી અને લોકલ આર્ટને જયારે ગ્લોબલ પ્લેટફોર્મ મળે છે ત્યારે સાચા અર્થમાં વોકલ ફોર લોકલ સાકાર થાય છે. અંતમાં હું એટલું જ કહીશ કે વિકાસનો આ રથ હવે અટકવાનો નથી. પ્રવાસન વિભાગની આ અનુદાનની માગણીઓ આવનારી પેઢીઓના ઉજ્જવળ ભવિષ્ય માટેનું એક રોકાણ છે. આપણી વિરાસત જ આપણી સૌથી મોટી તાકાત છે તેને સાચવીને, સંભાળીને વિશ્વ સમક્ષ રજૂ કરવાના આ ભગીરથ કાર્ય બદલ હું પ્રવાસન વિભાગ અને સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગુજરાતને વિશ્વનું પ્રવાસન હબ બનાવવાના આ સંકલ્પને ટેકો જાહેર કરવા માટે હું માગણી નં. ૫૧ જે આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ લઇને આવ્યા છે તેને હું સહર્ષ સમર્થન આપું છું. જય જય ગરવી ગુજરાત, ભારત માતા કી જય.

શ્રી અમૃતજી મો. ઠાકોર (કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં મારા વિસ્તારના મુદ્દાઓ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારના ઓગડ તાલુકામાં બનાસ નદીના કાંઠે સંત સદારામ બાપાનું ઐતિહાસિક ધામ આવેલું છે અને સમગ્ર સમાજ સંત સદારામ બાપુને જલારામ બાપાની દ્રષ્ટિથી નમન કરે છે, વંદન કરે છે. આ સદારામ બાપાનું ધામ વિકાસથી વંચિત છે. તો યાત્રાધામ બોર્ડમાં એનો સમાવેશ કરવામાં આવે અને એનો વિકાસ કરવામાં આવે એવી મારી માગણી છે. એવી જ રીતે બનાસ નદીના કાંઠે ૫૦૦ વર્ષ જૂની હજરત બંદગીરમિયાં સૈયદ સાહેબની દરગાહ આવેલી છે. અષાઢી બીજના દિવસે આજુબાજુના હિંદુ સમાજના લોકોનો અહીં મેળો ભરાય છે અને બધા જ લોકો ત્યાં ખૂબ આસ્થાથી દર્શન કરવા આવે છે. જ્યારે વર્ષ ૨૦૧૭માં પૂર આવ્યું ત્યારે આ દરગાહની દીવાલ ધરાશાયી થઇ ગઇ છે જેના કારણે આજુબાજુના વિસ્તારને પણ ઘણું નુકસાન થયું છે. તો આ દીવાલ પણ નવી બનાવવામાં આવે એવી મારી માગણી છે. એવી જ રીતે સમી તાલુકાના વરાણા ગામે મોં ખોડિયારનું ધામ આવેલું છે. મહા મહિનામાં ૧૫ દિવસ સુધી ત્યાં મેળો ભરાય છે. ત્યાં માને તલ અને ગોળની પ્રસાદી ચડે છે. એ વિસ્તાર વિકાસથી ખૂબ વંચિત છે. એનો પણ યાત્રાધામ બોર્ડમાં સમાવેશ કરવામાં આવે એવી મારી માગણી છે. મારામત વિસ્તારમાં કાંકર ગામ આવેલું છે. પુરાતત્ત્વ વિભાગે ત્યાં જઇને અવશેષો પણ મેળવ્યા છે. ત્યાં સમોર માતાજીનું ઐતિહાસિક મંદિર આવેલું છે. ત્યાં મહાદેવનું મંદિર પણ આવેલું છે. આ કાંકર ગામ પણ વિકાસથી વંચિત છે અને તેનો પણ વિકાસ કરવામાં આવે એવી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરું છું. અંબાજી, પાવાગઢ, ચોટીલા એ મોં આદ્યશક્તિના તીર્થધામો છે. ત્યાં વિકાસ થવો જ જોઇએ એમાં અમારી સંમતિ જ હોય પણ ત્યાં વિકાસ થાય એના કારણે આજુબાજુના નાના માણસો જે કેબિન મૂકી ધંધા રોજગારી મેળવતા હોય અને એમનો ધંધો રોજગાર છીનવી લેવામાં આવે એને વિકાસ ન કહેવાય. જે રીતે અંબાજી ડેવલપ થઇ રહ્યું છે એનો અમને આનંદ છે, આખા ગુજરાતને આનંદ છે, સર્વ સમાજને આનંદ છે પણ આજુબાજુના ૧૪ ગામના લોકો ઘરવિહોણા થઇ રહ્યા છે અને સરકારે એ ૧૪ ગામોના મકાનો તોડવાનો આદેશ આપ્યો છે તો એ ૧૪ ગામોના વસવાટની વ્યવસ્થા પહેલા કરવી જોઇએ ત્યારે જ મા જગદંબા પણ રાજી થાય. મોં ક્યારેય એવું ના કહે કે ''મારું ધામ સુંદર બનાવો અને મારા જ દીકરાઓના ધંધા-રોજગાર છીનવી લો.'' હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરું છું કે ત્યાં જે કોઇ નાના-મોટા ધંધા સાથે સંકળાયેલા હોય એમના માટે વ્યવસ્થિત જગ્યા ફાળવવામાં આવે. જેમના મકાનો તૂટી ગયા છે એમને વ્યવસ્થિત જગ્યાએ મકાનો ફાળવવામાં આવે. સાથે-સાથે મારા મતવિસ્તારમાં વિદ્યાર્થીઓને શાળા-કૉલેજ જવા આવવા માટે સવાર અને સાંજની બસોના રૂટ કોઇ પણ કારણ વિના બંધ કરી દેવામાં આવ્યા છે. ડેપો મેનેજરોને વારંવાર પત્રવ્યવહાર કરવા છતાં આજ દિવસ સુધી તે પત્રનો સંતોષકારક જવાબ મળેલ નથી. આ બાબતે માનનીય મંત્રીશ્રી ગંભીરતા દાખવીને વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરે. મારા મતવિસ્તારમાં ઓગડ થળી અને દેવદરબાર જાગીર એમ બે ઐતિહાસિક મઠો આવેલા છે. જે વિકાસથી વંચિત છે તેનો વિકાસ કરવામાં આવે. મારા ઓગડ તાલુકાના તરભમાં વાળીનાથની બહુ પૌરાણિક જગ્યા આવેલી છે. પહેલાંના સમયમાં કહેવાતું કે ત્યાં બનાસ નદીનું વહેણ હતું અને ત્યાં કૃષ્ણ-કનૈયાની સ્થાપના થયેલી છે તે પણ વિકાસથી વંચિત છે તેનો પણ વિકાસ કરવામાં આવે. મારા મતવિસ્તારમાં આવેલાં નાના-મોટાં ધામોનો વિકાસ કરવામાં આવે અને જે ધામો રોડ-રસ્તાથી વંચિત છે તેને રોડ-રસ્તા ફાળવવામાં આવે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તે માગણીઓમાં મારા વિસ્તારની માગણીઓનો સમાવેશ કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ (ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તે બાબતે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બનાસકાંઠા જિલ્લો એ કુદરતી સંપત્તિ અને પશુપાલન ક્ષેત્રે સમગ્ર રાજ્યમાં મોખરાનું સ્થાન ધરાવે છે. બનાસકાંઠા માટે અને ઉદ્યોગો માટે રાજ્ય સરકારે અનેક પ્રકારનાં પગલાંઓ લીધાં છે, પરંતુ આવનારા સમયમાં પછાત જિલ્લાઓમાં ઉદ્યોગો વિકસાવવા માટે કૃષિ ઉત્પાદનમાં એરંડા, રાયડા, બટાકા, જીરું, ઇસબગુલ, રાજગરો જેવાં અનેક પ્રકારના પ્રોસેસિંગ યુનિટ માટે સરકારે કંઇક વિચારવું જોઇએ અને આ પ્રકારનાં કામો કરે તો તે વિસ્તારના લોકો પણ આગળ વધી શકે અને રાજ્ય સરકાર પણ આગળ વધી શકે તે પ્રકારનું કામ થાય તેમ છે.

સમગ્ર જિલ્લાને પશુપાલન ક્ષેત્રે બનાસ ડેરીના માધ્યમથી રોજગારી મળે છે. ફૂડ પ્રોસેસિંગ યુનિટો, પૅકેજિંગ ઉદ્યોગો માટે અલગ ક્લસ્ટર કરીને જે રીતે ભૂતકાળમાં કચ્છ જિલ્લાને અનેક પ્રકારના રાહત પૅકેજ જાહેર કર્યા હતા ત્યારે કચ્છનો આટલો મોટો વિકાસ થયો છે એ જ રીતે છેવાડાના બનાસકાંઠા જિલ્લા માટે અલગ પોલિસી બનાવીને આ પ્રકારનો પ્રયત્ન કરે તો માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના વિઝન સાથે ઉદ્યોગ જગતને આગળ લઈ જઈ શકાશે. તેમાં વેલ્યૂ એડિશન કરીને પણ ખેતરના પાકને ખેતરથી ફેક્ટરી સુધી લઈ જવા માટેની ચેઇન સેટ કરીને કામ કરે તો આ શક્ય થાય. અત્યારે જે રીતે દરેક સમાજોમાં અલગ-અલગ સમિટો થાય છે તે રીતે ગોપાલક વાઇબ્રન્ટ સમિટ કરીને અમે અમારા સમાજમાં પણ વર્ષ ૨૦૨૬માં ઉદ્યોગ જગતને પ્રોત્સાહન મળે તે પ્રકારનું કામ કરીએ છીએ ત્યારે મારી માગણી છે કે જે રીતે સરકાર ઉદ્યોગો માટે પૅકેજ જાહેર કરે છે તે રીતે દરેક સમાજના લોકો ઉદ્યોગ જગત માટે કામ કરતાં હોય ત્યારે તેમાં પૅકેજ જાહેર કરે તો તે દિશામાં આગળ વધી શકાય. સમગ્ર બનાસકાંઠા જિલ્લો ધાર્મિક અને પ્રાકૃતિક ક્ષેત્રે પ્રવાસનમાં ખૂબ આગળ છે. મારા દાંતીવાડા મતવિસ્તારમાં દાંતીવાડા ડેમ સાઇટ છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા (બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારા વિસ્તારના પ્રવાસન બાબત બે-ત્રણ સૂચનો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં પ્રખ્યાત ઝાંઝરી ધોધ આવેલો છે તેનો પ્રવાસન નિગમમાં સમાવેશ કરવામાં આવે અને ઊંટરડા ખાતે દીપેશ્વરી માતાનું મંદિર આવેલું છે તેનો પણ પ્રવાસન નિગમમાં સમાવેશ કરવામાં આવે. માલપુર તાલુકામાં એક પ્રખ્યાત જલારામ મંદિર આવેલું છે. આ ત્રણેયનો જો પ્રવાસન નિગમમાં સમાવેશ કરવામાં આવે તો શ્રદ્ધાળુઓને ખૂબ મોટા પ્રમાણમાં ફાયદો થાય તેમ છે.

શ્રી લક્ષ્મણજી પું. ઠાકોર (કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ વાહનવ્યવહાર વિભાગની માગણી ક્રમાંક-૭૪ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને તેના પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં કેટલાંય વર્ષોથી આ ગુજરાતમાં શાંતિ, સલામતી અને સમૃદ્ધિ છે. એટલે જ આ શહેરો વિકસ્યા છે. પહેલાં અમદાવાદમાં પચાસથી એકસો પચાસ દિવસ કરફ્યુ રહેતો હતો. ગુજરાતના મોડલને આખા દેશે સ્વીકારેલ છે. આ દેશને નવી રાહ ચીંધનારું ગુજરાત અવિરત વિકાસ કરનારું ગુજરાત બન્યું છે. ગુજરાતના પનોતા પુત્ર અને વૈશ્વિક નેતા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ વિકાસની ઘરાને ઉચ્ચ શિખર સુધી લઈ ગયા છે. આજે વિશ્વ ગુજરાતના વિકાસ તરફ જોઈ રહ્યું છે. વિશ્વની નજર ગુજરાત તરફ છે. મુંબઈ જેવા મહાનગરના લોકો પણ હવે ગુજરાત તરફ વળ્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે, અમદાવાદથી મહેસાણા સુધીનો ૫૧.૬૦ કિલોમીટર લાંબા હાઈવેને ૩.૨૦૬૩૦ કરોડના ખર્ચે રાજ્યનો પહેલો આઠ લેન હાઈવે બનવા જઈ રહ્યો છે. જેમાં મારા કલોલ શહેરને ઘણો લાભ મળશે. તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીનો હું હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. ધબકતા શહેરોનો ધબકતો વિકાસ એ છે ગુજરાતની આગવી ઓળખાણ અને તેમાંય વાહનવ્યવહાર એક મહત્ત્વનું પરિબળ છે. ગુજરાત માર્ગ વાહનવ્યવહાર નિગમની સ્થાપના ૧ લી મે, ૧૯૬૦ના રોજ કરવામાં આવેલ હતી. ગુજરાત એસ.ટી.નિગમ દ્વારા રાજ્યના તમામ શહેરો, અંતરિયાળ ગામોને પરિવહન સેવાથી સાંકળી લઈ તેમજ કોઈપણ ગામ પરિવહન સેવાથી વંચિત ન રહી જાય તે પ્રકારે અસરકારક કામગીરી કરવામાં આવી છે. સુરતમાં મહિલાઓ માટે ખાસ પિન્ક બસ શરૂ કરવામાં આવી છે. આનંદની વાત તો એ છે કે ગુજરાતમાં સુરતની પ્રથમ બી.આર.ટી.એસ.બસની ડ્રાઇવર મહિલા છે. તેમને જોઈએ અન્ય મહિલાઓને પણ પ્રેરણા મળશે. રાજ્યમાં યોજાતા વિવિધ ધાર્મિક મેળાઓ જેવા કે, અંબાજી ભાદરવી પૂર્ણિમા મેળો, પાવાગઢ ચૈત્રી મેળો, માતાનો મઢનો મેળો, વૌઠાનો મેળો, વાર-તહેવારો જેવા કે, દિવાળી, રક્ષાબંધન, હોળી, ધુળેટી, જન્માષ્ટમી વગેરે દરમિયાન તહેવારોમાં નિગમ દ્વારા મુસાફરોને વધુ પરિવહન સુવિધાઓ મળી રહે તે માટે કુલ ૧.૩૧ લાખ એકસ્ટ્રા સર્વિસો સંચાલિત કરેલ. જેના થકી ૪૨.૩૯ લાખ મુસાફરોએ લાભ લીધેલ. રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૫-૨૬માં કન્ડક્ટર કક્ષામાં ૨૩૨૦, ડ્રાઇવર કક્ષામાં ૩૦૮૪, હેલ્પર કક્ષામાં ૧૬૫૮ ઉમેદવારોને નિમણૂક આપેલ છે. નિગમ પોતાના સંચાલનમાં વિવિધ કક્ષાની કુલ ૮૩૩૨ બસો ધરાવે છે. જેમાં ૪૧૧ સ્લીપર કોચ બસ, ૫૪૯ સેમિ લક્ઝરી બસ, ૫૭૩૯ સુપર ડિલક્ષ બસ, ૩૦૦ લક્ઝરી બસ, ૧૦૭૮ મિની બસ, ૫ એસ.સી.ડબલ ડેકર ઇલેકટ્રિક બસ, ૫૦ એ.સી. ઇલેકટ્રિક બસ, ૧૦૦ વોલવો સીટર બસ અને ૧૦૦ એ.સી.સીટર બસોનો કાફલો ધરાવે છે. નિગમ મુસાફરોને સમયસર આરામદાયક મુસાફરીની સાથે સલામતીના ધ્યેય સાથે કામ કરે છે અને રાષ્ટ્રીય કક્ષાના પરિણામો પણ હાંસલ કરવાની નેમ ધરાવે છે.વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૨૦૬૦ નવાં વાહનો ખરીદવા માટે સરકારશ્રીમાં રૂ. ૧૧૪૧ કરોડની બજેટમાં જોગવાઇ કરેલ છે. તે ૨૦૬૦ નવાં વાહન પૈકી ૧૮૫૦ નવાં વાહનોની ખરીદી કરી માર્ચ-૨૦૨૬ સુધીમાં પ્રજાની સેવામાં મૂકવાનું આયોજન છે. જેમાં ૧૪૫૦ એક્સપ્રેસ બસો અને ૪૦૦ મિડિ બસ વાહનોનો સમાવેશ થાય છે. ભૂતકાળમાં કયારેય એક વર્ષમાં આટલાં મોટાં પ્રમાણમાં વાહનો સંચાલનમાં મૂકવામાં આવ્યાં નથી. નિગમ દ્વારા ૫૯૫૭ જેટલા બીએસ-૬ નોર્મ્સ નવીન વાહનો મુસાફર/જનતાની સવલતમાં મૂકવામાં આવેલ છે. આગામી સમયગાળામાં ૨૩૩૮ બીએસ-૬ નોર્મ્સ સંચાલનમાં મૂકવામાં આવનાર હોઇ, બીએસ-૬ નોર્મ્સ એટલે કે ઓછાં પ્રદૂષણ કરતાં ૮૨૯૫ વાહનો સંચાલનમાં આવશે જેની ટકાવારી સો ટકા થતાં પર્યાવરણમાં પ્રદૂષણના પ્રમાણમાં ઘટાડો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે રાજપીપળાના ડેડિયાપાડા ખાતે તારીખ ૧૫/૧૧/૨૦૨૫, શનિવારના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તથા અન્ય મહાનુભાવોની હાજરીમાં નવી ૧૧૧ ઇન-હાઉસ બિલ્ટ વાહનોનું લોકાર્પણ કરવામાં આવેલું. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રીના વરદ હસ્તે તારીખ ૨૪/૦૭/૨૦૨૫ થી તા. ૦૭/૦૧/૨૦૨૬ના સમયગાળા દરમિયાન કુલ ૭૯૭ નવીન વાહનોનો લોકાર્પણ સમારોહ યોજવામાં આવેલ હતો. ગુજરાત સરકાર રોડ સેફ્ટીના મુદ્દે નોંધનીય કામગીરી કરી રહી છે. જૂનાં અને અનફિટ વાહનો અકસ્માતનું મોટું કારણ બને છે અને પ્રદૂષણ ફેલાવે છે. આવા અનફિટ વાહનોનો યોગ્ય નિકાલ થાય એ માટે વાહન સ્ક્રેપિંગ પોલિસીનું તા. ૧૩મી ઓગસ્ટ ૨૦૨૧ના રોજ માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે ગાંધીનગર ખાતે અનાવરણ કરવામાં આવેલ. આ પોલિસી મુખ્યત્વે પંદર વર્ષ જૂનાં નોન ટ્રાન્સપોર્ટ વાહનો અને આઠ વર્ષ જૂનાં ટ્રાન્સપોર્ટ વાહનોને લાગુ પડે છે. રાજ્યમાં કુલ દસ સ્ક્રેપિંગ ફેસિલિટીને મંજૂરી આપવામાં આવેલી છે. ગુજરાત સરકાર પર્યાવરણ મુદ્દે હંમેશા ગંભીર રહેલ છે અને એટલે જ પેટ્રોલ તથા ડીઝલથી ચાલતાં વાહનોના બદલે ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી અમલમાં મૂકી. આ ખૂબ જ દીર્ઘદષ્ટિપૂર્ણ નિર્ણય લીધો છે. મારી સરળ સરકાર, સહજ પરંતુ મક્કમ વહીવટ માટે પ્રયત્નશીલ રહી છે. વાહનવ્યવહાર વિભાગ માટે જે નાણાકીય માગણી કરવામાં આવી છે તેને હું સંપૂર્ણ સમર્થન આપું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા (બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતની સાથોસાથ આપણા ધારાસભ્યશ્રીઓનો પણ ખૂબ વિકાસ થયો છે. આજે પણ એસ.ટી.બસોમાં ધારાસભ્યશ્રી અને સાંસદસભ્યશ્રીઓ માટે રીઝર્વ સીટ રાખવામાં આવે છે પણ બસની કિંમત કરતાં અત્યારે ધારાસભ્યશ્રીઓની કાર ડબલ કિંમતની હોય છે એટલે મોટાભાગના ધારાસભ્યશ્રીઓ એમાં મુસાફરી કરતા નથી. આ સીટો મહિલાઓ, બાળકો અને દિવ્યાંગોને ફાળવવામાં આવે તેવું સૂચન છે.

બોટાદ જિલ્લો બન્યો એને ઘણાં વર્ષ થયાં છે, તો ત્યાં જિલ્લા લેવલનું એક એસ.ટી. ડેપો બનાવવામાં આવે. નાણામંત્રીશ્રીને વિનંતી છે કે બોટાદમાં ઇન્ટરનેશનલ લેવલનું એક ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવામાં આવે જેના માટે ઝવેરી જીમ ખાતે અમારી પાસે સરકારી જમીન છે. હું માનનીય મંત્રીશ્રી પાસે એક માગણી કરું છું કે અમારા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનું કામ ઝડપથી પૂરું કરવામાં આવે અને ફેઝ-૨માં સ્વિમિંગ પુલ અને આઉટ ટેનિસનો સમાવેશ કરવામાં આવે.

શ્રી **<#Mi** /સ્વરુપજી ઠાકોર/**Mi #>** (રાજ્યકક્ષાના ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીજી માગણી નંબર-૪૯ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમાં મારો કુટિર વિભાગ પણ જોડાયેલો છે. આપણા દેશના લોકલાડિલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ''વોકલ ફોર લોકલ''નો મંત્ર આપવામાં આવ્યો છે. આ મંત્ર આપણને સૌને સ્થાનિક વસ્તુઓનું ઉત્પાદન કરતા કારીગરોને સમર્થન આપવા તથા તેમના પ્રત્યે ગૌરવ વ્યક્ત કરવા સૌને આહ્વાન કરે છે. આ સંકલ્પને સાકાર કરવા આપણી સરકાર સતત પ્રયત્ન કરી રહી છે. ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલા કારીગરો માટે સ્વરોજગારી તેમજ આજીવિકાની નવી તકો ઊભી કરી તેમની આવકમાં વધારો સુનિશ્ચિત કરી આત્મનિર્ભર ભારત બનાવવા તેમજ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારમાં વેચાણ વધારવા સાથે રાજ્યમાં જીવંત અને આત્મનિર્ભર કુટિર ઉદ્યોગ ક્ષેત્રનું નિર્માણ કરવા આપણી સરકાર કટિબદ્ધ છે. ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ એ માત્ર આર્થિક પ્રવૃત્તિ નથી. પરંતુ, તે આપણા દેશની જીવંત પરંપરા, લોક સંસ્કૃતિ અને પ્રાદેશિક સ્વાભિમાન અને ગૌરવનું પ્રતીક છે. આપણી સરકાર વોકલ ફોર લોકલના મંત્રને આત્મસાત કરીને ''હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'' કાર્યક્રમને સફળ બનાવવા દૃઢ સંકલ્પિત છે. સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાથી માત્ર રોજગારનું સર્જન જ નહીં પરંતુ આત્મનિર્ભર ભારતનાં સ્વપ્નને સાકાર કરવાની દિશામાં મજબૂત પગલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ ક્ષેત્રે કામ કરતાં કારીગરોના વિકાસ માટે આપણી સરકારે મક્કમ પગલાં ભર્યાં છે અને મને કહેતા આનંદ થાય છે કે, આ વર્ષે બજેટમાં રૂપિયા ૯૭૯ કરોડની જોગવાઇ કુટિર અને ગ્રામોદ્યોગ માટે કરવામાં આવી છે. ખાદી ક્ષેત્રે વધુમાં વધુ લોકો રોજગારી મેળવે તે માટે આપણી સરકાર કાર્યરત છે. ખાદીના ઉત્પાદન પર ૨૦ થી ૩૦ ટકા સુધીની સહાય તેમજ માર્કેટીંગ માટે મેળાઓ યોજી ખાદી અને ગ્રામોદ્યોગના ઉત્પાદનોને પ્રોત્સાહન આપવામાં આવે છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપેલ ''ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશન''ના સૂત્રને સાકાર કરતાં રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ તમામ પ્રયત્નો થકી છેલ્લા ચાર વર્ષમાં ખાદીનું કુલ વેચાણ રૂપિયા ૩૬૭ કરોડથી વધીને રૂપિયા ૬૮૩ કરોડ થયેલ છે. આમ, ખાદીના વેચાણમાં છેલ્લાં ચાર વર્ષમાં ૮૬ ટકાનો વધારો જોવા મળેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાદીની પ્રવૃતિને વધુ વેગવંતી બનાવવા વર્ષ ૨૦૨૬-૨૭માં કુલ રૂપિયા ૬૮ કરોડ ૩૯ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આ સરકારના પ્રયત્નો થકી પ્રતિ વર્ષ ૧૮ હજારથી વધુ લોકો ખાદી અને ગ્રામોદ્યોગ ક્ષેત્રે રોજગારી મેળવી રહ્યા છે. રાજ્ય સરકાર આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે 'વોકલ ફોર લોકલ'ની પહેલ હેઠળ તમામ જિલ્લાઓમાં ગ્રામ તેમજ શહેરી વિસ્તારોના સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપી રહી છે. સમગ્ર દેશમાં 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' એટલે કે ઓ.ડી.ઓ.પી. કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૪ માટેના રાજ્ય કક્ષાની કેટેગરીમાં ગુજરાત રાજ્ય બ્રોન્ઝ એવોર્ડથી સન્માનિત થયેલ છે. દરેક જિલ્લાની વિશેષ ઓળખાણ એવા ઓ.ડી.ઓ.પી. ઉત્પાદનોને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી આ

ઉત્પાદનોના વિકાસને પ્રોત્સાહન આપવા માટે કૌશલ્ય વૃદ્ધિ, ક્રેડિટ સહાય, માળખાગત સુવિધા સહાય, નિકાસ, બ્રાન્ડિંગ, ડિજિટલ એકીકરણ જેવા તમામ પાસાઓ સાથે એક જિલ્લો એક ઉત્પાદન કાર્યક્રમને મજબૂત બનાવવા અને તેને પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટમાં રૂપિયા ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ બાબત જિલ્લાની વિશેષ ઓળખાણને વિશ્વમાં પ્રસિદ્ધિ અપાવશે.

માનનીય અધ્યક્ષશ્રી, 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા તેમજ મેક ઇન ઇન્ડિયા મિશનને મજબૂત કરવાના હેતુસર કાયમી ધોરણે માર્કેટિંગ માટે પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવા સુરત ખાતે ભવ્ય અને વિશાળ પી.એમ. એકતા મોલ બનાવવામાં આવી રહેલ છે. આ ઉપરાંત અમદાવાદ ખાતે પણ કારીગરોને કાયમી ધોરણે માર્કેટિંગ પ્લેટફોર્મ મળી રહે તે હેતુથી આપણી સરકારે સ્વદેશી મોલની સ્થાપના કરવા માટે આગામી વર્ષના બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે. વિકસિત ગુજરાત–૨૦૪૭નાં સપનાને સાકાર કરવા નાના કારીગરોને પ્રોત્સાહન આપવું ખૂબ જ જરૂરી છે. ગુજરાત રાજ્યના તથા અન્ય રાજ્યોના કુટિર અને ગ્રામોદ્યોગ તથા હાથશાળ–હસ્તકલા સાથે સંકળાયેલ કારીગરોને માર્કેટિંગ પ્લેટફોર્મ મળી રહે તે માટે રાજ્ય કક્ષા તેમજ રાષ્ટ્રીય કક્ષાના મેળા પ્રદર્શન સહ વેચાણનું આયોજન કરવામાં આવે છે. ઇન્ડેક્ષ–સી દ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં ૭૮ મેળાઓમાં ૭૮૭૬થી વધારે હાથશાળ અને હસ્તકલાના કારીગરોને પોતાના દ્વારા ઉત્પાદિત થતી ચીજવસ્તુઓના વેચાણ માટે સુવિધા કરવામાં આવી હતી. જેમાં કારીગરો દ્વારા રૂપિયા ૪૦ કરોડ ૧૮ લાખનું વેચાણ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાથશાળ–હસ્તકલાના પરંપરાગત કારીગરોને આધુનિક ડિજિટલ માર્કેટ સાથે જોડી તેમની આવક વધારવાના હેતુથી ઈ–કોમર્સ પ્લેટફોર્મ મારફતે પણ વેચાણ કરી શકે તે માટે જી.એસ.ટી. રજિસ્ટ્રેશન પ્રોફેશનલ ફોટોગ્રાફી અને કેટલોગિંગ જેવા ઇ–કોમર્સના પ્રારંભિક ખર્ચમાં આર્થિક મદદ મળી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા સહાય કરવામાં આવશે. રાજ્યમાં સ્વ–રોજગારીની તકો વધારીને નાના ઉદ્યોગ અને વ્યવસાયોને પ્રોત્સાહન મળી રહે તે માટે શ્રી વાજપાઇ બેંકેબલ સહાય યોજના અંતર્ગત મહત્તમ લોન મર્યાદા રૂ.૮ લાખથી વધારીને રૂ.૨૫ લાખ અને સહાયની મહત્તમ મર્યાદા રૂ.૧ લાખ ૨૫ હજારથી વધારીને રૂ. ૩ લાખ ૭૫ હજાર કરવામાં આવી છે. ખાસ કરીને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને દિવ્યાંગ કેટેગરી માટે રૂપિયા ૫ લાખ સુધીની સબસિડી મળવાપાત્ર છે. આ યોજના થકી વર્ષ ૨૦૨૫–૨૬માં ફેબ્રુઆરી–૨૦૨૬ અંતિત કુલ ૨૭,૦૦૦ના ભૌતિક લક્ષ્યાંક સામે ૫૧,૦૭૨ની સિદ્ધિ થયેલ છે. જ્યારે રૂ.૪૬૮ કરોડના નાણાકીય લક્ષ્યાંક સામે રૂ.૪૦૫ કરોડ ૨૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૬–૨૭માં સબસિડી માટે કુલ રૂ.૪૮૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા કૌશલ્ય નિર્માણ વિકાસ તાલીમ અંતર્ગત બેગ બનાવટ, પતંગ બનાવટ, મડવર્ક, માટીના ઘરેણાં વગેરે જેવી ૧૦ પ્રકારની સ્વ–રોજગારલક્ષી પ્રવૃત્તિમાં લાભાર્થીઓને ઘર આંગણે વિનામૂલ્યે તાલીમ આપવામાં આવે છે. સંસ્થા દ્વારા જુદા જુદા ટ્રેડમાં દર વર્ષે સમગ્ર રાજ્યમાં આશરે ૭૦૦૦ લાભાર્થીઓને તાલમી આપવામાં આવે છે. રાજ્યમાં માટીકલા સાથે સંકળાયેલા કારીગરોના ઉત્પાદનને બજાર પ્રોત્સાહન મળી રહે તે માટે વર્ષ ૨૦૨૬–૨૭માં રૂ.૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વર્તમાન સમયમાં રાજ્યમાં તેમજ આંતરરાષ્ટ્રીય બજારોમાં ટેરાકોટા માટીકામ પ્રકારની ઉચ્ચ મૂલ્ય ધરાવતી પોટરીની ખાસ કરીને મધ્ય પૂર્વીય, મોરોક્કન, ટર્કિશ અને જયપુર શૈલીની બ્લુ પોટરીની ખૂબ માંગ રહેલ છે. સેન્ટ્રલ ગ્લાસ એન્ડ સીરામિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ટૅકનિકલી સહયોગ સાથે રાજ્યના માટીકામ કરતા કારીગરોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક માટીકામના ઉત્પાદનો તૈયાર કરવાની તાલીમ આપવામાં આવશે. જે રાજ્યના માટીકામ કરતા કારીગરોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક માટીકામના ઉત્પાદનો તૈયાર કરવામાં અને તેમના ઉત્પાદનોને પોષણક્ષમ ભાવો અપાવવામાં મદદરૂપ થશે. આ માટે વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટમાં રૂ.૧ કરોડ ૨૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આપણી સરકાર દ્વારા હસ્તકલા અને હાથશાળના કારીગરોને બજારની માંગ મુજબ ઉત્પાદનો બનાવવાના માટેના તાલીમ વર્કશોપ યોજવામાં આવે છે તથા કારીગરો દ્વારા તૈયાર કરેલ ઉત્પાદનોને ખરીદીને, વેચાણ કરીને રોજગારી પૂરી પાડવામાં આવે છે. કારીગરો દ્વારા તૈયાર કરાયેલ હાથશાળ અને હસ્તકલાની ચીજ–વસ્તુઓનું ગરવી ગુર્જરી દ્વારા વર્ષ ૨૦૨૫–૨૬માં ફેબ્રુઆરી–૨૦૨૬ અંતિત રૂ.૩૮ કરોડ ૭૬ લાખનું વિક્રમજનક વેચાણ કરવામાં આવેલ છે. અનેક પરંપરાગત હસ્તકલા ક્ષેત્રો અનેક કારીગરોની આજીવિકા ટકાવી રાખવા આ સરકાર સતત કાર્યરત રહી છે. કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવતા ઉત્પાદનોમાં બજારની માંગને અનુરૂપ સતત વૈવિધ્યતા આવે તથા દિશા, માર્ગદર્શન થકી કારીગરોના ઉત્પાદનોને પોષણક્ષમ ભાવ મળી રહે તે દિશામાં આગળ વધારવા તેમના ઉત્પાદનોની ગુણવત્તા અપગ્રેડેશન, કારીગર ક્ષમતા નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવા 'સેન્ટર ઓફ એક્સલન્સ'ની સ્થાપના તથા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી, નેશનલ ઇસ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન જેવી પ્રતિષ્ઠિત સંસ્થાના સહયોગથી કરવામાં આવશે. આમ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ માત્ર રોજગારી પૂરી પાડવાનું જ નહીં. પરંતુ જીવંત પરંપરાગત હસ્તકલાનું સંવર્ધન અને સંરક્ષણની કામગીરી કરી રહ્યો છે. જે ''વિરાસત ભી, વિકાસ ભી''ના નારાને સાર્થક કરે છે. કારીગરોના કૌશલ્યને વધુ સક્ષમ કરી તેઓને આત્મનિર્ભર બનાવી આર્થિક સ્વતંત્રતા પૂરી પાડે છે. આ બાબત ધ્યાને લઇ ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગની બજેટ માંગણીની રજૂઆત આ સદન સમક્ષ હું રજૂ કરું છું.

શ્રી <#Mi /જિતેન્દ્રભાઈ સ. વાઘાણી/Mi #> (ઉદ્યોગ, બંદર અને રમત ગમત વિભાગના હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ પવિત્ર ગૃહની અંદર ગુજરાતના વર્તમાનને ઘબકતો રાખતા અને ભવિષ્યના વિકસિત ગુજરાતની કલ્પનાને સાકાર કરતા ચાર અત્યંત મહત્ત્વના પ્રભાગોના બજેટની માગણીઓ લઈને હું આવ્યો છું ત્યારે આ માગણીમાં સન્માનનીય સૌ સભ્યશ્રીઓ કે જેણે પોતપોતાના વિચારો, લાગણી અને માગણી વ્યક્ત કરી છે. તેમની હું નોંધ લઉં છું. માનનીય ભીખુસિંહ પરમાર, માનનીય અરૂણસિંહ રણા, માનનીય અરવિંદભાઈ પટેલ, માનનીય ડૉ.સી.જે.ચાવડા, માનનીય કેયુરભાઈ રોકડીયા, શ્રીમતી રીટાબેન પટેલ, ડો.પાયલબેન કુકરાણી, શ્રી જીતેન્દ્રકુમાર પટેલ સાહેબ મકર રાશિવાળા બધાય ભગત હોય એટલે અમે ભગત છીએ. માનનીય સરદારભાઈ ચૌધરી, માનનીય લક્ષ્મણજી ઠાકોર અને માનનીય સ્વરૂપજી ઠાકોર,

ઉપાધ્યક્ષશ્રી : આ ગુજરાતની ભૂમિ માટે.

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષમાંથી માનનીય કાન્તીભાઈ, માનનીય વિમલભાઈ, માનનીય અમૃતજીભાઈ, માનનીય ગોપાલભાઈ ઈટાલિયા, માનનીય ઉમેશભાઈ મકવાણા અને અપક્ષમાંથી માનનીય માવજીભાઈ દેસાઈ , માનનીય ઘવલસિંહભાઈ ઝાલા, આજે આનંદ અને ખુશીની વાત એ છે આ ગૃહમાં કે લગભગ સભ્યશ્રીઓએ...

ઉપાધ્યક્ષશ્રી : નહીં, એટલે સવારે જે વાત થઈ તે મુજબ શ્રી ગોપાલભાઈ હાજર નથી તેમને બેસવું જોઈએ.

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં નેતા કોણ છે તે ખબર નથી? કહેવડાવે તો ધ્યાનમાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : હવે શ્રી ઉમેશભાઈએ જોવાનું રહ્યું.

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એટલે રેકર્ડ ઉપર અત્યારે શ્રી ઉમેશભાઈ છે. એ વહેમમાં છે કે અમે નેતા છીએ પણ વિધાનસભામાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ભલે વિપક્ષના છે અમારા સાથી ટેકો આપનાર અપક્ષના લોકો હશે તે બધા લોકોએ આજે એક વસ્તુનો સ્વીકાર કર્યો છે અને આ સન્માનીય ગૃહ સમક્ષ હું આભાર માનું છું કે, વિકાસ અમારે કરવો છે, અમારા વિસ્તારમાં આ કરી દો, એટલે વિકાસ થયો છે તે ગૃહમાં તેમણે સ્વીકાર્યું છે એટલે બહાર બોલે તો જનતા તેમનું માનવાની નથી અને જે સારા સૂચનો કર્યા છે તેને અમે આવકારીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધા જ વિભાગો એક બીજાની સાથે જોડાયેલાં છે. રમત-ગમત, સાંસ્કૃતિક વિભાગ તે યુવાનો સાથે અને ગુજરાતને દેશની આર્થિક મહાસત્તા બનાવવા માટે ઉદ્યોગ વિભાગ, પ્રવાસન અને યાત્રાધામ એ પણ દુનિયાની નજર ખેંચાવા માટે અને આપણાં રોજગારી અને વિકાસ માટે મહત્ત્વનું છે અને વાહનવ્યવહાર તો આપણે જાણીએ છીએ કે લોકોની અવર-જવર માટે કેટલું મહત્ત્વનું છે તે સાબિત અને પુરવાર થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના સમયની અંદર યુવાનો પાસે કેટલી સુવિધાઓ હતી? તેને ઘણું બધું કરવું હતું પણ તે સુવિધાઓ નહોતી. ઉદ્યોગોને આવવું હતું પણ તે ઈન્ફ્રાસ્ટ્રકચરની વ્યવસ્થાઓ, પૂરક સગવડતાઓ, પૂરક વ્યવસ્થાઓ, નીતિઓ, યોજનાઓ જોવા મળતી નહોતી. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વની અંદર આ રાજ્યમાં માનનીય મુખ્યમંત્રી તરીકે ધૂરા સંભાળી ત્યારથી આ મહત્ત્વના વિભાગો તરફ ખાસ કરીને ઉદ્યોગ તરફ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું અને માનનીય ભૂપેન્દ્રભાઈની એટલે માનનીય વડાપ્રધાનશ્રી અને ભૂપેન્દ્રભાઈની ડબલ એન્જિનની સરકાર હર્ષભાઈના નાયબ મુખ્યમંત્રીના સહકારથી એક સર્વાંગી વિકાસની નવી દિશા જ્યારે વિકાસ માટેની તિજોરીઓ કહીએ તો એ ખોલી નાંખી છે. વિપક્ષ વાત કરતું હોય છે તો મારે કેટલાક આંકડા આ ગૃહ સમક્ષ રજૂ કરવા છે. આ વર્ષના બજેટમાં વિકાસને ગતિ આપવા માટે ઐતિહાસિક નાણાકીય જોગવાઇઓ વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં થઇ છે અને તેમની માગણીઓ અહીંયા રજૂ થઇ છે ત્યારે ઉદ્યોગ અને ખાણ ખનિજ વિભાગ માટે ૧૩,૯૪૨ કરોડની ઐતિહાસિક ફાળવણી થઇ છે. જેમાં પ્રવાસન યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે ૩૦૯૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગમાં રૂપિયા ૨૦૦૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બંદરો અને વાહનવ્યવહાર માટે રૂ. ૪૩૧૪ એટલે કે લગભગ ૨૩ હજાર કરોડથી પણ વધારે રૂપિયાની જોગવાઇ માત્ર ચાર વિભાગ માટે અહીંયા થઇ છે. મારે કેટલાક આંકડાઓ ગૃહ સમક્ષ રજૂ કરવા છે. માત્ર ભ્રમિત કરવા માટે વાતો કરવી, ગૃહમાં કરવી, બહાર કરવી, કેટલીક બાબતો ગૃહ સમક્ષ હું રજૂ કરવા માગું છું. રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, (અંતરાય)વિપક્ષના લોકો બરાબર રીતે સાંભળે એવી મારી વિનંતી છે. માનનીય વિમલભાઇ, અહીંયા અમે તમને સાંભળ્યા છે, આ તમારા આંકડા હું આપવા માગું છું કે, આ ગૃહની અંદર જ એ માગણીઓ પણ બજેટ વખતે રજૂ થઇ હતી, સન ૧૯૯૧માં માગણી નં. ૯૯, રૂ. ૯.૪૭ કરોડ, સન ૧૯૯૨માં માગણી નં. ૯૯, રૂ. ૭.૭૯ કરોડ, સન ૧૯૯૩માં રૂ. ૮ કરોડ. સમયની મર્યાદાઓ છે એટલે સન ૧૯૯૦ થી ૧૯૯૫ રૂ. ૬થી ૯ કરોડની જોગવાઇ એ રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં હતી, સ્પોર્ટસની વાતો કરે છે કે તમે આજે શું કરી રહ્યા છો? તો સન ૨૦૦૧માં માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે શાસન ધૂરા સંભાળી ત્યારે રૂ. ૨૫ કરોડને કોઇ એક શાસન હોય એમની અને એમની સ્પર્ધામાં જનતાના આશીર્વાદથી કોઇ એક રાજય આગળ જતું રહે તો એનું નામ છે ગુજરાત રાજય. સતત એમાં વધારો

કરવાનો. સન ૨૦૨૬–૨૭માં એક વર્ષમાં રૂ. ૨૦૦૬ કરોડ રૂપિયા, કાન જરાક ખોલીને સાંભળજો, આ તમારા રેકર્ડ ઉપરના આંકડા છે એટલે બહાર અમે શું કરીએ છીએ, ભા.જ.પે શું કર્યું? અમે વાપરીએ છીએ એના પણ જવાબ અમારી પાસે છે પણ તમે કેટલી જોગવાઇઓ, કેટલા કરોડ રૂપિયા, કેટલી ટકાવારી એમાં વધી છે એનું ઉત્તમ ઉદાહરણ છે પ્રવાસન વિભાગ. સન ૧૯૯૦ થી ૧૯૯૫ એ પણ ૬થી ૧૦ કરોડ રૂપિયા, માનનીય કાન્તીભાઇને અને માનનીય વિમલભાઇને જોઇતું છે કે અમારા વિસ્તારમાં આ કરી આપો, અમારા વિસ્તારમાં આ આવ્યું છે એને વધારી દો, આ તમારા વખતે કરવાનું હતું એ તમે નથી કર્યું એ અમે કરીએ છીએ એટલે જ તમે બહાર છો. એક બહુ મજાની વાત માનનીય અમૃતજીએ કરી, સનાતનને લઇને આ રાજ્યની સરકાર ચાલે છે, અમે જ્યારે સત્તામાં આવ્યા ત્યારે એક હજાર કરોડ રૂપિયા એ આપણા સનાતન ધર્મના મંદિરોના વિકાસ માટે રાખ્યા અને આ બધા જ મંદિર આવી જ જવાના છે એની ચિંતા ના કરો. લઘુમતીની એટલી બધી ચિંતા થાય, મહાકાળી મંદિરે ધજા લાગે એનો આનંદ ના હોય પણ મજાર ઉતરી જાય એનો બહુ મુંઝારો હોય. એમણે બોલવું પડે, પરિસ્થિતિ જુઓ કેવી છે? વિધાનસભાની અંદર એક બાજુ સનાતન ધર્મના મંદિરોની વાત કરે પણ લઘુમતિના મત ના જતા રહે, તૃષ્ટિકરણની રાજનીતિ કરવી પડે એટલે વચ્ચે પાછી એક મજાર મૂકી દે, વચ્ચે અન્ય લઘુમતિનું સ્થાન મૂકી દે. અમારો વિરોધ નથી, અમે આવકારીએ છીએ પણ મૂકવું પડે કારણ કે મતોની રાજનીતિ કરવી. આવી રીતે કયારેય ના હોય, સર્વાંગી જે કંઇ બાબતો છે, સનાતન ધર્મ માટે પહેલાં બોલતાં શીખો કે સનાતન એ અમારા માટે સર્વોપરી છે અને રહેવાનો છે. તમને બીક લાગે છે, (અંતરાય) બંદર અને વાહનવ્યવહાર (અંતરાય), અમને કોઇ દરગાહ સામે વાંધો નથી પણ તમારો આ અતિશય દરગાહ સાથેનો પ્રેમ છે એ જનતાને નથી ગમતો. સન ૧૯૯૫માં વાહનવ્યવહાર વિભાગએ ગૃહ વિભાગમાં આવતો હતો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે નહોતું બોલવું પણ ઇમરાનભાઇ તમે રહેવા દો, (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ તમે બેસી જાવ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ઇમરાનભાઇ મારા મિત્ર છે પણ ઇન્ડિયાની જીત થાય અને ટી–શર્ટ પહેરીને આવવાથી ભારતની ભક્તિ ન થઇ શકે. એના માટે હૃદયમાં લાગણી જોઇએ. અહીંયાં પ્રદર્શનો કરવાથી કાંઇ ન થાય? ભારત મેચ જીત્યું તો તમે રેલી કાઢીને નીકળ્યા? ભારતનો ધ્વજ લઇને નીકળ્યા? (અંતરાય) (સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલા પોતાની જગ્યા પર ઊભા થઇને બોલે છે.)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો શ્રી ઇમરાનભાઇ. આપ બેસો. આપ બેસો. (અંતરાય) શ્રી ઇમરાનભાઇ આપ આપનું સ્થાન લઇ લો. આપ બેસો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહાર વિભાગ પહેલા ગૃહ વિભાગમાં આવતો હતો. વાહનવ્યવહાર વિભાગની ચર્ચા થાય છે, બસોની માગણી થાય છે અને એમાં સામાન્ય લોકો અવરજવર કરે છે એનું બજેટ વર્ષ ૧૯૯૫માં રૂ.૫૮.૬૯ કરોડ હતું. જ્યારે આજે વર્ષ ૨૦૨૬–૨૭માં રૂ.૩૪૩૦ કરોડ છે. અમારા મિત્રોને ઉદ્યોગની ખૂબ ચિંતા છે. ''ઉદ્યોગો તો અમે લાવ્યા હતા. ઉદ્યોગો તો અમારા વખતે હતા.''એવું કહે છે. હવે હું એમના વખતની ઉદ્યોગોની જોગવાઇઓ આપના ધ્યાને મૂકું છું. વર્ષ ૧૯૯૦થી ૧૯૯૫ સુધીમાં કુલ રૂ.૧,૨૦૦ કરોડ બજેટમાં ફાળવ્યા છે. વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૬,૩૯૯ કરોડ અને વર્ષ ૨૦૨૫–૨૬માં રૂ.૮૦૬૮ કરોડનું બજેટ હતું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇના નેતૃત્વમાં રૂ.૮,૦૬૮ કરોડનું બજેટ છે. આ કોણ લાવ્યું છે એ રાજ્યની જનતા સુપેરે જાણે છે. આના માટે નીતિઓ બનાવવી પડે. આના માટે યોજનાઓ બનાવવી પડે. કોંગ્રેસ વખતના કેટલાક આંકડા મારી પાસે રેકર્ડ પર છે. જે હું સમગ્ર સભાગૃહને જણાવું છું. વર્ષ ૧૯૭૭માં પહેલી નીતિ આવી. વર્ષ ૧૯૯૦થી ૧૯૯૫માં રાજ્યના ઉદ્યોગોની ચિંતા કરતી કોંગ્રેસ માત્ર ચાર ઔદ્યોગિક નીતિઓ લાવી હતી. અમારા શાસનમાં જનતાના પ્રેમથી અને આશીર્વાદથી બનેલી સરકારમાં વર્ષ ૨૦૦૧ થી ૨૦૨૪ સુધીમાં ૧૧ ઔદ્યોગિક નીતિઓ અમલમાં આવી. એના કારણે વિશ્વના ઉદ્યોગ જગતના લોકોએ અહીં આવવું પડે એ પ્રકારની નીતિઓ અને યોજનાઓ બનાવી. એના કારણે વાઇબ્રન્ટ ગુજરાત કોંગ્રેસ શાસિત રાજ્યોમાં પણ કરવાની ફરજ પડી. એમ.એસ.એમ.ઇ. ક્ષેત્ર અતિ મહત્ત્વનું ક્ષેત્ર છે. એના પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે અનેક નીતિઓ બનાવી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ બે–ચાર વખત આંકડા આપ્યા છે. એમાંથી એક આંકડો મને પાક્કો યાદ છે. જો ગુજરાતમાં ૨૮ લાખ એમ.એસ.એમ.ઇ. હોય તો કેટલી મોટી રોજગારીની તકો આ સેક્ટરમાં છે. આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્ટ ટુ એમ.એસ.એમ.ઇ. માટે રૂ.૧૭૭૫ કરોડની જોગવાઇ કરી છે. નાના ઉદ્યોગોને મૂડી અને વ્યાજ સહાય મળવાની છે. એ જ રીતે ટેક્સટાઇલ (કાપડ) ઉદ્યોગને વૈશ્વિક કક્ષાએ લઇ જવા માટે રૂ.૨૭૫૫ કરોડની જોગવાઇ કરી છે. માત્ર વર્ષ ૨૦૨૫–૨૬ના એક જ વર્ષના આંકડા આપું તો કાપડ એકમો માટે રૂ.૧૮ હજાર કરોડનું મૂડી રોકાણ કર્યું અને ૫૦ હજારથી વધુ યુવાનોને રોજગારી મળી. મોટા ઉદ્યોગોમાં રૂ.૬૩ હજાર કરોડથી વધારાનું મૂડી રોકાણ આવ્યું. અઢી લાખ (પ્રત્યક્ષ અને પરોક્ષ) રોજગારી ઊભી થઇ તેની વાત કરું છું. થવાની છે તેની વાત કરતો નથી. એમ.એસ.એમ.ઇ. એકમોએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. બજેટની માત્ર ટીકા ન કરવી જોઇએ પણ બજેટનો અભ્યાસ કરવો જોઇએ કે, આ બજેટમાં શું જોગવાઇ છે? રાજ્યની શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે તેનું નક્કર આયોજન કર્યું છે. સ્માર્ટ અને ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિઝન–૨૦૪૭ થકી રાજય સરકાર આજનો નહીં આવતી કાલનો વિચાર કરે છે. જી.આઇ.ડી.સી.ની ચર્ચા થાય એ બહુ મહત્ત્વનું છે. કેટલી જી.આઇ.ડી.સી. હતી? આજે કેટલી જી.આઇ.ડી.સી. નિર્માણ પામી રહી છે? વ્યાપાર, રોજગારી, જે તે વિસ્તારના વિકાસના કારણે જી.આઇ.ડી.સી.ની

માગણી ઊભી થવા લાગી છે. અમને તો હર્ષ થાય છે કે વિપક્ષવાળા પણ જી.આઇ.ડી.સી.ની માગણી કરે છે. હું વિપક્ષના તમામ મિત્રોને કહું છું કે, જી.આઇ.ડી.સી.માં કોઇ નાની મોટી તકલીફો હોય કે ઇકો સેન્સિટીવ ઝોનને લગતી મુશ્કેલી હોય તો અમારું ધ્યાન દોરવામાં આવશે તો જેટલું થઇ શકે તેટલું ચોક્કસ કરીશું. મંજૂરીની પ્રક્રિયામાં સરળતા રહે તેના માટે પણ રાજ્ય સરકાર સતત પ્રયાસો કરતી આવી છે. કેટલાંક કાયદા, નીતિ–નિયમો, મર્યાદાઓ, હાઇકોર્ટ/સુપ્રીમકોર્ટના જજમેન્ટ લાગુ પડતા હોય છે. ૧૨૦ નાની જી.આઇ.ડી.સી. વસાહતોમાં સુવિધાઓના નવીનીકરણ માટે રૂ.૫૦ કરોડની રકમ ફાળવવામાં આવી છે. માંડલ, હાલોલ, સાયખા, દહેજ સહિત ૧૦ જી.આઇ.ડી.સી. વસાહતોને સ્માર્ટ અને ગ્રીન ઔદ્યોગિક વસાહતોમાં રૂપાંતરિત કરવા માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સી.સી.ટી.વી. કેમેરા, સ્માર્ટ મીટર, ઇ.વી. ચાર્જિંગ સ્ટેશન વિશે ગુજરાતની જનતાએ સાંભળ્યું પણ ન હતું. વિશ્વની સ્પર્ધામાં રહેવું હોય તો આ વ્યવસ્થાઓ જરૂરી છે. ગુજરાત સરકારે આ માટે યોજનાઓ બનાવીને તૈયારી કરી. વસાહતોને જોડતા રસ્તાઓની પણ અહીંયા ચર્ચા થઇ છે. સૌથી વધારે રસ્તાઓ શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં બની રહ્યા છે. હજુ પણ કઇ તકલીફ જણાતી હોય તો ચોક્કસ અમારું ધ્યાન દોરજો. વિકાસ માટે ક્યા પક્ષના છો, અમારે માટે શું બોલ્યા એ ક્યારેય જોયું નથી એટલે જ જનતાના આશીર્વાદ મળે છે. ધોલેરામાં માત્ર રસ્તાઓ માટે રૂ.૧૮૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ધોલેરા–મેગા સિટીનું શ્રી મોદી સાહેબનું સપનું સાકાર થઇ રહ્યું છે તે જોઇને અત્યંત ખુશી થાય છે. આદિવાસી વિસ્તારમાં મહિલા સશક્તિકરણ થઇ રહ્યું છે. આદિવાસી સમાજ માત્ર વૉટબેંક નથી. અમારે મન એ અન્ય રીતે કચડાયેલા અને પછાત રહી ગયેલા સમાજને મુખ્ય પ્રવાહમાં ભેળવવા માટે કામ કરવા ટેવાયેલા છીએ. તેમાં માતા શબરી અને ભગવાન વસે છે. અમારી સરકારે આદિવાસી યુવાનોને ઉદ્યોગ સાહસિક બનાવવા માટેનું બીડું ઝડપ્યું છે. આદિવાસી વિસ્તારોમાં પાંચ નવા ઔદ્યોગિક વસાહત સ્થાપવા જઇ રહ્યા છીએ. વનબંધુ હેન્ડહોલ્ડિંગ યોજના, વનબંધુ ઇન્ક્યુબેશન સેન્ટર, વનબંધુ કૌશલ્ય વર્ધન યોજના દ્વારા આદિવાસી યુવાનોને સીધી આર્થિક સહાય માટેની ટ્રેનિંગ અપાશે. માત્ર મતો લેવા માટે આદિવાસી ભણે નહીં, આગળ ન આવે, રોજગારી ન મળે, જો આદિવાસી ધંધો કરે તો સમજતો થાય અને સમજતો થાય તો મત ન આપે. કારણ કે તેને સાચા અને ખોટાની પરખ થાય. અમે એ રીતે નહીં પણ તેમના વિકાસ માટે કામ કરીએ છીએ. જી.આઇ.ડી.સી. માં કામ કરતી બહેન–દીકરી માટે વુમન્સ હૉસ્ટેલનો ક્યારેય કોઇએ વિચાર ન કર્યો, રાજ્યની ભાજપ સરકારે કર્યો. કામદારોના પરિવારો માટે આંગણવાડી, તબીબી સહાય જેવી સુવિધાઓ ઊભી કરવા અમે વિશેષ સહાય ફાળવી છે. કુટિર ઉદ્યોગો એ અતિ મહત્ત્વના છે અને ગરીબોનો આધાર છે. આ માટે રૂ.૯૭૯ કરોડની જોગવાઇ કરી છે. વાજપાઇ બેંકેબલ યોજના હેઠળ યુવાનોને ધંધો શરૂ કરવા માટે સબસિડી માટે રૂ.૪૯૪ કરોડ ફાળવવામાં આવેલ છે. પરંપરાગત કારીગરો એ માત્ર ગામડા પર નિર્ભર ન રહે, એને ઇ–કોમર્સ પ્લેટફોર્મ સાથે જોડીને વિશ્વના બજાર સુધી પહોંચી શકે એ પ્રકારના પ્રયાસો, એનું પ્રતિબિંબ આમાં દેખાય છે.

परिंदों को मंज़िल मिलेगी यकीनन, ये फैले हुए उनके पर बोलते हैं,
वो लोग रहेते हैं खामोश अक्सर, ज़माने में जिनकी हुनर बोलती है।

ઉપાધ્યક્ષશ્રી : માનનીય વિમલભાઇ, આપ શાંતિ જાળવો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ અમારા માનનીય નરેન્દ્રભાઇ મોદી હોય કે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ હોય. બોલ્યા વગર શાંતિથી કામ કર્યા કરવાનું. નવી બાબતોનું પણ ધ્યાન રાખીને ભવિષ્યના વિઝન સાથે કયારેક વિપક્ષના લોકો કહેતા હોય છે કે બજેટમાં નવું શું લાવ્યા? સરકાર નવું શું કરી રહી છે? નવું લાવીએ છીએ, નવું કરી રહ્યા છીએ એટલે જ....

ઉપાધ્યક્ષશ્રી : માનનીય વિમલભાઇ, આ બાજુ ધ્યાન રાખો. પાછળથી પણ અવાજ ન આવે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સાતમી વાર છીએ અને દીવાલે લખેલું સત્ય છે કે ૮મી વાર વર્ષ ૨૦૨૭માં પાછા આવવાના છીએ. ડબલ એન્જિનની સરકારે અનેક નવી બાબતોનો વિચાર કરીને સપનામાં પણ વિપક્ષે ન વિચાર્યું હોય એ પ્રકારનું આયોજન કર્યું છે. ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ગુજરાતે વેપાર માટે, દેશમાં જ નહીં આખી દુનિયામાં ડંકો વગાડ્યો છે. ઇતિહાસમાં પહેલી વખત નિકાસ વધારવા પ્લાનિંગ કરી રહ્યા છીએ. આ માટે રૂ.૫.૯૦ કરોડની જોગવાઇ એ કદાચ અમારા સાથી વિપક્ષના સભ્યોને ખબર નહીં હોય કે નિકાસકારોને સપોર્ટ કેવી રીતે થાય? કારણ કે, નિકાસ માટે થઇને એક્સપોર્ટ કરવું પડે. પણ એમણે નેતા ઇમ્પોર્ટ કર્યા છે. એટલે કદાચ ખબર ન હોય. કારણ કે, ઇમ્પોર્ટ થયેલા નેતાઓની રાજનીતિ ભારતમાં કરવાની હોય તો એ ધ્યાનમાં ન આવે કે આમાં તો ઇમ્પોર્ટ કરવાવાળા છે. એમાં પણ આખો દેશ સોંપવાવાળા. પણ દેશ એટલો હોંશિયાર છે કે દરેક વખતે ઇમ્પોર્ટ થયેલા લોકો ફેઇલ થાય છે. આ સોનિયાબેનની વાત છે. નામ ન લેવાય પણ તમારા નેતા છે. આમાં સ્વદેશી જોઇએ અને સ્વદેશીમાં પણ આત્મનિર્ભરની વાત કરી શકે એ માત્ર ને માત્ર નરેન્દ્રભાઇ મોદી જ હોય. ૧૨૦ નાની–મોટી જી.આઇ.ડી.સી., એમ.એસ.એમ.ઇ.ના એકમો માટે ડ્રેનેજ, રસ્તાઓ, અન્ય જરૂરિયાતો, માળખાકીય નવીનીકરણ માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ, જી.આઇ.ડી.સી. ને સ્માર્ટ અને ગ્રીન ઔદ્યોગિક વસાહતો બનાવવા માટે અલગ પ્રકારની જોગવાઇઓ, જી.આઇ.ડી.સી.ને જોડતા રસ્તાઓની સ્વચ્છતા. આ વિચાર પહેલી વખત માનનીય વડાપ્રધાનશ્રીએ દેશને આપ્યો. આ માટે હું માનનીય ભૂપેન્દ્રભાઇ અને માનનીય નાણામંત્રીશ્રી ભામાશા કનુભાઇ અને શ્રી હર્ષભાઇને વિશેષ અભિનંદન આપું છું. સેન્ટ્રલ ફોર એક્સેલન્સના કામદારોના કલ્યાણ માટે વિકસિત

ગુજરાત ૨૦૪૭ ફંડ હેઠળ ઔદ્યોગિક વસાહતોમાં કામ કરતી મહિલાઓ માટે મહિલા હોસ્ટેલની વ્યવસ્થાઓ કરવા સેન્ટ્રલ ઓફ એક્સેલન્સ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આદિવાસી યુવાનોના સશક્તિકરણ માટે ટ્રાયબલ ઔદ્યોગિક પાર્ક બનાવવા માટેની રૂ. ૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઔદ્યોગિક સાહસિકો અને આદિવાસી યુવાનો માટે ૩ નવી યોજનાઓ અમલમાં મૂકી છે. શું લાવ્યા? માનનીય કાંતિભાઇ, આ લાવ્યા છીએ. અહીંયા બેઠાં બેઠાં ચર્ચા કરો છો કે કઇ યોજના લાવ્યા?, એના કરતાં પહેલાં બજેટ જુઓ અને પછી ચર્ચા કરો. આ બજેટમાં કંઇ નથી એનો હું જવાબ આપી રહ્યો છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કાન્તીભાઇ, વારંવાર યોગ્ય લાગતું નથી. આપ શાંતિ જાળવો.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ યુબેસન્સ સપોર્ટ, વનબંધુ કૌશલ્યવર્ધન, વનબંધુ એનોર્લિંગ સપોર્ટ જેમાં રૂ ૨ લાખ સુધીની આર્થિક સહાયની જોગવાઇ કરવામાં છે. માનનીય અધ્યક્ષશ્રી આવી ગયા છે એટલે મારે માનનીય કાન્તીભાઇની વાત ફરીથી મૂકવી પડશે. વનબંધુ માટે અવનવી યોજનાઓ સરકાર લાવી છે. મારી આપ સૌને વિનમ્રતા ભાવે વિનંતી છે કે બજેટ જુઓ, વાંચો અને સમજો. ટી.વી. કે મીડિયા જોયું નથી કે બોલવા નીકળી ગયા કે બજેટમાં કંઇ નથી. બજેટમાં નવું કંઇ નથી. એકની એક વાત સાંભળીને હવે તો મને લાગે છે કે ટી.વી. ના પાડી દેશે કે તમારામાં કંઇ નથી. સ્ટાર્ટઅપ ઇનોવેશન યોજના હેઠળ યુવાનોના દર મહિને રૂ. ૨૦ હજાર, મહિલા સ્નાતક માટે રૂ. ૨૫ હજાર, કોઇ નવા આઇડિયાને પકડવાનું કામ માનનીય મોદી સાહેબ અને માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારે કર્યું છે ત્યારે રૂ. ૩૦ લાખ સુધીનો સીડ સપોર્ટ આપવા માટે રૂ. ૬૮.૧૪ કરોડની જોગવાઇ કરી યુવાનોને સીધી સહાય ચૂકવી છે. હું કહેતો નથી આ ભારતની સરકાર કહી રહી છે. મને ઓથોન્ટીસીટી સાથે ગૃહમાં જણાવતાં આનંદ થાય છે કે નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગ ફ્રેમવર્કમાં વર્ષ ૨૦૧૮, વર્ષ ૨૦૧૯, વર્ષ ૨૦૨૧, વર્ષ ૨૦૨૨ અને તાજેતરમાં જાન્યુઆરી ૨૦૨૬માં જાહેર થયેલા વર્ષ ૨૦૨૩-૨૪ના રેન્કિંગમાં સળંગ પાંચ વખત ગુજરાત દેશમાં પ્રથમ દેશ પરફોર્મર તરીકે જાહેર થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇન્સ્પેકટર રાજ માત્ર ઉદ્યોગમાં ન હતું. પોલીસ સ્ટેશનોમાં પણ ઘણા વર્ષો સુધી ચાલ્યું. બિવડાવે જ રાખવાના. એફ.આઇ.આર. પણ નહીં નોંધવાની. એ નોંધાવવાની શરૂઆત ભા.જ.પ.માં માનનીય કેશુભાઇએ કરવી પડી. કોઇ વ્યક્તિ દુઃખી થતો હોય એટલે ઇન્સ્પેકટર રાજનો ખાતમો બોલાવવાનો નિર્ણય માનનીય ભૂપેન્દ્રભાઇની ભારતીય જનતા પાર્ટીની સરકારે લીધો છે અને એના માટે ઘણાબધા રીફોર્મ્સ કર્યા છે. ઇન્સ્પેકટર રાજથી વેપારીઓ થરથર ધ્રુજતા હતા. અનેક નીતિઓ બનાવી. જેલની ધમકીઓ આપતા હતા. જેલમાં પૂરી દઇશું. અમારી સરકારે પારદર્શક નીતિઓ બનાવી. ટેકનોલોજીનો ઉપયોગ કર્યો. ફેસલેસ નીતિઓ આવી. એકબીજાને મળવાનું જ ના આવે એટલે ઇન્સપેક્ટર રાજ ખતમ થઇ ગયું. સરકારે ઇઝ ઓફ બિઝનેસને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા માટે થઇને ગુજરાત જનવિશ્વાસ અધિનિયમ ૨૦૨૫ પસાર કર્યો છે. તે હમણાં જ થયો છે. આપના અધ્યક્ષસ્થાને આ ગૃહમાં થયો છે. આ ઐતિહાસિક કાયદામાં ૧૧ અધિનિયમોમાં કુલ ૫૧૬ જોગવાઇઓ ગુનારહિત કરી દીધેલ છે અને ઇન્સ્પેકટર રાજ ખતમ કરી દીધા છે એના કારણે વેપારીઓને રાજ્યમાં શાંતિની અનુભૂતિ થઇ રહી છે. નાની મોટી ટેકનિકલ ભૂલો માટે હવે કોઇ દંડાશે નહીં કે જેલ નહીં થાય. સામાન્ય દંડ લઇને એને રેગ્યુલરાઇઝ કરી દેવાનો નિર્ણય સરકારે કર્યો છે જેથી ઉત્પાદક અને નાના દુકાનદારોને કાયમી દંડમાંથી મુક્તિ મળી છે. બિઝનેસ રીફોર્મ એકશન પોલિસી-૨૦૨૪, ગુજરાત આજે ટોપ એચીવર છે. એનો આનંદ સમગ્ર રાજ્યની જનતાને અને ધારાસભ્યોને છે. એ વિપક્ષને તો હોય જ, બોલી ન શકે એ જુદી વાત છે. ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે આગળ આવી ગયું છે. ગુજરાત દેશનું ટેક્સટાઇલ સ્ટેટ ઓફ ઇન્ડિયા બની ગયું છે. આ યોજના હેઠળ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં રૂપિયા ૬૭ હજાર કરોડથી વધારે મૂડીરોકાણ અને ૨ લાખથી વધુ રોજગારી ઊભી થઇ છે. ક્યારેક કહેતા હોય છે કે શું થયું? અમે ત્યાં સામાન્ય જનતામાં પ્રવચન આપવાના હોઇએ ત્યારે કહીએ છીએ કે આ કર્યું. અમે કરી રહ્યા છીએ. જી.આઇ.ડી.સી. ધોલેરામાં સેમિકન્ડકટર, આખા દેશ અને ગુજરાતને ખબર છે કે ચીપ કોને કહેવાય, સેમિકન્ડકટર શું કહેવાય? આના માટેની નીતિ બનાવી. સેમિકન્ડકટર નીતિ એ દેશની પહેલી નીતિ છે. સેમિકન્ડકટર છે એ મોબાઇલ, આઇપેડ આ બધામાં ચીપ્સ વપરાય. એમાં ઇમ્પોર્ટ થયેલ ચીપ્સ ન ચાલે. મેઇક ઇન ઇન્ડિયા એનાથી ફાયદો થાય. જી.આઇ.ડી.સી.માં ૩૧ સ્થળોએ ડબલ એન્જિનની સરકારે ઔદ્યોગિક વસાહતો સ્થાપવાની શરૂઆત કરી અને કબજો લીધો. પહેલા સરકારી જમીનના કબજા લઇ લે અને અહીં ચર્ચા થાય કે ખાલી ન કરાવો અને વિકાસની વાત કરે. શું આપણે એમને એમ આપી દેવાનું છે? હા, એમનું ધ્યાન રાખવાની સરકારની જવાબદારી છે પણ એ નીતિ નિયમ મુજબનું હોવું જોઇએ. વોટબેન્કની રાજનીતિ માટે આડેધડ જેને જે કરવું હોય એ કરે. અમે તમારા મસીહા છીએ એવું કર્યું એટલે તમે હારી ગયા છો. અમે વિકાસની રાજનીતિમાં એમને પણ સાચવીએ છીએ. નીતિ નિયમ મુજબ થતું હોય એ એમને પણ આપીએ છીએ. કારણ કે અન્યાયનું લઇને અન્યને આપવું એ પણ અન્યાય છે. ન્યાયની રીતે આપવાની વ્યવસ્થાઓ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણની રક્ષા માટે અલગ અલગ પ્રકારે સાયખામાં, સરીગામમાં ડીપ-સી ડિસ્ચાર્જ પ્રોજેક્ટ, આ લોકોને તમારા અધ્યક્ષસ્થાને ક્યારેક ડીપ-સીમાં લઇ જવા છે. ભરોસો રાખજો અધવચ્ચે દરિયામાં મૂકીને નહીં આવીએ. તમે આવજો. (અંતરાય)

તા.૧૦મી માર્ચ, ૨૦૨૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, તમે તમારા સ્થાન ઉપર બેસો. તમે બેસો (અંતરાય) તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કે અહીંથી પરમિશન ન આપું તો તમે ઊભા થઇને કે બેઠાં બેઠાં કોમેન્ટ ન કરી શકો. મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે. યોગ્ય ન લાગે તો પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કરી શકો છો. પણ બેઠાં બેઠાં કોમેન્ટ કરો એ યોગ્ય નથી. (અંતરાય) બેઠાં બેઠાં બોલે એનો જવાબ ન આપો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : જેના નેતા ડુબાડવા બેઠા હોય એને અમે શું ડુબાડીએ. એની મેળે ડૂબી જાય.

માનનીય અધ્યક્ષશ્રી, મને એવું લાગે છે કે આ મોબાઇલની ચીપ ચીન અને તાઇવાન બનાવતું હતું. હવે આપણા ધોલેરામાં બને છે અને આ પહેલું રાજ્ય છે કે, અમે આ નીતિઓ લાવ્યાં છીએ. ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિકસ રૂ.૯૧,૦૦૦ કરોડ, ટાટાને આપી દીધું, ટાટા દઇ દીધું, ટાટાએ અહીંયા શું આપ્યું? દેશનો પહેલો સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ આકાર લઇ રહ્યો છે. સાડા ત્રણ લાખ કરોડ રૂપિયાની ઇકો સિસ્ટમમાં દેખાય રહ્યું છે કે કેટલા કરોડ રૂપિયા માત્ર ધોલેરામાં ચાર-સાડાચાર લાખ કરોડ રૂપિયાનું રોકાણ આવે. અહીંયા ગિફ્ટ સિટી બન્યું ત્યારે વાત કરતા હતા કે ગિફ્ટ સિટીમાં શું થશે? જેમ અમે પાણી લાવ્યાં, મોટી મોટી લાઇનો નાખી, સૌની યોજના લાવ્યા, ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ લાવ્યા ત્યારે એવું કહેતા હતા કે ભૂંગળામાં હવા આવશે. જોવા આવો, એમાં નર્મદાનું પાણી આવે છે એનાથી આજે ધરતી લીલીછમ થઇ રહી છે. એવી જ રીતે અહીંયા ચર્ચાઓ થતી હતી. આજે વૈશ્વિક કંપનીઓ ગિફ્ટ સિટીમાં આવે છે. ગિફ્ટ સિટીમાં જાય તો એ લોકોને થાય કે વિદેશમાં જઇ આવ્યાં કે શું? આ પ્રકારના મોટી સાહેબના વિઝન સાથે ધોલેરા આકાર લઇ રહ્યું છે ત્યારે એ આવનારા સમયની સેમિકોન સિટી માટે પહેલેથી તમામ વ્યવસ્થાઓ કરી છે. સેમિકન્ડક્ટર પોલિસી બની. કેટલીક કંપનીઓએ અહીંયા આવવાની વાત કરી ત્યારે એમ.ઓ.યુ. થયા હતા. એમના માટે એમને જોઇતી હોય એ પ્રકારની સારામાં સારી હૉસ્પિટલો, સ્કૂલો. કારણ કે એ બધા ફોરેનથી આવવાના છે, એ અહીંયાં કામ કરવા આવવાનાં છે.

અધ્યક્ષશ્રી : ગિફ્ટ સિટીની આપ વાત કરો છો, પરંતુ ગિફ્ટ સિટી વિસ્તારના માનનીય ધારાસભ્યશ્રી અલ્પેશભાઇ ઠાકોર ત્યાં માનનીય ધારાસભ્યશ્રીઓ માટે જમણવાર રાખે તો માનનીય ધારાસભ્યશ્રીઓ બધું જોઇ શકે ને? એવું કંઇક આયોજન તમારે કરવું જોઇએ. માનનીય અલ્પેશભાઇ મંત્રીશ્રી સાથે કંઇક આયોજન કરીને..

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આવતા અઠવાડિયે ગિફ્ટ સિટીમાં બધા જ ધારાસભ્યશ્રીઓ માટે જમણવાર ગોઠવી દઇએ. રાત્રિના સમયે ગોઠવીશું એટલે એમને ખબર પડે. હમણાં માનનીય શ્રી જીતુભાઇ કહેતા હતા કે ગિફ્ટ સિટીમાં આવો એટલે તમને ફોરેનનું ફિલિંગ આવે. ત્યાં આવો એટલે તમને સિંગાપુરનું ફિલિંગ આવે એવું ગિફ્ટ સિટી બન્યું છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, પણ ફિલિંગ ઇટલીનું લેવું હોય તો ના આવે. સિંગાપુરનું આવે. રમત-ગમત અને યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિભાગની મેં વાત કરી. એમના વખતે કેટલું બજેટ હતું? આજે કેટલું છે? આ ઉપેક્ષિત વિભાગ હતો. એને સજીવન કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય હર્ષભાઇ આ વિભાગ સંભાળી રહ્યા છે ત્યારે હું બંનેને અભિનંદન આપું છું. માત્ર ને માત્ર ટાઇમ પાસ કરવા માટેના વિભાગો હોય એવી સ્થિતિ એક વખતના વિપક્ષના શાસનમાં હતી. રમત ગમતનું બજેટ હતું તેના મેં તમે આવ્યા પહેલાં આંકડા આપ્યાં છે. અત્યારે એ બજેટ જેટલું એક મેદાન બનાવીએ છીએ. એક મેદાન રમતવીરો માટે થઇને બજેટ હતું. સાહેબ, કેટલા યુવાનો રાજી થતાં હશે? આખી વ્યાખ્યા માનનીય ભૂપેન્દ્રભાઇની ડબલ એન્જિનની સરકારે (અંતરાય) મેં આંકડા આપ્યા છે તમે મારો સમય બગાડો છો, મારે દોઢ વાગ્યા સુધીમાં પૂરું કરવું છે. નહિતર ફરી વખત આંકડા આપત. રૂ. ૨૦૦૬ કરોડ, માનનીય શૈલેષભાઇ સમય વધારવાનો અધિકાર આપો છો?

અધ્યક્ષશ્રી : ના, ના, એમને નથી કહેવાનું, તમે મારી સામે જોઇને બોલો. આપ બેઠાં બેઠાં ઇશ્યું ઊભો ના કરો. આપ બેસોને. પ્લીઝ, તમે બેસો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, રૂ. ૨૦૦૬ કરોડની માતબર જોગવાઇ કરી છે ત્યારે આ યુવાનોને (અંતરાય) એ કશું ના કરે, મોઢા સિવાઇ જાય પણ ભા.જ.પ.ની સરકારે રમત ગમત ક્ષેત્રે રૂ.૧૩૩૧ કરોડની જોગવાઇ કરી છે. યુવાનોને ઉશ્કેરવાથી કંઇ ના થાય. યુવાનોને શું આપ્યું? યુવાનો બેરોજગાર છે. યુવાનોને તકો મળતી નથી. આ એકની એક વાત. હમણાં ડીપ-સીની વાત કરી ત્યારે એક અમારા ખાસ મિત્ર છે પણ એ ઊભા થઇ બોલ્યાં, રેકર્ડ ઉપર નહીં, એ જાહેરમાં પણ બોલ્યા હતા. પણ સાંભળ્યું નહીં. ભા.જ.પની સરકાર ફરી વખત શું લેવા આવી? તેનું કારણ છે અમે સાચું કરી રહ્યાં છીએ. અમદાવાદને ઓલિમ્પિક રેડી સિટી બનાવવા માટે સરદાર વલ્લભભાઇ પટેલ સ્પોર્ટસ એન્કલેવ માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જિલ્લામાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ હોય તેના માટે તો મેગા સિટીમાં જવું પડે આ એક માન્યતા હતી. મને કહેતા આનંદ છે કે, તેના માટે રૂપિયા ૧૬૫ કરોડ, ગાંધીનગર, અમદાવાદની માળખાકીય સુવિધાઓ માટે રૂપિયા ૧૦૧ કરોડ, ઓલિમ્પિક કક્ષાનું ઇન્ફ્રાસ્ટ્રકચર બનાવવા માટે રૂપિયા ૧૦૦ કરોડ આ પ્રકારની જોગવાઇઓ કરી છે. વૈશ્વિક કક્ષાના હોકી સ્ટેડિયમ તેના માટે ૯૦ કરોડ રૂપિયા, હોકી મારવા માટે નહીં રમવા માટે. મારવાનું તો મેદાનમાં આપણે જ્યારે આવે ત્યારે મારી જ લઇએ છીએ. (અંતરાય) તે જોવા માટે દૃષ્ટિકોણ બદલવો પડે. કોઇ વખત એવું કહેવાય કે તેનાં માટે ચશ્માના નંબર બદલવા પડે પણ હું તો એમ કહું છું કે ખાલી ચશ્માના ગ્લાસ અને નંબરો માટે ગ્લાસ બદલાવાની જરૂર ના હોય

ડાંડલી બદલાવવી પડે અને ઇટલીથી આવેલાં ચશ્માં તો તોડી જ નાંખવા પડે તો જ મેળ પડે અને તો જ આ સમજાય. (અંતરાય) બીવડાવવાની વાત,

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, આપ પોતાની વાત ચાલુ રાખો તેમનો જવાબ આપવાની જરૂર નથી.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, શારીરિક રીતે સક્ષમ ખેલાડીઓ, ડીવાઇન ખેલાડીઓ તે પોતાના મનોબળથી આ દેશનું નામ રોશન કરી રહ્યા છે. તેના માટે ગાંધીનગરમાં પેરા હાઇ પર્ફોર્મન્સ માટે રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ. હું તો આ બધી જોગવાઇઓ, આંકડાઓ બોલી રહ્યો છું તેમાં કયારેક કયારેક એ બોલે તેનો જવાબ આપું છું. મને બોલવા દો તો મારે કશું જ નથી બોલવું હમણાં જ સાહેબ મારી વાત કરી અને પૂરી કરી દઉં. આ મને ડિસ્ટર્બ બહુ કરે છે એટલે મારું ધ્યાન જાય છે.

અધ્યક્ષશ્રી : તેમને આપના માટેનો પ્રેમ છે એટલા માટે તે કરે છે, પરંતુ એવું નહીં કરો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી,

मंज़िलें उन्हीं को मिलती हैं, जिनके सपनों में जान होती है,
पंखों से कुछ नहीं होता, हौंसलों से उडान होती है।

તેના માટે તો હોંસલા જોઇએ. સાહેબ હવે પંખાના પાંખડા નહીં ખાલી ખોખા થઇ ગયા છે. વર્લ્ડ કલાસ ટ્રેનિંગ સુવિધાઓ તે પાંખો આપી રહ્યા છે. ખેલ મહાકુંભ એ માત્ર ખેલ મહાકુંભ નથી રહ્યો એ રમત ગમતનું આંદોલન બની ગયુ. ખેલ મહાકુંભ એ ગામડામાં બેઠેલી વિસરાય જતી રમતો, વર્તમાન રમતો, ભવિષ્યમાં કયાં પહોંચવું છે તેના માટે થઇને એ રમત ગમતને લોકોએ આંદોલન બનાવી દીધું. લાખો લોકોએ ખેલ મહાકુંભની અંદર ભાગ લીધો. પોતાની તંદુરસ્તી, ખેલ, પોતાના વૈચારિક મનોબળ, પોતાનું વૈચારિક સ્તર એ પણ એનાથી ઉંચુ આવ્યું અને માનનીય વડાપ્રધાનશ્રીએ તેની શરૂઆત કરી એ વખતે વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૬.૫૦ લાખ રમતવીરો જોડાયેલાં હતા તે તમામ રેકર્ડ તોડીને ૭૨ લાખથી વધારે રમતવીરો આમાં જોડાયાં. અનેક દીકરા-દીકરીઓ, યુવાનોએ આ રમતવીરોને સરકારી કાર્યક્રમોમાં, પ્રાઇવેટ કાર્યક્રમોમાં જોયા છે. એને મેડલ આપતા હોય, તેને સર્ટીફિકેટ મળ્યું હોય, તેને ઇનામ પ્રાપ્ત થયુ હોય, તેને પ્રોત્સાહન મળ્યું હોય એ રમતવીર તો ઠીક આપને ત્યાં પણ બનાસકાંઠાની અંદર કેટલા બધા રમતવીરો આમાં ભાગ લે છે અને તેનો પરિવાર કેટલો ખુશ હોય છે એ અમને કહે કે ખેલ મહાકુંભમાં ભાગ લીધો અને અમારા દીકરા-દીકરીને આ સર્ટીફિકેટ મળ્યું, તેમને મેડલ મળ્યું, તેમને પ્રોત્સાહન મળ્યું એમનું મનોબળ વધારવાનું કામ એ રમતવીરો માટે થઇ રહ્યું છે. તેના માટેની ટ્રેનિંગો, તેના માટેની સિદ્ધિઓ, તેના માટે થઇ મહેનત કરવી પડે. જેમ માનનીય નરેન્દ્રભાઇએ જે મહેનત કરી તેમ રાતોરાત મહેનત વગર કંઇ પ્રાપ્ત પણ ના થાય, રાતોરાત નેતા પણ ના થવાય. બહાર ભણવા ગયા હોય અને પછી અહીંયા આવી જઇએ અને પછી ભારતનું કંઇક લેવા જઇએ તેના માટે પરિશ્રમ કરવો પડે, એના માટે દેશને સમજવો પડે, દેશની સંસ્કૃતિ સમજવી પડે, રાતોરાત ગાંધી નથી થવાતું. કોઇના કુટુંબમાં જન્મ થઇ જવાથી નેતા તરીકે દેશ ના સ્વીકારી લે, એના માટે પરિશ્રમ કરવો પડે. જે અમે આ ખેલજગતમાં કરી રહ્યા છીએ. આ વિભાગમાં કરી રહ્યા છીએ ત્યારે વિજેતા પેદા થતો હોય છે. એના માટે થઇને ઇ-સ્કૂલ યોજના હેઠળ ૨૩૦ શાળાઓમાં ૧.૨૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે ૪૪૧ નિષ્ણાંતો, ટ્રેનર દ્વારા ટ્રેનિંગ અપાઇ રહી છે. ૫ ખેલાડીઓને રાષ્ટ્રીય મેડલ, ખેલમહાકુંભમાં જઇ રાષ્ટ્રીય કક્ષાએ-ઇન્ટરનેશનલ કક્ષાએ એ ખેલાડીઓ ઝળકયા છે એનો મને આનંદ છે એના માટેની જોગવાઇઓ કરી છે. ત્યારે સ્પોર્ટસ જિલ્લા કક્ષાની સ્કૂલ અને એના આધાર ઉપર એમાં એમને એડમિશનો, એમાં ખેલાડીઓમાં રાષ્ટ્રીય કક્ષાએ ૧૭૦, રાજય કક્ષાએ ૧૯ અને ૩૮ મેડલ જીત્યા છે. એક વર્ષમાં ૯૫ કરોડથી પણ વધારે ખર્ચ આ સ્કુલોની અંદર થયો છે. આંકડા એ આંકડા નથી, આ મેડલ એ ગુજરાતના યુવાનોના પરસેવાની કમાણી છે અને એને ઉજાગર કરવાનું કામ શકિતદૂત એકેડેમી એ ચેમ્પિયન બનાવવાની ફેકટરી છે. શકિતદૂત યોજના એના માટે થઇને અલગ-અલગ ખેલાડીઓ, અલગ-અલગ જોગવાઇઓ રૂ. ૨.૩૧ કરોડની સહાયો એ પણ આપી રહ્યા છે ત્યારે સાંસ્કૃતિક વારસો આ યુવાનોમાં જળવાઇ રહે, ગ્રંથાલયો, વાંચનાલયો એમના માટેની જોગવાઇઓ, પુરાતત્ત્વ સંગ્રહાલય ક્ષેત્રે રૂ. ૨૨૬ કરોડની જોગવાઇ કરી છે. યુવાનોને પુસ્તકો અને જ્ઞાન સાથે જોડવા રૂ. ૧૮૨ કરોડની જોગવાઇઓ સાથે નિર્ધાર કર્યો છે. તમામ પ્રકારની યુવાનોને સગવડ મળે, જિલ્લા અને તાલુકાના ગ્રંથાલયો હોય, કોઇ કલ્પના ના કરી શકે એના માટે રૂ. ૧૨૮ કરોડ નવરચિત ૧૭ તાલુકા મથકોએ નવા ગ્રંથાલયો નક્કી કરવાનું આયોજન કર્યું છે. ખંડેર થઇ જતા, બંધ થઇ જતા, હતા કે ન હતા ખબર ન હતી એને સજીવન કરીને આગળ લઇ જવાનું કામ કર્યું છે ત્યારે સ્કૂલ ગેમ્સમાં ગુજરાતનો દબદબો છે. એના માટે ટ્રેનિંગો, વારંવાર વિપક્ષ પૂછતો હોય છે કે રમત-ગમતમાં કયાં છીએ? તો સાંભળો, સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા યોજતી રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ગુજરાતનો ડંકો વાગી રહ્યો છે. સન ૨૦૨૪-૨૫ નેશનલ સ્કૂલ ગેમ્સની અંદર આપણા ગુજરાતના દીકરા-દીકરીઓને ૩૨ ગોલ્ડ, ૩૧ સિલ્વર, ૩૪ બ્રોન્ઝ એમ કરીને ૧૧૭ મેડલ એ ઇતિહાસ રચ્યો છે. સન ૨૦૨૫ -૨૬માં ચાલી રહેલી ૭૯મી નેશનલ ગેમ્સમાં પણ તા. ૨૭ જાન્યુઆરી સુધીમાં આપણા ખેલાડીઓએ ૧૭ ગોલ્ડ અને ૮૪ મેડલ એ પોતાના નામે, ગુજરાતના નામે કરી ચૂકયા છે. રાષ્ટ્રીય મંચ પર આ યુવાનો જાય એમના માટે ખેલ પુરસ્કાર પ્રોત્સાહન, અલગ અલગ પ્રકારે એમને સર્ટિફીકેટ, એમને માટે ટ્રોફી, એમના માટે રોકડ પુરસ્કારો, એના માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ ૧૮૫૦ રમતવીરો રૂ.૨૮ કરોડ ૫૯ લાખ અને એની ઉપર ૧૪ હજારનો ચાંદલો એમ કરીને રોકડ

પુરસ્કારો ચૂકવ્યા છે. કદર કિંમત કી નહીં કદર કમાલ કી હોતી હૈ, કદર કિંમત એટલે મદદની વાત છે. કિંમત તો બધા માણસની કરવી પડે, માત્ર પૈસાની જ નહીં,

कद्र किंमत की नहीं, कद्र तो कमाल की होती है,
जो बहाते हैं पसीना मैदान में, इनकी जीत बेमिसाल होती है।

માનનીય અધ્યક્ષશ્રી, જેમ કે મોદી સાહેબ ત્રણ-ત્રણ વખત ચૂંટાયા. મેદાનની અંદર પસીનો વહાવ્યો. ગુજરાતમાં સાત વખત ચૂંટાયા. ગુજરાતમાં પસીનો વહાવ્યો. અમારા કાર્યકર્તાઓ પણ પ્રજા માટે પસીનો વહેવડાવે છે ત્યારે બેમિસાલ સફળતા મળે છે. મને કહેતા આનંદ થાય છે કે, આ સહાય એ ઓનલાઇન કરવામાં આવી છે, કોઇ વચેટિયા નહીં, કોઇ દીવેટિયા નહીં, કોઇ એજન્ટો નહીં, કોઇ ફોર્મ ભરવાના નહીં, બધું ઓનલાઇન કરવાનું.અને યુવાનોના ખાતામાં મળી જાય છે. નિવૃત્ત રમતવીરોને વૃદ્ધાવસ્થામાં તકલીફ ન પડે એ માટે નિવૃત્ત રમતવીર પેન્શન યોજના પણ છે. સ્પોર્ટ્સ યુનિવર્સિટીઓ, ખેલો ઇન્ડિયા, વેસ્ટ ઝોન અને છેક જર્મનીમાં યોજાયેલી 'વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ' સુધી પહોંચ્યા છીએ ત્યારે એથ્લેટિક, જુડો, વૉલીબોલમાં પણ ૩૫થી વધુ મેડલ પ્રાપ્ત કર્યા છે. વર્લ્ડ કલાસ ટર્ફ પર રમી શકે એના માટે નવીન એસ્ટ્રો ટર્ફ હોકી ગ્રાઉન્ડ માટે રૂ.૧૫.૫૩ કરોડ ફાળવ્યા છે. ઓલિમ્પિક કોમનવેલ્થ ગેમ ભારત દેશના ગુજરાતમાં આવવા માટે ટકોરા મારી રહી છે. એ આપણા માટે ગૌરવની વાત છે. હું માનનીય મોદી સાહેબને, શ્રી ભૂપેન્દ્રભાઇને અને શ્રી હર્ષભાઇને રમતવીરો અને યુવાનો વતી અભિનંદન આપું છું. ગુજરાત હવે કોઇ નાની-મોટી ટુર્નામેન્ટ માટે નહિ પણ વર્ષ ૨૦૩૦ની કોમનવેલ્થ માટે અને ભવિષ્યની ઓલિમ્પિક ગેમ્સની યજમાની કરવાની ઐતિહાસિક તૈયારીઓ કરી ચૂક્યું છે. ખેલો ઇન્ડિયા દ્વારા રમતવીરોને પ્રોત્સાહન આપવાનું કામ થયું છે ત્યારે સોલાર લાઇબ્રેરીનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪નું આ વિભાગનું બજેટ માત્ર રૂ.૫૬૭ કરોડ હતું જેની સામે રૂ.૨૦૦૬ કરોડની જોગવાઇ કરીને માત્ર ૩ વર્ષમાં ૨૫૩ ટકાનો ઐતિહાસિક વધારો આવનારી કોમનવેલ્થ ગેમ માટે કરી રહ્યા છીએ ત્યારે આપણો રમતવીર આખી દુનિયાની આંખમાં આંખ નાખીને ઊભો છે ત્યારે એ માત્ર વાઇબ્રન્ટ ગુજરાત નથી રહ્યું પણ ચેમ્પિયન ગુજરાત બની ગયું છે. **अब हवा ही करेंगी रोशनी का फैसला, जिस दिये में जान होगी, वही दिया रहेगा।**

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેન્દ્રભાઇ મોદીની હવા પૂરપાટ ચાલી રહી છે. એ હવામાં ભારતની જનતા જોડાઇ ગઇ છે. કેટલાંક સામે હતા એ પણ જોડાઇ ગયા છે. હજી કેટલાંક રાહ જોતા હોય તો આ હવામાં જોડાઇ જવાનું આમંત્રણ આપું છું. શ્રી નરેન્દ્રભાઇ મોદી ભારતના ચેમ્પિયન બન્યા અને વિશ્વના ચેમ્પિયન બનવા તરફ આપણે દોડ માંડી રહ્યા છીએ ત્યારે આપણે અનેક ઉત્સવો પણ કરી રહ્યા છીએ. હમણાં અહીં અંબાજીની વાત થઇ. અંબાજીના વિકાસની સામે વાંધો છે. ત્યાં જેને નુકસાન થશે એમની ચિંતા સરકાર કરશે. વાઇબ્રન્ટ નવરાત્રી થાય એનો વાંધો. વાઇબ્રન્ટ સમિટ થાય એનો વાંધો. આવા ઘણા બધા વાંધાઓ એ લોકો લઇ રહ્યા છે ત્યારે અમે અવિરતપણે એની ચિંતા કર્યા વગર માના આશીર્વાદથી જનતાની સેવામાં લાગવાના છીએ. અમે તમામ ધર્મસ્થાનોનો વિકાસ કરવા માટે સંકલ્પબદ્ધ છીએ. સનાતન ધર્મ માટે સંકલ્પબદ્ધ છીએ. અમને કોઇ છોછ નથી. અમે સનાતની છીએ. સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી પદયાત્રા, બિરસામુંડાની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે આદિવાસીઓની સંસ્કૃતિ જાળવતી યાત્રાને સાચી શ્રદ્ધાંજલિ કહેવાય. પહેલા આવું કાંઇ સાંભળ્યું નહોતું. કલા મહાકુંભ, યુવા મહોત્સવ આ બધાની વચ્ચે મને કહેતાં આનંદ છે કે આકાશ અને પર્વતોને પણ આપણો યુવા આંબી રહ્યો છે. સરકાર એને પીઠબળ પૂરું પાડી રહી છે ત્યારે ગુજરાત મેદસ્વિતામુક્ત બને એની પણ ચિંતા કરી રહ્યા છીએ. એસ.ઓ.યુ.નો પણ વિરોધ કર્યો. માત્ર વિરોધ કરવાથી ન થાય. આખું વિશ્વ ત્યાં આવી રહ્યું છે. લાખો-કરોડો લોકો પ્રવાસન ક્ષેત્રે આવી રહ્યા છે ત્યારે મને આનંદ છે કે અલગ અલગ પ્રકારની અકાદમીઓ થકી આપણી સંસ્કૃતિની જાળવણીનું કામ આપણે કરી રહ્યા છીએ. બજેટમાં ૨૫૩ ટકાનો વધારો થયો છે. વિપક્ષના મિત્રો વર્ષો સુધી યુવાનોને આશ્વાસન આપતા રહ્યા પણ ગુજરાતના યુવાનો ઓલિમ્પિક મેડલ પર નિશાન તાકી રહ્યો છે. આજે ગુજરાતના સાહિત્યકારો પોતાની માતૃભાષાનું ગૌરવ લઇ રહ્યા છે.

तुफानों से आंख मिलाओ, सैलाबों पर वार करो,
मल्लाहों का चक्कर छोडो, तैर के दरिया पार करो।

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન ક્ષેત્રે શ્રી નરેન્દ્રભાઇએ કહ્યું હતું કે, **कच्छ नहीं देखा तो कुछ नहीं देखा।** શ્રી અમિતાભ બચ્ચન આપણા એમ્બેસેડર બને તેવી કોઇએ કલ્પના પણ કરી ન હતી. મને આનંદ છે કે ગુજરાત ટુરિઝમ પોલિસી, હેરિટેજ પોલિસી, હોમ સ્ટે પોલિસી, એવિએશન પોલિસી.

સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડક) : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પર ચર્ચાના જવાબમાં માનનીય મંત્રીશ્રીનું પ્રવચન અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમે સંમત છીએ.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે?(થોડીવાર બાદ) માગણીઓ પર ચર્ચાના જવાબમાં માનનીય મંત્રીશ્રીનું પ્રવચન અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર. હું પોલિટિકલ ચર્ચા નહીં કરું. શ્રી શૈલેષભાઇ અને વિપક્ષનો પણ આભાર માનું છું. મેં પહેલાં જ કહ્યું કે, એ લોકોએ પહેલી વખત ખૂબ સકારાત્મક વાતો કરી છે. એમણે સૂચનો કર્યાં છે, વિકાસની વાતો કરી છે એ પણ આવકારદાયક છે. મને આનંદ છે કે ઇન્ડિયા ટુરિઝમ ડેટા કમ્પેન્ડિયમ–૨૦૨૫નો રિપોર્ટ કહી રહ્યો છે કે વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટે આજે સમગ્ર દેશમાં ગુજરાત ત્રીજા ક્રમે છે. એ આપણા સૌ માટે આનંદ અને મહત્ત્વની વાત છે.

ખુશ્બુ ગુજરાત કી અબ પૂરી દુનિયા મેં છા ગઈ હૈ,
જો કભી વિરાન થે ઉન રાસ્તોં પે અબ રોનક આ ગઈ હૈ।

માનનીય અધ્યક્ષશ્રી, મેળા, ઉત્સવો, સંસ્કૃતિનો સમન્વય કરવાથી રોજગારીની નવી તકો પણ ઊભી થાય છે. વર્તમાન અને નવી પેઢી આપણી સંસ્કૃતિ અને સંસ્કારની જાળવણી કરી રહી છે. આ વર્ષે ૮મી જાન્યુઆરીએ સોમનાથ મંદિર પર મહમ્મદ ગજનીએ કરેલા હુમલાને એક હજાર વર્ષ પૂર્ણ થયા. આપણી આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસ અને સનાતનના પ્રતીક એવા પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મંદિર અનેક વાર તૂટ્યું પરંતુ એની આસ્થા ક્યારેય તોડી ન શક્યા. ભારતના લોખંડી મહાપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ જે ઉપેક્ષિત હતા, તે વખતે સોમનાથ મંદિરના જીર્ણોદ્ધાર માટે વડાપ્રધાન ના પડે કે અમે કંઇ નહીં આપીએ, આ રેકર્ડ ઉપર છે, દસ્તાવેજી પુરાવાઓ છે. તેઓએ ગામ પાસે ભીખ ન માગીને આ મંદિરના જીર્ણોદ્ધાર માટેના સંકલ્પને યોગાનુયયોગ ૭૫ વર્ષ પૂરા થાય ત્યારે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન નીચે તા.૮ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ભવ્ય ''સોમનાથ સ્વાભિમાન પર્વ'' ની ઉજવણીમાં સમગ્ર વિશ્વમાંથી, ભારતમાંથી, ગુજરાતના લોકો ભગવાનના આશીર્વાદ લેવા આવ્યા. તમારી ઉપર ઘા ભલે થયા અમારી આસ્થા ઉપર ક્યારે વિધર્મીઓ ઘા કરી શક્યા નથી પણ મને દુ:ખ એ વાતનું છે કે અહીંયા સોમનાથના વિકાસની વાત કરે છે તેમને આટલા દિવસના પર્વમાં મેં ક્યારેય જોયા નથી. ભગવાન સોમનાથ ઉપર પણ શ્રદ્ધા નહીં? જય સોમનાથ. જય સોમનાથ. આ સ્વાભિમાન પર્વમાં વોટબેંકની રાજનીતિ બાજુ પર મૂકીને ભગવાનના બધા પર આશીર્વાદ રહે અને અત્યારે જે રીતે છે એ રીતે કાયમ રહે. કારણ કે, બાર જ છે. એમાંથી ઓછા થાય એવા આશીર્વાદ અમને મળે. સાચી દિશામાં અમારા બધા મિત્રો ભગવાનના આશીર્વાદ લે એવી પણ પ્રાર્થના કરીએ છીએ. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ પતંગોત્સવ અને નવરાત્રિમાં માધવપુરનો મેળો જોવાલાયક છે. હું આપના વતી શ્રી હર્ષભાઇને કહેવા માગું છું કે આ બધાને લઇ જજો. રણોત્સવનો જે આંકડો છે એ ચોંકાવનારો છે. રણોત્સવમાં ગત વર્ષ ૧૦.૪૨ લાખ લોકો આવ્યા છે. એક ઐતિહાસિક વારસાને જાળવવાનું, વિકાસ કરવાનું અને ટુરિઝમ ક્ષેત્રે પણ કામ થયું છે ત્યારે અલગ–અલગ પ્રકારની સમિટો થઇ. મહેસાણામાં રૂ.૧૨૩૬ કરોડના રોકાણો આવ્યા, જેનાથી ૪૦૦૪ યુવાનોને રોજગારી પ્રાપ્ત થશે. રાજકોટ સમિટમાં રૂ.૧૫૨૭ કરોડના એમ.ઓ.યુ. થયા. જેનાથી ૨૯૭૩ નવી રોજગારી ઊભી થઇ છે. પી.પી.પી. મોડલ પણ આવ્યું. એમાં પણ રોકાણો માટે વ્યવસ્થાઓ કરી, પારદર્શિતા માટે પણ કામો કર્યા છે ત્યારે રાષ્ટ્રભક્તિ ઐતિહાસિક વારસાનું ગૌરવ જળવાઇ રહે એ માટે સરદાર વલ્લભભાઇ પટેલ જે શાળામાં ભણ્યા એ શાળાને હેરિટેજ તરીકે વિકસાવવાનો નિર્ણય કર્યો છે. જૂનાગઢમાં આરઝી હકૂમતના લડવૈયાઓને કૉંગ્રેસ ભૂલી ગઇ પણ આરઝી હકૂમત સ્મારક અને વિજય સ્તંભ બનાવવાના કામ માટે રૂ.૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હમણાં જ શિવરાત્રિ ગઇ. આ મહાશિવરાત્રિના ગુજરાતના કુંભ મેળામાં લાખો લોકોને મેં પ્રત્યક્ષ જોયા છે. માનનીય હર્ષભાઇને અને માનનીય ભૂપેન્દ્રભાઇને અભિનંદન આપું છું કે લાખો લોકોના આગમનથી આ વખતે પહેલીવાર ગુજરાત કુંભ બની ગયું. આપણી આસ્થા અને શ્રદ્ધાના મહાશિવરાત્રી કુંભમેળા માટે રૂ.૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી. નર્મદામૈયાની પરિક્રમા માટે રૂ.૪૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કોઇપણ દેશ કે રાજ્યના નકશામાં રસ્તાઓ એ તેની રક્તવાહિની છે. વાહન–વ્યવહારમાં એક રસ્તાનો નકશો હોય એમાં રક્તવાહિની જતી હોય એ રીતે લોકો મુસાફરી કરી રહ્યા છે. જી.એસ.આર.ટી.સી.ને અભિનંદન આપું છું કે જે પ્રકારે ટ્રાન્સપોર્ટેશનની કામગીરી કરે છે. પહેલાં ખખડધજ બસો હતી. સીટો તૂટી ગઇ હોય....

અધ્યક્ષશ્રી : ટૂંકમાં પૂરું કરો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, 'હાથ બતાવો અને બસમાં બેસો.' પણ પેલો હાથ નહીં આ હાથ. ટાયર પંચર પડ્યું હોય તો બીજી બસ બોલાવવી પડે. પેસેન્જરો ક્યાં જાય? પાંચસો બસો તો માત્ર આદિવાસી ક્ષેત્રમાં આપવાનું કામ કર્યું છે. જ્યાં જરૂર હોય ત્યાં હજારો બસો. ''ગુજરાતના આ રસ્તાઓ, જેણે બદલ્યા છે વિકાસના નકશાઓ ''વોલ્વો એ.સી.બસોએ પ્રયાગરાજમાં લાખો લોકોને લઇ જવાનું કામ કર્યું છે ત્યારે આ ડૂબકી શ્રદ્ધાની છે, આ ડૂબકી ભક્તિની છે, આ ડૂબકી સમર્પણાની છે. ગુજરાત ટુરિઝમનું પેવેલિયન બનાવ્યું. કોઇએ વિચાર પણ ન કર્યો. કુંભમેળા તો ઘણા સમયથી થાય છે. હું રાજ્યની સરકાર વતી ખાતરી આપું છું કે જ્યાં કુંભમેળા થશે ત્યાં અમારી વોલ્વો એ.સી.ની બસો યાત્રાળુઓને ભવિષ્યમાં લઇ જશે. આ પ્રકારના આયોજન સાથે આગળ વધ્યા છીએ ત્યારે સંકલ્પથી સિદ્ધિ સુધીના એરપોર્ટ જેવા બસસ્ટોપ બનશે. કલ્પના ન કરી શકીએ કે સગવડતા, સ્વચ્છતા અને વિદ્યાર્થીઓ માટે ટાઇમિંગ જાળવવાનું કામ કરી રહ્યા છે ત્યારે ડિજિટલ પેમેન્ટનું કામ પણ જી.એસ.આર.ટી.સી.એ કર્યું છે. એસ.ટી. નિગમ દ્વારા ૬.૫ કરોડ ગુજરાતીઓને પાંખો આવી છે.

વડાપ્રધાનશ્રી એકમાત્ર સેવન–સીના વિઝન સાથે આગળ વધી રહ્યા છે ત્યારે માનનીય મોદી સાહેબે પરિવહનને ગતિશીલ બનાવવા માટે દેશને સેવન–સીનું ક્રાંતિકારી વિઝન આપ્યું છે. મોબેલિટી સિસ્ટમ, કોમન કનેક્ટેડ કન્વિનયન્ટી, કન્ઝેશન ફ્રી ચાર્જ, કટિંગ એઝ વિગેરે સેવન–સીના આધારે ગુજરાત પરિવહન ટ્રાન્સફોર્મ કરી રહ્યું છે ત્યારે હું અભિનંદન આપું છું. આ પવિત્ર સભાગૃહમાં મેં ઉદ્યોગ, વાહનવ્યવહાર, પ્રવાસન, રમતગમત એમ ચારેય સ્તંભોની આંકડાકીય માહિતીઓ આપી છે અને એના માટે માગણી મૂકી છે ત્યારે હું વિનંતી કરું છું કે આ માગણીઓ સર્વાનુમતે પસાર થાય. આ એક નવી ઊંચાઇઓ તરફ જવાનું છે. એને સકારાત્મક રીતે લેવામાં આવે.

वसुंधा का नेता कौन हुआ, मोदीजी.... भूखंड विजेता कौन हुआ, मोदीजी... अतुलित यश क्रेता कौन हुआ, मोदीजी.... नवधर्म प्रणेता कौन हुआ। जिसने न कभी आराम किया, विघ्नों में रहकर नाम किया। वही मोदी जी... એમના નેતૃત્વમાં દેશ ચાલી રહ્યો છે ત્યારે એમણે પરિશ્રમ તથા જનતા જનાર્દનના પૂજારી બનીને કામ કર્યા છે. હું માનનીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં આ ચાર આધારસ્તંભ વિભાગોની માગણી લઇને આવ્યો છું ત્યારે તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ માગણીઓને સર્વાનુમતે પસાર કરે. કદાચ મારાથી કોઇ રાજકીય ઓબ્ઝર્વેશન થયું હોય તો એ રાજ્યના હિતમાં હશે. કોઇ વ્યકિતગત નહીં હોય કે કોઇ પાર્ટી માટે નહીં હોય. એમણે પણ કર્યા છે. ભલે બેઠાં બેઠાં કર્યા છે. અમે પણ એને બાજુ ઉપર મૂકી છીએ. આવો, સૌ સાથે મળીને ગુજરાતની વિકાસની યાત્રામાં, ગુજરાતની જનતાની યાત્રામાં આ માગણીઓને સર્વાનુમતે સૌ પસાર કરે એવી મારી વિનંતી કરું છું. ધન્યવાદ, આભાર. ભારત માતા કી જય. જય જય ગરવી ગુજરાત, જય વિધાનસભા.

અધ્યક્ષશ્રી : આજે માનનીય મંત્રીશ્રી જે જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર માનનીય સભ્યશ્રીઓએ પોતાનો કોઇ પ્રશ્ન રજૂ કરવો હોય તો હું તેમને મોકો આપું છું. એમણે માત્ર સીધા પોતાના વિસ્તારમાં કરવાનાં કામનો ઉલ્લેખ કરવાનો છે. એમાં કોઇ પોલિટિકલ ઓબ્ઝર્વેશન નહીં કે કોઇ અભિનંદન આપવાના નથી. માત્ર કામ માટે પ્રશ્ન રજૂ કરવાનો છે. માનનીય મંત્રીશ્રીએ એનો જવાબ આપવાનો નથી. સચિવશ્રીઓ તેને લખે અને આ કામને બજેટની જે જોગવાઇઓ છે એમાં નિયમોનુસાર આનુષંગિક પ્રાયોરિટી આપે એવું અહીંયાથી તમને બધાને સૂચન કરું છું.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા વતન ગુંદીથી રણૂજા અને ગુંદીથી માતાના મઢની બસની માગણી કરી હતી એમાં માનનીય મંત્રીશ્રીએ હકારાત્મક જવાબ આપ્યો છે પણ જલદીમાં જલદી અને વહેલી શરૂ કરે એવી મારી વિનંતી છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જૂનાગઢ ગિરનાર ઓથોરિટીને અંબાજી અને સોમનાથની જેમ અલગથી એક ઓથોરિટી બનાવી, ગિરનારનું ડેવલપમેન્ટ થાય તેવી વિનંતી છે.

શ્રી કિશોર કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સુરત શહેર તાપી કિનારા ઉપર છે. તાપીના કિનારા ઉપર મહાભારત સાથે જોડાયેલો પાંચ પાંડવો હોવાનો ઇતિહાસ છે. જ્યાં કર્ણનો અગ્નિદાહ થયો હતો. આપણે ટુરિઝમ વિભાગમાં આનો વિકાસ કરવો જોઇએ એવી મારી લાગણી છે.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીના ધ્યાને મૂકવા માગું છું કે અમારા વિરમગામ વિધાનસભામાં દેત્રોજ તાલુકો ૬૨ ગામનો છે પણ ત્યાં બસ સ્ટેશન નથી તો એક સારા બસ સ્ટેશન માટેની ભલામણ છે. અમારા વિરમગામ વિધાનસભામાં ત્રણ તાલુકા અને એક નગરપાલિકા આવે છે. એક વિરમગામ નગરપાલિકાના વિસ્તારમાં એક સ્પોર્ટસ કોમ્પલેક્ષ બને જેથી આખી વિરમગામ વિધાનસભાના યુવાનોને એનો વિશેષ લાભ મળે. ત્રીજું, માંડલમાં ખાંભલાવ મંદિર આવેલું છે. હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ત્યાં દર્શન કર્યા અને ખૂબ મોટો લક્ષચંડી યજ્ઞ પણ ત્યાં થયો. ત્યાં ૧૦૦ વિઘાનું તળાવ છે તો એના વિકાસ માટેની માનનીય મંત્રીશ્રી પાસે માગણી છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે અમારા દેવમોગરા ધામ ખાતે પ્રવાસન વિભાગ દ્વારા સર્કિટ હાઉસ બનાવવામાં આવ્યું છે જેને કાર્યરત કરવામાં આવે. બીજું, ડેડિયાપાડા ખાતે બસ ડેપો બનાવવામાં આવે. ચિકતા અને મારા સાગબારા તાલુકામાં રમતગમતનું મેદાન બનાવવામાં આવે.

શ્રી જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરા તાલુકામાં મઢેશ્વર ગામે શ્રી મઢેશ્વર મહાદેવનું વિશ્વમાં ક્યાંય નહીં હોય એવું મોટામાં મોટું શિવલિંગ આવેલ છે એને પવિત્ર યાત્રાધામ અંતર્ગત સમાવિષ્ટ કરવાની દરખાસ્ત મોકલાવી છે એ સ્વીકારવા વિનંતી છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારના ભેંસાણ તાલુકામાં નાના ઉદ્યોગો ખૂબ વિકસી રહ્યા છે. ભેંસાણ તાલુકામાં જી.આઇ.ડી.સી. ચાલુ કરવામાં આવે તો હાલમાં જે એમ.એસ.એમ.ઇ. ચાલુ છે એને ખૂબ લાભ મળી શકે એમ છે. વિસાવદર અને ભેંસાણ બન્ને તાલુકામાં એક લાઇબ્રેરીનું બાંધકામ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને એનો ખૂબ ફાયદો મળી શકે એમ છે. પવિત્ર યાત્રાધામ સતાધાર, પરબ, મોણીયા અને સંત ચેલૈયાની જગ્યા બિલખા ખાતે જો પ્રવાસનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તો યાત્રાળુઓને ફાયદો થઇ શકે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મહુવા વિસ્તારમાં ખાસ કરીને ઉંચા કોટડા, ભવાની મંદિર યાત્રાધામો આવેલા છે એમના વિકાસ માટે કામગીરી કરવામાં આવે. બીજું મહુવામાં બીજી જી.આઇ.ડી.સી.ની મેં માગણી

મૂકેલ છે. ડુંગળી અને લસણ માટેનો ઉદ્યોગ છે એ દેશનો સૌથી મોટો ઉદ્યોગ છે અને ગામડામાં છૂટાછવાયા કારખાના થાય છે એની જગ્યાએ એક જી.આઈ.ડી.સી. આપવામાં આવે એવી મારી માગણી છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં રોજગારીનું કોઈ સાધન નથી. તેથી કાંકરેજ અથવા ઓગડ તાલુકામાં જી.આઈ.ડી.સી. સ્થાપવામાં આવે. સદારામ ધામની અવાર-નવાર માગણી કરી છે તો એનો યાત્રાધામમાં સમાવેશ કરવામાં આવે.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, રૈયાધાર સ્માર્ટ સિટી વિસ્તારમાં વોલ્વો બસ સ્ટેન્ડ માટે માગણી કરી છે એ જલ્દી મંજૂર કરવામાં આવે. રાજકોટ કન્વેન્શન સેન્ટર માટેની કાર્યવાહી પણ ઝડપી કરવામાં આવે. મારા વિસ્તારમાં રાજકોટમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ અને સ્પોર્ટસ હોસ્ટેલમાં સોલાર સિસ્ટમ લગાવવામાં આવે. રાજકોટમાં મેડીકલ ડિવાઈસ પાર્ક અને ફૂડ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક જે મંજૂર કરવામાં આવ્યા છે એ ઝડપથી પૂરા કરવામાં આવે અને વોટસન હેરીટેઝ મ્યુઝિયમ કે જે ૧૨૫ વર્ષ જૂનું છે એ જલ્દી કરવામાં આવે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, બે લાખ મીટરના સ્ટેડિયમ માટેની એક પ્રપોઝલ કોર્પોરેશન દ્વારા મારા મતવિસ્તાર માટેની અહીંયા આવી છે. ૨૦૪ ટી.પી.માં જગ્યા ફાઇનલ પણ છે. જો એમાં ધ્યાન આપશો તો વર્લ્ડ ક્લાસ સ્ટેડિયમ બનશે. રામનાથ કોટેશ્વર મહાદેવ અને વૈજનાથ મહાદેવ અને દત્ત ભગવાનનું મંદિર જ્યાં રંગ અવધૂત ભગવાન ખુદ રહેતા હતા ત્યાં કોર્પોરેશન દ્વારા દત્ત કોરીડોરના નામથી રૂપિયા ૯ કરોડ પાસ થયા છે. ૧૦૦ વર્ષ જૂનું મંદિર છે. એક સરકીટ બને એમ છે. સૌરાષ્ટ્રથી આવતી બધી બસો છે એ અમદાવાદમાં આવીને મોટાપાયે ટ્રાફિકની સમસ્યા હલ થાય એના માટે સરખેજ પાસે બસ પોર્ટ આપવામાં આવે તો અમદાવાદના ટ્રાફિકમાં ખૂબ ફાયદો થશે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા ગાંધીધામ કોર્પોરેશન વિસ્તારમાં આવેલા શિણાય ડેમને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લામાં ચોટીલા ધામ ખૂબ મોટું છે અને ખૂબ યાત્રાળુઓ ત્યાં આવે છે ત્યાં રોપ-વેનું કામ ઝડપથી થાય એવી વિનંતી છે.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, ધોળકા વિસ્તારમાં ૧૦૦ બેડની મલ્ટીસ્પેશિયાલિટી હૉસ્પિટલની મારી માગણી છે એ મંજૂર કરવામાં આવે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મોરવાહડફ તાલુકામાં એક નવીન જી.આઈ.ડી.સી. ટ્રાયબલ વિસ્તારમાં મંજૂર કરવામાં આવે અને મહીસાગર જિલ્લામાં મારા મતક્ષેત્રમાં નવીન ગોધર તાલુકો બન્યો છે, ત્યાં નવું બસ સ્ટેન્ડ અને તાલુકા કક્ષાનું સ્પોર્ટસ સંકુલ બને એવી મારી માગણી છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં એક વાયબ્રન્ટ સમિટ થાય. મારા વિસ્તારમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બને અને સાઠંબા તાલુકામાં નવું બસ સ્ટેન્ડ બને એવી માગણી છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને એક વિનંતી છે કે મારા બોટાદ જિલ્લામાં નવી જી.આઈ.ડી.સી.નું કામ પૂર્ણ થઇ ગયું છે ત્યાં મોટા ઉદ્યોગો જેવા કે ટાટા, રિલાયન્સ જેવા ઉદ્યોગોની સ્થાપ્ના કરવામાં આવે. સાથો સાથ બોટાદ શહેરમાં વચ્ચે ઝવેરી જીનમાં એક ખૂબ મોટી જગ્યા છે ત્યાં એક ક્રિકેટનું ગ્રાઉન્ડ બનાવવામાં આવે. ત્રીજી માગણી એ છે કે, બોટાદ જિલ્લામાં એસ.ટી. ડેપો તાલુકા કક્ષાનો હોય એ પ્રમાણે ખૂબ નાનો છે તો એને જિલ્લા કક્ષાનો એસ.ટી. ડેપો બનાવવામાં આવે. બોટાદ જિલ્લાનો યાત્રાધામમાં સમાવેશ કરીને ત્યાં કષ્ટભંજન દાદાનું મંદિર આવેલું છે. પાળીયાદ ધામ આવેલું છે. ગોપીનાથ મંદિર આવેલું છે. આ ત્રણેયને આવરી લઇને બોટાદ જિલ્લાનો યાત્રાધામમાં સમાવેશ કરવામાં આવે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં આદિવાસી સમાજનું રગાથળા પ્રાચીન મંદિરને પ્રવાસનમાં લેવાય અને બનાસકાંઠામાં એક એગ્રોપાર્ક બને તેવી માગણી છે.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં સૌરાષ્ટ્રની ખૂબ વસતિ છે ત્યાં એક એસ.ટી. ડેપો બનાવવામાં આવે તેમજ મારા વિસ્તારમાં વરસાદી પાણીની ખૂબ મોટી સમસ્યા છે ત્યાં માવચંડીમાં એક તળાવ બનાવીને પાણીનો નિકાલ કરવા માટેની મારી ખૂબ જૂની માગણી છે તેને સંતોષીને વરસાદી પાણીનો નિકાલ થાય. એક નરસિંહજીનું મંદિર ખૂબ વર્ષો પુરાણું છે તેને સરસ રીતે ડેવલપ કરીને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે. બીજું, ત્યાં એક વિક્રમ મિલ વર્ષોથી બંધ છે તો ત્યાં નાના લોકોને ઉદ્યોગ અને રોજગારી મળી શકે એના માટે કંઇક વ્યવસ્થા કરવામાં આવે એવી માગણી કરું છું.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તાર વ્યારા અને ડોલવણમાં યુવાનો માટે રોજગારીની વ્યવસ્થા નથી તો જી.આઈ.ડી.સી. આપવા માટે વિનંતી કરું છું.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો વડોદરા શહેરના પશ્ચિમ ઝોનમાં એક પણ એસ.ટી. ડેપો નથી. ત્યાં જગ્યા છે તો ત્યાં એસ.ટી. બસડેપો ફાળવવામાં આવે. બીજું, વડોદરા શહેરથી ગાંધીનગર આવવાની વોલ્વો બસ

અમદાવાદ રૂટ થઈને આવે છે જેમાં એકથી સવા કલાક વધુ જાય છે અમદાવાદના વિવિધ સ્થળોએ મુકામ થાય છે. જો એકાદ ડાયરેક્ટ વોલ્વો બસને સવાર-સાંજ કરવામાં આવે તો ઘણાં બધા નાગરિકોને ફાયદો થાય તેમ છે.

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખડોળ ગામથી વાત્રક જવા માટે ત્રણ કિલોમિટરનું અંતર છે. અત્યારે ૧૫ કિલોમિટર ફરીને એ વિસ્તારના ૭-૮ ગામના લોકોને જવું પડે છે ત્યારે એ પુલ સત્વરે થાય એવી મારી છેલ્લા ૧૨ વર્ષથી માગણી છે. મારા મતવિસ્તારમાં સાકરિયા ગામે સૂતા હનુમાન દાદાનું મંદિર છે જે ગુજરાતમાં એક જ આવું મંદિર છે. હાલ ૩.૭ કરોડના ખર્ચે ટ્રસ્ટીઓ એને બનાવી રહ્યાં છે એ પૂર્ણ થવાના આરે છે તો આ મંદિરને યાત્રાધામમાં મૂકાય એવી મારી માગણી છે.

શ્રી ભગવાનજીભાઈ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર ખેતીવાડી આધારિત વિસ્તાર છે ત્યાં કોઈ ઉદ્યોગો નથી. ગયા વર્ષે સત્રમાં જી.આઈ.ડી.સી. મંજૂર થઈ ગઈ છે પણ આગળની કાર્યવાહી થતી નથી. વહેલી કાર્યવાહી થાય એવી મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ઊંઝાથી સુરત સુધીની એ.સી. લકઝરી બસ શરૂઆત થાય તેવી માગણી કરું છું.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં ટુવા ગરમ પાણીના કુંડ માટે જાણીતું છે. ભૂતકાળમાં મહાભારત વખતે ભીમે ત્યાં લગ્ન કર્યું હતું. ટૂંકમાં એ સ્થળ યાત્રાધામ તરીકે વિકસે અને વધારે ગ્રાન્ટ ફળવાય તો મોટાભાગના યાત્રાળુઓ ત્યાં આવી શકે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર સોમનાથમાં નવું બસ સ્ટોપ બનાવવા માટે લોકો ૪૦ વર્ષથી રહેતા હતા તેના ઘર તોડી નાખવામાં આવ્યાં છે અને તેમના માટે વ્યવસ્થા કરવામાં આવી નથી તેવા લોકોને ૧૦૦ વારના પ્લોટ મળે અને જે જે લોકોની દુકાનો હતી તેનું પણ ડિમોલિશન કરવામાં આવ્યું છે તો આવા લોકોને રોજગારી મળે એ માટે ત્યાં જગ્યા છે તો દુકાનો આપવામાં આવે.

શ્રી લવિંગજી સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રી સાહેબને અને અધિકારીઓને મળેલ અને માનનીય મંત્રી સાહેબે મને વાત કરી છે કે, સાંતલપુરમાં બસ સ્ટેન્ડ નથી અને ઘણાં વર્ષો જૂની માગ છે અને વારાહીમાં બન્યું તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર માનું છું પણ એવુંને એવું સાંતલપુરમાં બસ સ્ટેન્ડ બને અને એક રાધનપુરથી સોમનાથ દાદાની વોલ્વો બસ ચાલુ કરે અને એક રાધનપુરથી અમદાવાદ બસ ચાલુ કરે એવી મારી માગણી છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં પાટડી તાલુકા સેન્ટરે એક એસ.ટી.સ્ટેન્ડ ઘણું જૂનું છે તે નવુ વર્કશોપ સાથેનું એસ.ટી.ડેપો બને એવી એક માગણી કરું છું તેની સાથે સાથે પાટડી ખાતે એક સ્પોર્ટસ સંકુલ બને તેના માટેની પણ માગણી છે. ખાસ કરીને પાટડી તાલુકાનું વણોદ તેમાં વર્ષ ૨૦૧૭માં જી.આઈ.ડી.સી. બની છે અને મોટાભાગનું ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું થઈ ગયુ છે તો તે ઝડપી કાર્યરત થાય તેના માટેની પણ માગણી છે. ખાસ કરીને મારા વિસ્તારમાં ઝીંઝુવાડા વચ્છરાજ બેટ પ્રવાસન તરીકે વિકસે અને તેની સાથે સાથે ઝાંઝરકા જગ્યા જે હિન્દુ ધર્મનું આસ્થાનું કેન્દ્ર છે તે મંદિરના વિકાસ માટે પણ ઝાંઝરકા મંદિર તરફથી દરખાસ્ત મૂકી છે તો તેને મંજૂર કરવામાં આવે એવી વિનંતી છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી વાહન-વ્યવહારને વિનંતી કે ગુજરાતની અંદર જે અંતિમયાત્રાની વાન હોય છે શબવાહિની તેમાં અનેક પ્રકારની સામાજિક સંસ્થાઓ તેનું સંચાલન કરતી હોય છે અને તેના ટેક્સ બાબતે બધાની ખૂબ ફરિયાદ હોય છે કે, વધુ આવે છે અને આ તો એકદમ સેવાના ભાવથી કરતા હોય છે તો તેમાંથી તેને ટેક્સમાંથી મુકિત આપવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારો ઉધના મતવિસ્તાર ઉદ્યોગોથી ધમધમતો હોય છે અને હમણાં જ તાજેતરમાં લગભગ દોઢ વર્ષ અમારાથી ૧૫ કિલોમીટર દૂર પીએમ મિત્રા પાર્કનું એક ભવ્ય આયોજન થઈ રહ્યું છે. પાંડેસરા વિસ્તારની અંદર થોડુંક પોલ્યુશન રહે એવી મીલોના કેમિકલના પ્રોજેકટ છે અને એ જી.આઈ.ડી.સી. છે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આવનારા સમયની અંદર આ વિસ્તારમાંથી આ ઉદ્યોગોને ખસેડી અને ૧૦-૧૫ કિલોમીટર દૂર તેનો એક આખો પ્રોજેકટ તૈયાર થાય તો આ પોલ્યુશનમાં રાહત રહે. બીજો મારો પ્રશ્ન એ છે કે, અમારા વિસ્તારની વચ્ચોવચ ખાડી આવેલી છે અને ખાડીની મેં હમણાં માનનીય મંત્રીશ્રીને રજૂઆત પણ કરી છે અને તેમણે તેના ઉપર ધ્યાન પણ દોર્યું છે અને તેમણે તેની અંદર કામ કરવાની હૈયાધારણા આપી છે પણ આવનારા ચોમાસા પહેલાં તેમાં કંઇક કામ થાય એવી તેમની પાસેથી અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં એકાદ પ્રશ્નની પ્રાયોરિટી માટે મેં કહ્યું છે.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા દક્ષિણ વિસ્તારમાં આદિવાસીઓનું આસ્થાનું ધામ કાવેરો, કાવેરી અને ત્રિવેણી સંગમ નદી આવેલી છે. અગિયારમા અને બારમાની ક્રિયાકાંડ અને તડકેશ્વર, રામેશ્વર અને શુકલેશ્વર મહાદેવના પુરાણાં મંદિરો આવેલાં છે તો આને યાત્રાધામ તરીકે વિકસાવવા માટે મારો પ્રશ્ન રજૂ કરું છું. અને નાણામંત્રીશ્રી અમારા કનુભાઇ દેસાઇ સાહેબ આ શુકલેશ્વર મહાદેવનું મંદિર છે અને દેસાઇ લોકો જ તેની જાળવણી કરે છે તો નાણામંત્રીશ્રીને ખાસ વિનંતી કે યાત્રાધામ તરીકે વિકસાવે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, મારા ઘંઘુકા ખાતે કોઇ ફરવાલાયક સ્થળ નથી પરંતુ વર્ષો પહેલાં અંગ્રેજોએ એક કોટડાકટ ખાતે ફરવાલાયક સ્થળ બનાવેલું પણ આજે તે ખૂબ જર્જરિત થઇ ગયેલું છે અને તેની સ્થિતિ ખરાબ હોવાથી લોકો ત્યાં જઇ શકતાં નથી તો તેને રીનોવેશન કરવા મારી વિનંતી છે.

શ્રી કનૈયાલાલ બ. કિશોરી : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ ગુજરાતનું પ્રવેશદ્વાર છે અને ત્યાં કેદારનાથ મહાદેવ છે અને બિલકુલ પત્થરોથી ઢંકાયેલ બહુ પૌરાણિક મંદિર છે ત્યાં લાખો આદિવાસી સમાજના લોકો શ્રાવણ માસમાં આવતા હોઇ તેને પ્રવાસન ધામ તરીકે વિકાસ કરવા માટે વિનંતી છે.

શ્રી રાકેશ ગુ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાંથી અસંખ્ય નોકરીયાતો નવસારીથી સુરત એસ.ટી. બસ મારફતે માસિક પાસ દ્વારા મુસાફરી કરે છે પરંતુ અત્યારે નવસારી સુરત વચ્ચે પૂર્ણા નદીનો પુલ જર્જરિત હોવાથી પરિવહન માટે પ્રતિબંધ છે એટલે વાહનો ફરીને જવાથી અંતર વધવાથી માસિક ભાડું પાસ હોલ્ડરોને દર મહિને ૮૦૦ થી ૧૦૦૦ રૂપિયાનું બર્ડન નાના માણસોને વેઠવું પડે છે તો એમાં રાહત આપવા માટે મારી નમ્ર વિનંતી છે.

અધ્યક્ષશ્રી : હવે જે કોઇ સભ્યશ્રીઓ બાકી હોય એ લેખિતમાં માનનીય મંત્રીશ્રીને પહોંચાડી દે અને એને પ્રાયોરીટી તરીકે આપણે લઇ લઇશું, આની સાથે સમાવેશ કરીશું. માનનીય સચિવશ્રીઓને ખાસ વિનંતી કે આ જવાબ છે એ તમે માનનીય સભ્યશ્રીઓને તમારી નાણાકીય ઉપલબ્ધતાના આધાર ઉપર એમને પોઝિટિવ એટીટ્યુડ સાથે કરજો. તમારી નાણાકીય વ્યવસ્થા છે તો કઇ રીતે થઇ શકે એના માટે પ્રયત્ન કરો અને તેનો જવાબ ન થઇ શકે એવું હોય તો વિધાનસભાને જાણ કરજો કે આ કારણોસર નથી થઇ શકયું તો હું એને લુકમાં રાખીશ, ગયા વખતના લગભગ ૯૦ ટકા જેટલા આવી ગયા છે, એક જ વિભાગના બાકી રહ્યા છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના વિધાનસભાના અધ્યક્ષસ્થાને સરકાર તરફથી અને માનનીય ધારાસભ્યશ્રીઓ તરફથી પણ આપે કહ્યું એટલે આપના વતી વિભાગને કંઇ નથી કહેવા માગતો પણ આપે જે નવી પરંપરા અને વ્યવસ્થા ઊભી કરી છે, તમામ ધારાસભ્યશ્રીઓને ખૂબ સંતોષ થાય, કારણ કે એક કલાકમાં પ્રશ્નોત્તરી ના થઇ શકે એ પ્રકારે તમે એક નવી વ્યવસ્થા ઊભી કરી છે ત્યારે સરકારના અધિકારીઓ અને સરકારમાં એને પોઝિટિવ જોશે જ પણ તમે વિધાનસભામાંથી પણ એનું મોનિટરિંગ કરીને કહો છો તો ગુજરાતને વિકાસની નવી ઊંચાઇઓ તરફ લઇ જવા માટે આ નવી વ્યવસ્થા ખૂબ સારી છે. આપને અભિનંદન આપું છું અને આપનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : હું પણ વિધાનસભા વતી એક ટીમ બનાવું છું કે જે પ્રશ્નો છે એ અહીંયા રેકોર્ડ પણ થશે અને તેનું શું થયું એનું મોનિટરિંગ હું પોતે પણ લઇશ અને સરકારના આ રચનાત્મક અને પોઝિટિવ અભિગમ માટે હું રાજય સરકારને અભિનંદન આપું છું કે આ રીતે પ્રોએક્ટિવ રોલ સાથે તમે ધારાસભ્યોનાં કામ એ પ્રજાનું કામ સમજીને કરો છો.

કાપ દરખાસ્ત ક્રમાંક –૩, ૪, ૫, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૫, ૨૬, ૨૭, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૬, ૩૭, ૩૯, ૪૧ અને ૪૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૪૯,૫૧, ૭૪ અને ૯૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧–૫૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

મંગળવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૨૬

ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે

બીજી બેઠક

સભાગૃહ બપોરના ૨:૩૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

"સ્વચ્છ શહેર, સુંદર શહેર" યોજના અન્વયે અમદાવાદ મહાનગરપાલિકાને ગ્રાન્ટ

*15/8/1407**શ્રી અમુલ ભટ્ટ**(મણીનગર) **:માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન "સ્વચ્છ શહેર, સુંદર શહેર" યોજના અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકાને કુલ કેટલી ગ્રાન્ટ મળવાપાત્ર છે,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએવર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન "સ્વચ્છ શહેર, સુંદર શહેર" યોજના અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકાને રૂ. ૧૨.૦૦ કરોડની ગ્રાન્ટ મળવાપાત્ર છે.
(૨)	ઉકત સ્થિતિએ આ યોજના અન્વયે અમદાવાદ મહાનગરપાલિકાને કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે, અને	(૨)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ આ યોજના અન્વયે અમદાવાદ મહાનગરપાલિકાને રૂ. ૬.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.
(૩)	આ ગ્રાન્ટનો ઉપયોગ કયા કામો માટે કરવામાં આવેલ છે?	(૩)	આ ગ્રાન્ટનો ઉપયોગ નીચે મુજબના કામોમાં કરવામાં આવેલ છે.

ક્રમ	**કામનું નામ**	**થયેલ ખર્ચ (રૂ.લાખમાં)**
૧	રહેણાંક વિસ્તારોની સફાઇ	૧૦૦.૦૦
૨	વાણિજ્યિક વિસ્તારોની સફાઇ	૨૦૦.૦૦
૩	ધાર્મિક સ્થળોની સફાઇ	૫૦.૦૦
૪	ઐતિહાસિક સ્થળોની સફાઇ	૨૫.૦૦
૫	શહેરના એન્ટ્રી વિસ્તારોની સફાઇ	૨૫.૦૦
૬	પ્રતિમાઓની સફાઇ	૨૦.૦૦
૭	શહેરની સુંદરતાના કામો	૧૮૦.૦૦
	કુલ	**૬૦૦.૦૦**

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, લવેબલ અમદાવાદ, લીવેબલ અમદાવાદ. ભારતનું સર્વશ્રેષ્ઠ સ્વચ્છ અમદાવાદ. આવા અત્યાધુનિક મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને સ્વચ્છ અને સુંદર શહેર બનાવવાની યોજના અંતર્ગત હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે એના માટે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે ''સ્વચ્છતા ત્યાં પ્રભુતા''. એને અનુલક્ષીને આપણા દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદીજીએ લાલ કિલ્લા પરથી પહેલું ભાષણ કર્યું હતું. એમાં કહ્યું હતું કે ''હું સ્વચ્છ ભારત ગાંધીજીને ભેટ આપવા માગું છું.'' એને અનુલક્ષીને આપણા ગુજરાત અને સમગ્ર દેશમાં સ્વચ્છ ભારત અભિયાન શરૂ થયું. આજે ગુજરાતનાં બે શહેરો અમદાવાદ અને સુરત એવાં છે કે એ સમગ્ર દેશમાં નં.૧ બન્યાં છે. એના માટે આપણી સરકારે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી યોજના હેઠળ કુલ રૂ.૧૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એમાં નગરપાલિકા અને મહાનગરપાલિકા બંનેનો સમાવેશ કરવામાં આવે છે. એમાં અમદાવાદ અને સુરત મહાનગરપાલિકાને રૂ.૧૨ કરોડ, વડોદરા અને રાજકોટ મહાનગરપાલિકાને રૂ.૬ કરોડ, ગાંધીનગર, ભાવનગર, જામનગર, જૂનાગઢ મહાનગરપાલિકાને રૂ.૩ કરોડ, નવરચિત મહાનગરપાલિકાઓને રૂ.૨ કરોડ, અ-વર્ગની નગરપાલિકાઓને રૂ.૧ કરોડ

૨૫ લાખ, બ–વર્ગની નગરપાલિકાઓને ૩.૧ કરોડ, ક–વર્ગની નગરપાલિકાઓને ૩.૬૫ લાખ અને ડ–વર્ગની નગરપાલિકાઓ માટે ૩.૪૦ લાખની ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી હર્ષદકુમાર ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ સ્થાન અથવા તો શહેરને લવેબલ અને લીવેબલ બનાવવા માટે એ સ્વચ્છ અને સુંદર હોવું ખૂબ જરૂરી છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે સુંદર અને સ્વચ્છ શહેર યોજના અંતર્ગત એની કામગીરી અને નાણાકીય આયોજનના ધોરણો શું છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સફાઇની સાથે–સાથે શહેર સુંદર પણ બને એના માટે જે જોગવાઇ કરવામાં આવી છે એમાંથી ૭૦ ટકા દરરોજની સફાઇ માટે ફાળવવામાં આવે છે. એમાં બસ ડેપો, એસ.ટી. ડેપો, રેલવે સ્ટેશન કે પબ્લિક ગાર્ડનની સફાઇ કરવામાં આવે છે. સાથે–સાથે સુંદરતા માટે ૩૦ ટકા રકમ ફાળવવામાં આવે છે. જેમ કે ગાર્ડનમાં રિનોવેશન કરવું હોય, બસ સ્ટેશનનું રિનોવેશન કરવું હોય અથવા ફેન્સિંગને કલર કરવો હોય તો એના માટે આ ૩૦ ટકા ગ્રાન્ટ વપરાય છે.

અમદાવાદ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મંજૂર મહેકમ

*** 15/8/1454શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી** (ધોળકા):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ–૩)નું મંજૂર મહેકમ કેટલું છે,	(૧)	૩૨
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને	(૨)	ભરેલી –૨૪ ; ખાલી – ૮
(૩)	ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા શી કાર્યવાહી કરવામાં આવી?	(૩)	આ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માંગણીપત્રક ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને મોકલી આપેલ છે તેમજ બઢતીથી ભરવાની કાર્યવાહી વિકસતી જાતિ કલ્યાણ ખાતા અને અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા પ્રક્રિયા હેઠળ છે.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળની અમદાવાદ જિલ્લામાં હાલમાં અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ અને વિકસિત જાતિ કલ્યાણ વિભાગ હેઠળ સામાજિક કલ્યાણ નિરીક્ષક વર્ગ–૩નું મહેકમ કેટલું છે, કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલી જગ્યાઓ ભરાયેલી છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ અંતર્ગત ત્રણ કચેરીઓ આવેલી છે: નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, અમદાવાદમાં મંજૂર થયેલ ૧૬ જગ્યાઓ પૈકી કુલ ૧૩ જગ્યાઓ ભરાયેલ છે અને ત્રણ જગ્યાઓ ખાલી છે. સંયુક્ત નિયામક, તકેદારી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, અમદાવાદમાં કુલ ૧ જગ્યાનું મહેકમ મંજૂર થયેલ છે. જે પૈકી ૧ જગ્યા ભરાયેલ છે. સમાજ કલ્યાણ અધિકારી, નરસિંહ ભગત છાત્રાલય, પાલડી ખાતે કુલ ૧ જગ્યાનું મહેકમ મંજૂર થયેલું છે અને આ ૧ જગ્યા ખાલી છે. તે જ રીતે વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ જિલ્લા નાયબ નિયામક કચેરી, અમદાવાદમાં સમાજ કલ્યાણ નિરીક્ષક સંવર્ગનું કુલ–૧૪ જગ્યાઓનું મહેકમ મંજૂર થયેલ છે. જે પૈકી કુલ ૧૦ જગ્યાઓ ભરાયેલ અને ૪ જગ્યાઓ ખાલી છે.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષક સંવર્ગની કેટલી જગ્યા પર સીધી ભરતીથી નિમણૂક આપવામાં આવી છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ ૫ જગ્યાઓ સમાજ કલ્યાણ નિરીક્ષકની અને વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ ૬ જગ્યાઓ એમ મળીને કુલ ૧૧ જગ્યાઓ પર સીધી ભરતીથી નિમણૂક આપવામાં આવી છે

પી.વી.મોદી હાઈસ્કુલ પાસેથી દંડની રકમ વસૂલવા બાબત

***15/8/2259:શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર): પંદરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૨૦–૦૩–૨૦૨૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૬/૨૪૬૯ (અગ્રતા–૩) ના અનુસંધાને માનનીયપ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવાકૃપાકરશેકે:–

તારાંકિત પ્રશ્નો

પ્રશ્ન			જવાબ
(૧)	તા.૩૧-૧-૨૦૨૬ની સ્થિતિએ જામનગરની પી. વી. મોદી હાઇસ્કુલને ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ ની કલમ-૧૪(૧) મુજબ ૨,૫૦,૦૦૦/- નો દંડ કરવામાં આવ્યો હતો તે દંડની રકમ વસૂલ કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા, જી. દંડની રકમ વસૂલ કરવામાં આવેલ છે.
(૨)	જો ના, તો રકમની વસૂલાત ના થવાના કારણો શા છે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ક્યાં સુધીમાં ઉક્ત રકમની વસુલાત કરવામાં આવશે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આ ખાનગી શાળા સંચાલકો અવારનવાર એફ.આર.સી.ના નિયમોનો *(**xxx**) કરીને બેફામપણે ફી ઉઘરાવે છે.

અધ્યક્ષશ્રી : *(**xxx**) શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કોઇ વિદ્યાર્થી ઊંચી ફી બાબતે અરજી કરે ત્યારે અઢી લાખ રૂપિયા જેવી મામૂલી રકમ ભરી આ શાળા સંચાલકો છૂટી જતા હોય છે. આ સમયે જ્યારે કોઇ એક વિદ્યાર્થીએ ફરિયાદ કરી હોય ત્યારે તે શાળાના દરેક વિદ્યાર્થી પાસેથી શાળા દ્વારા ઊંચી ફી ઉઘરાવવામાં આવી હોય તો આ અંગે યોગ્ય તપાસ કરી જે વિદ્યાર્થીઓ પાસેથી ઊંચી ફી ઉઘરાવવામાં આવી છે તેને પરત આપવામાં આવે છે કે નહીં? અને કોઇ શાળા વિરુદ્ધ ત્રણ વખતથી વધારે વાર જ્યારે આવી ઊંચી ફીની ફરિયાદ મળે તો તેની ઉપર શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ચિંતા વ્યાજબી છે પરંતુ ગુજરાત સરકાર અને ખાસ કરીને શિક્ષણ વિભાગ શાળા પ્રત્યેની વાત આવે અને તેમાં પણ સેલ્ફ ફાઇનાન્સ શાળાની વાત આવે ત્યારે એફ.આર.સી. કમિટીના માધ્યમથી એક ખૂબ સરસ આયોજન કરેલું છે. જેની થોડી ટૂંકી નોંધ આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું. ખાસ કરીને તા. ૨૭/૦૪/૨૦૧૭ના રોજ એફ.આર.સી. કમિટીની રચના કરવામાં આવી અને સુપ્રીમકોર્ટે માન્યતા આપેલી સમિતિમાં વિવિધ સભ્યોનું ગઠન કરવામાં આવ્યું. સમિતિના ફોર્મેશન પછી પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એવી તમામ સ્વનિર્ભર શાળાઓને તેમાં એનરોલ કરીએ છીએ. સી.બી.એસ.સી., આઇ.બી., આઇ.સી.એસ.ઇ. અને તમામ બોર્ડની મંજૂરીવાળી શાળાઓને પણ તેમાં એનરોલ કરીએ છીએ. આ ઉપરાંત ગ્રાન્ટેડ શાળાઓ એફ.આર.સી. અંતર્ગત આવી જાય છે. માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી છે ત્યારે એક ખાસ બાબત આ ગૃહ સમક્ષ ધ્યાનમાં મૂકવાની કે એફ.આર.સી. કમિટીની રચના કરીને આખી સિસ્ટમ પારદર્શિતાથી ચાલે તે માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન સાથે સાથે સમયાંતરે ચેકિંગ અને પેરેન્ટ્સને ઓનલાઇન બોર્ડ ઉપરથી જે તે શાળાની ફી કેટલી છે તેની સંપૂર્ણ વિગત frcgujarat.comના માધ્યમથી જાણવા મળે છે. આ ઉપરાંત પણ કોઇ વાલીની ફરિયાદ આવે ત્યારે કમિટી તુરંત એક્શન લઇને દંડના પ્રાવધાન મુજબ પહેલી ફરિયાદ મળે તો ૩.૫ લાખ સુધીનો દંડ, બીજીવાર ફરિયાદ મળે તો ૩.૧૦ લાખ સુધીનો દંડ અને જો ત્રીજીવાર ફરિયાદ મળે તો તે શાળાની માન્યતા રદ થાય તે પ્રકારની વ્યવસ્થા છે. માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી છે તેમાં લગભગ ૧૦ કરતાં વધારે શાળાઓને વિવિધ દંડ કરવામાં આવેલ છે. આ પ્રકારની શાળાઓ વિરુદ્ધ જો એક વાલીની પણ ફરિયાદ મળે અથવા અમને નનામી અરજી મળે કે જેમાં કોઇ વાલીનું નામ લખવામાં આવતું નથી તેવી શાળા વિરુદ્ધ પણ એફ.આર.સી. કમિટીના માધ્યમથી પગલાં લીધેલાં છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત સ્વનિર્ભર શાળા ફી અધિનિયમ નિયમો-૨૦૧૭ ક્યારથી અમલમાં આવ્યા? અને એમાં કયા પ્રકારની શાળાઓનો સમાવેશ કરવામાં આવે છે?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્વનિર્ભર શાળા ફી અધિનિયમ નિયમો-૨૦૧૭, ૨૫ એપ્રિલ, ૨૦૧૭થી અમલમાં આવ્યો. સદર નિયમમાં રાજ્યમાં ચાલતી પૂર્વ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચ માધ્યમિક શાળાઓ અને તમામ સ્વનિર્ભર શાળાઓને સાંકળી લેવામાં આવેલ છે. આ ઉપરાંત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૮૬૦ અને ૧૯૫૦ હેઠળ નોંધાયેલી તેમજ કંપની એક્ટ હેઠળ નોંધાયેલ તમામ શાળાઓનો સમાવેશ કરવામાં આવે છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે વિદ્યાર્થી પાસેથી વધુ ફી ઉઘરાવવામાં આવે છે એને ફી પરત આપવામાં આવે છે કે કેમ? માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, પ્રથમ વખત રૂપિયા ૫ લાખ દંડ કરવામાં આવે તો અગાઉના સત્રના જવાબમાં એવું હતું કે, રૂપિયા અઢી લાખનો દંડ પી.વી.મોદીને કરવામાં આવ્યો તો આમાં રૂપિયા ૫ લાખનો ક્યાંય ઉલ્લેખ જ નથી. રૂપિયા અઢી લાખ સુધીની દંડની જોગવાઇ છે એમ કાયદો કહે છે. માનનીય મંત્રીશ્રીએ તો ૩.૧૦ લાખની વાત કરી. તો આ બંને પર ક્લેરિફિકેશન આપવામાં આવે એવી વિનંતી.

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એફ.આર.સી.ની જોગવાઇ છે કે કોઇપણ શાળા આ રીતે ફી વધારે લેતી હોય એવું કમિટીમાં પુરવાર થાય તો વિદ્યાર્થીને બમણી ફી પરત કરવાની અને એફ.આર.સી.ની જોગવાઇ પ્રમાણે પહેલીવાર કોઇ શાળામાં આ પ્રકારની વિસંગતતા જોવા મળે તો રૂ.૫ લાખ પરંતુ એફ.આર.સી. કમિટી નક્કી કરે છે કે દંડની સિવિયારિટી કેટલી હોવી જોઇએ? એ રૂપિયા પચાસ હજાર પણ હોઇ શકે અને રૂ.૫ લાખ પણ હોઇ શકે. પરંતુ રૂ.૫ લાખની મર્યાદામાં પહેલી વખત કમ્પ્લેઇન મળે તો એ દંડ કરી શકે છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, એફ.આર.સી.કમિટીમાં કોણ-કોણ સભ્ય હોય છે?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એફ.આર.સી.કમિટીના સભ્યોની વિગતો નીચે મુજબ છે. અધ્યક્ષ તરીકે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયામકશ્રી હોય છે, નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ પણ હોય છે, સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી સભ્ય તરીકે કાર્યરત હોય છે અને સાથે-સાથે ચીફ કો-ઓર્ડિનેટર અને જિલ્લા શિક્ષણાધિકારી પણ સભ્ય તરીકે કાર્યરત હોય છે. આ ઉપરાંત વિશેષ ક્ષેત્રમાં પ્રદાન કરેલ હોય એ બોર્ડના સભ્ય તરીકે કાર્યરત હોય છે.

રાજકોટ જિલ્લામાં પેન્શનરોનું મેડિકલ રિએમ્બર્સમેન્ટ

***15/8/1416: ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી):**માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા પેન્શનરો મેડિકલ રિએમ્બર્સમેન્ટ મેળવે છે, અને	(૧)	૯૩૧
(૨)	ઉક્ત સ્થિતિએ મેડિકલ રિએમ્બર્સમેન્ટ પેટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી છે?	(૨)	વર્ષ ૨૦૨૪માં રૂ.૩,૨૦,૬૮,૦૮૩/- અને વર્ષ ૨૦૨૫માં રૂ.૨,૬૫,૫૪,૩૧૭/-

ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં પેન્શનની ચૂકવણીની કામગીરી કરતી પેન્શન ચૂકવણા કચેરી ખાતે તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ કેટલા પેન્શનરો પેન્શન મેળવે છે? તથા રાજ્ય સરકારશ્રીના પેન્શનરો ઉપરાંત કોણ-કોણ પેન્શન મેળવી શકે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પેન્શન હોલ્ડરો માટે મને જણાવતાં આનંદ થાય છે કે, આપણે ૧થી ૩ તારીખ સુધીમાં દરેક પેન્શનરોને પેન્શન ચૂકવી દઇએ છીએ. વધુમાં ગયા વખતે પણ બજેટમાં વ્યવસ્થા કરી હતી કે એમને હયાતીનો જે દાખલો લેવાનો હોય એ પણ ઘરબેઠા મળી શકે એની પણ વ્યવસ્થા કરી છે. પેન્શન ચૂકવણા કચેરી રાજકોટ ખાતેથી તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કુલ ૨૯,૬૭૪ પેન્શનરો પેન્શન મેળવે છે તથા ઉક્ત કચેરી ખાતે રાજ્ય સરકારના પેન્શનરો ઉપરાંત, પંચાયત સેવાના, કેન્દ્ર સરકારના, ડિફેન્સના, રેલવેના તથા અન્ય રાજ્ય સરકારના અધિકારી અને કર્મચારીઓ પણ પેન્શન મેળવે છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય નાણામંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપણા રાજ્યના કર્મચારીઓ માટે હાલ ઓલ્ડ પેન્શન યોજના બંધ છે તેને ચાલુ કરવાની કોઇ વિચારણા છે કે નહીં? અને અન્ય રાજ્યોમાં ધારાસભ્યશ્રીઓને પેન્શન આપવામાં આવે છે તો આપણા રાજ્યમાં દરેક ધારાસભ્યશ્રીઓને પેન્શન આપવામાં આવે એવી કોઇ જોગવાઇ કરવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પહેલાં તો માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને ખૂબ-ખૂબ અભિનંદન આપીશ કે સમગ્ર ગુજરાતમાં પહેલી વખત એવું થયું છે કે પેન્શનરોએ દરેક કચેરીએ ધક્કા ખાવા પડતા નથી, પણ સરકાર દરેક પેન્શનરોના ઘરે જઇ પોસ્ટ ઓફિસના માધ્યમથી વેરિફિકેશન કરે એવું ગુજરાતમાં પ્રથમ વખત થયું છે. પહેલી વખત વર્ષ ૨૦૨૫થી ગુજરાત સરકાર દ્વારા તમામ પેન્શનરો માટે કેશલેસ હેલ્થ બેનિફિટ પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ તમામ પેન્શનરોને હૃદયરોગ અને કિડનીના ગંભીર રોગો થાય એના માટે શું જોગવાઇ કરવામાં આવી છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે આપણા આ બજેટમાં જ આપણે પેન્શનરો અને સરકારી એમ્પ્લોઇઝ માટે આયુષ્યમાન ભારત લાગુ કર્યું છે અને આપણા પેન્શન ધરાવતા એમપ્લોઇઝ માટે ગુજરાત રાજ્ય તબીબી સારવાર નિયમો-૨૦૧૫ના નિયમ-૨(૪)માં યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી રિસર્ચ સેન્ટર અમદાવાદ, કેન્સર સોસાયટી, એમ.પી. શાહ કેન્સર હૉસ્પિટલ-અમદાવાદ અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીસીઝ આ ત્રણેય હૉસ્પિટલોને માન્યતા આપેલી છે. આપણા પેન્શનરો જો આ હૉસ્પિટલોમાં સારવાર કરાવે તો એને બિલ મળવાપાત્ર થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય કનુભાઇ, તમે મૌલિક રીતે ખૂબ સરસ જવાબ આપો છો. તમારે આવું પહેલેથી કરવાની જરૂર હતી. તમારો બહુ સરસ જવાબ છે.

મહેસાણા મહાનગરપાલિકાને ફાળવેલ બસો

*15/8/1398 **શ્રીમુકેશકુમાર દ્વારકાદાસ પટેલ** (મહેસાણા):**માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળની મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન સેવા અંતર્ગત મહેસાણા મહાનગરપાલિકા માટે કેટલી બસો મંજૂર કરવામાં આવેલ છે,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળની મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન સેવા અંતર્ગત મહેસાણા મહાનગરપાલિકા માટે કુલ ૩૫ બસો મંજૂર કરવામાં આવેલ છે,
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી બસો સંચાલનમાં છે, અને	(૨)	ઉક્ત સ્થિતિએ હાલમાં ૨૫ બસો સંચાલનમાં છે અને બાકીની ૧૦ બસ યોગ્ય સમયે ઉમેરવામાં આવશે.
(૩)	ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૩)	ઉક્ત સ્થિતિએ કુલ ૨૫ બસોના સંચાલનમાં કુલ ૩.૨,૯૨,૯૬,૭૮૫/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનો ખૂબ-ખૂબ આભાર માનું છું કે મહેસાણા મહાનગરપાલિકામાં મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતર્ગત ૩૫ બસો રૂ. ૨ કરોડ ૯૨ લાખના ખર્ચે મંજૂર કરી છે અને એમાં ૨૫ બસો અત્યારે કાર્યરત છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ યોજના ક્યારે અને શા માટે અમલમાં મૂકવામાં આવી?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે વારંવાર કહીએ છીએ કે શહેરીકરણ વધતું જાય છે અને શહેરીકરણ વધવાના લીધે જ્યારે શહેરમાં અનેક વ્હીકલો ''ફોર વ્હીલર'' હોય ત્યારે પાર્કિંગ તેમજ ટ્રાફિકની ઘણી સમસ્યા સર્જાય છે. આ અનુસંધાનમાં વર્ષ ૨૦૧૮માં શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી વિકાસ યોજના હેઠળ આ યોજના શરૂ કરવામાં આવેલ છે.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને સામાન્ય અનુભવ એવો છે, ધારો કે મારી વિધાનસભામાં બસુથી કાણોદરની બસ શરૂ કરવાની માગણી કરીએ તો કરી દે પછી જલોત્રાથી સિસરાણાની બંધ કરી દે અને જલોત્રાથી સિસરાણાની માગણી કરીએ તો બસુથી કાણોદરની બંધ કરી દે. નગરપાલિકા અને તાલુકા કક્ષાએ કેટલી વસતિને સાપેક્ષ કેટલી બસો હોવી જોઇએ? અને મહેસાણામાં ૩૫ની સામે અત્યારે ૨૫ બસો કાર્યરત છે અને ૧૦ જરૂરિયાત પ્રમાણે સંચાલનમાં મૂકીશું. એ બાબતની જરૂરિયાત છે એવી લોકોની અરજીઓ આવેલી છે કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું જણાવવાનું છે કે જ્યાં જરૂરિયાત હોય ત્યાં બસ મળવી જોઇએ. જો નગરપાલિકા આ રીતની દરખાસ્ત કરશે તો ચોક્કસ રીતે આ પૂરી પાડવામાં આવશે.

નવસારી અને વલસાડ જિલ્લામાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા બાબતે

***15/8/2283 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ** (વાસંદા):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ

નવસારી જિલ્લો			વલસાડ જિલ્લો		
તાલુકા	પ્રાથમિક શાળા	માધ્યમિક શાળા	તાલુકા	પ્રાથમિક શાળા	માધ્યમિક શાળા
ચીખલી	૦	૦	વલસાડ	૦	૦
ગણદેવી	૦	૦	વાપી	૦	૦
જલાલપોર	૦	૦	પારડી	૦	૦
નવસારી	૦	૦	ઉમરગામ	૦	૦
વાંસદા	૦	૦	ધરમપુર	૦	૧
ખેરગામ	૦	૦	કપરાડા	૦	૦

(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં પીવાના પાણી માટે શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને	(૨)	સરકારી માધ્યમિક શાળા–પેણધામાં હાલ મિનરલ પાણીના જગની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત શાળાઓમાં ક્યાં સુધીમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે?	(૩)	બનતી ઝડપે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે શાળાઓમાં પાણીની વ્યવસ્થા છે તો શું એ પાણીની યોગ્ય ચકાસણી થાય છે? મારો બીજો પ્રશ્ન છે કે આ બધી શાળાઓમાં જે પીવાનું પાણી મળે છે એના સ્ત્રોત કયા કયા છે?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સેફ્ટીની વાત આવે ત્યારે સ્વભાવિક રીતે જ ચિંતા થતી હોય છે. આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં શિક્ષણ વિભાગ ખૂબ સરસ રીતે બાળકની તમામ જરૂરિયાતો સંતોષાય એ પ્રકારનું શિક્ષણ આપી રહ્યો છે. આપણે બાળકોને પીવાનું પાણી આપીએ છીએ એની ચકાસણી પણ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં પીવાલાયક પાણી શાળાઓમાં પહોંચે એ વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. બીજો એમનો પ્રશ્ન છે કે વિવિધ સરકારી શાળાઓમાં કેવી રીતે પાણીની સવલતો પૂરી પડવામાં આવે છે તો એ બાબતે જણાવવાનું કે હેન્ડ પમ્પ, ટ્યૂબવેલ, પાઇપલાઇન વીથ ટેન્ક, સ્ટોરેજ ટેન્ક અને આર.ઓ.ના માધ્યમથી પાણી પૂરું પાડવામાં આવે છે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખાસ તો ઘરમપુર અને કપરાડા જેવા વિસ્તારમાં એસ્ટલ જૂથ પાણી પુરવઠા યોજનાથી જંગલ વિસ્તારની શાળાઓમાં ટેન્કરથી પાણી મોકલવામાં આવતું હતું એને આજે નળથી પાણી મોકલવામાં આવે છે એ ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે. આ પાણીના સ્ત્રોત છે એ કયા કયા પ્રકારની શાળાઓમાં વિતરણ કરવામાં આવે છે?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને વલસાડ જિલ્લાની વાત કરીએ તો વલસાડ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં વલસાડના કુલ ૬ તાલુકાઓ છે, જેમાં વલસાડમાં ટ્યૂબવેલથી ૧૧૬, પાઇપલાઇન વીથ ટેન્કથી ૫૭ એમ કુલ ૧૭૩ શાળામાં પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. વાપીમાં ટ્યૂબવેલથી ૧૦, પાઇપલાઇનથી ૫૩ એમ કુલ ૬૩ શાળામાં પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. પારડીમાં ટ્યૂબવેલથી ૧૦૧, પાઇપલાઇન વીથ ટેન્કથી ૧૬ એમ કુલ ૧૧૭ શાળામાં પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉમરગામમાં હેન્ડપમ્પથી ૪, ટ્યૂબવેલથી ૧૩ અને પાઇપલાઇન વીથ ટેન્કથી ૧૩૭ એમ કુલ ૧૫૪ શાળામાં પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. એવી જ રીતે ઘરમપુરમાં ટ્યૂબવેલથી ૧૪૩, પાઇપલાઇન વીથ ટેન્કથી ૪૮ એમ કુલ ૧૯૧ શાળામાં પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. કપરાડામાં હેન્ડપમ્પથી ૮, ટ્યૂબવેલથી ૨૫ અને પાઇપલાઇન વીથ ટેન્કથી ૨૨૩ એમ કુલ ૨૫૬ શાળામાં પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. આમ, કુલ વાત કરીએ તો વલસાડ જિલ્લામાં હેન્ડપમ્પથી ૧૨, ટ્યૂબવેલથી ૪૦૮, પાઇપલાઇન વીથ ટેન્કથી ૫૩૪ એમ કુલ ૯૫૪ શાળામાં પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેગના રિપોર્ટ પ્રમાણે ૪૦ ટકા પીવાનું પાણી યોગ્ય હોતું નથી તો શાળાઓમાં ચકાસણી કઇ રીતે થાય છે?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જ એમના જવાબમાં કહ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારની શાળાઓ હોય ત્યારે એ વિસ્તારમાં જે પાણી આપવામાં આવે છે એ પાણી સંપૂર્ણ રીતે શુદ્ધ અને પીવાલાયક છે એની ચકાસણી અને ખાતરી કર્યા પછી જ શાળાઓમાં પહોંચાડવામાં આવે છે. છતાં માનનીય સભ્યશ્રીને ક્યાંય પ્રશ્ન ઉપસ્થિત થયો હોય અને રજૂઆત કરશે તો સોલ્વ કરીશું.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ અને નવસારી જિલ્લામાં પીવાના પાણીનો પ્રશ્ન છે. મારે એ જાણવું છે કે ધોરણ–૧થી ૪ અને ધોરણ–૫થી ૮ તેમજ સરકારી માધ્યમિક શાળાઓ જે ટ્રાયબલ વિસ્તારમાં આવેલ છે એમાં પીવાના પાણીના ધોરણો શું છે? કેટલા લિટર એક બાળકદીઠ જરૂરિયાત રહે છે અને તે પ્રમાણે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આઇ.એસ.૧૧૭૨ ની જેમ ૧૯૯૩ અને નેશનલ બિલ્ડિંગ કોડ ઓફ ઇન્ડિયા–૨૦૧૬ મુજબ શાળાઓમાં ૪૫ લિટર પ્રતિદિન પ્રતિ વિદ્યાર્થીની જરૂરિયાત રહે છે. એમાં પીવાનું, હાથ ધોવાનું, શૌચાલય સાફ સફાઇ અને અન્ય કામનો સમાવેશ કરવામાં આવ્યો છે. રહેવાસી સુવિધાવાળી શાળાઓ માટે વિદ્યાર્થી દીઠ ૧૩૫ લિટર દૈનિક જરૂરિયાત રહેતી હોય છે. જ્યારે ૫૦ વિદ્યાર્થીઓ દીઠ એક નળ એ પ્રમાણે વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

તારાંકિત પ્રશ્નો

બારડોલી નગરપાલિકા હસ્તકના રેલવે ઓવરબ્રીજ/અંડરપાસ

*15/8/1400 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા** (મહુવા (એસ.ટી.)): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ બારડોલી નગરપાલિકા હસ્તકના રેલવે લેવલ ક્રોસીંગના સ્થળે રેલવે ઓવરબ્રીજ/અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,	(૨)	આ કામગીરી ભૌતિક પ્રગતિ હેઠળ છે.જેની ભૌતિક પ્રગતિ ૯૪% થયેલ છે.
(૩)	આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને	(૩)	આ કામગીરી માટે મંજૂર થયેલ રકમ રૂ.૩૦.૪૯ કરોડ પૈકી રૂ. ૨૧.૨૯ કરોડનો ખર્ચ થયેલ છે તથા રૂ.૯.૨૦ કરોડનો ખર્ચ થનાર છે.
(૪)	આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?	(૪)	આ કામગીરી એપ્રિલ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બારડોલી નગરપાલિકા હસ્તક ઓવરબ્રિજ એપ્રિલના અંત સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ છે તે બદલ નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. પરંતુ આપના માધ્યમથી એમની પાસેથી એ જાણવા માગું છું કે એનું ઉદ્ઘાટન ક્યારે કરવામાં આવશે?અને બારડોલી નગરપાલિકા ખાતે બનાવવામાં આવેલ લેવલ ક્રોસિંગ નં. ૨૫ ઉપર આર.ઓ.બી. કેટલા માર્ગીય છે તથા તેની કુલ લંબાઇ, પહોળાઇ કેટલી છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી મોહનભાઇએ કહ્યું કે ઉદ્ઘાટન ક્યારે થશે? તમે તારીખ આપો એટલે થઇ જશે. બ્રિજ તૈયાર છે. ૨૦ તારીખ પછી. બારડોલી નગરપાલિકા ખાતે બનાવવામાં આવેલ લેવલ ક્રોસિંગ નં.૨૫ ઉપર આ બ્રિજ ચાર માર્ગીય છે. જેની બારડોલી નગરપાલિકાની લંબાઇ ૪૭૦ મીટર, પ્રસ્થાન બાજુની લંબાઇ ૩૫૦ મીટર અને રેલવેની લંબાઇ ૪૫ મીટર થાય છે. આમ, કુલ લંબાઇ ૮૬૫ મીટર તથા પહોળાઇ ૭.૫ મીટર છે. રેલવેની બંને બાજુ ફૂટપાથ ઉપર ૪૫ મીટર ની લંબાઇ છે અને ૧.૫૦ મીટરની પહોળાઇ છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ગુજરાત રાજ્યમાં નગરપાલિકા, મહાનગરપાલિકામાંથી પસાર થતી રેલવે લાઇનમાં કેટલા ફાટકો આવેલા છે અને એ રેલવે ફાટકને ફાટક મુક્ત કરવા માટે શું આયોજન કરવામાં આવ્યું છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે દિલ્હી-મુંબઇ ફ્રેઇટ કોરીડોર જ્યારે બની રહ્યો છે ત્યારે સમગ્ર વિસ્તારને રેલવેની અવરજવર માટે શું મળે એના માટે બધા ફાટકોને ફાટક મુક્ત ગુજરાત બનાવવાનું આયોજન છે અને એના ભાગરૂપે આપણા ગુજરાતમાં લગભગ તમામ નગરપાલિકાઓ અને મહાનગરપાલીકાઓ મળીને ૩૬૭ રેલવે ફાટક છે. જે પૈકી ૧૬૩ રેલવે ફાટક પર કામગીરી પૂર્ણ થયેલ છે. કુલ પર રેલવે ફાટક પર કામો પ્રગતિ હેઠળ છે એને ૪૬ ઓવરબ્રિજનાં કામો મંજૂરી હેઠળ છે. બાકી રહેલ ૧૩૭ રેલવે ફાટક માટે ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર થઇ રહ્યો છે અને તે મુજબ કામગીરી હાથ ધરવામાં આવશે. પરંતુ મને જણાવતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૨૯-૩૦ સુધીમાં ગુજરાતની નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારના તમામ ફાટકના કાર્યો પૂર્ણ કરવામાં આવશે.

શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બારડોલી નગરપાલિકા ખાતે બનાવવામાં આવેલ એલ.સી.નં.૨૫ ઉપર રેલવે ઓવરબ્રિજની કામગીરીથી શહેરના નાગરિકો અને ગ્રામ્ય નાગરિકોને શું શું ફાયદો થશે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આમ જોઇએ તો બારડોલી એ સરદાર પટેલની કર્મભૂમિ છે. જન્મભૂમિ ભલે ખેડા હોય. એમણે ત્યાં સ્થાપેલા આશ્રમો આજે પણ કાર્યરત છે. બારડોલી ખાતે રેલવે ઓવરબ્રિજ બનવાથી બારડોલી-કડોદ માંડવી રોડ ઉપર આવતા ગામો, બાયણ-મઢી રોડ પર આવતા ગામો, બાબેન-મોટા રોડ ઉપર આવતા ગામો તથા બારડોલી-ગલતેશ્વર રોડ પર આવતા ગામોની લગભગ ૧ લાખ ૨૫ હજારની વસ્તીને અવરજવર માટે ખૂબ ફાયદાકારક રહેશે.

નખત્રાણા ખાતે અનુસૂચિત જાતિ કન્યા છાત્રાલય બનાવવા

*** 15/8/1167 :શ્રી પ્રધુમનસિંહ મહિપતસિંહ જાડેજા** (અબડાસા) :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા ખાતે અનુસૂચિત જાતિ કન્યા છાત્રાલયની બિલ્ડીંગ બનાવવાની કોઇકામગીરી થયેલ છે કે કેમ, અને	(૧)	ના

(૨)	જો હા, તો છાત્રાલયના બાંધકામની પ્રક્રિયા ક્યા તબક્કે છે?	(૨)	પ્રશ્ન રહેતો નથી.

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો પહેલા સરકારશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રી અને માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારો છેવાડાનો વિસ્તાર અબડાસા ગુજરાતની ૧ નંબરની સીટ છે. ત્યાં નલિયા, નખત્રાણા અને લખપતમાં કોલેજ ન હતી. હવે બધે કોલેજ આપી દીધી અને મને વિશ્વાસ છે કે બિલ્ડિંગ પણ થઇ જશે. મારો પ્રશ્ન છે કે નખત્રાણા તાલુકામાં સરકારી કન્યા છાત્રાલય કરવાનું આયોજન છે કે નહીં?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, નખત્રાણા ખાતે સરકારી કન્યા છાત્રાલય કરવાની રજૂઆત કરી છે એના માટે જમીન શોધવાની તથા બાંધકામ માટેના એસ્ટીમેટ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવેલી છે. સાથેસાથે આ બાંધકામ પૂરું ના થાય ત્યાં સુધી કન્યા છાત્રાલયમાં રહેતી દીકરીઓને ભાડાના મકાનમાં રહેવાની વ્યવસ્થા થઇ જાય એના માટેની વિચારણા હેઠળ છે. આગામી સમયમાં પ્રવેશની અરજીઓ જરૂરિયાત પ્રમાણે લાગશે અને આપણને જેટલી સંખ્યા જોઇતી હોય એટલી દીકરીઓ ત્યાં મળી રહેશે તો છાત્રાલયનું બાંધકામ કરવાની સરકારની વિચારણા છે એ અમે ધ્યાનમાં લઇશું.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના બજેટમાં મારા ગાંધીધામ કોર્પોરેશન વિસ્તારના આદિપુરમાં એક અનુસૂચિત જાતિ કન્યા છાત્રાલય મંજૂર કરવામાં આવેલ છે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાંધીધામ સિવાય આ બજેટમાં બીજાં કયાં બાંધકામો મંજૂર કરવામાં આવ્યાં છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની કન્યા છાત્રાલય માટેની ખૂબ ચિંતા હતી અને તે મંજૂર કરેલી છે. સાથે સાથે તેમણે બીજી છાત્રાલયોની અને આદર્શ નિવાસી શાળાની જે માહિતી માગી છે તે પ્રમાણે તેમને આદિપુર ખાતે કન્યા છાત્રાલય, શીણાય ખાતે મંજૂર કરવામાં આવી છે. આદર્શ નિવાસી કન્યા શાળા માટે ભુજ ખાતે અને સાથે જ આદર્શ નિવાસી શાળા કુમાર માટે મુંદ્રા ખાતે મંજૂર કરવામાં આવેલ છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, હમણાં પાલનપુરની છાત્રાલયમાં અનાજની જે જમવાની કવોલિટીનો બહુ સિરિયસ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો પછી પ્રિન્સિપલ સેક્રેટરી સોશિયલ જસ્ટીસ સાથે વાત થઇ એમણે બહુ પોઝિટીવલી ઇન્ટરવિંગ કર્યું અને કવોલિટી ઇમ્પ્રુવ પણ થઇ પછી અન્ય છાત્રાલયોમાં તપાસ કરતાં ગુણવત્તાનો બહુ ગંભીર પ્રશ્ન છે તો એ બાબતે જરા સુધાર આવે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. એટલીસ્ટ શિડયુલ્ડ કાસ્ટના અનુસૂચિત જાતિની બેઠક પરથી ચૂંટાયેલા મારા સહિતના ધારાસભ્યો ત્યાં જમવાનું પસંદ કરે એવી ગુણવત્તાનું જમવાનું ત્યાં મળવું જોઇએ.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જીજ્ઞેશભાઇએ જે વાત કરી છે તે રીતે અમે જયાં એમણે કમ્પ્લેઇન કરી છે તે છાત્રાલયોમાં અમે સ્વયં જઇશુ અને તપાસ કરીશુ અને કયાંય પણ એવું લાગતું હશે તો અમે સુધારો કરીશુ.

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, અનુસૂચિત જાતિ કલ્યાણ સરકારી જે છાત્રાલયો છે તેના પ્રવેશનાં ધારા-ધોરણો શું છે અને તેની પદ્ધતિ શું છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે ભારત ડિજિટલાઇઝેશન તરફ આગળ વધી રહ્યું છે ત્યારે કહેતાં આનંદ થાય છે કે, આપણે 'ઇ-સમાજ કલ્યાણ' પોર્ટલ હસ્તગત આપણે ઓનલાઇન અરજીઓ સ્વીકાર કરતા હોઇએ છીએ. જે બાળકોને ૫૦ ટકાથી ઉપર પર્સન્ટેજ આવેલા હોય છે તેને મેરીટ બેઇઝ આપણે ફાળવતા હોઇએ છીએ, પ્રવેશ આપતા હોઇએ છીએ. સાથે સાથે જ જો વિદ્યાર્થી જે જિલ્લામાં ભણવા આવે છે તે જિલ્લામાં જ જો તેની કોલેજ હોય તો જ તેને આ છાત્રાલયમાં એડમિશન મળે છે. સાથે સાથે જ એવું હોય કે જૂના વિદ્યાર્થી છે અને એક વર્ષ પૂર્ણ થઇ ગયું છે અને એક વર્ષ પછી પાછું તેમને ઓનલાઇન એપ્લાય કરવાનું રહે છે અને ઇન કેસ એ નાપાસ થાય છે તો તેમનું છાત્રાલયનું એડમિશન રદ કરવામાં આવે છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે અનુસૂચિત જાતિ કન્યા છાત્રાલયમાં કન્યાઓ હોય છે તેમને વ્યકિતદીઠ દર મહિને કેટલું ફૂડ બિલ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવે છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તેની માહિતી તેમને ટેબલ ઉપર પહોંચાડીશું પણ જેટલી દીકરીઓ અમારા કન્યા છાત્રાલયમાં રહેતી હોય છે તેનું ખૂબ સારી રીતે ધ્યાન રાખવામાં આવે છે અને ખૂબ સારું ભોજન પણ તેમને પ્રાપ્ત થાય છે.

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તેમાં સરકારી છાત્રાલયોમાં નાસ્તા અને બે ટંકના ભોજન માટેના ભાવ નક્કી થયેલ છે. ૧૫૦થી વધુ સંખ્યા ધરાવતી જે છાત્રાલયો છે ત્યાં લઘુતમ ભાવ રૂપિયા ૨૬૦૦ થી મહત્તમ રૂપિયા ૩૦૦૦ સુધી નક્કી થયેલો છે. ૧૦૧થી ૧૫૦ સંખ્યા ધરાવતી છાત્રાલયો હોય ત્યાં રૂપિયા ૨૭૦૦ થી મહત્તમ રૂપિયા ૩૨૦૦ સુધી નિશ્ચિત કરવામાં આવ્યો છે. ૫૧થી ૧૦૦ સંખ્યા ધરાવતી છાત્રાલયો હોય ત્યાં રૂપિયા

૩૨૦૦ થી ૩૫૦૦ સુધી અને ૫૦ કે તેથી ઓછી સંખ્યા ધરાવતી છાત્રાલયો હોય ત્યાં રૂપિયા ૩૫૦૦ થી રૂપિયા ૪૦૦૦ સુધીના ભાવ નક્કી કરવામાં આવ્યા છે.

ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

***15/8/2252શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ
(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ–કેટલું છે,		(૧) **મંજૂર મહેકમ** **જિલ્લો** | **સામાજિક વિજ્ઞાન** | **ગણિત–વિજ્ઞાન** | **ભાષા** ભાવનગર | ૮૦૬ | ૯૦૭ | ૧૦૮૧
(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને		(૨) **જિલ્લો** | **જગ્યાની સ્થિતિ** | **સામાજિક વિજ્ઞાન** | **ગણિત–વિજ્ઞાન** | **ભાષા** ભાવનગર | ભરેલ જગ્યા | ૭૬૦ | ૮૩૪ | ૧૦૨૩
(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?		(૩) **જિલ્લો** | **ભરતીનો પ્રકાર** | **સામાજિક વિજ્ઞાન** | **ગણિત–વિજ્ઞાન** | **ભાષા** ભાવનગર | કરાર આધારિત | ૦૦ | ૦૦ | ૦૦ વિદ્યાસહાયક | ૩૮૯ | ૪૬૨ | ૧૩૯

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને ત્રણ પ્રશ્નો પૂછવા માગું છું: પહેલો પ્રશ્ન એ છે કે, જે ૧૭૭ જેટલા શિક્ષકોની ઘટ દર્શાવેલી છે તો તે ઘટ રાજ્ય સરકાર કેટલા સમયમાં પૂરી કરવા માગે છે? બીજું, કે નવી શિક્ષા નીતિ પ્રમાણે વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેનો કેટલો રેશિયો છે અને ભાવનગર જિલ્લામાં આ રેશિયો જળવાયો છે કે કેમ? અને કેટલી શાળાઓ ભાવનગરમાં એવી છે કે જયાં દીકરીઓ માટે સેપરેટ ટોઇલેટ નથી અને જો ના હોય તો કયાં સુધીમાં પૂરાં કરવા માગીએ છીએ?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગમાં ખાસ કરીને દરેક શાળામાં બાળકોને વ્યવસ્થિત રીતે શિક્ષણ મળી શકે, તેમનું શિક્ષણ જળવાઇ શકે તે માટે શિક્ષણ વિભાગ ખૂબ જ ચિંતિત છે.ત્યારે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ ભાવનગર જિલ્લામાં ૧૭૭ જે ખાલી જગ્યાઓ છે એનું આયોજન થોડું વિસ્તૃત છે એટલે હું આ ગૃહના સમક્ષ મૂકવા માગીશ. વર્ષ ૨૦૨૪માં આવેલ વિદ્યાસહાયક ભરતીની જે જાહેરાત હતી એ મુજબ વિદ્યાસહાયકોની ભરતી અંગેની કાર્યવાહી પૂર્ણ થઇ ગઇ છે. જે અંતર્ગત ૪૨૬ ઉમેદવારોએ ભાવનગર જિલ્લાની પસંદગી કરેલી છે. હમણાં જ તાજેતરમાં ધો. ૧થી પમાં વિદ્યાસહાયકની નિમણૂક માટે જરૂરી જે ટેટ–૧ની એકઝામ હોય છે એ બોર્ડ દ્વારા એનું આયોજન કરવામાં આવેલું છે. જેમાં ૧૧ હજાર ઉમેદવાર પાસ થયેલ છે એટલે ૧૧ હજાર ઉમેદવાર આપણી પાસે ઉપલબ્ધ છે પરંતુ હાલમાં અત્યારે આપણી જે જિલ્લાફેરની શિક્ષણ વિભાગની જે કાર્યપદ્ધતિ છે એ ચાલી રહી છે, એ કાર્ય પૂર્ણ થશે એટલે તુરંત જ આપણે દસ વર્ષનું જે ભરતી કેલેન્ડર છે એ આપણે ઓલરેડી ડિકલેર કરી લીધું છે અને તે ભરતી કેલેન્ડર મુજબ આવનારા સમયમાં જેટલી પણ જે જે જિલ્લાઓની શિક્ષણ વિભાગમાં શિક્ષકોની અપૂર્તતા હશે એ પૂર્તતા કરી દઇશું. આ ઉપરાંત આર.ટી.ઇ.– એકટ ૨૦૦૯ ની કલમ–૨૬ મુજબ શાળામાં શિક્ષકોની જે જરૂરિયાત હોય એ દસ ટકા કરતાં વધારે ના હોવી જોઇએ એટલે દસ ટકાની અંદર જો આપણી પાસે ઘટ છે તો એ આપણે ક્ષમ્ય છીએ અને ભાવનગર જિલ્લાની પર્ટીકયુલર માનનીય સભ્યશ્રીએ વાત કરેલી છે એ દસ ટકાની અંદર આવે છે એટલે પૂરતા શિક્ષકો આપણી પાસે હાલ છે. આ ઉપરાંત માનનીય સભ્યશ્રીનો જે બીજો પ્રશ્ન હતો કે સ્ટુડન્ટના રેશિયો પ્રમાણે કેટલા શિક્ષકો આપણી પાસે અવેલેબલ હોવા જોઇએ તો ધો. ૧થી ૫ માટે ૬૦ સુધી જો બાળકોની સંખ્યા છે તો ૨ શિક્ષકો, ૬૧થી ૯૦ જેટલાં બાળકો છે તો ૩ શિક્ષકો, ૯૧ થી ૧૨૦ની વચ્ચે બાળકો છે તો ૪ શિક્ષકો અને ૧૨૦થી ૨૦૦ બાળકોની વચ્ચે ૫ શિક્ષકો મળવાપાત્ર છે અને ત્યારબાદ દરેક ૪૦ વિદ્યાર્થીદીઠ ઓછામાં ઓછો એક શિક્ષક આપણને મળવાપાત્ર છે. એવી જ રીતે ધો. ૬થી ૮ માટે વાત કરીએ તો વર્ગદીઠ ઓછામાં ઓછો એક શિક્ષક અને જનરલી જુદા

જુદા વિષય હોય છે: જેમાં ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા અને ભાષાના શિક્ષકો ઓછામાં ઓછા એક શિક્ષક છે એ ઉપલબ્ધ કરાવવા પડે છે. પ્રત્યેક ૩૫ બાળકો માટે પણ ઓછામાં ઓછા ૧ શિક્ષક જે છે એ મળવાપાત્ર છે અને સભ્યશ્રીનો ત્રીજો પ્રશ્ન છે બહેનો માટેના સેપ્રેટ ટોયલેટ અંગેનો છે તે તેમાં હું માનનીય સભ્યશ્રીને ગૃહના માધ્યમથી વિગતો પહોંચાડી દઈશ.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે ૭૩ જેટલી ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની જગ્યા ખાલી છે તો જે શાળામાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો નથી તો એ લોકોને ગણિત અને વિજ્ઞાન શીખવાડવા માટેની વૈકલ્પિક વ્યવસ્થા સરકારે શું કરી છે એ મંત્રીશ્રી જણાવે?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે કોઇ શિક્ષકો મેં પહેલાં જ કહ્યું એમ કે ધોરણ ૬થી ૮ માટે વર્ગદીઠ ઓછામાં ઓછા ૧ શિક્ષક એમાં વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન અને ભાષા એ ત્રણે ત્રણ આપણે એનરોલ કરીએ છીએ. છતાં પણ જયાં ગણિત વિજ્ઞાનના શિક્ષકો ના હોય ત્યાં કેન્દ્રની જે શાળાનું કલસ્ટર હોય એમાં જે શાળામાં વધારે શિક્ષકો છે એ આ શાળામાં મોકલી અને એમનું શિક્ષણકાર્ય અટકે નહીં એ માટે જવાબદારી લેવામાં આવે છે અને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે જ્ઞાન સહાયકોને પણ મૂકવામાં આવે છે.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોનું મહેકમ કેવી રીતે નક્કી કરવામાં આવે છે?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાંજ ડીટેઇલમાં જવાબ આ ગૃહ સમક્ષ મૂકેલો છે તો એ મંજૂર કરવા વિનંતી.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગ્રામ્ય વિસ્તારમાં પ્રાયમરી શાળાઓમાં મોટા ભાગે જે બાળકો ભણતા હોય છે એ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના હોય છે અને એ લોકોનો સ્કૂલમાંથી વર્ષમાં એક વખત અલગ અલગ જગ્યાએ અભ્યાસ પ્રવાસ થતો હોય છે તો એમાં ઘણાં બાળકોને એ પ્રવાસની ફી પોસનતી નથી તો મારે સરકારશ્રીને વિનંતી છે કે આવી જે શાળાઓ ગ્રામ્ય વિસ્તારમાં હોય અને જે ગરીબ માણસોનાં બાળકો જયાં ભણતાં હોય છે તો એને અભ્યાસ પ્રવાસ જે સ્કૂલવાળા કરાવતા હોય છે એમાં આપણે કોઇ કન્સેશન આપવા માગીએ છીએ કે કેમ?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાની અંદર પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાઓમાં ચિત્ર, સંગીત અને વ્યાયામ એ નાનાં બાળકો માટે ખૂબ જ જરૂરી વિષય છે તો એમાં હાલ અત્યારે કેટલા કાયમી શિક્ષકો છે અને સાથો સાથ ચિત્ર, સંગીત અને વ્યાયામના શિક્ષકોની કાયમી ભરતી કરવાનું કોઇ આયોજન સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે કે કેમ?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ચિત્ર, વ્યાયામ અને સંગીતના શિક્ષકો માટે માનનીય સભ્યશ્રીએ ચિંતા કરી છે પરંતુ દરેક શાળામાં જ્ઞાનસહાયકોના માધ્યમથી આપણે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરીએ છીએ અને એમનો બીજો પ્રશ્ન હતો એ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એટલો જ છે કે ચિત્ર, વ્યાયામ અને સંગીતના શિક્ષકોની કાયમી ભરતી કરવા માટે સરકાર દ્વારા કોઇ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે કે કેમ?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આવનારા સમયમાં ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર છે એમાં આ પ્રકારના શિક્ષકોની વ્યવસ્થાનો સમાવેશ કરવો કે કેમ? એ માનનીય સભ્યશ્રીની જાણમાં મૂકવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ભાવનગર જિલ્લામાં સામાજિક વિજ્ઞાનના વિષયમાં ૮૦૬ જગ્યાઓમાંથી ૭૬૦ જગ્યાઓ ભરેલી છે. એમાં ૩૮૯ વિદ્યા સહાયક છે. બાકીની ૩૭૧ જગ્યાઓ કયા આધારે ભરેલી છે? એવી જ રીતે ગણિત–વિજ્ઞાનમાં ૯૦૭ જગ્યા છે. જેમાંથી ૮૩૪ જગ્યાઓ ભરેલી છે. એમાં વિદ્યા સહાયકથી ૪૬૫ જગ્યાઓ ભરાયેલી છે. બાકીની ૩૭૨ જગ્યાઓ કયા આધારે ભરેલી છે? ત્રીજું એ છે કે ભાષામાં ૧૦૮૧ જગ્યાઓ છે જેમાંથી ૧૦૨૩ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૩૯ જગ્યાઓ વિદ્યા સહાયકની જગ્યાઓ છે. બાકીની ૮૮૪ જગ્યાઓ કયા આધારે ભરેલી છે?

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જ કહ્યું એમ જ્ઞાન સહાયકોની વૈકલ્પિક વ્યવસ્થા આપણી પાસે છે. જો આ શિક્ષકો ઉપરાંત પણ શાળાને વધારે શિક્ષકોની આવશ્યકતા હોય તો ૧૦ શાળાનું કલસ્ટર આપણી પાસે નિર્ધારિત છે. એમાં ખાસ કરીને જે શાળામાં વધારે શિક્ષકો ઉપલબ્ધ હોય ત્યાંથી આપણે બીજી શાળામાં શિક્ષકો મૂકતા હોઇએ છીએ. એ જ સંખ્યાના આધારે આપણે અત્યારે શિક્ષણ કાર્ય ચલાવીએ છીએ. (સભ્યશ્રી શૈલેષભાઇ ફરી પ્રશ્ન પૂછવા ઊભા થતા.)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. માનનીય મંત્રીશ્રી ખૂબ સરસ જવાબ આપે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે જવાબ આપ્યો એનાથી મને સંતોષ છે પણ જે જ્ઞાન સહાયક છે એને આપણે પગાર તો ચૂકવતા હોઇશું. એ પગાર કયા હેડ હેઠળ ચૂકવીએ છીએ?

ડૉ. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીને આ બાબતમાં થોડી સ્પષ્ટતા કરવા માગું છું. આપ હંમેશા આંકડાઓથી રમો છો. ખૂબ જ્ઞાની છો. ભાવનગરમાં સામાજિક વિજ્ઞાનની ભરેલ જગ્યાઓ ૭૬૦ છે. એમાંથી કરાર આધારિત 'શૂન્ય' જગ્યાઓ ભરેલી છે. એ વાત ૧૦૦ ટકા સાચી છે. એમાં ૩૮૯ વિદ્યાસહાયક છે. આપ ૭૬૦માંથી ૩૮૯ બાદ કરશો તો બાકીના પ્રાથમિક શિક્ષકો છે એ કાયમી શિક્ષકો છે અને કરાર આધારિત એક પણ શિક્ષક એમાં નથી.

રાજકોટ અને સુરત જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ શુલ્કમાં માફી

***15/8/1485 શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા.** (વિસાવદર): **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૦૧–૦૧–૨૦૨૬નીસ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહ/એકમને વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહ/એકમને જિલ્લાવાર કેટલી રકમની વીજ માફી આપવામાં આવી, અને	(૨)	**જિલ્લો–રાજકોટ** વર્ષ | વીજ શુલ્કમાં માફી અપાયેલ એકમોની સંખ્યા | માફી અપાયેલ કુલ રકમ (રૂપિયા કરોડમાં) ૨૦૨૪ | ૧૬૦૪ | ૧૦૬.૬૧ ૨૦૨૫ | ૧૫૭૧ | ૧૦૮.૭૩ **જિલ્લો–સુરત** વર્ષ | વીજ શુલ્કમાં માફી અપાયેલ એકમોની સંખ્યા | માફી અપાયેલ કુલ રકમ (રૂપિયા કરોડમાં) ૨૦૨૪ | ૭૫૩૧ | ૪૧૬.૧૨ ૨૦૨૫ | ૧૦૭૨૪ | ૪૭૮.૩૬
(૩)	ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ માફી આપવાના મુખ્ય કારણો શા છે?	(૩)	રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા ગુજરાત વિદ્યુતશુલ્ક અધિનિયમ ૧૯૫૮ ની કલમ ૩(૨)(૭) અને ૩(૨)(૮) ની જોગવાઇ હેઠળ તેમજ ગુજરાત સેઝ એકટ–૨૦૦૪ની કલમ ૧૫(૨)ની જોગવાઇ હેઠળ ઉદ્યોગ ગૃહોને નિયત સમયગાળા માટે વિદ્યુત શુલ્કમાંથી માફી આપવામાં આવે છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ અને સુરત બંને જિલ્લાઓમાં સરકારે ઉદ્યોગપતિઓને રૂ.૧૧૦૦ કરોડની વીજળી માફી આપી છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ ઉદ્યોગોને રૂ.૧૧૦૦ કરોડની વીજળીનું બિલ ભરવા માટે માફી આપી તેમાં વીજળી માફી આપવા માટે કેટલી અરજીઓ આવી હતી અને તે પૈકી કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? મારો બીજો પ્રશ્ન એ છે કે, ઉદ્યોગોને વીજળી માફી આપવા માટેના ધારાધોરણો શું છે? તેવા શું નીતિ–નિયમ છે કે ક્યા ઉદ્યોગગૃહને માફી મળશે અને કોને નહીં મળે? અને ઉદ્યોગપતિઓને આ જે વીજળી માફી આપવામાં આવે છે તે કેટલા સમય માટે અને કેટલા ભાવથી આપવામાં આવે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ગોપાલભાઇ હંમેશા સુરત અને રાજકોટની વાત પૂછે છે. મને જણાવતાં આનંદ થાય છે કે જ્યારે રોજગારીનો સવાલ હોય અને વધુ રોજગારી આપવી હોય ત્યારે ઉદ્યોગોને ઇન્સેન્ટિવ આપવામાં આવે છે. જેમાં ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી અને જી.એસ.ટી. ભરવામાંથી પણ અમુક વર્ષ માટે મુક્તિ આપવામાં આવે છે. આ ધારાધોરણો માટે તેમણે અરજી કરવાની હોય છે અને આપણી ઉદ્યોગની પોલિસી પ્રમાણે તેના ક્રાઇટેરિયા હોય છે. સુરત શહેરમાં વર્ષ ૨૦૨૪માં કુલ ૭,૫૩૧ ઉદ્યોગગૃહોને માફી આપવામાં આવી છે. જે પૈકી ૬૨૭૧ એટલે કે ૮૩ ટકા નાના એકમોને આ રાહત આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૫માં ૧૦,૭૨૪ ઉદ્યોગગૃહોને માફી આપવામાં આવી છે અને તેમાં ૯,૪૨૭ એટલે કે ૮૭ ટકા નાના એકમોને રાહત આપવામાં આવી છે. રાજકોટમાં વર્ષ ૨૦૨૪માં કુલ ૧૬૦૪ ઉદ્યોગ ગૃહોને માફી આપવામાં આવી. તેમાં ૯૩૮ એટલે કે ૫૮.૪૮ ટકા નાના એકમો છે. વર્ષ ૨૦૨૫માં ૧૫૭૧ એકમોને માફી આપવામાં આવી. તેમાં ૯૦૯ એટલે કે ૫૭ ટકા નાના એકમો છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, કુલ કેટલા ઉદ્યોગગૃહોએ વીજ માફી માટે અરજી કરી? તે પૈકી કેટલી અરજી નામંજૂર કરવામાં આવી? આટલો જ સરળ પ્રશ્ન છે. બીજું, માનનીય મંત્રીશ્રીનો આભાર. એમના અનુભવ, આવડત અને સહજતા બદલ ધન્યવાદ.

તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પણ ઔદ્યોગિકગૃહ આ લાભ લેવા માટે અરજી કરે ત્યારે તેમણે બધા જ ડોક્યુમેન્ટસ સબમિટ કરવાના હોય છે. ત્યારબાદ તેની અરજી પ્રોસેસ કરવામાં આવે છે. જેટલી અરજી પ્રોસેસ થાય તે બધાને આ લાભ આપવામાં આવે છે.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં ઔદ્યોગિકગૃહોને આપેલી માફી પૈકી નાના એકમો એટલે કે લૉ ટેન્શન વીજ જોડાણ ધરાવતા એકમોની સંખ્યા કેટલી છે?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નનો જવાબ આપી દીધેલ છે. સુરત જિલ્લામાં વર્ષ ૨૦૨૪માં ૮૩ ટકા નાના યુનિટોને અને વર્ષ ૨૦૨૫માં ૮૭ ટકા નાના યુનિટોને વીજ માફી આપવામાં આવી છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આજે જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, છેવાડાના નાગરિક સુધી દરેક ઘરે વીજળી પહોંચી છે અને ઉદ્યોગોના વિકાસની સરસ કામગીરી ચાલી રહી છે ત્યારે રાજ્યમાં ઔદ્યોગિક હેતુ માટે વપરાતી વીજળી પર કેટલા દરે વીજ શુલ્ક વસૂલ કરવામાં આવે છે?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, ભારે દબાણવાળા ઉદ્યોગો પાસેથી તેના વીજ વપરાશની ચૂકવવાની થતી રકમના ૧૫ ટકા, જે રિન્યુએબલ એટલે કે પોતાના વપરાશ માટે વીજળી પેદા કરે છે તેમને યુનિટદીઠ ૬૦ પૈસા ભરવાના હોય છે અને હળવા દબાણ એટલે કે લૉ ટેન્શનવાળા ઉદ્યોગોએ ૧૦ ટકા લેખે ડ્યૂટી ભરવાની હોય છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત રાજકોટ શહેરમાં મંજૂર પ્રોજેકટ

***15/8/1455શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ): **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫નીસ્થિતિએવર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત રાજકોટ શહેરમાં કોઇ પ્રોજેકટ મંજૂર થયેલ છે કે કેમ, અને	(૧)	હા.જી
(૨)	જો હા તો કુલ કેટલા આવાસના અને કેટલી રકમના પ્રોજેકટો મંજૂર થયેલ છે?	(૨)	કુલ ૩૯૮૧ આવાસોના રૂ.૫૨૧.૭૯ કરોડના પ્રોજેકટ મંજૂર થયેલ છે.

શ્રી ઉદયભાઈ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે, રાજકોટ કોર્પોરેશનમાં પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના અંતર્ગત રૂ.૫૨૧ કરોડના ખર્ચે ૩૯૨૧ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. આ પ્રધાનમંત્રી આવાસ યોજના છે એ ખૂબ સારી યોજના છે. સામાન્ય, મધ્યમ અને ગરીબ લોકો માટે આશીર્વાદરૂપ છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ યોજના અંતર્ગત બી.એલ.સી.ઘટક હેઠળ લાભાર્થીઓને પહેલાં કેટલી સહાય આપવામાં આવતી હતી? અને એમાં વર્ષ ૨૦૨૪ પછી કોઇ વધારો કરવામાં આવેલ છે કે કેમ? અને અત્યારસુધીમાં કેટલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળ્યો છે?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી અંતર્ગત બી.એલ.સી.ઘટક હેઠળ લાભાર્થીઓને આવાસ દીઠ રૂ.સાડા ત્રણ લાખની સહાય આપવામાં આવતી હતી. વર્ષ ૨૦૨૪માં રૂ.૫૦ હજારનો વધારો કરી કુલ સહાય રૂ.૪ લાખ કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીને જણાવતાં આનંદ થાય છે કે, શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી અંતર્ગત રૂ.૬૭૮૯ કરોડના ૭૮૮૫૬ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા છે? કેટલા આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે? અને આ આવાસોના સુચારુ અમલીકરણ માટે કોઇ એવોર્ડ આપવામાં આવેલ છે કે કેમ?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં આવાસો પૂરા પાડવામાં નંબર વન છે. અત્યાર સુધીમાં પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના અંતર્ગત ૯,૫૭,૦૦૦ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે અને ૯૧,૫૦૦ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા છે અને આ યોજનાના અમલ માટે ગુજરાતને ૧૪ એવોર્ડ આપવામાં આવ્યા છે.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ યોજનામાં રૂ.૫૨૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. ક્રિમિનલ બેકગ્રાઉન્ડ સિવાયના રાજકોટના જંગલેશ્વરના લોકોના મકાનો તોડવામાં આવ્યા એ લોકોનો આ આવાસ યોજનામાં સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભ્યશ્રીનું સૂચન છે પણ આવા લોકોને મદદ કરવાની હશે તો આપણે ચોક્કસપણે વિચારીશું.

તારાંકિત પ્રશ્નો

વેસ્ટ ટુ વેલ્થ અંતર્ગત ઘન કચરામાંથી બાયો-ગેસ

***15/8/1977શ્રીયોગેન્દ્રસિંહ પરમાર** (ઠાસરા): **માનનીયશહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી**જણાવવાકૃપાકરશેકે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેસ્ટ ટુ વેલ્થ અંતર્ગત ઘન કચરામાંથી બાયો-ગેસ ઉત્પન્ન થાય તે માટે કોઇ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા.જી.
(૨)	જો હા, તો ઉકત સ્થિતિએ કેટલા પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ છે, અને	(૨)	૩૨ પ્રોજેકટ
(૩)	મંજૂર થયેલ પ્રોજેકટ માટે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ છે?	(૩)	રૂ. ૫૬.૪૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઘન કચરમાંથી બાયોગેસ ઉત્પન્ન કરવા માટે મંજૂર થયેલ બાયોગેસ પ્લાન્ટ પૈકી કેટલા કામ પૂર્ણ થયા છે? દૈનિક કેટલો બાયોગેસ ઉત્પન્ન થાય છે? અને તેનો વપરાશ કયા કરવામાં આવે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સમગ્ર વિશ્વ ક્લાઇમેટ ચેન્જમાં સફર(suffer) કરી રહ્યું છે ત્યારે વાયુ પરિવર્તનના લીધે ઠંડી, ગરમી અને વરસાદની અનિશ્ચિતતા છે ત્યારે બાયોગેસમાં કચરાનો ઉપયોગ કરવામાં આવે છે. મંજૂર થયેલા ૩૨ બાયોગેસ પ્લાન્ટ પૈકી ૨૫ પ્લાન્ટની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. તેનાથી ૧૬.૮૯ ટી.પી.ડી.-૩ પ્રતિદિન બાયોગેસ ઉત્પન્ન થાય છે અને બાયોગેસનો ઉપયોગ ઇલેક્ટ્રિસિટી જનરેટ કરવા, વાહનોમાં ઇંધણ અને રસોઇ માટે કરવામાં આવે છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રીએ જાહેરાત કરી કે, કોમર્શિયલ ગેસ ઉપર પ્રતિબંધ મૂકવાનો છે તો આને લઇને હોટલ મેનેજમેન્ટ અને કોમર્શિયલ ગેસવાળાને ખૂબ તકલીફ સર્જાશે. તો માનનીય મંત્રીશ્રી ક્યાં સુધીમાં ચાલુ કરવાના છે? પ્રશ્ન બાયોગેસનો છે પરંતુ હાલમાં આજે બપોરથી જ્યારથી આ જાહેરાત થઇ....

અધ્યક્ષશ્રી : પ્રતિબંધ મૂકવાવાળો વિષય હાલમાં નથી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જરૂરી છે. હોટલવાળાઓને ચિંતા છે. જે કોમર્શિયલ ગેસનો વપરાશ કરે છે એના માટે પણ ખૂબ ચિંતાનો વિષય છે તો માનનીય મંત્રીશ્રી બાયોગેસના બદલે આ ગેસ પર જે પ્રતિબંધ મૂક્યો એનો પણ જવાબ આપે એવી વિનંતી છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ભવિષ્યમાં આવા પ્રશ્નો ઊભા ના થાય એટલા માટે જ આપણે બાયોગેસ જોઇએ છે.

અગ્રતાક્રમ : ૧૩ માનનીય સભ્યશ્રી ગોવિંદભાઇ પરમારનું અવસાન થતાં આ પ્રશ્ન અગાઉથી રદ કરેલ છે.

બોટાદ જિલ્લામાં વિકસતી જાતિના કુમાર અને કન્યા છાત્રાલય બનાવવાની કામગીરી

***15/8/1280: શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા** (બોટાદ):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદજિલ્લામાં વિકસતી જાતિના કુમાર અને કન્યા છાત્રાલય બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને	(૧)	• તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં વિકસતી જાતિનું કુમાર છાત્રાલય બનાવવાની કામગીરીમાં લે આઉટ પ્લાન તથા જરૂરી વિગતવાર નકશાઓ બનાવવાની કામગીરી પ્રગતિમાં હતી. • બોટાદ જિલ્લામાં વિકસતી જાતિનું કન્યા છાત્રાલય આવેલ ન હોવાથી કન્યા છાત્રાલય બાબતે પ્રશ્ન રહેતો નથી.
(૨)	ઉક્ત છાત્રાલયનું કામ ક્યારે શરૂ થયેલ છે, અને તેનો અંદાજિત ખર્ચ કેટલો છે?	(૨)	• વિકસતી જાતિના કુમાર છાત્રાલયનું કામ શરૂ થયેલ નથી. આ છાત્રાલયના મકાનનું બાંધકામ કરવા માટે રૂ.૫.૮૫ કરોડના બ્લોક અંદાજો પ્રમાણે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જે મુજબ રૂ.૫.૮૫ કરોડનો અંદાજિત ખર્ચ થનાર છે. • બોટાદ જિલ્લામાં વિકસતી જાતિનું કન્યા છાત્રાલય આવેલ ન હોવાથી કન્યા છાત્રાલય બાબતે પ્રશ્ન રહેતો નથી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં વિકસતિ જાતિઓ માટે કુમાર છાત્રાલયની રૂ. ૫ કરોડ ૮૫ લાખના ખર્ચની વહીવટી મંજૂરી આપવામાં આવી છે એના માટે પહેલાં તો હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે મારી ચિંતા મારી દીકરીઓ

માટેની છે. મને મંત્રીશ્રીએ આમાં જવાબ આપ્યો છે કે બોટાદ જિલ્લામાં દીકરીઓ માટે છાત્રાલય નથી એટલે એના માટે કોઇ આયોજન કરવામાં આવ્યું નથી. મારો પ્રશ્ન છે કે કદાચ દીકરાઓ માટેના છાત્રાલય ના બને તો ચાલે પણ તમે કન્યા છાત્રાલય બનાવવા માગો છો કે કેમ?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, સર્વપ્રથમ તો માનનીય સભ્યશ્રીએ જે આભાર માન્યો એ બદલ હું માનનીય સભ્યશ્રીનો આભાર માનું છું કે તેમને જાહેરમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વની અમારી સરકારની કામગીરીની સરાહના કરી છે. અંગ્રેજીમાં એક કહેવત છે કે, "Necessity is the mother of invention" એટલે કે જરૂરિયાત છે એ શોધની જનક છે. માનનીય સભ્યશ્રીની ચિંતા છે કે બોટાદ જિલ્લામાં વિકસતી જાતિના સરકારી કન્યા છાત્રાલય માટેનું આયોજન શું છે? કોઇપણ તાલુકામાં વિકસતી જાતિનું છાત્રાલય બનાવવા માટેના ધારાધોરણો ધ્યાનમાં રાખીને મંજૂરી આપવામાં આવે છે તે મુજબ જે તે વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે યુનિવર્સિટી હોય, કોલેજો હોય એની સંખ્યા કેટલી છે, જે તે વિસ્તારમાં દીકરીઓની સંખ્યા કેટલી છે, સ્થાનિક લોકોની રજૂઆતો શું છે, વિદ્યાર્થીઓ માટે રહેવાની અગવડતા અથવા તો અન્ય સગવડ શું છે, વાહનવ્યવહારની શું સગવડ છે? આમ, ઉપરોક્ત કુલ મળીને બધી જ બાબતોને ધ્યાનમાં રાખી જે તે વિસ્તારમાં છાત્રાલય શરૂ કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ બોટાદ જિલ્લાની વાત કરી છે તો જણાવું કે વર્તમાનમાં બોટાદ જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ ૫૦ની માન્ય સંખ્યા ધરાવતું કુમાર છાત્રાલય તો છે જ પરંતુ આ પ્રભાગ હસ્તકનું કન્યા છાત્રાલય નથી. તેની સાથે સાથે બોટાદ જિલ્લામાં ૭૦ની સંખ્યા ધરાવતું અનુસૂચિત કલ્યાણ પ્રભાગ કે જે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ નીચે આવે છે તેનું કન્યા છાત્રાલય છે. જેમાં સરકારશ્રીના તારીખ ૨૨મી જૂન ૨૦૨૧ના ઠરાવ મુજબ સરકારી છાત્રાલયની માન્ય સંખ્યા પૈકી ૨૦ ટકા બેઠકમાં વિકસતી જાતિઓની કન્યાઓને પ્રવેશ આપવાની જોગવાઇ કરેલી છે. એને ધ્યાનમાં લઇ વર્ષ ૨૦૨૫-૨૬માં બોટાદમાં ઉક્ત સરકારી કન્યા છાત્રાલયમાં વિકસતી જાતિની ૧૭ કન્યાઓએ અરજી કરેલી હતી અને એ ૧૭ કન્યાઓને આ છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવેલ છે. ઉક્ત વિગતોને ધ્યાનમાં લઇ બોટાદ જિલ્લાની વિકસતી જાતિની જે કન્યાઓ સરકારી છાત્રાલયમાં પ્રવેશ મેળવવા માટે ઇચ્છુક છે એ તમામ કન્યાઓને સરકારી કન્યા છાત્રાલયમાં પ્રવેશ મળેલ હોઇ, કોઇપણ વિદ્યાર્થીની પ્રવેશથી વંચિત રહેલ નથી છતાંપણ માનનીય સભ્યશ્રીનું આ સૂચન છે તે આવકાર્ય છે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની છાત્રાલયો આવેલી છે એમાં પ્રવેશ મેળવવા માટેના માપદંડો શું છે અને વિદ્યાર્થીના વાલીના વાર્ષિક આવકના કેટલા ધોરણો નક્કી કરેલા છે? બીજો પ્રશ્ન એ છે કે તાલુકા અને જિલ્લા સેન્ટરે જ્યારે આવા છાત્રાલયો આવેલા હોય અને...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)
ખારીકટ કેનાલની કામગીરીમાં થયેલ ગેરરીતિની ફરિયાદો

15/8/1701 શ્રીશૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા)**:માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ**

મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં આવેલ ખારીકટ કેનાલની કઈ કામગીરી, કઈ એજન્સીને કેટલા ખર્ચે સોંપવામાં આવેલ છે,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં આવેલ ખારીકટ કેનાલ ડેવલોપમેન્ટની કામગીરી માટે કોઈ વર્કઓર્ડર આપવામાં આવેલ નથી.
(૨)	ઉક્ત કામગીરી પ્રોજેકટની ડિઝાઈન તથા લે-આઉટ પ્લાન પ્રમાણે થઈ છે કે કેમ,	(૨),	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત કામગીરીમાં ગેરરીતિ થઈ હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,અને	(૩) અને	
(૪)	મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?	(૪)	

તા.૧૦મી માર્ચ, ૨૦૨૬

અતારાંકિત પ્રશ્નો

'નલ સે જલ' યોજના અંતર્ગત શહેરા નગરપલિકા વિસ્તારમાં પાણી

15/8/1488 **શ્રીજેઠાભાઇ આહીર (ભરવાડ)** (શહેરા):**માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં શહેરા નગરપલિકા વિસ્તારમાં 'નલ સે જલ'યોજના અન્વયે પાણી પહોંચાડવા માટેની કાર્યવાહી કયા તબક્કે છે,	(૧)	તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં શહેરા નગરપાલિકા વિસ્તારમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત 'નલ સે જલ'યોજના અન્વયે પાણી પહોંચાડવા માટેનું કામ તા. ૩૦-૦૬-૨૦૨૪ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.
(૨)	ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકત વિસ્તારમાં ઉકત યોજના અન્વયે પાણી પહોંચાડવા માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને	(૨)	શહેરા નગરપાલિકા વિસ્તારમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત 'નલ સે જલ'યોજના અન્વયે પાણી પહોંચાડવા માટેનું કામ તા. ૩૦-૦૬-૨૦૨૪ ના રોજ પૂર્ણ થયેલ હોઇ ઉક્ત યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કોઇ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ નથી.
(૩)	તે અન્વયે ઉકત સ્થિતિએ ઉકત યોજના અંતર્ગત પાણી નગરપાલિકાના કયા વિસ્તારમાં પહોંચાડવાનું બાકી છે?	(૩)	તે અન્વયે ઉકત સ્થિતિએ ઉકત યોજના અંતર્ગત શહેરા નગરપાલિકાના તમામ વિસ્તારમાં એકાંતરે પાણી પહોંચાડવામાં આવે છે.

કેન્દ્ર સરકાર દ્વારા વાયુ પ્રદૂષણ નિવારવા ફાળવેલ રકમ

15/8/1130**શ્રીદિનેશભાઇ આતાજી ઠાકોર** (ચાણસ્મા):**માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા રાજયમાં વાયુ પ્રદૂષણ નિવારવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં વર્ષવાર કેટલી રકમ ફાળવી,</td><td>(૧)</td><td>તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા રાજયમાં વાયુ પ્રદૂષણ નિવારવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં વર્ષવાર નીચે મુજબની રકમ ફાળવેલ છે.
<table>
<tr><th>ક્રમ</th><th>વર્ષ</th><th>વર્ષવાર ફાળવેલ રકમ (રૂ.કરોડમાં)</th></tr>
<tr><td>૧</td><td>૨૦૨૪-૨૫</td><td>રૂ. ૨૭૭.૪૨ કરોડ</td></tr>
<tr><td>૨</td><td>૨૦૨૫-૨૬</td><td>રૂ. ૧૯૭.૫૬ કરોડ</td></tr>
<tr><td></td><td>કુલ</td><td>રૂ. ૪૭૪.૯૮ કરોડ</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>ઉકત સ્થિતિએ કેટલી રકમ વણવપરાયેલી રહી, અને</td><td>(૨)</td><td>ઉકત સ્થિતિએ નીચે મુજબની રકમ વણવપરાયેલી રહી છે જેની વર્ષવાર વિગત નીચે મુજબ છે.
<table>
<tr><th>ક્રમ</th><th>વર્ષ</th><th>વર્ષવાર વણવપરાયેલી રકમ (રૂ.કરોડમાં)</th></tr>
<tr><td>૧</td><td>૨૦૨૪-૨૫</td><td>રૂ. ૧૯.૬૪ કરોડ</td></tr>
<tr><td>૨</td><td>૨૦૨૫-૨૬</td><td>રૂ. ૫૧.૭૨ કરોડ</td></tr>
<tr><td></td><td>કુલ</td><td>રૂ. ૭૧.૩૬ કરોડ</td></tr>
</table></td></tr>
<tr><td>(૩)</td><td>તેના કારણો શા છે?</td><td>(૩)</td><td>વણવપરાયેલી રકમના કારણો નીચે મુજબ છે.
<table>
<tr><th>ક્રમ</th><th>વર્ષ</th><th>વણવપરાયેલ રકમના કારણો</th></tr>
</table></td></tr>
</table>

			૧	૨૦૨૪–૨૫	૧૭ કામો પ્રગતિ હેઠળ હોવાના કારણે રૂ.૧૯.૬૪ કરોડની રકમ વણવપરાયેલ છે.
			૨	૨૦૨૫–૨૬	૨૫ કામો પ્રગતિ હેઠળ હોવાના કારણે રૂ.૫૧.૭૨ કરોડની રકમ વણવપરાયેલ છે.

રાજ્યમાં રખડતાં ઢોરને કારણે અકસ્માતે થતા મોત બદલ વળતર

15/8/2263: ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ) : **માનનીયશહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણમંત્રીશ્રી**જણાવવાકૃપાકરશેકે: –

	પ્રશ્ન		જવાબ
	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં શહેરી વિસ્તારમાં રખડતાં ઢોરને કારણે અકસ્માતે નાગરિકોના થતા મૃત્યુ કે શારીરિક ઈજાના કિસ્સામાં વિભાગ દ્વારા આર્થિક વળતર ચૂકવવામાં આવેલ છે કે કેમ?		ના, જી.

રાજકોટ જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજ કર લેવા બાબત

15/8/1419 શ્રી રમેશભાઇ વીરજીભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ)**: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫નીસ્થિતિએરાજકોટ જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી કેટલા દરે વીજ કર લેવામાં આવે છે, અને	(૧) ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજકર વસુલવામાં આવતો નથી.
(૨)	આ વીજ કર દરમાં રાહત આપવામાં આવે છે કે કેમ?	(૨) ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકોને વીજકરમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2280શ્રીગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	જવાબ
(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ–કેટલું છે,	(૧)

મંજૂર મહેકમ			
જિલ્લો	**સામાજિક વિજ્ઞાન**	**ગણિત–વિજ્ઞાન**	**ભાષા**
મહીસાગર	૫૨૨	૫૭૧	૬૬૮
પંચમહાલ	૭૮૭	૯૦૬	૧૧૨૨

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવારઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

જિલ્લો	જગ્યાની સ્થિતિ	સામાજિક વિજ્ઞાન	ગણિત–વિજ્ઞાન	ભાષા
મહીસાગર	ભરેલ જગ્યા	૪૯૨	૫૫૩	૬૬૨
	ખાલી જગ્યા	૩૦	૧૮	૦૬
પંચમહાલ	ભરેલ જગ્યા	૭૧૧	૮૦૭	૧૦૪૯
	ખાલી જગ્યા	૭૬	૯૯	૭૩

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

(૩)

જિલ્લો	ભરતીનો પ્રકાર	સામાજિક વિજ્ઞાન	ગણિત–વિજ્ઞાન	ભાષા
મહીસાગર	કરાર આધારિત	૦૦	૦૦	૦૦
	વિદ્યાસહાયક	૭૨	૮૩	૨૮
પંચમહાલ	કરાર આધારિત	૦૦	૦૦	૦૦

.....

મોરબી અને ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ શુલ્કમાં માફી

15/8/1270 શ્રી સુધીરભાઇ વાઘાણી (ગારીયાધાર)**: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૦૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહો/એકમોને વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ,અને	(૧) હા, જી.
(૨)	જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહો/એકમોને જિલ્લાવાર કેટલી રકમની વીજ શુલ્કમાં માફી આપવામાં આવી?	(૨) **જિલ્લો–મોરબી** **વર્ષ** | **વીજ શુલ્કમાં માફી અપાયેલ એકમોની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂપિયા કરોડમાં)** ૨૦૨૪ | ૧૪૨૯ | ૨૯૧.૯ ૨૦૨૫ | ૧૪૩૮ | ૩૩૪.૫ **જિલ્લો– ભરૂચ** **વર્ષ** | **વીજ શુલ્કમાં માફી અપાયેલ એકમોની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂપિયા કરોડમાં)** ૨૦૨૪ | ૭૮૮ | ૩૧૧.૮૨ ૨૦૨૫ | ૮૧૭ | ૨૬૩.૫૭

_ _ _ _ _ _ _ _

અમૃત ૨.૦ યોજના અંતર્ગત સુરત શહેરમાં પાણી પુરવઠાની કામગીરી

15/8/1399 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા** (સુરત(પૂર્વ)):**માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ અમૃત ૨.૦	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ અમૃત ૨.૦ યોજના

	યોજના હેઠળ સુરત શહેરના અબ્રામા, ઉમરા અને ગોઠણ વિસ્તારને આવરી લીધેલ પાણી પુરવઠાનું કામ કયા તબક્કે છે,		હેઠળ સુરત શહેરના અબ્રામા, ઉમરા અને ગોઠણ વિસ્તારને આવરી લીધેલ પાણી પુરવઠાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. ઉકત સ્થિતિએ કામની ભૌતિક પ્રગતિ ૬૦% છે.
(૨)	ઉકત કામમાં કયા-કયા ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે,	(૨)	ઉક્ત કામમાં અબ્રામા, ઉમરા અને ગોથાણ ગામોના સંલગ્ન વિસ્તારમાં રેડીયલવેલ, ભુગર્ભ ટાંકીઓ, ઓવરહેડ ટાંકીઓ બનાવવાનું તેમજ ઉકત સમગ્ર વિસ્તારમાં ટ્રાન્સમીશન લાઇન, રાઇઝીંગ લાઇન અને ડીસ્ટ્રીબ્યુશન લાઇન નેટવર્ક સહિતના ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે.
(૩)	ઉકત કામ હેઠળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને	(૩)	ઉકત કામ હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૨૭.૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.
(૪)	ખર્ચ કરેલ કુલ રકમમાંથી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા કેટલી સહાય પૂરી પાડવામાં આવેલ છે?	(૪)	અમૃત ૨.૦ યોજના અંતર્ગત ખર્ચ કરેલ કુલ રકમમાંથી કેન્દ્ર સરકાર દ્વારા ૨૫% લેખે રૂ. ૬.૯૫ કરોડની સહાય અને રાજ્ય સરકાર દ્વારા ૨૫% લેખે રૂ. ૬.૯૫ કરોડની સહાય પૂરી પાડવામાં આવેલ છે.

સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના

15/8/1453 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૧૦
(૨)	તે પૈકી કુલ કેટલી રકમની લોન આપવામાં આવી?	(૨)	૩.૧૫૦.૦૦લાખ

રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના

15/8/1452 શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશઅભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિનાવિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૧૩
(૨)	તે પૈકી કેટલી રકમની લોન આપવામાં આવી?	(૨)	૩.૧૯૫.૦૦ લાખ

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત સુરત અને ગાંધીનગરમાં બેનિફિસયરી લેડ કન્સ્ટ્રકશન ઘટકમાં આવાસો

15/8/1456શ્રીકાંતીભાઇ હિંમતભાઇ બલર (સુરત (ઉત્તર)): **માનનીયશહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી**જણાવવાકૃપાકરશેકેઃ-

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત સુરત અને ગાંધીનગર ઝોનની નગરપાલિકાઓમાં બેનિફિસિયરી લેડ કન્સ્ટ્રકશન ઘટક હેઠળ કેટલા આવાસો મંજૂર કરાવવામાં આવેલ છે, અને	(૧)	૬૨૫૫

(૨)	તે પૈકી સુરત ઝોનમાં નગરપાલિકાવાર કેટલા આવાસો મંજૂર થયેલ છે?	(૨)	પત્રક–૧ મુજબ.

પત્રક–૧

સુરત ઝોનમાં નગરપાલિકાવારમંજૂર થયેલ આવાસોની વિગત

ક્રમ	સુરત ઝોનની નગરપાલિકાનુંનામ	રાજ્ય અને કેન્દ્ર કક્ષાએ મંજૂર	રાજ્ય કક્ષાએ મંજૂર	કુલ મંજૂર
૧	આમોદ	૫૦	૪૯	૯૯
૨	અંકલેશ્વર	૫૭	૨૧	૭૮
૩	બારડોલી	૧૦૨	૦	૧૦૨
૪	ભરૂચ	૯૨	૦	૯૨
૫	બીલીમોરા	૭૬	૨૫	૧૦૧
૬	ઘરમપુર	૩૦	૧૩૯	૧૬૯
૭	ગણદેવી	૧૧૨	૦	૧૧૨
૮	જંબુસર	૧૨૩	૦	૧૨૩
૯	કડોદરા	૨૦૩	૦	૨૦૩
૧૦	માંડવી(સુ)	૬૫	૦	૬૫
૧૧	પારડી	૧૪૬	૦	૧૪૬
૧૨	રાજપીપળા	૧૭૮	૦	૧૭૮
૧૩	સોનગઢ	૧૦૨	૦	૧૦૨
૧૪	તરસાડી	૯૧	૦	૯૧
૧૫	ઉમરગાવ	૧૩૭	૦	૧૩૭
૧૬	વલસાડ	૬૦	૩૫	૯૫
૧૭	વ્યારા	૩૫	૦	૩૫
	કુલ	૧૬૫૯	૨૬૯	૧૯૨૮

બનાસકાંઠા જિલ્લામાં ગુણોત્સવ

15/8/2254શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કયા ગ્રેડમાં કેટલી સરકારી પ્રાથમિકશાળાઓ આવે છે, અને	(૧)	વર્ષ ૨૦૨૩–૨૪ અને વર્ષ ૨૦૨૪–૨૫ માં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર શાળાને મળેલ ગ્રેડની વિગતો પરિશિષ્ટ–૧માં સામેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી સી અને ડી ગ્રેડમાં આવતી સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શાપગલા લેવામાં આવ્યા?	(૨)	બનાસકાંઠા જિલ્લામાં જીલ્લા શિક્ષણ અને તાલીમભવન દ્વારા સી એન ડી ગ્રેડ ધરાવતી શાળાઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે છેલ્લા બે વર્ષમાં (૨૦૨૩–૨૪ અને ૨૦૨૪–૨૫) દરમિયાન કુલ ૮ કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યશાળા માં બન્ને વર્ષ દરમિયાન કુલ ૩૦૧ શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ કાર્યશાળા અંતર્ગત કુલ ૪૧૯ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ હતી. વધુમાં, આ બન્ને વર્ષ દરમિયાન સમગ્ર જીલ્લામાં ૧૧૩ શાળાઓની મૂલાકાત લઈ માર્ગદર્શન તેમજ હેન્ડ–હોલ્ડીંગની કામગીરી કરવામાં આવેલ હતી.

પરિશિષ્ટ – ૧

બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર

વર્ષ ૨૦૨૩–૨૦૨૪ અને વર્ષ ૨૦૨૪–૨૫ અંતર્ગત થયેલ મૂલ્યાંકનનીસ્થિતિ

તાલુકો	૨૦૨૩-૨૪						૨૦૨૪-૨૫					
	A+	A	B	C	D	Total	A+	A	B	C	D	Total
અમીરગઢ	-	-	૯૩	૨૭	-	૧૨૦	-	૪	૧૦૩	૧૮	-	૧૨૫
ભાભર	-	૫	૯૪	૧૪	-	૧૧૩	-	૧૪	૯૫	૭	-	૧૧૬
દાંતા	-	૩	૧૭૨	૪૭	૧	૨૨૩	-	૧૦	૧૮૧	૪૧	-	૨૩૨
દાંતીવાડા	-	૩	૯૩	૩	-	૯૯	-	૧૩	૮૮	-	૧	૧૦૨
ડીસા	૧	૧૩	૨૭૪	૨૬	-	૩૧૪	૨	૫૯	૨૪૯	૯	-	૩૧૯
દિયોદર	-	૮	૧૩૮	૧૬	-	૧૬૨	૧	૧૯	૧૩૭	૬	૧	૧૬૪
ધાનેરા	-	૩	૧૨૩	૧	-	૧૨૭	-	૧૩	૧૧૪	૨	-	૧૨૯
કાંકરેજ	-	૮	૨૪૬	૬	-	૨૬૦	૨	૩૯	૨૧૮	૪	-	૨૬૩
લાખણી	-	૪	૧૬૩	૮	-	૧૭૫	૧	૩૧	૧૪૧	૨	-	૧૭૫
પાલનપુર	૧	૭	૧૬૪	૮	-	૧૮૦	૨	૧૨	૧૬૪	૧૧	-	૧૮૯
સુઈગામ	-	૨	૬૪	૧	-	૬૭	-	૫	૬૧	૧	-	૬૭
થરાદ	૨	૩૨	૨૨૧	૧૬	૧	૨૭૨	૩	૫૧	૨૧૫	૫	-	૨૭૪
વડગામ	-	૩	૧૩૪	૫	-	૧૪૨	૧	૧૧	૧૨૮	૪	-	૧૪૪
વાવ	-	૧૦	૧૧૨	૫	૧	૧૨૮	૧	૨૫	૧૦૦	૩	-	૧૨૯
કુલશાળાઓ	૪	૧૦૧	૨૦૯૧	૧૮૩	૩	૨૩૮૨	૧૩	૩૦૬	૧૯૯૪	૧૧૩	૨	૨૪૨૮

ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ બાબત

15/8/2087 શ્રી માવજીભાઇ મગનભાઇ દેસાઇ (ધાનેરા)**: માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં એકપણ વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ આવેલ નથી તેહકીકતથી સરકા રવાકેફ છે કે કેમ, અને	(૧)	હા,જી.
(૨)	જો હા, તો ઉક્ત તાલુકાઓમાં નવી સરકારી કોલેજ બનાવવાનું સરકારનું આયોજન છે કે કેમ?	(૨)	➢ સરકારશ્રી દ્વારા જે–તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ, સ્થાનિક જરૂરિયાત અને શિક્ષણ વિભાગને ફાળવવામાં આવતી બજેટની મર્યાદામાં નવી સરકારી કોલેજ શરૂ કરવાનું આયોજન કરવામાં આવે છે. ➢ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ શરૂ કરવા સને ૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે

અતારાંકિત પ્રશ્નો

મકાન પેશગી અન્વયે ના–લેણા પ્રમાણપત્રની અરજીઓ.

15/8/1414શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત):**માનનીય નાણા મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશેકે.–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ મકાન પેશગી અન્વયે ના–લેણા પ્રમાણપત્રની કેટલી અરજીઓપડતર છે, અને	**(૧)**૦૪
(૨)	ઉક્ત પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?	**(૨)** નિકાલ થયેલ છે.

સુરત જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજકર લેવા બાબત

15/8/1411 શ્રી મનુભાઇ એમ. પટેલ (ઉધના)**: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫નીસ્થિતિએ સુરત જિલ્લામાં ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી કેટલા દરે વીજ કર લેવામાં આવે છે, અને	(૧) ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો પાસેથી વીજકર વસુલવામાં આવતો નથી.
(૨)	આ વીજ કર દરમાં રાહત આપવામાં આવે છે કે કેમ?	(૨) ખેત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકોને વીજકરમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

છોટાઉદેપુર જિલ્લામાં નવી માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બાબત

15/8/1656**શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન		**જવાબ**
તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કેટલી, ક્યારે અને કયા સ્થળે મંજૂરી આપવામાં આવી?		તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી:

વિભાગ	**તાલુકા**	**વર્ષ ૨૦૨૪**	**વર્ષ ૨૦૨૫**	**કુલ**
માધ્યમિક	બોડેલી	૦૩	૦૦	૦૩
	સંખેડા	૦૨	૦૦	૦૨
	છોટાઉદેપુર	૦૧	૦૦	૦૧
	પાવી જેતપુર	૦૧	૦૦	૦૧
ઉચ્ચતર માધ્યમિક	છોટાઉદેપુર	૦૦	૦૨	૦૨
કુલ		૦૭	૦૨	૦૯

વર્ષ ૨૦૨૪ અને વર્ષ ૨૦૨૫ માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની આપેલ મંજૂરી અને તેના સ્થળની વિગતો નીચે મુજબ છે:

માધ્યમિક વિભાગ:

તાલુકો	**વર્ષ ૨૦૨૪ માં આપેલ મંજૂરી અને તેના સ્થળ/ ગામનું નામ (માધ્યમિક વિભાગ)**	**વર્ષ ૨૦૨૫ માં આપેલ મંજૂરી અને તેના સ્થળ / ગામનું નામ (માધ્યમિક વિભાગ)**
છોટા ઉદેપુર	જોજ	–
બોડેલી	ગાઝીપુરા	–
	તાંદલજા	

	પાટીયા	
સંખેડા	કાશીપુરા	–
	કાવીઠા	–
પાવી જેતપુર	મુ.ગઢ, પો.ભીખાપુરા	–

ઉચ્ચતર માધ્યમિક વિભાગ:

તાલુકો	**વર્ષ ૨૦૨૪ માં આપેલ મંજૂરી અને તેના સ્થળ/ ગામનું નામ**	**વર્ષ ૨૦૨૫ માં આપેલ મંજૂરી અને તેના સ્થળ/ ગામનું નામ**
છોટા ઉદેપુર	-	મુ.પીપલેજ. (અંગ્રેજી માધ્યમ) (સામાન્ય પ્રવાહ)
		મુ.પીપલેજ. (અંગ્રેજી માધ્યમ), (વિજ્ઞાન પ્રવાહ)

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2276 શ્રીવિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	**જવાબ**
(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ–કેટલું છે,	(૧) **મંજૂર મહેકમ** **જિલ્લો** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** ગીર સોમનાથ / ૪૬૭ / ૫૪૯ / ૬૩૯ જૂનાગઢ / ૪૮૪ / ૫૩૮ / ૫૯૧
(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવારઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને	(૨) **જિલ્લો** / **જગ્યાની સ્થિતિ** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** ગીર સોમનાથ / ભરેલ જગ્યા / ૪૫૪ / ૫૪૫ / ૬૩૭ ખાલી જગ્યા / ૧૩ / ૦૪ / ૦૨ જૂનાગઢ / ભરેલ જગ્યા / ૪૭૬ / ૫૩૮ / ૫૮૫ ખાલી જગ્યા / ૦૮ / ૦૦ / ૦૬
(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?	(૩) **જિલ્લો** / **ભરતીનો પ્રકાર** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** ગીર સોમનાથ / કરાર આધારિત / ૦૦ / ૦૦ / ૦૦ વિદ્યાસહાયક / ૧૯ / ૩૨ / ૩૭ જૂનાગઢ / કરાર આધારિત / ૦૭ / ૦૨ / ૦૭

વડોદરા મહાનગરપાલિકાના ભૂગર્ભ ગટર પાઈપલાઈનના મંજૂર કામ

15/8/1397**શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા** (સયાજીગંજ)**:માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વડોદરા મહાનગરપાલિકાના ભૂગર્ભગટર પાઇપલાઇનના પુન:સ્થાપનના માઇક્રોટનલિંગ પધ્ધતિથી કોઈ કામો મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો કુલ કેટલા કામ મંજૂર કરવામાં આવેલ છે,	(૨)	કુલ ૩ કામો મંજૂર કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને	(૩)	ઉકત કામગીરી માટે મંજૂર થયેલ રકમ રૂ.૩૨.૯૦ કરોડ પૈકી રૂ. ૭.૪૪ કરોડનો ખર્ચ થયેલ છે તથા રૂ. ૨૫.૪૬ કરોડનો ખર્ચ થનાર છે.
(૪)	આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?	(૪)	મંજૂર કરવામાં આવેલ ૩ કામો પૈકી; (૧) સરદાર એસ્ટેટથી વિનય સોસાયટી સુધી માઇક્રોટનલીંગ પધ્ધતિથી નવીન ડ્રેનેજ ગ્રેવિટી લાઈન નાખવાનું કામ તા.૩૦-૦૬-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. (૨) લહેરીપુરા ગેટથી છત્રપતિ શિવાજી અતિથી ગૃહ સુધી ટ્રેન્ચલેસ પધ્ધતિથી નવીન ડ્રેનેજ ગ્રેવિટી લાઈન નાખવાનું કામ તા.૩૧-૦૫-૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. (૩) નવાયાર્ડ રોડ પર સરદારનગર સોસાયટી પાસે ટ્રેન્ચલેસ પદ્ધતિથી ડ્રેનેજ લાઇન નાખવાનું કામ તા.૩૧-૦૫-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળની હદમાં એગ્રિકલ્ચર ઝોનમાં આવતી જમીનોમાં બાંધકામ પરવાનગી બાબતે

15/8/1340**શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા** (વાઘોડીયા)**:માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી જણાવવાકૃપા કરશે કે:-**

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વુડાના વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળની હદમાં એગ્રિકલ્ચર ઝોનમાં આવતી જમીનોમાં કોઈ અન્ય પોલિસી અન્વયે બાંધકામ અંગે ની મંજૂરીઓ કે વિકાસ પરવાનગીઓ આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,	(૧)	ના, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યારે, કયા સ્થળે અને કેટલા ક્ષેત્રફળમાં ઉક્ત પરવાનગી આપવામાં આવેલ છે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત પરવાનગીઓ આપવાના કારણો શા છે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

દાહોદ અને મહીસાગર જિલ્લામાં શિક્ષણ સહાયકોની ભરતી

15/8/1435**શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી** (દાહોદ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અનેપ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવાકૃપા કરશે કે.–

પ્રશ્ન	જવાબ
તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને મહીસાગર જિલ્લામાં બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવી?	

જિલ્લો	છેલ્લા બે વર્ષમાં બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી		
	તા.૦૧–૦૧–૨૪ થી તા.૩૧–૧૨–૨૪	તા.૦૧–૦૧–૨૫ થી તા.૩૧–૧૨–૨૫	કુલ
દાહોદ	૦૨	૧૧૬	૧૧૮
મહીસાગર	૦	૮૩	૮૩
કુલ	૦૨	૧૯૯	૨૦૧

અમરેલી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ બાબત

15/8/1902શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન	જવાબ
(૧) તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,	(૧) ૭૫૦
(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોનું મંજૂર મહેકમ કેટલું છે,	(૨)

ક્રમ	તાલુકો	મંજૂર મહેકમ
૧	અમરેલી	૪૨૦
૨	બાબરા	૪૮૭
૩	બગસરા	૨૫૭
૪	ધારી	૫૪૬
૫	જાફરાબાદ	૪૨૬
૬	ખાંભા	૩૭૮
૭	કુંકાવાવ	૩૧૩
૮	લાઠી	૪૨૩
૯	લીલિયા	૨૩૧
૧૦	રાજુલા	૭૩૪
૧૧	સાવરકુંડલા	૭૪૦

(૩) ઉક્ત મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,અને	(૩)

ક્રમ	તાલુકો	ભરેલ જગ્યા	ખાલી જગ્યા
૧	અમરેલી	૪૧૬	૦૪
૨	બાબરા	૪૨૦	૬૭
૩	બગસરા	૨૫૪	૦૩
૪	ધારી	૪૮૪	૬૨
૫	જાફરાબાદ	૨૮૩	૧૪૩
૬	ખાંભા	૨૮૧	૯૭
૭	કુંકાવાવ	૨૭૯	૩૪
૮	લાઠી	૩૭૦	૫૩
૯	લીલિયા	૨૦૭	૨૪
૧૦	રાજુલા	૫૭૮	૧૫૬
૧૧	સાવરકુંડલા	૬૨૩	૧૧૭

(૪)ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?	(૪) બનતી ત્વરાએ.

મકાન પેશગી અન્વયે વ્યાજ સમર્થનની અરજીઓ

15/8/1415શ્રીપ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘારી (કરંજ):**માનનીય નાણા મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં મકાન પેશગી અન્વયે વ્યાજ સમર્થનની કેટલી અરજીઓપડતર છે, અને	**(૧)**કોઇ અરજી પડતર નથી.
(૨)	ઉક્ત પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?	**(૨)**પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શામળાજી ખાતે પ્રસ્તાવિત સુધારા ટી.પી.

15/8/2266**ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રીજણાવવાકૃપા કરશે કે:-**

પ્રશ્ન		જવાબ
તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ખાતે પ્રસ્તાવિત સુધારા ટી.પી. કયા તબક્કે છે?		નગર રચના અધિકારીશ્રી કક્ષાએ આખરી કરવાની કામગીરી જારીમાં છે.

મહીસાગર જિલ્લામાં બાળકોને મફત પરિવહન સુવિધા

15/8/1427શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬માં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર સમગ્ર શિક્ષા અંતર્ગત મફત પરિવહન સુવિધાનો લાભ કેટલાબાળકોને આપવામાં આવે છે, અને	(૧)	મહીસાગર જિલ્લામાં તાલુકાવાર સમગ્ર શિક્ષા અંતર્ગત મફત પરિવહન સુવિધાનો નીચે મુજબ લાભ આપવામાં આવેલ છે. **ક્રમ | તાલુકો | કુમાર | કન્યા | કુલ** ૧ | કડાણા | ૨૫૨૧ | ૨૪૩૨ | ૪૯૫૩ ૨ | ખાનપુર | ૧૫૪૦ | ૧૬૬૫ | ૩૨૦૫ ૩ | લુણાવાડા | ૧૯૨૨ | ૧૮૨૫ | ૩૭૪૭ ૪ | સંતરામપુર | ૨૩૨૮ | ૨૩૯૮ | ૪૭૨૬ ૫ | બાલાસિનોર | ૧૧૮ | ૧૦૯ | ૨૨૭ ૬ | વીરપુર | ૧૫૦ | ૧૬૬ | ૩૧૬ **કુલ | ૮૫૭૯ | ૮૫૯૫ | ૧૭૧૭૪**
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	મહીસાગર જિલ્લામાં નીચે મુજબ ખર્ચ થયેલ છે. **ક્રમ | તાલુકો | ખર્ચનીવિગત (રૂ.માં)** ૧ | કડાણા | ૨૦૦૬૪૮૬૦ ૨ | ખાનપુર | ૧૨૦૬૨૮૨૦ ૩ | લુણાવાડા | ૧૫૧૨૪૬૪૦ ૪ | સંતરામપુર | ૧૮૫૩૪૨૨૦ ૫ | બાલાસિનોર | ૭૫૩૨૬૦ ૬ | વીરપુર | ૨૩૫૬૬૦૦ **કુલ | ૬૮૮૯૬૪૦૦**

\- - - - - -

અતારાંકિત પ્રશ્નો

બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2248શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	જવાબ
(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ–કેટલું છે,	(૧) **મંજૂર મહેકમ** **જિલ્લો** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** બનાસકાંઠા / ૧૪૦૭ / ૧૭૫૧ / ૨૨૨૪ દાહોદ / ૧૦૦૦ / ૧૨૨૬ / ૧૫૯૧
(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવારઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને	(૨) **જિલ્લો** / **જગ્યાની સ્થિતિ** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** બનાસકાંઠા / ભરેલ જગ્યા / ૧૩૪૧ / ૧૭૨૩ / ૨૧૯૩ બનાસકાંઠા / ખાલી જગ્યા / ૬૬ / ૨૮ / ૩૧ દાહોદ / ભરેલ જગ્યા / ૮૭૮ / ૧૦૭૪ / ૧૪૮૭
(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?	(૩) **જિલ્લો** / **ભરતીનો પ્રકાર** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** બનાસકાંઠા / કરાર આધારિત / ૦૬ / ૦૦ / ૦૦ બનાસકાંઠા / વિદ્યાસહાયક / ૪૨૫ / ૩૩૮ / ૪૧૮ દાહોદ / કરાર આધારિત / ૦૦ / ૦૦ / ૦૦

.....

આણંદ જિલ્લાની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

15/8/2277 શ્રીઅમિત ચાવડા (આંકલાવ):**માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૦૧–૨૦૨૬ની સ્થિતિએ આણંદ જિલ્લાની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં છેલ્લા બે વર્ષમાં ભૂગર્ભ ગટર યોજના અને પીવાના પાણી માટે કઇયોજનાને ક્યારે મંજૂરી આપવામાં આવી,	(૧)	તા.૩૧–૦૧–૨૦૨૬ની સ્થિતિએ આણંદ જિલ્લાની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં છેલ્લા બે વર્ષમાં ભૂગર્ભ ગટર યોજના અને પીવાના પાણી માટે નીચે મુજબની વિગતે મંજૂરી આપવામાં આવેલ છે. ક્રમ / મહાનગરપાલિકા/નગરપાલિકા / ભુગર્ભ ગટર યોજના મંજૂર કરેલ તારીખ / પાણી પુરવઠા યોજના મંજુર કરેલ તારીખ ૧ / કરમસદ–આણંદ મહાનગરપાલિકા / તા.૧૧/૧૧/૨૦૨૪ / – ૨ / બોરસદ નગરપાલિકા / તા.૦૫/૦૩/૨૦૨૪ / – ૩ / ઓડ નગરપાલિકા / તા.૧૯/૦૬/૨૦૨૪ / – ૪ / પેટલાદ નગરપાલિકા / તા.૧૫/૦૩/૨૦૨૪ / – ૫ / સોજીત્રા નગરપાલિકા / તા.૦૫/૦૩/૨૦૨૪ / – ૬ / ઉમરેઠ નગરપાલિકા / તા.૦૫/૦૩/૨૦૨૪ / – ૭ / ખંભાત નગરપાલિકા / તા.૧૯/૦૬/૨૦૨૪ / તા.૨૧/૦૧/૨૦૨૫

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી માટે કઈ એજન્સીને ક્યારે કેટલી રકમનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો, અને

(૨) ઉકત સ્થિતિએ મંજૂર થયેલ કામો અંગે નીચેની વિગતે એજન્સીઓને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

(રકમ રૂ. કરોડમાં)

ક્રમ	નગરપાલિકા	ભુગર્ભ ગટર યોજના			પાણી પુરવઠા યોજના		
		એજન્સી	રકમ	વર્ક ઓર્ડર તારીખ	એજન્સી	રકમ	વર્ક ઓર્ડર તારીખ
૧	બોરસદ નગરપાલિકા	એન.સી.સી ઈન્ફ્રાસ્પેશ પ્રા. લિ.	૧૬.૧૬	૨૫/૧૧/૨૦૨૪	–	–	–
૨	ઓડ નગરપાલિકા	મે.પી.સી. સ્નેહલ કન્સ્ટ્રકશન પ્રા.લિ	૯.૩૫	૩૦/૦૫/૨૦૨૫	–	–	–
૩	પેટલાદ નગરપાલિકા	મે.પી.સી. સ્નેહલ કન્સ્ટ્રકશન પ્રા.લિ	૨૭.૬૨	૩૦/૦૫/૨૦૨૫	–	–	–
૪	સોજીત્રા નગરપાલિકા	મે.એન.પી. પટેલ એન્ડ કં.	૬.૧૦	૦૩/૦૩/૨૦૨૫	–	–	–
૫	ઉમરેઠ નગરપાલિકા	મે.પી.સી. સ્નેહલ કન્સ્ટ્રકશન પ્રા.લિ	૧૫.૩૫	૦૭/૦૩/૨૦૨૫	–	–	–
૬	ખંભાત નગરપાલિકા	મે.પી.સી. સ્નેહલ કન્સ્ટ્રકશન પ્રા.લિ	૧૫.૫૦	૩૦/૦૫/૨૦૨૫	મે. દેવ એન્જીનીયરીંગ JV ડીએનસી ઈન્ફ્રાટેક પ્રા.લિ	૪૭.૫૩	૩૦/૦૭/૨૦૨૫

(૩) ઉક્ત યોજનાની અંદાજિત રકમ ઉપરાંત કેટલી રકમની વધારે ચૂકવણી કયા વધારાના કામ પેટે કરવામાં આવી?

(૩) ઉકત યોજનાની અંદાજિત રકમ ઉપરાંત વધારાના કામ પેટે વધારાની કોઈ રકમની ચુકવણી કરવામાં આવેલ નથી.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી

15/8/1177શ્રી ઘવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસૂલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાનુનીમાપ વિજ્ઞાન તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસૂલ કરવા બાબતે અરવલ્લી જિલ્લામાં કુલ–૦૯ અને સાબરકાંઠા જિલ્લામાં કુલ–૧૨ વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી.

(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી બાયડ, માલપુર અને સાઠંબા તાલુકામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસૂલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને	(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાયડ, માલપુર અને સાઠંબા તાલુકામાં કાનુનીમાપ વિજ્ઞાન તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસૂલ કરવા બાબતે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી. માલપુર: વર્ષ ૨૦૨૪: ૧; વર્ષ ૨૦૨૫: ૦ બાયડ: વર્ષ ૨૦૨૪: ૦; વર્ષ ૨૦૨૫: ૦ સાઠંબા: વર્ષ ૨૦૨૪: ૦; વર્ષ ૨૦૨૫: ૦
(૩)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે કસૂરવારો સામે શા પગલા લેવામાં આવ્યા?	(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાનુનીમાપ વિજ્ઞાન તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસૂલ કરવા બાબતેથી લીગલ મેટ્રોલોજી (પેકેજ્ડ કોમોડિટીઝ) નિયમો–૨૦૧૧ ના ભંગ બદલ કાર્યવાહી કરી અરવલ્લી જિલ્લામાં કુલ–૦૯ વ્યાપારી એકમો સામે રૂ.૨૧,૦૦૦/– (અંકે રૂપિયા એકવીસ હજાર પુરા) અને સાબરકાંઠા જિલ્લામાં કુલ–૧૨ વ્યાપારી એકમો સામે રૂ.૩૭,૦૦૦/– (અંકે રૂપિયા સાડત્રીસ હજાર પુરા) ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરવામાં આવ્યા.

દાહોદ અને મહીસાગર જિલ્લામાં સરકારી અનાજ સગેવગે કરવાની ફરિયાદ

15/8/2238શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા (દેડીયાપાડા**): માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૦૧–૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને મહીસાગર જિલ્લામાં સરકારી અનાજ સગેવગે કરવાની કેટલી ફરિયાદ સરકારને મળી, અને	(૧)	ચાર.
(૨)	ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	• ઉકત ફરિયાદો અન્વયે કુલ રૂા.૨,૦૮,૪૨૭/– ની કિંમતનો ૭,૧૫૨.૯૦૦ કિ.ગ્રા. અનાજનો જથ્થો રાજયસાત કરવામા આવ્યો, • કુલ રૂા. ૬,૧૦,૫૩૩/– નો દંડ કરવામાં આવ્યો, • કુલ રૂા.૫૦૦૦/– પરવાના અનામતની રકમ રાજયસાત કરવામાં આવી, • એક વ્યાજબી ભાવની દુકાનનો પરવાનો કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે તથા એક વ્યાજબી ભાવની દુકાનનો પરવાનો મોકૂફ કરવામાં આવેલ છે.

સુરત જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

15/8/1447: શ્રીસંદીપ દેસાઇ (ચોર્યાસી):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં વર્ષ ૨૦૨૫–૨૬માં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા	(૧)	૧,૪૯,૭૦૮વિદ્યાર્થીઓ

	વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવી, અને		
(૨)	ઉક્ત ગણવેશ સહાય ચૂકવવા કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?	(૨)	૩.૧૩.૪૭૩૭ કરોડ

બનાસકાંઠા જિલ્લામાં નવી સરકારી માધ્યમિક શાળાઓ

15/8/1432**શ્રી કેશાજી શિવાજી ચૌહાણ** (દિયોદર):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬માં કેટલી સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૮૫
(૨)	તે પૈકી બનાસકાંઠા જિલ્લામાં કેટલી શાળાઓ મંજૂર કરવામાં આવી છે?	(૨)	૧૪

નર્મદા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

15/8/1428: ડૉ.દર્શના ચંદુભાઇ દેશમુખ (નાંદોદ):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સમગ્ર શિક્ષા અંતર્ગત નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય કાર્યરત છે.	(૧)	તા. ૩૧. ૧૨.૨૦૨૫ ની સ્થિતિએ નર્મદા જિલ્લાના ૦૬ તાલુકા પૈકી ૪ તાલુકામાં નીચે મુજબ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય કાર્યરત છે. **ક્રમ** | **તાલુકો** | **કેજીબીવીની સંખ્યા** ૧ | નાંદોદ | ૧ ૨ | ગરુડેશ્વર | ૧ ૩ | ડેડીયાપાડા | ૧ ૪ | સાગબારા | ૨
(૨)	ઉક્ત સ્થિતિએ આ છાત્રાલયમાં કયા ધોરણની કન્યાઓ નિવાસ કરે છે, અને	(૨)	ઉક્ત સ્થિતિએ છાત્રાલયમાં નીચે મુજબ કન્યાઓ નિવાસ કરે છે. **ક્રમ** | **તાલુકો** | **કેજીબીવી નામ** | **નિવાસ કરતી કન્યાઓના ધોરણ** ૧ | નાંદોદ | હજરપરા | ધોરણ ૬ થી ૮ ૨ | ગરુડેશ્વર | ઝરીયા | ધોરણ ૬ થી ૧૦ ૩ | ડેડીયાપાડા | નિઘટ | ધોરણ ૬ થી ૧૨ ૪ | સાગબારા | ઉમરાણ | ધોરણ ૬ થી ૮ ૫ | સાગબારા | સેલંબા | ધોરણ ૬ થી ૧૨
(૩)	ઉક્ત સ્થિતિએ આ વિદ્યાલયમાં કન્યાઓને કઈ સુવિધાઓ આપવામાં આવે છે?	(૩)	ઉક્ત સ્થિતિએ વિદ્યાલયમાં કન્યાઓને વિનામૂલ્યે ધો.૬ થી ૧૨ ના શિક્ષણ માટે નિવાસી વ્યવસ્થા,મેનુ મુજબ પોષણયુક્ત ભોજન,સ્ટાઇપેન્ડ, સ્ટેશનરી, જીવન જરૂરીયાતલક્ષી વસ્તુઓ, માળખાગત સુવિધાઓથી સજ્જ મકાન,જીવન કૌશલ્યલક્ષી તાલીમ જેવી સુવિધાઓ આપવામાં આવે છે.

- - - - - -

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાનગી શાળાઓ દ્વારા વસુલવામાં આવતી ફી

15/8/2264:**શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર): માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૦૧-૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાનગી શાળાઓ દ્વારા ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા કરવામાં	(૧)	તા.૩૧-૦૧-૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાનગી શાળાઓ દ્વારા ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા કરવામાં આવેલ હુકમોનું ઉલ્લંઘન કરીને વધુ ફી ઉઘરાવવામાં આવતી

	આવેલ હુકમોનું ઉલ્લંઘન કરીને વધુ ફી ઉઘરાવવામાં આવતી હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને		હોવાની ફરિયાદોની વિગત નીચે મુજબ છે. ક્રમ | જિલ્લો | ફરિયાદોની સંખ્યા (તા.૧/૨/૨૦૨૫ થી તા.૩૧/૧/૨૦૨૬) ૧ | જામનગર | ૦૧ ૨ | દેવભૂમિ દ્વારકા | ૦૦
(૨)	તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત હુકમોનું ઉલ્લંઘન કરનાર કેટલી શાળાના સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	સામેલ પત્રક–અ મુજબ

પત્રક–અ

ક્રમ	શાળાનું નામ	જિલ્લો	ફરિયાદના નિકાલ માટે સંચાલક મંડળ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?
૧	જે.પી. મોદી હાઈસ્કુલ	જામનગર	એફ.આર.સી. રાજકોટ ઝોન દ્વારા ફરિયાદ અરજી નં – ૯૩ તા.૧૬/૦૭/૨૦૨૫ પરત્વે ઓહમ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત જે. પી મોદી સ્કુલ – જામનગર (૨૪૧૦૦૭૦૯૬૦૩) ને આખરી હુકમ નં – ૩૫ તા.૨૩/૦૨/૨૦૨૬ થી રૂ.૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા) નો દંડ કરવામાં આવેલ છે.

વલસાડ અને નવસારી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2284શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ
(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ વલસાડ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ–કેટલું છે,		(૧) **મંજૂર મહેકમ** **જિલ્લો | સામાજિક વિજ્ઞાન | ગણિત–વિજ્ઞાન | ભાષા** વલસાડ | ૫૩૩ | ૬૦૬ | ૭૩૭ નવસારી | ૩૯૫ | ૪૨૧ | ૪૭૭
(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવારઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને		(૨) **જિલ્લો | જગ્યાની સ્થિતિ | સામાજિક વિજ્ઞાન | ગણિત–વિજ્ઞાન | ભાષા** વલસાડ | ભરેલ જગ્યા | ૪૯૭ | ૬૦૩ | ૭૨૭ વલસાડ | ખાલી જગ્યા | ૩૬ | ૦૩ | ૧૦ નવસારી | ભરેલ જગ્યા | ૩૮૭ | ૪૨૧ | ૪૭૬ નવસારી | ખાલી જગ્યા | ૦૮ | ૦૦ | ૦૧
(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?		(૩) **જિલ્લો | ભરતીનો પ્રકાર | સામાજિક વિજ્ઞાન | ગણિત–વિજ્ઞાન | ભાષા** વલસાડ | કરાર આધારિત | ૦૦ | ૦૦ | ૦૦ વલસાડ | વિદ્યાસહાયક | ૨૨ | ૦૧ | ૦૪ નવસારી | કરાર આધારિત | ૦૦ | ૦૦ | ૦૦

.....

જૂનાગઢ જિલ્લાની ટીપી–૯ (સુખપુર)માં સવલતો

15/8/2289**શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા** (વિસાવદર)**:માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રીજણાવવાકૃપા કરશે કે:–**

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૦૧–૦૧–૨૦૨૬ની સ્થિતિએ ટાઉન પ્લાનિંગ નિયમ–૨૧ અને ૩૫ હેઠળ તૈયાર કરવામાં આવેલ "જી" ફોર્મ મુજબ જૂનાગઢ શહેરની ટીપી–૯ (સુખપુર)માં સવલતો (Amenities) ઉપલબ્ધ કરાવવા ૧૯૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ છે, તે હકીકત સાચી છે,	(૧)	ના, જી

(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત ટીપીમાં કઈ કઈ કેટલી સવલતો પૂરી પાડવામાં આવેલ છે અને કેટલી બાકી છે,	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	સવલતો પુરી પાડવાની બાકી રહેવાના કારણો શા છે અને સમયમર્યાદામાં સવલતો પૂરી પાડેલ ન હોય તો સરકારે શી કાર્યવાહી કરી?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બોટાદ તાલુકામાં હડદડ ગામ ખાતે સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા બનાવવા બાબત

15/8/1281**શ્રી ઉમેશભાઈ નારણભાઈ મકવાણા** (બોટાદ):**માનનીયપ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએબોટાદ તાલુકામાં હડદડ ગામ ખાતે સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાની બિલ્ડિંગ બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને	(૧) સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તથા મોડેલ, મોડેલ ડે સ્કૂલ અને RMSA શાળાઓના નવા બાંધકામ, રીનોવેશન અને રીપેરીંગ અંગે નવી બાબત તરીકે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં જોગવાઈ કરવા માટે રજૂ કરવામાં આવેલ છે, જેમાં બોટાદ તાલુકાની હડદડ ગામની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો સમાવેશ થયેલ છે.
(૨)	ઉક્ત શાળા બનાવવા માટે કુલ કેટલી રકમનો ખર્ચ થશે?	(૨)ઉક્ત શાળા બનાવવા માટે બ્લોક કોસ્ટ રૂ. ૩.૨ કરોડની જોગવાઈ કરવા સૂચવવામાં આવેલછે.

અમદાવાદ શહેરની ટી.પી. ૫૧ ની કપાત બાબતે રજૂઆતો

15/8/2272**શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રીજણાવવાકૃપા કરશે કે:-**

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ શહેરની ટી.પી. ૫૧(એકાવન) ફાઇનલ કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	ના, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ટી.પી.માં ૪૦%ને બદલે ૨૦% કપાત કરવા કેટલી અરજીઓ/રજૂઆતો સરકારને મળી, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત મળેલ અરજીઓ/રજૂઆતો પરત્વે શી કાર્યવાહી કરવામાં આવી?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પંચમહાલ જિલ્લામાં ગેરકાયદેસર ખાદ્યાન્ન અને ખાદ્યતેલના સંગ્રહ માટે દરોડા

15/8/1490શ્રી જેઠાભાઈ આહીર(ભરવાડ) (શહેરા)**: માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને	(૧)	૨૭

(૨)	ઉક્ત દરોડામાં કેટલી કિમતનો અને કયા પ્રકારનો ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો?	(૨)	**ખાદ્યાન્ન નો પ્રકાર (રાજ્યસાત)** / **જથ્થો (કિ.ગ્રા)** / **કુલ કિંમત** ઘઉં / ૭૬૭ / ૨૦૪૨૭/– ચોખા / ૫૧૧૧ / ૧૯૮૦૯૩/– બાજરી / ૨૦ / ૫૪૦/– **કુલ** / **૫,૮૯૮** / **૨,૧૯,૦૬૦/–**

પાટણ અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2258શ્રીદિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ
(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ–કેટલું છે,		(૧) **મંજૂર મહેકમ** **જિલ્લો** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** પાટણ / ૬૧૨ / ૬૯૮ / ૮૪૬ મહેસાણા / ૭૪૪ / ૮૪૫ / ૧૦૨૮
(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવારઉક્ત પૈકી કયા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને		(૨) **જિલ્લો** / **જગ્યાની સ્થિતિ** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** પાટણ / ભરેલ જગ્યા / ૫૨૬ / ૬૮૮ / ૮૩૬ પાટણ / ખાલી જગ્યા / ૮૬ / ૧૦ / ૧૦ મહેસાણા / ભરેલ જગ્યા / ૭૪૦ / ૮૪૫ / ૧૦૨૬
(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?		(૩) **જિલ્લો** / **ભરતીનો પ્રકાર** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** પાટણ / કરાર આધારિત / ૦૦ / ૦૦ / ૦૦ પાટણ / વિદ્યાસહાયક / ૦૭ / ૦૧ / ૦૦ મહેસાણા / કરાર આધારિત / ૦૦ / ૦૦ / ૦૦ મહેસાણા / વિદ્યાસહાયક / ૦૦ / ૦૦ / ૦૦

.....

પાટણ અને મહેસાણા જિલ્લામાં ફી નિર્ધારણ સમિતિએ નિયત કરેલ ફી કરતાં વધુ ફી વસૂલવા બાબત

15/8/2265:**ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): માનનીયપ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવાકૃપાકરશેકે.–

પ્રશ્ન			જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કઈ–કઈ ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ફી નિર્ધારણ સમિતિએ નિયત કરેલ ફીથી વધુ ફી ઉઘરાવતા હોવાનું ધ્યાને આવેલ છે,	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કોઈપણ ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ફી નિર્ધારણ સમિતિએ નિયત કરેલ ફીથી વધુ ફી ઉઘરાવતા હોવાનું ધ્યાને આવેલ નથી.
(૨)	આવી શાળાઓ સામે શા પગલા લેવામાં આવ્યા,	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ નિયત થયેલ ફીથી વધુ	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

	ઉઘરાવેલ ફી કઈ-કઈ શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને પરત કરવામાં આવેલ છે, અને		
(૪)	ઉક્ત સ્થિતિએ નિયત થયેલ ફીથી વધુ ઉઘરાવેલ ફી પરત ન કરી હોય તો આવી શાળાઓ પાસેથી ક્યાં સુધીમાં વિદ્યાર્થીઓને તે ફી પરત કરાવવામાં આવશે?	(૪)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આણંદ અને ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2281 શ્રીગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન		જવાબ

(૧)તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૧)

મંજૂર મહેકમ			
જિલ્લો	**સામાજિક વિજ્ઞાન**	**ગણિત-વિજ્ઞાન**	**ભાષા**
આણંદ	૬૨૨	૭૫૧	૯૩૯
ખેડા	૭૬૯	૯૦૩	૧૧૦૯

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવારઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

જિલ્લો	જગ્યાની સ્થિતિ	સામાજિક વિજ્ઞાન	ગણિત-વિજ્ઞાન	ભાષા
આણંદ	ભરેલ જગ્યા	૬૨૨	૭૫૧	૯૩૯
	ખાલી જગ્યા	૦૦	૦૦	૦૦
ખેડા	ભરેલ જગ્યા	૭૬૧	૯૦૩	૧૧૦૧
	ખાલી જગ્યા	૦૮	૦૦	૦૮

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

(૩)

જિલ્લો	ભરતીનો પ્રકાર	સામાજિક વિજ્ઞાન	ગણિત-વિજ્ઞાન	ભાષા
આણંદ	કરાર આધારિત	૦૦	૦૦	૦૦
	વિદ્યાસહાયક	૧૧૧	૩૨	૧૭
ખેડા	કરાર આધારિત	૦૦	૦૦	૦૦
	વિદ્યાસહાયક	૫૦	૦૭	૦૩

.....

ગાંધીનગર અને અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2255શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન		જવાબ

(૧)તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ગાંધીનગર અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ-કેટલું છે,

(૧)

મંજૂર મહેકમ			
જિલ્લો	**સામાજિક વિજ્ઞાન**	**ગણિત-વિજ્ઞાન**	**ભાષા**
ગાંધીનગર	૩૯૬	૪૬૬	૫૬૦
અમરેલી	૬૨૧	૭૦૭	૮૦૪

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવારઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને		(૨) **જિલ્લો** / **જગ્યાની સ્થિતિ** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** ગાંધીનગર: ભરેલ જગ્યા ૩૯૨ ૪૬૬ ૫૬૦; ખાલી જગ્યા ૦૪ ૦૦ ૦૦ અમરેલી: ભરેલ જગ્યા ૫૭૦ ૬૭૮ ૭૭૬; ખાલી જગ્યા ૫૧ ૨૯ ૨૮
(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?		(૩) **જિલ્લો** / **ભરતીનો પ્રકાર** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** ગાંધીનગર: કરાર આધારિત ૦૦ ૦૦ ૦૦; વિદ્યાસહાયક ૦૭ ૦૬ ૦૪ અમરેલી: કરાર આધારિત ૦૦ ૦૦ ૦૦; વિદ્યાસહાયક ૧૪૧ ૭૯ ૬૧

છોટાઉદેપુર જિલ્લામાં ડૉ.સવિતાબેન આબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજના

15/8/1657 શ્રીરાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને	(૧)	ક્રમ / તાલુકાનું નામ / મળેલ અરજીઓ ૧ છોટાઉદેપુર ૦ ૨ પાવી–જેતપુર ૦ ૩ કવાંટ ૧ ૪ નસવાડી ૦ ૫ સંખેડા ૧ ૬ બોડેલી ૧ કુલ ૩
(૨)	ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૨)	ક્રમ / તાલુકાનું નામ / મંજૂર અરજીઓ / ચૂકવેલ સહાય ૧ છોટાઉદેપુર ૦ ૦ ૨ પાવી–જેતપુર ૦ ૦ ૩ કવાંટ ૧ ૩.૨,૫૦,૦૦૦/– ૪ નસવાડી ૦ ૦ ૫ સંખેડા ૦ ૦ ૬ બોડેલી ૧ ૩.૨,૫૦,૦૦૦/– કુલ ૨ ૩.૫,૦૦,૦૦૦/–

વડોદરા શહેરની ટીપી સ્કીમોની દરખાસ્ત

15/8/1356**શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા** (વાઘોડીયા)**:માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરની કઈ અને કેટલી નગરરચના	(૧)	કુલ–૨ (બે) આખરી નગર રચના યોજના નં.૧૨ (નિઝામપુરા)

	યોજનાઓની દરખાસ્ત મંજૂરી માટે સરકારમાં પડતર છે, અને		(પ્રથમ ફેરફાર) આખરી નગર રચના યોજના નં.૬૦ (ગોત્રી)
(૨)	ઉક્ત દરખાસ્તોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?	(૨)	ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ– ૬૫ ની જોગવાઇ મુજબ

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં વિદ્યા સમીક્ષા કેન્દ્રો

15/8/2268ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા વિદ્યા સમીક્ષા કેન્દ્રોનું બાંધકામ કરવામાં આવ્યું, અને	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં એકપણ વિદ્યા સમિક્ષા કેન્દ્રોનું બાંધકામ કરવામાં આવ્યું નથી.
(૨)	ઉક્ત બાંધકામ પેટે કઈ–કઈ એજન્સીને કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

– – – – – –

છોટાઉદેપુર અને અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2249શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	**જવાબ**
(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ–કેટલું છે,	(૧) **મંજૂર મહેકમ** **જિલ્લો** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** છોટાઉદેપુર / ૪૧૨ / ૪૪૯ / ૫૦૭ અરવલ્લી / ૫૮૫ / ૬૨૮ / ૬૯૪
(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવારઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને	(૨) **જિલ્લો** / **જગ્યાની સ્થિતિ** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** છોટાઉદેપુર / ભરેલ જગ્યા / ૩૨૭ / ૪૨૨ / ૪૫૧ ખાલી જગ્યા / ૮૫ / ૨૭ / ૫૬ અરવલ્લી / ભરેલ જગ્યા / ૫૮૦ / ૬૨૮ / ૬૯૫ ખાલી જગ્યા / ૦૫ / ૦૦ / ૦૦

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિધાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?	(૩)

જિલ્લો	ભરતીનો પ્રકાર	સામાજિક વિજ્ઞાન	ગણિત–વિજ્ઞાન	ભાષા
છોટાઉદેપુર	કરાર આધારિત	૦૦	૦૦	૦૦
	વિધાસહાયક	૧૬૦	૮૯	૧૪૪
અરવલ્લી	કરાર આધારિત	૦૦	૦૦	૦૦
	વિધાસહાયક	૨૦	૦૮	૦૪

.....

આણંદ અને નડિયાદ મહાનગરપાલિકામાં સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ

15/8/2278 શ્રીઅમિત ચાવડા(આંકલાવ) **:માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ**

મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૦૧–૨૦૨૬ની સ્થિતિએ આણંદ અને નડિયાદ મહાનગરપાલિકામાં કેટલા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે અને છેલ્લા બે વર્ષમાં કેટલા નવા મંજૂર કરવામાં આવેલ છે,	(૧)	તા.૩૧–૦૧–૨૦૨૬ની સ્થિતિએ કરમસદ–આણંદ મહાનગરપાલિકામાં ૦૪ અને નડિયાદ મહાનગરપાલિકામાં ૦૧ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે અને છેલ્લા બે વર્ષમાં કોઈપણ નવા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મંજૂર કરવામાં આવેલ નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ નવા મંજૂર કરેલ સીવેજ ટ્રીટમેન્ટને કયારે મંજૂરી આપવામાં આવી,	(૨),	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત મંજૂર સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે કઈ એજન્સીને વર્ક ઓર્ડર કયારે આપવામાં આવ્યો, અને	(૩) અને	
(૪)	ઉક્ત સ્થિતિએ કેટલી કામગીરી પૂર્ણ થઈ અને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?	(૪)	

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓ

15/8/1178શ્રી ઘવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ)**:માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ**

મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડાઓ નવા બનાવવામાં આવ્યા,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

જિલ્લા	નવા બનાવેલ ઓરડાઓ
અરવલ્લી	૫૩૮
સાબરકાંઠા	૮૬૩

(૨)	ઉક્ત પૈકી બાયડ, માલપુર અને સાઠંબા તાલુકામાં કેટલા ખર્ચે કેટલા નવીન ઓરડોઓ બનાવવામાંઆવ્યા, અને	(૨)	બાયડ, માલપુર અને સાઠંબા તાલુકામાં કુલ ૨૦૯૫.૪૩ લાખના ખર્ચે ૧૨૫ નવીન ઓરડાઓ બનાવવામાં આવ્યા.

(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં કેટલા ઓરડાઓ જર્જરિત હાલતમાં છે અને ક્યાં સુધીમાં નવીન ઓરડાઓ બનાવવામાં આવશે?	(૩)	<table><tr><th>જિલ્લા</th><th>જર્જરિત ઓરડાઓની સંખ્યા</th></tr><tr><td>અરવલ્લી</td><td>૨૩૦</td></tr><tr><td>સાબરકાંઠા</td><td>૧૬૩</td></tr></table> નવીન ઓરડાઓ તબક્કાવાર ઝડપથી બનાવવામાં આવશે.

.....

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જર્જરિત અને ઓરડા વગરની પ્રાથમિક શાળાઓ

15/8/2286 શ્રીહિમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર) **:માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર જર્જરિત અને ઓરડા વગરની પ્રાથમિક શાળાઓ કેટલી છે,	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ, <table><tr><th colspan="3">જામનગર જિલ્લો</th></tr><tr><th>જિલ્લા</th><th>જર્જરિત ઓરડા વાળી શાળાઓ</th><th>ઓરડા વગરની શાળાઓ</th></tr><tr><td>ધ્રોલ</td><td>૦</td><td>૧</td></tr><tr><td>જામજોધપુર</td><td>૫</td><td>૦</td></tr><tr><td>જામનગર</td><td>૭</td><td>૨</td></tr><tr><td>જોડિયા</td><td>૦</td><td>૧</td></tr><tr><td>કાલાવડ</td><td>૪</td><td>૦</td></tr><tr><td>લાલપુર</td><td>૪</td><td>૧</td></tr><tr><td>કુલ</td><td>૨૦</td><td>૫</td></tr></table> <table><tr><th colspan="3">દેવભૂમિ દ્વારકા જિલ્લો</th></tr><tr><th>જિલ્લા</th><th>જર્જરિત ઓરડા વાળી શાળાઓ</th><th>ઓરડા વગરની શાળાઓ</th></tr><tr><td>ભાણવડ</td><td>૧૧</td><td>૦</td></tr><tr><td>દ્વારકા</td><td>૦</td><td>૨</td></tr><tr><td>જામકલ્યાણપુર</td><td>૧૧</td><td>૨</td></tr><tr><td>જામખંભાળીયા</td><td>૧૬</td><td>૦</td></tr><tr><td>કુલ</td><td>૩૮</td><td>૪</td></tr></table>
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટે શી વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે, અને	(૨)	ઉક્ત જર્જરિત અને ઓરડા વગરની પ્રા.શાળાઓનાબાળકોને તે જ શાળામાં ઉપયોગી અને સુરક્ષિત વર્ગખંડોમાં અથવા પાળી પદ્ધતિથી નજીકની શાળાઓમાં, ભાડાના મકાનમાં કે અન્ય બિલ્ડીંગમાંબેસાડવામાં આવે છે.

(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં ઓરડાઓ ન બનવાના કારણો શા છે?	(૩)	ઓરડાઓ ન બનવાના વિવિધ કારણો જેવા કે,ભૌગોલિક પરિસ્થિતિ વિષમ હોવાથી તેમજ સ્થાનિક પ્રશ્નોના કારણે કોઈ પણ ઈજારદાર ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેતા ન હતાં તેમજ શાળાઓના ઓરડા જર્જરિત હોવા અંગેનું પ્રમાણપત્ર તાજેતરમાં જ મળેલ હોઈ.

.....

નર્મદા અને તાપી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2285શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ નર્મદા અને તાપી જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ–કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવારઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?

જવાબ

(૧)

મંજૂર મહેકમ			
જિલ્લો	**સામાજિક વિજ્ઞાન**	**ગણિત–વિજ્ઞાન**	**ભાષા**
નર્મદા	૨૮૮	૩૦૧	૩૨૭
તાપી	૩૨૩	૩૪૫	૩૮૭

(૨)

જિલ્લો	**જગ્યાની સ્થિતિ**	**સામાજિક વિજ્ઞાન**	**ગણિત–વિજ્ઞાન**	**ભાષા**
નર્મદા	ભરેલ જગ્યા	૨૩૧	૨૮૧	૩૦૩
	ખાલી જગ્યા	૫૭	૨૦	૨૪
તાપી	ભરેલ જગ્યા	૩૧૭	૩૩૯	૩૮૬
	ખાલી જગ્યા	૦૬	૦૬	૦૧

(૩)

જિલ્લો	**ભરતીનો પ્રકાર**	**સામાજિક વિજ્ઞાન**	**ગણિત–વિજ્ઞાન**	**ભાષા**
નર્મદા	કરાર આધારિત	૦૧	૦૦	૦૦
	વિદ્યાસહાયક	૧૩૯	૬૦	૯૨
તાપી	કરાર આધારિત	૦૦	૦૦	૦૦
	વિદ્યાસહાયક	૨૧	૨૦	૧૨

.....

રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2260દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨)ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, વિષયવાર શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

જવાબ

(૧)

મંજૂર મહેકમ			
જિલ્લો	**સામાજિક વિજ્ઞાન**	**ગણિત–વિજ્ઞાન**	**ભાષા**
રાજકોટ	૬૬૬	૭૩૪	૭૯૩
સુરેન્દ્રનગર	૭૦૧	૭૬૫	૯૧૬

(૨)

જિલ્લો	**જગ્યાની સ્થિતિ**	**સામાજિક વિજ્ઞાન**	**ગણિત–વિજ્ઞાન**	**ભાષા**
રાજકોટ	ભરેલ જગ્યા	૬૫૪	૭૨૨	૭૮૫
	ખાલી જગ્યા	૧૨	૧૨	૦૮
સુરેન્દ્રનગર	ભરેલ જગ્યા	૬૯૦	૭૩૭	૯૧૬
	ખાલી જગ્યા	૧૧	૨૮	૦૦

(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?	(૩) **જિલ્લો** / **ભરતીનો પ્રકાર** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** રાજકોટ – કરાર આધારિત – ૦૦ – ૦૦ – ૦૦ રાજકોટ – વિદ્યાસહાયક – ૬૫ – ૩૮ – ૧૦ સુરેન્દ્રનગર – કરાર આધારિત – ૦૦ – ૦૦ – ૦૦

વડોદરા અને સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2282 શ્રીગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	જવાબ
(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ વડોદરા અને સુરત જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ–કેટલું છે,	(૧) **મંજૂર મહેકમ** **જિલ્લો** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** વડોદરા – ૪૬૮ – ૫૩૬ – ૬૩૬ સુરત – ૪૪૬ – ૫૧૨ – ૫૭૭
(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવારઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને	(૨) **જિલ્લો** / **જગ્યાની સ્થિતિ** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** વડોદરા – ભરેલ જગ્યા – ૪૩૨ – ૫૩૨ – ૬૨૪ વડોદરા – ખાલી જગ્યા – ૩૬ – ૦૪ – ૧૨ સુરત – ભરેલ જગ્યા – ૪૩૭ – ૫૦૪ – ૫૬૫ સુરત – ખાલી જગ્યા – ૦૯ – ૦૮ – ૧૨
(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિદ્યાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?	(૩) **જિલ્લો** / **ભરતીનો પ્રકાર** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** વડોદરા – કરાર આધારિત – ૦૦ – ૦૦ – ૦૦ વડોદરા – વિદ્યાસહાયક – ૧૦૯ – ૩૩ – ૨૯ સુરત – કરાર આધારિત – ૦૦ – ૦૦ – ૦૦ સુરત – વિદ્યાસહાયક – ૪૫ – ૧૬ – ૧૧

શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વર્ગદીઠ લઘુત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા અલગ અલગ હોવા બાબત

15/8/2256**શ્રીઅમૃતજી મોતીજી ઠાકો** (કાંકરેજ):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ શહેર/જિલ્લામાં અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વર્ગદીઠ લઘુત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા અલગ અલગ હોવાની હકીકત સાચી છે,	(૧)	હા, જી
(૨)	જોહા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેરી વિસ્તારની અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગદીઠ લઘુત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડવા માટે વિભાગને કેટલી અરજીઓ મળી,	(૨)	શુન્ય(૦)
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ અરજીઓ અન્વયે સરકારે શી કાર્યવાહી કરી, અને	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં લઘુત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા ન થવાને કારણે કેટલી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા વર્ગો બંધ થયેલ છે?	(૪)	૨૮

અતારાંકિત પ્રશ્નો

છોટાઉદેપુર જીલ્લામાં મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના બાબત

15/8/1655શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા, અને	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૦૧૯ વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા, અને
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલી સ્કોલરશીપ આપવામાં આવી?	(૨)	ઉક્ત સ્થિતિએ કુલ રૂ.૨૬.૭૫ લાખની સ્કોલરશીપ આપવામાં આવીછે.

વાઘોડિયા શહેર સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બાબતે

15/8/1365શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા)**:માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
	તા.૩૧–૦૧–૨૦૨૬ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વાઘોડિયા શહેરમાં સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મંજૂર કરવાનું આયોજન છે કે કેમ?		તા.૩૧–૦૧–૨૦૨૬ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વાઘોડિયા શહેરમાં ૧૦ MLD ક્ષમતાના ૦૧ (એક) સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને મંજૂર કરવામાં આવેલ છે.

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

15/8/2269ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**:માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં રાજ્ય સરકાર હસ્તકના કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય માટે કેટલી ક્ષમતાના કેટલા મકાનોનું બાંધકામ કરવામાં આવ્યું, અને</td><td>(૧)</td><td>તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં
સાબરકાંઠા જિલ્લામાં :–
<table>
<tr><th>કેટલી ક્ષમતા</th><th>કેટલા મકાનનું બાંધકામ</th></tr>
<tr><td>૩૫૦ની ક્ષમતા</td><td>૧</td></tr>
<tr><td>૨૦૦ની ક્ષમતા</td><td>૧</td></tr>
</table>
બનાસકાંઠા જિલ્લામાં :–
<table>
<tr><th>કેટલી ક્ષમતા</th><th>કેટલા મકાનનું બાંધકામ</th></tr>
<tr><td>૩૫૦ની ક્ષમતા</td><td>૧</td></tr>
<tr><td>૨૦૦ની ક્ષમતા</td><td>૨</td></tr>
<tr><td>૧૫૦ની ક્ષમતા</td><td>૨</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત બાંધકામ પેટે કઈ–કઈ એજન્સીને કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?</td><td>(૨)</td><td>સાબરકાંઠા જિલ્લામાં :–
<table>
<tr><th>એજન્સીનું નામ</th><th>ચૂકવેલ રકમ (લાખમાં)</th></tr>
<tr><td>મે. આકૃતિ બિલ્ડર્સ</td><td>૬૫૧.૦૦</td></tr>
<tr><td>મે. એચ. કે. ઇન્ફ્રાકોર્ન</td><td>૧૪૧૦.૦૦</td></tr>
</table></td></tr>
</table>

			બનાસકાંઠા જિલ્લામાં :– **એજન્સીનું નામ** / **ચૂકવેલ રકમ (લાખમાં)** મે. પી.કે.પટેલ – ૧૧૮૬.૧૪ મે. બાલારામ કન્સ્ટ્રકશન – ૭૪૩.૮૯ મે. કો–ઈનસાઈડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર – ૯૬૮.૬૩ મે. સત્યમ કન્સ્ટ્રકશન – ૨૪૦.૦૨

ડાંગ અને પોરબંદર જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ

15/8/2250શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**
(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ ડાંગ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનું વિષયવાર મંજૂર મહેકમ કેટ–કેટલું છે,		(૧) **મંજૂર મહેકમ** **જિલ્લો** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** ડાંગ – ૧૩૯ – ૧૬૭ – ૧૯૭ પોરબંદર – ૨૨૩ – ૨૪૩ – ૨૬૮
(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવારઉક્ત પૈકી ક્યા શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને		(૨) **જિલ્લો** / **જગ્યાની સ્થિતિ** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** ડાંગ – ભરેલ જગ્યા – ૧૨૮ – ૧૬૬ – ૧૯૭ ડાંગ – ખાલી જગ્યા – ૧૧ – ૦૧ – ૦૦ પોરબંદર – ભરેલ જગ્યા – ૨૨૧ – ૨૪૩ – ૨૬૪
(૩) ઉક્ત ભરેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કરાર આધારિત કે વિધાસહાયક દ્વારા ભરવામાં આવેલ છે?		(૩) **જિલ્લો** / **ભરતીનો પ્રકાર** / **સામાજિક વિજ્ઞાન** / **ગણિત–વિજ્ઞાન** / **ભાષા** ડાંગ – કરાર આધારિત – ૦૦ – ૦૦ – ૦૦ ડાંગ – વિધાસહાયક – ૧૪ – ૦૩ – ૦૮ પોરબંદર – કરાર આધારિત – ૦૦ – ૦૦ – ૦૦

ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે

વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટ ઈન એઇડ કોલેજો

15/8/1276 **શ્રીધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ): માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહની સ્નાતક અને અનુસ્નાતકની કેટલી કોલેજો કાર્યરત છે,	(૧)	

જીલ્લાનું નામ	પ્રકાર (સરકારી / ગ્રાન્ટ ઈન એઇડ)	સ્નાતક/ અનુસ્નાતક	વિનયન	વાણિજ્ય	વિજ્ઞાન	વિનયન અને વાણિજ્ય	કુલ
અરવલ્લી	સરકારી	સ્નાતક	૧	૦	૦	૧	૨
		અનુસ્નાતક	૦	૦	૦	૦	૦
	ગ્રાન્ટ ઈન એઇડ	સ્નાતક	૩	૧	૧	૨	૭
		અનુસ્નાતક	૦	૦	૦	૦	૦
સાબરકાંઠા	સરકારી	સ્નાતક	૦	૧	૧	૫	૭
		અનુસ્નાતક	૦	૦	૦	૦	૦
	ગ્રાન્ટ ઈન એઇડ	સ્નાતક	૫	૦	૨	૫	૧૨
		અનુસ્નાતક	૦	૦	૦	૦	૦

(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં કેટલી નવી કોલેજોને મંજૂરી આપવામાં આવી છે,	(૨)	શૂન્ય (૦)
(૩)	ઉક્ત સ્થિતિએ બાયડ, માલપુર અને સાંઠબા તાલુકામાં સરકારી કોલેજની સુવિધા ઉપલબ્ધ નથી, તે હકીકત સાચી છે, અને	(૩)	ના,જી. અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે સરકારી વિનયન કોલેજ આવેલ છે. માલપુર અને સાઠંબા તાલુકા ખાતે હાલ સરકારી કોલેજ ઉપલબ્ધ નથી.
(૪)	જોહા, તો ઉક્ત તાલુકાઓમાં નવી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહની કોલેજ શરૂ કરવા માટેનું આયોજન છે કે કેમ?	(૪)	➢ સરકારશ્રી દ્વારા જે–તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ, સ્થાનિક જરૂરિયાત અને શિક્ષણ વિભાગને ફાળવવામાં આવતી બજેટની મર્યાદામાં નવી સરકારી કોલેજ શરૂ કરવાનું આયોજન કરવામાં આવે છે. ➢ અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે કાર્યરત સરકારી વિનયન કોલેજમાં નવો વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવા સને ૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે

વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી અંગે

શ્રી ઋષિકેશ ગ. પટેલ (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ અંદાજ સમિત, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર ગુજરાત વિધાનસભાના ૧૫–૧૫ સભ્યોની ચૂંટણીથી નિમણૂક માટેની કામગીરી હાથ ધરે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીની જાહેરાત

નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી

અધ્યક્ષશ્રી: મારે એક જાહેરાત કરવાની છે. હવે, અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ તેમજ પંચાયતી રાજ સમિતિ ઉપર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણીમાટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

૧. નામનિયુક્તિ (ઉમેદવારી પત્ર
સ્વીકારવાની છેલ્લી તારીખ : મંગળવાર તા. ૧૭-૩-૨૦૨૬ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી

૨. નામનિયુક્તિની ચકાસણીની : બુધવાર, તા. ૧૮-૩-૨૦૨૬, બપોરના ૧૨-૦૦ વાગે,
તારીખ અને સમય નાયબ સચિવશ્રી ડો.હર્ષિલ પટેલની ચેમ્બરમાં

૩. ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ : સોમવાર, તા. ૨૩-૩-૨૦૨૬ સાંજના ૫.૦૦ વાગ્યા સુધી

૪. મતદાનની તારીખ, જરૂરી જણાય તો : પાછળથી જાહેર કરવામાં આવશે.

આ ચૂંટણી માટેના નામ નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા-૧ માંથી મળી શકશે.

કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ

કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો૧૩મો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા. ૯મી માર્ચ, ૨૦૨૬ના રોજ સવારે ૧૧-૧૫ કલાકે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

૧. મંગળવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૬ના રોજ સભાગૃહની બે બેઠક રાખવી.

૨. સુધારેલી સભાઓની તારીખવાર યાદીમાં સોમવાર, તા. ૯મી માર્ચ ૨૦૨૬ના રોજની બેઠકમાં દર્શાવેલ નીચે મુજબનું કામકાજ મંગળવાર તા. ૧૭મી માર્ચ, ૨૦૨૬ના રોજ સભાગૃહની પહેલી બેઠકમાં હાથ ધરવું.

(૧) વધારાના ખર્ચની માંગણીઓ પર ચર્ચા અને મતદાન.

(૨) માંગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

૩. મંગળવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૬ના રોજનું પ્રશ્નોત્તરી સહિત નિયત થયેલ કામકાજ બીજી બેઠકમાં હાથ ધરવું.

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ઋષિકેશ ગ. પટેલ (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

માગણી ક્રમાંક- ૧૨

શ્રી ઋષિકેશ ગ. પટેલ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩,૩૦,૩૭,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક -૧૨ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક- ૧૩

શ્રી ઋષિકેશ ગ. પટેલ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાઓની સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩,૭,૪૬,૮૦,૦૦,૦૦૦ /-ની અને મૂડી ખર્ચ માટે ૩,૩૨,૩૫,૪૩,૦૦,૦૦૦/-માંગણી ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક -૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક– ૬ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૭ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૫ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૭૦

શ્રી ઋષિકેશ ગ. પટેલ (પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩.૪૦,૭૨,૩૬,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટે ૩.૯,૨૩,૮૮,૦૦,૦૦૦/–માંગણી ક્રમાંક–૭૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક –૭૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૩ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૭૮

શ્રી સંજયસિંહ વિ. મહિડા (રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩.૧૦,૪૮,૯૯,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટે ૩.૫૫,૫૦,૦૦,૦૦૦/–માંગણી ક્રમાંક–૭૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક –૭૮ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૯ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૭૯

શ્રી સંજયસિંહ વિ. મહિડા (રાજ્ય કક્ષાના મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી, મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૩,૩૬,૮૮,૦૦,૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૩,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૭૯ રજૂ કરવામાં આવી.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૧ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૯ રજૂ કરવામાં આવી.

ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

સન ૨૦૨૬–૨૭ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી **મંગળવાર, તા.૧૦/૦૩/૨૦૨૬ (બીજી બેઠક)(ત્રીજો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ **માગણી નં.૧૩**				
૧	૨૮૦૧–વીજળી શક્તિ ૮૦– સામાન્ય ૧૦૧–વિદ્યુત...સહાય રૂ. ૨૫,૨૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૫ પાના નં. ૧૪ અને ૧૫	૧૦૦	રાજ્યની નગરપાલિકાઓના બાકી વીજ બિલો વસૂલવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી અમૃતજી ઠાકોર
૨	---"---	૧૦૦	રાજ્યમાં સ્માર્ટ મીટર લગાવવા અંગે વિભાગના કર્મચારીઓની ગેરવર્તણૂંક સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
*૩	---"---	૧૦૦	રાજ્યમાં સ્માર્ટ મીટર ફરજીયાત લગાવવા માટેના પરિપત્ર કે કાયદાની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. કિરીટકુમાર પટેલ
૪	---"---	૧૦૦	ચોમાસાની ઋતુમાં તૂટી જતા વીજ વાયરોના કારણે થતી જાનહાનિઓ અંગે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
*૫	---"---	૧૦૦	વીજકંપનીઓ દ્વારા વીજગ્રાહકોની સિક્યોરિટી ડિપોઝિટ પેટે મળતા વ્યાજની સામે ગ્રાહકોને નાણાકીય વળતર આપવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.કિરીટકુમાર પટેલ
૬	---"---	૧૦૦	રાજ્ય સરકાર દ્વારા યુનિટ દીઠ ઊંચા ભાવે વીજ ખરીદીના કારણે વીજ ગ્રાહકોને વધુ ભાવ ચૂકવવા પડે છે તેવી ફરીયાદો નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.તુષાર ચૌધરી
૭	૨૮૦૧–વીજળી શક્તિ ૮૦– સામાન્ય ૧૦૧–વિદ્યુત...સહાય રૂ. ૨૫,૨૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૫ પાના નં. ૧૪ અને ૧૫	૧૦૦	વીજ કંપનીઓ સૌર ઉર્જાથી ઉત્પન્ન થયેલ વીજળી ઓછા ભાવે ખરીદીને વધુ ભાવે વેચે છે તેવી ફરીયાદો નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જિગ્નેશ મેવાણી
*૮	---"---	૧૦૦	રાજ્યમાં વીજ ગ્રાહકોનો વિશ્વાસ જીતવામાં વીજ કંપનીઓ નિષ્ફળ જઈ રહી છે તેવી ફરીયાદો નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૯	૨૮૦૧–વીજળી શક્તિ ૮૦– સામાન્ય ૧૦૧–વિદ્યુત...સહાય રૂ. ૨૫,૨૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૫ પાના નં. ૧૪ અને ૧૫	૧૦૦	હીરા ઉદ્યોગોને વીજ બીલની રકમમાં અપાયેલ સહાયની રકમની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૧૦	---"---	૧૦૦	વિદ્યુત બોર્ડના કર્મચારીઓને નિવૃત્તિના લાભો આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
૧૧	---"---	૧૦૦	સૌરાષ્ટ્રના શહેરો–ગ્રામ્ય વિસ્તારોમાં ૨૪ કલાક વીજળી આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા (હેમંતભાઇ આહીર)
૧૨	---"---	૧૦૦	ગઢડા તાલુકાના લાખણાક ગામ ખાતે જેટકોના વીજ સબસ્ટેશનની ગુણવત્તાયુકત કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઉમેશભાઈ મકવાણા
૧૩	૨૮૦૧–વીજળી શક્તિ ૮૦–સામાન્ય	૧૦૦	વિસાવદર મતવિસ્તારના નવાગામ (બીલખા) તેમજ ભાટગામનાં લાલીધાર	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા

	૧૯૦–જાહેર...સહાય રૂ.૧,૩૭,૯૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૫ પાના નં. ૧૪ થી ૧૭		પરામાં વીજળીકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા.	
૧૪	૨૮૧૦–નવી...ઊર્જા ૧૯૦–જાહેર...સહાય ૧૬–રાજ્યના...સહાય રૂ.૧,૦૦,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૫ પાના નં. ૨૭ થી ૩૧	૧૦૦	જૂનાગઢ ગિરનાર પર્વત પર આવેલ યાત્રાધામ શ્રી ભરતવન મંદિરને ગ્રીન અને વીજ સલામત ઝોનમાં વિકસિત કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૧૫	૪૮૦૧–વીજળી...જોગવાઈ ૦૫–પ્રસારણ અને વિતરણ ૧૯૦–જાહેર...રોકાણ રૂ.૨૬,૧૩,૮૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૫ પાના નં. ૪૧ થી ૪૬	૧૦૦	કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઈ વસાવા
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ **માગણી.નં. ૭૦**				
૧૬	૨૫૧૫–અન્ય...કાર્યક્રમો ૦૦૧–દિશા અને વહીવટ રૂ. ૭,૫૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૯ પાના નં. ૫૨	૧૦૦	જૂનાગઢ જિલ્લાની ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોનું સમયસર ઓડીટ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૧૭	---"---	૧૦૦	જિલ્લા પંચાયતોના વહીવટમાં અધિકારીઓના મનસ્વીપણાને નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઈ આહીર
૧૮	૨૫૧૫–અન્ય...કાર્યક્રમો ૧૦૧–પંચાયતીરાજ રૂ. ૧૨,૪૯,૫૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૯ પાના નં. ૫૪ થી ૫૮	૧૦૦	જામનગર જિલ્લામાં તલાટીઓની ગેરહાજરી તથા ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઈ આહીર
૧૯	૨૫૧૫–અન્ય...કાર્યક્રમો ૧૦૨–સમુહ વિકાસ રૂ. ૧૮,૦૫,૨૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૯ પાના નં. ૫૯ થી ૬૫	૧૦૦	ગ્રામ વિકાસ એજન્સીઓમાં કરાર આધારિત કર્મચારીઓ દ્વારા આચરવામાં આવતી ગેરરીતિઓની તપાસ કરી ત્વરીત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૨૦	---"---	૧૦૦	જિલ્લા વિકાસ એજન્સી દ્વારા છેલ્લા ત્રણ વર્ષોમાં સોંપાયેલ કામોની પૂર્ણતા અંગે ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઈ ચુડાસમા
૨૧	૨૫૧૫–અન્ય...કાર્યક્રમો ૧૦૨–સમુહ વિકાસ રૂ. ૧૮,૦૫,૨૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૯ પાના નં. ૫૯ થી ૬૫	૧૦૦	જિલ્લા વિકાસ એજન્સીની ટેન્ડર પ્રક્રિયા અંગેની સત્તા સચિવાલય કક્ષાએ લેવા તેમજ કાર્યોની ગુણવત્તાની ચકાસણી થયા પછી જ એજન્સીને નાણાની ચૂકવણી થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૨૨	---"---	૧૦૦	વિસાવદર મતવિસ્તારનાં ગામડાઓમાં પંચાયત ઘર અને તલાટીઓ માટે નિવાસ બાંધવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૨૩	---"---	૧૦૦	વિસાવદર તાલુકા પંચાયતના જર્જરિત મકાનનું નવીનીકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
મહેસૂલ વિભાગ **માગણી નં.૭૮**				
૨૪	૨૦૫૩–જિલ્લા વહીવટ ૦૯૩–જિલ્લા...વર્ગ ૦૧–કલેક્ટર કચેરીઓ	૧૦૦	જિલ્લા કલેક્ટર કચેરીઓ દ્વારા અરજદારોને આવક તેમજ જાતિના પ્રમાણપત્રો આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જિગ્નેશ મેવાણી

	રૂ.૩,૬૨,૨૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૧ પાના નં. ૪૭ અને ૪૮			
૨૫	---"---	૧૦૦	કલેક્ટર કચેરીઓમાં બિનખેતી જમીન પ્રક્રિયામાં ગેરરીતિઓ અંગે જવાબદારોસામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા (ડૉ.કિરીટકુમાર પટેલ, ડૉ.તુષાર ચૌધરી)
૨૬	---"---	૧૦૦	કલેક્ટર કચેરીઓમાં મહેસૂલી પ્રશ્નોના નિકાલમાં થતા વિલંબ અંગે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૨૭	---"---	૧૦૦	સીધી લીટીના વારસદારોની નોંધણીમાં સબ રજીસ્ટાર કચેરીઓ દ્વારા થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
*૨૮	---"---	૧૦૦	ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી કરવાના કામો માટે સત્વરે મંજૂરી ન આપવાની ફરિયાદો અંગે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર
૨૯	---"---	૧૦૦	કલેક્ટર કચેરીઓમાં વચેટીયાઓને દૂર કરી વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
૩૦	૨૦૫૩–જિલ્લા વહીવટ ૦૯૩–જિલ્લા...વર્ગ ૦૧–કલેક્ટર કચેરીઓ રૂ.૩,૬૨,૨૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૧ પાના નં. ૪૭ અને ૪૮	૧૦૦	કલેક્ટર કચેરીઓમાં મોડા આવતાં કર્મચારીગણ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૩૧	૨૦૫૩–જિલ્લા વહીવટ ૦૯૩–જિલ્લા...વર્ગ ૦૧–કલેક્ટર કચેરીઓ રૂ.૩,૬૨,૨૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૧ પાના નં. ૪૭ અને ૪૮	૧૦૦	મામલતદારોની ગેરહાજરીના કારણે પ્રજાજનોને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૩૨	---"---	૧૦૦	કલેક્ટર હસ્તકની સંકલન સમિતિની બેઠકમાં અધિકારીઓ ઇરાદાપૂર્વક કામોમાં અવરોધ ઉભો કરે છે તે ફરીયાદો નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૩૩	૨૦૫૩–જિલ્લા વહીવટ ૦૯૩–જિલ્લા...વર્ગ ૦૧–કલેક્ટર કચેરીઓ રૂ.૩,૬૨,૨૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૧ પાના નં. ૪૭ અને ૪૮	૧૦૦	કલેક્ટર કચેરીઓમાં કર્મચારીગણ દ્વારા આમ જનતા સાથે થતી ગેરવર્તણૂંકો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
૩૪	---"---	૧૦૦	અમદાવાદ શહેરની જમાલપુર ખાડિયા, સાબરમતી અને શાહપુર વિસ્તારની ચાવડીઓમાં મહેસૂલ કર્મચારીઓ દ્વારા આમ જનતા સાથેના ગેરવર્તણૂંક બાબતે જવાબદાર સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૩૫	---"---	૧૦૦	અમદાવાદ કલેક્ટર કચેરીમાં વિધવા બહેનોને પેન્શનની અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૩૬	---"---	૧૦૦	પ્રજાજનો અને ધારાસભ્યો દ્વારા કલેક્ટરને લખેલ પત્રોનો પ્રત્યુત્તર આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઈ આહીર
૩૭	---"---	૧૦૦	જૂનાગઢ જિલ્લા ફરિયાદ સંકલન સમિતિમાં ધારાસભ્ય તરફથી રજૂ થયેલ ફરિયાદોનું નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા

૩૮	૨૦૫૩–જિલ્લા વહીવટ ૦૯૩–જિલ્લા...વર્ગ ૦૭–LND-6 જમીન...મહેકમ રૂ.૧,૨૫,૫૪,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૧ પાના નં. ૪૭ થી ૪૯	૧૦૦	જૂનાગઢ જિલ્લામાં જમીન રિસર્વે ક્ષતિ સુધારણા માટેની અરજીઓનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૩૯	૨૦૫૩–જિલ્લા વહીવટ ૦૯૪–અન્ય કર્મચારી વર્ગ રૂ.૪,૮૮,૪૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૧ પાના નં. ૫૦ અને ૫૧	૧૦૦	જૂનાગઢ જિલ્લાની ગ્રામ પંચાયતોમાં તલાટીઓની ગેરહાજરીથી ગ્રામજનોને પડતી હાલાકી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
માગણી. નં.૭૯				
૪૦	૨૨૪૫–કુદરતી...રાહત ૮૦–સામાન્ય રૂ.૫૧,૮૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૧ પાના નં. ૬૬	૧૦૦	કુદરતી આપત્તિઓમાં પશુઓના ઘાસચારાની સમયસર વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
૪૧	---"---	૧૦૦	કુદરતી આપત્તિઓ સમયે અસરગ્રસ્તોને કુડ પેકેટ સમયસર મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૪૨	૨૨૪૫–કુદરતી...રાહત ૮૦–સામાન્ય રૂ.૫૧,૮૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૧ પાના નં. ૬૬	૧૦૦	કુદરતી આપત્તિઓ પછી નુકસાનીઓનો સર્વે કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
*૪૩	૨૨૪૫–કુદરતી...રાહત ૮૦–સામાન્ય રૂ.૫૧,૮૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૧ પાના નં. ૬૬	૧૦૦	કુદરતી આફતો પછી અપાતી સહાયમાં થતા ભેદભાવો નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૪૪	---"---	૧૦૦	કુદરતી આફતોની આગાહીઓ છતાં વહીવટી તંત્રના આગોતરા આયોજનના અભાવના કારણે નુકશાનીનું પ્રમાણ વધે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઈ ચુડાસમા (અનંત પટેલ)
*૪૫	૨૨૪૫–કુદરતી...રાહત ૮૦–સામાન્ય રૂ.૫૧,૮૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૧ પાના નં. ૬૬	૧૦૦	કુદરતી આફતો સમયે કેશડોલ્સની રકમમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. કિરીટકુમાર પટેલ (દિનેશભાઈ ઠાકોર)
૪૬	---"---	૧૦૦	કુદરતી આફતો સમયે ગ્રામીણ વિસ્તારોમાં વરસાદી પાણીનો લાંબા સમય સુધી નિકાલ થતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૪૭	---"---	૧૦૦	બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદથી સર્જાયેલ હોનારત સમયે અધિકારીઓની જવાબદારી સુનિશ્ચિત કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
૪૮	---"---	૧૦૦	કુદરતી આફતોમાં મકાનોને થતા નુકશાનીનું વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૪૯	૨૨૪૫–કુદરતી...રાહત ૦૨–પૂર...વગેરે ૧૦૧–મફત રાહત રૂ.૧૦,૦૨,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૧ પાના નં. ૭૦	૧૦૦	ગ્રામ્ય વિસ્તારોમાં આગ હોનારતથી નાશ પામેલ ઘરવખરી અંગેની સહાય પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઈ વસાવા

* આ કાપ દરખાસ્તો સભાગૃહ સમક્ષ રજૂ થયેલ નથી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

ડૉ. તુષાર અ. ચૌધરી (ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક-૭૮ જિલ્લા વહીવટી સેવાને લઇને આવ્યા છે ત્યારે હું તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં જિલ્લાના વહીવટી વડા તરીકે કલેકટર બિરાજમાન હોય છે અને તેમના નેજા હેઠળ જિલ્લાનો તમામ વહીવટ પણ થતો હોય છે. ત્યારે ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં જે નગરપાલિકાઓ આવેલી છે, આદિવાસી વિસ્તારની અંદરનાં જે મોટાં શહેરો આવેલાં છે તેમાં મોટાપાયે આદિવાસીઓની જમીન વીલથી કે વારસાઇ કરાવીને લખાવી લેવામાં આવે છે. ત્યારબાદ તેને એન.એ. કરાવવામાં આવે છે અને એન.એ. કરાવ્યા બાદ ત્યાં મોટી મોટી હાઇરાઇઝ સોસાયટીઓ બનાવવામાં આવે છે, બિલ્ડિંગો બનાવવામાં આવે છે. આવા કિસ્સામાં જયારે આદિવાસી ફરિયાદ કરવા માટે જાય છે પછી તે મામલતદારની કોર્ટમાં જીતી જાય, ડેપ્યુટી કલેકટરની કોર્ટમાં જીતી જાય, કલેકટરમાં પણ જીતી જાય તો પાર્ટી એસ.એસ.આર.ડી. સુધી પહોંચે અને તેમાં પણ આદિવાસી જીતી જાય તો હાઇકોર્ટમાંથી સ્ટે લાવીને દસ-દસ વર્ષ સુધી, વીસ-વીસ વર્ષ સુધી આ સ્ટે પર કોઇ કાર્યવાહી થતી નથી. જેથી આદિવાસી કે જેમણે પોતાની જમીન ગુમાવી હોય એને ન્યાય મળતો નથી. ઘણા કિસ્સામાં એવું પણ બને છે કે, આદિવાસી મામલતદાર કોર્ટમાં જીતી જાય અને ડેપ્યુટી કલેકટરની કોર્ટમાં હારી જાય. ઘણા કિસ્સામાં એવું બને છે કે, મામલતદાર કોર્ટમાં પણ જીતી જાય, ડેપ્યુટી કલેકટરમાં પણ જીતી જાય તો કલેકટરની કોર્ટમાં કેસ હારી જાય. ઘણાં કિસ્સામાં એવુ બને છે કે, મામલતદારની કોર્ટમાં જીતે, ડેપ્યુટી કલેકટરની કોર્ટમાં જીતે, કલેકટરની કોર્ટમાં જીતે તો એસ.એસ.આર.ડી.ની કોર્ટમાં હારી જાય. મારો પ્રશ્ન એ છે કે, જમીન એક છે, મહેસૂલ વિભાગનો કાયદો એક છે તો આવી રીતે અધિકારીઓ ઉલટસૂલટ જજમેન્ટ આપે તો જે અધિકારી ખોટું જજમેન્ટ આપતો હોય તો તેની કોઇ જવાબદારી બને કે ના બને? કારણ કે અત્યારે મોટાપાયે એક ઘટનાક્રમ ચાલી રહ્યો છે, હાઇકોર્ટે એક રૂલિંગ આપેલુ હતું કે કોઇ પણ પૂર્વ કલેકટર હોય, પૂર્વગામી કલેકટરના નિર્ણયનો સુઓમોટો નિર્ણય તત્કાલિન કલેકટરે કરવો હોય તો એ ત્રણ વર્ષની અંદર જ કરવો પડે. આ છટકબારીનો લાભ લઇને આજે પરિસ્થિતિ એવી ઊભી થઇ છે કે, ૭૩-AAનો જે કાયદો હતો, આદિવાસીઓની જમીનને રક્ષણ કરવા માટેનો તે કાયદો જ આજે આ નિર્ણયને કારણે વાસ્તવમાં ટકી શકે એવુ નથી. કારણ કે ખોટું ૩ વર્ષ પહેલાં થયું હોય, ૧૦ વર્ષ પહેલાં થયું હોય કે ૩૦ વર્ષ પહેલાં થયું હોય ખોટું એ ખોટું જ છે. તો પછી આ ત્રણ વર્ષનો સુઓમોટોનો જે કાયદો લાવ્યા છે એની છટકબારીના કારણે પણ આદિવાસીઓને વ્યાપક નુકસાન થઇ રહ્યું છે ત્યારે મારી સરકારશ્રીને વિનંતી છે કે આદિવાસીઓની જમીન સુરક્ષિત રહે, ૭૩-AA ના કાયદાની અમલવારી પણ પૂરેપૂરી થાય. કારણ કે ઘણા કિસ્સામાં એવું પણ બન્યું છે કે બે-બે કરોડ, ત્રણ-ત્રણ કરોડના દંડની એન્ટ્રી જમીનમાં પડી ગઇ છે પણ એ દંડની વસૂલાત કરવાની પણ કોઇ કાર્યવાહી થતી નથી અને જેના ઉપર દંડ કરવામાં આવેલ છે એની સામે પણ કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી અને તેના જ કારણે આદિવાસીને આવા કિસ્સામાં ન્યાય મળતો નથી. જે પ્રકારનો ભ્રષ્ટાચાર કલેકટર કચેરીઓમાં ચાલી રહ્યો છે, તાજેતરમાંજ દાહોદ જિલ્લામાં નકલી કલેકટર કચેરી પકડાઇ. નકલી કલેકટર કચેરીમાંથી રૂપિયા બે હજાર કરોડ જેટલી કિંમતની જમીનના એન.એ.ના ઓર્ડર થઇ ગયા તો પણ સરકારને ખબર જ ના પડી? આજની પરિસ્થિતિમાં તમે જુઓ કે આજે ગાંધીનગરના કલેકટર રૂ. ૨૦ હજાર કરોડના જમીન કૌભાંડમાં આજે પણ જેલમાં છે. સુરત જિલ્લા કલેકટરે જમીનની આજની વર્તમાન કિંમત રૂપિયા બે હજાર કરોડની છે અને તે જમીન કે જે શ્રી સરકાર બોલતી હતી તેમાં ૩૦ જેટલાં નામો ચડાવી દીધાં. સરકારે તુરંત કાર્યવાહી કરીને એ કલેકટરને તો સસ્પેન્ડ કરી દીધા પણ હજી એ જમીનનું શું થયું? એ મોટો પ્રશ્ન છે. સુરેન્દ્રનગર જિલ્લાના કલેકટર સામે આજે ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડમાં કાર્યવાહી થઇ છે. આ સરકાર ઉપર ફરિયાદીને વિશ્વાસ નહોતો એટલે ફરિયાદીએ ફરિયાદ કયાં કરી? સીધી દિલ્હી એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટમાં અને એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટમાંથી તપાસ આવી અને એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટે તો ત્યાં સુધી કહ્યું કે ૧૧ મહિનામાં આ કલેકટરે રૂપિયા ૯ કરોડ ૬૦ લાખની લાંચ લીધી છે અને એ રૂપિયા ૯ કરોડ ૬૦ લાખમાં ૫૦ ટકા હિસ્સો એ કલેકટરનો હતો, ૨૫ ટકા હિસ્સો ડેપ્યુટી કલેકટરનો હતો અને બાકીના ૨૫ ટકા બાકીના અધિકારીઓ વહેંચી લેતા હતા. હવે બાકીના કિસ્સામાં આમાં કલેકટર અને ડેપ્યુટી કલેકટરની હું વાત કરવા નથી માગતો, પણ સુરેન્દ્રનગરના જે નાયબ મામલતદાર હતા એના ઘરે ઇ.ડી.એ ૬૭ લાખ ૫૦ હજાર રૂપિયા રોકડા પકડયા તો પછી ડેપ્યુટી કલેકટર અને કલેકટર પાસે કેટલા પહોંચ્યા હશે એટલે આપ સમજી શકો છો કે કયા પ્રકારનો ભ્રષ્ટાચાર અત્યારે ચાલી રહ્યો છે? મારે આમાં બીજી વાત કહેવી છે, આજે કોઇપણ માણસ કલેકટર બને તો એ આઇ.એ.એસ. પાસ થયેલો હોય એ જ કલેકટર બની શકે અથવા તો પછી જી.એ.એસ. કેડરનો હોય અને પ્રમોટી તરીકે કલેકટર બની શકે. બીજો કોઇ માણસ તો કલેકટર બની શકતો જ નથી. હવે કલેકટરે હજારો કરોડનું કૌભાંડ શેના માટે કરવું પડે? કારણ કે કલેકટર તો બાય પ્રોટોકોલ એ નોકરીએ ચાલુ રહેશે ત્યાં સુધી એને સરકારી બંગલો મળવાનો છે, એને સરકારી ગાડી મળવાની છે, એને સરકારી એ.સી. ઓફિસમાં બેસવાનું છે એટલે એનું ભવિષ્ય તો સુનિશ્ચિત છે તો એણે હજારો કરોડનું કૌભાંડ શેના માટે કરવું પડે? તો મારો પ્રશ્ન સરકારને એ છે કે આવા જે કલેકટર હજાર કરોડ, બે હજાર કરોડનું કે દસ હજાર કરોડનું કૌભાંડ કરતા હોય એની પાછળ કોણ છે? કયા ભૂમાફિયાનું દબાણ છે? કયા કોર્પોરેટનું દબાણ છે? કઇ ઇન્ડસ્ટ્રીયલ લોબીનું દબાણ છે કે કયા રાજકીય માણસનું દબાણ છે એની તપાસ કેમ થતી નથી? એ તપાસ

પણ થવી જોઇએ. તમે લોકો માત્ર કલેકટરને સસ્પેન્ડ કરી લો, તમે કલેકટરની સામે કાર્યવાહી કરીને એને *(**xxx**) બનાવી દો છો તો આ તપાસ પણ થવી જોઇએ કે કોના દબાણ હેઠળ આ કામ કલેકટર કરી રહ્યો છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થયો છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વાત કૉંગ્રેસના નેતાએ જે કરી છે એક તો એમની પાસે કંઇ માહિતી અને પુરાવા હોય તો આપે? (અંતરાય) એમણે કહ્યું કે કોણ પાછળ છે કોણ નથી તો એ રેન્ડમ કહી રહ્યા છે. એમના કોઇ પુરાવા હોય તો કહે, આ વ્યકિત પાછળ છે, આની ઉપર તમે પગલાં લો. એવી કોઇ ભૂતકાળની માગણી પણ નથી અને હોય તો માહિતી આપવી જોઇએ. રેન્ડમ વાત ન કરવી જોઇએ, (અંતરાય) (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બેઠા બેઠા વાત નહીં કરી શકો. તમે જયારે કહેતા હતા ત્યારે બધાએ સાંભળ્યું છે. માનનીય આનંદભાઇ, માનનીય જીજ્ઞેશભાઇ, આપણે પણ સહનશકિત રાખવી જોઇએ. જયારે પણ માનનીય તુષારભાઇ એકતરફી બોલતા હતા ત્યારે ટ્રેઝરી બેંચમાંથી કોઇ બોલ્યા નથી તો હવે એ જયારે બોલી રહ્યા છે ત્યારે તમારે એમને સાંભળવા જોઇએ, તમે સાંભળો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, જો એમની પાસે માહિતી હોય તો આપે કે આ પાછળ છે અને આ નથી એવી રેન્ડમ વાત ના કરે અને બીજી વાત કે તમામ કલેકટરોને કહેવાની એમને આવશ્યકતા નથી. જેણે કર્યું છે એમની ઉપર પગલાં લેવાં જોઇએ. એ લોકો આક્ષેપ કરે છે કે, કેન્દ્રમાં ઇ.ડી. ભાજપના મંત્રીશ્રીઓ કહે છે એમ કામ કરે છે. ઇ.ડી. સ્વતંત્ર કામ કરે છે. એ એમણે સ્વીકાર્યું છે. જ્યારે બંને સરકાર હોય ત્યારે ઇચ્છાશકિતના આધાર પર આ પગલાં લેવાયાં છે એટલે હું તમારો આભાર માનું છું કે તમે સ્વીકારો છો કે એ સ્વતંત્ર કામ કરે છે. એમની પાસે માહિતી હોય તો આપવી જોઇએ અન્યથા એ રેકર્ડ પરથી દૂર કરવું જોઇએ.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તુષારભાઇ તો ખૂબ સિનિયર આગેવાન છે પણ ૭૩-એએનો જે પ્રશ્ન એમણે ઉપસ્થિત કર્યો....

અધ્યક્ષશ્રી : એ મંત્રીશ્રીએ જ્યારે જવાબ આપવાનો હોય ત્યારે તમે કહી શકશો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એમ માનું છું કે ૭૩-એએની જમીન શહેરમાં પણ કોઇ ધારણ કરતો હોય તો જ્યાં સુધી માલિકની સંમતિ ન હોય ત્યાં સુધી તબદીલ થતી નથી. કોઇ પણ બિલ્ડર પ્રયત્ન કરે તો પણ ૭૩-એએની જમીનને હાથ અડાડી શકાતો નથી. હું આ એટલા માટે કહું છું કે આજે પણ અમારો આદિવાસી બિલ્ડર બની શકતો નથી. બંધારણીય રીતે અમારી ખૂબ મોટી સિક્યોરિટી છે એટલે આવું બની જ નહિ શકે અને જો આવો રેકર્ડ હોય તો શ્રી તુષારભાઇએ એ આપવો જ પડશે કારણ કે, આદિવાસી સમાજમાં ખોટા મેસેજ જાય છે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એવા અનેક કિસ્સાઓ હું આપી શકું છું પણ આ ગૃહમાં મને કોઇના નામ જોગ વાત કરવી, જમીન જોગ વાત કરવી, સરવે નંબર જોગ વાત કરવી મને યોગ્ય નથી લાગતી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી કહે છે ત્યારે આપની પાસે હોય તો ભલે રેકર્ડ પર ન આપો, પણ તમે એમને લખીને આપજો તો પણ એ તપાસ કરાવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા નેતા જ્યારે ચર્ચા કરી રહ્યા હતા ત્યારે ઇ.ડી.ના નામ સાથે ક્યા જિલ્લાના કલેક્ટર સામે તપાસ થઇ એ આધારે બોલી રહ્યા હતા. મંત્રીશ્રી મારે આપને અને આપની સરકારને પૂછવું છે કે તમે એવી તે કેવી પરિસ્થિતિ પેદા કરી કે તમે તપાસ ના કરી માટે એ લોકો ઇ.ડી.માં ગયા. તમે અત્યારે એમ કહી રહ્યા છો કે ''જેની સામે તપાસ કરી એના નામ સાથે આપો.'' સરકાર આપની છે. આપની પાસે રેકર્ડ છે, આપના અધિકારીઓ પાસે રેકર્ડ છે. આ બાબતમાં કોણે ખોટું કર્યું છે એ તપાસ તમારે કરવાની છે. તમારી સરકારે કોઇ રિસ્પોન્સ ના આપ્યો અને ઇ.ડી.એ તપાસ કરી ત્યારે કલેક્ટર સસ્પેન્ડ થયા છે.

અધ્યક્ષશ્રી : આમાં જો કોઇ અસંસદીય બાબત હોય અથવા એવી કોઇ બાબત હોય કે જે રેકર્ડ પર ન હોય તેવી કોઇ બાબત હોય તો એને રેકર્ડ પરથી દૂર કરીએ છીએ.

શ્રી દેવાભાઇ પું. માલમ (કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬-૨૭ના પંચાયત વિભાગના અનુદાનોની માટેની માગણી ક્રમાંક-૭૦ પરની ચર્ચામાં ભાગ લેવા માટે આપ સૌનો હું આભારી છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું ગામડાંના વિકાસ સાથે સંકળાયેલી મહત્ત્વપૂર્ણ યોજનાઓ વિશે ભારપૂર્વક મંતવ્ય રજૂ કરવા ઊભો થયો છું. ગુજરાતની પાવન ધરતીનો આત્મા ગુજરાતનાં ગામડાઓમાં વસેલો છે. જો ગામ મજબૂત બનશે તો ગુજરાત મજબૂત બનશે અને ગુજરાત મજબૂત બનશે તો દેશ વધુ પ્રગતિના શિખરો આંબશે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું જે સપનું છે તે વિકસિત ભારત @ ૨૦૪૭ સાકાર થશે. આનવાર ૧૦ વર્ષમાં આ રાજ્યની ધરતીના કણ-કણમાં ગ્રામ વિકાસનો સૂર ગુંજશે. ગ્રામ પંચાયતો આપણા પંચાયતી રાજ પદ્ધતિનો પાયો છે.

* આ શબ્દ અસંસદીય હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય દેવાભાઇ, આપ સંપૂર્ણ ભાષણ વાંચીને નહિ કરી શકો. આપ એમાંથી રેફરન્સ ચોક્કસ લઇ શકશો, પરંતુ માગણીઓ પર પૂરેપૂરું ભાષણ વાંચીને કરો તે વાત યોગ્ય નથી.

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં અમારે ત્યાં એવું હતું કે ગ્રામ પંચાયતના અને શાળાના ઓરડાના નળિયા પણ ન હતા. અમારા ગામડામાં પરિસ્થિતિ ખરાબ હતી. અત્યારે જે પંચાયતો બની છે તે સારી અને સગવડયુક્ત બની છે. હાલની પંચાયત એકદમ સુપર છે. ભૂતકાળમાં ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ સડક યોજના કે પંચાયતને લગતી કોઇપણ સુવિધા ન હતી. અમારા ગામમાં કોઇ માણસ બીમાર પડે તો કાદવ અને ગારો ખૂંદીને દવાખાને જવું પડતું હતું. બુટ-ચપ્પલ ખૂંચી જતાં હતાં તેવી પરિસ્થતિ ભૂતકાળમાં હતી. આદરણીય કેશુભાઇ મુખ્યમંત્રી બન્યા પછી આપણી સરકાર આવ્યા બાદ ગોકુળિયા ગામ યોજના થકી પંચાયતોના સારા દિવસો આવ્યા છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, સફાઇ માત્ર એક વિષય નથી, એ સંસ્કાર છે અને માનવ ગૌરવ સાથે જોડાયેલું મૂલ્ય છે. આજે ગામોમાં સફાઇ સબંધિત સુવિધાઓ ઉપલબ્ધ છે પરંતુ તે એકરૂપ સ્વરૂપે ઓછાવત્તા પ્રમાણમાં વિખરાયેલા સ્વરૂપે છે. હાલમાં ગુજરાતમાં સ્વચ્છતાને લગતી ઘણી યોજનાઓ અને કાર્યક્રમો કાર્યરત છે પરંતુ હવે સમય છે કે આ તમામ પ્રયત્નોને એક જ દિશામાં સંકલિત કરીને વધુ અસરકારક બનાવવામાં આવે. મુખ્યમંત્રી નિર્મળ ગામ યોજના એ આ દિશામાં એક દ્રષ્ટિવંત પગલું છે. આ યોજના દ્વારા ગામડાંમાં ઘરેથી દરરોજ કચરો એકત્ર કરવાની વ્યવસ્થા મજબૂત બનશે. ઘન કચરાનું વિભાજન અને વૈજ્ઞાનિક રીતે પ્રોસેસ થશે. ગટર અને પ્રવાહી કચરાની યોગ્ય વ્યવસ્થા ઊભી થશે. સફાઇ માટે જરૂરી વાહનો અને સાધનો માત્ર ખરીદવામાં નહીં આવે પરંતુ તેમની જાળવણી માટે યોગ્ય ફંડની વ્યવસ્થા પણ કરવામાં આવશે. સાથે સાથે, ગ્રામ પંચાયત કક્ષાએ સફાઇ માટે માર્ક અને રેન્ક સિસ્ટમ ઊભી કરવામાં આવશે. જેથી ગામો વચ્ચે તંદુરસ્ત હરિફાઇ વિકસે. નાગરિકોની ભાગીદારીથી જાગૃતિ અભિયાન ચાલશે. કારણ કે સરકાર એકલી સફાઇ લાવી શકાતી નથી. જનભાગીદારી વગર આ કાર્ય અધૂરું છે. પ્રદર્શન આધારિત પ્રોત્સાહનથી ગામોને વધુ ઉત્સાહ મળશે. આ હેતુ માટે વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૬૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એ માત્ર ખર્ચ નથી એ સ્વસ્થ ગુજરાતમાં કરાયેલું મૂડીરોકાણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયત ઘર યોજનાની વાત કરું તો પંચાયત ઘર એ ગામના શાસનનું કેન્દ્રબિંદુ છે. ગામનું શાસન જ્યાંથી ચાલે છે, વિકાસનું આયોજન જ્યાંથી થાય છે અને નાગરિકોને જ્યાંથી સેવાઓ મળે છે. એટલે જ જો પંચાયત ઘર સશક્ત હશે તો ગામનું લોકતંત્ર પણ સશક્ત બનશે. આ પગલું માત્ર માળખાકીય વિકાસ પૂરતું નથી, એ ગામના પ્રશાસનને ગતિ આપવાનું સાધન છે. એક આધુનિક પંચાયત ઘરથી નાગરિકોને જરૂરી સુવિધા મળશે અને શાસન વધુ જવાબદાર બનશે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ રૂ.૪૦૬.૨૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ જોગવાઇ દ્વારા રાજ્યમાં બધા ગામે ગ્રામ પંચાયત ઘર બનાવી ગ્રામ્ય શાસનને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવાનો મજબૂત આધાર તૈયાર થશે. આ યોજનાઓ સફાઇ, સંસ્થાકીય મજબૂતી અને માળખાકીય સુવિધા ગામના સર્વાંગી વિકાસનો મજબૂત આધાર સ્તંભ છે. આ બજેટ પ્રસ્તાવો માત્ર આંકડાઓ નથી, એ ગામડાંનાં સપનાઓને સાકાર કરવાની દિશામાં એક દૃઢ સંકલ્પ છે. હું આ યોજનાઓને હાર્દિક સમર્થન આપું છું અને વિશ્વાસ વ્યક્ત કરું છું કે આ પ્રયત્નોથી ગુજરાતના ગામો સ્વચ્છ અને સંપૂર્ણ સુવિધાસભર બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ થકી પંચાયતી રાજ સંસ્થાઓમાં વ્યાપક કોમ્પ્યુટરાઇઝેશન કરેલ છે. આજે રાજ્યની તમામ ૧૪,૧૮૧ ગ્રામ પંચાયતો ઇ-કનેક્ટિવિટીથી જોડાયેલ છે. ગ્રામ્ય નાગરિકોને આધારકાર્ડ, જન્મ મરણ દાખલા, આવક અને જાતિ પ્રમાણપત્ર, ૭/૧૨, ૮-અ ઉતારા, ઇ-શ્રમ કાર્ડ, કરવેરા ચૂકવણી જેવી ૩૮૮ સેવાઓ ગ્રામ સ્તરે ઉપલબ્ધ છે. ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં ૫.૭૫ કરોડથી વધુ પ્રમાણપત્રો ઇ-ગ્રામ મારફતે જારી કરાયા છે. જે ગ્રામ્ય ડિજિટલ સશક્તિકરણનો જીવંત પુરાવો છે.ઇ-ગ્રામ સેન્ટર આજે એક આઇ.ટી. હબ અને કોમન સર્વિસ સેન્ટર તરીકે કાર્યરત છે. પી.પી.પી. મોડલ હેઠળ ગ્રામ કોમ્પ્યુટર સાહસિકો એટલે કે વી.સી.ઇ.ની નિમણૂક થકી ગ્રામ પંચાયતોને વધારાની આવક અને યુવાનોને સ્વરોજગારીની તક મળી છે. રાજ્યના ૩૪ જિલ્લા અને ૨૬૫ તાલુકા પંચાયતો જી-સ્વાન સાથે જોડાયેલ છે અને બાકી ગામોને પણ જોડવાનું આયોજન છે. આ યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.૧૬૦.૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૨૬-૨૭માટે પણ રૂ.૧૬૦.૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જે રાજ્ય સરકારની ડિજિટલ પ્રતિબદ્ધતા દર્શાવે છે. રાજ્ય સરકારે ગરીબ અને વંચિત વર્ગ સુધી સરકારની યોજનાઓનો લાભ સરળતાથી પહોંચે તે માટે ગરીબ કલ્યાણ મેળા જેવી અનોખી પહેલ હાથ ધરી છે. અત્યાર સુધી ૧૬૩૯ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાઇ ચૂક્યા છે. જેમાં ૧૯૧.૧૨ લાખ લાભાર્થીઓને રૂ.૪૧૩૦૦ કરોડથી વધુ રકમની સહાય આપવામાં આવી છે. સક્ષમ વહીવટ માટે જિલ્લા અને તાલુકા પંચાયતોના માળખાને મજબૂત બનાવવામાં આવી રહ્યું છે. જિલ્લા પંચાયતના નવા મકાન માટે રૂ.૫૨ કરોડ અને તાલુકા પંચાયત માટે રૂ.૫ કરોડની યુનિટ કોસ્ટ નક્કી થયેલ છે. દરેક પંચાયતના નવા મકાનમાં સ્ટાફ રૂમ, આરામગૃહ, રીપેરીંગ, આધુનિક રેકોર્ડ રૂમ અને સોલર રૂફટોપ જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે આ યોજનામાં રૂ.૧૨૭.૧૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પંચાયતી રાજ વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે ભારત સરકાર દ્વારા

નાણાપંચની ભલામણોના આધારે આપવામાં આવતી સહાય ગ્રામ્ય વિકાસ માટે જીવાદોરી સમાન છે. ૧૫મા નાણાપંચની ભલામણોનું અમલીકરણ વર્ષ ૨૦૨૦-૨૧થી.....

ઉપાધ્યક્ષશ્રી : માનનીય દેવાભાઇ તો પૂર્વ મંત્રી પણ રહી ચૂક્યા છે. માગણી પર મૌલિક વિચારો રજૂ કરો, એટલે ધીરે-ધીરે જોઇને બોલવાની હેબિટ છૂટી જશે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે (માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે મહેસૂલ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા પંચાયત વિભાગની માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એ માગણીમાં હું મારો સૂર પુરાવું છું અને તેના સમર્થનમાં મારી વાત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપે મૌલિકપણે પોતાના વિચારો વ્યક્ત કરવા માટેનો જે આગ્રહ કર્યો છે એ ખરેખર અભિનંદનીય છે અને એ વ્યક્તિગત સ્વરૂપમાં હું પોતે એક આનંદની લાગણી અનુભવું છું કે જે કોઇ વ્યક્તિ ગૃહમાં પ્રજાના પ્રશ્નોના સંદર્ભે બોલવા માટે ઊભા થાય છે એ પોતાના વિચારો વ્યક્તિગત અને મૌલિક સ્વરૂપમાં રજૂ કરી શકે. મહેસૂલ વિભાગ પર ચર્ચા કરવા માટે ઉપસ્થિત થયો છું ત્યારે મહેસૂલ એટલે રાજસ્વ.

ॐ ईशावास्यमिदँ सर्वं यत्किञ्च जगत्यां जगत्।
तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः कस्यस्विद्धनम्॥

એટલે કે કોઇના પણ ધનને લઇ લીધા વગર જે પ્રકારે સૌને આનંદ આપી શકાય અને એનો ઉપયોગ ઉપભોક્તા તરીકે કરી શકાય એ સંદર્ભમાં જે રાજસ્વ ઉત્પન્ન થાય છે, જે મહેસૂલ ઉત્પન્ન થાય છે એ પ્રજાને પાછું આપવું છે અને એ મહેસૂલી પદ્ધતિમાં સરળતા લાવવી છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ડિજિટલાઇઝેશનની વ્યવસ્થા ઊભી કરી છે. અગાઉ નાગરિકોને અનેક ધક્કા ખાવા પડતા હતા. અનેક કાગળો રજૂ કરવા પડતા હતા. દા.ત. કોઇપણ સામાન્ય ખેડૂતને પોતાની જમીનને બિનખેતીમાં પરિવર્તિત કરાવવી હોય તો એ કલેકટર કચેરીએ મોટું પોટલું ઉપાડીને કાગળીયા ભેગા કરીને જાય ત્યારે એનું કામ થતું હતું. એની જગ્યાએ સરળતા અને ડિજિટલાઇઝેશનના જમાનામાં દેશના યશસ્વી પ્રધાનમંત્રી પોતે જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારથી સમગ્ર ગુજરાતના મહેસૂલી ડેટાનો ડિજિટલાઇઝેશન કરવા માંડ્યા છે અને ત્યારથી ડિજિટલાઇઝેશન થવા લાગેલ છે. એ ડિજિટલાઇઝેશનમાં હું એક બાબત ખાસ કહેવા માગું છું કે iORA માં i ને નાનો કર્યો છે. નહીંતર ઘણાબધા લોકો એવું કહેતા હોય છે કે I is always capital, પરંતુ અહીંયા સેવાનો ભાવ જ્યારે જોડાય છે ત્યારે i ને સ્મોલ કર્યો છે. કેટલાક લોકો એટલા અરાજકતાવાદીઓ છે કે જે બહાર પોતે હાકોટા અને પડકારા પાડતા હોય છે અને પાડોશી દેશોમાં જે પ્રકારે અરાજકતાઓનું શાસન થઇ રહ્યું છે ત્યારે એમ કહેતા હોય છે કે આ પ્રકારે બોલી રહ્યા છે, તો હું મારી સ્વરપેટીએ બોલી રહ્યો છું. મારા સ્વના અવાજથી બોલી રહ્યો છે. જે હાકોટા પડકારા કરવાવાળા હતા એ ખાસ સાંભળે અને સમજે કે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે i ને સ્મોલ કર્યો છે. ઇન્ડેક્ષમાં પણ i સ્મોલ છે. iORA માં પણ i સ્મોલ છે નહીંતર i કેપિટલ કરી શકતા હતા. અભિમાન, અહંકારિતા લાવી શકતા હતા પરંતુ એમાં i ને સ્મોલ ગણાવ્યો છે અને એટલા માટે ગણાવ્યો છે કે ગુજરાતની જનતાની સેવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર બેઠી છે અને તે નાના નાના લોકોને ઉપયોગી થઇ શકે અને સેવાના ભાવથી લોકો આવે એટલે iORA માં i ને સ્મોલ કરી દીધો છે. કોઇ ખેડૂતને પોતાના કોઇ કાગળ જોઇતા હોય તો એ પોતે ડિજિટલ પ્લેટફોર્મ ઉપર જઇ પોતાના કાગળો લઇ શકે છે. પહેલાં એમણે સત્તર જાતના અલગ અલગ કાગળ ભેગા કરવા પડતા હતા. અલગ અલગ ઓફિસમાં જવું પડતું હતું. અત્યારે જે લોકો વાતો કરે છે એમને ધક્કા ખવડાવવામાં રસ પડતો હતો. પંચાયતમાં તલાટી મળે કે ના મળે એની જગ્યાએ ગુજરાત સરકારે બીજું એક Any RoR પ્લેટફોર્મ કર્યું છે એ Any RoR પ્લેટફોર્મ ઉપરથી વ્યક્તિ ઘેર બેઠાં બેઠાં પોતાની પ્રોપર્ટીનો કોઇપણ કાગળ જોઇતો હોય તો એ કાગળ લઇ શકે છે અને ડિજિટલ સિગ્નેચર સાથે સામાન્ય ફી ભરીને એ પોતે મેળવી શકે છે. વચ્ચે કેટલીક તકલીફો હતી એ તકલીફોને દૂર કરી, માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂત અને સામાન્ય વ્યક્તિને ઉપયોગી થઇ શકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કચ્છ જિલ્લામાંથી આવું છું. કચ્છ જિલ્લામાં કેટલાયે લોકો જે તે વખતે બહાર જતા રહ્યા હતા પરંતુ એની પોતાની પ્રોપર્ટી, એના પોતાના ખેતર, એના પોતાના મકાનો આ તમામ મિલકત પોતાના ગામમાં રહેતી હતી. એ પ્રોપર્ટી કોઇ લઇ જાય, એના ઉપર કોઇ કબજો કરી જાય એવા સમયે પણ એ મુંબઇ બેઠો હોય કે દુનિયાના કોઇપણ છેડે બેઠો હોય એના ગામડામાં જે ખેતર છે, એમાં કોનું નામ બોલે છે એ જાણી શકે છે. કેટલાક લોકો અત્યારે જે વાતો કરે છે કે જે લોકો પોતે આ ગૃહની બહાર જઇને હાકોટા પાડતા હોય છે, અરાજક તત્વો છે એના સાથીદારો ગામડામાં પ્રોપર્ટી ઉપર કબજો લઇ લેતા હતા. એના માલિકને ખબર પણ પડતી ન હતી. આદરણીયશ્રી મોદી સાહેબે એક નવો ચીલો બનાવ્યો. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે નવી વ્યવસ્થા ઊભી કરી ડિઝિટલાઇઝેશન કરીને અને આજે એનું રેકર્ડ એ જોઇ શકે છે. એમાં કોઇ વ્યક્તિને સંદેહ જાય કે મારા રેકર્ડમાં છેડછાડ થઇ છે, અતિક્રમણ કર્યું છે તો એના ઉપર ઓનલાઇન ફરિયાદ કરીને લેન્ડ ગ્રેબિંગનો કેસ કરી શકે છે. થોડી વાર પહેલાં બેઠાં બેઠાં સાંભળતો હતો, કેટલાક લોકો કેસના સંદર્ભમાં વાત કરતા હતા, કેટલાક લોકો કલેકટરના કેસની વાત કરતા હતા, કેટલાક લોકોએ એસ.એસ.આર.ડી.ની વાત કરી. એક સમય હતો કે સામાન્ય વ્યક્તિને પોતાના કેસના કાગળો કઇ સ્થિતિમાં છે એ જાણવામાં મુશ્કેલી પડતી હતી. આજના દિવસે કોઇપણ

વ્યક્તિ પોતાની પાસે મોબાઇલ હોય તો એમાં અને ન હોય તો પંચાયતની અંદર જઇ અને તલાટી પાસે પંચાયતમાં જોઇ શકે છે એ મુજબની વ્યવસ્થા માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કરી છે. આઇ.આર.સી.એમ.એસ. પ્લેટફોર્મ છે એમાં પણ 'i' સ્મોલ કર્યો છે. દરેક જગ્યાએ 'i' ને સ્મોલ કરી સેવાની ભાવનાથી ભારતીય જનતા પાર્ટીની આ સરકાર છે એ કાર્ય કરી રહી છે. બિનખેતી માટે પણ અનેક પ્રકારના કાગળોની જરૂર પડતી, અનેક પ્રકારના અભિપ્રાયોની જરૂર પડતી એ બિનખેતી માટે ઓનલાઇન અરજી થતી હોય છે. ૮૯ હોય, ૮૯(એ) હોય, ૬૫, કે ૬૫(ખ) હોય કોઇપણ પ્રકારે બહુહેતુક યોજનાઓના સંદર્ભે એ બિનખેતી મેળવી શકતા હોય છે. આમ, ખેડૂતોને કે સામાન્ય લોકોને કે સામાન્ય ઉદ્યોગકારોને તમામને સાથે લઇને મુખ્યમંત્રીશ્રીએ સુધારાઓ કરીને એમાં સરળતાથી લોકો ડિજિટલાઇઝેશનનો ઉપયોગ કરે એ પ્રકારની વ્યવસ્થા 'i' ને સ્મોલ કરી સરકાર કામગીરી કરી રહી છે. આજના દિવસની આ માગણીઓને હું સંપૂર્ણપણે સમર્થન આપું છું. ધન્યવાદ.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા (હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા, પંચાયત અને મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે ખાસ પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ ઉપર મારી વાત શરૂ કરું એ પહેલાં હું સને ૧૯૮૦ના દાયકાની વાત કરવા માગું છું. કારણ કે સને ૧૯૮૦ના દાયકામાં પંચાયતથી માંડીને પાર્લામેન્ટ સુધી કોંગ્રેસ પાર્ટી જ શાસનમાં હતી. (અંતરાય) હું ભારતીય જનતા પાર્ટીમાં હતો. સને ૧૯૮૦માં શ્રી અટલજી અને શ્રી અડવાણીજીના સમયમાં અમે એક નાના કાર્યકર્તા તરીકે જ્યારે ગામડામાં જતા એ વખતનું ગામડું અમે જોયું છે. શાળા હોય તો ઉપર છાપરું ન હોય, ચોમાસામાં પાણી પડતું હોય, ગામડામાં જવા માટે રસ્તો ન હોય, આદિવાસી વિસ્તારવાળાએ તો ભૂલી જવાનું કે શું સગવડ હતી. કોઇ સગવડ ન હતી. એ સમયમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ સતત મહેનત, સંઘર્ષ બધું કરીને પ્રજાના પ્રશ્નોને વાચા આપવાનું કામ કર્યું. એ પછી રાજ્યમાં એ વખતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા અને એમને થયું કે ગુજરાતને શું જોઇએ છે? પંચાયતમાં શું જોઇએ છે? એ પરિવર્તન આવ્યા પછી અત્યારનું ગુજરાત આપણે જોઇ રહ્યા છીએ. અત્યારનું ગુજરાત આખા દેશનું રોલ મોડલ બન્યું છે, ગ્રોથ એન્જિન બન્યું છે એના પાયામાં જો કોઇની મહેનત હોય તો આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની છે. એટલે આપણે એમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. આ રાજ્યમાં આપણે ઘણું બધું જોયું છે. ઘણા બધા અવરોધો પણ આવ્યા છે. એમ છતાં પણ મક્કમ ગતિએ કોઇના ઉપર આરોપ-પ્રત્યારોપ થયા હશે, થશે. અમારા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ હમણાં બોલતા હતા. મેં એમની થોડી વાત સાંભળી, આ દેશ અને રાજ્યમાં જી.એસ.ટી.ની આવક કોણે વધારી? આટલો બધો વિકાસ જેમાં સ્ટેટ હાઇવે, નેશનલ હાઇવે, સિંચાઇની યોજનાઓ, ગ્રામ પંચાયતના રૂ.૨૫-૨૫ લાખના નવા મકાનો બને છે તો આ બધું શેના લીધે બને છે? એમાં કોઇકનો તો રોલ છે. ફક્ત ઉદ્યોગપતિઓને ગાળો બોલવાથી અથવા ઉદ્યોગપતિ ખરાબ છે એમ કહેવાથી અને તમારે એમ કહેવું હોય તો તમે એમજ કહેજો. દુબઇમાં સારું એરપોર્ટ છે અથવા સિંગાપુરમાં એરપોર્ટ સારું છે. અમદાવાદનું એરપોર્ટ પણ અદ્યતન અને આંતરરાષ્ટ્રીય બને એ જોવાની જવાબદારી પણ આપણી છે. રિલાયન્સનું વનતારા જોવા માટે દેશ અને દુનિયાના લોકો આપણે ત્યાં આવે છે એની પણ આપણે નોંધ લેવી જોઇએ. એ બધું એમ ને એમ શક્ય નથી. ગુજરાત આવા વીર પુરુષોની ભૂમિ છે. આ રાજ્ય એવા વીર પુરુષો ઉત્પન્ન કરે છે એ દેશ અને દુનિયામાં પણ ડંકો વગાડે છે. આ વિકાસશીલ રાષ્ટ્ર છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા કે તરત જ એમણે ગ્રામ પંચાયતમાં ઝઘડો ના થાય એ માટે સમરસ યોજના દાખલ કરી. પંચાયત જો આપણે રચવી હોય તો ગ્રામ પંચાયતમાં સમરસ યોજના લાવીને એનો વિકાસ સારી રીતે થાય એવો સતત એમણે પ્રયત્ન કર્યો અને આજે એના ઘણાં સારા ફળ છે. સરકાર એના માટે જુદું અનુદાન પણ આપે છે. આવા સારા કાર્યોક્રમો કરે છે. વર્ષ ૨૦૧૪માં એમણે ગુજરાતનો વિકાસ જોયો એ પછી આ દેશની જનતાએ એમને દેશના પ્રધાનમંત્રી બનાવ્યા. જ્યારે એમને દિલ્હીની ગાદી પર બેસાડ્યા તો વર્ષ ૨૦૧૬માં એમને વિચાર આવ્યો કે મારે પ્રધાનમંત્રી આવાસ યોજના આખા દેશમાં દાખલ કરવી છે. દરેક રાજ્યમાં જરૂરિયાતમંદ લોકોને મારે મકાન આપવા છે, એમને પ્લોટ આપવા છે. ગ્રામ્ય સ્તરે મારે ઉત્થાન કરવું છે. કોઇપણ ગામ રસ્તાથી વંચિત ના રહે એ માટે પ્રધાનમંત્રી સડક યોજના, મુખ્યમંત્રી સડક યોજના, ગામોને ટચ કરવા હોય માનનીયશ્રી કનુભાઇ દેસાઇ સાહેબના રાજમાં અને અત્યારે માનનીય શ્રી ઋષિકેશ પટેલ સાહેબના રાજમાં સો ટકા ખેડૂતોને દિવસે વીજળી આપવી હોય અથવા આદિવાસી ક્ષેત્રવાળા ખેડૂતને વીજળી જોઇએ તો એમને પણ આપવી એવો મક્કમ નિર્ધાર કરીને ભારતીય જનતા પાર્ટીની સરકાર આગળ વધી છે અને એના જ કારણે આપણને ગુજરાતનો વિકાસ અત્યારે દેખાય છે. એટલા માટે બીજા રાજ્યવાળા પણ અહીં જોવા આવે છે. બીજા દેશના લોકો પણ આપણા દેશના વખાણ કરે છે. હમણાં થોડી વાત મેં ઇ.ડી.ની પણ સાંભળી. મને કહેતાં દુ:ખ થાય છે કે આપણા દેશના ઘણા રાજકારણીઓ અત્યારે ખાલી ઇ.ડી.ના નામથી ડરે છે અને આક્ષેપ કરે છે એ તમે જોયા હશે. આ ઇ.ડી. શું છે? હમણાં અહીં ઇ.ડી.નો ઉલ્લેખ કર્યો હતો. ઇ.ડી. પણ દેશનું છે. રાજ્ય પણ આ બધું કરી જ રહ્યું છે. ત્યાં તમારું ઇ.ડી. ખરાબ છે, અહીં ઇ.ડી. સારું છે એટલું કબૂલ કરો છો, એટલું સ્વીકારો છો એ પણ એક આનંદની વાત છે. એટલે તમે જે વાત કરો છો બોલવું છે કંઇ અને બીજી વાત કરવી છે, *(**xxx**) છે. (અંતરાય) માનનીય હેમંતભાઇ એ શક્ય નથી.

* આ શબ્દ અસંસદીય હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હેમંતભાઇ, આપ બેસો. તમે વચ્ચે બોલશો. એટલે એ જવાબ આપશે. તમે વચ્ચે બોલો નહીં.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય હેમંતભાઇ, તમારા નેતા ઇ.ડી.માં સપડાતા હોય એમાં અમે શું કરીએ? સારું કરો તો સારું થશે. જે સારું કરશે એનું સારું થશે. એ કુદરતી નિયમ છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, ઇ.ડી.માંથી નિર્દોષ છૂટી ગયા. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી વી.ડી.ઝાલા આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, એ છૂટી ગયા જે થયું એ. જે ખોટું કરે છે એ લોકોને તો ભારતીય જનતા પાર્ટીની હમણાં જ વાત કરી કે તમે હમણાં પૈસાનો આરોપ મૂક્યો. આ રાજ્યમાં આટલો બધો વિકાસ થયો છે એમાં આઇ.એ.એસ., જિલ્લા પંચાયતમાં ડી.ડી.ઓ. અને કલેક્ટરનો પણ ફાળો હશે. કોઇ એક વ્યક્તિ ખરાબ હોઇ શકે છે. આખું તંત્ર ખરાબ હોતું નથી. એટલે આખું તંત્ર સારું હોય અને સરકાર બધાની સલાહ લઇને જ ચાલતી હોય છે. આ ગુજરાત રાજય એ વડાપ્રધાન સાહેબના નેતૃત્વમાં આટલો બધો રોકેટ ગતિએ વિકાસ કર્યો છે જે તમે જુઓ છો અને તમારા રાજમાં તો અમે જોયુ છે અને સાંભળ્યું પણ છે. આપના જ પ્રધાનમંત્રીએ એ વખતે એમ કહેતા કે હું તો ગામડાંના વિકાસ માટે એક રૂપિયો મોકલું છું અને પંદર પૈસા જ નીચે જાય છે. એવુ સાંભળ્યું પણ છે અને લોકો પણ સ્વીકારે છે, હવે જો ૧૫ પૈસા જ જો વિકાસના ભાગમાં આવતા હોય તો પછી વિકાસ કયાંથી થાય? અને આ ૧૫ પૈસાના બદલે એક રૂપિયો મોકલો અને એક રૂપિયાનો પૂરેપૂરો વહીવટ થાય એટલે વડાપ્રધાન સાહેબ આ દેશમાં ડિજિટલ પેમેન્ટ લાવ્યા છે. ખાતામાં સીધા જ પૈસા જાય કોઇ વચેટિયો નહીં, વચ્ચેથી કોઇના પૈસા ખવાય નહીં. એવા ડિજિટલ પેમેન્ટ હોય અને તેમાં ખેડૂતોના હોય તો ૬ હજાર રૂપિયા સીધા ખેડૂતોના ખાતામાં જ પડી જાય. તેમાં કોઇ વચેટિયો આવે નહીં મકાન હોય તો મકાનમાં જે અરજદાર છે તેના ખાતામાં સીધા જ પૈસા જાય એટલો પારદર્શક વહીવટ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ પારદર્શક વહીવટનો નમૂનો બધાએ અને ખાસ કરીને વિપક્ષવાળાએ જો શીખવો હોય તો તેમને ગુજરાત મોડલ કઇ રીતે બન્યું, આટલું વિકસિત ગુજરાત કઇ રીતે બન્યું, અત્યારે વિકસિત ભારત કઇ રીતે બન્યું એ જોવું જોઇએ. મને ખબર છે કે તમારા રાજમાં તમે મનરેગા યોજના ચલાવતા હતા પછી નરેગા યોજના લાવ્યા એમાં કેટલો ભ્રષ્ટાચાર થતો કે તેમાં બારોબાર પૈસા ખવાઇ જાય. વડાપ્રધાન સાહેબ અત્યારે વિકસિત ભારતનું જી-રામજી લાવ્યા છે. રામ બોલતા પણ તમને તો તકલીફ છે તો જી-રામજી આ નવું કયાંથી લાવ્યા? એટલે એ મારફતે રૂપિયા ૧૫૦૦ કરોડ જેવી માતબર રકમ મૂકી છે અને આ યોજનામાં અત્યારે ૧૦૦ દિવસના બદલે ૧૨૫ દિવસની રોજગારી સરકારે નક્કી કરી છે. એટલે જે મજૂરી કરે તેને પારદર્શક રીતે એટલી એટલા પૈસા તેને મળે. એટલે આજની જે માગણીઓ છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી કિરીટકુમાર કે. પટેલ (ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની કર વસૂલાત અંગેની માગણી ક્રમાંક-૧૨ અને વીજળી શકિત પરિયોજનાની માગણી ક્રમાંક-૧૩ની કુલ મળીને ૪,૧૧૨ કરોડ ૬૦ લાખ રૂપિયાની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને સમર્થન આપવા હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય નાણામંત્રી, માનનીય નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ અને આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું કે, છેલ્લાં પાંચ પાંચ વર્ષથી કરવેરામાં કોઇપણ જાતના ફેરફાર કર્યા વગર પુરાંતવાળા બજેટ રજૂ કર્યા છે. આવા પુરાંતવાળા બજેટ રજૂ કરવા બદલ સમગ્ર ગુજરાતની પ્રજા વતી હું તેમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રી માનનીયશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા આ વિધાનસભાગૃહમાં સન ૨૦૨૬-૨૭નું જે ઐતિહાસિક ૪ લાખ ૮ હજાર કરોડનું અંદાજપત્ર રજૂ કર્યું છે તે અંતર્ગત રાજય સરકાર દ્વારા વીજક્ષેત્રમાં કરવામાં આવેલ સુવ્યવસ્થિત અને સતત પ્રયત્નોના પરિણામે જે આપણા રાજયની નોંધપાત્ર પ્રગતિ થઇ છે તેની વાત કરવા માગું છું. વીજળી એ માત્ર સુવિધા નથી પરંતુ આર્થિક વિકાસ અને સામાજિક વિકાસનું એક ચાલક બળ છે. આ દિશામાં માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ અને માનનીય નાણામંત્રી કનુભાઇએ સુદૃઢ આયોજન સાથે કાર્ય કરીને વીજક્ષેત્રને વધુ સશકત બનાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે વિકાસના માર્ગે સતત પ્રગતિ હાંસલ કરી છે. તેમાં વીજક્ષેત્રનો મજબૂત ફાળો રહેલો છે. જયારે આજથી વીસ વર્ષ પહેલાં ગુજરાત વિદ્યુત બોર્ડ અસ્તિત્વમાં હતું ત્યારે તે વખતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇએ ગુજરાત વિદ્યુત બોર્ડનું વિભાજન કરીને તેમાં વહીવટી સુધારણા માટે વીજ વિતરણની ચાર કંપનીઓ ઊભી કરીઅને વીજ ઉત્પાદનની પણ અલગ કંપની ઊભી કરી, જેટકો પણ અલગ કંપની તરીકે અસ્તિત્વમાં આવ્યું. આખા વિદ્યુત ક્ષેત્રને કોર્પોરેટ કલ્ચર આપ્યું અને કોર્પોરેટ ટચ આપ્યો અને એના દ્વારા, એના મારફતે અત્યારે આપણે જોઇ રહ્યા છીએ કે છેલ્લાં ૨૦ વર્ષ દરમિયાન વીજ ક્ષેત્રમાં ઘણા બધા સુધારા થયા છે અને એનો લાભ સમગ્ર પ્રજાને અને દરેક ક્ષેત્રને મળી રહ્યો છે. આ વીજ ક્ષેત્રના જે સુધારા થયા છે એ અંતર્ગત રાજયના ગ્રામ્ય વિસ્તારથી લઇને શહેરી વિસ્તારો સુધી વિશ્વસનીય

ગુણવત્તાયુકત વીજ પુરવઠો ઉપલબ્ધ થવાને કારણે કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રને પણ ગતિ મળી છે. રાજય સરકારની જે ચાર વીજ વિતરણ કંપનીઓ છે એ ચાર વીજ વિતરણ કંપનીની સુંદર કામગીરીને લઈને કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા એ ચારેય કંપનીઓને A+ શ્રેણીનું મૂલ્યાંકન મળ્યું છે એ આપણા તંત્રની કાર્યક્ષમતા બતાવે છે. એમાં પણ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને સમગ્ર ભારત વર્ષમાં રાજય સરકાર સંચાલિત વીજ કંપનીઓમાં સૌથી શ્રેષ્ઠ કંપનીનું સ્થાન પ્રાપ્ત થયું છે એ આપણા સૌ માટે ગૌરવની વાત છે. રાજય સરકાર દ્વારા શહેરી અને ગ્રામીણ બન્ને વિસ્તારોમાં સ્થિર અને વિશ્વસનીય વીજ પુરવઠો મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે. વીજ વિતરણ વ્યવસ્થાના સુધારાથી સામાન્ય ગ્રાહકને વધુ સારી સેવા પ્રાપ્ત થઈ રહી છે. રાજયના ઔદ્યોગિક વિકાસમાં પણ વીજ ક્ષેત્રમાં કરવામાં આવેલ સુદૃઢ વ્યવસ્થા મહત્ત્વપૂર્ણ સાબિત થઈ છે. નવા ઉદ્યોગોને સરળતાથી વીજ જોડાણો મળી રહે, ઉત્પાદન પ્રક્રિયામાં વિક્ષેપ ન આવે અને વિશ્વસનીય વીજ પુરવઠો ઉપલબ્ધ થાય તે માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું છે તેના પરિણામે રાજયના ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન મળ્યું છે અને રોજગારીના અવસરમાં વધારો થયો છે. રાજય સરકાર દરેક નાગરિકને ૨૪ કલાક સારી વીજળી મળી રહે એના માટે સતત પ્રયત્નશીલ છે. તે માટે એ વખતના આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇએ જયોતિગ્રામ યોજના થકી રાજયમાં ઘરવપરાશના વીજ ગ્રાહકો માટે ૨૪ કલાક વીજળી મળી રહે એવી યોજનાનો પ્રારંભ કરેલો, એ વખતે આપણે ત્યાં એવું કહેવાતું કે વાળુ વખતે વીજળી ના જાય તો સારૂં અને એ બધી મુશ્કેલીઓ એમણે અનુભવેલી અને એમના સુધારા થકી એમણે જયોતિગ્રામ યોજના શરૂ કરી અને આજે ગુજરાત રાજયના દરેક ગામોમાં આ યોજનાનો લાભ મળી રહ્યો છે. આ માટે વીજ વિતરણ વ્યવસ્થાનું આધુનિકરણ, ટ્રાન્સફોર્મરની ક્ષમતામાં વધારો, નવી વીજ લાઇનોનું નિર્માણ તથા જૂની વ્યવસ્થામાં સુધારણા જેવા કાર્યો આયોજનબદ્ધ રીતે અમલમાં મૂકવામાં આવે છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા આ દિશામાં નોંધપાત્ર કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજયના તમામ વીજગ્રાહકોને સતત અને વિશ્વસનીય વીજ પુરવઠો મળે તે માટે રાજય સરકાર તથા વીજ વિતરણ કંપનીઓ વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો અંતર્ગત સુવ્યવસ્થિત રીતે કામગીરી કરી રહી છે. આપણા ખેડૂતોને ફકત રાત્રી દરમિયાન જ વીજ પુરવઠો મળતો હતો અને એ વખતે એમની જે તકલીફો હતી કે શિયાળાની કડકડતી ઠંડીમાં પણ ખેતરમાં જઇને એમણે પાળી વાળવું પડતું હતું. એમાંથી છૂટકારો અપાવવા માટે રાજય સરકારે ખેડૂતોને સતત દિવસ દરમિયાન વીજપુરવઠો મળે એ માટે આયોજનબદ્ધ યોજનાઓ બનાવી અને સૌર ઊર્જા અને અન્ય ઊર્જાના માધ્યમો દ્વારા ખેડૂતોને આ કિસાન સૂર્યોદય યોજના મારફતે દિવસ દરમિયાન વીજ પુરવઠો મળી રહે એવું ઐતિહાસક કામ કરી બતાવ્યું છે. આ યોજના કૃષિક્ષેત્ર માટે માઇલસ્ટોન સમાન છે. ખેડૂતોને દિવસ દરમિયાન આયોજનબદ્ધ અને વિશ્વસનીય વીજ પુરવઠો ઉત્પન્ન થવાથી ખેતી કાર્ય વધુ સુગમ બન્યુ છે. રાત્રિના વીજ પુરવઠામાંથી મુકિત મળતા ખેડૂતોના આરામ અને સુરક્ષામાં વધારો થયો છે. આ યોજના હેઠળ ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ઉત્તર ગુજરાતના આશરે ૪૨૪૪ ગામો પૈકી લગભગ ૪૩૦૦ જેટલા ગામોને દિવસ દરમિયાન વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. મહેસાણા જિલ્લાના તમામ ગામોમાં દિવસે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. એવી જ ખેડૂતો માટેની એક સરદાર કૃષિ જ્યોતિ યોજના છે. જે અંતર્ગત કૃષિના ફીડરોના આધુનિકીકરણ અને સુધારાની કામગીરી કરવામાં આવે છે. જર્જરિત થયેલા વાયરો બદલીને કૃષિના ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું. ખેતીવાડી ફીડરોમાં ઘણી જગ્યાએ જૂના અને જર્જરિત વાયરોના કારણે પુરવઠામાં અવરોધ ઉત્પન્ન થતો. આ ઉપરાંત વૉલ્ટેજ સમસ્યા, લાઇન લૉસ જેવી પરિસ્થિતિ હતી એમાંથી બહાર નીકળવા આ સુધારા કરવામાં આવ્યા. તે જ રીતે ખેતીવાડી ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું. જેથી દરેક ખેડૂતને પૂરતા લોડથી વીજળી ઉપલબ્ધ થાય. આ યોજના અંતર્ગત કુલ ખર્ચમાંથી ૮૦ ટકા ખર્ચ રાજ્ય સરકાર દ્વારા અને બાકીનો ૨૦ ટકા ખર્ચ વીજ વિતરણ કંપનીઓ દ્વારા ઉઠાવવામાં આવ્યો. એ જ રીતે ડિસ્ટ્રિબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર શિફ્ટિંગ સ્કિમ એટલે કે શહેરી માર્ગો અને વિકાસમાં નડતરરૂપ વીજ થાંભલા અને વીજ લાઇનોના માળખાને શિફ્ટિંગ કરવા માટે સરકારે યોજના બનાવી છે. મહાનગરપાલિકા, નગરપાલિકા અને શહેરી વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તારના વિકાસના તથા નગર સુશોભનનાં કામોમાં રસ્તા અને ફૂટપાથ પહોળા કરવા માટે જ્યારે વીજ થાંભલા નડતરરૂપ થતા હતા ત્યારે એ થાંભલાઓને દૂર કરવા માટે રાજ્ય સરકારની યોજના દ્વારા સંબંધિત સમગ્ર માળખાનું સ્થળાંતર કરવામાં આવતું હતું.

(વિરામ ૪-૩૨થી ૫-૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ચિરાગકુમાર અ. પટેલ (ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા પંચાયત વિભાગની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં મારા વિચારો આ ગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માગણીઓ ઉપર ચર્ચા કરતી વખતે ખાસ કરીને દસ્તાવેજ નોંધણી અને સ્ટેમ્પ ડ્યૂટી ક્ષેત્રે થયેલ ક્રાંતિકારી ફેરફારોની વાત કરવી છે. ગુજરાત રાજ્યની સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં થતાં દસ્તાવેજ નોંધણીની કાર્યવાહી 'ગરવી' પોર્ટલ દ્વારા થાય છે. ગુજરાતમાં દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવાના ઉદ્દેશથી સરકાર કાર્ય કરી રહી છે. આ સુધારાઓ જાહેર સેવાઓમાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને સુલભતા સુનિશ્ચિત કરવા માટેનો સરકારની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. દસ્તાવેજ નોંધણી માટે ડેટા એન્ટ્રી પક્ષકારો દ્વારા કરવામાં આવે છે. જેનાથી હવે દસ્તાવેજની ડેટા એન્ટ્રીની ચોકસાઇમાં વધારો થયેલ છે. પહેલાં પક્ષકારો દ્વારા સબ રજિસ્ટ્રાર કચેરીની પસંદગી કરવામાં

આવતી હતી. જેના કારણે પક્ષકારો દ્વારા સબ રજિસ્ટ્રાર કચેરીની પસંદગી કરવામાં ભૂલ થવાના કારણે તેમની નોંધણી ફી અને સ્ટેમ્પ ડ્યૂટી રીફંડ લેવાના પ્રશ્નો ઉદભવતા હતા. આથી ગરવી 2.0 પોર્ટલમાં હાલ સિસ્ટમ દ્વારા સબ રજિસ્ટ્રાર કચેરીની પસંદગીના કારણે રીફંડનો એક પણ કિસ્સો બન્યો નથી. પક્ષકારો હાલ પોતાની અનુકૂળતા મુજબનો દસ્તાવેજ નોંધણીનો સમય પસંદ કરીને પોતાના દસ્તાવેજની નોંધણી કરી શકે છે. જેનાથી સબ રજિસ્ટ્રાર કચેરીની બિનજરૂરી મુલાકાતો લેવાની રહેતી નથી તેમજ સબ રજિસ્ટ્રાર કચેરીમાં આવ્યા બાદ લાંબી રાહ પણ જોવી પડતી નથી અને વચેટિયાઓનું રાજ હતું તેમાંથી પણ આપણી સરકાર દ્વારા મુક્તિ આપવામાં આવી છે. પહેલાં સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી માટે દસ્તાવેજની સાથે ફૉર્મ–૧ ઇનપુટ શીટ વીડિયો રેકોર્ડિંગના ફોર્મ તથા ભારતીય નોંધણી અધિનિયમ, ૧૯૦૮ની કલમ–૩૨(ક) મુજબનું શિડ્યુલ પક્ષકાર દ્વારા જાતે ભરી તે સબ રજિસ્ટ્રાર કચેરીમાં લઇને આવવું પડતું હતું. જે હવે પક્ષકાર દ્વારા કરેલ ડેટા એન્ટ્રીના આધારે થતું હોય, પક્ષકારના સમય અને નાણાંનો વ્યય થતો અટકેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ગુજરાત મૉડલ પ્રસ્થાપિત થઇને ઊભર્યું છે તેના તમામ પાસાંઓ જોઇએ તો ગુજરાતે આજે વિકાસની જે હરણફાળ ભરી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની વિઝનરી લીડરશિપ અને ખાસ કરીને મહેસૂલ વિભાગ તેનો પાયાનો સ્તંભ સાબિત થયેલો છે. આજે ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્ર, વ્યાપાર ઉદ્યોગ અને આર્થિક આવકના અન્ય જે પણ માધ્યમો ઊભાં કરવામાં આવ્યાં છે તેમાં સૌથી મહત્ત્વની અને પાયાની ભૂમિકા હોય તો તે વિઝનરી લીડરશિપ આપણા દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આભારી છે. એમના કરકમલથી જ આજે સમગ્ર દેશના ૧૪૦ કરોડ ભારતીયોએ, દરેક રાજ્યના લોકોએ ગુજરાત મૉડલને સ્વીકાર્યું છે. જે રીતે સમગ્ર દેશમાં રેવન્યુ જનરેટ થાય છે અને અર્થતંત્રને વેગ મળી રહ્યો છે તેમાં ગુજરાતનો મહત્તમ સિંહફાળો છે. સાથે હાલમાં દસ્તાવેજ માટે સરકારશ્રી દ્વારા 'નો પેન્ડિંગ પૉલિસી' અખત્યાર કરેલ છે. જેમાં સબ રજિસ્ટ્રાર સમક્ષ દસ્તાવેજ રજૂ કરવાના સમયે જ સબ રજિસ્ટ્રાર દ્વારા દસ્તાવેજની જરૂરી વિગતની ચકાસણી કરવામાં આવે છે. તેમજ તેમાં કોઇપણ પૂર્તતાની જરૂર હોય તો પક્ષકારોને તે અંગે વિગતવાર લેખિતમાં જાણ કરવામાં આવે છે. આથી સબરજિસ્ટ્રાર દ્વારા દસ્તાવેજનો સ્વીકાર કર્યા બાદ તે જ દિવસે દસ્તાવેજની નોંધણી કરી દિન–૧માં દસ્તાવેજ પક્ષકારોને સુપરત કરવામાં આવે છે. આ બહુ મોટી સિદ્ધિ મહેસૂલ વિભાગ દ્વારા ગુજરાતના લોકો માટે હાંસલ કરવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : ફ્રોડ પર તો ઘણો કન્ટ્રોલ થયો છે.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પક્ષકારને દસ્તાવેજમાં નોંધણી ફી અને સ્ટેમ્પ ડ્યૂટીની ચૂકવણી માટે સાઇબર ટ્રેઝરી ઉપરાંત એસ.બી.આઇ.ઇ.–પે વિકલ્પ પણ ઉપલબ્ધ કરેલ છે. જેનાથી પક્ષકાર યુ.પી.આઇ., ડિજિટલ વોલેટ, નેટ બેંકિંગ વગેરે જેવી સુવિધાઓથી સરળતાથી પેમેન્ટ કરી શકે. ઇન્ડેક્ષ–૨ની દસ્તાવેજોની નકલો અને ઇન્કમ સર્ટિફિકેટ મેળવવા માટે સબ રજિસ્ટ્રાર કચેરીની મુલાકાત લીધા સિવાય ઘેર બેઠાં કોઇપણ સમયે ઓનલાઇન તાત્કાલિક મળી રહે તે માટે સવલત કરેલ છે. જેનાથી પક્ષકારના સમય અને નાણાંની ખૂબ બચત થાય છે. રાજ્યની તમામ સબ રજિસ્ટ્રાર કચેરીઓ ખાતે નોંધણી થયેલ દસ્તાવેજોને સ્કેન કરીને ભૌતિક સ્વરૂપે રાખવામાં આવતી ફોટો નકલ પ્રથાને બંધ કરવામાં આવેલ છે. જેના કારણે ઉપયોગમાં આવતા છ કરોડ કરતાં પણ વધારે કાગળની વાર્ષિક બચત થયેલ છે. જેનાથી વાર્ષિક ૭૫૦૦ એટલે કે સાડા સાત હજારથી વધારે વૃક્ષને કપાતા અટકાવીને પર્યાવરણની જાળવણી કરવામાં પણ મહેસૂલ વિભાગનું ખૂબ મોટું યોગદાન છે. હાલમાં રાજ્યમાં કુલ ૧૦૦ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં સી.સી.ટી.વી. સિસ્ટમ કાર્યરત છે તથા ૧૭૪ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં સી.સી.ટી.વી. કેમેરા ઇન્સ્ટોલ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. આમ, હાલમાં કાર્યરત તમામ ૨૯૪ પૈકી ૨૯૨ સબ રજિસ્ટ્રાર કચેરીઓને સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સથી આવરી લેવામાં આવેલ છે. જેથી કચેરીમાં આવતા અનધિકૃત વ્યક્તિઓ જેમ કે, વચેટિયાઓને પ્રવેશતા રોકી શકીએ અને કચેરીમાં થતી ગેરરીતિઓને પણ અટકાવી શકાય. દસ્તાવેજોની ઇ–રજિસ્ટ્રેશનથી નોંધણી કરવામાં આવે તો ઇ–રજિસ્ટ્રેશન મોડ્યુલમાં ઇલેક્ટ્રોનિક સહી તથા બાયોમેટ્રિક થમ્બ અને ડિજિટલ ફોટો કેપ્ચર સોફ્ટવેર મોડ્યુલ દ્વારા દસ્તાવેજ તૈયાર કરી ઓનલાઇન જ રજૂ કરી શકાશે. પક્ષકારોએ સબ રજિસ્ટ્રાર કચેરીમાં ભૌતિક સ્વરૂપે હાજર રહેવાની જરૂર રહેશે નહીં તથા ઓળખ સ્થાપિત કરવા માટે સાક્ષીઓની પણ જરૂર રહેશે નહીં. દસ્તાવેજની નોંધણી થયા બાદ ઓનલાઇન જ પક્ષકારોને દસ્તાવેજ પ્રાપ્ત થશે. જેથી સબ રજિસ્ટ્રાર કચેરીમાં એમને જવાની જરૂરિયાત પણ નહીં રહે. વધુમાં, ગ્રીન હાઇડ્રોજન નીતિ જેવી ભવિષ્યલક્ષી નીતિઓ માટે જમીન ફાળવણીના જે નિર્ણયો ગુજરાત સરકાર દ્વારા અને મહેસૂલ વિભાગ દ્વારા લેવામાં આવ્યા છે તેના લીધે ગુજરાતને વૈશ્વિક રોકાણકારો માટે પસંદગી બનાવાશે. મહેસૂલ વિભાગ એ સરકારની કરોડરજ્જુ છે છે. ખરેખર આપણી ગુજરાત સરકારે જે રીતે વિકાસ કર્યો છે અને હરણફાળ ભરી છે એમાં મહેસૂલ વિભાગના લીધે જ આ શિખરો સર કરી શક્યા છીએ. જે રીતે આ વિભાગ ટૅકનૉલૉજીના માધ્યમથી લોકોના પ્રશ્નો ઉકેલ્યા છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીને અને મહેસૂલ મંત્રીશ્રી સંજયસિંહ મહિડા સાહેબને અભિનંદન પાઠવું છું અને સમર્થન આપું છું.

શ્રી હેમંતભાઇ હ. આહિર (જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી ઊર્જા, મહેસૂલ અને પંચાયત તથા ગ્રામ ગૃહ નિર્માણની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સભાગૃહમાં મારે એવા ખેડૂતોની વાત કરવી છે કે જે ખેડૂતોની સહમતિ લીધા વિના તેના ખેતરમાં સરકારી તંત્ર અને ખાનગી વીજ કંપનીઓ આડેધડ વીજ લાઇનો નાંખી રહી છે. હું એ વાત સાથે બિલકુલ સહમત છું કે ભવિષ્યમાં વીજળી માટે આપણે ત્યાં રિન્યુએબલ એનર્જી સિવાય બહુ ઓછા વિકલ્પો બચ્યા હશે. એટલે એના માટે થઇને પવનચક્કી અને સોલાર પણ એટલા જ જરૂરી છે. જે ખેડૂતો જમીનને પોતાની માતા ગણે છે એવા ખેડૂતોની સહમતિ વિના રિન્યુએબલ એનર્જીના નામે ખેડૂતો પાસેથી એમની જમીનો છીનવી લેવામાં આવે છે એ એકદમ ગેરવાજબી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ખૂબ લાંબો દરિયાકિનારો આવેલો છે જેના કારણે ત્યાં ખૂબ મોટા પ્રમાણમાં પવનચક્કીની કંપનીઓ આવી. આ પવનચક્કીની કંપનીઓએ જે વીજળી ઉત્પન્ન કરી હોય એ વીજળીને પરિવહન કરવા માટે થઇ ઇન્ડિયન ટેલિગ્રાફ એક્ટ–૧૮૮૫ના કાયદા મુજબ એટલે કે અંગ્રેજોએ વર્ષ ૧૮૮૫માં લાઇન નાંખવાનો કાયદો બનાવ્યો હતો એ કાયદાની આડમાં અત્યારે ત્યાં હેવી ટાવરોની લાઇનો નાંખે છે. એકબાજુ ખેડૂતોની જમીન ખૂબ ઓછી બચી છે અને એમાં પણ નિયમોનો *(**xxx**) કરીને આડેધડ લાઇનો નાંખવામાં આવે છે. વર્ષ ૧૮૮૫માં અંગ્રેજોએ કાયદો બનાવ્યો એમાં એક એવું પ્રાવધાન હતું કે લાઇનનો રૂટ નક્કી કરતાં પહેલાં સ્થાનિક સત્તા મંડળ એટલે કે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કે ગ્રામ પંચાયત સાથે પરામર્શ કરી, વીજલાઇનનો રૂટ એવો નક્કી કરવો કે બિન ઉપજાઉ જમીનમાં થઇ લાઇન પસાર થતી હોય પરંતુ ખેડૂતો જે જમીનમાં ખેતી કરે છે, જે ફળદ્રુપ જમીન છે એમાં કંપનીઓ પોતાના ફાયદા માટે થઇ, માત્ર પોતાનો રૂટ ટૂંકો કરવા અને કંપનીના અમુક કરોડ રૂપિયા બચાવવા માટે થઇ લાઇનનો રૂટ ટૂંકો કરે છે જેના કારણે મોટાભાગની લાઇનો ખેડૂતોના ખેતરોમાંથી પસાર થાય છે અને ઉપજાઉ જમીનનું દસ વર્ષ પહેલાંના જંત્રીના જે ભાવ હોય એ મુજબનું મામૂલી વળતર આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૩માં યુ.પી.એ.ની સરકાર અને માનનીય મનમોહનસિંહજીને આજે મારે યાદ કરવા છે કે એમણે ખેડૂતો માટે એવો કાયદો બનાવ્યો હતો કે ખેડૂતની સહમતિ વિના જમીન લઇ ના શકો. એ કાયદામાં એવી જોગવાઇ કરવામાં આવી હતી કે જો કોઇ જમીન લેવી ખૂબ જ જરૂરી હોય તો એની જમીનની કિંમત કરતાં અનેકગણું વળતર ખેડૂતોને આપવું જોઇએ પણ આપણી કમનસીબી કે વર્ષ ૨૦૧૪ બાદ આ કાયદામાં ક્યાંકને ક્યાંક છટકબારીઓ હતી એનો લાભ લઇને આ કાયદાને રફેદફે કરી નાખવામાં આવ્યો. હાલમાં ખેડૂત સહમત ના હોય તો પણ ઊર્જા કંપની દ્વારા ખેડૂતના ખેતરોમાં આડેધડ વીજ લાઇનો નાંખવામાં આવે છે. *(**xxx**) અમે ચૂંટાયેલા જનપ્રતિનિધિ હોવાથી અમારી પાસે ખેડૂતો અનેક સમસ્યા લઇને આવતા હોય છે. વર્ષ ૧૮૮૫નો ઇન્ડિયન ટેલિગ્રાફ એક્ટ જે અંગ્રેજોએ ભારતના ખેડૂતોનું દમન કરવા માટે બનાવ્યો હતો એ કાયદો આપણો દેશ આઝાદ થયો અને આજે ૭૮ વર્ષ પછી પણ આપણે બદલી શક્યા નથી. આની આડમાં એક ચૂંટાયેલા જનપ્રતિનિધિ હોવા છતાં અમારા હાથ બંધાયેલા રહે છે અને અમે આ કાયદાના...

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય હેમંતભાઇ વાત કરતા હતા કે ખેડૂતો વિરોધી કાયદો છે. આ ગૃહ અને આપણે બધા ગુજરાતની પ્રજા અને ગુજરાતના ખેડૂતો માટે બેઠા છીએ અને ગૃહે બનાવેલો કાયદો છે એટલે આમાં ખેડૂત વિરોધી કાયદો, દમન, જમીન છીનવી લીધી જેવા શબ્દો આ રીતે વાપરવા યોગ્ય નથી. આ શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાખવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હેમંતભાઇ, કોઇ ક્લેરિફિકેશનની જરૂર નથી. એમની વાત વાજબી છે. તમે આગળનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મેં સ્પષ્ટ રીતે એવું કહ્યું કે વર્ષ ૧૮૮૫માં જે ઇન્ડિયન ટેલિગ્રાફ એક્ટ બન્યો એ ખેડૂત વિરોધી કાયદો હતો અને આપણે ૭૮ વર્ષ પછી પણ આ કાયદામાં સુધારો કર્યો નથી હું આવું બોલ્યો છું અને એ રેકર્ડ ઉપર પણ છે. જે ખેડૂતોના ખેતરમાંથી લાઇન પસાર થતી હોય એમાં કલેકટરશ્રી આ કાયદાના અનુસંધાને એનો ન્યાય કરવા બેસે, ખેડૂતો મામલતદાર કચેરી, પ્રાંત કચેરી, કલેકટર કચેરી, એસ.પી.કચેરીએ ધક્કા ખાય અને ત્યાં તો ત્રણ ચાર દિવસમાં આવી વીજલાઇન બનાવતી કંપનીઓ ખેડૂતના ખેતરમાં એમણે જયાં મજા આવે ત્યાં થાંભલો ઊભો કરી દે છે અને પછી ખેડૂતને કોર્ટમાં ધક્કા ખાવા પડે છે. અત્યારે જે વળતર આપવાની વાત છે એ પણ માત્ર જે ચાર પાયા હોય એ પાયાની વચ્ચેની જમીન છે એની અંદરનું વળતર આપવાની વાત છે પરંતુ જે ખેતરમાં આવો થાંભલો આવે...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હેમંતભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પાંચ મિનિટનો સમય હતો. ચાર મિનિટ થઇ છે.

ઉપાધ્યક્ષશ્રી : પાંચ મિનિટ પૂરી થઇ ગઇ છે. ૧૭ કલાક ૧૪ મિનિટ અને ૩૦ સેકન્ડ થઇ ગઇ છે. ૧૦ સેકન્ડ વધી ગઇ.

ઉપાધ્યક્ષશ્રી : પોલિટિકલ ઓબ્ઝર્વેશન કરશો એટલે જવાબ આવશે. એના કરતાં સીધી માગણી ઉપર સ્પષ્ટ વાત કરી હોત તો જુદી વાત હતી. દિલ્હીમાં સને ૨૦૧૪ પછી ભારત સરકારે સેંકડો જૂના કાયદાઓ રદ કરી દીધા છે. એક પછી એક કાયદાઓ રદ કરતાં કરતાં વર્તમાન સાનુકૂળ સમયે બધા કાયદાઓ બદલાતા હોય છે.

---

* આ શબ્દ અસંસદીય હોઇ અહેવાલમાંથી રદ કરવામાં આવ્યો.

* આ શબ્દ આક્ષેપાત્મક હોઇ અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

શ્રી અનિકેત ગિ. ઠાકર (પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સની માગણી નં. ૧૨ અને ૧૩ ના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પુરોગામી વક્તા શ્રી કિરીટભાઇએ આજે સરસ વાત કરી. એમણે કહ્યું કે વીજળી એ માત્ર સુવિધા નથી. એકદમ સાચી વાત છે. આ દેશના વર્તમાન વડાપ્રધાન અને આપણા સૌના વૈશ્વિક નેતા શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ વીજળીની અંદર આત્મનિર્ભરતા દેખી છે. આ વીજળીમાં એમણે વિકાસ જોયો છે. એટલે જ એમ કહ્યું કે વીજળી એ માત્ર સુવિધા નહીં પરંતુ વિકાસનો પ્રાણ છે. વિકાસની ઊર્જા છે, વિકાસની ધમની છે. એટલે જ અત્યારે આપણે અવશ્ય કહી શકીએ કે આપણું ગુજરાત જે દિશામાં જઇ રહ્યું છે એ દિશામાં આપણે સૌથી વધારે અગ્રેસર છીએ. રાજ્યના સર્વાંગી વિકાસની આ પ્રેરક શક્તિ છે. આપણે જોઇએ કે કૃષિ ક્ષેત્ર હોય કે ઔદ્યોગિક ક્ષેત્ર કોય, કોઇ પણ ક્ષેત્રમાં આ વીજળીની એટલી જ જરૂરિયાત છે. શ્રી કિરીટભાઇએ અગાઉ વાત કરી કે આપણી ચાર વીજ કંપનીઓ ઉત્તર ગુજરાત વીજ કંપની, મધ્ય ગુજરાત વીજ કંપની, દક્ષિણ ગુજરાત વીજ કંપની અને પશ્ચિમ ગુજરાત વીજ કંપનીને મિનિસ્ટ્રી ઓફ પાવર દ્વારા A+ શ્રેણીથી મૂલ્યાંકન કરવામાં આવ્યું. આપણા સૌ માટે આ ગૌરવની વાત છે કે આખા દેશમાં જે ગુજરાત મોડેલની વાત કરતા હોઇએ. આપણા વડાપ્રધાન ગુજરાત મોડેલની વાત કરતા હોય ત્યારે આપણી આ કંપનીઓ A+ ગ્રેડમાં આખા દેશમાં સૌથી અગ્રીમ હરોળમાં આવે ત્યારે આપણી આ વીજ કંપનીનોની વીજ વ્યવસ્થા, વીજ વિતરણ અને ગુણવત્તા એનો આ ઉત્તમ દાખલો છે. આજના તબક્કે ઉત્તર ગુજરાત વીજ કંપનીને અસંખ્ય ધન્યવાદ આપવા ઘટે કે એણે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે એ વિકાસના દ્રષ્ટિકોણથી જોઇએ તો ખૂબ જ અગત્યની વાત છે. પરંતુ સાથોસાથ એની સંવેદનશીલતા પણ આપણે જોવી જોઇએ. હમણાં જ અમે તો વાવ-થરાદમાં જોયું છે એટલે આપની સમક્ષ વાત મૂકું છું. ૭ અને ૮ સપ્ટેમ્બર આ બંને તારીખોએ અમારા સરહદી વિસ્તારમાં જબરજસ્ત સાયક્લોન આવ્યું અને એના કારણે ૨૩૪૧ જેટલા થાંભલા અને ૭૧ જેટલા ફીડરો ક્ષતિગ્રસ્ત થઇ ગયા. ૩૭૭ ગામોમાં અંધારપટ છવાઇ ગયો. ધન્યવાદ આપવા પડે આ વીજ કંપનીના કર્મચારીઓને, એમના વહીવટકર્તાઓને કે એમણે માત્ર ૧૦૦ કલાકમાં ૩૭૭ ગામોમાં ફરીથી લાઇટ ચાલુ કરી દીધી. આ એમની સંવેદનશીલતા છે. આ એમનો માનવીય અભિગમ છે અને એટલે જ જ્યારે આપણે વિકસિત ગુજરાત ૨૦૪૭ની વાત કરતા હોઇએ ત્યારે આ વીજ કંપનીઓનું યોગદાન વિકાસની અંદર ભૂલી નહીં શકીએ. આગળ વાત કરી એમ કિસાન સૂર્યોદય યોજના, ખેડૂત શિયાળામાં કડકડતી ઠંડીમાં જ્યારે પાણી પાતો હોય એ પરિસ્થિતિનો અહેસાસ આ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કર્યો છે. આ વીજ કંપનીની સંવેદનશીલતા છે અને એટલા માટે ખેડૂતોના લાભમાં દિવસે વીજળી આવી એના કારણે ખેડૂતોની તંદુરસ્તીમાં અને એના કૃષિ ઉત્પાદનોમાં, એમના ભણતરમાં કેટલો મોટો ફાયદો આપણે જોઇ શકીએ છીએ. આ જ રીતે હું મારા વિસ્તાર બનાસકાંઠાની વાત કરું તો બનાસકાંઠા જિલ્લામાં ૮૧૮ ગામોમાંથી ૭૯૮ ગોમોમાં અને મારા વિસ્તારમાં ૯૪ ગામોમાં દિવસ દરમિયાન વીજ પુરવઠો ઉપલબ્ધ છે તે હું ગર્વ સાથે કહી શકું છું. એજ રીતે જોઇએ તો વનબંધુ કલ્યાણ યોજનામાં જૂના વાયર બદલવા, ખુલ્લા વાયરોને કોટેડ વાયરમાં રૂપાંતરિત કરવા, ફીડર વિભાજન કરવાનાં કામો પણ વનબંધુ યોજના હેઠળ અમારા જિલ્લામાં રૂ.૩૪૮ લાખના ખર્ચે અત્યારે ચાલુ છે અને તબક્કાવાર આની અંદર સુધારો થઇ રહ્યો છે. આ રીતે સરદાર કૃષિ જ્યોતિ યોજનામાં બનાસકાંઠા જિલ્લાની વાત કરીએ તો ૨૧૩ કૃષિ ફીડરો ઉપર ૧૪૭૫ કિલોમિટર જેટલા જર્જરિત વીજ વાયરની લાઇન બદલવામાં આવી અને અમાં અંદાજે રૂ.૧૦૪૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. મારા વિસ્તારમાં કુલ ૨૨ કૃષિ ફીડરો ઉપર ૧૪૦ કિલોમિટર જેટલા જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યાં એમાં અંદાજિત રૂ.૧૧૦ લાખ જેટલો ખર્ચ કરવામાં આવ્યો. આ જ રીતે જોઇએ તો આર.ડી.એસ.એસ. યોજનાનો મુખ્ય હેતુ વીજ વિતરણ ક્ષેત્રે વધુ કાર્યક્ષમ ટેકનોલોજી પર આધારિત આર્થિક રીતે મજબૂત બનાવવાનો હતો. આ યોજના અંતર્ગત ગ્રાહક સ્તરેથી લઇને ફીડર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર ડિસ્ટ્રિક્ટ સ્તર સુધી સ્માર્ટ મીટર અમલમાં મૂકવામાં આવ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં ૨,૫૧,૩૧૯ જેટલા સ્માર્ટ મીટર લગાડવામાં આવ્યા છે. પાલનપુરમાં ૬૧૦૯૧ જેટલા સ્માર્ટ મીટરની કામગીરી પૂર્ણ થઇ છે. ખાસ કરીને શહેરી વિસ્તાર માટેની યોજના રોબર્ટ અને સિસ્ટમ ઇમ્પ્રુવમેન્ટની વાત કરું તો રસ્તાઓ ઉપર થાંભલા હોય અને બાજુમાં ઝાડનું ડાળું પડે અને લાઇટમાં ક્ષતિ ઊભી થાય તેવા સમયમાં જે તકલીફ પડે છે, બહારના બ્રાહ્ય કારણોથી સર્જાતી ખામીઓમાં નોંધપાત્ર ઘટાડો કરવા માટે આ થાંભલા બદલવામાં આવે છે અને એની પુન:સ્થાપના કરવામાં આવે છે એની અંદર અત્યારે ખૂબજ ઝડપથી એ વસ્તુ શક્ય બની છે. એની સાથે અન્ડર ગ્રાઉન્ડ વીજ કેબલિંગ અત્યારે બધી જ જગ્યાએ ચાલુ છે એની વાત કરું તો ૧૧ કે.વી. લાઇનોનું મારા પાલનપુર શહેરમાં કાર્ય લગભગ પૂરું થઇ ચૂક્યું છે. અન્ડરગ્રાઉન્ડ વીજ કેબલિંગથી ઘણી બધી સમસ્યાઓ શહેરી વિસ્તારમાં દૂર થાય છે, એનાથી રોડ રસ્તા પહોળા થાય છે. ટ્રાફિકમાં એની અડચણ બંધ થાય છે આવી અનેક સમસ્યાઓનો અંત આ અન્ડરગ્રાઉન્ડ વીજ કેબલિંગથી થઇ રહ્યો છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કાર્ય સેન્ટ્રલાઇઝ કસ્ટમર કેર સેન્ટર સી.સી.સી.ની વાત હું અવશ્ય કરીશ. આ ફરિયાદ નિવારણ કેન્દ્ર ૨૪ કલાક ચાલુ રહે છે. સેન્ટ્રલ ટ્રોલ ફ્રી નંબર પણ છે, એમનો વોટ્સએપ નંબર પણ છે. ગ્રાહકો એમની ફરિયાદો સીધે સીધી કરી શકે છે અને ફરિયાદ નિવારણ માટેનું તરતને તરત અમલીકરણ થાય છે.

ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊર્જા, પેટ્રોલિયમ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને મહેસૂલ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૩૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે.

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, તેમને બે મિનિટ વધારે આપો અને અમારા સભ્યમાંથી બે મિનિટ નીકળી જાય તો અમને વાંધો નથી.

ઉપાધ્યક્ષશ્રી : બે મિનિટ વધારી આપવામાં આવે છે એટલે તેમને પાંચ મિનિટની સાત મિનિટ થશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની આ સરકાર અને આ સરકાર એટલે સુશાસન, પારદર્શક વહીવટ એના અનુસંધાનમાં મારે અભિનંદન આપવા કે કેમ તે પ્રશ્નાર્થ છે. એટલા માટે કહું છું કે, જયારે ઊર્જા વિભાગની વાત કરું ત્યારે રાજયના જે વીજ મથકો છે તે વીજ મથકોની વર્ષ –૨૦૦૧–૦૨માં ૪૫૧૩ મેગાવોટની ક્ષમતા હતી. જે વર્ષ ૨૦૨૪–૨૫માં ૬૬૭૦ મેગાવોટ થઇ છે એટલે ૨૧૫૭ મેગાવોટનો વર્ષ ૨૦૦૧થી ૨૦૨૪માં એટલે કે ૨૫ વર્ષમાં વધારો કર્યો છે. રાજયના જે માલિકીના આઇ.પી.પી.એસ. છે તેની અંદર પણ ૭૬૫ મેગાવોટનો વધારો કર્યો છે. ઓવર ઓલ ૨૫ વર્ષની અંદર ભારતીય જનતા પાર્ટીની આ સરકારે ૨૯૨૨ મેગાવોટનો વધારો કર્યો છે. એની સામે જે ખાનગી વીજ મથકો છે તેની વર્ષ ૨૦૦૧ની અંદર ૧૪૪૫ મેગાવોટની ક્ષમતા હતી અને વર્ષ ૨૦૨૪–૨૫માં તેની ક્ષમતા વધીને ૭૬૪૧ થઇ. એટલે ૬૨૦૧ મેગાવોટનો વધારો ખાનગી વીજ મથકોએ કરેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મિલિયન યુનિટની જો હું વાત કરું તો વર્ષ ૨૦૦૧–૦૨ની અંદર રાજય સરકારના જે વીજ મથકો હતા તેમાં ૨૨૯૨૦ મિલિયન યુનિટ વીજળી પેદા કરતા હતા અને વર્ષ ૨૦૨૪–૨૫ની સ્થિતિએ ૨૩,૦૦૧ મિલિયન યુનિટ વીજળી પેદા કરે છે. એટલે ૨૫ વર્ષની અંદર આ પારદર્શક સરકારે ફકત ૮૧ મિલિયન યુનિટનો જ વધારો કર્યો છે, આ તમારી સરકારનું ઉત્તમ ઉદાહરણ છે. એની સામે ખાનગી વીજ મથકો છે તેનું ઉત્પાદન વર્ષ ૨૦૦૧ની અંદર ૫૯૮૯ મિલિયન યુનિટ હતું તેની સામે વર્ષ ૨૦૨૪–૨૫માં ૬૮૭૬૬ મિલિયન યુનિટ કર્યું એટલે ૬૨૭૭૭ મિલિયન યુનિટનો ખાનગી યુનિટોએ વધારો કર્યો. એટલે એમ કહેવાય કે વીજળી ક્ષેત્રની અંદર ખાનગી વિકાસ મોડલ એ સ્પષ્ટપણે અત્યારે દેખાઇ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે વીજ વપરાશની વાત કરીએ તો ઘરગથ્થું વીજ વપરાશ માટે ૧૭૮૫૯ મિલિયન યુનિટનો ઉપયોગ થતો હોય છે. ખેતી માટે ૨૨૫૫૧ મિલિયન યુનિટ જોઇએ છીએ પણ ઔદ્યોગિક એકમો માટે ૭૬૦૩ મિલિયન યુનિટની સરકારને જરૂર છે. એટલે સરકાર પોતે જે વીજળી પેદા કરે છે ૨૩૦૧ એ ઘર વપરાશ પૂરતી વીજળી છે પણ સરકારે ખેતી અને ઉદ્યોગ માટેની વીજળી જે પેદા કરવી જોઇએ તે આ સરકાર આ ૨૫ વર્ષમાં પેદા કરી શકી નથી. એની પાસે તેનુ પોતાનું તંત્ર છે, તેના યુનિટો છે, તેના વીજ મથકો છે, છતાં પણ સરકાર આ કરી શકી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, થોડીક આંકડાકીય બાબતો ઉપર હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરીશ. મેં જેમ કહ્યું કે ખાનગી વિકાસ મોડલ અને હું એટલા માટે કહું છું વર્ષ ૨૦૨૧, ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૪, ૨૦૨૫ આ પાંચ વર્ષના આંકડા જો આપણે ગણીએ તો પાંચ વર્ષના આંકડામાં રૂ. ૩ લાખ ૩૧ હજાર ૭૬૦ કરોડ રૂપિયાની વીજળી આ રાજ્ય સરકારે ખાનગી ક્ષેત્રો પાસેથી ખરીદી છે અને એ ખાનગી ક્ષેત્રો એટલે ટાટા, અદાણી અને ટોરેન્ટ. આ યુનિટો પાસેથી સરકારે વીજળી ખરીદી છે. ઘરમાં ત્રણ દીકરા હોય તો બાપ દેવું ના કરે પણ દીકરા માટે કંઇક આપીને જાય, રાજ્ય સરકારે અદાણી હોય, ટાટા હોય કે ટોરેન્ટ હોય એ પોતાના *(**xxx**) અનુસંધાનમાં એ લોકો પાસેથી વીજળી ખરીદી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : સાહેબ આ દત્તક પુત્રો શબ્દો બરાબર નથી. બે મિનિટ વધારે આપી એટલે એવું નહી.. અંતરાય

ઉપાધ્યક્ષશ્રી : જે કંઇ અસંસદીય શબ્દો હશે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : વીજ યુનિટનો ડ્યૂટી દર છે એ ડ્યૂટી દર ઘર વપરાશમાં ગ્રામ્ય માટે ૭.૫ ટકા છે અને શહેરી વિસ્તાર માટે ૧૫ ટકા છે, આવો ભેદભાવ કેમ એ માનનીય મંત્રીશ્રી આપના જવાબમાં મને જણાવે? ખાસ કરીને પેટ્રોલિયમમાં કે.જી.બેઝીન માટે સરકાર દ્વારા ૧૩,૬૨૦ કરોડ રૂપિયા કરતાં પણ વધારાનો ખર્ચ કર્યો હતો પણ આજે કે.જી.બેઝીન પ્રોજેકટ જે જી.એસ.પી.સી. હેઠળ આવતો હતો એ સંપૂર્ણ પ્રોજેકટ સરકારે ૨૦ હજાર કરોડ રૂ. કરતાં પણ વધારાનું આંધણ કર્યા પછી આ પ્રોજેકટ ઓ.એન.જી.સી.ને સોંપી દીધો છે. એ અનુસંધાનમાં હજી યુદ્ધ ચાલુ થયું છે ત્યારે ગેસના બાટલાના ભાવમાં વધારો થઇ રહ્યો છે, આ સરકારની પારદર્શકતાનું સૌથી મોટામાં મોટું ઉદાહરણ છે. જે રીતની માગણીઓ લઇને સરકારશ્રી આવ્યા છે એમાં કોઇપણ સંજોગોમાં અમે ટેકો આપી શકતા નથી.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ (બાપુનગર) : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, આપે મને માગણી નં. ૭૮ અને ૭૯ ઉપર બોલવાની તક આપી એ બદલ આપનો આભાર વ્યકત કરું છું. આજ રોજ તા.૧૦ માર્ચ મહિલા સાવિત્રીબાઇ ફુલેની પુણ્યતિથી ઉપર એમને શ્રદ્ધાસુમન અર્પણ કરું છું. જેઓ પહેલા શિક્ષિકા હતા અને એમણે સમાજ સુધારણાનાં ખૂબ કામો

---

* આ શબ્દો આક્ષેપાત્મક હોઇ અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કર્યા હતાં. હું આજે મહેસૂલ વિભાગની માગણી ઉપર ચર્ચા કરતા ગુજરાતનાં ગામડામાં રહેતાં ખેડૂત, જમીન માલિક અને સામાન્ય નાગરિકના હિતના કેટલાક મુદ્દાઓ ઉપર ચર્ચા કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને જણાવવા માગું છું કે ભારતીય જનતા પાર્ટી અત્યારે પંચાયતથી પાર્લામેન્ટ સુધી શાસનમાં છે. ૫૬ વર્ષ સુધી કૉંગ્રેસે શાસન કર્યું અને અમારી સરકાર આદિવાસીઓના હક્ક માટે હંમેશા કટિબદ્ધ રહે છે. આદિવાસીઓના વારસાગત કે વડીલોપાર્જિત મિલકત માટે જ નહીં પરંતુ આદિવાસીઓની સ્વપાર્જિત મિલકત પણ પરવાનગી વિના તબદીલ થઇ શકતી નથી. ડૉ.તુષારભાઇ કહેતા હતા કે તબદીલ થાય છે, હું આપને જણાવી દઉં કે આપના કર્ણાટક રાજયમાં માત્ર સરકાર દ્વારા ગ્રાન્ટ થયેલી જમીન જ તબદીલ કરવામાં આવે છે અને વેચાતી લીધેલી જમીન ઉપર એ લાગુ પડતું નથી. વર્ષો સુધી કૉંગ્રેસ શાસનમાં રહી. આટલાં વર્ષોમાં કયાંય કોઇ આદિવાસીઓ માટે કામ કર્યું હોત તો આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આપણે જયાં બેઠા છીએ ત્યાં વિધાનસભામાં ૨૭માંથી ૨૩ આદિવાસી ભાઇઓ અહીં બેઠા છે અને એ જ બતાવે છે કે ભારતીય જનતા પાર્ટી આદિવાસીઓ માટે કેટલું કામ કરે છે. આપે જોયું હશે કે સિનિયર સભ્ય ડો. તુષારભાઇ જયારે વાત કરતા હતા કે નીચેથી લઇને ઉપર સુધી મામલતદાર, તલાટી, કલેકટર અને હાઇકોર્ટ. હાઇકોર્ટમાંથી સ્ટે એની વાત ખરેખર ડો.તુષારભાઇ અહીં કરી ના શકે પણ હાઇકોર્ટમાંથી સ્ટે માટે એમણે અહીં વાત કરી છે. આપને કહી દઉં કે કાયમ માટે ગરીબ અને વંચિતો માટે કામ કરનારી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. ભારતીય જનતા પાર્ટી કાયમ માટે છેવાડાના માણસોની ચિંતા કરનારી સરકાર છે. આપે જોયું હશે કે પહેલાં કોઇ નવી શરતની જમીન હોય અને કોઇ ખેડૂત કોઇને વેચી હોય તો એ નવી શરતની જમીનમાં કોઇ બીજો દસ્તાવેજ કરાવી લે એવા ઘણા બધા ઝગડા થતા હતા. કૉંગ્રેસના શાસનમાં લોકોને ૭/૧૨ના ઉતારા માટે પણ ધક્કા ખાવા પડતા હતા. આજે તમે ઇ-ધારામાં ઘરે બેઠા કોઇ પણ દસ્તાવેજ મેળવી શકો છો. આપે જોયું હશે કે સરકારી વિભાગમાં ગામડાઓના વિકાસ માટે ખેડૂતના જીવન સાથે જોડાયેલી જમીન અને ખેડૂતની સંપત્તિ માટે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં દરેક વસ્તુને કેવી રીતે ક્લિયર કરવા માટેનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરે છે. તા.૨૦/૪/૨૦૨૦ના રોજ સંસદમાં સ્વામિત્વનો કાયદો લાવીને આ વ્યવસ્થાને ડ્રોનથી જોડી લોકોના પ્રોપર્ટીના કાર્ડ આપ્યા છે અને ૧૮૦૦ ગામડાઓ સુરક્ષિત કર્યા છે. આ પ્રોપર્ટી કાર્ડમાંથી એ બેંકની લોન લઇ શકે છે. આવા ઘણા બધા કાયદાઓમાં સુધારા કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. હમણાં જ આ સદનમાં શ્રી શૈલેષભાઇ એવું કહેતા હતા કે ''તમારે વારેઘડીએ ઇમ્પેક્ટ ફી માટેનો કાયદો લાવવો પડે છે.'' પણ અમે અમારી જ વ્યવસ્થાને સુધારી કઇ રીતે સારું કામ કરી શકીએ એના પ્રયત્નો કરતા હોઇએ છીએ. અમે નોકીયાની જેમ કામ કરનારા નહિ પણ અમે 'એપલ'ની જેમ કામ કરનારા છીએ. દર છ મહિને પોતાને અપગ્રેડ કરનારી આ ભારતીય જનતા પાર્ટી છે. અમે સમય સાથે અમારી વ્યવસ્થામાં પરિવર્તન કરીએ છીએ. તમે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાને પૂછો કે તમારે શું જોઇએ? તો એ પરમ વૈભવની વાત કરશે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ભારત માતાને પરમ વૈભવ પર લઇ જવાનું કામ કરવા માટે કટિબદ્ધ હોય છે. આજે જે માગણીઓની વાત થાય છે એની પર તો કાપદરખાસ્ત હોવી જ ન જોઇએ. મહેસૂલ વિભાગ એક એવો વિભાગ છે કે જે આફતમાં પણ કામ કરે છે. જયારે 'બિપારજોય' વાવાઝોડું આવ્યું ત્યારે પણ આ સરકારે એને નેસ્તનાબૂદ કર્યું હતું. આ સરકારમાં દરેક કામ સારામાં સારી રીતે થઇ શકે છે. મહેસૂલ વિભાગમાં થયેલા સુધારા સકારાત્મક દિશામાં એક મોટું પગલું છે. હંમેશા માટે પ્રજાની વચ્ચે રહીને પ્રજાનું કામ કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર હંમેશાથી કરતી આવી છે. જમીન માલિકો માટે ૭/૧૨ના ઉતારા, દસ્તાવેજ સરળતાથી મળી રહે એ માટે, નામ ફેરફારની પ્રક્રિયા જેવા ઘણાં બધાં કામો માટે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સુધારા કરવામાં આવે છે. મહેસૂલ વિભાગનું સકારાત્મક પગલું એ છે કે જમીન વિવાદોનું ઝડપી નિરાકરણ, રેકર્ડ માટે સંપૂર્ણ ડિજિટલ વ્યવસ્થા સાથે ખેડૂતોને વધુ સરળ સેવા મળે તે માટે સુધારા કર્યા છે. આપણી રાજ્ય સરકાર આધુનિક સરવે અને માપણી પ્રણાલી વધુમાં વધુ ઝડપથી અમલમાં આવી શકે એના માટે સ્પષ્ટ નિશ્ચિત જમીન રેકર્ડ મળી રહે તેવા ગામડાઓમાં રહેતાં લોકો માટે સરકારી સેવાઓને સરળ અને માર્ગદર્શક બનાવી છે. અગાઉ કૉંગ્રેસની સરકારમાં જમીન સંબંધિત વિવાદો વર્ષો સુધી ચાલતા હતા, પરંતુ હવે ટેકનોલોજી અને નવી વ્યવસ્થા દ્વારા આવા વિવાદોને ઝડપથી ઉકેલવામાં આવી રહ્યા છે. ગામડાઓના વિકાસ માટે જમીન વ્યવસ્થા પારદર્શક અને જમીનના સ્પષ્ટ રેકર્ડ હોવાથી જમીનના કાર્યો ઝડપી થઇ શકે છે. આપણે કાયમ માટે દુ:ખ સાથે કહેવું પડે કે જ્યારે કૉંગ્રેસ વર્ષોથી આ વ્યવસ્થામાં હતી ત્યારે એમના કામની પદ્ધતિથી લોકો હેરાન થતા હતા. આજે કોઇ પણ રેકર્ડ હોય તો એ તમે ઘરે બેઠા મેળવી શકો છો. મેં હમણાં જ સ્વામિત્વના કાયદાની વાત કરી. એ કાયદા હેઠળ નાનો ખેડૂત પોતાની પ્રોપર્ટી બેંકમાં ગીરવે રાખી શકે છે. એનાથી એના દીકરાને ભણાવી શકે છે. આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો યોજના હેઠળ જન સેવા કેન્દ્રની ૨૭૧ જેટલી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આવકના દાખલાથી લઇને જાતિના પ્રમાણપત્ર માટેની સેવાઓ માટે હવે નાગરિકને કોઇ મુશ્કેલી પડતી નથી. સૌથી મહત્ત્વની બાબત એ છે કે ૧૮ જેટલી ગરીબલક્ષી સેવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાત મૉડલ પૂરું પાડ્યું છે. આપદા મિત્ર યોજના હેઠળ ૩૫૦૦થી વધુ યુવાનોને તાલીમ આપીને કુદરતી આફતો સામે લડવા માટેની જનભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વધુ ગ્રીન હાઇડ્રોજન અને સોલાર પાવર પૉલિસી અંતર્ગત જમીન ફાળવણીની નીતિમાં જે સુધારા કર્યા છે તેનાથી ગુજરાત ગ્લોબલ વૉર્મિંગ સામેની લડાઇમાં અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વિશ્વનું હબ બનવા જઇ રહ્યું છે. આ ગુજરાત એ ગુજરાત છે જે લોકોને રોજીરોટી આપીને કેવી રીતે આગળ વધવું તેના માટેની વ્યવસ્થા કરે છે. વન

નેશન વન ઇલેક્શન હોય કે દરેક બાબતમાં ભારતીય જનતા પાર્ટીએ ખૂબ વ્યવસ્થામાં રહીને કામ કર્યું છે. હું માગણી ક્રમાંક–૭૮ અને ૭૯ને મારું સમર્થન આપું છું.

શ્રી ધર્મેન્દ્રસિંહ ૨. વાઘેલા (વાઘોડિયા) : માનનીય અધ્યક્ષશ્રી, મને આપે જે બોલવાનો મોકો આપ્યો તે બદલ આપનો આભાર માનું છું અને માનનીય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ આ ગૃહ સમક્ષ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંક–૧૨ અને ૧૩ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબે કંડારેલા ગુજરાતના વિકાસ પથ પર માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર પૂરા આત્મવિશ્વાસ સાથે ગુજરાતને ઊંચાઇ પર લઇ જવા માટે અવિરતપણે કામ કરી રહી છે. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીના નેતૃત્વમાં પારદર્શક અને પ્રગતિશીલ નિર્ણયથી ગુજરાત રાજ્ય સામાજિક, આર્થિક તેમજ શિક્ષણ અને આરોગ્ય જેવા મહત્ત્વના ક્ષેત્રમાં મહત્તમ વિકાસ કરવા માટે સતત પ્રયત્નશીલ છે. ગુજરાત ઊર્જાવાન રાજ્ય છે ત્યારે ગુજરાતના સર્વાંગી વિકાસ માટે માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ ગૃહ સમક્ષ સન ૨૦૨૬–૨૭ના વર્ષનું ઐતિહાસિક બજેટ રજૂ કરીને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબના વિકસિત ભારત @ ૨૦૪૭ના વિઝનને સાકાર કરવાની દિશાના એક દ્રઢ પગલાં તરીકે ૩.૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું અંદાજપત્ર રજૂ કર્યું છે ત્યારે આ વિક્રમી બજેટ રજૂ કરવા બદલ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી તેમજ નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મને પૂરો વિશ્વાસ છે કે રાજ્યના નાગરિકોની સુખાકારી અને સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને તૈયાર થયેલા આ બજેટથી ગુજરાત આર્થિક અને સામાજિક વિકાસના નવા શિખરો સર કરશે તેમાં કોઇ બેમત નથી. રાજ્યમાં સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક જરૂરી માપદંડ છે. જેથી રાજ્યના લોકોને વીજળીની જરૂરિયાત પૂરી પાડવા માટે સરકારના ઊર્જા વિભાગ દ્વારા જરૂરી કદમ લેવામાં આવે છે. ઊર્જાવાન એવા ગુજરાત રાજ્યના નાગરિકોના જીવનમાંથી અંધારાં ઉલેચવા અને અજવાળાં પાથરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ઊર્જા વિભાગની વીજ પુરવઠાની માંગને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાંની વાત કરતાં મને આનંદ થાય છે કે, સન ૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે માનનીય નાણામંત્રીશ્રીએ ૩.૪,૮૪૨ કરોડની જોગવાઇ કરી છે. સરકાર દ્વારા ગત સમયમાં એટલે કે વર્ષ ૨૦૦૨ થી ૨૦૨૫ દરમિયાનમાં થયેલા નોંધપાત્ર અને ઐતિહાસિક વિકાસમાં વીજ ક્ષમતા વૃદ્ધિને મહત્ત્વપૂર્ણ યોગદાન આપેલું છે. રાજ્યમાં મહત્તમ વીજ માંગ વર્ષ ૨૦૦૨માં ૭.૭ ગીગાવોટ હતી. જે વર્ષ ૨૦૨૫ સુધીમાં વધીને ૨૬.૪ ગીગાવોટ થઇ છે.જે લગભગ ત્રણ ગણી વૃદ્ધિ દર્શાવે છે. આ ગુજરાત ઝડપી ઉદ્યોગ વિકાસ અને આર્થિક પ્રગતિનું પ્રતિબિંબ છે. વર્ષ ૨૦૦૨માં રાજ્યમાં સબસ્ટેશનની સંખ્યા ૭૩૬ હતી. જે વર્ષ ૨૦૨૫માં ત્રણ ગણા વધારા સાથે ૨૪૭૪ થઇ છે. આ ઉપરાંત ટ્રાન્સમિશન લાઇનો ૩૧ હજાર કિલોમીટરમાંથી વધીને ૭૯ હજાર કિલોમીટર થઇ છે. એમાં ડિસ્ટ્રિબ્યુશન લાઇનમાં એચ.ટી. પ્લસ એલ.ટી. ૩.૬૧ લાખ કિલોમીટરથી વધીને ૨.૨૫ ગણા વધારા સાથે ૮.૨૬ લાખ કિલોમીટર થઇ છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વીજળીને પહોંચી વળવા ટ્રાન્સફોર્મર સેન્ટરો ૨.૨૮ લાખમાંથી દસ ગણા વધારા સાથે ૨૧.૨૫ લાખ થયા છે. એ જ રીતે, ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિક કોર્પોરેશન લિમિટેડ ભારત ઇલેક્ટ્રિસિટી પાવર ઇન ઇન્ડિયા એવોર્ડ ૨૦૨૫માં બેસ્ટ જનરેશન કંપની ઓફ ધ યર સ્ટેટ જેટકોના પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. આ માટે હું ઊર્જા વિભાગને અભિનંદન પાઠવું છું અને વિભાગની કામગીરીને બિરદાવું છું. ગુજરાત રાજ્યના વિન્ડ ટર્બાઇન મેન્યુફેક્ચર એસોસિયેશન દ્વારા સૌથી વધુ પવન ક્ષમતા સ્થાપિત કરવા માટે વિન્ડ ઇન્ડિયા એવોર્ડ–૨૦૨૫ જેવા પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. તે માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. રાજ્યની ચારેય સરકારી વીજ વિતરણ કંપનીમાં યુ.જી.વી.સી.એલ., એમ.જી.વી.સી.એલ., ડી.જી.વી.સી.એલ. અને પી.જી.વી.સી.એલ.ની મિનિસ્ટ્રી ઓફ પાવર ભારત સરકાર નવી દિલ્હી દ્વારા A+ પ્લસ રેટીંગ સાથે દેશને શ્રેષ્ઠ ચાર કંપનીમાં સ્થાન આપવામાં આવ્યું છે. એનાથી હું આનંદની લાગણી અનુભવું છું. ઇતિહાસમાં સૂર્ય અને પ્રકૃતિ પૂજાનો ઇતિહાસ છે. આ પુરાતન ઇતિહાસમાં નૂતન ટેકનોલોજી સાથે જોડતા ગુજરાત આજે સમગ્ર દેશમાં ૭૨.૫ ગીગાવોટ સ્થાપિત રિન્યુએબલ એનર્જીની ક્ષમતા સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે તેમજ ૧૪.૮ ગીગાવોટ સ્થાપિત પવન ઊર્જા સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. ૨૫.૫ ગીગાવોટ સ્થાપિત સોલર ઊર્જાની ક્ષમતા સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. ઊર્જા વિભાગની કામગીરીનો હિસાબ છે. ગુજરાત રાજ્યના કચ્છમાં ખાવડા ખાતે ૩૭ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક બની રહ્યો છે. જેમાં હાલ ૧૧ ગીગાવોટ વધુ રિન્યુએબલ એનર્જી ઉત્પાદનની ક્ષમતા હાંસલ કરેલ છે. રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટની નોંધણીને લઇને પ્રોજેકટ કમિશનિંગ સુધીનું વન સ્ટોક સોલ્યુશન માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ પોર્ટલ અક્ષય ઊર્જા સેતુ પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે. જે ઉપભોક્તાઓને ખૂબ લાભકારક બની રહેલ છે. રાજ્યના ખેડૂતોને વિશ્વસનીય વીજ પુરવઠો, ઉદ્યોગોને સતત ઊર્જા અને સામાન્ય નાગરિકોને ગુણવત્તાયુક્ત સેવા ઉપલબ્ધ થાય તે માટે વીજ વિતરણ કંપનીઓ દ્વારા ૨૦૭૦૦ કિલોમીટરથી વધારે એમ.વી.સી.સી. કેબલ નાંખવામાં આવેલ છે. આ કેબલથી વીજ પુરવઠો લોકો સુધી પહોંચાડવાના સરાહનીય પ્રયત્નો થયા છે. ભારત સરકારના આર.ડી.એસ.એસ.યોજના મારફતે વીજ વિતરણ ક્ષેત્રમાં નુકસાન ઘટાડવાનું વિતરણ નેટવર્ક મજબૂત કરવા અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત સતત વીજ પુરવઠો ઉપલબ્ધ

કરાવવામાં આવે છે. આ યોજના હેઠળ રાજ્યમાં વીજ વિતરણ આંતરમાળખાના મજબૂતીકરણ અને આધુનિકીકરણ માટે ભારત સરકાર દ્વારા ૬૦ ટકા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે. જેનો મહત્તમ ઉપયોગ કરીને ડિસેમ્બર–૨૦૨૫ સુધીમાં રૂ.૩૭૮૪ કરોડનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫માં ત્રણ અત્યંત મહત્ત્વપૂર્ણ નવી નીતિઓ જાહેર થઈ છે જેમાં ગુજરાત ઈન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી–૨૦૨૫, ગુજરાત પંપ સ્ટોરેજ પ્રોજેક્ટ પી.એસ.પી. પોલિસી–૨૦૨૫ અને ગુજરાત ગ્રીન હાઇડ્રોજન પોલિસી–૨૦૨૫ જાહેર કરવામાં આવી છે. રાજ્યનો આ પોલિસી ડ્રિવન વિકાસ દર્શાવે છે કે કડકડતી ઠંડીમાં રાત્રે ખેડૂતોને પાણી વાળવામાં પડતી મુશ્કેલી અને જંગલના પશુ પ્રાણીઓના ભયની ચિંતા દૂર કરવા રાજ્ય સરકારે દિવસે વીજળી આપવા માટે કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ રાજ્યનાં ગામડાંના ૯૯ ટકા ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવે છે. પી.એમ. સૂર્યઘર મફત વીજળી યોજના હેઠળ ૫ લાખથી વધુ રૂફટોપ...

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી **<#Mi** /સંજયસિંહ વિ. મહિડા/**Mi #>** (રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક –૭૮ જિલ્લા વહીવટી તંત્ર અને માગણી ક્રમાંક–૭૯ કુદરતી આફતો સામે રાહતની બજેટ માંગણી સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરતા હું હર્ષની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ હેઠળ વર્ષ ૨૦૨૫–૨૬ની બજેટ જોગવાઇ રૂ. ૫ હજાર ૪૨૭ કરોડ છે. આ જોગવાઇ સામે આગામી વર્ષ ૨૦૨૬–૨૭માં રૂ.૧૨૪ કરોડનો વધારો કરી કુલ રૂ.૫૫૫૧ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. વિભાગ માટે યોગ્ય નાણાકીય જોગવાઇ સૂચવવા બદલ હું ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો રાજ્યના તમામ નાગરિકો વતી આભાર વ્યક્ત કરું છું. મહેસૂલ વિભાગની માગણી ઉપર જે માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો, સૂચનો કર્યાં, સમર્થન આપી પોતાના વિચારો વ્યક્ત કરી રાજ્ય સરકારની કામગીરીને બિરદાવી છે તેઓના રચનાત્મક સૂચનોને હું આવકારું છું તેમજ આ તબક્કે ચર્ચામાં ભાગ લેનાર સર્વે માનનીય સભ્યશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મહેસૂલ વિભાગની અગત્યની મહેસૂલી સેવાઓ અને મહત્ત્વની કામગીરીની વિગતો તમામ સભ્યશ્રીઓના ધ્યાને મૂકવા માગું છું. ખેડૂતોના વિકાસ તથા ઉદ્યોગોના વિકાસને એક જ પોર્ટલ ઉપર લાવવાનું કામ ઈન્ટિગ્રેટેડ ઓનલાઇન રેવન્યુ એપ્લિકેશન પોર્ટલ– iORA થકી સાર્થક બન્યું છે. ગુજરાત રાજ્યનો ખેડૂત iORA પોર્ટલ થકી પોતાનાં નાનાં મોટાં કામ જેવા કે ખેડૂત ખરાઇની અરજી, વારસાઇ નોંધ, હયાતીમાં હકક દાખલ વગેરે અરજીઓ પોર્ટલ પર ઓનલાઇન કરી શકે છે. ડિજિટલ સાઇન સાથેના તથા ક્યુ–આર કોડવાળા ગામ નમૂના નં. ૬, ૭/૧૨ તથા ૮–અ ની નકલો, ડિજિટલ સિલ્ડ પ્રોપર્ટીકાર્ડની નકલ, ડિજિટલ સહી કરેલ દસ્તાવેજની નકલ ગ્રામ પંચાયત ખાતેથી તથા ઘરે બેઠા ઓનલાઇન પણ મેળવી શકે છે. સભ્યશ્રી અનિરુદ્ધભાઇ દવે અને સભ્યશ્રી અનિકેતભાઇ ઠાકરે iORA પોર્ટલ વિષયમાં ખૂબ સારી ચર્ચા કરી છે ઝીણવટભર્યું સમજાવ્યું છે એ બદલ તેમને અભિનંદન પાઠવું છું. iORA પોર્ટલ થકી બિનેખતી માટે અરજી, પ્રિમીયમની નવી શરતની જમીનની અરજી, બોનાફાઇડ પરચેઝરની અરજી, પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે જમીન ખરીદવાની અરજી વગેરે સાથે કુલ ૩૯ સેવાઓ ઓનલાઇન કરવામાં આવેલ છે. iORA માટે નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭માં રૂ.૫ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આપણા લોકપ્રિય નેતા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના નેતૃત્વમાં સરકાર નાગરિકોના દ્વારે, આ સંકલ્પને સાકાર કરવા માટે આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો અભિગમની શરૂઆત કરી હતી. રાજ્ય સરકાર નાગરિકોની અરજીનો સમયમર્યાદામાં નિકાલ કરવા તથા વહીવટી તંત્રને વધુ અસરકારક લોકાભિમુખ અને પારદર્શી બનાવવાના ઉદ્દેશથી એ.ટી.વી.ટી. અંતર્ગત દરેક તાલુકામાં એકસમાન જનસેવા કેન્દ્રો ઊભા કરવામાં આવેલ છે. જાહેર જનતાને વિવિધ વિભાગોની સેવાઓ સરળતાથી એક જ જગ્યાએથી મળી રહે તે માટે ડિજિટલ ગુજરાત પોર્ટલની શરૂઆત કરવામાં આવી. સમગ્ર રાજ્યમાં પ્રજા દ્વારા ગુજરાત પોર્ટલ દ્વારા મળી રહેલ સેવાઓને ઉત્સાહપૂર્વક વધાવી લેતાં વ્યવસ્થાને ખૂબ જ સફળતા પ્રાપ્ત થઇ છે. આજ સુધી રાજ્યના તમામ જનસેવા કેન્દ્રો પરથી નાગરિકો દ્વારા કરવામાં આવેલ આશરે ૭.૯૮ કરોડથી વધુ અરજીઓનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. આપવામાં આવતી કુલ ૩૨૧ સેવાઓમાંથી ૫૦ સેવાઓનો વન ડે સર્વિસ મુજબ નાગરિકો દ્વારા કરવામાં આવેલ અરજીનો નિકાલ ફક્ત એક દિવસમાં કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં ૨ કરોડ ૯૦ લાખથી વધુ આવકના દાખલાની અરજીઓ, ૨ કરોડ ૧૪ લાખ ૧૭ હજારથી વધુ રેશનકાર્ડની વિવિધ સેવાઓ જેવી કે નામ ઉમેરવું, નામ કમી કરવું, નવું રેશનકાર્ડ બનાવવું વગેરે બાબતની અરજીઓમાં ૫૧ લાખથી વધુ નિકાલ કરેલ છે. નોન ક્રિમિલેયર પ્રમાણપત્રો કાઢવાની અરજીઓમાં ૫ લાખ ૭૩ હજારથી વધારેનો નિકાલ કરેલ છે. વિધવા સહાય પ્રમાણપત્ર મેળવવાની અરજીઓમાં ૬ લાખથી વધુ અરજીઓ અને સિનિયર સિટીઝન અને પ્રમાણપત્ર મેળવવા બાબતની અરજીઓનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં ૧ કરોડ ૯૯ લાખથી વધુ અન્ય પ્રકારની સેવાઓની અરજીઓનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. રાજ્યના તમામ તાલુકાઓમાં ઇ–ધરા કેન્દ્રો કાર્યરત છે. પ્રોજેક્ટ દ્વારા જમીનના પાયાના રેકર્ડ જેવા ૭/૧૨, ૮–અ અને ગામ નમુના નં.૬ હક્કપત્રકને સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝ કર્યા છે. એ.ટી.વી.ટી. અને ઇ–ધરા કેન્દ્રોની કામગીરી માટે સને ૨૦૨૬–૨૭ના વર્ષ માટે રૂપિયા ૧૩૬ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. મહેસૂલ વિભાગ દ્વારા

હાલમાં વિવિધ કલેકટર કચેરીઓ ખાતે કુલ ૪૯૮ મહેસૂલી કારકુનોની સીધી ભરતીથી નિમણૂક આપવામાં આવેલ છે તથા નાયબ મામલતદાર અને કારકુન અને મહેસૂલી તલાટી સંવર્ગની ૪૧૩૩ જગ્યાઓ ઉપર ભરતી સંબંધિત કાર્યવાહી ચાલુ છે. વિભાગની કાર્યવાહીમાં વેગ આપવા માટે વિવિધ સ્તરે નવી જગ્યાઓ ઊભી કરવાની સૂચિત જોગવાઇઓ કરવામાં આવેલ છે. મહેસૂલ વિભાગ તથા તેના હસ્તકની વિવિધ કચેરીઓ ખાતે વિવિધ સંવર્ગની નવી જગ્યાઓ મંજૂર કરવાની જોગવાઇ સૂચવેલ છે. જિલ્લા વહીવટને વધુ મજબૂત કરવા માટે અધિક કલેકટર, નાયબ કલેકટર, મામલતદાર અને નાયબ મામલતદારની નવી જગ્યાઓ ઊભી કરવાની જોગવાઇ સૂચવેલ છે. માપણી તેમજ જમીન દફતરને લગતી કામગીરી માટે લોકોને જિલ્લા કક્ષા સુધી આવવું ન પડે તે માટે તાલુકા કક્ષાએ જમીન દફતર નિરીક્ષક હસ્તક સિનિયર સર્વેયર અને સર્વેયરની નવી જગ્યાઓ ઊભી કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આપના માધ્યમથી આ ગૃહને જણાવવા માગું છું કે, મહેસૂલ વિભાગ હસ્તક કુલ ૧૫૪૬ નવી જગ્યાઓ ઊભી કરવા માટે વર્ષ ૨૦૨૬–૨૭માં રૂપિયા ૪૭ કરોડની જોગવાઇ સૂચવતું આ પગલું ક્રાંતિકારી અને દૂરોગામી અસર પહોંચાડનારું બની રહેશે તેમાં કોઇ બેમત નથી. સુરેન્દ્રનગર ખાતે નવી કલેકટર કચેરી માટે ભવન બનાવવાનું છે. ખેડા જિલ્લામાં મહુધા, મોરબી જિલ્લાના માળિયા અને ટંકારા, અમરેલી જિલ્લાના લાઠી, આણંદ જિલ્લાના ઉમરેઠ, સુરત શહેરના અઠવા ખાતે નવી મહેસૂલી કચેરીઓના બાંધકામ માટે, દશક્રોઇ, ઠાસરા અને પાટણ ખાતેના હયાત મહેસૂલી કચેરીઓના વિસ્તરણ માટે તથા ૫૧ તાલુકામાં ૫૬૦ મહેસૂલી સ્ટાફ ક્વાર્ટર્સ અને અન્ય પ્રગતિ હેઠળના બાંધકામ પ્રોજેક્ટ હેઠળ રૂપિયા ૫૪૫ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જમીન મહેસૂલના વહીવટમાં રોકાયેલ કર્મચારીઓને તાલીમ અને ક્ષમતા નિર્માણ માટે રૂપિયા ૪ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. વિવિધ આઇ.ટી. હાર્ડવેર અને સોફ્ટવેરની ખરીદી માટે રૂપિયા ૫૬ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. ગુજરાતના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે રાજ્ય સરકારના વિભાગ દ્વારા લોકકલ્યાણ પ્રોજેક્ટ કાર્યરત છે. આ પ્રોજેક્ટના સુચારું અમલીકરણ માટે જમીન એ પાયાની જરૂરિયાત છે. મને જણાવતા આનંદ થાય છે કે, મહેસૂલ વિભાગ દ્વારા ગુજરાત જમીન મહેસૂલ હેઠળ રાજ્યના વિકાસ માટે ઉમદા અભિગમ અપનાવી મોટાપાયે જમીન ફાળવણી કરવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન મહેસૂલ વિભાગ દ્વારા વિવિધ સરકારી વિભાગને ૧૦૭૭ હેકટરથી પણ વધુ હેકટર જમીન વર્ગફિર કરીને ફાળવવામાં આવી છે, જેની વિભાગવાર વિગતો મુખ્યત્વે આ પ્રમાણે છે. નાગરિકોને શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સુવિધાઓ મળી રહે એ માટે પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર વગેરે હેતુ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને ૮૬ હેકટર જેવી જમીન આપવામાં આવેલ છે. રાજ્યના ઇન્ફ્રાસ્ટ્રકચર અને કનેક્ટિવિટીને મજબૂત કરવા માટે માર્ગ અને મકાન વિભાગને ૧૦૧ હેકટર જેટલી જમીન, રાજ્યમાં રોજગારી, ઔદ્યોગિક વિકાસ અને પ્રવાસનના વિકાસ હેતુ માટે ઉદ્યોગ અને ખાણ વિભાગને ૭૯ હેકટર જમીન આપવામાં આવેલ છે. કૃષિ, ખેડૂત કલ્યાણ માટે સહકાર વિભાગને ૪૭ હેકટર જેટલી જમીન આપવામાં આવી છે. યુવા શક્તિના કૌશલ્ય વર્ધન માટે રમત ગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગને ૨૮ હેકટર જેટલી જમીન ફાળવવામાં આવી છે. આ સિવાય વિવિધ જનલક્ષી કાર્યો માટે કુલ ૭૧૮ હેકટર જેટલી જમીનો વર્ગફિર કરવામાં આવી છે. મને જણાવતાં આનંદ થાય છે કે, મહેસૂલ વિભાગે તાજેતરમાં નગરપાલિકા વિસ્તારમાં ૧૧ જેટલી આવશ્યક નાગરિક સુવિધાઓ ઊભી કરવા માટે ગુજરાત મહેસૂલી નિયમો હેઠળ નગરપાલિકાઓની સુવિધાઓ વિનામૂલ્યે મળે એ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને જમીન ફાળવવા તાજેતરમાં ફેબ્રુઆરી–૨૦૨૬માં નિર્ણય કરેલ છે. આ ઉપરાંત જી.આઇ.ડી.સી. માટે ૧૮૬૦ હેકટર જેટલી જમીન, વીજ વિતરણના હેતુ માટે જેટકોને ૮૭ હેકટર જેટલી જમીન, પાણી પુરવઠા માટે ૬૬ હેકટર જેટલી જમીન ફાળવવામાં આવી છે. અમારો ઉદ્દેશ સરકારી પ્રોજેક્ટમાં જમીન ના મળવાના કારણે કોઇપણ પ્રોજેક્ટમાં વિલંબ ના થાય તે સુનિશ્ચિત કરવાનો છે. મહેસૂલ વિભાગે ઇસરો સાથે મહત્ત્વપૂર્ણ એમ.ઓ.યુ. કર્યા છે. આ કરાર હેઠળ મહેસૂલ વિભાગને ૩૦ સે.મી. હાઇ રિઝોલ્યુશન સેટેલાઇટ ઇમેજ પ્રાપ્ત થાય છે, જેનો ઉપયોગ કરી સરકારી જમીનોનું સચોટ મોનિટરિંગ કરવામાં આવે છે. આ આધુનિક ટેકનોલોજીની મદદથી સરકારી જમીનો પર દબાણો અને શરતભંગના કિસ્સાઓ ઝડપથી શોધી શકાય છે. રાજ્યની કિંમત સરકારી જમીનો ઉપરના દબાણો દૂર કરવાની ઝૂંબેશના ભાગરૂપે તા.૧/૪/૨૦૨૫થી તા.૩૧/૧/૨૦૨૬ સુધીના સમયગાળામાં અંદાજે ૧૩૦૦ હેકટર જમીન પરથી કુલ ૯૦૦થી વધુ સરવે નંબરો ઉપર દબાણો દૂર કરેલ છે, જેની જંત્રી આધારે અંદાજિત કિંમત ૨૦૦૦ કરોડ રૂપિયા જેટલી થાય છે. આજે વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગે નિર્ણય કરતી વખતે ખેડૂત ખરાઇની ચકાસણીમાં ખેતીની જમીનના વેચાણ અંગે હક્કપત્રકમાં નોંધ દાખલ કરવા ૨૫ વર્ષ અગાઉનો રેકર્ડ ધ્યાને લેવાનો રહેશે, તે મુજબનો નીતિ વિષયક નિર્ણય લોકહિત માટે લેવાયેલ છે. રાજ્યની તમામ મહાનગરપાલિકાઓના શહેરી વિકાસ સત્તામંડળો તથા જામનગર, ભાવનગર અને જૂનાગઢ વિસ્તારના વિકાસ સત્તામંડળ સિવાયના રાજ્યના તમામ વિસ્તારના નવી અને અવિભાજ્ય શરત, પ્રતિબંધિત સત્તા પ્રકાર અથવા નિયંત્રિત સત્તા પ્રકારની તમામ જમીનો તા.૮/૪/૨૦૨૫ના ઠરાવની તારીખથી જૂની શરતની ગણવામાં આવેલ છે. એટલે કે આ વિસ્તારમાં પ્રિમિયમ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. મોટાભાગના મહેસૂલી કાયદા આઝાદીકાળ પહેલાંના જૂના અને આ ઉપરાંત શહેરીકરણ ઔદ્યોગિકરણની ડિજિટલ લેન્ડ રેકોર્ડનું કોમ્પ્યુટરરાઇઝેશન જેવા પરિબળોના કારણે હાલના કાયદાઓની સમીક્ષા કરીને તેમાં સુધારા કરવાની જરૂરિયાત ઊભી થયેલ છે. જે અન્વયે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ તેમજ તેના ઠરાવ, નિયમ વગેરેમાં સુધારા–વધારા કરી તેના સ્થાને નવો સંકલિત કાયદો, ઠરાવ બહાર પાડવાની કામગીરી માટે નિષ્ણાત અધિકારીઓની મીની કમિટીની રચના કરવામાં આવી.

ગુજરાત ગણોત વહીવટ અને ખેતી જમીન અધિનયમ ૧૯૪૮ તેમજ મહેસૂલ વિભાગના અન્ય તમામ કાયદાને તેને સંલગ્ન ઠરાવ નિયમો વગેરેમાં સુધારા વધારા કરીને તેના સ્થાને નવો સંકલિત કાયદો ઠરાવ બહાર પાડવાની કામગીરી માટે નિષ્ણાત અધિકારીઓની કમિટીની રચના કરવામાં આવી છે. ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન છે અને આ એન્જિનને ગતિ આપવા માટે આધુનિક ઇન્ફ્રાસ્ટ્રકચર અનિવાર્ય છે. કોઇ મોટા પ્રોજેકટની સફળતાનો પાયો તેના જમીન સંપાદનની ચોકસાઇ અને ઝડપ પર નિર્ભર હોય છે. અમે રાજયના મહત્ત્વકાંક્ષી પ્રોગ્રેસ માટે જમીન સંપાદનની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. ધોલેરા SIRને અમદાવાદ સાથે જોડતા આ અતિ મહત્ત્વના અમદાવાદ ધોલેરા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ હાઇવે પ્રોજેકટ માટે જમીન સંપાદન પૂર્ણ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભીમનાથ–ધોલેરા રેલવે લાઇન પ્રોજેકટ માટે તેમજ કેશોદ એરપોર્ટ માટે જરૂરી જમીન સંપાદન પૂર્ણ કરી દેવામાં આવ્યુ છે. વર્તમાન નાણાકીય વર્ષમાં પણ સરકારની કામગીરી અવિરત ચાલુ રહી છે. રાજયના વિવિધ જાહેર હેતુ પ્રોજેકટ માટે જમીન સંપાદન અધિનિયમ–૨૦૧૩ હેઠળ ૯૧૦ જેટલાં જાહેરનામાં પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. આ વ્યવસ્થિત આયોજનથી આગામી સમયમાં રાજયના નવા હાઇવે, રેલવે નેટવર્ક અને સિંચાઇ યોજનાઓ સાકાર થશે.

માનનીય અધ્યક્ષશ્રી, હાઉસિંગ સોસાયટી અને એસોસિયેશન દ્વારા અગાઉ એલોટમેન્ટ લેટર કે શેર સર્ટિફિકેટથી કરવામાં આવેલ મિલકતો તબદીલીઓ માટે ખાસ નિર્ણય કરી આવી મિલકતો પર ખૂટતી સ્ટેમ્પ ડ્યૂટી વસૂલવાપાત્ર રકમમાં ૮૦ ટકાનો માતબર ઘટાડો કરી પ્રજાલક્ષી યોજના અમલમાં મૂકવામાં આવી. રાજયની ૨૯૪માંથી ૨૯૨ સબ રજિસ્ટ્રાર કચેરીઓને હવે સી.સી.ટી.વી.કેમેરા નેટવર્ક હેઠળ આવરી લેવામાં આવી છે જેનાથી વહીવટી પારદર્શકતા વધશે.

માનનીય અધ્યક્ષશ્રી, આધુનિક સોફટવેરને અને હાર્ડવેરને કારણે દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા વધુ સરળ અને વેગવંતી બનશે. વર્ષ ૨૦૨૬–૨૭માં ૫ સબ રજિસ્ટ્રાર કચેરીઓને મોડેલ કચેરીઓ બનાવવા માટે ૩.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સ્ટેમ્પ અને નોંધણી તંત્ર માટે કુલ–૧૫૦ કરોડની જોગવાઇ તથા રાજયના તાલુકા અને જિલ્લા પંચાયતોને સ્ટેમ્પ ડ્યૂટી વળતર અનુદાન માટે રૂપિયા ૭૦૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આજે મહેસૂલ વિભાગ હસ્તકની દીનદયાળ મોજણી અને મહેસૂલી વહીવટની સંસ્થાના રાજયના મહેસૂલી અધિકારો માટે તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે, આ સંસ્થાને તાજેતરમાં કેન્દ્ર દ્વારા સેન્ટર ઓફ એકસેલન્સનો દરજ્જો અપાયેલો છે અને રાજસ્થાન, દિલ્હી વગેરે રાજયોના કર્મચારીઓને પણ તાલીમ માટે આ સંસ્થાનો લાભ આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ હસ્તકની દીનદયાળ મોજણી અને મહેસૂલી વહીવટી સંસ્થાના આધુનિકરણ માટે નાણાકીય વર્ષ–૨૦૨૬–૨૭માં ૨.૭૮ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. સમગ્રપણે જમીન દફતર ખાતા માટે ૨૪૩ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આજે મહેસૂલ વિભાગ દ્વારા કુદરતી આપત્તિઓ જેવી કે પૂર, અછત, વાવાઝોડું, વીજળી પડવી વગેરેમાં અસરગ્રસ્ત વ્યકિતઓને માનવ મૃત્યુ અને માનવ ઇજા સહાય, પશુ મૃત્યુ સહાય, મકાન ઝૂંપડા સહાય, ઘરવખરી સહાય, બચાવ કામગીરી અને નાના સીમાંત ખેડૂતોને પાક નુકસાની માટે સહાય ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજયમાં સરેરાશ ૧૨૮.૫૭ ટકા વરસાદ નોંધાયેલો છે. ચોમાસા દરમિયાન ઉદભવેલ કુદરતી આફતોથી અસરગ્રસ્ત નાગરિકોને ઘરવખરી સહાય પેટે કુલ રૂપિયા ૧૨.૭૮ કરોડ, પશુ મૃત્યુ સહાય પેટે કુલ રૂપિયા ૫.૩૫ કરોડ, રોકડ સહાય પેટે કુલ રૂપિયા ૧૪.૫૯ કરોડ, માનવ મૃત્યુ અને ઇજા સહાય પેટે કુલ રૂપિયા ૪.૧૧ કરોડ ચૂકવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગત ચોમાસા દરમિયાન અસરગ્રસ્ત જિલ્લાઓની પરિસ્થિતિનો તાગ મેળવવા અને રાહત બચાવકાર્ય બાબતે માર્ગદર્શન આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ દ્વારા સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે જિલ્લા કલેકટરશ્રીઓ સાથે સતત સંપર્ક કરવામાં આવેલ હતો. નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫માં રાજયભરના ખેતી પાકોને થયેલ નુકસાન સબબ મુખ્યમંત્રીશ્રીએ સંવેદનશીલતા દાખવીને ગણતરીના દિવસોમાં પ્રભારી મંત્રીશ્રીઓ મારફતે છેવાડાના ખેડૂતોના પાકને થયેલ નુકસાનીની પ્રાથમિક માહિતી મેળવી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ અને માનનીય કૃષિમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબે સૂચનાઓ આપી અને ઐતિહાસિક એવું રૂપિયા દસ હજાર કરોડનું માતબર પેકેજ જાહેર કરી આ સરકાર ખેડૂતોની વહારે ઊભી રહેલ છે. આ રકમ પૈકી એસ.ડી.આર.એફ. મુજબ રૂ. ૬,૮૧૦ કરોડની સહાય માટે કાર્યવાહી મહેસૂલ વિભાગ દ્વારા કરેલ છે. જી.એસ.ડી.એમ.એ. ને રાજયમાં તથા સમગ્ર દેશમાં આપત્તિ વ્યવસ્થાપનની બાબતમાં એક અગ્રેસર સંસ્થા તરીકેનું સ્થાન આપવામાં આવેલ છે. એસ.ડીઆર.એફ. હેઠળ રૂ.૧,૮૫૫ કરોડનું ફંડ સુદ્દઢ આયોજન દ્વારા કુદરતી આફતો સામે ટકી શકે તેવા ડિઝાસ્ટર પ્રતિરોધકના નિર્માણ માટે સરકાર એસ.ડી.એમ.એફ. ફંડ હેઠળ વિશેષ પ્રોજેકટ હાથ ધરશે. જેનાથી ભવિષ્યમાં આફતો સામે જાનમાલનું નુકસાન ન્યૂનતમ કરી શકાશે. તમામ ગામડાંઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટ કીટ આપવાનું આયોજન કરેલ છે. આપત્તિ પ્રતિરોધક વીજ માળખા થકી ભાવનગર, જૂનાગઢ, જામનગર જિલ્લા ખાતે ઓવરહેડ વીજલાઇનોને હટાવીને તેને અન્ડરગ્રાઉન્ડ કેબલિંગ કરવામાં આવેલ છે. મહેસૂલ વિભાગની તમામ કામગીરી ધ્યાને લેતાં જણાય છે કે વિભાગ નાગિરોકના હિત જાળવવામાં તેમજ લોકોની સુખાકારી વધારવામાં સફળ રહ્યું છે. અમારી સરકારે મહેસૂલી સેવાઓ ઘરે બેઠાં ઓનલાઇન મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી છે. મિલકત સંબંધી લેવડ દેવડના દસ્તાવેજની નોંધણી કોમ્પ્યુટરાઇઝ કરવામાં આવી છે તેમજ પારદર્શીતા જાળવવાના હેતુથી તમામ રેકર્ડ અદ્યતન અને ડિજિટલાઇઝેશન કરવામાં આવ્યા છે ત્યારે મહેસૂલ

વિભાગની આ પ્રજાલક્ષી કામગીરીને બિરદાવીને માનનીય વિપક્ષના સભ્યશ્રીઓ અને મિત્રોએ ઉપસ્થિત કરેલ કાપ દરખાસ્તો પાછી ખેંચવા અને આ સન્માનનીય ગૃહમાં તમામ સભ્યોને મહેસૂલ વિભાગની વર્ષ ૨૦૨૬-૨૭ની અંદાજપત્રની માગણીઓ મંજૂર કરવા હું અનુરોધ કરું છું. ભારત માતા કી જય. જય જય ગરવી ગુજરાત.

શ્રી <#Mi /ઋષિકેશ ગ. પટેલ/Mi #> (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની વર્ષ ૨૦૨૬-૨૭ના અનુદાનો માટેની માગણી ક્રમાંકઃ ૧૨, ૧૩ અને ૭૦ લઈને ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. જેમાં માનનીય સભ્યશ્રી દેવાભાઇ માલમ, શ્રી અનિરુદ્ધભાઇ દવે, શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા, શ્રી કિરીટભાઇ, શ્રી ચિરાગભાઇ, શ્રી અનિકેતભાઇ, શ્રી દિનેશભાઇ કુશવાહા, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ડૉ. તુષારભાઇ, શ્રી હેમંતભાઇ અને માનનીય શૈલેષભાઇ પરમાર આ બધા જ મિત્રોએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. "તમસો મા જ્યોતિર્ગમય". અંધકારથી વીજળી તરફ. સન ૨૦૦૧થી ૨૦૨૫નો આ સમયગાળો પ્રકાશની ગતિ તરફનો હતો. સન ૨૦૦૧ પહેલાં જે પરિસ્થિતિ રાજયની હતી જેમાં ગામડાઓમાં વીજળી ના હોય તો ચાલે, ખેતીની વીજળી ના હોય તો ચાલે, આવી એક માનસિકતા ભૂતકાળમાં બની ગઇ હતી કે એ તો ચાલે. ખેડૂતોને વીજળી સમયસર વ્યવસ્થિત પહોંચી, ના પહોંચી, કવોલિટીવાળી પહોંચી કે નહીં, વોલ્ટેજ ડ્રોપ થયા, વધી ગયા, મોટર બળી ગઇ, આ એક હેબીટ થઇ ગઇ હતી. લોકોને પણ અને સરકારને પણ. એવી એક માનસિકતા બની હતી કે આ તો હવે ટેવ પડી છે એટલે આમાં તો કંઇ બહુ ના કરીએ તો પણ ચાલે. રાત્રે ગામડામાં વીજળી ના હોય આ એક માન્યતા બની અને એને બિલકુલ સ્વીકારી લીધેલું કે ગામડામાં વીજળી જ ના હોય. આપણે શહેરમાં જ વીજળી આપો, જયાં નાના મોટા ઉદ્યોગો હોય ત્યાં વીજળી આપો. આ એક માનસિકતાની ઘરેડમાંથી સન ૨૦૦૧માં એકવીસમી સદીનું ભારત દેશનું પ્રભાત આ ગુજરાતથી શરૂ થયું. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અહીંયા મુખ્યમંત્રી બન્યા પછી સતત સવારે ૬થી રાત્રિના ૧૨ વાગ્યા સુધી ગુજરાત, ગુજરાત, અને ગુજરાત વિશે જ વિચારે. ઊર્જા વિભાગ હોય, આરોગ્ય વિભાગ હોય, શિક્ષણ વિભાગ હોય, ખેતી હોય કે કોઇપણ વિભાગ હોય કેવળ અને કેવળ ગુજરાત સિવાય એમણે વિચાર ના કર્યો. એમણે મનમાં નક્કી કર્યું કે ગુજરાતને એક એવા સ્ટેજે મારે મૂકવું છે કે જેનો દાખલો દેશ નહીં પરંતુ દુનિયા લે. એમાં પણ ઊર્જા ક્ષેત્રે જે ક્રાંતિ થઇ છે, એવી અદભુત ક્રાંતિ છેલ્લાં ૨૫ વર્ષમાં અને આજે જયારે હું સન ૨૦૨૬-૨૭ના અનુદાનની માગણી લઇને આવ્યો છું ત્યારે એમાં ડ્રાસ્ટિક ચેન્જ એટલે કે મૂળભૂત ફેરફાર દેખાશે. પર્યાવરણની ચિંતા બીજા દેશો પણ કરે છે. ત્યાં સમિતિઓ રચાય, કોન્ફરન્સ થાય, ચર્ચાઓ થાય. આ બધું દુનિયામાં ચાલતું હતું પણ એનો ઉકેલ આપવાનું કામ ગુજરાતે કર્યું છે અને તે પણ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. આજે આંબો વાવીએ તો પાંચ-સાત વર્ષ પછી આપણી બીજી પેઢીને એટલે કે નાનાં બાળકો મોટાં થાય ત્યારે એના ફળ ખાય. માનનીય નરેન્દ્રભાઇએ શોર્ટ ટર્મ પૉલિસી ક્યારેય નથી વિચારી. એમણે ઊર્જા ક્ષેત્રમાં જે ભગીરથ પ્રયાસો કર્યા એના ફળ આજે મળી રહ્યા છે. આજે આપણે ૨૪ કલાક વીજળીની વાત કરીએ છીએ. ખેતીવાડીના ફીડરો વિભાજન કરવાની વાત કરી શકીએ છીએ. હાઇ વૉલ્ટેજ લાઇનો આપી, જ્યાં એનો કૂવો હોય ત્યાં જ ટ્રાન્સફોર્મર મૂકવાની વાત કરી શકીએ છીએ. ખેતીવાડીની લાઇનો અલગ, રહેણાંકની લાઇનો અલગ હોય છે. કોઇએ આવી કલ્પના પણ નહોતી કરી. એક જ લાઇન પર ખેતીની પણ લાઇટ લે, મકાનની પણ લાઇટ લે, ઉદ્યોગો પણ એ જ લાઇન ઉપર લાઇટ લે તો શું દશા થાય? આખા દેશમાં પહેલી વખતે જે ક્રાંતિના બીજ વવાયા એ ગુજરાતમાંથી વવાયા. માનનીય નરેન્દ્રભાઇ મોદીએ COP-26માં સમગ્ર વિશ્વને પંચામૃતનો મંત્ર આપી ભારતની પર્યાવરણિક કટિબદ્ધતા બતાવી. આપણે તો વિકાસશીલ દેશની શ્રેણીમાં હતા. બીજા દેશો વિકસિત થઇને બેઠા હતા. એ લોકો બધું કરે તો પોષાય એવી પરિસ્થિતિ હતી. પર્યાવરણના નામે દુનિયા પર જેટલા રિસ્ટ્રિકશન મૂકવા હોય એ મૂકી શકે એમ હતું. આપણે તો હજી વિકાસશીલ દેશોની શ્રેણીમાં હતા છતાં પણ પર્યાવરણ માટેની આપણી જે કટિબદ્ધતા હતી એને નરેન્દ્રભાઇએ બતાવી. આપણે કેવળ વીજળી પેદા નથી કરવી પણ ઊર્જા ક્ષેત્રે ક્રાંતિ લાવવી છે. આપણે ત્રણ લક્ષ્યો પર એક સાથે ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. એનર્જી સિક્યોરિટી, ઊર્જાની બાબતમાં દેશને સુરક્ષિત બનાવો. હવે ગુજરાત તો સુરક્ષિત બની ચૂક્યું છે. હવે નરેન્દ્રભાઇ મોદી સાહેબ આખા દેશને એનર્જી સિક્યોરિટીમાં મૂકવા માગી રહ્યા છે. આપણાથી શરૂઆત થઇ છે અને એટલા માટે આપણા ઉપર ખૂબ મોટી જવાબદારી આવી છે ત્યારે આપણે ખૂબ સજાગ છીએ. કોઇ પણ ઉદ્યોગ હોય તો સ્વાભાવિક રીતે એના માટે જમીન પણ જોઇએ, ઇન્ફ્રાસ્ટ્રાક્ચર પણ જોઇએ અને પૈસો પણ જોઇએ પણ એનું કોઇ ચાલકબળ હોય તો એ વીજળી છે. એ પણ અનઇન્ટરપ્ટેડ વીજળી છે, ખામીરહિત વીજળી છે. એ બાબતમાં એનર્જી સિક્યોરિટી ખૂબ મહત્ત્વની છે. ગ્રીન હાઇડ્રોજનનો વિચાર કોઇએ નહિ કર્યો હોય. દેશમાં પહેલી વખત ગ્રીન હાઇડ્રોજનનો વિચાર થઇ રહ્યો છે. બાકી ગ્રીન હાઇડ્રોજન એટલે શું એ કોઇને ખબર નહોતી. ગ્રીન હાઇડ્રોજન, ગ્રીન એમોનિયા, ન્યુકિલઅર જેવા પ્રદૂષણરહિત સ્ત્રોતોનો વ્યાપ વધારવાનો છે. નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનનો આપણે વિચાર કરી શકીએ છીએ. હજી તો આપણે વિકસિત બનવાનું બાકી છે. આપણે પહેલાં એવું માનતા હતા કે આપણને આવા ઢકોસલા પોષાય નહિ. આપણે તો શક્ય હોય એટલી વધુમાં વધુ વીજળી પેદા કરવી પરંતુ વીજળી પેદા કરવી અને તે પણ કિલન પેદા કરવી એ ખૂબ અગત્યની વાત છે. આપણે વીજળી તો પેદા કરીએ, ઉદ્યોગો વધારીએ, ઘરમાં ચોવીસ કલાક વીજળી આપીએ, ખેડૂતોને પણ ૧૦૦ ટકા વ્યવસ્થિત રીતે વીજળી આપીએ. આ બધું તો કરીએ પણ આવનારી પેઢીની ચિંતા પણ આપણા માથે છે એટલા માટે ગુજરાતે કોલસો અને લિગ્નાઇટ આધારિત જેટલા પણ પ્લાન્ટ છે એના બદલે કિલન એનર્જી તરફ જવું જરૂરી છે. પ્રદૂષણમુક્ત વિકલ્પો આપણે સ્વીકારવા જ

રહ્યા. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત. ગુજરાત આત્મનિર્ભર બની રહ્યું છે તો ભારત તેને દિશા બતાવે છે. અહીંયા કોઈપણ વિભાગમાં જે પ્રયોગો થયા છે તે આખા દેશે અપનાવ્યા છે. શ્રી નરેન્દ્રભાઇએ અહીંયા ઘણાં વર્ષો શાસન કર્યું એટલે તેમને પાયાની પકડ છે. ગ્રામીણથી માંડીને શહેરીજનો સુધીની સમસ્યા તેમણે જોઇ છે. તેના કારણે અહીંયા જ્યાં જ્યાં તેમને સુધારાની જરૂર પડી તે સુધારાઓ તેમણે કર્યા. તેના કારણે આજે ભારતમાં આ ગુજરાત મૉડલ અપનાવવામાં આવ્યું છે. અહીંયા થયેલી વાતોનું ભારત ઇમ્પ્લીમેન્ટ કરી રહ્યું છે. ગ્રીન હાઇડ્રોજનનું ઉત્પાદન, નિકાસ અને ગુજરાતમાં કુદરતી સંસાધનો અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની અઢળક ક્ષમતા છે. આપણે તેમાં ગ્લોબલ હબ બનવા તરફ જઇ રહ્યા છીએ. વર્ષ ૨૦૪૭ના સપનાને જો પાકું કરવું હોય તો આપણે દેશનું ગ્રોથ એન્જિન બનીને આત્મનિર્ભરતાના સંકલ્પને ચોક્કસપણે ચરિતાર્થ કરવો પડશે. એક સમય હતો વીજળીનાં ટાંચા સાધનો, ગામડાઓમાં અંધારપટ, ઉદ્યોગો વીજકાપથી પરેશાન પરંતુ આ ૨૫ વર્ષના ગાળામાં આપણે માત્ર વીજળીના તાર ખેંચ્યા એટલું જ નહીં પરંતુ ગુજરાતનું નવું ભાગ્ય લખ્યું છે. જ્યારે આપણે ૧થી ૨૫ સુધીના સુવર્ણકાળની વાત કરતા હોય ત્યારે આપણે ગર્વથી કહી શકીએ કે ભારતનું પાવર હાઉસ અને ગ્રીન એનર્જી એ ગુજરાત છે. કૃષિ ક્રાંતિ– અંધકારથી સમૃદ્ધિના ઉદ્દેશ સુધીની જો વાત કરીએ તો જ્યોર્તિગ્રામ યોજનાનો જાદુ. વર્ષ ૨૦૦૩માં જ્યારે જ્યોર્તિગ્રામ યોજના અમલમાં આવી એટલે ઊર્જા ક્રાંતિના બીજ રોપાઇ ગયા હતા. ખેતી અને ઘર વપરાશની વીજળી અલગ કરવાના કારણે હાઇ ક્વૉલિટી વીજળીની આપણને ખાતરી મળી. એક સમય હતો કે વીજ લાઇન છેલ્લાં ગ્રાહક સુધી પહોંચે ત્યારે કેટલી વીજળી પહોંચે તે ખૂબ મોટી સમસ્યા હતી, મોટર ઉપડે નહીં, બલ્બ ૬૦ વોટનો હોય અને ઝીરો વોટનો સળગતો હોય તેવી પરિસ્થિતિ આ ગુજરાતે જોઇ છે. તેના કારણે ખેતી માટે જુદી લાઇન અને રહેણાંક માટે જુદી લાઇનનો વિચાર આવ્યો. તેના કારણે ૮ કલાક વીજળી ખેતીને અને ૨૪ કલાક વીજળી ગામડાથી લઇને શહેરને આપવાનો શ્રેય આપણને મળ્યો છે. ૧૮ હજારથી વધુ ગામમાં આ ફીડર સેપરેશનનું મૉડલ સફળ રહ્યું. આ યોજના થકી ૨૪X૭ વીજળી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસની કોઇ પૂર્વ શરત હોય તો તે ઊર્જા છે. સૂર્યના પ્રકાશમાં રહેલી તાકાત, પવનમાં રહેલી તાકાત, જળમાં રહેલી તાકાત જે આપણા સનાતનમાં છે, તે શ્રી નરેન્દ્રભાઇએ ઓળખી અને તેના કારણે સોલાર પાવર વધારવાનું, પવનની ઊર્જા વધારવાનું કામ એમણે કર્યું અને તેનું પથદર્શક ગુજરાત રહ્યું છે. આવી ઘણી નીતિઓ અને પ્રોજેક્ટ છે જેનું સફળ પરીક્ષણ ગુજરાતમાં થયું છે અને અમલીકરણ પણ ગુજરાતે કર્યું છે. તેની પ્રચંડ સફળતાના કારણે રાષ્ટ્રીય સ્તરે આ સેપરેશન મૉડલ અપનાવવામાં આવ્યું છે. આજે દેશમાં દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના લૉન્ચ કરી એ આપણી જે જ્યોતિગ્રામ હતી તેનો આજે દેશનો ફાયદો મળી રહ્યો છે. દેશના ખેડૂતોની વીજળી અલગ થવા લાગી, રેસીડેન્સની વીજળી અલગ થવા લાગી. ૧૬ હજાર જેટલાં ગામડાંઓમાં વીજળીના થાંભલા ન હતા તે પહોંચ્યા અને આજે સમગ્ર દેશમાં એક પણ ગામડું એવું નથી કે જ્યાં વીજળી ન પહોંચી હોય. તેની સંકલ્પ ભૂમિ ગુજરાત હતી. અહીંથી નિર્ણય થયો કે ગુજરાતને સમૃદ્ધ બનાવવું છે. ગુજરાતને ઊર્જાવાન બનાવવું છે. તેના જ કારણે આજે ભારત એ દિશામાં દોડી રહ્યું છે. ગુજરાતની ૨૫ વર્ષની ઊર્જા ગાથાની વાત કરું તો આપણે વર્ષ ૨૦૨૬માં ઊભા છીએ ત્યાંથી પાછળ જોઇએ તો ગુજરાતની ઊર્જા એ આત્મનિર્ભરતાનો કાળ રહ્યો છે. આ દૃઢ સંકલ્પ, અવિરત પુરુષાર્થ, અને બદલાતાં ગુજરાતની સફર છે. ગામડાં, ઘર અને ખેડૂતોના સશક્તિકરણ તરફની સફર છે. અલગ અલગ શ્રેણીના વીજગ્રાહકોના વીજ વપરાશમાં જે વધારો થયો છે એ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્ષ ૨૦૦૧માં અંદાજે ૭૧ લાખ વીજ કનેક્શનો હતાં. જે વર્ષ ૨૦૨૫માં ૧.૮૪ લાખ થયા. આ ૨૫ વર્ષનો ગાળો વર્ષ ૨૦૦૧ની વાત કરીએ તો એ વખતે લગભગ સાડા ચાર કરોડની વસ્તી ગણીએ અને અત્યારે કદાચ સાત કરોડ થઇ હોય. એટલા ઘરોને વીજળી આપ્યા પછી પણ કેટલા નવા ઘરોમાં વીજળી પહોંચી એ આના પરથી સ્પષ્ટ દેખાય છે. વર્ષ ૨૦૦૧માં કુલ વીજ વપરાશ ૩૧૯૬૦ મિલિયન યુનિટ હતો. જે વર્ષ ૨૦૨૫માં ૧ લાખ ૧૪ હજાર ૧૩ મિલિયન યુનિટથી વધુ થયો. હું આંકડાની જ વાત કરું છું. રીયલ ફેક્ટ ઉપર વેર વી આર નાઉ વેર વી આર એ બંનેનો જે ડિફરન્સ છે એની વાત કરી રહ્યો છું. રહેણાંક ક્ષેત્રમાં ૫૫ લાખથી વધીને ૧.૩૫ કરોડ વીજ કનેક્શન અપાયાં. પાંચ ગણો વધારો થયો. વાણિજ્ય ક્ષેત્રે એટલે કોમર્શિયલમાં ૮ લાખથી વધીને ૧૯ લાખ વીજ કનેક્શન થયા. એના વપરાશમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી. કૃષિ ક્ષેત્રે ૫.૮ લાખથી વધી ૨૧ લાખ વીજ કનેક્શન થયા. એટલા કૂવાઓ પર વીજળી ગઇ એટલે ખેડૂતોના વિકાસની આપણે વાત કરીએ છીએ. ૫.૮ લાખ ખેડૂતોને તમે વીજળીના કનેક્શનો આપ્યા. બાકીનો સમય તો વરસાદી ખેતી ઉપર હશે. અહીંયા ઇરિગેશનની વ્યવસ્થા હતી. નર્મદા તો એ વખતે હતી જ નહીં. એ તો શ્રી નરેન્દ્રભાઇએ પૂરી કરી. નર્મદાનું ઇરિગેશન, બાકીની યોજનાઓ, લિફ્ટ ઇરિગેશન વગેરે. ઇરિગેશન ક્ષેત્રે ક્રાંતિ કરી એના કારણે પાણી પહોંચ્યું. આ બાદ કરીએ તો ૨૧માંથી ૫.૮ લાખ ૬ લાખ એટલે લગભગ ૧૫ લાખ કનેક્શનો વધ્યાં. એક કૂવા પર વીજળીકરણ થાય એટલે ઓછામાં ઓછી ચાર હેક્ટર જમીનનું પિયત થાય. તમે નાનો ૨.૫ એચ.પી. ૫ એચ.પી. કે ૭.૫ એચ.પી. ગણીએ તો ૨૦ વીઘાનું પિયત કરી શકે. તમે ગણી લો. બીજી સીઝન ખેડૂતો લેતા થયા. આ જે કૃષિનું એક્સપાન્સન છે, ઇરિગેશનની સવલતો અને સાથે વીજળીની સવલતો. જે આપણે ઉત્પાદન ડબલની વાત કરીએ છીએ એનું આ એક મોટું કારણ છે. એક સમય એવો હતો કે વીજળી અને કનેક્શન માગે તો આપણે આપી ન શકીએ એટલે તત્કાલ યોજના કરવી પડી. આજે તત્કાલ યોજના ચાલુ છે પણ કોઇ આવતું નથી. બધા જ રેગ્યુલરમાં અરજી કરે છે. રેગ્યુલરમાં સમયસર કનેક્શન મળી જાય છે. ઉદ્યોગ ક્ષેત્રે વાત કરું તો, ૪૬૦૦થી વધીને ૨૫ હજારથી વધુ વીજ કનેક્શનો થયાં. એટલે વર્ષ ૨૦૦૧માં ૪૬૦૦ કનેક્શન હતાં. આજે ૨૫ હજાર ઉદ્યોગોમાં વીજ

કનેક્શન થયાં અને વપરાશ ૬૧૯૫ મિલિયન યુનિટથી વધીને ૫૨૪૧૦ મિલિયન યુનિટનો થયો. આપણે જી.ડી.પી.ની વાત કરીએ છીએ. ગુડ્સ એન્ડ સર્વિસ આ બંને વસ્તુઓને ભેગી કરીએ એટલે જી.ડી.પી.નો એક મહત્ત્વનો પડાવ છે. એ જે જી.ડી.પી. છે આજે ખેતીમાં હોય, સર્વિસમાં હોય કે ગુડ્સ મેન્યુફેક્ચરના આંકડા બતાવે છે કે આપણે ત્યાં પ્રોડક્શન વધ્યું છે. એના કારણે ગુજરાત સતત પ્રગતિ કરી રહ્યું છે. એટલું જ નહીં પરંતુ, હમણાં મહેસાણામાં એક અને સૌરાષ્ટ્રમાં એક એમ બે વાઇબ્રન્ટ થયા. રૂપિયા દસ લાખ કરોડ કરતાં પણ વધારે રૂપિયાના એમ.ઓ.યુ. ઊર્જા ક્ષેત્રે થયા છે. મતલબ મુવિંગ છે. ઊર્જા ક્ષેત્ર અત્યારે દોડતું થયું છે. દુનિયાભરના લોકો અહીંયા આવે છે. વાત કરી કે તમે કેમ કોલસાવાળી વીજળી લેતા નથી? અમે નક્કી કર્યું છે જ્યાંથી ગુજરાતના લોકોને સસ્તી વીજળી આપી શકીએ ત્યાંથી જ અમે વીજળી લઇશું. અમારી પણ મોંઘી હોય તો અમે નહીં લઇએ. માનનીય જીતુભાઇ સસ્તી આપતા હોય તો અમે અમારો પ્લાન્ટ બંધ કરીશું પણ વીજળી કોની લઇશું? તો જે સસ્તી આપશે એની લઇશું. આ આંકડાઓ દર્શાવે છે કે વીજળી ક્ષેત્રે અદભુત વિકાસ થયો છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમે શ્રી જીતુભાઇનું ઉદાહરણ આપ્યું એના કરતાં શ્રી શૈલેષભાઇનું આપવું હતું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : હા સાહેબ, શૈલેષભાઇ તમે સસ્તી આપશો તો પણ લઇ લઇશું. અમારે તો લોકોની સસ્તી પહોંચાડવી છે. ઉદ્યોગોને સસ્તી પહોંચાડવી છે. એમ.એસ.એમ.ઇ.ને સસ્તી પહોંચાડવી છે. જેનો રાજા વેપારી એની પ્રજા ભિખારી. અમે માનીએ છીએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હેમંતભાઇ, બેઠાં બેઠાં અવાજ નહીં કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૨૫ વર્ષમાં ૧ કરોડથી વધુ નવા પરિવારો, દુકાનો અને કારખાનાને વીજળી જોડાણ આપી એમની સમૃદ્ધિમાં આપણે વિકાસ દાખવ્યો છે. ૨૧ લાખ કૃષિ જોડાણો આપેલા છે. કૃષિ જોડાણો આપ્યા એ પહેલાં અમે જમીનમાં પાણીની સિક્યોરિટી નક્કી કરી. આપણે આઠ કલાક પાણી કાઢીએ તો પણ ના ખૂટે એવી વ્યવસ્થા ગુજરાતે કરી છે. ગુજરાત પણ કેવું નસીબદાર છે કે વર્ષ ૨૦૦૧ પછી ગુજરાતમાં દુકાળ જ પડ્યો નથી. સતત સારો વરસાદ, સારો વરસાદ અને સારો વરસાદ પડ્યો છે. માનો કે દુકાળ પડ્યો હોત તો અત્યારે અમે જે વ્યવસ્થાઓ કરી છે એ પ્રમાણે પાણીના તળ ઊંડા ના જવા દેતા. ચેકડેમો, તળાવો, ઇરિગેશનની વ્યવસ્થાઓ, વ્હેળાઓમાં પાણી નાખવાની વ્યવસ્થાઓ કરી છે એના કારણે આજે આપણને જે ગુજરાત દેખાય છે તે એનું એક કારણ છે. છેલ્લાં બે વર્ષમાં વીજ જોડાણો અને જનકલ્યાણ અમારી સરકારનો મુખ્ય ઉદ્દેશ છે. રાજ્યના ગરીબ, નબળા વર્ગના નાગરિકો, અન્નદાતાઓ અને ખેડૂતોને ખૂબ સહેલાઇથી વીજળી મળે એના માટે અમે પ્રયત્ન કરીએ છીએ. રેસિડેન્શિયલ વિસ્તારો વધ્યા એમાં રાજ્યના ગરીબ અને નબળા વર્ગના લોકો માટે ઝૂંપડા વીજળીકરણ યોજના, કુટિર જ્યોતિ યોજના અને અનુસૂચિત પેટા જાતિ યોજના જેવી યોજનાઓ અમલમાં મૂકી છે. અમે એકપણ રૂપિયો વધારાનો લેતા નથી. ભલે લાઇનો લાંબી કરવી પડે, ભલે એમાંથી નાનોમોટો ખર્ચો વેઠવો પડે તો અમે સહન કરી લઇએ છીએ. ગુજરાત સરકાર સહન કરી લે છે. વીજ કંપની સહન કરી લે પણ એના ઘરમાં દીવો બળે એની ચિંતા સરકાર કરી રહી છે. એના કારણે આપણે વીજળીના કનેકશનો વધારી શક્યા છીએ. વર્ષ ૨૦૨૬ અંતિત રૂ. ૧૮.૩૨ કરોડના ખર્ચે ૨૮૮૦૯ વીજ લાભાર્થીઓને વીજ જોડાણ આપ્યા છે. વર્ષ ૨૦૨૬–૨૭માં આપણે આ વ્યવસ્થા કરી રાખી છે. રૂ. ૨૨.૪૩ કરોડના ખર્ચે ૩૬૭૯૫ વીજ જોડાણો આપવાનું આપણે નક્કી કર્યું છે. અમે કયારેય આ બંધ કરવાના નથી. કોઇ ગરીબ ઘરનો હોય, કયાંક ઘર જુદું પડે, છોકરો બીજે રહેવા જાય છતાંયે એને વીજળી વગર નહીં રાખવો એવું અમે પાકું નક્કી કરી દીધું છે. ખેડૂતોના કૃષિ વિષયક વીજ જોડાણ અંતર્ગત વર્ષ ૨૦૨૫–૨૬માં અને વર્ષ ૨૦૨૬ અંતિત રૂ. ૧૧૦૧.૦૪ કરોડના ખર્ચે ૬૩૬૮૧ કૂવાનું વીજળીકરણ કરવામાં આવેલ છે. આટલા કનેકશનો આપી દીધા, આટલા કૂવા હશે એને જીવતા કર્યા અને નહીં હોય ત્યાં વીજળી આપી ઇરિગેશનની વ્યવસ્થા અમે ઊભી કરી ચૂક્યા છીએ. વર્ષ ૨૦૨૬–૨૭માં આદિજાતિ, સાગરકાંઠા અને અન્ય વિસ્તારમાં નવા કૃષિ વિષયક જોડાણો આપવા માટે રૂ. ૧૧૩૬.૩૧ કરોડની જોગવાઇ કરી દીધી છે. અમે રૂપિયા આપીએ છીએ એ જ્યારે વીજળીનું જોડાણ આપીએ એટલે ખેડૂતો પાસેથી બધા રૂપિયા લઇ લઇએ છીએ એવું નહીં. સામાન્ય યોજના, એસ.સી., એસ.ટી.ની યોજના અને બીજી યોજના છે એ ચારેય યોજના થકી એક જ યોજનામાં અમે ફિક્સ ચાર્જ લઇએ છીએ. બાકીનામાં તો અમે ફિક્સ ચાર્જ પણ લેતા નથી. કૃષિ અને ગ્રામીણ વીજ માળખાનું સુદ્દઢીકરણ કરવાનું પણ આપણે નક્કી કર્યું છે. સરદાર કૃષિ જ્યોતિ યોજના, ખેતીવાડી વિસ્તારમાં જૂના જર્જરિત વાયરો હોય તેના આનુષંગિક ઉપકરણ બદલવાની કામગીરી, ખેતી વિષયક વીજ ફીડરોના વિભાજનની કામગીરી પૂરી કરી પૂર્ણ અને ગુણવત્તાયુકત વીજ પુરવઠો પૂરો પાડવા માટે વર્ષ ૨૦૨૬–૨૭માં રૂ.૭૦ કરોડની જોગવાઇ કરી છે. ખુશી કિસાન હિત ઊર્જા શકિત યોજના, પૂરા વોલ્ટેજથી વીજળી મળે એના માટે એલ.ટી. ઉપર લાઇનસર બધા ફીડરો હોય એની જગ્યાએ એચ.ટી. કરી અને ખેડૂતના કૂવા નજીક વીજ કનેકશન મળે, વોલ્ટેજ ડ્રોપ ન થાય. એલ.ટી. લાઇન હતી એમાં છેલ્લા હોય તો વોલ્ટેજ ડ્રોપ થતા હતા. ખેડૂતોની ચિંતા કરી એચ.ટી. લાઇનો વધારી ખેડૂતોને ક્વોલિટી વીજળી મળે એના માટે આ વખતે રૂપિયા ૫૫ કરોડની જોગવાઇ કરી છે. સાગરખેડુ, વનબંધુ કલ્યાણ યોજનામાં રૂપિયા ૩૦૧.૩૦ કરોડના ખર્ચે ૧૮ નવા સબ સ્ટેશનો ઉભા કરવાનું આયોજન કર્યું છે. આદિજાતિ વિસ્તારમાં ૧૦ નવા સબ સ્ટેશનો માટે રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ, નેટવર્ક સુદ્દઢીકરણ માટે રૂપિયા ૨૦૧.૫૦ કરોડની યોજના, કિસાન સૂર્યોદય યોજના તા. ૨૪મી ઓકટોબર, ૨૦૨૦ના રોજ શરૂ કરી હતી. ખેડૂતોની માગણી હતી કે જાનવરો આવે છે અને શિયાળામાં રાત્રે પાણી વાળવા જવું પડે એટલે ખૂબ બીક રહેતી હતી.

આખી રાત બગડે અને ખેડૂત ખેતરમાં પડ્યો રહે. હવે એમ નક્કી કર્યું છે, અત્યારે બે શિફ્ટમાં ખેડૂતોને દિવસે વીજળી આપીએ છીએ, પરંતુ હવે એક જ શિફ્ટમાં સમગ્ર ગુજરાતના ખેડૂતોને દિવસે જ વીજળી મળે એના પ્રયત્નો અમે કરી રહ્યા છીએ. માળખાકીય વિકાસ માટે સને ૨૦૨૬ સુધીમાં રૂપિયા ૫૮૬૪.૧૨ કરોડના ખર્ચે જેટકો દ્વારા નવા ૪૦ સબ સ્ટેશનો, ટ્રાન્સમિશન વ્યવસ્થાને મજબૂત કરવા માટે ૪૬૭૩.૭૨ સરકીટ કિલોમિટર ટ્રાન્સમિશન લાઇનોનું નિર્માણ કરી ચૂકયા છીએ. આ યોજના હેઠળ ડીસ્કોમ પણ ૪૫૦૨ સરકીટ કિલોમિટર મિડિયમ વોલ્ટેજ કવર્ડ કન્ડકટરની કામગીરી એટલે એના ઉપર એક એવું કોટિંગ આવે કે જેથી વીજળીની ચોરી ન થાય, વોલ્ટેજ ડ્રોપ ન થાય અને અકસ્માત પણ ન થાય. ખૂબ મોટો ફાયદો છે. વોલ્ટેજ લોસ ન આવે એના માટેની વ્યવસ્થા કરી છે. વીજ વિતરણ કંપનીઓ દ્વારા વિવિધ યોજનાઓ થકી ૨૫,૧૨૯ સરકીટ કિલોમિટરથી વધુના મિડિયમ વોલ્ટેજ કવર્ડ કન્ડકટર દ્વારા નેટવર્ક સુરક્ષિત કર્યું છે. હાલમાં ૧૭,૨૪૯ ખેતીવાડી વીજ જોડાણો ધરાવતા ગામોમાંથી કુલ ૧૭,૦૮૦ ગામના ૨૦.૩૫ લાખ ખેડૂતોને વીજળી દિવસે આપીએ છીએ. ભવિષ્યના આયોજનમાં મેં કહ્યું એમ એક જ ટાઇમે, એક જ શિફ્ટ સવારે ચાલુ થાય અને સાંજ પડે ત્યાં સુધીમાં જે ઇરીગેશન કરવાનું હોય એ પૂરું કરી લે એ પ્રકારની વ્યવસ્થામાં આપણે આગળ વધી રહ્યા છીએ. એના માટે આ વખતે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરી છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પી.એમ. કુસુમ યોજના મૂકી છે. એમાં એ, બી અને સી એમ ત્રણ કોમ્પોનન્ટ છે. મૂળ આશય ખેડૂતો કેવળ વીજળી વાપરવાવાળા ન બને, ઊર્જા દાતા પણ બને. આની પાછળનો હેતુ એ છે કે દૂર-સુદૂરના વિસ્તારમાં જ્યાં ટેકનો કોમર્શિયલ શક્ય ન હોય, જ્યાં વીજળી ન પહોંચાડી શકીએ અથવા જંગલ વિસ્તાર હોય, થાંભલા ઊભા કરી શકતા ન હોય એવા નાની નાની જમીનોવાળા આદિવાસી વિસ્તારમાં ઇરીગેશન કરવું હોય અને પાણીની વ્યવસ્થા હોય તો સોલાર પેનલ મારફતે પોતે પોતાની વીજળી પેદા કરીને વાપરે એ પ્રકારની વ્યવસ્થા કરી છે. ૮-૧૦ ખેડૂતો ભેગા થાય અને વીજળી પેદા કરી શકે અને એના સિવાય પણ અનેક આંકડાઓ છે. ૨૫ વર્ષનો ઇતિહાસ જોઇએ તો એ આખી વાત વર્ણવવી અને એ વ્યવસ્થામાં અનુરૂપ થવા માટે રાજ્ય સરકારના નિરંતર પ્રયાસો ૫૦ મિનિટમાં પૂરા ન થાય. પણ હું એટલું ચોક્કસ કહીશ કે આ ત્રણેય કોમ્પોનન્ટ ખેડૂતો માટે આવતા સમયમાં ગેમ ચેન્જર બનવાના છે. પી.એમ. કુસુમ યોજના થકી ઊર્જાનો ગ્રાહક નહીં પણ ઉત્પાદક બનવવો છે. સર્જન સ્કીમ આ વખતે લીધી છે. એમાં સ્કીમ ફોર અવમેન્ટેશન એન્ડ રિઝોલ્યુશન ઓફ એગ્રીકલ્ચર નેટવર્ક સુધારવાની વાત છે અને નેટવર્ક સુધારવા માટે પણ તા.૨૬-૭-૨૭માં માનનીય કનુભાઇએ આ નવી યોજનામાં રૂ.૨૫ કરોડ મંજૂર કર્યા છે અને કહ્યું છે કે તમે બધી લાઇનો કરશો તો આ ૨૫ નહીં પણ એનાથી વધારે જોઇશે તો આવતી વખત પૂરક માગણીઓમાં લઇ લઇશું પણ તમે આખે આખું નેટવર્ક સુધારો એવી વાત માનનીય કનુભાઇએ કરી છે. ગ્રીન એનર્જીના લીડર બન્યા છીએ.

(માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચારણકાથી ખાવડા સુધીનો વિજય પથ. માનનીય શંકરભાઇને ખબર છે કે ચારણકા. ગેઇમ ચેન્જર પ્રોજેક્ટ(અંતરાય)

અધ્યક્ષશ્રી : ચારણકા એશિયાનો સૌથી પહેલો સોલાર પ્લાન્ટ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ક્લાઇમેન્ટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના સંકટ ઉપર ચર્ચા અને સેમિનારમાં વ્યસ્ત છે ત્યારે પહેલી વખતે ચારણકાનું કામ આપણે કર્યું. આજે વર્લ્ડ માટે એક સીમાચિન્હરૂપ આપણો ચારણકા પ્રોજેક્ટ છે. આખી દુનિયાને એના દ્વારા આપણે રસ્તો બતાવ્યો છે. રિન્યુએબલ ઊર્જાની કુલ સ્થાપિત ક્ષમતા વર્ષ ૨૦૦૧માં ૧૬૫ મેગાવોટ જ હતી. આજે એમાં ૨૬૬ ગણો એમાં વધારો થયો છે અને એ ૪૩,૯૯૭ મેગાવોટ થઇ છે. એ આપણી કુલ સ્થાપિત ઊર્જા ક્ષમતાના ૬૩ ટકા છે. સમગ્ર દેશમાં આપણે પહેલા નંબર છીએ. પવન ઊર્જા ૧૬૫ મેગાવોટ હતી એમાં ૯૦ ગણો વધારો કરીને ૧૪,૮૫૫ મેગાવોટ સાથે પવન ઊર્જામાં આપણે પ્રથમ છીએ. સૌર ઊર્જાની અંદર વર્ષ ૨૦૦૧માં ક્ષમતા શૂન્ય હતી તેમાં આજે ૨૬,૯૦૯ મેગાવોટ સાથે બીજા ક્રમે છીએ. ખાવડાનો વિશ્વવિક્રમ તો કહેવા જેવો જ નથી. ખાવડામાં ૩૭,૩૫૦ મેગાવોટના સૌથો મોટો રિન્યુએબલ એનર્જી પાર્કમાં ૧૩,૦૦૦ મેગાવોટનું ઉત્પાદન શરૂ કરી દીધું છે અને ખૂબ જલ્દી આપણે ૩૦,૦૦૦ મેગાવોટ એ પહોંચી જઇશું. આ કોઇ સામાન્ય પ્રોજેક્ટ નથી પણ ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં ભારતનું વિશ્વ સ્તરે નેતૃત્વ સ્થાપિત ગુજરાત કરે એનો સંકલ્પ છે. રિન્યુએબલ એનર્જી પાર્કમાં ચારણકા ૬૬૯, રાઘાનેસડા ૭૦૦, ધોલેરા ૩૦૦ મેગાવોટ અને રૂફટોપ સોલારની વાત કરું તો તેમાં ૧૧.૪૪ લાખથી વધુ ઘરો ઉપર રૂપટોપ સોલાર કુલ ૬.૫ ગીગાવોટ ક્ષમતાના લગાવીને આજે આપણે એમાં પહેલા નંબરે છીએ. વર્ષ ૨૦૦૧થી ૨૦૨૫ સુધીમાં રાજ્યની આ અઢી દાયકાની યાત્રા, મેં પહેલા કહ્યું એમ ''તમસો મા જ્યોતિર્ગમય'' અંધારાથી પ્રકાશ તરફનું અમારું પ્રયાણ છે. ઘણા લોકોને દિલથી પણ આત્માનો પ્રકાશ થતો હોય છે. સાહેબ, અમે તો આત્માનો પણ કરીએ છીએ અને વિરાસત પણ ગણીએ છીએ અને સાથે ફિઝિકલ ઉદ્યોગ અને ઇઝ ઓફ લિવિંગનો જે કન્સેપ્ટ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ આપી રહ્યા છે એને પણ માનીએ છીએ. ગુજરાત જે વિચારે છે અને કરે છે એ દેશ આવતીકાલે કરે છે એ સિદ્ધાંત પ્રસ્થાપિત થઇ ચૂક્યો છે. આ એક ઉક્તિ નથી. નક્કર વાસ્તવિકતા છે. સોલાર પોલિસી વર્ષ ૨૦૦૯. ગુજરાત દેશનું પ્રથમ એવું રાજ્ય હતું કે જેણે પોતાની એક અલાયદી સંપૂર્ણ સોલાર પાવર પોલિસી રજૂ કરી. આ અંતર્ગત રોકાણકારો માટે સિંગલ વિન્ડો ક્લિઅરન્સ અને ફિક્સ ટેરિફ નક્કી કરાયા. એનાથી પાટણમાં ચારણકા પ્રોજેક્ટનો આપણે પાયો નાંખી શક્યા. વર્ષ ૨૦૧૦માં ગુજરાતની આ પોલિસીની

સફળતાથી પ્રેરણા લઇને વર્ષ ૨૦૧૦માં કોંગ્રેસની સરકાર હતી એને પણ આ ગુજરાતને જોયું છે. એમણે જવાહરલાલ નહેરુ નેશનલ સોલાર મિશનની શરૂઆત કરી. એવું નથી કે ગુજરાત આ અમારી ઉપર ભા.જ.પ.ની સરકાર માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની છે એટલે જ ગુજરાતની વાત સ્વીકારે છે. સાહેબ, કોંગ્રેસને પણ સ્વીકારવી પડતી હતી. ગુજરાતની અંદર થતા નવા ઇનિસિએટીવ એ વખતે કોંગ્રેસની સરકારે પણ સ્વીકારવા પડતા હતા અને વિચારવા પડતા હતા. કેનાલ ઉપર, મોટી કેનાલ હોય એના ઉપર સોલાર બનાવવાનું કામ ગુજરાત જ કરી શકે. સૂર્ય ગુજરાત રૂફટોપ સોલાર યોજના આપણે મૂકી. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ પી.એમ. સૂર્યઘર યોજના મૂકી. આ બંને યોજનાઓ થકી આપણે ૧૧ લાખ કરતા વધુ હાઉસહોલ્ડને સોલાર પેનલ આપી શક્યા છીએ. આ પી.એમ. સૂર્યઘરની યોજના વર્ષ–૨૦૧૯માં અમલમાં મૂકી અને તે વખતે આપણે રૂફટોપ સોલારમાં નંબર વન રહ્યા. વર્ષ–૨૦૨૪માં મોદી સાહેબે કેન્દ્ર સરકારમાં પી.એમ. સૂર્યઘર યોજના મૂકી અને મફત વીજળી યોજના લોન્ચ કરી. આ અંતર્ગત દેશભરના લોકોને રૂફટોપ સોલાર લગાવવા પર સબસિડીની જોગવાઇથી દર મહિને ૩૦૦ યુનિટ વીજળી મળવાની. મફત આપી એવું નહીં, ગર્વથી પોતે વીજળી પેદા કરી અને વાપરી. આમ, મફતનો કન્સેપ્ટ કહે છે કે મફત આપો, મફત આપો સાહેબ, હું અત્યારે કહીશ તો વધારે પડતું લાગશે. આ પંજાબની હાલત છે પાંચ વર્ષ પછી આપ જોઇ લેજો. મેં ગયા વખતે બજેટની સ્પીચમાં આંકડાઓ વાંચ્યા હતા એટલે એને હું અત્યારે ફરીથી રિપીટ નથી કરતો. આ જ રીતે જો પંજાબ ચાલતું રહ્યું તો બેન્કપ્ટ થવાથી કોઇ બચાવી શકશે નહી. અને અમે તો પ્રયત્ન કરીએ છીએ કે અમારું દેવું બેલેન્સ રહે. અમે કમાઇએ છીએ અને દેવું ભરપાઇ કરી શકીએ એટલુ જ દેવું કરીએ છીએ. અને શરીફોને જ દેવું મળે પંજાબને ફરીથી દેવું મળવાનું નથી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસની સરકાર હતી તેના પાંચ વર્ષ પહેલાં ત્યાં ભાજપ અને અકાલીદળની સરકાર હતી એટલે પંજાબને એટલું બધું જૂની સરકારોએ લૂંટયુ છે કે જેને લઇને પંજાબની હાલની સરકારે દેવું..

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર નથી પણ તેમણે પંજાબ સરકારની વાત કરી.

અધ્યક્ષશ્રી : આપ હાથ ઊંચો કરતા હતા એટલે,

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હાથ ઊંચો નહીં, પણ મંત્રીશ્રીએ પંજાબ સરકારની વાત કરી એટલે ત્યાં કોંગ્રેસની સરકાર અને તેની પહેલાં..

અધ્યક્ષશ્રી : સારું, સારું આપ બેસો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૩ ટકા હિસ્સા સાથે પી.એમ.સૂર્યઘર યોજનામાં દેશમાં આપણું પ્રથમ સ્થાન છે. આ યોજનાની કામગીરી છે તેમાં અત્યારે ૫.૮૦ લાખથી વધુ રૂફટોપ લગાવી દીધા છે એની કુલ ક્ષમતા ૨૧૭૭ મેગાવોટ છે અને અમારો ભવિષ્યનો લક્ષ્યાંક ૧૦ લાખ ઘરનો છે. ગ્રાહકો માટે ફાયદા છે વીજળી પેદા કરો અને વાપરો, વધે એ વેચો. આમાં કયાંય કોઇ ગ્રાહકને નુકસાન નથી એ પ્રકારની આ યોજના અત્યારે ગુજરાતમાં નંબર વન બની છે. ઘરમાં રહેતા નાના, મધ્યમ ગરીબ પરિવારો માટે આ આશીર્વાદરૂપ સાબિત થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારી, પર્યાવરણથી કાર્બન ઉત્સર્જન ઓછું થાય અને કિલન એનર્જીનો જે કન્સેપ્ટ છે તે હવે દુનિયાની અંદર ખૂબ અને હવે કાર્બન ક્રેડિટનો વિષય યુરોપના કેટલાક દેશો અને કદાચ મારા ધ્યાનમાં છે ત્યાં સુધી ૧ જાન્યુઆરી,૨૦૨૬થી કોઇ કાયદો લાવ્યા છે કાયદાનું નામ મને ખબર નથી. કોઇ કાયદો લાવ્યા છે કે નેટ ઝીરો પ્રોડકટ ખરીદશે, ગ્રીન પ્રોડકટ ખરીદશે અને તેના ઉપર તેને લેસ મળશે. એટલે જો લેસ નહીં હોય તો તેના ઉપર કાર્બન ક્રેડિટ લાગે એટલી કિંમત વધશે. લોકો આયાત કરીને ખરીદે તો એ આયાત કરેલું જો ગ્રીન એનર્જી નહીં હોય તો એ મોંઘી પડવાની છે. એટલે નિકાસકારો માટે પણ હવેના સમયની અંદર ગ્રીન એનર્જી વાપરી અને દુનિયાની અંદર જયારે વસ્તુ વેચવી હશે તો ગ્રીન એનર્જી એટલે તેનું જે સર્ટિફિકેટ લઇ કે અમે આ જે વસ્તુ બનાવી છે તે ગ્રીન એનર્જીમાંથી જ બનાવી છે એવું સર્ટીફિકેટ આપવું પડશે. હવે સાહેબ એ દિશા તરફ આગળ છીએ. આપણે પહેલાં જોઇ લીધું છે. આ જે કાયદો છે તે ૧ જાન્યુઆરી,૨૦૨૬થી લાવ્યા છે પરંતુ આપણે પહેલાં જોઇ લીધું કે દુનિયા હવે કઇ તરફ આગળ વધી રહી છે કારણ કે દુનિયાને એ ચિંતા છે, પર્યાવરણની ચિંતા છે ત્યારે આ ગ્રીન હાઇડ્રોજનનો વિષય એ ભવિષ્યનું ફ્યુઅલ જ છે. ગ્રીન હાઇડ્રોજન તે આવતા સમયનું ફ્યુઅલ છે અને ભારતે નક્કી કર્યું છે કે ગ્રીન હાઇડ્રોજન આટલુ થવું જોઇએ, એનું ૬૦ ટકા કેવળ ગુજરાત પહોંચી વળે એ પ્રકારની કેપેસિટીથી તેમણે કમીટમેન્ટ કર્યું હતું. એણે મનથી નક્કી કર્યું છે કે ભારત જે પેદા કરે તેનું ૬૦ ટકા ગુજરાતમાં પેદા થાય. આપણી પાસે વિશાળ સ્ત્રોતો છે. આપણે કરી શકીએ એવું છે. ગ્રીન વીજળી પેદા થાય, ગ્રીન હાઇડ્રોજન પેદા થાય અને એ ગ્રીન હાઇડ્રોજન તે ભવિષ્યનું ફ્યુઅલ અને તે ભવિષ્યનું ઇંધણ, બળતણ દ્વારા ઉદ્યોગો પોતે સસ્ટેઇન થાય અને પોતે પોતાની પ્રોડકટ બનાવે. મેં પહેલાં કહ્યું તેમ કદાચ આંબો આજે વાવીશું, તો દસ વર્ષ પછી એનું ફળ આપણી બીજી પેઢી ખાશે. આપણે એવી ટૂંકાગાળાની નીતિવાળા નથી. અમે આજે ઇમ્પ્લિમેન્ટ કરીશું, આજે વિચારીશું અને આવતાં દસ વર્ષની અંદર ગુજરાતની પ્રજા, ગુજરાતની પેઢી માટે અમે આંબા વાવીને જવાના છીએ. અમે કચ્છમાં વાવેલા ગાંડા બાવળો વાવવાવાળામાં નથી, અમે આંબા વાવવાવાળા છીએ, રેગ્યુલેટરી ચાર્જમાં આપણે માફી આપી છે. ૬ કિલોવોટ સુધી નવી સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવા માટે રૂ. ૨૯૫૦નો રેગ્યુલેરી ચાર્જ એમાં મીટર, મીટર ટેસ્ટિંગ, મીટર બોકસ કનેક્ટિવિટી

ચાર્જ આપણે સંપૂર્ણ માફ કર્યો છે. અન્ય ચાર્જીસ અને પ્રક્રિયામાંથી પણ મુકિત આપી છે. નેટવર્ક સ્ટ્રેન્ધનિંગ ચાર્જ એમણે ભરવાનો રહેતો નથી. વધુમાં ગ્રાહકોની સુવિધા વધારવા માટે એમણે નેટ મીટરિંગ એગ્રીમેન્ટ કરવાની જરૂર નથી. સુધારેલી જોગવાઇઓ મુજબ રૂ.૪૪.૨૫ કરોડના ખર્ચે દોઢ લાખ ગ્રાહકોને આ લાભ આપવામાં આવશે. સન ૨૦૨૬-૨૭માં ૧ લાખ ૭૦ હજાર રહેણાંક ગ્રાહકો માટે રેગ્યુલેટરી ચાર્જીસ માફી માટે ૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. નેટ ઝીરોની મેં વાત કરી એ તરફ આપણે આગળ છીએ. ગુજરાત ઇન્ટિગ્રેટેટ રિન્યુએબલ પોલિસી-૨૦૨૫ આપણે લોંચ કરી છે. ઘણી બધી વાત એમાં થઇ છે, એટલે હું એ વાત લાંબી એટલા માટે નહીં કરું કારણ કે આપણી RE પોલિસી એ બધાં જ રાજ્યોની કમ્પેરિઝનમાં દેશના કે દુનિયાના કોઇપણ RE ઇન્ટીગ્રેટેડ પોલિસી અથવા ઉદ્યોગોને વીજળી પેદા કરવી હોય તો ગુજરાત પસંદ કરે એવી RE પોલિસી છે. આ નીતિના માધ્યમથી સન ૨૦૩૦ સુધીમાં દેશના ૫૦૦ ગીગાવોટ સ્થાપિત રિન્યુએબલ ઊર્જા ક્ષમતાના લક્ષ્યાંકની સામે ૧૦૦ ગીગાવોટનું યોગદાન આપવા ગુજરાત સંકલ્પબદ્ધ છે. વિન્ડ, સોલાર, હાઇબ્રિડાઇઝેશન, બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ, જીઓ થર્મલ પ્રોજેકટને પ્રોત્સાહન આપવા માટે આપણે આગળ વધી રહ્યા છીએ. તટીય વિસ્તારો માટે પણ ઊર્જા સ્વતંત્રતા માટે બ્લુ એનર્જી સિસ્ટમનો વિકાસ હેતુ માટે ઊર્જા સંગ્રહ પાયલોટ સ્તરના દરિયાકાંઠાના નજીકના પવન અને હાઇબ્રીડ પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રોજેકટસ માટે ડી.પી.આર. બનાવવા માટે, સાહેબ આપણે આખો એક ડીટેઇલ પ્રોજેકટ બનાવીશું કે આમાં કેવી રીતે આગળ વધી શકાય એના માટેનો પાયો નાખી અને ૫ કરોડ રૂપિયા આપી દીધા છે, બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ, આવતા સમયમાં આ જે રિન્યુએબલ એનર્જી છે એનો એક સમયગાળો છે, સોલાર છે તો એ સવારે ૭-૮ વાગ્યાથી લઇને ૫-૦૦ વાગ્યા સુધી એનર્જી પેદા કરી શકે, એનું પીક બપોરના સમયમાં હોય, સાંજે પાછું ઢળતું જાય એ વખતે ગ્રીડની સ્ટેબિલિટીનો પ્રશ્ન પણ આવે એટલે ગ્રીડની સ્ટેબિલિટી માટે પણ આ બેટરી સ્ટોરેજ દિવસની તમારી વધારાની વીજળી તમે સ્ટોરેજ કરો અને રાત્રે એને રિલીઝ કરો. આમ મૂળ સિદ્ધાંત ઉપર આ બેટરી સ્ટોરેજ, એનર્જી સ્ટોરેજ પોલિસી લાવ્યા છીએ. એનર્જી હબ તરીકે ઓળખાવવા આપણે જઇ રહ્યા છીએ. પીક અવર્સ દરમિયાન વીજ માંગને સંતુલિત કરવા માટે બી.ઇ.એસ.એસ. બેટરી એનર્જી સ્ટોરેજ એ ક્રાંતિકારી પગલું સાબિત થશે.

સભાગૃહનો સમય લંબાવવા બાબત

શ્રી વિજયભાઇ ર. પટેલ (નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના કામકાજના દિવસની અંદર દર્શાવેલ માંગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટે દરખાસ્ત મૂકું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : મને સાહેબ બે મિનિટ આપી હતી તો બે મિનિટ આપો.

અધ્યક્ષશ્રી : ના. આપને હું પ્રશ્ન પૂછવા માટે મોકો આપીશ.

શ્રી શૈલેષ મ. પરમાર : અમે સંમત છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન પૂરું થાય ત્યાં સુધી આજનો ગૃહનો સમય લંબાવવામાં આવે છે. મને લાગે છે કે જે રીતે માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ કૃષિ અને પશુપાલન વિભાગ અને સહકારને આત્મસાત કર્યું એ પ્રમાણે તમે પણ મૌલિક રીતે જે બોલો છો એ પ્રમાણે ઊર્જા વિભાગને આત્મસાત કર્યું હોય એવું લાગે છે. બહુ ટૂંકા ગાળાની અંદર સારી રીતે તમે કરી રહ્યા છો. I appreciate it.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : સાહેબ કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવરસ્ટેશન પાનન્ધ્રો ખાતે ૧૨ મેગાવોટ એટલે કે ૫૭ મેગાવોટ પર અવર જે રીતે ચાર કલાકની સાઇકલ હોય એ રિલીઝ કરીએ એ પ્રકારનો પ્રોજેકટ આપણે સફળતાપૂર્વક કમિશન કર્યો છે. આ મિશનની શરૂઆત આપણે કરી ચૂકયા છીએ. આજે જી.યુ.વી.એન.એલ. દ્વારા ૧૧૯૨ મેગાવૉટ એટલે કે ૪૭૭૭ મેગાવૉટ દર કલાકે ક્ષમતા ધરાવતા બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ માટેના કરાર કરી ચૂક્યા છીએ. મેં ગ્રીન હાઇડ્રોજન પૉલિસીની વાત કરી. આખી દુનિયાની દૃષ્ટિ હવે ગ્રીન હાઇડ્રોજન તરફ છે. આપણી પાસે ગુજરાતમાં ખૂબ વિશાળ તકો છે અને આવનારા સમયમાં આનું ફળ આપણે ચાખી શકીશું. અત્યારે ઘણી બધી વસ્તુઓ સાથે ચાલી રહી છે ત્યારે આ વિષયમાં પણ આપણે ખૂબ આગળ વધી રહ્યા છીએ. પાણી, પર્યાવરણ અને વીજળી આ ત્રણેય બાબતોનું ધ્યાન રાખીને આપણે આગળ વધી રહ્યા છીએ. એનું વાતાવરણમાં સંતુલન જળવાઇ રહે એના માટે પણ સતત પ્રયાસ કરી રહ્યા છીએ. આજે વિશ્વની મોટી કંપનીઓ નેટ ઝીરો તરફ આગળ વધી રહી છે. વિકસિત દેશોને પણ પોતાની ચિંતા છે. પર્યાવરણ બગાડી પોતાના સુધી અસર ના આવે એની ચિંતા વિકસિત દેશો કરી રહ્યા છે. અત્યારે ભલે લડતા હોય પરંતુ આવનારા સમયની ચિંતા એમને પણ છે ત્યારે ગ્રીન હાઇડ્રોજન ટેકનોલોજી દ્વારા ખૂબ મોટી ક્રાંતિ તરફ આપણે આગળ વધી રહ્યા છીએ. ગ્રીન હાઇડ્રોજન ઇકોનોમીના વિકાસ માટે અભ્યાસ, રીસોર્સ મેપિંગ, પ્રાથમિક ઇજનેરી અભ્યાસ માટે રૂ.૧ કરોડની જોગવાઇ કરી છે. પમ્પ સ્ટોરેજ પૉલિસી આપણે લાવ્યા છીએ. ઉપરથી પાણી નીચે આવે અને દિવસે વીજળી પેદા થતી હોય. નીચેનું પાણી રાત્રે ઉપર ચડાવી દઇએ અને રાત્રે વીજળી પેદા કરીએ. એક અલગ વિચારધારા સાથે ગુજરાત આગળ વધી રહ્યું છે. ગુજરાતની આઝાદીને વર્ષ ૨૦૨૫માં ૭૫ વર્ષ પૂરા થયા છે. આપણા મનમાં એવું છે કે વર્ષ ૨૦૩૦ સુધી ૭૫ પમ્પ સ્ટોરેજ પ્રોજેક્ટ આપણે બનાવીશું. આપણે એ દિશામાં કામ કરવાનું ચાલુ કર્યું છે અને આપણે એમાં રૂ.૭૫,૦૦૦ કરોડનું રોકાણ આકર્ષિત કરીશું. રોજગારની વિશાળ તકો, માળખાગત વિકાસ, કૌશલ્ય વિકાસનું સર્જનના લીધે ઉત્સર્જનના કારણે આરોગ્ય પર થતી અસરમાં ઘટાડો થશે. રિન્યુએબલ ઊર્જા ઇન્ટિગ્રેશનમાં આપણને મદદ મળશે અને વર્ષોથી દબાયેલું અશ્મિભૂત ઇંધણ છે કે જે પૃથ્વીના પેટાળમાં પડ્યું છે એને

કાઢવાનું બંધ થાય અને પ્રકૃતિનું દોહન કરવાનું બંધ કરીને સૂર્ય, પાણી અને હવા કે જે કુદરતે આપણને આપ્યું છે એમાંથી મહત્તમ ઊર્જા પેદા કરવાના લક્ષ સાથે આપણે આગળ વધી રહ્યા છીએ. વીજ માળખાકીય સુધારા અને આધુનિકરણ પણ આપણે કર્યા છે. ડિસ્ટ્રીબ્યુશન ક્ષેત્રે અમારી સરકારે ભગીરથ કામગીરી કરી છે. વીજ ઉત્પાદન ક્ષેત્રે અદભૂત ક્ષમતા વૃદ્ધિ કરી છે. વર્ષ ૨૦૦૦માં રાજ્યની કુલ સ્થાપિત ક્ષમતા માત્ર ૮,૦૦૦ મેગાવૉટ હતી. જે સાડા આઠ ગણી વધી છે જે ૬૯,૦૦૦ મેગાવૉટ થઇ છે. પીક લૉડ ક્ષમતા વર્ષ ૨૦૦૧માં ૭૮૯૪ મેગાવૉટ હતી. એ વખતે લોકો અંધકારમાં જીવતા હતા. આજે ૨૬,૪૫૨ મેગાવૉટનો પીક લૉડ આપણે લઇ શકીએ છીએ અને ક્યાંય વીજળીની સ્કેરસિટી નથી થતી. ટ્રાન્સમિશન લાઇનોનો વ્યાપ, સબસ્ટેશન ટ્રાન્સફોર્મર, વીજ વિતરણ માળખાનું આધુનિકરણ કર્યું છે. આપણી પાસે 'તાઉતે' અને 'બિપારજોય'નું ઉદાહરણ છે. એટલે દરિયાકિનારે અથવા વાવાઝોડાંના કારણે અસર થતી હોય તેવી તમામ લાઇનોને અન્ડરગ્રાઉન્ડ કરવા માટે આગળ વધી રહ્યા છીએ. ગમે તેવું વાવાઝોડું આવે તો પણ ગામડામાં લાઇટ ન જાય તે અમારું સપનું છે. ૭૦–૮૦ કિ.મી.ની ઝડપે વાવાઝોડું આવે તો પણ ગામડાનો કોઇપણ રસ્તો ઇલેક્ટ્રિસિટીના કારણે બંધ ન થાય, કોઇ સગર્ભા માતાને તકલીફ ન પડે, દર્દીને તકલીફ ન પડે તે પ્રકારની વ્યવસ્થા તરફ અમે આગળ વધી રહ્યા છીએ. એક્સિડન્ટ ન થાય તેના માટે રૂ.૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કર્મચારીઓ માટે અન્ડરગ્રાઉન્ડ કેબલિંગ સુરક્ષિત નેટવર્ક, યાત્રાધામ વિકાસ, ડિસ્ટ્રિબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર, શિફ્ટિંગ યોજના, ગુજરાત વાયર ફ્રી સિટી એ અમારું સપનું છે. શહેર સુંદર દેખાય તેના માટે ક્યાંય વાયર બહાર ન આવવો જોઇએ. બધા વાયર જમીનની અંદર જ ફરતા હોવા જોઇએ. તેના માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આપણો અનુભવ છે કે જ્યાં સૈનિકો રહે છે તેવા સંવેદનશીલ વિસ્તારમાં જ્યારે વાવાઝોડું આવે, વરસાદ આવે ત્યારે ત્યાં સેલિનિટી બહુ હોય છે. અન્ડરગ્રાઉન્ડ નાખો તો પણ કોરોઝન થાય અને ઉપર હોય તો કોઇ સમયે સરહદ ઉપર ક્યાંક એવી પરિસ્થિતિ ઊભી થાય તો પણ વીજળી વગર સૈનિકો ન રહે તેના માટે આપણે નવી વ્યવસ્થા ઊભી કરી છે. આપણે તેનો પાયલોટ પ્રોજેક્ટ કર્યો અને સફળતાપૂર્વક ચાલ્યો. સરહદી વિસ્તારોમાં તમામ જગ્યાએ આ પ્રમાણેની વિતરણ વ્યવસ્થા કરવાની છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હું આપને એક દિવસ સ્પેશિયલ સત્ર માટે વિધાનસભાનો સમય આપીશ. આપની બધી પૉલિસીની જાણકારી પ્રેઝન્ટેશન મારફતે માનનીય ધારાસભ્યશ્રીઓને આપો. તેના માટે પૂરતો સમય આપીશ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં બૂક છપાવીને બધાને આપવાનું નક્કી કર્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એક વખત કલાક દોઢ કલાકના પ્રેઝન્ટેશનમાં બધાને સમજાવો પણ હવે પંચાયત વિભાગની માગણીઓ ઉપર આવો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાહકો માટે જે નવા ઇનિશિયેટીવ લીધાં છે તેની વાત બે મિનિટમાં પૂરી કરીશ. સ્માર્ટ ગવર્નન્સ, ઇ–વિધુત સેવા, ઇ.સી.જી.આર.એફ., સી.પી.સી., સી.સી.સી., અક્ષય ઊર્જા સેતુ, સી.ઓ.ઊર્જા જેવી અનેક ટૅકનૉલૉજીનાં સહારે ગ્રાહકોને ઓછામાં ઓછી તકલીફ પડે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આખા દેશમાં ગુજરાત વીજ લોસમાં પાછળ છે. અમારા માટે હિમાલય એ એવરેસ્ટ નથી. ૯.૮૯ ટકા વીજ લોસ છે તેમાં હજુ અમારે ઘટવું છે. ઘણાં બધાં પગલાં લીધાં છે. મેં અગાઉ વાત કરી તે પ્રમાણે કાર્બન બોર્ડર, વાઇબ્રન્ટ ગુજરાત.

માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત વિભાગની વાત કરું તો મેં વર્ષ ૨૦૦૧નું બજેટ જોયું તો ગામડાંઓ માટે શિક્ષણ, આરોગ્ય, વીજળી, પંચાયત આ બધાનો સરવાળો કરીએ તો કુલ બજેટના ૧૮ ટકાથી વધારે થતું ન હતું. તેની જગ્યાએ અત્યારે ઇરિગેશનની વ્યવસ્થાઓ, આદિવાસી વિસ્તારમાં એસ.સી.એસ.પી. (ખાસ અંગભૂત)ની યોજનાઓ, શિક્ષણ તેમજ આરોગ્યની વ્યવસ્થાઓ, શહેરમાં તો ઈઝ ઓફ લિવિંગ માટે રોડ–રસ્તા ગટર અને વીજળી આટલી જ જરૂરિયાત હોય છે. ગામડામાં રહેતાં ખેડૂતને વીજળી પણ જોઇએ, રસ્તા પણ જોઇએ, તાલુકા સુધી પહોંચવા માટે ખૂબ બધી વ્યવસ્થાઓ જોઇતી હોય. તે બધી જ યોજનાઓ આપણે પૂરી કરીએ છીએ. વખતોવખત માળખાકીય વિકાસ કરવા માટે તેની ગ્રાન્ટમાં પણ આપણે સતત વધતાં રહ્યા છીએ. ૧૪,૬૩૬ ગ્રામ પંચાયત, ૨૬૫ તાલુકા પંચાયત અને ૩૪ જિલ્લા પંચાયત માટે પણ વ્યવસ્થા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમાં આપનું વાવ–થરાદ પણ આવી જવાનું છે. તેમાં પ્રાંત ઓફિસ, કલેક્ટર, ડી.ડી.ઓ., તાલુકા કચેરીઓ, જિલ્લા કચેરીઓ અને હમણાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ એકસાથે ૨,૬૬૬ જેટલી ગ્રામ પંચાયતોનું ઉદ્ઘાટન કર્યું. એકસાથે બધાં ગામડાંઓને ગ્રામ પંચાયત મળે તેવું આજ સુધી બન્યું નથી. પ્રત્યેક ગામનો વ્યક્તિ પોતાનો વહીવટ કરવા માટે વટથી બેસી શકે એ પ્રકારની ઓફિસો અને તલાટીને રહેવાની વ્યવસ્થાઓ કરવાના છીએ. ગરીબ કલ્યાણ મેળા. ગઇ વખતે જ્યાં આગળ તાલુકા મથક હોય અને દસ હજારથી વધુ વસ્તી હોય એવા તમામ તાલુકા મથકોને આવરી લઇ ત્યાં બધી જ વ્યવસ્થાઓ પૂરી કરવાના હતા. એ વખતે ૧૦૦ કરોડ ફાળવ્યા હતા પરંતુ આ વખતે નક્કી કર્યું કે કેવળ તાલુકા મથક નહીં પણ દસ હજારથી વધુ વસ્તી હોય એવા તમામ ગામોને આવરી લેવા માટેની જોગવાઇ કરી છે. આવા તમામ ગામડાઓને સી–કલાસની નગરપાલિકા સમકક્ષની બધી જ સગવડો આપવાના છીએ. રસ્તા, પાણી, વીજળી વગેરે. એક વ્યવસ્થાના સ્વરૂપે એનું મોનિટરિંગ પણ પરફેક્ટ કરવાના છીએ. આ સિવાય આવનારા સમયમાં ગ્રામ પંચાયત દ્વારા થતાં કામો માટે એક અલગ પી.એમ.યુ. યુનિટ બનશે. એમાં જુદાં–જુદાં ગ્રાન્ટોનાં કામો એક જ જગ્યાએ કલેક્ટ થાય અને કામ બેવડાય નહીં એ પ્રકારની વ્યવસ્થા સિવાય પણ દસ હજાર ઉપરની ગ્રામ પંચાયતોને એક એન્જિનિયર આપવાની વ્યવસ્થા આપણે કરીએ છીએ.

ગામડાની ચિંતા એટલા માટે કરીએ છીએ કે ગાંધીજી હોય, શ્રી નરેન્દ્રભાઇ હોય બધાં જ ગામડામાં ભારતનો આત્મા જોવે છે અને ભારતનો આત્મા જ્યાં જોવાતો હોય એટલે ગામડું કેમ સદ્ધર બને એના માટે જે કરવું પડે એ કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. અમારું અને માનનીય કુંવરજીભાઇનું ભેગું રૂ.૧૪ હજાર કરોડ આસપાસનું બજેટ છે. એ કેવળ પંચાયત પૂરતું નહીં પરંતુ ગામડાનું બજેટ જો ગણવું હોય તો બધા વિભાગોને ઇન્ટિગ્રેટ કરીને તમે ગણો તો ખ્યાલ આવે કે બજેટનો કેટલો હિસ્સો ગામડા સુધી પહોંચી રહ્યો છે. ગામડામાં તળાવો ભરવા, પાણી ઉલેચવું, વીજળીથી ઉપાડીએ, વીજળીનું બિલ સરકાર ભરે, સૌની યોજના હોય કે સુજલામ સુફલામ યોજના હોય, બિલ સરકાર ભરે. ઇરિગેશનની વ્યવસ્થાઓ, સ્ટ્રેન્ધનિંગ કરવું અને ઊર્જા ક્ષેત્રે જે ચોવીસ કલાક વીજળી આપી છે એ આજે પણ શ્રી નરેન્દ્રભાઇના નામે ગામડે લખાય છે. તમે ચોવીસ કલાક વીજળીની વાત કરો એટલે નરેન્દ્રભાઇનું નામ આવે. મોટી વીજળી કહીએ તો પણ ચાલે. એ પ્રકારની એક આભા ઊભી થઇ છે. બાળકોને વાંચવાની વ્યવસ્થાઓ, ખેડૂતોને ખેતી માટેની વ્યવસ્થાઓ, ગૃહિણીઓને સવાર–સાંજ ભેંસો દોહવી હોય તો એની વ્યવસ્થા. વિચારો તો ખરા. સાંજે ખાલી આ કોળીયો આઘોપાછો ન થાય એની ચિંતા કરતા હતા. હવે તો સંપૂર્ણ વ્યવસ્થાઓ કરી છે. બહુ સમય લેતો નથી પણ એટલું ચોક્કસ કહીશ કે ભૂપેન્દ્રભાઇની સરકાર બધાને એક જ દ્રષ્ટિએ જોવે છે. એમાં આદિવાસી હોય, અનુસૂચિત જાતિ સમાજ હોય, સામાન્ય વર્ગ હોય, ગામડું હોય, શહેર હોય, તમામ લોકોને સાથે લઇ એક વિકાસના પથ પર ચાલવાની નેમ આ ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની છે. આજે આંબા વાવી રહ્યા છીએ. આવનારા સમયની ગુજરાતની પેઢીઓ એના ફળ ચાખવાની છે. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : કોઇને પ્રશ્ન છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે બહુ સરસ પદ્ધતિ સ્વીકારી છે અને ધારાસભ્યશ્રીઓને પણ ગમે છે. પોતાના વિસ્તારનો વિષય હોય, અધિકારીઓ અને મંત્રીશ્રીઓ બેઠાં હોય છે અને આખું ગુજરાત સાંભળે, એમનો મતવિસ્તાર પણ સાંભળે કે અમારા ધારાસભ્યશ્રીએ આ રજૂઆત કરી. આ બિલકુલ વ્યાજબી છે પરંતુ ક્યારેક સમયનો અભાવ હોય તો એવા સમયે આપની ઓફિસથી બધા પ્રશ્નો વિધાનસભાની કામગીરી સ્વરૂપે સ્વીકારીને મંત્રીશ્રીઓ દ્વારા મોનિટરિંગ થાય તો એ વધારે યોગ્ય રહેશે.

અધ્યક્ષશ્રી : વાત સાચી છે. આ રીતે પણ વ્યવસ્થા કરી શકાય. આમ તો માનનીય ધારાસભ્યશ્રી લેખિતમાં આપે એને અધિકારીશ્રીઓએ અને સચિવશ્રીઓએ ગંભીરતાથી કરવું જોઇએ અને હમણાં એના માટેનો એક પરિપત્ર પ્રોટોકોલ અને બાકી બધા વિષયો ઉપર જી.એ.ડી.એ કર્યો છે પરંતુ આ કામને બજેટ પાસ કરતાં પહેલાં, માગણીઓ પાસ કરતાં પહેલાં માનનીય ધારાસભ્યશ્રીઓની જે પ્રાયોરિટી હોય એટલે કે પ્રજાની પ્રાયોરિટી હોય એને તમારા બજેટના અનુસંધાને, એની જોગવાઇઓ પ્રમાણે પ્રાયોરિટી આપવી જોઇએ અને ના થઇ શકે એવું હોય તો પણ વિધાનસભાને જાણ કરવી જોઇએ. વિધાનસભા મારફત ધારાસભ્યશ્રીઓને જાણ કરવી જોઇએ કે અમે આ કારણસર કરી શકતા નથી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ઇન્ડિયન ટેલિગ્રાફ એક્ટ ૧૮૮૫ મુજબ ઇલેક્ટ્રિક લાઇન પસાર કરવા માટેની જે મંજૂરી આપવામાં આવે છે એમાં કોઇ નક્કર પોલિસી બનાવવામાં આવે અને ખેડૂતોને અન્યાય ના થાય એ રીતની વીજલાઇનો પસાર કરવાની પોલિસી બનાવવામાં આવે.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૭/૧૨માં જે નામો ચાલે છે તેને સેલ્ફ ડિકલેરેશનથી યોજનાનો લાભ આપવાનું એક સૂચન કરું છું. જે રીતે ઊર્જા વિભાગમાં માનનીય કનુભાઇ દેસાઇ સાહેબ અને આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે નિર્ણય લીધો છે અને આ દેશના વડાપ્રધાનશ્રી દ્વારા પણ કિસાન સન્માન નિધિમાં ૭/૧૨માં જેટલા ખેડૂતો છે એને લાભ આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એ બધું માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે. આપણે મંત્રીશ્રીનો જવાબ આપવાનો નથી. તમારો કોઇ પ્રશ્ન હોય તો બોલો.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જામનગર જિલ્લા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં, વર્ષ ૨૦૧૩માં દેવભૂમિ દ્વારકા જિલ્લો અલગ પડેલ છે. આજસુધી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સર્કલ ઓફિસ અલગ કરવામાં આવેલ નથી. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મીટરના કનેકશનો બહુ વધી ગયાં છે તો નવી સર્કલ ઓફિસ બનાવવા માટેની માગણી છે.

શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારા કડી મતવિસ્તારમાં ૧૧૮ ગામ છે અને કડી શહેર છે. મેં નવીન સબ ડિવિઝન બનાવવા માટેની માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરેલી છે એ મંજૂર કરવામાં આવે એવી હું વિનંતી કરું છું.

શ્રી પંકજ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ત્યાં કલેકટર ઓફિસમાં દસ્તાવેજની ઓફિસ ૧૦x ૧૦ની જ છે. આપણને દસ્તાવેજથી કરોડો રૂપિયાની રેવન્યુ મળતી હોય ત્યારે ઓફિસ સારી અને મોટી હોવી જોઇએ. તો એના માટે વ્યવસ્થા થાય.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે અમારા વારાહીમાં પંચાયત દૂર છે અને નવી જમીન કોર્ટની બાજુમાં સંપાદન થઇ ગઇ છે. તાલુકા પંચાયતનું કામ વહેલી તકે ચાલુ થાય એ ખૂબ જ જરૂરી છે જેથી પંચાયતનું મકાન રોડ ઉપર આવી જાય. મામલતદાર કચેરી રોડ ઉપર આવેલ છે. ન્યાય મંદિર પણ

રોડ ઉપર આવેલ છે. કોર્ટની બાજુમાં જમીન લગભગ સંપાદન થઇ ગઇ છે એટલે તાલુકા પંચાયતનું મકાન રોડ ઉપર આવી જાય એવી મારી વિનંતી છે.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે મારા વિસ્તારમાં ૭૯૨ ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના આવાસ છે જે ખૂબ જર્જરિત છે તો એનું રીડેવલપમેન્ટ કરવામાં આવે. હું ઊર્જા ક્ષેત્રે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે સી.એન.જી.ના નવા પંપ માટેની મંજૂરી આપવામાં આવે.

શ્રી કનૈયાલાલ બ. કિશોરી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા દાહોદ વિસ્તારમાં ખાસ કરીને નદીનાળાં આધારિત ચેકડેમોથી એલ.આઇ. થતી હોય છે. એ એલ.આઇ.ઓમાં ઊર્જા આપવામાં આવે છે પણ ઘણી વખત ત્યાં લાઇટ બિલ ના ભરવાના કારણે ઘણી એલ.આઇ. યોજનાની લાઇટ કટ થઇ જાય છે. મીટરો કટ થઇ જાય છે. એને ફરીવાર પુનઃ જોડાણ આપવામાં આવે અને લાઇટબિલમાં માફી અપાવે એવી વિનંતી છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં દાંતીવાડા તાલુકાના સરહદી ગામોમાં ફોરેસ્ટના લીધે જગ્યા મળતી નથી જેના કારણે પંચાયત ઘર, સ્કૂલો કે જાહેર સુવિધાઓ માટે કામ થતું નથી તો એની મંજૂરી મળે એ માટે વિનંતી છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા બોટાદમાં ગઢડા તાલુકામાંથી લાઇટ નીંગાળા ગામે જાય છે. ચાર ગામની ભેગી લાઇન જાય છે. ઉગામેડીમાં ડાયમંડનો ઉદ્યોગ બહુ મોટો છે. અઠવાડિયામાં એક દિવસ લાઇટ હોય નહીં. ઉગામેડી ગામને જુદું રાખવામાં આવે અને બાકીના ગામોનું એક રાખવામાં આવે તો કાયમનો પ્રશ્ન હલ થઇ જાય.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો ખંભાત મતવિસ્તાર દરિયાઇ પટ્ટો છે. અગાઉ સરકાર દ્વારા બે ફીડર અન્ડરગ્રાઉન્ડ લાઇન નાખવામાં આવેલ છે. પરંતુ દરિયાઇ પટ્ટીના લીધે વારંવાર ક્ષારયુકત લાઇન થવાથી વીજ પુવરઠો ખોરવાય છે. તો જે પણ લાઇનો છે એ વહેલી તકે ફીડરો અન્ડરગ્રાઉન્ડ કરવા વિનંતી છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એ.ટી.વી.ટી. યોજના, ૧૫મું નાણાપંચ, ૧૫ ટકા વિવેકાધીન યોજના એમાં આર.સી.સી. રોડ, પેવર બ્લોકની ટકાવારીના કારણે જે તે તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત કે જિલ્લા પંચાયત પસંદગીના કામોમાં થોડો ખચકાટ અનુભવે છે. ૧૫ ટકાના ૨૦ ટકા કરવામાં આવે અને ૨૦ ટકાના ૧૫ ટકા કરવામાં આવે. બીજું કે જે ગટર લાઇનનું કામ થાય છે ત્યાં બધાં જ ગામડામાં આર.સી.સી. પાઇપ ખુલ્લી દેખાય છે. પણ એસ્ટિમેટમાં આર.સી.સી.પાઇપ ઉપર માટી પુરાણનું કામ પણ લેવું જોઇએ.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહેસૂલ વિભાગની માગણીઓ આપણે મંજૂર કરવા જઇ રહ્યા છીએ ત્યારે મારો મતવિસ્તાર સુરત શહેર (પૂર્વ) એ ૧૦૦ ટકા અશાંતધારામાં આવે છે. અમારે હિન્દુ વિસ્તારની અંદર વિધર્મીઓને મિલકતોની મંજૂરી આપવાનું કામ મહેસૂલ વિભાગ દ્વારા થાય છે ત્યારે અમારા વારંવારના વિરોધ અને રજૂઆતો છતાં પણ આ વસ્તુની જે કાંઇ પરિસ્થિતિ બને છે તેમાં હિન્દુ વિસ્તારમાં મંજૂરી ન મળે એવી વિનંતી છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારના બે તાલુકા અલગ અલગ પ્રાંત ઓફિસોમાં વહેંચાયેલી હોઇ, કાલોલમાં પ્રાંત ઓફિસરની નિમણૂંક થાય. પંચમહાલ જિલ્લામાં લાંબા સમયથી ડી.ડી.ઓ નથી તો ડી.ડી.ઓ.ની નિમણૂંક થાય અને જી.ઇ.બી.માં અમારે જંગલમાંથી લાઇન આવે છે એ કેબલ નાખી લાઇટ આપવામાં આવે એવી વિનંતી છે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જેટકોની સર્કલ ઓફિસ ૬ જિલ્લા વચ્ચે છે. ભરુચ, દાહોદ, મહીસાગર, પંચમહાલ, વડોદરા અને છોટા ઉદેપુર. ૨૫૦ કિલોમિટરનું અંતર છે. જેટકો સબ સ્ટેશનની કામગીરી કરે છે. તો અમારા પંચમહાલ જિલ્લામાં, દાહોદ જિલ્લામાં કે મહીસાગર જિલ્લામાં જેટકોની સર્કલ ઓફિસ લાવે એવી મારી વિનંતી છે.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી : માનનીય અધ્યક્ષશ્રી, અંકલેશ્વર જી.આઇ.ડી.સી.માં ઉદ્યોગો માટે હવે જગ્યા નથી. એના કારણે મારા ભરુચ વિધાનસભાના ત્રણ મોટા ગામો સારંગપુર, સૈનપુર અને જીટાલી આમાં પાંચ નાના ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ છે. કામધેનુ, સિલ્વર, ગોલ્ડન, માધવ અને જયઅંબે. આ મારા ૧૭ ગામોની સાથે આ પાંચ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ છે એટલે વીજ વપરાશ વધારાના કારણે ઘણીવાર ગામડામાં પ્રશ્ન ઊભો થાય છે અને એસ્ટેટમાં પણ વીજળીનો પ્રશ્ન ઊભો થાય છે. આના માટે અનેકવાર મિટિંગો એસ.ઇ.ની હાજરીમાં થઇ છે. વિભાગ સમીક્ષા કરીને લોકોને સમયસર વીજળી મળે અને એસ્ટેટમાં ઇન્ટરપ વગર સમયસર વીજળી મળે એના માટે ખાસ ધ્યાન આપે.

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં ખાસ જુના વાંઢ અને પરા, સને ૧૯૭૧ માં જે લોકો આવ્યા એને ગામડા આપ્યાં છે એ રેવન્યુમાં ચડેલાં નથી. સરકારી લાઇટ, પાણી, પંચાયત ઓફિસ બધો લાભ લઇ રહ્યા છે. પણ રેવન્યુમાં નથી એના લીધે પંચાયતને ખોટ જાય છે. ફોરેસ્ટની મગજમારી થતી હોવાથી આ ગામડા રેવન્યુમાં ચડે એવી વિનંતી છે.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા આણંદ વિસ્તારમાં પરા વિસ્તારમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ ૨૪ કલાક લાઇટ માટેની દરખાસ્ત ડિવિઝનમાં મોકલેલ છે એ દરખાસ્ત એમ.જી.વી.સી.એલ.ની હેડ ઓફિસમાં જાય છે એના કારણે વિલંબ થાય છે. તો ઝડપથી નિર્ણય થાય. બીજું, સબસ્ટેશનો બનાવવા માટે જેટકો તરફથી કાર્યવાહી થવી જોઇએ

એમાં ગામડી, સંદેસર અને ગાનમ માટે ઘણા સમયથી અમારી દરખાસ્ત પેન્ડીંગ છે તો આ ઝડપથી નિર્ણય થઇને સબ સ્ટેશનો બનાવવામાં આવે.

ડૉ. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને એક વિનંતી કરવા માગુ છું કે, રાજપીપળા ખાતે અને તિલકવાડા તાલુકામાં સ્વસહાય જૂથની બહેનોને ઉત્પાદનો માટે એક સ્થાયી જગ્યા મળી શકે અને વેચાણ કરી શકે એ માટે આ બે જગ્યા પર ગ્રામહાટ બનાવવામાં આવે. સાથે સાથે ગરૂડેશ્વર તાલુકાના મારા ત્રણ ગામો ખૂબ દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે ત્યાં લાઇટની વ્યવસ્થા પહોંચી શકી નથી. આ અંતરિયાળ ગામોમાં ચાપડ ફળિયું, માતરખેડા ગામનું તિલખાડી ફળિયું, સિંદીપાણી ફળિયું અને ઘમંડ ફળિયું આ ચાર ગામોને સોલાર સિસ્ટમ દ્વારા લાઇટની વ્યવસ્થા પહોંચી શકે એ માટે આપને વિનંતી કરું છું.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા મહિસાગર જિલ્લામાં વિદ્યુત ગોડાઉનો નથી. સાધન-સામગ્રી માટેનું ગોડાઉન ગોધરા ખાતે છે એને ટ્રાન્સફર કરીને લુણાવાડામાં બનાવવામાં આવે. જમીન ફળવાય છે પણ પૈસા ભરવામાં આવ્યાં નથી જેથી ગોડાઉન બન્યું નથી. વહેલી તકે પૈસા ભરી ગોડાઉન બને એવી મારી માગણી છે.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં નવરચિત તાલુકાઓ બન્યા છે એમાં વ્યારામાંથી ડોલવણ છૂટો પડ્યો છે. નિઝરમાંથી કુકરમુંડા છૂટો પડ્યો છે. બંને તાલુકાઓ અવિકસિત તાલુકાઓ છે તો આ બંને તાલુકાને વિકાસશીલ તાલુકામાં લેવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી જનકભાઇ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત-વિસ્તાર લાઠી અને બાબરા તાલુકામાં લાઠી-૪ અને તાલુકા ડિવિઝન કરવા માટેની દરખાસ્ત મેં કરાવડાવી હતી એને વહેલી તકે મંજૂરી આપવામાં આવે. બાબરા અને લાઠી તાલુકામાં જેટકો દ્વારા સબસ્ટેશનો બનાવવા માટેની મારી ઘણાં સમયથી માગણી છે એ પણ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે મારી રાજકોટ-૬૮ વિધાનસભામાં આઇકોનિક રોડ માટે માનનીય શહેરી વિકાસ મંત્રાલયે કોર્પોરેશનને રૂ.૪૩ કરોડ જેવી માતબર રકમ ફાળવી છે અને રોડ મંજૂર થયો છે તો આ બજેટમાં રૂ.૫૦૦ કરોડ જેવી જોગવાઇ શહેરી વિસ્તારમાં અન્ડરગ્રાઉન્ડ વાયર માટે થઇ છે તો આઇકોનિક રોડ જે બને છે એમાં વાયરીંગ અન્ડરગ્રાઉન્ડ થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે અમારી જિલ્લા પંચાયતનું બિલ્ડિંગ ઘણાં વર્ષોથી જૂનું છે અને કામ પૂર્ણતાના આરે છે તો એ ઝડપથી થાય એવી વિનંતી છે.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા: માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રમાં મોરબી એક ઔદ્યોગિક સેન્ટર છે. પી.જી.વી.સી.એલ.ની ૩૦ ટકા આવક ધરાવતો મોરબી છે તો જેટકોની સર્કલ ઓફિસ માગી છે એ વહેલી તકે આપવામાં આવે તો મોરબીના ઔદ્યોગિક વિકાસ માટે જરૂરિયાત પ્રમાણે જેટકો તાત્કાલિક ૬૬ કે.વી. સબ સ્ટેશનો ઊભા કરવા હોય, લાઇનો ખેંચવાની હોય તો કરી શકે. તો એ સર્કલ ઓફિસ મોરબીને મળે તેવી અમારી માગણી છે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મહુવા શહેર માટે વીજળીનું બાયફરકેશન માટે બે ૬૬ કે.વી. માગેલા છે. ખૂબજ જરૂરિયાત હોવા છતાં બે વર્ષથી હજુ કામગીરી શરૂ થઇ નથી તો એ તાત્કાલિક થાય. બીજો પ્રશ્ન પંચાયત વિભાગનો છે. દરિયાકાંઠાના આખા વિસ્તારમાં જે ગામડામાં ગટર લાઇનો નાખવામાં આવે છે એ સિમેન્ટ પ્રેશર પાઇપ અમરેલીથી ઢસા સુધી ક્યાંય મળતા નથી તો પંચાયત વિભાગ પી.વી.સી. પાઇપલાઇનના એસ્ટીમેન્ટ મંજૂર કરે એવી રજૂઆત છે.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારો તાલુકો વિધાનસભા ક્ષેત્ર ૧૨૦ ગામોમાં વહેંચાયેલો છે અને બધા ગામમાં એગ્રીકલ્ચર લેન્ડ ખૂબ મોટા પ્રમાણમાં આવેલી છે તો તળાજા અને પાલિતાણા બંનેની સંયુક્ત ડિવિઝન ઓફિસ છે એને જુદી કરવામાં આવે. કારણ કે લાંબા સયમથી અમારી બંનેની માગણી છે તો જુદી કરવામાં આવે તો ખૂબ સરળતા રહે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારની અંદર ખારાઘોડા રણકાંઠાનું ગામ છે ત્યાં મીઠા ઉદ્યોગ ખૂબ પ્રમાણમાં વિકસ્યો છે તો ત્યાં જેટકો મારફતે ૬૬ કે.વી. સબસ્ટેશન આપવામાં આવે એવી વિનંતી છે.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા ગાંધીધામ વિસ્તારમાં સબ ડિવિઝન છે પણ કન્ઝયુમરની સંખ્યા ખૂબ વધારે હોવાના કારણે એક નવા સબ ડિવિઝનની જૂની માગણી કરેલી છે તો એને મંજૂર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી માણસા નગરપાલિકાની પોતાની જગ્યા છે એમાં જો સોલાર અમને સરકાર તરફથી આપવામાં આવે તો અમારી નગરપાલિકાની ભાડાની આવક થાય એમ છે. ગામડાંની અંદર એક કિલો વોટ અને બે કિલો વોટ જે સામાન્ય માણસો છે તેમના માટે આ સોલાર આપણે આપીએ છીએ. તેમાં જે સબસિડી આપીએ છીએ તેના સિવાયની જે રકમ બાકી રહે છે તેમાં નાના માણસોને બેન્કો જો સો ટકા હમેથી આપે તો આની અંદર ખૂબ વેગ મળશે.

ફાલ્ગુન ૧૯, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપે વિભાગની માગણીની અંદર પ્રશ્નોત્તરીની એક નવી પ્રથા દાખલ કરી છે. આમ તો પહેલાં એવું હતું કે જેની કાપ દરખાસ્ત હોય એ કાપ દરખાસ્તવાળો ધારાસભ્યશ્રી જ તેમાં ચર્ચામાં ભાગ લઇ શકતો હતો અને અધ્યક્ષસ્થાને બેઠેલાં અધ્યક્ષશ્રી પણ અમુક જગ્યાએ છૂટ આપતા હતા પણ આપે સ્કોપ બહોળો, વિશાળ કરી દીધો છે કે બધા ધારાસભ્યોને પ્રશ્ન પૂછવાનો મોકો આપો છો માટે આ નવી પ્રથા બદલ આપને અભિનંદન. મારા અનુભવ મુજબ જે ધારાસભ્યોની માગણી છે, લાગણી છે, દરખાસ્ત છે કે વિનંતી છે અને અધિકારીશ્રી નોંધે છે અને તેનું વિધાનસભાગૃહ થકી જ સંચાલન થઇ અને તેમનાં જે કામો થવાનાં છે તે માટે આપને ફરી એક વખત અભિનંદન છે. આગળના વિભાગમાં પણ જોયું અને અત્યારે પણ જોયું કે ધારાસભ્યો આટલા ખુલ્લા મને પ્રશ્નો પૂછે છે. ભવિષ્યમાં પણ જોઇશું કે આ જે બધા પ્રશ્નો છે તે પ્રશ્નોના સ્વરૂપમાં પૂછો તો મંત્રીશ્રી તેનો જવાબ પણ આપી દે અને તેનો આપણને તરત જ તેનો આઇડિયા પણ આવી જાય પણ હવે આપે જે નવી પ્રથા કરી છે તે બદલ હું આપને અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : મૂળ વિષય એવો છે કે, રૂલિંગ પાર્ટીના ધારાસભ્યો મોટાભાગે કાપ દરખાસ્તો મૂકી શકતા નથી. બાકીના ધારાસભ્યોને તો મોકો મળતો હોય છે પણ રૂલિંગ પાર્ટીના ધારાસભ્યોને પણ આ મોકો મળવો જોઇએ અને એ પણ વિધાનસભાના ધારાસભ્ય જ છે ને?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપની પ્રથા માટે મેં અગાઉ પણ અભિનંદન આપ્યા છે પણ શૈલેષભાઇએ કહ્યું છે એટલે કહું છું વિપક્ષ કહેતો હોય કે સત્તાધારી પક્ષના ધારાસભ્યો પૂછી શકતા નથી. સરકારને આ બન્ને કેટલા ખુલ્લા મનના છો અને આટલા બધા પ્રશ્નોના આધારે નક્કી થાય છે કે જે તેના વિસ્તારનો પ્રશ્ન હોય તે ખૂબ ખુલ્લા મને અને ધારાસભ્યશ્રીઓને પણ અભિનંદન આપવા પડે કે તેના વિસ્તારમાં કેટલા તે ખૂંચી ગયા છે. દરેક વિભાગની અંદર લોકોની શું મુશ્કેલી છે એની પણ જાણકારી છે જે અહીંયા ફલિત થાય છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે આપને ત્યાં જયારે પ્રશ્નો આવશે અને કેટલાક પ્રશ્નો હું પણ સાંભળતો હતો મોટાભાગના જે પ્રશ્નો હતા તેમાંથી લગભગ ૬૦થી ૭૦ ટકા એ જિલ્લા સંકલનની અંદર જ ઉકલી શકે એવા પ્રશ્નો હતા. મારી વિનંતી છે આપ પણ એ દા.ત. કલેકટર લેવલે જિલ્લા સંકલનમાં ઉકેલાતા હોય તો એ સીધે સીધા ત્યાં જ તે ફોરવર્ડ થાય રાજય સરકારનો કોઇ રોલ જ નથી ત્યાં જિલ્લાના લેવલે જ તે વિષય પૂરો થાય છે એવા પણ કેટલાય વિષયો હતા. મારી વિનંતી છે અને બધા ધારાસભ્યશ્રીઓને પણ વિનંતી છે કે, આપણે આ કામ કેવી રીતે કરવું. જિલ્લા સંકલનનું કામ તે તમે રાજયમાં કહો તે મારી દ્રષ્ટિએ એ ધારાસભ્ય તરીકે કયાંક આપણી ઉણપ પણ છે. મારી વિનંતી છે કે, જિલ્લા સંકલનનાં કામ તે પૂરાં કરાવવા માટે ધારાસભ્ય સક્ષમ હોવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમારે એક બાબતનું એ પણ ધ્યાન રાખવું જોઇએ કે કોઇ માનનીય ધારાસભ્યશ્રી જયારે જિલ્લા સંકલનનો પ્રશ્ન જો અહીં સુધી લાવતા હોય તો એક વખત ફોલોઅપ લઇને તમારા ડિપાર્ટમેન્ટના જેટલા પ્રશ્નો છે, જિલ્લા તંત્રને પણ તમે સૂચના આપીને તેનો પણ ઉકેલ ત્યાં આગળ કરાવવાની વ્યવસ્થામાં જે તે કંપનીઓ હોય દા.ત. યુ.જી.પી.સી.એલ હોય પી.જી.વી.સી.એલ હોય તો એ એની રીતે કામ ત્યાં કરે છતાં પણ ત્યાં હોય તો પણ ધારાસભ્યશ્રીઓને મદદરૂપ થવા માટે માનનીય મંત્રીશ્રીઓ મદદરૂપ થાય તો આ પ્રજાના પ્રશ્નો છે અને આ જ તમારું કામ છે.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૪, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૬, ૪૭, ૪૮ અને ૪૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૧૨, ૧૩, ૭૦, ૭૮ અને ૭૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રીઓ માટે એમનું શરીર અને મન બંનેની તંદુરસ્તી સારી રહે એટલા માટે એક યોગ માટેના કાર્યક્રમનું પ્લાનિંગ કર્યું છે એટલા માટે તા.૧૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૬–૦૦ વાગે મલ્ટીપર્પઝ હોલ, ન્યુ એમ.એલ.એ. કવાર્ટર, સે. ૧૭ ખાતે 'યોગ સંવાદ' કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તા.૧૧મી તારીખે સાંજે યોગની સમજ થાય તે માટે અને તા. ૧૨મી માર્ચ અને તા. ૧૩મી માર્ચના રોજ સવારે ૬–૩૦ થી ૮–૦૦ કલાક સુધી ગાર્ડન એરિયા, ન્યુ એમ. એલ.એ. કવાર્ટર, સે. ૧૭ ખાતે યોગ શિબિરનું આયોજન ગુજરાત રાજય યોગબોર્ડ દ્વારા કરવામાં આવેલ છે. ઉકત યોગ સંવાદ કાર્યક્રમ તથા યોગ શિબિરમાં સર્વ માનનીય સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે. માનનીય મંત્રીશ્રીઓને પણ નિમંત્રણ છે કે આપણે પોતાના માટે પણ થોડોક સમય આપણે બધા કાઢીએ.

સભાગૃહનું કામકાજ સાંજના ૭–૩૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧૧ મી માર્ચ, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

પુસ્તક–૧૧૮	વિષય સૂચિ	ચોથી શ્રેણી
સભ્યનું નામ	**વિષય**	**પેજ નં.**
અક્ષયકુમાર ઈ. પટેલ	રાજ્યમાં ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગના વિકાસ માટે પોલિસીનો અમલ	૧૨૧
	વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ	૧૭
અધ્યક્ષશ્રી	સભાગૃહમાં વાંચીને પ્રવચન ન કરવા અંગે	૩૩૨
અનંતકુમાર હ. પટેલ	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)	૫૬
	અનુસૂચિત જનજાતિના ખોટા પ્રમાણપત્રો રદ કરવા બાબત	**૨૯૪**
	ખેડા અને ડાંગજિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો	૩૧
	નર્મદા અને તાપી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ	૪૧૨
	નવસારી અને વલસાડ જિલ્લામાં ગૌચરની જમીનોમાં દબાણ	૨૦૧
	વલસાડ અને નવસારી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ	૪૦૪
	સ્ટેટ લેવલ વેટલેન્ડ ઓથોરિટીની રચના	૧૨૫
	નર્મદા અને મોરબી જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો	૪૩
	નવસારી અને ડાંગ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૧૪૪
	નવસારી અને વલસાડ જિલ્લામાં તલાટી–કમ–મંત્રીનું મહેકમ	૨૩૨
	નવસારી અને વલસાડ જિલ્લામાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા બાબતે	૩૭૯
	નવસારી અને વલસાડ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો	૧૪
	વલસાડ અને તાપી જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૮૩
	વલસાડ અને નવસારી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ	૩૨૬
	ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક	**૩૧૬**
અનિકેત ગિ. ઠાકર	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ	૪૩૩
	બનાસકાંઠા જિલ્લામાં પી.એમ.કુસુમ યોજના હેઠળ ખેડૂતોને સોલાર વોટર પંપ	૨૧૪
	બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ	૨૪
	બનાસકાંઠા જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે પ્રોત્સાહન બાબત	૯૯
	બનાસકાંઠા જિલ્લામાં વાજપાઇ બેંકેબલ યોજના	૩૦૫
અનિરુદ્ધ ભા.દવે	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ	૪૨૭
	કચ્છ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની ક્લેઇમ અરજીઓ	૨૯૮
અભેસિંહ મો. તડવી	છોટા ઉદેપુર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના	૩૧૦
	રાજ્યના આદિવાસી વિસ્તારોમાં પીવાલાયક પાણી શોધવા ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચની કામગીરી	૧૦૧
અમૃતજી મો. ઠાકોર	ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	૩૫૮
	ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૬	૨૬૪
	શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વર્ગદીઠ લઘુત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા અલગ અલગ હોવા બાબત	૪૧૩
	અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૧૪૦
	કાંકરેજ તાલુકાના થરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રનું અપગ્રેડેશન	૧૯૪
	ગાંધીનગર અને અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ	૪૦૭
	પોલીસ કર્મચારીઓને પગાર ચૂકવણા માટે ગ્રાન્ટ ન હોવા બાબત	૩૧૧
	બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ	૩૨૨
	બનાસકાંઠા જિલ્લાના નવરચિત તાલુકાઓમાં પંચાયતની સીટો	૨૩૦
	બનાસકાંઠા જિલ્લામાં ગુણોત્સવ	૩૯૩
	બનાસકાંઠા જિલ્લામાં પીએમશ્રી અને અનુપમ શાળાઓને ગ્રાન્ટ	૩૨
	બનાસકાંઠા જીલ્લામાં પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન	૧૫
	મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો	૪૩
	રાજ્યમાં ફરજિયાતપણે નેનો લીકવીડ યુરિયાની ફરિયાદ	**૧૧૮**
	વડોદરા અને રાજકોટ જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો	૨૪૬
	સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ	૩૩૦
અમુલ ભટ્ટ	બેન્ક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બાબત	૨૯૭

	સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા અંગેના સઘન અને જરૂરી પગલાં ભરવા અંગે	૧૬૦
	"સ્વચ્છ શહેર, સુંદર શહેર" યોજના અન્વયે અમદાવાદ મહાનગરપાલિકાને ગ્રાન્ટ	૩૭૫
અમિત ચાવડા	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)	૧૫૩
	અન્ન પુરવઠો અને ખાદ્યતેલના ભાવ નિયંત્રણ માટે જોગવાઈ	૪૭
	આણંદ અને મહિસાગર ખાતેની સિવિલ હોસ્પિટલને અપગ્રેડ કરવા બાબત	૨૧૨
	આણંદ જિલ્લાની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના	૪૦૦
	આણંદ જિલ્લામાં જર્જરિત અને ભયજનક શાળાઓ.	૩૯
	ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી વીજ ખરીદી	૨૩૯
	ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી સ્વ. શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારના અવસાન અંગે	૩૩૪
	રાજ્યનું કુલ દેવું	૨૫
	રાજ્યમાં જંતુનાશક દવા, રાસાયણિક ખાતર અને બિયારણની ગુણવતા બાબત	૧૨૭
	સંસદસભ્યશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓના પ્રોટોકોલ ભંગ થવા અંગેની ફરિયાદો	૯૫
	આણંદ અને નડિયાદ મહાનગરપાલિકામાં સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૪૧૦
અમિત ઠાકર	એમ એન્ડ જે ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થેલ્મોલોજી અમદાવાદ ખાતે આંખના રોગોની સારવાર	૨૦૧
અમીત શાહ	અમદાવાદ હાટ ખાતે હાથશાળ–હસ્તકલા મેળાઓ	૨૮૨
અર્જુનભાઇ દે. મોઢવાડિયા	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)	૧૫૫
અરૂણસિંહ અ. રણા	ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	૩૪૩
	ભરૂચ જિલ્લામાં શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ	૨૮૬
અરવિંદ છો. પટેલ	વલસાડ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના	૩૧૨
અરવિંદ શાં. રાણા	અમૃત ૨.૦ યોજના અંતર્ગત સુરત શહેરમાં પાણી પુરવઠાની કામગીરી	૩૯૧
	ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	૩૪૪
	પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત બેનિફિસિયરી લેડ કન્સ્ટ્રકશન ઘટકમાં સુરતમાં આવાસો	૨૨
	રાજ્યમાં મનરેગા યોજના અંતર્ગત શ્રમિકોને ચૂકવવામાં આવતું વેતન	૧૦૩
	સુરત જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન	૨૧૫
	સુરત શહેરમાં શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ	૨૮૩
અરવિંદભાઇ જી. લાડાણી	જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના	૨૯
	જુનાગઢ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો	૨૦૫
	જુનાગઢ જિલ્લામાં પશુ ખાણદાણ સહાય યોજના બાબત	૧૦૪
અલ્પેશ ખો. ઠાકોર	રાજ્યની કચેરીઓને જીસ્વાન અંતર્ગત જોડવા બાબત	૧૧૪
ઇમરાન યુ. ખેડાવાલા	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)	૨૬૯
	રાજ્યમાં થયેલ કમોસમી વરસાદ કે માવઠાને કારણે ખેડૂતોને ચૂકવવાની સહાય.	૮૧
	સરકારની માલિકીના પ્લેન અને હેલીકોપ્ટર પાછળનો ખર્ચ	૩૧૬
	અમદાવાદ અને સુરત જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટેની વ્યાજ સહાય	૨૯૫
	અમદાવાદ શહેર અને જિલ્લામાં ખાદ્ય પદાર્થોના ઉત્પાદન એકમોમાં ગુણવત્તાની ચકાસણી	૨૫૫
	અમદાવાદ શહેરમાં પીપીપી મોડલથી સ્પર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૨૬
	અમદાવાદ શહેરમાં સ્માર્ટસીટી પ્રોજેક્ટ હેઠળ મંજૂર થયેલ કામો	૪૨
	અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ઝોનફેર	૫૦
	બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડમાં સેસ દ્વારા જમા રકમ	૧૨૪
	મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદો પરની ચેકપોસ્ટ પરથી પકડાયેલ દારૂનો જથ્થો	૩૨૭
	અમદાવાદ શહેર અને જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના	૨૪૧
	અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલનું મંજૂર મહેકમ	૨૧૩
ઇશ્વરસિંહ ઠા. પટેલ	સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો	૧૫૦
ઉદય કાનગડ	પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત રાજકોટ શહેરમાં મંજૂર પ્રોજેકટ	૩૮૬
	રાજકોટ જિલ્લામાં "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ	૩૧૦
ઉમેશભાઇ ના. મકવાણા	ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	૩૬૦
	બોટાદ જિલ્લામાં ખેડૂતોને દિવસે વીજળી	૨૨૭

	બોટાદ જિલ્લામાં તાલુકાવાર ગ્રામ પંચાયતોના જર્જરિત મકાનો	૧૯૦
	બોટાદ જિલ્લામાં વિકસતી જાતિના કુમાર અને કન્યા છાત્રાલય બનાવવાની કામગીરી	૩૮૭
	બોટાદ જિલ્લાના પાળિયાદ ખાતેનું સામુહિક આરોગ્ય કેન્દ્રનું મકાન	૨૪૬
	બોટાદ તાલુકામાં હડદડ ગામ ખાતે સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા બનાવવા બાબત	૪૦૫
ઋષિકેશ ગ. પટેલ	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ	૪૪૦
	સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે	335
	હકીકતલક્ષી અહેવાલ સભાગૃહમાં રજૂ કરવા અંગે	૩૩૬
કેતનભાઇ મ. ઇનામદાર	રાજ્યમાં સેમિકન્ડકટરના વિકાસ માટે કરેલ કામ	૯૬
	વડોદરા જિલ્લામાં બોઇલરનું નિરીક્ષણ	૧૨૭
કનુભાઇ મો. દેસાઇ	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)	૨૭૪
	ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૬	૨૬૪
	ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૬	૨૫૭
કનુભાઈ ક. પટેલ	અમદાવાદ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની ક્લેઇમ અરજીઓ	૨૯૨
કનૈયાલાલ બ. કિશોરી	દાહોદ અને મહીસાગર જિલ્લામાં શિક્ષણ સહાયકોની ભરતી	૩૯૮
	દીન દયાળ જન આજીવિકા યોજના(શહેરી)	૨૮
	દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના	૩૦૬
	દાહોદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય	૯૮
કેયુર ના. રોકડિયા	ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	૩૪૮
	સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા અંગેના સઘન અને જરૂરી પગલાં ભરવા અંગે	૧૬૨
	મહત્વપૂર્ણ (critical) પ્રોજેકટ માટે ભૂકંપ પ્રતિરોધક માળખા અંગે ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચની ભૂમિકા	૧૧૬
	વડોદરા મહાનગરપાલિકાના ભૂગર્ભ ગટર પાઇપલાઇનના મંજૂર કામ	૩૯૭
કેશુભાઈ શી. પટેલ	ઘોરડો ખાતે લાઈટ એન્ડ સાઉન્ડની કામગીરી	૨૮૫
કેશાજી શિ. ચૌહાણ	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)	૫૭
	કચ્છ જિલ્લામાં ચેકડેમ અને વનતલાવડી બનાવવા બાબત	૧૨૩
	બનાસકાંઠા જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના	૧૮૫
	બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના	૨૮૩
	બનાસકાંઠા જિલ્લામાં નવી સરકારી માધ્યમિક શાળાઓ	૪૦૩
કાંતીભાઇ હિં.બલર	પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત સુરત અને ગાંધીનગરમાં બેનિફિસયરી લેડ કન્સ્ટ્રકશન ઘટકમાં આવાસો	૩૯૨
	રાજયમાં બિન પરંપરાગત ઊર્જા	૯૩
કાન્તિભાઇ કા. ખરાડી	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)	૨૬૭
	છોટાઉદેપુર અને અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ	૪૦૯
	છોટાઉદેપુર અને સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો	૩૭
	ડાંગ અને પોરબંદર જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ	૪૧૫
	ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ આદિજાતિ વિકાસના કામો	૨૮૦
	બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ	૪૦૦
	બનાસકાંઠા જિલ્લાની અંબાજી રેફરલ હોસ્પિટલનું સંવર્ગવાર મહેકમ	૧૭૭
	બોટાદ અને ડાંગ જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ	૩૨૩
	ભરૂચ અને રાજકોટ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો	૪૬
	બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ મંજૂર કામો	૧૨૮
	છોટાઉદેપુર અને મોરબી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ	૩૧૨
	દાંતા અને અમીરગઢ તાલુકામાં અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને થયેલ નુકસાન અન્વયે પાક સહાય	૧૦૦
	બનાસકાંઠા અને પોરબંદર જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૧૪૫
	બનાસકાંઠા અને બોટાદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપઆઉટ રેશિયો	૨૧
	બનાસકાંઠા જિલ્લામાં બાળ જન્મદર અને બાળ મૃત્યુદર	૨૨૨
કાળુભાઇ ચ. રાઠોડ	ગીર સોમનાથ જિલ્લામાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના મકાનો	૧૨૩

કાળુભાઈ રૂ. ડાભી	અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ	૨૯
કિરીટકુમાર કે. પટેલ	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ	૪૨૯
	મહેસાણા જિલ્લામાં બોઇલરનું નિરીક્ષણ	૯૮
	વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે પ્રવાસી સુવિધાની કામગીરી	૩૦૦
કિરીટકુમાર ચી. પટેલ	સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા અંગેના સઘન અને જરૂરી પગલાં ભરવા અંગે	૧૬૩
	સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ શાળાના બાળકોને સાહિત્ય	૩૮
	પાટણ અને મહેસાણા જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૧૦૬
	પાટણ જિલ્લામાં આવેલ મીટશોપ અને પોલ્ટ્રીશોપ	૨૩૨
	એમ. કે. યુનિવર્સિટી મંજૂર થયેલ જગ્યાના સ્થાનનેબદલે અન્ય જગ્યા પર ચલાવવા બાબત	૨૪
	પાટણ અને મહેસાણા જિલ્લામાં ફી નિર્ધારણ સમિતિએ નિયત કરેલ ફી કરતાં વધુ ફી વસૂલવા બાબત	૪૦૬
	પાટણ જિલ્લામાં સેન્ટ્રલ મોટર વ્હીકલ (અમેન્ડમેન્ટ) એક્ટ– ૨૦૧૫ હેઠળ સ્પેશ્યલ લાયસન્સ	૩૧૭
	મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો	૧૯૬
	મિહિર રાજેશ શાહ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના કેસમાં સુપ્રિમ કોર્ટ દ્વારા થયેલા આદેશોના અમલીકરણ બાબત	૨૯૬
	રાજયમાં આવેલ જમીન ચકાસણીની લેબોરેટરી	૧૩૦
	રાજ્યમાં રખડતાં ઢોરને કારણે અકસ્માતે થતા મોત બદલ વળતર	૩૯૦
કિરીટસિંહ સ.ડાભી	અમદાવાદ જિલ્લામાં ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે પાવર ટેરીફ સહાય યોજના	૨૯૮
	અમદાવાદ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મંજૂર મહેકમ	૩૭૬
	અમદાવાદ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના	૧૨૩
કૌશિકભાઈ સુ. જૈન	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)	૬૮
ગણપતસિંહ વે. વસાવા	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)	૧૫૦
ગુલાબસિંહ સો. ચૌહાણ	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)	૬૨
	અરવલ્લી અને જામનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપઆઉટ રેશિયો	૩૫
	આણંદ અને ખેડા જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો	૨૫૦
	આણંદ અને ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ	૪૦૭
	ખેડા અને સુરત જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયા	૩૨૭
	દાહોદ અને આણંદ જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ	૩૧૯
	દાહોદ અને પંચમહાલ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૧૪૮
	દાહોદ અને ભરૂચ જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો	૨૩૪
	પંચમહાલ અને પોરબંદર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો	૪૪
	મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ	૩૦૩
	મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો	૨૦૫
	મહિસાગર અને ભરૂચ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૧૪૩
	મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ	૩૯૦
	મહીસાગર અને ભાવનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપઆઉટ રેશિયો	૧૬
	રાજયમાં આવેલ ગૌશાળા અને પાંજરાપોળોમાં પશું નિભાવ માટે સહાયબાબત	૧૨૦
	વડોદરા અને સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ	૪૧૩
ગીતાબા જ. જાડેજા	રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના	૩૯૨
	રાજકોટ જિલ્લામાં વાજપાઇ બેંકેબલ યોજના	૨૮૪
	રાજકોટ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજનાઅંતર્ગત વ્યક્તિગત શૌચાલય	૯૧
	રાજકોટ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો	૨૧૨
ગોપાલ ગો.ઈટાલિયા	ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	૩૫૬
	ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૬	૨૬૩
	સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા અંગેના સઘન અને જરૂરી પગલાં ભરવા અંગે	૧૬૧
	સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા અંગેના સઘન અને જરૂરી પગલાં ભરવા અંગે	૧૬૨
	આણંદ અને જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ ભલામણો	૧૦૨

	તલાટી–કમ–મંત્રીઓ ગ્રામ્ય કક્ષાએ મથક ઉપર હાજર રહેવા બાબત	૧૯૪
	સુરત અને અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશન પરિસરના સીસીટીવી ફૂટેઝ બાબત	૩૧૭
	જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં ડુંગળીમાં ભાવફેર આપવા બાબત	૧૩૦
	જૂનાગઢ જિલ્લાની ઉબેણ નદીમાં ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદુષિત પાણી નાખવા બાબત	૧૪૬
	જૂનાગઢ જિલ્લાની ટીપી–૯ (સુખપુર)માં સવલતો	૪૦૪
	રાજકોટ અને સુરત જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વીજ શુલ્કમાં માફી	૩૮૫
	રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ પાત્રતા ઘરાવતા કુટુંબોને અન્ન વિતરણ	૩૦
	સુરત અને રાજકોટ શહેરમાં ટ્રસ્ટ / સામાજિક સંસ્થાઓને ચાર્જેબલ FSI માં મુક્તિ / છૂટછાટ આપવા	૩
	સોલાર પંપ ઈન્સ્ટોલેશન ઘરાવતા ખેડૂતોને વીજ જોડાણ આપવા બાબત	૨૩૦
	અમદાવાદ અને વડોદરા શહેરમાં દારૂનું સેવન કરેલ વ્યકિતઓને દારૂ પૂરો પાડનારા સામે કાર્યવાહી બાબત	૨૯૯
ગૌતમભાઇ ગો. ચૌહાણ	ભાવનગર જિલ્લામાં બોઇલરનું નિરીક્ષણ	૧૨૮
	વન વિભાગ દ્વારા મનરેગા યોજના હેઠળ લેબર ખર્ચ	૯૭
ચૈતન્યસિંહ પ્ર. ઝાલા	આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેતા ખેલાડીઓને આર્થિક સહાય	૩૦૭
	ઈન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ દ્વારા કરવામાં આવેલ વૈજ્ઞાનિક સંશોધનો	૧૦૪
ચૈતરભાઇ દા. વસાવા	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)	૬૫
	નર્મદા જિલામાં દિપડાના માનવો અને કાળીયાર હરણો પર હુમલા	૧૦૮
	રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવા બાબતબાબત	૨૮
	રાજ્યમાં સરકારી શાળાઓ પાળી પધ્ધતિથી ચલાવવા બાબત	૪૨
	દાહોદ અને મહીસાગર જિલ્લામાં સરકારી અનાજ સગેવગે કરવાની ફરિયાદ	૪૦૨
	પંડિત દિનદયાળ ઉપાધ્યાય યોજના હેઠળના અનાજ વિતરક દુકાન સંચાલકોના કમિશનમાં વધારો	૫૦
ચિરાગકુમાર અ. પટેલ	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ	૪૩૦
	આણંદ જિલ્લામાં પશુ ખાણદાણ સહાય યોજના બાબત	૧૨૨
જગદીશ વિશ્વકર્મા	ગુજરાત વિધાનસભાના વિધમાન સભ્યશ્રી સ્વ. શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારના અવસાન અંગે	૩૩૩
જેઠાભાઇ ઘે. આહીર (ભરવાડ)	'નલ સે જલ' યોજના અંતર્ગત શહેરા નગરપલિકા વિસ્તારમાં પાણી	૩૮૯
	પંચમહાલ જિલ્લામાં PM JAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ સારવાર	૧૯૫
	પંચમહાલ જિલ્લામાં અંત્યોદય અન્ન યોજના અંતર્ગત અરજીઓ	૨૩
	પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોના મકાનો	૨૩૧
	પંચમહાલ જિલ્લામાં ગેરકાયદેસર ખાદ્યાન્ન અને ખાદ્યતેલના સંગ્રહ માટે દરોડા	૪૦૫
જનકભાઇ તળાવિયા	અમરેલી જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય	૧
	લાઠી ખાતે નવી આધુનિક હોસ્પિટલ બિલ્ડીંગ બનાવવા બાબત	૧૮૭
જયંતિભાઇ સ. રાઠવા	દાહોદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ આવરી લીધેલા ગામો	૨૧૧
	છોટા ઉદેપુર જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો	૨૮૭
જયંતિભાઇ સો. પટેલ	માણસા નગરપાલિકામાં વિકસાવેલ ચંદ્રાસર તળાવ	૯
	વીજ ગ્રાહકોને સ્માર્ટ મીટર અંતર્ગત સુવિધાઓ	૨૦૪
	ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા	૧૨૨
જયરામભાઇ ચે. ગામીત	વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અંગેનો સંકલ્પ	૧૭૨
	સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા અંગેના સઘન અને જરૂરી પગલાં ભરવા અંગે	૧૬૫
જયસુખભાઇ વ. કાકડિયા	રાજયના તટીય વિસ્તારોમાં સુનામી જોખમ મૂલ્યાકંન	૧૨૨
	અમરેલી જિલ્લામાં ખુશી યોજના	૧૮૮
જિગ્નેશ મેવાણી	અમરેલી અને ગાંધીનગર જિલ્લામાં ગૌચરની જમીનોમાં દબાણો	૨૩૬
	અમરેલી અને જામનગર જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૧૪૭
	કચ્છ અને દાહોદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો	૪૫
	ગાંધીનગર અને સુરત જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૧૧૪
	ગાંધીનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ	૨૯૩
	ગીર સોમનાથ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના	૨૦૮

	પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી,ગાંધીનગરખાતે પડતર કેસો	૩૬
	બોટાદ અને ભાવનગર જિલ્લામાં ગૌચરની જમીનોમાં દબાણો	૨૫૩
	ભરૂચ અને તાપી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ	૩૧૪
	ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ	૩૮૩
	વડોદરા અને સુરત જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો	૧૮
	સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૧૩૮
	ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૬	૨૬૩
જિતેન્દ્રકુમાર ર. પટેલ	ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	૩૫૩
	અમદાવાદ જિલ્લાના વીજ ગ્રાહકોને વીજ બીલમાં રાહત	૨૦૪
જિતેન્દ્રભાઈ સ. વાઘાણી	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)	૭૧
	ઇચ્છિત જવાબ ન મળતાં સભાત્યાગ કરવા અંગે	૫૧
	ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	૩૬૨
	પ્રાકૃતિક કૃષિ પરિસંવાદના આયોજન કરવા બદલ આભાર માનવા અંગે	૧૪૯
જીતેન્દ્ર કાં.સોમાણી	મોરબી જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદા ભંગની ફરિયાદો	૧૧૫
ડી. કે. સ્વામી	ભરૂચ જિલ્લામાં વાજપાઇ બેંકેબલ યોજના	૨૯૭
	ઇન્સ્ટીટ્યુટ ઓફ સિરમોલોજીકલ રીસર્ચની રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક કામગીરી	૯૩
	જંબુસર તથા આમોદ તાલુકામાં શિક્ષકોની ખાલી જગ્યાઓ	૨૨
	ભરૂચજિલ્લામાંઅનુસૂચિતજાતિનાવિદ્યાર્થીઓમાટેવિદેશઅભ્યાસલોનયોજના	૩૮
તુષાર અ. ચૌધરી	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ	૪૨૪
	સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૧૩૯
	સાબરકાંઠા અને તાપી જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો	૨૬
	ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી સ્વ. શ્રી ગોવિંદભાઈ રઇજીભાઈ પરમારના અવસાન અંગે	૩૩૩
	શામળાજી ખાતે પ્રસ્તાવિત સુધારા ટી.પી.	૩૯૯
	શામળાજી તાલુકામાં આવેલ દેવની મોરી બૌદ્ધસ્તુપ	૨૯૬
	સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લામાં એન્વાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટીફીકેટ વગર કાર્યરત એકમો	૧૧૭
	સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો	૨૨૭
	સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તલાટી–કમ–મંત્રીનું મંજૂર મહેકમ	૧૯૨
	સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય	૪૧૪
	સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં વિદ્યા સમીક્ષા કેન્દ્રો	૪૦૯
દર્શના ચં.દેશમુખ	નર્મદા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના	૨૯૧
	નર્મદા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય	૪૦૩
દેવાભાઈ પું. માલમ	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ	૪૨૫
દિનેશભાઈ આ. ઠાકોર	અમદાવાદ અને જૂનાગઢ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો	૩૬
	કચ્છ અને ખેડા જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો	૧૧૮
	કચ્છ જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો	૧૮૮
	કેન્દ્ર સરકાર દ્વારા વાયુ પ્રદૂષણ નિવારવા ફાળવેલ રકમ	૩૮૯
	પાટણ અને અમરેલી જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો	૧૯
	પાટણ અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ	૪૦૬
	પોરબંદર અને નર્મદા જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો	૨૨૪
	મોરબી અને છોટા ઉદેપુર જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો	૨૪૫
	રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મંજૂર મહેકમ	૪૧૨
	કચ્છ અને અમરેલી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ	૩૨૯
	પાટણ અને પોરબંદર જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ	૩૨૦
	પાટણ જિલ્લામાં લોકલ ક્રાઇમ બ્રાંચ/સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડા	૩૦૮
દિનેશસિંહ રા. કુશવાહ	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ	૪૩૪

	સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે જન્મજાત બહેરાશ ધરાવતા બાળકોને સારવાર	૧૭૬
દિવ્યેશભાઈ ર. અકબરી	વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અંગેનો સંકલ્પ	૧૬૭
	રાજ્યમા યોજાયેલ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા	૩૦૬
ધર્મેન્દ્રસિંહ ર. વાઘેલા	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ	૪૩૬
	વડોદરા જિલ્લામાં પ્રધાનમંત્રીકૃષિસિંચાઇયોજનાઅંતર્ગત જળસંગ્રહ કામો	૯૯
	વડોદરા શહેરની ટીપી સ્કીમોની દરખાસ્ત	૪૦૮
	વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળની હદમાં એગ્રિકલ્ચર ઝોનમાં આવતી જમીનોમાં બાંધકામ પરવાનગી બાબતે	૩૯૭
	વાઘોડિયા શહેર સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બાબતે	૪૧૪
ધવલસિંહ ન. ઝાલા	ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	૩૫૯
	ગુજરાત વિધાનસભાના વિધ્યમાન સભ્યશ્રી સ્વ. શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારના અવસાન અંગે	૩૩૪
	અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાનગી કોલ્ડ સ્ટોરેજની સહાય બાબત	૧૦૭
	અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી	૪૦૧
	અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓ	૪૧૦
	અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પશુદવાખાના	૧૩૫
	અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો	૧૩
	અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો	૪૧૬
	અરવલ્લી જિલ્લામાં ખાદી–ગ્રામોદ્યોગ એકમોની સંખ્યા અને સહાય બાબત	૨૯૯
	અરવલ્લી તથા સાબરકાંઠા જિલ્લાઓમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવા બાબત	૨૪૧
	અરવલ્લી તથા સાબરકાંઠા જિલ્લાઓમાં વિજ પુરવઠા માટેના નવા સબ સ્ટેશનોની મંજૂરી	૨૧૪
પ્રકાશભાઇ પ.વરમોરા	સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના મકાનો	૧૩૬
	સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને દાડમ પાકના વાવેતર માટે પ્રોત્સાહન બાબત.	૧૧૩
પ્રધુમનસિંહ મ.જાડેજા	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)	૨૭૩
	કચ્છ જિલ્લાના નખત્રાણા,અબડાસા અને લખપત તાલુકાઓમાં સામૂહિક વન નિર્માણ યોજના	૧૧૯
	કચ્છ જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે મળેલ અરજીઓ	૩૦૭
	કચ્છ જિલ્લામાં ખાદ્યપદાર્થોના નમૂનાઓની ચકાસણી	૨૪૩
	કચ્છ જિલ્લામાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ માટે મળેલ અરજીઓ	૩૨૦
	કચ્છ જીલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રો	૨૨૧
	કચ્છ જીલ્લામાં મત્સ્યોદ્યોગ માટે માસ્ટર મેપિંગ	૧૪૮
	નખત્રાણા ખાતે અનુસૂચિત જાતિ કન્યા છાત્રાલય બનાવવા	૩૮૧
	નખત્રાણા ખાતે આધુનિક બસપોર્ટ વિકસાવવા બાબત	૩૨૯
	નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં મંજૂર થયેલ માધ્યમિક શાળાઓ	૨૦
	નાની વયના લોકોમાં હૃદયરોગનો વધારો	૨૫૬
	કચ્છ જીલ્લામાં મનરેગા યોજના હેઠળના કામો	૧૪૨
પ્રવિણભાઇ મ. ઘોઘારી	મકાન પેશગી અન્વયે વ્યાજ સમર્થનની અરજીઓ	૩૯૯
	માર્ગ અકસ્માતમાં ઇજાગ્રસ્તોને મદદ કરનારને પ્રોત્સાહન	૩૦૮
	સુરત સિવિલ હોસ્પિટલ ખાતે નોંધાયેલ અંગદાતા	૨૧૪
પરષોત્તમભાઈ ખેં. પરમાર	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)	૬૯
	સુરેન્દ્રનગર જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ આવરી લીધેલા ગામો	૨૧૨
	સુરેન્દ્રનગર જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય	૧૨
પાયલ મ. કુકરાની	ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	૩૫૨
	બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે પી.જી. હોસ્ટેલનું બાંધકામ	૧૮૭
ફતેસિંહ વ.ચૌહાણ	પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલની ફાળવણી	૨૯
બલરાજસિંહ ક. ચૌહાણ	ગાંધીનગર જિલ્લામાં શાળા બહારના બાળકોને શૈક્ષણિક પુન:વસન	૨૩
	રાજ્યમાં નમો વડ વન તૈયાર કરવા બાબત	૧૦૯
	ગાંધીનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના	૨૯૧

બાબુભાઇ જ. પટેલ	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)	૫૩
ભગવાનજીભાઇ લા. કરગટીયા	જૂનાગઢ જિલ્લામાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ યોજના	૧૦૩
ભગાભાઇ ઘા.બારડ	ગીર સોમનાથ જિલ્લામાં ખેડૂતોને એજીઆર–૫૦ ટ્રેકટર અંતર્ગત સહાય	૧૧૬
	ગીર સોમનાથ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના	૨૦૭
ભૂપેન્દ્રભાઇ ર. પટેલ	ગુજરાત વિધાનસભાના વિધમાન સભ્યશ્રી સ્વ. શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારના અવસાન અંગે	૩૩૩
ભરતભાઇ કી. પટેલ	વાપી મહાનગરપાલિકામાં પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત લાભાર્થીઓને મળેલ લાભ	૨૦
	વલસાડ જિલ્લામાં આંબા ફળપાક માટે બાગાયત ખાતા દ્વારા સહાય	૯૪
ભીખુસિંહજી ચ. પરમાર	ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	૩૪૨
ભીખાભાઇ ર.બારૈયા	ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય	૧૧
	ભાવનગર જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ	૧૦૩
	ભાવનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો	૧૭૫
મુકેશકુમાર દ્વા. પટેલ	મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના	૧૦૦
	મહેસાણા મહાનગરપાલિકાને ફાળવેલ બસો	૩૭૯
મેઘજીભાઇ અ.ચાવડા	જામનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો	૨૧૩
	દેવભૂમિ દ્વારકા જિલ્લાની તાલુકા પંચાયત કચેરીઓના નવીન મકાન બાંધકામ	૨૪૦
મનુભાઇ એમ. પટેલ	સુરત જિલ્લામાં ખેત વીજ જોડાણ ઘરાવતા ગ્રાહકો પાસેથી વીજકર લેવા બાબત	૩૯૫
	સુરત જિલ્લામાં શાકભાજીના પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય	૯૯
મહેન્દ્રભાઇ પાડલિયા	રાજકોટ જિલ્લામાં પેન્શનરોનું મેડિકલ રિએમ્બર્સમેન્ટ	૩૭૮
	રાજકોટ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની ક્લેઈમ અરજીઓ	૨૯૪
	રાજકોટ જિલ્લામાં તીર્થગામ/પાવનગામ યોજના અન્વયે ગામોને લાભ	૧૮૨
	રાજકોટ જિલ્લામાં બોઇલરનું નિરીક્ષણ	૧૦૭
મહેન્દ્રભાઇ ર. ભાભોર	દાહોદ જિલ્લામાં મેલેરિયાના કેસ	૧૮૯
	દાહોદ જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ	૯૪
મહેશ કસવાલા	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)	૬૦
	અમરેલી જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય	૮૬
	અમરેલી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ બાબત	૩૯૮
	વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અંગેનો સંકલ્પ	૧૭૦
